

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૧ • જાન્યુઆરી ૨૦૧૦ • પાના ૨૮ • કીમત રૂા. ૧૦

જિન-વચન

ધર્મતત્ત્વમાં શ્રદ્ધા

आहच्च सवणं लद्धुं सद्धा परम दुल्लहा ।
सोच्चा णेयाउणं मग्गं बहवे परिभस्सई ।।

–उत्तराध्ययन– १-११

સંજોગવશાત્ ધર્મશ્રવણની તક મળવા છતાં ધર્મતત્ત્વમાં શ્રદ્ધા થવી એ પરમ દુર્લભ છે. સાચા ધર્મમાર્ગ વિશે જાણવા મળે છતાં ઘણા માણસો તે માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

कदाचित् धर्मश्रवण का अवसर पा लेने पर भी उस में श्रद्धा होना परम दुर्लभ है । धर्म की ओर ले जानेवाले सही मार्ग को जानकर भी बहुत लोग इस मार्ग से भ्रष्ट हो जाते हैं ।

Even after getting an opportunity to hear religious discourses, it is very difficult to have faith in religion. There are many who get lost even after being shown the right path.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

આચમન

અધિકાર

વૈજ્ઞાનિક નવલકથાઓ લખી વિશ્વખ્યાતિ પ્રાપ્ત કરનાર ઈંગ્લેન્ડના લેખક એચ. જી. વેલ્સે ગાંધીજીને એકવાર પ્રશ્ન કર્યો, 'મિ. ગાંધી! માનવીનો અધિકાર કોના કોના પર હોઈ શકે?'

ગાંધીજીએ એનો ઉત્તર નીચે મુજબ આપ્યો:

'મિ. વેલ્સ, હકીકતમાં તો કોઈનો કોઈના પર કશો અધિકાર નથી! મારી પત્ની, મારો પુત્ર કે મારા કોઈ સ્વજન પર પણ મારો કશો જ અધિકાર નથી. આ બ્રહ્મજ્ઞાન મને ત્યારે જ લાધ્યું જ્યારે મેં આવો કોઈ મારો અધિકાર તેમના પર ચલાવવાનો પ્રયાસ કર્યો. પણ તે દિવસથી મેં આવો અધિકાર તેમના પર ચલાવવાનું છોડી દીધું. એને બદલે તેમના પ્રત્યેની મારી ફરજ બજાવવાનું શરૂ કર્યું. મારા કર્તવ્યનું પાલન કરવાનો મેં પ્રારંભ કર્યો અને પછી તો મારી એ ફરજ કે કર્તવ્યના પાલન દ્વારા જ મને અધિકાર પ્રાપ્ત થયો!'

'આ વાત બધા માટે સાચી હોવી જોઈએ કે પ્રત્યેક માનવી પોતાના મિત્રો, કુટુંબીજનો, સગાંસ્નેહીઓ અને દેશ-બાંધવોની સેવા કરીને, તેના ફળરૂપે જ સત્તા કે અધિકાર પ્રાપ્ત કરી શકે. સત્તા કે અધિકાર પ્રાપ્ત કરવા આ વિના અન્ય કોઈ માર્ગ નથી. માણસ પોતાની ફરજનું કે કર્તવ્યનું પાલન કરીને જ સત્તા કે અધિકાર પ્રાપ્ત કરી શકે છે. જે માણસ બીજા માણસ પ્રત્યેની ફરજ કે કર્તવ્ય અદા કરવાનું ચૂકે છે તેને કોઈની ઉપર અધિકાર કરવાનો હક રહેતો નથી.'

અનેક નવલકથાઓ લખનાર એચ. જી. વેલ્સને આ સાંભળીને મનમાં થયું કે આજે પોતે 'અધિકાર' વિષે એક નવું જ જ્ઞાન સંપ્રાપ્ત કર્યું!

નિર્ધાર

ડરબનમાં કસ્તૂરબા બીમાર પડ્યા.

માંદગીમાંથી ઊઠી શકે એ માટે દાક્તરે માંસનો સેરવો ખાવાની ભલામણ કરી.

ગાંધીજીએ બાને વાત કરી.

બા બોલ્યા, 'ના, મારાથી એ નહીં બને. મારા દેહને પરમાટીથી હું અભડાવીશ નહીં. એ કરતાં હું મરણ પામું એ વધારે સારું. દેહ વટલાવીને જીવવાનું મને પસંદ નથી!'

'પણ દાક્તર કહે છે કે અહીં રહીને દવા કરાવવી હશે તો મારી સૂચનાનો અમલ કરવો પડશે!'

'તો આપણે અહીં રહેવું નથી.'

ગાંધીજી કસ્તૂરબાનો નિર્ધાર સમજી ગયા.

દાક્તરને તેમણે કસ્તૂરબાનો નિર્ધાર કહી સંભળાવ્યો.

દાક્તર બોલ્યા, 'એ તો સ્ત્રી કહેવાય! પણ તમે તો સમજો છો ને? તેમને અહીંથી બહાર બીજે લઈ જવામાં જાનનું જોખમ છે અને મને લાગે છે કે, જો તમે એમને અહીંથી બીજે ક્યાંક લઈ જશો તો રસ્તામાં જ એ મરણ પામશે!'

'તો મરણ ક્યાં બે વાર આવવાનું છે?'

કસ્તૂરબા તો પોતાના નિર્ણયમાં મક્કમ હતા. તેમણે ત્યાંથી ચાલ્યા જવાનો નિશ્ચય કરી લીધો હતો.

રસ્તામાં તેઓ ગાંધીજીને એક જ વાત કહ્યા કરે, 'તમે મારી સહેજ પણ ચિંતા કરશો નહીં. મને કશું જ થવાનું નથી. ખરો ભય હતો તેમાંથી તો હું મુક્ત બની છું. હવે ભય છે જ ક્યાં?'

બાની અપૂર્વ હિંમત જોઈને ગાંધીજી પણ ચકિત થઈ ગયા. ✷✷✷

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	ગાંધી : યુગસર્જક મહામાનવ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ક્ષમા-ધર્મ : ખ્રિસ્તી ધર્મમાં અને અન્ય ધર્મોમાં	ડૉ. ઈશાનંદ વેમ્પની	૬
(૩)	'સર નેઈમ લેસ'	ડૉ. રણજિત પટેલ (અનામી)	૧૦
(૪)	ધર્મ : મૃત્યુંજયી મહારથી	પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય-પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ	૧૧
(૫)	પત્ર-ચર્ચા : સાધુ-સાધ્વીઓના વિહાર, માર્ગ અકસ્માત, આધુનિકતા વિગેરે	સુનંદાબહેન વોહોરા	૧૩
(૬)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૫મી વ્યાખ્યાનમાળા સંપન્ન	શ્રી કેતન જાની	૧૫
(૭)	વ્યક્તિઓમાં રહેલા બીજભૂત વ્યક્તિત્વને પ્રગટ કરે તે જ સાચી કેળવણી	શ્રી ગુણવંત બરવાળિયા	૧૮
(૮)	જયભિખ્ખુ જીવનધારા-૧૪	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૧
(૯)	શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૫	પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ	૨૪
(૧૦)	જૈન પારિભાષિક શબ્દકોશ	ડૉ. જીતેન્દ્ર બી. શાહ	૨૬
(૧૨)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૩)	પંથે પંથે પાથેય : એક પુણ્યદર્શન	ભોગીલાલ શાહ	૨૮

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે

૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૧ ● જાન્યુઆરી ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● મહા સુદ –તિથિ-૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ધનવંત તિ. શાહ

ગાંધી : યુગસર્જક મહામાનવ

૨જી ઑક્ટોબર કરતાં ૩૦ મી જાન્યુઆરીના દિવસે આ મહામાનવ વિશેષ યાદ આવે.

રામ, કૃષ્ણ, મહાવીર અને બુદ્ધ પછી આ અવતારી મહાત્માને આ ધરતીએ નિહાળ્યા. આ ધરતીનું આ અહોભાગ્ય અને એ સમયે આ ધરતી પર જે જે જીવો હતા એ તો પરમ સદ્‌ભાગી!

પહેલી ૩૦ મી જાન્યુઆરીનું હું સ્મરણ કરું છું ત્યારે હૃદયમાં અનેક આંદોલનો આકાર લે છે. મેં ગાંધીના પ્રત્યક્ષ દર્શન કર્યા નથી, પણ ગાંધી વાતાવરણમાં મારો ઉછેર થયો છે એટલે કેટલોક સમય ગાંધીમય રહેવાનો લ્હાવો મળ્યો છે. અને પછી જ્યારે વાસ્તવિક જીવનમાં પ્રવેશ થયો ત્યારે આ ગાંધીને કારણે જ અનેક સંઘર્ષો અને સંવેદનોનો અનુભવ પણ કર્યો છે, મારી પેઢીના સર્વેની આ વાસ્તવિકતા છે.

આ અંકના સૌજન્યદાતા :
શ્રીમતી પદ્માવતીબહેન એફ. ઝવેરી પરિવાર
હસ્તે : કીરના સુરેન્દ્ર ઝવેરી

ત્યારે હું ચોથા ધોરણમાં અભ્યાસ કરતો હતો. મારું પૂરેપૂરું બાળ માનસ. એ સોનગઢ આશ્રમ – શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્ન કલ્યાણ આશ્રમ – ખાદી ધારી જૈન સાધુ કલ્યાણચંદ્રજી બાપા અને એવા જ ગાંધી વાદી. 'ગાંધી બાવની'ના સર્જક કચ્છના મેઘાણી જેવા મેધાવી અમારા ગૃહપતિ દુલેરાય કારાણી. એ ૩૦ જાન્યુઆરીના દિવસે રાત્રે પ્રાર્થના પહેલાં અચાનક એક પ્રાર્થના સભા યોજાઈ. અમે બધાં શિસ્ત પ્રમાણે ગોઠવાઈ ગયા. શું થયું એની કાંઈ સમજ ન પડે. થોડી વારે ધ્રૂસકે ધ્રૂસકે રડતા પૂ. કલ્યાણચંદ્રજી બાપા, અને એવા જ આંસુભર્યા ચહેરે કારાણી સાહેબ પધાર્યા. થોડી વારે અમારી શાળાના આચાર્ય કવિ નાથાલાલ દવે પધાર્યા. અમારા આદર્શ શિક્ષક ભોળાભાઈ ખસિયા પણ મુખ ઉપર અપાર વેદના સાથે પ્રાર્થના ખંડમાં આવ્યા.

વાતાવરણ ક્ષુબ્ધ અને શાંત હતું. મને કાંઈ સમજ ન પડે. રાગ-દ્વેષથી પર એક જૈન સાધુ આમ રડે? કારાણી સાહેબ જેવા આમ બાળકની જેમ ચોધાર આંસુ વહાવે? આ પ્રશ્નો ત્યારે બાળ માનસમાં જાગ્યા હતા, પણ એનો ઉત્તર ન હતો, છતાં ગાંધી વિશે પ્રવચનો સાંભળ્યા પછી વાતાવરણની એવી અસર થઈ કે આંતરમન ગાંધીમય થઈ ગયું.

અમનો બહાર ભારતમાતાની મૂર્તિ પાસે લઈ જવામાં આવ્યા. પ્રવચનોમાં સાંભળ્યું કે આ સ્થળે ગાંધીજી પધાર્યા હતા, અને એમના સ્વહસ્તે આ મૂર્તિની સ્થાપના થઈ હતી. આ સાંભળ્યું ત્યારે મન તો અહોભાવમાં ઝૂકી ગયું કે જે ધરતી ઉપર ગાંધીજીના પગલાં થયા હતાં ત્યાં અમે ઊભા છીએ?

સર્વે મહાનુભવોએ ગાંધીજીવનના શબ્દો પાથર્યા, પરંતુ એમાં શબ્દો કરતાં આંસુ વિશેષ હતા. એ થોડાં શબ્દો હતા એટલે જ તો જીવનભર ગાંધી વિશેના ઘણાં શબ્દો સાંભળવા-વાંચવાની જિજ્ઞાસા વધતી રહી.

પૂ. કલ્યાણચંદ્રજી બાપા પ્રખર ગાંધીવાદી, અને પોતાના વિદ્યાર્થી

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

બાળકો ઉપર પણ ગાંધી સંસ્કાર પડે એવું ઈચ્છે. આશ્રમ જૈનોનું, જૈન સિદ્ધાંતોની ક્યાંય અવગણના નહિ, તેમજ કોઈ ક્રિયાઓનો અતિ આગ્રહ પણ નહિ. બગીચામાં ફૂલ વિકસે એમ બાળકને વિકસવા દ્યો એજ સિદ્ધાંત. એટલે જ્યાંથી જે સુગંધો મળે એ જીવન સુગંધો પૂ. બાપા અને કારાણી સાહેબ આશ્રમમાં લાવે.

એટલે જ અમને પૂ. સંતબાલજી, નારાયણભાઈ દેસાઈ, સ્વામી આનંદ, પુનિત મહારાજ, શિવજી દેવસી ગઢડાવાળા, રમણલાલ દેસાઈ, ગોપાળરાવ વિદ્વાંસ, નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી-દર્શક, કૃષ્ણલાલ શ્રીધરાણી, જયભિખ્ખુ, રતિલાલ દેસાઈ, મહારાજા કૃષ્ણકુમાર સિંહજી, તેમજ અન્ય પ્રસિદ્ધ સાહિત્યકારો, ચિંતકો અને સોનગઢ ભાવનગર, પાલિતાણાની મધ્યમાં હોઈ વિહાર કરતા અનેક જૈન સાધુ ભગવંતો અને આચાર્યો તેમજ દરવેશ જેવા તાંસળીવાળા બાબાનો જીવન લાભ મળ્યો. આ સર્વે ગાંધીજીની અનેક વાતો કરે જ કરે, એટલે ગાંધી તો આંતરમનમાં સ્થિર થઈ ગયા. ગાંધી એટલા અહોભાવથી સ્થિત થઈ ગયા કે કૉલેજકાળમાં ગાંધીજીના પુસ્તક 'નીતિ નાશને માર્ગે' ઉપર અમારા વિદ્વાન સાહિત્યકાર સુરેશ જોષીએ ટીકા લખી ત્યારે મારી બુદ્ધિને દુર્વાસાનો સ્પર્શ થયો હતો, પરંતુ વરસો પછી સમજાયું કે સુરેશ જોષી સાચા હતા, અને જીવંત ગાંધીજીએ એ વાંચ્યું હોત તો એ વિદ્વાન સાથે સંમત થાત. ગાંધી બધી જ જગ્યાએ બધાંની દૃષ્ટિએ સાચા ન પણ હોય, એટલે તો ઈનામમાં એમને ૩૦ જાન્યુઆરીએ છાતીમાં ગોળીઓ મળી. કાશ, એ વ્યક્તિઓએ જૈન ધર્મના મહાન સિદ્ધાંત સ્યાદ્‌વાદને જાણ્યો-સમજ્યો હોત તો આ હિંસા ન થાત. પણ કોઈ ધર્મ કે સિદ્ધાંતને જયારે 'ઝનુની'ના કાચબાની પીઠ જેવા વસ્ત્રો પહેરાવાય છે ત્યારે સહઅસ્તિત્વ અને સમજભર્યા પરિણામ ન જ આવે.

ત્યાર પછીની બીજી ૩૦મી જાન્યુઆરીના એક સાંજે અમારા કારાણી સાહેબ બપોરે એમના ઘરે જમવા ન ગયા, ત્યારે એમની ઑફિસમાં લેખન કાર્યમાં મગ્ન એવા અમારા સાહેબને જમવાની અમે વિનંતિ કરી ત્યારે એમણે અમને કહ્યું, 'આજે ઉપવાસ છે. ૩૦ મી જાન્યુઆરી, ગાંધી નિર્વાણ દિન છે એટલે'. મારા બાળ માનસમાં વધુ એક આશ્ચર્ય અને અહોભાવ ઉમેરાયા. (કચ્છમાં દુષ્કાળ પડ્યો હતો ત્યારે બેથી ત્રણ વર્ષ આ કારાણી સાહેબે દૂધ વગેરેનો ત્યાગ કર્યો હતો.)

અને મેં નક્કી કર્યું, હું પણ આ દિવસે હવે હંમેશાં ઉપવાસ કરીશ, ખાદી અને અહિંસક વસ્તુ વાપરીશ અને સોનું નહિ પહેરું. પૂ. કલ્યાણચંદ્રજી બાપા અને કારાણી સાહેબના જીવનમાં આ નિયમો હતા. ઉત્તમ શિક્ષકો મળે તો બાળ માનસનું કેવું ઘડતર થાય છે એનું આ ઉદાહરણ.

ત્યારબાદ વધુ અભ્યાસ અર્થે આશ્રમમાંથી મુંબઈ આવ્યો ત્યારે ઉપરના નિયમો પકડી રાખ્યા, પ્રત્યેક ૩૦ મી જાન્યુઆરીના મણિભુવનમાં જવાનું વગેરે.

પરંતુ એક વખત એક માંદગીને કારણે ઉપવાસનું વ્રત છૂટી ગયું.

ખાદી અને અહિંસક વસ્તુ અને અંગ ઉપર સુવર્ણત્યાગ તો જીવનમાં રહ્યા.

મુંબઈનો ખાદી ભંડાર અને બાજુની પેટિટ લાયબ્રેરી અમારું જાણે મંદિર.

એક દિવસ ખાદી ભવનમાં કપડાં લેવા હું ગયો ત્યારે ખાદી ભવનના કરોડોના ગોટાળા વિશે સાંભળ્યું, એના કોર્ટના કેસો વિશે જાણ્યું અને મનમાં ઉદ્વેગ, સંઘર્ષ અને મંથન ભરાયા અને ખાદી છોડી.

હું, કિશોર પારેખ, અનિલા અને કલાબહેન ખાદી ભવનમાંથી બહાર નીકળ્યા અને મેં મારો આ નિર્ણય મારા એ મિત્રોને કહ્યો, એટલે તરત જ કલાબેને ફોન શોધી મારી વાગ્દત્તાને ફોન કરીને કહ્યું, 'ખુશખબર, તારો ધનજી હવે ધર્મેશ બની ગયો છે.'

તે દિવસે અમારા કિશોરે સામેની ગલીની 'વેસ્ટ કોસ્ટ' હૉટલમાં ઈડલી-ઢોસાની આ નિમિત્તે અમને રૂા. ૫/-ની પાર્ટી આપી!

ગાંધી શરીર ઉપરથી ઉતર્યા પણ અંતરમાં તો વધુ ને વધુ સ્થિર થતા ગયા.

ગુજરાતી સાહિત્યમાં ગાંધી ઉપર અત્યાર સુધી ઉત્તમ કવિતા લખી મહાકવિ ન્હાનાલાલે, 'ગુજરાતનો તપસ્વી' શીર્ષકથી. આ જ કવિને ગાંધીજી સાથે ક્યાંક સૈદ્ધાંતિક વાંકુ પડ્યું, અને કવિએ ગાંધીને કહ્યું, 'વર્ધાનો વંઠેલ', ત્યારે ગાંધીજીએ સરદારને કહ્યું, 'દુઝણી ગાય હોય તો એ ક્યારેક પાટું પણ મારે, આપણે કવિની કવિતાનું દુઝણું મ્હાણવાનું!' આ ગાંધી ન્હાનાલાલનો મેળાપ પછી ક્યારેય ન થયો, કોઈએ થવા ના દીધો, એથી ગુજરાતી સાહિત્યને નુકશાન વિશેષ થયું. કવિની ખુમારીને સલામ!

આ જ કવિએ 'હરિ સંહિતા', નામે ત્રણ ગ્રંથમાં મહાકાવ્ય લખ્યું.

એ મહાકાવ્યમાં કવિએ કલ્પના કરી છે કે કુરુક્ષેત્રના યુદ્ધ પછી કૃષ્ણ દ્વારકા નિવાસ કરે છે, અને થોડાં વર્ષો પછી પરિવાર સાથે ભારત યાત્રાએ નીકળે છે અને શાંતિ અને સંસ્કૃતિના સંદેશ વહેતા કરે છે. જો કવિને ગાંધીજી સાથે વાંકુ ન પડ્યું હોત તો આ મહાકાવ્યનો નાયક કૃષ્ણની જગ્યાએ ગાંધીજી હોત, અને આ કાવ્ય

પ્રસિદ્ધિને શિખરે પહોંચ્યું હોત. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગાંધીજીની પણ વિશ્વશાંતિ માટે આ જ મહેચ્છા હતી.

કૉલેજ કાળમાં મન ભરીને ગાંધીજીને વાંચ્યા. અત્યારના વિદ્યાર્થીઓને પણ ગાંધી સાહિત્ય એટલું જ પ્રીતિપાત્ર અને પ્રેરણાત્મક લાગે છે, એની પ્રતીતિ ગાંધી સાહિત્યના મબલખ વેચાણ પરથી થાય છે. હમણાં ક્યાંક વાંચ્યું કે રૂપિયા પાંચસોની નોટમાં ગાંધીની છબીની નકલી નોટમાં નકલ નથી થઈ શકતી! જો કે આ કમાલ ટેકનોલોજીની છે, પણ જશ તો ગાંધીની અસલિયત અને ગાંધી સત્યને જ.

ગાંધી પૂરા વૈષ્ણવજન. નરસિંહ મહેતાના વૈષ્ણવજન જેવા. પણ મને તો ગાંધી પૂરા શ્રાવક લાગે છે. શ્રીમદ્ શ્રીમદ્ રાજચંદ્રના વિચારોની ગાંધીજી ઉપર અમીટ અસર. કેટલાકે અતિ ઉત્સાહમાં શ્રીમદ્ને ગાંધીના ગુરુસ્થાને પણ બિરાજાવી દીધા છે. ભગવાન મહાવીરના સર્વ સિદ્ધાંતોને ગાંધીજીએ જીવનમાં ઊતાર્યા. મહાવીરની જેમ ગાંધી સર્વદર્શી હતા. સર્વધર્મ સમભાવનો સ્વીકાર અને માણસ માણસ વચ્ચેના વર્ણભેદનો અસ્વીકાર એ મહાવીરનો સિદ્ધાંત ગાંધીએ આત્મસાત કર્યો હતો. ૧૯૪૭માં કાશ્મીરનું રક્ષણ કરવા ભારતીય સેના ત્યાં પહોંચી ત્યારે અહિંસાના આ પૂજારી આ કાર્યનો વિરોધ કરશે એવી ભારત સરકારને દહેશત હતી, પણ ગાંધીએ તો રક્ષણ કરવા જતા એ વિમાનોને અહિંસાના દૂત કહ્યા.

મહાવીરનો અનેકાંતવાદ અને સ્યાદ્વાદ ગાંધી જીવનના રોમે રોમમાં હતા.

માફ કરજો, ગાંધી વિશે લખતા લખતા થોડું અંગત લખાઈ ગયું. પરંતુ ગાંધી વાતાવરણમાં ઉછરેલા મારા જેવા ઘણાંએ ગાંધી જીવનના આદર્શોને જીવનમાં ઉતારવા સંઘર્ષો કર્યા હશે, અને આઝાદી પછીની દેશની વર્તમાન વાસ્તવિકતાએ એ સર્વેને નિરાશામાં ડૂબકી મરાવી હશે. આ સમસંવેદન છે!

આ લખવાના બે નિમિત્ત બન્યા, એક તો ગાંધી નિર્વાણ દિન અને બીજું અમે મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો ગાંધીજીએ કલ્પેલી સ્વાવલંબી બુનિયાદી કેળવણી આપતા વાળુકડના લોક વિદ્યાલય માટે પર્યુષણ દરમિયાન સંઘ દ્વારા એકત્રિત કરેલી રૂા. પચ્ચીસ લાખ જેવી રકમ એ સંસ્થાને અર્પણ કરવા જઈ રહ્યા છીએ ત્યારે શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નકલ્યાણ આશ્રમની ધરતીના દર્શન કરવાની અમૂલ્ય તક મળી, એટલે એ બધું યાદ આવી ગયું.

સાંઠ વર્ષની પ્રૌઢા પાસે પિયરની વાત કાઢો તો એના નકલી દાંત બહાર આવી જાય એવું ખડખડાટ હાસ્ય એના સ્મિતભર્યા મુખમાંથી વહેવા માંડે એ દૃશ્ય જોયું છે?

અને 'કે તને સાંભરે રે' કહેનાર કોઈ મળે ત્યારે તો કૃષ્ણ પણ સંદિપની આશ્રમને યાદ કરીને કેવા આળોટ્યા હતા? 'મને સાંભરે રે'નો જાદુ જ ચેતનભર્યો છે.

આ દેશ, આ દેશના નેતાઓ, માત્ર ભૌતિક સમૃદ્ધિની વાહ વાહ ગાતા આપણા બૌદ્ધિકો અને ક્રિમિનલ જીવન જીવનારા સાંસદો ફરી ફરી મુખ્ય પ્રધાનો બને, એવા પ્રધાનોના ઘરેથી નોટોના કોથળા મળે ત્યારે ગાંધીજનોની વેદના કેટલા ડૂસકા ભરે? ત્યારે આ બાપુ જ ખભે હાથ મૂકીને આપણને કહેશે, 'ઈડિયટ! મુન્નાભાઈ! લગે રહો!'

❑ ધનવંત શાહ

* * *

આપણા એક ઋષિ કવિ રાજેન્દ્ર શાહનો દેહ નવા અવતાર માટે વિલિન થયો. એ ગુજરાતી સાહિત્યને ઘણું આપીને ગયા, અને અમૂલ્ય પામીને ગયા! એ ગાંધીયુગના કવિના આત્માને કોટિ કોટિ વંદન.

❑ તંત્રી

રસપ્રદ કથા, અભિનવ દર્શન, વિશિષ્ટ પ્રસ્તુતિ

ત્રણેનો ત્રવેણીસંગમ રચાશે

• કથા તત્ત્વ, સંગીત અને સ્તવન દ્વારા •

ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

આયોજિત દ્વિદિવસીય

।। મહાવીર કથા ।।

જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક,

તીર્થંકર મહાવીર વિશેનાં ગ્રંથોના પ્રસિદ્ધ લેખક

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા

પ્રથમવાર મુંબઈમાં યોજાશે

।। મહાવીર કથા ।।

(૧) તા. ૨૭-૩-૨૦૧૦, શનિવાર, સાંજે ચાર કલાકે
સ્થળ : કે. સી. કૉલેજ હૉલ, ચર્ચગેટ, મુંબઈ.

(૨) તા. ૨૮-૩-૨૦૧૦ રવિવાર, સવારે દસ કલાકે
સ્થળ : ભારતીય વિદ્યા ભવન, હૉલ, ચોપાટી, મુંબઈ.

પ્રવેશપત્ર માટે

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંપર્ક કરવા વિનંતી.

ક્ષમા–ધર્મ : ખ્રિસ્ત ધર્મમાં અને અન્ય ધર્મોમાં

❑ ડૉ. ઈશાનંદ વેમ્પેની

આદરણીય અધ્યક્ષશ્રી, પૂજ્ય સાધુ મહાત્માઓ અને
અન્ય આમંત્રિત સજ્જનો અને સન્નારીઓ,

આ પ્રવચન શ્રેણીના છેલ્લા દિવસે અને પવિત્ર પર્યુષણ પર્વના છેલ્લા તબક્કામાં ક્ષમા-ધર્મ વિશે બે બોલ કરવા આમંત્રણ મળ્યું, એ બદલ મુંબઈ જૈન યુવક સંઘના સર્વ કાર્યકર્તાઓને મારો આભાર. આ કાર્યક્રમના સંયોજકશ્રી ડૉ. ધનવંત શાહે મને કહેલું કે મારું પ્રવચન મુખ્યત્વે ખ્રિસ્તી ધર્મમાં ક્ષમા-ધર્મ એ અંગે હોવું જોઈએ. એમણે કહેલું કે અનેકાન્તવાદ અને સ્યાદ્‌વાદ એવા તત્ત્વદર્શનના હિમાયતીઓ કૂપમંડૂક તરીકે રહેવાને બદલે અન્ય ધર્મો વિશે જાણવા આતુર હશે. 'મિચ્છામી દુક્કડં' એવી ક્ષમા-ધર્મની શુભેચ્છા પાઠવ્યા પછી આપ સૌ પધારેલાં છો. આ પવિત્ર પર્યુષણ પર્વના છેલ્લા દિવસે ક્ષમા-ધર્મ વિશે પ્રવચન આપવાનો પ્રસંગ મળ્યો છે એ માટે મને ખૂબ આનંદ થાય છે. પૂજ્ય મુનિ શ્રી વાત્સલ્યદીપજીએ મને કહેલું કે આ સભામાં હાજરી આપનારા મહાનુભાવો 'અહિંસા પરમો ધર્મ', 'સત્યમેવ જયતે' અને 'વસુધૈવ કુટુંબકમ્' એવા સૂત્રોની ભાવના જીવનમાં ઉતારનારા છે.

કેટલાક કૉલેજિયનોએ મારા આ વાર્તાલાપ વિશે સાંભળીને કહ્યું: 'અમે સ્વપ્નની દુનિયામાંથી બહાર આવી વાસ્તવિકતાની નક્કર ભૂમિ પર પગ મૂકી શકીએ એવો કોઈ વિષય લઈને બોલોને? જ્યાં સુધી ચીન અને પાકિસ્તાન આપણી આજુબાજુ હોય અને કાશ્મીરનું કોકડું ઉકલ્યા વગર રહે અને આપણા દેશમાં ખૂણે અને ખાંચરે આતંકવાદીઓ બેફાટ ફરે છે ત્યારે આપણે એકે-૪૭ બંદૂકના ધર્મની વાત કરવી જોઈએ, ના ક્ષમાધર્મની.

આપણો વાર્તાલાપ ટૂંકમાં

ખ્રિસ્તી ધર્મના ક્ષમા-ધર્મની વાત શરૂ કરું તે પહેલાં ધર્મ વિવિધતાના આપણા દેશના અન્ય ધર્મોનો આછો ખ્યાલ રજૂ કરવા કોશિશ કરીશ. ખ્રિસ્તી ધર્મની શીખામણનું હાર્દ રજૂ કરે એવી એક ઘટનાના ઉલ્લેખ પછી ક્ષમા-ધર્મ વિશેનો આ વાર્તાલાપ શરૂ કરીશ, જો કે ચાર-પાંચ મિનિટ માગી લે તોપણ. માફી આપવાના આ આદેશને જીવનમાં ઉતારવાથી માનવજીવનને મળતા કેટલાક ફાયદાઓના ટૂંકા ઉલ્લેખ પછી ક્ષમા-ધર્મ કાયર લોકો માટે નથી એ બતાવવા ક્ષમા-ધર્મમાં પુણ્યપ્રકોપના અવકાશની વાત કરીશ.

ભારતના અન્ય ધર્મોમાં ક્ષમા-ધર્મની ટૂંકી નોંધ

ભારત જેવા ધર્મ વિવિધતાના દેશમાં માત્ર પોતાના જ ધર્મ વિશે બોલવામાં કંઈક અજુગતું તો છે જ. હાલમાં બધે જ સંભળાય છે એવો એક મંત્ર છે: To be religious is to be inter-religious એટલે ધર્મ વિવિધતાના સંદર્ભમાં ધાર્મિક થવું એટલે આંતરધાર્મિક થવું જરૂરી છે. પણ સમયમર્યાદાની અંદર બોલનાર મારાથી અન્ય ધર્મો વિશે માત્ર આછો જ ખ્યાલ આપી શકાય.

સનાતન ધર્મ એમ ગણાતા હિંદુ ધર્મમાં ક્ષમા-ધર્મની પરંપરા ઊંડી છે. આ પરંપરામાં બહુ ચગાયેલો એક મંત્ર છે: 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'. ગીતામાં (૧૬:૧–૩) ભગવાન શ્રીકૃષ્ણ દૈવી સંપત્તિનું વર્ણન કરે છે ત્યાં ક્ષમા અને ધૈર્યને ખાસ સ્થાન આપે છે. હિંદુ, જૈન તથા બૌદ્ધ પરંપરામાં વારેઘડીએ સંભળાતો એક મંત્ર છે: 'અહિંસા પરમો ધર્મ'. અહિંસા, સંયમ અને સ્યાદ્‌વાદ જ્યાં હોય ત્યાં ક્ષમા-ધર્મ કેન્દ્રસ્થાને હોય છે. જૈન સપ્તભંગીનયની જેમ માણસોને કટ્ટરપંથી વિચારધારાથી બચાવે એવો સિદ્ધાંત છે વેદાંતનો ચતુષ્કોડીનય. 'એકમ સત્ વિપ્રા બહુધા વદન્તિ' એ ઋગ્વેદની ઉક્તિ આપણને કટ્ટરપંથમાંથી મુક્ત કરી શકે. ભગવાન રામ, કૃષ્ણ અને ઈસુ જેવા અવતારી પુરુષો, ભગવાન મહાવીર જેવા તીર્થંકરો, ભગવાન બુદ્ધ અને એમના પ્રતિબિંબ જેવા બોધિસત્ત્વો, ગુરુ નાનક જેવા શીખ ગુરુઓ, વગેરે મહાત્માઓની ક્ષમાશીલતા કાયરતાની ન હતી. આ યુગપુરુષોએ પોતાના નિકટના શિષ્યો અને અનુયાયીઓને લોકસંગ્રહ માટે, ધર્મસંસ્થાપના માટે અને વિશ્વકુટુંબની સ્થાપના માટે ઝઝૂમવાની હાકલ કરતા રહ્યા. ઈસ્લામમાં જિહાદના અર્થનો અનર્થ થાય છે તોપણ મુસલમાન મૌલાનાઓ પવિત્ર કુરાન ટાંકીને શીખવે છે કે જિહાદનો સાચો અર્થ અધર્મ અને અન્યાય સામે ઝઝૂમવો એ જ છે (કુરાન ૨:૩૯-૪૦, ૫:૮, ૪૯:૧૩). કમનસીબી એ છે કે આવા ક્ષમા-ધર્મ વાળા આપણા દેશમાં કોમી રમખાણ અને આતંકવાદ ચાલ્યા જ કરે છે.

ક્ષમા-ધર્મને પડકારનારી સામાન્ય ખ્રિસ્તી જીવનમાંથી એક ઘટના

સાઈઠ-પાંસઠ વર્ષ પહેલાંની એક વાત છે. પુરાણી પરંપરાના કે. જી. કલાસથી મારો સહાધ્યાયી થઈ ચૂકેલા ટોમી નામના એક છોકરાની વાત છે. કે. જી. કલાસથી લખતાં-વાંચતાં-ગણતાં વગેરે શીખ્યા પછી અમે બંને બીજા ધોરણમાં દાખલ થયા. અમારી સ્કૂલના પહેલા દિવસના કાર્યક્રમો પછી અમે આડોશપાડોશના અન્ય મિત્રો સાથે ટોમીના ઘર નજીક પહોંચ્યા. ઓચિંતા ચોથા ધોરણના એક મોટા છોકરાએ ટોમીને રમત-રમતમાં એક કાચી કેરીથી જોરદાર ઘા કર્યો. એ રડી પડ્યો અને રડતાં રડતાં ઘર આંગણાના દાદર ચઢવા લાગ્યો. ઘર આંગણે ઊભેલો એનો મોટોભાઈ જૉની એની પાસે દોડી આવ્યો. કેવી રીતે પેલા મોટા છોકરાએ એને કાચી કેરીથી ઘા કર્યો એ વાત જાણી લીધી. જૉનીભાઈએ ગુસ્સાથી લાલચોળ થઈને ટોમીના હાથમાં એક પથ્થર મૂક્યો અને સખ્તાઈથી કહ્યું: 'આપણા કુટુંબમાં કોઈ પણ માર ખાઈને બમણું વસુલ કર્યા વગર

રડતાં રડતાં ઘર આંગણે પગ મૂકતા નથી. કાલે તું પાછો આવે ત્યારે એ જ છોકરાને આ પથ્થરથી માર ખાધાનો આક્રંદ અને શોરબકોર મને સાંભળવા જોઈએ. યાદ રાખ આપણા પૂર્વજો રાજાના સલામતી દળના આગેવાનો હતા.'

ટોમીભાઈ અને હું કેરાલાના સંત થોમસ ખ્રિસ્તીઓ એમ જણાતા અને પહેલા સૈકાથી નંબૂદરી બ્રાહ્મણ કોમથી ખ્રિસ્તી બનલા ખ્રિસ્તી કુટુંબના હતા. આવા કુટુંબોમાં સાંજે અડધા-પોણા કલાકની કુટુંબપ્રાર્થના હોય છે. દાદા-દાદીઓ, મા-બાપ વગેરે વડીલોને બેસવાના ખાસ આસનો હોય છે. આ કુટુંબ ભક્તિની એક ખાસ પ્રાર્થના ઈસુએ શીખવેલી 'હે અમારા બાપ' એ પ્રાર્થના છે (માથ્થી ૬:૭–૧૫). એની એક કડી આ છેઃ 'જેમ અમે અમારા અપરાધીઓની ક્ષમા કરીએ છીએ તેમ તમે અમારા અપરાધોની ક્ષમા કરો.'

દાદાની ઈચ્છા પ્રમાણે ઘરમાં સૌથી નાના એવા ટોમી પાસે 'હે અમારા બાપ' જેવી કેટલીક પ્રાથમિક પ્રાર્થનાઓ વડીલો વંચાવતા. પણ આજના દિવસે 'હે અમારા બાપ' બોલવાની એણે સાફ ના પાડી. માબાપની અને ખુદ દાદાની આજ્ઞા માન્યા વગર એણે બીજી પ્રાર્થનાઓ વાંચવાનું શરૂ કર્યું. ઘરમાં સૌથી પ્રતિષ્ઠિત દાદાની આજ્ઞા તોડતાં જોઈને ગુસ્સે થઈને ટોમીની મમ્મીએ એને એક તમાચો માર્યો. તે રડતાં રડતાં એની રૂમ તરફ નાઠો.

દાદાએ એની મમ્મીને ઠપકો આપ્યો. પ્રાર્થનાનો કાર્યક્રમ પૂરો થયા પછી બધા એના વિશે વાત કરતાં રહ્યાં. દાદીએ કહ્યું કે આવી પવિત્ર પ્રાર્થના બોલવા ના પાડનાર ટોમીને કંઈ ભૂત વળગ્યું હશે! એની મમ્મી એક ગ્લાસ દૂધ લઈને રૂમની અંદર પ્રવેશી તે પહેલાં બારીની એક બાજુએ ઊભી રહીને ચોરીછૂપીથી ટોમી ખાટલા ઉપર શું કરતો હતો એ નિહાળવા લાગી. મોટાભાઈએ આપેલા પથ્થરને હાથમાં આમતેમ ફેરવતાં તે આડો પડ્યો હતો. મમ્મી આવી ત્યારે એણે ઝડપથી એ પથ્થર તકીયાની નીચે સંતાડી દીધો. ટોમીને વહાલથી દૂધ પીવડાવતી વખતે મમ્મીએ શાંત સ્વરથી પૂછ્યું કે તારા હાથમાં આ પથ્થર કયાંથી આવ્યો? આ તો અમસ્તો આંગણામાંથી લીધો, એમ કહીને એણે ગુસ્સામાં મમ્મીના હાથમાંથી દૂધ લઈ પીવા લાગ્યો. મમ્મી ધીમે રહીને રૂમમાંથી બહાર ગઈ અને દાદાને આ વાત કરી. ઘણા પુત્ર-પૌત્રોના હઠ, ઝઘડા અને શબ્દોની સાઠમારી જોયેલા દાદાને લાગ્યું કે દાળમાં કંઈક કાળું છે. સ્વસ્થ મને દાદા ટોમીના રૂમમાં પ્રવેશ્યા. તેઓ ટોમીના ખાટલા પર બેસી એના માથા ઉપર વહાલથી હાથ ફેરવવા લાગ્યા. ટોમીને તો દાદા તરફ ખૂબ પ્રેમ અને આદરભાવ. આવા પ્રેમાળ દાદા પાસેથી ટોમી કોઈ પણ વાત છુપાવતો નહોતો.

ટોમી પાસેથી ઘણી બધી વાતો જાણી લીધા પછી દાદાએ છેવટે એને પૂછ્યું, 'ટોમી બેટા, તું 'હે અમારા બાપ' એ પ્રાર્થના કેમ બોલ્યો નથી?' જવાબમાં એણે નાના બાળકોને ઘણા ચિત્રો દ્વારા અને નાટ્યાત્મક રીતે 'હે અમારા બાપ' જેવી પ્રાર્થના શીખવનાર એક બુઢ્ઢા લાંબી દાઢીવાળા ફાધરની વાત કહી. એ ફાધરે શીખવેલું કે આપણા દુશ્મનોને માફી આપ્યા વગર 'હે અમારા બાપ' એ પ્રાર્થના બોલવાનો અર્થ એ છે કે, 'હે પરમેશ્વર પિતા, જેમ અમે અમારા અપરાધીઓની ક્ષમા ના કરીએ છીએ તેમ તમે અમારા અપરાધોની ક્ષમા ના કરો અને અમને સ્વર્ગના પરમસુખને બદલે નરકની પીડાઓ આપો.' એ પછી એમણે સ્વર્ગ વિશેના આકર્ષક ચિત્રો અને નરક વિશેના ઘૃણા ઉપજાવે તેવાં ઘણાં ચિત્રો પણ બતાવેલાં. આ વાત કહ્યા પછી ટોમીએ દાદાને પૂછ્યું, 'દાદાજી, કોને આવા નરકમાં જવું ગમે?'

દાદાએ રૂમ બહાર આવીને ટોમી પાસેથી લીધેલો પથ્થર જૉનીને બતાવ્યો. એમણે પૂછ્યું, તને ખ્યાલ છે આ પથ્થર ટોમી પાસે ક્યાંથી આવ્યો? જૉની ગભરાઈને જવાબ ન આપતાં દાદાએ પહાડી અવાજમાં પૂછ્યુંઃ 'કેમ તેં આવું કર્યું?' જવાબમાં જૉનીએ કહ્યું, 'કુટુંબની ઈજ્જત માટે'. ઘરના બધા સભ્યો ઊભા રહીને આ નાટક જુએ છે તે જાણીને દાદા મોંની ગંભીરતા છોડીને મંદ સ્વરે પ્રેમથી જૉનીને કહ્યું, 'તું વેર વાળવાની ઈચ્છા સાથે 'હે અમારા બાપ' એ પ્રાર્થના બોલ્યો, એથી આ પ્રાર્થનાના અર્થનો અનર્થ કેવી રીતે થયો તે તું સમજે છે? ના સમજે તો તારાથી પંદર વર્ષ નાના ટોમી પાસેથી શીખી લે. તું પુખ્તવયનો થયો છે અને આવતા વર્ષે તારું લગ્ન થવાનું છે. ક્ષમા-ધર્મના પાળનારા યુગલો રોજ ઝઘડતાં રહે. આવા કુટુંબોમાં શાંતિ ના રહે. કાલે સવારે તું ટોમીને લઈને મારી પાસે આવજે અને આપણે ત્રણેય પેલા છોકરાને ઘેર જઈશું. કેરીથી ઘા કરનાર છોકરાને અને તેના માબાપને સાથે બોલાવીને આપણા ઘેર જઈશું. કેરીથી ઘા કરનાર છોકરાને અને તેના માબાપને સાથે બોલાવીને આપણા ઘેર શું થયું એ કહ્યા પછી ક્ષમા-ધર્મ વિશે બેએક વાત હું કરવાનો છું. ત્યારે જૉની તને સમજાશે આપણા કુટુંબની ઈજ્જત એટલે શું.' આ ઘટના પછી બંને કુટુંબોનો સંબંધ વધારે નિકટનો થયો અને આ બંને છોકરાઓ દિલોજાન મિત્રો બની ગયા.

બાઈબલમાં ક્ષમા-ધર્મ

આ દાખલાને પૂર્વભૂમિકા તરીકે રાખીને આ વિશે બાઈબલમાં ઈસુ શું શીખવે છે એ જરા જોઈશું.

બાઈબલમાં ઈસુ ઘણી બધી દૃષ્ટાંત કથાઓ વડે પ્રભુ પરમેશ્વર કેવા દયાળુ અને ક્ષમાશીલ છે એ ભાર દઈને શીખવે છે (દા. ત. લૂક ૧૫). ઈસુએ શીખવેલું કે જેમ આપણા પરમપિતા ક્ષમાશીલ છે તેમ એમના બધાં સંતાનોએ પણ હોવું જોઈએ. ઉપરાંત બધા લોકોને ભગવાનનાં સંતાનો અને આપણા ભાઈબહેનો ગણીને હંમેશાં માફી આપવી જોઈએ. બાઈબલના સંત માથ્થીકૃત પવિત્ર પુસ્તકમાં ઈસુને શિષ્યો પૂછે છે, સાત વાર ક્ષમા આપવાથી બસ છે? ત્યારે

ઈસુએ આપણે હંમેશાં જ ક્ષમા આપવી જોઈએ એ સલાહ સાથે એક દૃષ્ટાંત કથા કહી (માથ્થી ૧૮: ૨૧-૩૫).

આ લાંબી કથાનો સાર ટૂંકમાં કહું છું. એક ઠાકોર જેવા શેઠ પોતાના કારભારીએ બે-એક વર્ષ પહેલાં હમણાં પાછા આપીશ એમ કહીને, ઉછીના લીધેલા ત્રણ લાખ જેટલા રૂપિયા કંઈ ને કંઈ બહાને હજુ સુધી પરત કર્યા નથી. શેઠે ગુસ્સે થઈને કારભારીને કહ્યું કે મને અબઘડી આનાકાની કર્યા વગર પૈસા પરત કર. કારભારીએ બહુ લાચાર થઈને આજીજી કરી કે 'હું દેવામાં ડૂબી મરું છું. આપ ઠાકોરજી વગર કોઈ મને બચાવી ના શકે'. શેઠે દયા ખાઈને આટલી મોટી રકમનું દેવું નાબૂદ કર્યું. પણ કારભારી બંગલાની બહાર આવ્યો કે તરત જ તેની પાસેથી ૧૦૦ રૂપિયાનું દેવું લીધેલા એક મજૂરને પકડ્યો. તે પોતાનું દેવું ચૂકવવા અસમર્થ છે એમ જાણી એને ખૂબ માર્યા પછી કેદખાના તરફ લઈ ગયો. શેઠે આ વાત જાણી કે તરત જ કારભારીને બોલાવડાવીને કહ્યું: 'મેં મારા લાખો રૂપિયા તારી પાસેથી જતા કરીને તને માફી આપી હતી, તારે પણ આ ગરીબ મજૂરને માફી આપવી જોઈતી હતી.' એમ કહીને શેઠે કારભારીને કેદમાં પૂર્યો. ઈસુએ આ દૃષ્ટાંત કથા વડે આપેલી શિખામણ એ છે કે પરમેશ્વર આપણે પસ્તાવો કરીને એમની પાસે માફી માગીએ ત્યારે આપણાં મોટાં મોટાં પાપોની પણ માફી આપે છે તેમ આપણે આપણા ભાઈ-ભાંડુઓની નાની-મોટી ભૂલચૂકની માફી આપવી જોઈએ.

ઈસુ ક્ષમા ધર્મ ઉપર એટલો બધો ભાર મૂકતા હતા કે એમણે આવી ચોંકાવનારી એક વાત કરી: 'વેદી ઉપર નૈવેદ્ય ધરાવતાં તને યાદ આવે કે, તારા ભાઈને તારી સામે કંઈ ફરિયાદ છે, તો તારું નૈવેદ્ય વેદી આગળ જ રહેવા દઈ નીકળી પડજે. પહેલાં તારા ભાઈ સાથે સમાધાન કરજે અને ત્યાર પછી આવીને નૈવેદ્ય ધરાવજે' (માથ્થી ૫: ૨૩-૨૪). યહૂદીઓની શિખામણ પ્રમાણે 'આંખને સાટે આંખ અને દાંતને સાટે દાંત' એ હિસાબે વેર વાળવું જોઈએ (મહાપ્રસ્થાન ૨૧:૨૨-૨૫, અનુસંહિતા ૧૯:૨). પણ ઈસુએ એની તદ્દન વિરુદ્ધ શિખામણ આપી: 'હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો; તો જ તમે તમારા પરમપિતાના સાચાં સંતાન થઈ શકશો. તે કેવો, ભલા અને ભૂંડા સૌને સૂર્યનો પ્રકાશ આપે છે, અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે' (માથ્થી ૫:૪૪-૪૫).

ઈસુ માત્ર શિખામણ દ્વારા જ નહિ પણ પોતાના આચારથી જ ક્ષમા-ધર્મનું મહત્ત્વ શીખવતા હતા. એવા ઘણા બધા ઉદાહરણોમાં આપણને સ્પર્શે એવું એક રજૂ કરું છું (યોહાન ૮:૧-૧૧). યહૂદી ધર્મના મુખ્ય ન્યાયાધીશ મોશેએ આપેલા નિયમ પ્રમાણે કોઈ સ્ત્રી વ્યભિચાર કરતાં પકડાય તો એને પથ્થરે-પથ્થરે મારી નાંખવી જોઈએ. યહૂદી લોકોએ આવી એક વ્યભિચાર કરતાં પકડાયેલી સ્ત્રીને ઈસુની આગળ લઈ આવી એને પથ્થરે-પથ્થરે મારવાની માગણી કરી. ઈસુએ થોડા સમયના મૌન પછી કહ્યું: 'તમારામાં જે નિષ્પાપ હોય તે એને પહેલો પથરો મારે' (યોહાન-૮:૭). જ્યારે મોટાથી માંડીને બધાં એક પછી એક ચાલ્યા ગયા ત્યારે ઈસુએ પેલી સ્ત્રીને કહ્યું: 'હું પણ તને સજા નથી કરતો. જા, હવેથી પાપ કરીશ નહિ?' (યોહાન ૮:૧૧). પણ ઈસુના ક્ષમા-ધર્મની પરાકાષ્ટા ક્રૂસે લટકાઈ રહી અસહ્ય વેદના વેઠતી વખતે એમના શત્રુઓને યાદ કરીને એમણે પોતાના પરમપિતાને પ્રાર્થના કરી: 'હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી.' (લૂક ૨૩:૩૪).

ક્ષમા ધર્મથી આપણને થતા ફાયદાઓ

ક્ષમા-ધર્મના માત્ર બે-ત્રણ મુખ્ય ફાયદાઓનો જ ઉલ્લેખ કરીશ.

૧. ખ્રિસ્તીઓની દૃષ્ટિએ સંપૂર્ણ મુક્તિ કે સ્વર્ગના પરમાનંદ માટે ભગવાનની પાસેથી બધા પાપોની માફી મેળવવી જોઈએ. પણ એ માટે આપણે ભગવાનના અન્ય સંતાનોની ભૂલચૂકની માફી આપવી જોઈએ. આપણે ક્ષમા-ધર્મ આચર્યા વગર પ્રભુ પરમેશ્વર પાસેથી ક્ષમા પામી સ્વર્ગમાં જઈ ન શકીએ.

૨. કુટુંબજીવનની પવિત્રતા અને એકતા માટે ક્ષમા-ધર્મ જરૂરી છે. પોતાના જીવનસાથીની ભૂલચૂક એમના તરફથી સમજીને પ્રેમથી સુધારવાનું કે માફી આપવાનું વલણ ન હોય તેવા કુટુંબોમાં કદી શાંતિ ન રહે. આપણા ગુજરાતીમાં એક કહેવત છે કે પેટનો બળ્યો ઘર બાળે ઘરનો બળ્યો ગામ બાળે. એટલે પ્રેમ અને નિખાલસતા વગર ઝઘડનાર યુગલોના બાળકો કુટુંબ અને સમાજ વિરોધી થશે જ. અને આવા બાળકો વિશ્વકુટુંબની સ્થાપના માટે કંઈ ફાળો આપી ન શકે.

૩ ચીનમાં એક કહેવત છે કે વેર વાળવા ઈચ્છનાર ખોદે છે બે કબર. એટલે કે જે વ્યક્તિ માફી ના આપે તે માનસિક રીતે પીડાતી હોય છે અને ધીમે ધીમે શારીરિક રીતે પણ રોગી બને છે. બીજું તે પોતાના શત્રુને અગર તો સામે જઈને મારી નાખવા કોશિશ કરે છે અથવા તો ધાકધમકીથી માનસિક ત્રાસ આપીને એને માનસિક અને શારીરિક રીતે રોગી બનાવે છે. આ રીતે બે કબરની જરૂર પડે છે, એક પોતાને માટે અને બીજી પોતાના શત્રુ માટે.

સાચા નામઠામ આપ્યા વગર હું અમદાવાદના બે ડૉક્ટરોની વાત કરીશ. એક ડૉક્ટર એક ખ્રિસ્તી સાધ્વીબહેન (એટલે સિસ્ટર) અને બીજો એક સર્જરીમાં નિષ્ણાત. આ સર્જન કેન્સરના છેલ્લા તબક્કામાં પથારીવશ થયાની વાત સિસ્ટર ડૉકટરને મળી. ડૉક્ટરોએ નિદાન કરેલું કે આ કેન્સર રોગી એક અઠવાડિયું પણ ના જીવે. સિસ્ટર ડૉક્ટર એમની પાસે ગયા ત્યારે ડૉક્ટરની ઈચ્છા પ્રમાણે એમને માટે ભગવાનને પ્રાર્થના કરી. પણ સિસ્ટરે એકાએક આંખ ઉઘાડીને કેન્સરવાળા ડૉક્ટરને કહ્યું કે તમે હજુ તમારા બે દુશ્મન

ડૉક્ટરોને માફી ન આપવાથી આપણી પ્રાર્થના સફળ થતી નથી. સિસ્ટરના કહ્યા પ્રમાણે એમણે પેલા બે દુશ્મનોને હૃદયના અંદરખાનેથી માફી આપી અને એમની જોડે માબાઈલ દ્વારા વાત કરી. એ દરમિયાન બીજા ડૉક્ટર મિત્રો રૂમમાં આવી ગયા. થોડા સમયની અંદર હાલવા-ચાલવાની શક્તિ વગર પથારીમાં પડી રહેલા ડૉકટર બધાના દેખતાં ઊઠીને સંડાસ જઈને પાછા આવ્યા. મને ભૂખ લાગી છે એમ કહેતાં સિસ્ટરે એમને એક કેળું ખવડાવ્યું. ટૂંકમાં ચમત્કારીક રીતે દોઢેક વર્ષ બહુ વેદના પીડા વગર કામ કર્યા પછી આ સર્જન શાંતિથી સ્વર્ગસ્થ થઈ ગયા.

પ્રસ્તુત સાધ્વીબહેન ડૉક્ટરે મને આવી ઘણી બધી ઘટનાઓની વાત કરી છે. અત્યારે આ વાત લખતી વખતે મારા ટેબલ ઉપર યોહાન ક્રિસ્ટોફ આર્નોલ્ડ નામના મનોવૈજ્ઞાનિક ડૉક્ટરે લખેલી 'ધ લોસ્ટ આર્ટ ઓફ ફોરગિવિંગ' નામની એક ચોપડી છે. આ ચોપડીમાં માફી આપ્યા વગર કેવી રીતે લોકો બીમાર પડે છે અને જ્યારે એમનામાં ક્ષમા-ધર્મનું બીજ ઉગવા લાગે ત્યારે કેવી રીતે આ લોકો સાજા થાય છે એવી ઘણી ઘટનાઓ વર્ણવેલી છે.

ક્ષમા-ધર્મ અને પુણ્યપ્રકોપ

ઘણાં વર્ષ પહેલાં હું વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીમાં ભારતીયદર્શનમાં એમ.એ. કરતો હતો. તે વખતના ઉપકુલપતિ જસ્ટીસ વકીલ તરફ મને ખૂબ માન અને પ્રેમ હતાં. એક દિવસ વિદ્યાર્થી ચળવળના સમયે એમણે મને પોતાની ઑફિસમાં બોલાવી જે વાત કરી એ ત્રીસ-ચાળીસ વર્ષ પછી પણ મારા મનમાં હજી તાજી છે. એમની હૃદયસ્પર્શી વાત સંક્ષેપમાં આપ લોકોની આગળ રજૂ કરું છું. એમણે કહ્યું: 'આપણી યુનિવર્સિટીમાં આશરે ત્રીસેક હજાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ છે. એમાં દસ હજાર જેટલા અભ્યાસ તેમજ ચારિત્ર્યમાં સરાસરીથી પર છે. એમાંથી એક હજાર દુનિયાની ગમે તે યુનિવર્સિટીના સ્ટુડન્ટસ જોડે હરીફાઈ કરી શકે એવા છે. એમાં પચીસેક તો ખરા હીરા જેવા છે. એક હજાર જેટલા સ્ટુડન્ટસ અભ્યાસ તેમજ ચારિત્ર્યમાં નીચ કક્ષાનાં. એમાં પચીસેક મારામારીમાં માનનારા ગુંડાઓ જેવા છે તો એમાંના ચાર ગુંડાઓની ચંડાળ-ચોકડી છે. તેઓ મન ભાવે ત્યારે હડતાળ પાડી શકે, ગમે તે વિદ્યાર્થીને મારી શકે અને અમુક વાર બધી મર્યાદાઓ વટાવીને પ્રાધ્યાપકોને પણ મારે. અત્યારની આ હડતાળ તેઓએ અંગત હિત માટે જાહેર કરેલી છે. આ યુનિવર્સિટી આ ચંડાળચોકડીના હાથમાં છે. ક્યાં ગયા આ એક હજાર એકદમ ઉત્તમ વિદ્યાર્થીઓ? ક્યાં છે પેલા પચ્ચીસેક હીરાઓ? શું પચીસેક હીરા જેવા ઉત્તમ વિદ્યાર્થીઓ આ ચંડાળચોકડીની આગળ પાણી ભરે? આપણે કહીએ છીએ યથા ધર્મ સ્તથો વિજય કે સત્યમેવ જયતે! પણ આપણી યુનિવર્સિટીનો અનુભવ એ છે કે એક હજાર જેટલા ઉત્તમોત્તમ વિદ્યાર્થીઓ અને પચીસેક હીરાઓ આ ચંડાળચોકડીના અન્યાય અને અધર્મ સામે જીત મેળવી ન શકે. સારાનરસાની વ્યાખ્યા આપણે બદલવી જોઈએ. બર્ક નામના અંગ્રેજી તત્ત્વચિંતકે લખેલું કે દુનિયામાં જે અન્યાય અને અધર્મ ચાલે છે તેનું મુખ્ય કારણ કહેવાતા સારા લોકો એનો સામનો કરતા નથી. મારે મન માત્ર અધર્મ છોડવાથી જ કે ધર્મ આચરવાથી જ કોઈ સારો બનતો નથી, પણ પુણ્યપ્રકોપથી અધર્મનો સામનો પણ કરી ધર્મસંસ્થાપના માટે તનતોડ પ્રયત્ન કરે એ જ સારો માણસ-સારો વિદ્યાર્થી.

ગાંધીજીની દૃષ્ટિએ ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, અસ્પૃશ્યતા અને બહિષ્કૃત ગરીબ લોકોનું શોષણ એવા અધર્મો જોઈને શાંત રહેનાર વ્યક્તિઓની ક્ષમાશીલતા તે સાચી ક્ષમાશીલતા નથી કે નથી સાચી અહિંસા. પણ કાયરતા છે.

ક્ષમા-ધર્મ વિશેના મારા વિચારો ખોખરા અવાજે મારા મલ્લૂ ગુજરાતીમાં રજૂ કર્યા, તોપણ આપ સૌએ ખરેખર ક્ષમા-ધર્મના હિમાયતીઓને છાજે એ પ્રમાણે ધ્યાન દઈને સાંભળ્યા બદલ આપ સૌનો મારો આભાર. ત્યાગ સંયમના આ પર્યુષણ પર્વના આચરણથી આપ સૌ ક્ષમા-ધર્મને જીવનમાં ઉતારી વિશ્વકુટુંબની (વસુધૈવ કુટુંબકમ્) ભાવનાના હિમાયતીઓ થાઓ, એ જ મારી શુભેચ્છા અને પ્રાર્થના. ક્ષમા-ધર્મનું હાર્દ અભિવ્યક્ત કરે એવી એક આગમવાણીથી હું આ પ્રવચનથી વિરમું છું:

જં જં મણેણં બદ્ધં જં જં વાયાએ ભાસિઅં પાવં
જં જં કાએણ કયં મિચ્છા મિ દુક્કડં તસ્સ

(જે જે પાપપ્રવૃત્તિઓને મેં મનમાં સંકલ્પેલી હોય, જે જે પાપપ્રવૃત્તિઓ મેં વાણીથી કહી બતાવી હોય અને જે જે પાપપ્રવૃત્તિઓને મેં શરીર દ્વારા આચરી બતાવી હોય તે મારી તમામ પ્રવૃત્તિઓની હું ક્ષમા માગું છું.) ✷✷✷

(તા. ૪-૯-૨૦૦૮ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું વક્તવ્ય.)

ડૉ. ઈશાનંદ વેમ્પેની, પ્રેમળ જ્યોતિ, પો. બો. નં. ૪૦૦૨.
(સેંટ ઝેવિયર્સ કૉલેજ સામે), નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન નં. (૦૭૯) ૬૬૫૨૨૯૦૦ (ઑ.)
ઈ-મેલ : ishanandsj@jesuits.net

અગત્યની સૂચના

'પ્રબુદ્ધ જીવન' સમયસર ન મળવાના અમને ઘણા ટેલિફોન આવે છે. માનવંતા સભ્યોને અમારી વિનંતી છે કે જેઓને 'પ્રબુદ્ધ જીવન' સમયસર ન મળે તેઓ તરત જ અમારી ઑફિસનો સંપર્ક કરે.

ઑફિસના ટેલિફોન નં. : ૦૨૨-૨૩૮૨૦૨૯૬
મથુરાદાસ : ૯૮૩૩૫૭૬૪૨૧
પ્રવિણભાઈ : ૯૨૨૨૦૫૬૪૨૮

'સર નેઇમ લેસ'

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

તા. ૭-૧૦-૨૦૦૪, ગુરુવારના રોજ,'સંદેશ'ના પ્રતિનિધિ મારું એક કલાકનું 'ઈન્ટરવ્યૂ' લઈ ગયા. એક પ્રશ્ન એમણે એવો પૂછ્યો કે હવે ગુજરાતમાં તમને તમારા સાચા નામથી ખાસ કોઈ જાણતું નથી. 'અનામી' જ તમારું નામ બની ગયું છે ને એ નામે નામી બન્યા છો તો હજી યે 'અનામી' તખલ્લુસ શા માટે?

મેં એ પ્રતિનિધિ ભાઈને કહ્યું કે વડોદરા નગરીના પ્રથમ મેયર સાહેબ શ્રી નાનાલાલભાઈ ચોકસી જ્યારે જ્યારે મને કોઈ પણ સમારંભમાં મળે છે ત્યારે ત્યારે 'કેમ છો નામી 'અનામી'?' એ રીતે જ બોલાવે છે પણ આ અનાદિ કાળમાં અને વિરાટ વિશ્વમાં કોણ નામી? કેટલા નામી? કેટલા કાળના નામી? જો કે 'અનામી' તખલ્લુસ મેં બે કારણે રાખેલું. એક તો ભગવાનનાં સહસ્ત્રનામમાં એક નામ 'અનામી' પણ છે અને બીજું કારણ હું સને ૧૯૩૨માં અંગ્રેજી ધોરણમાં પાંચમામાં ભણતો હતો ત્યારે અમારે અંગ્રેજીમાં એક કાવ્ય ભણવાનું હતું જેનું શીર્ષક હતું: `Sir Nameless' આજે લગભગ સાતેક દાયકા બાદ એ કાવ્યનો સાર કૈંક આવો યાદ રહી ગયો છે. સરના ઈલ્કાબવાળા એક સજ્જનનું પૂતળું હોય છે. નગરજનો એની ખૂબ ઈજ્જત કરે છે, માનમરતબો જાળવે છે. સમય જતાં, પેઢીઓ બદલાય છે ને પ્રજા માનસમાંથી એ વિસ્મૃત થતા જાય છે. એ પૂતળાની પૂરી માવજત થતી નથી. કેટલાક લોકો એ પૂતળાની સાથે ચેડાં કરી એને ક્ષતિ પહોંચાડે છે. એક સમય એવો આવે છે કે એની સદંતર ઉપેક્ષા થાય છે ને એ પછી તો એવો સમય આવે છે કે કો'ક કંઠ પૂછે છે: 'આ કોનું પૂતળું છે?' તો જવાબ મળે છે: `Sir Nameless' નું.

ગીતામાં ભગવાને કહ્યું છે:कालोऽस्मि लोकक्षयकृत प्रवृत्त। હું સ્વયંકાળ છું ને લોકોનો ક્ષય કરવા માટે પ્રવૃત્ત છું.'-મતલબ કે કાળની સમક્ષ બધા જ `Nameless'-'અનામી' છે. એ પછી મેં એમને લગભગ એક સૈકા પૂર્વે લખાયેલી કવિ મલબારીની 'ઈતિહાસની આરસી'ની વાત કરી, કટલીક પંક્તિઓ ગાઈ બતાવી:-

'રાજારાણા! અક્કડ શેના? વિસાત શી તમ રાજ્ય તણી?
કઈ સત્તા પર કૂદકા મારો? લાખ-કોટિના ભલે ધણી.
લાખ તો મૂઠી રાખ બરાબર, બળી આસપાસે બાળે.
ચક્રવર્તિ મહારાજ ચાલિયા, કાળ ચક્રની ફેરીએ;
સગાં દીઠાં મેં શાહ આલમનાં, ભીખ માગતાં શેરીએ.'
દીઠાં સ્મારકસ્થાન ઘણાં એ કીર્તિ-કૌટ આકાશ ચહ્યા;
ખરતાં ખરતાં પથ્થર બાકી, ચૂના-માટીએ જકડ્યા.
દિલ્હી, આગ્રા, કનૌજ-કાશી, ઉજ્જન ઉજ્જવલતા ન્હાસી,
રૂમ, શામ ને ઇરાન ઉજ્જડ, રડે ગળામાં લઈ ફાંસી.
તવારીખનાં ચિહ્ન ન કાંઈ, જાણે બધી મશકરી એ,
સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ.'
'દીઠાં સ્મારક સ્થાન ઘણાં એ, કીર્તિ-કોટ આકાશ ચહ્યા;
ખરતાં ખરતં પથ્થર બાકી, ચૂના-માટીએ જકડ્યા'-

આ પક્તિઓમાં `Sir Nameless' કાવ્યનો પડઘો સંભળાય છે. વ્યક્તિ, સંસ્થા કે રાષ્ટ્રની કાળની સમક્ષ આ નિયતિ છે!

આપણા સાહિત્ય-વારસાની વાત કરીએ તો બે નામ અમર થઈ ગયાં છે. રામાયણના કર્તા વાલ્મીકી ને મહાભારતના સર્જક વેદવ્યાસજી. એમની તુલનાએ કાલિદાસ ભવભૂતિ ને ભર્તૃહરિને ઓછા માર્ક મળે.

આ તો સંસ્કૃત સાહિત્યની વાત થઈ. એમાંય ભાસ, અમર, ને જગન્નાથને યાદ કરવા રહ્યા અને સંસ્કૃત સાહિત્યમાં નોંધવા જેવાય, ઐતિહાસિક દૃષ્ટિએ બીજાં અનેક નામ મળે ને છતાંય કેટલાક 'અનામી' રહી ગયા હોય! હિંદીમાં તુલસી, કબીર, સુરદાસ, નાનક, મીરાં વગેરેને યાદ કરવાં પડે ને છતાંયે ઘણાં બધાં નામ રહી જાય! ગુજરાતીમાં નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, શામળ, અખો, દયારામનું પ્રદાન ઘણું બધું. એ પછી નર્મદ-દલપત, ગોવર્ધનરામ, મણિલાલ, ન્હાનાલાલ, કલાપી, બ.ક. ઠાકોર, નરસિંહરાવ, આચાર્ય ધ્રુવ અને પંડિતયુગ ને પછી ગાંધીયુગ, અનુગાંધીયુગના અનેક સાહિત્યકારોને યાદ કરવા પણ સામાન્ય પ્રજા આ બધાંના સાહિત્યસંબંધે શું જાણે છે? કેટલું જાણે છે? અરે! નોબેલ ઈનામના વિજેતા કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનાં પાંચેક કાવ્યોના નામ પણ સામાન્ય પ્રજા જાણતી હોતી નથી. કવિ રાજેન્દ્ર શાહને જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો પણ ગુજરાતી ભાષા સાહિત્યથી અનભિજ્ઞ એવા કેટલાયે ગ્રેજ્યુએટોને એમના નામની પણ ખબર નહોતી! એક બાજુ આ સ્થિતિ છે તો બીજી બાજુ એવા પણ કેટલાક કવિઓ છે જેમણે પ્રમાણમાં ઓછું લખ્યું હોય ને છતાંય એમના એક-બે કાવ્યોથી વધુ જાણીતા થયા હોય. મારા દાદા ને પિતાજીને ભોજા ભગતનાં કેટલાંક કાવ્યો કંઠસ્થ હતાં; એમાંય એમનું 'પ્રાણીયા! ભજ લેને કિરતાર, આ તો સપનું છે-સંસાર' એ કાવ્ય તો આજે પણ એટલું જ લોકપ્રિય છે. ભોજાના એક ભજને-'હરિજન હોય તેણે હેત ઘણું રાખવું' ને 'આશ્રમ-ભજનાવલિ'માં સ્થાન મળ્યું છે. આશ્રમ-ભજનાવલિ'માં સ્થાન પામવાને કારણે ને કાવ્યગુણે, ખૂબ જ ઓછું લખનાર શ્રી હરિહર ભટ્ટ પણ 'એક જ દે ચિનગારી

મહાનલ!' ને કારણે પ્રખ્યાતિ પામ્યા છે પણ 'સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માંગતાં શેરીએ' ને કારણે આજે એકાદ સૈકા બાદ પણ તેઓ કવિ તરીકે જીવંત છે. પ્રમાણમાં ખબરદારે પણ ખૂબ લખ્યું છે પણ 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' એ કાવ્યે એમને જીવતા રાખ્યા છે. શ્રીમદ્ રાજચંદ્રના 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથજો' અને 'રામ કહો, રહમાન કહો, કોઉ, કાન્હ કહો, મહાદેવરી' એ આનંદઘનજીનાં પદો પણ અમર બની ગયાં છે. આમ તો મારા દશેક કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. 'આકાશવાણી' પરથી સેંકડો ને 'દૂરદર્શન' પરથી કેટલાંક કાવ્યો પ્રસાર પામ્યાં છે, કેટલાકે તો મને 'રેડિયો પોયેટ' તરીકે બિરદાવ્યો છે, મારાં ગીતોની ત્રણેક કેસેટ ઉતરી છે છતાંયે ભોજો, હરિહર ભટ્ટ મલબારી, ખબરદાર, શ્રીમદ્ રાજચંદ્ર ને આનંદઘનજી જેવું એક પણ મારું કાવ્ય પ્રજામાં સ્વીકૃતિ પામ્યું નથી. લગભગ અર્ધો ડઝન જેટલાં મારાં કાવ્યો જે તે કાવ્ય સંગ્રહોના સંપાદનમાં સ્વીકૃતિ પામ્યાં છે પણ લોકકંઠમાં સ્થાન પામ્યાં નથી એ રીતે હું `Sir Nameless'–'અનામી' છું.

હું અંગ્રેજી ધોરણ પાંચમામાં હતો ત્યારથી જ કવિ 'કાન્ત'ની કવિતાનો પ્રશંસક હતો. સંભવ છે કે જિસસ કે સ્વીડન બોર્ગને ઉદ્દેશીને લખાયેલી 'કાન્ત'ની કવિતા 'અનામી નામ'માંથી મને એ ઉપનામ–તખલ્લુસની પ્રેરણા મળી હોય.

'અનામી નામ તારું હા 'સખે એ રહેવાનું!
નહીં મારે કદાપિ કોઈને એ કહેવાનું'.
'અને જ્યોર અનામી વિશ્વને વ્હાલુ એ નામઃ
પ્રતિક્ષણ સ્વર્ગની વીણા મુખે છે લેવાનું.'

એકવાર હું વલ્લભ વિદ્યાનગરની એક કૉલેજમાં ભાષણ આપવા ગયો હતો. એક શ્રોતાએ 'અનામી' નો પ્રાસ મેળવી 'નનામી'નો અર્થ પૂછ્યો. મેં 'અનામી'ની નનામી પર કવિતા લખીઃ–

'ચિર નિદ્રામાં અહીં પોઢ્યો' 'અનામી',
દુન્યવી દુઃખોની બાંધીને નનામી'.
ના લીધું કૈં ના દીધું, હળવો રહ્યો,
આવ્યો હતો એવો જ એ પાછો ગયો.

✷ ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે,
A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

ધર્મ : મૃત્યુંજયી મહારથી

❑ પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

ધર્મ-ચક્રવર્તી એવું અખૂટ-અતૂટ સામ્રાજ્ય ધરાવે છે કે, પુણ્યના પીઠબળપૂર્વકના નિર્જરાના રોકડા નફાની કમાણી દ્વારા એ ગમે તેવા મૂલ્ય ધરાવતા શુભ તત્ત્વોને કાચી પળમાં ખરીદી શકે અને અશુભ તત્ત્વોને મારી હઠાવવાં, એ પણ એના માટે ડાબા હાથનો ખેલ ગણાય. ધર્મની આવી અચિન્ત્ય-શક્તિને ટૂંકમાં વર્ણવવી હોય, તો એમ કહી શકાય કે, ધર્મ શુભ-માત્રનો પ્રતિષ્ઠાપક છે તેમજ અશુભ-માત્રનો અવરોધક પણ ધર્મ જ છે. સર્વ શક્તિમાન તરીકે ઉપસી આવતા ધર્મ અંગે વધુ વિચારીએ તો, સર્વ અશુભનો પ્રતિકારક પણ ધર્મ જણાયા વિના નહિ રહે. ટૂંકમાં ધર્મ-સામ્રાજ્યની ચોમેર એવો પ્રબળ પુણ્ય-પ્રતાપ ઝગારા મારી રહ્યો છે કે, એમાં ભલભલા અંજાઈ જાય અને ખેંચાઈ આવે. આ પ્રતાપમાં સૂર્યથીય અધિક એવું તેજ ઝગારા મારી રહેલું હોય છે કે, ઘુવડ જેવા ગમે તેવા અશુભ તત્ત્વો દૂર દૂર પલાયન થઈ ગયા વિના ન રહે.

સર્વ શુભની સંસ્થાપના એ ધર્મનો પ્રભાવ અને સ્વભાવ છે. આ જ રીતે સર્વ અશુભનો અભાવ થઈ જવો, એ પણ ધર્મનો જ પ્રભાવ-સ્વભાવ છે. ધર્મ જ્યારે સર્વ અશુભના અવરોધક તરીકે આંખ અને અંતર સમક્ષ ઉપસી આવે, ત્યારે એક એવો પ્રશ્ન જાગવો સહજ છે કે, મૃત્યુને પણ અશુભ તત્ત્વોમાંનું જ એક પ્રમુખ અશુભ તત્ત્વ ગણી શકાય. તો પછી ધર્મ દ્વારા મૃત્યુનો પણ પ્રતિકાર થવો જોઈએ ને? પરંતુ મૃત્યુની ગતિ તો ત્રિકાળ અને ત્રિભુવનમાં અપ્રતિહત છે. તીર્થંકર દેવો સમક્ષ પણ એ મૃત્યુ નિશ્ચિત પળે હાજર થઈ જતું હોય છે. આમ બધા અશુભનો અવરોધક ધર્મ કઈ રીતે ગણાય? જો ધર્મ મૃત્યુનો પણ અવરોધક બની શકતો હોય, તો તો આવું બિરુદ ધરાવવાનો એનો અધિકાર અબાધિત ગણાય. પણ મૃત્યુના આગમનને રોકવાની વાત તો દૂર રહી. પરંતુ તેના આગમનની પળને થોડી આઘી પાછી કે આડી અવળી કરવી, એ ધર્મ માટે પણ ગજા બહારની વાત ગણાતી હોય, તો પછી અશુભમાત્રના અવરોધક તરીકે ધર્મની આરતી કઈ રીતે ઉતારી શકાય?

આવા સવાલનું સમાધાન કરતા પ્રસ્તુત એક સંસ્કૃત સુભાષિત કહે છે કે, ધર્મમાં મૃત્યુની પ્રતિકારકતા એ કારણે બરાબર ઘટી શકે છે કે, ધર્મ શુભગતિનો દાતા બનવા દ્વારા પરંપરાએ મૃત્યુનો અવરોધક બને છે. મૃત્યુની અવરોધકતા સીધેસીધી ભલે ધર્મમાં ઘટતી ન હોય, પણ શુભ-ગતિની પરંપરાના સર્જન દ્વારા અંતે તો મૃત્યુ-માત્રનો અવરોધક બનવા ધર્મ સફળ નીવડે જ છે.

શુભગતિના પ્રદાન દ્વારા ધર્મ અંતે કઈ રીતે મૃત્યુ-માત્રનો અવરોધક બને છે, એ બરાબર વિચારવા જેવું છે. મૃત્યુની

અવરોધકતા સાબિત કરતાં આ હેતુને જો ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીશું તો ધર્મની મૃત્યુ–અવરોધકતા યુક્તિથી પણ સચોટ સમજાઈ જશે.

મરણની સામે સીધો જ મોરચો માંડવાનો વ્યૂહ જોકે ધર્મ નથી અપનાવતો. પણ સુખમાં અલીનતા અને દુઃખમાં અદીનતાનો મંત્ર-જાપ કરાવીને સમાધિની સિદ્ધિ અપાવવામાં તો ધર્મ જરૂર સફળ બને જ છે. જીવન આધિ અને વ્યાધિમય હોવાથી આ મંત્ર-જાપના પ્રભાવે સમાધિ સિદ્ધ કરી શકાય છે. તેમજ જીવન અને મૃત્યુની પળે સચવાતી આવી સમાધિના પ્રતાપે મોતની વણઝારને અટકી જવાની ફરજ પાડવામાં સાધક જરૂર સફળ થાય છે. આ પણ એક જાતનો મૃત્યુની સામેનો પડકાર અને પ્રતિકાર જ ગણાય ને?

શુભ ગતિની સર્જાતી પરંપરાની ફલશ્રુતિ જ તો મૃત્યુનું મૃત્યુ છે. આ રીતે મૃત્યુના મૃત્યુને નોતરતી શક્તિને મૃત્યુ-પ્રતિકારક શક્તિ તરીકે બિરદાવવામાં આવે, તો કોઈ અતિશયોક્તિનો આશ્રય લીધો ન જ ગણાય. મૃત્યુની ગતિ યત્ર–તત્ર–સર્વત્ર અપ્રતિહત હોવાથી એની સામે સીધો મોરચો માંડીએ, તો સફળ ન થવાય, પણ આ રીતે શુભ-ગતિના સર્જન દ્વારા મૃત્યુના વિસર્જનનો વ્યૂહ ગોઠવવામાં આવે, તો એમાં ચોક્કસ સફળતા મળીને જ રહે. ધર્મ આ રીતે જ મૃત્યુ પર વિજયનો વાવટો ફરકાવી શકવાની સિદ્ધિ હાંસલ કરી જાણે છે. આ રીતે અશુભના અવરોધક તરીકેનું વિશેષણ ધર્મને બરાબર લાગુ પડી શકે છે.

ધર્મ મૃત્યુનો અનેક રીતે પ્રતિકારક બને છે. સૌપ્રથમ તો ધર્મ આપણને જીવન શું છે અને મૃત્યુ શું છે, એ સમજાવે છે. મૃત્યુથી આપણે પરિચિત નથી, માટે જ મૃત્યુથી આપણે ડરીએ છે. મૃત્યુને આપણે જો બરાબર પિછાણી લઈએ, તો પછી મૃત્યુ મહોત્સવ સમું ભાસે. જન્મ બાદ આપણે સતત મૃત્યુ પામતા જ રહેતા હોઈએ છીએ. જીવન દરમિયાન આપણી ગતિ સતત મૃત્યુ ભણી ચાલુ જ હોય છે. દા. ત. માણસ અમદાવાદથી મુંબઈ જવા માટેની રેલ્વે સફર શરૂ કરે, ત્યારે વચ્ચે વચ્ચે આવતા સ્ટેશન એને એ જ વાતની સ્મૃતિ કરાવતા રહેતા હોય છે કે, હવે મુંબઈ નજીક ને નજીક આવી રહ્યું છે. એથી મુંબઈ આવતાં એ પ્રસન્નતાપૂર્વક તરત જ નીચે ઉતરી જાય છે.

આપણું જીવન પણ એક આવી જ યાત્રા છે, જે જન્મથી મૃત્યુ સુધીની લંબાઈ ધરાવે છે. જીવનની ગાડી શૈશવ, યુવાની, પ્રૌઢાવસ્થા વટાવીને જેમ જેમ આગળ વધે છે, એમ મૃત્યુ નજીક આવતું જાય છે. આપણું આ જન્મ પૂરતું છેલ્લું સ્ટેશન 'મૃત્યુ' નામનું છે. એનો બરાબર ખ્યાલ આવી જાય, તો આ છેલ્લા સ્ટેશન પર ઉતરી જતા આપણે શોક-સંતપ્ત ન બનતા પ્રસન્ન બની ઉઠીએ કે, હાશ સ્ટેશન આવી ગયું! મુંબઈ જેમ એકાએક જ નથી આવી જતું, સ્ટેશને સ્ટેશને જેમ મુંબઈ નજીક આવતું હોય છે, એમ મૃત્યુ પણ એકાએક આવી જતું નથી. જેમ જેમ જીવનમાં આપણે આગળ વધીએ, એમ મૃત્યુ નજીક આવે છે. આ સંદર્ભમાં આપણે પ્રતિદિન થોડું થોડું મૃત્યુ પામતા હોઈએ છીએ, આનો ખ્યાલ આવી જાય તો અંતિમ સ્ટેશન પર મૃત્યુનું સ્પષ્ટ દર્શન થતાં આપણે ભયભીત ન બની ઉઠીએ. આમ જીવન-મૃત્યુની સાચી સમજણ આપણને ધર્મ દ્વારા મળતી હોય છે. આપણે આ સમજણ બરાબર પાકી કરી લઈએ, તો પછી મૃત્યુનો ડર જ ન રહે. ધર્મ આ રીતે મૃત્યુનો ડર દૂર કરી નાંખવા દ્વારા મૃત્યુનો પ્રતિકારક બનતો હોય છે. ધર્મ આગળ વધીને એમ પણ સમજાવે છે કે, કાયા પર જેમ કપડાંનું પહેરણ છે, એમ આત્મા પર દેહનું પહેરણ છે. નવા કપડાં પહેરતાં જેમ આનંદ અનુભવાતો હોય છે, એમ જૂનો દેહ તજીને નવો દેહ ધારણ કરવાની પળે તો મોઢા પર વધુ પ્રસન્નતા છલકાઈ ઉઠવી જોઈએ.

આપણે જેને જીવન ગણીએ છીએ, એ જીવનને યમરાજની નિદ્રાના સમય તરીકે સમજાવીને ધર્મ કહે છે કે, યમરાજ હમણાં જ ઉઠશે અને ભૂખ શમાવવા માનવનો કોળિયો કરી જશે. પછી એનાથી ડરવાનો શો અર્થ? માનવ જો કાળનો કોળિયો બની જ જવાનો હોય, તો જીવન કાળ દરમિયાન માનવે એવી માનસિક નીડરતા કેળવી લેવી જોઈએ કે, મૃત્યુને મહોત્સવ તરીકે આવકારી શકાય.

એક માત્ર ધર્મ પાસે જ એવી શક્તિ છે કે, જે આપણને મૃત્યુથી માહિતગાર બનાવીને સહર્ષ-સધર્મ મૃત્યુને વરવાની સમાધિ-કળાનું પ્રદાન કરે અને આ રીતની શુભ-ગતિના દાનનો જ એ પ્રભાવ છે કે, એથી મૃત્યુનું જ મૃત્યુ થઈ જવા પામે. આમ, ધર્મ એક મૃત્યુંજયી મહારથી છે.

સારી રીતે જીવવું, એનો અર્થ એટલો જ થાય કે, સારી રીતે મરવા માટે સજ્જ રહેવું. અને સમાધિપૂર્વક મરવું, એનો ગર્ભિતાર્થ એટલો જ થાય કે, વહેલા-મોડા મૃત્યુને મારીને મૃત્યુનો પ્રતિકાર કરીને જ મરવું! ધર્મ આ સંદર્ભમાં જ મૃત્યુ-પ્રતિકારક ગણાય છે.

આજના વૈદ્ય-ડૉક્ટરો ભલે મોતની સામે મોરચો માંડવાની વાતો કરતા હોય, પણ મૃત્યુના મૂળિયાને સમૂળગા ઉખેડીને ફેંકી દેવા તો એક માત્ર ધર્મ જ સમર્થ છે. કારણ કે એ મૃત્યુને ધક્કો મારીને બાજુ પર જ હડસેલી દેતું નથી, પણ એ મૃત્યુનું જ મૃત્યુ નીપજાવીને એવો સમૂળગો મૃત્યુનાશ નોતરે છે કે, કાળ અનાદિથી પનારે પડેલું મૃત્યુ પછી એ 'મૃત્યુંજયી'ની પાસે ફરકવાની હિંમત પણ કરી શકતું નથી. ✷✷✷

જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦, ભંડારી સ્ટ્રીટ,
ગોળદેવળ, મુંબઈ-૪૦૦૦૦૪

પત્ર ચર્ચા

વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

['પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ પત્રો 'પ્ર.જી.'ના આગળના અંકોમાં અમે પ્રકાશિત કર્યા હતા, આ અંકમાં વધુ પત્રો અહીં પ્રસ્તુત કરીએ છીએ. અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર. ❑ તંત્રી]

(૮)

સાધુ-સાધ્વીઓના વિહાર, માર્ગ અકસ્માત, આધુનિકતા વિગેરે બાબત

તંત્રીશ્રીએ બહોળા અનુભવ અને સદ્‌ભાવથી ઉપરના મુદ્દાઓની રજૂઆત કરી છે તે સાધુ-સાધ્વી સમાજ અને અધિકૃત આચારયુક્ત શ્રાવક-શ્રાવિકા સંઘે તેના ઉકેલ માટે પ્રયાસ કરવો જરૂરી છે. જૈન દર્શન વાસ્તવમાં શ્રમણ સંસ્કૃતિ છે. તેનો અર્થ એ કે તેમના પવિત્ર આચારો વડે જૈન સમાજની સંસ્કૃતિ ટકી રહે. જો કે આ કાળે આ પ્રશ્ન ઘણો જટિલ છે. છતાં ચારે અંગો વડે સમાજ સંકળાયેલો છે. સાધુ જન્મતા નથી, સંસાર ત્યાગ કરીને સાધુ બને છે. તેથી સંસારના સંસ્કારનો એકાએક નાશ થતો નથી. અને અંશે વૈરાગ્યજનિત સંસારત્યાગ હોય તો પણ તે યોગ્ય ગુરુજનોનું ઘડતર, સાન્નિધ્ય, વાત્સલ્ય માંગે છે. તેનો અભાવ તેટલો ભૌતિકતા કે આધુનિકતાનો પ્રભાવ રહે તેટલી ક્ષતિઓ, દોષો પેદા થવાના છે. તેનો ઉકેલ ભૌતિકતાવાદી શ્રાવક ગૃહસ્થ કેવી રીતે લાવે? અધિકૃત શ્રાવકો સદ્‌ભાવથી કંઈ કરી શકે કારણકે આ કાર્ય ટીકાથી ઉકલે તેવું નથી. ઘણી ક્ષમતા માંગી લે છે.

સ્વ. શ્રી ભદ્રંકર સૂરિ આચાર્ય કહેતા હતા કે જૈન ધર્મના સાધુ જીવનમાં લોચ, ખૂલ્લા પગે વિહાર, શક્ય એટલી નિર્દોષ ગોચરી, અસ્નાન, વાહન ત્યાગ જેવા માધ્યમો નીકળી જાય તો તે સાધુ જીવન નથી. જો કે આ બાબતો ઘણી સચવાઈ છે તેથી ત્યાગી વર્ગનો પ્રભાવ સમાજ પર ટક્યો છે. છતાં કેટલાક પ્રશ્નો વિચારણીય છે.

વિહાર અને અકસ્માત : મોટા ભાગનો સાધુ-સાધ્વી વર્ગ પાદવિહારી છે. ગ્લાન વૃદ્ધજનો વ્હીલચેર કે ડોળીનો ઉપયોગ કરે છે. તેમાં સૂક્ષ્મ અહિંસાના માધ્યમે મતભેદ છે. પણ તેઓ સ્થિરવાસી ન થાય ત્યાં સુધી આ પ્રશ્ન રહેવાનો. એક કાળે રસ્તાઓ રેતાળ હતા. આજે ડામરની સડકો અને બન્ને બાજુ કાંકરીઓ હોય છે. ગરમ બન્ને થાય છે. વળી શહેરમાં ગરમ ધરતી પર સાધુ-સાધ્વીજનો બપોરે બાર વાગે પ્રસન્ન ચિત્તે સ્વસ્થતાથી ખૂલ્લા પગે ચાલતા ગોચરી માટે ઘેર ઘેર પધારે છે. છતાં કોઈ કારણસર કે સહી શકે નહિ તે મોજાનો ઉપયોગ કરે છે. આગળ વધીને બીમારીમાં વાહનનો ઉપયોગ કે અન્ય સગવડો લેવાય છે. આ પ્રશ્નો જેમ સમાજના છે તેમ વ્યક્તિગત મનોબળના છે. કોઈક વળી સ્થિરવાસ કરી ક્વચિત દેહાધ્યાસ ત્યજી આરાધના સ્વીકારે છે. આપણે સંસારી જીવો ખૂબ સુખશીલતામાં રહી શું સૂચન કરી શકીએ? છતાં ભાવ શ્રાવક જેવા અધિકૃત શ્રાવકનો સમુદાય કંઈ સૂચન કે ઉકેલ માટે વિચારી શકે તે અસ્થાને નથી.

જ્યારે મોટા ભાગે શહેરમાં સારા ડૉક્ટરની સગવડ મળે તેવા આશયથી, વળી સશક્તો અભ્યાસની સગવડ મળે માટે શહેરમાં રહેવું પસંદ કરે છે, એટલે ગ્રામ્યનિવાસ સાંજે કે માંદે ગૌણ જ રહેવાનો છે. ગ્રામ્યનિવાસમાં સ્વપર શ્રેય છે.

હવે રહી અકસ્માતની વાત. અકસ્માત તો મોટર, બસ, ચાલતા માણસોને પણ થાય છે. એટલે આ અકસ્માત કોઈ વિહારની ખામીથી જ થાય છે તેમ નથી. હા, તેઓ કોઈવાર માર્ગની બાજુમાં અગવડ હોય ત્યારે સડક વચ્ચે ચાલે ત્યારે અકસ્માત બને છે. પરંતુ નાના રસ્તા, વાહનોની ઝડપ અને વધારો વિશેષ કારણ છે. તેમાં શું થઈ શકે? અકસ્માત થયા પછી તરત જ સારવાર મળે તેવા આયોજનો થવા માંડ્યા છે. પરંતુ આ પાદવિહાર તો સાધુ જીવનનું અંગ છે. તેમાં વાહન જેવો અન્ય વિકલ્પ આપણે યોજી શકીએ તેવું જરૂરી નથી. વિહાર કરનારે સાવચેતી રાખવી તે ઉપાય છે. પાદવિહારથી માર્ગમાં આવતા ગામો અને યાત્રા સ્થળોનો સંપર્ક રહેવાથી લાભ છે.

આધુનિકતા એટલે આધુનિક સાધનોનો ઉપયોગ; તેમાં વસ્ત્રો, પાત્રો, મોબાઈલ, ઘડિયાળો જેવા સાધનોનો સમાવેશ થાય. એમાં બે વર્ગ છે. કેટલાક અલ્પાધિક ચૂસ્ત છે. કેટલાક ઉપકરણ માનીને કંઈ વાંધો ગણતા નથી. આમાં શ્રાવક-શ્રાવિકા જવાબદાર ખરા? આપણે શ્રાવક ગૃહસ્થો કેટલા આધુનિક થયા છીએ? એટલે આપણે જ્યારે ત્યાગીવર્ગને કંઈપણ વહોરાવીએ ત્યારે શુભ ભાવથી આધુનિક વસ્તુઓ લઈ જઈએ. તેમાં સગા સ્વજની હોય તો પછી મર્યાદા રહેતી નથી. વ્હોરાવનાર ભક્તિભાવ ગણી પુણ્યનું પોટલું બાંધે છે. ગ્રહણ કરનાર ધર્મલાભ આપ્યો માને છે. આમ અન્યોન્ય અણસમજથી આધુનિકતામાં દોષ છે તે ગૌણ થઈ જાય છે. તેથી શિથિલતાને અવકાશ રહે છે. સાધુજનો તે તે સાધનોનો ઉપકરણની ઉપમા આપી મુક્તમને વપરાશ કરે છે. વળી એક કારણ એ પણ

મનાય છે કે આ વસ્તુઓ ત્યાગીજનો માટે બનતી નથી; પણ ગૃહસ્થો માટે બને છે. તેમાં તેમને જરૂરી વસ્તુ લેવામાં દોષ નથી. કોઈવાર વિવેક સચવાય નહિ તેવું બને છે અને અંતરમાં રહેલી વૃત્તિઓ પોષાય છે ખરી. હું મારી જાતને અહીં મૂકું! મારી પાસે સુંદર ઘડિયાલ કે કંઈ પાત્ર જેવી વસ્તુ છે. મને અમુક સાધુજનો પ્રત્યે ચાહના છે. તેમને ભક્તિથી આપું ત્યારે આનંદ માનું છું. સાધુજનો તેમને માટે નથી બનેલું પણ ગૃહસ્થ લાભ લે છે તેમ માની ગ્રહણ કરે છે. આમાં સત્ય તારવવું અઘરું છે. છતાં તારવી શકે તેવા ત્યાગીજનો છે તેનો પ્રસંગ જણાવું.

એકવાર સ્વ. પૂ. આચાર્ય ભદ્રંકર સૂરિજી પાસે દર્શનાર્થે જવાનું થયું. ત્યારે કોઈ ભાઈ વસ્તુઓના પોટલા લઈને આવ્યા. પૂ. શ્રીએ શ્રાવકને કહ્યું કે, 'પોટલા બહાર મોકલી દો પછી બેસો, વંદન કરો.' પેલા ભાઈ કહે સાહેબજી સુંદર મલમલ છે. ભારે કામળી છે (કિંમતમાં). પૂ.શ્રીનો અવાજ જરા મોટો થયો કે, 'એટલે જ ના પાડું છું. અમારે સાધુ રહેવું છે. સુંદરતા અમારું વ્રત અને તપ છે એટલે પહેલા પોટલા બહાર મોકલી દો. પરપદાર્થોમાં આકર્ષિત થઈએ અમારું ગુણ ઠાણું ટકે નહિ. અલંકારિક વસ્તુઓની આસક્તિને નષ્ટ કરવા આ વેશ છે ભાઈ!'

બીજો પ્રસંગ યાદ આવે છે. આ. પૂ. શ્રી કલાપૂર્ણશ્રીએ બત્રીસ વર્ષે દીક્ષા લીધી ત્યારે બે પુત્રો ૧૦ અને ૧૨ વર્ષના સાથે દીક્ષિત થયા. સગા-સ્નેહીઓ થેલીમાં બાળકો માટે વસ્તુ કે મિઠાઈ લાવે. પૂ. કનકસૂરિજી પેલાની પાસેની થેલી બહાર મૂકાવે. ભક્તો કહે બાળકો માટે છે. પૂ.શ્રી કહેતા, 'મારે બાળકને પવિત્ર સાધુ બનાવવાના છે. સંસારમાં પાછા મોકલવા નથી. માટે આવી વસ્તુઓ લાવવી નહિ.' આવા પ્રખર અને વાત્સલ્યપૂર્ણ ગુરુજનો હોય ત્યાં હજી સાધુ જીવનની પવિત્રતા જળવાય છે. બાકી તો ચારે બાજુ દેખાદેખી ચાલે છે. તેથી શિથિલતાનો દોષ વધવા પામે છે. આપણે એમના ત્યાગમાંથી કંઈક શીખવું છે. તે પૂરતું આપણે માટે વિચારણીય છે.

સાધુ-સાધ્વી જીવન સંસાર ત્યાગનું છે. પવિત્ર મહાવ્રતધારી છે. તેથી સમાજ તેમની પાસે ઉચ્ચ આદર્શોની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. સાધુ જન્મતા નથી, પરંતુ ગૃહસ્થપણું ત્યજી ત્યાગી થયા છે. ત્યારે દરેકમાં વૈરાગ્યની પ્રબળતા હોય તેવું બનતું નથી. તેમાં પણ જો સાધુપણામાં કોઈ શ્રીમંત ભક્તો મળી ગયા અને વૈરાગ્ય હતો નહિ કે તે વિકસ્યો નહિ તેથી સુખશીલતા આવે. જો તપ વ્રત હોય તો પણ અન્ય રીતે આધુનિકતા સ્વીકારે ત્યારે શિથિલતા આવવાનો સંભવ છે. વળી એવું નથી કે ગરીબો જ દીક્ષા લે છે. શ્રીમંત ઘરના બાળકો, યુવાનો સમજપૂર્વક સ્વેચ્છાએ સંયમ સ્વીકારે છે.

અપરિગ્રહી એવા સાધુ-સાધ્વીજનોના મહાવ્રતની મર્યાદા શું? કેટલું પ્રમાણ કોણ સ્વીકારે. આથી બોધ આપનારને ગૃહસ્થો વંદન કરે પણ કંઈ અસર ન થાય અને ગૃહસ્થોને પણ આધુનિકતા, પરિગ્રહના વધારામાં રસ છે. પરિગ્રહ પરિમાણ છે તો પણ હોય તેનાથી વધારીને લે, આ પરિસ્થિતિમાં ત્યાગી કે ભોગી કોનું સત્ત્વ બળવાન થાય કે જે તત્ત્વદૃષ્ટિ ને પ્રગટ કરે?

કોઈકવાર એવો વિચાર આવે છે કે ભલે આપણે સંસારી છીએ, પણ એ.સી. હૉલ અને પંખા નીચે બેસી સાધુજનોના પરિષહ જય ને શિથિલતાની ચર્ચા, પ્રવચન કરીએ તો તેની કેટલી અસર ઉપજે? સમૂહ સંસારી છે તેમને સગવડ મળે તેનું પ્રાધાન્ય ભલે હોય છતાં તેમાં પ્રવચનોમાં મર્યાદા જળવાવી જરૂરી છે.

બીજો પ્રશ્ન કે શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી જેઓ આમ્નાયને આધીન છે. ત્યાં કંઈ પણ મર્યાદા સચવાય છે. પણ આમ્નાયથી બહાર હોય તે જૈનધર્મી હોય છતાં કોઈ મર્યાદા જણાતી નથી. આધુનિકતા અને સગવડોથી સજ્જ હોય. તેથી જેમને **ધર્મતત્ત્વની** સમજ નથી તેવા વર્ગને તેમાં આકર્ષણ થાય. તેમાં સંખ્યાબળ વધે છે. આ પ્રશ્ન તો ઊભો જ રહેવાનો. અહીં આપણે જે વિચારીએ છીએ તે કેવળ શ્વેતાંબર, મૂર્તિપૂજક માટે મર્યાદિત છે તેનો ખ્યાલ નથી. આમ્નાયમાં હજી સાદાઈ, સચ્ચાઈ, શ્રમણતા જળવાઈ છે. તેને ભાવિકો આવકારે છે. છતાં ઉપર જણાવ્યું તેનો ઉકેલ વિચારણીય છે.

વળી એક મુદ્દો છે આકર્ષક આમંત્રણ પત્રિકાઓ, પુસ્તકો. આ પત્રિકા વગેરેનું ખર્ચ ગૃહસ્થ કરે છે. સાધુજનો માને છે કે આપણે ત્યાગી છીએ. ભક્તોનો ભાવ છે. આપણને દોષ નથી. વાસ્તવ તેમના મનમાં ઊંડે ઊંડે આકર્ષિત વસ્તુની વૃત્તિ હોઈ શકે! જે આ રીતે પોષાતી હશે. પત્રિકાઓ રૂા. ૧૦૦ થી ૫૦૦ સુધીની જોવામાં આવે છે. એક વાર વાંચી પછી નિકાલ કરવાની પણ મૂંઝવણ થાય છે. અને પુસ્તકોના લખાણ તો ચાર પુસ્તકે એક પુસ્તક થાય તેવી પદ્ધતિ. લખાણ કરતાં વધુ ખર્ચ તેના બાહ્ય દેખાવનો છે. વળી ભક્તોના ખર્ચે છપાય અને કિંમત તો ઊંચી રાખે. આવી મૂડી ભેગી કરીને કોને આપવી છે? તેઓ વિદ્વાન, વિચારક છે. શા માટે વિચારી શકતા નથી. નથી ભક્તો વિવેક રાખતા કે નથી ત્યાગીજનો રાખતા. જો કે એમ પ્રચાર કરે છે કે **શ્રુતજ્ઞાન તો સોનો હીરે મઢીએ તોય ઓછું; પણ શ્રુતજ્ઞાન કહેવું કોને?** એવા શ્રુતજ્ઞાનના અભ્યાસની ઋચિ કેટલી વિકસી? આથી જો શ્રાવક વર્ગ સજાગ નહિ બને તો જ્ઞાનભંડારો બેકાર પડ્યા છે તેમ ઘરમાં પુસ્તકોનો ભરાવો પાછો ત્યાં જ પહોંચે છે. વાસ્તવમાં અભ્યાસ વર્ગો વિકસાવવાની જવાબદારી સાધુજનો સાધ્વીઓને સાથે રાખી વિકસાવવી જોઈએ. કેવળ એક કલાકના વ્યાખ્યાનથી કે વાચનથી પ્રશ્ન હલ કેમ થશે? શ્રાવક-શ્રાવિકાઓ પણ નક્કી કરે **અમે પુસ્તકના આધાર સ્થંભ કે સહયોગી બનવાને બદલે અભ્યાસી બનશું.** તે જરૂરી છે. આધુનિક સાધનો વડે સ્ત્રીવર્ગને સમય હોય છે તો ધંધા જેવા કાર્યમાં પડે છે

તેને બદલે તત્ત્વનો અભ્યાસ કરવો જરૂરી છે. તેનું પ્રમાણ ઓછું છે.

હવે એક મુદ્દો વરઘોડા, પીઠિકાના ઉત્સવો, સ્વામીવાત્સલ્યો, પૂજનો જેની આવશ્યકતા મનાતી હતી કે આવા પ્રસંગે આબાલ વૃદ્ધો સૌ લાભ લેતા તે વાત ગૌણ થઈ અને શ્રાવક તથા સાધુ સમાજ વ્યક્તિગત પ્રચારના ભાવનું પોષણ થવાથી ઉત્સવ પછી કોઈ બોધ પામી જાય અને ત્યાગી થાય તેવું બનતું નથી. વળી તેમાં બધું ભાડૂતી. વાહનોની દોડાદોડી, પશુગાડીઓના શણગાર જોવા માટે વરઘોડાની શું અસર ઉપજે. છતાં એકાંતે કરવા જેવું નથી તેમ કહેવું નથી. ઉત્સવો ધર્મજીવનમાં પ્રાણ પૂરતા હતા. તેવું ઓજસ કેટલું જળવાયું છે? મૂળ ધર્મ જે તત્ત્વરૂપ, રત્નત્રય રૂપ હતો તે કેટલો વિકસ્યો છે? આટલી પત્રિકા, પુસ્તકો, ઉત્સવો પછી જો એમાં કંઈ પરિણામ ન આવે તો જૈન ધર્મની વિશેષતા શી?

છેલ્લે સાધુ-સાધ્વી જીવન માટે કંઈ પણ શીખ આપવી તે જવાબદાર અધિકૃત ગૃહસ્થનું કામ છે. અથવા તેવા શ્રાવકોનો સમુદાય એકઠો થઈ ઉકેલ લાવે. જ્યાં સવિશેષ સાધુ સમુદાય, સાધ્વી સમુદાયના મોવડીઓનો સાથ લેવામાં આવે તેમની સાથે ચર્ચા-વિચારણા થાય તો કંઈ ઉકેલ મળે. જો કે એ સમાજમાં એટલા ફાંટા છે કે કોઈ મેળ કરવો મુશ્કેલ છે. છતાં એક જ મોટા સમુદાયને પ્રથમ વિશ્વાસમાં લઈને આ અંગે વિચારણા થઈ શકે. તંત્રીશ્રી માટે એ કાર્ય ઘણું કઠિન છે છતાં પણ સૌનો સાથ છે તો કંઈ ઉકેલ થઈ શકશે તેવી અપેક્ષા છે કારણ કે આપણા આ સૂચન કે ચર્ચાની ત્યાગી સમાજ નોંધ લેશે ખરા? સંઘબળ સૌને માન્ય એવું સંગઠન છે. પણ ઉદારચિત્ત સમભાવી હશે તો સૌના સહકાર્યથી આ પ્રશ્ન હલ થશે.

ડૉક્ટર દવાખાનાની સગવડો, પંડિતોની પાસે અભ્યાસ, શ્રોતાવર્ગ, અન્ય સગવડોને કારણે સાધુ-સાધ્વીજનો શહેરમાં રહેવાનો આગ્રહ રાખે છે. તેમાં ઉપાશ્રયોના નિવાસની મર્યાદાને કારણે ફ્લેટના નિવાસ વધતા જાય છે. અણગારોને નિવાસ લેવા પડે છે. તે પ્રશ્ન પણ છે. વળી ઉપાશ્રયો થાય પણ ઠલ્લે માત્રાની જે ક્રિયા છે તે તો ઊભી જ રહે છે. તેનો ઉકેલ પણ પૂરતો થઈ શકતો નથી. શ્વેતાંબર સમાજમાં સાધ્વીજનોની સંખ્યા ઘણી છે. તેઓ નાના નાના શહેરમાં ચાતુર્માસ કરે ત્યાં પંડિતજનોની સગવડ કરાવે અને ભણે, ભણાવે તેવી યોજના થાય તો શહેરીકરણના દોષથી બચી શકાય. સાધ્વીજનોમાં પણ અભ્યાસી વર્ગ છે. તેઓ શિષ્યવર્ગને ભણાવી શકે. વ્યાખ્યાન આપી શકે. જ્યાં પૂ. આચાર્ય હોય ત્યાં સો બસો ભેગા રહે તેવું વરસમાં બીજા કોઈ એકાદ માસ માટે કરી શકાય. તો બન્ને વ્યવસ્થાઓ સચવાય.

આવા અનેક પ્રશ્નો છે. તે વિસ્તરતા જાય તે પહેલા તંત્રીશ્રીના પ્રયાસ મુજબ બન્ને સમાજના મળીને થોડી અધિકૃત વ્યક્તિઓ પુનઃ પુનઃ વિચારણા કરે તો કંઈક ઉકેલ સંભવ છે.

આ લેખ કેવળ સદ્‌ભાવથી લખ્યો છે છતાં જિનાજ્ઞા વિરૂદ્ધ કે અનઅધિકૃત કંઈપણ લખાયું હોય તો પુનઃ પુનઃ મિચ્છામિ દુક્કડમ્

સુનંદાબહેન વોહોરા,
૫, મહાવીર સોસાયટી, એલિસબ્રીજ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન નં. : ૨૬૫૮૭૯૫૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૫ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

❑ કેતન જાની

(નવેમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)

સંશયરહિત સ્પષ્ટતા એ શ્રીકૃષ્ણના વ્યક્તિત્વની વિશિષ્ઠતા

તા. ૨૧-૮ ના **'શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ'** વિશે વ્યાખ્યાન આપતા **શ્રીમતી કાજલ ઓઝા-વૈદ્યએ** જણાવ્યું હતું કે શ્રીકૃષ્ણના જીવનમાં અહંકાર, સત્ય અને સાધનશુદ્ધિનો અભાવ હશે પરંતુ સંશયરહિત સ્પષ્ટતા એ તેમના વ્યક્તિત્વની વિશિષ્ઠતા છે. પાંચ ગામ મળે તો મહાભારતનું યુદ્ધ કરવું નહીં એવો પ્રસ્તાવ પાંડવો વતી લઈને તેઓ જ કૌરવો પાસે ગયા હતા. ત્યારે ખુદ દ્રૌપદીએ જ પુછ્યું હતું કે મારા વાળ-વસ્ત્રો ખેંચ્યા તેઓ સાથે વિષ્ટિ કેવી? વિષ્ટિનો પ્રસ્તાવ સફળ થવાનો નથી એ જાણતા હોવા છતાં તેઓ ગયા હતા. યુદ્ધના મેદાનમાં અર્જુન મૂંઝાયો કે જેના ખોળામાં હું રમ્યો છું તેઓ પર શસ્ત્ર કેવી રીતે ઉપાડું? તે સમયે યુદ્ધ કરવા સમજાવનારા શ્રીકૃષ્ણ જ હતા. અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી ગર્ભમાંનો પરીક્ષિત મૃત અવતર્યો ત્યારે શ્રીકૃષ્ણ પુરુષ હોવા છતાં સૂતિકાગૃહમાં ગયા હતા. તેમણે કહ્યું કે જો જીવન સાધુવૃત્તિથી અને ન્યાયપૂર્વક જીવ્યો હોઉં તો આ શિશુ જીવતું થાય અને પરીક્ષિત જીવતો થયો હતો. શ્રીકૃષ્ણના એકપણ લગ્ન સ્નેહલગ્ન નહોતા પણ પોલીટીકલ હતા. એકવાર રુક્ષ્મણીએ પુછ્યું હતું કે તમે મારા ઓરડામાં આવો ત્યારે એકલા આવતા નથી. ત્યારે શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો હતો કે સિંહાસન ઉપર બેસનાર વ્યક્તિને અંગત સુખોને તેના પાયા નીચે દાટી દેવા પડે છે તે રાજ્ય જ સ્થિર રહી શકે. શ્રીકૃષ્ણએ સમષ્ટિ સાથે ક્યારેય અન્યાય કર્યો નહોતો. તેઓ જુઠ્ઠાણું કે અર્ધસત્ય ચલાવતા નહોતા પરંતુ તેઓ પોતાની દિશા કે કર્મો વિશે સુસ્પષ્ટ હતા. તે માટે માર્ગમાં કોણ મળે છે અને કયા સંજોગો

આવે છે તેની તેઓને પરવા નહોતી. પુરુષની પુરુષ અને સ્ત્રી સાથેની મૈત્રીનું તેઓ ઉત્તમ ઉદાહરણ છે. દ્રૌપદી સાથેની નિર્મળ મૈત્રીને કારણે શ્રીકૃષ્ણે તેમને ચિર પૂરા પાડ્યા હતા. સુદામા સાથેની મૈત્રી પણ તેણે બરાબર નિભાવી હતી. ગાંધારીએ શ્રીકૃષ્ણને શ્રાપ આપ્યો હતો કે ૩૬ વર્ષ પછી તમારા સહિત આખાય કુળનો નાશ થશે ત્યારે વિચલિત થયા વિના શ્રીકૃષ્ણે તુરત ઉત્તર આપ્યો હતો કે હું જાણું છું. તેમના મનમાં ક્યારેય વૈચારિક દ્વંદ્વ કે મૂંઝવણ નહોતી.

(શ્રીમતી કાજલ ઓઝા–વૈદ્ય ગુજરાતી ભાષાના જાણીતા નવલકથાકાર છે. ચાર વર્ષમાં તેમની ૨૨ નવલકથા પ્રગટ થઈ છે.)

X X X

પર્વાધિરાજ પર્યુષણ આપણી જાતને અને આધ્યાત્મિક ચેતનાને 'ચાર્જ' કરવા માટે

'અસ્તિત્વનો ઉત્સવ' વિશે વ્યાખ્યાન આપતા **ભાગ્યેશ જહાંએ** જણાવ્યું હતું કે પર્વાધિરાજ પર્યુષણ આપણી જાતને અને આધ્યાત્મિક ચેતનાને 'ચાર્જ' કરવા માટે છે. આ સંદેશ આપણે સ્વીકારવાનો છે. એ એચ-૧એન-૧ રૂપી દૂષણો સામે સમજદારીનો માસ્ક બાંધીને માત્ર શુદ્ધ હવા એટલે કે સારા વિચારો – ગુણો ગ્રહણ કરવા જોઈએ. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે. તેના માટે ધર્મની મથામણ છે. સત્ય એક જ છે. પણ તે અલગ અલગ રીતે રજૂ થઈ શકે છે. પર્યુષણ પર્વના દિવસોમાં આપણે આપણા અસ્તિત્વ પર સ્ટેથોસ્કોપ મૂકીને તપાસવાનું છે અને એક્સરે કાઢવાનો છે. આપણે ઉત્ક્રાંતિ તરફ જઈ રહ્યા છીએ કે પછી અધોગતિ તરફ તે વિચારવાનું છે. તેના વડે જ આપણી પ્રત્યેક ક્રિયામાં સુગંધ પ્રગટશે. પર્યુષણ, શ્રાવણ માસ અને ચાતુર્માસમાં અંતરની યાત્રા કરવાની છે. શ્રાવણમાં શ્રવણની જેમ કાવડ ઉપાડવાના હોય છે. પણ હવે માતાપિતા વૃદ્ધાશ્રમમાં ગયા છે. આપણામાં ઉત્સવનો 'એટેક' આવવો ન જોઈએ. અર્થાત્ તેમાં બધું યંત્રવત્ થવું ન જોઈએ. ધાર્મિક ઉત્સવથી આપણું હૃદય તરબતર થવું જોઈએ. પર્યુષણના પર્વમાં ચૈતન્ય પરિપાટી, અષ્ટમતપ, ક્ષમાપના અને સાધર્મિક ભક્તિ જેવાં તપ કરવાના હોય છે. સાધના અને તપ વડે પોતાની ઓળખ પામવાની હોય છે.

(ડૉ. ભાગ્યેશ જહાં કવિ અને સાહિત્યકાર છે. તેઓ સનદી અધિકારી છે. હાલ તેઓ ગુજરાત સરકારમાં માહિતી આયુક્તનો હોદ્દો ધરાવે છે.)

X X X

ભક્તિમાં ઉંડો ઉતરે તે પોતે તરે છે અને પછી બીજાને તારે છે

'ભક્તિ કરે તે તરે' એ વિષય ઉપર બોલતા ચિંતક **હરિભાઈ કોઠારીએ** જણાવ્યું હતું કે આપણે એવું જીવન જીવવું જોઈએ કે તીર્થંકરને આનંદ થાય, તે જ સાચી ભક્તિ છે. ભક્તિ એ વ્યક્તિની સાયકોલોજીકલ જરૂરિયાત છે. વ્યક્તિમાં ભક્તિ માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરુભક્તિ, ઈશ્વરભક્તિ કે રાષ્ટ્રભક્તિ સ્વરૂપે હોઈ શકે છે. ભગવાન બુદ્ધ સ્વયં ભગવાનમાં માનતા નહોતા પરંતુ તેમના અનુયાયીઓએ તેમને ભગવાન માનીને પૂજ્યા છે. આપણે મંદિરો કે દેરાસરોમાં ઈશ્વરની કે તીર્થંકરોની મૂર્તિના દર્શન કરીએ છીએ અને આનંદ થાય છે. તે પ્રકારે સત્સંગ સાંભળીને આપણે એવું જીવન જીવવું જોઈએ કે મંદિરમાં કે દેરાસરમાં આપણને જોઈને ઈશ્વર કે તીર્થંકરને આનંદ થાય. ઈશ્વર ભક્તિમાં તલ્લીન થઈને ઘણાં નાચે છે. આપણને જોઈને ઈશ્વર નાચે તે સાચી ભક્તિની પૂર્ણાહૂતિ છે. આપણે કેવું જીવન જીવવું જોઈએ તે માટે તીર્થંકરો અને આચાર્યો આદર્શ છે. વ્યાખ્યાન મનોરંજન નથી તે મનોમંથન કરવા પ્રેરે છે. જીવનમાં કે દાંપત્ય જીવનમાં મોહ ઘટે એટલે પ્રેમ વધે છે. પ્રેમ ઘસાતો નથી. પ્રેમ ઉંચે જાય તો તે ભક્તિ અને નીચે જાય તો તે વાસના છે. સ્ત્રી પાસે સમર્પણ ભાવ છે. લગ્ન પછી નામ-અટક બદલે છે. પ્રસૂતિ પીડા વેઠી નવજાત શિશુને જન્મ આપે છે. સ્ત્રી પાસે શક્તિ છે. તેને જગાડો. ભક્તિ વડે શક્તિ ઉપર નિયંત્રણ થઈ શકે છે. સત્તા, સંપત્તિ અને શક્તિ આવે એટલે વ્યક્તિ બેફામ બને છે પણ માત્ર ભક્તિ જ તારી શકે છે. પતિ-પત્ની વચ્ચેની પ્રેમભક્તિ વડે ગૃહસ્થાશ્રમને સાર્થક બનાવી શકાય છે. જે વ્યક્તિ બધા કામ ભક્તિપૂર્વક કરે છે તેને જીવવાની ઉતાવળ નથી અને મૃત્યુનો ડર પણ નથી. ભક્તિ અનુભૂતિની વાત છે નહીં કે વાણી અથવા પ્રદર્શનની. ભક્તિનો અર્થ મિશન અથવા નિષ્ઠા એવો કરી શકાય. ભક્તિ વિના જ્ઞાન નિરસ છે. જ્ઞાનયોગી અને કર્મયોગી બંને માટે ભક્તિ જરૂરી છે. ભક્તિવિહોણું કર્મ નિરસ છે. કર્મ માટે પુરુષાર્થ અને ભક્તિ માટે ભાવના આવશ્યક છે. જ્યાં ભાવ કે ભક્તિ ન હોય તો પારિવારિક કે અન્ય સંબંધો માત્ર સહવાસ જ હોય છે પણ તેમાં સહજીવન હોતું નથી. જે વ્યક્તિ ભક્તિમાં પોતાની અંદર ઊંડો ઉતરે તે તરે છે અને અન્યોને તારે છે. તીર્થંકર તીર્થયાત્રાએ જતાં નથી પણ જ્યાં જાય ત્યાં તીર્થ ઉભા થાય છે.

(હરિભાઈ કોઠારી અગ્રણી ચિંતક અને પ્રસિદ્ધ વક્તા છે.)

X X X

આજની યુવા પેઢીમાં પારદર્શકતા, વર્તમાનમાં જીવવાની અને બીજાને સુખ આપવાની વૃત્તિ

તા. ૨૨–૮ ના **'ઈશ્વર–વિજ્ઞાન અને યુવાન'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપતાં **જય વસાવડાએ** જણાવ્યું હતું કે આજના યુવાવર્ગમાં પારદર્શકતા, વર્તમાનમાં જીવવાની વૃત્તિ અને બીજાને સુખ આપવાની વૃત્તિ છે. તેઓ ઈશ્વર સુધી પહોંચી શકે છે. યુવા પેઢી પારદર્શક હોવાથી દંભ કરતી નથી અને જેવા છે એવા દેખાય છે તેઓ જ સત્ય સુધી પહોંચી શકે છે. બીજું, આજની યુવાપેઢી ભૂતકાળમાં જીવતી નથી. તેને દસ વર્ષમાં શું થયું તેમાં રસ નથી.

તે માત્ર વર્તમાનમાં જીવે છે. વર્તમાનમાં જીવે તે વર્ધમાનને પ્રાપ્ત કરી શકે. ત્રીજું, યુવાપેઢી બીજાને સુખ આપવાની વૃત્તિ ધરાવે છે. તેથી તે સુખી થઈ શકશે. યુવાનો વ્યાખ્યાનમાં આવે ત્યારે વક્તા તેઓની ટીકા કરતાં કહે છે કે તમે આ કરતા નથી અને અમુક કામો કરો છો જે વ્યાખ્યાન સાંભળવા આવે તેનો કોઈ વાંક હોતો નથી. તેની ટીકા ન કરો કે મહેણાં ન મારો. વૈરાગ્યમાં સંસાર કે અન્ય વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે જ્યારે વિતરાગમાં ભગવાન મહાવીરથી વસ્ત્રો છૂટી ગયા એવું કહેવાય. દરેક ધર્મમાં કર્મ ક્રિયા બદલાય છે. પણ પ્રેમ, દયા, ક્ષમા અને કરુણા વિગેરે બાબતો બદલાતી નથી. જૈન ધર્મમાં નિયમો છે પણ નિયમતા નથી. સારા કાર્યો કરો પણ તેનો ઘમંડ ન કરો. જૈન ધર્મમાં ચિંતન નહીં પણ દર્શન છે. આ દર્શન એટલે વિઝન. દર્શન માટે પ્રકાશની નહીં પણ તેજસ્વીતાની જરૂર હોય છે. વિજ્ઞાન અને ધર્મ એકમેકના ભાગીદાર છે અને એકમેકમાં એકતા વિકસાવે છે.

(જય વસાવડા પત્રકાર છે અને કેટલાંય સામયિકોમાં કોલમ લખે છે. તેઓ ગુજરાતમાં કૉલેજના પ્રાચાર્ય રહી ચૂક્યા છે.)

XXX

સંતોષનું ફળ આદરે તેની ૯૯ ટકા સમસ્યા હલ થઈ જાય છે

તા. ૨૩-૮ ના **'જૈન ધર્મ ઔર તપશ્ચર્યા'** વિશે **આચાર્ય પુષ્પદંત સાગરજી મહારાજે** જણાવ્યું હતું કે મન સીમા ઓળંગે નહીં તો જીવનમાં આકાંક્ષાઓનું તોફાન આવી ન શકે. આચાર્ય કુંદકુંદ કહે છે કે સંતોએ અધ્યયન અને પઠનની જરૂર નથી. સાધક માટે માત્ર અષ્ટમ પ્રવચનનું જ્ઞાન પૂરતું છે. પાંચ સમિતિ છે. પ્રથમ ઈરિયા સમિતિ એટલે કે વિવેક સહિત ચાલો. કોઈનું અપમાન ન કરો. મંદિરમાં પૂજા કરવા જાવ પણ કોઈનું ખરાબ કરવા ન જાવ. બીજી ભાષા સમિતિ એટલે કે હંમેશાં સમજી વિચારીને બોલો. તેનાથી વિવાદ ટળી શકશે. એષણા સમિતિ એટલે કે મનને પકડી રાખો. ભોજનમાંથી વાળ-કાંકરા કાઢવા સરળ છે પણ મનમાંથી રાગ-અનુરાગ કાઢવા મુશ્કેલ છે. ચોથું આદાન નિશ્લેષણ એટલે કે કોઈ ઘડિયાળ ભેટ આપે ત્યારે વિચાર કરો કે મારે આની જરૂર નથી પણ હું તેનો સંગ્રહ કરું છું. સ્વાધ્યાયનો મતલબ પહેલા સ્વ પછી અધ્યયન. ગ્રંથને હાથ લગાડો ત્યારે ગ્રંથી તૂટવી જોઈએ. પાંચમી પ્રતિષ્ઠાવાન સમિતિ એટલે આપણી કોઈપણ પ્રવૃત્તિથી અન્યોને અસુવિધા કે તકલીફ ન થાય તેનું ધ્યાન રાખો. મળવિસર્જન કરતી વેળાએ કીડા મંકોડા ન મરે અને તેની દુર્ગન્ધથી બીજાને તકલીફ ન થાય તેનું ધ્યાન રાખો. તપ સુધી પહોંચવા પૂર્વેના ચાર તબક્કા છે. પહેલા જ્ઞાન, પછી શ્રદ્ધા, ત્યારબાદ ચારિત્ર અને છેલ્લે તપ આવે. તપથી શુદ્ધ થવાય છે. જ્ઞાન, શ્રદ્ધા અને ચરિત્ર ઈન્દ્રિયોનો નિગ્રહ કરે પછી તપ આવે છે તપ આંતરિક હશે તો પતન નહીં થાય. વિશ્વાસ અને શ્રદ્ધા બે અલગ વસ્તુ છે. વિશ્વાસ બુદ્ધિમાંથી પેદા થાય છે જ્યારે શ્રદ્ધા અંતરમાંથી જન્મે છે. સંતોષ મોટું તપ છે. જીવનમાં સંતોષ આવી જાય તો આપણી જીંદગીની ૯૯ ટકા સમસ્યા હલ થઈ જાય છે. સંતોષનું તપ કરનારને કોઈની સાથે છળ, કપટ, દુશ્મની અથવા સંગ્રહની જરૂર નથી. તેનાથી ચાર કષાય દૂર થાય છે. સંસારી જીવો ઈચ્છાપૂર્તિ માટે તપ કરે છે જ્યારે સાધુઓ કર્મને ઘટાડવા તપ કરે છે.

(આચાર્ય પુષ્પદંત સાગરજી મહારાજ જૈન ધર્મના દિગમ્બર સંપ્રદાયના સાધુ ભગવંત છે.)

XXX

ક્ષમાના પર્વના દિને તેમાં આભારનું તત્ત્વ પણ મેળવો

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એ વિશે **ગુણવંત શાહે** વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે ભગવાન મહાવીર, ગૌતમ બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત અને મહાત્મા ગાંધીજી અજાતશત્રુ હતા તેનો અર્થ એવો નથી કે તેઓના કોઈ શત્રુ નહોતા. પરંતુ તેઓએ કોઈને શત્રુનો દરજ્જો આપ્યો નહોતો. કાયર કે નબળી વ્યક્તિ માફી આપે એ શક્ય નથી. હાથીને જ્યારે મચ્છર કરડે ત્યારે તે સામો કરડતો નથી પણ તેની ઉપેક્ષા કરે છે. ભરવાડે ભગવાન મહાવીરના કાનમાં શલાકા ઘોંચી ત્યારે તેમને જે તકલીફ થઈ તેની કલ્પના કરવા જેવી છે. તેમણે પીડાની નોંધ સુદ્ધાં ન લીધી અને ક્ષમા આપી છે. આ બાબતે આપણે ભગવાન મહાવીરનું અનુકરણ કરીએ ત્યારે આપણામાં પણ 'માઈક્રો મહાવીર'નું તત્ત્વ પેદા થાય છે. આપણે ક્ષમાના આ પર્વની સાથોસાથ તેમાં આભારના તત્ત્વનું પણ મિલન કરવાનું છે. ગાય, ભેંસ કે તેના જેવા દૂધાળા પ્રાણીઓની પોણા ભાગની જીંદગી આપણને દૂધ આપવામાં વ્યતિત થાય છે. આપણા દેશના ગામડામાં જે ડેરીની ઈમારતો છે તે વાસ્તવમાં માતૃમંદિર છે. ગાયનું દૂધ એ સાક્ષાત ધાવણ છે. ગાય કે ભેંસ દૂધ આપતા બંધ થાય એટલે તેને કતલખાને મોકલી દેવામાં આવે છે. તેની આપણને શરમ આવવી જોઈએ. જ્યારે કેટલાક પરિવારોમાં કૂતરા કે બિલાડાને એરકંડિશન્ડ રૂમમાં રાખવામાં આવે છે. આપણી માનવજાતિ 'એનિમલ રિપબ્લિક' એટલે કે પ્રાણીજાત માટે ઓસામા બિન લાદેન જેવી આતંકવાદી છે. વિખ્યાત પર્યાવરણવાદી રાજેન્દ્ર પચૌરી કહે છે કે 'ગ્લોબલ વાર્મિંગ'ના મુકાબલા માટે શાકાહાર જરૂરી છે. પશુઓને માર્યા પછી તેને ધોવામાં જે પાણી વપરાય છે તે એંશી કરોડ નાગરિકોની જરૂરિયાત સંતોષી શકે છે. કોઈને ક્ષમા આપીને તે ભૂલી જવું જોઈએ. આપણા મોઢામાં જે એક કોળિયો પહોંચે છે તેના માટે એક હજાર લોકોએ પરિશ્રમ ઉઠાવ્યો હોય છે.

(ગુણવંત શાહ નિવૃત્ત પ્રાધ્યાપક છે. અનેક અખબારો અને સામયિકોમાં કોલમ લખે છે. તેઓ તેજસ્વી વક્તા અને ચિંતક છે.)

વ્યક્તિમાં રહેલા બીજભૂત વ્યક્તિત્વને પ્રગટ કરે તે જ સાચી કેળવણી

❑ ગુણવંત બરવાળિયા

પ્રતિભા બીજની માવજત કરનારા પરિબળોમાં શિક્ષણનું સ્થાન પ્રથમ હરોળમાં છે. શિક્ષણ જીવનના પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શતો વિષય છે. શિક્ષણ અને સંસ્કાર એકબીજાના પર્યાય છે માટે જ બાળકના ગર્ભસંસ્કાર સાથે જ શિક્ષણની પ્રક્રિયા શરૂ થાય છે.

શ્રીરામ, મહાવીર, હનુમાન, અભિમન્યુ, શિવાજી જેવી વિશ્વની મહાન પ્રતિભાઓને ગર્ભમાં જ શિક્ષણ અને સંસ્કાર મળ્યા હતા.

પોતાના આચાર, વિચાર અને વિહાર દ્વારા માતા પોતાના બાળકને ગર્ભમાં શિક્ષણ સંસ્કાર આપે છે. બાળકના જન્મ પછી તેની શૈશવ અવસ્થામાં પણ મા બાળકને સતત શિક્ષણ આપતું પવિત્ર વિદ્યાલય છે.

બાળક થોડું મોટું થતાં મા પોતાના જ સ્તરની વ્યક્તિને બાળકને શિક્ષણ આપવા માટે શોધે છે અને આ માના સ્તરની વ્યક્તિ તે 'માસ્તર' છે.

બાળકના ભીતરના ખજાનાનો જાણતલ અને તેને શોધવા માટે પ્રેરનાર પ્રેરકબળ માસ્તર છે.

ભગવાન ઋષભદેવે ખેતી, ઓજારો, હથિયારો અને અગ્નિનો ઉપયોગ જેવી પાયાની કેળવણી આ માનવજાતિને આપી અને તેમની બે પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીએ લીપી અને ૬૪ કળાઓ શીખવી.

ભારત વર્ષની પ્રાચીન શિક્ષણ પદ્ધતિમાં ડોકિયું કરીશું તો જણાશે કે એ સમયમાં ઋષિકુળ, ગુરુકુળ, તપોવન જેવા આશ્રમોમાં ઋષિઓ બાળકોને જીવન ઉપયોગી વિવિધ પ્રકારની વિદ્યાઓનું શિક્ષણ આપતા.

ક્રમે ક્રમે શિક્ષણની ક્ષિતિજનો વિસ્તાર થયો. વિદ્યાલયો અને મહાવિદ્યાલયો સ્થપાયાં. ભારતવર્ષમાં તક્ષશિલા અને નાલંદા જેવાં વિશ્વવિદ્યાલયો પણ બન્યાં.

અઢારમી સદીમાં વિશ્વમાં બાળ શિક્ષણના સ્પેન્સર, રૂસો, ફ્રોબેલ, પેસ્ટોલોજી જેવા ચિંતકો ઉદયમાં આવ્યા. ઓગણીસમી સદીમાં મોન્ટેસરી અને રવીન્દ્રનાથ ટાગોરે શિક્ષણના ચિંતનમાં પ્રાણ પૂર્યા. એ જ અરસામાં ગુજરાતમાં પૂ. ગાંધીજી, ગીજુભાઈ બધેકા, હરિભાઈ ત્રિવેદી અને મૂળશંકર ભટ્ટ જેવા શિક્ષણ ક્ષેત્રના ઉચ્ચ વિચારકો મળ્યા.

જર્મનીમાં ૧૯૩૭માં ફ્રોબેલે કિન્નર ગાર્ડન એટલે બાળકોનો બાગ એવો મુક્ત અને સ્વતંત્ર વાતાવરણમાં નાના ભૂલકાઓને અનૌપચારિક શિક્ષણનો વિચાર આપ્યો. પરંતુ શિક્ષણનું વ્યવસાયિકરણ કરનારાઓએ રમતા, નાચતા, કૂદતા નિર્દોષ બાળકોને કે.જી.ની કેદમાં પૂરી દીધા ને તે શૈશવનું વિસ્મય છીનવી લીધું.

૧૯૪૭માં ભારતવર્ષને અંગ્રેજો સ્વરાજના લોખંડી ચોકઠામાં ફીટ કરીને ચાલ્યા ગયા. ૧૮૩૫માં લોર્ડ મેકોલે ભારત માટે એક શિક્ષણ નીતિનું બીજ રોપ્યું હતું. પોણા બસ્સો વર્ષ પછી એ વિષવૃક્ષના કડવા ફળ આજે પણ આપણે આરોગીએ છીએ.

આઝાદી મળ્યાને બાંસઠ વર્ષ થયા. શિક્ષણ સુધારણા માટે ત્રણ શિક્ષણ પંચ અને પાંચ સમિતિઓ નિમવામાં આવી છતાં શાળા અને કૉલેજોના પ્રવેશ મેળવવા મોટી કેપીટેશન ફી, ટ્યુશન, પ્રાયવેટ ક્લાસીસ, પરીક્ષામાં ચોરી, પરીક્ષા પદ્ધતિના અનિષ્ટો વિગેરે ગેરરીતિઓમાંથી શિક્ષણ ક્ષેત્રને મુક્તિ મળી નથી.

૧૯૯૯માં 'ભાર વિનાનું ભણતર' નામક યશપાલ કમિટિનો રીપોર્ટ આવ્યો. ૧૨ વર્ષ થયા છતાં કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. બાળકોની સ્કૂલબેગનો ભાર વધતો જાય છે ને સાથે વાલીઓ પર ફી નો ભાર વધતો જાય છે.

કવિ મુકેશ જોષી કહે છે કે-

'બાલ શિક્ષણના પ્રથમ શ્વાસે જ લ્યો હાંફી જતા
હાથ બદલાવ્યા છતાંય માંડ દફ્તર ઊંચકે
મમ્મી જેવી મમ્મીના પણ હાથ બે થાકી જતાં.'

વળી કૃષ્ણ દવે તો ભગવાન શ્રીકૃષ્ણને કહે છે કે-

'ગોવર્ધન નહિ લે, આ બાળકનું દફ્તર ઉંચકાશે ?
અરે! એક જ પળમાં મોરપીંછના રંગો ઉતરી જશે.'

નિશાળ વિશાળ અને રળિયામણી બને, શાળા 'ઘરશાળા' બને એટલે બાળકને શાળામાં પણ ઘર જેવું વાતાવરણ ને હૂંફ મળે તો બાળકને શાળામાં આવવા ઝંખના થશે. નિશાળે જવા થનગનાટથી પગ ઉપડશે. પરંતુ અહીં તો શિક્ષણ ચિંતક વિલીમય બ્રેકર કહે છે તેમ બાળકો શાળામાં આવે છે પોતાની જાતને કેળવણી આપવા નહિ પોતે જાણે લાકડાના પાટીયા હોય તેમ આવીને એ શિક્ષણ પાસે પડતું મૂકે છે અને કહે છે કે લો હવે આમાંથી ફર્નિચર બનાવો.' આવા નિર્જીવ પાટીયા જોઈએ ત્યારે કરસનદાસ માણેકની કાવ્ય પંક્તિઓ જરૂર યાદ આવે.

ખીલું ખીલું કરતાં માસૂમ ગૂલસમ શિક્ષકને સોંપાણા,
કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં
વસંત, વર્ષા, ગ્રીષ્મ-શરદના ભેદ બધાય ભૂલાણાં,
જીવન મોહ તણાં લઘુતમમાં પ્રગતિપદ છેદાણા.
હર્ષ ઝરણ લાખો હૈયાના ઝબક્યા ત્યાંજ જલાણા
લાખ ગુલાબી સ્મિત ભાવિના વણવિકસ્યા જ સૂકાણા
તે દિન આંસુ ભીના રે, હરિના લોચનીયા મેં દીઠા.

કેળવણીને આપણે સાચા અર્થમાં સમજવી પડશે. કાકા કાલેલકરે કેળવણીને સ્વતંત્ર રાજરાણી સાથે સરખાવી છે. એ સત્તાની દાસી કે કાયદાની કિંકરી નથી. સર્વથા પ્રકારના બંધનોથી

મૂક્તિ અપાવે અને જીવન વધારે ઉન્નત અને બળવાન બનાવે તે જ સાચી કેળવણી છે. બહારથી અને અંદરથી વ્યક્તિ આખે ને આખી બદલાઈ જાય. કેળવણી એ રૂપાંતરની પ્રક્રિયા છે. મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા છે. સાચી કેળવણી તો બાળકોની અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે. કેળવણીનું ખરું કામ વ્યક્તિમાં રહેલા બીજભૂત વ્યક્તિત્વને પ્રગટ કરવાનું છે.

આર્ષ દર્શન, મુક્તિ, અંતઃપ્રેરણા, નિત્ય નવું સર્જન અને સાહસ – આચાર્ય વિનોબાજી આ પાંચ તત્ત્વોના પવિત્ર રસાયણ–પંચશીલ દ્વારા ભણતર, ગણતર અને ઘડતરની કેળવણી બનાવવાની વાત કરે છે. વ્યક્તિને કેળવે તે જ ખરી કેળવણી કહેવાય.

શિક્ષણ કે કેળવણીની સામાન્ય સમજ આપણામાં એવી હોય છે કે 'મારા બાળકને માટે એવું શિક્ષણ આપવું છે કે તેને મોટી અને ઊંચી ડીગ્રી મળે અને એ ડીગ્રી પણ એવી હોય છે કે તેને સમાજમાં માન મોભો તો મળે, ખૂબ જ શ્રીમંત કુટુંબની રૂપાળી કન્યા મળે કે ખૂબ જ શ્રીમંત કુટુંબનો મુરતીયો મળી જાય. ખૂબ જ સારી ઊંચા પગારવાળી નોકરી મળે અથવા તે ડીગ્રી દ્વારા પોતાનો વ્યવસાય કરી ખૂબ ઊંચી કમાણી કરી શકે. શિક્ષણ કે કેળવણી પાસે આપણી આ જ અપેક્ષા છે.

શિક્ષણ, વિદ્યા કે કેળવણી માત્ર પૈસા કમાવવાનું સાધન નથી. શિક્ષણ જીવનલક્ષી હોય તો જ જીવન ઉન્નત બને. શિક્ષણ અને સંસ્કાર એક સિક્કાની બે બાજુ છે તે ભૂલવું ન જોઈએ. કેળવણીનું અંતિમ ધ્યેય તો જ્ઞાનમાંથી શાણપણ સુધી લઈ જવાનું છે. જે શિક્ષણમાં નીતિ અને ધર્મના સંસ્કાર અભિપ્રેત હોય તે કેળવણી જ કલ્યાણકારી બની શકે.

કોઈ એક વ્યક્તિ વિજ્ઞાનક્ષેત્રની ઊંચી કેળવણી પ્રાપ્ત કરી વિનાશકારી બોમ્બ બનાવાવની શોધ કરે અને એ શોધ વેચી કરોડો રૂપિયા રળે અને લાખ્ખો માનવ સંહારનો નિમિત્ત બને.

કરોડ રૂપિયા દ્વારા એ ગાડી–બંગલો અને સંપત્તિની હારમાળા ઊભી કરી દે. પોતે મેળવેલ શિક્ષણ કે વિદ્યાના ઉપયોગ (દુરૂપયોગ) દ્વારા એ ભવ્ય જીવનશૈલી પામે અને પોતે એને વિદ્યાની ભવ્યતા પણ કહેશે. બીજી વ્યક્તિ તબીબી વિજ્ઞાનમાં શોધ કરી બીજાના જીવન બચાવવાનું કાર્ય કરે છે. ગરીબ દર્દીની ફી લીધા વગર દવા પણ કરે છે. ઓછા પૈસા કમાવાથી સાદી જીવનશૈલી છે, આપણે આને વિદ્યાની દિવ્યતા કહીશું.

સંસ્કાર કે વિવેકબુદ્ધિ વિહીન શિક્ષણ, વિદ્યા કે કેળવણી ન બની શકે. લુખ્ખુ શિક્ષણ વિવેકહીન ભવ્યતાનું પ્રદર્શન કરી શકે પરંતુ સંસ્કાર અને વિવેકસહ પ્રાપ્ત કરેલ શિક્ષણ પવિત્ર વિદ્યા કે કેળવણી બની દિવ્યતાનું દર્શન કરાવી શકે. દિવ્યતાનું દર્શન કરાવનાર વિદ્યાર્થી પર શ્રુત દેવતા કે મા સરસ્વતીના આશિર્વાદ જ હોય.

શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં શિક્ષણવિદો, વિદ્વાનો, સારસ્વતો અને શિક્ષકોનું પવિત્ર અને અગ્રસ્થાન છે.

શિક્ષણવિદો, શિક્ષણચિંતકો એ શિક્ષણનું આદર્શ માળખું બનાવવામાં મદદરૂપ થાય અને એ રૂપરેખાને ચરિતાર્થ કરવા શિક્ષકો એને પુરુષાર્થ દ્વારા સફળ પરિણામ આપવા તત્પર બનશે.

શિક્ષકો અને શિક્ષણશાસ્ત્રીઓ માટે ૧૯૩૭માં હરિજન બંધુમાં પ્રગટ થયેલા ગાંધીજીના વિચારો પથદર્શક બની રહે તેવા છે.

'સાચી કેળવણી તો બાળકો અને બાળાઓની અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે. આ વસ્તુ વિદ્યાર્થીઓના મગજમાં નકામી હકીકતોનો ખીચડો ભરવાથી કદી ન સાધી શકાય. એવી હકીકતો વિદ્યાર્થીઓ પર બોજા રૂપ થઈ પડે છે એ તેમની સ્વતંત્ર વિચાર-શક્તિને હણી નાંખે છે અને વિદ્યાર્થીને કેવળ યંત્રરૂપ બનાવી દે છે.

ગાંધીજીએ પ્રરૂપેલી નવી તાલીમના આદર્શ અને ઉત્તમ તત્ત્વો આજની શિક્ષણ પ્રણાલીમાં ઉમેરવા જેવા છે.

સોક્રેટીસે શિક્ષકને દાયણ સાથે સરખાવ્યો છે. શિક્ષક જ્ઞાન દેનારો નથી પરંતુ ખૂબ જ સીફ્તથી માવજતથી જ્ઞાનને બહાર લાવનાર છે.

બાળક અખૂટ ખજાનો ભરેલ એક બીજ રૂપ છે અને શિક્ષક માળીની ભૂમિકામાં છે જે બાળકની અંદર રહેલી શક્તિઓને બહાર લાવવા માટેનું સાનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. કોઈ બીજને વૃક્ષ બનાવવા માટે તેની અંદર રહેલા અંકૂરને બળજબરીથી બહાર ખેંચી કાઢવામાં આવે તો તે વૃક્ષ ન બની શકે. પરંતુ કુશળ માળી તેને ખાતર અને પાણીનું યોગ્ય સિંચન કરશે, તો યોગ્ય સમયે તે અંકુરમાંથી છોડ વિકસશે. સફળ ઉદ્યોગપતિ શ્રી અઝીમ પ્રેમજી કહે છે : આજના વિદ્યાલયો અને શિક્ષકો બાળકને માટી જેવું માને છે. તેને કોઈ પણ બીબામાં ઢાળી શકાય તેમ હોય છે.

અહીં વાલીઓ અને શિક્ષકો કુંભારની ભૂમિકા ભજવી બાળકને કેવો ઘાટ આપવો તેનો નિર્ણય કરે છે. એક ચીની કહેવત છે કુંભારને તમે એક બીજ આપશો તો તેનું બોન્સાઈ બનાવી દેશે. બોન્સાઈ એટલે એક પ્રકારનું કુંઠિત વૃક્ષ જેને માણસની મરજી મુજબ કૃત્રિમ ઘાટ આપવામાં આવ્યો છે. આ વૃક્ષ ક્યારેય આકાશની અખિલાઈને માપી શકતું નથી. તેનું અસ્તિત્વ કુંડામાં જ મર્યાદિત રહે છે. તેના મૂળને જમીનમાં ફેલાઈ જવાની તક મળતી નથી આજની શિક્ષણ સંસ્થાઓ બાળકની શક્તિઓને આ રીતે કુંઠિત બનાવી દે છે.

શિક્ષક, મિત્ર, ગુરુ કે માર્ગદર્શકની ભૂમિકાને બદલે જો તે સ્વાર્થી, લાલચુ અને નિર્દય બની સરમુખત્યારની ભૂમિકા ભજવે ત્યારે આખો સમાજ તેનાથી નારાજ થઈ જાય છે.

વર્તમાન પત્રોમાં આવા કિસ્સાઓ છાશ વારે પ્રગટ થાય છે. પાટણની કૉલેજના અધ્યાપકોએ વિદ્યાર્થિનીઓનું જાતિય શોષણ કર્યું.

એક વિદ્યાર્થીને શિક્ષકે પ્રશ્ન પૂછ્યો, જવાબ ન મળ્યો. શિક્ષકે એટલા જોરથી તમાચો માર્યો કે કાનના પડદા ફાટી ગયા.

દિલ્હીની એક શાળાના શિક્ષકે સાત વર્ષની એક બાળાને હોમવર્ક

કરીને ન લાવવાની સજા રૂપે નિર્વસ્ત્ર કરી પાટલી પર ઊભી રાખવાનો દંડ ફટકાર્યો. શિક્ષકને જેલની સજા મળી.

ઉદેપુરમાં પરીક્ષાખંડમાં એક વિદ્યાર્થિનીએ ડેસ્ક બહાર પગ લાંબા કર્યા. શિક્ષિકાએ સજા કરી તે બાળાનું જીવન ગયું. સમાજની નજરોમાં શાપિત શિક્ષિકા કારાગારમાં કેદ થઈ.

અમેરિકાની એક શાળાના વિદ્યાર્થીને શિક્ષક સાથે ઝગડો થતાં પોતાની રીવોલ્વરમાંથી શિક્ષકને ગોળી મારી.

આ કોઈ ગુનેગાર કે પોલીસની વાતો નથી. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેની ઘટનાઓ છે. આવી જે ઘટનાઓ ઘટે છે તે માત્ર દુર્ઘટના જ નથી બનતી. ભીષણ કરુણાંતિકાઓ બનતી જાય છે.

સહશિક્ષણમાં કેટલીય યુવતીઓ સ્વેચ્છાએ જાતિય સહચર્ય માણે છે તો કેટલીય બળાત્કારનો ભોગ બને છે. આ સમસ્યા શાળામાં સેક્સ એજ્યુકેશન આપવાથી નહિ ઉકલે પરંતુ ઘર અને શાળા જીવનના પાયામાંથી મળતા નીતિ, સદાચાર, સમૂહજીવન, ધર્મ અને વિવેકયુક્ત સંસ્કાર જ આ દુષણને ડામી શકે.

૧૯૪૯માં ડૉ. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળના પંચે પોતાના અહેવાલમાં પરીક્ષા પદ્ધતિની સુધારણા પર ભાર મૂક્યો. ૧૯૬૬માં ડૉ. ડી. એસ. કોઠારીના અધ્યક્ષસ્થાને રચાયેલ કમિશને કહ્યું કે 'વિદ્યાર્થીઓના જ્ઞાનનો ક્યાસ તેમના માર્ક્સ ઉપરથી આવી શકે નહિ.' વધુ માર્ક્સ મેળવવાની રેસમાં વાલીઓ અને શિક્ષકો સ્કૂલોમાં ભણતા ભૂલકાને શિક્ષણના બોજા હેઠળ કચડી રહ્યાં છે. આપણી પરીક્ષા પદ્ધતિની સૌથી મોટી ખામી એ કે વિદ્યાર્થી અહીં પરીક્ષાર્થીની ભૂમિકામાં હોય છે અને શિક્ષક ન્યાયાધીશની ભૂમિકામાં હોય છે. હકીકતમાં શિક્ષણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં બન્નેની બરાબરની ભાગીદારી હોય છે. પરીક્ષા પદ્ધતિનો ઉપયોગ વિદ્યાર્થીને પાસ કે નાપાસનો સ્ટેમ્પ મારવા માટે જ થઈ રહ્યો છે. આજની પરીક્ષાનો હેતુ હવે પાસ થવા પૂરતો જ મર્યાદિત નથી રહ્યો. તે વધુ માર્ક્સ મેળવવાની રેસ બની ગઈ છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (બીસીએસઈ)માં દર વર્ષે છ લાખ વિદ્યાર્થીઓ બેસે છે. તેમાંથી નપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી કેટલાક ડીપ્રેશન અને માનસિક બિમારીઓનો ભોગ બને છે અને ૪૦૦૦ વિદ્યાર્થીઓ દર વર્ષે આપઘાત કરે છે. એટલું જ નહિ ૯૨ ટકા માર્ક્સ મળવાથી જ સારી કૉલેજમાં એડમિશન મળશે, એવી ગ્રંથિથી ૯૦ ટકા મેળવનાર વિદ્યાર્થી હતાશામાં જીવનનો અંત આણે છે. જો આપણે વિદ્યાર્થીને સ્ટ્રેસ, હતાશા અને તાણના સકંજામાંથી છોડાવવો હોય તો પરીક્ષા પદ્ધતિનો હેતુ વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાનો છે એ વળગણમાંથી બહાર આવવું જોઈએ. દસમા ધોરણની પરીક્ષા તો વિદ્યાર્થીઓ પર માત્ર બોજો બની રહેલ છે.

વિદ્યાલયો અને કૉલેજ કે યુનિવર્સિટીની હૉસ્ટેલોમાં અને છાત્રાલયોમાં રેગિંગની ઘટનાઓ પણ એક ભયંકર દુષણ છે. રેગિંગનો ભોગ બનનાર વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓ તાણ હતાશા કે ડિપ્રેશનનો ભોગ બને છે. જીવનથી વિમુખ થવાના પણ કેટલાક કિસ્સાઓ બન્યા છે. સંસ્થાના સંચાલકોએ કડક હાથે કામ લઈ આ શરમજનક વિકૃતિને ડામી દેવી જોઈએ. તાજેતરમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન સચિવાલયે રેગિંગ અટકાવવા એક હેલ્પલાઈન શરૂ કરી છે. કોઈ પણ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થી કે વિદ્યાર્થિની રેગિંગ અંગેની ફરિયાદ ૧૮૦૦-૧૮૦-૫૫૨૨ ટોલ ફ્રી નંબર પર નોંધાવી શકશે. Helpline@antiragging.net પર તંત્ર કે પોલીસની મદદ માટે ઈ મેઈલ કરી શકશે.

શિક્ષણ કઈ ભાષામાં આપવું તેના વિવાદમાં આપણે દાયકાઓથી ફસાયેલા છીએ. અંગ્રજી માધ્યમનો પાયો નાંખનાર મેકોલને તો અંગ્રેજો માટે બાબુઓ પેદા કરવામાં રસ હતો. શિક્ષણ ચિંતકોએ માતૃભાષાને આંખ અને અંગ્રેજી ભાષાને ચશ્મા સાથે સરખાવી છે. માતૃભાષામાં માના ધાવણ જેવું બળ અને પવિત્રતા છે. માતૃભાષામાં બાળકે ગોખણપટ્ટી નહીં કરવી પડે તે સહજ રીતે ભણી શકશે.

ઉત્તમ અંગ્રેજીનું શિક્ષણ જરૂરી છે. અંગ્રેજી શીખવા સામે વિરોધ ન હોઈ શકે. ભારત વર્ષમાં અંગ્રેજી સાથે અંગ્રેજીયત આવે તેની સામે વિરોધ હોવો જ જોઈએ. દરેક રાજ્યનો વહિવટ જે તે પ્રદેશની પ્રાંતીય ભાષામાં ચાલે સાથે પ્રાંત અને દેશનો વહિવટ રાષ્ટ્રભાષા હિંદીમાં ચાલે તે વાત વ્યવહારુ છે. વિશ્વના ૧૮૦ રાષ્ટ્રોમાંથી માત્ર ૧૨ રાષ્ટ્રોમાં અંગ્રેજીનો વ્યવહાર ચાલે છે. ફ્રાન્સ, જર્મની, રશિયા, ચીન, ઈઝરાયલ અને જાપાન જેવા દેશો પોતાની રાષ્ટ્રભાષામાં જ વ્યવહાર કરે છે. તો ય વિજ્ઞાન ટેકનોલોજીના ક્ષેત્રે એ રાષ્ટ્રો આગલી હરોળમાં છે.

સમાજે બાળકોમાં રહેલી લર્નિંગ ડીસએબીલીટી, સ્લો લર્નર (ડીસ લેક્ષિયા) અને હાઈપર એક્ટીવિટી, (બીહેવીયર ડીસઓર્ડર) અતિશય ચંચળતા પ્રત્યે દુર્લક્ષ સેવ્યું છે. સરકારે પ્રાથમિક કક્ષામાં જ આ માટે શાળાઓમાં સ્ક્રીનીંગ કેમ્પ યોજી (નિદાન શિબિર) આવા બાળકોને દરેક જિલ્લાઓમાં શિક્ષણની સગવડ કરી આપવી જોઈએ.

શિક્ષણ સંસ્થાઓનું વ્યવસાયિકરણ અને વૈશ્વિકરણ માટે સરકારે વિવેકયુક્ત નીતિ ઘડવી પડશે જેથી ગ્લોબલાઈઝેશનનો શિક્ષણ ક્ષેત્રમાં લાભ મળે અને અનિષ્ઠોથી દૂર રહેવાય.

શિક્ષણ ચિંતક મોતીભાઈ પટેલ કહે છે કે 'આજનો શિક્ષક ગુરુ બનવાની અને વિદ્યાર્થી શિષ્ય બનવાની હેસિયત જ ખોઈ બેઠો છે. પહેલા ગુરુને મન અધ્યાપન એ આનંદ હતો. આજે તો એ વ્યવસાય બની ગયો છે. શિક્ષણ સંસ્થાઓ માનવ ઉછેરના ઉપવન બનવાને બદલે કારખાના બની ગયા છે.

શિક્ષણમાં અનામત પ્રથાના રાજકારણના કડવા ફળ આપણે આરોગી રહ્યા છીએ. ઉચ્ચ વહિવટી ક્ષેત્રમાં ભ્રષ્ટ અને અનૈતિક અમલદારો આપણને કોણે આપ્યા? આ એક ચિંતા અને ચિંતનનો

વિષય છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓએ હવે શિક્ષણને સમાજમાં આર્થિક સીડી ચઢવાના સાધન તરીકે નહિ પણ વ્યક્તિત્વ વિકાસના માધ્યમ તરીકે સ્વીકારવું પડશે.

શિક્ષણ એ માનવ હક્ક છે માટે દરેક બાળકને શિક્ષણ મળે એ જોવાની સરકાર અને રાષ્ટ્રના દરેક નાગરિકની ફરજ છે.

આ દેશમાં શિક્ષણ અંગે જાગૃતિ લાવવાનું અને શિક્ષકોને સંસ્કારવાનું કામ કથાકારો, લોકશિક્ષકો અને સંતો સુપેરે કરી શકે તેમ છે. પૂ. મોરારી બાપુએ પોતાના ગામમાં શિક્ષક સત્ર યોજી પાંચસો શિક્ષકોને પુસ્તકો અને કેસેટો અર્પણ કરી હતી. એ કાર્ય વિદ્યા જગતની અપૂર્વ ઘટના ગણાય.

જે વિદ્યાગુરુ પાસેથી આપણે વિદ્યા ગ્રહણ કરી પરિવાર અને સમાજમાં સ્થિર થયા પછી આપણે ક્યારેય તેને યાદ કરીએ છીએ?

સૌરાષ્ટ્રના એક ગામડામાંથી ભણી અને અમે બધા ભાઈ-બહેનો મુંબઈ આવ્યા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનમાં લઈ અહીં ડૉક્ટર, સી.એ., એન્જિનિયર, એમ.બી.એ. થઈ પોતપોતાના વ્યવસાય ઉદ્યોગમાં સેટલ થયા. થોડા વર્ષો પહેલાં અમને વિચાર આવ્યો કે આપણે જેની પાસે ભણ્યા એ શિક્ષક-શિક્ષિકાઓને ગામ જઈ મળીએ. કેટલાક રિટાયર્ડ થયેલા, કેટલાક બીજે ગામ ગયેલા પરંતુ ગામની શિક્ષણ સંસ્થાઓના સહયોગથી જિલ્લાના કુલ્લે ૪૭ શિક્ષક-શિક્ષકિાઓ અગાઉથી આપેલ આમંત્રણ પ્રમાણે અમારે ત્યાં પરિવાર સાથે પધાર્યા. દેશ-વિદેશમા વસતા અમારા પરિવારના સભ્યોએ એક દિવસ એ વિદ્યાગુરુવર્યો સાથે ગાળ્યો. 'ગુરુ વંદના' કાર્યક્રમ હેઠળ સમારંભમાં તેઓ જ્યાં બેઠા હતા ત્યાં જઈ અમે કુમકુમ અક્ષતથી તિલક કરી, મા સરસ્વતીની ચાંદીની મુદ્રા પ્રતીક રૂપે અર્પણ કરી, મીઠાઈ અને ઋણ સ્વીકાર સન્માન પત્ર સાથે વંદન કરી સન્માન કર્યું. આજે વર્ષો પહેલાંનો એ દિવસ મારા માટે અવિસ્મરણીય આનંદ પર્વ સમાન છે.

બાળકોના જીવનમાં શ્રમ, સ્વાવલંબન, સમૂહ જીવનના ખ્યાલો અને પ્રકૃતિનું સાન્નિધ્ય મળે તેવી શિક્ષણ સંસ્થાઓના વિકાસની જરૂર છે.

નાલંદા, તક્ષશિલા, વિક્રમ શિલા અને ગુજરાતના વલ્લભીપુરની સંસ્થાના અવશેષો આજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઈતિહાસ સાથે બતાવવા જેવા છે.

શાંતિ નિકેતન, શારદા ગ્રામ, લોક ભારતી, ઋષિકુળ, નવસારીનું તપોવન, સંસ્કારતીર્થ, આટકોટનું રૂડા ભગતનું વિદ્યા સંકુલ, અંકલેશ્વરનું ગુરુ વિદ્યાલય, સુરેન્દ્રનગરનું સરદાર પટેલ શિક્ષણ સંકુલ અને સુરતના ગજેરા વિદ્યા સંકૂલની શિક્ષણ જગતના જિજ્ઞાસુઓએ મૂલાકાત લેવી જોઈએ.

રાષ્ટ્રપિતા ગાંધીજી, જેના જન્મદિવસને આપણે શિક્ષક દિન રૂપે ઉજવીએ છીએ તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, મહિલા શિક્ષણના પ્રણેતા ધોંડો કેશવ કર્વે, રવીન્દ્રનાથ ટાગોર, મનુભાઈ પંચોળી, જુગતરામ દવે, ગીજુભાઈ, નાનાભાઈ ભટ્ટ, નવલભાઈ શાહથી લઈને સૌરાષ્ટ્રના છેવાડાના ગામ અમરેલીના વિદ્યાગુરુ ઋષિતુલ્ય નવલકાંત જોષી જેવા નામી અનામી અનેક શિક્ષકો અને શિક્ષણ જગતના મહાનુભાવો કે જેણે શિક્ષણના પવિત્ર ગંગાજળને દુષિત થતું અટકાવવાનો સમ્યક્ પુરુષાર્થ કર્યો છે, જેના કારણે વિદ્યારૂપી દીપકની જ્યોત પ્રજ્જવલિત છે અને એ વિદ્યા દીપકમાંથી લાખો દીવા પ્રગટી રહેલ છે એવા પુણ્ય શ્લોક પુરુષોની આપણે અભિવંદના કરીએ.

***

૬૦૧, સ્મિત, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭.
ફોન : (૦૨૨) ૨૫૦૧૦૬૫૮. મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨.

જયભિખ્ખુ જીવનધારા : ૧૪

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા, ચરિત્ર, બાળસાહિત્ય જેવાં સાહિત્ય-સ્વરૂપોમાં ખેડાણ કરનાર સર્જક 'જયભિખ્ખુ'ની જીવનકથા હવે એમના સર્જનકાળના પરોઢ તરફ આગળ ચાલે છે. સર્જકની સર્જકતાનો થતો ક્રમબદ્ધ વિકાસ એ સહુ કોઈની જિજ્ઞાસાનો વિષય હોય છે. 'જયભિખ્ખુ'ના બાળપણની મધુર સ્મૃતિઓ જોયા પછી હવે જોઇએ એમના હૃદયમાં પડેલાં સર્જકબીજની વાત એમની જીવનકથાના આ ચૌદમા પ્રકરણમાં.]

નારીને રોવા વિના, કર્મમાં કંઈ છે નહીં!

વ્યક્તિના ચિત્તમાં રહેલી સર્જકતા કોળે છે કોઈ ઘટનાથી. કોઈ પ્રસંગ એવો સ્પર્શી જાય કે આખું અંતર ડામાડોળ થાય અને એમાંથી સર્જક-ચેતના જાગ્રત થાય છે.

આજથી ૯૦ વર્ષ પહેલાં ઉત્તર ગુજરાતના વરસોડા ગામમાં બનેલી એક ઘટનાએ નિશાળિયા જયભિખ્ખુના જીવનમાં પારાવાર મંથન જગાવ્યું.

અત્યાર સુધી શાળા, શિક્ષકો, મિત્રો અને પ્રકૃતિની આસપાસ ધબકતી એમની ચિત્ર-સૃષ્ટિમાં એક ઘટનાએ એવો પ્રલય સર્જ્યો કે જાણે બાળપણનું સમગ્ર મુગ્ધવિશ્વ એના પ્રવાહમાં તણાઈ ગયું અને જીવનનું એક નવું જ પરિમાણ ઊપસી આવ્યું. પોતીકાઓની

સૃષ્ટિમાં એક પરાયી વ્યક્તિનો પ્રવેશ થયો અને એ પ્રવેશે વિદ્યાર્થી ભીખાલાલ ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)ના જીવનમાં પરિવર્તન આણ્યું. સ્વરચિત આત્મજગતમાં જીવતા આ વિદ્યાર્થીને પારકાની વ્યથાનો પ્રથમ અનુભવ થયો.

આને પરિણામે ૯૦ વર્ષ પૂર્વેની નારીની અસહાય સ્થિતિ જોનારા વિદ્યાર્થી ભીખાલાલ સર્જક જયભિખ્ખુ બન્યા પછી હંમેશાં નારીગૌરવનો પુરસ્કાર કરતા રહ્યા. એમણે 'દાસી જનમ જનમની, 'સાથી જનમ જનમના' જેવી નવલકથા, 'પારકા ઘરની લક્ષ્મી', 'કંચન અને કામિની', 'અંગના', 'કાજલ અને અરીસો', 'કન્યાદાન', 'કર લે સિંગાર' જેવા નારીજીવનવિષયક વાર્તાસંગ્રહો આપ્યાં. પન્નાદાઈ જેવી મધ્યયુગની અને કૅપ્ટન લક્ષ્મી જેવી અર્વાચીન યુગની સ્ત્રીઓના ચરિત્રો આલેખ્યાં, પરંતુ આ બધાંનો પ્રથમ સ્પર્શ વિદ્યાર્થી અવસ્થામાં અનુભવ્યો.

બન્યું એવું કે એક વાર શિયાળાની ધુમ્મસભરી રાત્રે એક બાળવિધવા ગામના યુવાન સાથે વરસોડા ગામના સ્ટેશન પર ઊતરી. ફક્ત બે ઘાસલેટના દીવાવાળા ભૂખડીબારસ જેવા સ્ટેશન પર ઊતરનારા ગણ્યાગાંઠ્યા ઉતારુઓ જ હોય. આમેય આવી હિમભરી રાત્રે કોણ મુસાફરી કરવાનો વિચાર કરે? મોડી રાત્રે ગાડી આવતી, ત્યારે સ્ટેશન પર સામાન્ય રીતે એકાદ ગાડાવાળો આવતો હતો. નસીબમાં ઉતારુ હોય તો ભાડું મળતું હતું. પરંતુ એ દિવસે આ શિયાળાની કડકડતી ટાઢને કારણે ગાડાવાળો પણ આવ્યો નહોતો.

ગાડીમાંથી ઊતરેલી શહેરની સુકોમળ નારી ખાડા-ટેકરા અને ધૂળ-ઢેફાંવાળા માર્ગ પર ચાલવા ટેવાયેલી નહોતી, પરંતુ કરેય શું? અંધારી રાત નિર્જન સ્ટેશન પર વિતાવવી મુશ્કેલ હતી. એમાં પણ સ્ટેશનના બુઢ્ઢા માસ્તરે રેલવેફાનસના અજવાળે આ રૂપવાન યુવતીને જોતાં જ એની આંખો ચમકી હતી, આથી એમને માટે બે ગાઉ ચાલીને ગામમાં પહોંચવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. આ શહેરી યુવતી અને ગામડાના યુવાને ઝડપભેર ચાલીને રસ્તો પસાર કરવાનું નક્કી કર્યું. એણે કમરનો પાલવ જરા કસીને બાંધ્યો. પગના ઝાંઝર કાઢી લીધાં અને પછી ચાલવા માંડી. રસ્તામાં પથરા, ખાડા અને કાંટા હતા. સ્વચ્છ પાકા રસ્તા પર ચાલવા ટેવાયેલી એના પગની કોમળ પાનીઓ છોલાવા લાગી. ઝડપભેર ચાલતાં એના મખમલી ચંપલના બંધ તૂટી ગયા. અંધારી રાત્રે ઉઘાડા પગે એ અને એની સાથે આવેલો ગામનો યુવાન ઊંચા શ્વાસે પંથ કાપતાં હતાં. ઝડપભેર ચાલતાં ક્યારેક ખાડામાં પડી જતાં સહેજમાં બચી જતાં, તો ક્યારેક પગમાં બાવળની શૂળો ભોંકાતી હતી.

બાળવિધવા નારી એના નસીબને જાણતી હતી. હિંદુ વિધવાના નસીબમાં જીવે ત્યાં સુધી સદા શૂળ હોય છે અને મૃત્યુ પામે ત્યારે શૂળી હોય છે.

આ નારીને જીવનના જોખમનો ખ્યાલ હતો. બાળવિધવા થઈને કરેલા લગ્નના પરિણામની જાણ હતી. પેલા યુવાન સાથે એ ઘેર પહોંચી, ત્યારે એના કોમળ દેહમાં શ્વાસ માતો નહોતો. એની ચંપાફૂલ જેવી પાનીઓ લોહીથી રંગાઈ ગઈ હતી અને કડકડતી ઠંડી રાતમાંય ભય, બીક અને થાકને કારણે શરીર પર પરસેવો વળી ગયો હતો. એ દિવસે આ યુગલ ગામમાં આવ્યું, એ પછી એમણે ફરીથી ન શહેર જોયું, ન એ સ્ટેશન જોયું. જે દિવસે એ ઘરમાં દાખલ થયા ત્યારથી તે એમનો દેહ પડ્યો ત્યાં સુધી તેમાં જ રહ્યા. કારણ કે આ ઘરમાં સામાજિક બંધનોને તોડીને નાસી છૂટેલી નારી રહેતી હતી. આખું વિશ્વ એનું વેરી હતું. નિર્બળ સમાજને આ અબળા પર જોર જમાવવાની ભારે તાલાવેલી હતી. 'નિર્બલ કે બલ રામ' કહેનારાઓ એમના બળનો ઉપયોગ આ નિર્બળો ઉપર કરવા તલસી રહ્યા હતા.

ઘરના પિંજરમાં જીવતી આ નારીનું નામ હતું નીમુબહેન. સુંદર રૂપ ધરાવતી આ નારી જ્યારે ગરબે રમવા જાય, ત્યારે શેરી ગુંજી ઊઠતી હતી. છોકરાઓ એને પદમણી નાર કહેતાં હતાં. સવા વાંભનો ચોટલો અને એવી જ ઓઢવાની અદ્‌ભુત છટા. આવાં ગામડાં-ગામમાં એની માફક સુંદર રીતે કપડાં પહેરતાં કોઈને ન આવડે. એના અવાજમાં મીઠાશ અને સંસ્કાર હતાં એટલે સાંભળનારા ક્યારેય થાકતા નહીં.

બાળવિધવા નીમુબહેને બાળપણથી જ જીવનનાં ઝેર પીધાં હતાં. બાળવિધવાનો પડછાયો કોઈ લે નહીં. એવામાં આ ગામના યુવાનનો અણધાર્યો પરિચય થયો. આ યુવાને નીમુબહેનને કહ્યું કે, આ શહેર તો વેઠિયા લોકોથી ભરેલું છે. ગામડામાં જે લહેર છે, તેની તો વાત જ ન થાય! એણે નીમુબહેનને કહ્યું, 'નરક સમું શહેર છોડીને, ચાલો, ગામડામાં જઈને ગોકુલ-વૃંદાવનની મોજ માણીએ.'

શિક્ષિત નીમુબહેને વાંચેલી કથાઓમાં પણ ગામડાંનાં લોભામણાં વર્ણનો હતાં. ગામડાનો માનવી સુખી, શહેરનો માનવી પારાવાર દુ:ખી, ગામડું તો ધરતી પરનું સ્વર્ગ છે અને શહેર તો સાતમું નરક છે. એમાં વળી પેલા યુવાને પોતાના ખેતર-પાદરની, જમીન-જાયદાદની મોટી મોટી બડાશો મારી હતી.

આ ભોળી સ્ત્રીને માણસ માત્રની વાતમાં વિશ્વાસ હતો. યુવાન જે કહે તે માની લેતી. એણે કલ્પના પણ કરી નહોતી કે એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે છળપ્રપંચ ખેલતો હોય. પોતાના સ્વાર્થ ખાતર કોઈની જિંદગી સાથે રમત રમતો હોય! એણે તો જુવાનની મોટી બડાશભરી વાતોને સત્ય માની લીધી અને એથી એને કહ્યું, 'તારે ખાતર ગામડાની ગોરી બનીશ. તારાં દહીં-દૂધ વલોવીશ, ખેતરે ભાત લઈને આપવા આવીશ.' હજી યુવાની ઉંબરે પગ મૂકતી નીમુબહેને ગામડાનાં કેટલાય સોનેરી સ્વપ્નાં સજ્યાં. જીવનમાં

હળાહળ વિષ પીનારને ગામડાના નવનીતની અભિપ્સા જાગી. નીમુબહેન વિચારતાં કે શહેરનાં સઘળાં દુ:ખોનો ગામડામાં અંત આવી જશે. ગામના ભલાભોળા લોકો વચ્ચે જીવતાં જીવનનાં જખમ રૂઝાઈ જશે.

યુવાને શહેરની નોકરી છોડી અને બાળવિધવા નીમુબહેને ઘર છોડ્યું, પણ ગામમાં આવીને જોયું તો કલ્પનાજગતથી બધું ભિન્ન હતું.

ગામડું ગામ અને આટલું રૂપ એમાં વળી ઘરેણાં અને સુંદર વસ્ત્ર પહેરે, તો તો શું નું શું થઈ જાય? ભૂલે-ચૂકે માથામાં વેણી નંખાય નહીં અને વાળ પણ સીધી પાંથીના ઓળવાના. નીમુબહેનનું હૈયું ભરાઈ આવ્યું. કિસ્મતની દગાબાજી તે કેવી?

નાની વયે પતિ છીનવી લીધો અને જેની સાથે જીવન બાંધ્યું એ પ્રપંચી નીકળ્યો. ઘરની બળી વનમાં ગઈ, તો વનમાં વળી દવ લાગ્યો. પોતાના નસીબને દોષ આપતાં નીમુબહેને વિચાર્યું કે ભલે ઉલમાંથી ચૂલમાં પડી હોઉં, પણ જીવનથી હારી જવું નથી.

શહેરથી આવેલા નીમુબહેનને ગામડાની ગોરી બનતાં વાર ન લાગી. બધાં ઘરેણાં ઉતારી નાખ્યા અને માત્ર સૌભાગ્યનું ચિહ્ન રાખ્યું. બનારસી અને મૈસુરી સાડીઓ મૂકી દીધી અને લાલ કિનારવાળી સાદી સાડીઓ પહેરવા માંડી. વાળ પણ સાદી રીતે ઓળવા લાગ્યાં. શહેરમાં નળ હતા એટલે ગામડામાં માથે હેલ (બેડું) મૂકીને જતાં ફાવે નહીં. ક્યારેક ગુચ્છાદાર વાળ પરથી બેડું સરી પણ પડે. એ ઘંટીએ દળવા બેઠાં અને ઘંટી એમને ફાવી ગઈ.

આટલા વેદનામય જીવન વચ્ચે પણ ક્યારેક હસી લેતાં અને અનાજ દળીને ઊઠે ત્યારે લાલચોલ હાથ બતાવીને આ રસિક નારી કહેતી,

'તમારા ભાઈએ કેવી સુંદર મહેંદી મૂકી છે?'

નીમુબહેનને 'સરસ્વતીચંદ્ર' ગ્રંથ અતિ પ્રિય હતો. ગામડાના વિદ્યાર્થીઓ સાથે બેસીને નીમુબહેન એની વાર્તા કહેતા. ક્યારેક રામાયણ, મહાભારત, અરેબિયન નાઈટ્સ, વેતાલ પચ્ચીસી અને સૂડા બહોતેરીનું પાન કરાવતાં. વળી એમની વાત કહેવાની રીત પણ એવી કે બધા હોંશેહોંશે સાંભળે. રોજ વિદ્યાર્થીઓ ભેગા થાય અને નીમુબહેન એક પછી એક વાત કહે.

આમ વિદ્યાર્થી અવસ્થામાં જ જયભિખ્ખુને આકસ્મિક રીતે 'સરસ્વતીચંદ્ર' જેવા મહાન ગ્રંથનો સહેલાઈથી અને સરળતાપૂર્વક પરિચય થયો. એ ગ્રંથ એમના જીવનનો અતિ પ્રિય ગ્રંથ બની રહ્યો. નીમુબહેન આ કથાઓ જે સહજતાથી કહેતાં હતાં, તેમાંથી 'જયભિખ્ખુ'ના ચિત્તમાં કથારસની આલેખનરીતિના બીજ રોપાયાં. નીમુબહેન કથા કહે એટલે નિશાળિયાઓના સઘળાં દુ:ખો ભુલાઈ જાય. લેસન કરવાનું દુ:ખ, મોંપાઠ લેવાનું દુ:ખ, બાપાજીની ધમકીનું દુ:ખ, માસ્તર ઘરે ભણાવવા આવે એનું દુ:ખ-એ બધું ભુલાઈ જતું.

હજી આ દિવસો વીતતા હતા, ત્યાં જ નીમુબહેનના કુટુંબીઓએ મોટું તોફાન જગાવ્યું. તોફાનનું કારણ એ હતું કે એમના કુટુંબની છોકરી આવી રીતે નાસી જાય એ બરાબર નહીં, પણ એથીય વધારે આ જાની કુટુંબની છોકરી જોશી કુટુંબના છોકરા સાથે પરણે, તો તો બધા જાનીને માથે કલંક સમાન ગણાય. એના કુટુંબીજનોને લાગ્યું કે નાતમાં એમની આબરૂનો સવાલ ઊભો થયો છે અને મહામૂલી આબરૂ જાળવવા માટે એક નિરાધાર નારીના જીવન-મરણનો શો હિસાબ? એમના કુટુંબીજનોએ એને જીવતી ઉપાડી જવાના, નદી-કૂવે હોય, તો એને ધક્કો મારવાના પ્રયત્નો કર્યા, પરંતુ નીમુબહેન ભગવાન પર ભરોસો રાખીને શાંતિથી જીવતા હતા.

બીજી બાજુ વિદ્યાર્થીઓ પણ એમનો કેડો મૂકતા નહીં. સહેજ નવરા પડે કે તરત જ નીમુબહેનને ત્યાં પહોંચી જાય. તેઓ રામાયણની એકાદ ટૂંક, ભીમનું એકાદ પરાક્રમ કે 'સરસ્વતીચંદ્ર'નો સુંદર પ્રસંગ કહી સંભળાવે. એ ઘઉં વીણતા હોય તો વિદ્યાર્થીઓ એમની સાથે ઘઉં વીણે, તુવેર ફોલતાં હોય તો તે ફોલવા લાગી જાય, રાંધતા હોય તો લાકડાં, તેલ કે પાણી લાવી આપે. વાત સાંભળવા માટે બધું કરવા તૈયાર. એમની વાત કહેવાની રીત પણ અદ્‌ભુત હતી.

એકવાર બધાં છોકરાઓ વાત સાંભળવા આવ્યાં, ત્યારે નીમુબહેને છણકો કર્યો,

'રોજ શું જીવ ખાવ છો, જાવ, જતાં રહો.' ભીખાલાલ અને એમના મિત્રો નિરાશ થયા. વળી આશ્ચર્ય પણ થયું કે ક્યારેય ઊંચા સાદે નહીં બોલનારાં નીમુબહેન આજે કેમ ગુસ્સે થયા? નક્કી કંઈક અવિનય-અપરાધ થયો હશે? બધા વિદ્યાર્થીઓ કપાતા કાળજે પાછા ફર્યા. બે દિવસ એમની પાસે ગયા નહીં, પરંતુ સૌને સતત અજંપો કોરી ખાતો હતો. આખરે બધાએ નક્કી કર્યું કે એક વાર એમને મળીએ, આપણો ગુનો જાણીએ, ગુનાની માફી માગીએ અને એમના મુખેથી માફી આપે, પછી એ એમના રસ્તે અને આપણે આપણા રસ્તે. બધા વિદ્યાર્થીઓ કેવી રીતે મળવું એનો વિચાર કરતા હતા, ત્યાં ત્રીજે દિવસે નીમુબહેને ભીખાને જ બોલાવ્યો.

'ભાઈ, બે દિવસથી કેમ કાંઈ દેખાતા નથી?'

'બહેન, તમને માઠું લાગ્યું છે ને! એક વાર કંઈ ગુનો થયો હોય તો માફી માંગવા આવવું'તું. પણ તમે વિશેષ નારાજ થાવ એનો ડર હતો.'

'મારાં બાળુડાંઓ! તમારાથી હું નારાજ થઈશ!' નીમુબહેન ગળગળા બની ગયા. 'અરે, તમારા સંગાથથી તો હું જીવું છું. હું મરું રે, મારા ભાઈ! તમે મને છોડી દેશો તો વિના મોતે મરી જઈશ. મન ઉદાસ હશે. ભૂલથી તમને દુભવ્યા હશે, ભાઈ! મારા

જેવી હતભાગિની પર ગુસ્સો શોભે?'

નીમુબહેનની સુંદર આંખોમાંથી મોતી ઝરતાં હતાં. આ જોઈને ભીખો પણ રડવા લાગ્યો. ભીખાને રડતો જોઈ એ આગળ વધ્યાં અને કહ્યું, 'મરદ થઈને રૂએ છે?'

ભીખાએ કહ્યું, 'શું છોકરીઓને જ રડવાનો પરવાનો છે? ભરાયેલું મન તો ખાલી કરવું પડે ને.'

નીમુબહેન શાંત થઈ ગયા, પણ સરસ્વતીચંદ્રમાંથી એક કવિતા ગાઈ સંભળાવીઃ

'નરજાત સુખી અહીં હશે, કદી મ્હાલતી સ્વચ્છંદથી;
પણ નારીને રોવા વિના, કર્મમાં કંઈ છે નહિ!'

ભીખાની ઉંમર નહોતી કે આ કવિતાનો અર્થ સમજી શકે, પણ નીમુબહેન ખુશ થયાં એનો આનંદ હતો અને એના સમાચાર આપવા માટે એ મિત્રો પાસે દોડી ગયો. એ પછી થોડા દિવસો બાદ નીમુબહેનના કુટુંબીજનોએ ઉપાડો લીધો. ગરીબડાં ઘેટાંનો પ્રાણ લેવા, સર્વત્ર ખૂની વરુઓ પોતાના કાતિલ પંજા પસારીને બેઠાં હતાં.

ઘરના વડીલોએ પણ ભીખાને કહ્યું કે નીમુબહેનના ઘરે જવામાં જોખમ છે અને એક દિવસ રાત્રે નીમુબહેનના ઘેર કેટલાક તોફાનીઓ ઘૂસી આવ્યા. એમાં એક ભીખાનો મિત્ર ગીરજો હતો. ભીખાએ જ્યારે જાણ્યું ત્યારે ગીરજા તરફ ભારે રોષ જાગ્યો. એમની દોસ્તી ખંડેર બની ગઈ, પરંતુ નીમુબહેનનું નાક કાપી નાખવા આવેલા તોફાનીઓ ફાવ્યા નહીં. કારભારીના દીકરા ભીખાને કારણ નીમુબહેન અંતે નિર્ભય બન્યા.

વિદ્યાર્થીકાળની આ ઘટના સર્જક 'જયભિખ્ખુ'ના ચિત્તમાં જડાઈ ગઈ હતી, આથી એમણે જે કથાઓ લખી એમાં નારીની વેદના લખી, નારીને ભોળવનારા પુરુષોના પ્રપંચોને આલેખ્યાં, તો બીજી બાજુ નવી નારીની સ્વાર્થી મનોદશા પર આક્રોશ ઠાલવ્યો.

આ બધાંનું કારણ શું? કારણ એ કે જયભિખ્ખુના ચિત્તમાં નીમુબહેન જેવું નિર્મળ નારી-વ્યક્તિત્વ છવાયેલું હતું.

(ક્રમશ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

શ્રી જૈન મહાવીર ગીતા-એક દર્શન: ૧૫

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

પંચદશ અધ્યાય : જ્ઞાન યોગ

'શ્રી જૈન મહાવીર ગીતા'માં પંદરમો અધ્યાય 'જ્ઞાનયોગ' છે. આ પ્રકરણમાં ૩૩૮ શ્લોક છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં આ અધ્યાયનું નામ 'જ્ઞાનયોગ' છે. ભારતીય સંસ્કૃતિમાં અને જૈન સંસ્કૃતિમાં જ્ઞાનનું કેટલું મહત્ત્વ છે તે આ પ્રકરણના નામ પરથી ફલિત થાય છે. જૈન ધર્મમાં જ્ઞાનને મોક્ષ-પ્રાપ્તિનું મૂળ કહ્યું છે. શ્રી મહાવીર ગીતાનો પ્રારંભ આવી રીતે થાય છેઃ

धर्मयोगं निराभ्याय, सूरयो गौतमादयः।
पप्रच्छुः श्री महानवीरं, ज्ञानयोगबुभुत्सवः।।
श्रीवीर प्रोविवाञ्ज्ञानयोगं मोहविनाशकम्।
यं प्राप्य कृतकृत्याः स्युर्मनुष्याः सिद्धिगामिनः।।

'શ્રી ગૌતમ વગેરે સૂરિઓએ ધર્મયોગ (વગેરે) વિશે સાંભળીને પછી જ્ઞાનયોગ પ્રાપ્ત કરવાની ઈચ્છા થઈ. તે વિશે શ્રી મહાવીરને પૂછ્યું.'

'જેને પ્રાપ્ત કરનાર મનુષ્યો સિદ્ધિ પ્રાપ્ત કરે છે અને કૃતકૃત્ય બને છે એવા મોહનો નાશ કરનાર જ્ઞાનયોગને શ્રી મહાવીરે કહ્યો.'

સંસારમાં આત્મા અનાદિકાળથી પરિભ્રમણ કરે છે એનું કારણ જીવની સાથે ચોંટેલું મોહનીય કર્મ છે. જ્ઞાનનું શું મહત્ત્વ છે તે ઉપરના બીજા શ્લોકમાંથી ફલિત થાય છે. આત્માને અનાદિકાળથી સંસારમાં રખડાવનાર મોહનીય કર્મનો નાશ કરવા માટે જ્ઞાન સમર્થ છે. સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ થાય એટલે જીવ મોક્ષની દિશામાં ચરણ માંડે.

'જ્ઞાનયોગ'ની આવી વિશિષ્ટ સિદ્ધિ છે તેમ કહીને શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી તત્ત્વજ્ઞાનની ઊંચી ધરોહર પર લઈ જાય છે. જૂઓઃ

'જીવ અજીવન વગેરે મળીને સોળ પદાર્થો (તત્ત્વો) છે. પુરુષ આત્મરૂપ છે અને પ્રકૃતિ જડ સ્વરૂપ છે. (શ્લોક, ૩) પુરુષ સ્વરૂપવાળો છે જ્યારે પ્રકૃતિ દ્વૈતરૂપ વાળી છે. આ બંનેનો સ્વાભાવિક રીતે જ અનાદિકાળથી સંબંધ છે. (શ્લોક,૪). મહાન દેવો, સિદ્ધ, બુદ્ધ, નિરંજન રૂપ શુદ્ધ આત્મા છે. તે બધા અષ્ટકર્મ વિહીન હોવાથી જન્મથી પર છે અને મહેશ્વર રૂપ છે. (શ્લોક, ૫). પ્રકૃતિ અથવા કર્મની માયાએ બન્ને પર્યાય છે. અર્થાત્ એક રૂપ છે. તેમજ આત્માઓ કર્મ કરનારા છે અને કર્મનો વિનાશ કરનારા છે. (શ્લોક, ૬). અંતરાત્મા સાત્ત્વિક કર્મથી યુક્ત અને ઈશ્વરરૂપ છે. આ પરમાત્મા રૂપ એવા અંતર આત્માઓને કર્માતીત અને કલ્યાણકર માનવા જોઈએ. (શ્લોક, ૭). વ્યવહારની રીતે આત્મા એ કર્મનો કર્તા, ભોકતા રૂપ છે પરંતુ ખરી રીતે તો પ્રકૃતિ કર્તા, ભોક્તા અને શક્તિરૂપ છે. (શ્લોક, ૮). ચોક્કસ રીતે આત્મા કદી કર્તા, ભોકતા બનતો નથી. આત્માએ કર્મના પ્રભુરૂપ અને સાક્ષીરૂપ છે.' (શ્લોક, ૯).

જૈન ધર્મની વિશેષતા એનું તત્ત્વજ્ઞાન છે. આત્મા, કર્મ,

ભવભ્રમણ, આત્મશુદ્ધિ માટેનો પુરુષાર્થ વગેરે માટે જૈનધર્મમાં અત્યંત સૂક્ષ્મ ચિંતન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિશિષ્ટ અને વિરલ આલેખન દ્વારા જેમ અનેક અજાણી દિશાઓ ખોલી આપે છે તેવી જ રીતે અહીં 'જ્ઞાનયોગ'માં જૈન ધર્મના તત્ત્વજ્ઞાનને ઊંડાણપૂર્વક સમજાવે છે અને આપણને ધર્માભિમુખ કરે છે. શ્રી મહાવીરસ્વામી આત્મા શું છે, તેની વિશેષતા શું છે અને લોકાકાશમાં આત્માનું શું સ્થાન છે તે વર્ણવે છે.

'દ્રવ્યોનો ધ્રુવભાવ મારી જેમ સનાતન અને નિત્ય છે. હંમેશાં પર્યાયના વ્યય અને ઉત્પત્તિ વારાફરતી થયા કરે છે. (શ્લોક, ૩૮). હું લયસૃષ્ટિ અને બંને સ્વરૂપ વાળો છું. પરબ્રહ્મ સનાતનરૂપ છું. મારા જ્ઞાનમાં વિશ્વના લય અનેઉત્પત્તિ સમાઈ જાય છે. (શ્લોક, ૩૯). જ્ઞેયરૂપ વગેરેથી ભિન્ન એવું આ સનાતન વિશ્વ છે. ભિન્ન ભિન્ન વિવિક્ષાથી આ જડ અને વ્યક્તિરૂપ એવું વિશ્વ ભિન્ન છે. (શ્લોક, ૪૦). હું સર્વશુદ્ધ સ્વરૂપવાળો છું. સત્તાથી હું નિરંજન રૂપ છું. વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપ વાળો છું. સત્, ચિત્ અને આનંદરૂપ છું. (શ્લોક, ૪૧). હું સ્વરૂપથી સરૂપ અને પરરૂપથી અરૂપ છું. અસંખ્યાતા પ્રદેશવાળો હું નિરાકાર, મહાન, વિભુરૂપ છું. (શ્લોક, ૪૨). અનંતશક્તિથી હું છ રીતે કાર્ય કરનાર છું. લક્ષ્ય, અલક્ષ્ય-સ્વરૂપવાળો, આસ્તિ, નાસ્તિ સ્વરૂપવાળો છું. (શ્લોક,૪૩). હું સાકાર છું. નિરાકાર છું. જ્ઞાનને કારણે તો મારામાં જગત રહેલું છે. હું જીવ અને અજીવ પદાર્થોનો જ્ઞાપક છું. હું રક્ષક છું. (શ્લોક-૪૪). આત્માને નિત્ય મારા સમાન અને જ્ઞાન ધારક ગણવા. મારા થકી જ સૃષ્ટિ અને લય થાય છે. (શ્લોક-૪૪) આત્માને નિત્ય મારા સમાન અને જ્ઞાન ધારક ગણવા. મારા થકી જ સૃષ્ટિ અને લય થાય છે. (શ્લોક-૪૫). અનાદિકાળથી આ વિશ્વ દૃશ્યરૂપ અને અદૃશ્યરૂપ જાણવું. જીવો અને અજીવો જ્ઞાન વડે આ વિશ્વમાં વ્યાપક છે. (શ્લોક, ૪૬). મારા સ્વરૂપનું જ્ઞાન કરનારા ભક્તિ ભાજકો છે જેઓ પ્રીતિપૂર્વક મારામાં લીન થાય છે અને મહાજ્યોતિનો આશ્રય લે છે. (શ્લોક-૪૭). એક ઈન્દ્રિય વગેરેના ભેદથી જીવો પાંચ પ્રકારના છે. જ્યારે આત્માઓ બે પ્રકારના છે. એક સિદ્ધ અને બીજા સાંસારિક' (શ્લોક, ૪૮).

શ્રીમદ્ બુદ્ધિસાગરસરીશ્વરજી જૈનશાસનમાં વિરલ વિદ્યાપુરુષ હતા. ભગવાન મહાવીરનું ધર્મતત્ત્વ સમજવા અને પામવા પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. નિયમિત યોગસાધના દ્વારા એઓ સ્વાધ્યાય મગ્ન પણ રહેતા હતા. જ્ઞાનયોગમાં તેઓ જે જૈન ધર્મનો મર્મ પામ્યા તે પ્રગટ થાય છે. મૂળ તો આખી વાત આત્મશુદ્ધિની અને આત્મકલ્યાણની છે. આત્માનો શી રીતે ઉદ્ધાર થાય અને આત્માનું શી રીતે કલ્યાણ થાય તેનું ગહન ચિંતન 'જ્ઞાનયોગ'માં સતત નિહાળવા મળે છે. જિનપૂજા, ગુરુસેવા, સંઘસેવા, સાત ક્ષેત્રોમાં દાન કરવું, રોગી અને દુઃખી લોકોને ઔષધ વગેરેનું દાન આપીને મદદગાર થવું, જૈન ધર્મના પ્રભાવ અને વિસ્તાર માટે મહાન વિદ્યાપીઠોની સ્થાપના કરવી ઈત્યાદિ પ્રેરણા અહીં સતત પ્રાપ્ત થાય છે.

ધર્મનું કાર્ય છે સન્માર્ગની પ્રેરણા કરવી અને ધર્મીજનોને ધર્મમાર્ગે ટકાવવા. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એ માટેની પ્રેરણા જ્ઞાનયોગમાં આ રીતે કરે છેઃ

'પરોપકારના કાર્યોમાં મારા લોકોએ ભેદભાવ કરવો જોઈએ નહીં. બધાની સેવા આત્મભાવથી કરવી જોઈએ. તેનાથી પુણ્યબંધ થાય છે. (શ્લોક, ૧૮૭). જીવોનું કલ્યાણ થાય છે એવા ભાવથી ધાર્મિકનીતિથી મારા ભક્તોએ મહાન પુણ્ય આપનાર એવું કાર્ય કરવું જોઈએ. (૧૮૮). પરતંત્રતા એ મહાદોષવાળું અને પાપથી ભરેલું કાર્ય છે. શાંતિ અને સુખનો નાશ કરનાર એવું પાપકર્મ હંમેશાં છોડી દેવું જોઈએ. (શ્લોક, ૧૮૯). ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો નાશ પાપ કહેવાય છે. તે સર્વ લોકોના નીતિ, ધર્મ અને સદાચારનો નાશ કરે છે. (શ્લોક, ૧૯૦). મનીષિ લોકોએ પાપના આચાર વિચારનો ત્યાગ કરીને પુણ્યના આચાર વિચારના કાર્યો આળસ છોડીને કરવા જોઈએ. (શ્લોક, ૧૯૧). જગતમાં જૈનધર્મની મહાસેવા એ એક જ સારરૂપ છે. તે સર્વ સિદ્ધિ આપનાર અને સર્વપાપનો નાશ કરનાર છે. (શ્લોક, ૧૯૨). અનાદિ એવા તીર્થકરોથી જૈનધર્મ પ્રકાશિત થયેલ છે. તેની આરાધના વગેરે દ્વારા લોકો સ્વર્ગ સિદ્ધિ વગેરે મેળવે છે. (શ્લોક, ૧૯૩). આત્મવત્ બધા લોકોના સ્વાતંત્ર્ય, સુખ વગેરેના હેતુઓ માટે અને દુઃખીઓના દુઃખના નાશ માટેનો ઉદ્યોગ પૂણ્યબંધ કરનાર છે. (શ્લોક-૧૯૪). અનીતિના વિનાશથી પુણ્યબંધ થાય છે. પશુ, પક્ષી, વૃક્ષો વગેરેની રક્ષા કરવાથી પુણ્યબંધ થાય છે.' (શ્લોક, ૧૯૫).

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'જ્ઞાનયોગ'માં શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી ધર્મ વિશે વિરાટ પરીપ્રેક્ષ્યમાં જે કંઈ કહે છે તે આત્મસ્થ કરવા જેવું છે. ધર્મ આચરણ માટે છે, દંભ માટે નહીં. ધર્મ આત્માના ઉત્થાન માટે છે, જડ સાધના માટે નહીં. આ દિવ્યદૃષ્ટિ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના ચિંતનમાંથી સાંપડે છે. જ્ઞાનયોગના વિશાલ અધ્યાયના અંતમાં તેઓ કહે છેઃ

'જૈનધર્મ સનાતન સવિકલ્પ અને અવિકલ્પ રૂપ છે અને શુદ્ધ ચારિત્ર રૂપ એવો આત્મા જ જૈન ધર્મ છે. (શ્લોક, ૩૬૬). ગુરુદેવના સ્વરૂપ ધર્મરૂપ આત્મા જ છે. અસ્તિત્વ અને વ્યક્તરૂપ એવો આત્મા જ મહાવીર છે. (શ્લોક, ૩૩૭). નયના સાપેક્ષ બોધ વડે વ્યક્તિનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. વ્યક્તિ સ્વરૂપ વડે સત્તા ઉદ્‌ભવે છે એવું આ જૈન દર્શન જય પામો. (શ્લોક, ૩૩૮).

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આ ભાવનામાં આપણે પણ સૂર પૂરાવીએ કે સમસ્ત સૃષ્ટિનું કલ્યાણ ઈચ્છનાર અને સકળ વિશ્વને અનેકાંતવાદની અદ્‌ભુત ભેટ આપનાર જૈનદર્શન નિરંતર જય પામો, જય પામો. **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ,
જૈન જ્ઞાનમંદીર, જ્ઞાનમંદીર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.

જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ડિસેમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)

૫૯૬. પ્રશમ : તત્ત્વના મિથ્યા પક્ષપાતથી ઉત્પન્ન થતા કદાગ્રહ આદિ દોષોનો ઉપશમ એ 'પ્રશમ'.
तत्त्वों के असत् पक्षपात से होनेवाले कदाग्रह आदि दोषों का उपशम प्रशम ।
The calming down of the vices like wrong insistence etc. that result from a misplaced partisanship of philosophical views-that is prasama.

૫૯૭. પ્રસ્તર (પ્રતર) : જે માળવાળા ઘર તળ સમાન છે તે.
जो कि मंजिलावाले घर के तले के समान है ।
Strata which are like storeys of a multistoreyed building.

૫૯૮. પ્રાણ : પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબલ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ અને વાયુ એ દશ પ્રાણ છે.
पाँच इन्द्रियाँ, मन-वचन-काय से तीन बल, अच्छ्वासनि:श्वास और आयु ये दस प्राण है।
The five sense organs, the three energies i.e.-manas, speech and body, out-breath and in-breath, life-quantum these are ten pranas.

૫૯૯ પ્રાણત (ઈન્દ્ર) : આનત અને પ્રાણત દેવલોકના ઈંદ્રનું નામ.
आनत और प्राणत देवलोक के इन्द्र का नाम।
The name of the indra of Anata and Pranata Kalpas.

૬૦૦. પ્રાણાતિપાતિકી ક્રિયા : પ્રાણીઓને પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબલ, ઉચ્છ્વાસનિઃશ્વાસ અને વાયુ એ દશ પ્રાણથી વિખૂટા કરવાની ક્રિયા 'પ્રાણાતિપાતિકી' છે.
प्राणियों को पाँच इन्द्रियाँ, मन-वचन-काया से तीन बल, उच्छ्वासनि:श्वास और आयु ये दस प्राणों से वियुक्त करने की क्रिया।
Action of the form of depriving the living beings of their Pranas or vital elements.

૬૦૧. પ્રાત્યયિકી ક્રિયા : નવાં શસ્ત્રો બનાવવાં તે પ્રાત્યયિકી ક્રિયા.
नये शस्त्रों का निर्माण करने की क्रिया।
The forging of new weapons.

૬૦૨. પ્રાદોષિકી ક્રિયા : ક્રોધના આવેશથી થતી ક્રિયા તે પ્રાદોષિકી ક્રિયા.
क्रोध के आवेश से होनेवाली क्रिया ।
Action undertaken under the impulse of anger.

૬૦૩. પ્રાપ્યકારી (ઈન્દ્રિય): જે ઇન્દ્રિય ગ્રાહ્ય વિષયો સાથે સંયુક્ત થઈને જ એમને ગ્રહણ કરે તે.
जो इन्द्रिय ग्राह्य विषयों को उनसे संयुक्त होकर ग्रहण करती है।
Those indriyas which grasp their object only through coming in contact with it.

૬૦૪. પ્રાયશ્ચિત્ત : લીધેલ વ્રતમાં થયેલ પ્રમાદજનિત દોષોનું જેના વડે શોધન કરી શકાય તે 'પ્રાયશ્ચિત્ત'.
धारण किए हुए व्रत में प्रमादजनित दोषों का शोधन करना ।
That through which it is possible to make clean sweep of the defects born of negligence arisen in connection with a vrata that has been accepted.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ :**પગમેં ભમરી (દ્વિતીય ચરણ)**

લેખકનું નામ : **લીલાધર માણેક ગડા**

સંપાદન : **પ્રવીણચંદ્ર શાહ**

પ્રકાશક : અમૃત ચૌધરી, ડિવાઈન પબ્લિકેશન,

૩૦, ત્રીજે માળે, કૃષ્ણા કોમ્પ્લેક્સ, જૂનું મોડલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : (૦૭૯) ૨૨૧૬૭૨૦૦,

(મો.) ૯૪૨૭૦ ૧૨૮૯૫. કિંમત : રૂા. ૧૫૦/-,

પાના ૨૨૦, આવૃત્તિ : પ્રથમ ૨૦૦૯.

માધવ રામાનુજ લખે છે. 'અધાની સેવા યાત્રાના સંભારણ અહીં પાને પથરાયા છે. આ પુસ્તક લાગણીના પાવન પ્રવાહને વહાવતી સગપણની સરિતાના સ્પર્શની...સ્નેહભીના સ્પર્શની અનુભુતિ કરાવે છે.'

લીલાધરભાઈ 'પગદંડી'ના તંત્રી તરીકે તે સમયે બનેલી (૨૦૦૫)માં કેટલીક ઘટનાઓનું અને ચારિત્રનું આલેખન નહોતા કરી શક્યા. 'પગદંડી'ના તંત્રી પદેથી નિવૃત્ત થયા પછી આવી ઘટનાઓ અને ચરિત્રો વિશે તેમણે લખ્યું. એ ઘટનાઓનો સંગ્રહ એટલે 'પગમેં ભમરી'-દ્વિતીય ચરણ.

લીલાધરભાઈ છેલ્લા પાંત્રીસ વર્ષથી કચ્છ અને મુંબઈમાં આરોગ્યની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. આ પ્રવૃત્તિઓના સંચાલનાર્થે કચ્છના ૭૫૦ જેટલાં ગામડાં ખૂંદી વળ્યાં છે. તેથી આ પુસ્તકના વિવિધ વિષયોને લેખકે ચાર વિભાગમાં વિભાજિત કર્યા છે. (૧) દર્દ-દર્દી-રીશતો, (૨) રેખાચિત્રો, (૩) રાહત-પુનર્વસન-પુનર્નિર્માણ આફત પછી અને (૪) તકવંચિત સમુદાયો. આમાં કુલ ૪૧ લેખોનો સમાવેશ લેખકે કર્યો છે. લીલાધરભાઈએ સામાજિક કાર્યમાં જીવન સમર્પિત કર્યું છે. કચ્છનો ધરતીકંપ, કાશ્મીરનો ધરતીકંપ, ઈરાનનો ધરતીકંપ, ઈન્ડોનેશિયાનો ત્સુનામી ધરતીકંપ તથા કચ્છના ગ્રામવિસ્તારોમાં વસતા અસહાય પરિવારની લાચારી વગેરે વિષયોને આલેખ્યા છે. એમના અથાક રઝળપાટ, મેળાઓ કે વિવિધ અણધાર્યા સંજોગોમાં જે સંખ્યાબંધ પાત્રો મળ્યા, ઘટનાઓ ઘટી, તેનું મૂલ્યાંકન તેમણે અહીં કર્યું છે.

જીવનમાં ઓછી મહત્ત્વની જણાતી બાબતો પર લખવામાં પ્રગટ થતી સર્જકતાનો પરિચય લીલાધરભાઈના લોકભાષામાં લખાયેલ આ નિબંધોમાં થાય છે. આ પુસ્તકના લેખોમાં લેખકની પારાવાર હુંફનો અને એમની કલમમાંથી કરુણ કવિતાનો સ્પર્શ સતત ટપકતો રહે છે.

x x x

પુસ્તકનું નામ : **સ્મૃતિના ઉપવનમાં**

લેખક-સંકલન : **બંસરી પારેખ – રંજન પારેખ**

પ્રકાશક : **ઈમેજ પબ્લિકેશનન્સ પ્રા. લિ.**

૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ–૪૦૦ ૦૦૨. ફોન : ૨૦૦ ૨૨૬૯૧,

૨૨૦૦૧૩૫૮. મૂલ્ય : રૂા. ૧૫૦/–

પાના-૧૭૮. આવૃત્તિ પ્રથમ, ડિસેમ્બર–૨૦૦૮.

આ ગ્રંથ વિશે સુરેશ દલાલ લખે છે. 'આ ગ્રંથમાં રમણભાઈના દેશ અને પરદેશના અસંખ્ય ચાહકોએ વ્યક્તિ રમણભાઈ અને કવિ રમણભાઈ વિશે તો લખ્યું જ છે. એટલું જ નહીં પણ મુંબઈના એ જમાનાના અત્યંત અગ્રણીઓ, કેળવણીકારોએ પોતાનું હૃદય ખોલીને આ દંપતી વિશે પારદર્શક વાતો કરી છે. એમના શિક્ષકો, વિદ્યાર્થીઓએ રમણભાઈને સ્મરણાંજલિ અર્પી છે.'

આ ગ્રંથમાં અંગ્રેજીમાં લખાયેલ ૮૭ લેખો અને ગુજરાતીમાં લખાયેલ ૪૪ લેખો મોડર્ન સ્કૂલમાં ભણી ગયેલા વિદ્યાર્થીઓના છે. આ વિદ્યાર્થીઓએ શાળામાં વિતાવેલા યાદગાર સમયને પોતાની કલમ દ્વારા સજીવન કર્યા છે. એમના આ સંસ્મરણોમાં સાદી-સીધી ભાષામાં શાળા માટેનો અને એમના ગુરુદંપતી માટેનો અખૂટ પ્રેમ અને આદર વ્યક્ત થયો છે. અને તેથી જ આ પુસ્તકની શૈલી આડંબર વિનાની સાદી અને સરળ છે. રમણભાઈ અને પુષ્પાબહેનની દીર્ઘકાલીન સેવાઓને તેમના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે શ્રદ્ધાંજલિ આપેલ છે.

આ પુસ્તકમાં રમણભાઈનું આંતરબાહ્ય વ્યક્તિત્વ દેશ-પરદેશના તેમના અસંખ્ય ચાહકોની કલમે વ્યક્ત થયું છે. ટૂંકમાં આ ગ્રંથ એટલે સ્મૃતિનું ઉપવન. આ ગ્રંથ વાંચવા જેવો અને વસાવવા જેવો અવશ્ય છે.

x x x

પુસ્તકનું નામ : **વૃંદાવન મોરલી વાગે છે**

ભારતીય કૃષ્ણભક્તિ કવિતા

સંપાદન : ભોળાભાઈ પટેલ-અનિલા દલાલ

પ્રકાશક : ભારતી દવે-પ્રકાશનમંત્રી,

ગુજરાતી સાહિત્ય પરિષદ,

ગોવર્ધન ભવન, નદી કિનારે, 'ટાઈમ્સ' પાછળ,

આશ્રમ માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

ફોન : ૨૬૫૩૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭.

મૂલ્ય : રૂા. ૧૬૦/– પાના-૪૨+૨૭૮.

આવૃત્તિ : સપ્ટેમ્બર–૨૦૦૭.

ગુજરાતી સાહિત્ય પરિષદની શતાબ્દી પ્રસંગે પ્રગટ થયેલ આ પુસ્તકમાં સંસ્કૃત, હિંદી, બંગાળી આદિ ભારતીય ભાષાઓના શિષ્ટ અને લોક-સાહિત્યમાંથી ચૂંટીને ૩૨૧ જેટલાં કૃષ્ણવિષયક પદ, ભજન અને ગીતો સમાવવામાં આવ્યાં છે. 'વૃંદાવન મોરલી વાગે છે'માં ભારતીય કૃષ્ણભક્તિ કવિતા રૂપે સાકાર થઈ છે. સંસ્કૃત સાહિત્યમાં તેમજ મધ્યકાલીન ભક્તિ-આંદોલન દરમ્યાન પદ, ભજન, કિર્તન કે કવિતા રૂપે રાધા-કૃષ્ણ વિષયક અસંખ્ય રચનાઓ લખાય છે.

આ પુસ્તકમાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, બંગાળી, અસમિયા, ઓડિયા, મરાઠી, તમિળ અને કન્નડા ભાષાઓની મધ્યકાલીન વૈષ્ણવ ભક્તિ કૃષ્ણ કવિતા ગુજરાતી લિપ્યાન્તર અને અનુવાદ સાથે મૂકી છે અને દરેક ભાષાની કૃષ્ણ કવિતાનો ટૂંકો પરિચય પણ આપવામાં આવ્યો છે.

આ ગ્રંથની વિશેષતા એ છે તેમાં રાધા-કૃષ્ણના કલાત્મક રેખાંકનો આ ગ્રંથને સુશોભિત કલાદૃષ્ટિથી સભર અને સુરુચિપૂર્ણ બનાવે છે.

આ પુસ્તકના વાચકના કાન દ્વારા વૃંદાવનની મોરલીના સૂર હૃદય સુધી પહોંચી તેને ભાવવિભોર કરે છે. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪,
ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11

એક પુણ્યદર્શન

❑ ભોગીલાલ શાહ

દિલ્હી-રાષ્ટ્રપિતા ગાંધીજીની સમાધિ-રાજઘાટના દર્શન કરવાનું એક-બે વખત બનેલું. પરંતુ પૂ. કસ્તુરબા અને પૂ. મહાદેવ દેસાઈની સમાધિના દર્શન કરવા પૂના જવાનો કાંઈ મેળ પડતો ન હતો. વર્ષોથી મન ઝંખતું હતું કે ક્યારે પૂના જવાનું થાય અને આ બે મહાન રાષ્ટ્રભક્તોની સમાધિના દર્શન કરી કૃતાર્થ થાઉં. મારે મન મંદિર કે યાત્રા સ્થળો કરતાં આ ભાવ યાત્રા અને દર્શન વધુ પાવનકારી હતા.

પૂ. ગાંધીજીના સમગ્ર જીવન પર છવાઈ જનાર એવા પૂ. બા તથા માનસપૂત્ર મહાદેવ દેસાઈને સદેહે તો ન જોઈ શક્યો પરંતુ તેમણે જે સ્થાન પર ચિર નિદ્રા લીધી તે પવિત્ર સમાધિના પૂણ્ય દર્શન કરવાની વર્ષોની તીવ્ર મનોકામના ગયા વર્ષે ૨૦૦૮માં સાકાર થઈ. એક સામાજિક પ્રસંગે પૂના જવાનું થયું ત્યારે મારા યજમાનને મારા મનની વાત જણાવી અને મને યરવડા જેલમાં સમાધિ દર્શન માટે ગોઠવણ કરી આપવાની વિનંતી કરી.

પૂ. મહાદેવ દેસાઈ (મૃત્યુ ૧૫ ઑગસ્ટ) અને પૂ. બા (મૃત્યુ ૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪) જ્યાં પૂ. બાપુના સાન્નિધ્યમાં અંતિમ નિદ્રામાં પોઢી ગયા તે સમાધિની યાત્રા અને દર્શન મારા મનમાં અનેક પુનિત ભાવો જન્માવી ગયા અને હું ધન્યતાની લાગણી અનુભવી રહ્યો.

માનવ ઈતિહાસમાં ભાગ્યે જ આવી મોહન-મહાદેવની સમર્પિત જોડી તથા પૂ. બા-બાપુનું સાયુજ્ય જોડું જોવા મળશે. મહાદેવભાઈ અને ગાંધીજીના બન્ને વ્યક્તિત્વો એકબીજાથી ભિન્ન અને જુદાં જુદાં હતાં. પૂ. બાપુનું વ્યક્તિત્વ વૈશાખના પ્રખર સૂર્ય જેવું હતું તો મહાદેવનું વ્યક્તિત્વ પૂનમના ચંદ્રની શીળી ચાંદની જેવું સૌમ્ય હતું. ગાંધીજીના પ્રથમ દર્શનથી જ મહાદેવ તેમના પ્રેમમાં પડી ગયા અને મનોમન નક્કી કર્યું કે દેશની સેવાર્થે જીવન સર્પિત કરવું હોય તો બાપુ જેવા સમર્થ ગુરુના ચરણે જ કરવું. જેમ ભક્ત ભગવાનમાં એકાકાર થઈ જાય તેમ મહાદેવે સમગ્ર વ્યક્તિત્વ પૂ. બાપુની સેવામાં ઓગાળી દીધું. તેઓ માત્ર ગાંધીજીના રહસ્યમંત્રી જ નહોતા પરંતુ તેમના સમર્થ ભાષ્યકાર અને સાથે સાથે પીર, બબરચી અને ભિસ્તી પણ હતા. ગાંધીજી કહેતાઃ મહાદેવનું જીવન અખંડ કાવ્ય છે અને તેમનું બલિદાન રાષ્ટ્રની સ્વતંત્રતાની વેદો પર મોંઘેરું અને અદ્વિતીય હતું.

મહાદેવના મૃત્યુ પછી ગાંધીજીએ તેમના અસ્થિ એક ડબ્બીમાં સંભાળીને રાખી મૂક્યાં અને એ રાખથી પોતાના માથે તિલક કરતા. પૂ. બાપુ, સરોજીની નાયડુ અને મીરાબહેન રોજ સવાર-સાંજની સમાધિ સ્થળની યાત્રામાં જોડાતાં અને ત્યાં ગીતાજીના ભક્તિયોગનો પાઠ થતો. મીરાબહેન તો આ સમાધિને ફૂલો અને શંખલાથી શણગારી માટીની લીંપણથી સમાધિ પર ૐ લખી તેની નીચે કુસ અને ચાર ખૂણે તારા કર્યા હતા.

પૂ. ગાંધીજી સાથે બાસઠ વર્ષનો સથવારો નિભાવ્યો છતાં પૂ. કસ્તુરબા માત્ર ગાંધીજીના અનુગામી જ નહિ પરંતુ સાચા અર્થમાં સહધર્મચારિણી અને તેમના બધાં સુખદુઃખમાં ભાગીદાર રહી ભારતીય પરંપરાના પ્રતિનિધિ સ્વરૂપે પત્નીધર્મ સુપેરે નિભાવ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને તેમની સેવાને નિમિત્ત બનાવી દાનમાં મળેલાં ઘરેણાંને પોતાની અંગત મિલકત નહિ ગણતાં તેનો ટ્રસ્ટ બનાવવાનો ગાંધીજીનો નિર્ણય લગભગ એકપક્ષી હોવા છતાં પૂ. બાએ તેનો અફસોસ કે રંજ કદી વ્યક્ત કર્યો નહોતો. મરણાસન્ન હોવા છતાં માંસનો શેરબો ન લેવામાં ગાંધીજી સાથે સંપૂર્ણ સહમત હતાં. ગાંધીજીના જીવનમાં ઘણાં નિર્ણયો આદર્શ પ્રેરિત હતા પરંતુ તેને વાસ્તવિક ઘાટ આપવાનું શ્રેય બાને ફાળે જાય છે. ભલે કસ્તુરબાના સંસ્કાર વૈષ્ણવ પરંપરાના હતા છતાં અસ્પૃશ્યતાનું નિર્મૂલન, સર્વધર્મ સમભાવ કે બ્રહ્મચર્યના વ્રતને બાએ સહજભાવે સ્વીકાર્યું હતું.

૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪–ગાંધીજી સવારે ફરવા જતાં પહેલાં બિમાર બા પાસે આવ્યા. થોડીવારે કહ્યું, 'હું ફરી આવું ?'

બાએ ના પાડી. પહેલાં હંમેશાં બા જ કહેતાં કે ફરી આવો પણ આજે ગાંધીજીને પોતાની પાસે બેસાડી રાખ્યા. બાપુ બાના ખાટલા પર બેઠા. બા તેમના ખોળામાં સૂતાં હતાં. ગઈ રાતથી બાને પાણી પીવાની અરુચિ થઈ હતી, પણ દેવદાસ ગંગાજળ લાવ્યા હતા એમ સાંભળી બાએ મોં ખોલ્યું અને બાપુએ એક ચમચી ગંગાજળ રેડ્યું. બાપુએ પૂછ્યું: 'શું થાય છે ?' અત્યંત કરુણાસ્વરે બાએ કહ્યું, 'કશું સમજાતું નથી.' નાડી ખૂબ મંદ પડી ગઈ હતી અને આંખો ચેતન વિહોણી બની ગઈ. ગળામાં ઘરેડો બોલવા લાગ્યો. શ્વાસ લેવા માટે મોં ઉઘડી ગયું અને એ બે ચાર શ્વાસ લઈને બા સંસારના બંધનમાંથી છૂટી ગયા...બા પૂ. બાપુના ખોળામાં જ ચિર શાંતિથી પોઢી ગયા. આવું દેવને પણ દુર્લભ દૃશ્ય ભલભલાના કાળજા કંપાવી જાય તેવું હતું.

બાની અંત્યેષ્ટી ક્રિયા પણ યરવડા જેલમાં આગાખાન મહેલના પરિસરમાં મહાદેવની સમાધિ પાસે જ થઈ. દેવદાસ હાથે અગ્નિ મૂકાયો ને સવારના સાડા દસ વાગે સંપન્ન થઈ. ગાંધીજી સમગ્ર ક્રિયા દરમ્યાન લાકડીના ટેકે ઊભા હતા; પછી ખુરશી પર બેઠા. બે કલાક પછી સાથીઓએ બાપુને થોડો આરામ કરવા સમજાવ્યા ત્યારે બોલ્યાઃ 'બાસઠ વર્ષ સાથે રહ્યા પછી હવે છેલ્લે દિવસે મારે શી ઉતાવળ છે ?' બપોરે સાડાચાર વાગે ગાંધીજી ત્યાંથી ઊઠ્યા. ૨૬મી એ બાપુએ બાની સમાધિ પર ગુલાબનું ફૂલ મૂક્યું. બાના જવાથી બાપુ ખૂબ એકલતા અનુભવવા લાગ્યા. થોડા દિવસો સુધી તો ઉઠતાં, બેસતાં, સૂતાં, જાગતાં માત્ર બાનું જ સ્મરણ અને વિચારો આવતા હતા.

પૂ. બા અને પૂ. મહાદેવ દેસાઈ બન્ને સ્વતંત્રતાની વેદી પર પોતાના પ્રાણની આહુતી આપી અમર થઈ ગયા. પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં દેવી-દેવતાઓના પરાક્રમ કે કુરબાનીની વાતો સાંભળેલી પરંતુ આધુનિક યુગના આ દેવ સમાન માનવોની રાષ્ટ્ર માટે આપેલી સેવા-શહાદત અદ્વિતીય છે.

હું પૂ. બા અને પૂ. મહાદેવ દેસાઈની સમાધિ સમક્ષ આંખો મીંચી નતમસ્તકે હાથ જોડી આ રાષ્ટ્રના મહાન સપૂતોના અતિતમાં ખોવાઈ ગયો. હૃદય ભાવાવેશથી ભરાઈ ગયું. આંખો અશ્રુથી ભીની થઈ ગઈ અને તેમને ભાવાંજલિ આપી ભારે હૈયે સમાધિ સ્થળ છોડ્યું.

(સંદર્ભઃ નારાયણ દેસાઈ લિખિત ગ્રથ ભા-૪ 'મારું જીવન એ જ મારી વાણી')

C/o. સુરેશા એપાર્ટમેન્ટ, ઈશ્વર ભુવન પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ટે. નં. (૦૭૯) ૨૬૪૩૧૮૮૪.

પંથે પંથે પાથેય...

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.



પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૩ • માર્ચ ૨૦૧૦ • પાના ૩૬ • કીમત રૂા.૧૦

તીર્થંકર મહાવીર જન્મકલ્યાણક વિશેષ અંક

જિન–વચન

અહિંસા અને સમતા

एवं खु नाणिणो सारं जं न हिंसइ किंचण ।
अहिंसासमयं चेव एतावंत वियाणिया ।।

–सूत्र कृतांग – १-४- ७०

જ્ઞાની માણસોનું આ સારભૂત લક્ષણ છે કે તેઓ કોઈ પણ પ્રાણીની હિંસા ન કરે. એટલું જાણવું જોઈએ કે અહિંસા અને સમતા (સર્વ જીવો પ્રત્યે સમાનપણું) એ મુખ્ય ધર્મ છે.

ज्ञानी के लिए सारतत्त्व यही है कि वह किसी भी प्राणी की हिंसा न करे । अहिंसा और समता (सभी जीवों के प्रति समानता) इन्ही को मुख्य धर्म समझो ।

It is the essential characteristic of a wise man that he does not kill any living being. One should know that non-killing and equality of all living beings are the main principles of religion.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

આચમન

સંદર્ભસહિત અર્થને પામીએ

ચેલણા સૂતી હતી. કાતિલ ઠંડીની ઋતુ હતી. તેનો હાથ કામળાની બહાર રહી ગયો હતો. તે હાથ ઠંડો પડી ગયો. વચ્ચે આંખ ખૂલી. એકાએક એના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યો, 'તે શું કરતો હશે?' મગધ સમ્રાટ શ્રેણિકની ભ્રમર તંગ બની ગઈ. 'મહારાણી પોતાના કોઈ પ્રેમીને યાદ કરી રહી છે'- એમ સમજીને તેમનું મન શંકાઓથી ભરાઈ ગયું. તેમણે મહારાણીના મહેલને સળગાવી દેવાનો આદેશ આપી દીધો. અંતે રહસ્ય ખૂલ્યું. ચેલણાએ એ જ સાંજે એક મુનિને જંગલમાં ધ્યાન ધરતા જોયા હતા. પોતાના હાથને ઠંડો પડેલો અનુભવીને એકાએક તેના મુખમાંથી એવો ઉદ્‌ગાર સરી પડ્યો હતો કે, 'તે શું કરતો હશે?' આ સંદર્ભમાં એ વાક્ય બીજો અર્થ આપે છે. સંદર્ભ વગર કોઈ પણ વાક્યે જે અર્થ આપ્યો, તેણે શ્રેણિકને કોપાન્ધ બનાવી મૂક્યો. દેશ, કાળ અને સંદર્ભો વગર આગમોના અર્થને પકડવામાં કેવી મુશ્કેલી પેદા થાય છે એ વાત એ જ લોકો સમજી શકે છે જેણે તેના વિષે થોડું પણ ચિંતન કર્યું હોય. આપણા પ્રાચીન વ્યાખ્યાકારોએ આગમના એક પાઠના અનેક અર્થ રજૂ કર્યા છે. તેનો ચોક્કસ અર્થ આપવામાં તેઓ સ્વયં સ્પષ્ટ નહોતા. એવા અનેક આગમિક શબ્દો છે, જેમનો સ્પષ્ટ અર્થ આજે પણ પ્રાપ્ત નથી અને એવા પાઠ પણ છે જેમના માટે – 'તત્ત્વં પુનઃ કેવલિગમ્યમ્' કહીને જ છૂટી જવું પડે છે. આમ છતાં આગ્રહ એવો છે કે જાણે સઘળું સત્ય પ્રત્યક્ષ જ હોય. આવી પરિસ્થિતિમાં આપણે મહાવીર જયંતી ઉજવીને પણ તેમની વિજયપતાકા લહેરાવવાનો અધિકાર પામી શકતા નથી. તેમના વિભિન્ન રૂપોમાં એકતા પ્રગટાવી શકતા નથી. એ ત્યારે જ શક્ય છે કે જ્યારે આપણે મહાવીરને મહાવીરની દૃષ્ટિએ જ લોકોને જોવા દઈએ.

પૂજાને બદલે

મારે કહેવું જોઈએ કે ન કહેવું જોઈએ-આપણે લોકો પૂજા કરવાનું સારી રીતે જાણીએ છીએ, પરંતુ જેની પ્રશંસા કરી રહ્યા છીએ, જેની સ્તુતિ કરી રહ્યા છીએ તેની વાત સ્વીકારવાનું બહુ ઓછું જાણીએ છીએ અથવા તો નથી જાણતા. જો મહાવીરની પૂજાને બદલે તેમની આજ્ઞાને માથે ચઢાવી હોત, તેમની વાત સ્વીકારીને ચાલ્યા હોત, તેમના પગલે પગલે ચાલ્યા હોત તો શું આજે જૈન સમાજમાં મંદિરોને કારણે જે સંઘર્ષ ચાલી રહ્યો છે તે ક્યારેય ચાલ્યો હોત ખરો? ધર્મના ક્ષેત્રમાં આટલો મોટો સંઘર્ષ! મહાવીરથી આ તદ્દન વિપરીત છે. હું જાણું છું કે મહાવીર મુક્ત છે, તેમનામાં રાગ-દ્વેષ નથી પરંતુ મહાવીર આજે વિદ્યમાન હોત તો તેઓ આ સંઘર્ષો જોઈને સઘળું છોડીને હિમાલયની કોઈ ગુફામાં જઈ બેઠા હોત, એકાન્તવાસ કરી દીધો હોત. પોતાને કારણે આવા સંઘર્ષો થાય એવું તેમણે ક્યારેય ઈચ્છ્યું ના હોત. આજે ઉપાશ્રયો, ધર્મસ્થાનોને કારણે વિવાદ છે, નાની-નાની માન્યતાઓને કારણે પણ વિવાદ છે. આ વિવાદોમાં મહાવીરને શોધવાનો પ્રયત્ન કેટલો સાર્થક થશે?

ચર્ચની સામે એક માણસ ઘણા સમયથી ઊભો હતો. તે માણસ કાળો હતો. ત્યાં કોઈક અજાણી વ્યક્તિ આવી. તેણે ફરિયાદ કરી કે કેટલા સમયથી હું અહીં ઊભો છું, મને કોઈ અંદર જવા નથી દેતું. આવનાર વ્યક્તિ બોલી, તમે ઓળખો છો કે હું કોણ છું? હું ઈસુ છું. મને પણ અંદર નથી જવા દેતા. તમને અંદર નથી જવા દેતા તો તેમાં આશ્ચર્યની વાત શી છે?

❑ આચાર્ય મહાપ્રજ્ઞ

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ટ
(૧)	મહાવીર માર્ગ : 'ઈણ અવસર મત ચૂક'	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ભગવાન મહાવીરનું બુનિયાદી ચિંતન	ડૉ. જયકુમાર જલજ અનુ. ડૉ. શેખરચંદ્રજી જૈન	૫
(૩)	મહાવીર કથા શા માટે?	—	૧૨
(૪)	ઉપાધ્યાય યશોવિજયજી રચિત શ્રી વર્ધમાન સ્વામી જિન-સ્તવન	સુમનભાઈ એમ. શાહ	૧૩
(૫)	તીર્થંકર ભગવાન મહાવીર વિશે પુસ્તકો	ડૉ. કુમારપાળ દેસાઈ	૧૫
(૬)	લોક વિદ્યાલય વાળુકડ (પાલીતાણા) ચેક અર્પણ કાર્યક્રમ	મથુરાદાસ ટાંક	૨૨
(૭)	આજીવન સભ્યોનો પૂરક રકમ માટેનો અદ્‌ભુત પ્રતિસાદ	—	૨૪
(૮)	જયભિખ્ખુ જીવનધારા-૧૬	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૬
(૯)	શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૭	પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ	૨૯
(૧૦)	એક જંગમ તીર્થનો યાત્રા અનુભવ	પારુલબેન ભરતકુમાર ગાંધી	૩૨
(૧૧)	અબુધ કોણ?	જિતેન્દ્ર એ. શાહ	૩૩
(૧૨)	જૈન પારિભાષિક શબ્દકોશ	ડૉ. જિતેન્દ્ર બી. શાહ	૩૪
(૧૩)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૫
(૧૪)	પંથે પંથે પાથેય : હે રામ!	કન્ધી દવે	૩૬

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૩ ● માર્ચ ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૬ ● ચૈત્ર સુદ –તિથિ-૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

મહાવીર માર્ગ

‘ઈણ અવસર મત ચૂક’

સિધ્ધ તીર્થ શત્રુંજયની તળેટીમાં આ જાન્યુઆરી માસમાં પૂ. જૈનાચાર્યો, મુનિ ભગવંતો અને બૌદ્ધ ધર્મગુરુ પૂ. દલાઈલામા સાથે ધર્મ ચર્યા યોજાઈ ત્યારે ‘વિશ્વશાંતિ’ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે એના ઉત્તરમાં દલાઈ લામાએ કંઈક એવું કહ્યું કે મનઃશાંતિથી જ વિશ્વશાંતિ પ્રાપ્ત થઈ શકશે. મનઃશાંતિ આ યાત્રાનું પ્રથમ ચરણ છે.

ભગવાન મહાવીરે આ મનઃશાંતિનો માર્ગ આપણને ૨૬૦૦ વર્ષ પહેલાં દર્શાવી દીધો છે.

મહાવીરને તીર્થંકર તરીકે પૂજતા પહેલાં એમને એક માનવ તરીકે પહેલાં ઓળખીએ.

બુદ્ધનો ગૃહત્યાગ એમણે જીવનમાં જોયેલ વિષાદોમાંથી જન્મ્યો હતો, અને આ વિષાદના કારણો શોધવા એ નીકળી પડ્યા.

બન્ને રાજાના પુત્રો હતા. એકે મહાભિનિષ્ક્રમણ કર્યું. બીજાએ સમજી વિચારીને તેમ જ પરિવારની સંમતિથી સંસાર ત્યાગ કર્યો અને બાર વર્ષથી વધુ ભ્રમણ કરીને જીવનના સત્યોની પ્રાપ્તિ કરી અને જગત શાંતિ માટે એ સત્યો એમણે વિશ્વને ચરણે ધરી દીધાં.

મહાવીર તપસ્વી અને જ્ઞાની હતા એ આ સત્યાનુભૂતિને કારણે, પરંતુ સર્વ પ્રથમ તો મહાવીર પરમ તેજસ્વી અને બુદ્ધિશાળી માનવી હતા. માનવ અને જગત સ્વસ્થતા તેમજ શાંતિથી રહે એ એમનો પ્રથમ ધ્યેય હતો. મહાવીર આપણા પહેલાં સમાજશાસ્ત્રી અને પહેલાં સામ્યવાદી પણ. સામ્યવાદ અને સમાજવાદનો સિદ્ધાંત સૌ પ્રથમ મહાવીરે જગત સમક્ષ મૂક્યો. વર્ણ વ્યવસ્થાનો છેદ કર્યો અને સર્વ ધર્મ સમભાવ અને સર્વમત આદર માટે સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદનો ઉત્તમ અને અદ્વિતિય સિદ્ધાંત જગતને ચરણે ધર્યો.

સર્વ પ્રથમ એમણે ‘અપરિગ્રહ’નો સિદ્ધાંત જગતને આપ્યો. બધી અશાંતિનું મૂળ કારણ પરિગ્રહ છે. એક વખત ‘અપરિગ્રહ’નો આદર્શ જીવનમાં સ્થિર થાય પછી પાછળ અહિંસા, સત્ય, અને અચૌર્ય માત્ર ચાલ્યા આવે જ નહિ, વળગતા આવે. ‘મારી જરૂરિયાત ઉપરાંત વિશેષ મારે જોઈતું જ નથી તો પછી શું મેળવવા માટે હું કોઈની હિંસા કરું ? શા કાજે અસત્ય વદુ કે કોઈનું કાંઈ પડાવી લઉં ?’ આવા વિચારવાળી વ્યક્તિમાં શાંતિ આપોઆપ સમાધિસ્થ થઈ જાય; આ મનઃશાંતિ.

આ અંકના સૌજન્યદાતા :
ડૉ. માણેકલાલ એમ. સંગોઈ
સ્મૃતિ : પૂ. માતુશ્રી દેવકાબેન અને
પિતાશ્રી મગનલાલ હિરજી સંગોઈ

માત્ર અપરિગ્રહથી તો વ્યક્તિને પોતાની સ્વસ્થતાની પ્રાપ્તિ થઈ પણ સમાજ વ્યવસ્થાનું શું ? એટલે મહાવીરે કર્મ સિદ્ધાંત આપ્યો. પ્રત્યેક ચેતનાનો નિયામક કર્મવર્ગણા છે એમ કહી કર્મ નિર્જરા, કર્મ રજકણો, વગેરે કર્મ સિદ્ધાંતોનો વિશાળ પટ તે ૧૪ ગુણસ્થાનો સુધી વિસ્તારી આપણને આપી આ કર્મવાદને સૂક્ષ્મતાથી કાંત્યો અને કર્મશૂન્યતા સુધી યાત્રા કરાવી ‘જીવન મુક્ત’ કે ‘મોક્ષ’ના દર્શનનો માર્ગ દર્શાવ્યો. જેવું કરશો એવું ભોગવશો – આ જન્મમાં

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

નહિ તો પુનઃ જન્મમાં તો અવશ્ય એ ભોગવવું પડશે જ. આ 'ભય'થી સામાન્ય માણસ અવ્યવસ્થિત થતા અને શોષણખોર થતા બચ્યો અને સમાજ જીવનમાં સરળતા, શાંતિ અને શિસ્તના નિયમોની સ્થાપના થતી રહી એટલે 'મોક્ષ'ના માર્ગદર્શનની પહેલાં મહાવીરે સમાજ, માનવીય સંબંધો અને સંવેદનાને પ્રથમ પ્રાધાન્ય આપ્યું. મહાવીર આ રીતે સમાજશાસ્ત્રી ઉપરાંત મનોવિશ્લેષક પણ હતા.

આ અપરિગ્રહ એટલે જ મૂડીવાદનો અંત. કાર્લ માર્ક્સે જે આક્રોશથી કહ્યું એ જ મહાવીરે વરસો પહેલાં માનવ સમાજને શાંતિથી આગમવાણી દ્વારા સમજાવ્યું. જે સમાજનો માનવી અપરિગ્રહી હશે એ સમાજમાં શાંતિ અને મન સમૃદ્ધિ હશે. એ સમાજને ક્યારેય મંદીની અગ્નિમાં તપવું કે તડફડવું નહિ પડે. કોઈ પણ વ્યક્તિ ભૂખ્યું નહિ સૂએ. અપરિગ્રહથી વ્યક્તિની મનઃશાંતિ અનેકોની મનઃશાંતિની દિશા બની જશે.

પરંતુ વર્તમાનમાં તો આ મનઃશાંતિ માટે લગભગ દિશા જ બદલાઈ ગઈ છે. મંદિરો અને ધર્મસ્થાનકોમાં જ મનઃશાંતિ પ્રાપ્ત થાય એવી માન્યતા દૃઢ થતી ગઈ. યેન કેન પ્રકારે ધન સંચય કરી એ ધન સંચયથી આવા સ્થાનકોનું જ નિર્માણ કરવું અને એ ધન સંચયમાં પોતાની સલામતી શોધી, એ ધન સંચયથી અન્યના પરિશ્રમથી ઉત્પન્ન થતા ધનને ભોગવવું–વ્યાજ પ્રવૃત્તિ–અને પોતે પુરુષાર્થ વિહિન બની કહેવાતો સાધના માર્ગ સ્વીકારી મનઃશાંતિ શોધવા નીકળી પડવું એવી વર્તમાનમાં તો જાણે એક 'ફેશન' બની ગઈ છે. આવા નિવૃત્ત સાધકોની સંખ્યામાં આજે દિનપ્રતિદિન વધારો થતો જાય છે એ સારું તો છે જ , પરંતુ આત્મદર્શનની ઝંખના સાથે આત્મમંથન પણ એટલું જ જરૂરી છે. મંથન હશે તો જ સત્યનું નવનીત પ્રાપ્ત થશે.

વારે વારે કહેવામાં આવે કે, 'તમે કુટુંબ, સમાજ માટે ઘણું કર્યું, હવે બધું છોડો અને પોતાના આત્માનું વિચારો.' શું આ સત્ય છે ? મહાવીરે કહ્યું છે કે 'પરસ્પરોપગ્રહો જીવાનામ્'–જીવન એકમેકના આધાર ઉપર નિર્ભર છે. મહાવીરે કર્મ-પુરુષાર્થ વિહિન જીવનના વિચારો ક્યારેય નથી આપ્યા. જન્મથી જીવન અને મૃત્યુ સુધી માનવ પરસ્પર ઉપકારોથી જીવન જીવે છે, પ્રત્યેક પળે એ કોઈ ને કોઈનો ઋણી બનતો જાય છે. એટલે પળે પળ એને આ ઋણમુક્ત થવાનું છે અને એટલે જ આ પળેપળની ઋણમુક્તિ માટેનો પુરુષાર્થ અને કર્મ એજ સાચી આત્મસાધના છે, આત્મકલ્યાણ છે. આ કર્મમાં રહીને જ અકર્મભાવ પ્રાપ્ત કરતા કરતા જ ૧૪ ગુણસ્થાનને પામવાના છે, નિવૃત્તિમાં પ્રવૃત્તિમય રહેવાનું છે.

અહિંસા ગ્રામ

ઉપર જણાવેલ એવા ઘણાં નિવૃત્તિધામ-સાધનાધામ-મંદિરો, અને ઉપાશ્રયોના શુભ્ર આંદોલનોના અનુભવ પ્રાપ્ત કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે, પરંતુ હમણાં ૨૦મા જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે રતલામ જવાનું થયું ત્યારે એક અદ્‌ભુત 'સ્થળ'ના દર્શન કરવાનો લહાવો મળ્યો. મહાવીરના માર્ગની ચેતનાની ત્યાં અનુભૂતિ થઈ. પરંતુ આ કોઈ સાધના મઠ કે મંદિર ઉપાશ્રય ન હતા.

અહીં મહાવીર અને ગાંધી વિચારનું આ ગ્રામમાં વિસ્તરણ હતું.

રતલામના એક જૈન ઉદ્યોગપતિ અને 'ચેતના' અખબારના માલિક ચૈતન્ય કાશ્યપજીએ અહીં મહાવીર-ગાંધીના સામાજિક ઉત્થાનની દૃષ્ટિ અંતરમાં ભરી, અને 'ગરીબી સે મુક્તિ, વિકાસ કી યુક્તિ'ના વિચારને કેન્દ્રમાં રાખી અઢી એકરની જગ્યામાં એક અનોખા ગ્રામનું નિર્માણ કર્યું. – 'ગરીબી હટાવો'ના નારા તો આપણે બહુ સાંભળ્યા, એમાં ગરીબો હટ્યા અને નવા રાજકરણી અને શ્રીમંત ઉદ્યોગપતિ પેદા થયા.

આ અઢી એકરની વિશાળ જગ્યામાં એકસો બે ઓરડાવાળા નાના ઘરો છે. અહીં ૪૦ વિવિધ ધર્મોના ૪૫૦ ગરીબીની રેખા નીચેના લોકો એક સાથે સંપથી રહે છે. ૩૫ થી ૪૦ની વયના બે બાળકો હોય એવા કુટુંબને જ ધર્મ-જાતના ભેદભાવ વગર અહીં પ્રવેશ અપાય છે. આ બધાને નિઃશુલ્ક આવાસ અપાયા છે, પરંતુ એ કુટુંબ માટે આ કાયમી આવાસ નથી, રોજગારીમાં સ્થિર થાય, પોતાના પુરતું કમાતા થાય એટલે આ સજ્જ કુટુંબો સમાજ પ્રવાહમાં ભળી જાય છે અને એ કુટુંબના સ્થાને નવા ગરીબ કુટુંબને પ્રવેશ અપાય છે. અહીં ગરીબને આવકાર છે, ગરીબીને જાકારો છે, પુરુષાર્થની પૂજા છે અને સ્વમાનને સન્માન અપાય છે તેમ જ પ્રમાણિકતાની આરતી ઉતારાય છે. આ ગ્રામના પુરુષો રોજી કમાવવા શહેરમાં જાય ત્યારે તેમના મહિલા સભ્યોને ગ્રામ ઉદ્યોગ, જેવા કે શિવણ, અગરબત્તી, સાબુ વગેરે ગૃહ ઉદ્યોગ શિખવાડાય છે અને એ ચીજોનું વેચાણ પણ અહીં થાય છે. સવા કરોડના ખર્ચે નિર્માણ થયેલા આ અહિંસા ગ્રામનું સર્જન ૨૦૦૫માં થયું.

અન્ય ધર્મ સ્થાનોની જેમ આજે સમાજને આવા 'અહિંસા ગ્રામ'ની વિશેષ જરૂર છે, એના સર્જકને આવા નિર્માણથી અવશ્ય મનઃશાંતિ પ્રાપ્ત થઈ હશેજ, કારણ કે અમને જોનારને તો પ્રસન્નતા અને મનઃશાંતિનો અનેરો અનુભવ થયો જ.

આ મહાવીર માર્ગ છે. અહીં મહાવીર છે, અહીં ગાંધી વિચારની સુવાસ છે.

મહાવીર જન્મ કલ્યાણક દિવસે આપણે અપરિગ્રહ અને આવા જગતકલ્યાણના મહાવીર માર્ગને યાદ કરીએ તો મનઃશાંતિથી જગત શાંતિની યાત્રાનો માર્ગ આપોઆપ પ્રાપ્ત થઈ જાય.

મા શારદા સર્વે શક્તિમાનોને આ શુભ વિચારને આચારમાં પરિણમાવવાની શુભ બુદ્ધિ આપો અને આવાં ઘણાં 'અહિંસા ગ્રામો'નુ સર્જન થાવ.

❑ ધનવંત શાહ

• **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
• **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)

ભગવાન મહાવીરનું બુનિયાદી ચિંતન

❑ લેખક : ડૉ. જયકુમાર જલજ, અનુ. : ડૉ. શેખરચંદ્રજી જૈન

(ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મોત્સવ પ્રસંગે મધ્યપ્રદેશની રાજ્ય સમિતિએ 'ભગવાન મહાવીર કા બુનિયાદી ચિંતન' એ હિન્દી પુસ્તિકાનું પ્રકાશન કર્યું હતું. ભગવાન મહાવીરના ચિંતનના મર્મજ્ઞ અને વિખ્યાત સાહિત્યકાર, પ્રાધ્યાપક ડૉ. જયકુમાર જલજે આ પુસ્તિકાનું સર્જન કર્યું. આ પુસ્તિકાની અનેક આવૃત્તિઓ પ્રગટ થઈ તેમજ આ પુસ્તિકાનો અંગ્રેજી, ઉર્દુ, સિંધી, મરાઠી, કન્નડ અને ગુજરાતી ભાષામાં અનુવાદ થયો અને એ ભાષાની પણ ઘણી આવૃત્તિ થઈ. મૂળ પુસ્તિકા ૩૦ પાનાની છે, અહીં તો માત્ર થોડાં અંશો જ પ્રગટ કર્યા છે. ડૉ. જયકુમાર જલજ અને ડૉ. શેખરચંદ્રજીનો ઋણ સ્વીકાર કરીએ છીએ. —તંત્રી)

મહાવીરનો જન્મ ઈ. પૂ. ૫૯૯ (599 BCE) શનિવાર ૧૯ માર્ચ વર્ષમાં ચૈત્ર માસ, શુકલ પક્ષ, ત્રયોદશી તિથિ, મધ્યરાત્રિએ બિહાર પ્રાન્તના વૈશાલી પાસેના કુંડગ્રામમાં થયો. કુંડગ્રામ જ્ઞાતૃ ક્ષત્રિયોનું ગણરાજ્ય હતું. મહાવીરના પિતા રાજા સિદ્ધાર્થ તેના ગણ પ્રમુખ હતા અને માતા ત્રિશલા જેઓનું એક નામ પ્રિયકારિણી હતું તેઓ વૈશાલી ગણરાજ્યના લિચ્છવી વંશના મહામાન્ય રાષ્ટ્રાધ્યક્ષ ચેટકના બહેન કે પુત્રી હતા. પુત્રના ગર્ભમાં આવતાની સાથે જ રાજ્યમાં ધન-ધાન્યની વૃદ્ધિ થવા લાગી. માટે તેમના પિતાએ તેમનું નામ વર્ધમાન રાખ્યું. વળી નાનપણથી જ બુદ્ધિની નિર્મળતા અને અનેક વીરતાપૂર્ણ કાર્યોને કારણે વર્ધમાનને 'સન્મતિ' અને 'મહાવીર'થી સંબોધવા માંડ્યા.

મહાવીરને લોકતંત્ર અને ગણતંત્રની વિચારસરણી સંસ્કાર તો તેમના માતા-પિતા દ્વારા વારસામાં મળ્યા જ હતા પણ પોતે પણ તે પ્રમાણેના ગણરાજ્યોના ખુલ્લા અને ખીલેલા વાતાવરણમાં મોટા થયા હતા.

મહાવીરના જીવનમાં કોઈ રઘવાયાપણું નથી. તેમના જીવન સાથે સંકળાયેલી ઘટનાઓ પ્રમાણિત કરે છે કે તેમનું જીવન દોડધામ વાળું નહિ પણ વિચારવંત, શાંત, તટસ્થ અને વસ્તુને કોઈ પણ પૂર્વાગ્રહ વગર સમજવા માટે પ્રસ્તુત રહ્યું છે. ગ્રહણ કરવાની ભાવુક ઉતાવળ પણ નહિ અને છૂટી જવાનો કોઈ પશ્ચાતાપ પણ નહિ. જીવનમાં કોઈ નાટકપણું નહિ, કોઈ તમાશો નહિ. તેઓનું જીવન એક મેદાની નદીની જેમ શાંત વહેણ જેવું હતું.

માટે ત્રીસ વર્ષની ઉંમરે મહાવીરનું સંન્યાસ ગ્રહણ કોઈ અશ્રુભરેલી કે તાત્કાલિક ઘટનાનું પરિણામ નથી. બલ્કે તે ચિંતન-મનનની લાંબી પ્રક્રિયાનું પરિણામ રહ્યું હશે.

શ્વેતાંબર માન્યતા છે કે તેઓ પરણેલા હતા. જ્યારે દિગમ્બર માન્યતા છે કે તેઓએ લગ્ન કર્યા ન હતા. શ્વેતાંબર મતાનુસાર જ્યારે તેઓ ૨૭ વર્ષના હતા ત્યારે તેમના મા–બાપનું દેહાવસાન થયેલું. તેઓ હવે અપેક્ષાકૃત સ્વતંત્ર થયા. ભાઈ પાસેથી આજ્ઞા માંગી. તેમનો સંકોચ જોઈ રોકાઈ રહ્યા. દિગંબર મતાનુસાર છેવટે માતા-પિતા સહિત સહુની આજ્ઞા લઈ ઘરેથી નીકળી પડ્યા. સાડાબાર વર્ષ સુધી મૌન તપસ્યા કરતા રહ્યા અને માત્ર ચિંતન તથા ધ્યાનથી તેઓએ સત્યની પ્રાપ્તિ કરી. ૫૫૭ ઈ. પૂ. ૧૩ ઑક્ટોબર, બુધવાર, વૈશાખ શુક્લ ૧૦મીના દિવસે બિહાર પ્રદેશના જૃંભક ગામની ઋજુકૂલા નદીના કિનારે શાલવૃક્ષની નીચે આ ઘટના ઘટિત થઈ. ત્યાર પછી સૌ તેઓને સર્વજ્ઞ કહેવા લાગ્યા. જ્ઞાન અને ચિંતનના પગે યાત્રા કરવાને કારણે તેમના વિચારો અને નિષ્કર્ષોના પાયા ખૂબ જ મજબૂત, ઊંડા અને સર્વકાલિક છે.

મહાવીરની તપસ્યાએ તેમની સમક્ષ આ પાયાનું સત્ય પ્રકટ કર્યું કે પદાર્થ/વસ્તુ/દ્રવ્ય કે સત્ મહાન છે. માટે પછી તે જીવન હોય કે અજીવ તેઓની સાથે સન્માનની દૃષ્ટિથી જોવું જોઈએ. આ અદ્‌ભુત અનુભવની અસાધારણતા માત્ર આટલી વાતથી સમજી શકાય છે કે આને સમજવા માટે વિજ્ઞાનને લગભગ ૨૫૦૦ વર્ષનો સમય લાગ્યો. ૨૦મી શતાબ્દીમાં આઈન્સ્ટાઈનના માધ્યમથી આને સમજી શકાયું. આને સમજવા માટે રાજનીતિ શાસ્ત્રને લગભગ સવા બે હજાર વર્ષ સુધી પ્રતીક્ષા કરવી પડી. ફ્રાન્સની ક્રાંતિ વખતે જ તે સમજી શકાયું. જોકે આઈન્સ્ટાઈન મૂળભૂત રીતે માત્ર જડ પદાર્થોના સંદર્ભે ફ્રાન્સની ક્રાંતિ તેને માત્ર માનવીય સંદર્ભોમાં જ સમજી શક્યા. જ્યારે મહાવીરે આનો સાક્ષાત્કાર સંપૂર્ણ જડ-ચેતનના સંદર્ભે કર્યો. તેઓએ માત્ર માનવાધિકાર અથવા પ્રાણીઓના અધિકારની જ નહિ પણ સંપૂર્ણ જડ-ચેતનના અધિકારોની ચિંતા કરી.

શ્રમણ ભગવાન મહાવીરના પાંચ કલ્યાણકો

(૧) ચ્યવન કલ્યાણક	અષાઢ શુદિ ૬	બ્રાહ્મણકુંડગ્રામ નગર
(૨) જન્મ કલ્યાણક	ચૈત્ર શુદિ ૧૩	ક્ષત્રિયકુંડગ્રામ નગર
(૩) દીક્ષા કલ્યાણક	કાર્તિક વદિ ૧૦	ક્ષત્રિયકુંડગ્રામ નગર
(૪) કેવલજ્ઞાન કલ્યાણક	વૈશાખ શુદિ ૧૦	ઋજુવાલિકા નદીના કિનારે શાલવૃક્ષ
(૫) નિર્વાણ કલ્યાણક	આસો વદિ ૦))	પાવાપુરી

પોતાના પર્યાવરણ, જળ, જંગલ, જમીન વગેરેની રક્ષા માટે ચિંતિત વિશ્વને આ જાણીને સુખદ આશ્ચર્ય થશે કે મહાવીર આ બધાને નિર્જીવ નહિ-પણ સજીવ માને છે. મહાવીરની દૃષ્ટિમાં સંસારના પ્રાણીઓ બે પ્રકારના છે-ત્રસ

અથવા જંગમ અને સ્થાવર. શંખ, કીડી, ભ્રમર અને પશુ / માણસ અનુક્રમે બે, ત્રણ, ચાર અને પંચેન્દ્રિય ત્રસ જીવ છે.

સ્થાવર જીવોને પણ કષ્ટ આપવો, તેનો અપવ્યય કરવો, તેનો જરૂરીયાત વગર ઉપભોગ કરવો-મહાવીરની દૃષ્ટિમાં હિંસા છે. ધીરે ધીરે હવે વૈજ્ઞાનિક પ્રયોગ પણ આનો સ્વીકાર કરવા લાગ્યા છે કે આ સર્વેમાં જીવોની સ્થિતિનો સ્વીકાર કરવા બાબતે મહાવીરની દૃષ્ટિ ખોટી નથી.

મહાવીરની સર્વજ્ઞતાનો અર્થ એ છે કે તેઓ વસ્તુઓના પારસ્પરિક વ્યવહારના એવા માપદંડો નક્કી કરી શક્યા જેનાથી માનવીના વ્યક્તિત્વના વિકાસના દ્વાર ખુલે છે. આ જ્ઞાનથી તે અનેકાંત, સ્યાદ્‌વાદ, અહિંસા, અપરિગ્રહ વગેરે સત્યોને જોઈ-સમજી શક્યા અને આનાથી જ માનવીના આચરણમાં સહિષ્ણુતા અને પર-સમ્માનની ભાવનાને રેખાંકિત કરી શક્યા.

તેઓ દૃષ્ટિ સમ્પન્ન બન્યા હતા. દૃષ્ટિ સમ્પન્ન વ્યક્તિ ચારે બાજુ (સર્વ દિશા) જોઈ શકે છે. મહાવીર માટે સર્વ દિશામાં જોવાનું સંભવ બન્યું. આધુનિક યુગમાં આવી સર્વજ્ઞતાની આછી ઝલક આપણને મહાત્મા ગાંધીમાં જોવા મળે છે.

વસ્તુના અનેક ગુણધર્મો છે. જેમકે ચેતન વસ્તુ (જીવ-આત્મા)માં જ્ઞાન, દર્શન, સુખ વગેરે અચેતન વસ્તુમાં રૂપ, રસ, ગંધ વગેરે.

સંસારમાં રહેલી અનંત વસ્તુઓની સાપેક્ષતાને કારણે વસ્તુના અનંત અંત અર્થાત્ ધર્મના પક્ષ છે, જેમ કે એક વ્યક્તિ પિતાની અપેક્ષાએ પુત્ર છે તો પુત્રની અપેક્ષાએ તે પિતા પણ છે. જેને અમે પિતા કહી રહ્યા છીએ તે પોતાની બહેનની દૃષ્ટિએ ભાઈ છે. શું આપણે કહીશું કે બહેન દ્વારા કરવામાં આવેલ સંબોધન ભાઈ બરાબર નથી? વિરોધી દૃષ્ટિકોણથી વસ્તુમાં જે ધર્મ દેખાઈ રહ્યો છે તે પણ વસ્તુમાં જ રહેલો છે. વિવાદ વસ્તુમાં નથી, જોનારાની દૃષ્ટિમાં છે. આપણે આગ્રહપૂર્વક કેમ કહી શકીએ કે આપણને જે દેખાય છે તે જ સાચું છે! બીજાની દૃષ્ટિનો તિરસ્કાર અને પોતાની દૃષ્ટિનો અહંકાર વસ્તુ સ્વરૂપની ગેરસમજને કારણે જ આપણામાં ઉત્પન્ન થાય છે. માટે જ મહાવીર વિરોધી વિચારો તેમજ દૃષ્ટિ વિષે એક સહિષ્ણુતાપૂર્ણ હાંસિયા (પૂર્વાગ્રહ)ને છોડવાની અને અનેકાંત દૃષ્ટિની હિમાયત કરતા હતા. આ શોધને એટલી તો આધારભૂત માનવામાં આવી કે પરવર્તી કાળમાં મહાવીરનું સંપૂર્ણ ચિંતન અને દર્શન અનેકાંતવાદ નામે પ્રસિદ્ધ થયું.

વસ્તુ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે. અર્થાત તેમાં પ્રત્યેક ક્ષણે કાંઈક વૃદ્ધિ કે પ્રત્યેક ક્ષણે કમી થયા કરે છે. છતાં કાંઈક છે જે સ્થિર રહે છે. નવું પાણી આવવાથી અને જૂના પાણીનો નિકાલ થવાથી નદી ક્ષણ–ક્ષણે બદલાતી રહે છે. પણ આ પરિવર્તનના પ્રત્યેક ક્ષણમાં તે તેની તે જ રહે છે. ગંગા આજે પણ ગંગા જ છે.

વસ્તુ સ્વતંત્ર છે. તે પોતાના પરિણામી સ્વભાવને કારણે સ્વયં જરૂર બદલાય છે પરંતુ તેના પોતાના ક્ષેત્રાધિકારમાં કોઈની ડખલગીરી થઈ શકે નહિ.

વસ્તુ નાની હોય કે મોટી, જડ હોય કે ચેતન તે એટલી વિરાટ છે કે આપણે તેની સંપૂર્ણતાને એક સાથે (યુગવત) જોઈ પણ નથી શકતા. આઈસબર્ગ જળની સપાટીએ જેટલું દેખાય છે તેના કરતા વધુ વિશાળ હોય છે. તેનો અધિકાંશ ભાગ સપાટીની નીચે હોય છે. ફક્ત દૃશ્ય ભાગને જોઈને તેને ટક્કર મારવાવાળું જહાજ તેની સાથે અથડાઈને ખંડ ખંડ થઈ શકે છે. એ જ સ્થિતિ દરેક વસ્તુની છે. તે આઈસબર્ગની જેમ છે.

મહાવીરના ચિંતનના સંદર્ભે સ્યાદ્‌વાદ શબ્દનો પણ ખૂબ જ પ્રયોગ થાય છે. પણ, સ્યાદ્‌વાદ વસ્તુનું સ્વરૂપ નથી. તે અનેકાંતનો ભાષિત પ્રતિનિધિ છે. વિચારના ક્ષેત્રમાં જે અનેકાંત છે અભિવ્યક્તિ અને વાણીના ક્ષેત્રમાં તે સ્યાદ્‌વાદ છે. હકીકતે વસ્તુને આપણે જેટલી પણ જોઈ અને જાણી શકીએ છીએ, તેનું વર્ણન તેનાથી ઘણું ઓછું કરી શકીએ છીએ. અમારી ભાષા, અમારી દૃષ્ટિની સરખામણીમાં વધુ અસમર્થ છે. તે વસ્તુના વ્યક્તિત્વ (સ્વરૂપ)ને તેની સંપૂર્ણતામાં વ્યક્ત કરી શકતી નથી. તેને અપૂર્ણ અને અયથાર્થ રૂપે જ વ્યક્ત કરે છે. સ્થૂણા (ખંભા) શબ્દની વ્યુત્પત્તિ સ્થા (ઊભા રહેવું) ધાતુથી છે. એટલે જે ઊભો છે તે સ્થૂણા છે. ઘણા વખત પહેલા નિરુક્તકાર

શ્રમણ ભગવાન મહાવીરના ૨૭ ભવ

૧. ભવ નવસાર ગ્રામમુખી
૨. ભવ સૌધર્મ દેવલોકમાં દેવ
૩. ભવ મરીચિ રાજકુમાર
૪. ભવ પાંચમા બ્રહ્મલોકમાં દેવ
૫. ભવ કૌશિક બ્રાહ્મણ
૬. ભવ પુષ્પમિત્ર બ્રાહ્મણ
૭. ભવ સૌધર્મ દેવલોકમાં દેવ
૮. ભવ અગ્નિદ્યોત બ્રાહ્મણ
૯. ભવ ઈશાન દેવલોકમાં દેવ
૧૦. ભવ અગ્નિભૂતિ બ્રાહ્મણ
૧૧. ભવ સનત્‌કુમાર દેવલોકમાં દેવ
૧૨. ભવ ભારદ્વાજ બ્રાહ્મણ
૧૩. ભવ માહેન્દ્ર દેવલોકમાં દેવ
૧૪. ભવ સ્થાવર બ્રાહ્મણ
૧૫. ભવ બ્રહ્મદેવલોકમાં દેવ
૧૬. ભવ વિશ્વભૂતિ રાજકુમાર અને સંયમની આરાધના તેમજ નિયાણું
૧૭. ભવ શુક્રદેવલોકમાં દેવ
૧૮. ભવ ત્રિપૃષ્ઠ વાસુદેવ
૧૯. ભવ સાતમી નરક
૨૦. ભવ સિંહ
૨૧. ભવ ચોથી નરક
૨૨. ભવ વિમલ રાજકુમાર અને સંયમ ગ્રહણ
૨૩. ભવ પ્રિયમિત્ર ચક્રવર્તી અને ચારિત્ર ગ્રહણ
૨૪. ભવ મહાશુક્ર નામના દેવલોકમાં દેવ
૨૫. ભવ નંદન રાજકુમાર, ચારિત્ર ગ્રહણ અને તીર્થંકરનામ-કર્મનો નિકાચિત બંધ
૨૬. ભવ પ્રાણાત નામના દશમા દેવલોકમાં દેવ
૨૭. ભવ શ્રમણ ભગવાન મહાવીર

યાસ્કે તર્ક આપેલું કે જો થાંભલા ને ઊભા રહેવાને કારણે સ્થૂણા કહેવાય છે તો પછી તે ખાડામાં દાટેલો હોય તો દરશયા (ખાડામાં ખૂંપેલો) અને બળિયો ને સંભાળવાને કારણે સજ્જની (બળિયોને સંભાળનાર) પણ કહેવું જોઈએ.

મહાવીરની સ્યાદ્‌વાદ, અહિંસા, અપરિગ્રહ વગેરેની સમસ્ત અવધારણાઓ અનેકાંતના પાયા ઉપર ઊભી છે. વિચારોમાં જે અનેકાંત છે, વાણીમાં તે જ સ્યાદ્‌વાદ છે, આચારમાં અહિંસા છે અને સમાજ વ્યવસ્થામાં તે અપરિગ્રહ છે. મહાવીર અનેકાંત વડે જ વ્યક્તિ અને સમાજ માટે એક આકુળતારહિત, સમતાવાદી, શાંત અને નિષ્કપટ જીવન શોધવા માંગે છે. તેમની આ ચિંતા અને પીડા ફક્ત માણસો માટે જ નહિ પણ સમસ્ત જીવ-અજીવ માટે પણ છે. એક એવા યુગમાં જ્યારે માણસ-માણસ વચ્ચે સમાનતા વિષે વિચારવું પણ સંભવ ન હતું, ત્યારે મહાવીરે સમસ્ત પદાર્થોને સમાન રૂપે વિરાટ અને સ્વતંત્ર ઘોષિત કર્યા. તેઓએ પોતાની ઘોષણાને કાર્યરૂપે પ્રસ્તુત કરી પોતાના ચતુર્વિધ સંઘમાં તમામ વર્ગો અને વર્ણો–સ્ત્રી પુરુષ સહુનો સમભાવે સ્વીકાર કર્યો.

તેઓ કહે છે, વસ્તુ પોતે પોતાના વિકાસ અથવા હ્રાસનું મૂળ કારણ અથવા આધાર સામગ્રી અથવા ઉપાદાન છે. સહુને પોતાના પગે ચાલવાનું છે. કોઈ બીજા માટે ચાલી શકે નહિ. અર્થાત્ અમારો મદદકર્તા ગમે તેટલો મોટો કેમ ના હોય તે અમારા માટે ઉપાદાન બની શકતો નથી. સુત્રકૃતાંગમાં મહાવીરે કહ્યું છે-'सूरोदये पासति चक्खुणेव' સૂર્યના ઉદય થયા પછી પણ જોવું તો આંખને જ પડે છે.

ખલીલ જિબ્રાન પોતાની પ્રોફેટ કવિતામાં જાણે મહાવીરના વિચારોને જ વાચા આપતા કહે છે–'બાળકો અમારા થકી છે, અમારા માટે નથી' પણ આવું કેટલા મા-બાપ વિચારે છે! અધિકાંશ તો આમ જ ઈચ્છે અને પ્રયત્ન કરે છે કે તેઓના બાળકો તે પ્રમાણે જ કરે, તેવા જ બને જેની તેમને અપેક્ષા છે. તેઓ ફક્ત તેમના વડે બતાવેલા / બનાવેલા માર્ગ પર જ ચાલે.

આપણે બીજાની હિંસા નથી કરતા તો આ બીજા પર આપણી દયા નથી. દયા ભાવ કે કૃપા ભાવથી તો મહાવીરની યાત્રાનો પ્રારંભ થયો જ નથી. આ તો બીજાઓનો અધિકાર છે કે આપણે તેમના અધિકાર ક્ષેત્રમાં, પ્રવેશ ન કરીએ. આ અમારો અધિકાર છે કે તેઓ પણ અમારા અધિકાર ક્ષેત્રમાં પ્રવેશ ન કરે. આ પરસ્પરિક છે. તેમાં અહેસાન શાનો?

મહાવીરના વિચારોને પરવર્તી આચાર્યોએ સૂત્રબદ્ધ કર્યા છે-'परस्परोपग्रहोजीवनाम्' (તત્ત્વાર્થસૂત્ર ૫/૨૧) આ જ વિચાર 'જીવો અને જીવવા દો.' જેવા સરળ શબ્દોમાં પરિવર્તિત થઈ શતાબ્દીઓથી અમારા લોક જીવનનું એક જરૂરી અંગ બની ગયો છે. પ્રત્યેક યુદ્ધ પછી થાકેલી-હારેલી મનુષ્ય જાતિ પોતાની હારમાં જ નહિ પોતાના વિજયમાં પણ ક્ષત-વિક્ષત દેહ અને હાથમાં તૂટેલું પૈડું લઈ એની જ શરણમાં પહોંચે છે. સારું થાત કે આપણે સ્થાઈરૂપે સમજી શક્યા હોત કે સત્ય આપણા પોત-પોતાના પક્ષ કરતા વધુ મોટું હોય છે. મહાવીર માત્ર મુક્તિના જ નહિ પણ જીવનના પણ હિમાયતી હતા. તેમનું ચિંતન પ્રાણીમાત્રના જીવનને બચાવવા ચાહે છે.

બીજા માટે ઉપાદાનની ભૂમિકા અમોને પ્રદાન ન કરીને મહાવીર અમોને અહંકારથી બચાવે છે. પરંતુ બીજા માટે નિમિત્તની ભૂમિકા સોંપીને તેઓ અમોને તુચ્છતાના બોધથી પણ બચાવી લે છે. એક દૃષ્ટિએ અમો કશું જ નથી, પણ બીજી દૃષ્ટિએ કાંઈક કરીએ છીએ પણ ખરા.

જૈન મહામંત્ર ણમોકારમાં પાંચ પરમેષ્ઠિઓ પૈકી અરિહંતોને સિદ્ધો પહેલા નમન કરવામાં આવેલ છે. એ હકીકત છે કે સિદ્ધ સર્વે આઠ પ્રકારના કર્મો (ચાર ઘાતિ અને ચાર અઘાતિ)નો ક્ષય કરી ભાવ અને દ્રવ્ય બન્ને મોક્ષ પ્રાપ્ત કરી ચુક્યા છે. તેઓ અદેહ રૂપે મોક્ષમાં છે અને સંસારને માટે માત્ર પરોક્ષ પ્રેરણા અને અપ્રત્યક્ષ આદર્શ રૂપે જ નિમિત્ત છે. આનાથી ઉલ્ટું અરિહંતોના ચાર ઘાતિકર્મોનો જ ક્ષય થયો છે. તેઓનો ભાવમોક્ષ થઈ ગયો છે પણ હજી તેઓ સંસારમાં છે. એ નક્કી છે કે તેઓના બાકી રહેલા ચાર કર્મોનો ક્ષય થવો અને તેમને દ્રવ્ય મોક્ષની પ્રાપ્તિ થવી નક્કી છે, પણ વર્તમાનમાં તેમનું સ્થાન સિદ્ધો કરતા ઓછું છે પરન્તુ પ્રાણીઓના ઉદ્ધાર માટે તે પ્રત્યક્ષ નિમિત્ત છે અને સંસારમાં સશરીર વિહાર કરતા તેઓ પોતાની નિમિત્તની ભૂમિકાનો સીધે-સીધો નિર્વાહ કરી રહ્યા છે. માટે સંસારના હિતની દૃષ્ટિએ અપેક્ષાકૃત વધુ સક્રિય, પ્રભાવી અને પ્રત્યક્ષ નિમિત્તની ભૂમિકા દ્વારા સંબદ્ધ અરિહંતોને તેમના નાના પદ છતાં સિદ્ધોથી પહેલાં નમનનું વિધાન કરીને ણમોકાર મંત્ર એ આપણા લોકજીવનને એક સાચો અને અર્થગર્ભિત સંકેત આપ્યો છે.

પ્રભુ મહાવીરનો સાંસારિક પરિવાર

માતા–દેવાનંદા તથા ત્રિશલા (વિદેહદિન્ના)
પિતા–ઋષભદત્ત તથા સિદ્ધાર્થ (શ્રેયાંસ)
વડીલબંધુ-નંદિવર્ધન
બહેન-સુદર્શના
પત્ની–યશોદા
પુત્રી–પ્રિયદર્શના
દોહિત્રી–શેષવતી
કાકા–સુપાર્શ્વ
જમાઈ–જમાલી

મહાવીર પુસ્તકીય વ્યક્તિ નથી. તેઓ માત્ર તત્ત્વજ્ઞાનને મુક્તિ માટે પર્યાપ્ત માનતા નથી. તેઓએ ચિંતન, ધ્યાન અને સાધના વડે જ સત્યની ઉપલબ્ધિ કરી હતી, પુસ્તકો દ્વારા નહિ. આને કારણે જ તેમનું જ્ઞાન અનિવાર્યપણે જીવન સાથે જોડાયેલું છે. તેઓ માને છે કે જો જ્ઞાન સમ્યક છે તો તે જીવનમાં ઉતરે જ. જેમ પાણી પોતાની મેળે ઢાળ તરફ પ્રવાહિત થઈ જાય છે. સમ્યક્ જ્ઞાનીને ક્યાંય કાંઈ પૂછવું પડતું

નથી. તે પોતે જ પ્રમાણ બની જાય છે. નિર્મળ આત્મા સ્વયં પ્રમાણ હોય છે. આને કારણે જ મહાવીરનો ધર્મ સાધકનો ધર્મ છે. તે કોઈનું અનુસરણ નથી. સમ્યક્‌જ્ઞાની સત્યને જાણે છે. તે તેનું નિર્માણ કરતો નથી. આપણે અજ્ઞાની જણ એને નિર્મિત કરીએ છીએ. કહેવું જોઈએ તેને નિર્મિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. (કારણ કે નિર્મિત તો આપણે તેનું શું કરીશું ?) અને પછી તેના પક્ષે દલીલો કરીએ છીએ. માટે સહુ પોતપોતાના કથિત સત્યને લઈને ફરે છે. અને એક બીજાને વાદ-વિવાદ માટે લલકારીએ છીએ. સમ્યક્‌જ્ઞાનીઓમાં વાદવિવાદનો કોઈ મુદ્દો જ રહેતો નથી. કારણ કે ત્યાં સત્ય એક જ હોય છે. મહાવીરના સાચા અનુયાયી શ્રીમદ્‌ રાજચંદ્ર, કે જેમનો સાન્નિધ્ય અને સજીવ સંપર્ક મહાત્મા ગાંધીને થયો હતો, અને પોતાના વિચાર અને સંસ્કારો પર જેઓનું ઋણ તેઓ પોતાની આત્મકથા–'સત્યના પ્રયોગો'માં સ્વીકાર કરે છે–સાચું જ કહ્યું છે–'કરોડ જ્ઞાનીઓનો એક જ વિકલ્પ હોય છે જયારે કે એક અજ્ઞાનીના કરોડ વિકલ્પ હોય છે.'

એકલું જ્ઞાન એક મુખોટો છે તો માત્ર આચરણ પણ એક ધારણ કરેલ ચહેરો છે. અને આવો ચહેરો હંમેશાં દુ:ખનું કારણ હોય છે. માણસનું સૌથી મોટું દુ:ખ જ એ છે કે તે હંમેશાં એક બાહ્ય ઓઢેલા ચહેરામાં રહે છે. તે જે નથી તે દેખાવા માંગે છે. તેને હરહંમેશ આ તાણ રહે છે કે તે ક્યારેય પોતાના સાચા સ્વરૂપમાં ઓળખાઈ ન જાય. સમ્યક્‌ દર્શન, સમ્યક્‌ જ્ઞાન અને સમ્યક્‌ ચારિત્ર વગર આ બાહ્ય ઓઢેલા દેખાવથી મુક્તિ સંભવ નથી. પ્રથમ શતાબ્દિ પૂર્વના આચાર્ય ઉમાસ્વાતિએ દર્શન–જ્ઞાન અને ચારિત્રને એક સાથે એક જ વિશેષણ સમ્યક્‌ની સાથે જોડીને અને માર્ગને એક વચનમાં મૂકીને તેઓને મોક્ષનો માર્ગ કહ્યો છે. તેમનું આ કથન કે 'સમ્યક્‌દર્શન-જ્ઞાનચારિત્રાણિમોક્ષમાર્ગ:' આપણી દૃષ્ટિને આ ત્રણેના અભેદત્વ પર રાખે છે. આને જ રત્નત્રય કહેવામાં આવ્યું છે. વિઘટિત-વિભાજીત વ્યક્તિત્વને સમગ્રતા અને એકાગ્રતાની દિશા એમ આ અભેદત્વથી પ્રાપ્ત થાય છે.

મહાવીર ભાગ્યવાદી નથી. તેઓ આત્માની બહાર કોઈ ઈશ્વરીય સત્તામાં વિશ્વાસ કરતા નથી. તેઓ એ તો માને છે કે વસ્તુ પોતાના પરિણામી સ્વભાવે પોતે જ પરિવર્તિત થાય છે, પણ આ પ્રક્રિયામાં તે બીજાના નિમિત્તની ભૂમિકાને અને વસ્તુના પોતાના પ્રયત્નોને નિષ્ક્રીય માનતા નથી. પોતાનું ઉપાદાન સ્વયં હોવાથી વસ્તુની લગામ તેના પોતાના હાથમાં છે. બંધન અને મોક્ષ સ્વયં તેમાં રહેલા છે. તે તેમાંથી ગમે તેને પસંદ કરી શકે છે. કર્મ ફળીભૂત થાય છે. પણ જો આત્મા જાગૃત છે તો તે પળ આપ્યા વગર જ ખરી જશે.

તેઓ ઈચ્છે છે કે દયા પણ જ્ઞાનથી ઉત્પન્ન થાય. અજ્ઞાનથી જન્મેલી દયા બંધન મુક્તિમાં મદદરૂપ થતી નથી. દશવૈકાલિક સૂત્રમાં તેઓનું કથન છે – 'પઢમં નાણં તઓ દયા' – પહેલા જ્ઞાન પછી દયા.

જ્ઞાન પ્રાપ્તિ પછી અને ૫૨૭ ઈ. પૂ. બુધવાર, ૧૩ ઓક્ટોબર કાર્તિક કૃષ્ણ, અમાવસના દિવસે પાવાપુરમાં પોતાના નિર્વાણ થતા સુધી જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર ૨૯ વર્ષ, ૩ માસ અને ૨૪ દિવસ સુધી નિરંતર ભ્રમણ કરતા રહ્યા અને જન-જનની મુક્તિના નિમિત્ત બનતા રહ્યા. પોતાની જાતને જીતી લેવી, પોતાના રાગદ્વેષ પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યાને કારણે પૂર્વ તીર્થંકરોની માફક એમને જિન, એમના કહેલા શબ્દોને જિનવાણી અને જિનવાણીને પોતાની આસ્થા અને આચરણનો વિષય બનાવનારને, તે પછી ગમે તે વર્ગ / વર્ણ / જાતિના હોય, જૈન કહેવામાં આવ્યા.

તેઓની ધર્મસભા 'સમવસરણ' કહેવાતી. તેમાં સમસ્ત ધર્મ, વિચાર, ઉંમરના માણસોને જ નહિ પણ પશુ-પક્ષીઓને પણ આવવાની છૂટ હતી અને મુક્તિના સમ અવસર હતા. તે પોતે ક્ષત્રિય હતા. તેમના મુખ્ય ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ બ્રાહ્મણ હતા. તેઓએ પ્રતિષ્ઠિત પણ લોકવિમુખ થઈ રહેલ સંસ્કૃત

ભગવાન મહાવીરની સાડાબાર વર્ષના છદ્મસ્થકાળની ઉગ્ર તપસ્યા

તપનું નામ	કેટલી વાર	દિન સંખ્યા	પારણા
છમાસી	૧	૧૮૦	૧
પાંચ મહિના ઉપર પચ્ચીસ દિવસ	૧	૧૭૫	૧
ચોમાસી	૯	૧૦૮૦	૯
ત્રણ માસી	૨	૧૮૦	૨
અઢી માસી	૨	૧૫૦	૨
બે માસી	૬	૩૬૦	૬
માસ ક્ષમણ-(એક મહિનો)	૧૨	૩૬૦	૧૨
પાસ ક્ષમણ-(૧૫ દિવસના)	૭૨	૧૦૮૦	૭૨
પ્રતિમા-અઠ્ઠમ તપ	૧૨	૩૬	૧૨
છઠ્ઠ તપ	૨૨૯	૪૫૮	૨૨૮[૨]
ભદ્ર પ્રતિમા	૧	૨	૧
મહાભદ્ર પ્રતિમા	૧	૪	૧
સર્વતો ભદ્ર પ્રતિમા	૧	૧૦	૧
		૪૧૬૫	૩૫૦

૧. આ યંત્રમાં દિવસની સંખ્યા ૧ માસના ૩૦ દિવસના હિસાબથી લખવામાં આવી છે.

૨. છઠ્ઠ ૨૨૯ અને પારણા દિન ૨૨૮. આ રીતે એક દિવસ પારણામાં ઓછો થવાનું કારણ એ છે કે કેવલ-જ્ઞાનકલ્યાણક અવસરનો છઠ્ઠ છદ્મસ્થકાળમાં જાય છે. જ્યારે તેના પારણાનો દિવસ કેવલિપર્યાયમાં જાય છે. તેથી એક દિવસ ઓછો થાય છે.

ભાષાના સ્થાને જનભાષા પ્રાકૃતનો સ્વીકાર કર્યો. પ્રાકૃત નવા યુગની ભાષા જરૂર હતી પણ તે સંસ્કૃત, પાલિ જેવી પૂર્વવર્તી ભાષાઓમાંથી વિકસિત થઈ હતી. તે કારણે તેને બોલનારા પણ તેને સારી રીતે સમજી શકતા હતા. મહાવીરની માતૃભાષા માગધી પ્રાકૃત હતી છતાં પોતાના ઉપદેશો માટે તેમણે અર્ધમાગધી પ્રાકૃતને પસંદ કરી.

આ રીતે ભાષાના સંદર્ભે પણ મહાવીર પોતાના જનવાદી વિચારને કારણે એક વિશાળ ભૌગોલિક ભૂખંડના માણસો સાથે સંબોધન અને સંવાદ સ્થાપિત કરી શક્યા.

વસ્તુ સ્વરૂપની સાચી સમજણને કારણે મહાવીરની દૃષ્ટિ અને ચિંતનમાં 'હી' (આ જ) નહિ પણ 'ભી' (આ પણ)નો સમાવેશ થયો છે. તેઓ માનતા કે બીજાને માટે પણ હાસિયો (સ્થાન) / છોડવો જોઈએ. બીજા માટે સ્થાન છોડવું તે કાયરતા નથી પણ ઉચ્ચ પ્રકારની વીરતા છે. દેશની રક્ષા માટે સમ્યક્ રીતે જ્ઞાનપૂર્વક શત્રુનો વધ પણ હિંસા નથી. હિંસા તો ત્યારે થાય જ્યારે ઉન્માદ અને અહંકારને વશીભૂત થઈ કોઈના સુખ કે પ્રાણોનું હરણ કરવામાં આવે. ઉમાસ્વાતિએ મહાવીરના મંતવ્યને સ્પષ્ટ કર્યું છે-'प्रमत्तयोगात प्राणव्यपरोपणं हिंसा' (તત્ત્વાર્થસૂત્ર ૭/૧૩) વર્તમાન યુગમાં મહાત્મા ગાંધીને મહાવીરની દૃષ્ટિની બરાબર પકડ હતી.

ભૌતિક સ્વરૂપમાં હિંસા ભલે ન થાય, પણ જો મનમાં તેનો ભાવ આવ્યો હોય તો તેનો પણ કર્મબંધ થાય છે–પાપ લાગે છે. આ ભાવહિંસા છે. ભૌતિક રૂપે ઘટિત થતી હિંસા તે દ્રવ્ય હિંસા છે. જ્યાં ભાવ અને દ્રવ્ય બન્ને પ્રકારની હિંસા થતી હોય ત્યાં વધુ મોટા પાપનું બંધ થવું સ્વાભાવિક છે.

સંસારમાં વ્યાપ્ત સમસ્ત અસ્તિત્વને મહાવીરે છ દ્રવ્યોમાં વર્ગીકૃત કર્યું છે–જીવ (આત્મા), પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. જીવ દ્રવ્ય અનંત છે. પુદ્ગલ એના કરતાં વધુ અનંત છે. ધર્મ–અધર્મ અને આકાશ દ્રવ્ય એક–એક છે. કાળ દ્રવ્ય અસંખ્ય છે. આત્મા ચેતન છે. માટે જ મહાવીર તેને જીવ કહે છે. અન્ય સર્વે દ્રવ્ય અચેતન છે. પુદ્ગલ મૂર્ત છે. અન્ય બધા દ્રવ્યો અમૂર્ત છે. જીવ અને પુદ્ગલ ક્રિયાશીલ છે. બાકીના ચાર દ્રવ્યો નિષ્ક્રિય છે. ધર્મ–અધર્મ આકાશ અને કાલ અનુક્રમે ગતિ, સ્થિતિ, અવગાહન અને પરિણમન અર્થાત્ રૂપાંતર સાથે જોડાયેલા છે. જૈન ગ્રંથોમાં (આગમમાં) તે વર્તમાનના પ્રચલિત અર્થમાં પ્રયુક્ત નથી. રૂપ / વર્ણ, રસ, ગંધ શબ્દ અને સ્પર્શથી યુક્ત જે કાંઈ પણ આપણને દેખાય છે તે સઘળું પુદ્ગલ છે. ચેતન આત્માથી તેનો સંબંધ વિચ્છેદ થતા જ તેનું અચેતનત્વ અને પુદ્ગલત્વ તરત જ સ્પષ્ટ થઈ જાય છે. માટે જ મહાવીરે જીવ (આત્મા)ને દેહથી ભિન્ન અને પૃથક માનવાના દૃઢ વિશ્વાસને સમ્યક દર્શનની એક વિશિષ્ટ અનિવાર્યતા માની છે.

આત્મા કર્મને કારણે જ પુનર્જનમ, સ્વર્ગ, નર્ક, મનુષ્ય પર્યાય, પશુ પર્યાયો વગેરે પ્રાપ્ત કરે છે. છતાં કર્મજાળમાં ફસાવવું કે ન ફસાવવું, ફસાઈ ગયા પછી તેને કાપીને તેમાંથી બહાર નીકળવું તે આત્માના હાથની વાત છે. એટલે જ કહેવાય છે કે કર્મોની ગતિ ગમે તેટલી ન્યારી હોય પણ પુરુષાર્થ સામે તેનું કશું જ ઉપજતું નથી. આત્મા પોતપોતાનો આત્મનિયંતા છે. એનાથી ઈતર, તેનાથી બહાર કોઈ તેનો નિયંતા નથી. સૃષ્ટિના કોઈ તથાકથિત નિયંતા અને તેની કૃપા-અકૃપા, જન્મ અને જાતિના નફા-નુકશાન પર મહાવીર વિશ્વાસ કરતા નથી. છતાં આટલું તો છે જ કે જ્યાં સુધી આત્મા કર્મની જાળમાં છે ત્યાં સુધી આ જાળ તેની નિયામક છે. કર્મબંધનની આ રમતને સમજાવવા માટે મહાવીરે આત્માને બે શરીરોથી ઘેરાએલો માન્યો છે.

(૧) સ્થૂલ શરીર, જે માતાના ઉદરથી પ્રાપ્ત થાય છે. આ જીવન કાળનો સાથી છે. જેનું મૃત્યુ થતાં જ જલાવીને કે દફનાવીને નાશ કરવામાં આવે છે. મનુષ્ય તથા પશુ પર્યાયમાં આની સંજ્ઞા ઔદારિક તથા દેવ અને નારકીય પર્યાયોમાં એક જીવનમાં પણ વિક્રિયા એટલે કે પરિવર્તનશીલતાથી ક્ષમતાને લીધે વૈક્રિયિક છે.

(૨) અદૃષ્ય સૂક્ષ્મ શરીર જન્મ જન્માંતરના કર્મોના જમા-ઉધારનું પરિણામ છે. ચારગતિ, ચૌરાસી લાખ યોનિમાં આ આત્મા તેનો ભાર ઉપાડતો રહ્યો છે. આ જ તેનું મૂળ કારાગાર (જેલ) છે. આ

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો પરિવાર

(૧) ઈન્દ્રભૂતિ વગેરે ૧૧ ગણધરો
(૨) ઈન્દ્રભૂતિ વગેરે ચૌદ હજાર સાધુઓ
(૩) ચંદનબાળા વગેરે છત્રીશ હજાર સાધ્વીઓ
(૪) શંખ-શતક વગેરે એક લાખ ઓગણસાઠ હજાર શ્રાવકો
(૫) સુલસા રેવતી વગેરે ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાઓ
(૬) સાડાત્રણસો ચૌદપૂર્વધર સાધુઓ
(૭) તેરસો અવધિજ્ઞાની સાધુઓ
(૮) સાતસો કેવલજ્ઞાની સાધુઓ
(૯) ચૌદસો કેવલજ્ઞાની સાધ્વીઓ
(૧૦) સાતસો વૈક્રિયલબ્ધિધારી સાધુઓ
(૧૧) પાંચસો વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની સાધુઓ
(૧૨) ચારસો વાદલબ્ધિમાં નિપુણ-વાદી સાધુઓ
(૧૩) સાતસો તેજ ભવમાં મુક્તિગામી સાધુઓ
(૧૪) ચૌદસો તેજ ભવમાં મુક્તિગામી સાધ્વીઓ
(૧૫) આઠસો અનુત્તર વિમાનમાં એકાવતારી તરીકે ઉત્પન્ન થનારા સાધુઓ

કાર્માણ શરીર છે. આપણા મન, વચન કાયાના આચરણથી પુદ્‌ગલની વિભિન્ન વર્ગણાઓ (સંસારમાં વ્યાપ્ત અનંત પરમાણુ સમૂહ) દરરોજ સતત આત્મા તરફ ખેંચાતી આવે છે. તે આપણા કષાયોના નિમિત્ત / સંયોગ પામીને આત્માને ઢાંકી દે છે–જેમ ક્રીમ લગાવેલ ચહેરા ઉપર ધૂળ કે ધૂમાડાનું પડ જામી જાય છે અથવા ભીના દડા પર ધૂળ ચોંટી જાય છે. 'सकषाय त्वाज्जीवः कर्मणो योग्यान् पुद्‌गलानादत्ते सः बन्धः' (तत्त्वार्थसूत्र ૮/૨) વર્ગણાઓ/કર્માણુઓનું આત્મા તરફ આકર્ષાઈને આવવું તે કર્મનો આસ્રવ અને આત્મા સાથે તેનું દૂધ-પાણીની જેમ એકાકાર થઈ જવું તે તેનો બંધ છે. આ બંધનું પુંજીભૂત રૂપ તે જ કાર્માણ શરીર છે.

ઉપર વર્ણવેલ બન્ને શરીર જડ છે, જ્યારે આત્મા ચેતન છે. પોતાની મુક્તિ અને નિર્મળતા હેતુ આત્માને કાર્માણ શરીરથી મુક્તિ પામવી જરૂરી છે. સમય સાથે કર્મ પરિપક્વ બને છે. તે તેમનો પરિપક્વ કે ઉદય કે ફળ છે, તે ફળીને નષ્ટ થઈ જાય છે. પણ તેના ફળને આપણે જે રીતે ભોગવીએ છીએ, જે માનસિકતાથી તેનું ગ્રહણ કરીએ છીએ તેનાથી નવા કર્મોનું અર્જન થાય છે અને તે આપણા સંચિત કર્મ સાથે ઉમેરાઈ જાય છે. કર્મનો ભોગ અને ભોગનો કર્મ આ વિષચક્ર ત્યાં સુધી ચાલ્યા જ કરે છે જ્યાં સુધી આપણે તેના સંતુલન બિન્દુને પ્રાપ્ત કરી લેતા નથી. જ્યાં નવીન કર્મ બંધન રોકાઈ જાય અને પૂર્વ સંચિત કર્મ અથવા જૂના કર્મો તપ અર્થાત્ ઈચ્છા નિરોધ દ્વારા નાશ પામે. આ ક્રમશઃ કર્મની સંવર અને કર્મની નિર્જરા છે. ક્રોધ-માન-માયા-લોભ વગેરેની પકડથી બચવાનો સહજ સ્વભાવ આત્મા ઉપરની કર્મબંધની પકડને શિથિલ કરે છે. પણ જો આની જ કોઈ ગ્રંથિ, તેનો જ કોઈ સચેત ભાવ આપણા અંતરમાં વિકસિત થવા લાગે છે તો તેના કારણે નવીન કર્મને આસ્રવ / આગમન થાય છે. અહંકાર ન હોવો તે સારી વાત છે. પણ આવા લોકોની કમી નથી જેઓને આ વાતનો જ અહંકાર છે કે તેઓને કોઈ પણ વાતનો અહંકાર નથી. એટલા માટે જ પુણ્યની ઈચ્છાને અપનાવવાનું સમર્થન મહાવીર કરતા નથી. પુણ્યની ઈચ્છા કરવી તે સંસારની ઈચ્છા કરવી છે. પુણ્ય સુગતિનું કારણ છે, મોક્ષનું નહિ. મોક્ષ માટે તો પુણ્યથીયે ઉપર ઉઠવું પડે છે.

પુણ્ય ભલે સોનાની સાંકળ હોય પણ છે તે બંધન જ (સાંકળ). તેને ગળે લગાવશો તો તે બાંધશે જ. વીતરાગતા અને રાગ-દ્વેષ બન્ને આત્મામાં ઉછરે છે. પણ રાગ-દ્વેષ પર નિર્ભર છે. તેને આત્માથી ઈતર બાહ્યની અપેક્ષા હોય છે. પરપદાર્થ જ તેને ઉકસાવે છે. તેનું નિયમન રિમોટથી થાય છે. માટે મુક્તિગામીએ વીતદ્વેષી અને વીતરાગી પણ થવું પડે છે. આથી વિરૂદ્ધ વીતરાગતા આત્મનિર્ભર છે. તેને આત્માથી ઈતર અન્ય કોઈ બાહ્યની અપેક્ષા નથી હોતી. તેના મૂળ ક્યાંય બહાર હોતા નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર, શ્રદ્ધા, સુખ વગરે ગુણોનો ભંડાર, આત્મા, વીતરાગતાને લીધે જ મૂળ ચળકાટ પ્રાપ્ત કરે છે, જેમ દર્પણ ઉપર જામેલી ધૂળને સાફ કરવામાં આવે. આ આત્માને, વસ્તુને પોતાના મૂળ સ્વભાવમાં પરત થવું છે અને વસ્તુનો સ્વભાવ તે જ તેનો ધર્મ છે. આ જ પોતાના ઘેર પાછું ફરવું છે.

કાર્માણ શરીરથી મુક્ત બની આત્મ સ્વભાવમાં પોતાની નિર્મળતાથી પાછી ફરેલ આત્મની શક્તિ પર મહાવીરનો અતૂટ વિશ્વાસ છે.

આત્માની શક્તિનો

શ્રમણ ભગવાન મહાવીરના ઉપાસક રાજા–મહારાજાઓ

(૧) રાજગૃહીના રાજા શ્રેણિક (અપરનામ ભંભસાર અથવા બિંબિસાર)
(૨) ચંપાનગરીના રાજા અશોકચંદ્ર (અથવા કોણિક)
(૩) વૈશાલીના રાજા ચેટક
(૪) કાશી દેશના રાજા નવ મલ્લકી જાતિના ગણતંત્ર રાજવીઓ
(૫) કૌશલ દેશના નવ લચ્છવી જાતિના ગણતંત્ર રાજવીઓ
(૬) અમલકલ્પા નગરીના શ્વેત રાજા
(૭) વીતભય પત્તનના ઉદાયન રાજા
(૮) કૌશાંબીના શતાનીક રાજા તથા ઉદાયનવત્સ
(૯) ક્ષત્રિયકુંડના નંદિવર્ધન રાજા
(૧૦) ઉજ્જયિનીના ચંડપ્રદ્યોત રાજા
(૧૧) હિમાલય પર્તવની ઉત્તર તરફ પૃષ્ઠ ચંપાના શાલ અને મહાશાલ
(૧૨) પોલાસપુરના વિજય રાજા
(૧૩) પોતનપુરના પ્રસન્નચંદ્ર રાજા
(૧૪) હસ્તિશીર્ષ નગરના અદીનશત્રુ રાજા
(૧૫) ઋષભપુરના ધનાવહ રાજા
(૧૬) વીરપુર નગરના વીરકૃષ્ણમિત્ર રાજા
(૧૭) વિજયપુરના વાસવદત્ત રાજા
(૧૮) સૌગંધિક નગરના અપ્રતિહત રાજા
(૧૯) કનકપુરના પ્રિયચંદ્ર રાજા
(૨૦) મહાપુરના બલરાજા
(૨૧) ચંપાનગરીના દત્તરાજા
(૨૨) સાકેતપુરના મિત્રંદી રાજા

આ પ્રમાણે બીજા પણ અનેક રાજા, મહારાજાઓ, મંત્રીશ્વરો, ક્રોડાધિપતિ-લક્ષાધિપતિ સંખ્યાબંધ શ્રીમંતો ભગવાન મહાવીરના પરમ ઉપાસક હતા.

અહેસાસ અને દેહ સાથેની તેની પૃથકતાનો ગહન બોધ રળતા / સહજતાથી થતો નથી. તેના માટે જીવ (આત્મા), અજીવ (પુદ્‌ગલ), આસ્રવ, બંધ, પાપ-પુણ્ય, સંવર, નિર્જરા, મોક્ષ જેવા તત્ત્વોને હદયંગમ કરવા અને દેવ (અરિહંત સિદ્ધ), શાસ્ત્ર (આગમ), ગુરુ (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)નું નિમિત્ત, પ્રાપ્ત કરવું પડે છે. દેહ કેન્દ્રિત દૃષ્ટિ આગળની યાત્રા કેમ કરશે ? દેહ તો એક ભવ માટે મળે છે. જ્યારે આત્માને તો સાધારણ રીતે અસંખ્ય ભવોની ચડતી-પડતીમાંથી પસાર થવું પડે છે. સ્વયં મહાવીરનો આત્મા પણ અનેક જન્મોમાંથી પસાર થઈ મહાવીર બન્યો હતો.

મહાવીરનો વિશ્વાસ અનેકાત્મવાદમાં છે. આત્માઓ અનંત અને સ્વતન્ત્ર છે. તે કોઈ અંશીનો અંશ પણ નથી. આત્મા કીડીની હોય કે હાથીની–સમાન હોય છે. જે રીતે પ્રકાશ પોતાના આચ્છાદનની અનુરૂપતામાં સંકુચિત અને વિસ્તૃત થાય છે તે જ રીતે આત્મા શરીરના પરિમાણમાં સમાએલી હોય છે. એટલે કે આત્માઓમાં પરિમાણનું અંતર હોઈ શકે છે–પ્રમાણ (તત્ત્વ)નું નહિ. આત્માનો પુદ્‌ગલ (શરીર)થી સંયોગ થવો જીવન છે. પણ આ જ સંયોગ આત્માનું કર્મબન્ધ સાથે જોડાવાનું પ્રમાણ પણ છે. કર્મબન્ધથી મુક્ત થએલ આત્મા જન્મ-મરણથી મુક્ત થઈ જાય છે. તે આ અમૂર્ત રૂપમાં હોય છે. તે કશામાં વિલીન થતો નથી. આ એનો મોક્ષ છે. આ જ નિર્વાણ છે.

વિષય-કષાય જન્ય કાર્માણ શરીરથી મુક્તિના લક્ષ્ય તરફ આત્માની પ્રગતિને જૈન શાસ્ત્રોએ ૧૪ ગુણ સ્થાનો (જો કે અંતિમ ૧૧ ગુણ સ્થાન જ તેના વિકાસકાળના પગથિયાં છે. પહેલા ત્રણ અવિકાસ કાળના છે.) બે પરોક્ષ જ્ઞાન (ઈન્દ્રિય અને મનની સહાયતાથી ઉત્પન્ન મતિ અને શ્રુત) અને ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન (જ્ઞાન સ્વભાવી આત્મામાં સીધેસીધા ઉત્પન્ન અવધિ, મનઃપર્યાય અને કેવળ)ની પ્રાપ્તિ અને શ્રાવકના સંદર્ભે ૧૧ પ્રતિમાઓના માધ્યમથી સમજાવવામાં આવ્યા છે. કોટિ ક્રમતાને છેવટે તો ભેદ-પ્રભેદ અને ગણતરી વડે જ સમજાવી શકાશે ! પણ લક્ષ્ય તરફ પ્રગતિ કરતો આત્મા માઈલના આ પત્થરોની ગણતરી કરતો નથી. આ એક એવી યાત્રા છે જેમાં લક્ષ્યની પ્રાપ્તિ પૂર્વે પાછા વળવાનો ખતરો હંમેશાં રહે છે. આપણે તે મુકામથી પણ પાછા ફરી શકીએ છીએ જેના કારણે કોઈ જન્મમાં તે યાત્રાએ નીકળ્યા હતા.

મહાવીરના પૂર્વજન્મોના વર્ણન એ સંકેત કરે છે કે સાધના અને વીતરાગતા કોઈ પણ આત્માને મહાવીર બનાવી શકે છે. કોઈ પૂર્વ ભવમાં સિંહ પર્યાયમાં જન્મ લેનાર આત્મા પણ મહાવીરતાને પ્રાપ્ત કરી શકે છે અને પ્રાણિમાત્રના ઉદ્ધાર માટે નિમિત્ત બનીને જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત બની શકે છે.

કર્મબંધની જકડમાંથી મુક્ત થવા માટે સમ્યગ્‌દર્શન, જ્ઞાન, ચારિત્રપૂર્વક ઉપાદાન અને નિમિત્તની ભૂમિકાના નિર્વાહ માટે મહાવીરની વીરતાનો માર્ગ અઘરો જરૂર છે પણ જો એક વખત તે પગોની પકડમાં આવી જાય તો તેની સરળતાનો જવાબ નથી.

ભગવાન મહાવીર આપણને પૂર્વગ્રહ, જડતા અને રૂઢિથી બચાવવા માંગે છે.

મહાવીર દરેક પ્રકારના ભેદભાવ, આડંબર અને કર્મકાંડનો વિરોધ કરે છે. તેમનો પ્રયત્ન રહ્યો છે કે માણસ જરૂરી ને બિનજરૂરીમાં ભેદ કરવાનું શીખે.

ભાગ્યવાદ, હારફૂલ, સ્વાગત દ્વાર, ચરણસ્પર્શ, ભવિષ્યકથન, આશીર્વાદ ગુલામી અને બાહ્ય દેખાવના એક નવા કર્મકાંડે વિશ્વ પર પોતાની પકડ મજબુત બનાવી છે.

દરેક પદાર્થ પોતપોતાનો ભાગ્યવિધાતા છે. બીજી બાજુ નિમિત્ત પ્રત્યેની કૃતજ્ઞતાને એક નકામી વસ્તુ માનવામાં આવી રહી છે. જ્યાં સંસારનાં સમસ્ત અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ પ્રત્યે પ્રણામ પ્રસ્તુત કરનારી, કૃતજ્ઞ અભિવ્યક્તિ એક શિરોધાર્ય મંત્ર બની ગઈ છે. અને ક્રોધ, ઈર્ષ્યા, મિથ્યા આગ્રહને જ નહીં અકૃતજ્ઞતા ને પણ માનવીય ગુણોનું નાશક માન્યું છે. (સ્થાનાંગ સૂત્ર ૪-૪) ત્યાં જ આજે તો એમાં હોંશિયારી માનવામાં આવે છે કે જે પગથિયાનું નિમિત્ત પામીને ઉપર ચઢ્યા છીએ સૌથી પહેલા એને જ તોડવાનો પ્રયત્ન કરો. નિમિત્તનું નામ પણ ન લો અન્યથા તમારી સફળતાનો થોડોક શ્રેય તેને પણ મળી જશે.

* * *

૩૦ ઈન્દિરા નગર, રતલામ,
પીન–૪૫૭૦૦૧.
ફોનઃ (07412) 504208.
Email:jaykumarjalaj@yahoo.com

શ્રમણ ભગવાન મહાવીરના ચાતુર્માસ

૧	ચોમાસું	અસ્થિક ગ્રામમાં
૩	ચોમાસા	ચંપા અને પૃષ્ઠચંપામાં
૧૨	ચોમાસા	વૈશાલી અને વાણિજ્ય ગ્રામમાં
૧૪	ચોમાસા	રાજગૃહ નગરના નાલંદા પાડામાં
૬	ચોમાસા	મિથિલામાં
૨	ચોમાસા	ભદ્રિકામાં
૧	ચોમાસું	આલંભિકામાં
૧	ચોમાસું	શ્રાવસ્તીમાં
૧	ચોમાસું	અનાર્ય ભૂમિમાં
૧	ચોમાસું	પાવાપુરીમાં
૪૨		

મહાવીર કથા શા માટે ?

ભગવાન મહાવીરના જીવનની મહત્ત્વની ઘટનાઓ અંગે આપણે પરિચિત છીએ, પરંતુ મુખ્યત્વે એમના જીવનની જાણીતી ઘટનાઓ દ્વારા જ એમને જોવાનો–પામવાનો પ્રયત્ન કર્યો છે. ચંદનબાળાની ઘટના સહુ કોઈ જાણે છે, પરંતુ કટપૂતનાની ઘટનાથી ઘણા અજાણ છે. સંગમદેવે ભગવાન મહાવીરને કરેલાં ઉપસર્ગો વિશે જાણકારી ધરાવનાર મળે, પરંતુ અચ્છંદક કે આજિવક સંપ્રદાય વિશે બહુ ઓછી જાણકારી જોવા મળે છે.

હંમેશાં એવું બનતું આવ્યું છે કે કેટલાક પ્રચલિત પ્રસંગો સમાજમાં ગીત-સંગીત, સ્તવન કે કથારૂપે ખૂબ જાણીતા બનતા હોય છે અને કેટલાક પ્રસંગો એ સમગ્ર જીવનની અગત્યની કડી હોવા છતાં અજ્ઞાત રહેતા હોય છે. કોઈપણ ચરિત્રને જોઈએ તો એને સંપૂર્ણતયા જોવા માટે જાણીતા અને ઓછા જાણીતા એવા તમામ પ્રસંગોને અખિલાઈપૂર્વક જોવા જોઈએ અને તેના પ્રયાસરૂપે આ **મહાવીર કથા**નું આયોજન કર્યું છે.

ભગવાન મહાવીર મહાન ક્રાંતિકારી હતા, એ વિગત પર પૂરતો પ્રકાશ પડ્યો નથી. એમણે ક્રૂરતા, ધર્માંધતા અને ઈજારાશાહીના આધિપત્યને દૂર કર્યું. નારીસન્માન અને માનવગૌરવની વિચારધારા વહેવડાવી. જાતિ, કુળ કે વર્ણને બદલે વ્યક્તિની એના ગુણ, કાર્ય અને પરિશ્રમથી પહેચાન આપી. પુરુષાર્થનો પ્રભાવ પ્રગટ કર્યો. અશ્વમેધ અને નરમેધ સામે ઝુંબેશ ઊઠાવી અને તેને સર્વથા નષ્ટ કર્યા હતા. કોઈપણ રૂપમાં હિંસાને ત્યજવાનો ઉપદેશ આપ્યો.

આ રીતે બદ્ધમાન બની ગયેલા વિશ્વમાં વર્ધમાને ક્રાંતિકારી પરિવર્તનો કર્યા. ભગવાન મહાવીરના ચરિત્રને સમજવા માટે આ ક્રાંતિકારી પરિવર્તનોની છબી નીરખવી અનિવાર્ય છે. માત્ર ત્યાગ અને વૈરાગ્ય જ નહીં, પરંતુ એમણે કરેલો સમગ્ર સૃષ્ટિનો વિચાર આમાં ધબકે છે અને તેથી આ **મહાવીર કથા**નો એક ઉદ્દેશ ભગવાન મહાવીરે કરેલી સામાજિક, આર્થિક અને રાજકીય ક્રાંતિના પ્રભાવને દર્શાવવાનો છે.

ધર્મની દૃષ્ટિએ જોઈએ તો ભગવાન મહાવીરે આત્મા એજ પરમાત્માના સિદ્ધાંતની ઘોષણા કરીને ઈશ્વરની અધીનતા ઘટાડી, જગતના સર્વ મતોને સાપેક્ષ સત્યવાળા ઠરાવ્યા. અનેકાંતદૃષ્ટિથી જગતને જોવાનું કહ્યું. આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંત, વાણીમાં સ્યાદ્‌વાદ અને સમાજમાં અપરિગ્રહનો ઉપદેશ આપ્યો. એ ધાર્મિક ક્રાંતિને આવરી લેવાનો આ **મહાવીર કથા**નો ઉદ્દેશ છે.

ભાવના અને ક્રિયાને જોડવાનો ભગવાન મહાવીરે ઉત્કૃષ્ટ પ્રયાસ કર્યો, જેમાં મનની શક્તિને માટે પચ્ચખ્ખાણ, ધ્યાનની ઉચ્ચ ભૂમિકા માટે કાઉસગ્ગ, આંતરદોષોની ઓળખ માટે પ્રતિક્રમણ, આંતરશુદ્ધિ માટે પર્યુષણ અને વીરતાના સર્વોચ્ચ આદર્શ સમી ક્ષમાપના જેવી ભાવનાઓને પ્રબોધી. જીવનની પ્રયોગભૂમિ પર આ ઉન્નત ભાવનાઓને ક્રિયાશીલ બનાવવાનો પ્રયત્નો કર્યો. આ ભાવ અને ક્રિયાનો સેતુ દર્શાવવાનો આ મહાવીર કથાનો આશય છે.

ભગવાન મહાવીરનું જીવન એક સત્યશોધકની અધ્યાત્મ-યાત્રા છે, તો એમાં બનતી ઘટનાઓ આધ્યાત્મિક રહસ્ય ધરાવે છે. એમની સાધનાની ભૂમિકાને જોવાનું સહુને મન થાય. પ્રસંગની સપાટી ભેદીને એની ભીતરમાં જોવાનો પ્રયાસ કરનાર જ એ સાધનામૃત પામી શકે છે. તેથી આ **મહાવીર કથા**માં એમના સાધનાના પંથની યાત્રા બતાવવાનો હેતુ રાખ્યો છે. આવા જીવનને કથા, ગીત, સ્તવનરૂપે આલેખવાનો આ પ્રયાસ એ માટે છે કે જેમાંથી શ્રોતાઓને ભગવાન મહાવીરના વિરાટ જીવનનો સ્પર્શ થાય.

ગીતો, દુહા, ચોપાઈઓ કે સ્તવનનોનો ધોધ વહેવડાવીને શ્રોતાના મનોરંજનને બદલે એની ભગવાન મહાવીરના જીવનને સમગ્રતયા જાણવાની અધ્યાત્મતૃષા તૃપ્ત થાય એવા આશયથી આ **મહાવીર કથા**નું આયોજન કર્યું છે.

સ્તવન અને સંગીતના સથવારે આ કથા પ્રસ્તુત કરશે જૈન દર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક અને પ્રચારક તેમજ તીર્થંકર મહાવીર વિશેના ગ્રંથોના પ્રસિદ્ધ લેખક **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ.**

મહાવીરના ચિંતન-દર્શનને અભિનવ પરિમાણથી પ્રસ્તુત કરતી આ પ્રકારની **'મહાવીર કથા'**, એ પણ એક જ ચિંતક દ્વારા વહેતી કરવી એ એક વિરલ પ્રયોગ છે.

મહાવીર જન્મ કલ્યાણકની પૂર્વ સંધ્યાએ અને જન્મ કલ્યાણકના દિવસની સવારે, ચિત્ત વિકાસનો આ ઉત્સવ પ્રસંગ-**'મહાવીર કથા'** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એના સભ્યો અને પ્રશંસકોને આદર સહ અર્પણ કરે છે.

આપ સર્વને ભાવભર્યું આમંત્રણ છે.

–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
કારોબારી સમિતિ અને સંઘ પરિવાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વે સભ્યો અને
'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને સમર્પિત

નિમંત્રણ

ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે
'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' દ્વારા આયોજિત દ્વિ દિવસીય

।। મહાવીર કથા ।।
।। મહાવીર કથા ।।

કથા તત્ત્વ, સંગીત અને અભિનવ દર્શનનો ત્રિવેણી સંગમ
પોતાની આગવી શૈલીથી સ્વમુખે જ પ્રસ્તુત કરશે
જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક અને તીર્થંકર મહાવીર વિશેનાં ગ્રંથોના પ્રસિદ્ધ લેખક

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ

સંગીત સાથ : મહાવીર શાહ અને ગાયક વૃંદ

(૧) તા. ૨૭–૩–૨૦૧૦, શનિવાર, સાંજે ચાર કલાકે
સ્થળ : કે. સી. કૉલેજ હૉલ, ચર્ચગેટ, મુંબઈ.
(૨) તા. ૨૮–૩–૨૦૧૦ રવિવાર, સવારે દસ કલાકે
સ્થળ : ભારતીય વિદ્યા ભવન, હૉલ, ચોપાટી, મુંબઈ.

આ પ્રસંગે તા. ૨૮ માર્ચના શ્રી કુલીન વોરા સર્જીત ૩૬૫ દિવસની ૩૬૫ બાળકો માટેની જૈન વાર્તાઓના કેલેન્ડર 'જૈન બાળ પતંગિયા' ડૉ. કુમારપાળ દેસાઈના શુભ હસ્તે લોકાર્પણ

પ્રવેશપત્ર માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંપર્ક કરવા વિનંતી.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત–શ્રી વર્ધમાનસ્વામી જિન–સ્તવન

❑ સુમનભાઈ શાહ

શ્રી વર્ધમાનસ્વામીને અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ શુદ્ધ આત્મિકગુણો પ્રગટપણે વર્તે છે. આવા અગણિત વિશુદ્ધ ગુણોનું શ્રવણ જયારે ભક્તજનને પ્રત્યક્ષ સદ્‌ગુરુ મારફત થાય છે ત્યારે તેને પ્રભુ પ્રત્યે ગાઢ પ્રીતિ, ભક્તિ, અહોભાવ ઇત્યાદિ થાય છે. ભક્તજન પ્રભુગુણોમાં લીન થઈ ગુણગ્રામ કરે છે. ભક્તજનને નિર્ણય અને નિશ્ચય થાય છે કે પ્રભુના શુદ્ધ-આલંબનમાં જ તેઓ જેવી પરમાત્મ-દશાની પ્રાપ્તિ શક્ય છે. સાધકના હૃદયમાં આવો અપૂર્વ ભાવ પ્રગટ થવાથી તે પ્રાર્થના કરે છે કે પ્રભુનું આલંબન મુક્તિ ન મળે ત્યાં સુધી તેને રહે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

ગિરુઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયા રે.
ગિરુઆરે ગુણ તુમ તણા...૧.

હે મહાવીરસ્વામી ! આપને અનંતા જ્ઞાન, દર્શન, ચારિત્ર્યાદિ આત્મિકગુણો પ્રગટપણે વર્તે છે. હે પ્રભુ ! આપશ્રી સમસ્ત બ્રહ્માંડના સઘળા પદાર્થોના ત્રિકાલિક ભાવો વર્તમાનમાં જોઈ–જાણી શકવાનું સામર્થ્ય ધરાવો છો. આવા વિશુદ્ધ ગુણો અને ઐશ્વર્યનો મહિમા મને ગુરુગમે જાણવા મળ્યો છે. હે પ્રભુ ! આપને સદૈવ શુદ્ધ જ્ઞાન-દર્શનાદિ ગુણોના પરિણમનમાં અવ્યાબાધ સુખ અને સહજાનંદ વર્તે છે. આવી અપ્રતિમ પરમાત્મ-દશાનું વર્ણન ગુરુગમે મને અસ્ખલિતપણે શ્રવણ થયા કરે તેવી ભાવના હું ભાવું છું. આવું ગુણાખ્યાન સાંભળવાથી જાણે મારા કાનમાં અમૃતધારા વહે છે તેવો અનુભવ થાય છે. હે પ્રભુ ! મને એવું લાગે છે કે મારા શરીરમાં વ્યાપ્ત આત્મપ્રદેશો ઉપરથી કર્મરૂપ આવરણો સતત દૂર થયા કરે છે, જેની હળવાશ હું અનુભવું છું. આનાથી ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયો મંદ પડેલા મને જણાય છે.

મારી નિર્મળ થાયે કાયા રે:

ઉપરના જ્ઞાનવાક્યને વિસ્તારથી સમજીએ.

શરીર કે કાયાના ત્રણ મુખ્ય વિભાગો છે. સ્થૂળ (ઔદારિક) દેહ, સૂક્ષ્મ તેજસ દેહ અને સૂક્ષ્મતમ કાર્મણદેહ. બાહ્ય ઈન્દ્રિયો સહિતનો હાડ-માંસવાળો સ્થૂળ દેહ જે જીવને ક્રિયા કરવાનું પ્રધાન સાધન છે, અને જેને પારિભાષિક શબ્દમાં 'ઔદારિક' કહેવામાં આવે છે. બીજો વિભાગ તૈજસ દેહ છે, જે ગરમી આપે છે અને ખોરાકનું પાચન કરવાની શક્તિ ધરાવે છે. ત્રીજો વિભાગ એ કાર્મણ દેહ છે, જે અત્યંત સૂક્ષ્મ છે. કાર્મણ દેહ પૌદ્‌ગલિક કાર્મણ-વર્ગણાઓનો બનેલો છે. આ કાર્મણ-વર્ગણાઓ આત્મપ્રદેશો સાથે મજબુતપણે મિશ્રભાવે જોડાયેલી હોય છે. આત્મ-પ્રદેશ એ આત્મ-તત્ત્વનું અવિભાજ્ય અંગ છે અને અસંખ્ય આત્મ પ્રદેશો સ્થૂળ દેહમાં વ્યાપ્ત છે. જીવ જ્યારે રાગદ્વેષ અને અજ્ઞાનવશ વિભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિ કરે છે ત્યારે મન-વચન-કાયાદિ યોગ કંપાયમાન થાય છે અને તે શરીરમાં રહેલી અનેક પ્રકારની કાર્મણ-વર્ગણાઓને આકર્ષણ કરે છે. આ વર્ગણાઓ આત્મ-પ્રદેશો સાથે સંલગ્ન થાય છે, જેને કર્મબંધ કહેવામાં આવે છે. જીવે જે પ્રકારના વિભાવો કર્યા હશે અને જેટલી તીવ્રતાથી તે કર્યા હશે તે મુજબની વર્ગણાઓ ગ્રહણ થાય છે. કર્મ અનેક પ્રકારનાં છે, પરંતુ તેને સહેલાઈથી સમજી શકાય તે માટે તેનું આઠ-વિભાગમાં વર્ગીકરણ કરવામાં (અષ્ટ-કર્મ) આવ્યું છે. દરેક વિભાગ કોઈ ચોક્કસ આત્મિકગુણને આવરણ કરે છે. દા. ત. જ્ઞાન આવરણીય, દર્શન આવરણીય, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય. આમાંના પ્રથમ ચાર ઘાતી કર્મો છે, જેના સંપૂર્ણ ક્ષય કે ટળવાથી કેવળજ્ઞાન પ્રગટે છે. બાકીના ચાર અઘાતી કર્મો કેવળીના તે જ ભવમાં પૂર્ણ ક્ષય થતાં સિદ્ધગતિ થાય છે.

શ્રી વર્ધમાનસ્વામીને પ્રગટપણે વર્તતા શુદ્ધ-ગુણોનું ગુણકરણ, તેઓ પ્રત્યે પ્રીતિ, ભક્તિ, ઉપાસના ઇત્યાદિ સાધકથી થાય છે. આવી ધ્યેયલક્ષી પ્રવૃત્તિથી સાધકનું કારક-ચક્ર બાધકભાવમાંથી સાધક થાય છે.

ભાર સંયમ અને વ્રત પર

ભગવાન મહાવીરે મારી સમજણ છે ત્યાં સુધી અને મને વાંચવા મળ્યું છે ત્યાં સુધી ક્યાંય એમ નથી કહ્યું કે માત્ર મારું નામ જપો, માત્ર પૂજા કરો, આમ કરો – તેમ કરો. ભગવાન પાસે કોઈ પણ વ્યક્તિ ગઈ તેને તેમણે એમ જ કહ્યું કે વ્રતોનો સ્વીકાર કરો. હિન્દુસ્તાનમાં એક મહાવીર જ એવા થયા છે કે જેમણે વ્રતો ઉપર આટલો ભાર મૂક્યો છે, સંયમ અને ચારિત્ર્ય ઉપર આટલો ભાર મૂક્યો છે.

આજે અત્યારે આપણે આત્મલોચન કરવું જોઈએ કે મહાવીરની જયંતી ઉજવી રહ્યા છીએ અને દર વર્ષે ઉજવતા રહીએ છીએ. હું માનું છું કે તે શુભ છે, ખરાબ નથી પરંતુ તેની સાથે વધારામાં એ પણ સાંકળી લેવું જોઈએ કે મહાવીરની જયંતી ઉજવતી વખતે આપણે એ વાત ન ભૂલીએ કે એકલા ભગવાન મહાવીરે પોતાના જમાનામાં ત્રણ લાખથી વધુ બાર વ્રતી શ્રાવકો તૈયાર કર્યા હતા. આજે આપણા જેટલા જૈનો છે, તેમાં જૈન અનુયાયી તો છે પરંતુ શ્રાવકો કેટલા છે તેનો આપણે વિચાર કરવો જોઈએ. આજે ચારે સમાજમાં હજારો સાધુ-સાધ્વીઓ છે. શું આજે ત્રણ લાખ જૈનોને બારવ્રતી શ્રાવક ન બનાવી શકાય ? જો આજે ત્રણ લાખ શ્રાવકો જૈનોમાં બારવ્રતી બની જાય તો હિન્દુસ્તાનમાં કદાચ એક નવી ક્રાંતિનો સૂત્રપાત થઈ શકે. હું આશા રાખું છું કે હિન્દુસ્તાનમાં આધ્યાત્મિક ક્રાંતિનો સૂત્રપાત કરવા માટે જૈન સમાજ આગળ આવશે.

❑ આચાર્ય મહાપ્રજ્ઞ

એટલે આવા સાધકને ક્ષયોપશમ વર્તે છે એવું અપેક્ષાએ કહી શકાય. આનાથી સાધકના આત્મપ્રદેશો ઉપર લાગેલ કર્મરૂપ પૌદ્‌ગલિક રજકણો ફળ આપી નીર્જરે છે. નવાં કર્મબંધ અટકી જવાથી સાધકના આત્મપ્રદેશો નિર્મળ થતાં જાય છે. આવી અપેક્ષાએ સ્તવનકારે કહ્યું છે કે–'મારી નિર્મળ થાયે કાયા રે.'

તુમ ગુણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે.
ગિરુઆરે ગુણ તુમ તણા...૨.

ઘણાં ભક્તજનોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે માત્ર ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપો નષ્ટ થાય છે અને નિર્મળતા થાય છે, જે દેખીતી રીતે સંદેહજનક જણાય છે પરંતુ જિનદર્શનનો સાધક પ્રભુના અનંતા જ્ઞાન-દર્શનાદિ ગુણોરૂપ ગંગાજળમાં જ નિમગ્ન થવાની રુચિ ધરાવે છે. આવા સાધકને ગુરુગમે સમજણ પ્રગટેલી હોય છે કે પ્રભુને જે આત્મિકગુણો પ્રગટપણે વર્તે છે, તેવા જ ગુણો પોતાની સત્તામાં ભર્યા પડ્યા છે, પરંતુ તે આવરણ યુક્ત છે. એટલે પ્રભુના ગુણોનું ગુણગ્રામ, ચિંતન, મનન, ધ્યાનાદિથી સાધક પણ પોતાના ગુણો ભક્તિમાર્ગથી નિરાવરણ કરી શકે છે. સાધક એવી ભાવના ભાવે છે કે, 'હું નિરંતર પ્રભુગુણ ગાવામાં જ નિમગ્ન અને લીન રહું તથા અન્ય કોઈ પ્રવૃત્તિ ન કરું.' બીજી રીતે જોઈએ તો જ્ઞાન-સભર ભક્તિથી કરેલું ગુણગ્રામ પરમ-ઈષ્ટ એવી મુક્તિ પામવાનું પ્રધાન સત્-સાધન છે.

ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લર જળ કિમ પેસે રે ?
જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે.
ગિરુઆરે ગુણ તુમ તણા...૩

માત્ર ગંગા નદીના પાણીમાં સ્નાન કરવાથી શરીર અને અંતઃકરણ શુદ્ધ થઈ પાપો કે કર્મો નષ્ટ થતાં નથી. પરંતુ જે ભવ્યજીવ પ્રભુના ગુણોરૂપ જ્ઞાનગંગામાં ભાવપૂર્વક નિમગ્ન થાય છે તેની આંતરિક શુદ્ધિ અવશ્ય થાય છે. જે સાધકને સર્વજ્ઞ અને સર્વદર્શી એવા મહાવીર પ્રભુના ગુણો ઉપર રાગ અને રુચિ થાય છે તે ખાબોચિયા જેવા આસક્ત દેવ-દેવીઓની ભક્તિમાં અરુચિ ધરાવે છે. ગંગા નદીનું વહેતું પાણી શુદ્ધતા ધરાવે છે, જ્યારે ખાબોચિયાના છીછરા પાણીમાં મલિનતા હોય છે, જેમાં બાહ્ય શરીરનો મેલ પણ દૂર થવો શક્ય નથી.

સ્તવનકાર બીજો દાખલો આપતાં જણાવે છે કે જે ભમરો માલતીના સુગંધી ફૂલોથી મોહિત થાય છે તે બાવળના સુગંધ રહિત પુષ્પ ઉપર બેસે જ નહીં. આવી રીતે મુમુક્ષુ સાધક પરમ-વિશુદ્ધિ ગુણો ધરાવનાર શ્રી મહાવીર પ્રભુ ઉપર જ રાગ અને રુચિ ધરાવે છે. આવો ભક્તજન આસક્તિયુક્ત અન્ય દેવ-દેવીઓ પ્રત્યે ઉદાસીનતા સેવે છે, કારણ કે તેને મહાવીર પ્રભુ જેવા વીતરાગ પ્રત્યે અનન્યતા વર્તે છે.

એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરે ? જે પરનારી વશ રાચ્યા રે,
ગુરુઆરે ગુણ તુમ તણા...૪

જે ભવ્યજીવને પોતાનું સત્તાગત આત્મસ્વરૂપ શું છે અને શું નથી તેની યથાર્થ સમજણ ભેદજ્ઞાન મારફત એવા દેહધારી સદ્‌ગુરુ પાસેથી થાય છે, જેઓ આત્માનુભવી છે, તેવા સાધકને અંતિમ ધ્યેય કે લક્ષ્ય થાય છે. આવા સાધકનો સઘળો પુરુષાર્થ ધ્યેયલક્ષી થાય છે. આવા લક્ષ્યની પ્રાપ્તિનું એક સત્-સાધન શ્રી જિનેશ્વરનું પુષ્ટ-નિમિત્તાવલંબન છે. આ હેતુથી સાધક એકબાજુ શ્રી તીર્થંકર પરમાત્માનું ગુણગ્રામ કરે છે અને બીજી બાજુ પોતાના દોષો નિષ્પક્ષપાતપણે ઓળખી તેનું હૃદયપૂર્વક પ્રાયશ્ચિત કરે છે. આવો સાધક નિરંતર પ્રભુના ગુણોમાં જ રાચ્યો-માચ્યો રહે છે. આવા સાધકને આસક્તિ ધરાવનાર અન્ય દેવ-દેવીઓમાં જરાય રુચિ થતી નથી. સાધકની આવી આંતરિક વર્તનાની અપેક્ષાએ સમ્યક્‌ત્વની નિશાની કહી શકાય.

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે માહરે, તું જીવજીવન આધારો રે.
ગિરુઆરે ગુણ તુમ તણા...૫

મુમુક્ષુને નિર્ણય-નિશ્ચય વર્તે છે કે પરમગુણી એવા શ્રી વર્ધમાનસ્વામીનું શરણું, તેઓ પ્રત્યે અનન્યતા, પ્રીતિ, ભક્તિ, અહોભાવ તથા તેઓની આશ્રય-ભક્તિ જ તેને મુક્તિમાર્ગનું ધ્યેય પ્રાપ્ત કરાવનાર પુષ્ટ-નિમિત્ત નીવડશે. રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવને ક્ષણે ક્ષણે થતાં ભાવમરણોમાંથી છોડાવનાર શ્રી અરિહંત પ્રભુ સર્વોત્તમ સત્-સાધન છે. પરંતુ ભક્તજનને સિદ્ધિ થવા માટે શ્રી જિનેશ્વરે પ્રરુપેલી આજ્ઞાનું નિષ્ઠાપૂર્વક પરિપાલન અત્યંત આવશ્યક છે. સાધકથી ઉદ્‌ગારો નીકળે છે કે 'હે પ્રભુ! આપ જ મારા સ્વામી છો, આપ જ તરણ-તારણ છો, મને આપનો જ આધાર છે, આપ જ મારા જીવન-પ્રાણ સમાન છો. હે પ્રભુ! પાંપણના દરેક પલકારે મને આપનો જ જયઘોષ વર્તો! મારા દરેક શ્વાસે આપના જ ધબકારા થયા કરે! આપના જેવું શુદ્ધ આત્મસ્વરૂપ જેવું જ મારું સ્વરૂપ નીવડે એવી મારી હૃદયપૂર્વકની પ્રાર્થના આપની કૃપાથી સફળ નીવડે. ✷✷✷

> यत्र तत्र समये यथा, योसि सोस्याभिधया यया तया ।
> वीतदोषक्लुषः स येद् भवान्, एक एव भगवान नमोस्तु ते ।।
> **-अयोगव्यवच्छेद द्वात्रिंशिका, २९**
>
> કોઈ પણ સમયમાં કોઈ પણ રૂપે અને કોઈ પણ નામે પ્રસિદ્ધ હોય પરંતુ જો એ વીતરાગ હોય તો એ તમે એક જ છો, બાહ્યના વિભિન્ન રૂપોમાં અભિન્ન મારા ભગવાન! તમને નમસ્કાર હોજો!

૫૬૩, આનંદવન સોસાયટી,
ન્યુ સમા રોડ,
વડોદરા–૩૯૦ ૦૨૪.
ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯

તીર્થંકર ભગવાન મહાવીર વિશે પુસ્તકો

□ ડૉ. કુમારપાળ દેસાઈ

ગુજરાતી :

(૧) મહાવીર કહેતા હતા : લે. શાહ વાડીલાલ મોતીલાલ, પ્રકાશક : શંકરભાઈ મોતીભાઈ શાહ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૧.

(૨) મહાવીર સ્વામી ચરિત્ર : સંપા. વકીલ નંદલાલ લલ્લુભાઈ, પ્રકાશકઃ મુક્તિ કમલ જૈન મોહનમાળા, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૫, બીજી આવૃત્તિ ૧૯૩૦, ત્રીજી આવૃત્તિ ૧૯૩૬.

(૩) મહાવીર ચરિત્ર : લે. હર્ષચંદ્ર, પ્રકાશક : શાહ નાનાલાલ ધરમશી, ભાવનગર, બીજી આવૃત્તિ, ૧૯૪૫.

(૪) મહાવીર પરમાત્માનું સંક્ષિપ્ત જીવનચરિત્ર : સંપા. કુંવરજી આનંદજી, પ્રકાશકઃ જૈન પ્રસારક સભા, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૨.

(૫) મહાવીર : લે. ધીરજલાલ ધનજીભાઈ શાહ, પ્રકાશક : સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૪.

(૬) મહાવીર ચરિત્ર : લે. ગુણચંદ્ર ગણિ, પ્રકાશક : જૈન આત્માનંદ સભા, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૮.

(૭) મહાવીર સ્વામીનો સંયમધર્મ : સંપા. પટેલ ગોપાલદાસ જીવાભાઈ, પ્રકાશક : નવજીવન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૬.

(૮) મહાવીર સ્વામીનો આચારધર્મ : સંપા. પટેલ ગોપાલદાસ જીવાભાઈ, પ્રકાશક : જૈન સાહિત્ય પ્રકાશન મંડળ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૬.

(૯) મહાવીર સ્વામીનો અંતિમ ઉપદેશ : સંપા. પટેલ ગોપાલદાસ જીવાભાઈ, પ્રકાશક : જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૭, પ્રકાશક : નિર્ણયસાગર, મુંબઈ, દ્વિતીય આવૃત્તિ, ૧૯૩૮, પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ, તૃતીય આવૃત્તિ, ૧૯૪૮.

(૧૦) મહાવીર તત્ત્વપ્રકાશ : વિજયકેસરસૂરિ, પ્રકાશક : જૈન ઑફિસ, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૭.

(૧૧) મહાવીર પંચકલ્યાણક પૂજા : વિજયમાનિક્યસિંહ સૂરિ, બીજી આવૃત્તિ, ૧૯૨૭, સાતમી આવૃત્તિ, ૧૯૩૭.

(૧૨) મહાવીર સ્વામીના ૨૭ ભવનું સ્તવન તથા પંચકલ્યાણકનું સ્તવન : પ્રકાશક : શ્રાવક ભીમસિંહ માણેક, મુંબઈ, બીજી આવૃત્તિ, ૧૯૨૨.

(૧૩) મહાવીર સ્તવન : લેખક : ઉત્તમવિજય, સંપા. માનવિજય, સત્યવિજય ગ્રંથમાળા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૩.

(૧૪) મહાવીર કથા : સંપા. પટેલ ગોપાલદાસ જીવાભાઈ, પ્રકાશક : જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૧.

(૧૫) મહાવીરનું ઔષધ ગ્રહણ : લે. ન્યાયવિજય, પ્રકાશક : હેમચંદ્રાચાર્ય જૈનસભા, પાટણ, ૧૯૫૯.

(૧૬) મહાવીરનો સામાયિકયોગ : લે. લાલન, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૮.

(૧૭) મહાવીર સ્વામીના દશ શ્રાવકો : પ્રકાશક : જૈન સસ્તી વાચનમાળા, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૮.

(૧૮) **મહાવીર પ્રભુનું જીવનરહસ્ય :** પ્રકાશક : પ્રભુદાસ બેચરદાસ પારેખ, રાધનપુર, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૮.

(૧૯) મહાવીર સ્વામીના પાંચ વધાવા : પ્રકાશક : શા. ભીમસિંહ માણેક, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૮૯૧.

(૨૦) મહાવીર જીવનવિસ્તાર : લે. પારિ ભીમજી હરજીવન, પ્રકાશક : મેઘજી હરજી કંપની, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૧૧.

(૨૧) શ્રીમન્ મહાવીર (સચિત્ર અંક-૮૯) : પ્રકાશક : દેસાઈ મોહનલાલ દલીચંદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૧૪.

(૨૨) મહાવીર ચરિયં : અનુ. બેચરદાસ દોશી, પ્રકાશક : પ્રાકૃત વિદ્યામંડળ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૬.

(૨૩) મહાવીર સ્વામીના દશ શ્રાવકો : પ્રકાશક : જૈન સસ્તી વાચનમાળા, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૩.

(૨૪) મહાવીર સ્વામીનો જીવનસંદેશ : લે. દલસુખ માલવણિયા, પ્રકાશક : વા. મ. દેસાઈ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૨.

(૨૫) મહાવીર વાણી : સંપા. ચીમનલાલ મણિલાલ શાહ, પ્રકાશક : કપિલભાઈ તલકચંદ કોરડિયા, ગુજરાત દી. જૈન શાંતિવીર સભા, હિંમતનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૫.

(૨૬) મહાવીર વાણી : દોશી બેચરદાસ જીવરાજ, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. સાતમી આવૃત્તિ, ૧૯૭૪.

(૨૭) મહાવીર ચરિત્ર : શેઠ ચિમનભાઈ ભાઈલાલ, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ.

(૨૮) ભગવાન મહાવીર અને માંસાહાર : શાહ રતિલાલ મફાભાઈ, પ્રકાશકઃ હેમચંદ્રાચાર્ય જૈન સભા, પાટણ, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૯.

(૨૯) શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવ (શ્રી કલ્પસૂત્ર વર્જીત ચિત્રમય જીવન-પ્રસંગો) : કાપડીયા ગોકુલદાસ (ચિત્ર), યશોવિજયજી મહારાજ (ચિત્રપરિચય લેખક), પ્રકાશક : હરજીવન હરીદાસ, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૯.

(૩૦) શ્રમણ ભગવાન મહાવીર ૧ થી ૨૬ ભવ : વિજયધર્મસૂરિ, પ્રકાશક : શ્રી મૂલિકમલ જૈન મોહન ગ્રંથમાળા, કોઠીપોળ, વડોદરા, દ્વિતીય આવૃત્તિ, ૧૯૬૯.

(૩૧) ભગવાન મહાવીર, આચાર્ય શ્રી તુલસી : સંપાદક દલસુખભાઈ માલવણિયા, પ્રકાશક : જૈન શ્વેતાંબર તેરાપંથી સમાજ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૫.

વર્તમાન સ્થિતિ

આજે સ્થિતિ એવી બની ગઈ છે કે જે જે અવતારો થયા છે, જે જે મહાપુરુષો થયા છે, જે જે ધર્મ-પ્રવર્તકો થયા છે તેમને પણ કાં તો કોઈ કારાવાસમાં બંધ કરી દેવામાં આવ્યા છે અથવા તો અંદર તેમને પણ પ્રવેશ આપવામાં નથી આવતો. અંદર પ્રવેશ થઈ રહ્યો છે–એકાન્તવાદનો, આગ્રહવાદનો, ઝઘડાનો, સંઘર્ષોનો. આ સમગ્ર વાતાવરણમાં મહાવીર જયંતી ઉજવવાનો શો અર્થ છે? ખૂબ ઊંડાણથી આપણે વિચાર કરવો પડશે. હું જ્યારે રાજનીતિના ક્ષેત્રને જોઉં છું ત્યારે કેટલાક અર્થોમાં રાજનૈતિક લોકોને ધન્યવાદ આપવાનું આવશ્યક બની જાય છે. વિરોધી લોકો પણ એક સાથે બેસે છે, વાતો કરે છે, સમાધાન કરે છે, સમન્વય કરવાનો પ્રયત્ન કરે છે અને આખરે સંઘર્ષનો ઉકેલ શોધી કાઢે છે, સમાધાન થઈ જાય છે.

ઈઝરાઈલ અને ફિલિસ્તાનની વચ્ચે કેવો મોટો સંઘર્ષ ચાલી રહ્યો હતો! સમાધાનની વાટાઘાટો શરૂ થઈ. એક વખત નહિ, બે વખત નહિ. લગભગ આઠસો, નવસો વખત વાટાઘાટો ચાલી અને આખરે સમાધાન થઈ ગયું. શું આજે અનેકાંતવાદને માનનારા લોકોમાં, મહાવીરને માનનારા લોકોમાં આટલું ધૈર્ય છે ખરું? બે વખત વાટાઘાટ નિષ્ફળ જાય તો કહે છે કે કોણ ફાલતુ વાર્તોમા માથાકૂટ કરે? છોડોને એ વાતને!

❑ આચાર્ય મહાપ્રજ્ઞ

(૩૨) શ્રમણ ભગવાન મહાવીર : વિજયધર્મસૂરીશ્વરજી, સંપા. યશોવિજયજી મહારાજ, પ્રકાશક : શાહ પન્નાલાલ લાલચંદ, મુક્તિકમલ જૈન મોહનમાળા, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૪.

(૩૩) ભગવાન મહાવીર, એક અનુશીલન : લેખક : દેવેન્દ્રમુનિ શાસ્ત્રી, અનુવાદક : ડૉ. કનુભાઈ વ્રજલાલ શેઠ, પ્રકાશક : શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૫.

(૩૪) શ્રમણ ભગવાન મહાવીરદેવ : જીવન અને ઉપદેશ : પ્રકાશક : ૨૫૦૦મી નિર્વાણ કલ્યાણક સમિતિ, નવી દિલ્હી, પ્રથમ આવૃત્તિ.

(૩૫) ભગવાન મહાવીરના અંતેવાસી : લે. 'મકરંદ', પ્રકાશક : શ્રી યશોવિજયજી ગ્રંથમાળા, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૭.

(૩૬) શ્રમણ ભગવાન મહાવીરના સામાયિકના પ્રયોગો : વીરનંદી લાલન, પ્રકાશક ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ, ૧૯૯૫.

(૩૭) ભગવાન મહાવીર : લે. જયભિખ્ખુ, સંપાદક : કુમારપાળ દેસાઈ, પ્રકાશકઃ શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, અમદાવાદ.

(૩૮) ભગવાન મહાવીરના દશ ઉપાસકો : અનુ. દોશી બેચરદાસ, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૧.

(૩૯) ભગવાન શ્રી મહાવીરદેવ : શ્રીકાન્ત, પ્રકાશક : ચીમનલાલ નાથાલાલ શાહ (શ્રીકાન્ત), અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૬.

(૪૦) મહાવીર જીવનદર્શન : લે. કુમારપાળ દેસાઈ, પ્રકાશક : પૂજા પબ્લિકેશન્સ, અમદાવાદ, ૧૯૯૮.

(૪૧) ભગવાન મહાવીર યુગના ઉપાસકો : પ્રકાશક : જૈન આત્માનંદ સભા, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૧.

(૪૨) કાલ્પનિક અધ્યાત્મ મહાવીર ભાગ ૧ : બુદ્ધિસાગરસૂરીશ્વરજી, પ્રકાશકઃ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય સંરક્ષક પ્રકાશન સમિતિ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૯.

(૪૩) કાલ્પનિક અધ્યાત્મ મહાવીર ભાગ ૨ : બુદ્ધિસાગરસૂરીશ્વરજી, પ્રકાશકઃ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય સંરક્ષક પ્રકાશન સમિતિ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૯.

(૪૪) કાલ્પનિક અધ્યાત્મ મહાવીર ભાગ ૩ : બુદ્ધિસાગરસૂરીશ્વરજી, પ્રકાશકઃ બુદ્ધિસાગરસૂરિ સાહિત્ય સંરક્ષક પ્રકાશન સમિતિ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૯.

(૪૫) વિશ્વોદ્ધારક મહાવીર ભાગ ૧ : સંઘવી મફતલાલ, સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય કાર્યાલય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૯.

(૪૬) વિશ્વોદ્ધારક મહાવીર ભાગ ૨, સંઘવી મફતલાલ, સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય કાર્યાલય, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૯.

(૪૭) આનંદ અને પ્રભુ મહાવીર : કેશર વિજય, પ્રકાશક : વિજયકમલેશ્વર ગ્રંથમાલા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૬.

(૪૮) વર્ધમાન તપો મહાત્મ્ય : સંગ્રા. ચંદ્રસાગરગણિ, પ્રકાશક : છગની-રામજીની પેઢી, ઉજ્જૈન, પ્રથમ આવૃત્તિ, ૧૯૪૬.

(૪૯) વર્ધમાન તપ પદ્યાવલી : પ્રકાશક : શા. શાંતિલાલ હરગોવિંદદાસ, પાટણ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૬.

(૫૦) વર્ધમાન તપ વિધિ : રત્નવિજય, જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, દ્વિતીય આવૃત્તિ.

(૫૧) વર્ધમાન પ્રબોધ : પ્રકાશક : શ્રી શિવતિલક જ્ઞાન મંદિર, રામપુરા, ભંકોડા, પ્રથમ આવૃત્તિ.

(૫૨) તીર્થંકર ભગવાન મહાવીર : કુમારપાળ દેસાઈ, પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી ૨૦૦૪.

(૫૩) ત્રિલોકગુરુ મહાવીરદેવ (સંક્ષિપ્ત જીવન) : પંન્યાસ ચંદ્રશેખરવિજયજી, પ્રકાશક : કમલ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૪.

(૫૪) ત્રિભુવન પ્રકાશ મહાવીરદેવ : મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી, પ્રકાશકઃ કમલ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૫.

(૫૫) ભગવાન મહાવીર : મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી, પ્રકાશક : શ્રી અર્હદ વાત્સલ્ય પ્રકાશન, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૪.

(૫૬) નિર્ગ્રંથ ભગવાન મહાવીર : જયભિખ્ખુ, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૬.

(૫૭) બુદ્ધ અને મહાવીર : મશરૂવાલા કિશોરલાલ ઘનશ્યામલાલ, પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૩.

(૫૮) બુદ્ધ અને મહાવીર : (અનુ.) પટેલ નરસિંહભાઈ ઈશ્વરભાઈ, પ્રકાશકઃ ભારત જૈન વિદ્યાલય, પૂના. પ્રથમ આવૃત્તિ, ૧૯૨૫.

(૫૯) સચિત્ર મહાવીર ચરિત્ર : ભાનુવિજય, પ્રકાશક : જૈન માર્ગ આરાધના સમિતિ, આયોતિ (આં. પ્ર.) પ્રથમ આવૃત્તિ, ૧૯૬૬.

(૬૦) ભગવાન મહાવીર યુગના ઉપાસકો : મુનિ ચતુરવિજય (સંશો.), પ્રકાશકઃ શાહ ખીમચંદ ચાંપસી જૈન આત્માનંદ સભા, ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૧.

વયં પુણ એવમાઇક્ખામો, એવં ભાસામો,
એવં પરુવેમો, એવં પણ્ણવેમો,
સવ્વે પાણા, સવ્વે ભૂયા,
સવ્વે જીવા, સવ્વે સત્તા,
ન હંતવ્વા, ન અજ્જાવેયવ્વા,
ન પરિઘેતવ્વા, ન પરિયાવેયવ્વા,
ન ઉદ્દવેયવ્વા ।
ઇત્થિં વિજાણહ નત્થિત્થ દોસો ।
આરિયવયણમેયં ।

(ભગવાન મહાવીર, શ્રી આચારાંગ સૂત્ર, ૧-૪-૨)

હું એમ કહું છું, એમ બોલું છું,
એવી પ્રરુપણા કરું છું, એવો ઉપદેશ આપું છું કેઃ-
કોઈ પણ પ્રાણી, કોઈ પણ ભૂત, કોઈ પણ જીવ,
કોઈ પણ સત્ત્વને ક્યારે પણ હણવાં ન જોઈએ,
તેમની પર આઘાત કરવો નહીં,
તેમને પરિતાપ આપવો નહીં કે,
તેમને કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ પહોંચાડવો નહીં.
એ સારી રીતે જાણી લો કે
આ અહિંસા ધર્મમાં કોઈ પણ પ્રકારનો દોષ નથી.
વસ્તુતઃ અહિંસા એ આર્ય (પવિત્ર) ધર્મ છે.

હિન્દી :

(૧) महावीर : ले. कामताप्रसाद, प्रकाशक : चैतन्य प्रिन्टींग प्रेस, विजनौर, प्रथम आवृत्ति.

(૨) महावीर शासन : ले. ललित विजयजी, प्रकाशक : आत्मतिलक ग्रंथ सोसायटी, पूना, प्रथम आवृत्ति, १९२१.

(૩) महावीर जीवन विस्तार : अनु. दोशी ताराचंद, प्रकाशक : हिंदी विजय ग्रंथमाल, आबु रोड, प्रथम संस्करण प्रथम आवृत्ति, १९१८.

(૪) महावीर वर्धमान : संपा. जैन जगदीसचंद्र, प्रकाशक : विश्वव्यापी कार्यालय, अल्हाबाद, प्रथम आवृत्ति, १९४५.

(૫) महावीर वाणी : संपा. दोशी बेचरदास, प्रकाशक : भारत जैन महामंडल, वर्धा, प्रथम आवृत्ति, १९५३.

(૬) महावीर जयंतिस्मारिका : जैन सुखराम, प्रकाशक : राजस्थान जैन सभा, जयपूर, प्रथम आवृत्ति, १९५३.

(૭) महावीर वाणी : संपा. दोशी बेचरदास, प्रकाशक : सर्व सेवा संघ, वाराणसी, प्रथम आवृत्ति, १९६६.

(૮) महावीर क्या थे : ले. मुनि नथमलजी

संपा. वृद्धिचंद्र कुन्दनमल सुराणा -तारानगर (राजस्थान), प्रथम आवृत्ति, १९६८.
(९) महावीर व्यक्तित्व, उपदेश और आचारमार्ग : रांका रिषभदास, भारत जैन महामंडल, मुंबई, प्रथम आवृत्ति, १९७४.
(१०) महावीर की कहानी वर्धमान की जबानी : नंदलाल जैन, प्रकाशक : कार्मरेड मेमोरियल क्लब, पुरानी चरणई, जबलपुर, प्रथम आवृत्ति, १९७५.
(११) महावीर : श्री चित्रशतक : पं. श्री कमल कुमारजी शास्त्री, कुमुद, पुष्पेन्दु, प्रकाशक : भीमकसेन रतनलाल जैन, वकीलपुरा, दिल्ही, प्रथम आवृत्ति, १९८६.
(१२) महावीर दर्शन : भुवन विजयजी महाराज, प्रकाशक : गया जिल्ला भगवान महावीर २५००वाँ निर्वाण महोत्सव संचालन समिति, गया, प्रथम आवृत्ति, १९७५.
(१३) महावीर वाणी : रामपुरिया श्रीचन्द, प्रकाशक : २५००वाँ निर्वाण महोत्सव समिति, नई दिल्ही, प्रथम आवृत्ति, १९७५.
(१४) महावीर या महाविनाश : रजनीश, नरेन्द्र बोधि सत्य, प्रकाशक : रजनीश फाउन्डेशन, पूना, प्रथम आवृत्ति, १९७५.
(१५) महावीर वाणी : राम पुरिया श्रीचन्द, प्रकाशक : २५००वाँ निर्वाण महोत्सव समिति, नई दिल्ही, प्रथम आवृत्ति, १९७५.
(१६) महावीर व्यक्तित्व उपदेश और आचारमार्ग : रिषभदास रांका, प्रकाशक: भारत जैन महामंडल, मुंबई, द्वितीय आवृत्ति, १९७४.
(१७) महावीर : युग और जीवन-दर्शन : डॉ. हीरालाल जैन, डॉ. आ. ने. उपाध्याय, प्रकाशक : भारतीय ज्ञानपीठ, नई दिल्ही, प्रथम आवृत्ति, १९७४.
(१८) महावीर की साधना का रहस्य : मुनि नथमल, संपादक : आदर्श साहित्य संघ, चुरु, राजस्थान, प्रथम आवृत्ति, १९७५.
(१९) संक्षिप्त महावीरायण : प्रकाश श्रमण, प्रकाशक : वर्धमान ज्ञानपीठ, मेरठ, प्रथम आवृत्ति, १९७५.
(२०) श्री महावीर जीवन संकिर्तन : रामकुमार जैन, प्रकाशक : वर्धमान ज्ञानपीठ, मेरठ, प्रथम आवृत्ति, १९७४.
(२१) महावीर : मेरी दृष्टि में : रजनीश, संपा. दयानन्द भार्गव, प्रकाशक : मोतीलाल बनारसीदास, दिल्ली, प्रथम आवृत्ति, १९७१.
(२२) महावीर वाणी भा. १ : रजनीश योग लक्ष्मी, संक., स्वामी कृष्ण कबीर, स्वामी योग चिन्मय, संपा. प्रकाशक : जीवन जागृति केन्द्र, मुंबई, प्रथम आवृत्ति, १९७२.
(२३) महावीर वाणी भा. २ : रजनीश, संपा. स्वामी चैतन्य भारती, संपा. प्रकाशक : जीवन जागृति केन्द्र, मुंबई, प्रथम आवृत्ति, १९७३.
(२४) महावीर परिचय और वाणी : आचार्य रजनीश, आनंद वितराग संपा., प्रकाशक : मोतीलाल बनारसीदास, दिल्ही, प्रथम आवृत्ति, १९७४.
(२५) महावीर वाणी : ले. वीराट, प्रकाशक : मंत्री : वीरसेवा मंदिर ट्रस्ट प्रकाशन, युगवीर – समन्तभद्रा ग्रंथमाला-१०, वाराणसी, प्रथम आवृत्ति, १९७५.
(२६) श्री महावीर पुराण : संपा. श्री नंदलाल जैन 'विशाखा', प्रकाशक : जैन पुस्तक भवन, कलकत्ता, प्रथम आवृत्ति.
(२७) महावीर परिनिर्वाण स्मृतिग्रंथ : मंडन मिश्र और त्रिपाठी, रुद्रदेव, संपा. प्रकाशक : लाल बहादुर शास्त्री केन्द्रीय संस्कृत विद्यापीठ, दिल्ही, प्रथम आवृत्ति, १९७५.
(२८) भगवान महावीर : कामता प्रसाद जैन, प्रकाशक : मूलचंद किशनदास, सूरत, प्रथम आवृत्ति, १९२८.
(२९) धर्मवीर महावीर और कर्मवीर कृष्ण : संघवी सुखलाल, अनु. भारिल्ल शोभाचंद, प्रकाशक : आत्मजागृति कार्यालय, व्यावर, प्रथम आवृत्ति, १९३४.
(३०) भगवान महावीर का समय : ले. कामता प्रसाद जैन, प्रकाशक : चैतन्य प्रिन्टिंग प्रेस, बिजनौर, प्रथम आवृत्ति, १९३२.
(३१) श्रमण भगवान श्री महावीर देव (श्री कल्पसूत्र वर्णित चित्रमय जीवनप्रसंग) : गोकुलदास कापडिया.
(३२) भगवान महावीरस्वामी का दिव्य जीवन : पुर्णानन्द विजयजी, श्री विद्याविजयजी स्मारक ग्रंथमाला, सांठबा (साबरकांठा), प्रथम आवृत्ति, १९७५.
(३३) भगवान महावीर : जगदीशचंद्र जैन, प्रकाशक : युनिवर्सिटी ग्रंथ निर्माण बोर्ड, अहमदावाद, प्रथम आवृत्ति, १९७७.
(३४) भगवान महावीर : जीवन और दर्शन : राजेन्द्र मुनि, संपा. भटनागर, लक्ष्मण, प्रकाशक : तारक गुरु जैन ग्रंथमाला, उदयपुर, प्रथम आवृत्ति, १९७४.
(३५) श्रमण भगवान महावीर : प्रकाशक : कल्याण विजयजी गणि शास्त्र संग्रह समिति, झालोर, मारवाड, प्रथम आवृत्ति, १९४२.
(३६) श्रमण महावीर : मुनि नथमल,

तफावत छे विचारोना

महावीरे जे कह्युं ते एकरूप ज कह्युं. आजे आपणे अनेक महावीर पेदा करी दीधा छे. महावीरने व्यक्ति तरीके आपणे एक ज मानीए छीए, परंतु प्रवचनकार महावीर एक नथी. आपणी व्याख्यामां महावीरनुं जे प्रवचनकार स्वरूप छे, ते बीजाओनी व्याख्यामां सोळआना एवुं ज नथी. तेथी ए प्रश्न मूंझवणभर्यो छे के महावीर साथे साचो संबंध कोनो छे? महावीरना प्रवचनने यथार्थतः न पकड्युं, एम मानीने तो कोई चालतुं नथी. सौ पोतपोताना मार्ग पर साचा छे, परंतु बीजाओनी दृष्टिए एटला साचा नथी के जेटला तेओ पोते छे. आपणे अनेक होवा छतां महावीरने एक नथी रहेवा देता. राष्ट्रकवि मैथिलीशरण गुप्ते कह्युं हतुं, 'में राम, बुद्ध वगेरे महापुरुषोने मारी श्रद्धांजलि अर्पण करी छे. भगवान महावीरने पण हुं मारी श्रद्धांजलि अर्पण करवा इच्छुं छुं. परंतु एक मुश्केली छे. भगवान महावीरनुं श्वेतांबर अने दिगंबर बंने संप्रदायो द्वारा स्वीकृत जीवनचरित्र मळतुं नथी. हुं कोनो अभिमत स्वीकारुं अने कोना अभिमतनो अस्वीकार करुं. कोने प्रसन्न राखुं? अने कोने अप्रसन्न करुं? आप मने कोई मार्ग बतावो जेथी हुं मारी भावना पूर्ण करी शकुं.' परंतु आचार्य तुलसी पण शो उपाय बतावे? श्वेतांबर परंपरा मुजब महावीरे लग्न कर्यां, दिगंबर शास्त्रो कहे छे के महावीरे लग्न नथी कर्यां. अन्य पण जे तफावत छे ते छे ज. परंतु ए बधा गौण तफावत छे. सौथी मोटो तफावत छे विचारोनो. तेनुं कारण छे शब्दोनी खेंचताण. आ खेंचताण एटला माटे थाय छे के सर्वसंमत प्रामाणिक वक्ता कोई नथी. पोतपोताना संप्रदायोमां पण संभवतः एवी व्यक्ति नथी. शास्त्रोनी भाषा बे-अढी हजार वर्ष जूनी छे. समयनी दीर्घ अवधिमां चिंतननो प्रकार पण अज्ञात जेवो थई गयो छे. आ तमाम स्थितिओ शास्त्रवाणीने समजवामां जटिलता पेदा करे छे. संदर्भ वगर शब्दना साचा अर्थने पकडवानुं सहज नथी होतुं.

❑ **आचार्य महाप्रज्ञ**

प्रकाशक : जैन विश्वभारती प्रकाशन, राजस्थान, लाडनू, प्रथम आवृत्ति, १९७४.
(३७) सत्य की खोज : मुनि नथमल, प्रकाशक : जैन विश्वभारती प्रकाशन, राजस्थान, लाडनू, प्रथम आवृत्ति, १९७४.
(३८) भगवान महावीर : आचार्य तुलसी, प्रकाशक : जैन विश्वभारती प्रकाशन, राजस्थान, लाडनू, प्रथम आवृत्ति, १९७४.
(३९) जैन धर्म और भगवान महावीर : डॉ. देवेन्द्रकुमार शास्त्री, प्रकाशक : सिंधई खुन्तीलाल राधाबाई जैन ट्रस्ट, इन्दौर, प्रथम आवृत्ति, १९७५.
(४०) भगवान महावीर : विराट, जयपूर, प्रकाशक : अनुपम प्रकाशन, जयपूर, प्रथम आवृत्ति, १९७५.
(४१) महावीर वाणी : संक. रूपांतरकार, डॉ. देवेन्द्रकुमार शास्त्री, प्रकाशक: वीर सेवा मंदिर ट्रस्ट प्रकाशन, वाराणसी, प्रथम आवृत्ति, १९७५.
(४२) तीर्थंकर महावीर : एक अध्ययन : ले. महेन्द्रकुमार फुसकेले, प्रकाशक: जनता प्रेस प्रकाशन, परकोटा, मध्यप्रदेश, प्रथम आवृत्ति, १९७५.
(४३) श्रमण महावीर : ले. मुनि नथमल, प्रकाशक : जैन विश्वभारती प्रकाशन, राजस्थान (लाडनू), प्रथम आवृत्ति, १९७४.
(४४) तीर्थंकर वर्धमान महावीर : ले. श्री मधुकर मुनि रतन मुनि चंद्रसुराना 'सरस', प्रकाशक : वीर निर्वाण ग्रंथ प्रकाशन समिति, इंदौर (मध्यप्रदेश), प्रथम आवृत्ति, १९७४.
(४५) भगवान महावीर का जीवन : ले. पंडित सुखलालजी संघवी, प्रकाशक: जैन कल्चरल रिसर्च सोसायटी, बनारस, प्रथम आवृत्ति.
(४६) चितेरों के महावीर : डॉ. प्रेमसुमन जैन, प्रकाशक : मंत्री अमर जैन साहित्य संस्थान, उदयपुर, प्रथम आवृत्ति, १९७५.
(४७) जैन धर्म और भगवान महावीर : डॉ. देवेन्द्रकुमार शास्त्री, प्रकाशक : डॉ. जी. सी. जैन सिंघई खुन्तीलाल राधाबाई जैन ट्रस्ट, इन्दौर, प्रथम आवृत्ति, १९७५.
(४८) अनुत्तर योगी : तीर्थंकर महावीर भाग-१ : ले. वीरेन्द्रकुमार जैन, प्रकाशक: श्री वीर निर्वाण ग्रंथ प्रकाशन समिति, इन्दौर, प्रथम आवृत्ति, १९७४.
(४९) चरम तीर्थंकर श्री महावीर : विजय विद्याचंद्र सूरि, संपा. जोशी मदनलाल, प्रकाशक : राजेन्द्र प्रवचन कार्यालय, राजगढ, प्रथम आवृत्ति, १९७५.
(५०) भगवान महावीर : ले. मालवणिया दलसुख, प्रकाशक : जैन संस्कृति संशोधन मंडल, वाराणसी, प्रथम आवृत्ति.
(५१) भगवान महावीर और मांसनिषेध : ले. आत्मारामजी, प्रकाशक : अमरनाथ, लुधियाना, प्रथम आवृत्ति, १९५७.
(५२) भगवान महावीर और उनका तत्त्वदर्शन : ले. देश भूषणजी, प्रकाशक: जैन साहित्य समिति एस्प्लेनेड रोड, दिल्ही, प्रथम आवृत्ति, १९७३.
(५३) वीर वर्धमान चरितम् : ले. डॉ. हीरालाल जैन, प्रकाशक : भारतीय ज्ञानपीठ प्रकाशन, दिल्ही, प्रथम आवृत्ति, १९७४.
(५४) वर्धमान जीवन कोश : संपा. बांठिया मोहनलाल चोरडिया श्रीचन्द, प्रकाशक: जैन दर्शन समिति, कलकत्ता, प्रथम आवृत्ति, १९८०.
(५३) मानवता के मंदराचल भगवान महावीर : जमनालाल जैन, प्रकाशक : वर्धमान प्रकाशन, प्रथम आवृत्ति, १९७५.
(५५) भारत पर भगवान महावीर का असीम उपदेश : विनोबा भावे, संपा. त्रिपाठी रुद्रदेव, प्रकाशक : दशपुर साहित्य संवर्धन संस्थान, मन्दसौर, (म. प्र.) प्रथम आवृत्ति, १९६४.
(५६) बुद्ध और महावीर तथा दो भाषण : किशोरलाल मशरूवाला, अनु. जैन जमनालाल, प्रकाशक : भारत जैन महामंडल, वर्धा, प्रथम आवृत्ति, १९५०.
(५७) श्री महावीर पुराण : नंदलाल जैन 'विशारदजी' संपा., प्रकाशक : जैन पुस्तक भवन, कलकत्ता, प्रथम आवृत्ति.
(५८) ढाई हजार वर्षों में श्री भगवान महावीर स्वामी की विश्व को देन : संपा. देशभूषणजी, श्रीमती मुन्नादेवी, लाला राजेन्द्र प्रसादजी, दिल्ही, प्रथम आवृत्ति.
(५९) भगवान महावीरना युगनी महादेवीओ : सुशील, प्रकाशक : जैन आत्मानंद सभा, भावनगर, प्रथम आवृत्ति, १९४६.

संस्कृत :

(१) बुद्धारण्यकोपनिषदृष्टा वार्तिक : ले. सुरेश्वर टी. का. आनन्दगिरि, प्रकाशक: महादेव द्विमाणाजि आप्टे, पूना, प्रथम आवृत्ति, १८९४.
(२) काव्यमाला-७ : प्रकाशक : निर्णयसागर, मुंबई, प्रथम आवृत्ति, १९०७.
(३) महावीर पूजा (न्याय कुसुमाग्नामि प्रकरणम्) : ले. न्याय विजयजी, प्रकाशक: लक्ष्मी प्रिन्टिंग प्रेस, अहमदाबाद, प्रथम आवृत्ति, १९०२.
(४) संभतितर्क प्रकरण व्याख्या तत्त्वबोधविद्याचिन्या : ले. सिद्धसेन दिवाकर व्या. का. अभयदेव सूरि संपा. संघवी सुखलाल, प्रकाशक : गुजरात पुरातत्त्व मंदिर, अहमदाबाद, प्रथम आवृत्ति, १९२८.
(५) महावीर तत्त्व प्रकाश : ले. विजय केशर सूरि, प्रकाशक : विजय कमल केशर ग्रंथमाला, प्रथम आवृत्ति, १९२७.
(६) त्रिषष्ठिशलाकापुरुषचरित्र महाकाव्यम् भा. २, पर्व १०मुं : हेमचंद्राचार्य, प्रकाशक : जैन धर्म प्रचार समिति, भावनगर, प्रथम आवृत्ति, १९६५.
(७) न्याय खंडाद्यपरनाम महावीर स्तव प्रकरण : ले. यशोविजय गणि, प्रकाशक : मनसुखभाई माणेकलाल, प्रथम आवृत्ति, १९२८.
(८) महावीर चरितम् (अनुवाद टिप्पण) : भवभूति, संपा. टोडरमल, प्रकाशक : पंजाब युनिवर्सिटी, लाहोर, प्रथम आवृत्ति, १९२८.
(८) श्रमण भगवान महावीर : ले. कल्याण विजयजी गणि, प्रकाशक : श्री कल्याण विजयजी शास्त्र संग्रह समिति, मारवाड, प्रथम आवृत्ति, १९४२.
(९) जैन महावीर गीता : ले. बुद्धिसागर सूरीश्वरजी, प्रकाशक : जयभिख्खु साहित्य प्रकाशन ग्रंथमाला, अहमदाबाद, प्रथम आवृत्ति, १९६८.
(१०) अल्पबहुगर्भित श्री महावीर स्तवनम् सत्त्वचूरिकं महादण्डक स्तोत्रापरपर्वा चाल्य बहुत्व विचार स्तवनम् : ले. समय सुन्दर गणि, प्रकाशक: श्री आत्मानंद सभा, भावनगर, प्रथम आवृत्ति, १९१४.

प्राकृत, अर्धमागधी, राजस्थानी और अन्य पुस्तकें :

(१) प्रकरण रत्नकर भाग-२ (अधर्मागधी) : प्रकाशक : श्रावक भीमसिंह माणेक, मुंबई, प्रथम आवृत्ति, १८७६.
(२) प्रकरण रत्नकर भाग-३ (अधर्मागधी) : प्रकाशक : श्रावक

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि सर्वदृष्टय: ।
न च तासु भवानुदीक्ष्यते, प्रविभक्तासु सरित्स्ववोदधि: ।।
-द्वात्रिंशिका, ४-१५

જેમ સમુદ્રમાં બધી નદીઓ મળે છે, એવી જ રીતે તમારા દર્શનમાં તમામ દૃષ્ટિઓ મળે છે, ભિન્ન ભિન્ન દૃષ્ટિઓમાં તમે દેખાતા નથી, જેમ, નદીઓમાં સમુદ્ર દેખાતો નથી.

भीमसिंह माणेक, मुंबई, प्रथम आवृत्ति, १८७८.

(३) महावीर चरित्रम् (प्राकृत) : ले. गणचंद्र गणि, प्रकाशक : देवचंद्र लालभाई, मुंबई, प्रथम आवृत्ति, १९२९.

(४) महावीर स्तवनम् (अन्य) : ले. पार्श्वचंद्र कवि (मूल), भावप्रभ सूरि (वृत्ति), प्रकाशक : यशो. वि. पाठशाळा, महेसाणा, प्रथम आवृत्ति. १९२९.

(५) महावीर सतुति गर्भित (श्री सम्यकत्व विचार स्तवन) (अन्य) : ले. न्यायसागर सूरि, पंडित चंदुलाल नानचंद, अर्थ. प्रकाशक : श्री विका सभा, खंभात, प्रथम आवृत्ति, १९८४.

(६) महावीर तत्त्वप्रकाश (अन्य) : ले. विजय केसर सूरि (मूल), पं. मणिलाल पोपटलाल (सं. अनु.), प्रकाशक : दया विमल ग्रंथ, दहेगाम, प्रथम आवृत्ति, १९२०.

(७) महावीर स्तवनम् अवचूरि : ले. समय सुंदर गणि स्वापरा, प्रकाशक: आत्मानंद सभा, भावनगर, प्रथम आवृत्ति, १९७०.

(८) महावीर चरित्रम् (प्राकृत) : ले. गुणचंद्रगणि, प्रकाशक : देवचंद लालभाई, मुंबई, प्रथम आवृत्ति, १९२९.

(९) विशेषावश्यक भाषा : भा. २ (अन्य) : ले. चुनिलाल हकमचंद, प्रकाशक : आगमोदाय समिति, मुंबई, प्रथम आवृत्ति, १९२७.

(१०) महावीर चरितम् (अन्य) : ले. कवि भवभूति, वीर राघव (वृत्ति) प्रकाशक: निर्णय सागर प्रेस, मुंबई, प्रथम आवृत्ति, १८२३.

(११) महावीर स्वामी चरित्र (अन्य) : वकिल नंदलाल लल्लुभाई, प्रकाशक: मुक्ति कमल मोहन, वडोदरा, प्रथम आवृत्ति, १९२४.

(१२) महावीर स्वामी चरित्र (अन्य) : वकिल नंदलाल लल्लुभाई, प्रकाशक: मुक्ति कमल मोहन, वडोदरा, प्रथम आवृत्ति, १९३०.

(१३) महावीर भक्त मणिभद्र (सचित्र) (अन्य) : भीमजी हरजीवन सुशिल, प्रकाशक : ज्योति कार्यालय, अहमदाबाद, प्रथम आवृत्ति, १९३७.

(१४) महावीर जिन पंचकल्याणक पूजा (अन्य) : विजय माणिक्यसिंह सूरि, प्रकाशक : गांधी वाडीलाल सां., अहमदाबाद, प्रथम आवृत्ति, १९२७.

(१५) महावीर ज्योतिपूजा (अन्य) : प्रकाशक : चरित्र स्मारक ग्रंथ, वीरमगाम, प्रथम आवृत्ति, १९२९.

(१६) महावीर चरियं (पद्य) (अन्य) : ले. नेमिचंद सूरि, प्रकाशक : आत्मानंद सभा, भावनगर, प्रथम आवृत्ति, १९७३.

(१७) महावीर तत्त्व प्रकाश (अन्य) : विजय केसर सूरि, कमल केशर ग्रंथ, दहेगाम, प्रथम आवृत्ति, १९८६.

(१८) महावीर स्तवन प्रकरणम् (न्याय खंडरवाद्य) (अन्य) : उ. यशोविजयजी, प्रकाशक : मनसुख भगुभाई, अहमदाबाद, प्रथम आवृत्ति.

(१९) महावीर प्रकाश-भा. १ (अन्य) : लालन निकेतन, मढडा, प्रथम आवृत्ति, १९२४.

(२०) महावीर कहेता हता (अन्य) : ले. वाडीलाल मोतीलाल, प्रकाशक : शंकरभाई, मो. शाह, मुंबई, प्रथम आवृत्ति, १९८८.

(२१) महावीर स्तव (अन्य) : ले. मान विजय, प्रकाशक : सत्य विजय ग्रंथमाला, प्रथम आवृत्ति, १९२२.

(२२) महावीर जीवन विस्तार (अन्य) : पारी भीमजी हरजीवन, प्रकाशक : मेघजी हरजी कंपनी, मुंबई, प्रथम आवृत्ति, १९११.

(२३) श्रीमन् महावीर (सचित्र अं. ८९) (अन्य) : देसाई मोहनलाल दलीचंद, प्रकाशक : देसाई मो. द. मुंबई, प्रथम आवृत्ति, १९१४.

(२४) महावीर चरियं (छठ्ठो प्रस्ताव) (अन्य) : गुणचंद्र प्रकाशक : प्राकृत विद्या मंडल, अहमदाबाद, प्रथम आवृत्ति, १९६५.

(२५) महावीर पंचकल्याणक पूजादि संग्रह (अन्य) : ले. पद्मविजय, प्रकाशक : शाह चीमनलाल गोकुलदास, प्रथम आवृत्ति, १९२३.

(२६) महावीर री ओलखाणी (राजस्थानी) : डॉ. शान्ता मनावत्, प्रकाशक: अनुपम प्रकाशन, चौडा रस्ता, जयपूर, प्रथम आवृत्ति, १९७५.

(२७) महावीर जिन स्तुति संग्रह (सटिक) : प्रका. हंसराज, जामनगर, प्रथम आवृत्ति, १९१८.

(२८) वर्धमान द्वात्रिंशिका (संस्कृत) : सिद्धसेन दिवाकर टीका. उदयसागरसूरि, प्रकाशक : जैन धर्मप्रसारक सभा, भावनगर, प्रथम आवृत्ति, १९०३.

(२९) वर्धमान देशना भाग-१ (संस्कृतानुवाद) (अन्य) : ले. पं. शुभवर्धनगणि, प्रकाशक : जैन धर्म प्रसारक सभा, भावनगर, प्रथम आवृत्ति, १९८४.

(३०) वर्धमान देशना भाग-२ (संस्कृतानुवाद) (अन्य) : ले. पं. शुभवर्धनगणि, प्रकाशक : जैन धर्म प्रसारक सभा, भावनगर. प्रथम आवृत्ति, १९८८.

(३१) वर्धमान देशना (अन्य) : ले. राजकीर्ति गणि, प्रकाशक : पं. हीरालाल हंस, जामनगर, प्रथम आवृत्ति, वीर २४६३.

(३२) वर्धमान विद्याकल्प (अन्य) : ले. वाचक चंद्रसेनो कृत, प्रकाशक : शा. डाह्या. महिकम्, अहमदाबाद, प्रथम आवृत्ति.

(३३) वर्धमान देशना (प्राकृत गद्य) : शुभ वर्धनगणि, प्रकाशक : जैन धर्म प्रसारक सभा, भावनगर, प्रथम आवृत्ति, १९८४.

(३४) वर्धमान-तप-महिमा (अन्य) : ले. जय पद्मविजय, प्रकाशक : सौराष्ट्र इले. एन्ड मेटल इन्डस्ट्रीझ, मुंबई, प्रथम आवृत्ति, १९४१.

(३५) बृहत् ह्राँकार कल्प विवरणम् तथा वर्धमान विद्याकल्प : ले. जिनप्रभ सूरि, प्रकाशक : शा. डाह्या माहोकम्, अहमदाबाद. प्रथम आवृत्ति.

(३६) सन्मति महावीर : ले. सुरेश मुनि, प्रकाशक : सन्मति ज्ञानपीठ, आग्रा, प्रथम आवृत्ति, १९५४.

English :

(१) ભગવાન મહાવીર ૨૬૦૦એથ કલ્યાણક મહોત્સવ : આચાર્ય રાજકુમાર જૈન, મનોજ વોરા, ભગવાન મહાવીર ૨૬૦૦મો કલ્યાણક મહોત્સવ સમિતી, ચેન્નાઈ, પહેલી આવૃતિ.

(૨) ભગવાન મહાવીરા : પ્રોફેટ ઑફ ટોલરન્સ : લેખક : કે. આર. ચંદ્રા, જૈન મિશન સોસાયટી, ચેન્નાઈ, પહેલી આવૃતિ, ૧૯૭૫.

(૩) ભગવાન મહાવીરા ઍન્ડ હીઝ રેલેવન્સ ઈન મોડર્ન ટાઈમ્સ : સંપાદક : નરેન્દ્ર ભાનાવત અને પ્રેમ સુમન જૈન, પ્રકાશક : અખિલ ભારતવર્ષીય સાધુ જૈન સંઘ, બીકાનેર, પહેલી આવૃતિ, ૧૯૭૬.

(૪) ભગવાન મહાવીર : લેખક : ચૌથમલજી, અનુવાદક : પંડિત રામચંદ્ર શર્મા, ખાનપુર, પ્રકાશક : જિનોદય પુસ્તક પ્રચારક સમિતિ, રતલામ, પહેલી આવૃતિ, ૧૯૪૨.

जयई जगजीवजोणी – वियाणओ दगगुरु जगाणंदो ।
जगणाहो जगबंधु, जयइ जगपियामहो भगवं ।।

नंदी, गाथा १

જગતની જીવયોનિને જાણનારા, જગદ્‌ગુરુ અને જગતને આનંદ આપનારા, જગન્નાથ, જગતબંધુ અને જગત પિતામહ, ભગવાન મહાવીરનો જય હો!

(૫) ભગવાન મહાવીર : લેખક : સુંદરલાલ ચુનીલાલ કાપડિયા, કીર્તિપાલ એસ. કાપડિયા, વડોદરા, પહેલી આવૃતિ.

(૬) ભગવાન મહાવીરા (શોર્ટ બાયોગ્રાફી ઍન્ડ આઈડિયોલોજી ઑફ લોર્ડ મહાવીરા, ધ ગ્રેટ પ્રૉફેટ ઑફ જૈનીઝમ) : લેખક : મુનિ મહેન્દ્રકુમાર, જૈન વિશ્વ ભારતી, લાડનૂ, રાજસ્થાન, પહેલી આવૃતિ, ૧૯૪૨.

(૭) કૉન્ટેપોરેમીટી ઍન્ડ ધ ક્રોનોલૉજી ઑફ મહાવીરા ઍન્ડ બુદ્ધા : અનુવાદક : મુનિ મહેન્દ્રકુમાર, ટુડેઝ ઍન્ડ ટુમોરોઝ પ્રિન્ટર્સ ઍન્ડ પબ્લિશર્સ, દેલ્હી, ૧૯૭૦.

(૮) કૉન્ટેપોરેમીટી ઍન્ડ ધ ક્રોનોલૉજી ઑફ મહાવીરા ઍન્ડ બુદ્ધા : લેખક : મુનિ નાગરાજજી, જૈન શ્વે. તેરાપંથી મહાસભા, કલકત્તા,૧૯૬૪.

(૯) ડિવાઈન લૉર્ડ મહાવીરા ધ લાઈટ ઑફ ધ થ્રી વર્લ્ડસ : લેખક : એસ. આર. ફલનીકર, કમલ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ, પહેલી આવૃતિ, ૧૯૮૧.

(૧૦) ઈસેન્શીયલ્સ ઑફ ભગવાન મહાવીર્સ ફિલોસોફી – ગનાધરાવાદ : લેખક : કે. રામપ્પા, મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ૧૯૮૯.

(૧૧) ગાઈડલાઈન્સ ટુ મહાવીર દર્શન : સંપાદક : પી. બી. મહેતા, સત્‌શ્રુત સેવા સાધના કેન્દ્ર, ૧૯૮૪.

(૧૨) હેરિટેજ ઑફ અર્હત્ મહાવીર : લેખિકા ચાર્લોટ ક્રાઉઝ (શુભદ્રાદેવી), પાર્શ્વનાથ વિદ્યાપીઠ, વારાણસી, ૧૯૯૭.

(૧૩) આઈ એમ મહાવીરા : લેખક : એન. એલ. જૈન, સંપાદક : સારગમલ જૈન, પાર્શ્વનાથ વિદ્યાપીઠ, વારાણસી, ૨૦૦૨.

(૧૪) લાઈફ ઑફ લોર્ડ શ્રી મહાવીરા એઝ રિપ્રેઝેટેડ ઈન કલ્પસૂત્ર પેઈન્ટિંગ્સ: લેખક : સારાભાઈ મણિલાલ નવાબ, સારાભાઈ મણિલાલ નવાબ, અહમેદાબાદ,૧૯૭૮.

(૧૫) લોર્ડ શ્રી મહાવીર : ઑમ્નીસીએન્ટ ટિચર ઑફ ટ્રથ : લેખકઃ આર. બી. પ્રાગવટ, આદિનાથ જૈનશ્વેતાંબર ટેમ્પલ, બેંગલોર, ૧૯૬૯.

(૧૬) લોર્ડ મહાવીર ઍન્ડ હીઝ ટિચિંગ્સ : લેખક : વી. જી. નાયર, જૈન યુવક સંઘ, ચેન્નાઈ, ૧૯૭૭.

(૧૭) લોર્ડ મહાવીર ઍન્ડ હીઝ ટિચિંગ્સ : લેખક : આર.બી. પ્રાગવત, રત્નાહીરીબાઈ લિટરરી પબ્લિકેશન્સ, ચેન્નાઈ, ૧૯૬૯.

(૧૮) લોર્ડ મહાવીર – ધી જૈના પ્રૉફેટ : લેખક : પુરનચંદ સમસુખ, કુબેર પબ્લિકેશન્સ, ચેન્નાઈ, ૧૯૫૩.

(૧૯) લોર્ડ મહાવીર : હિસ્ટોરિકલ પરસ્પેક્ટિવ : લેખક : બોલચંદ, પાર્શ્વનાથ શોધ સંસ્થાન, વારાણસી, ૧૯૮૭.

(૨૦) લોર્ડ મહાવીર : હિસ્ટ્રી ઈન હિસ્ટોરિકલ પરસ્પેક્ટિવ્સ : લેખકઃ બુલચંદ, રાજહંસ પબ્લિકેશન, બનારસ, ૧૯૪૮.

(૨૧) લોર્ડ મહાવીરા ઍન્ડ હર્બલ સાયન્સ : લેખકઃ દર્શન વિજયજી, અનુવાદઃ ઘનશ્યામ જોશી, વલ્લભસૂરિ સ્મારક નિધિ, મુંબઈ, ૧૯૫૭.

(૨૨) લોર્ડ મહાવીરા ઍન્ડ હર્બલ સાયન્સ : લેખકઃ દર્શનવિજયજી, અનુવાદઃ ઘનશ્યામ જોશી, ગોડિજી મહારાજ જૈન ટેમ્પલ, મુંબઈ, ૧૯૬૦.

(૨૩) લોર્ડ મહાવીરા ઍન્ડ હીઝ ટિચિંગ્સ : કેટલાક લેખકોના લેખોનો સંગ્રહ, વલ્લભસૂરિ સ્મારક નિધિ, મુંબઈ, ૧૯૬૧.

(૨૪) લોર્ડ મહાવીરા ઍન્ડ હીઝ ટિચિંગ્સ : લેખક : વી. જી. નાયર, પ્રકાશક : વલ્લભસૂરિ સ્મારક નિધિ, મુંબઈ, ૧૯૮૩.

(૨૫) લોર્ડ મહાવીરા ઍન્ડ હીઝ ટાઈમ્સ : લેખક : કૈલાશચંદ્ર જૈન, સંપાદક : ડી. એસ. કોઠારી, મોતીલાલ બનારસી દાસ, દિલ્હી, ૧૯૮૩.

(૨૬) લોર્ડ મહાવીરા ઍન્ડ સમ અધર ટિચિંગ્સ ઑફ હીઝ ટાઈમ : લેખક : કામતા પ્રસાદ જૈન,જૈન મિત્ર મંડળ, દિલ્હી, ૧૯૨૭.

(૨૭) લોર્ડ મહાવીરા : લેખક : બુલચંદ, જૈન કલ્ચરલ રિસર્ચ સોસાયટી, બનારસ, ૧૯૪૮.

(૨૮) લોર્ડ મહાવીરા : લેખક : ટી. એલ. વાસવાની, પંજાબ સંસ્કીત જૈન ડિપો, ૧૯૩૬.

(૨૯) લોર્ડ મહાવીરા : સંપાદક : અક્ષયકુમાર જૈન (નવભારત ટાઈમ્સ), રવિકુમાર, ન્યૂ દિલ્હી, ૧૯૯૩.

(૩૦) લોર્ડ મહાવીરા હીઝ લાઈફ ઍન્ડ ડૉક્ટરાઈન્સ : લેખક : સોમસુખ પુરનચંદ, વડોદરા, ૧૯૧૪.

(૩૧) લોર્ડ મહાવીરા ઈન ધ આઈઝ ઓફ ફોરગીવનેસ : સંપાદક : અક્ષયકુમાર જૈન, મીના ભારતી, ન્યુ દિલ્હી, ૧૯૭૫.

(૩૨) મહાવીરા : લેખક : અમૂલ્યા સેન, મહાબોધિ બુક એજન્સી, કલકત્તા, (રી-પ્રિન્ટ) ૨૦૦૩.

(૩૩) મહાવીરા : હીઝ લાઈફ એન્ડ ટિચિંગ્સ : લેખક : રાઘવચારી સરસ્વતી, જૈન સસ્તુ સાહિત્ય, અમદાવાદ.

(૩૪) મહાવીર એન્ડ હીઝ મિશન : લેખક : ભીખાલાલ બી. કપાસી, અમદાવાદ, ૧૯૨૭.

(૩૫) મહાવીર જયંતી સીમ્પોઝીયમ : પ્રકાશક : ગુલાબચંદ જૈન, દિલ્હી, ૧૯૫૫. મહાવીર જયંતી વીક (એક્ઝીબીશન ઑફ જૈન આર્ટ) ભારત જૈન મહામંડળ, કલકત્તા, ૧૯૬૪.

(૩૬) મહાવીર : વલ્લભસૂરિ સ્મારક નિધિ, મુંબઈ, વિ. સંવત, ૧૯૫૫.

(૩૭) મહાવીરા : હીઝ લાઈફ ઍન્ડ ટિચિંગ્સ : લેખક : બીમલા ચુર્ન લેકો, મહાબોધિ બુક એજન્સી, કલકત્તા, ૨૦૦૨.

(૩૮) મહાવીરા : હીઝ લાઈફ ઍન્ડ ટિચિંગ્સ : લો, વિમલા ચુર્ન, લુઝક એન્ડ કું., લંડન, ૧૯૩૭.

(૩૯) મહાવીરા: હીઝ ટાઈમ્સ એન્ડ હીઝ ફિલોસોફી ઑફ લાઈફ : લેખકઃ ડૉ. હીરાલાલ જૈન, ડૉ. એ. એન. ઉપાધ્યાય, વીર નિર્વાણ ગ્રંથ પ્રકાશન સમિતી, ઈન્દૌર, ૧૯૭૫.

(૪૦) મહાવીરા : હીઝ ટાઈમ્સ ઍન્ડ હીઝ ફિલોસોફી ઑફ લાઈફ : લેખક : ડૉ. હીરાલાલ જૈન, ડૉ. એ. એન. ઉપાધ્યાય, જૈન મિત્ર મંડળ, ન્યુ દિલ્હી, ૧૯૨૬.

(૪૧) મહાવીરા : હીઝ ટાઈમ્સ ઍન્ડ હીઝ ફિલોસોફી ઑફ લાઈફ : સંપાદક : પંડિત કૈલાશચંદ્ર શાસ્ત્રી, જ્યોતિપ્રસાદ જૈન, ભારતીય જ્ઞાનપીઠ, દિલ્હી, વિ. સંવત ૨૦૩૪.

(૪૨) મહાવીરા : ધી ગ્રેટ હીરો : એ. જે. સુનવાલા, પ્રકાશક : લુઝેક એન્ડ કું., લંડન, ૧૯૩૪.

(૪૩) મહાવીરા ઍન્ડ હીઝ ફિલોસોફી ઓફ લાઈફ : લેખક : આદિનાથ નેમિનાથ ઉપાધ્યાય, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ કલ્ચર, બેંગલોર, ૧૯૫૬.

(૪૪) મહાવીરા એન્ડ હીઝ ટિચિંગ્સ : સંપાદક : એ. એન. ઉપાધ્યાય, નાથામલ ટાંટિયા, પંડિત દલસુખભાઈ માલવણિયા, મોહનલાલ એસ. મહેતા, ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ સમિતિ, મુંબઈ, ૧૯૭૭.

(૪૫) મહાવીરા : લેખક : અમરચંદ, જૈના કલ્ચરલ રિસર્ચ સોસાયટી, બનારસ,

श्वेताम्बरत्वे न दिगम्बरत्वे, न तर्कवादे न च तत्त्ववादे
न पक्षसेवाश्रयणेन मुक्तिः, कषायमुक्तिः किल मुक्तिरेव.

'ન તો શ્વેતામ્બર હોવાથી મુક્તિ મળશે કે ન તો દિગંબર હોવાથી. ન તો તર્કવાદ દ્વારા મુક્તિ મળશે કે ન તો તત્ત્વવાદ દ્વારા. પોતાના પક્ષને વળગી રહેવાથી પણ મુક્તિ નહિ મળે. સાચા અર્થમાં તો કષાયમુક્તિ એ જ મુક્તિ છે.

૧૯૫૩.

(૪૬) મહાવીરા : લેખક : અમરચંદ, પાર્શ્વનાથ વિદ્યાપીઠ, વારાણસી, (રી પ્રિન્ટ), ૧૯૯૭.

(૪૭) મહાવીરા : લેખક : સરસ્વતી રાઘવાચારી (સુધારેલી આવૃત્તિ) વલ્લભસૂરિ સ્મારક નિધિ, બોમ્બે, ૧૯૫૬.

(૪૮) મહાવીરા ધ જૈન : લેખક : જ્યોતિ પ્રસાદ જૈન, અહિંસા સ્થળ, દિલ્હી.

(૪૯) મહાવીરા ધ મરસીફુલ : લેખક : ઋષિ ઋષભદાસ સ્વામી, સંપાદક : વી. જી. નાયર, આદિશ્વર જૈન ટેમ્પલ, ચેન્નાઈ, ૧૯૭૪.

(૫૦) મહાવીરા વચનામૃતા : લેખક : સુનીતકુમાર ચેટર્જી, જૈન સાહિત્ય પ્રકાશન મંદિર, મુંબઈ, ૧૯૬૩.

(૫૧) મોરલ સ્ટોરીઝ ઑફ ભગવાન મહાવીર : લેખક : ઉપાધ્યાય પુષ્કરમુનિ, સંપાદક : આચાર્ય દેવેન્દ્ર મુનિ, દિવાકર પ્રકાશન, આગ્રા.

(૫૨) શ્રમણ ભગવાન મહાવીરા (વોલ્યુમ ૪), નિન્હવા વેદા : લેખક: જિનભદ્ર, સંપાદક : રત્નપ્રભ વિજય, પ્રકાશક : જૈન સિદ્ધાંત સોસાયટી, અમદાવાદ, ૧૯૪૭.

(૫૩) નોન વાયોલન્સ : અ વે ઑફ લાઈફ : લેખક : કુમારપાળ દેસાઈ, જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૯૯૦.

(૫૪) પેરેબલ્સ ઑફ મહાવીરા : રજૂકર્તા : કિરણભાઈ, શ્રી કિરણ પબ્લિશર્સ, મુંબઈ, ૧૯૭૯.

(૫૫) પ્રિચિંગ ઑફ લોર્ડ મહાવીરા : લેખક : સી. એમ. શાહ, પ્રકાશક: સી. એમ. શાહ, અમદાવાદ, ૧૯૮૫.

(૫૬) પબ્લિક હૉલિડે ઓન લૉર્ડ મહાવીરા બર્થડે : લેખક : પંન્યાસ સુમેરચંદ્રજી દિવાકર, મહાવીર જૈન સભા, મંડવલા, ૧૯૪૯.

(૫૭) શ્રમણ ભગવાન મહાવીર : લેખક : કે. સી. લાલવાની, ધી મિનર્વા એસોસીએટ્સ, કલકત્તા, ૧૯૭૫.

(૫૮) શ્રમણ ભગવાન મહાવીરા ઍન્ડ જૈનિઝમ : લેખક : રમણલાલ સી. શાહ, વલ્લભસૂરિ સ્મારક નિધી, મુંબઈ, ૧૯૭૫.

(૫૯) શ્રમણ મહાવીર : લેખક : મુનિ નથમલ, મિત્ર પરિષદ, કોલકાતા, ૧૯૮૦.

(૬૦) શ્રમણ ભગવાન મહાવીર : લેખક : મુનિ રત્નપ્રભ વિજય, વોલ્યુમ ૧, પાર્ટ ૧, (૧૫ પૂર્વ ભવો) પ્રકાશક : જૈન સિદ્ધાંત સોસાયટી, અમદાવાદ, વિ. સંવત, ૧૯૪૧.

(૬૧) શ્રમણ ભગવાન મહાવીર : લેખક : મુનિ રત્નપ્રભ વિજય, વોલ્યુમ ૧, પાર્ટ ૨, (જીવન) પ્રકાશક : જૈન સિદ્ધાંત સોસાયટી, અમદાવાદ, વિ. સંવત, ૧૯૪૮.

(૬૨) શ્રમણ ભગવાન મહાવીર : લેખક : મુનિ રત્નપ્રભ વિજય, વોલ્યુમ ૨. પાર્ટ ૧, (જીવન), પ્રકાશક : જૈન સિદ્ધાંત સોસાયટી, અમદાવાદ, વિ. સંવત, ૧૯૪૮.

(૬૩) શ્રમણ ભગવાન મહાવીરા : લેખક : મુનિ રત્નપ્રભ વિજય, વોલ્યુમ ૨. પાર્ટ ૨, (જીવન), પ્રકાશક : જૈન સિદ્ધાંત સોસાયટી, અમદાવાદ, વી. સંવત, ૧૯૫૧.

(૬૪) શ્રમણ ભગવાન મહાવીર : લેખક : મુનિ રત્નપ્રભ વિજય, વોલ્યુમ ૩. પાર્ટ ૧, (ગંધર્વવાદ) પ્રકાશક : જૈન સિદ્ધાંત સોસાયટી, અમદાવાદ, વિ. સંવત, ૧૯૫૦.

(૬૫) શ્રમણ ભગવાન મહાવીર : લેખક : મુનિ રત્નપ્રભ વિજય, વોલ્યુમ ૪. પાર્ટ ૨, (નિન્હવવાદ) પ્રકાશક : જૈન સિદ્ધાંત સોસાયટી, અમદાવાદ, વિ. સંવત, ૧૯૪૭.

(૬૬) શ્રમણ ભગવાન મહાવીર : લેખક : મુનિ રત્નપ્રભ વિજય, વોલ્યુમ ૫, પાર્ટ ૨, (સ્થવિરાવલી) પ્રકાશક : જૈન સિદ્ધાંત સોસાયટી, અમદાવાદ, વિ. સંવત, ૧૯૫૦.

(૬૭) ટાઈમલેસ મેસેજ ઑફ ભગવાન મહાવીર પ્રકાશક: લેખક : કુમારપાળ દેસાઈ, જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૦૦.

(૬૮) તીર્થંકર મહાવીરા : લાઈફ ઍન્ડ ફિલોસોફી : લેખક : એસ. સી. દિવાકર, જૈન મિત્ર મંડળ, દિલ્હી, ૧૯૭૫.

(૬૯) તીર્થંકર મહાવીરા : લેખક : કુમારપાળ દેસાઈ, જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૦૩.

(૭૦) તીર્થંકર મહાવીરા : લાઈફ એન્ડ ફિલોસોફી : લેખક : દિવાકર એસ. સી., જૈન મિત્ર મંડળ, દિલ્હી, ૧૯૭૫.

(૭૧) વર્લ્ડ સેવિયર લોર્ડ મહાવીર : લેખક : રામપ્રસાદ પી. બક્ષી, સાંતાક્રુઝ જૈન મિત્ર મંડળ, મુંબઈ, ૧૯૬૧. **– સૌજન્ય : ડૉ. કુમારપાળ દેસાઈ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતિ ૨૦૦૯–૨૦૧૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૦૨–૦૧–૨૦૧૦ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા બુધવાર તા.૨૪-૦૨-૨૦૧૦ના મારવાડી વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ મધ્યે મળી હતી. જેમાં સને ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, કોપ્ટ તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

હોદ્દેદારો

પ્રમુખ:
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

ઉપપ્રમુખ:
શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ

મંત્રીઓ:
શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ

સહમંત્રી :
શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ

કોષાધ્યક્ષ :
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

સમિતી સભ્યો

શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. વસુબહેન ચંદુભાઈ ભણશાલી
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી
શ્રી નિતીનભાઈ કાંતિલાલ સોનાવાલા
શ્રી પ્રેમળભાઈ એન. કાપડિયા

કો–ઓપ્ટ સભ્યો

શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
શ્રી ભરતભાઈ મેઘજીભાઈ મામણિયા
શ્રી કાકુલાલ છગનલાલ મહેતા

નિમંત્રિત સભ્યો

શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઈ શાહ
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી માણેકલાલ એમ. સંગોઈ
શ્રી પ્રકાશભાઈ જીવનચંદ ઝવેરી
શ્રીમતી રેણુકા જિનેન્દ્ર પોરવાલ
શ્રી પન્નાલાલ કે. છેડા

શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત

લોક વિદ્યાલય, વાલુકડ (પાલીતાણા) ચેક અર્પણ કાર્યક્રમ

❑ મથુરાદાસ એમ. ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ છેલ્લા ૨૫ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાતરાજ્યની કોઈ એક સંસ્થા માટે દાનની અપીલ કરે છે.

દાનની અપીલ કરતાં પહેલા બે-ત્રણ સંસ્થાઓની મુલાકાત લેવામાં આવે છે તેમાંથી જે સંસ્થા આર્થિક સહાય માટે વધારે લાયક હોય તેની વરણી સંઘની કાર્યવાહક સમિતિમાં કરવામાં આવે છે તે મુજબ આ વર્ષે **લોક વિદ્યાલય વાલુકડ**–પાલીતાણાને આર્થિક સહાય કરવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન લોક વિદ્યાલય માટે રૂપિયા પચીસ લાખ ત્રેપન હજાર ત્રણસો ઓગણચાલીસ જેવી માતબર રકમ મળી જેને અર્પણ કરવાનો કાર્યક્રમ વાલુકડ મુકામે શનિવાર તા. ૯મી જાન્યુઆરી ૨૦૧૦ના રોજ રાખવામાં આવ્યો હતો. સંઘની છેલ્લા ૨૫ વર્ષની પ્રણાલિકા છે કે આપણે દાન, દાન લેનારના આંગણે જઈ આપવું.

સંઘના હોદ્દેદારો, સભ્યો, દાતાઓ મળી કુલ ૧૯ ભાઈ-બહેનો શુક્રવાર તા. ૮મી જાન્યુઆરી ૨૦૧૦ના રોજ રાતના ૯-૨૫ કલાકે બોમ્બે સેન્ટ્રલથી ભાવનગર એક્સપ્રેસમાં રવાના થઈ, શનિવારે સવારે ૧૧–૦૦ કલાકે સોનગઢ સ્ટેશને પહોંચ્યા હતાં. સોનગઢ સ્ટેશને વાલુકડના કાર્યકરો લક્ઝરી બસ લઈને આવેલ, તેમાં સૌ રવાના થઈ, પાલીતાણામાં પાલણપુર જૈન યાત્રિક ભવનમાં ઉતર્યા. સ્નાનાદિ ક્રિયાઓ પતાવી સૌ લોક વિદ્યાલય, વાલુકડ (કાર્યક્રમના સ્થળે) જવા બસમાં રવાના થયાં. વાલુકડ પહોંચતા લોક વિદ્યાલયના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નાનુભાઈ શિરોયાએ બધાને ભાવથી આવકારી સ્વાગત કર્યું તેમજ સ્કુલની વિદ્યાર્થિનીઓએ બધા મહેમાનોને ચાંદલો કરી ગુલાબનું ફુલ આપી અભિવાદન કર્યું.

લોક વિદ્યાલય, વાલુકડ તરફથી ત્રિવિધ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પહેલો કાર્યક્રમ સવારના મહિલા મહા વિદ્યાલય સંકુલનું શિલાન્યાસ શ્રીમતી મંજુલાબેન અનુભાઈ તેજાણી અને શ્રીમતી રેખાબેન જસમતભાઈ વીડિયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ મહા વિદ્યાલય માટે ૭૧ લાખનું દાન શ્રી અનુભાઈ તેજાણી અને જસમતભાઈ વીડિયાએ તેમના પૂજ્ય માતુશ્રીના સ્મરણાર્થે 'માતુશ્રી રામુબા દેવરાજભાઈ તેજાણી અને શાંતાબા નાનુભાઈ વીડિયા નામ આપવામાં આવ્યું હતું. આ રીતે આ બે ભાઈઓએ પોતાની માતાનું ઋણ ઉતારવાનો યશ લીધો હતો. આ પ્રસંગે પૂ. શ્રી રાજશસૂરિશ્વરજી મહારાજ સાહેબ તેમજ પૂ. સાધ્વીજી પૂ. બહેન મહારાજ સાહેબ તેમજ ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ હાજર હતાં. વાલુકડ મુકામે ઈતિહાસ સર્જાયો કે એક સાથે ૪ કૉલેજોની જુદી જુદી ફેકલ્ટીનીનું અહીં નિર્માણ થવાનું છે.

આ કાર્યક્રમ પછી પધારેલા બધા મહેમાનો અને પાલીતાણાથી આવેલા સંઘના બધા સભ્યોને ભોજન કક્ષમાં સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લેવા આમંત્ર્યા હતાં. ભોજનાદિ કાર્ય પતાવી, મહેમાનોને વાલુકડ સંકુલના બધા વિભાગો બતાવી, માહિતી અપાઈ હતી. ત્યાર પછી કાર્યક્રમ માટે તૈયાર કરેલા શામિયાણામાં બધાં ગોઠવાઈ ગયાં હતાં.

કાર્યક્રમની શરૂઆત કરતાં પહેલાં વાલુકડના ભાઈ-બહેનોએ પૂજ્ય શ્રી ગણપતિની સ્તુતિ રજુ કરી હતી.

પ્રારંભમાં લોક વિદ્યાલય, વાલુકડના ટ્રસ્ટી ડૉ. ઝેડ. પી. ખેનીએ વાલુકડ પધારેલા બધા મહેમાનોને અને મંચ ઉપર બિરાજમાન મહાનુભાવોનો, પરિચય આપ્યો, તેમજ સંસ્થાના કાર્યની ખૂબ જ સુંદર રૂપરેખા આપી. બધા વાલુકડ મુકામે પધાર્યા તે માટે ખૂબ અભિનંદન આપ્યાં હતાં.

ત્યાર પછી મંચ ઉપર બિરાજમાન મહાનુભાવો સર્વશ્રી ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકિયા, ગુરૂ આશ્રમ, બગદાણાના મનજી બાપા, દલસુખભાઈ ગોધાણી તેમજ સંઘના પ્રમુખશ્રી રસિકલાલ લહેરચંદ શાહ અને મંત્રી ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ, અનુભાઈ દેવરાજભાઈ તેજાણી અને જસમતભાઈ નાનુભાઈ વીડિયાએ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

દીપ પ્રાગટ્ય કાર્યક્રમ પછી મંચ ઉપર બિરાજમાન મહાનુભાવોનું પુસ્તક અને શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું.

આજના પ્રસંગે ઘણાં દાનની જાહેરાતો દાતાઓના નામ સાથે થઈ હતી. આશરે ૭૫/૮૦ લાખના દાનના નામો જાહેર થયાં હતાં. ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી કાંતિભાઈ ઉકાણીએ ૧૧ લાખના દાનની જાહેરાત કરી હતી. આ બધામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૨૫,૫૩,૩૩૯/– દાન એ અનેરૂં હતું.

પૂ. આચાર્ય શ્રી રાજયશસૂરિશ્વરજી મહારાજ સાહેબના સાંનિધ્યમાં લોક વિદ્યાલય, વાલુકડના મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી નાનુભાઈ શિરોયાએ સંઘનો ચેક રૂા. ૨૧,૭૮,૩૩૯/- અર્પણ કરવામાં આવ્યો તેમજ રૂા. ૩,૭૫,૦૦૦/- વાલુકડને દાતાઓએ મોકલ્યાં હતાં. કુલ દાનની રકમ રૂા. ૨૫,૫૩,૩૩૯/- થઈ.

એ પ્રસંગે પૂ. આચાર્યશ્રીએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે સરસ સંસ્કાર આપતી આવી વિદ્યાલયોને ખરેખર વિદ્યાતીર્થ કહેવું જોઈએ. દાતાઓ પોતાની માતાને યાદ કરી દાન આપે છે તે ખરેખર પ્રશંસનિય છે.

ત્યારબાદ સંઘના મંત્રી ડૉ. ધનવંતભાઈએ પોતાના વક્તવ્યમાં

જણાવ્યું કે અમે ખરેખર દાતા નથી પણ અમને બીજા દાતાઓ આપણી સંસ્થા માટે દાન આપે છે તે ભેગું કરીએ છીએ. અમે માત્ર નિમિત્ત છીએ. દાતાઓ બીજા છે. આપનું દાન હોય છે તે અમે બધાં પાસેથી ભેગું કરીને આપને આપીએ છીએ. ફક્ત ટપાલીનું કામ અમે કરીએ છીએ.

સાંજના ભોજનનો કાર્યક્રમ વાલુકડ મુકામે હતો તેમજ રાતના સાંસ્કૃતિક કાર્યક્રમમાં સભ્યો હાજર રહી, બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. રાતના બસમાં બધા પાલણપુર યાંત્રિક ભવન માટે રવાના તયાં હતાં.

રવિવારે તા. ૧૦મી જાન્યુઆરીએ થોડા સભ્યો સવારે વહેલા ઊઠી શત્રુંજય પર્વત ઉપર દાદાની પૂજા અને દર્શન કરવા ગયાં હતાં. બાકીના બીજાઓએ તળેટીમાં આવેલા દેવસ્થાનોના દર્શનનો લાભ લીધો હતો. બપોરનું જમવાનું યાંત્રિક ભવનમાં હતું. તેમજ સાંજના કાર્યક્રમ માટે ભગિની મિત્ર મંડળના મંત્રી શ્રી ડોલરબેન કપાસી તરફથી જમવાનું આમંત્રણ હતું. એટલે બધા સભ્યો ૫ વાગે બસમાં બેસી ભગિની મિત્ર મંડળની ઑફિસે મળવા ગયાં હતાં. ભગિની મિત્ર મંડળની બહેનોએ આમંત્રિત મહેમાનોને ગુલાબના ફુલ અને રૂમાલથી સ્વાગત કર્યું હતું. સંઘના સભ્યોએ ભગિની મિત્ર મંડળની નવી પ્રવૃત્તિ નિહાળી સંતોષ વ્યક્ત કર્યો હતો. પછી ભોજનને ન્યાય આપી બધા બસમાં યાંત્રિક ભવન માટે રવાના થયાં હતાં.

યાંત્રિક ભવન પહોંચ્યાં પછી ભવનના દરવાજા પાસે જ સંગીતની મોટી મહેફિલ જામી હતી. શ્રી ભરતભાઈની ફરમાઈશથી કુમારી દેસીકાએ સ્તવનની શરૂઆત કરી હતી. ત્યાર પછી ફિલ્મી ગીતો, ભજન, સ્તવન, ગઝલો, શાયરી રજુ કરી. મહેફિલમાં ચાર ચાંદ લાગી ગયાં હતાં. રજુ કરનારા સર્વશ્રી ડૉ. ધનવંતભાઈ, રસિલલાલભાઈ, ભરતભાઈ, પ્રકાશભાઈ, ઉષાબેન, ઈન્દુબેન, ઉષાબેન, ઈલાબેન, ઘેલાણી સાહેબ ગાંગજીભાઈ વગેરે મહેફિલમાં રંગત લાવ્યાં હતાં.

સોમવાર તા. ૧૧મી જાન્યુઆરીએ સવારના યાંત્રિક ભવનમાંથી નીકળી સોનગઢ માટે રવાના થયાં. રસ્તામાં ભીમેશ્વર મહાદેવ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિજન આશ્રમની મુલાકાત લીધી. શ્રી ભીખાભાઈ સાટીયા એનું ખૂબ જ સુંદર સંચાલન કરે છે. ગામમાં જેટલા પણ મંદબુદ્ધિના પુરૂષ-સ્ત્રી હોય તેને બપોરનું અને સાંજનું જમણ આપવામાં આવે છે. તેમજ આશ્રમમાં જ ૧૪૦ મંદબુદ્ધિજનને રહેવાની, ખાવાની વ્યવસ્થા છે. જેમાં ૧૦૫ પુરૂષ છે અને ૩૫ બહેનો છે. આ સંખ્યા વધારવાનો એમનો વિચાર છે. આ સંસ્થા ખરેખર ખૂબ જ ઉમદા કામ કરે છે. મંદબુદ્ધિના બાળકોને સાચવવા એ ખૂબ જ કઠિન કામ છે. સમાજમાં આવા લોકોને બધા ગાંડા કહીને હડધૂત કરતા હોય છે. જ્યારે આ સંસ્થામાં એમને માનભેર રાખવામાં આવે છે અને એમનું ગાંડપણ ઓછું થાય એવા પ્રયત્નો કરે છે.

આ મંદબુદ્ધિના આશ્રમમાં આજ સુધી ઘણાં મંદબુદ્ધિના બાળકોએ પ્યાર ભરી સેવાનો લાભ લીધો છે અને સારા થઈ સમાજમાં પાછાં ગયાં છે. એવી ખૂબ જ સુંદર અને આત્મિયતાની લાગણીથી બધાને પ્રેમની હૂંફ આપવામાં આવે છે.

ત્યાંથી બસમાં બધા શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ-સોનગઢ ગયાં. બપોરનું ભોજન ત્યાં જ કર્યું. બપોરનો વિશ્રામ કરી સાંજના ફરીથી રત્નાશ્રમના વિદ્યાર્થીઓએ સ્કુલમાં ચાલતા વિવિધ પ્રકારના ક્લાસીસ, કૉમ્પ્યુટર રૂમ, કલાત્મક ચીજોની બનાવટ વગેરે બતાવવામાં આવ્યું હતું. સાંજના સ્કુલના છોકરાઓ તરફથી સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કરવામાં આવ્યો હતો.

આ મુલાકાત સમયે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે રૂા. ૧૧,૦૦૦/- નો ચેક મંદબુદ્ધિ આશ્રમને અને રૂા. ૫,૦૦૧/- નો ચેક શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્ન કલ્યાણ આશ્રમ સોનગઢને અર્પણ કર્યો હતો.

સોનગઢથી રાતના ૯-૧૫ કલાકે ભાવનગર એક્સપ્રેસમાં રવાના થઈ મંગળવાર તા. ૧૨મી જાન્યુઆરીએ ૧૧-૦૦ કલાકે વાંદ્રા સ્ટેશને ઉતર્યાં હતાં. ✷✷✷

પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

૧. પ્રકાશન સ્થાન	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪.
૨. પ્રસિદ્ધિનો ક્રમ	: માસિક. દર મહિનાની ૧૬મી તારીખે
૩. મુદ્રકનું નામ	: શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
૪. પ્રકાશકનું નામ	: શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
રાષ્ટ્રીયતા	: ભારતીય
સરનામુ:	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
૫. તંત્રી	: શ્રી ધનવંત તિલકરાય શાહ
રાષ્ટ્રીયતા	: ભારતીય
સરનામું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
૬. માલિકનું નામ અને સરનામુ	: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૧૦ ☐ **ધનવંત તિલકરાય શાહ**, તંત્રી

આજીવન સભ્યોનો પૂરક રકમ માટે અદ્‌ભૂત પ્રતિસાદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વર્ષો પહેલા રૂા. ૨૫૧/–, રૂા. ૫૦૧/– ભરીને જે મહાનુભાવો આજીવન સભ્ય બન્યા હતા એઓશ્રીને વર્તમાન આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦૦/- છે એમ જણાવી પૂરક રકમ આપવા અમે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા વિનંતિ કરી હતી, જેનો અમને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

કેટલાંક માનવંતા સભ્યો પાસે જૂની વિગતો ન હતી એટલે સર્વે સભ્યોને અમે પૂરી વિગત આપી પૂરક રકમ મોકલવા વ્યક્તિગત પત્રો લખ્યા, અને સાથે 'પ્રબુદ્ધ જીવન' માટે સૂચનો પણ આવકાર્યા.

અમને ખૂબ જ આનંદ થાય છે તેમજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યો માટે ગૌરવ પણ થાય છે કે અમારા એ વ્યક્તિગત પત્રોનો અમને અદ્‌ભુત-અભૂતપૂર્વક પ્રતિસાદ મળ્યો અને પ્રતિદિન પૂરક રકમના ચેકો–રોકડા મળતા રહ્યા. સાથે ખૂબ જ જાણવા જેવા અભિપ્રાયો મળ્યા.

આ સર્વ મહાનુભાવોને આવી ઊંચી સંસ્કારિતાને અમારા નત્ મસ્તકે વંદન છે. આ સંસ્થા પ્રત્યે આપે જે શ્રદ્ધા વહાવી છે એ માટે આપને અમારા અંતરના અભિનંદન અને આપના સર્વાંગી વિકાસ માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

'પ્રબુદ્ધ જીવન'માં વિનંતિ કરી હતી ત્યારથી, તા. ૧૦–૩–૨૦૧૦ સુધી જે જે પૂરક રકમ અમને પ્રાપ્ત થઈ છે એની યાદી નીચે મુજબ છે–ત્યાર પછી જે રકમ પ્રાપ્ત થશે એની વિગત પણ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરતા રહીશું.

	નામ	રકમ
	અગાઉનો સરવાળો ૧૯૭૦૦૩	
૦૧	શ્રી જયંતીલાલ છોટાલાલ શાહ	૫૦૦૦
૦૨	શ્રી સુરેશ પ્રેમચંદ મહેતા	૫૦૦૦
૦૩	શ્રી ભુપતલાલ છગનલાલ વિરાણી	૪૭૫૦
૦૪	શ્રી જયશ્રીબેન જયંતિલાલ વિરાણી	૪૭૫૦
૦૫	શ્રી મહેશ જમનાલાલ શાહ (નવા)	૫૦૦૦
૦૬	શ્રી હરેશ પ્રવિણચંદ્ર શાહ	૫૦૦૦
૦૭	શ્રી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ	૪૪૯૯
૦૮	શ્રી નિતિનભાઈ આઈ. કપાસી	૪૫૦૦
૦૯	શ્રી પ્રવિણચંદ્ર શાંતિલાલ કોઠારી	૪૭૪૯
૧૦	શ્રી પૃથ્વીરાજ સી. શાહ	૪૭૪૯
૧૧	શ્રી રસિકલાલ સી. ચૌધરી	૫૦૦૧
૧૨	શ્રી મનસુખલાલ એલ. વસા	૫૦૦૦
૧૩	શ્રી પ્રતાપ કે. શાહ	૧૦૦૦
૧૪	શ્રી પ્રેમળભાઈ એન. કાપડિયા	૪૫૦૦
૧૫	શ્રી મુકુન્દલાલ વાડીલાલ ગાંધી	૪૭૫૦
૧૬	શ્રી ભરતચંદ્ર ચીમનલાલ શાહ	૪૭૫૦
૧૭	શ્રી કિરીટકુમાર કરમશી ગાલા	૫૦૦૦
૧૮	ડૉ. દિનેશ કે. દફતરી	૪૫૦૦
૧૯	શ્રી હર્ષદ એમ. શેઠ	૫૦૦૦
૨૦	શ્રી કે. એલ. વોરા	૫૦૦૦
૨૧	શ્રી હસમુખ જી. શાહ	૪૭૫૦
૨૨	શ્રી શરદભાઈ રસિકભાઈ શાહ	૪૭૪૯
૨૩	શ્રી સુમિત્રા કે. ઝવેરી	૪૫૦૦
૨૪	શ્રી અજિત આર. ચોકસી	૪૫૦૦
૨૫	શ્રી અરૂણા અજિત ચોકસી	૪૫૦૦
૨૬	શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા	૪૫૦૦
૨૭	શ્રી મહેન્દ્ર પોપટલાલ શાહ	૪૭૫૦
૨૮	શ્રી મહેન્દ્ર સી. સંઘવી	૫૦૦૦
૨૯	શ્રી યાત્રિક એમ. ઝવેરી (નવા) (રસીલાબેન ઝવેરી)	૫૦૦૦
૩૦	શ્રી કિરણભાઈ ગાંધી	૪૭૫૦
૩૧	શ્રી દામજીભાઈ કે. છેડા	૪૫૦૦
૩૨	શ્રી પ્રકાશ એસ. દોશી	૪૭૫૦
૩૩	શ્રી પ્રદીપ ડી. કોઠારી	૪૫૦૦
૩૪	શ્રી કિશોર દલીચંદ જોબલીયા	૫૦૦૦
૩૫	શ્રી શીવજી મુલજી શાહ	૧૦૦૦
૩૬	શ્રી વિજય પ્રેમજી શાહ	૪૭૫૦
૩૭	શ્રી વિનોદ એમ. મહેતા	૫૦૦૦
૩૮	શ્રી નવીન સી. ગાંધી	૫૦૦
૩૯	શ્રી અરૂણકુમાર રમણલાલ ગાંધી	૫૦૦૦
૪૦	શ્રી જયંતિલાલ એચ. શાહ	૪૭૫૦
૪૧	શ્રી એ. એમ. ડેલીવાલા	૨૫૦૦
૪૨	શ્રી હેમલતા એલ. શાહ	૫૦૦૦
૪૩	શ્રી હિતેન કલ્યાણજી ગાલા	૨૦૦૦
૪૪	શ્રી નરેન્દ્ર સી. હેકડ	૨૦૦૦
૪૫	શ્રી એમ. એન. શાહ	૪૭૫૦
૪૬	શ્રી લક્ષ્મીબેન તેજશી છેડા	૪૭૫૦
૪૭	ડૉ. પ્રવિણ જે. શાહ	૪૫૦૦
૪૮	શ્રી કલ્પનાબેન શાહ	૪૪૯૯
૪૯	શ્રી હસમુખભાઈ ડી. શાહ	૪૭૪૯
૫૦	શ્રી ભારતી જી. કપાસી	૪૪૯૯
૫૧	શ્રી દામજી વિજપર સાવલા	૫૦૦૦
૫૨	શ્રી ચીમનલાલ કે. મહેતા	૪૨૫૦
૫૩	શ્રી પ્રદિપ એન. શાહ	૫૦૦૦
૫૪	શ્રી મનસુખલાલ અમૃતલાલ મોદી	૪૭૫૦
૫૫	શ્રી જે. વી. ઠક્કર	૫૦૦૦
૫૬	શ્રી ભરત કરમચંદ દલાલ	૪૭૫૦
૫૭	શ્રી પ્રમીલાબહેન બી. શાહ	૪૫૦૦
૫૮	શ્રી રક્ષાબહેન શ્રોફ	૩૫૦૦
૫૯	શ્રી મૃદુલાબહેન એમ. મહેતા	૫૦૦૦
૬૦	શ્રી પીયુષભાઈ પી. અવલાની	૪૭૪૯
૬૧	શ્રી પરેશ એમ. કાપડિયા	૪૫૦૦
૬૨	શ્રી ભરત લખમશી છેડા (નવા)	૫૦૦૦
૬૩	શ્રી મનસુખલાલ મહેતા	૨૦૦૦
૬૪	શ્રી લક્ષ્મીકાંત જે. શાહ	૪૫૦૦
૬૫	શ્રી જયંત જે. તુરખીયા	૪૫૦૦
૬૬	શ્રી જયંત કે. છેડા	૨૫૦૦
૬૭	શ્રી મનહર પી. હેમાણી	૪૫૦૦
૬૮	શ્રી વસંત કે. મોદી	૫૦૦
૬૯	શ્રી જશવંત પી. વોરા	૪૭૫૦
૭૦	શ્રી રમાબહેન વિનોદ મહેતા	૫૦૦૦
૭૧	શ્રી ભૂપેન્દ્ર એમ. શાહ	૪૬૫૦
૭૨	શ્રી સુરેન્દ્ર શાહ	૫૦૦૦
૭૩	શ્રી પ્રિયલતા એસ. સોનાવાલા (નવા)	૫૦૦૦
૭૪	શ્રી બિપીનભાઈ વા. ગોસલીયા	૫૦૦૦
૭૫	શ્રી મનોજ નેમચંદ શાહ	૨૫૦૦
૭૬	શ્રી નિર્મલા વી. તોલાટ	૪૬૫૦
૭૭	શ્રી કલાવતી એસ. મહેતા	૫૦૦૦
૭૮	શ્રી વર્ષાબેન આર. શાહ	૩૫૦૦
૭૯	શ્રી ભૂપેન્દ્ર આર. શાહ	૪૭૫૦
૮૦	શ્રી ગુણવંત બી. શાહ	૨૦૪૯
૮૧	શ્રી કીરીટ આર. ગોહીલ	૨૫૦૦
૮૨	શ્રી ભરત કે. શાહ	૧૦૦૦
૮૩	શ્રી અરવિંદ એલ. શાહ	૪૬૪૯
૮૪	શ્રી પન્નાલાલ આર. શાહ	૪૭૪૯
૮૫	શ્રી નવીન ડી. શાહ	૪૫૦૦

	નામ	રકમ
૮૬	શ્રી નાનજી લાલજી ભેદા	૫૦૦૦
૮૭	ડૉ. રશ્મીભાઈ જવેરી	૪૦૦૦
૮૮	શ્રી ધીરજલાલ કલ્યાણજી	૫૦૦૦
૮૯	શ્રી છબીલદાસ નેમચંદ શાહ	૫૦૦૦
૯૦	શ્રી કુંવરજી નાનજી કેનીયા	૪૫૦૦
૯૧	શ્રી રસિકલાલ કેશવલાલ શાહ	૪૭૫૦
૯૨	શ્રી વિક્રમ ચુનીલાલ શાહ	૪૫૦૦
૯૩	શ્રી મહેશ સી. અજમેરા	૧૫૦૦
૯૪	શ્રી દેવચંદ જી. શાહ	૪૦૦૦
૯૫	શ્રી ગુલાબચંદ કે. શાહ	૫૦૦૦
૯૬	શ્રી બિપિન એ. શાહ	૪૫૦૦
૯૭	શ્રી મહેન્દ્ર બી. વોરા	૪૭૫૦
૯૮	શ્રી યોગેશ પ્રેમજી છેડા (નવા)	૫૦૦૦
૯૯	શ્રી ડી. એમ. પારેખ	૪૫૦૧
૧૦૦	શ્રી કિશોર જે. શેઠ	૫૦૦૦
૧૦૧	શ્રી કુસુમબેન બી. દોશી	૧૦૦૦
૧૦૨	શ્રી ખેતશી એન. શાહ	૪૭૫૦
૧૦૩	શ્રી રમણલાલ એ. સંઘવી	૧૦૦૦
૧૦૪	શ્રી ચંદ્રકાન્ત જી. શાહ	૫૦૦૦
૧૦૫	શ્રી મધુકાન્ત ટી. શેઠ	૫૦૦૦
૧૦૬	શ્રી સુધીર જે. માલદે (નવા)	૫૦૦૦
૧૦૭	શ્રી પ્રબોધ કે. શાહ	૪૭૫૦
૧૦૮	શ્રી કેશવલાલ સી. શાહ	૭૫૦
૧૦૯	શ્રી હિંમતલાલ ધડા	૧૦૦૧
૧૧૦	શ્રી રસિકલાલ જે. કાપડીયા	૨૭૫૦
૧૧૧	શ્રી મહેન્દ્ર યુ. શાહ	૪૫૦૦
૧૧૨	શ્રી નરેન્દ્ર મણિલાલ દોશી	૨૦૦૦
૧૧૩	શ્રી માણેકજી નેમજી દંડ	૪૫૦૦
૧૧૪	શ્રી જશવંતભાઈ બી. મહેતા	૨૫૦૦
૧૧૫	શ્રી જયકિશોર વી. સંઘવી	૫૦૦૧
૧૧૬	શ્રી સેવંતીલાલ છોટાલાલ શાહ	૫૦૦૧
૧૧૭	શ્રી એમ. બી. વોરા	૪૭૫૦
૧૧૮	શ્રી વિપિનચંદ્ર એસ. સંઘવી	૫૦૦૦
૧૧૯	શ્રી યશોમતીબેન વી. નાણાવટી(નવા)	૫૦૦૦
૧૨૦	શ્રી પ્રજ્ઞેશ કાંતિલાલ દેસાઈ	૪૭૪૯
૧૨૧	શ્રી ગુણવંતરાય ડી. શાહ	૫૦૦૦
૧૨૨	શ્રી રમેશ એમ. ઝવેરી	૪૫૦૦
૧૨૩	શ્રી પ્રતાપરાય પી. શેઠ	૧૦૦૧
૧૨૪	શ્રી લક્ષ્મીચંદ લીલાધર દેઢીયા	૪૭૫૦
૧૨૫	શ્રી ધીરજલાલ ટી. શાહ	૪૫૦૦
૧૨૬	શ્રી અનંત ખેતાણી	૨૫૦૦
૧૨૭	શ્રી દિલીપ બી. શાહ	૪૭૫૦
૧૨૮	શ્રી કપુરચંદ જૈન	૪૫૦૦
૧૨૯	શ્રી પુષ્પા ધનવંત મહેતા	૫૦૦૦
૧૩૦	શ્રી શીલા રાજેન્દ્ર બુટાલા	૫૦૦૦
૧૩૧	શ્રી અરવિંદ પી. શેઠ	૪૭૫૦
૧૩૨	શ્રી શશિકાન્ત ચીમનલાલ શેઠ	૪૭૫૦
૧૩૩	શ્રી ડાહ્યાભાઈ ડી. વખારીયા	૧૫૦૦
૧૩૪	શ્રી દીપક એલ. વોરા	૧૦૦૦
૧૩૫	શ્રી સંદીપ એન. વોરા	૪૨૫૦
૧૩૬	શ્રી પ્રકાશ મોદી	૪૬૫૧
૧૩૭	શ્રી હસમુખ એચ. દોધીવાલા	૪૭૫૦
૧૩૮	શ્રી જ્યોતિબેન શાહ	૪૭૫૦
૧૩૯	શ્રી દીલીપભાઈ વી. કાકાબળિયા	૩૦૦૦
૧૪૦	શ્રી એલ. ડી. શાહ	૫૦૦૦
૧૪૧	શ્રી જગશી એમ. શાહ	૫૦૦૦
૧૪૨	શ્રી રસિકલાલ ડી. જુઠાણી	૨૫૦૦
૧૪૩	શ્રી ટોકરશી એમ. ગડા	૪૬૫૦
૧૪૪	શ્રી કનકમલ મુનોત	૧૦૦૦
૧૪૫	શ્રી અમિતા ડી. પારેખ	૪૭૫૦
૧૪૬	શ્રી જયંતીલાલ જે. ગાંધી	૧૦૦૦
૧૪૭	શ્રી દિપક એમ. મોદી	૫૦૦૦
૧૪૮	શ્રી હિરેન શાહ	૨૧૪૯
૧૪૯	શ્રી મણિલાલ એસ. દોશી	૫૦૦૦
૧૫૦	શ્રી કાકુલાલ સી. મહેતા	૪૫૦૦
૧૫૧	શ્રી મહેન્દ્ર એચ. શાહ	૪૭૫૦
૧૫૨	શ્રી સોનલ રાજેનકુમાર શાહ (નવા)	૫૦૦૦
૧૫૩	શ્રી લક્ષ્મીચંદ કે. શાહ	૪૫૦૦
૧૫૪	શ્રી વિનિત અરવિંદ શાહ (નવા)	૫૦૦૦
૧૫૫	શ્રી પ્રકાશ નાગરદાસ શાહ	૫૦૦૦
૧૫૬	શ્રી વી. એન. સવાણી (માટુંગા ગુજરાતી ક્લબ લિ.)	૪૭૫૦
૧૫૭	લીના વી. શાહ	૪૫૦૦
૧૫૮	શ્રી રસિકલાલ એન. વોરા	૪૭૫૦
૧૫૯	શ્રીમતી મીરા આર. મહેતા	૫૦૦૦
૧૬૦	શ્રી શાંતિલાલ રામજી ગડા	૪૫૦૦
૧૬૧	શ્રી દિનેશ વરજીવનદાસ શાહ	૨૫૦૦
૧૬૨	શ્રી શિરીષ કે. ભણશાલી	૪૬૫૦
૧૬૩	ડૉ. ધીરેન્દ્રકુમાર વી. શાહ	૫૦૦૦
૧૬૪	શ્રી પ્રમોદચંદ વીરચંદ શાહ	૨૫૦૦
૧૬૫	ડૉ. ભરત જે. ભીમાણી	૪૫૩૦
૧૬૬	શ્રી કિરણ એચ. શાહ	૪૫૦૦
૧૬૭	શ્રી અશોક એસ. મહેતા	૫૦૦૦
૧૬૮	શ્રી લક્ષ્મીચંદ યુ. મારૂ	૪૫૦૦
૧૬૯	શ્રી અનંતરાય એફ. શાહ	૨૫૦૦
૧૭૦	શ્રી હસમુખભાઈ તલસાણીયા	૧૦૦૦
૧૭૧	શ્રી શાંતિલાલ સી. શાહ	૫૦૦૦
૧૭૨	શ્રી જયંતીલાલ એમ. દોશી	૫૦૦૦
૧૭૩	શ્રીમતી દર્શનાબેન નરેશ પરીખ	૫૦૦૦
૧૭૪	શ્રી હરીશ એલ. સંઘવી	૧૫૦૦
૧૭૫	શ્રી દિનકરભાઈ એ. કોઠારી	૫૦૦૦
૧૭૬	શ્રી શાંતિલાલ સંઘવી	૧૦૦૦
૧૭૭	શ્રી હર્ષદભાઈ બી. દોશી	૪૫૦૦
૧૭૮	શ્રી હરખચંદભાઈ બી. શાહ	૨૫૦૦
૧૫૮	શ્રી રસિકલાલ એન. વોરા	૪૭૫૦
૧૫૯	શ્રીમતી મીરા આર. મહેતા	૫૦૦૦
૧૬૦	શ્રી શાંતિલાલ રામજી ગડા	૪૫૦૦
૧૬૧	શ્રી દિનેશ વરજીવનદાસ શાહ	૨૫૦૦
૧૬૨	શ્રી શિરીષ કે. ભણશાલી	૪૬૫૦
૧૬૩	ડૉ. ધીરેન્દ્રકુમાર વી. શાહ	૫૦૦૦
૧૬૪	શ્રી પ્રમોદચંદ વીરચંદ શાહ	૨૫૦૦
૧૬૫	ડૉ. ભરત જે. ભીમાણી	૪૫૩૦
૧૬૬	શ્રી કિરણ એચ. શાહ	૪૫૦૦
૧૬૭	શ્રી અશોક એસ. મહેતા	૫૦૦૦
૧૬૮	શ્રી લક્ષ્મીચંદ યુ. મારૂ	૪૫૦૦
૧૬૯	શ્રી અનંતરાય એફ. શાહ	૨૫૦૦
૧૭૦	શ્રી હસમુખભાઈ તલસાણીયા	૧૦૦૦
૧૭૧	શ્રી શાંતિલાલ સી. શાહ	૫૦૦૦
૧૭૨	શ્રી જયંતીલાલ એમ. દોશી	૫૦૦૦
૧૭૩	શ્રીમતી દર્શનાબેન નરેશ પરીખ	૫૦૦૦
૧૭૪	શ્રી હરીશ એલ. સંઘવી	૧૫૦૦
૧૭૫	શ્રી દિનકરભાઈ એ. કોઠારી	૫૦૦૦
૧૭૬	શ્રી શાંતિલાલ સંઘવી	૧૦૦૦
૧૭૭	શ્રી હર્ષદભાઈ બી. દોશી	૪૫૦૦
૧૭૮	શ્રી હરખચંદભાઈ બી. શાહ	૨૫૦૦
૧૭૯	શ્રી મનહર સી. પારેખ	૫૦૦૦
૧૮૦	શ્રી નરેન્દ્ર એમ. શાહ	૪૫૦૦
૧૮૧	શ્રીમતી ઝવેરબેન પી. સોની	૧૦૦૦
૧૮૨	શ્રી મનહરલાલ જે. શેઠ	૧૦૦૦
૧૮૩	શ્રી રસિકચંદ ડી. તુરખીયા	૧૦૦૦
૧૮૪	શ્રી રમણલાલ એન. શાહ	૨૫૦૦
૧૮૫	શ્રી હંશા નિરંજન વોરા	૪૦૦૦
૧૮૬	શ્રી પ્રકાશ કે. શાહ	૧૦૦૦
૧૮૭	શ્રી મહેન્દ્ર એમ. શાહ	૪૦૦૦
૧૮૮	શ્રી કિશનભાઈ કે. કાપડિયા	૨૫૦૦
૧૮૯	શ્રી શરદ એમ. ગાંધી (નવા)	૫૦૦૦
૧૯૦	શ્રીમતી ભારતીબેન બી. શાહ (નવા)	૫૦૦૦
૧૯૧	શ્રી પી. એમ. શાહ	૫૦૦૦
૧૯૨	શ્રી બી. એસ. વસા	૫૦૦૦
૧૯૩	શ્રી અનંત જે. ધામી	૫૦૦૦
૧૯૩	શ્રી રસિકલાલ એસ. તુરખિયા	૫૦૦

ટોટલ ૧૦,૬૨,૦૫૭

જયભિખ્ખુ જીવનધારા : ૧૬

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક 'જયભિખ્ખુ'ની જીવનકથામાં હવે રંગ પુરાય છે જવાંમર્દીના. વળી ચરિત્રકારના ચરિત્રની સાથે એની આસપાસનો પરિવેશ એટલો જ રસપ્રદ બનતો હોય છે. આજથી એકસો વર્ષ પૂર્વેના સમાજની માન્યતાઓ, વહેમો અને જીવનદશાનું આમાં ચિત્રણ મળે છે. એમના શાળાજીવનના પ્રસંગોમાંથી એમના સર્જનની પીઠિકા સાંપડે છે. અહીં એમના શાળાજીવનના સર્જનલક્ષી ઘટનાપ્રસંગોની ઝલક જોઈએ એમની જીવનકથાના હવેના પ્રવાહમાં.]

જીવની જેમ જાળવજે !

પ્રત્યેક માનવીને અતીતનું એક તીવ્ર ખેંચાણ હોય છે. એ અતીત એના ચિત્તને ભૂતકાળની સ્મૃતિઓના રંગે રંગી નાખે છે. એ સ્મૃતિઓ એના વર્તમાન જીવનમાં આનંદ-કરુણાના વિવિધ ભાવો જગાડતી હોય છે. એમાં પણ 'તને સાંભરે રે ?' અને 'મને કેમ વીસરે રે ?'- એવા કેટલાય પ્રસંગો ચિત્તમાં ઊપસી આવતા હોય છે. મન પુનઃ પુનઃ બાળપણની દુનિયામાં સરી જતું હોય છે.

ઉત્તર ગુજરાતના વરસોડા ગામની નિશાળમાં ભીખાલાલે (જયભિખ્ખુનું હુલામણું નામ) અભ્યાસ કર્યો. સાબરમતી નદી આ ગામથી માત્ર એક ગાઉ (દોઢેક માઈલ)ના અંતરે હતી, પરંતુ નદી અને ગામની વચ્ચે પુષ્કળ વાઘાં-કોતર આવેલાં હતાં. નિર્જન અને ભેંકાર કોતરમાં બાવળ અને આવળના ઝાડ સ્થળના એકાંત અને ભયની તીવ્રતા વધારતાં હતાં. વળી ઠેર ઠેર હાથિયા થોરની મોટી-મોટી વાડ જોવા મળતી હતી. ઊંડાં કોતરોમાં થઈને પસાર થતી કેડી પર ચાલતી વખતે ભલભલાની હિંમત ભાંગી જતી. આખો માણસ જાણે જમીનમાં ખોવાઈ ગયો હોય, એ રીતે આ ઊંચાં કોતરોમાં એ ક્યાંક અદૃશ્ય થઈ જતો.

વાતાવરણમાં એવો સન્નાટો રહેતો કે વટેમાર્ગુની આંખની કીકી સતત ચોતરફ ભમતી રહેતી. કોઈ ધાડપાડુ, બહારવટિયો કે લેભાગુ માણસ કોતરની કઈ બખોલમાંથી ધસી આવશે એનો કશો અંદાજ નહોતો. આવે સમયે મદદે આવે એવુંય કોઈ દેખાતું નહોતું. કોતરોની આ ભયાનકતામાં કૂવાઓ ઉમેરણ કરતા હતા. સુકાઈ ગયેલા આ કૂવાઓ વિશે કેટલીયે લીલીછમ કથાઓ ગામલોકોની જીભે ચર્ચાતી હતી. ગામની વસ્તી કરતાં ગામના વિસ્તારમાં ભૂતપ્રેતની વસ્તી વધુ હતી ! કોઈનું અકાળે મૃત્યુ થાય કે કોઈ ધીંગાણામાં ખપી જાય, તો એ બધાનો જીવ અવગતિ પામીને ભૂતપ્રેત થતો ! આપઘાત કરનારી પ્રત્યેક નારી ડાકણનું રૂપ ધારણ કરતી અને એથી જ સાબરમતી નદીના કિનારે આવેલા બે કૂવાઓ વિશે ગામમાં જાતજાતની વાતો ચાલતી હતી.

એમ કહેવાતું કે આમાંના એક કૂવામાં એક બ્રાહ્મણી અને બીજા કૂવામાં મોચણ ડૂબી ગઈ હતી. એ ડૂબી ગયેલી બંને સ્ત્રીઓનો જીવ અવગતે જતાં એ બંને કુવાના થાળા પર બેસીને અનેક કૌતુક કરે છે એમ કહેવાતું. ક્યારેક એમનું રુદન સંભળાતું તો ક્યારેક અટ્ટહાસ્ય. અરે, રસ્તે જતા વટેમાર્ગુને અટકાવીને એ ચિત્રવિચિત્ર પ્રશ્નો કરે છે અને પસાર થતી કોઈ સ્ત્રીની પાસે સાડી માગે છે.

આવી તો કેટલીય કથાઓ વરસોડા ગામમાં ઘેર-ઘેર પ્રચલિત હતી. કેટલાક તો મૂછે તાવ દઈને કહેતા કે આ બધું અમે નજરોનજર જોયું છે તો કોઈ નવી વાર્તા કરતું કે ગામની એક સ્ત્રી આ રસ્તેથી પસાર થતી હતી અને એને આ અવગતિએ ગયેલી સ્ત્રીઓ વળગી પડી તે કારણે એ સ્ત્રીને ભૂત વળગ્યું હતું. કોઈ કહેતું કે અમે એને મોટે સાદે ગાતી સાંભળી છે તો કોઈ કહેતું કે અમે કૂવાની અંદર ભૂસકા મારવાનો અવાજ સાંભળ્યો છે ! ભૂતપ્રેતના ભેદને પારખનારા અનુભવી લોકો એવી સલાહ આપતા કે આ રસ્તેથી નદીએ જવું નહીં અને જવું પડે તો એના મુખ સામે જોવું, પણ પીઠ સામે ન જોવું. કારણ કે એ તો ચુડેલ કહેવાય. તરત વળગી પડે !

ભીખાલાલ આવી ઘણી વાતો ગામડાગામમાં સાંભળતા, પણ મનમાં એક પાકી ગાંઠ વળી ગયેલી કે જીવતા માણસને મરેલો માણસ શું કરી શકવાનો ?

વળી, આ બે કૂવાઓથી અર્ધા ગાઉ દૂર નદીના કિનારે સ્મશાન આવેલું હતું. આ સ્મશાનમાં કૂતરાં અને શિયાળ સદાય રડ્યાં કરતાં અને ત્યાંથી ઓતરાદી (ઉત્તર) દિશામાં નાહવાનો ધરો આવ્યો હતો. એક વાર ભીખાલાલ અને એના ગોઠિયાઓ આ ધરામાં સ્નાન કરવા ગયા. એ સમયે શિયાળાની બપોરની છુટ્ટી મિત્રો સાથે મળીને આ રીતે ઊજવતા હતા. ભીખાલાલના એક વડીલ એક નાનું સુંદર ઘડિયાળ વિદેશથી લાવ્યા હતા. એ જમાનામાં ઘડિયાળની કલ્પના કરવીયે મુશ્કેલ.

> सो जयइं जस्स केवलणाणुज्जलदप्पणम्मि लोयालोयं ।
> पुढ यदिबिंब दीसइ, वियसियसयवत्तगब्भगउरो वीरो ।।
>
> **-જય ધવલા ૩ : મંગલાચરણ**

જેના કેવળજ્ઞાન રૂપી ઉજ્જવળ દર્પણમાં લોક અને અલોક પ્રતિબિંબની જેમ દેખાય છે, જે વિકસિત કમળગર્ભની સમાન ઉજ્જ્વળ અને તપ્તસુવર્ણ જેવા પીળા વર્ણના છે તેવા ભગવાન મહાવીરનો જય થાવ.

એવે સમયે આ એવું ઘડિયાળ હતું કે જેના કાંટા રાત્રે અંધારામાં ઝગમગ થતાં. વળી એમાં એક નાનકડો કાંટો હતો, એ તો આખો દિવસ દોડ્યા જ કરતો ! અટકવાનું નામ લે નહીં, ઘાંચીના બળદની જેમ ગોળગોળ ફર્યા કરે અને એક વાર ફરવાનું શરૂ કર્યું તો થોડી જ વારમાં પાછો એ ત્યાં આવીને ઊભો રહેતો હતો.

ભીખાએ પોતાના એ વડીલ પાસેથી અપાર આશ્ચર્યો ધરાવતી ઘડિયાળ પહેરવા માગી. પહેલાં તો વડીલે આનાકાની કરી. આ છોકરો એને તોડી નાખશે તો એ ઘડિયાળને 'રિપેર' કરનાર ક્યાંથી મળશે ? ભીખાએ તો હઠ પકડી અને કહ્યું કે 'આ ઘડિયાળને હું જીવની જેમ જાળવીશ. સતત મારી સાથે રાખીશ. એને એક પળ પણ રેઢી મૂકીશ નહીં.' આથી નદીએ ધરામાં સ્નાન કરવા ગયેલા ભીખાલાલ આ ઘડિયાળ સાથે લઈને ગયા હતા. ઘરમાં મૂકે અને કોઈના હાથમાં ચડે તો ! એ દિવસે નદીએ નાહી, ધોઈને સાંજે પાછા ફર્યા. આરતીના સમયે બધા ગોઠિયાઓ ભેગા થયા. આનંદભેર આરતી કરી અને પછી અંધારું થતાં સહુ ઘર તરફ પાછા ફર્યા.

આવે સમયે ભીખાલાલના મનમાં વિચાર જાગ્યો કે કેટલા વાગ્યા હશે ! અને તરત જ અંધારામાં ઝગમગતી ઘડિયાળના કાંટા યાદ આવ્યા. એણે પહેરણના ખિસ્સામાં હાથ નાંખ્યો, તો ખ્યાલ આવ્યો કે ઘડિયાળ તો નદીકિનારે આવેલા પીપળાના થડની બખોલમાં પડી હશે. ધરામાં સ્નાન કરવા જતી વખતે બખોલમાં એ સાચવીને મૂકી હતી. નાહ્યા પછી ઝટપટ કપડાં પહેરીને રોજની માફક ઘેર આવ્યો અને ઉતાવળમાં ઘડિયાળ લેવાનું વીસરી ગયો.

ભીખાને માથે તો આફતનો પહાડ તૂટી પડ્યો. એક તો વડીલ ઘડિયાળ આપવાની આનાકાની કરતા હતા અને પોતે હઠ કરીને મેળવી હતી. માંડ માંડ એમણે ઘડિયાળ આપવાની તૈયારી બતાવી અને શરત કરી હતી કે આને જીવની પેઠે જાળવજે. હવે શું થશે ? વડીલના મારની બીક નહોતી, પરંતુ વડીલના મનમાં પોતાને વિશે કેવો ખોટો અભિપ્રાય બંધાશે એ વિચારથી ભીખો શરમમાં ડૂબી ગયો. પોતે વડીલને કઈ રીતે મોં બતાવશે ? હવે કરવું શું ?

મનમાં એમ પણ થયું કે વડીલને આડુંઅવળું સમજાવી દઉં, પણ તેથી શું ? વડીલે મારા ઉપર વિશ્વાસ મૂક્યો એટલે હવે હું એમને છેતરું ? મિત્રોને વાત કરી એટલે સહુએ હમદર્દી બતાવવા માંડી. પરંતુ ઘડિયાળ પાછી મેળવવાનો કોઈની પાસે ઉપાય નહોતો. મિત્રોએ ગમગીન ચહેરે વિદાય લીધી. ભીખો વિચારમાં પડ્યો કે ક્યાંથી આ ઉપાધિ વહોરી લીધી! ઘડિયાળ બતાવીને મિત્રો પર વટ પાડવાનો વિચાર કેમ આવ્યો ?

કોઈ લક્ષાધિપતિની સઘળી દોલત લૂંટાઈ જાય અને જેટલું દુ:ખ થાય એના કરતાંય વિશેષ દુ:ખ ભીખાને થવા માંડ્યું. લક્ષાધિપતિને એનું સઘળું ધન ગુમાવવા છતાં મનથી એટલો સંતુષ્ટ હોય છે. 'હશે, મારું હતું ને મેં જ ખોયું.' જ્યારે ભીખાને તો એમ લાગતું હતું કે એનું નહોતું અને એણે ખોયું. વિચારમગ્ન ભીખો મંદિરના ઓટલા પર બેસી રહ્યો. મનોમન વિચારતો હતો કે હવે બસ, અહીં જ મંદિરના ઓટલા પર બેસી રહેવું છે. મારે કોઈની પાસે જવું નથી અને કશું કરવું નથી. આ મિત્રોય કેવા છે કે મારી મદદે આવતા નથી. આમ ને આમ રાતના દસ વાગ્યા. મંદિરના દરવાજા પણ બંધ થઈ ગયા. ચોરા ઉપરના હનુમાનજીનો દીવો પણ ઓલવાઈ ગયો. ચારે બાજુ અંધકાર પ્રસરી ગયો અને અચાનક આ અંધારામાં કોઈ ભીખાના ખમીસની ચાળ (અંગરખાનો છાતી નીચેનો ઘેર) ખેંચતું લાગ્યું.

ભીખો ચોંકી ગયો. ભયભીત બન્યો અને ગભરાઈને પાછળ જોયું તો એનો મિત્ર જગત ઊભો ઊભો હસતો હતો. પોતાના માથે મુસીબતનો પહાડ તૂટી પડ્યો હોય અને કોઈ મિત્ર આટલી બધી બેફિકરાઈથી હસે, એ ભીખાને માટે અસહ્ય બની રહ્યું. એણે કહ્યું, 'જગત, તુંય નઠારો નીકળ્યો. ભીડમાં મદદ કરે તે ભેરુ કહેવાય. પણ તને ક્યાં કઈ મારી ચિંતા-ફિકર છે.'

ભીખાએ પોતાના મનની અકળામણ વ્યક્ત કરી. મુશ્કેલીનો મુંઝારો ઘણી વાર આવી અકળામણથી વ્યક્ત થતો હોય છે. જગતે કહ્યું, 'અરે ! એમાં આવો ઢીલો શું થઈ ગયો છે ? ચાલ, થા તૈયાર ! જઈને ઘડિયાળ લઈ આવીએ. કોઈનેય ખબર નહીં પડે અને જલદી પાછા આવી જઈશું.'

ગભરાયેલા ભીખાલાલના મનમાં બાળપણથી જ ભયનું નિરંકુશ રાજ્ય હતું. એના ચિત્તમાં ભયના સંસ્કારો લદાયા હતા અને આથી એણે જગતને કહ્યું, 'ગાંડો થયો છે ? અત્યારે જવાય ? જવાના રસ્તામાં બે ગોઝારા કૂવા આવે છે, ત્યાં ચુડેલ વસે છે તે તું જાણે છે ને ! અને એથીય વધારે આ અંધારી રાતે ઊંડાં કોતરમાં કોઈ જંગલી જાનવર સામું મળે તો ? ના, ભાઈ ના, ઘડિયાળ મેળવવા માટે જીવ ગુમાવવો નથી.'

ભીખાએ ધ્રૂજતા અવાજે કહ્યું, ત્યારે એના જવાબમાં જગત બોલ્યો, 'સાવ નમાલો છે. ઓટલે બેઠો બેઠો રોયા કર. તારાથી બીજું કંઈ નહીં થાય. જીવતા માનવીને મરેલાં મડદાં ડરાવવા લાગે ત્યારે થઈ રહ્યું. મર્દ છે કે કોણ ? વળી તારી સાથે હુંય આવું છું. આપણે બે છીએ. પછી શું ? જાણતો નથી કે એક જણ એટલે કંઈ નહીં અને બે જણ એટલે બે એકડે અગિયાર.'

જગત આત્મવિશ્વાસથી બોલતો હતો. વળી ભીખો ડરપોક નહોતો. દિવસે કહો એ કામ કરી આપે, પણ બાળપણમાં સાંભળેલી ભૂતપ્રેતની વાતો એના મનમાં એવી જડ ઘાલી ગઈ હતી કે અંધારું એને ભયજનક લાગતું હતું. રાત્રિ એને કાળરાત્રિ જેવી ભાસતી હતી. નિશાળમાં ખેલકૂદમાં ભીખો સૌથી મોખરે રહેતો હતો. ઊંચા કૂદકા અને લાંબા કૂદકાની હરીફાઈમાં તો કોઈ એવો માડીજાયો નહોતો કે એ ભીખાને ટપી જાય.

ભીખો માનતો કે ચોર સામે લડી શકાય, ગમે તેવા જાનવર સામે ઝઝૂમી શકાય, પણ આ માયાવી જીવોને તો કેમેય કરીને વશ કરી શકાય નહીં. ભીખાના આ ભયને જગતના મહેણાં-ટોણાંએ દૂર હઠાવ્યો અને એ એકદમ ઊભો થઈને જગતનો હાથ પકડીને બોલ્યો. 'ચાલો, કરીએ કૂચ-કદમ.'

અંધારામાં કૂચ-કદમનો વિચાર કર્યો, પરંતુ એના આચરણમાં અનેક મુશ્કેલીઓ હતી. એક તો એ કે ગામના નાકેથી નદી તરફ જવાય નહીં, કારણ કે કોઈ ઓળખીતું મળે તો આટલી મોડી રાત્રે નદી ભણી જવા માટે ઠપકો આપે. મોડી રાતે આમ કરવાની વાત જો ઘેર પહોંચે તો રાત્રે બહાર નીકળવા પર પ્રતિબંધ મુકાઈ જાય અને વધારામાં મેથીપાક મળે.

ભીખો અને જગત સાવ જુદો જ માર્ગ લઈને વાંઘાંમાં ઊતર્યા. જગત બે લાકડી લાવ્યો હતો. એક એની કડિયાળી લાકડી અને બીજી ભીખાને માટે હતી. વળી સાથે કમરમાં એક છરો ખોસ્યો હતો. એ જમાનામાં આ રીતે કમરમાં છરો ખોસવાની ગામડામાં ફૅશન ચાલતી. રાતના અંધકારમાં ઊંડાં ઊંડાં કોતરો અને વાંઘાંની વચ્ચેથી માત્ર ટમટમતા તારાઓના તેજથી ભીખો અને જગત માર્ગ કાપી રહ્યા હતા. મધરાતનો ઠંડો પવન શરૂ થયો. વનવગડાનાં ફૂલોની સુગંધ નાકને મઘમઘાવી રહી હતી. આ બે મિત્રોના પગરવથી શિયાળવાં અને ઘોરખોદિયાં રસ્તાની બાજુમાં લપાઈ-છુપાઈ જતાં હતાં.

બંને મિત્રોની આંખમાં રાતની દુનિયા જોવાનું કુતૂહલ રમતું હતું. દિવસની દુનિયા કરતાં રાતની દુનિયા કોઈ ઓર રંગ ધરાવતી હોય છે. આવી શાંતિ અને આવી ગંભીર ઘડીઓ ભીખાએ જિંદગીમાં ક્યારેય પસાર કરી નહોતી. જ્યારે જગતના પિતા ખેડૂત હોવાથી ક્યારેક એના પિતાની સાથે ખેતરમાંથી મોડો ઘેર આવતો હતો.

બંને મિત્રો સાબરમતીના રેતાળ પટ પર આવી પહોંચ્યા. અચાનક એક છીંકોટો (વારેઘડીએ છીંક ખાનારું) સંભળાયો. જગત ઊભો રહી ગયો. એણે ભીખાનો હાથ પકડ્યો. આકાશના તારાના ઝાંખા પ્રકાશમાં જોયું તો સામેથી કાળી મેંશના જેવું ઢીચકા અને જાડા માણસના આકારનું કંઈક વેગથી ચાલ્યું આવતું હતું.

ભીખાએ જગતનો હાથ દાબીને કહ્યું, 'અરે જગત, આ સામે જો, કાળું શું આવે છે ? ભૂત લાગે છે. માર્યા.'

જગતે ભીખાને જરા તીખા અવાજે કહ્યું. 'હે ભગવાન, તને તો જ્યાં અને ત્યાં ભૂત ને ભૂત જ દેખાય છે. જો એ ભૂત હોત તો તો હું દોડીને સાત વાર એને ગળે બાઝી જાઉં, પણ એ ભૂત નથી. કોઈ જંગલી જાનવર લાગે છે.'

સાબરમતી નદીનો રેતાળ પટ જ્યાંથી શરૂ થતો હતો, એવા ખેતરના છેલ્લા ખૂણે બંને ઊભા રહ્યા. પેલો કાળો આકાર દૂર દૂર જતો હતો અને બંનેએ છૂટકારાનો શ્વાસ લીધો. પરંતુ આ દિવસ ભીખાને માટે આપત્તિનો દિવસ હતો. હોય નહીં ત્યાંથી મુસીબત આવતી હતી. મુસીબત થોડી દૂર ટળે તો પાછી ફરીને સામે આવીને ઊભી રહેતી હતી.

કમનસીબે થોડી વારમાં એ કાળો પડછાયો પાછો ફરતો દેખાયો અને જગતે કહ્યું, 'આ ભૂત નથી. પણ રીંછ છે. મહુડાની આ ઋતુમાં મહુડાને આરોગીને ઝૂમતું લાગે છે. રીંછ પોતાને ભાવતા મહુડા અકરાંતિયા માફક ખાય છે અને પછી એને એનું ઘેન ચડે છે. આવે વખતે એને છંછેડવું સારું નહીં.'

ભીખાએ જગતની રીંછ વિશેની જાણકારી પર ઝાઝું લક્ષ આપ્યું નહીં. એણે તો એમ માન્યું કે નક્કી ભૂત રીંછ બનીને જ આવ્યું છે. એણે પોતાની આ શંકા જગત સમક્ષ પ્રગટ કરી ત્યારે જગતનો ગુસ્સો ઊછળી ઊઠ્યો.

'અલ્યા, સાવ ઘરકૂકડી જેવો છે તું. બસ, બધી વાતમાં તું ભૂતને જ ભાળે છે. સાંભળ! હું તો કેટલાંય જંગલો ખૂંદી વળ્યો છું. દિવસ હોય કે રાત-એની કદી પરવા કરી નથી. શિયાળાની ઠંડીમાં કે ચોમાસાના વરસાદમાં, ઘોર મધરાતે વગડામાં ઘૂમ્યો છું. પણ કોઈ દિવસ એવું ભૂત મેં ભાળ્યું નથી. પણ હવે સાવધાન થઈ જા. જો રીંછ આપણી તરફ આવી રહ્યું છે. **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

ડૉ. કુમારપાળ દેસાઈના પુસ્તકને પ્રદીપકુમાર રામપુરિયા સાહિત્યપુરસ્કાર

આજના વિશ્વની સમસ્યાઓના સંદર્ભમાં શિકાગો અને કૅપટાઉનની વિશ્વધર્મ પરિષદ અને અન્ય આંતરરાષ્ટ્રીય પરિષદોમાં અપાયેલાં ડૉ. કુમારપાળ દેસાઈનાં વ્યાખ્યાનોનો સંગ્રહ `Jainism : The Cosmic Vision' ને ઉત્તમ પુસ્તક તરીકે 'શ્રી પ્રદીપકુમાર રામપુરિયા સ્મૃતિ સાહિત્ય પુરસ્કાર' અર્પણ કરવામાં આવ્યો. જૈન ધર્મ અને દર્શનને માટે અપાતો આ પુરસ્કાર આપતાં શ્રી સુખરાજજી જૈને જણાવ્યું હતું કે આ ગ્રંથમાં જૈન ધર્મની તાત્ત્વિક વિચારણાની સાથોસાથ માનવ અધિકાર અને જૈન ધર્મમાં સ્ત્રીનું સ્થાન વિશે આગવા વિચારો મળે છે અને જૈન ધર્મના શાકાહાર, ક્ષમાપના જેવા વિષયોની સાથોસાથ વિશ્વભરની જૈન સંસ્થાઓને એકસૂત્રે જોડવાના 'જૈન ડાયસ્પોરા' વિશે નવું ચિંતન પ્રસ્તુત કર્યું છે. આચાર્યશ્રી નાનેશ ધ્યાન કેન્દ્રના ડૉ. સુરેશ સિસોદિયાએ કહ્યું કે આ ગ્રંથ વર્તમાન યુગમાં જૈનદર્શનની ભાવનાઓની પ્રયોગશીલતા દર્શાવે છે.

ઉદેપુરની નજીક આવેલા મંગલવાડમાં શ્રી અખિલ ભારતીય સાધુમાર્ગી જૈન સંઘના અધ્યક્ષ શ્રી સુંદરલાલજી દુગડ દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈને ચંદ્રક, સન્માનપત્ર તથા સાહિત્યથી સન્માનિત કરવામાં આવ્યા.

શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૧૭

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

सप्तदश अध्याय : મંત્રયોગ

'શ્રી જૈન મહાવીર ગીતા'માં સોળ અધ્યાય પૂર્ણ થયા પછી છ સ્વતંત્ર પ્રકરણ છે. સત્તરમા પ્રકરણ રૂપે 'મંત્રયોગ' છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'ની રચના સંવાદ શૈલીમાં થઈ છે. પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામી પૂછે છે અને ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર ઉત્તર વાળે છે. સમગ્ર 'શ્રી જૈન મહાવીર ગીતા'માં વિશિષ્ટતા એ છે, ક્યાંય પ્રસંગ નથી પણ વિભિન્ન અધ્યાયોમાં ભક્તિ, શક્તિ, ધર્મ, જ્ઞાન ઈત્યાદિ અનેક વિષયો પર ભગવાન મહાવીર સીધો ઉપદેશ આપે છે. ભગવદ્ ગીતાની જેમ વિભિન્ન વિષયો પર નિરૂપણ થયું હોવાથી પાઠકને પોતાને મનભાવન કશુંક મળી રહે તેવી સંભાવના ઊભી થાય છે. આમ છતાં એક પણ દૃષ્ટાંત વિના 'શ્રી જૈન મહાવીર ગીતા' આપણને સતત સતર્ક અને જાગૃત રાખે છે એ તેની વ્યાપક સિધ્ધિ ગણાવી જોઈએ.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં સોળ પ્રકરણ પૂરા થયા પછી 'મંત્રયોગ' છે. આ પ્રકરણથી ગ્રંથલેખક શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ સત્તરમા અધ્યાય રૂપે નહીં પણ માત્ર એક પ્રકરણ રૂપે બાકીના છ પ્રકરણનું આલેખન કરેલ છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં પ્રારંભથી અત્યાર સુધી શ્રી ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે. 'મંત્રયોગ'માં સર્વપ્રથમવાર શ્રી સુધર્માસ્વામી પ્રશ્ન કરે છે. એને પ્રભુ શ્રી મહાવીર 'મંત્રયોગ' કહે છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'મંત્રયોગ'માં ૧૪૧ શ્લોક દ્વારા 'મંત્રયોગ'નો પ્રારંભ આમ થાય છે.

शक्तियोगं महायोग समाकर्ण्य महामतिः ।
प्रणम्यं श्री महावीरं, सुधर्मोवाच भक्तिः।।

चिन्तामणिसमा लोके, चिन्तितार्थप्रदायकाः।
त्वया सम्यक्तया प्रोक्ताः, सर्वयोगाः श्रुता मया।।

स्वदीपमन्त्रयोगस्तु, सम्यगाराधितो नृणाम् ।
सद्यः फलप्रदातास्ति, तस्माातं वच्मि भक्तिः।।

'મહાન બુદ્ધિશાળી એવા સુધર્મએ શક્તિયોગ સાંભળીને ભક્તિપૂર્વક પ્રણામ કરીને મહાવીરને આ પ્રમાણે પૂછ્યું:'

'આ જગતમાં ઈચ્છિત પદાર્થો આપનારા ચિંતામણિ સમાન એવા બધા યોગો તમે મને કહ્યા, તે મેં સારી રીતે ધ્યાન દઈને સાંભળ્યા છે.'

'તમારો આ મંત્ર યોગ લોકો સારી રીતે કરે તો તરત જ ફળ આપનાર બને છે. તેથી ભક્તિપૂર્વક તમે મને તે કહો.'

(મંત્રયોગ, ગાથા-૧, ૨ અને ૩)

જગતના પ્રત્યેક ધર્મોમાં અને પ્રત્યેક દેશોમાં મંત્ર માટે શ્રદ્ધા કેળવાઈ છે. જૈન ધર્મ કર્મમાં માને છે, છતાંય મંત્ર વિશે ભગવાન મહાવીરના સમયથી ગહન ચિંતન અને વ્યાપક નિરૂપણ થયું છે. આગમગ્રંથોમાં પણ મંત્ર વિશે ઉલ્લેખ મળે છે. એમ પણ કહેવાયું છે કે આગમગ્રંથના પ્રત્યેક અક્ષર મંત્ર સ્વરૂપ છે. વળી, જૈન ધર્મનો 'શ્રી નવકાર મહામંત્ર' આ જગતમાં અભૂતપૂર્વ સ્થાન ધરાવે છે. એક પણ વ્યક્તિના સંદર્ભમાં નહીં પણ માત્ર ગુરુની પૂજાના સંદર્ભમાં શ્રી નવકાર મંત્રનું જ્યારે પણ ઊંડાણથી ચિંતન મનન કરીએ છીએ ત્યારે આશ્ચર્ય એ વાતનું થાય છે કે હજી પણ શ્રી નવકારમંત્રમાં રહેલી વિશિષ્ટતા આપણે ક્યાં પામી શક્યા છીએ ?

એવું કહેવાય છે કે જે વસ્તુનું સતત રટણ કરવામાં આવે તે મંત્ર બની જાય.मननात् इति मन्त्रः। મનના જોડાણ વિના મંત્ર સુધી પહોંચાતું નથી. મંત્ર અને તેની સાધના અપાર શ્રદ્ધા માંગે છે. જૈન ધર્મ, ઉપર કહ્યું તેમ કર્મમાં માને છે છતાં ભગવાન આદિનાથના સમયથી માંડીને આજ સુધીમાં અસંખ્ય પૂર્વ સૂરિઓએ તથા અન્યોએ સમયે સમયે મંત્ર સાધના, દેવ સાધના કર્યાના ઉલ્લેખો મળે છે. આ ઉલ્લેખો દર્શાવે છે કે મંત્ર સાધના પણ ધર્મ માર્ગે ઉપયોગી છે અને જરૂર પડે ત્યારે પૂરી શ્રદ્ધા સાથે મંત્ર સાધના કરવી જોઈએ. મંત્ર સાધનાનો ઉપયોગ આત્મ કલ્યાણ માટે, વિશિષ્ટ હેતુની સિદ્ધિ માટે, સંકટ નિવારણ માટે કરવો જોઈએ. વ્યક્તિગત સ્વાર્થ માટે તથા અન્યના અશુભ માટે મંત્ર સાધનાનો ઉપયોગ કરવો જોઈએ નહીં. 'શ્રી નવસ્મરણ'માં જે નવ સ્તોત્રો સમાય છે તે આવો જ નિર્દેશ કરે છે. 'શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર', 'શ્રી નમિઉણ સ્તોત્ર', 'શ્રી ભક્તામર સ્તોત્ર', 'શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર', 'શ્રી બૃહદ્શાન્તિ સ્તોત્ર', વગેરે અદ્ભુત મંત્ર વિધાનથી સભર છે અને આવી પડેલા સંકટ નિવારણ માટે અદ્ભુત સામર્થ્ય ધરાવે છે તે સૌ જાણે છે. વળી,

> देहज्योतिषि यस्य मज्जति जगद् दुग्धाम्बुराशाविव,
> ज्ञानज्योतिषि च स्फुटत्यतितरां ओंभूर्भूवः स्वस्त्रयी ।
> शब्दज्योतिषि यस्य दर्पण इव स्वार्थाश्यकासत्यमी,
> स श्रीमानमरार्वितो जिनपतिर्ज्योतिस्त्रयायास्तु नः ।।
>
> **-तत्त्वानुशासन प्रशस्ति, श्लोक २५९**

ક્ષીરસમુદ્રના સ્નાનની જેમ એમની દેહજ્યોતિ જગતને સ્નાન કરાવે છે, એમની જ્ઞાનજ્યોતિમાં ત્રણેય લોક પ્રકાશિત થાય છે, દર્પણમાં પડતા પ્રતિબિંબની માફક એમની શબ્દજ્યોતિમાં પદાર્થ અભિવ્યક્ત થાય છે, એવા દેવોથી પૂજિત મહાવીર અમને ત્રણેય જ્યોતિઓની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપે.

તેનો સુખદ અનુભવ આજ સુધી તે મન્ત્રોના સાધકોને થતો રહ્યો છે.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી પ્રખર યોગ સાધક ને મંત્ર સાધક હતા. તેઓના જીવનમાં એવું બન્યું કે, 'એકવાર સુરતના શ્રી સંઘે વિનંતી કરેલી કે આજે જૈનો મીરાદાતાર વગેરે જૈનેતર તીર્થોમાં દર્શન માટે જાય છે તો જૈન ધર્મમાં એવા એકપણ દેવ નથી જ્યાં જૈનો જાય અને સંકટ મુક્તિ પામે ?'

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના ચિત્તમાં આ વિચારબીજ રોપાયું અને તેના ફળ રૂપે શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની મહુડી તીર્થમાં આપણને પ્રાપ્તિ થઈ.

આટલી ભૂમિકા એટલા માટે બાંધી કે 'શ્રી જૈન મહાવીર ગીતા'માં જેના મંડાણ થાય છે તે 'મંત્રયોગ' વિશે આપણને સ્પષ્ટતા પ્રાપ્ત થાય. 'મંત્રયોગ'માં મંત્ર વિશે નિર્દેશ મળે છે, તેની સાથોસાથ શ્રી સંઘના, આચાર્યોના, સાધુ-સાધ્વીઓના, ઉપાસક ગણના, વ્યક્તિગત અને સમૂહગત કલ્યાણ અને ઉત્થાન માટે કયા મંત્રની સાધના કરવી તેની સૂચના મળે છે અને સૌના કલ્યાણ માટે પ્રાર્થના પણ પ્રાપ્ત થાય છે.

'મંત્રયોગ'ના ચોથા શ્લોકમાં કહે છે :

'ૐ હ્રીં શ્રીં ક્લીં, મહાવીર સર્વ દુ:ખોનો નાશ કરો. તાવ વગેરે સ્ફોટક રોગોના મૂળનો નાશ કરો, નાશ કરો.

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'મંત્રયોગ'માં શ્રી મહાવીર સ્વામીના નામે ઉપર મુજબ મંત્ર કથન કરવામાં આવ્યું છે. સ્વયં શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી હંમેશાં ૐ હ્રીં મહાવીર તથા ૐ હ્રીં અર્હમ્ મહાવીર ના મંત્રનો અખંડ જાપ કરતા હતા. તેવા ઉલ્લેખો તેમણે લખેલા ગ્રંથોમાં તથા તેમની રોજિંદી ડાયરીઓમાં વારંવાર જોવા મળે છે.

'મંત્રયોગ'માં પ્રારંભમાં જે નિર્દેશ મળે છે તેમાં પ્રાર્થના રૂપે મંત્ર સૂચના મળે છે:

'હે વર્ધમાન ! હે મહાવીર ! તમે હંમેશા મારા હૃદયમાં વાસ કરો અને શાકિની, ભૂત, વૈતાલ વગેરેનો શીઘ્ર નાશ કરો.'

'મારા હૃદયમાં રહેલી દુષ્ટ બુદ્ધિનો શીઘ્ર નાશ કરો, મારા હૃદયમાં રહેલ આત્મજ્ઞાનના મહાલાભને શીઘ્ર આપો.'

'તમારા પ્રભાવથી મહામારી રોગ શીઘ્ર નાશ પામો, મારું અકાળ મૃત્યુ ન થાઓ અને જલ્દીથી મારા બધા ઉપસર્ગોને હરી લો.'

'હે ભાસ્કર, સર્વ દેવોના દેવ, તમે મારા હૃદયમાં વસો. જય અને વિજય થાઓ. શીઘ્ર શુભ અને ઈષ્ટ આપો.'

'ૐ હ્રીં ક્લીં લ્મૂં મહાવીર। હે પ્રભુ શાન્તિ, તૃષ્ટિ આપો. મને સર્વ શક્તિ આપો અને સર્વ દોષોનો નાશ કરો, નાશ કરો.'

(મંત્રયોગ ગાથા, ૫, ૬, ૭, ૮ અને ૯)

દુનિયાના દરેક માણસની આશા મુખ્યત્વે લક્ષ્મી પ્રાપ્તિ માટે તથા પુત્ર-પુત્રીની પ્રાપ્તિ માટે અને સર્વસત્તાની પ્રાપ્તિ માટેની હોય છે. 'મંત્રયોગ'માં કહે છે કે ૐ શ્રીં ઐં એ મંત્ર શિરોમણી છે અને સર્વ પ્રકારના સુખો આપનાર છે. વાંચો:

ૐ શ્રીં ઐં મન્ત્રરાજસ્યં, પૂર્ણલક્ષ્મીકરો ભવ ।
પુત્ર દેહિ ચ મેં પુત્રીં, રાજ્યાદિ સર્વસંપદ: ।।

ૐ શ્રી ઐં એ મંત્ર રાજ છે. પૂર્ણ લક્ષ્મી આપનાર છે. તે મને પુત્ર-પુત્રી, રાજ્યાદિ સર્વ સંપત્તિ આપો.'

(મંત્રયોગ ગાથા ૧૦)

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'મંત્રયોગ'માં મહાવીર પ્રભુના નામે સતત મંત્ર શક્તિનો અપૂર્વ પ્રભાવ છે. એવું કહેવામાં આવ્યું છે.

ૐ અર્હં શ્રી મહાવીર ! પૂર્ણશક્તિવિકાસક !।
શ્રી ચતુર્વિધ સંઘસ્ય, કુરું શાન્તિં દયાનિધે !।। ૧૮

રાજ્યશાન્તિં પ્રજાશાન્તિં, દેશશાન્તિં તથા કુરુ।
સ્વકુટુમ્બપશૂનક્ષ, રક્ષ સર્વવિપત્તિત:।। ૧૯

ૐ નમસ્તે મહાવીરં ! વિશ્વશાન્તિં સદા કુરુ।
ક્ષુદ્રોપદ્રવતો રક્ષ, સર્વલોકાન્પ્રરક્ષક !।। ૨૦

લોર્કાશ્ચ દુષ્ટવેભ્યો, રક્ષ રક્ષ સુખપ્રદ !।
મહાવીર પ્રભો ! રક્ષ, દુષ્કાલા દિભયાત્સદા।। ૨૧

ધર્મપ્રતાપતો લોકરક્ષાર્થ સદ્દયાનિધે !।
કુરુષ્વ મેઘવૃષ્ટિં ત્વં, યોગ્યકાલેસુ ધાન્યદામ્ ।।

ૐ અર્હં શ્રી મહાવીર ! પૂર્ણ શક્તિના વિકાસક, દયાનિધિ શ્રી ચતુર્વિધ સંઘની શાંતિ કરો.

રાજ્યશાંતિ, પ્રજાશાંતિ, દેશશાંતિ કરો. સર્વ વિપત્તિથી પશુ, કુટુમ્બ વગેરેની શત્રુથી રક્ષા કરો.

ૐ મહાવીર તને નમસ્કાર. હંમેશા વિશ્વશાંતિ કરો હે સર્વલોકોના રક્ષક ! ક્ષુદ્ર ઉપદ્રવથી રક્ષણ કરો.

દુષ્ટ દેવોથી લોકોની રક્ષા કરો. સુખ આપનાર હે મહાવીર પ્રભુ, દુષ્કાળ વગેરેના ભયથી હંમેશાં રક્ષણ કરો.

હે દયાનિધિ ! ધર્મના પ્રતાપથી લોકોની રક્ષા માટે યોગ્ય સમયે ધાન્ય આપનાર એવી મેઘવૃષ્ટિ કરો.

(મંત્રયોગ ગાથા ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨)

બન્ધુર્ન ન: સ ભગવાનરયોપિ નાન્યે,
સાક્ષાન્ન દુષ્ટતર એકતમોઽપિ ચૈષામ્ ।
શ્રુત્વા વય: સુચરિતં ચ પૃથગ્ વિશેષં,
વીરં ગુણાતિશયલોલતયા શ્રિતા: સ્મ: ।।

-લોકતત્ત્વનિર્ણય, ૩૩

મહાવીર અમારા ભાઈ નથી અને કણાદ વગેરે અમારા શત્રુ નથી, અમે કોઈને પણ પ્રત્યક્ષ જોયા નથી, આમ છતાં મહાવીરનાં આચારપૂર્ણ વચનો સાંભળીને અમે એમના અતિશય ગુણોથી મુગ્ધ થઈ ગયા છીએ અને એમના શરણમાં આવી ગયા છીએ.

મંત્રમાં વિશિષ્ટ શક્તિ હોય છે. સુખની પ્રાપ્તિ માટે, શાન્તિની પ્રાપ્તિ માટે, સમૃદ્ધિની પ્રાપ્તિ માટે મંત્ર ઉપયોગી બને છે તેવી જ રીતે ભૂત, પ્રેત, પિશાચ વગેરે અનિષ્ટોના નાશ માટે મંત્ર શક્તિ ઉપયોગી બને છે. મંત્ર દ્વારા દેવ-દેવીની સાધના થાય છે. શાસન દેવો આજે પણ પોતાનો પ્રગટ પ્રભાવ દર્શાવે છે તેવી અનેક ઘટનાઓ બનતી રહે છે. શાસન દેવોની સાધના વ્યવસ્થિત મંત્રો અને વિધિપૂર્વક કરવામાં આવે તો અવશ્ય તેનું સુંદર ફળ પ્રાપ્ત થાય છે. મંત્ર સાધના દ્વારા સૌની અભિવૃદ્ધિ માટે પ્રયત્ન કરનાર સ્વયં સુખી થાય છે અને અન્ય લોકોને સુખી કરે છે. મંત્રના પૂર્ણ પ્રભાવથી જગત જેને ચમત્કાર માને તેવા પ્રસંગો સર્જાય છે. મંત્રની સાધના તીર્થમાં, પવિત્ર સ્થળમાં, સરોવરના કિનારે, નદી તટે, અજ્ઞાત્ અથવા શુદ્ધ સ્થળ શોધીને કરવી જોઈએ. મંત્ર સાધના કરતી વખતે એક જ આસન, એક જ માળા, શુદ્ધ વસ્ત્રો અને નિર્મળ જીવન અનિવાર્ય છે. મંત્રસાધના દરમ્યાન વિકટ અનુભવ થાય તો પણ પોતાની સાધનામાં દૃઢતાપૂર્વક આગળ વધવું જોઈએ. હંમેશાં અખંડ શ્રદ્ધા અને મજબૂત વિશ્વાસ મંત્ર સાધનામાં સિદ્ધિ સુધી પહોંચાડે છે. આજકાલ સાંભળવા મળતા વિચિત્ર બનાવો પ્રત્યે લક્ષ્ય રાખ્યા વિના પરંપરાગત સાધનાને વળગી રહેવું એ જ સાધકનું લક્ષ્ય હોવું જોઈએ. આમ કરવાથી સિદ્ધિના શિખરે પહોંચી શકાય છે.

થોડાક શ્લોકાર્થ જોઈએઃ

હે મહાજીન, તમારા પુણ્યના સમુદ્રના પ્રતાપથી મને શાંતિ થાઓ. તમારા નામ રૂપી ઔષધથી સર્વત્ર શાંતિ થાઓ.

ૐ અર્હં હ્રીં મહાવીર, પૂર્ણ શાંતિ પ્રચારક લોકોને શ્રી, હ્રીં કીર્તિ, ધૃતિ, વિદ્યા અને શાંતિ આપવી.

સર્વ જાતિના જૈનોના વિદ્યા, ક્ષાત્ર કર્મ વગેરે વડે સર્વ દેશ અને ખંડમાં ધર્મનો ઉદય કરો.

સર્વ દેશોમાં જૈનોની સર્વથા વૃદ્ધિ થાઓ. સર્વ ગૃહસ્થ જૈનોની વંશ પરંપરા થાઓ.

બધા દિકપાલ, ગ્રહો વગેરે તમારા ચરણ-સેવકો છે. તે બધા તમારી આજ્ઞાને વશ થઈને અમારી સહાય કરે છે.

ऐं झौं ह्रीं श्रीं महावीर। મને વિદ્યાશક્તિ આપો. વાણી-સિદ્ધિ આપો હે વાગ્દેવીશા, વાણીના પતિ, મને વાણીની સિદ્ધિ આપો.

ऐं क्लीं झौं स्त्रौं महावीर। વાણી પતિ તમને નમસ્કાર. મને વાદ-વિવાદમાં જય આપો. મારા હૃદયને પ્રકાશિત કરો.

વ્યાખ્યાન અને વિવાદ વખતે મારી જીભ ઉપર રહો. હે સ્વયં સંબુદ્ધ દવેશ, જ્ઞાન સાગરનો પ્રકાશ કરો.

તમારા પ્રભાવથી શીઘ્ર જ્ઞાનના આચ્છાધીનો નાશ થાય છે. ऐं झौं स्वाहा. હે પ્રભુ તૂં મારા સર્વજ્ઞત્વનો પ્રકાશ કરો.

ૐ ऐं झौं क्लीं महावीर। ल्मूं ऐं स्वाहा. તમને નમસ્કાર. આ વિદ્યામંત્રના અધિરાજ મંત્રનો જપ કરવાથી માણસ જ્ઞાની થાય છે.

હે લક્ષ્મીપતિ મહાવીર મને લક્ષ્મી આપો. હે યશોદાપતિ વીર, મને યોગ્ય પત્ની આપો.

હે સર્વાધાર, મહાવીર, અર્હં, વિશ્વશાસક, વિદ્યા, કલા, ગુણથી યોગ્ય એવો પ્રિય પતિ મને આપો.

ગુણકર્મના ભેદથી દંપતિની શુદ્ધ રાગતા હોય છે. ગુણોની સમાનતાથી નિરોગીતા થાય છે.

(મંત્રયોગ ગાથા ૮૩ થી ૯૫)

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'મંત્રયોગ' દ્વારા જૈન સંઘ દ્વારા જૈન સંઘ ઉપર અને સમગ્ર માનવ જાત ઉપર મહાન ઉપકાર કરી રહ્યાં છે. મંત્રયોગનો માત્ર એક જ શુભ ઉદ્દેશ એ છે કે પ્રત્યેક ધર્મીજીવ સુખી થાય અને સુંદર રીતે ધર્મ આરાધના કરે. આ મંત્રયોગનો ઉદ્દેશ એ નથી કે વ્યક્તિ અંધશ્રદ્ધાળુ બને. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી દિવાલ હોય છે અને દરેક વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ તેનું અર્થઘટન કરે છે. એ અર્થઘટન સાથે શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીને કોઈ સંબંધ નથી. બગીચામાં રહેલું ફૂલ સુગંધ વેરવાનું કામ કરે છે. ફૂલ એ વિચાર કદી કરતું નથી કે પોતે કોના હાથમાં જઈ ચડશે ? ફૂલનું કાર્ય તો માત્ર સુગંધ વેરવાનું હોય છે, મહાપુરુષોનું આવું જ હોય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની કલ્યાણ કામના સૌને સુખદાયક બની રહેશે. ✷✷✷

પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ,
ચંદ્રપ્રભુ જૈન દેરાસર, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

પન્નગે ચ સુરેન્દ્રે ચ, કૌશિકે પાદસંસ્પૃશિ ।
નિર્વિશેષમનસ્કાય, શ્રી વીરસ્વામિને નમઃ

-યોગશાસ્ત્ર, ૧-૨

ઈન્દ્ર ચરણોમાં નમસ્કાર કરતા હતા, ચંડકૌશિક નાગ પગ પર ડંખ દેતો હતો. આ બંને પ્રત્યે જેમનું મન સમાન હતું એવા મહાવીરને હું નમસ્કાર કરું છું.

x x x

શમોદ્ભુતોદ્ભુતં રુપં, સર્વાત્મસુ કૃપાદ્ભુતા ।
સર્વાદભુતનિધીશાય, તુભ્યં ભગવતે નમઃ ।।

-વીતરાગસ્તવ, ૧૦-૮

પ્રભુ ! તમારી શાંતિ અદ્ભુત છે, અદ્ભુત છે તમારું રૂપ, સર્વ જીવો પ્રત્યેની તમારી કૃપા અદ્ભુત છે, તમે બધા અદ્ભુતોના ભંડારના સ્વામી છો, તમને મારા નમસ્કાર.

એક જંગમ તીર્થનો યાત્રાનુભવ

❑ પ્રેષક : **શ્રીમતી પારુલબેન ભરતકુમાર ગાંધી**

વર્તમાન સમયમાં પ્રત્યેક માનવીના મનમાં જ્ઞાન મેળવવાની ઝંખના જાગી છે. વિશ્વ આખું જ્ઞાન આધારિત થઈ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ જે આખા જગતની સંસ્કૃતિઓની શિરતાજ બની રહી છે તેની પાછળનું એક કારણ છે તેમાં રહેલું શિષ્ટ, સમ્યગ્ અને પ્રાચીન સાહિત્ય. સાહિત્ય એ સંસ્કૃતિના મૂળ સમાન છે. જો સાહિત્યનો નાશ થાય તો સંસ્કૃતિ પણ નાશ પામી જાય. ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં સૌથી મોટો ફાળો જૈન સાહિત્યનો રહ્યો છે. એમાંયે પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાંથી જો જૈન સાહિત્યની બાદબાકી કરવામાં આવે તો કંઈ બાકી જ ન રહે તેમ મહાન વિદ્વાનો કહે છે. આવા જૈન સાહિત્યની જાળવણી, સંશોધન, અભ્યાસ વગેરે માટે મહાવીર જૈન વિદ્યાલય દ્વારા સાહિત્ય સત્રો યોજી પ્રયત્નો થઈ રહ્યા છે. જેને પ્રચંડ પ્રતિસાદ પણ મળી રહ્યો છે.

પંજાબકેસરી, યુગદૃષ્ટા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ.સા.ના પ્રયત્નોથી ૧૯૧૫માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થયેલી. ત્યારબાદ ધીમે ધીમે આ સંસ્થાની પ્રગતિ થતી જ ગઈ. જૈન સાહિત્યના તત્ત્વજ્ઞ, દીર્ઘદૃષ્ટા અને ધર્મપ્રેમી પૂ. શ્રી રમણલાલ ચી. શાહ કે જેઓને જૈન સાહિત્યનો અભ્યાસ, સંશોધન વગેરે થાય તેમાં ઊંડો રસ હતો. તેઓએ જૈન સાહિત્ય વિષે વિશેષ સંશોધન થાય, અભ્યાસ થાય, અપ્રકાશિત સાહિત્યનું પ્રકાશન થાય વગેરે બાબતો માટે ખૂબ જ રસ લઈને લોકોને જૈન સાહિત્યમાં રસ લેતા કરવા ૧૯૭૭માં પ્રથમ સાહિત્ય-સત્રનું આયોજન કર્યું. શરૂઆતમાં તેને બહુ પ્રતિસાદ ન મળ્યો. ધીમે ધીમે આ નાનકડું બીજ આજે વટવૃક્ષ બની ગયું છે. અનેક વિદ્વાનો તેમાં રસ લઈ રહ્યા છે. આવા આ જૈનીઓના ગૌરવ સમાન સાહિત્ય સત્રનું ૨૦ મું સત્ર તા. ૨૯, ૩૦, ૩૧ જાન્યુઆરી, ૨૦૧૦–રતલામ ખાતે યોજાઈ ગયું. જેનું શીર્ષક હતું 'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ સમારોહ'.

ઉપરોક્ત સત્રનું આયોજન મહાવીર જૈન વિદ્યાલયના નેજા હેઠળ થયું. આયોજક હતા ડૉ. શ્રી ધનવંતભાઈ શાહ અને યજમાન પદે હતું 'રુપ માણક ભંશાલી ચેરીટેબલ ટ્રસ્ટ'–મુંબઈ. આ સમારોહમાં જૈન ધર્મના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ૧૦૦ જેટલા ગ્રંથો પર સંશોધકોએ પોતાના લઘુ શોધનિબંધો રજૂ કર્યા. આ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થવાનું સૌજન્ય મને પણ સાંપડેલું. આ મહાયજ્ઞના સહભાગી બનીને આવી છું ત્યારે રોમ-રોમ રોમાંચિત થઈ ગયું છે. આ સાહિત્ય સત્ર જીવનમાં ન ભૂલી શકાય તેવો અવિસ્મરણીય પ્રસંગ બની ગયો છે.

આપણે દરેક જાણીએ છીએ કે 'તારે તે તીર્થ'. તીર્થ બે પ્રકારના ગણાવી શકાય. ૧. સ્થાવર તીર્થ એટલે કે આપણી સંસ્કૃતિ અને સ્થાપત્યકલાના શિરમોર એવા દેવાલયો, ઉપાશ્રયો વગેરે. ૨. જંગમ તીર્થ એટલે કે સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. સ્થાવર તીર્થ સ્થિર છે, જંગમ તીર્થ હરતાફરતા છે. રતલામમાં આયોજિત આ સાહિત્ય સત્ર પણ એક જંગમ તીર્થ બની ગયું એમ કહીશ તો જરાય અતિશયોક્તિ નહિ ગણાય. જ્ઞાન, ભાવના, સેવા, ઐક્ય અને સમર્પણનો જેમાં મહાસંગમ થયો છે તેવા આ સત્ર વિષે શું કહું ને શું ન કહું ? એક-એકથી ચડિયાતી વ્યક્તિઓની ઉપસ્થિતિએ આ સાહિત્ય-સત્રને ચાર ચાંદ લગાવી દીધા.

જ્ઞાનખજાનાના અણમોલ મોતી જેવા **સાગરમલજી**ની વાત કરું કે **પંડિતજી ધીરજલાલજી**ની કે જેઓએ પોતાના જ્ઞાનદીપક દ્વારા જ્ઞાનની જ્યોતિ જલાવી. ભારતમાં જ નહિ, વિદેશોમાં પણ જૈન ધર્મના ધ્વજને ફરકતો કરનાર **પદ્મશ્રી કુમારપાળ દેસાઈ**ની વાત કરું કે **પદ્મશ્રી છજલાણી** સાહેબની. જેઓએ શુદ્ધ ધર્મના પાલન માટે દાંભિકતાના પડદાને દેશવટો આપવાની વાત કરી. જેનું નામ જ પારસ છે એવા **શ્રી પારસમલજી**ની વાત કરું કે જેઓ હજારો લોકોને નિઃશુલ્ક વ્યવસાયિક તાલીમ આપી રહ્યા છે કે પછી **શ્રી ચૈતન્યજી કાશ્યપ**ની વાત કરું જેમણે જૈન ધર્મની અપરિગ્રહ ભાવનાને આદર્શ બનાવી 'અહિંસાગ્રામ'ની રચના (૧૦૦ પરિવારોને મકાન, રોજગાર તાલીમ, શિક્ષણ વગેરેની નિઃશુલ્ક સગવડ) દ્વારા જીવંત બનાવી જૈન સિદ્ધાંતને મૂર્ત સ્વરૂપ આપી, જીવન સાથે વણી લઈ દેશ સમક્ષ એક નમૂનારૂપ યોજનાને મોડેલ સ્વરૂપ આપ્યું. અરે ! **ડૉ. પ્રકાશજી** અમેરિકામાં ખ્યાતનામ સર્જન હોવા છતાં ધર્મ તથા માતા-પિતાની સેવા માટે ધીકતી પ્રેકટીસ છોડી ભારતમાં વસી ૧૧૦ બેડની હૉસ્પિટલ ચલાવે છે. **ડૉ. ધનવંત શાહ**ની વાત કરું કે જેમની સરળતા, નમ્રતા, સૌજન્ય અને લાગણીભર્યા પ્રોત્સાહને આજે વિદ્વાનોની સંખ્યાને રેકોર્ડ બ્રેક ૧૦૦ના આંક પર પહોંચાડી અને અનેક ગૌરવભર્યા જૈન ગ્રંથોનું વાંચન, ચિંતન, દોહન અને સંશોધન કરાવ્યું, કે પછી **ડૉ. જિતેન્દ્ર શાહ**ની વાત કરું કે જેમણે આ મહાયજ્ઞના સમગ્ર સંચાલનમાં, વિષયોની પસંદગીમાં તેમ જ માર્ગદર્શક તરીકે ધનવંતભાઈની સાથે કદમથી કદમ જોડી કાર્ય કરી આ ગૌરવગ્રંથ સમારોહને અવિસ્મરણીય બનાવવામાં મદદ કરી. તેવી જ રીતે **ડૉ. કલાબેન, ડૉ. કોકિલાબેન, ડૉ. અભયભાઈ, ડૉ. ઉત્પલાબેન, ડૉ. માલતીબેન** વગેરેનો પણ પ્રશંસનીય ફાળો રહ્યો. તે સાથે સાહિત્ય-યાત્રાના સહભાગી **શતક વિદ્વાનોને** પણ વંદના જેમના વિના આ કાર્ય મુશ્કેલ જ નહિ, અશક્ય હતું.

આ તો થઈ આયોજકો, વિદ્વાનો વગેરેની વાત, પરંતુ જેના થકી આ જૈન સાહિત્ય ગૌરવગ્રંથ સમારોહ ગૌરવમય અને ગરિમામય બન્યો તેવા પિતૃભક્ત **શ્રી વલ્લભભાઈ ભંશાલી** અને **શ્રી મંગલભાઈ ભંશાલી**નું જે પ્રદાન છે તે અનોખું જ રહ્યું છે. મારા માનવા મુજબ આવું વિશાળ સાહિત્ય-સત્ર કદાચ પહેલીવાર જ યોજાયું હશે અને તેનો સમગ્ર યશ **ડૉ. ધનવંત શાહ** અને **રુપ-માણક ભંશાલી ટ્રસ્ટ**ને ફાળે જાય છે. અમાપ સંપત્તિના સ્વામી હોવા છતાં તેમનામાં રહેલી સંસ્કારિતા, લાગણી, કુટુંબપ્રેમ, સાધર્મિક ભક્તિ, નમ્રતા, નિરાભિમાનતા, સરળતા અને ઉદારતા જોઈએ તો ખરેખર કહી શકાય કે એ કુટુંબ ઘણું જ સદ્ભાગી છે. તેમને માટે આ આખું આયોજન એક રીતે જોઈએ તો **પિતા-માતા તથા વડીલ બંધુને અનોખી અને અદ્ભુત જ્ઞાનાંજલીરૂપે રહ્યું.** તેમના **પૂ. પિતાશ્રી રુપચંદજી**ના સંસ્કાર, ધર્મવારસો અને સરળતાને તેમણે અખંડ જાળવ્યા છે એમ નહિ તેને સવાયા સાચવ્યા છે તેમ કહીશ તો પણ ખોટું નહિ ગણાય. વલ્લભ સા, મંગલ સાની બંધુબેલડીએ જ્ઞાનસંમાર્જનના કાર્યમાં જે યોગદાન

આપ્યું તેનાથી ઘણાં લોકોને પ્રેરણા મળશે, જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થશે.

'અતિથિ દેવો ભવ' એ ઉક્તિ સર્વેએ સાંભળી હશે, પરંતુ ઉપસ્થિત દરેક મહેમાનોની આગતા-સ્વાગતા અને આતિથ્ય જે રીતે થયું તેણે આ ઉક્તિને સાર્થક કરી બતાવી. આ મહાયજ્ઞનું સુંદર આયોજન કર્યું મહાવીર જૈન વિદ્યાલયે, લાભ લીધો યજમાન રુપ-માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટે, પરંતુ આ સમગ્ર સંચાલનને સફળ બનાવ્યું શ્રી મુકેશજી જૈન અને તેમની ટીમે. એક એક વાત યાદ કરું, એક એકને યાદ કરું ત્યાં હૃદય લાગણીથી ભાવવિભોર બની જાય છે. સરસ્વતીજી-લક્ષ્મીજી અને મનસાદેવીનો આ ત્રિવેણીસંગમ ખરેખર અજોડ અને અદ્‌ભુત બની રહ્યો.

આ બધી માત્ર પ્રશસ્તિની વાતો નથી, કોઈને સારું લગાડવાની વાત પણ નથી, પરંતુ જે જાણ્યું, માણ્યું અને અનુભવ્યું એવી અંતરની લાગણીની વાત છે. માત્ર મારી જ નહિ, મારી જોડે જે ઉપસ્થિત રહ્યા હતા તેવા ૨૦૦ લોકોના મનની વાત છે. પિતા-માતા અને વડીલ બંધુ પ્રત્યેનો પ્રેમ છે તેને વ્યક્ત કરવા, પોતાના પર તેમનું જે ઋણ છે તેમાંથી યત્‌કિંચિત મુક્ત બનવા તથા તેમણે આપેલા સંસ્કાર વારસાને જાળવી રાખવા રુપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ એક ભગીરથ કાર્ય થયું છે. પોતાની સંપત્તિનો સદુપયોગ તો કર્યો જ છે પણ અન્ય દાનવીરોને પણ સંપત્તિ કેવી રીતે વાપરવી તે માટે માર્ગદર્શક બન્યા છે. સૌથી વધારે વિદ્વદ્‌જનોને જ્ઞાનની આરાધનાના આ અજોડ કાર્યમાં શામેલ કરીને તેમણે એક જીવતા-જાગતા, હાલતા-ચાલતા જંગમતીર્થની જાણે કે સ્થાપના કરી છે ! જ્ઞાનતીર્થની સ્થાપના કરી છે ! પ્રાચીન ગ્રંથોના ગૌરવભર્યા વારસાની આન-બાન અને શાન વધારી છે.

આ મંગલ અવસરે એટલી જ કામના છે કે આવા સાહિત્ય સત્રો વારંવાર યોજાય, દરેક વિદ્વદ્‌જનો પોતાની શક્તિનો ઉપયોગ કરી માત્ર ગ્રંથોનું ચિંતન, મનન અને વાંચન જ નહિ પરંતુ હસ્તપ્રતો જાળવવાની, તેને ઉકેલવાની અને એ રીતે જૈન સાહિત્યને અમરતા બક્ષવાની આ સદ્‌પ્રવૃત્તિમાં યત્‌કિંચિત ફાળો આપી સમાજને શક્તિનું પ્રદાન કરે.

શત શત વંદન જેમણે આ મહાયજ્ઞનું સર્જન કર્યું, સહભાગી બન્યા અને પોતાના યોગદાન દ્વારા તેને અવિસ્મરણીય બનાવ્યું. વીતરાગની વાણી વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં...

✷ ✷ ✷

'ઉષા – સ્મૃતિ' ૧, ભક્તિનગર સોસાયટી, રાજકોટ-૩૬૦ ૦૦૨.
ફોન : ૦૨૮૧-૨૨૨૨૭૯૫; મોબાઈલ : ૯૮૨૪૪૮૫૪૧૦

અબુધ કોણ

❑ જિતેન્દ્ર એ. શાહ

ભારતના ચાર મહાનગરોની સાથે સાથે જેનું નામ પણ લઈ શકાય તેવું કોઈ નગર હોય તો તે છે કર્ણાટકની રાજધાની બેંગલોર. ઈન્ફોનગરી તરીકે ઓળખાતું બેંગલોર દક્ષિણ ભારતનું મહાનગર તો છે જ તે નિઃશંક છે.

બેંગલોરના ઓલ્ડ એરપોર્ટ રોડ તરીકે ઓળખાતો વિસ્તાર પ્રવૃત્તિઓથી ધમધમતો છે. તે વિસ્તારમાં આવેલ કાર્લટન ટાવર કોમર્શિયલ બિલ્ડિંગ છે. દક્ષિણ ભારતના અખબારોની હેડલાઈન્સમાં હાલમાં તે ટાવર–તેમાં લાગેલ મહાભયાનક આગને કારણે ચમકી ગયું. તે આગમાં નવ વ્યક્તિઓ મરણને શરણ થઈ અને અન્ય પંદરથી વીસ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ. તે જ આગમાં ઘટેલી એક ઘટના આપણને ઘડીભર વિચારતા કરી મૂકે તેવી છે.

બેન્ઝી એક મધ્યમવર્ગીય ચાલીસ વર્ષની યુવતી હતી અને નવ-દસ વર્ષની બે પુત્રીઓની માતા હતી. પતિ-પત્ની બન્ને અલગ અલગ જગ્યાએ નોકરી કરી રહ્યા હતા. બેન્ઝીએ કાર્લટન ટાવરની પોતાની નોકરી હાલમાં જ છોડી દીધી હતી અને બુધવાર તા. ૨૪–૨–૦૯ થી નવી જગ્યાએ નવી જ ઑફિસમાં કામે લાગવાની હતી. બેન્ઝીએ જ્યારે જૂની નોકરી છોડી જ દીધી હતી તો મંગળવારે (તા. ૨૩–૨–૦૯) શા માટે તેણે કાર્લટન ટાવરની ઑફિસમાં પગ દીધો તેનો તેના પરિવારજનોને પણ ખ્યાલ ન આવ્યો.

બેન્ઝી મંગળવારે કાર્લટન ટાવરની ઑફિસમાં પહોંચે છે અને પોતાના કામકાજમાંથી પરવારે તે પહેલાં જ શોર્ટ-સરકિટના કારણે તે મકાનનો પાંચમા માળ સહિતનો ઉપલો ભાગ ભયંકર આગમાં ઝડપાઈ જાય છે.

બેન્ઝી તરત જ મોબાઈલ પર પતિનો સંપર્ક કરે છે. તેની વાત સાંભળ્યા પછી પતિ તેને ખાત્રી આપે છે કે માત્ર દસ મિનિટમાં તે ત્યાં પહોંચે છે.

હકીકત એ હતી કે આગની ભયાનક જ્વાળાઓ વચ્ચે અને કાળા રંગનો ધુમાડો શ્વાસમાં જતો હોવાને કારણે બેન્ઝી માટે તે ટાવરમાં દસ મિનિટ પણ ટકી રહેવું અશક્ય હતું. અસહ્ય ગૂંગળામણમાંથી બચવા તેની પાસે એક જ માર્ગ હતો. પાંચમા માળેથી પડતું મૂકવું અને ભાગ્ય સાથ આપે તો જીવન જીવવાની એક તક ઝડપી લેવી.

બંબાવાળાઓ ટાવર સુધી પહોંચે તે પહેલાં જ તેણે પાંચમા માળેથી છલાંગ લગાવી. આગની જ્વાળાઓથી તો તેણે પોતાની જાતને બચાવી લીધી પણ આટલા ઊંચેથી ખાધેલા પછડાટને કારણે તેણે જીવનના છેલ્લા શ્વાસ ગણી લીધા. બેન્ઝી મૃત્યુ પામી.

મૃત્યુ કોઈ પણ રીતે પોતાના આગમનના અણસાર અવશ્ય આપી દે છે.

બેન્ઝીએ તેના ઘરમાં એક કૂતરો પાળ્યો હતો. નામ હતું શાઈની. બેન્ઝીએ પોતાના પ્રાણનો ત્યાગ તો મંગળવારે કર્યો પરંતુ સોમવારની રાતથી તે કૂતરાએ વગર કારણે ઘરમાં ઉત્પાત-તોફાન મચાવવા શરૂ કર્યા. એટલું જ નહીં બેન્ઝીની તે આખરી રાતે તે બેન્ઝીથી થોડીક ક્ષણો માટે પણ દૂર થવા તૈયાર ન હતો.

બેન્ઝીના ભાઈ જ્હોનીએ બહેનના મૃત્યુ પશ્ચાત્ જણાવ્યું તે મુજબ શાઈની બેન્ઝીને બેહદ ચાહતો હતો. સોમવારની આખી રાતના ઉત્પાત પછી મંગળવારે બેન્ઝીએ જ્યારે કાર્લટન ટાવરની ઑફિસમાં જવાની તૈયાર કરી ત્યારે તે કહેવાતા અબુધ જાનવરે બેન્ઝીને ઘરમાંથી બહાર જતી રોકવા પોતાનાથી શક્ય તેટલા પ્રયાસ કર્યા.

પરંતુ વિચારવા જેવો પ્રશ્ન એ છે કે કાળના શાંત ધીમા પગલાં જાનવર સાંભળી શકે પરંતુ પોતાને બુદ્ધિમાન ગણતો માણસ ન સાંભળી, ન સમજી શકે તો બન્નેમાં વધારે અબુધ કોણ ?

✷ ✷ ✷

'માતૃછાયા', ગ્રાઉન્ડ ફ્લોર, ૧૪, કસ્તુરબાનગર, Opp. નં. ૫૭, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૩૯૦ ૦૦૭. ટેલિફોન : ૨૩૫૪૭૨૫

જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ફેબ્રુઆરી ૨૦૦૯ના અંકથી આગળ)

૬૦૫. પ્રેષ્યયોગ (અતિચાર) : જગ્યાની સ્વીકારેલી મર્યાદા બહાર કામ પડે ત્યારે જાતે ન જતાં કે બીજા પાસે તે ચીજ ન મંગાવાતાં, નોકર આદિને જ હુકમ કરી ત્યાં બેઠા કામ કરાવી લેવું.
स्थान सम्बन्धी स्वीकृत मर्यादा के बाहर काम पडने पर स्वयं न जाना और न दूसरे से ही उस वस्तु को मँगवाना किन्तु नौकर आदि से आज्ञापूर्वक वहाँ बैठे-बिठाए काम करा लेना।
When a thing is got not by oneself going outside the prescribed sphere or by inviting someone from outside this sphere but by ordering a servant etc. to bring it.

૬૦૬. નક્ષત્ર : નક્ષત્ર એ જ્યોતિષ્ક નિકાયનો એક પ્રકાર છે.
नक्षत्र ज्योतिष्क निकाय का एक प्रकार है।
One of the types of Jyotiska-gods.

૬૦૭. નગ્નત્વ (પરીષહ): નગ્નપણાને સમભાવપૂર્વક સહન કરવું.
नग्नता को समभावपूर्वक सहन करना।
To put up with nakedness with a sense of equanimity.

૬૦૮. નપુંસક લિંગ-ભેદ : જેનામાં કાંઈક સ્ત્રીનું ચિહ્ન અને કાંઈક પુરુષનું ચિહ્ન હોય તે દ્રવ્ય નપુંસકવેદ અને સ્ત્રી-પુરુષ બંનેના સંસર્ગસુખની અભિલાષાને ભાવ નપુંસકવેદ કહેવાય છે.
जिस में कुछ स्त्री के चिह्न और कुछ पुरुष के चिह्न हों वह द्रव्य नपुंसकवेद और स्त्री-पुरुष दोनों के संसर्ग-सुख की अभिलाषा भाव-नपुंसकदवेद है।
The collective of bodily signs in which some characteristic of a man. Some characteristic of a woman is neuter veda of dravya type, the desire for the pleasure born of intercourse with a man as well as a woman is neuter veda of the bhava type.

૬૦૯. નય : વસ્તુના અનેક ધર્મોમાંથી જ્યારે કોઈ એક ધર્મ દ્વારા વસ્તુનો નિશ્ચય કરવામાં આવે ત્યારે તેને નય કહેવાય છે.
वस्तु के अनेक धर्म में से किसी एक धर्म के द्वारा वस्तु का निश्चय करना इसे नय कहते है।
A thing is possessed of numerous properties and when it is ascertained on the basis of but one of these properties the ascertainment ocncerned is called Naya.

૬૧૦. નરક : નિત્ય-નિરંતર અશુભતર લેશ્યા, પરિણામ, દેહ, વેદના અને વિક્રિયાવાળા સ્થાનને નરક કહેવાય છે.
नित्य (निरंतर) अशुभतर लेश्य, परिणाम, देह, वेदना अने विक्रियावाले स्थान को नरक कहते है।
Those groups which are ever Cgaracterized by an increasingly more inauspicious lesya, parinama, deh, vedana and vikriya is known as Naraka.

૬૧૧. નરકગતિ : ચાર ગતિમાંની એક ગતિ.
चार गति में से एक गति।
One of the gati from the 4 types of gati.

૬૧૨. નરકાયુ : જેના ઉદય વડે નરક ગતિનું જીવન ગાળવું પડે તેને નરકાયું કહેવાય.
जिन कर्मों के उदय से नरक गति मिलती है उसे नरकायु कहते है।
The karmas whose manifestation compels being to lead the life of a helish being.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **પ્રબુદ્ધ શરણે**
લેખક : **તારાબહેન રમણલાલ શાહ**
પ્રકાશક : **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૮૫, સરદાર પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
મૂલ્ય: રૂા. ૧૦૦/-, પાના ૧૩૦,આવૃત્તિ પ્રથમ, નવેમ્બર-૨૦૦૯.

મહાપુરુષોના જીવન પ્રેરક અને માર્ગદર્શક હોય છે. તેથી તેમના જીવનચરિત્રો વંચાય તે અગત્યનું છે. આ બાબતને ધ્યાનમાં રાખી તારાબહેન શાહે આ ચરિત્રો આલેખ્યા છે. આ પુસ્તકમાં જિનશાસનના પ્રભાવશાળી પુરુષોના જીવનચરિત્રોના નામો આ પ્રમાણે છે. (૧) આર્ય વજ્રસ્વામી, (૨) અધ્યાત્મવીર શ્રીમદ્ રાજચંદ્ર, (૩) પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી (૪) વિદ્વાન રમણલાલ ચી. શાહ, (૫) શ્રી રાકેશભાઈ ઝવેરી.

જિનશાસન આવી પ્રભાવક પ્રતિભાઓથી ગૌરવવંતુ બન્યું છે. અહીં આલેખાયેલ દરેક મહાપુરુષનું જીવન સામાન્ય માનવ કરતાં ઉચ્ચ હતું, કોઈ ને કોઈ રીતે ખાસ હતું-વિશેષ હતું.

આર્ય વજ્રસ્વામીનું જીવન વૈરાગ્ય અને જ્ઞાન થકી અદ્‌ભુત હતું. શ્રીમદ્‌ની સાધના અપૂર્વ હતી અને પંડિત સુખલાલજીનું જ્ઞાન અભૂતપૂર્વ હતું. રાકેશભાઈ વર્તમાન યુગમાં ધર્મની જ્યોત પ્રજ્વલિત રાખવામાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. રમણલાલ ચી. શાહની વિદ્વતા અને સૌમ્યતાના સુમેળથી સૌ કોઈ પરિચિત છે.

તારાબહેન શાહે આ સર્વ પ્રભાવક પુરુષોના જીવન સરળ અને સુબોધ શૈલીમાં આલેખ્યા છે. વાચકોને જીવનમાં જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મની પ્રેરણા આપતું આ પુસ્તક સાચા અર્થમાં પ્રબુદ્ધના ચરણે જવાની પ્રેરણા આપે તેવું છે.

X X X

પુસ્તકનું નામ : **'ધ જૈન ફિલોસોફી'**
લેખક : The Jaina Philosophy, Speechs & Writtings of Virchand R. Gandhi
વીરચંદ ગાંધી લિખિત નિબંધો તથા વ્યાખ્યાનો
પ્રકાશક : **વર્લ્ડ જૈન કૉન્ફ્રેશન-મુંબઈ**
પ્રાપ્તિસ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફ્રેશન, મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭, ૪૭, નગીનદાસ માસ્તર રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
ફોન :૦૨૨-૨૨૬૩૨૨૨૦. મૂલ્ય : રૂા. ૨૦૦/-, પાના ૨૮૮, આવૃત્તિ ચોથી, ૨૦૦૯.

વીરચંદ રાઘવજીના મૃત્યુ પછી દસ વર્ષે 'જૈન ફિલોસોફી' પુસ્તક અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયું. ચિંતક અને દાર્શનિક એવા વીરચંદ ગાંધી એક એવી પ્રથમ વ્યક્તિ હતા જેમણે જૈન દર્શનને પશ્ચિમની દુનિયા સમક્ષ ખુલ્લું મૂક્યું. ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો તેમનો પ્રેમ અને અડગ શ્રદ્ધા આ પુસ્તકમાં વ્યક્ત થયાં છે. જૈન ધર્મના સિદ્ધાંતોને ગહનતાથી લેખકે સ્પષ્ટ કર્યા છે. તેઓ માત્ર જૈન ધર્મ જ નહિ પણ અન્ય ધર્મોનું જ્ઞાન પણ ધરાવતા હતા. તે ઉપરાંત યોગ, માનસશાસ્ત્ર, આહારવિજ્ઞાન વગેરે વિષયોથી પણ જ્ઞાત હતા. તેઓ ભારતની વાસ્તવિકતા, તેની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરા તથા આધ્યાત્મિકતા, લોકોની ધાર્મિક જીવન પદ્ધતિ અને ઔદ્યોગિક પ્રગતિ વગેરેનું તાદૃશ્ય ચિત્ર આ પુસ્તકમાં દોર્યું છે.

આમ અહીં તેમણે ભારતના સાચા પ્રતિનિધિ તરીકેની છાપ ઊભી કરી છે.

X X X

પુસ્તકનું નામ : **'ભારતીય સંસ્કૃતિનો આત્મા'**
(શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું ચરિત્ર)
વીરચંદ ગાંધી લિખિત નિબંધો તથા વ્યાખ્યાનો
લેખક : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : વર્લ્ડ જૈન કોન્ફેડરેશન,
પ્રાપ્તિસ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફ્રેન્ડ્રેશન, મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭, ૪૭, નગીનદાસ માસ્તર રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
ફોન : ૦૨૨-૨૨૬૩૨૨૨૦
મૂલ્ય : રૂા. ૧૦૦/-, પાના ૧૩૬, આવૃત્તિ પ્રથમ, ૨૦૦૯.

આજથી એકસો સોળ વર્ષ પૂર્વે અમેરિકામાં વિશ્વ ધર્મ પરિષદ શિકાગોમાં યોજાઈ હતી. આ ધર્મ પરિષદમાં ૨૯ વર્ષના યુવાન વીરચંદ રાઘવજી ગાંધી જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે હાજરી આપી પોતાની વિદ્વતા અને વાગ્ધારા વડે તેમણે સહુને સ્તબ્ધ કરી દીધા. તેઓએ અનેક વિષયો પર આગવી છટા, ઊંડો અભ્યાસ અને વિશિષ્ટ ચિંતન શક્તિ અલ્પ આયુષ્યમાં પ્રાપ્ત કર્યા હતાં. કુમારપાળ દેસાઈનું આવી વ્યક્તિનું ચરિત્ર લખવાનું સ્વપ્ન હતું અને તે પુસ્તક દ્વારા સાકાર થયું છે.

જૈન ધર્મના જ્યોતિર્ધર અને ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા એવા વીરચંદ રાઘવજીનું વ્યક્તિત્વ એક સિદ્ધહસ્ત લેખકની કલમે લખાયું છે. તેમના વ્યક્તિત્વની નવી નવી ક્ષિતિજો લેખકની સંશોધન વૃત્તિ અને અભ્યાસ દ્વારા ખુલી થઈ છે.

પ્રવાહી, પ્રમાણભૂત અને છટાદાર શૈલીમાં લખાયેલ 'ભારતીય સંસ્કૃતિનો આત્મા' નામનું વીરચંદ રાઘવજી ગાંધીનું આ ચરિત્ર તેમના વ્યક્તિત્વના અનેક મૌલિક અને નવીન પાસાઓનું નિરૂપણ કરે છે. તે ઉપરાંત આ પુસ્તકમાં ઈ. સ. ૧૮૮૬માં પ્રકાશિત થયેલ વીરચંદ રાઘવજીનો ગુજરાતીમાં લખેલ 'રડવા-કુટવાની હાનિકારક ચાલ' નિબંધ પ્રકાશિત કર્યો છે. પરિશિષ્ટોમાંથી વીરચંદ ગાંધી વિશેની મૂલ્યવાન સામગ્રી પ્રાપ્તિ થાય છે.

પ્રથમ વાર આવો સર્વગ્રાહી ગ્રંથ પ્રકટ થયો છે જે અત્યંત આવકાર્ય છે.

X X X

પુસ્તકનું નામ : The Yoga Philosophy
(શ્રી વીરચંદ રાઘવજી નિબંધો તથા વ્યાખ્યાનો)
વીરચંદ ગાંધી લિખિત નિબંધો તથા વ્યાખ્યાનો
લેખક : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : વર્લ્ડ જૈન કોન્ફેડરેશન,
પ્રાપ્તિસ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન, મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭, ૪૭, નગીનદાસ માસ્તર રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
ફોન : ૦૨૨-૨૨૬૩૨૨૨૦
મૂલ્ય : રૂા. ૧૫૦/-, પાના ૨૦૬, આવૃત્તિ ત્રીજી, ૨૦૦૮.

વીરચંદ ગાંધીએ ઓરિયેન્ટ ફિલોસોફીના ઉપક્રમે વ્યાખ્યાનો આપેલા હતા. 'ધ યોગ ફિલોસોફી' એ વીરચંદ ગાંધીનું ભારતના તત્ત્વજ્ઞાન, પ્રાચીન સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરામાં એક વિશિષ્ટ પ્રદાન છે. ઈ. સ. ૧૮૯૩માં ચિકાગોમાં વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મ વિશે એમાંય ખાસ કરીને અનેકાન્ત વિશે વ્યાખ્યાન આપી બધાંને જૈન ધર્મથી પરિચિત કર્યા હતા. આ પુસ્તકમાં 'યોગ', 'હિપ્નોટિઝમ', 'શ્વાસોશ્વાસનું વિજ્ઞાન' તથા 'ધ્યાનની શક્તિ' જેવા વિષયોને આવકાર્યા છે અને તે દ્વારા આવા ગંભીર વિષયો પર સુંદર પ્રકાશ પાડ્યો છે.

અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલ આ પુસ્તકમાં તેમના મહુવાના રહેઠાણ, તેમણે પ્રાપ્ત કરેલ વિવિધ મેડલ્સ, તેમને મળેલ માનપત્ર, તેમની સ્મૃતિમાં ભારત સરકારે પ્રકાશિત કરેલ સ્ટેમ્પ્સ (ટપાલ ટિકિટ) વગેરેના ફોટાઓ પુસ્તકને સુંદર તથા દર્શનીય બનાવે છે.

અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લેનાર યુવાવર્ગને વાંચવા, વિચારવા તથા વસાવવા અને પ્રેરણા આપતું આ પુસ્તક છે. ✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11

હે રામ !

❑ કન્દી દવે

'એ બાઈ થામા, અ..ગ...એ બાઈ થામા કિ...' અને કર્કશ સ્વરે બોલતો પેલો માણસ મારા તરફ દોડ્યો. ખિસ્સામાંથી એક ધારદાર ચપ્પુ કાઢી ને હતું તેટલું જોર કરી હાથ ઊંચો કરી ઉગામ્યું. બરાબર એ જ ટાણે વાકોલા બ્રીજના છેડે નાનકડી હૉટલ ચલાવતો ભીખો દોડ્યો. 'એ કાય કરતોસ અક્કા ?' કહેતાં ભીખાએ ઉગામેલો હાથ નીચો કરી નાખ્યો. પેલાને હાથ પકડીને પોતાની હૉટલમાં લઈ ગયો.

મને હવે હોશ આવ્યા. શું થઈ ગયું એની કળ વળતી નહોતી. ગવર્નમેન્ટ કૉલોનીથી વાકોલા બ્રીજ ઉતરી ડાબે હાથે આવેલી 'પ્રગતિ સમાજ શાળા' જતી હતી ને આ બનાવ બન્યો. આ જે બન્યું તેમાં શાળા સંચાલકોના ઉગ્ર મતભેદનો હું શિકાર બની હતી. પણ પછી જાણે કંઈ જ બન્યું નથી એમ મનને મનાવી શાળામાં પ્રવેશ કર્યો.

ભીખાનો ચમત્કાર કેમ થયો તે પણ ખરેખર સ્વાભાવિક જ હતું. રોજ બે પાળીમાં ચાલતી હિન્દી-ગુજરાતી પ્રાથમિક શાળાની બન્ને રિસેસમાં ભીખો આખા સ્ટાફ માટે ચા-કોફી-નાસ્તો પૂરો પાડતો. વળી કોઈ ગરીબ પરિવારના બાળકો માટે ફી માફીની અરજ પણ કરતો. મારી સાથે તો એ નીચું જોઈ લગભગ હાથ જોડેલી મુદ્રામાં ઊભો રહેતો. મારું સ્થાન હિન્દી-ગુજરાતી બન્ને વિભાગની મુખ્ય શિક્ષિકાનું હતું. એનું માન એ કાયમ જાળવતો. જ્યારે એણે પેલા આક્કાનો હાથ નીચે વાળ્યો ત્યારે તેણે એટલું જ કહ્યું હતું: 'વેડા ઝાલો કાય, તુલા કાય સમઝ નાહી. તી માસ્ટરની દેવી આહે દેવી.'–જો કે મારે આ કંઈ સાંભળવું નહોતું. હું જે કંઈ કરતી હતી તેમાં પ્રભુને સાક્ષી રાખી ગરીબ વાલીઓ પ્રત્યે દયા રાખતી.

આ બનાવનો અણસાર મને આગલી સાંજે આવી ગયો હતો. શાળાના કામવાળી મણિબેન મુખ્ય કબાટોની ચાવીઓ રોજ મને આપી જતા. ઓરડા બંધ-ઉઘાડ કરવાનું કામ 'પાટક ટેકનિકલ હાઈસ્કૂલ'ના પટ્ટાવાળા અચ્યુતનું હતું. મણિબેન મને કહે, 'બેન, કાલે એક ગુંડો તમને મારવા આવવાનો છે, સંભાળજો.' મારા સાસુ ત્યાં જ બેઠા હતા, તેમણે કહ્યું, 'મણિબેન તમને કેવી રીતે ખબર પડી ?' પણ ગલ્લા-તલ્લા કરી જવાબ ન આપ્યો. તેમને એમ હતું કે બેનને ચેતવી દઈશ એટલે બેન તેમના ઘરવાળા અને આજુબાજુના મરાઠી મર્દોને લઈને આવશે.

રાત્રે મેં મારા પતિને વાત કરી, પણ મારા સાસુના એકના એક પુત્ર એટલે બા કહે તેમજ કરવાનું. બાને હતું આવી રીતે દીકરો જાય ને ના થવાનું કંઈ થાય તો ? વહુનું તો જાણે સમજ્યા !

સવારે ઉઠી રસોઈ-પૂજા નિયમિત કરી ૭-૩૦ વાગે શાળાએ જવા નીકળી. બાને નીકળતી વખતે દયામણા અવાજે કહ્યું, 'મારી મીનુ ને જયનું ધ્યાન રાખજો.' બન્ને બાળકો સૂતાં હતાં. ખૂબ વ્હાલ કરી પતિ સામે અછડતી નજરે જોઈ હું ઘરની બહાર નીકળી ગઈ. ચાલતી પુલ પર આવીને આ ભયનાક બનાવ બન્યો. રોજ ૮-૦૦ પછી હૉટલે આવતો ભીખો આજે વહેલો કેમ આવી ગયો ? શું તેણે મારી રક્ષા કાજે હનુમાન બનવાનું હતું ? ખેર, પણ મારો આબાદ બચાવ થયો.

આ મણિબેનને પણ મારા પ્રત્યે ભાવ કંઈ અકારણ નહોતો થયો. તે ગરીબ નિરાધાર બ્રાહ્મણ વિધવાને સંતાનમાં નાની દીકરી. કમાણી કાંઈ નહીં. મારી પાસે શાળામાં આવ્યા ત્યારે શબ્દો કરતાં તેના નિ:સાસા વધારે સંભળાયા. મેં શાળાની ચારે તરફ વિસ્તરેલા બંગલા-કૉલોનીઓમાંથી આવતા બાળકોને તેડી-મૂકી જવાનું કામ કરવા સૂચવ્યું. ખૂબ રાજી થઈ ગયા. જોત-જોતામાં એમને ઘણાં

> न श्रद्धयैव त्वयि पक्षपातो, न द्वेषमात्रादरुचि: परेषु ।
> यथावदाप्तत्व परीक्षया तु; त्वामेव वीरप्रभुमाश्रिता: स्म: ।।
>
> **-अयोग्यव्यवच्छेद द्वात्रिंशिका, ३१**

શ્રદ્ધાને કારણે તમારા તરફ હું પક્ષપાત ધરાવતો નથી. દ્વેષને કારણે બીજાંઓ પ્રત્યે અરુચિ દાખવતો નથી, મેં તો આપ્તવની પરીક્ષા કરી છે એના આધારે જ મારા પ્રભુ મહાવીર ! હું તમારા શરણમાં આવ્યો છું.

પંથે પંથે પાથેય...

નાનાં-નાનાં ભૂલકાંઓ લાવવા-મૂકવા જવાનું કામ મળી ગયું. થોડું શાળાનું કામ પણ સોંપ્યું. વળી સંચાલકોને વારંવાર કહીને તેમનો પગાર વધારો પણ હમણાં જ કરાવી આપ્યો. વાલીઓને થોડાં વધારે પૈસા આપવા સમજાવ્યા. જેથી મણિબેનની જિંદગીનો મુખ્ય સવાલ પૂરો થયો. ઘણીવાર સાંજે મારે ત્યાં ચાવીઓ આપવા આવે ત્યારે કોઈ નાનું-મોટું કામ કરવા ઈચ્છા કરે, પણ મને એ ન ગમે. મેં તો પહેલેથી જ શાળા-ઘરનું અંતર રાખી દીધું હતું.

સમય ક્યાં કોઈની રાહ જુએ છે ? એક વર્ષ આ વાતને પૂરું થયું. સાતમા ધોરણનો અશોક બે દિવસ ના આવ્યો. પૂછતાં ખબર પડી કે તેની બા સુવાવડમાં ગુજરી ગયા છે. મેં હિન્દી વિભાગના સ્ટાફને સાથે લઈ તેને ત્યાં જવાનું નક્કી કર્યું. શાળાની પાછળ ઝુંપડપટ્ટી. જાણીતા છોકરાને સાથે લઈ અશોકને ઘેર પહોંચ્યા. અશોકના દાદીમા આગળ બેઠા હતા. અમે સૌ નીચે બેઠાં. અશોક દોડી મારી પાસે પગે લાગી બેસી રડવા માંડ્યો. મેં તેને પ્રેમથી પંપાળ્યો. વાંસામાં ધીમે ધીમે હાથ ફેરવ્યો. તેના આંસુ મારા રૂમાલથી લૂંછ્યાં. અશોક દાદીમાને કહે, 'અમ્માજી, મને નોટ, પેન્સિલ, પુસ્તકો બધું માસ્ટરનીજી આપે છે. મારી ફી પણ માફ કરાવી દીધી છે. ત્યાં તો અંદરનાં ઓરડામાંથી તેના પપ્પા આવ્યા, કહેવા લાગ્યા, 'અમને માસ્ટરની નહીં મદદગાર મળ્યા છે. મારો અશોક દિન-રાત તમારી જ વાતો કરે છે.' આ શું ? આ તો પેલો અક્કા ? પૂલને છેડે ઊભેલો ક્રૂર અક્કા ? મારી મદદ, સહાનુભૂતિ અને અશોક તરફનો પ્રેમ જાણે પીડાઈ રહ્યો હતો. 'માલા માફ કરા, માસ્તરનીજી' બોલ્યો હતો અક્કા. સ્ટાફ સાંભળતો હતો, સમજતો ન હતો. હું સમજતી હતી, સાંભળી શકતી નહોતી. એની આંખોમાં આંસુ પસ્તાવાના પરિચાયક હતા. મારાથી બોલાઈ ગયું: હે રામ !

ગાંધીનગર ✷ ✷ ✷

Printed & Published by Niroobahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.



પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક -૪ • એપ્રિલ ૨૦૧૦ • પાના ૨૮ • કીમત રૂા. ૧૦

જિન–વચન

મનુષ્ય અને ધર્મ

माणुसत्तम्मि आयाओ जो धम्मं सोच्च सद्दहे ।
तपस्वी वीरियं लद्धुं संवुडो निद्धुणे रयं ।।

–उत्तराध्ययन– ३-११

મનુષ્યજન્મ પામેલો જે જીવ ધર્મને સાંભળીને શ્રદ્ધાળુ બને છે તે જીવ પછી તપસ્વી બનીને તથા સંયમી થઈને કર્મમળને ખંખેરી નાખવાનો પુરુષાર્થ કરે છે.

मनुष्य-जन्म को प्राप्त कर जो धर्म को सुनता है, उस में श्रद्धा करता है और उस के अनुसार पुरुषार्थ करता है, वह तपस्वी नये कर्मों को रोकता हुआ कर्मरूपी रज़ को झाड़ता है ।

After attaining human birth, he who listens to and believes in true religion and practises it with penance and self-control, guards himself and gets rid of the dust of accumulated Karmas.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

આચમન

‘જ્યાં રહો ત્યાં મહેકતા રહો’

મોહનદાસને મહાત્મા સુધી પહોંચતા કરવામાં એમની માતાએ શું ભાગ ભજવ્યો ?

ગાંધીને પેદા કરનાર સ્ત્રીએ પણ કંઈક અજબ ભાગ ભજવ્યો હશે જ. ગાંધીને વીલાયત મોકલતાં પહેલાં માતાએ સખત વિરોધ નોંધાવ્યો અને પછીથી ત્રણ મહાવ્રતો લેવરાવ્યા બાદ બતાવેલી મરજીમાં એનાં ઊંડાં મૂળ દેખાય છે. ત્રણ મહાવ્રતો બ્રહ્મચર્ય, માંસ ત્યાગ અને મદીરા ત્યાગના વ્રતો લેવરાવીને જ તેમણે ગાંધીજીના જીવનનો પાયો નાંખ્યો એમ કહી શકાય. ગાંધીજીના શરીરને તેમણે જન્મ આપ્યો તે તો ખરો જ. પણ ગાંધીજીના અધ્યાત્મ શરીરને પણ તેમણે જ જન્મ આપ્યો. તેમણે જે આધ્યાત્મિક બીજો વાવ્યાં તે જ આગળ જતાં ફૂલ્યાં અને ફાલ્યાં છે.

એક વાર મહાદેવભાઈ ગાંધીજીની ‘આત્મકથા’ની સંક્ષિપ્ત આવૃત્તિનાં પ્રુફ તપાસતાં બાપુને પૂછે છે: ‘તમારી માતાના કઠણ વ્રતો : એકાદશી, ચાતુર્માસ, ચાંદ્રાયણ વગેરેની વાત કરી છે, પણ આપે તો શબ્દ Saintliness (પવિત્રતા) વાપર્યો છે. અહીં પવિત્રતા કરતાં તપશ્ચર્યા કહેવા આપ નથી ઈચ્છતા ? તો શબ્દ Austerity ન લખાય ?

બાપુ કહે: ‘ના, મેં પવિત્રતા શબ્દ હેતુપૂર્વક વાપર્યો છે. તપશ્ચર્યામાં તો બાહ્ય ત્યાગ, સહનશક્તિ અને આડંબર પણ હોઈ શકે; પણ પવિત્રતા એ તો આંતરગુણ છે. મારી માતાના આંતરજીવનનો પડઘો એની તપશ્ચર્યામાં પડતો. મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે મારા પોતાની નથી. પણ મારી માતાની છે. મારી માતા ચાળીસ વરસે ગુજરી ગયેલાં એટલે મેં એની ભરજુવાની જોઈ છે. પણ કદી એને ઉછાંછળી કે ટાપટીપવાળી કે કાંઈ પણ શોખ કે આડંબર કરનારી મેં જોઈ નથી. એની પવિત્રતાની જ છાપ હંમેશને માટે મારા ઉપર રહી ગઈ છે.

અમને બાળકોને કાંદાનો બહુ શોખ. વૈષ્ણવ ધર્મમાં કાંદા ન ખવાય, પણ મા સાથે કજીયો કરીએ. મા બાપડી પોતે ન ખાય પણ અમારે માટે જુદા કાંદા રાંધીને અમને ખવડાવે. અને એમ ખવડાવતાં ખવડાવતાં ટીકા કરીને અમારી આદત માતાએ છોડાવી, એ એની શુદ્ધ અહિંસા અને સત્યાગ્રહ હતો. અમારો સિદ્ધાંત ભોગનો હતો, એનો ત્યાગનો હતો. પોતાનો ત્યાગ ન છોડતાં અમારા ભોગને રીઝવતાં. પણ પ્રેમને બળે એ છોડાવી શકી. ત્યારથી હું મારી મા પાસે પ્રેમમય અસહકાર શીખ્યો.

કમાતાં છોકરાં પબ્લિક ઉપર ન નભે

હરીલાલભાઈની દીકરી મનુબહેન માંદી પડીને સેવાગ્રામ થોડા દિવસ રહી હતી, તો ગાંધીજીએ મનુબહેનના પતિ સુરેન્દ્ર મશરુવાળાને લખ્યું: મારો ધર્મ મનુ ઉપર થયેલું ખર્ચ તમારી પાસેથી લેવાનો છે. મેં કોઈ નોખા હિસાબ તો નથી રાખ્યા. તમને પાલવે તે રકમ મોકલશે એટલે ધર્મ સચવાશે. કમાતાં છોકરાં પબ્લિક ઉપર ન નભે એ જ બરાબર ને ?

હરીલાલભાઈની મોટી દીકરી રામીબહેનના પતિ કુંવરજીભાઈ પારેખને ટી.બી. થયેલો ત્યારે ગાંધીજીએ એમને પોતાની પાસે છએક માસ રાખી સારવાર કરલી, તેઓ જમાઈ હોવા છતાં ગાંધીજીએ તેમના ખર્ચનું બીલ મોકલી આપેલું.

સૌજન્ય : **‘સદ્‌ભાવના-સાધના’**

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ટ
(૧)	મારી માતૃભાષા : મારી ગુજરાતી	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	રામકૃષ્ણ પરમહંસનું દક્ષિણેશ્વરમાં આગમન	ગંભીરસિંહ ગોહિલ	૬
(૩)	આપણા ભાવ-વિશ્વના કવિ : ટી.એસ.એલિયટ	ડૉ. રણજિત એમ. પટેલ	૮
(૪)	શ્રીમદ્ ભાગવતને આધારે અવતારવાદની વિભાવના	રબારી રણછોડભાઈ એમ.	૧૦
(૫)	સામાન્ય લેખન-અશુદ્ધિઓ	શાંતિલાલ ગઢિયા	૧૧
(૬)	ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈના મુખે મહાવીર કથા	—	૧૩
(૭)	મહાવીર કથા : પ્રતિભાવ	—	૧૬
(૮)	જયભિખ્ખુ જીવનધારા-૧૭	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૦
(૯)	પ્રશ્ન પત્ર	—	૨૨
(૧૦)	શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૭	પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ	૨૩
(૧૧)	ધર્મમય વિજ્ઞાન	નેમીચંદ જૈન અનુવાદ : પુષ્પાબેન પરીખ	૨૫
(૧૨)	જૈન પારિભાષિક શબ્દકોશ	ડૉ. જિતેન્દ્ર બી. શાહ	૨૬
(૧૩)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૪)	પંથે પંથે પાથેય : પ્રેમનું તેલ	ગીતા જૈન	૨૮

‘પ્રબુદ્ધ જીવન’ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું ‘પ્રબુદ્ધ જીવન’
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં ‘પ્રબુદ્ધ જીવન’નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૪ ● એપ્રિલ ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૬ ● અ. વૈશાખ સુદ –તિથિ-૨ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

મારી માતૃભાષા : મારી ગુજરાતી

જે જન્મતાં જ આશિષ હેમચંદ્રના
પામી, વિતરાગી જિન સાધુઓએ
જેનાં હિંચોળ્યાં મમતાથી પારણાં
રસપ્રભા ભાષણથી લહી જે
નાચી અભંગ નરસિંહ-મીરાં
અખા તણા નાદ ચઢી ઉમંગે
આયુષ્યમતિ લાડલી પ્રેમ ભટ્ટની
દઢાયુ ગોવર્ધનથી બની જે
અર્ચેલ કાંતે દલપતપુત્રે
એ ગુર્જરી ધન્ય બની ઋતુંભરા
ગાંધી મુખે વિશ્વમાંગલ્ય યાત્રી.

–ઉમાશંકર જોષી

આ અંકના સૌજન્યદાતા :
શ્રીમતી કલ્પા હસમુખ ડી. શાહ પરિવાર
સ્મૃતિ : સ્વ. સંપતબેન દીપચંદ શાહ

લગભગ છેલ્લા પચ્ચીસ વરસથી 'ગુજરાતી ભાષા' બચાવોની ઝુંબેશ ઘણાં મહાનુભાવોએ ઉપાડી છે, એમાંના કેટલાક 'યસ મિનિસ્ટર'ના નારા સાથે રાજકારણમાં પ્રવેશી ગયા તો કેટલાક ગુજરાતી બચાવોના પોકાર સાથે સામાજિક તખ્તે પ્રતિષ્ઠા પદ ઉપર બેસી ગયા, તો કેટલાંકે આ ઝુંબેશના નામે પોતાના નામનો પ્રચાર કરી દીધો. આ સર્વે ગુજરાતી ભાષા પ્રેમી મહાનુભાવોને એક પ્રશ્ન પૂછવાનું મન થાય કે તમારા સંતાનો અંગ્રેજી માધ્યમમાં કે ગુજરાતી માધ્યમમાં ભણ્યા ? ભણે છે ? જવાબની કલ્પના સુજ્ઞ વાચક જ કરે. પરંતુ હજી ગુજરાતી ભાષાની ચિંતાનો પ્રશ્ન તો ત્યાં ને ત્યાં જ ઊભો છે.

અલબત્ત, જગતના વિશાળ ફલક ઉપર ઊભા રહેવા માટે અંગ્રેજી ભાષાની જરૂર અવશ્ય છે જ, પરંતુ માતૃભાષાનો છેદ ઉડાડીને તો નહિ જ, એથી તો ગુજરાતી સંસ્કાર અને સંસ્કૃતિનો છેદ ઊડી જશે.

હમણાં ડૉ. ગુણવંત શાહે આ પ્રશ્નની વ્યવસ્થિત રીતે, કારણો સાથે છણાવટ કરી ગુજરાતમાં પ્રચાર ફેરી પણ કાઢી. તો એમની સમાંતરે કેટલાંક મહાનુભાવોએ હાકોટો કાઢ્યો કે, 'અરે ચિંતા શું કરો છો ? પાંચ કરોડ ગુજરાતીની આ ગુજરાતી ભાષાને કાંઈ થવાનું નથી, તમ તમારે જલસા કરો અને ચિંતા છોડી દ્યો. ગુજરાતમાં આટઆટલા વર્તમાન પત્રો અને નવા નવા સામયિકો નીકળે છે અને એ હંધાય દોડે છે.'

સસલું જમીનમાં માથું નાંખીને નિશ્ચિંતતાનો ભ્રમ ઓઢીલે એવા

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

આ ભ્રામક આશ્વાસનો છે. આ મહાનુભાવોને પ્રશ્ન પૂછીએ કે ગુજરાત–મહારાષ્ટ્રમાં કેટલી ગુજરાતી માધ્યમની શાળા બંધ થઈ એ ખબર છે? મુંબઈમાં તો બી.એ.,એમ.એ.માં ગુજરાતી વિષય લેનારા વિદ્યાર્થીઓનો તો દુકાળ છે જ. કેટલાં સત્ત્વશીલ સામયિકોનું પ્રકાશન બંધ થયું છે એ વિગતો આપણી પાસે છે? ગુજરાતી નાટકો જોવા ૪૫ની વયની નીચેના કેટલાં પ્રેક્ષકો આવે છે? 'ચિંતા છોડી દયો' આ ભ્રામક ઠાલું આશ્વાસન છે. ગુજરાતી ભાષાની ઈમારત ક્યારેક ઓચિંતિ કકડભૂસ થશે ત્યારે ટેકો ક્યાંથી લાવશો?

આ સામયિક 'પ્રબુદ્ધ જીવન' વરસોથી ખોટમાં ચાલ્યું, પછી એક સમય એના શ્વાસ ગણવાનો વારો આવ્યો ત્યારે આ સંસ્થાએ સમાજને અપીલ કરી અને 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરી તેમજ 'સૌજન્યદાતા'ની યોજના સમાજ સામે મૂકી અને કદરદાન વાચકોએ 'પ્રબુદ્ધ જીવન'ના જીવનને સ્વસ્થતા અને દીર્ઘ આયુ માટે ધનરાશિ બક્ષી, પરંતુ એક બળવાન સંસ્થાનો ટેકો છે એટલે 'પ્ર. જી.'નું પ્રસારણ થાય છે, પણ અન્ય એવા કેટલાય સત્ત્વશીલ ગુજરાતી સામયિકો હશે જે આર્થિક મુંઝવણમાં હિજરાતા હશે એમનું શું ભવિષ્ય? એમના આ 'તપ'નું ભવિષ્ય શું? એક તો આર્થિક ભીંસથી માંડ માંડ ગુજરાતી ભાષા અને ગુજરાત પ્રેમને કારણે પોતાનું ગાડું ગબડાવતા હોય એમાં અંગ્રેજી માધ્યમને કારણે નવો ગુજરાતી ભાષી એમાં ઉમેરાય નહિ અને વર્તમાનમાં જે વાચક વર્ગ છે એ કાળને અર્પણ થતા જાય, પછી શું? વર્તમાનમાં આવા કેટલાંય સત્ત્વશીલ સામયિકો ગુજરાતી ભાષાપ્રેમ અને પોતાની 'પ્રતિષ્ઠા'ને કારણે ફરજિયાત જીવી રહ્યાં છે.

'પ્રબુદ્ધ જીવન'નો સત્ત્વશીલ વાચક વર્ગ બહોળો છે. એનો યશ આ સામયિકના પૂર્વ તંત્રીઓને છે. એ મહાનુભાવોએ સમાજના એક આવા વર્ગને એક કેડી પકડાવી દીધી એટલે આજે પણ એ વર્ગ નિયમિત આ સામયિક વાંચે છે, પરંતુ આ વર્ગ પણ કાળને સમર્પિત થતો જશે પછી શું? તો શું પ્રતિષ્ઠા ખાતર આ સામયિકને પ્રગટ કરતા જ રહેવું? તો તો સમાજના ધનનો એ સદ્‌ઉપયોગ નથી જ.

વર્તમાનમાં 'પ્ર. જી.' આ સંસ્થાના આજીવન સભ્યો, પેટ્રનો, ગ્રાહકો અને પૂ. સાધુ-સાધ્વી ભગવંતો તેમ જ ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત બૌદ્ધિકોને વિના મૂલ્યે નિયમિત અર્પણ કરાય છે. કોઈ પણ જિજ્ઞાસુ 'પ્ર. જી.' માટે વિનંતિ કરે તો લવાજમના કોઈ પણ આગ્રહ વગર અમે એ જિજ્ઞાસુઓને નિયમિત આ 'પ્ર. જી.' અર્પણ કરીએ જ છીએ. અમારો આશય વધુ ને વધુ બૌદ્ધિકો અને જિજ્ઞાસુઓની પાસે આ 'પ્ર. જી.' પહોંચે અને સત્ત્વ-તત્ત્વની સાથે ગુજરાતી ભાષાની પણ અર્ચના થાય–આ ભાવ છે એટલે 'પ્ર. જી.'નો વાચક વર્ગ વધતો જાય છે અને અમને સર્વે વાચકો તરફથી સંતોષ અને આનંદના પ્રતિભાવો નિયમિત મળતા રહે છે. અમારા માટે આ ગૌરવ ઘટના છે, પરંતુ, છતાં, હૃદયને એક ખૂણે ભય તો છે જ કે અંગ્રેજી માધ્યમની નવી પેઢી ભવિષ્યમાં આ સામયિક વાંચશે?

આ 'ભય'ને કેન્દ્રમાં રાખી અમે આ સંસ્થાના આજીવન સભ્યોને એક પ્રશ્નાવલિ મોકલી, જેના અમને ઉત્તરો પણ મળ્યા. આ પ્રશ્નપત્ર આ અંકમાં ૨૨મા પાને અમે આપેલ છે. 'પ્ર.જી.' ના સર્વે વાચકોને અમારી આગ્રહભરી વિનંતિ છે કે અમને આ પ્રશ્નાવલિના ઉત્તરો અવશ્ય આપે. આપ આટલી તસ્દી લો તો એક મહત્ત્વના નિર્ણયના ભાગીદાર બનશો. ઉત્તર આપવો એ આપનો વાચકધર્મ છે.

આ પ્રશ્નોમાં ચાર મુખ્ય પ્રશ્નો આ પ્રમાણે છે:

(૩) આપના પરિવારમાં વર્તમાન પેઢી અંગ્રેજી માધ્યમમાં ભણતી હોઈ, ગુજરાતી ભાષી 'પ્રબુદ્ધ જીવન' વાંચે છે? હા-ના.

(૪) આપ ઈચ્છો છો કે 'પ્ર.જી.' અંગ્રેજીમાં પ્રકાશિત થવું જોઈએ? હા–ના.

(૬) વર્તમાન પરિસ્થિતિને કારણે 'પ્ર.જી.' આપના પરિવારમાં ન જ વંચાતું હોય તો એ આપને મોકલાતું બંધ કરીએ? હા–ના.

(૮) કેટલાંક જિજ્ઞાસુ સજ્જનો સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે વર્તમાન વયસ્કોની એક પૂરી પેઢીએ વરસોથી નિયમિત 'પ્રબુદ્ધ જીવન'નું વાંચન કર્યું છે, પણ કાળક્રમે આ વાચકવર્ગ વિદાય થતો જાય છે, એટલે દશેક વર્ષ પછી આવા સામયિકનું ભવિષ્ય શું? શ્રદ્ધા રાખીને 'પ્ર.જી.'નું પ્રકાશન કરતા જ રહેવું? હા–ના.

અમારા આજીવન સભ્યો પાસેથી ઉપરના ચાર પ્રશ્નોના અત્યાર સુધી ઉત્તર મળ્યા એમાં ૩ માં ના, ૪ માં પણ ના, પરંતુ કેટલાંકનું સૂચન છે કે કેટલાંક લેખો અંગ્રેજીમાં અપાય એ ઈચ્છવા યોગ્ય, ૬ માં પણ બધાંની 'ના' એટલે 'પ્ર.જી.' પરિવારમાં આવવું

'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા માટે વિનંતિ

૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટે કોઈ પણ એક માસના રૂા. ૨૦,૦૦૦/-નું અનુદાન આપી સૌજન્યદાતા બનવા અમે અમારા 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ વાટકોને વિનંતિ કરીએ છીએ.

જ્ઞાનદાન એ ઉત્તમ અને ચિરંજીવ દાન છે.

પોતાના સ્વજનોનું આવા જ્ઞાન કર્મથી તર્પણ કરવું એ જ સાચી શ્રદ્ધાંજલિ છે, અને ભવ્ય તર્પણ છે. ગુજરાતી ભાષા અને તત્ત્વ વિચારની આ ઉત્તમોત્તમ સેવા છે.

સૌજન્યદાતાનું નામ લખાવવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ફોન-૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

આપના હૃદયમાં જન્મેલ ભાવને અમારા વંદન.

પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ

તો જોઈએ જ, અને ૮ માં તો બધાંની 'ના' જ. પરંતુ આ 'ના' માં એક મમત્વ છે, જેના વાંચનથી પોતાના જીવનનું ઘડતર થયું હોય, જેના વાંચને જીવનમાં સત્ત્વ અને આનંદની પળો આપી હોય એને 'સંકેલવા'નું તો કોઈ પણ સહૃદયી ન જ કહે. પરંતુ વાસ્તવિકતા શું? શ્રદ્ધા રાખી ક્યાં સુધી આવા સામયિકનું પ્રકાશન કરતા રહેવું? ભોકતા ન મળે તો કલાનું પ્રયોજન શું? કલાપીએ ગાયું જ હતું કેઃ-

કલા છે ભોજ્ય મીઠી તે ભોકતા વિણ કલા નહીં!
કલાવાન કલા સાથે ભોકતા વિણ મળે નહીં!

ગુજરાતી વાચક વર્ગ ઓછો થતો જાય છે એનું આ પ્રમાણ.

આ પરિસ્થિતિ માટે સર્વ પ્રથમ દોશી છે સાંઠ વરસ પહેલાંના આપણા ગુજરાતના રાજકારણીઓ. અને એમાં મોખરે ઠાકોરભાઈ દેસાઈ અને અંગ્રેજી વિરોધી એમના આદર્શવાદી સાથીઓ. સાંઠ વરસ પહેલાં ગુજરાતમાં એવો કેળવણીનો 'ફતવો' આ ગુજરાતી ભક્તોએ–વિશેષ તો અંગ્રેજ સાથે અંગ્રેજી ભાષાના વિરોધી–બહાર પાડ્યો કે અંગ્રેજી વિષય એસ.એસ.સી.માં મરજિયાત બનાવ્યો એટલું જ નહિ, આઠમા ધોરણથી જ એ.બી.સી. શિખવાડાય. માત્ર ચાર વર્ષ અંગ્રેજીના અભ્યાસના વિદ્યાર્થીને કૉલેજમાં સંપૂર્ણ અંગ્રેજીના માધ્યમના વિદ્યાર્થીઓ પાસે મૂકવાથી આ વિદ્યાર્થીઓ કેટલી મોટી લઘુતાગ્રંથીના રોગી બની ગયા હશે! વાસ્તવિક જીવનના પ્રવાહમાં પોતાના 'કાચા' અંગ્રેજીને કારણે એમને કેટલું વેઠવું પડ્યું હશે? અને એટલે જ આ વર્ગ પોતાના સંતાનો માટે અંગ્રેજી માધ્યમનો આગ્રહ રાખે એમાં અનૌચિત્ય કશું જ નથી.

સાઠ વરસ પહેલાં શિક્ષણમાં અંગ્રેજી ભાષાનું સ્થાન હતું, એની સમાંતરે ગુજરાતીને પણ મહત્ત્વ હતું. એ પેઢીના વયસ્કોને મળો તો એમનું પ્રભુત્વ બન્ને ભાષામાં છે એવો અહેસાસ થાય છે જ.

મુંબઈની એક સ્કૂલ એવી હતી કે જ્યાં ગુજરાતી માધ્યમ સાથે દરેક વરસે એક એક વિષય અંગ્રેજીમાં વધતો જાય. આ શાળાના વિદ્યાર્થીમાં બન્ને ભાષા ઉપર પ્રભુત્વ છે એનો આ લખનારને અનુભવ છે.

અત્યારે તો ગુજરાતી ભાષાની પરિસ્થિતિ લગભગ આવી છેઃ-

અબે તબૈ કે સોલહ આના, અઠૈ કઠૈ કે બારહ,
ઈકડં તિકડં આઠૈ આના, શું શા પૈસા ચાર.

અત્યારે ગુજરાત સરકાર 'સ્વર્ણિમ્ ગુજરાત'ના નગારા વગાડે છે, અને 'વાંચે ગુજરાત'નું અભિયાન શરુ કર્યું છે. પણ આવતી કાલે પણ 'વાંચે ગુજરાતી ભાષા ગુજરાત' એવું કરવું હોય તો સત્તા સ્થાને બેઠેલા મહાનુભાવો પહેલાં એ નિયમ–કાયદો કરે કે ગુજરાતની પ્રત્યેક સ્કૂલમાં, હા 'પ્રત્યેક' – પહેલી થી એચ.એસ.સી. સુધી એક વિષય ગુજરાતીનો ફરજિયાત હોવો જ જોઈએ. ગુજરાતમાં વસવું હશે, ગુજરાતની ધરતીનું અન્ન આરોગવું હશે તો આ 'ધર્મ' પણ ગુજરાતમાં વસતા સર્વે માનવોએ અપનાવવો પડશે જ. તો જ ભવિષ્યનું ગુજરાત ગુજરાતી વાંચશે.

અને ગુજરાત બહારના ગુજરાતીઓએ તો કવિ ખબરદારની આ કવિતા સાર્થક કરી જ છેઃ-

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!
જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત!
ગુર્જર વાણી, ગુર્જર લહાણી, ગુર્જર શાણી રીત;
જંગલમાં પણ મંગલ કરતી, ગુર્જર ઉદ્યમ પ્રીત.
ગુર્જર ભરતી ઊછળે છાતી ત્યાં રહે ગરજી ગુર્જર માત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.

પ્રેમાનંદે ગુજરાતી ભાષાને સન્માન ન મળે ત્યાં સુધી શિખા ન બાંધવાની પ્રતિજ્ઞા લીધી, કવિ નર્મદે કહ્યું: 'ગુજરાતી ભાષાને માનભર્યું સ્થાન અપાવીશ નહિ ત્યાં સુધી માથે પાઘડી બાંધીશ નહિ, અને કવિ દલપતે ગુજરાતી ભાષાને વ્હાલ કરતા કહ્યું:-

આવ ગિરા ગુજરાતી
તને, અતિ શોભિત હું શણગાર સજાવું;
જાણની પાસ વખાણ કરાવું,
ગુણીજનમાં તુજ કીર્તિ ગજાવું;
ભારત વર્ષ વિષે બીજી ભારતિ
માનવતી તણું માન તજાવું
દેશ વિષે દલપત કહે,
ભભકો તુજ જો ભલીભાત ભજાવું.

વિદ્વાન મિત્ર ડૉ. ગુણવંત શાહે ગુજરાતી ભાષાને ચેતનવંતી રાખવા જે 'અવાજ' ઉઠાવ્યો છે એમાં આપણે બધાં આપણાં સર્જનાત્મક શબ્દો ઉમેરીએ અને આપણે પણ કોઈક એવી જ પ્રતિજ્ઞા લઈએ, અને **ગુજરાતી 'બોલી'ને પહેલાં સાચવીએ. એક ગુજરાતી બીજા ગુજરાતીને મળે ત્યારે ગુજરાતીમાં જ બોલે.** કચ્છી માડુનો દાખલો લ્યો. એક કચ્છીભાઈ તમારી સાથે ગુજરાતીમાં વાત કરતા હશે ત્યારે એ જ સમયે જો કોઈ કચ્છી મહાનુભાવ મળી જાય તો એ બેઉ કચ્છીપ્રેમી કચ્છી બોલીમાં જ વાતો કરે, અને તમે નિરખતા રહી જાવ. આપણે પણ **પૃથ્વી ઉપર ક્યાંય ગુજરાતી મળે તો એની સાથે ગુજરાતીમાં જ બોલીએ અને ગુજરાતી ભાષાનો જ ઉપયોગ કરીએ, અને 'ગુજ્જુ' જેવા અપમાનજનક શબ્દને જાકારો આપીએ.** આટલું કરીએ તો ગુજરાતી ભાષા ઘસાશે નહિ, પણ ચકચકીત બનશે. ગુજરાતી વાણી અને બોલી ગુંજશે તો સદાકાળ ગુજરાતી ગિરા અજર અમર.

સ્વર્ણિમ ગુજરાતના અભિયાનને અભિવંદના અને 'વાંચે ગુજરાત' ભાવને વંદના. જય ગુર્જર ગિરા.

❑ ધનવંત શાહ

'ભગવાન મહાવીરનું બુનિયાદી ચિંતન'

'પ્રબુદ્ધ જીવન'ના માર્ચ–તીર્થંકર મહાવીર જન્મકલ્યાણક વિશેષાંકમાં ડૉ. જયકુમાર જલજનો લેખ 'ભગવાન મહાવીરનું બુનિયાદી ચિંતન' જે પુસ્તિકામાંથી અમે અવતરણ કર્યું છે એ પુસ્તિકા પ્રાપ્ત કરવા અમોને અનેક વાચકોએ પૃચ્છા કરી છે. આ પુસ્તિકા અંગ્રેજી, હિંદી અને ગુજરાતીમાં હિંદી ગ્રંથ કાર્યાલય, ૯ હીરાબાગ, સી. પી. ટેંક, મુંબઈથી પ્રાપ્ત થશે.

ફોન નં. : 23826739 / 23826739. મો. નં. : 9820896128

રામકૃષ્ણ પરમહંસનું દક્ષિણેશ્વરમાં આગમન

❑ ગંભીરસિંહ ગોહિલ

રામકૃષ્ણ પરમહંસના જીવન અને કૃતિત્વથી સમસ્ત જગત પ્રભાવિત થયેલું છે. દેશનો છેલ્લા સવા-દોઢ સૈકાનો ઈતિહાસ તેનો સાક્ષી છે. આધ્યાત્મિક, સામાજિક, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક એમ અનેક ક્ષેત્રો પર તેમનો પ્રત્યક્ષથી વધુ પરોક્ષ પ્રભાવ પડેલો છે.

મહાપુરુષોના જીવનની ગતિવિધિઓ ન્યારી હોય છે. પરંતુ વાસ્તવિકતાઓ તપાસીએ તો જણાશે કે રામકૃષ્ણના કોલકતા ખાતેના નિવાસે જ તેમને જગત સમક્ષ લાવી મૂક્યા હતા. જો તેમનો નિવાસ તેમના જન્મસ્થળે જ રહ્યો હોત તો પણ તેમની ઉત્કટ પ્રભુપરાયણતા તો પાંગરી જ રહી હોત. પરંતુ જગતને તેમનો લાભ ઘણો જ ઓછો મળ્યો હતો.

રામકૃષ્ણના પિતા ખુદીરામ માણિકરામ ચટ્ટોપાધ્યાયનું મૂળ વતન દેરેગામ બંગાળના હુગલી જિલ્લામાં આવેલું હતું. વિપરીત સંજોગોમાં તેમને તે ગામ છોડવું પડ્યું હતું. બાજુના ગામ કામારપુકુરમાં તેમણે વસવાટ કરેલો જ્યાં ૧૮૩૬માં રામકૃષ્ણનો જન્મ થયેલો. તેમનું મૂળ નામ ગદાધર. સાત વરસની ઉંમરે તેમના પિતાનું અવસાન થયું.

રામકૃષ્ણની જીવનસરિતાને અહીંથી વળાંકો મળવાનું શરૂ થાય છે. તેમના સૌથી મોટા ભાઈ રામકુમારે પૂજા, કર્મકાંડ વગેરેનાં કાર્યોથી કુટુંબનો નિર્વાહ ચલાવવા માંડ્યો. તેમણે વ્યાકરણ, સાહિત્ય, સ્મૃતિશાસ્ત્ર, જ્યોતિષ વગેરેનો અભ્યાસ કર્યો હતો. યોગ્ય ગુરુ પાસે દેવીમંત્ર લઈને તેમણે શક્તિ ઉપાસના પણ કરેલી.

પિતાના મૃત્યુ પછી છ વર્ષે રામકુમારનાં પત્ની પુત્રને જન્મ આપી મૃત્યુ પામ્યાં. ચાર ભાઈ-બહેન, માતા, પુત્ર વગેરેનું પાલન પોષણ કરવાનું મુશ્કેલ જણાતાં રામકુમારે કોલકતા નજીક ઝામાપુકુરમાં પાઠશાળા ખોલી. ધર્મિષ્ઠ, નિસ્પૃહ અને શસ્ત્રોના નિષ્ણાત રામકુમાર ભણાવવા ઉપરાંત સેવાપૂજાનું કામ પણ કરતા.

રામકૃષ્ણ બાળપણથી જ વારંવાર ભાવાવેશમાં આવી જતા. તેમની અદ્‌ભુત સ્મૃતિ, પ્રબળ વિચારશક્તિ, દૃઢ સંકલ્પ બળ, અસીમ સાહસ, વિનોદપ્રિયતા અને કરુણાના પ્રસંગો બનતા રહેતા. સેવાપૂજાનાં કાર્યોમાં મદદ મળે અને તેને સારી કેળવણી મળે તે હેતુથી પાઠશાળા ખોલ્યા પછી બેએક વરસે રામકુમાર ગદાધરને કોલકતા લઈ આવ્યા. ત્યારે તેમની ઉંમર સોળેક વર્ષની હતી.

કોલકતાની પાઠશાળામાં આવ્યા પછી મોટાભાઈની ઈચ્છા પ્રમાણે સેવાપૂજાના કાર્યમાં રામકૃષ્ણ થોડી મદદ કરતા. તે સિવાયના સમયના આસપાસના યજમાન કુટુંબો તેમના મધુર કંઠે ભજન સાંભળવા અને અન્ય નાના કામ માટે બોલાવતા. આથી તેમનો અભ્યાસ ખાસ આગળ વધ્યો નહિ. આથી રામકૃષ્ણને મોટા ભાઈએ ઠપકો આપ્યો. ત્યારે તેમણે સ્પષ્ટ કહી દીધું,'ચોખા-કેળાંનાં સીધાં બાંધવાની વિદ્યા મારે નથી શીખવી; મારે તો એવી વિદ્યા શીખવી છે કે જેનાથી જ્ઞાનનો ઉદય થાય અને મનુષ્ય સાચોસાચ કૃતાર્થ બને!' બીજી બાજુ રામકુમારની આર્થિક સ્થિતિ વધુ કથળતી ચાલી.

આ સમયે કોલકતાના દક્ષિણ ભાગમાં જાનબજાર નામના મહોલ્લામાં રાણી રાસમણિના પરિવારનો નિવાસ હતો. કોલકતાનું આ સુવિખ્યાત જમીનદાર કુટુંબ હતું જેની પાસે અઢળક સંપત્તિ અને પુષ્કળ મિલ્કતો હતી. રાણી રાસમણિના પતિ રાજચંદ્રદાસનું અવસાન થતાં કૌટુંબિક મિલ્કતોનો વહિવટ રાણી ખુદ કરતાં. તેમનામાં વહિવટી કુશળતા ઉપરાંત ઈશ્વરશ્રદ્ધા, તેજસ્વિતા, ગરીબો પ્રત્યેની કરુણા, દાનશીલતા વગેરે અનેક ઉમદા ગુણો હતા.

રાણી રાજમણિને સંતાનમાં માત્ર ચાર દીકરીઓ જ હતી. તેમના પરિવારો પણ સાથે જ રહેતાં. સૌથી નાના જમાઈ મથુરામોહન વિશ્વાસ કાબેલ હતા અને વહિવટમાં રાણીને મદદ કરતા. આથી મિલ્કતો, નોકર ચાકર, નાણાંકીય વ્યવસ્થા, અદાલતી દાવાઓ વગેરેની વ્યવસ્થા તેમની સીધી દેખરેખ હેઠળ ચાલતી.

તીવ્ર ધર્મભાવનાથી રાણીએ સંકલ્પ કરેલો કે કાશીધામે જઈ વિશ્વેશ્વર ભગવાન અને અન્નપૂર્ણા માતાના દર્શન કરવાં અને વિશેષ કરીને પૂજન કરાવવું. આ ધર્મકાર્ય માટે રાણીએ ઘણું ધન એકઠું કરી રાખેલું. આખરે ઈ. ૧૮૪૯માં યાત્રા માટે તેમણે તૈયારીઓ શરૂ કરાવી. રેલવે ત્યારે હતી નહિ. સો જેટલાં નાના મોટા વહાણોમાં પરિવાર, નોકર-ચાકર અને સાધન સામગ્રી સાથે યાત્રા શરુ કરવાનું આયોજન પૂરું કરવામાં આવ્યું.

જાત્રાએ નીકળવાની આગલી રાત્રે જ રાણીને સ્વપ્નમાં દેવીના દર્શન થયાં. દેવીએ રાણીને આદેશ આપ્યો કે કાશી જવાની જરૂર નથી. ભાગીરથી તીરે સારી જગ્યાએ મારી મૂર્તિ સ્થાપીને પૂજા વગેરેનો બંદોબસ્ત કર. હું તે મૂર્તિના માધ્યમથી તારી પાસેથી નિત્યપૂજા ગ્રહણ કરીશ.

ભક્તિપરાયણા રાણીએ દેવીના આદેશથી ધન્યતા અનુભવી. કાશીની યાત્રા તરત અટકાવી દીધી. સંચિત કરેલું ધન આ શુભકાર્યમાં યોજવાનો નિશ્ચય કર્યો. આ માટે ભાગીરથીના તીરે ખરીદાયેલી વિશાળ જમીનનો ઉપયોગ કરવાનો નિર્ણય થયો. પુષ્કળ ધન ખર્ચીને નવ શિખરોથી શોભતું અતિવિશાળ કાલીમંદિર, તેની પાસે બીજાં નાનાં મંદિરો, બગીચાઓ, નિવાસો તથા અન્ય સુવિધાઓનાં બાંધકામો

શરૂ કરવામાં આવ્યાં.

પાંચ-છ વર્ષે પણ આ બધું કાર્ય પૂર્ણ થયેલું ન જણાતાં પોતાની હયાતીમાં જ શુભ ધર્મકાર્ય સંપન્ન કરવાના આગ્રહથી ૧૮૫૫ના મે મહિનાની ૩૧ તારીખે શ્રી જગદંબાની મૂર્તિ પ્રતિષ્ઠા તથા તે માટેની તૈયારીઓ મોટા પાયે શરૂ કરવામાં આવી.

રાણીનો મુખ્ય હેતુ જગદંબાને અન્નભોગ ધરાવવાનો અને વિધિસર પૂજા સતત ચાલતી રહે તેમ કરવાનો હતો. તેમાં સૌથી મોટો અંતરાય હતો રાણીની પછાત જ્ઞાતિનો અને સામાજિક પ્રથાઓનો. રાણીનું કુટુંબ કૈવર્ત એટલે કે માછીમાર જાતિના શૂદ્ર કુળનું હતું.

આ સમયે સામાજિક, ધાર્મિક રૂઢિઓના બંધન ખૂબ સખત હતાં. બ્રાહ્મણો શૂદ્ર જાતિનાં દાન, ભોજન, દક્ષિણા સ્વીકારે નહિ કે તે કુળ દ્વારા જગદંબાને પૂજા-અન્નભોગ ધરાવવા શાસ્ત્ર સંમતિ આપે નહિ. રાણીના કુળગુરુઓએ પણ આવો જ અભિપ્રાય આપ્યો. આથી રાણી નિરાશ થયાં પણ તેમણે પ્રયત્ન છોડ્યા નહિ.

લાંબા સમય સુધી પ્રયત્નો કર્યા પછી કામારપુકુરની પાઠશાળામાંથી શાસ્ત્રમત મળ્યો કે મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતાં પહેલાં આ સંપત્તિનું જો કોઈ બ્રાહ્મણને દાન કરી દેવામાં આવે અને એ જ બ્રાહ્મણ પછી એ મંદિરમાં દેવીની પ્રતિષ્ઠા કરીને અન્નભોગની વ્યવસ્થા કરે તો શાસ્ત્રનો નિયમ પૂરેપૂરો જળવાશે અને ઉચ્ચ વર્ણને પ્રસાદ ગ્રહણ કરવામાં દોષ નડશે નહિ.

રાણીને આવો આશાજનક શાસ્ત્રમત મળતાં પોતાના ગુરુના નામે મંદિરી પ્રતિષ્ઠા કરી દેવસેવાના વ્યવસ્થાના કારભારી તરીકે પોતે રહેવાનો તેમણે સંકલ્પ કર્યો. શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણ રામકુમારનો આવો ઉદાર શાસ્ત્રમત તે સમયના સંજોગોમાં હિંમતભરેલો હતો. અન્ય બ્રાહ્મણોએ તેની ટીકા કરી. રાણીના ગુરુઓને પણ શૂદ્ર ગણવા પ્રચાર કર્યો. પરંતુ નિર્દેશ કરાયેલ વ્યવસ્થાને શાસ્ત્ર વિરોધી ગણવાની કોઈની હિંમત ચાલી નહિ.

રાણીએ તૈયાર કરાવેલા મંદિરોમાં રાધાગોવિંદના મંદિરના પૂજારી તો મળી ગયા. પણ કાલી માતાના મંદિરની પૂજા કરે તેવા અધિકારી બ્રાહ્મણ કોઈ મળતા નહોતા. રામકુમાર શૂદ્રના યજમાન તરીકે જતા નહિ. તેથી તેઓ જવાબદારી સ્વીકારે તે શક્ય જણાતું નહોતું. તેમ છતાં તેમણે જ સૂચવેલી વ્યવસ્થા પ્રમાણે આયોજન થયું હોવાથી મૂર્તિપૂજાના મહોત્સવ વખતે પૂજાકાર્ય કરાવી આપવા તથા અન્ય પૂજારી ન મળે ત્યાં સુધી મદદ કરવા તેમને આગ્રહ કરાયો. અંતે તેઓ સંમત થયા.

સમારંભ સુંદર રીતે સંપન્ન થયો. રાણીએ તે માટે મંદિર નિર્માણ સહિત નવ લાખ રૂપિયા જેવી માતબર રકમ ખર્ચી. તે ઉપરાંત દિનાજપુર જિલ્લાનું શાલવાડી પરગણું ૨ લાખ ૨૬ હજાર રૂપિયાના ખર્ચે ખરીદી લઈ દેવસેવા અર્થે તેનું દાનપત્ર લખી આપ્યું.

રાણીના કુટુંબ દ્વારા રામકુમારનું પૂરું માન સચવાતાં તેઓ જીવ્યા ત્યાં સુધી મંદિરના પૂજારીપદે રહ્યા. કેટલોક સમય વીતતાં પોતે રાધાગોવિંદની પૂજા કરે, રામકૃષ્ણ કાલીમાતાની પૂજા કરે અને તેમના ભાણેજ હૃદયરામ સહાયક તરીકે કામ કરે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી.

રામકૃષ્ણના ભાવોન્મેષના કારણે પૂજામાં અનેક વિઘ્નો આવતાં. પરંતુ રાણી રાસમણિ અને મથુરબાબુને રામકૃષ્ણના ઉચ્ચ ઈશ્વર પ્રણિધાનના એટલા બધા અનુભવો થયા કે તેમના પરના વિશ્વાસમાં વધારો જ થતો ગયો. એટલે સુધી કે રામકૃષ્ણની તમામ સુવિધાઓ તેમના દ્વારા સાચવવામાં આવતી. બે વખત મથુરબાબુએ રામકૃષ્ણને કાશી-પ્રયાગની યાત્રાઓ કરાવી હતી. બીજી યાત્રામાં મથુરા વૃંદાવનનો પણ સમાવેશ થયેલો.

ઈ. સ. ૧૮૫૫માં દક્ષિણેશ્વરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરાવ્યા પછી ૧૮૬૧માં રાણી રાસમણિનું અવસાન થયું. ઈ. સ. ૧૮૭૧માં મથુરબાબુ ગયા. વહિવટી વ્યવસ્થાઓ બદલાતી ગઈ. પરંતુ તે દરમ્યાન ગદાધર તરીકે આવેલા રામકૃષ્ણ હવે પરમહંસ બની ચૂક્યા હતા. તેમના દર્શને આવનારાઓનો પ્રવાહ વધતો જતો હતો. છેક ઈ. સ. ૧૮૮૫માં રામકૃષ્ણને છેલ્લી બિમારી આવી ત્યારે સારવારની સુવિધા માટે તેમણે દક્ષિણેશ્વર છોડી શ્યામપુકુર અને પછી વારાહનગર પાસે કાશીપુરના બગીચા તરીકે ઓળખાતા સ્થાને નિવાસ કર્યો. ત્યાં તેમનું ઈ. સ. ૧૮૮૬માં દેહાવસાન થયું. વર્ષો પછી રામકૃષ્ણના શિષ્યોએ બેલુર મઠની સ્થાપના કરી તે પણ એ જ વિસ્તારમાં.

આમ જીવનના છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન રામકૃષ્ણ પરમહંસનું જીવન દક્ષિણેશ્વર સાથે અવિનાભાવ સંબંધે સંકળાએલું રહ્યું. દક્ષિણેશ્વરમાં નિવાસના કારણે જગતે રામકૃષ્ણને જાણ્યા અને રામકૃષ્ણના જગતવ્યાપી પ્રભાવ સાથે દક્ષિણેશ્વરને પણ પ્રસિદ્ધિ મળી.

રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદ જેવા શિષ્યો તૈયાર કર્યા. જેમણે જગતભરમાં હિંદુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિ અંગેનો સાચો ખ્યાલ રજૂ કર્યો, રામકૃષ્ણ આશ્રમ જેવા માધ્યમથી તેઓએ દેશની ઘણી સેવા કરી. રામકૃષ્ણ પરમહંસના જીવન અને ઉપદેશ પ્રત્યે વિદેશો સુધી જિજ્ઞાસા રહી તેના પરિણામે વિખ્યાત ફ્રેંચ, સાહિત્યકાર અને તત્ત્વજ્ઞ રોમા રોલાંએ તેમનું જીવનચરિત્ર લખ્યું.

* * *

ડી-૧૪૦, કાળવી બીડ, ભાવનગર-૩૬૪૦૦૨.
ટેલિ. : (૦૨૭૮) ૨૫૬૯૮૯૮
ઈ-મેઈલ : gambhirsihji@yahoo.com

આપણા ભાવ-વિશ્વના કવિ : ટી. એસ. એલિયટ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટના 'ફેકલ્ટી ઓફ આર્ટ્સ'ના અંગ્રેજી ભાષા-સાહિત્યના નિવૃત્ત પ્રોફેસર અને લંડન યુનિવર્સિટીના ભૂતપૂર્વ બ્રિટીશ કાઉન્સિલ સ્કોલર ડૉ. રજનીકાન્ત એમ. પંચોળીના એક પુસ્તક, 'ટી. એસ. એલિયટની કાવ્યસૃષ્ટિનું ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)એ પ્રકાશન કર્યું છે. એ જ અરસામાં ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલયે, 'ડૉ. પંચોળીના કાવ્યસંગ્રહ 'મનોભૂતિ'નું પણ પ્રકાશન કર્યું છે. 'મનોભૂતિ'ની સંતર્પક વિદ્‌ગ્ધ સર્જકતાનું અભિવાદન કરતાં આપણા નિત્ય-અભ્યાસી વિવેચક ડૉ. સુભાષ મ. દવેએ લખ્યું છે: 'અનુભૂતિઓની પ્રાતિભાસિક અભિગમભરી અભિવ્યક્તિઓ કવિના જીવન દર્શનને તત્ત્વભરી નહીં, મૂર્તતાધારી બનાવે છે, એ 'મનોભૂતિ'ની ઉપલબ્ધિ છે. સને ૩૦:૧૧: ૧૯૨૮માં જન્મેલા ડૉ. પંચોળીનું તા. ૩૧-૫-૨૦૦૩ માં અમેરિકામાં દુ:ખદ નિધન થયું છે. અમદાવાદની ગૂજરાત કૉલેજમાં સાડા પાંચ દાયકા પૂર્વે અમો 'એક જ ગુરુના વિદ્યાર્થી'. અહીં તો હું 'ટી.એસ. એલિયટની કાવ્યસૃષ્ટિ સંબંધે બે શબ્દ લખવા માંગું છું.

કૉલેજકાળથી જ ભાઈ રજનીકાન્તને એલિયટની કવિતા માટે આગવું આકર્ષણ હતું. અંગ્રેજી ઓનર્સના વિદ્યાર્થી તરીકે તેમણે પ્રથમ સને ૧૯૪૭માં એલિયટનાં કાવ્યો વાંચવાનું શરૂ કર્યું. એલિયટ તે વખતે અભ્યાસક્રમમાં નહીં પણ સહાધ્યાયીઓ શ્રી હેમકુમાર મિસ્ત્રી, રમેશ દવે, રમણિક જાની, કનુ જાની અને ક્વચિત જ મંડળીમાં ભળતા કવિ શ્રી રમણિક અરાલવાળા-આ સૌ મિત્રો ભેગા મળીને એલિયટની કવિતાનું સમૂહવાંચન કરતા ને યથાશક્તિમતિ અર્થ બેસાડતા. એલિયટનો જન્મ સને ૧૮૮૮ અને અવસાન-સાલ ૧૯૬૫. કવિના અવસાન બાદ ભાઈ પંચોળીએ એમનાં કાવ્યોનો અનુવાદ કરવાનું શરૂ કર્યું અને 'ધ હોલોમેન' સને ૧૯૬૫માં સંસ્કૃતિમાં પ્રગટ થયું. સને ૧૯૬૬માં કવિશ્રી ઉમાશંકર જોષી અને પ્રા. સંતપ્રસાદ ભટ્ટના સાન્નિધ્યમાં 'ઉષર ધરા' વાંચેલું ને પ્રસન્નચિત્તે કવિશ્રી ઉમાશંકરભાઈ જોષીએ 'સંસ્કૃતિ' માટે સ્વીકારેલું. એ પછી તો ઠેઠ સુધી કવિ એલિયટે ડૉ. પંચોળીના ચિત્તનો કબજો સર કરેલો...પરિણામે કવિ 'ટી. એસ. એલિયટ'ની કાવ્યસૃષ્ટિ' સંબંધે મારો પ્રતિભાવ જાણવા વિનતી કરી તો મેં એમને એક જ વાક્યમાં કહ્યું કે 'આમાં તો મને આપણા ભાવવિશ્વનો ધબકાર સંભળાય છે.' આપણા ભાવ-વિશ્વથી મને ભારતીય તત્ત્વજ્ઞાન અને આપણી ઉપનિષદ-નિર્ભર આધ્યાત્મિક પરંપરા અભિપ્રેત છે. બૃહદારણ્યક ઉપનિષદમાં એક મજાની સંકેતકથા છે. એકવાર દેવ, દાનવ ને માનવ ઉપદેશ લેવા કાજે પ્રજાપતિ પાસે પહોંચ્યા. પ્રજાપતિએ ત્રણેયને ઉપદેશમાં એક જ શબ્દ આપ્યો- 'દ.આ.દ' શબ્દ પણ નથી, કેવળ એક જ અક્ષર જ છે, પણ દેવ, દાનવ અને માનવ પોત-પોતાની પ્રકૃતિ અને પોત પોતાના જીવનભરના અનુભવ પરથી જે સાર તારવ્યો તે કેટલો બધો ઉચિત છે. 'દ' અક્ષરનો અર્થ દેવો 'દમન કરો' સમજ્યા કારણ કે કામ ને ભોગવિલાસ એમના લોહીમાં, ક્રોધી અને ક્રૂર દાનવો દયા કરો' સમજ્યા કારણ કે એ એમની પ્રકૃતિ હતી અને લોભી માનવો સમજ્યા-'દાન કરો' અક્ષર તો એક જ હતો પણ દેવો-દાનવો ને માનવોએ એનો જે અર્થ કર્યો તે એમની પ્રકૃતિના વ્યાવર્તક લક્ષણ જેવો હતો...આમ પ્રકૃતિમાં આવાં પ્રતીકો તો અનેક પડ્યાં છે, જેને જડ્યાં છે અને એને યોગ્ય સ્થળે મઢતાં આવડ્યું છે એવા સર્જકો ધન્ય બની ગયા છે. કવિ એલિયટત તો તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી હતા. ભારતીય તત્ત્વપરંપરાથી એ અનભિજ્ઞ કે અળગા શી રીતે રહી શકે? એમણે એમના મહાકાવ્યના ગજાના 'વેસ્ટ લેન્ડ'- 'ઉષરધરા'માં બૃહદારણ્યક ઉપનિષદની આ સંકેતકથાનો સમુચિત ઉપયોગ કરી લીધો છે. દા. ત.: 'દ'-દત્ત.

'કોઈને દીધું કદી છે કાંઈ, ભાઈ?
હૈયે ઉમળકો ધારીને કીધું સમર્પણ?
જિંદગી આખીનું ડહાપણ, ના ભલે કહેતું રહે
ઉષ્માભર્યા હૈયે સમર્પી દીધ,
પળ એકમાં જે જિંદગી આખી રળ્યો?
અસ્તિત્વ રહ્યું છે આ ટકી તેથી જ તો
ના દાન આપ્યાથી લખીને વીલમાં
કબ્રની તક્તી પરે ના કોતરાવ્યા નામથી
કરોળિયા જાળાં કરે છે તે પરે-
વીલ કરી ગ્યા સીલ મારી
સોલિસિટર ચશ્માં ચડાવી વાંચતા
આપવાનું કેટલું કોને કશું?

આ દાનની વાતમાં કવિએ જે એક પંક્તિ લખી છે તેના પર સમાજ ને ધર્મ ટકી રહ્યાં છે: 'અસ્તિત્વ રહ્યું છે આ ટકી તેથી જ તો.' વિશ્વભરના પ્રત્યેક ધર્મમાં દાન, ખેરાતનું મહત્ત્વ ગવાયું છે. દાનનો મહિમા જગતના સર્વ જીવોને સમજાય તો આ સામ્રાજ્યવાદ, આ મૂડીવાદ, આ સામ્યવાદ, આ સમાજવાદ-જેવું કંઈ જ ન રહે. 'સર્વે જનાઃ સુખિનો ભવન્તુ'ની વિશ્વકારુણ્યભાવના આ દાનભાવનામાં સમાયેલી છે. આજે જૂનો, વરવો સામ્રાજ્યવાદ પાછો નવે સ્વરૂપે જીવતો થતો જાય છે...ગલાગલમત્સ્યન્યાયે મોટાં રાષ્ટ્રમત્સ્યો ન્હાનાં માછલાંને ઓહિયાં કરી જતાં દેખાય છે. હાથે કંકણ ને અરીસામાં

શું જોવું ? અફઘાનિસ્તાન, ઈરાકની ઘટના તાજી જ છે. ને ઈરાન પર ભય તોળાઈ રહ્યો છે. આવા સંજોગોમાં વૃત્તિઓ પર દમન કરવાની વાત કેટલી બધી સમયોચિત છે ? અને માનવ–માનવ વચ્ચે, રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે દયાભાવ જાગે, ઈર્ષ્યા–અસૂયા ને વૈરવૃત્તિને બદલે કરુણા, સમભાવ ને અનુકંપાની સરવાણી પ્રગટે તો પ્રજાપંખીઓનો વિશ્વ–નીડ એક કલ્પના ન રહેતાં નક્કર વાસ્તવિકતા બની રહે. ભારતીય તત્ત્વજ્ઞાનને સર્જકતાની આવી ટોચ પર મૂકવામાં કવિ પ્રતિભાનો વિજય–ટંકાર છે.

ઉપનિષદની જેમ, 'ઉષર ધરા' (વેસ્ટ લેન્ડ) અને 'જીવનનું મૂળ'માં, બબ્બેવાર તે ભગવાન બુદ્ધને યાદ કરે છે. 'ઉષર ધરા'માં કહે છેઃ–

'હું અહીં લપસી પડ્યો છું,
પાપના પંકે ભરેલા ગર્તમાં.
બુદ્ધ કહે છેઃ–
'ખેવના જો શાંતિની–
તો આગમાં હોમો, જલાવો
માંસને, આ દેહને, આ રક્તને
આ કામ, મત્સર, મોહને
આગમાં હોમો.'

પણ કવિને દેહ દમનની અંતિમ કોટીની સ્થિતિનો પણ ખ્યાલ છે. Beating of the Flesh is the raising of the soul' એ ઉગ્ર તપસ્યાની વચ્ચે પેલા ગાયકવૃંદનું ગાન પણ કામણ કરે છેઃ–

'તંગ તાર તૂટી જાશે, મનવા!
શિથિલ તારથી ગજ ના વાગે
નવ ગીત–સૂર રેલાશે...મનવા!
સમ પર તાર તણાતાં, મનવા!
સૂર–સરિત રેલાશે...મનવા!

એટલે કવિ કહે છેઃ–

'આ ભવરણ અંધાર અટવીમાં
માર્ગ મધ્યમ રાખવો વચ્ચે જ રહેવું.
નહીં તો જશો નીચે પડેલી ખાઈમાં.'

'જીવનનું મૂળ'માં અને 'ત્રણ ખડક'માં પણ કવિએ ગીતાને અને ભગવાન કૃષ્ણને યાદ કર્યા છેઃ–

'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ
કોઈપણ દેશે–
યાદ કરો તે પાઠઃ
કર્મ તમારો અધિકાર છે
મા ફલેષુ કદાચન
પ્રભુ દયામાં રાખો શ્રદ્ધા' અને 'કુરુક્ષેત્રે' બોધ વાક્યો જે કહ્યાં તે ગૂઢ છેઃ–

કૃષ્ણને અભિપ્રેતઃ
તેનો અર્થ કઈ આવો હશે ?
ભાવિ પુરાણું ગીત છે,
સકલ પદ્મની પાંખડી
પેઢી હજી જે કાળ ગર્ભે છે સૂતા
તે આવશે–
ને ફરી મહાભારત થશે.'

સને ૧૯૧૪–૧૯૧૮ અને સને ૧૯૩૯–૧૯૪૫માં થયેલાં બે વિશ્વયુદ્ધો મહાભારત કરતાં ઓછાં ક્રૂર, ઓછાં અમાનવીય અને ઓછાં ભયંકર નહોતાં..એની કેટલીક કવિતાઓમાં આ બે વિશ્વયુદ્ધોની છાયા પણ પડેલી છે. આ બે વિશ્વયુદ્ધો મહાભારતના સંસ્કાર જગવે તે સાવ સ્વાભાવિક છે. યુદ્ધની વિભિષિકા સમાજ, ધર્મ, ન્યાયનીતિને વિશીર્ણ કરી નાખે છે ને માનવજાતિને એ પછી ટકી રહેવા માટે નિજી સંસ્કૃતિનાં મૂળ સુધી ગયા વિના છૂટકો નથી.

કવિ એલિયટની કવિતા માટે શ્રી નિરંજન ભગતે અતિ સંક્ષેપમાં ઘણું બધું કહી દીધું છે. 'ટી. એસ. એલિયટની કવિતા અર્વાચીન યુગમાં પ્રભુવિહીન વિશ્વમાં આત્મ વિહીન મનુષ્ય અને એની મૂલ્યવિહીન સંસ્કૃતિના સંદર્ભમાં પ્રેમ, શ્રદ્ધા અને ધર્મની અનિવાર્યતાની કવિતા છે.'

ડૉ. રજનીકાન્ત પંચોળી, એપ્રિલ–૨૦૦૩માં અમેરિકા જતા પહેલાં મને મળવા આવેલા ને જતાં જતાં કહેઃ 'અનામીજી' હવે ૨૦૦૩ના જૂનના પ્રથમ અઠવાડિયામાં હું તમને મળવા આવીશ' પણ વિધિની વક્રતા કેવી કે તા. ૩૧–૫–૨૦૦૩ના રોજ અમેરિકામાં એમનું દુઃખદ અવસાન થયું. અંજલિરૂપે આ કાવ્યઃ–

'ખડતલ સ્કંધે કાબૂલી–થેલો
થેલામાં અ–ક્ષર સંપદ્
પધારતા'તા પંચોળીજી–
મિલન–સ્વાદ શું કૂટિયું-મધ!
ચારુ સ્મિત ને મિત મધુવાણી
માહિતીની મબલખ ખાણ!
સ્વાભાવિકની શું સુંદરતા!
નિજ ગૌરવથી સાવ અજાણ.
ટી. એસ. એલિયટ રગરગ–વ્યાપી
ગૂર્જર–આંગ્લ, કવિતને માપી
સવ્ય સાચી શું કરતા તોલ
વિવેચના રજની અણમોલ.
ગયો સદા રજની પંચોળી
સંસ્મૃતિ અન્તર ખાતું કોળી. ✷✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે,
મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

શ્રીમદ્ ભાગવતને આધારે અવતારવાદની વિભાવના

❑ રબારી રણછોડભાઈ એ.

અવતાર શબ્દની વ્યાખ્યા :–

અવતાર એ વૈદિક ધર્મમાં દુ:ખી જીવોની અને સંતોની રક્ષા માટે તથા દુષ્ટોના વિનાશ માટે હોય છે. ભારતીય સંસ્કૃતિનો એક પાયાનો સિદ્ધાંત અવતાર છે. એ જ રીતે કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત પણ એમાં સમાવિષ્ટ થાય છે.

અહીં અવતાર શબ્દની વિભાવના આપવાનો પ્રયત્ન કર્યો છે. મુખ્યત્વે અવતાર શબ્દ અવ્+તૃ+અ ને ઘઞ્ (અ) પ્રત્યય લગાડવાથી અવ્+તૃ+અ = અવતાર બન્યો છે. સામાન્ય રીતે તેનો અર્થ 'નીચે ઉતરવું' એવો થાય છે.

પાણિનિ :–

પાણિનિના અષ્ટાધ્યાયીમાં એક સૂત્ર જોવા મળે છે ચ્અવેતૃસ્ત્રોર્ધઞ (૩ ૩ ૧૨૦) સિદ્ધાંત કૌમુદીમાં આ માટેના અપાયેલા ઉદાહરણમાં 'અવતરિ: કૂપાદે' ? એવા નિર્દેશ જોવા મળે છે. આ જોતાં અવતારનો અર્થ કુવામાં ઊતરવું એવો થાય. આથી એટલું તો ચોક્કસ કહી શકાય કે અવતારમાં ઉપરથી નીચે ઊતરવાનો અર્થ સમાયેલો છે. આ ઉપરાંત સંસ્કૃત સાહિત્યમાં પણ આ શબ્દના અન્ય અર્થો જેવા કે પાર કરવું, તરવું, શરીર ધારણ કરવું, જન્મ ગ્રહણ કરવો. પ્રતિકૃતિ, નકલ, પ્રાદુર્ભાવ, આવિર્ભાવ અને એક અંશે ઊત્પન્ન થવું ઈત્યાદિ થાય છે. શ્રી નગેન્દ્રનાથ પોતાના વિશ્વકોશમાં પણ આ પ્રમાણે જ અર્થ બતાવે છે કે (હિન્દી વિશ્વકોષ પાના નં. ૧૭૯).

વૈદિક સાહિત્યમાં અવતાર શબ્દનો પ્રયોગ :–

તેમાં સ્પષ્ટ નિર્દેશ મળતો નથી પણ અવતાર શબ્દની માફક એક અવતાર શબ્દ છે. આનો અર્થ પણ નીચે ઊતરવું કે ઊધ્ય પામવું એ રીતનો છે. પણ પરમાત્માના આવિર્ભાવ માટે અવતાર શબ્દ વપરાતો નથી. અવતારનો જ પ્રયોગ મળે છે. આ ઉપરાંત યજુર્વેદ (૩૧.૧૯) અજાયમાનો બહુધા વિજાયતે। પરમાત્મા અજ હોવા છતાં અનેક રૂપે જન્મે છે તો ઋગ્વેદ (૬.૪૭.૧૮)માં ઇન્દ્રો માયાભિ: પુરુરુપ ઈયતે। ઈન્દ્ર પરમાત્મા માયા વડે અનેક રૂપે પ્રતીત થાય છે જેવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ટૂંકમાં અહીં શ્રુતિઓ વડે સિદ્ધ થાય છે કે અવતાર એટલે નામ અને રૂપમાં પ્રભુનું અવતરણ.

ભગવદ્ ગીતામાં અવતાર વાદનું સૈધ્યાન્તિક રૂપ મળે છે જેમકે :–

પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ।। (૪-૮)

એજ રીતે ગીતા ૪.૫ થી ૬માં પરંપરાગત યોનિની ચર્ચા કરતાં પ્રાચીન કે તત્કાલીન જન્મસંબંધી પ્રસંગોના ક્રમમાં ગીતા ઉક્ત અવતાર વાદનો પ્રારંભ થાય છે બહુનિ મે વ્યતિતાનિચ।

ભગવદ્ પુરાણ :–

ભાગવત પુરાણ વડે આ વિષયના સંબંધમાં આમ જણાવેલ છે ચ્ભાવયત્વેષ સત્વેન લોકાન્યૌ લોકભાવન:। (૧૨ ૩૪) અર્થાત્ સમસ્ત લોકભુવનોની રચના કરીને દેવતા, પશુ, પક્ષી, મનુષ્ય વગેરે જાતિઓમાં ૨૦ (વીસ) અવતારોનું નિરપુણ પ્રાપ્ત થાય છે પરંતુ આમાંના માત્ર ૧૦ (દશ) કે ૧૨ (બાર) નામ પ્રચલિત છે.

ભાગવતમાં પ્રચલિત અવતારોના વર્ગીકરણમાં સ્થાનગત અને કાલગત અવતારના નિરુપણ બાદ કાર્યગત અવતારકાર્યની દૃષ્ટિથી પડેલા વિભિન્ન રૂપો જોતા તેના (૧) પૂર્ણાવતાર (૨) અંશાવતાર (૩) કલાવતાર (૪) વિભુતિઅવતાર (૫) આવેશાવતાર જેવા પ્રકાર પડે છે.

નૃસિંહ તથા વામન રૂપની રીતે ઉત્ક્રાંતિ આવતી ગઈ. શ્રીમદ્ ભાગવતના મતે ઋગ્વેદ તથા યજુર્વેદમાં આવેલા પુરુષ સૃષ્ટિના નારાયણ જ પ્રથમ અવતાર તરીકે મનાયા છે. આ રીતે ભાગવતકારે વૈદિક માન્યતાને આધારે જ અવતારવાદનું વ્યાપક રૂપ પ્રસ્તુત કર્યું છે. ભાગવત ૧-૩-૫માં જે નારાયણ પુરુષને અવતારોનો અક્ષય કોશ કહ્યો છે તેમ માનવામાં આવે છે.

અવતારનું સ્વરૂપ :–

ભગવાનનું સ્વાભાવિક પારમાર્થિક સ્વરૂપ નિરાકાર, નિર્વિકાર અને એકરૂપ છે. છતાં ભગવાન અનંત બ્રહ્માંડ ઉત્પાદનીય, અનિર્વચનીય, મહાશક્તિના યોગથી સગુણ, સાકાર તથા અનેક રૂપમાં પ્રતીત થાય છે. આ વાત પરમાત્મા એ જ રહેવા છતાં અનેક રૂપે જન્મે છે. આ રીતે નિર્ગુણ, નિરાકાર પરમાત્મા માયા વડે સગુણ બની નામરૂપ ધારણ કરે છે. આને જ પરમાત્માનો અવતાર કહેવાય છે.

શ્રીમદ્ ભાગવતમાં નિરૂપિત અવતારોની મિમાંસા :–

શ્રીમદ્ ભાગવતમાં અવતારોની સંખ્યા પરત્વે ભેદ દૃષ્ટિગોચર થાય છે. અહીં કોઈ જગ્યાએ નવ, ચૌદ, વીસ, બાવીસ કે ચોવીસ એ રીતની અવતાર સંખ્યા બતાવવામાં આવી છે તો એ સાથે સાથે હરિના અસંખ્ય અવતાર હોવાનું પણ કહ્યું છે.

શ્રી ભગવતમાં નીચે પ્રમાણે અવતારોનો ઉલ્લેખ મળે છે. પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં શ્લોક ૧થી ૨૫માં બાવીસ અવતરોનો ઉલ્લેખ છે. બીજા સ્કંધના સાતમા અધ્યાયના આરંભથી ૩૮માં શ્લોક સુધી ભગવાનના ૨૪ અવતારોનું વર્ણન પ્રાપ્ત થાય છે. સ્કંધ ૧૦, અધ્યાય ૪૦ના શ્લોક ૧૭ થી ૨૨માં ૧૪ અવતારોનું નિરુપણ જોવા મળે છે.

આ રીતે ભાગવતમાં મુખ્યત્વે સૃષ્ટિથી માંડીને વૈયક્તિક અવતાર સુધી ભગવાનના ત્રણ રૂપ દૃષ્ટિગોચર થાય છે. પહેલું પુરુષ રૂપ છે જે રૂપમાં તેઓ સૃષ્ટિની અંદર બહાર સર્વત્ર વ્યાપ્ત છે. બીજું સત્ત્વ, રજસ્ અને તમસ્થી યુક્ત ત્રિગુણાત્મીક રૂપ છે જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના રૂપમાં અનુકર્તા, પાલન અને સંહારનું કાર્ય કરે છે તથા ભગવાનનું ત્રીજું વ્યક્તિગત રૂપ જેમાં લોકરંજન અને લોક રક્ષણાર્થે લીલાત્મક રૂપ ધારણ કરે છે. અવતારા હિ સંરત્યેયા હરે: સત્ત્વનિદ્યે:

દ્વિજા:। ભાગવત (૧, ૩, ૨૬).

સારાંશ :–

શ્રીમદ્ ભાગવતમાં નિરુપિત અવતારની મિમાંસા કેટલાક ધર્મોને બાદ કરતાં મોટા ભાગના લોકોએ સ્વીકારી છે. અહીં અવતારનું એક વિશાળ અને એક વિશિષ્ટ ફલક જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિનું મૂળ સિદ્ધાંત બની રહે છે. જેના મૂળ ખૂબ જ ઊંડા અને વિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. ઉડીને આંખે વળગે એવી બાબતો એ છે કે અન્ય ધર્મોના અન્ય ધર્મની વિભૂતિઓને આ અવતારોમાં સમાવિષ્ટ કરી એક ઉમદા સર્વધર્મ સમભાવની ભાવનાના દર્શન કરાવી શકાય છે. ભાગવતમાં અવતારોના નામ અને સંખ્યા પરત્વે અલગ અલગ સ્થળે ભેદ દૃષ્ટિગોચર થાય છે. જે ભાગવત પુરાણની વ્યાસ શૈલીના દર્શન કરાવે છે જેની અંદર ઉમેરણો થયા હોય એવો સ્પષ્ટ ખ્યાલ આવે છે. જે દોષ પણ માની શકાય છતાં પણ ઉપરોક્ત અવતારની અનેક વિશેષતાઓને કારણ આ ગ્રંથ અખિલાઈ પૂર્ણ બનવા પામ્યો છે. ✷ ✷ ✷

અધ્યાપક : સંસ્કૃત વિભાગ, આર. આર. લાલન કૉલેજ, ભુજ (કચ્છ)

સામાન્ય લેખન–અશુદ્ધિઓ

❑ શાંતિલાલ ગઢિયા

દરેકને પોતાની માતૃભાષા મા જેટલી વહાલી હોય છે. માતાની આંતરબાહ્ય સુચિતાને આપણે સહેજ પણ આંચ આવવા દેતા નથી, તો પછી માતૃભાષાની અશુદ્ધિ શા માટે ચલાવી લેવાય? 'પ્રબુદ્ધ જીવન'ના લગભગ તમામ વાચકોની માતૃભાષા ગુજરાતી હશે એવું ગૃહીત ધરીને પ્રસ્તુત લેખ તેમને કેટલીક લેખન– અશુદ્ધિઓનો પરિચય કરાવે છે.

ઈ. એફ. શુમાખરનું એક પુસ્તક છે: સ્મોલ ઈઝ બ્યુટીફુલ (નાનું છતાં રળિયામણું). શિર્ષક સ્વયં રળિયામણું છે, પણ તેમાં નિહિત સત્ય સર્વત્ર સરખું લાગુ પડતું નથી. દા. ત. આપણાથી લખતી વખતે થતી ભૂલો નાની હોય છે, સાધારણ દેખાતી હોય છે, પણ વસ્તુતઃ ગંભીર હોય છે. ભૂલો નાની હોય તેથી શું થઈ ગયું? ભૂલો એટલે ભૂલો. થોડીક સાવચેતી રાખીએ તો આ ભૂલોથી બચી શકાય છે. કેટલાંક ઉદાહરણોઃ

(૧) લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર–તેમાં પ્રથમ શબ્દપ્રયોગ ખોટો છે. 'લબ્ધપ્રતિષ્ઠ' સાચું છે. 'લબ્ધ' અને 'પ્રતિષ્ઠા' બે શબ્દોથી બનેલો સમાસ 'સાહિત્યકાર'નું વિશેષણ બને છે. હવે 'લબ્ધ' વિશેષણ છે, પછી બીજું પદ પણ વિશેષણ રાખીએ (પ્રતિષ્ઠિત), તો બેવડાપણાનો દોષ થાય. તેથી મૂળ શબ્દ 'પ્રતિષ્ઠા' રાખતાં 'લબ્ધપ્રતિષ્ઠા' બનશે. હવે આ–કારાંત સ્ત્રીલિંગ શબ્દને અ–કારાંતમાં ફેરવવું જોઈએ. આમ 'લબ્ધપ્રતિષ્ઠ' સમાસ બનશે.

તેવી જ રીતે 'દૃઢપ્રતિજ્ઞ' સમાસ પણ બની શકે. ('દૃઢપ્રતિજ્ઞા' નહિ) ઉદાહરણઃ દૃઢપ્રતિજ્ઞ ગોપાલ ઘેરથી નીકળી પડ્યો. હા, એટલું ખરું કે 'દૃઢ' અને 'પ્રતિજ્ઞા' છૂટા આવી શકે. ઉદા.–ગોપાલે દૃઢ પ્રતિજ્ઞા લીધી.

અ–કારાંત પુલિંગ શબ્દોઃ (નિશ્ચય, અપરાધ, સંકલ્પ વગેરે)

'કૃતનિશ્ચયી ગોવિંદ' તેમાં 'કૃતનિશ્ચયી' ખોટું છે. 'કૃતનિશ્ચય' જોઈએ.

'કૃતાપરાધી વિક્રમસિંહ'માં 'કૃતાપરાધી' ખોટું છે. 'કૃતાપરાધ' જોઈએ.

ઈ–કારાંત સ્ત્રીલિંગ શબ્દોઃ

સમાસની અંદર બીજું પદ ઈ–કારાંત સ્ત્રીલિંગ હોય તો તે યથાવત્ રહે છે. 'લબ્ધકીર્તિ રસિકભાઈ', 'તીક્ષ્ણબુદ્ધિ ન્યૂટન', 'દૃઢભક્તિ નરસિંહ' કહી શકાય.

(૨) સુંદરમ્ શતાબ્દી નિમિત્તે એક સામયિકમાં વાંચ્યું: સુંદરમે અરવિંદ આશ્રમમાં યોગસાધના કરી હતી. વાક્યમાં પહેલો શબ્દ જુઓ. અંત્યાક્ષરમાં હલન્ત ચિહ્ન (ખોડો) છે અને ઉપર માત્રા છે (કર્તા વિભક્તિ હોવાથી). નિયમ પ્રમાણે આ ભૂલ છે. આવી પરિસ્થિતિમાં હલન્ત ચિહ્નનો લોપ થાય છે. એટલે કે સાચો શબ્દ 'સુંદરમે' બનશે.

શ્રીમદ્દે આધ્યાત્મિક પ્રવચન આપ્યું વાક્યમાં 'શ્રીમદ્દે' ને બદલે 'શ્રીમદે' હોવું જોઈએ.

અલબત્ત, વિભક્તિના પ્રત્યયો છૂટા હોય તો હલન્ત ચિહ્ન યથાવત્ રાખવું. દા. ત. સુંદરમ્નાં કાવ્યો, શ્રીમદ્ની નિષ્ઠા.

(૩) થોડી સંધિની વાત–'નિરાભિમાની' ખોટી સંધિ છે. 'નિરભિમાની' કરવું જોઈએ. શા માટે, સમજાવું. મૂળ બે શબ્દો છે–નિઃ + અભિમાની. હવે વિસર્ગનો ર્ થતાં નિર્ + અભિમાની થશે. ર્ અને અ જોડાતાં ર થશે. જવાબ આવ્યો નિરભિમાની. બરાબર ને? ધ્યાન એટલું જ રાખવાનું છે કે વિસર્ગનો ર્ થયો છે, એટલે કે સ્વર વગરનો અરધો ર, આખો નહિ. જો આખો હોત તો ર + અ = રા થાત, એ તમારી વાત બરાબર.

તે જ પ્રમાણે વાગ્ + ઈશ્વરી = વાગીશ્વરી થાય, નહિ કે વાગેશ્વરી. (ગ્ અરધો છે, આખો નહિ).

(૪) 'ર'ને ઉ કે ઊ લાગે છે ત્યારે આપણે ચોકસાઈ બતાવતા નથી.

હ્રસ્વ–દીર્ઘનો ખ્યાલ કર્યા વગર સર્વત્ર રૂ લખીએ છીએ. બહુ ઓછા જાણે છે કે આમાં ઊ (દીર્ઘ) રહેલો છે. ખરેખર તો ઉ (હ્રસ્વ) લાગે ત્યારે રુ અથવા રુ બને. જેમ કે, ગુરુવાર, રુચિ, રુધિર. દીર્ઘ (ઊ) લાગે તો ઉપર કહ્યું તેમ રૂ બને. જેમ કે, રૂપ, રૂઝ, રૂમઝૂમ.

(૫) કેટલાકને અનુસ્વાર ભારે આફતરૂપ લાગે છે. નાનું અમથું ટપકું ડગલે–પગલે નડે છે. મિત્રો, અક્ષરના ભાલ પરની નાની

બિન્દી એનું સૌભાગ્યચિહ્ન છે. શું એની ખેવના નહિ કરવી જોઈએ?

(ક) ઊજળા રસ્તા (ખ) ઊજળાં વસ્ત્રો

(ક) વિશેષણનો અંત્યાક્ષર નિરનુસ્વાર છે, કારણ કે 'રસ્તા' પુલિંગ છે.

(ખ) વિશેષણનો અંત્યાક્ષર સાનુસ્વાર છે, કારણ કે 'વસ્ત્રો' નપુંસકલિંગ છે.

જેમ વિશેષણમાં અનુસ્વાર આવી શકે છે, તેમ નામમાં પણ આવી શકે.

ઉ-કારાંત નપું. શબ્દોમાં આમ બને છે–એકચવન, બહુવચન બંનેમાં.

મુખડું–મુખડાં

ઝૂમખું–ઝૂમખાં

નામની જાતિ અનુસાર વિભિક્તિના પ્રત્યયને પણ અનુસ્વાર લાગે છે.

નપું. સુંદરમ્‌નું કાવ્ય (એકવચન)

સુંદરમ્‌નાં કાવ્યો (બહુવચન)

બંને ઉદાહરણોમાં વિભક્તિનો પ્રત્યય સાનુસ્વાર છે.

પુલિંગ–સુંદરમ્‌નો કાવ્યસંગ્રહ (એકવચન)

સુદરમ્‌ના કાવ્યસંગ્રહો (બહુવચન)

તમે જોઈ શકો છો કે પુલિંગમાં ક્યાંય અનુસ્વારને અવકાશ નથી.

મિત્રો, 'માતા'નો સમાનાર્થી શબ્દ 'મા' લખો ત્યારે અનુસ્વાર ન કરશો–ઊંઘમાંથી કોઈ જગાડે તો ય નહિ. આ ભૂલ ઠેરઠેર જોવા મળે છે. કદાચ હિન્દીની અસર હશે. (જો 'માં' લખશો તો અર્થ થશે 'અંદર', 'ભીતર'. સાતમી વિભક્તિનો પ્રત્યય 'માં' છે.

(૬) ક્યારેક ક્રિયાપદની જાતિમાં ભૂલ થાય છે.

(ક) એટલી ભારે લૂંટ વહિવટી તંત્રનું કલંક હતું.

'હતી' જોઈએ, કારણ કે કર્તા 'લૂંટ' નારી જાતિ છે.

(ખ) રમાના દુઃખનું કારણ પતિનો સ્વર્ગવાસ હતો.

'હતું' જોઈએ, કારણ કે કર્તા 'કારણ' નપુંસકલિંગ છે.

(૭) 'ગુરુત્તમ' ખોટું, 'ગુરુતમ' સાચું.

'લઘુત્તમ' ખોટું, 'લઘુતમ' સાચું.

તુલનાદર્શક પ્રત્યય 'તર' છે.

શ્રેષ્ઠતાદર્શક પ્રત્યય 'તમ' છે.

જેમ કે, અધિક–અધિકતર–અધિકતમ

લઘુ–લઘુતર–લઘુતમ

ગુરુ–ગુરુતર–ગુરુતમ

તમે કહેશો, 'ઉત્તમ'માં દોઢ 'ત' શા માટે છે?

કારણ કે તેમાં ઉત્ + તમ બે શબ્દો જોડાયા છે.

તેવી જ રીતે મહત્ + તમ = મહત્તમ.

(૮) 'હોવું' ક્રિયાપદનું કારણદર્શક રૂપ હોવાથી' અથવા 'હોઈ' છે. ઉદા. 'પ્રબુદ્ધ જીવન' રસપ્રદ હોવાથી મયંક નિયમિત વાંચે છે.

'પ્રબુદ્ધ જીવન' રસપ્રદ હોઈ મયંક નિયમિત વાંચે છે. કેટલાક લોકો 'હોઈ' ને બદલે 'હોય' લખે છે. તમે આમ નથી લખતા ને?

(૯) અંત્ય દીર્ઘ ઈ–વાળા પુલિંગ નામોનું સ્ત્રીલિંગ કરતી વખતે હ્રસ્વ ઈ માં રૂપાંતર કરી 'ની' ઉમેરવામાં આવે છે.

વિદ્યાર્થી–વિદ્યાર્થિની

તપસ્વી–તપસ્વિની

(૧૦) ભાવવાચક નામમાં 'તા' ઉમેરી ડબલ ભાવવાચક બનાવવાની ભૂલ કરીએ છીએ.

સાચું	**ખોટું**
સામ્ય	સામ્યતા
પ્રાધાન્ય	પ્રાધાન્યતા
સૌજન્ય	સૌજન્યતા

(૧૧) આમંત્રણપત્રિકાઓમાં 'શ્રીમતિ' વાંચીએ છીએ. સાચો શબ્દ છે 'શ્રીમતી'.

'શ્રીમદ્' સંજ્ઞાનું પુલિંગ શ્રીમાન અને સ્ત્રીલિંગ શ્રીમતી

'મતિ' અથવા 'બુદ્ધિ'નો અર્થ અહીં સહેજ પણ અભિપ્રેત નથી.

(૧૨) 'ર' કારનું ચિહ્ન (ર્) અર્ધા અક્ષરને લાગું પડતું હોવા છતાં તેના પર નહિ કરતાં પછીના આખા અક્ષર પર કરવામાં આવે છે.

અર્ધ્ય, ભર્ત્સના

સામાન્ય રીતે આવા શબ્દોમાં 'ર' કારને ગોઠવવામાં ભૂલ થતી નથી, કારણ કે અરધો અક્ષર સ્વયં સ્પષ્ટ હોય છે, પરંતુ અસ્પષ્ટ હોય ત્યારે ભૂલ કરી બેસીએ છીએ. જેમ કે–

આર્ટ્‌સ, માર્ક્‌સ

અહીં 'ર' કારનું ચિહ્ન ટ્ અને ક્ ઉપર ખોટી રીતે મૂક્યું છે, કારણ કે એ બંને અરધા અક્ષરો છે, જે હલંત ચિહ્નથી દર્શાવ્યું છે. સાચી જોડણી આમ બને–

આર્ટ્‌સ, માર્ક્‌સ

(૧૩) ક્રિયાપદના કર્મણિ અને પ્રેરક રૂપો કરતી વખતે દીર્ઘ ઈ–ઊ હ્રસ્વ થઈ જાય છે. ઉદા. (ક) રામુએ ગ્લાસ ટેબલ પર મૂક્યો.

(ખ) રામુથી ગ્લાસ ભૂલથી ટેબલ પર મુકાઈ ગયો. (કર્મણિ)

(ગ) શેઠાણીએ રામુ પાસે ગ્લાસ ટેબલ પર મુકાવ્યો. (પ્રેરક)

(ક) માં દીર્ઘ ઊ ક્રિયાપદ છે. (ખ) અને (ગ) માં હ્રસ્વ ઉ છે.

મૂકાઈ ગયો, મૂકાવ્યો લખીએ તો ખોટું કહેવાય.

(૧૪) કેટલીક વાર 'ચોકખું', 'પત્થર', 'સુદ્ધાં' એવી જોડણી કરીએ છીએ. અહીં અનુક્રમે ક, ત અને દ અલ્પપ્રાણ અને ખ, થ અને ધ મહાપ્રાણ કહેવાય છે. ત્રણે જોડણી ખોટી છે. ખરેખર તો મહાપ્રાણ બેવડાવવો જોઈએ. એટલે સાચી જોડણી આમ થશેઃ ચોખ્ખું, પથ્થર, સુધ્ધાં. (અપવાદ–ચ અને છ જોડી શકાય, જેમ કે, સ્વચ્છ. ઉપરાંત તત્સમ શબ્દો, જેમ કે બુદ્ધિ, ઉત્થાન વગેરે). ✷ ✷ ✷

એ–૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત

ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈના મુખે મહાવીર કથા (બે ભાગ–બે દિવસ)

❑ અહેવાલ : કેતન જાની

મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે ૨૭મી અને ૨૮મી માર્ચે જૈન દર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક અને તીર્થંકર મહાવીર વિશેના ગ્રંથોના પ્રસિદ્ધ લેખક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના સ્વમુખે મહાવીર કથાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કથાતત્ત્વ, સંગીત અને અભિનવ દર્શનના ત્રિવેણી સંગમ સમાન આ કાર્યક્રમમાં જ્ઞાનપિપાસુ જિજ્ઞાસુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમના પ્રારંભમાં 'સંઘ'ના મંત્રી અને જૈન ધર્મના અભ્યાસુ ડૉ. ધનવંતરાય શાહે મહાવીરકથાના આયોજનની પાર્શ્વભૂમિ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે ડૉ. કુમારપાળ દેસાઈ સાથે આ કથા યોજવા માટે ત્રણ વર્ષથી ચર્ચા થતી હતી. મહાવીરની વાતો બીજા સ્વરૂપે પહોંચે તેના કરતાં કથા સ્વરૂપે સમાજ પાસે પહોંચવી જોઈએ. મહાવીર વિશેની જાણકારી આપવા માટે માત્ર વ્યાખ્યાન અને સ્તવન પૂરતા નથી. એક વ્યક્તિ એક વિષયની વાત કરે પણ બધા પાસાને સાંકળે એવું સ્વરૂપ હોય તો તેમાં મહાવીરનું સમગ્ર દર્શન થાય. ડૉ. કુમારપાળભાઈએ વિશ્વનો પ્રવાસ ખેડ્યો છે. વિશ્વની સમસ્યાઓનો ઉકેલ ભગવાન મહાવીરની વાણીમાં મળી રહે એમ છે. કોઈપણ વાતનો ઉપદેશ આપવો હોય તો પ્રિયતમ પોતાની પ્રિયતમાને જે રીતે મીઠાશથી વાત કરે એ રીતે કહેવામાં આવે તો તુરંત ગળે ઉતરી જાય તે પ્રકારે મહાવીરના જીવન અને ઉપદેશને કથાના રૂપમાં પીરસવામાં આવે તો તે તુરંત જ સમજાય અને મનમાં વસી જાય. ડૉ. કુમારપાળભાઈ ગૃહસ્થ શ્રાવક છે. જૈન ધર્મ વિશે તેમનું ગહન ચિંતન છે. મહાવીરને આપણે જ્ઞાનથી જાણીએ અને પછી પામીએ. આ મહાવીર કથા હૃદય મંજન, હૃદય અંજન અને હૃદય રંજન છે. તેના વડે આપણે ચિત્તવિકાસ કરવાનો છે. આ કથા જનરંજનની નહીં પણ પ્રબુદ્ધ ભૂમિકાની છે. એમ ડૉ. ધનવંતરાય શાહે ઉમેર્યું હતું.

પ્રારંભમાં પ્રા. ડૉ. નલિનિ મડગાવકરે વિચારના પ્રાકૃત શ્લોકોનું પઠન કર્યું હતું અને સમાંતરે યુવક સંઘના શુભેચ્છક શ્રી સી. કે. મહેતા, સંઘના પ્રમુખ રસિકભાઈ શાહ, ઉપ પ્રમુખ ચંદ્રકાંતભાઈ શાહ, કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર જવેરી અને સમિતિ સભ્ય નીતિન સોનાવાલાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે મહાવીર કથા એ લોકકથા નથી પરંતુ આત્મકથા છે. ભગવાન મહાવીરના જીવનનો તલસ્પર્શી અભ્યાસ કરવાથી આત્માનો ઉદ્ધાર થાય છે. આ કથાનું શ્રવણ કરતી વેળાએ હૃદયના સદ્ધને ખુલ્લા રાખવા જોઈએ. પંથ, ગચ્છ, સંપ્રદાય, અને ગોલને મનમાંથી કાઢી નાંખવા જોઈએ. તેનું કારણ ભગવાન મહાવીરે જ કહ્યું છે કે-હે મનુષ્ય જાતિ એક થાવ. આજથી ૨૬૦૦ વર્ષ પૂર્વે જ મહાવીરે પંથ, ગચ્છ, સંપ્રદાય અને ગોલમાંથી બહાર નીકળીને મનુષ્યજાતિની એકતાનો વિચાર કરવાનો ઉપદેશ આપ્યો હતો. મોક્ષધર્મ છે તેથી વિશેષ જીવન ધર્મ છે. આત્મ ધર્મ, મોક્ષ ધર્મ અને જીવનધર્મ છે. આત્મક્રાંતિ, વિશ્વક્રાંતિ અને મોક્ષક્રાંતિ-એ ત્રણ ક્રાંતિ થાય એ જ જૈનનું કર્તવ્ય છે. જે ધર્મ છે એ પળાતો નથી અને જે પળાતો નથી એ ધર્મ છે. નાના પંથો, ઝઘડા, વિવાદ ઉત્સવ અને મહોત્સવમાં અટવાયા વિના ભીતરમાં ઉત્સવ અને મહોત્સવ થાય એ મહત્ત્વનું છે. જ્ઞાનને મુઠ્ઠીભર લોકોને બદલે સહુ માટે ખુલ્લુ મૂકવાની વાત તેમણે જ કરી હતી. જે વધુ પશુ મારે તે મોટો રાજા એ વાતનો વિરોધ કર્યા વિના તેમણે અલગ રીતે વાત રજૂ કરી. ભગવાન મહાવીરે કહ્યું કે હોમ કે યજ્ઞમાં પશુઓને હોમવાને બદલે દુવૃત્તિને તેમાં હોમી દેવી.જોઈએ. પ્રાણીઓ આત્મવત્ છે. હાલ પર્યાવરણવાદીઓ કહે છે કે આપણે વર્ષો સુધી પ્રાણીઓનું નિકંદન કાઢ્યું છે હવે તેઓને નહીં બચાવો તો પર્યાવરણની સમતુલા ખોરવાઈ જશે અને માનવજાતિ માટે જોખમ સર્જાશે. ભગવાન મહાવીરે હજારો વર્ષો પહેલાં કહ્યું હતું કે જેવી આપણી માનવજાતિ છે એવી પ્રાણીઓની પણ જાતિ છે. આપણી જેમ તેઓને પણ જીવવાનો અધિકાર છે. વિશ્વમાં માણસને માણસ તરીકે ઓળખાવનાર અને માણસને માણસાઈનો પરિચય આપનાર ભગવાન મહાવીર પ્રથમ છે. માણસનો માણસ તરીકે વિચાર કરવાનો અને માણસનો ગુણથી વિચાર કરવાનો ઉપદેશ મહાવીરે આપ્યો છે. ગુણવાન માણસ જ સાધુ છે. શ્રમણ, સાધક અને ભિક્ષુ એ શબ્દો મહાવીરે આપ્યા છે. મેં અગાઉ પણ કહ્યું છે કે જૈન ધર્મ એમહિલાઓને સહુથી વધુ અધિકાર આપ્યા છે. સ્ત્રીને સ્વતંત્ર વ્યક્તીત્વ છે. તીર્થંકરોના સમયમાં સાધ્વીઓ અને શ્રાવિકાઓની સંખ્યા વધુ હતી. કેટલાંક લોકો કહે છે કે ધર્મ બહેનોથી ટકે છે. હાલ માણસ યુદ્ધથી ગ્રસિત થયો છે. તેનો ઉપાય મહાવીરે હજારો વર્ષો પૂર્વે વિકલ્પ બતાવ્યો હતો. તેમણે જગતને બોધ આપ્યો કે બહાર નહીં પણ ભીતરમાં વિજય મેળવ. મનની અંદરના શત્રુને હણી નાંખ, જે પ્રકારે નાનકડી ગોટલીમાં આંબાનું વૃક્ષ સંતાયેલું છે. એ પ્રકારે મનુષ્યના આત્મામાં જ પરમાત્મા છે. જૈન ધર્મ એ ભીતરની પ્રક્રિયા છે. સમતાથી શ્રમણ, જ્ઞાનથી મુનિ, તપથી તપસ્વી અને બ્રહ્મચર્યથી બ્રાહ્મણ બનાય છે. આપણે બાહ્યને બદલે ભીતર તરફના ધર્મ ભણી જવાની જરૂર છે. આત્મધર્મ એ જૈન ધર્મની મોટી વિશિષ્ટતા છે. અંતરઆત્માથી આગળ વધીને જ પરમાત્મા ભણી જઈ શકાય. આપણા આત્મામાં સંતાયેલા પરમાત્માને જાગૃત કરવાની વાત છે. ભીતરમાં ક્રાંતિ ન હોય તો જૈનત્વ જાળવવાનું મુશ્કેલ બને છે. વ્યવહારમાં અહિંસા, વાણીમાં સ્યાદ્વાદ, વિચારમાં અનેકાંત, સમાજ માટે અપરિગ્રહ બનવું જોઈએ.

ધ્યાન વિશેનું ગહન ચિંતન જૈન ધર્મ જેટલું અન્યત્ર ક્યાંય નથી. ધ્યાન માત્ર પલાંઠી વાળીને નહીં પણ ઊભા રહીને તેમજ ખુલ્લી આંખે પણ ધરી શકાય છે. ખુલ્લી આંખે ધ્યાન ધરવું અઘરું છે. સાધનાનું નવું પરિમાણ મહાવીરે આપ્યું છે. તેમણે આશ્રમ નહીં પણ જંગલોમાં સાધના કરીને સિદ્ધ

કર્યું હતું કે સાધનાને સીમાડા હોતા નથી. જૈન ધર્મની દિશા આધ્યાત્મ તરફની અને ગતિ વિજ્ઞાનની હોવી જોઈએ. માણસ ગુણોમાં વૃદ્ધિ કરે તો તે દેવથી મોટો થઈ શકે છે. જૈન ધર્મમાં જયંતી નામની સામાન્ય શ્રાવિકાને પણ પ્રશ્ન પૂછવાનો અધિકાર હતો. ભગવાન મહાવીરે તેણે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં સમજ આપતાં જણાવ્યું હતું કે સારો માણસ જાગતો અને દુર્જન ઉંઘતો સારો. જીવનમાં પહેલું તીર્થ માતા છે. માતા નહીં હોય ત્યારે સંસ્કૃતિ ધરાશાયી થઈ જશે. ભગવાન ત્રિશલા માતાના ઉદરમાં હતા ત્યારે તેમના હલનચલનથી માતાને અકળામણ થતી હતી. માતાને દુઃખ ન પહોચે તે માટે તેમણે હલનચલન બંધ કર્યું. તેથી માતાની તનની અકળામણ ગઈ પણ મનની અકળામણ વધી. માતા ત્રિશલા ગભરાયા અને તેઓ મુંઝવણમાં મૂકાયા. ભગવાનને થયું મેં પ્રેમ ખાતર હલનચલન બંધ કર્યું પણ તેમાંથી શોક પેદા થયો તેથી જળાશયમાં જેમ માછલી હલે એમ તેમણે હલનચલન કર્યું. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે પ્રાણીઓની સ્થિતિ ઉપરથી તે દેશની સંસ્કારીતાનો વિચાર થઈ શકે. આ બાબત ભગવાન મહાવીરે હજારો વર્ષો પૂર્વે કહી હતી કે તમારી જેમ બીજાને પણ જીવવાનું ગમે છે.

જૈન ધર્મમાં કુટુમ્બપ્રેમનો મહિમા છે. ઘરમાં પ્રેમ હોય તો મન ઈશ્વર સાથે જોડી શકશો. ઘરમાં સભા થાય તેમાં પ્રાર્થના, ગીત અને પુસ્તકનું વાંચન થાય. તે બાબત આવકાર્ય છે. જે વ્યક્તિ પોતાના ભાઈને પ્રેમ આપી ન શકે તે બીજાને ક્યાંથી પ્રેમ આપી શકે ! ભગવાન મહાવીર ઘર છોડવાના હતા ત્યારે તેમના ભાઈ નંદીવર્ધને બે વર્ષ થોભવાનું કહ્યું ત્યારે તેઓએ ભાઈની ઈચ્છાને માન આપીને રહ્યા. જો કે તેઓ ઘરમાં જળમાં કમળ રહે–એમ અલિપ્ત થઈને રહ્યા. ભગવાન મહાવીરે ઘર છોડતી વેળાએ ૩૮૮ કરોડ મુદ્રાનું દાન કર્યું હતું. તેમણે ઘર છોડતી વેળાએ પાંચ સંકલ્પ કર્યા હતા તે જીવનના હાર્દ સમાન છે. પહેલું તેમણે અપ્રીતિ થાય એવા સ્થળે નહીં રહેવું એમ નક્કી કર્યું હતું. તેઓ સ્મશાન કે અવાવરુ જગ્યામાં જ રહ્યા હતા. બીજું, ધ્યાન કરવા માટે જગ્યા, સમય કે શરીરની સ્થિતિનું બંધન રાખવું નહીં. તેમણે ખુલ્લી આંખે અને ચાલતા ચાલતા પણ ધ્યાન કર્યું છે. તેમણે જગતને આપેલી આ વિશિષ્ટ ભેટ છે. ત્રીજું, પ્રાયઃ મૌન રહેવું. અર્થાત્ મિત ભાષી થવું અને મિષ્ટ એટલે કે કોઈનું દિલ દુભાય નહીં એવું બોલવું. ચોથું, કરપાત્રમાં ભોજન લેવું. તેનો અર્થ એ કે હાથમાં જ ગોચરી લેવી. પાંચમું, ગૃહસ્થની કદી ખુશામત ન કરવી. સાધુ ગૃહસ્થની ખુશામત કરે એ યોગ્ય ન લેખાય. સાધુ સ્વાવલંબી છે. તે સીવેલા વસ્ત્રો પહેરતા નથી એટલે દરજીની જરૂર નથી. શિર ઉપર છત્ર નથી રાખતા એટલે સેવકની આવશ્યકતા નથી હોતી. પગરખાં પહેરતા નથી એટલે મોચીની જરૂર રહેતી નથી. આ પાંચ સંકલ્પો માનવી જીવનના પરમ સંકલ્પો છે.

ભગવાન મહાવીરના એક સમયના શિષ્ય ગૌશાલક નિયતીવાદી સંપ્રદાયના વડા બન્યા હતા. એક સમયનો પ્રખર શિષ્ય પ્રબળ હરીફ બને એવી સ્થિતિથી મહાવીર લગીર પણ વિચલિત થયા નહોતા. મહાવીરની પોતાની પુત્રીઓ પ્રિયદર્શના અને જામાલી પણ એ સંપ્રદાયમાં ગઈ હતી. જોકે તેઓને સત્યનું જ્ઞાન થતાં તેઓ પાછી આવી હતી.

મહાવીરકથા : બીજો દિવસ

જૈન દર્શનમાં અહિંસા, સંયમ અને તપ અતિ મહત્ત્વના

બીજા દિવસની કથાનો પ્રારંભ સંઘના શુભેચ્છક મહાનુભાવ શ્રી કીર્તિભાઈ દોશી અને માનદ્ મંત્રી નીરુબેન શાહ, વર્ષાબેન શાહના હસ્તે દીપ પ્રાગટ્યથી થયો હતો.

ડૉ. કુમારપાળ શાહે કથા આગળ વધારતા કહ્યું કે–

જૈન દર્શનમાં અહિંસા, સંયમ અને તપ ત્રણ એ અતિ મહત્ત્વના છે. આ ત્રણ વસ્તુ બહાર નથી પણ આપણી અંદર છે એમ જણાવીને ડૉ. કુમારપાળ દેસાઈએ મહાવીરકથાના બીજા દિવસે જણાવ્યું હતું કે જગતના ઉપદેશકોએ પોતાના અનુયાયીઓ કે ભક્તોને બોધ આપ્યો છે કે તું મારે શરણે આવ, મારી પૂજા કર, હું તારો ઉદ્ધાર કરીશ. જ્યારે ભગવાન મહાવીર તું મારે શરણે આવ એમ કહેતા નથી. તેઓ કોઈ લાલચ દેખાડતા નથી. તેનું કારણ એક લાલચ અનેક લોભનું સ્થાન છે. તેમણે મારું તે સાચું એમ કહ્યું નથી પણ સાચું તે મારું એમ કહ્યું છે. પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં સત્યનું અન્વેષણ કરવું જોઈએ. ભગવાન મહાવીરે અનેકાંતવાદ અને સાપેક્ષવાદની વાત કરી હતી તેના લગભગ ૨૫૦૦ વર્ષ પછી વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાપેક્ષવાદનો સિદ્ધાંત રજૂ કર્યો હતો. ભગવાન મહાવીરના સમયમાં વિદ્યા એ વિવાદનું સ્થાન બની હતી. જ્ઞાનની પરાકાષ્ઠા વાદવિવાદમાં જ્ઞાની વ્યક્તિને પરાજીત કરવાની વૃત્તિ હતી. તે સમયે ભગવાન મહાવીરે જ્ઞાન-વિજ્ઞાન સામી વ્યક્તિને પરાજીત કરવા નહીં પણ જગતને તે કેવી રીતે ઉપયોગી નીવડે છે તે જોવામાં તેનું મહત્ત્વ છે એમ જણાવ્યું. સારો વિચાર જગતને આપો એમ તેઓએ કહ્યું હતું. તેમણે પોતાના પ્રિય શિષ્ય ગૌતમને શ્રાવક આનંદની માફી માંગવાનું કહ્યું હતું–એટલી વિશાળ તેમની લઘુતા-વિનમ્રતા હતા. જૈન ધર્મમાં જાદુ-ટોના કે મંત્રતંત્રનું કોઈ સ્થાન નથી. તેના વિના જ ભીતરનું વ્યક્તિત્ત્વ બહાર આવી શકે છે. અમીર હોય, ગરીબ હોય, બ્રાહ્મણ હોય કે પછી વૈશ્ય–એ જૈન નથી. પરંતુ જેનું ચિત્ત શુદ્ધ છે તે જૈન છે. ઘણાં જીજ્ઞાસુઓને પ્રશ્ન થતો હોય છે કે ભગવાન મહાવીર કેવું તપ કરતાં હશે ? દીક્ષા લીધી પછી હેમંત ઋતુની કડકડતી ઠંડીમાં શરીર ઢાંકવાને બદલે છાંયડામાં હાથ લાંબા રાખીને તપ કરતા હતા. ઉનાળાના ધોમધખતા તડકામાં ખુલ્લામાં તપ કરતા હતા. તેઓ બહુ ઓછું બોલતા હતા અને દૃષ્ટિને સ્થિર રાખીને અંતર્મુખ રહેતા હતા. આગમ સૂત્ર કહે છે કે ચાલતા હોય ત્યારે પોતાની છાયા ઉપર જ નજર રાખતા હતા. આ વિરલ સાધના ઉજ્જડ ઘરમાં, નિર્જન ઉદ્યાનમાં અને સ્મશાનમાં સાડાબાર વર્ષ સુધી કરી હતી. અધમ મનોવૃત્તિ ધરાવતી વ્યક્તિઓ હાથમાં હથિયાર લઈને પરેશાન કરતી હતી. તેઓ પેટ ઉણું રાખીને જમતા હતા. ન્યૂયોર્ક ટાઈમ્સમાં થોડા સમય પહેલાં ૯૦ વર્ષ સુધી જીવવા માટે પાળવાના નિયમો વિશે લેખ છપાયો હતો. તે નિયમો આપણા ઉણોદરના વ્રતના જેવા જ હતા. ભગવાન મહાવીર ગોચરી વહોરવા જતા ત્યાં બહાર યાચક અથવા શ્વાન કે અન્ય પ્રાણી ઊભું હોય તો તેઓ પાછા ફરી જતા હતા. તેઓ માર્ગમાં કોઈને અપ્રીતિ થાય નહીં એ રીતે ચાલ્યા જતા હતા. જૈન આગેવાનોએ વૈશાખ સુદ અગિયારશના દિવસને

જ્ઞાનદર્શનના દિવસ તરીકે ઉજવવો જોઈએ. તે દિવસે અદ્‌ભૂત ઘટના બની હતી. અહિંસા, સમતા, અનેકાંતવાદ અને નયવાદથી પ્રભાવિત થઈને ૪૪૧૧ જેટલા આત્માઓએ પરમાત્મા પાસે દીક્ષા લીધી હતી. ગૌતમસ્વામી, અગ્નિભૂતિ ગૌતમ અને ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરને વાદ-વિવાદમાં પરાભૂત કરવા આવ્યા હતા. સામાન્યપણે સામી વ્યક્તિ શંકા વ્યક્ત કરે અને તેનું નિરસન કરવામાં આવે એવું થતું હોય છે. જો કે અહીં તો ભગવાન મહાવીર સામી વ્યક્તિની જીજ્ઞાસા અને શંકા જાણતા હતા. મહાવીર સર્વજ્ઞ છે. તેઓ સામેથી કહેતા કે તમારા મનમાં ઘણાં વખતથી આ શંકા છે અને તેનો ઉત્તર આ છે. તેમણે વાદ-વિવાદને બદલે સંવાદ કર્યો. ગણધરનું આલેખન એ ભગવાનની તર્કબદ્ધતા અને સર્વજ્ઞતાનો મેળ છે. સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદમાં માનનારા જૈન ધર્મ જ્ઞાનનો સમન્વય કરે છે. ભગવાન મહાવીરે તે સમયે યજ્ઞ અને તેમાં અપાતી પશુની આહુતિનો વિરોધ કરવાને બદલે કહ્યું હતું કે યજ્ઞમાં પશુ કે અનાજ હોમવાને બદલે દુષ્ટ વૃત્તિને હોમી દો. તેમણે યજ્ઞનો વિરોધ કર્યો નહોતો. આ વિરલ સમન્વયાત્મક દૃષ્ટિ જૈન ધર્મમાં છે. ખ્રિસ્તી ધર્મમાં ક્ષમા અંગેના અનેક પુસ્તકો છે. ભગવાન મહાવીરે જણાવ્યું હતું કે જેને દુ:ખ પહોંચાડ્‌યું હોય તેની પાસે જઈને જ ક્ષમા માંગવી જોઈએ. તે માણસ નાનો હોય તો પણ તેની પાસે જ ક્ષમા માંગવી જોઈએ. જ્યાં સુધી ક્ષમા ન માંગીએ ત્યાં સુધી થૂંક પણ ગળેથી ઉતારવું ન જોઈએ. કોઈનું દિલ દુભવીને ભગવાન કે ગુરુ પાસે જઈને માફી માંગવી તે યોગ્ય નથી. ૧૯મા ચાતુર્માસ વખતે ભગવાન મહાવીરે સાધુઓની સભામાં કહ્યું હતું કે સાધુઓની શક્તિ અદ્‌ભુત છે. તે રીતે શ્રાવકની શક્તિને પણ ઓછી આંકી શકાય એમ નથી.

જૈન ધર્મ એ માત્ર 'આર્ટ ઓફ લિવિંગ' નથી. પરંતુ 'આર્ટ ઓફ ડાઈંગ' પણ છે. ઈન્દ્રીયો કામ ન કરતી હોય અને શરીર કામનું ન હોય ત્યારે સંલ્લેખના મૃત્યુ માટે તૈયાર થયો હોય અને તે એમ વિચાર કરે કે વધારે લોકો દર્શન કરે તો તે સારું. બીજી તરફ મૃત્યુ જલ્દી આવે તે માટે તે કાલાવાલા કે આજીજી કરે તો તે પણ યોગ્ય નથી. આ બંને પ્રકારની માનસિકતાથી સંલ્લેખનાનું ફળ મળતું નથી. તે સમયે મૃત્યુ તું આવ, આવ એમ કહીને 'જબ સે હમને સુના મોત કા નામ જીન્દગી હૈ, સિર પર કફન લપટે કાતિલ કો ઢૂંઢતે હૈ' એવો વિચાર કરવો યોગ્ય લેખાય. આનંદ શ્રાવકના મૃત્યુની ઘડીએ ગૌતમસ્વામી તેને મળવા આવે છે ત્યારે આનંદ શ્રાવકના ચહેરા પર અપાર તેજ હતું. તે સમયે ભગવાન મહાવીરના કહેવાથી ગૌતમ સ્વામીએ આનંદશ્રાવક પાસે ક્ષમા માંગી હતી. તેમાં ગૌતમ સ્વામીની લઘુતા (અતિ વિનમ્રતા) સમાયેલી છે. વ્યવહારમાં, જીવન અને જગતમાં ક્ષમા આવે તો જીવન ન્યાલ થઈ જાય. ક્ષમાની વાત કરવી પ્રમાણમાં સરળ છે. પણ તેની પરાકાષ્ઠા કરવી મુશ્કેલ છે.

ઘણાં લોકો પોતાનો ગુસ્સો ખૂબ જ જોરદાર હોવાની અથવા દિવસમાં માત્ર પાંચ સિગારેટ પીતા હોવાની વાત કરે છે. વાસ્તવમાં આ જ તેઓની નબળાઈ છે જેને તેઓ પોતાની ક્ષમતા તરીકે ગણાવે છે. આપણે અંતર ખોલવું જોઈએ. તેમાં જ અહિંસા, સત્ય, મૈત્રી અને કરુણાના ભાવ સમાયેલા છે. મહાવીર કથા એ લોકકથા નથી પરંતુ આત્મકથા છે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે અન્યાયી ભાવોથી દૂર રહેવાથી, ધર્મ સૂત્રોના ઊંડા અભ્યાસથી, ચિંતન/મનનથી, અને ઈશ્વર સાથે મન જોડવાથી મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે. હિંસા, અસભ્યતા, ચોરી, અને ઉપકારનો બદલો અપકારથી વાળનાર કૃતઘ્ની વ્યક્તિને નર્ક મળે છે. તમને જૈન ધર્મ ન મળ્યો હોત તો ? તમે કેટલી હત્યા કરતા હોત, કેટલા વ્યસનો વળગ્યા હોત, તેમજ કેટલી અરૂચિપૂર્ણ બાબતોમાં રસ લેતા હોત ? તેનો વિચાર કરી જોજો. ભગવાન મહાવીરે આપણને જૈન ધર્મના સંસ્કાર લોહીમાં અને જીવનમાં આપ્યા તેનો બદલો કોઈ સંજોગોમાં વાળી શકાય એમ નથી એમ ડૉ. કુમારપાળ દેસાઈએ ઉમેર્યું હતું.

ડૉ. ધનવંતભાઈ શાહે જણાવ્યું હતું કે મહાવીર કથા ચિત્ત વિકાસની ભૂમિકા પર આધારિત છે. આ કથા વડે તેમને જાણવાના, માનવાના અને પામવાના છે. શ્રદ્ધા રાખ્યા વિના તેમને પામવાનું મુશ્કેલ છે. તેના વડે બોધિબીજની પ્રાપ્તિ પૂરેપૂરી શક્ય છે. સંસારભ્રમણથી કર્મશૂન્ય અને મોક્ષમાર્ગ તરફ જવું તે બોધિબીજ. વાણીવિલાસ હોય તે કાર્યક્રમ પૂરો થાય પછી તે ભૂલી જવાય છે. આત્મિક વિકાસની વાણી હૃદયમાં ચિરંજીવ સ્થાન પામે છે. આવતા વર્ષે ડૉ. કુમારપાળભાઈ ગૌતમસ્વામીની કથા રજૂ કરશે. એવી જાહેરાત પણ ડૉ. ધનવંતભાઈ શાહે કરી હતી.

આ મહાવીર કથા પ્રથમ દિવસે ૨૭ માર્ચે મુંબઈના કે. સી. કૉલેજ હૉલમાં સાંજે ચાર વાગે અને ૨૮ માર્ચે સવારે દશ વાગે ભારતીય વિદ્યા ભવન ચોપાટીમાં યોજાઈ હતી. બન્ને દિવસની કથા સાંભળવા જિજ્ઞાસુઓનો અપૂર્વ ધસારો અને પ્રતિસાદ હતો.

ડૉ. ધનવંતભાઈ શાહે આભારવિધિ કરતાં આ કાર્યક્રમની સફળતાનું શ્રેય 'સંઘ'ના કાર્યકરોના પરિશ્રમને આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે મહાવીર કથા રજૂ કરનારા ડૉ. કુમારપાળ દેસાઈનું આપણા પણ ઋણ ચડ્‌યું છે. મંચની સુંદર સજાવટ બદલ મેહુલ બૂચ અને રાજેશ પટેલતથા અન્ય સહકાર માટે ડૉ. રેખા વોરા અને પ્રાણ રેડિયોવાળા અનિલભાઈનો પણ 'સંઘ' આભારી છે.

આ મહાવીર કથાના બે દિવસોમાં સંગીત આયોજન યુવાન સંગીતકાર મહાવીર શાહે કર્યું હતું. સંગીત અને સ્તવનોથી મહાવીર શાહના વાદ્ય ગાયક કલાકારોએ કથા તત્ત્વને રસાનંદભર્યું નિર્મ્યું હતું.

આ કાર્યક્રમમાં કુલીન વોરાએ તૈયાર કરેલા જૈન ધર્મની વાર્તાઓ આધારિત ૩૬૫ દિવસના કેલેન્ડરનું લોકાર્પણ ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કેલેન્ડરમાં બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય એવી જૈન ધર્મની ટચૂકડી વાર્તાઓ સમાવી લેવામાં આવી છે.

* * *

ડૉ. ચંદ્રશેખર જૈન પુરસ્કૃત (ઘોષિત)

'ગોમટેશ વિદ્યાપીઠ પુરસ્કાર' કે જે શ્રવણબેલગોલાનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે કે જે દર વર્ષે ભારતીય સ્તરના કોઈ વિશેષ વિદ્વાનને અર્પિત કરવામાં આવે છે. સને ૨૦૧૦નો આ પુરસ્કાર 'તીર્થંકર વાણી'ના પ્રધાન સંપાદક અને અનેક રાષ્ટ્રીય પુરસ્કારોથી પુરસ્કૃત વિદ્વાન ડૉ. ચંદ્રશેખર જૈનને પ્રદાન કરવાની ઘોષણા થઈ છે. આ પુરસ્કાર ભગવાન મહાવીરના જન્મોત્સવ તા. ૨૮ માર્ચના રોજ શ્રવણબેલગોલામાં પૂજ્ય ભટ્ટારક સ્વામીશ્રી ચારુકીર્તિજી મહારાજ દ્વારા અર્પિત કરવામાં આવ્યો.

મહાવીર કથા : પ્રતિભાવ

અઢી હજાર વર્ષ પહેલાં મહાવીરે કરેલું ચિંતન આજે પણ કેટલું પ્રસ્તુત છે તેની પ્રતીતિ કરાવતી 'મહાવીર કથા'

થોડા સમય પહેલાં સમાચાર વાંચ્યા 'મહાવીર કથા'ના. વાંચતાં જ યાદ આવી નારાયણ દેસાઈની 'ગાંધી કથા'. અને ૨૭ માર્ચ ૨૦૧૦ના શનિવારની સાંજે મુંબઈના કે. સી. કૉલેજના ઑડિટોરિયમમાં ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત લેખક અને જૈન ધર્મ-સાહિત્યના સક્ષમ વિદ્વાન ડૉ. કુમારપાળ દેસાઈએ રજુ કરેલી 'મહાવીર કથા' સાંભળી ત્યારે પણ ગાંધી કથાનું સ્મરણ થયું. બન્ને કથાઓ લેખક-અભ્યાસીના મુખેથી વહે છે. બન્નેમાં કથાનાયકના જીવનમૂલ્યો–સત્ય, અહિંસા, અપરિગ્રહ, શાંત ક્રાંતિ–માં પણ ઘણું સામ્ય છે. વિષયને વધુ અસરકારક બનાવવા બન્નેએ સંગીતનો સુંદર વિનિયોગ કર્યો છે. આમ ફોર્મમાં પણ સામ્યતા અનુભવાય છે.

વરસોથી ભાગવત કથા, રામ કથા, હનુમાન કથા, ગોપીગીત કથા ઈત્યાદી કથાઓ થતી આવી છે અને જનમાનસ પર તેનો પ્રચંડ પ્રભાવ રહ્યો છે. તેમાંથી જ પ્રેરણા મળી હશે નારાયણ દેસાઈને ગાંધીની કથા કરવાની. અને ખરેખર, કાળની ગણતરીએ આપણી ઘણી નિકટ છે તેવા મહાપુરુષ મહાત્મા ગાંધીની કથા સાંભળતાં શ્રોતાઓએ પરિચિતતાનો એક અનુબંધ અનુભવ્યો. મહાવીર સાથે એવી પ્રત્યક્ષ પરિચિતતા ભલે ન હોય પણ મહાવીરે પુરસ્કૃત કરેલાં જીવનમૂલ્યો–અહિંસા, કરુણા, અપરિગ્રહ અને વિશેષ તો સકળ સૃષ્ટિ પ્રત્યેના સમભાવ તથા જીવ માત્ર પ્રત્યેના આદરની મહાવીરની વિભાવના આજના સમયમાં જેટલી પ્રસ્તુત છે એટલી અગાઉ ક્યારેય નહોતી. એ દૃષ્ટિએ 'મહાવીર કથા' કરવાનો ડૉ. ધનવંત શાહનો વિચાર દાદ માગી લે તેવો છે. કુમારપાળ દેસાઈ ઉત્તમ વક્તા છે એનો અનુભવ તો હતો જ. પણ તેમને વ્યાસપીઠ જેવા આસને (જો કે તેને માટે યોગ્ય રીતે જ જ્ઞાનપીઠ શબ્દ પ્રયોજાયો) બિરાજીને કથા કહેતા સાંભળવાનો આ પહેલો મોકો હતો.

ડૉ. કુમારપાળ દેસાઈનું માત્ર જૈન જ નહીં, અન્ય ધર્મોના પણ ઊંડા અભ્યાસનું પીઠબળ, પાક્કું હોમવર્ક અને વક્તા તરીકેનો વરસોનો અનુભવ–આ બધાંએ મહાવીરકથાના ટેક ઑફને સ્મૂધ બનાવ્યું. મહાવીરનો જન્મ, માતા ત્રિશલાને આવેલાં સપનાં, બાળક મહાવીરનું અનોખું વ્યક્તિત્વ, યુવાન મહાવીરની દૃઢ નિર્ણયશક્તિ–આવા મહાવીરના જીવનના અનેક વૈવિધ્યસભર પાસાં કુમારપાળની વાણીની સરવાણીએ એક પછી એક ખુલતા જતા હતા. પ્રસંગો અને વર્ણનો દ્વારા મહાવીરનો અહિંસા પરમો ધર્મનો ને સ્યાદ્‌વાદનો જીવનસંદેશ ઉઘાડ પામતો હતો. એ સાંભળતાં આજના સળગતા પ્રશ્નો તાજા થતા હતા. ગ્લોબલ વોર્મિંગ અને ત્રાસવાદ જેવા ભયંકર પ્રશ્નો આજે દુનિયાને ધ્રુજાવી રહ્યા છે પણ અઢી હજાર વર્ષ પહેલાં ભારતની ભૂમિ પરથી મહાવીરે સમગ્ર જડ-ચેતન સૃષ્ટિના સલામતીપૂર્ણ સહઅસ્તિત્વ વિશે ચિંતન કર્યું હતું! કોઈ પણ પ્રશ્નને એક જ દૃષ્ટિકોણથી નહીં પણ અનેક એંગલ્સથી મૂલવવાનો ઉદારમતવાદી વિચાર આપ્યો હતો!

ભગવાન તરીકે જેને પૂજીએ છીએ તે વ્યક્તિનું હજારો વર્ષ પૂર્વેનું ચિંતન આજે પણ પ્રસ્તુત છે એ વિચાર કોઈ પણ ભક્તને પોરસાવે તેવો છે. આ પોરસનો અનુભવ કરાવ્યો આ મહાવીર કથાએ. સાથે જ મહાવીરના ચિંતન અને સંદેશનો ગ્લોબલ વિલેજ બનેલી આજની દુનિયામાં પ્રસાર કરવાની અનિવાર્યતાની પ્રતીતિ પણ થઈ. ડૉ. કુમારપાળ જેવા અન્ય વક્તાઓ અને વિષયના અભ્યાસીઓ કે અન્ય ભાષી સાહિત્યકારો પણ આ દિશામાં સક્રિય થાય તો કેવું સરસ!

છેલ્લે એક નિખાલસ સૂચન.

સુમધુર કંઠે રેલાતું પ્રસંગોચિત સંગીત ચોક્કસ આ મહાવીર કથાનું એક સુંદર અંગ છે પણ પૂરેપૂરાં ગીતોને બદલે એકાદ કડીથી કામ લીધું હોય તો કથારસ માટે તે વધુ ઉપકારક બન્યું હોત તેમ માનું છું. આવા પ્રશસ્ય પ્રયોગને હૃદયપૂર્વકની શુભેચ્છા.

❑ **તરુ કજારિયા**

XXX

મહાવીર કથા ડી.વી.ડી.

બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી આ કથા, તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈ ગઈ છે.

આ બે ડી.વી.ડી.ના સેટની કિંમત રૂા. ૨૫૦/- છે.

મર્યાદીત સંખ્યામાં આ કેસેટ તૈયાર કરવાની હોય આપનો ઑર્ડર આ જે જ ફોન ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર જણાવો. આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. અમે પહોંચાડીશું.

કુટુંબીજનો અને મિત્રોને આ ડી.વી.ડી. ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે. વસ્તુની પ્રભાવના ક્ષણાજીવી છે, વિચારની પ્રભાવના ચિરંજીવ છે.

પ્રત્યેક જૈનના ઘરમાં આ ડી.વી.ડી. હોવી જ જોઈએ.

જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે.

સમ્યક્ જ્ઞાન સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય છે.

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી મહાવીરને જાણો, માનો અને પામો.

પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ

પ્રિય ધનવંતભાઈ અને
શ્રી મું. જૈન યુવક સંઘના સર્વે કાર્યકર્તાશ્રી

નમસ્કાર. તા. ૨૭ અને ૨૮ માર્ચના અનુક્રમે કે. સી. કૉલેજ અને ભારતીય વિદ્યા ભવનમાં સંઘ દ્વારા આયોજિત 'મહાવીર કથા'નું આયોજન માણ્યું.

ટી.વી.ના પડદા પર હિન્દુ સંતો દ્વારા થતી કથાઓ જોઈએ છીએ ત્યારે અનેક જૈન કથાનકોનું સ્મરણ થાય છે. માણભટ્ટ દ્વારા થતી કથાઓની યાદ આવે છે. આપણી જૈન કથાઓ પણ એટલી જ સમૃદ્ધ અને બોધદાયક છે તેમ છતાં માત્ર ઉપાશ્રયો પૂરતી સીમિત રહેતી આવી કથાઓ આમવર્ગ સુધી પહોંચતી નથી, બૌદ્ધિકોને ગળે ઊતરતી નથી, એ સમયે શ્રી કુમારપાળ દેસાઈ જેવા સમર્થ ચિંતક અને મૂર્ધન્ય વિદ્વાનના મુખે જ્ઞાનપીઠ પરથી વહેતી આવી કથાઓનું શ્રવણ એક મનભર લહાવો બની રહે છે.

માત્ર એક જ વાક્ય 'શત્રુને હણે તે વીર પણ શત્રુને પરમ મિત્ર બનાવે તે મહાવીર' એ શબ્દો દ્વારા જૈન ધર્મનું હાર્દ એમણે સમજાવ્યું હતું. વિચારોમાં અનેકાંત અને વ્યવહારમાં સાપેક્ષતાના કથન સાથે મહાવીર સ્વામીએ પ્રબોધેલા અનેક વિચારો, સિદ્ધાંતો અને જાતે જ આચરણમાં મૂકેલા પ્રયોગોનું દોહન, શ્રી કુમારપાળભાઈએ સરળ ભાષામાં કરી આપ્યું હતું.

મનોરંજનની સાથે જ્ઞાન અને વિજ્ઞાન દ્વારા અહિંસા, સંયમ અને તપ જેવા જૈન ધર્મના મુખ્ય તત્ત્વોને સમજાવતી આવી વધુ કથાઓ, સંઘ અને શ્રી કુમારપાળભાઈ દ્વારા પામી જૈન ધર્મને લોકાભિમુખ બનાવી શકશું. સંઘની વૈચારિક પ્રક્રિયાને ગતિવંત બનાવી શકશું. હૃદયપૂર્વક આનંદ વ્યક્ત કરું છું.

❑ પન્નાલાલ છેડા, મુંબઈ
022-2342 3328

x x x

પ્રિય ધનવંતભાઈ,

અદ્‌ભૂત, અવિસ્મરણીય, શ્રી કુમારપાળભાઈની હૃદયસ્પર્શી વાણીએ ભાવ જગતને ઢંઢોળ્યું અને અંતરમાં જાણે મહાવીર પ્રગટ થયા.

મહાવીરનો જન્મ ના મળ્યો હોત તો.. વિચાર કરતાં પણ ભય લાગે છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ધન્યવાદ જેણે 'મહાવીર કથા'નું આવું સુંદર આયોજન કરી લોકોમાં પ્રમોદ ભાવના જન્માવી અને ગુણાનુરાગી બનવા માટેની પ્રેરણા આપી.

ભગવાન મહાવીર તથા જૈન ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા અનુભવવાનો મોકો આપવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ફરી ફરી આભાર.

❑ નીતીન સોનાવાલા

x x x

હજીરો વર્ષોથી રામકથા તો ભારતભરમાં થતી રહી છે. કૃષ્ણકથા પણ થતી રહી છે. શ્રોતાગણ સાંભળે પણ છે; પરંતુ વાસ્તવિક જીવનને સ્પર્શ કરતી હોય એવું ભાગ્યેજ જોવા મળે છે. શ્રી નારાયણભાઈ દેસાઈએ 'ગાંધી-કથા' દ્વારા આપણા રોજબરોજના જીવનને સ્પર્શતા પ્રશ્નોને શી રીતે ઉકેલી શકાય એ દર્શાવ્યું. એજ રીતે જૈનોના ઉપાશ્રયોમાં મહાવીર કથા પણ થતી જ રહે છે. પરંતુ શ્રી કુમારપાળ દેસાઈએ 'મહાવીર કથા' દ્વારા આજના કલુષિત અને હિંસાથી ત્રસ્ત વાતાવરણમાં, ઉપભોગથી વિનાશ તરફ દોડી રહેલી દુનિયાને, સુખી અને સમૃદ્ધ જીવનને કેમ વિકસાવી શકાય એ બાબત મહાવીરના જીવનને વિસ્તૃત સ્વરૂપે અને સામાન્ય બુદ્ધિને પણ સ્પર્શી જાય એ રીતે રજૂઆત કરીને સમાજની પ્રશંસનીય સેવા કરી છે. આજે જ્યારે શોષણ અને તેમાંથી નીપજતી હિંસાથી સમસ્ત વિશ્વ એક અકથ્ય મુંઝવણ અનુભવી રહેલ છે અને ખુદ સંયુક્ત રાષ્ટ્ર સંઘ પણ એ વાતનો સ્વીકાર કરી ચુકેલ છે કે 'અહિંસા' સિવાય કોઈ ઉપાય નથી ત્યારે આ કથા એક અદ્‌ભુત રીતે એ વાત સમજાવી જાય છે કે 'અહિંસા, અનેકાંતવાદ અને મર્યાદિત સંગ્રહ (અપરિગ્રહ)' એજ બધા પ્રશ્નોનો ઉકેલ લાવવા સક્ષમ છે. આ વાત ભારતભરમાં હિંદીમાં સર્વજન સુધી પહોંચે એટલું જ નહિ પણ અંગ્રેજી મારફત વિશ્વભરમાં વ્યાપે એજ અભ્યર્થના. શ્રી કુમારપાળભાઈને સાદર વંદન અને અભિનંદન અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આ પ્રાથમિક પગલું ભર્યું તે પગલે પગલે વિશ્વની યાત્રા કરી સફળ બને એજ પ્રાર્થના.

❑ કાકુલાલ છ. મહેતા
(ફોન : 022-28988878)

x x x

શનિવાર ૨૭ માર્ચ, ૨૦૧૦ મારે માટે અને મારા જેવા અનેક માટે એક યાદગાર દિવસ થઈ ગયો.

આમ તો ટી.વી.પર ઘણાં સંતો-વક્તાઓ-જાણકારોના વ્યાખ્યાનો સતત સાંભળું છું. મારો શ્રી કુમારપાળભાઈ સાથેનો પરિચય વર્ષોનો છે. સંતશ્રી આનંદઘનજીના સ્તવનોનું રેકોર્ડીંગ કરવાનું હતું ત્યારે શ્રી કુમારપાળભાઈએ દરેક સ્તવન પછી પદ્યમાં સહેલાઈથી સમજી શકાય એવો સાર આપેલો અને પછી અનેક પ્રસંગોએ તેમની સાથે તેમના વ્યાખ્યાનના લાભ લેવાનો અવસર મળ્યો. પણ શનિવાર ૨૭ માર્ચ ૨૦૧૦ના રોજ કે. સી. કૉલેજના હૉલમાં જે રીતે મહાવીર કથા રજુ થઈ તે સાંભળીને, વર્ષો સુધી મેળવેલું-વાંચેલું-જાણેલું ભગવાન મહાવીર સ્વામી વિષેનું જ્ઞાન કરતાં એક તદ્દન નવો જ સુંદર અભિગમ પ્રાપ્ત થયો.

આ કથાની પ્રશંસામાં અનેક પૃષ્ઠો લખી શકાય પરંતુ આ ટૂંકી નોંધ પૂરી કરતા પહેલાં લખવું જોઈએ કે આવી અનેક કથાઓ થાય, તેના આયોજન જૈન યુવક સંઘ અને બીજી જૈન સંસ્થાઓ

ભારતમાં અને ભારત બહાર કરે અને ભગવાન મહાવીર સ્વામીનો સંદેશ ખૂણે-ખૂણે જૈનો અને જૈનેતરોમાં પ્રસરે તેવું આયોજન થાય.

❑ **નવનીતભાઈ શાહ** (આશાપુરા)
(મો. : 9821072959

x x x

મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રથમ વખત એક અનોખો અને **ચિર:સ્મરણીય** રહે તેવો **તા. ૨૭ માર્ચના** રોજ **કે. સી. કૉલેજના** સભાગૃહમાં, તા. ૨૮ માર્ચના રોજ **ભારતીય વિદ્યાભવન** ખાતે **પ્રભુ મહાવીર જન્મ કલ્યાણકના શુભ અવસરે, મહાવીર કથા ભાગ-૧, ભાગ-૨** નો કાર્યક્રમ સંપન્નથયો હતો. આ કાર્યક્રમ વિશેષ પ્રકારે હતો. સામાન્ય રીતે પ્રભુના જન્મકલ્યાણક નિમિતે મુંબઈની અનેક નામાંકિત, અગ્રગણ્ય સંસ્થાઓ, જૈન સમાજના ચારે ફિરકાઓ વિવિધ પ્રકારે આયોજન કરે છે. નવકાર મંત્રના જાપ, ભક્તિ ગીતો, સ્નાત્ર મહોત્સવ વિ. વિ. પણ જૈન યુવક સંઘના **પ્રમુખ શ્રી રસિકભાઈ શાહના** નેતૃત્વ હેઠળ, સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોએ ખૂબ જ સુંદર રીતે મહાવીર કથાનું આયોજન કરી, શ્રુતજ્ઞાનના જિજ્ઞાસુ શ્રાવકોને **તત્ત્વચિંતક, લેખક, ડૉ. કુમારપાળભાઈ દેસાઈના** હસ્તે આ કથાનું રસપાન કરાવ્યું તે બદલ તેમને સૌને અભિનંદન આપીએ તેટલા ઓછાં છે.

દરેકે દરેક જૈનોને નાનાં-મોટાં સૌને પ્રભુ મહાવીરના જીવનચરિત્ર વિશે સંપૂર્ણ જાણકારી છે. પર્યુષણમાં 'કલ્પસૂત્ર' સાંભળીને પણ તેના વિશે જ્ઞાન જરૂર મેળવ્યું હશે. પુસ્તકોમાંથી પણ કેટલાંક શ્રાવકોએ વાંચન કરીને જ્ઞાન મેળવ્યું હશે. પણ આ મહાવીર કથા સાંભળવાની, વાત કંઈક જુદા જ પ્રકારે હતી.

મા સરસ્વતીના પનોતા પુત્ર એવા **ડૉ. કુમારપાળભાઈએ** ખૂબ જ ઊંડો અભ્યાસ કરી પ્રભુ મહાવીરના જન્મથી લઈને, તેમના કેવળજ્ઞાન સુધીના દરેકે દરેક પ્રસંગોમાંથી જે પ્રકારે તત્ત્વનો નિચોડ કાઢીને પોતાની સરળ અને જ્ઞાન સભર વાણીથી સૌને જ્ઞાનામૃતનું પાન કરાવ્યું હતું. તેની થોડીક ચિંતનીય અને મનનીય મુખ્ય મુખ્ય હાઈલાઈટ્સ નીચે મુજબ છે. **માનદ્ મંત્રી શ્રી ડૉ. ધનવંતભાઈ શાહે** પણ પોતાની પ્રસ્તાવના ભૂમિકામાં જણાવી દીધું હતું કે: **'આ મહાવીર કથા એ હૃદયમંજન છે. એકવાર મહાવીરને તમે જાણો-માનો-માણો અને પછી તેને પામો તો પરમપદ સુધી પહોંચી શકાય. ગુણોની વૃદ્ધિ કરવાની છે. ભીતરમાંથી જાગૃતિ રાખવાની છે.**

ભ. મહાવીરે આ વિશ્વને એક વાક્ય આપ્યું; **'એકો હું માણસ જાઈ.'** જેનો અર્થ સમજાવ્યો હતો કે **'હે, માનવો તમે બધાં એક થાઓ.** જૈન ધર્મ એ વીરોનો ધર્મ છે.

આપણે ધર્મથી બહુ દૂર થતાં જઈએ છીએ તે વાત સાચી છે. **મોક્ષ ક્રાંતિ, જીવનક્રાંતિ, આત્મક્રાંતિ** કરવાના માર્ગે આગળ વધી શક્યા નથી.

'હું ભિક્ષુ છું' ભગવાન મહાવીરે કેવી સરસ રીતે પોતાની ઓળખાણ આપી અને આપણે સામેની વ્યક્તિને કેટલો લાંબો લાંબો પરિચય આપીને મોટાઈ પ્રદર્શિત કરીએ છીએ.

સ્ત્રીને સમાન અધિકાર, સ્ત્રીને સ્વતંત્ર વ્યક્તિત્વ આપનાર પ્રભુ મહાવીર જ હતા. પત્ની યશોદા, પોતાની પુત્રી પ્રિયદર્શનાની પણ સંયમ મારગે જતાં પહેલાં ક્ષમા માંગી. પ્રભુ મહાવીરનું આ વિશિષ્ટ **મહાભિનિષ્ક્રમણ** કહેવાયું.

જેમ **આંબાની ગોટલીની અંદર જ આંબાનું વૃક્ષ સમાયું** છે તેમ **આપણાં સૌની ભીતરમાં જ ઈશ્વર છે. આત્માને ઓળખો. આત્માના હિતનું લક્ષ રાખો. આત્મા દ્વારા આત્માને ઓળખી પરમાત્મા બનવાનું છે. કાયાનું મૌન, ચક્ષુ મૌન ચિત્તનું મૌન-કાઉસગ્ગ, ધ્યાન, સાધનાની પદ્ધતિ** જાણવા-સમજવા મળી. માતા ત્રિશલાને આવેલાં **૧૪ સ્વપ્નાંઓ** પણ વિશેષ પ્રકારે અર્થ બતાવે છે. માત્ર પર્યુષણમાં સ્વપ્ના ઝુલાવી લેવાથી જીવનમાં કોઈ અર્થ સરતો નથી.

સાદાણા પુત્રના દૃષ્ટાંત પરથી આખા જગતને મોટો **કર્મવાદ** મળ્યો.

જૈન દર્શને એક વિરલ વાત કરી છે. ભગવાન મહાવીર એમ કહેતા નથી કે; **'તું મારે શરણે આવ, તે કહે છે કે તું ધર્મના શરણે જા, તો તારી મુક્તિ છે.'** ધર્મના ક્ષેત્રે માનવી માત્રએ **સ્વાવલંબી** બનવાનું છે.

'અહિંસા, સંયમ અને તપ' એ બહારના તપ નથી. ભીતરના તપ છે. Art of Living –જીવન જીવવાની શ્રાવકની એક કળા બતાવી છે. વહેવાર બતાવ્યો છે. દુકાન અને દેરાસરનો ભેદ જાણીને જૈનોએ આગળ વધવાનું છે. ચાર પ્રકારના શ્રમણોપાસક છે. તે જાણવા મળ્યું. **દર્પણ જેવા, ધ્વજા જેવા, સ્થાનુ જેવા (કદાગ્રહી) અને તીક્ષ્ણ કાંટા જેવા.**

જો જૈન ધર્મ આપણને ન મળ્યો હોત તો આપણે કેવા હોત?

જૈન દર્શન આપણને ન મળ્યું હોત તો આપણે કેવા હોત?

પ્રભુ મહાવીર આપણને ન મળ્યા હોત તો આપણે કેવા હોત?

સત્ય, અહિંસા, અનેકાંતવાદ, અપરિગ્રહના સિદ્ધાંતો જો ન મળ્યા હોત તો આપણું જીવન કેવું હોત? અને જૈન યુવક સંઘે જો આવી મહાવીર કથાનું આયોજન ના કર્યું હોત તો આવો શ્રેષ્ઠ લાભ જ્ઞાન મેળવવા માટેનો આપણને ક્યાંથી મળત?

જૈન યુવક સંઘને ખાસ વિનંતી છે કે ફરી ફરી વર્ષમાં બે કે ત્રણ વાર આવી સુંદર વિષયોની માવજત સાથે કથાઓનું આયોજન કરતા રહો. જે સાંભળીને અનેક આત્માઓ બોધ પામી જશે ને આત્મ કલ્યાણના માર્ગે વિહરી રહેશે.આભાર.

❑ **ભારતી બી. શાહ**
M : 9324115575

x x x

સંગીતની સુરાવલી સાથે સુમધુર વાતાવરણમાં પ્રભુ મહાવીરની કથાનો નવતર પ્રયોગ પ્રભુના જન્મદિને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા પોતાની આગવી શૈલી અને લઢણથી રજૂ થયો. આ કથાની વિશિષ્ટતા એ હતી કે પ્રભુ મહાવીરના જીવન પ્રસંગોનું ચિંતન આજના સંદર્ભ પ્રમાણે ડૉ. દેસાઈએ રજૂ કર્યું.

અનાર્ય દેશમાં ફરતા મહાવીર પ્રભુ અને નોઆખલીમાં ફાટી નીકળેલ કોમી તોફાનોને રોકવા દોડી ગયેલા મહાત્મા ગાંધી બાપુ, આ બંને મહાપુરુષોમાં એક જ સામ્ય હતું અને તે એ કે તેઓ જનમાનસમાં ઘર કરી ગયેલ હિંસાને કાયમી રીતે દૂર કરવા માંગતા હતા. એ માટે તેમણે અહિંસા અને નિર્ભયતાનું વાતાવરણ ઊભું કર્યું અને તે દ્વારા તેઓ હિંસક લોકોના માનસપટ પર અહિંસા અને અભયના બીજ રોપવામાં સક્ષમ નીવડ્યા.

ડૉ. દેસાઈએ જૈનોને મહાવીર સ્વામી જેવા વીર થવા અને કર્તવ્યપાલનનો બોધ આપ્યો. તેમણે આજની યુવા પેઢીને વિજ્ઞાનની ગતિ અપનાવી વિશ્વમાં જૈનદર્શનનો પ્રચાર કરવાનું આહ્વાન કર્યું. પ્રભુ મહાવીરે કરેલ જાતિવાદનો વિરોધ અને નારીશક્તિના ઉદાહરણોને ડૉ. દેસાઈએ ઘણાં જ ધારદાર રીતે રજૂ કર્યા.

કથાને અનુરૂપ વ્યાસપીઠ જેને ડૉ. ધનવંતભાઈ શાહે જ્ઞાનપીઠ કહીને સંબોધી હતી એ નામ પણ ઘણું સાર્થક નીવડ્યું. જ્ઞાનપીઠની પશ્ચાદ્ ભીંત પર પ્રદર્શિત કરાયેલ દુર્લભ ચિત્રો ઘણાં જ ચિત્તાકર્ષક લાગતા હતા.

આ કથાના વ્યાખ્યાતા ડૉ. કુમારપાળ દેસાઈ અને આયોજન શ્રી જૈન યુવક સંઘને ઘણાં ઘણાં ધન્યવાદ.

❑ **રેણુકા પોરવાલ**

x x x

ભાઈશ્રી ધનવંતભાઈ,

આજે ભારતીય વિદ્યા ભવનમાં ભાઈશ્રી કુમારપાળનું વક્તવ્ય સાંભળી અમે સૌ મહાવીરમય થઈ ગયા. એમનું અધ્યયન, મનન અને સ્મરણને વિષયને દર્શાવવાની એક આગવી કળા છે. ૨૬૦૦ વર્ષના ગાળામાં આપણને મહાવીરે કેટલું જીવન દર્શન આપ્યું તે અલગ અલગ દૃષ્ટિકોણથી જૈન તત્ત્વને ખાસ કરીને અનેકાન્તવાદ અને સત્ય ઉપર ભાર મૂકીને અનેક ધર્મો સાથે સરખાવી ગ્લોબલાઈઝેશનનો આજનો અભિગમ અને આઈન્સ્ટાઈનની વાતો આપણને ભગવાન મહાવીરે વર્ષો પહેલાં કહેલી તે ભાઈશ્રી કુમારપાળએ એમની વક્તવ્યકળાથી સમજાવ્યું. ગહન વિષયને પણ સહેલો અને આનન્દમય બનાવ્યો.

આશરે ત્રણ કલાક સુધી વાણીનો વિલાસ સાંભળ્યા પછી હર્ષોલ્લાસથી બહાર નીકળીએ ત્યારે આપણે કેટલું મેળવ્યું તેના લેખા જોખા થાય અને હવે સ્મરણ અને આચરણની કસોટી થશે.

ધનવંતભાઈ આપનું એડમિસ્ટ્રેશન, Infrastructure (મારું ગુજરાતી કાચું છે) અને વ્યવહારકુશળતા અભિનંદનને પાત્ર છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે હું પરમાનંદભાઈના વખતથી જોડાયેલી છું. સંવત્સરીના અને બીજા બધા વ્યાખ્યાનો મેં સાંભળ્યા છે. હું મને નસીબદાર ગણું છું. આટલું વૈવિધ્ય વાંચન અને મનન દર વર્ષે સાંભળવા મળે છે. આપના જેવા સુકાની મળવાથી ઉત્તરોત્તર એની પ્રગતિ થશે તેની ખાત્રી છે. આપને ધન્યવાદ.

❑ **પુષ્પા ભણશાળી**

પ્રબુદ્ધ જીવનની પ્રસંશક

* * *

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર સંચાલિત

જ્ઞાનતીર્થ

આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા

આપે છે સપનાઓની કારકીર્દી માટે ઉજ્જવળ તક...

જૈનધર્મ, ભારતીય સંસ્કૃતિ, વૈદિક ધર્મ, પ્રાચ્યવિદ્યા અને સાહિત્યની બે લાખ જેટલી હસ્તપ્રતો અને દોઢ લાખ મુદ્રિત પુસ્તકો–પ્રતો સહિતનો વિશાળ સંગ્રહ ધરાવતો વિશ્વનો સૌથી વિશાળ અને અદ્યતન જૈન જ્ઞાનભંડાર પૂ. સાધુ-સાધ્વી ભગવંતો તેમજ સંશોધકોને આગમ, ન્યાય, દર્શન, યોગ, સાહિત્ય, વ્યાકરણ, જ્યોતિષ, આયુર્વેદ, ભારતીય પ્રાચીન સભ્યતા–સંસ્કૃતિના સંબંધિત સાહિત્ય ઉપલબ્ધ કરાવવામાં અગ્રણી છે અને આ સાહિત્યને ભવિષ્યની પેઢીઓ માટે સંરક્ષિત કરવાનું કાર્ય કરે છે.

આ જ્ઞાનમંદિર જૈન ધર્મ અને સંસ્કૃતિના પ્રસાર-પ્રચારનું કાર્ય કરે છે. જે જૈન સંઘો માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. તેમજ પ. પૂ. સાધુ-સાધ્વી ભગવંતો અને વિદ્વાનો માટે ખૂબ જ અગત્યની સેવાઓ આપવાનું કાર્ય સતત બજાવે છે.

હસ્તપ્રતસૂચિ કાર્યો માટે–ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત ભાષા તથા જૈન ધર્મ, જૈન સાહિત્યનું પાયાનું જ્ઞાન, પ્રાચીન લિપિ, અંગ્રેજી તથા કૉમ્પ્યુટરની જાણકારી આવકાર્ય.

ગ્રંથાલયના વિવિધ કાર્યો માટે સહાયકો:–પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિંદી ભાષા તેમજ કૉમ્પ્યુટરની જાણકારી, જૈન ધર્મ તથા સાહિત્યનું પાયાનું જ્ઞાન, જૈનેતર ધર્મ/સાહિત્યની જાણકારી આવકાર્ય.

ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષાના સારા પ્રૂફ રીડરો.

વેતન :– આ ક્ષેત્રમાં આકર્ષક કહી શકાય તેવું માનદેય વેતન તો ખરું જ.

ઉજ્જવળ કારકીર્દી માટે જોડાવાનું સંસ્થા નિમંત્રણ પાઠવે છે.

સંપર્ક : કનુભાઈ શાહ નિયામક,

આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર,

કોબા, ગાંધીનગર-382007

ફોન-(079) 23276252

જયભિખ્ખુ જીવનધારા : ૧૭

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[માનવતા., મૂલ્યનિષ્ઠા અને રાષ્ટ્રપ્રેમનું સત્ત્વશીલ સાહિત્ય સર્જનાર 'જયભિખ્ખુ'ના કુમારાવસ્થાના આ પ્રસંગોમાં એમના વ્યક્તિત્વના બદલાતા રંગો દૃષ્ટિગોચર થાય છે. ગભરુ અને કાયર બાળક સંજોગોથી ઘડાઈને કઈ રીતે સાહસિક અને જવાંમર્દ બને છે એનો આલેખ આ પ્રસંગમાં જોવા મળે છે. આજથી એકસો વર્ષ પૂર્વેના ગામડાના સામાજિક પરિવેશમાં બનેલી આ ઘટનાઓ વાચકને સર્વથી ભિન્ન સૃષ્ટિનો અનુભવ કરાવશે. 'જયભિખ્ખુ' જીવનમાં જવાંમર્દીનાં રંગો પૂરનારી ઘટના જોઈએ આ સત્તરમા પ્રકરણમાં.]

મૃત્યુ સામે મર્દાનગી

ઉત્તર ગુજરાતના રળિયામણા વરસોડા ગામ અને નજીક વહેતી સાબરમતી નદી વચ્ચે દોઢેક ગાઉનું અંતર હતું, પરંતુ વહેતી નદી અને વસેલા ગામની વચ્ચે નિર્જન અને ભેંકાર વાંઘાં-કોતર આવ્યાં હતાં. આ ઊંડાં કોતરોની વચ્ચેથી પસાર થતી નાનકડી કેડી કે અત્યંત સાંકડા રસ્તા પર ચાલતી વખતે ભલભલાની હિંમત ધ્રૂજવા લાગતી હતી. વળી આ ઊંચા કોતરોની બખોલમાંથી બહારવટિયાઓ કે જંગલી પશુઓ ક્યારે, ક્યાંથી અને કઈ રીતે ધસી આવશે તેની પળેપળ દહેશત રહેતી હતી અને તેથી સાંજ પછી ત્યાંથી નીકળવાની કોઈ હામ ભીડતું નહીં. વળી આ કોતરોમાં આવેલા નપાણિયા, અવાવરુ કૂવાઓ વિશેની ભૂત-પ્રેતની પ્રચલિત કથાઓ આ ભેંકાર વાતાવરણની શૂન્યતામાં વિશેષ ભયાનકતાનું ઉમેરણ કરતા હતા.

સાબરમતી નદી પર નહાવા ગયેલા ભીખાલાલે ('જયભિખ્ખુ'નું હુલામણું નામ) નદીમાં ધબાકા મારતી વખતે વડીલ પાસેથી માંગીને લીધેલી વિદેશી ઘડિયાળ નદી કિનારે આવેલા પીપળાના થડની બખોલમાં મૂકી હતી અને અંધારું થતાં ઝટ પાછા વળવાની ઉતાવળમાં ભૂલી ગયા. એમના મિત્ર જગત સાથે ભીખો રાતના ઘેરા અંધકારમાં હાથમાં કડીયાળી ડાંગ સાથે નદીકિનારે વૃક્ષ નીચે મૂકેલી ઘડિયાળ લેવા વાંઘાંઓમાંથી પસાર થતો હતો.

મધરાતનો સુસવાટાભર્યો અવાજ કરતો ઠંડો પવન વાતો હતો. માનવીનાં પગલાંના અવાજથી શિયાળવાં અને ઘોરખોદિયાં રસ્તાની બાજુમાં લપાઈ-છૂપાઈને ચાલતાં હતાં.

બન્ને મિત્રો સાબરમતીના રેતાળ પટ પર આવી પહોંચ્યા, ત્યાં અચાનક એક મોટો છીંકોટો (છીંકનો અવાજ) સંભળાયો અને ડરી ગયેલો ભીખો જગતનું કાંડું પકડીને ઊભો રહી ગયો. સાબરમતી નદીની રેતીના પટના પ્રારંભ અને કોતરના છેલ્લા ખૂણાના અંતના સંધિસ્થળે બે ગોઠિયા એકાએક ઊભા રહી ગયા. અંધકારમાં ધીમા પગલે, સહેજ ડોલતા સામે આવતા એ કાળા પડછાયાને જોઈને ભીખાને તો થયું કે નક્કી આ ભૂત જ છે, પરંતુ ખેડૂતના દીકરા જગતે પારખી લીધું કે આ તો કાળમુખું રીંછ છે. એણે કહ્યું,

'ભીખા, આ ભૂત નહીં, પણ રીંછ છે. મહુડાની આ ઋતુ છે અને રીંછને મહુડાં ખૂબ ભાવે. એ મળે એટલે અકરાંતિયાની જેમ ખાવા લાગી જાય. ખાતાં ખાતાં ભાન ભૂલી જાય અને પછી મહુડાંના ઘેનમાં એ ડોલવા લાગે. વળી રીંછને મહુડાંનું ઘેન ચડ્યું હોય, ત્યારે છંછેડવું સારું નહીં.'

ખેડૂતના દીકરાએ સ્વાનુભવની રજૂઆત કરી અને બંને એ આકારને સામે આવતો જોઈ રહ્યા. રીંછ પોતાની સામે આવતું હતું એટલે જગતે ભીખાને કહ્યું, 'જો, અત્યારે સામા પગલે જવામાં સાર નથી. સાપના રાફડામાં હાથ ઘાલીને કાળવિષ નાગને ડોકથી પકડાય નહીં. માટે ચાલ, ધીરેથી પેલા વૃક્ષ પર ચડી જઈએ. એ અહીંથી વિદાય પામે, તેની રાહ જોઈએ.'

કોતરના છેડે ઊગેલા વૃક્ષ પર બન્ને મિત્રો ચડી ગયા. ઊપલી ડાળે ભીખો બેઠો હતો અને નીચેની ડાળે જગત. બન્ને રાહ જોતા હતા કે ક્યારે દિવસ દરમ્યાન કોતરોમાં આરામ કરીને સાંજના સમયે ખોરાકની શોધમાં નીકળેલું રીંછ અહીંથી પસાર થઈ જાય અને હેમખેમ નીચે ઊતરીએ. ગળા અને ખભા પર લાંબા કેશ ધરાવતું બરછટ વાળવાળું રીંછ ધીરે ધીરે આ વૃક્ષની નજીક પહોંચ્યું અને એની નીચે બેસીને એ બે પગ ઊંચા કરી ઝીણા અને લાંબા નહોરથી મોઢું ખંજવાળવા લાગ્યું. ભીખો મૂંઝાયો. હવે રીંછ કરશે શું ? મનમાં થયું પણ ખરું કે એના જેવો મૂર્ખ અને બેસમજ બીજો કોઈ નહીં હોય. અંધારી રાતે ભેંકાર કોતરમાં બહાર નીકળનારે સફેદ કપડાં પહેરવાં જોઈએ નહીં, કારણ કે અંધારી કાળી રાતમાં સફેદ કપડાં પહેરનાર અંધકારમાં જુદો તરી આવે છે. ભીખાએ નવી કડકડતી સફેદ બંડી પહેરી હતી અને બપોરે જ ખૂબ ધોઈ-ધોઈને ચોખ્ખો-ચણાક કરેલો પાયજામો પહોર્યો હતો.

ભયભીત ભીખાના મનમાં વળી વિચાર ઝબક્યો કે આજે સવારે કોનું મોઢું જોઈને ઊઠ્યો હોઈશ કે જેને કારણે આજે જ્યાં જુઓ ત્યાં આફત જ આવે છે !

વૃક્ષની નીચે બેઠેલું રીંછ સહેજ આગળ વધ્યું ખરું, પણ ન જાણે શું થયું કે એણે વળી પાછાં પગલાં ભર્યાં અને ફરી ઝાડ નીચે અડિંગો જમાવી દીધો. આગળના બે પગ ઊંચા કરી પોતાનું મોં ખંજવાળવા લાગ્યું. ભીખાને થયું કે રીંછ શા માટે વારંવાર એના બેડોળ મુખને આ રીતે ખંજવાળતું હશે ? એ પછી રીંછ ધીરે ધીરે ઝાડ પર ચડવાનો

પ્રયત્ન કરવા લાગ્યું. ભીખા અને જગતની નજર રીંછની એકેએક ચેષ્ટા પર નોંધાયેલી હતી. રીંછ ઝાડ નીચે નિરાંતે બેસે, તો બંનેના જીવ ઊંચા થઈ જાય. સહેજ આઘુંપાછું થાય, તો થોડી નિરાંત વળે.

ભીખા અને જગતે જોયું તો આફત ધીરે ધીરે ડોલતી એમની સામે આવતી હતી. નીચેની ડાળીએ રહેલો જગત એકદમ સાવધાન થયો અને કડિયાળી ડાંગ હાથમાં તોળી લીધી. નીચેની ડાળીએ હોવાથી ખુંખાર રીંછનો પહેલો મુકાબલો એણે કરવાનો હતો અને એ માટે એ પૂરો સુસજ્જ હતો. વૃક્ષનું થડ ચડીને ઉપર આવેલા રીંછે પહેલાં જગતને જોયો અને એની આંખોમાં ઝનૂન ઊભરાયું. એણે જોરથી વાતાવરણની સ્તબ્ધતાને ભાંગતો ભલભલાને ધ્રુજાવનારો છીંકોટો કર્યો, પણ જગત સાવધ હતો. લચીલા હોઠ, ચીકણી જીભ અને તીણા દાંતવાળું રીંછ જગત તરફ ધસ્યું કે એની સામે જગતે કડિયાળી ડાંગ ઉગામીને એના કેશાચ્છાદિત કપાળ પર ફટકારી. રીંછ ઝાડ પરથી લપસીને મોટા અવાજ સાથે જમીન પર પડ્યું.

એવામાં વળી એક બીજો અવાજ સંભળાયો અને તે એ કે રીંછના કપાળમાં જોરથી કડિયાળી ડાંગ મારવા જતાં જે ડાળ પર જગત બેઠો હતો, તે ડાળ કડેડાટ અવાજ સાથે તૂટી પડી અને જગત જમીન પર પછડાયો. ભીખાના ચિત્તમાં વિચાર ઝબકી ગયો કે આ તો 'હવેલી લેતાં ગુજરાત ખોઈ' જેવું થશે. એક ઘડિયાળને માટે જગતના જીવનું સાટું !

ભીખાને પોતાની મૂર્ખતા માટે પારાવાર પસ્તાવો થયો. અંધારી રાતમાં એકાએક આ વિચાર ભીખાના મનમાં ઝબક્યો. પણ ત્યાં તો ફરીવાર જમીન પર પછડાયેલા રીંછનો છીંકોટો સંભળાયો અને એ પોતાના દુશ્મનને મારી નાખવા માટે ચાર પગે તૈયાર થઈ ગયું હતું. સળગતા નાના અંગારા જેવી એની આંખોમાં ખૂની આતશ જલતો હતો. શિકારનો નાશ કરી નાખવાના મનસુબાને કારણે એના પંજાના નહોર થનગની રહ્યા હતા. જગત પર એ હુમલો કરવાની તૈયારી કરતું હતું અને ઉશ્કેરાયેલું, નશાબાજ, જીવ-તરસ્યું રીંછ એનો પંજો ઉગામીને ત્રાટકવાની તૈયારી કરતું હતું.

ભારે કટોકટીની ક્ષણ આવી હતી. ગુસ્સામાં રીંછ એના ઝીણા દાંત કચડતું હતું અને ભયંકર છીંકોટા સાથે એણે પોતાના શિકાર પર હુમલો કર્યો. કોતરોએ સામસામે એ છીંકોટાનો પડઘો પાડ્યો. રાક્ષસી દાંતો અને તીણા નહોર ક્ષણવારમાં જગતની ભરાવદાર ગરદનને છૂંદી નાંખે તેમ હતા.

વૃક્ષ પર બેઠેલો ભીખો સહીસલામત હતો. રીંછ ફરી ઝાડ પર ચડવાનો વિચાર કરે એ શકય નહોતું. જંગલી પ્રાણીની એ ખાસિયત હોય છે કે એક વાર જ્યાં ઠગાયું કે ઘવાયું હોય ત્યાં ફરી પાછું ન આવે. ભીખાના જીવને નિરાંત હતી. પરંતુ જગતનો એને ભારે ઉચાટ હતો. એ વિચારતો હતો કે ગમે તે થાય, પણ પોતાના સુખદુ:ખના સાથી જગતને બચાવવો જોઈએ. રીંછ એને ફાડી ખાશે તો હું જગતને શું મોં બતાવીશ. બીજી બાજુ એમ પણ લાગતું હતું કે પોતે જગત જેવો જોરાવર નથી એટલે રીંછ સાથે બાથ ભીડી શકે તેમ નથી, આથી મોત નિશ્ચિત જણાતું હતું. પણ મિત્રની પડખોપડખ મોતને ભેટવાની મજા માણવા ભીખો તૈયાર થયો !

આ કપરી ક્ષણે ભીખાના ચિત્તમાં કેટલાય સંકલ્પ-વિકલ્પો જાગ્યા. એના મનમાં ચાલતા વિચારના વેગની ગતિ કલ્પવી મુશ્કેલ હતી. આખરે એણે ઘડિયાળ શોધવા મદદે આવેલા મિત્રને તમામ સાથ આપવાનું નક્કી કર્યું. જગત પર હુમલો કરવા તત્પર રીંછ પર એણે બજરંગબલિનું સ્મરણ કરીને નીચે કૂદકો માર્યો. મોત તો સામે હતું જ, પણ મર્દાનગી માણીને શા માટે ન મરવું ?

આ જવાંમર્દીના વિચારોએ ભીખામાં નવા જોશ અને હિંમત જગાવ્યાં. એની ભયભરેલી ભીરુ સૃષ્ટિમાં નવો ચમત્કાર સર્જાયો. એના શરીરમાં જાણે એક નવી શક્તિ પેદા થઈ. એ રીંછ પર બરાબર કૂદી ન શક્યો, પણ એની બાજુએ પડ્યો. છતાં એનો એટલો હેતુ સફળ થયો કે જગત તરફ પોતાની ઝીણી આંખ ટેકવીને હુમલો કરવા જતા રીંછને એ નવા શિકાર તરફ વાળી શક્યો. રીંછ જગતને બદલે ભીખા તરફ ધસ્યું અને ભીખાએ બીજી જ ક્ષણે ટટ્ટાર થઈને રીંછ પર કડિયાળી લાકડીનો સપાટો બોલાવ્યો. રીંછ જમીન પર પડ્યું. ભીખાએ ધાર્યું કે હવે તો એ રામશરણ થઈ ગયું છે. જખ્મી જગત માથા પર થયેલી ઈજાઓને કારણે બાજુમાં બેભાન થઈને પડ્યો હતો. ભીખો પોતાના મિત્રની સંભાળ લેવા માટે એની પાસે ગયો. એના અજાગ્રત દેહ પર હાથ ફેરવે, ત્યાં તો પાછળથી કોઈ એને બાઝી પડ્યું હોય એમ લાગ્યું.

ભીખો શું વિચારે ! એણે વિચાર્યું કે નક્કી કોઈ ભૂત વાંઘાંમાંથી આવીને એને પાછળથી વળગી પડ્યું છે. અવાવરું કૂવામાંથી અપમૃત્યુ પામેલી કોઈ ચૂડેલ રાતના રૂમઝૂમ કરતી ફરવા નીકળી હશે અને એણે તેને પકડી લીધો છે. ભૂતના વિચારે આ ભડવીર બનેલા ભીખામાં ભયની કંપારી જગાવી. છેક બાળપણથી ભૂતની વાતો એના મનમાં ઘર કરી ગઈ હતી. એ મનના તળમાં રહેલો ભય બહાર આવી ગયો. ભીખો હજી આ ભયની કમકમાટી અનુભવે કે બીજી જ પળે એનું નાક મહુડાની ગંધથી ગૂંગળામણ અનુભવવા લાગ્યું.

'અરે ! આ તો શેતાન રીંછ !' ભીખાથી બૂમ પડાઈ ગઈ.

કડિયાળી ડાંગ તો રીંછના માથા પર ફટકાર્યા પછી દૂર પડી હતી. આથી હવે મરણિયા થઈને હાથે-પગે એનો સામનો કરવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. રીંછ પણ ઝનૂને ભરાયું હતું અને એ લાગ મળે ભીખાના શરીર પર બચકું ભરવા મથતું હતું. ખૂબ મથ્યા પછી ભીખો માંડ માંડ રીંછના ગળાની આસપાસ હાથનો ભરડો લગાવી શક્યો, પરંતુ રીંછના ગળાને પકડવા જતાં એના પગ છૂટા થઈ ગયા અને એણે ભીખાની કમર પર નહોર ભેરવ્યા.

ભારે બાથંબાથી ચાલી. એક તરફ ભીખો જોરથી રીંછનું ગળું

દાબતો હતો, તો બીજી બાજુ રીંછ પણ ભીખાની કમરમાં નહોર ભોંકતું જતું હતું. મોતને સામે જોઈને ભીખામાં નવું જોશ પ્રગટ્યું. બાળપણમાં ઘુવડ અને ચીબરીથી ડરનાર ભીખો હવે રીંછનો જીવસટોસટનો સામનો કરતો હતો. ભીખાએ પહેલી વાર બીક બાજુએ મૂકી અને હિંમતભર્યા સાહસનો સાથ લીધો.

એવામાં થોડો સ્વસ્થ થયેલો જગત ઊઠ્યો, હાથમાં કડિયાળી ડાંગ લીધી અને રીંછના પાછલા પગે જોરથી ફટકારી. રીંછ નીચે પડી ગયું અને એની સાથોસાથ એના ગળા પર ભીખાએ લગાવેલી ભીંસ પણ છૂટી ગઈ.

જગતની કડિયાળી ડાંગ બીજા ઘા કરવા માટે તૈયાર હતી. એણે ડાંગ ઊંચી કરીને જોરથી પ્રહાર કર્યો. ભીખાએ દોડીને પોતાની કડિયાળી ડાંગ લીધી અને પછી બંનેએ રીંછ પર કડિયાળી ડાંગનો મુશળધાર વરસાદ વરસાવ્યો.

રીંછે એનો આખરી દાવ અજમાવવા માડ્યું અને અતિ ઘાયલ થયેલું રીંછ મરી ગયું હોમ તેમ ધરતી પર ઢળી પડ્યું. આ ખંધું પ્રાણી હંમેશને માટે તરફડીને શાંત ન થાય, ત્યાં સુધી બંને મિત્રો સાવધાનીથી કડિયાળી ડાંગ સાથે ઊભા રહ્યા. બંને થાકીને લોથપોથ થઈ ગયા હતા. એકબીજાના હાથ પકડીને જમીન પર બેઠા અને અંધારિયાની દશમનો નાનકડો ચંદ્ર દૂર દૂર આકાશમાં ઊગતો જોઈ બંને ગોઠિયાઓએ અનુમાન કર્યું કે લગભગ રાતના ત્રણ વાગી ચૂક્યા છે.

ભીખાએ પોતાના ગોઠિયાને કહ્યું, 'જગત, ચાલ, ધીરે ધીરે ઘર ભેગા થઈ જઈએ.'

'અને ઘડિયાળ? જેને માટે મોતનો મુકાબલો કર્યો એનું શું?' જગતે વળતો પ્રશ્ન કર્યો. **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને આ પ્રશ્ન પત્ર 'હા-ના'માં ભરીને, પાનાં ૩ ઉપર નીચે દર્શાવેલ આ સંસ્થાના સરનામે પોષ્ટ કરવા વિનંતિ. આશા છે કે સહકાર આપી આપ વાચકધર્મ પાળશો.

પ્રશ્નપત્ર

રેપર ઉપરનો નંબર _____

વાચકનું નામ : _____

પાકું સરનામું : _____

_____

_____

ટેલિફોન નંબર ઑફિસ :-

ટેલિફોન નંબર ઘર :-

મોબાઈલ નં. :-

ઈ. મેઇલ ID :-

(૧) 'પ્રબુદ્ધ જીવન' આપને નિયમિત મળે છે?.....હા / ના

(૨) પ્રબુદ્ધ જીવન આપના ઘરમાં વંચાય છે?.....હા / ના

(૩) આપના પરિવારમાં વર્તમાન પેઢી અંગ્રેજી માધ્યમમાં ભણતી હોઈ, ગુજરાતી ભાષી 'પ્રબુદ્ધ જીવન' વાંચે છે?.....હા / ના

(૪) આપ ઈચ્છો છો કે નવી પેઢી માટે 'પ્રબુદ્ધ જીવન' અંગ્રેજીમાં પ્રકાશિત થવું જોઈએ (થોડા લેખો).....હા / ના

(૫) જે સરનામે આપને 'પ્રબુદ્ધ જીવન' મળે છે તેમાં ફેરફાર છે? હોય તો નવું સરનામું જણાવશો. .....હા / ના

(૬) વર્તમાન પરિસ્થિતિને કારણે 'પ્રબુદ્ધ જીવન' આપના પરિવારમાં ન જ વંચાતું હોય તો એ આપને મોકલવાનું બંધ કરીએ ?....હા / ના

(૭) ભૂલથી 'પ્રબુદ્ધ જીવન' ની બે નકલ મળે છે? .....હા / ના
મળતી હોય તો બંનેના રેપર મોકલવા કેન્સલ માટે ભલામણ કરવી.

(૮) કેટલાંક જિજ્ઞાસુ સજ્જનો સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે વર્તમાન વયસ્કોની એક પૂરી પેઢીએ વરસોથી નિયમિત 'પ્રબુદ્ધ જીવન'નું વાંચન કર્યું છે. પરંતુ કાળના ક્રમે આ વાચકવર્ગ વિદાય થતો જાય છે, એટલે દશેક વર્ષ પછી આવા સામયિકનું ભવિષ્ય શું? શ્રદ્ધા રાખીને 'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન કરતા જ રહેવું? .....હા / ના

(૯) આપના અન્ય અમુલ્ય સૂચનો જણાવશો.

૧. _____

_____

૨. _____

_____

શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૧૮

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

અષ્ટાદશ પ્રકરણ

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી રચિત્ 'શ્રી જૈન મહાવીર ગીતા'માં સોળ અધ્યાય પૂરા થયા પછી જે છ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં પ્રથમ 'મંત્રયોગ' છે અને પછી દ્વિતિય 'ગૌતમસ્તુતિ' છે.

શ્રમણ ભગવાન મહાવીર પ્રત્યે અદ્‌ભુત ભક્તિભાવ ધરાવતા અને સંપૂર્ણ ભક્તિભાવ ધરાવતા અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી પ્રત્યેક જૈનના હૃદયમાં વસેલા છે. સમર્પિત શિષ્યત્વ કોને કહેવાય એ જાણવાની જિજ્ઞાસા રાખનારે શ્રી ગૌતમ-સ્વામીજીના જીવનથી પરિચિત થઈ જવું જોઈએ. અણધાર્યા સંજોગોમાં શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમે જાણ્યું કે ભગવાન મહાવીર નામની એક વ્યક્તિ પાવાપુરીમાં છે અને સૌ તેમને સર્વજ્ઞ તરીકે જાણે છે તે ક્ષણે શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમનું અભિમાન છંછેડાયું અને એમાંથી તેમને ભગવાન મહાવીરનો ભેટો થયો. અભિમાનના ડંખને કારણે શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમને ભગવાન મહાવીર મળ્યા એ જગપ્રસિદ્ધ ઘટના છે પણ એ ક્ષણે આપણને સૌને જ્ઞાન ભંડાર, ગુણના ભંડાર, અનંતલબ્ધિના ભંડાર એવા શ્રી ગૌતમસ્વામી મહારાજની પ્રાપ્તિ થઈ તે કેવી મહાન ઘટના છે!

આગમસૂત્રમાં વર્ણવ્યા મુજબ વિનય અને વિવેકથી ભરેલા શ્રી ગૌતમસ્વામી ૫૦ હજાર શિષ્યોના સદ્‌ગુરુ હોવા થતાં પોતે તો આજીવન પ્રભુના વિનમ્ર શિષ્ય જ રહ્યા હતા. કેવળ સત્ય જાણવાની જિજ્ઞાસાથી પ્રભુને તેઓ સતત પ્રશ્ન કરતા અને જે પ્રત્યુત્તર મળતો તેમાંથી સકળ સંઘને અલૌકિક તત્ત્વ પામ્યાની તૃપ્તિ થતી. સકળ લોકની જિજ્ઞાસા સંતુષ્ટ કરવા માટેના એક માત્ર પ્રતિનિધિ શ્રી ગૌતમસ્વામી હતા. શ્રી ગૌતમ સ્વામીની પ્રશ્નધારામાંથી વિદ્યમાન તત્ત્વજ્ઞાનનું મહતિ ક્ષેત્ર ખેડાયેલું છે. વિદ્યમાન આગમભંડાર આ પ્રશ્ન અને પ્રત્યુત્તરમાંથી સાંપડેલા જ્ઞાનરાશિથી શોભે છે. શ્રી ગૌતમસ્વામી જેમ વિનમ્ર શિષ્ય છે તેમ અભિમાનમુક્ત જીવન જીવનાર વ્યક્તિત્વ ધરાવે છે. જ્યારે એમણે જાણ્યું કે આનંદશ્રાવક સાચા છે અને પોતે જે કહે છે તેમાં ભૂલ છે તે જ ક્ષણે કોઈપણ ખચકાટ વિના તેઓ આનંદશ્રાવકને મિચ્છામિ દુક્કડં દેવા જાય છે. આ નિરાભિમાનીપણું તેમને માટે સાવ સહજ હતું. શ્રી ગૌતમસ્વામી ભગવાન મહાવીરના પ્રથમ પટ્ટધર અને અગિયાર ગણધરોમાં સૌથી વડેરા અને જીવંત લબ્ધિનિધાન હોવા છતાં તેમની ભક્તિ પોતાના ગુરુ ભગવાન મહાવીર પ્રત્યે અખંડ વહેતી સરિતાની જેમ ઘૂઘવતી હતી. શ્રી ગૌતમસ્વામી એક પળ માટે પણ જુદા થવાનું પસંદ કરતા ન હતા. જીવનની પ્રત્યેક ક્ષણ પ્રભુના શરણમાં વિતાવીને પ્રભુનું અપૂર્વ ગુણવૈભવ પામવા અને સમજવા તેઓ સતત મથ્યા કરતા. દીક્ષાના પ્રથમ દિવસથી નિયમિત અને અખંડપણે પ્રભુ માટે ગોચરી લેવા તેઓ જ જતા. કોઈ બીજું જાય તો તેઓ નાના બાળકની જેમ પોતાનો આ હક કોઈ લઈ લે છે તેમ માનીને રડી પડતા. દીક્ષાના પ્રથમ દિવસે એમણે પ્રભુ પાસે પ્રતિજ્ઞા ગ્રહણ કરી હતી કે જ્યાં સુધી મને કેવળજ્ઞાન નહીં થાય ત્યાં સુધી પોતે છઠ (બે ઉપવાસ)ના પારણે એકાસણું કરીને છઠની તપશ્ચર્યા કરશે. એમણે સળંગ ત્રીસ વર્ષ સુધી છઠની તપશ્ચર્યા કરી હતી. કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે શ્રી ગૌતમસ્વામીનું તડપન તીવ્ર હતું. તેઓ જેમને દીક્ષા આપીને આવતાં તેમાંથી મોટા ભાગના મુનિજનો કેવળજ્ઞાન પામી જતાં. એ ક્ષણે શ્રી ગૌતમસ્વામી તરફડી ઉઠતા. એમને થતું કે પોતાને કેવળજ્ઞાન પ્રાપ્ત થતું કેમ નથી? એ માટે તેઓ સતત ભગવાનને પૂછતા પણ ખરા. એકવાર પ્રભુની આજ્ઞાથી પોતાની લબ્ધિના બળે તેઓ શ્રી અષ્ટાપદ તીર્થની યાત્રા પણ કરી આવ્યા. અને પાછા વળતા હતા ત્યારે પંદરસો તાપસોને શિષ્ય પણ બનાવતા આવ્યા. એ તાપસ શિષ્યો પ્રભુના શરણમાં પહોંચ્યા ત્યારે કેવળજ્ઞાન પામી ગયા હતા! એ ક્ષણે શ્રી ગૌતમ સ્વામીની પીડા અસીમ બની ગઈ : મને કેવળજ્ઞાન ક્યારે થશે? કિન્તુ શ્રી ગૌતમસ્વામી હંમેશા એમ માનતા હતા કે ભગવાનની કૃપા મને જરૂર તારશે. શ્રી ગૌતમસ્વામી અજોડ પ્રવચનકાર હતા. ભગવાનનું તત્ત્વ તેઓ સૂત્રરૂપે ગૂંથીને શિષ્યોને તથા સંઘને શીખવતા. એમણે જે એ વખતે સૌને શીખવ્યું તે જ છે આજની આપણી મહામૂલી આગમસંપત્તિ!

શ્રી ગૌતમસ્વામીના ગુણકીર્તન સમયે સમયે જ્ઞાનીજનો કરતા જ રહ્યા છે અને સર્વ સમયે તેઓને હંમેશાં એમ થયું છે કે પોતે કરેલી ગુણસ્તુતિ હજુ સાવ નાની છે! શ્રી ગૌતમસ્વામીના ગુણ ગાઈએ તેટલા ઓછા છે!

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રી ગૌતમસ્વામીએ પ્રભુ વીરની કરેલી સ્તુતિ રચે છે.

શ્રી ગૌતમસ્વામીના હૃદયમાં પ્રભુનું સ્થાન શું છે તે આ સ્તુતિ વાંચતા આપણને સમજાય છે અને તે સ્તુતિનું ગાન આપણને ભક્તિભાવથી ભીંજવે છે. ગૌતમસ્તુતિનો પ્રારંભ આમ થાય છે.

केवलज्ञानगम्भीर:, सर्वातिशयभूषित: ।
शासनाधिपतिर्विश्वोद्धारक: सुरसेवित:।। १
महिम्न: स्तवनात् स्तुत्य, आधार: सर्वदेहिनाम् ।
रम्योपदेशदायी त्वं, सर्वशक्तिधरो भवान् ।। २।।
जगद्गुरुर्महाजन्मा, त्वच्छिक्षा कार्यसिद्धिदा ।
त्वत्तुल्यो नास्ति मे स्वामी, जगदीशमहामणि ।।३।।
अनन्तास्त्वद्‌गुणा: सन्ति, त्वदन्यो नैव तारक: ।
धर्मोद्धारविधाता त्वं, साकारो लोकनायक: ।।४।।

(શ્રી જૈન મહાવીર ગીતા, ગાથા, ૧, ૨, ૩, ૪)

'તમો કેવળજ્ઞાનથી ગંભીર, સર્વાતિશય શોભિત, શાસનાધિપતિ, વિશ્વોદ્ધારક, દેવો વડે સેવિત છો.'

'મહિમ્ન સ્તવનથી સ્તુતિ યોગ્ય, સર્વદેહિઓનો આધાર, સુંદર ઉપદેશ આપનાર, સર્વશક્તિ ધારણ કરનાર છો.'

'જગદ્‌ગુરુ મહાજન્મા છો. તમારું શિક્ષાકાર્ય સિદ્ધિ આપે છે. તમારા જેવો મારો સ્વામી નથી. તમે જગદીશ, મહામણિ રૂપ છો.'

'તમારા ગુણો અનંત છે. તારા સિવાય કોઈ તારક નથી. તું ધર્મનો ઉદ્ધારક, વિધાતા, સાકાર લોકનાયક છો.'

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ગૌતમસ્તુતિમાં જે ભાવમય વર્ણન કરે છે તે અત્યંત સુંદર છે. ગૌતમસ્તુતિ માત્ર શબ્દ રચના નથી, તે હૃદયનો ભાવોદ્‌ગાર છે. શ્રી ગૌતમસ્વામીના હૃદયમાં પ્રભુ પ્રત્યે બિરાજિત ભક્તિભાવનું શ્રેષ્ઠ આલેખન છે. ઉપર મૂકેલા ચાર શ્લોકોનું સ્વરૂપ પુનઃ પુનઃ સમજવા કોશિશ કરીએ ત્યારે એ સમજાય છે કે શ્રી ગૌતમસ્વામી પ્રભુ વીરને કેવી ઉચ્ચ ભક્તિભાવનાથી ભજે છે. ભક્તને તારનાર ભક્તિ જ હોય છે. 'શક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી'–એવું પૂર્વસૂરિઓનું વિધાન અત્યંત રહસ્યમય છે. સાચો ભક્ત ભગવાનના ગુણગાન કરે છે ત્યારે એ શક્તિ નહીં ભક્તિ માંગે છે. અને ભક્તિની માંગણી કરતી વખતે ભક્તના ચિત્તમાં ભગવાનનું અખિલ સ્વરૂપ હોય છે. જે અહીં ગૌતમસ્વામીએ કરેલી સ્તુતિમાં ધબકી રહ્યું છે. ભગવાનમાં એકાકાર ભક્ત ભગવાન સિવાય ક્યારેય કંઈ જુએ નહીં. એને માત્ર ભગવાન દેખાય. જેમ અર્જુનને પંખીની આંખ દેખાય છે. આવું થાય તો ભગવાનના હૃદયમાં આપણો વાસ થાય અને તે ક્ષણે જે સ્થિતિનું નિર્માણ થાય તે કંઈક આવી હોયઃ

'મીરાં હૃદયમાં હરિ બિરાજે, હરિ હૃદયમાં મીરાં,
એક બાજઠ પર જાણે બેઠાં, મોરપીંછ મંજીરાં.'

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ભગવાન મહાવીર વિશે જ્યારે પણ લખે છે ત્યારે તેમની કલમમાંથી ભક્તિ સહજ પણે ગંગાવતરણની જેમ પ્રસ્તુત થાય છે. શ્રી ગૌતમસ્વામી ભગવાનની સ્તુતિ કરતાં કરતાં પ્રભુનો પ્રભાવ પણ પ્રત્યક્ષ કરે છે તે તરફ દૃષ્ટિ કરવા જેવી છે.

'શક્તિનો સ્વામી, જગતમાં વ્યાપ્ય અને વ્યાપક, વિભુ, યોગ્ય અને અયોગ્ય કર્મોમાં સત્યધર્મના બતાવનાર છે.'

'હે બ્રહ્મન, વીર, સર્વલોકનાપતિ, સર્વજગતના મણિ, તમારા ઉપદેશથી લોકો ભવસાગર પાર કરે છે.'

'તું નિરંજન, નિરાકાર, નિત્ય, જગતનો આશ્રય એમ સર્વત્ર તારું નામ કાર્યસિદ્ધિ આપે છે.'

'જ્ઞાન, ભક્તિ કે કર્મયોગની ઉપાસના કરનારમાં રત એવા લોકોના ચિત્રમાં આત્મા, પરમાત્માની એકતા થાય છે અને જન્મનું દુઃખ થતું નથી.'

'કાળ અને સ્વભાવ, નિયતિ વગેરે પાંચ હેતુઓ છે. તારી સેવા અને ભક્તિમાં લીન થયેલાને વિવિધ તર્કથી શો ફાયદો છે?'

('શ્રી જૈન મહાવીર ગીતા' ગાથા ૫, ૬, ૭, ૮, ૯).

અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીની અનન્ય શ્રદ્ધા પરમાત્મા મહાવીર ઉપર જે છે તે નીચેના શબ્દોમાં વ્યક્ત થાય છે :

'તારા નામથી પાપનો નાશ થાય છે. મન ઈચ્છિત ફળ મેળવે છે. તેં રચેલ બધા વેદો તારા વચનમાં રહે છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા ગાથાઃ૧૫)

આંતરિક શ્રદ્ધા માત્ર શબ્દમાં નહીં પણ વર્તનમાં વિકાસ પામવી એ ઘટનાનું મૂલ્ય ઘણું મોટું છે. શ્રી ગૌતમસ્વામીમાં જે શ્રદ્ધા બિરાજમાન છે તે તેમના જીવનમાં પ્રત્યેક પ્રસંગે પ્રગટ થતી જોવા મળે છે. એમ લાગે છે કે વિદ્યમાન જૈન સંઘમાં શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યેના પ્રગાઢ શ્રદ્ધાભાવના સંસ્કાર જોવા મળે છે તે શ્રી ગૌતમસ્વામી મહારાજનું પ્રદાન છે. આજથી પચ્ચીસસો વર્ષ પહેલાનો વિષમ સમયકાળ ઐતિહાસિક દૃષ્ટિથી જોઈએ તો સુખ ભરપૂર પણ નથી. એવા સમયમાં શ્રી ગૌતમસ્વામીની અનન્ય શ્રદ્ધા આ વિશ્વની મહાન ઘટના ગણાવી જોઈએ.

શ્રી ગૌતમસ્વામી પ્રભુભક્ત છે. પ્રભુના તત્ત્વના ઉપદેશક છે. પ્રભુના ધર્મના પ્રસારક પણ છે. એમણે હજારો લોકોને ધર્મોપદેશ આપીને દુનિયાને ભગવાન મહાવીરનું તત્ત્વ તો સમજાવ્યું જ, સાથોસાથ પ્રભુ પર સ્થિર શ્રદ્ધા રાખવાથી આત્મકલ્યાણ અવશ્ય થાય છે એ પણ અસરકારક શબ્દોમાં કહ્યું. વાંચોઃ

'ત્રણે જગતમાં તારો મહિમા સર્વથી અધિક છે. તારી આજ્ઞા પ્રમાણે રહેનાર ભક્તોની મુક્તિ ચોક્કસ થાય છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા ગાથાઃ ૧૯)

શ્રમણ ભગવાન મહાવીર માત્ર જૈનોના નહીં, સકળ વિશ્વના છે. ભગવાન મહાવીરના પ્રથમ અગિયાર ગણધર બ્રાહ્મણ છે. અનેક ક્ષત્રિય રાજાઓ પ્રભુ પાસે દીક્ષિત થયા છે. અન્ય પણ અનેક મુમુક્ષુઓ નાત-જાતના ભેદ વિના દીક્ષિત થયા છે. આવું જ સ્ત્રીઓનું પણ છે. નાત-જાતના ભેદ વિના અને શ્રીમંત-ગરીબના ભેદ વિના અસંખ્ય સ્ત્રીઓ ભગવાનના સંઘમાં દીક્ષિત થઈને જોડાઈ. ભગવાન મહાવીર તે સમયની લોકભાષા અર્ધમાગધીમાં પ્રવચન કરતા હતા. એ જેમ જાણીતું છે તેમ એ પણ જાણી લેવું જોઈએ કે એમના શિષ્ય શ્રી ગૌતમસ્વામીએ રચેલા સૂત્રો એ જ લોકભાષામાં છે. તે સમયના વિદ્વાનો અને વિચારકો કોઈ પણ ચિંતન કરે તે પૂર્વે ભગવાન મહાવીરની દેશનામાં એ સત્ય વહેતું થાય છે અને જગત આશ્ચર્યમાં ડૂબે છે. આ અપૂર્વ ઘટનામાં સાંકળરૂપે શ્રી ગૌતમસ્વામી સર્વત્ર અને અખંડપણે નિહાળવા મળે છે. તે સમયમાં જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે શ્રી ગૌતમસ્વામી પ્રત્યે આપણું મસ્તક અહોભાવથી નમી જાય છે. પરંતુ તેઓ તો માત્ર વિનમ્ર શિષ્યની જ ભૂમિકામાં સર્વત્ર જોવા મળે છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએઃ

'હંમેશાં તારા નામથી લોકો ઈચ્છિત વસ્તુઓ મેળવે છે. તારા સિવાય આ પૃથ્વી ઉપર બીજું કશું ઈચ્છિત નથી.'

'દરેક શરીરમાં રહેલ આત્મામાં ગુણો આવિર્ભાવ પામે છે તેને સનાતન તત્ત્વરૂપ મહાવીર જાણવા જોઈએ.'

'સત્તાથી બધા જીવો મહાવીરો છે. મહાવીરની ભક્તિથી બધા મહાવીર થાય છે.'

'બધા જીવો તિરોભાવથી અવ્યક્ત એવા વીરરૂપવાળા છે. આવિર્ભાવથી તે જીવો વીરરૂપે જન્મે છે.'

'તારા વચનો સત્ય છે. તેમાં બધું સમાઈ જાય છે. મારા હૃદયમાં સનાતન તું છે. એમ માનીને તને નમસ્કાર કરું છું.'

'જગતમાં એક જ એવો મહાવીર નિરંજન છે. લોકો જ્ઞાન અને ભક્તિના બળથી તારા જેવા થાય છે.'

'દેવ અસુર વગેરેને પૂજ્ય જિષ્ણુ, વિષ્ણુ, મહાપ્રભુ એવા હે મહાવીર, તારી શક્તિથી મારા હૃદયમાં તું વ્યક્ત થા.'

'સર્વાધાર, મહાવીર, રૂપાતીત, શિવંકર, તારા સ્વરૂપમય એવા લોકો વડે હે પરબ્રહ્મ તું પ્રાપ્ત થાય છે.'

'હે જીનેશ, આર્યાવર્ત ઉપર ઉપકાર કરવા માટે તારો આવિર્ભાવ થયો છે. હે સર્વજ્ઞ, સર્વદેવેશ, બૃહસ્પતિ, તને નમસ્કાર.'

'હે દેવ, દેવોથી સેવીત, અમે તારા દાસાનુદાસ છીએ. હે મહાદેવ, યજ્ઞહિંસા દૂર કરનાર તને નમસ્કાર.'

'તું સર્વમંગલ દાતા છે. વિશ્વોદ્ધારક, યોગિરાજ, વિશ્વભાસ્કર ભાસ્કર, પૂર્ણપ્રેમથી તને નમસ્કાર.'

'વ્યાસ વગેરે મહર્ષીઓને જ્ઞાન આપનાર તને નમસ્કાર. માયાદેવીના પુત્ર બુદ્ધ તને પ્રેમભાવથી સ્તુતિ કરે છે.'

'અંતે તને ગોશાલક સાંખ્ય અનુયાયીઓ સ્તુતિ કરે છે. આર્યદેશના લોકોના ભગવાન તરીકે તું જન્મેલ છે.'

'તેમજ અનાર્ય દેશમાં પણ તારા પાદસેવકો જન્મેલા છે. હે સર્વજ્ઞ, પુરુષોત્તમ તું જ મારું શરણ થાઓ.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ગૌતમસ્તુતિ ગાથા ૨૮ થી ૪૧)

શ્રી ગૌતમસ્વામીની આ અનન્ય સ્તુતિ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ભક્તિભાવપૂર્વક આલેખે છે. એ ભાવના આપણામાં પ્રગટ થાય એવું ઈચ્છીએ. (ક્રમશઃ)

ધર્મમય વિજ્ઞાન

❑ **નેમીચન્દ જૈન** ❑ અનુવાદક : **પુષ્પા પરીખ**

જેઓ ઈમાનદાર વૈજ્ઞાનિક છે તેઓ જ ખરેખર ઈમાનદાર, સાચા અર્થમાં ધાર્મિક છે. અને તેવી જ રીતે જેઓ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક ધાર્મિક છે તેઓ જ પૂરી ઈમાનદારી સહિત સાચા અર્થમાં વૈજ્ઞાનિક છે. ધર્મ અને વિજ્ઞાન બે વિરોધી છેડાઓ નથી; એક જ છે. હા, બંનેમાં એક મૂળભૂત અંતર જરૂર છે. વિજ્ઞાન 'છે' છે અને ધર્મ 'જોઈએ છે' છે. 'જોઈએ છે'નો દરવાજો 'છે'ની ચાવીથી નથી ખુલતો અને 'છે' નો દરવાજો 'જોઈએ છે'ની ચાવીથી નથી ખુલતો. એ ઘણી આશ્ચર્યની વાત છે કે વસ્તુનિષ્ઠ જ્ઞાનની ચાવીથી ધર્મનો દરવાજો ફક્ત ખોલી નથી શકતા પરંતુ સાથે ખુલ્લા દરવાજામાંથી આપણી ભીતર એક અજાયબ પ્રકાશને પણ દાખલ કરી શકીએ છીએ. ધર્મ અને વિજ્ઞાન એ કાંઈ શત્રુઓ નથી, એમની વચ્ચે કોઈ સંવાદ કે વિવાદ નથી. આ બંનેની મિત્રતા સમજીએ તો માનવ મંગલનો પાયો આપણે નાંખી શકીએ.

ધર્મ અને વિજ્ઞાન બંને તર્કની અનુપસ્થિતિમાં એક ડગલું પણ ભરવા શક્તિમાન નથી. બંને માટે તર્કની એક સુસંગત ભૂમિકા જોઈએ. વિજ્ઞાનના માધ્યમથી જ આપણે જીવન અને જગતના બુનિયાદી સિદ્ધાંતો સમજીએ છીએ અથવા સમજી શકીએ છીએ અને ધર્મની ભાવનાશીલતાને લીધે જ એ સિદ્ધાંતોને આપણા જીવનમાં સુદૃઢ કરી શકીએ છીએ. વિજ્ઞાન અને ધર્મની જુદી જુદી અસરને આપણે જ્યાં સુધી પુરી ન સમજી શકીએ ત્યાં સુધી જીવનમાં–જન જીવનમાં–ઉપયુક્ત અભિવ્યક્તિ નહીં આપી શકીએ.

મૂળ વસ્તુની શોધનું બિન્દુ એ જ છે જ્યાં પહોંચીને વિજ્ઞાન અને ધર્મ બે એકાકાર થઈ જાય છે. વાસ્તવમાં ધર્મ અને વિજ્ઞાને જ આપણને જે જરૂરી છે તે ઉપલબ્ધ કરવામાં મદદ કરી છે. હવે એ આપણી જવાબદારી છે કે જે મળ્યું છે એને ચરિત્રની ભાષામાં અનુવાદિત કરી દુનિયામાં એને પ્રગટ કરીએ. આજે એક જ ખોડ છે. આપણે બોલીએ છીએ અતિશય પરંતુ એનો બહુ જ થોડો ભાગ પણ આચરણમાં નથી મૂકતા. એનો અર્થ સીધો છે કે જ્યાં સુધી શબ્દ-યાને-ભાષાની સાથે ચારિત્રને નહિ જોડીએ ત્યાં સુધી ધર્મ અને વિજ્ઞાનની એકતા નહીં દેખાય. જ્યારે મનુષ્ય ધર્મ અને વિજ્ઞાન બંનેને કોઈપણ પૂર્વગ્રહ વગર સમજીને જીવવાનો પ્રયત્ન કરશે ત્યારે જ ધર્મ અને વિજ્ઞાન વચ્ચેની એકતા સમજાશે.

આ સાથે દરેકના મનમાં એક સવાલ જરૂર ઊભો થાય. ધાર્મિક કોણ છે અથવા કોણ થઈ શકે ? વૈજ્ઞાનિક કોણ છે અથવા કોણ થઈ શકે ? જેણે પોતાની જાતને સ્વાર્થ અને અંધવિશ્વાસથી મુક્ત કર્યા હોય અને અજ્ઞાનરૂપી બેડીનો છેદ કર્યો હોય તે. આથી એ સ્પષ્ટ જણાય છે કે અજ્ઞાનની સાથે હિંસા અને અસત્ય જોડાયેલા છે જ્યારે જ્ઞાન સાથે અહિંસા અને સત્ય. ભ્રાન્તિઓ અને અંધ-વિશ્વાસને દૂર કરી કાર્યકારણના સંબંધના ઔચિત્યની સ્થાપના કરવી એજ ધર્મ અને વિજ્ઞાનનું ઉત્તરદાયિત્વ

* * *

૬/બી, ૧લે માળે, કેનવે હાઉસ, વાડીલાલ પટેલ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
ટે. નં.: ૨૩૮૭૩૬૧૧;
મો.: ૯૮૨૦૫૩૦૪૧૫

જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(માર્ચ ૨૦૧૦ના અંકથી આગળ)

૬૧૩. નરકાવાસ : સાતે ભૂમિઓની જેટજેટલી જાડાઈ છે તેની ઉપર તથા નીચેના એક-એક હજાર યોજન છોડી દઈને બાકીના મધ્ય ભાગમાં નરકાવાસ છે.
सातों भूमियों की जितनी-जितनी मोटाई है उसके ऊपर तथा नीचे के एक-एक हजार योजन को छोडकर शेष मध्यभाग में नरकावास है।
In each of the seven grounds barring an uppermost strip and a lower most strip of 1000 yojanas each the entire remaining thickness has hellish residing places. (i.e.Narakavas)

૬૧૪. નવનવમિકા (તપ): નવનવમિકા એ પ્રતિમા રૂપ તપ છે.
नवनवमिका ये प्रतिमा रूप तप है।
One of the type of penance practised in form of Pratimas.

૬૧૫. નાગકુમાર (દેવ) : નાગકુમાર ભવનવાસિનિકાય.
नागकुमार भवनवासिनिकाय है।
One of the sub type of Bhavanpati nikaya God.

૬૧૬. નામ (નિક્ષેપ) : જે અર્થ વ્યુત્પત્તિસિદ્ધ નથી પણ ફક્ત માત-પિતા અથવા બીજા લોકોના સંકેતબળથી જાણી શકાય છે, તેને નામ (નિક્ષેપ) કહેવાય છે.
जो अर्थ व्युत्पत्ति सिद्ध नहीं है, मात्र माता-पिता या अन्य लोगों के संकेत से जाना जाता है, वह नाम (निक्षेप) है।
The meaning that is not derived etymologically but is gathered on the basis of the convention set up by the father, mother or some other people is meaning of the type called Nama (niksepa).

૬૧૭. નામકર્મ : જેનાથી વિશિષ્ટ ગતિ, જાતિ આદિ પ્રાપ્ત થાય, તે નામકર્મ.
जिसमें विशिष्ट गति, जाति आदि प्राप्त होती है वो नामकर्म है।
On account of which specific gati, jati etc. are attained that is called Namakarma.

૬૧૮. નારક : નરકમાં જન્મ ગ્રહણ કરનાર જીવ નારક.
नरक में जन्म ग्रहण करनेवाले जीव नारक कहलाते है।
The souls which resides in Naraka (hell) are called Naraka (hellish beings)

૬૧૯. નારકાનુપૂર્વી : જીવને નરકગતિમાં લઈ જનારું કર્મ નરકાનુપૂર્વી કહેવાય છે.
जीव को नरकगति में गमन करानेवाला कर्म नरकानुपूर्वी है।
The Karma which causes motion for a jiva to proceed towards narakgati.

૬૨૦. નારક આયુષ્ય : જે કર્મના ઉદયથી નરક ગતિ મળે છે તેને નરક આયુષ્ય કહે છે.
जो कर्म के उदय से नरक गति मिलती है उसे नरकायुष्य कहते है।
The Karma whose manifestation compels a being to lead the life of a hellish being.

૬૨૧. નારદ : ગાન્ધર્વ નામના વ્યંતર દેવનો અવાંતર પ્રકાર.
गान्धर्व नामक व्यंतर देव का अवांतर प्रकार।
One of the subtype of a Vyantaras Dev named Gandharvas.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

પુસ્તકનું નામ : **જિનશાસનની અહિંસા**
પ્રવચનદાતા : **આચાર્યદેવ શ્રીમદ્ વિજય યોગતિલકસૂરિશ્વરજી મહારાજા**
પ્રકાશક : **સંયમ સુવાર**
પ્રાપ્તિ સ્થાન : રમેશભાઈ એચ. મુજપુરા, ૩૦૩, શુક્ર એપા. ગોશાળા લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭.
મો. : ૯૮૨૧૨ ૪૬૪૨૪
મૂલ્ય: અમૂલ્ય, પાના ૨૬૦,આવૃત્તિ વિ. સં. ૨૦૬૪

જૈન ધર્મ તેના અહિંસા, અનેકાન્ત ને અપરિગ્રહના સિદ્ધાંતો માટે સમગ્ર વિશ્વમાં જાણીતો છે. આ પુસ્તકમાં પૂ. ગુરુદેવે જિનશાસનની અહિંસાના વિષય પર આપેલ વ્યાખ્યાનો પ્રકાશિત કરવામાં આવ્યા છે, જેમાં ૨૨ વ્યાખ્યાનોમાં જૈન ધર્મની દૃષ્ટિએ અહિંસાની-સૂક્ષ્મ અહિંસાની આલોચના કરવામાં આવી છે. આ બાવીસ વ્યાખ્યાનોમાં દ્રવ્યહિંસા, ભાષાહિંસા, દાન અને દાનના પ્રકારો, જીવદયા, સામયિક, શીલ, રાત્રિભોજન, ત્યાગ, પરોપકાર, સાતક્ષેત્ર, મોક્ષ, જિનપૂજા, જિનભક્તિ શ્રાવક, સાધર્મિક તથા મિથ્યાત્વ જેવા વિષયોને સામાન્ય માનવીને સમજાય તે રીતે વાર્તાઓના ઉદાહરણ દ્વારા આલેખ્યા છે. વ્યવહારુ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આચાર્યશ્રીએ અહિંસાની વાતો સરળ ભાષામાં પ્રશ્નોત્તર શૈલીમાં વાચક સમક્ષ મૂકી છે.

વ્યવહારુ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આચાર્યશ્રીએ અહિંસાની વાતો સરળ ભાષામાં પ્રશ્નોત્તર શૈલીમાં વાચક સમક્ષ મૂકી છે.

જૈન ધર્મ વિશેની સાચી અને સારી સમજ આ પુસ્તકના વાંચન દ્વારા થઈ શકે એમ છે. ફક્ત વાંચવા જેવું નહિ પણ આચરવા જેવું આ પુસ્તક છે.

X X X

પુસ્તકનું નામ : **જૈન સજ્ઝાય અને મર્મ**
સંપાદક-વિવેચક : **આચાર્યશ્રી મુનિવાત્સલ્યદીપ**
પ્રકાશક : **ગુર્જર ગ્રંથરત્ન**
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળની સામે, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. : ૦૨૨-૨૬૬૨૦૪૭૨
મૂલ્ય: રૂ. ૭૦/-, પાના ૧૬૪,આવૃત્તિ ત્રીજી

જૈન સાહિત્યમાં કાવ્યક્ષેત્રે વિપુલ ખેડાણ થયું છે. જેમાં પૂજા, ચોવીશી, રાસા, ફાગુ, ચૈત્યવંદન જેવી વિશિષ્ટ રચનાઓ અસંખ્ય પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આ સર્વમાં સજ્ઝાય એક વિશિષ્ટ જ્ઞાનયાગી કાવ્ય પ્રકાર છે, સજ્ઝાયનું મૂળ છે સ્વાધ્યાય. આ

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

વિરલ કાવ્યપ્રકાર ગેય છે. સાયંકાલિન પ્રતિક્રમણમાં સાધુ-સાધ્વી મધુર કંઠે ગાય છે. સજ્ઝાયના બે ઉપદેશ છે. તત્ત્વની પ્રરૂપણા અને ઉપદેશ. જૈન સાહિત્યમાં જ્ઞાની સાધુ કવિઓએ પાંચથી કડીથી દસ-ઢાળ સુધીની દીર્ઘ સજ્ઝાયો રચેલી છે. સજ્ઝાય સરળ ભાષામાં મધુર શબ્દોમાં મીઠા શબ્દો દ્વારા સન્માર્ગે જવાનો ઉપદેસ આપે છે.

આ નાનકડા પુસ્તકની ત્રીજી આવૃત્તિ થઈ છે. તેના પરથી સમજાય છે કે સજ્ઝાય લોકપ્રિય કાવ્ય પ્રકાર છે. અહીં પસંદ કરેલી ૫૦ સજ્ઝાયો દ્વારા આચાર્યશ્રીએ એક બાજુ ભાવકને આત્મોપદેશ આપે છે તો બીજી તરફ ધાર્મિક દંભો પર તીખો પ્રહર પણ કરે છે. આચાર્યશ્રીએ વિપુલ સજ્ઝાય સાહિત્યમાંથી પસંદ કરેલ સજ્ઝાયો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રતિનિધિ કવિઓની સજ્ઝાયો છે. જેમાં આત્મકલ્યાણો કર્મક્ષય, મોક્ષપ્રાપ્તિ, ભક્તિનો તરવરાટ ભારોભાર ભર્યા છે. જે ગાતાં કે સાંભળતા અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. આ નાનકડા પુસ્તમકાં જૈન તત્ત્વનો અર્ક સમાયેલ છે.

X X X

પુસ્તકનું નામ : **જૈન જ્ઞાન સરિતા**
લેખક : **ડૉ. ઉત્પલા કાંતિલાલ મોદી**
પ્રકાશક : **અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેન્ટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી**
પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર, ઘાટકોપર-મુંબઈ.
એ-૨૩૧, શાસ્ત્રીનગર, પંતનગર, બુદ્ધ મંદિરની સામે, મુંબઈ-૪૦૦૦૭૫. ફોન : ૨૫૦૧૦૬૫૮.
મૂલ્ય: –, પાના ૧૨૮,આવૃત્તિ પ્રથમ, સપ્ટેમ્બર-૨૦૦૯.

ડૉ. ઉત્પલા મોદીએ વિવિધ સમારોહમાં રજૂ કરેલ પોતાના આ બાર લેખોમાં જૈન ધર્મ, તત્ત્વદર્શન અને સાહિત્યના તેમના ઊંડા અભ્યાસની પ્રતીતિ કરાવી છે. આ પુસ્તકના બાર લેખો વાંચતા સૌ પ્રથમ ઊડીને આંખે વળગે છે. તેમણે કરેલ વિષયની પસંદગી અને વિષય. 'વૈવિધ્ય ઈશ્વર અને જૈનદર્શન' લેખમાં વિવિધ ધર્મોમાં ઈશ્વર અને જૈન ધર્મમાં ઈશ્વર વિષયક માન્યતાને સુંદર રીતે સ્પષ્ટ કરી છે તો ધર્મ અને જીવન લેખમાં ધર્મની પરિભાષા સમજાવી વર્તમાન યુગમાં ધર્મની મહત્તાનું આલેખન કર્યું છે. જૈન ધર્મના તાત્ત્વિકવિષયમાં 'ષટ્દ્રવ્ય', 'બાર ભાવના', 'પ્રતિક્રમણ', 'કરમનો કોયડો', 'સંલેખના' વગેરેમાં તત્ત્વદર્શનની ગહનતા સરલ શૈલીમાં આલેખી છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે રચેલ 'વીતરાગ સ્તોત્ર'નો કાવ્યાત્મક પરિચય તેમણે કરાવ્યો છે. આ લેખોની નોંધપાત્ર વિશેષતા એ છે કે તેમણે આપેલ અનેક તત્ત્વજ્ઞાનીઓ, અનેક ગ્રંથોના સંદર્ભો, દૃષ્ટાંતો અને કાવ્યામય પંક્તિઓ લેખોના વિષયને ઉપકારક બને છે.

જૈન તત્ત્વદર્શન વિષયમાં ડૉ. ઉત્પલા મોદીનું આ પ્રદાન નોંધપાત્ર છે.

X X X

પુસ્તકનું નામ : **યોગદૃષ્ટિથી જીવનદૃષ્ટિ બદલીએ**
લેખક : **મુનિ સંયમકીર્તિ વિજય**
પ્રકાશક : **હરસુખભાઈ ભાયચંદ મહેતા પરિવાર**
૨૦૩, વાલકેશ્વર રોડ, પેનેરમા, પહેલે માળે, મુંબઈ-૪૦૦૦૦૬. ફોન: ૦૨૨-૨૬૯૦૬૦૩, ૨૬૯૦૬૦૮.
મૂલ્ય: –, ચિંતન મનન, પાના-૧૨૮, આવૃત્તિ બીજી, વિ. સં. ૨૦૬૫.

વર્તમાન યુગનો માનવી ભટકી રહ્યો છે તે સાચા સુખની શોધમાં છે પણ તે એને મળતું નથી. આવા માર્ગ ભૂલેલા પથિકને મુનિશ્રી આ પુસ્તક દ્વારા-યોગદૃષ્ટિ દ્વારા જીવન જીવવાનો માર્ગ બતાવે છે. આત્માને દુ:ખદ ભવભ્રમણમાંથી મુક્ત કરી સાચા સુખની પ્રાપ્તિ માટે વિભાવદશા, સ્વભાવદશા, સકામનિર્જરા વગેરેનું સ્વરૂપ આ પુસ્તકમાં આલેખ્યું છે.

આત્મિક સુખની પ્રાપ્તિ માટે વિભાવદશાનો તયાગ કરી સ્વભાવ દશામાં જવું તથા સ્વભાવ દશામાં આવતાં અવરોધોનો નાશ કેવી રીતે કરવો તે સમજાવ્યું છે. આ બધાં પ્રશ્નોના સમાધાનો યોગ અને અધ્યાત્મગ્રંથોમાં જોવા મળે છે તે ગ્રંથોના આધારે વિવિધ સ્થળોએ મુનિશ્રી આપેલ વ્યાખ્યાનોનો સંગ્રહ કરી આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.

પ્રથમ ભાગમાં ત્રણ યોગદૃષ્ટિ દ્વારા જીવન જીવવાની રીત સરળ ભાષામાં સમજાવી છે.

આવા પુસ્તકોના વાંચન દ્વારા જટિલ જીવન જીવવાનું સરળ બનાવી શકાય છે. ✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩. ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11

પંથે પંથે પાથેય...

પ્રેમનું તેલ

❑ ગીતા જૈન

૨૬-મે-૨૦૦૯એ મધ્ય પ્રદેશના ગુના નગરે યોગ શિબિર સંચાલનાર્થે જવાની તૈયારી ચાલી રહી હતી, ને વડોદરાથી શ્રી પ્રદીપભાઈ પંડ્યાનો ફોન આવ્યો કે આખરે એમના ૧૬વર્ષના પુત્ર શિવમ્‌નું પેન્ક્રીયાસનું ઑપરેશન કોચીન કરવાનું નક્કી થયું છે. સામાન્ય રિક્ષા ડ્રાઈવરનું અઢી-ત્રણ લાખના ખર્ચ આસપાસનું ગજું તો ન જ હોય, ઉપરાંત કોચીન પહેલીવાર જવાનું હોઈ એની ગભરામણ અને ત્યાં ભાષાનો પણ પ્રશ્ન તો હોય જ!

આશરે બે વર્ષ પૂર્વે વડોદરામાં મોડી રાત્રે પ્રદીપભાઈ અમને અચાનક મદદરૂપ થયા હતા, આથી એમના પુત્રની સમસ્યા વિષે અમે અવારનવાર વાત કરતા, નાની મોટી સહાય પણ કરતા, એમાં વડોદરાના શિબિરાર્થી શ્રી જયંતભાઈ દેઢિયાનો સહયોગ મળતો.

કોચીનમાં ખાસ કોઈ પરિચય નહીં, એટલે મેં કોઈમ્બતુરનાં શ્રી પ્રદીપભાઈ લોડાયા (યોગ શિબિરના આયોજક)નો સંપર્ક કરી, વિગતો જણાવી કે જો કોચીનમાં કોઈ સાથે વાત થાય તો પ્રદીપભાઈ પંડ્યાને રહેવા-જમવાની સગવડ થાય તો સારું-ભાષાની સમસ્યાનો ઉકેલ આવે.

પ્રદીપભાઈએ કોચીનમાં શ્રી ધર્મેશભાઈ આર. નાગડાનો સંપર્ક કર્યો. એ દિવસે કોચીનમાં મુશળધાર વરસાદ-ધર્મેશભાઈ કોર્ટના કાર્યમાં રોકાયેલા હતા, વળી હૉસ્પિટલ એમના સ્થાનથી ઘણે દૂર!

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, 'કર્તવ્ય ભાગ્યે જ કોમળ હોય છે. પૈડામાં પ્રેમનું તેલ પુરાય ત્યારે જ એ સરળતાથી વહે છે.'

પ્રેમનું તેલ પૂરવા ધર્મેશભાઈએ બધી મુસીબતોને ઓળંગીને હૉસ્પિટલમાં ફોન કર્યો, જાતે મળવા ગયા, કોઈમ્બતુરના પ્રદીપભાઈએ પોતાના વતી રૂા. ૨૫,૦૦૦ આપવા કહ્યું હતું તો ધર્મેશભાઈએ પોતાના તરફથી પણ રૂા. ૨૫,૦૦૦ ઉમેર્યાં અને રૂા. ૫૦,૦૦૦ એ જ દિવસે પહોંચતા કર્યાં.

તદ્દન અજાણી જગ્યાએ હૉસ્પિટલમાં મુંઝાયેલી હાલતના શિવમ્‌ના માતા-પિતા આવો સહયોગ મેળવી કેટલા ખુશ થયા હશે!

હું મધ્ય પ્રદેશના ગુનામાં હતી, ધર્મેશભાઈએ મારી સાથે ફોન પર સતત સંપર્ક રાખ્યો! મારો એમને કોઈ પરિચય નહીં, છતાં એમણે એક ફોનથી આવડી મોટી રકમ એક અજાણ્યા રિક્ષા-ડ્રાઈવરના પુત્ર માટે ફાળવી. ઘણીવાર માણસ પૈસા આપીને છૂટી જાય-અહીં તો એમણે ખડે પગે સેવા કરી, ડૉક્ટરને મળ્યા, આખી વાત સમજી, મને જણાવી, શિવમ્‌ના માતા-પિતાને માનસિક ટેકો આપ્યો, આર્થિક સહયોગ આપ્યો. મેં એમને આર્થિક મદદ કરવાનું કહ્યું પણ ન હતું. બંને ભાઈઓએ સ્વેચ્છાએ હાથ લંબાવ્યો.

હૉસ્પિટલમાંથી રજા મળતાં જ, હૉસ્પિટલની સામે જ આવેલી હૉટલમાં રહેવા સૂચના આપી. જેથી ઈમરજન્સીમાં તરત તબીબી મદદ મળી શકે. અઠવાડિયા પછી ડૉક્ટરે વડોદરા જવાની રજા આપી ત્યારે સ્ટેશન પર જઈ ત્રણ-ચાર દિવસ ચાલે એટલું ભાથું પણ આપ્યું. એક મહિના પછી ફરી ચેક-અપ માટે કોચીન આવવાનું થશે ત્યારે પણ વિના સંકોચે જણાવજો. એવું કહીને ભાવભરી વિદાય આપી.

તદ્દન અજાણ્યા બાળક માટે, મારા એક માત્ર ફોનથી પડખે ઊભા રહેનારા પ્રદીપભાઈ લોડાયા અને ધર્મેશભાઈ નાગડાએ જ્ઞાતિબંધુની ઉમદા લાગણી વહાવી મને અજબગજબની હૂંફ પૂરી પાડી છે!

વડોદરા પહોંચેલા પ્રદીપભાઈ પંડ્યાનો ફોન પર હાશકારો સાંભળીને ખરેખર હું ઝૂકી જ ગઈ!

* * *

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચોક,
વી. પી. રોડ, મુલુંડ (પ.), મુંબઈ-૪૦૦ ૦૮૦.

સાધ્વી ભક્તિશીલાજીએ પીએચ.ડી.ની ડૉ. ડીગ્રી પ્રાપ્ત કરી

શ્રવણસંઘના પૂ. ડૉ. ધર્મશીલાજી મ.સ.ના સુશિષ્યા સાધ્વી ભક્તિશીલાજીએ 'જૈન ધર્મમાં કર્મ સિદ્ધાંત'ના વિષય ઉપર પીએચ.ડી. ડીગ્રી માટે પુના યુનિવર્સિટીના ડૉ. કાંચન માંડેના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ લખેલ જેનો સ્વીકાર કરવામાં આવેલ છે.

પૂ. ભક્તિશીલાજીએ આ ડીગ્રીનો યશ તેમના ગોરાણી ડૉ. ધર્મશીલાજીની પ્રેરણા અને ડૉ. ચારીત્રશીલાજીના માર્ગદર્શનને આભારી છે.

સાહિત્ય સંગીત રત્ન પ્રૉ. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા મહાવીર કથા

વિલેપાર્લે સ્થિત 'ચિંતન' સંસ્થા દ્વારા એપ્રિલ ૨૪ના સાંજે સાડાસાત, તા. ૨૫ સવારે સાડા નવ અને તા. ૨૬ના સાંજે સાડા સાતે, શ્રી ઘેલાભાઈ કરમચંદ ટ્રસ્ટ, શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસરના ઉપાશ્રય-વિલેપાર્લે (વેસ્ટ), સ્ટેશન ફાટક પાસે પ્રૉ. પ્રતાપકુમાર ટોલિયા ધ્યાન સંગીત સાથે મહાવીરના જીવન પ્રસંગો વર્ણવતાં મહાવીર કથા પ્રસ્તુત કરશે.

સર્વે જિજ્ઞાસુઓને આમંત્રણ છે.

મેનેજર

Printed & Published by Niroobahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.



પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૫ • મે-૨૦૧૦ • પાના-૨૮ • કીમત રૂા. ૧૦

જિન-વચન

પાપકર્મની ગતિ

जे पावकम्मेहिं धणं मणुस्सा समाययंती अमइं गहाय ।
पहाय ते पास पयट्ठिए नरे वेराणबद्धा नरगं उवेंति ।।

–उत्तराध्ययन–४-२

જે મનુષ્ય પાપકર્મો કરીને, ધનને અમૃત સમજીને ભેગું કરે છે, તેઓ કર્મના ફાંસામાં બંધાય છે અને છેવટે વેર બાંધીને, ધનને અહીં જ છોડીને, નરકગતિમાં ચાલ્યા જાય છે.

जो मनुष्य धन को अमृत समझ कर, पापकर्मों से उपार्जन करते हैं, उन्हें देखो । वे कर्म के फंदे में पड़ने के लिए तैयार है । वे वैर से बंधे हुए सारा धन यहीं छोड़कर नरक में जाते हैं ।

Those people who accumulate wealth through sinful deeds, as if they were collecting nectar, get involved in great sins, create enmity with others, and eventually leaving all wealth here, go to hell.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

સૈનિકની સંમતી

પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટન વતી લડતો ભારતની ગુરખા રેજિમેન્ટનો એક સૈનિક મરણતોલ ઘવાયો અને યુદ્ધકેદી તરીકે જર્મનોના હાથમાં પડ્યો. તેના બંને પગ સખત ઘવાયા હતા. એક પગ કાપી નાંખવામાં આવે તો જ તેનો જીવ બચે તેમ હતો. તેનો એક પગ કાપવા જર્મન ડૉક્ટરને તેની સંમતિ જોઈતી હતી. સૈનિક બહુ ગભરાયેલો હતો, કારણ કે યુદ્ધકેદીઓ પર જર્મનોના ક્રૂર જુલ્મની વાતો એણે સાંભળી હતી. જર્મન ડૉક્ટર વિમાસણમાં હતા: 'સૈનિકમાં વિશ્વાસ કેવી રીતે ઊભો કરવો અને એક પગ કાપવા તેની સંમતિ શી રીતે મેળવવી?' ડૉક્ટર અંગ્રેજી જાણતા નહોતા અને ભારતીય સૈનિક જર્મન ભાષા નહોતો જાણતો. જર્મન ડૉક્ટરે બહુ વિચાર કર્યો. 'કયો શબ્દ બોલું તો આ ભારતીય સૈનિકના મનમાં વિશ્વાસ પેદા થાય અને એ ડોકું હલાવી પગ કાપવા સંમતિ આપે?' અંતે ડૉક્ટરને રસ્તો સૂઝ્યો. ડૉક્ટરે સૈનિકના કાનમાં ત્રણ વાર મોટેથી શબ્દોચ્ચાર કર્યો. 'રવીન્દ્રનાથ ટાગોર, રવીન્દ્રનાથ ટાગોર, રવીન્દ્રનાથ ટાગોર.' સૈનિકના મોં પર ચમક આવી. તેણે ડોકું હલાવી યોગ્ય હોય તે કાપકૂપ કરવા સંમતિ આપી.

–મહેશ દવે કૃત 'કવિતાનો સૂર્ય'માંથી

આચમન

પગલી

ગુરુદેવ એક દિવસ થાકીને ઉપરના મજલે ઊભા ઊભા દૂર કંઈક જોઈ રહ્યા હતા. અચાનક એક ગાંડી સ્ત્રી નીચે દેખાઈ અને તે ઉપર આવવા માટે દાદર ચડવા લાગી. દરવાને તેને રોકી હટાવતાં કહ્યું: 'ચાલી જા, ચાલી જા અહીંથી!' અને તે નીચે ઉતરી ગઈ. ગુરુદેવને ઉપરથી આ જાણ થઈ અને તેઓ વિચારવા લાગ્યા:

'આ ગામમાં આ ગાંડી આવી શા માટે? નીચે જઉં અને પૂછું?' પણ એટલામાં તો નીચેથી એ મર્મભર્યું પ્રશ્ન-વેણ બોલી:

'ઉપરના માળેથી હેઠા ક્યારે ઉતરશો ઠાકુર?'

(આવા જ મર્મભર્યા વેણોએ જગાડ્યા અને માનરૂપી ગજ પરથી નીચે ઉતાર્યા હતા. માન-ગજારૂઢ બાહુબળીજીને બ્રાહ્મી-સુંદરી બહેનોએ 'વીરા મોરા! ગજ થકી હેઠા ઉતરો, ગજ ચઢ્યે કેવળ ન હોય!'કહીને.)

ગુરુદેવ આ શબ્દો સાંભળી ચોંકી ઊઠ્યા. તેઓ નીચે ઉતર્યા. પ્રેમનું મિલન 'ઉપર' થોડું જ થાય છે! એ ગાંડી વૈષ્ણવી સ્ત્રી જોતી રહી. બોલી: 'હું રોજ અહીં આવું છું, પણ આ દરવાન મને તમને મળવા દેતો નથી.'

આ પરથી ગુરુદેવે દરવાનને કહ્યું: 'જ્યારે પણ આ અહીં આવે ત્યારે તેને ઉપર આવવા દેવી.'

ગુરુદેવને વિચાર કરતા કરી ઢંઢોળી મૂકનારી એ ગાંડી તે વખતે તો ત્યાં ન રોકાઈ. ફરી બીજે દિવસે આવી. સીધી ઉપર ચઢી ગઈ. પગમાં સૅન્ડલ-બૅન્ડલ ન હતા. કરમાયેલા ફૂલને પોતાના હાથમાં રાખીને તે બેઠી રહી. ગુરુદેવ લખવાના કામમાં હતા. વાત કરવાની ફુરસદ ન હતી. ગાંડી થોડા સમય પછી ચાલી ગઈ. કેટલાક દિવસો બાદ ફરીને એ આવી. ગુરુદેવ લખતા જ બેઠા રહ્યા અને ગાંડી તેમના **કાનમાં કંઈક કહી ગઈ!** શું કહી ગઈ? એ ખબર નથી. પરંતુ ગુરુદેવે કહ્યું-

'પહેલાં તો હું કલ્પના દ્વારા સૌની સાથે એકતા અનુભવતો હતો, પરંતુ તે દિવસથી મારી સૌની સાથે સાચી એકતા, આંતરિક એકતા થઈ ગઈ.'

આ પ્રસંગ પછીથી ગુરુદેવે નીચે ધરતી પર ચુંપડી બાંધીને બેસવાનું અને નિકટના લોકો-સાંથાલ જનો વગેરે સાથે હળવા-મળવાનું, તેમના દુઃખોને સમજવાનું અને વાચા આપવાનું પણ શરૂ કર્યું. 'દીઠી સાંથાલની નારી' જેવા હૃદય-દ્રાવક કરુણ કાવ્યો આમાંથી સર્જાયા.

–પ્રા. પ્રતાપકુમાર જે. ટોલિયા

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ટ
(૧)	'જન ગણ મન અધિનાયક'ના સર્જક ઋષિ કવિ રવીન્દ્રનાથ ટાગોર	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય	પ્રો. મહેબૂબ દેસાઈ	૭
(૩)	સર્વજ્ઞતા વિશે વિચારણા	ડૉ. પ્રવીણભાઈ સી. શાહ	૧૦
(૪)	ગાંધીજી અને ગુરુદેવ	શાંતિલાલ ગઢિયા	૧૨
(૫)	અનુભૂતિની અફલાતૂન અનુભૂતિ	ડૉ. રણજિત એમ. પટેલ	૧૩
(૬)	પત્ર-ચર્ચા	અશોક ન. શાહ	૧૭
(૭)	નવકાર મંત્રમા 'ન' કે 'ણ' નમુક્કારો કે ણમુક્કારો?	પુષ્પાબેન પરીખ	૧૮
(૮)	જયભિખ્ખુ જીવનધારા-૧૮	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૧
(૯)	શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન–૧૯	પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ	૨૩
(૧૦)	જૈન પારિભાષિક શબ્દકોશ	ડૉ. જિતેન્દ્ર બી. શાહ	૨૬
(૧૧)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૨)	પંથે પંથે પાથેય : રવીન્દ્રસ્મૃતિ	પ્રા. પ્રતાપ ટોલિયા	૨૮

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૫ ● મે ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૬ ● નિ. વૈશાખ સુદ –તિથિ-૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

'જન ગણ મન અધિનાયક'ના સર્જક ઋષિ કવિ રવીન્દ્રનાથ ટાગોર

વિપત્તિમાં કરો રક્ષા, ન એવી પ્રાર્થના મારી.
વિપત્તિથી ડરું ના હું કદી – એ પ્રાર્થના મારી!
સદા મસ્તક રહો નમ્ર, ન સુખમાં ગર્વ કંઈ હોજો,
સદા મુજ નેત્ર સઘળે સર્વદા તવ મુખ-છબી જોજો!

–ટાગોર

આંતર સંવેદનામાંથી સૂરજના કિરણો જેવી, જગતને નવ પલ્લવિત કરી દે એવી કવિતા જન્માવે એ મહાકવિ અને જગતના રહસ્યોને પોતાના સર્જનમાં ઝાંઝરની જેમ ગુંજતા કરી વિશ્વને આનંદ વિભોરની પરમ કક્ષાએ લઈ જાય એ ઋષિ કવિ.

આ અંકના સૌજન્યદાતા :
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

કવિવર રવીન્દ્રનાથ ટાગોર આવા મહાકવિ અને ઋષિ કવિ હતા. ભારતની ધરતીએ અમીર ખૂશરો પછી કદાચ આવો ભવ્ય કવિ આ ટાગોરમાં નિહાળ્યો.

મારા વિદ્વાન મિત્ર શાંતિભાઈ ગઢિયાએ હમણાં જ મને એક પત્રમાં લખ્યું કે 'આપણા આ ટોગાર તો સપ્ત આયામી પ્રતિભાથી વિભૂષિત 'સપ્તર્ષિ' કવિ છે. કવિ, નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, સંગીતકાર, ચિત્રકાર અને નૃત્ય અભિનયકાર', આ સપ્ત કલામાં પારંગત અને પ્રતિષ્ઠિત આ કવિએ મબલખ લખ્યું. અઢળક લખ્યું. આઠ વર્ષની ઊંમરથી ૮૦ વર્ષની ઊંમર સુધી બસ સાહિત્ય-કલાનું સર્જન આ વિભૂતિ કરતા જ રહ્યા. તેમના ગદ્ય-પદ્ય સર્જનોના ૨૮ દળદાર ગ્રંથો બંગાળીમાં પ્રકાશિત થયા છે. ઉપરાંત પોતે જ સ્વરબદ્ધ કરેલા ૨૫૦૦ ગીતો (આ રવીન્દ્ર સંગીતને આપણા ગુજરાતી સ્વરકારોએ ગુજરાતમાં જીવંત રાખ્યું છે, એમાં વર્તમાનમાં વિદૂષી કવિ ડૉ. નલિની મંડગાંવકર મોખરે છે.) અને જીવનની ઉત્તર અવસ્થા, ૬૮ની ઊંમરે આંગળીઓમાં પિંછી લઈ ૨૦૦૦ થી વધુ ઉત્તમ અને રહસ્યમય ચિત્રોનું સર્જન કર્યું. એઓ કહેતા Painting have an universal language.

મન જરીયે નથી આજ મરવાનું
ગમે છે સુંદર આ વિશ્વે ફરવાનું
રહેવું છે માનવો વચ્ચે
સૂરજ-તેજની સાખે
ફૂલો પ્રફુલ્લ વચ્ચે ને અવસર મળે તો
પ્રેમીજનના હૃદયકમળે.

–કવિવર ટાગોર

કલકત્તાની દ્વારકાનાથ ગલીમાં જોડાસાંકોના ટાગોર પરિવારના નંબર પાંચમાંના ઘરમાં રત્નગર્ભા શારદાદેવીની કુખે ૭મે ૧૮૬૧માં એક સૂરજ ઊગ્યો અને એજ ઘરમાં ૭ ઑગસ્ટ ૧૯૪૧માં આ સૂરજ આથમ્યો. એ સૂરજ આપણા રવીન્દ્રનાથ ટાગોર. દેવેન્દ્રનાથ અને શારદાદેવીનું આ ૧૪મું સંતાન. જે ઘરમાં આંખ ઊઘડી એ જ ઘરમાં આંખ મિંચાણી. જે ઘરમાં પ્રવેશ એજ ઘરમાંથી મહાપ્રયાણ. જ્યાં પહેલો શ્વાસ લીધો એ જ સ્થાને શ્વાસ થંભ્યો.

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

રવીન્દ્રનાથ ટાગોરનું પરાપૂર્વથી જમીનદારી કુટુંબ. સમાજના સર્વ ક્ષેત્ર, સમાજ સુધારો, કેળવણી, સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરે બધામાં આ કુટુંબ પ્રતિષ્ઠિત અને સમાજને પ્રેરણા આપે એવું.

પિતામહ દ્વારકાનાથ અતિ શ્રીમંત, વેપાર ઉદ્યોગમાં પણ કુશળ. સુખ સમૃદ્ધિમાં છલોછલ એટલે એમને 'પ્રિન્સ'નું બિરુદ મળ્યું.

પિતામહ દ્વારકાનાથના પુત્ર દેવેન્દ્રનાથ પણ આ શ્રીવૈભવમાં ઉછર્યા અને પાંગર્યા. પરંતુ જીવનની એક ક્ષણે એમને કંઈક એવો સાક્ષાત્કાર થયો કે આ બધું ત્યજીને હિમાલય જઈ બેઠા, છતાં ફરજો બજાવવા સંસારમાં રહ્યા, પણ વેદ-ઉપનિષદ વગેરે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, ધ્યાન અને મનન સાથે, એટલે સમાજે એમને 'મહર્ષિ' દેવેન્દ્રનાથ કહ્યા.

પ્રિન્સ દ્વારકાનાથે ધંધામાં નુકસાની કરી અને કુટુંબ માથે મોટું દેવું મૂકી વિલાયતમાં અવસાન પામ્યા. પરંતુ ઉત્તમ પુત્ર દેવેન્દ્રનાથે બધી જાગીર વેચી, છેવટે આંગળીઓની વીંટી વેચીને પણ પિતાનું દેવું ભરપાઈ કર્યું.

મહર્ષિ દેવેન્દ્રનાથના પત્ની શારદાદેવી પણ વૈદિક ધર્મમાં પૂરી શ્રદ્ધાવાળા અને ધર્મ-ધ્યાનમાં લીન સાત્ત્વિક પ્રકૃતિના ભારતીય નારી. આવા આ યુગલ થકી જે સંતાનો આ ધરતી ઉપર અવતર્યા એ બધાં જ અતિ તેજસ્વી. એટલે જ માતા શારદાદેવી રત્નગર્ભા કહેવાયા.

મા શારદાદેવી પૂજા-ધર્મ ધ્યાનમાં વ્યસ્ત એટલે રવીન્દ્રને માતાનું લાલનપાલન ઓછું મળ્યું. ભર્યાભાદર્યા ઘરમાં નોકર ચાકરોની વચ્ચે રવીન્દ્રનો ઊછેર થયો. યુવાન વય સુધીની પોતે લખેલ આત્મકથા 'જીવન સ્મૃતિ'માં રવીન્દ્રનાથ લખે છેઃ 'મા શી વસ્તુ છે તે હું જાણી જ ન શક્યો.' પોતાની ૧૪ વર્ષની ઊંમરે રવીન્દ્રનાથે માતાને ગુમાવ્યા. પિતા દેવેન્દ્રનાથ વિશે ટાગોર લખે છેઃ

'દેવેન્દ્રનાથને યાદ કરું છું ત્યારે હિમાલયના અતીવ સુંદર શિખર કાંચનજંઘાની ભવ્ય શ્વેત એકલતાની મૂર્તિ મારા મનઃચક્ષુ સમક્ષ ખડી થાય છે. ઉપનિષદના શબ્દોમાં કહું તો સ્વર્ગીય આકાશમાં ઊભેલા ઊંચા વૃક્ષ જેવા તે હતા.'

આ પિતા પાસે રવીન્દ્રનાથે પૂજન-અર્ચન, ધ્યાન, વેદ અને ઉપનિષદોનો અભ્યાસ કર્યો. આ કારણે જ રવીન્દ્રનાથને ગાયત્રી મંત્ર ખૂબ ગમતો અને આ મંત્રનો એઓ નિયમિત જાપ કરતા. ઉપરાંત રવીન્દ્રનાથે વિવિધ પુસ્તકોનું વાંચન પણ કર્યું અને એમની પ્રતિભા પાંગરતી રહી.

ટાગોરના પરિવારનું વાતાવરણ એક પ્રાચીન ગુરૂકૂળ જેવું હતું.

રવીન્દ્રનાથના મોટા બહેન સ્વર્ણકુમારી દેવી સાહિત્ય રસિક હતા, અને કવિતા-વાર્તા લખતા. બંગાળમાં બંગાળી નવલકથા લખનાર એ પહેલા મહિલા નવલકથાકાર હતા. મોટાભાઈ સત્યેન્દ્રનાથ આઈ.સી.એસ. અધિકારી હતા, અને એઓ અમદાવાદમાં જજ હતા ત્યારે ૧૭ વર્ષની ઊંમરે રવીન્દ્રનાથ અમદાવાદમાં બાદશાહી મહેલ શાહીબાગમાં રહ્યા હતા. રવીન્દ્રનાથની પ્રસિદ્ધ કૃતિ 'ક્ષુધિત પાષાણ'ના બીજ રવીન્દ્રનાથના મનમાં ત્યારે રોપાયા હતા, અને ત્યારે જ એમણે પોતાના બે ગીતોનું સ્વરાંકન કર્યું હતું. વર્તમાનમાં અહીં સરદાર પટેલનું સ્મારક છે અને રવીન્દ્રનાથ જે ખંડમાં રહ્યા હતા એ ખંડને 'રવીન્દ્ર સ્મૃતિ' નામ અપાયું છે.

રવીન્દ્રનાથ ટાગોરના ભાઈઓ, બહેનો, પિત્રાઈઓ, કુટુંબીજનો વગેરેની એક એક વ્યક્તિ ઉપર એક ગ્રંથ લખાય એવા આ બધાં તેજસ્વી રત્નો હતા. Genetics ના અભ્યાસી માટે આ શોધનો વિષય છે. આ કુટુંબ સાથેના સંબંધોનો એક છેડો ગુજરાતને પણ સ્પર્શે છે, અને ભાવ સંબંધનો એક અંશ આપણા મહાત્મા ગાંધીજી સાથે પણ જોડાયો હતો. વધુ વિગત માટે 'મુંબઈ સમાચાર'ની નવ મે પહેલાની અને પછીની બકુલ ટેલર લિખિત 'સગપણના ફૂલ' કોલમ ધ્યાનથી વાંચવા વિનંતી.

રવીન્દ્રનાથને સાહિત્ય રુચિ કેળવવામાં મોટા ભાઈ જ્યોતિરીન્દ્રનાથનો ફાળો પણ મહત્ત્વનો. આ મોટાભાઈ પણ સર્જક સાહિત્યકાર. એમનું લગ્ન કાદમ્બરી દેવી સાથે થયું ત્યારે રવીન્દ્રનાથની ઊંમર સાત અને કાદમ્બરી દેવીની ઉંમર નવ. કાદમ્બરી દેવીમાં પણ સાહિત્યરસના ઝરણાં; પરંતુ વિશેષ ભાવઝરણું તો રવીન્દ્રનાથનું એમની સાથે બંધાયું. કવિની કવિતાને એમણે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા. આ સંબંધ કોઈ અલૌકિક હતો. અનુભવાય પણ સમજાય નહિ. રવીન્દ્રનાથના જીવનમાં આ પ્રથમ સ્ત્રી પાત્ર. આ કાદમ્બરી દેવીને કવિ ગ્રીક દેવી 'હેક્ટે'ના નામથી સંબોધતા. પોતાના પતિ દ્વારા થતી પોતાની ઉપેક્ષા સહન ન થતા આ કાદમ્બરી દેવીએ પોતાની ૨૫ની ઊંમરે વિષ ઘોળ્યું, ત્યારે રવીન્દ્રનાથની સ્થિતિ કેવી હશે એની કલ્પના પણ અશક્ય. કવિએ આ કાદમ્બરીદેવીને જીવનભર સ્મર્યા હતા.

શિક્ષણ માટે ૧૦ વર્ષની ઊંમરે કવિને બેંગોલ એકેડેમીમાં પ્રવેશ અપાયો. ૧૩ની ઊંમરે સેન્ટ ઝેવીયર્સ સ્કૂલમાં પ્રવેશ થયો. ઉપરાંત ભારત

નથી નથી જોઈતી મુક્તિ
વૈરાગ્યની સાધના થકી
માણું અસંખ્ય બંધનમાં જ
સ્વાદ મહાનંદ મુક્તિનો.

● ● ●

પ્રત્યેક નવજાત શિશુ સંદેશો લાવે છેઃ
'ઈશ્વરે હજી મનુષ્યમાં શ્રદ્ધા ગુમાવી નથી.'

● ● ●

મને એટલી ખબર છે કે હું જ્યારે ગીત રચતો હોઉં છું ત્યારે હું ઈશ્વરની સૌથી નજીક હોઉં છું.'

–કવિવર ટાગોર

● **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)

પ્રવાસ અને વિશેષતઃ હિમાલય પ્રવાસ પણ કર્યો. શિક્ષણ કાર્ય દરમિયાન એમનું કાવ્ય, નાટકનું સર્જન તો ગતિમાં હતું જ. આ સર્જન ત્યારે સ્થાનિક પત્રિકા અને સામયિકોમાં છપાયું. ૧૬ વર્ષની ઊંમરે અજ્ઞાત નામ ભાનુસિંહ ધારણ કરી 'ભાનુ સિંહેર પદાવલિ' લખ્યું. આ કાવ્યો 'ભારતી' સામયિકમાં પ્રકાશિત થયા. આ કાવ્યોમાં પ્રાચીન કાવ્યોની શૈલી હતી, એટલે તજજ્ઞોએ એને પ્રાચીન ગણીને વધાવી લીધી. જર્મનીમાં રહેતા એક બંગાલી વિદ્વાને તો આ પદાવલિ ઉપર ડૉક્ટરેટની પદવી પણ પ્રાપ્ત કરી હતી.

ટાગોર કુટુંબે નિર્ણય કર્યો કે રવીન્દ્રનાથને બેરિસ્ટર બનાવવા. એ માટે કવિને ઈંગ્લાંડ મોકલવાનો નિર્ણય લેવાયો. એટલે અંગ્રેજી ભાષાજ્ઞાન અને રીતભાત શિખવવા મુંબઈમાં રહેતા ટાગોર કુટુંબના સ્નેહી તબીબ ડૉ. આત્મારામ તરખુડના ઘરે મોકલ્યા. રવીન્દ્રનાથ ત્યાં બધું શિખ્યા. આ સમયે તેમની આત્મારામની ષોડષી કન્યા અન્નપૂર્ણા સાથે મૈત્રી થઈ. કવિતા-સાહિત્યના આદાન પ્રદાનની ગોષ્ઠિએ એક નવો ભાવ સંબંધ બંધાયો. રવીન્દ્રની આંતરિક પ્રતિભા અને બાહ્ય દેખાવથી 'એંના' ખૂબ ખુશ હતી, અને રવીન્દ્રને કહેતી 'આવા રૂપાળા ચહેરા ઉપર દાઢી ન વધારીશ.' એંનાના મૃત્યુ પછી જ કવિએ દાઢી વધારી અને જગતને અત્યંત પ્રતિભાશાળી ઋષિતુલ્ય વ્યક્તિત્વ મળ્યું. કવિ પોતાના મિત્રોને એક હુલામણું નામ આપતા, એમ આ 'એંના'ને નલિની નામ આપ્યું. એક વખત કવિએ આ નલિની ઉપર લખેલું ગીત ભૈરવી રાગમાં સંભળાવ્યું ત્યારે આ એંના-નલિની-કવિના સ્વર શબ્દ ઉપર મંત્ર મુગ્ધ થઈ ગઈ અને બોલી ઊઠી : 'કવિ, તારું ગીત સાંભળીને તો મૃત્યુલોકમાંથી પણ હું પાછી આવી જાઉં.' આવી 'એંના'ને કવિ જીવનભર ભૂલી જ કેમ શકે ? ફૂલો કરમાય જાય છે પણ સુગંધ તો અવિસ્મરણીયતાના પ્રદેશમાં ચિરંજીવી સૌરભ બની સ્થાયી થઈ જાય છે.

બાર વર્ષની ઊંમરે કવિનો ઉપનયન સંસ્કાર થયો. ટાગોર કુટુંબના નિર્ણયે કવિને ૧૭ વર્ષની ઊંમરે બેરિસ્ટર બનવા ઈંગ્લાંડ જવું પડ્યું. પોતાના સ્ટીમરના આ પ્રથમ પ્રવાસ વિશે કવિએ લલિત ગદ્યમાં સુંદર લખ્યું છે.

લંડનમાં ડૉ. સ્કોટના પ્રેમાળ કુટુંબ સાથે રવીન્દ્રનાથે વસવાટ કરવો એવું ગોઠવાયું. ટાગોર ત્યાં ત્રણ માસ રહ્યા. આ કુટુંબે કવિને ખૂબ પ્રેમ અને હૂંફ આપ્યા. અહીં પણ સાહિત્ય અને સંગીતનું વાતાવરણ હતું, અને સમાન ગુણેષુ સખ્યમ્ એ નિયમે ડૉ. સ્કોટની બે સમવયસ્ક પુત્રીઓ સાથે એમને મૈત્રી સંબંધ બંધાયો. કવિનું સૌજન્ય અને પ્રતિભા જ એવી કે કોઈ પણ સહૃદયી એમને હૃદય ધરી દે. કવિ પોતાની સ્મૃતિકથામાં લખે છે:

'એ બન્ને મારા પ્રેમમાં હતી એ વિશે મને લગીરે શંકા નથી. કાશ...મારામાં એ વખતે વધુ નૈતિક હિંમત હોત !'

અચાનક પિતા દેવેન્દ્રનાથનો આદેશ આવ્યો કે 'જલદી ભારત આવી જાવ' અને બેરિસ્ટરીનો અભ્યાસ અધૂરો મૂકી રવીન્દ્રનાથે લંડનથી વિદાય લીધી. ત્યારે શ્રીમતી સ્કોટને ખૂબ દુઃખ થયું, અને રવીન્દ્રનાથના હાથને સ્પર્શીને અશ્રુભીની આંખે કહ્યું, 'આમ વહેલા ચાલ્યા જવું હતું તો તું અમારે ત્યાં આવ્યો જ શા માટે ?'

કોઈપણ બૌદ્ધિક અને સંવેદનશીલ પ્રતિભા અન્ન વગર જીવી શકે પણ લાગણીના સાથ વગર એનું જીવવું મુશ્કેલ બને જ, પછી તે પુરુષ હોય કે સ્ત્રી, કારણ કે અન્યો અન્યની સમજ અન્યો અન્ય માટે એક ઊર્જાનું અને અન્યો અન્ય માટે હર પળે ઉર્ધ્વીકરણનું કામ કરતી હોય છે.

રવીન્દ્રનાથને જેમની સાથે મનમેળ થયો એમની સાથે જીવનમેળ ન થયો, એથી આ કવિ 'દેવીદાસ' બની ન ગયા પરંતુ જેમની સાથે જીવનમેળ થયો એમની સાથે મનમેળ કરીને પ્રતિભાવંત જીવન જીવ્યા. પિતા દેવેન્દ્રનાથ અને ટાગોર કુટુંબે ઈચ્છેલી કન્યા સાથે એઓ પરણ્યા. પાંચ સંતાનો સાથે ૧૯ વર્ષ પ્રસન્ન દામ્પત્ય જીવન જીવ્યા.

પોતાની ૨૨ની વયે ૧૦ વર્ષના મૃણાલિની દેવી સાથે લગ્ન, અને પોતાની ૪૧ની વય હતી ત્યારે ૧૯૦૨માં ૨૯ વર્ષની ઊંમરે મૃણાલિની દેવીએ વિદાય લીધી. પત્ની બિમાર હતા ત્યારે રવીન્દ્રનાથે બે મહિના એમની શ્રમપૂર્વક સેવા કરી., અને પછી પત્નીના વિરહને પોતાના શાંતિનિકેતનના કામમાં અને સાહિત્ય સર્જનમાં ઢાળ્યો. પોતાનો કાવ્ય સંગ્રહ 'સ્મરણ' પત્નીને અર્પણ કરતા કવિ લખે છે:

'તુમિ આજિ મોર માઝે આમિ હયે ઓછો !
આમારિ જીવને તુમિ બાંયો ઓ ગો બાંયો.'

(તું આજે મારી અંદર મારું જ રૂપ લઈને હું બનીને રહેલી છો. મારા જ જીવનમાં તું જીવ, તું જીવ !)

આ મૃત્યુને તો કવિ જાણે પચાવી ગયા હતા. એંશી વર્ષના જીવનકાળ દરમિયાન, માતા, પિતા, પત્ની, ભાભી, ભાઈ, બે સંતાનો, એક પૌત્ર, અન્ય સ્વજનો અને અંગત મિત્રો એમ લગભગ દશેક વ્યક્તિ મૃત્યુ શૈયા એમણે નિહાળી. ભર્યાભાદર્યા અને મિત્રો-સ્વજનોથી સદૈવ ઘેરાયેલા આ કવિએ ક્યારેક અસહ્ય એકલતાનો અનુભવ કર્યો. ૩૯ વર્ષ પત્ની વગર વિતાવ્યા. પરંતુ આ વિદાયો અને એકલતામાંથી એમણે એકાંતની સમાધિ પ્રાપ્ત કરી લીધી હતી. એમના પુત્ર રથીન્દ્ર લખે છે:

'રવીન્દ્રનાથની આંતરિક શાંતિ કોઈ બાહ્ય

જીવનમાં જાણ્યે-અજાણ્યે ઘણાં મિથ્યા આચરણો મેં કર્યા હશે, પણ કવિતામાં મેં ક્યારેય મિથ્યા વાત કહી નથી. ('છિન્નપત્ર')

–કવિવર ટાગોર

• • •

'જન ગણ મન' એ ગીત ડિસેંબર ૧૯૧૧માં કલકત્તામાં મળનાર રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશન માટે કવિવર ટાગોરે લખેલું, અને એ ગીત ત્યારે જ પહેલી વખત ત્યાં અધિવેશનમાં ગવાયું.

શોકાર્ત ઘટનાથી વિચલિત થતી નહિ.'

રવીન્દ્રનાથે ભારત પ્રવાસ કર્યો. સોળ વખત વિદેશ પ્રવાસો કર્યા, સર્વે સ્થળેથી એમને આવકાર અને ઉષ્મા મળ્યા. વિવિધ સ્થળોએ એમના વક્તવ્યો ગોઠવાયા. એમના શબ્દોના પડઘા પડ્યા અને શ્રોતાઓમાં નવી નવી ચેતનાના ઉમેરણ થયા.

શ્રીલંકા અને રશિયાની પણ યાત્રા કરી. કવિ રશિયાના પ્રશંસક રહ્યા.

રવીન્દ્રનાથ ગાંધીજીની રાષ્ટ્રીય ચળવળમાં અંતરથી સહભાગી થયા. બેઉ મહાપુરુષોનું શાંતિનિકેતન અને અન્ય સ્થળે મિલન થયું. લોકમાન્ય તિલક માટે કવિએ ફાળો ઉઘરાવ્યો.

શાંતિનિકેતનની સ્થાપના, અને ત્યાં વિશ્વભારતી વિશ્વવિદ્યાલયની સ્થાપના. આ વિશ્વવિદ્યાલયે જગતના બૌદ્ધિકોનું ધ્યાન ખેંચ્યું. આપણા ઉમાશંકર જોષી એક સમયે આ સંસ્થાના કુલપતિ હતા.

વિશ્વભારતીનો ધ્વનિમંત્ર હતો.

અથેયં વિશ્વભારતી યત્ર વિશ્વં ભવત્યેકનીડમ્

(આ વિશ્વભારતી એવું સ્થાન છે જ્યાં આખું વિશ્વ એ માળો બની રહે છે.)

ફિલ્મ સર્જક સત્યજિત રાય લખે છેઃ 'શાંતિ નિકેતનમાં મેં ગાળેલા ત્રણ વર્ષને હું મારા જીવનનો સૌથી ફળદાયી સમય ગણું છું. શાંતિનિકેતને મારી આંખો સમક્ષ ભારતીય અને પૂર્વની કળાઓની ભવ્યતા ઉઘાડી આપી. હું પશ્ચિમની કળાઓથી અભિજ્ઞ હતો. શાંતિનિકેતને મને પશ્ચિમ અને પૂર્વની કળાઓથી પૂર્ણ બનાવ્યો.'

કવિ માત્ર કવિ જ ન હતા. ઉત્તમ વહિવટકાર પણ હતા. ઓગણીસ વર્ષની વયે પરિવારની જમીનદારીના વહિવટના સૂત્રો પોતાના હાથમાં લીધા, અને મજૂરો, કર્મચારીઓ વગેરેના પ્રિયપાત્ર બન્યા.

પરંતુ આ વિશ્વવિભૂતિને વિશ્વ વિશેષ તો એક મહાકવિ તરીકે જ સ્મરે છે.

રવીન્દ્રનાથે નિજિ સંવેદનામાંથી તત્ત્વના સત્યને પ્રગટ કર્યું. અનેક વેદનાઓ છતાં ક્યાંય કશો જ આક્રોશ નહિ. ઈશ્વરના સત્યનો નત મસ્તકે સ્વીકાર એ જ એમનો જીવનમંત્ર. કવિ જાણે પ્રભુ અને પ્રકૃતિમાં રમમાણ થઈ ભાવસમાધિમાં સ્થિત થતા હોય, કોઈ અલૌકિક સાક્ષાત્કારની અનુભૂતિ કરતા હોય, કોઈ અલભ્ય 'દર્શન' પ્રાપ્ત થતું હોય, પરિણામે જીવન અને મન શાંત, સ્થિર અને આનંદરૂપ થતું હોય, આવું હોય તો જ તેજસ્વી, ઊંડા આધ્યાત્મિક સ્પર્શ સાથેની ભગવાન બુદ્ધના ઉપદેશ જેવી અને ઉપનિષદોના સૂત્રો જેવી કવિતા વહે. ઈશ્વરને અંજલિ આપતા ગીતોની 'ગીતાંજલિ' વહે. આ 'ગીતાંજલિ'ને નોબેલ પ્રાઈઝ મળ્યું. કવિની કવિતાએ ભારતને અદ્વિતિય સન્માન અપાવ્યું. આ નોબેલ પ્રાઈઝની રકમ એમણે પોતાના શાંતિ નિકેતનને ચરણે ધરી દીધી.

શાળાનું શિક્ષણ રવીન્દ્રને રાસ ન આવ્યું. તેમણે ચાર ચાર નિશાળો બદલી, પણ એકે ન ફાવી. અભ્યાસ પૂરો કરતાં પહેલાં જ તેમણે શાળાનું શિક્ષણ છોડ્યું. શિક્ષણ વિષે રવીન્દ્રનાથના આગવા વિચારો હતા. તે માનતા કે, 'શિક્ષણનું પ્રયોજન માહિતી કે ખુલાસા પૂરા પાડવાનું નથી. શિક્ષણે ચિત્તના દ્વારે ટકોરા મારવાના છે અને ભીતરના વિશ્વને ઉઘાડવાનું છે. શિક્ષણે ચિત્તનાં દ્વાર ખટખટાવવાનાં છે...અંતઃપુરમાં જે ચાલી રહ્યું હોય છે તેની ખબર બુદ્ધિના પ્રદેશને પહોંચતી નથી.'

રવીન્દ્રનાથ વીસમી સદીના ભારતના સર્વોત્તમ સાહિત્યકાર છે, એ વેદ યુગના કવિદૃષ્ટાનો અર્વાચીન અવતાર છે. આ કવિ આપણા વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસની પંક્તિમાં એમના સર્જન કર્મથી સ્વયં સ્થાન પામી જાય છે.

આવા કવિનું સ્મરણ કરીએ છીએ એ જ ક્ષણે એક ઋષિની મૂર્તિ આપણી સમક્ષ સ્થિત થાય છે. આ મહાકવિને આપણે એમના શબ્દોથી જ આ ધરતી ઉપર પુનઃ પધારવા વિનવીએ.

તુમિ નવ નવ રૂપે એસો પ્રાણે,
એસો ગંધે, વરણે, એસો ગાને!
એસો અંગે પુલકાય પરશે,
એસો ચિત્તે અમૃતમય હરષે,
એસો મુગ્ધ મુદિત દુ નયાને,
તુમિ નવ નવ રૂપે એસો પ્રાણે!

(નવા નવા રૂપે તમે પ્રાણમાં પધારો!
સંગમાં, વર્ણમાં અને ગાનમાં પધારો!
અંગે અંગે પુલકમય સ્પર્શ રૂપે, પધારો!
ચિત્તમાં અમૃતમય હર્ષ રૂપે પધારો,
મુગ્ધ મુદિત નયનોમાં પધારો,
નવા નવા રૂપે તમે પ્રાણમાં પધારો.

સમગ્ર ભારત આ વર્ષે એના આ પનોતા પુત્ર મહાકવિનો ૧૫૦મો જન્મ દિવસ ઉજવી રહ્યું છે. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો પણ એમાં સાથ અને સૂર પૂરાવે છે.

❑ધનવંત શાહ

નોંધ : આ લેખ તૈયાર કરવામાં નીચેના પુસ્તકોનો આધાર લીધો છે એ સર્વેનો ઋણ સ્વીકાર કરું છું.

૧.'કવિતાનો સૂર્ય-રવીન્દ્ર ચરિત'–મહેશ દવે, ઈમેજ પબ્લિકેશન–મુંબઈ.

(આ અંકમાં વેરાયેલા ગદ્ય ખંડો પણ આજ પુસ્તકમાંથી અવતાર્યા છે. ટાગોર વિશે જિજ્ઞાસુઓને આ પુસ્તક વાંચવાની ભલામણ.)

૨.ગુરુદેવ રવીન્દ્રનાથ-રમણલાલ સોની-મિહિર પ્રકાશન-રાજકોટ).

૩. TAGORE–A Life–Krishna Kriplani National Book Trust – New Delhi.

✷ ✷ ✷

સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય

સાહિત્ય અકાદમી, મુંબઈ દ્વારા 'ગુજરાતી સંત સાહિત્ય : મૂળ અને કુળ' વિષયક બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર સોમનાથ મુકામે ૩૦, ૩૧ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ યોજાયો હતો. તેમાં આપેલ વ્યાખ્યાન.

❑ પ્રો. મહેબૂબ દેસાઈ

૧. સૂફીવાદનો ઉદ્‌ભવ

સૂફીવાદના ઉદ્‌ભવના પાયામાં ઈસ્લામનો માનવતાવાદી દૃષ્ટિકોણ દટાયેલો પડ્યો છે. તેની સાક્ષી પુરતી સમજ એન્સાઈક્લોપિડિયા બ્રિટાનિકામાં આપવામાં આવી છે. તેમાં સૂફીવાદ અંગે લખ્યું છે,

'એક આધ્યાત્મિક ઈસ્લામિક પંથ અને ઉપાસના પદ્ધતિ, જેમાં ખુદા અંગે પ્રત્યક્ષ અને વ્યક્તિગત અનુભવોના માધ્યમ દ્વારા અલૌકિક પ્રેમ અને જ્ઞાનનું સત્ય જાણવાનો પ્રયાસ થાય છે.'

ઈસ્લામના આ આધ્યાત્મિકવાદને અરબી ભાષામાં 'તસવ્વુફ' અને ફારસીમાં 'સૂફી' કહે છે. 'તસવ્વુફ' એટલે ઊનનું વસ્ત્ર પહેરનાર. 'સૂફી' શબ્દનો અર્થ પણ 'સૂફ' એટલે ઊન પરથી આવ્યો છે. સૂફી સંતો મોટે ભાગે ઊનનું વસ્ત્ર કે ચોગો પહેરતા હતા. એ પરથી તેમની વિચારધારાને સૂફીવાદ કહેવાનો આરંભ થયો હશે, એમ મોટે ભાગે માનવામાં આવે છે. પણ માત્ર પોષાકને કોઈ વિચારધારાની ઓળખ ગણાવી, તેનું નામાભિધાન કે અર્થઘટન કરવું યોગ્ય નથી. સૂફી શબ્દની ઉત્પત્તિ અંગે સૂફી સંતોના જીવન પ્રસંગોને અસરકારક શૈલીમાં આલેખતા ફારસી ગ્રન્થ 'તઝકીર્તુલ ઓલિયા'ની પ્રસ્તાવનામાં લખ્યું છે:

'સૂફ' ફારસી ભાષાનો શબ્દ છે. ફારસીમાં હકીમ અને દાનીશ્વરોને ફિલસૂફ કહેવામાં આવે છે. ફિલ એટલે મુહીબ અર્થાત્ મહોબ્બત કરનાર એટલે સૂફી.'

એજ રીતે 'સૂફી' માટે અરબીમાં 'તસવ્વુફ' શબ્દ વપરાયો છે. અલ્લામાં ઈબ્ન મલ્દુન તેનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે:

'તસવ્વુફ એટલે ઈબાદત (ભક્તિ)માં પાબંદ (એકાગ્ર) રહેવું. દુનિયાના સુખચેનથી, ધનદોલતથી મુક્ત થઈ માત્ર ખુદાની એકાગ્રચિત્તે ઇબાદત કરવી.'

'સૂફ' અને 'તસવ્વુફ' શબ્દના ઉપરોક્ત અર્થઘટનો સૂફીના આધ્યાત્મિક પાસાને ઉજાગર કરે છે. ઊનનું વસ્ત્ર ધારણ કરનાર સૂફી, એવું શાબ્દિક અર્થઘટન ભલે સૌ સ્વીકારતા હોય, પણ તે સૂફી સંતોના સાચા કાર્યોને વ્યક્ત કરતું નથી. સૂફી શબ્દના આધ્યાત્મિક અર્થઘટન સુધી સીમિત ન રહેતા, સૂફી પરંપરાના મૂળ સુધી પહોંચવું જરૂરી છે.

ઈસ્લામનો ઈતિહાસ તપાસતા સૂફી પરંપરાના મૂળ ઈસ્લામની સૌથી જાણીતી અને જૂની મસ્જિત-એ-નબવી સુધી દટાયેલા જોવા મળે છે. ઈસ્લામના અંતિમ પયગમ્બર હઝરત મહંમદ સાહેબે મદીનામાં પોતાના હાથે ઈસ્લામની બીજી 'મસ્જિત-એ-નબવી'નું સર્જન કર્યું હતું. એ મસ્જિતના એક ખૂણામાં એક છતનો ચબુતરો તેમણે બનાવ્યો હતો. આ ચબુતરો એવા લોકો માટે હતો જેઓ ઘરબાર વગરના દરવેશો કે ફકીરો હતા. આવા ફકીરો ત્યાં એકઠા થતા અને ઈલ્મ અને ઈસ્લામના સિદ્ધાંતોની છણાવટ કરતા. આ ચબુતરાને ઈસ્લામી ઇતિહાસમાં 'સુફ્ફહ ખંડ' કહેવામાં આવે છે. 'સુફ્ફહ ખંડ' અંગે સીરતે સરકારે મદીના (મહંમદ સાહેબનું જીવન ચરિત્ર)માં કહ્યું છે:

'કેટલાક મુસલમાન બનનાર અગાઉથી ઘરબાર વગરના હતા. કેટલાક બહારથી આવીને ઈસ્લામ સ્વીકાર્યા બાદ, ઈલમ-એ-દીન શીખવા મદીનામાં રોકાઈ ગયા હતા. તેઓના ઉતારા માટે કોઈ જગ્યા ન હતી. આવા ફકીરો, દરવેશો માટે આ ચબુતરો નેમત (આશીર્વાદ) રૂપ હતો.' 1

૨. ભારતના સૂફી સંતો અને તેમનો પ્રભાવ

ભારતમાં સૂફી વિચારનો પ્રચાર મુઘલકાળ (૧૫૨૬-૧૭૦૭) દરમ્યાન થયાનું મનાય છે. જો કે તુર્ક-અફઘાન શાસનકાળ (૧૨૦૬-૧૫૨૬)માં પણ સૂફી વિચારધારાને મોકળું મેદાન મળ્યું હતું. પ્રસિદ્ધ સૂફી સંત મીર અબ્દુલ વહીદ મીલ્ગ્રામીએ 'હકીકી હિન્દ' નામક સૂફી ગ્રન્થ ઈ. સ. ૧૫૨૬માં લખ્યો હતો. આ પછી સૂફી માન્યતાઓ, વિચારો અને વ્યવહારોનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. આ જ અરસામાં સૂફીવાદની 'વહદ-અલ-વજૂદ' વિચારધારા ભારતમાં પ્રસરી. વહદ-અલ-વજૂદ એટલે જીવની એકતા. આ વિચારનો મુખ્ય ઉદ્દેશ જીવ કે આત્માની એકતા હતો. દરેક શરીર એક આત્માનું નિવાસ છે. અને આત્મા નાશ પામતો નથી. આત્મા એજ ખુદાનું ઘર છે. આ વિચારધારા સામે સૂફીવાદની નકશબંદી શાખાએ 'વહદ-

> અંગ્રેજીના શિક્ષણ પ્રત્યે પહેલેથી જ રવીન્દ્રની ઇતરાજી રહી. માતૃભાષામાં શિક્ષણ વિષેના એમના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે:
>
> *''નાનપણમાં બંગાળી શીખ્યો હતો, માટે જ આખું ચિત્ત ગતિમાન થઈ શકે છે...શરૂઆતથી જ જો ચિત્તને ગતિમાન કરવાની તક ન મળે તો તેની ચલનશક્તિ મંદ પડી જાય છે. જ્યારે ચારે બાજુ ખૂબ-ખૂબ અંગ્રેજી ભણાવવાનો વાયરો વાતો'તો ત્યારે હિંમતપૂર્વક જેમણે અમને લાંબા વખત સુધી બંગાળી ભણાવવાની વ્યવસ્થા કરી તે મારા સેજદાદા (ત્રીજા ભાઈ હેમેન્દ્રનાથ)ને હું કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ કરું છું.''*
>
> રવીન્દ્રનાથના વિચારને આધુનિક શૈક્ષણિક મનોવિજ્ઞાને પણ સમર્થન આપ્યું છે.

અલ-શૂહુદ' અર્થાત્ 'વિચારની એકતા'ને પ્રાધાન્ય આપ્યું. આત્મા ખુદા છે. પણ તેના વિચાર–આચાર અને ગતિ મહત્ત્વના છે. આ વિચારને સૂફી સંત સરેહિન્દ શેખ અહેમદ (૧૫૬૪-૧૬૨૪)એ ભારતમાં પ્રસરાવ્યો. તેમણે લખેલ ગ્રંથો 'રિસાલે તહલીલીયા' અને 'રિસાલે ફી ઈત્હાત અલ નબુવ્વત'એ સૂફી વિચારને સ્પષ્ટ અને અસરકારક રીતે રજૂ કર્યો.

૧૮મી સદીમાં દિલ્હીના સૂફી સંત શાહવલી અલ્લાહે આ બંને સૂફી વિચારધારાઓ વચ્ચે સમજુતી સાધવાનો પ્રયાસ કર્યો. તેમણે કુરાન-એ-શરીફનો મુઘલ ભારતની રાજભાષા ફારસીમાં અનુવાદ કર્યો. આ જ અરસામાં મીર દર્દ જેવા ઉર્દુ શાયરોએ 'ઈશ્ક-એ-મિજાજી' (માનવ પ્રેમ)ના સ્થાને 'ઈશ્ક-એ-ઇલાહી'ને કેન્દ્રમાં રાખી શાયરીઓની રચના કરી, સૂફીવાદને પ્રજા સુધી પહોંચાડ્યો. ઈ. સ. ૧૧૮૮માં મુલતાન શહેર નજીક કોઠાવાલ ગામમાં જન્મેલ સૂફી સંત ફરીદે ભારતમાં સૂફી પરંપરામાં નોંધપાત્ર ફાળો આપ્યો. બાબા ફરીદના ઉપદેશાત્મક કથનોમાં જીવનની સરળ ફિલસુફી સમાયેલી હતી. તેમના ગ્રન્થ 'સીઅરુલ ઓલિયા'એ એ યુગમાં લોકોને ઘેલું લગાડ્યું હતું. તેમના સૂફી વિચારો સરળ અને જીવન મૂલ્યોને સાકાર કરતા હતા. જેમકે,

'શરીરની માંગો પૂરી ના કરો, કારણ કે તેનું મોં બહુ મોટું છે.'

'મૃત્યુને ક્યારેય, ક્યાંય ન ભૂલશો.'

બાબા ફરીદના આવા સરળ વિચારોએ એ યુગના સાહિત્ય પર ઘાટી અસર કરી હતી. શીખ ધર્મના ધર્મગ્રન્થ 'ગુરુગ્રન્થ સાહિબ'માં બાબા ફરીદની વાણી પાંચમા ગુરુ અર્જુનદેવે અક્ષરશઃ મૂકી. 'ગુરુગ્રન્થ સાહિબ'માં ફરીદવાણીના ૧૨૨ શ્લોકો અને ચાર પદો સમાવિષ્ટ થયા છે. ગુરુ નાનક (ઈ. સ. ૧૪૬૯-૧૫૩૯) અને બાબા ફરીદ (ઈ. સ. ૧૧૮૮-૧૨૮૦) વચ્ચે બે ત્રણ શતાબ્દીનું અંતર હોવા છતાં ગુરુ નાનકે 'ગુરુગ્રન્થ સાહિબ'માં મૂકાયેલ ફરીદવાણીના એક પણ શબ્દમાં ફેરફાર નથી કર્યો. એ જ બાબત ઈસ્લામ અને સૂફી સંતોના યુગોના પ્રભાવને વ્યક્ત કરે છે. ફરીદ બાબાના શિષ્ય નિઝામુદ્દીન ઓલિયાએ પણ એ પછી સૂફી પરંપરાને ભારતમાં જીવંત રાખવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. એ પછી તો સૂફી સંતોની મોટી હારમાળા ભારતના જનજીવન પર પ્રસરી ગઈ હતી. સંત જોજન (૧૫૦૪), કુત્બન (૧૪૯૪), મલિક મોહંમદ જાયસી (૧૪૬૪-૧૫૪૨), ઉસ્માન (૧૬૧૪), રહીમ (૧૬૨૭), નુર મહંમદ (૧૭૪૫) અબ્દુલ કુન્દુસ ગંગોહી (૧૪૫૬-૧૫૩૭), સૂફી સંત નાઝીર (મૃ.૧૮૨૧), સંત સચલ (૧૭૩૯-૧૮૨૭), અબ્દુલ લતીફ શાહ (૧૬૮૯-૧૭૫૨), બુલ્લેશાહ (૧૬૮૦-૧૭૫૭) જેવા સંતો સૂફીવાદના પાયાના પથ્થર બની રહ્યા.2

કબીર (૧૫૧૮), દાદુ દયાલ (૧૫૭૭), યારી સાહેબ (૧૫૫૬) અને દરિયા સાહેબ (૧૫૭૭) જેવા સૂફીઓને આઝાદ સૂફીઓ કહેવામાં આવે છે. આ સંતો ઈસ્લામ કે સૂફીવાદના કોઈ સંપ્રદાય સાથે જોડાયા ન હતા. છતાં તેમના સાહિત્યમાં સૂફી પરંપરાના ધબકારા મહેસૂસ થાય છે. કબીર લખે છે-

પ્રેમભાવ એક ચાહિયે, ભેશ અનેક બનાય

ચાહે ઘરમેંબસ કરે, ચાહે બન કો જાય.' 3

એજ લયમાં યારી સાહેબ કહે છે :

'બિન બંદગી ઈસ આલમ મૈ

ખાના તુઝે હરામ હૈ રે

બંદા કરે સાઈ બંદગી

ખિદમત મૈ આઠો જામ હૈ રે.'

આમ ભારતના સાંસ્કૃતિક અને સાહિત્યક માહોલમાં સૂફી વિચારધારા સુગંધની જેમ પ્રસરતી ગઈ હતી.

૩. ગુજરાતના સૂફી સંતો અને તેમનું ગુજરાતી સંત સાહિત્યમાં પ્રદાન

૩.૧ ભાષા સમૃદ્ધિ

ભારતના મધ્યકાલિન મુસ્લિમ શાસકોના પાંચસો વર્ષના શાસન (૧૨૦૬-૧૫૨૬) દરમિયાન ગુજરાતના સુલતાનોએ પણ સૂફી સંતોને રાજ્યાશ્રય આપ્યો હતો. આ સંતોના જીવન કવનનો અભ્યાસ કરતા તેમની કેટલીક વિશિષ્ટતાઓ જાણવા મળે છે. જેમ કે,

૧. તેઓનું જીવન સાદગીપૂર્ણ હતું.

૨. તેઓ શુદ્ધ ચરિત્રના માલિક હતા.

૩. તેમના વિચાર અને આચારમાં ભેદ ન હતો.

૪. સામાજિક-ધાર્મિક ભેદભાવથી પર હતા.

૫. હંમેશા ઈબાદત (ભક્તિ)માં લીન રહેતા.

૬. નિઃસ્વાર્થી અને પરોપકારી હતા.

૭. દરેક ધર્મ અને સંપ્રદાયને માન આપતા. તેના સારા વિચારોને સ્વીકારતા.4

સૂફી સંતોના આ લક્ષણોએ ગુજરાતના સંત સાહિત્યના સર્જન અને પ્રસારમાં મહત્ત્વનો ભાગ

રવીન્દ્રને તો બાળવયમાં નોકરોની કેદમાં ઊછરવાનું આવ્યું હતું. લગભગ આ જ સમયે કાદમ્બરી 'બાલિકા વધૂ' રૂપે ટાગોર કુટુંબમાં દાખલ થયાં. તે વખતે કાદમ્બરીની ઉંમર નવ વર્ષની. રવીન્દ્ર તો તેમનાથીય એકાદ વર્ષ નાના. નાક-નકશે કાદમ્બરી નમણાં ને સોહામણાં. 'ઘઉંવર્ણા કુમળા હાથમાં સોનાના નાજુક કંકણ ધારણ કરેલી' આ બાલિકાને સખી બનાવવાનું, તેની સાથે રમવાનું બાળ રવીન્દ્રને મન થતું. 'તેમનાથી થોડું અંતર રાખી તેમની આસપાસ આંટા-ફેરા મારવાનું ગમતું, પણ નજીક જવાની હિંમત ચાલતી નહોતી.' નજીક જાય તો તરત મોટી બહેન ધમકાવી નાખતાં, 'ભાગો અહીંથી! અહીં તમારું છોકરાઓનું શું કામ છે?'

ભજવ્યો છે. હિંદુ-મુસ્લિમ બન્નેના સંત સાહિત્યમાં તેની સ્પષ્ટ અસર જોવા મળે છે. એ યુગમાં ગુજરાતના મુખ્ય સૂફી સંતોમાં શેખ ખત્તું ગંજબક્ષ (૧૩૩૭-૧૪૪૫), સૈયદ બુરાહુદ્દીન અબુ મુહમ્મદ બુખારી ઉર્ફ કુતુબેઆલમ (મૃ. ૧૪૫૨), શેખ મહમુદ ઈરજી (મૃ. ૧૪૫૮), સૈયદ મુહંમદ શાહેઆલમ (૧૪૧૫-૧૪૭૭), સૈયદ અહેમદ શાહ જહાન શાહ (મૃ. ૧૫૯૪), શેખ જમાંલીદ્દીન અત્તા મોહંમદ (મૃ. ૧૫૭૮), પીર મોહંમદ શાહ, હઝરત ઉસ્માન અને હઝરત મહેમુદ શાહ બુખારીનો સમાવેશ કરી શકાય. જ્યારે અર્વાચીન યુગમાં પણ સૂફી સંતોના પ્રભાવનો સિલસિલો યથાવત રહ્યો છે. એ સંતોમાં દાસ સત્તાર શાહ ચિસ્તી, હઝરત અશરફખાન અને હઝરત બદરુદ્દીન જેવા સંતોનો સમાવેશ કરી શકાય.

આ તમામ સૂફી સંતો પોતાની સાથે સાદગી, ભક્તિમય જીવન કે ઉદાર ધાર્મિક વિચારો માત્ર નહોતા લાવ્યા. પણ ગઝલ, રૂબાઈ, ના'ત અને કવ્વાલી જેવી લેખન શૈલી પણ લાવ્યા હતા. પરિણામે છેક ૧૫મી સદીથી ગુજરાતી સંત સાહિત્યનું કલેવર બદલવા લાગ્યું હતું. અરબી-ફારસી સાહિત્યના પરિચયને કારણે વ્યવહારની ભાષામાં સેંકડો અરબી-ફારસી શબ્દોનો પ્રવેશ થયો હતો. સમય જતાં એ શબ્દો ગુજરાતી ભાષાના પોતીકા શબ્દો બની ગયા. આવા રોજબરોજના વ્યવહારમાં વપરાતા અનેક શબ્દો મધ્યકાલિન અભિલેખો, ખતપત્રો અને અર્વાચીન ગદ્ય-પદ્ય ગુજરાતી સંત સાહિત્યમાં આજે પણ જોવા મળે છે. **5.** ગુજરાતના જાણીતા ભક્તિ સાહિત્યના રચયિતા અખો, નરસિંહ મહેતા, મીરાંબાઈ, દયારામ, પ્રીતમદાસ વગેરેની રચનાઓ અરબી-ફારસી શબ્દોથી શણગારેલી જોવા મળે છે. ગુજરાતી સાહિત્યનો ચોટદાર વ્યંગકાર અખો ગુજરાતના સલ્તનત યુગમાં જ થઈ ગયો. તેની રચનાઓમાં ફારસી શબ્દોનો અસરકારક ઉપયોગ થયેલો જોવા મળે છે.

'ગેબી' નિપજ થઈ પિડ તણી,

ત્યારે તું ત્યાં નોતો ધણી'

ફારસી ભાષાના ગેબ (ન દેખાય એવી વસ્તુ) શબ્દ પરથી ગુજરાતીમાં રૂઢ થયેલો ગેબી શબ્દ આપણી અભિવ્યક્તિમાં પોતીકો બની ગયો છે.

જૈન શ્વેતાંબર તેરાપંથ સમાજના
આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીનું મહાપ્રયાણ

આ યુગના પ્રાજ્ઞપુરુષ, ધરતી ઉપર સિતારા જેવા મહાજ્ઞાની આચાર્ય મહાપ્રજ્ઞજીનો આત્મા તા. ૯ મેના અરિહંતશરણ થયો.

સમગ્ર જૈન તેમ જ બૌદ્ધિકો માટે આ અસહ્ય દુઃખદ ઘટના છે.

પૂજ્યશ્રીના જીવનકર્મ વિષેનો પ્રા. ડૉ. યોગેન્દ્ર પારેખ લિખિત અભ્યાસી લેખ પ્ર.જી.ના જૂનના અંકમાં પ્રગટ થશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવારના પૂજ્યશ્રીના આત્માને કોટિ કોટિ નમન.

ૐ અર્હમ્ નમઃ ૐ શાંતિ શાંતિ શાંતિઃ

–તંત્રી.

'દૂરદૂરના પહાડોથી એકાએક ધસી આવતી વર્ષાઋતુની જળધારાઓ જૂના બંધ તોડી નાખે છે. એવું જ કંઈક બન્યું હતું.' રવીન્દ્રના સંકોચની દીવાલ તૂટી ગઈ હતી. ભાભીની સાથે નવસખ્ય પાંગર્યું હતું. રવીન્દ્ર વાંચે અને કાદમ્બરી સાંભળે એવો સાહિત્યસહવાસ રચાયો હતો.એકબીજા વગર બેઉને ચાલતું નહીં. રવીન્દ્ર ઘરે આવે અને ભાભીને જુએ નહીં તો ધૂંઆ-પૂંઆ થઈ જતા. ખબર પડે કે કાદમ્બરી બહાર ગયાં છે એટલે ચિડાય. ભાભીને પાઠ ભણાવવા તેમના રૂમમાંથી તેમની ચીજવસ્તુ ગાયબ કરતા. કાદમ્બરી આવે અને એમની વસ્તુ એની જગાએ ન જડે કે તરત રવીન્દ્રને પૂછતા.

લોક સાહિત્યના પ્રખર સંશોધક ઝવેરચંદ મેઘાણી પણ યુગવંદના (પૃ. ૩૯)માં લખે છે,

'ગેબી, હિમ, અગાધ ઊંડાણ

ત્યાં યે આજે આગ લાગી છે

ધૂંવાધાર ટોપ દાગી છે.'

એ જ રીતે મીરાંબાઈ (૧૪૫૦-૧૫૪૭) લખે છેઃ

'વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દે જો મીરાંને હાથ,

અમૃત બની મીરાં પી ગયા જેને સહાય શ્રીવિશ્વનો નાથ.'

પ્યાલા શબ્દનું મૂળ ફારસીમાં છે. જેના પરથી ગુજરાતીમાં પ્યાલી, પ્યાલો કે પવાલું શબ્દ આવ્યો છે.**6** મધ્યયુગના પ્રસિદ્ધ ભક્તિ સાહિત્યના સર્જક પ્રીતમદાસ (સંવત ૧૭૮૦-૧૮૫૪)ના કાવ્યોમાં પ્રભુપ્રેમની પરાકાષ્ટા જોવા મળે છે.

'જીભલડી રે તું હરી ગુણ ગાતા, આવડું આળસ ક્યાંથી રે.'

'હરીનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.'

જેવા ભક્તિ ગીતોના સર્જક કવિ પ્રીતમે પણ પોતાના કાવ્યમાં ફારસી શબ્દોને સ્થાન આપ્યું છે.

'તીરે ઊભો જુવે 'તમાશો' તે કોડી નવ પામે જોને.'

અહીં વપરાયેલ શબ્દ 'તમાશો' (ખેલ-ફજેતી-જોણું) ફારસી-ઉર્દુ ભાષાની દેન છે. આપણી બહુ જાણીતી કહેવતમાં 'તમાશો' શબ્દ એવી રીતે ગોઠવાઈ ગયો છે, જાણે તે આપણો જ ન હોય. **7.**

'તમાશાને તેડું ન હોય' એમ જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે તેના મૂળ છેક મધ્યકાલિન ગુજરાતમાં પડ્યા છે તેની આપણને કલ્પના સુદ્ધાં નથી હોતી.

ટૂંકમાં, ઈસ્લામના સૂફી સંતોએ ગુજરાતી સંત સાહિત્યને એક નવો શબ્દ ભંડોળ આપ્યો હતો. આજે પણ એ શબ્દો આપણા સાહિત્યના અવિભાજય અંગ બની ગયા છે.

(ક્રમશઃ)

સુકુન, ૪૦૫, પ્રભુદાસ તળાવ,
ભાવનગર-૩૬૪ ૦૦૧.
મો. નં.: ૦૯૮૨૫૧૧૪૮૪૮

સર્વજ્ઞતા વિશે વિચારણા

❑ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

જૈન દર્શન પ્રમાણે ચાર ઘાતી કર્મો જ્ઞાનાવરણીય, દર્શનવરણીય, મોહનીય અને અંતરાય કર્મોનો નાશ થાય એટલે સર્વજ્ઞતા, વીતરાગતા પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞતાની વ્યાખ્યા પ્રમાણે ત્રણે લોકના સર્વ દ્રવ્યો અને સર્વે પર્યાયો, સર્વભાવો, ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળની સર્વ ઘટનાઓ જોઈ શકે અને જાણી શકે. જીવના બાકીના રહેલા આયુષ્ય દરમ્યાન ભોગવાતાં ચાર અઘાતી કર્મો–વેદનીયકર્મ, નામકર્મ, ગોત્રકર્મ અને આયુષ્યકર્મ ભોગવાઈને આયુષ્ય પૂર્ણ થવાથી આત્મા નિર્વાણ પામે છે, મોક્ષે જાય છે અને સંસારના પરિભ્રમણમાં ફરી જન્મ પામતો નથી, શાશ્વત સુખ, શાશ્વત સ્થિરતા મોક્ષમાં પામે છે. આમ આઠ કર્મના ક્ષયથી સિદ્ધ બનેલા પરમાત્માના આઠ ગુણોના પ્રગટીકરણનું વર્ણન જૈન શાસ્ત્રોમાં જોવા મળે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચરિત્ર અનંત વીર્ય અનંત સુખ, અક્ષય સ્થિતિ, અગુરુલઘુપણું, અરુપીપણું.

આપણે સર્વજ્ઞતાના અર્થની ચર્ચા કરવી છે. જૈનદર્શન, બૌદ્ધ દર્શન, હિંદુદર્શન વગેરે ધર્મશાસ્ત્રોમાં આ વિષયની ચર્ચા જાણવી રસપ્રદ થઈ શકશે.

દરેક દર્શનમાં આધ્યાત્મિક તત્ત્વોની વિચારણામાં જુદા જુદા દૃષ્ટિકોણથી તત્ત્વચર્ચા જોવા મળે છે. ભવિતવ્યતાવાદ, કાલવાદ, સ્વભાવવાદ, ભાગ્યવાદ, સર્વજ્ઞતાવાદ, ઈશ્વરવાદ, પુરુષાર્થવાદ વગેરે દૃષ્ટિકોણથી વિવિધ તત્ત્વોના ચિંતનનું મૂલ્યાંકન જોવા મળે છે.

પ્રસ્તુત લેખમાં સર્વજ્ઞતાવાદ વિષે ચર્ચા કરવી છે.

સર્વજ્ઞતાવાદની ચર્ચા જૈન દર્શન, બૌદ્ધ દર્શન, વૈદિક દર્શન વગેરેમાં જોવા મળે છે.

સર્વજ્ઞતાવાદની વિચારણામાં એવી માન્યતા છે કે દેશકાળની સીમાઓ વટાવીને સર્વજ્ઞની દૃષ્ટિથી તેને ભૂત-ભવિષ્યનું જ્ઞાન હોય છે. એના જ્ઞાનમાં સંભવીત છે, સંજોગોવશાત છે કે અનિયત છે એવા સંદેહાત્મક પ્રશ્નો ઉઠતા નથી, કારણ કે સર્વજ્ઞનું ભવિષ્ય સંબંધી જ્ઞાન-જાણકારી હોવાથી ભવિષ્યવાણી તેની મિથ્યા નથી હોતી. એનો એક અર્થ એવો થાય કે ભવિષ્યની ઘટનાઓ બનવાની એ નિશ્ચિત થઈ જાય છે એટલે ઘટના પૂર્વનું જ્ઞાન કે ભવિષ્ય દર્શન પ્રમાણે ઘટના બનવાની નિયતિ નક્કી હોય તો વ્યક્તિની સ્વતંત્રતા કે પુરુષાર્થનો અર્થ શું ? એ પ્રશ્ન ઉદ્‌ભવે છે. આમ દરેકના જીવનની ઘટનાઓ પૂર્વનિર્ધારિત નિશ્ચિત હોય તો વ્યક્તિએ સેવેલા આદર્શ, પુરુષાર્થ, સ્વતંત્રતાનો કોઈ મતલબ નથી. તો પછી સારી નરસી ઘટનાઓની જવાબદારી વ્યક્તિ ઉપર કેવી રીતે ગણી શકાય ? એનો દોષ કેવી રીતે આપી શકાય ? આ રીતે જોતાં પ્રભુ મહાવીરનો સર્વજ્ઞતાવાદ સિદ્ધાંત વિરુદ્ધ ગૌશાળાના નિયતિવાદ તરફ દોરી જાય છે. આનો ખુલાસો સમજવો જરૂરી છે.

પહેલી વાત સ્પષ્ટ છે કે સર્વજ્ઞની ભવિષ્યવાણી પ્રમાણે ઘટના બનતી નથી પણ ભવિષ્યમાં બનનારી ઘટનાના દર્શન થવાથી જે બનવાનું છે, જે રીતે બનવાનું છે તે જોઈને ઘટનાનું વર્ણન કરે છે અર્થાત્ સર્વજ્ઞ કહે છે તેમ નહિ પણ જેમ છે તે જાણે છે તેથી કહે છે.

જૈનદર્શનના વિસ્તૃત સમયસાર અને પ્રવચનસારમાં લખ્યું છે કે લોકાલોકના ભાવોને સર્વજ્ઞ જાણે એ વ્યવહારનયની અપેક્ષાએ છે, અને સર્વજ્ઞ સ્વ-આત્માના સ્વરુપને જાણે તે પરમાર્થ દૃષ્ટિ છે. જૈન આગમોમાં અનેક સ્થળે સર્વજ્ઞતાનો ઉલ્લેખ કર્યો છે. ભગવતીસૂત્ર, અંતકૃતદશાંગ સૂત્ર વગેરે આગમોમાં ઉલ્લેખ આવે છે કે ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ ભગવંતો તથા તીર્થંકરો, ગૌશાળો, શ્રેણિક, કૃષ્ણ વગેરેના ભાવિ જીવનની ઘટનાઓનું વર્ણન કરે છે અને જે સમયે જે રીતે જે દેશકાળ પ્રમાણે ઘટનાઓ બનવાની છે તે સ્વરૂપે જોઈને તેનું વર્ણન કરેલ છે. એટલે સર્વજ્ઞ ભગવંતો હસ્તામલકવત્ બધી ઘટનાઓના ત્રણે કાળના સર્વ પર્યાયોને જુએ છે, જાણે છે એવો સર્વજ્ઞતાનો અર્થ કરેલો છે.

આચાર્ય હરિભદ્રસૂરીએ પણ સર્વજ્ઞતાનો આવો અર્થ સ્વીકાર્યો છે. બીજો વિકલ્પ એ ઉદ્‌ભવે છે કે ઉપાસકદશાંગમાં બતાવ્યા પ્રમાણે સંપૂર્ણ ઘટનાક્રમને અનિયત માનીને પુરુષાર્થવાદનું સ્થાપન કરવાથી ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞની ભવિષ્યવાણીને યથાર્થ સાબિત કરી શકાય નહિ; કારણ કે સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાની ભવિષ્યમાં બનતી નિશ્ચિત ઘટનાઓ જોઈ શકે છે, અનિયત ઘટનાઓનું વર્ણન કરી શકે નહિ અને એમ માનીએ તો સર્વકાળના સર્વદ્રવ્યોના ભાવોની જાણકારી સર્વજ્ઞનું લક્ષણ હોય તો અનિયત ઘટનાઓનું દર્શન ન કરી શકનાર સર્વજ્ઞ કેવી રીતે કહી શકાય ?

આનો અર્થ અનિયતવાદ અર્થાત્ ભવિષ્યની ઘટનાઓ અનિયત હોય છે તે વાદ અસત્ય માનવો પડે અથવા ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞની વ્યાખ્યા બદલવી પડે અને એનો અર્થ ત્રણ કાળનું જ્ઞાન નહિ પણ સર્વજ્ઞને આત્મજ્ઞાન અને તમામ

ઈંગ્લેન્ડમાં રવીન્દ્રે 'ભગ્નહૃદય' નામનું દીર્ઘકાવ્ય લખવાનું શરૂ કર્યું હતું. પાછા ફરતાં સ્ટીમરમાં પણ એ લખાતું રહ્યું. કલકત્તા આવી તેમણે એ પૂરું કર્યું. વિફળ પ્રણયની કથાનું એ કાવ્ય ૩૪ સર્ગ, ૪૦૦૦ પંક્તિઓ અને ૨૦૦ પાનાંમાં પથરાએલું છે. ૧૮૮૨માં તે કૃતિ પ્રગટ થઈ. પોતાની સામે જ રહેલા સાચા પ્રીતિપાત્રને માણસ ઓળખી શકતો નથી અને દૂરના ખોટા પાત્ર પાછળ એ નિરર્થક ઝાવાં મારે છે, પરિણામે તે બંનેને ગુમાવે છે ને દુ:ખી થાય છે-આ ભાવ નિરૂપતી કથા 'ભગ્નહૃદય'માં વાંચવા મળે છે. રવીન્દ્રનાથની ઘણી કૃતિઓમાં આ વિષય નિરૂપાયો છે.

દર્શનોનું તત્ત્વજ્ઞાન જાણવાનું સામર્થ્ય હોય છે એવો અર્થ વિચારી શકાય.

આ વિચારણા પણ તર્કસિદ્ધ નથી. કારણ કે જો બનેલી ઘટનાને અનિયત માનીએ તો ઘટના માટે જવાબદારી કોને સોંપવી, તેના ફળ ભોગવવા કોણે તૈયાર રહેવું પડે અને શા માટે ? દરેક ઘટનાના કાર્ય-કારણભાવ હોય છે તે સિદ્ધાંત ખોટો પડે. અકસ્માત કે સંયોગાધિન અનિયત ઘટનાનું પરિણામ ભોગવવાની જવાબદારી કોની તે પ્રશ્ન ઉઠે ? અને શા માટે ? આમ તો કર્મ સિદ્ધાંત જ ખોટો પડે. કારણ કે અનિયત બનતી ઘટનાઓમાં શુભાશુભ કર્મ કરનારને શુભાશુભ ફળ ભોગવવા પડે એ કર્મ સિદ્ધાંત ખોટો પડે જે હકીકતમાં સર્વેના અનુભવમાં શુભાશુભ કર્મના શુભાશુભ ફળ ભોગવવાનું આવે છે.

અનિયત ઘટનામાં કાર્ય કારણ હેતુની વિચારણા જ ઉપયોગી ન થઈ શકે એ પણ સત્ય નથી કે કાર્ય-કારણ હેતુનો અભાવ હોય.

આમ તર્કથી એ વાત સિદ્ધ કરી શકાય કે ઘટનાઓ નિયતવાદ અનુસારે બને છે અને જેવી બનવાની છે તેની ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ જોઈને નિર્દેશન કરે છે, ભવિષ્યવાણી સાચી ઠરે છે.

આચારાંગ ભગવતીસૂત્ર આદિ આગમોના આધારે પંડિત સુખલાલજીનું મંતવ્ય એવું છે કે આત્મા, જગત, સાધનામાર્ગ સંબંધી સંપૂર્ણ દાર્શનિક જ્ઞાન, વર્તમાન યુગમાં સર્વજ્ઞનું જ્ઞાન માનવામાં આવે છે ત્રણ કાળના જ્ઞાનને નહિ. જૈન પરંપરામાં કેવળજ્ઞાન શબ્દનો અર્થ કેવળ દ્રવ્ય અને પર્યાય બંનેને સમાનભાવથી જાણે તેના જ્ઞાનને પૂર્ણજ્ઞાન કહેવાય છે. ગૌતમ બુદ્ધ પણ શિષ્યોને આ જ સંદર્ભમાં જણાવે છે કે હું ચાર આર્યશાસ્ત્રોનો સંપૂર્ણ જાણકાર છું પણ અગમ્ય કે કાલ્પનિક તત્ત્વોનો જ્ઞાતા નથી. આમ વાસ્તવિક ભૂમિકા ઉપર ગૌતમ બુદ્ધ પોતાને સર્વજ્ઞ કહેવડાવે છે, ત્રિકાળજ્ઞાની નહિ. આજ કથન પ્રભુ મહાવીરના કેવળજ્ઞાનને સરખાવતા અતિયુક્ત કે અલ્પોકિત વિના પોતે સકળ દ્રવ્ય પર્યાયના સંપૂર્ણ જ્ઞાનને કેવળજ્ઞાની તરીકે ઓળખાવતા હોવા જોઈએ, ત્રિકાળજ્ઞાની નહિ.

ગૌતમ બુદ્ધની પરંપરામાં બૌદ્ધિક વિદ્વાનોએ વાસ્તવિક ભૂમિકા ઉપર ગૌતમ બુદ્ધને સર્વજ્ઞ કહ્યા છે જ્યારે પ્રભુ મહાવીરની પરંપરામાં વિદ્વાનોએ ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ તરીકે વર્ણવ્યા છે. કેવળજ્ઞાની પોતે તો પોતાને દાર્શનિક જ્ઞાનની પૂર્ણતા જ સમજે છે ત્રિકાળજ્ઞાની નહિ. કેવળ શબ્દ સાંખ્ય દર્શનમાં પ્રકૃતિ પુરુષ વિવેકના અર્થમાં વપરાય છે. જો કેવળ શબ્દ સાંખ્ય દર્શનમાંથી જૈન પરંપરામાં આવ્યો હોય તો સ્વાભાકિ છે કે કેવળ જ્ઞાનનો અર્થ દાર્શનિક તત્ત્વોનું યથાર્થ સંપૂર્ણ જ્ઞાન એવો થાય ત્રિકાળજ્ઞાન થાય નહિ.

આચારાંગ સૂત્રમાં આવું વચન જે એગં જાણઈ સે સવ્વં જાણઈ આવે છે તેનો અર્થ પણ એ જ છે કે જે આત્મ સ્વરૂપને યથાર્થરૂપથી જાણે છે તે તેના સર્વ દ્રવ્યો, પર્યાયો, ભાવો જાણે છે પણ ત્રિકાળજ્ઞાની એવો અર્થ થતો નથી. ભગવતી સૂત્રમાં સી જાણઈ સી ણ જાણઈ નો ભાવાર્થ કેવળજ્ઞાની ત્રિકાળજ્ઞાની નહિ પણ વિશુદ્ધ આધ્યાત્મિક દાર્શનિક તત્ત્વોનો જ્ઞાની. સર્વજ્ઞને અનંતજ્ઞાની કહેવાથી ત્રિકાળજ્ઞાની અર્થ થઈ શકતો નથી. આ શબ્દો સ્તુતિવાચક હોઈ શકે, વાસ્તવિક અર્થમાં જ્ઞાન અનંત છે સર્વનું જ્ઞાન છે એમ માની શકાય નહિ. કોઈને અનંત ઉપકારી કહેવાથી અનંતા-અગણિત-ઉપકારો થોડા વર્ષોમાં કરેલા છે એવો વાસ્તવિક અર્થ ઉપજાવી ન શકાય. ભક્તિરુપે સ્તુતિરુપે કૃતજ્ઞ વ્યક્તિ અનંત ઉપકારી સંબોધન કરી શકે. આ અર્થમાં જૈનદર્શનના પુરુષાર્થવાદનું સમર્થન અને ગોશાળાના નિયતિવાદનું વિરોધપણું સિદ્ધ થઈ શકે છે.

જો કે જૈન અનુયાયી પરંપરાગત ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞાની આવી અવહેલના સહન નહિ કરી શકે. બૌદ્ધ અને હિંદુ પરંપરામાં પણ અનુયાયીઓએ સર્વજ્ઞતાનો અર્થ ત્રિકાળજ્ઞાની તરીકે સ્વીકારેલો છે. ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે હું અનેક જન્મોને જાણું છું તું નહિ.

હવે ત્રિકાળજ્ઞાની તરીકે પ્રભુ મહાવીર, ગૌતમ બુદ્ધ, શ્રી કૃષ્ણ ખરેખર સર્વજ્ઞ હતા કે નહિ અથવા ત્રિકાળજ્ઞાની કોઈ હોઈ શકે કે નહિ એ પ્રશ્ન ચર્ચા માંગી લે છે. વિશેષ રીતે વિવેચન કરતા એક વાત સ્પષ્ટ તારવી શકાશે કે ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ એ તર્ક વિરૂદ્ધ પણ નથી. દેશ-કાળની મર્યાદા વિના કેવળજ્ઞાની બધું જોઈ-જાણી શકે છે એ વાત તર્કથી સિદ્ધ કરી શકાય છે.

સાપેક્ષવાદના સમર્થક વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને પણ સંપૂર્ણ નિરપેક્ષ દૃષ્ટિ હોઈ શકે છે તે સિદ્ધાંત પણ સ્વીકારેલો છે, તેમ તર્કથી ત્રિકાળજ્ઞ સર્વજ્ઞ હોઈ શકે છે એ સિદ્ધાંત પણ સાબિત થઈ શકે છે. જો જગતનું સંચાલન નિયમબદ્ધ હોય તો તેની વ્યવસ્થાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતી વ્યક્તિને ત્રણે કાળની બનતી ઘટનાઓનું જ્ઞાન જરૂરથી હોઈ શકે. જેમ એક નિષ્ણાત જ્યોતિષીને ગ્રહ-નક્ષત્રની અસરોનું

રવીન્દ્ર ગાતા, જ્યોતિરીન્દ્ર વાયોલિન વગાડતા, કાદમ્બરીદેવી ભાવ-વિભોર થઈ સાંભળી રહેતાં. ઢળતી સંધ્યાએ બજડા (નાની હોડી)માં બેસી ત્રણે ગંગા-વિહાર કરવા નીકળી પડતાં. પૂરવી રાગિણીથી શરૂ કરી બિહાગ સુધી પહોંચી જતા.

કાદમ્બરીદેવી રવીન્દ્રનાથ કરતાં ત્રણેક વર્ષ મોટાં હતાં. માતાના મૃત્યુ પછી તેમણે જ વાત્સલ્યપ્રેમ આપ્યો હતો. હેત અને જતનથી તેમણે જ રવીન્દ્રનાથને ઉછેર્યા હતા. કિશોરવયમાં તેમણે સખ્ય પૂરું પાડ્યું હતું. રવીન્દ્રનાથમાં સાહિત્ય અને સંગીતપ્રીતિ ખીલવવામાં તેમનો ફાળો મોટો હતો. તેમણે પ્રોત્સાહન અને પ્રેરણા પૂરાં પાડ્યાં હતાં. કાદમ્બરીદેવી વિષે 'છેલેબેલા' અને 'જીવનસ્મૃતિ'માં રવીન્દ્રનાથે ઘણી વાતો આલેખી છે.

જ્ઞાન હોય તો તે ભૂત-ભવિષ્ય-વર્તમાનની ઘટનાઓનું બધા પ્રકારના સૂર્ય ચંદ્ર ગ્રહોની ચાલ-ગતિનું ત્રણકાળનું જ્ઞાન ધરાવી શકે છે. જો સર્વજ્ઞ આત્મ દ્રવ્યના બધા જ પર્યાયો જાણે છે તે સ્વીકારીએ છીએ તો આત્માના તમામ પર્યાયોની નિયતિ-નિશ્ચિતતાનું જ્ઞાન પણ સંભવી શકે છે.

નિયતિવાદ અને જૈન સર્વજ્ઞતામાં ફરક એટલો છે કે નિયતિવાદ વ્યક્તિના પુરુષાર્થ કે સ્વાતંત્ર્યનો અસ્વીકાર કરે છે જ્યારે જૈન ધર્મની સર્વજ્ઞતા વ્યક્તિની સ્વતંત્રતા અને પુરુષાર્થનો સ્વીકાર કરી સર્વ પર્યાયોની નિયતતાનો સ્વીકાર કર છે. પ્રભુ મહાવીરના જીવન પ્રસંગો ઉપરથી ઘટનાઓની નિયતાનિયતનો અભ્યાસ કરવાથી સર્વજ્ઞતા અને પુરુષાર્થવાદને સમર્થન મળે છે. આમ ત્રિકાલજ્ઞ સર્વજ્ઞની ધારણામાં પુરુષાર્થની સંભાવના નિયત પુરુષાર્થના રૂપમાં જ શક્ય છે. નિયતિમાં પુરુષાર્થ આવશ્યક છે અને તે પુરુષાર્થ પણ નિયત હોય છે અનિયત નહિ. અને સર્વજ્ઞતામાં નિયતિ પ્રમાણભૂત છે. આમ સર્વજ્ઞથી વ્યક્તિનો પુરુષાર્થ નિર્ધારીત નથી થતો પણ ભવિષ્યમાં થવાના નિયત પુરુષાર્થનું જ્ઞાન સર્વજ્ઞને હોય છે અર્થાત્ સર્વજ્ઞ જે જાણે છે તેવો પુરુષાર્થ વ્યક્તિ કરવાને બંધાયેલો નથી પણ વ્યક્તિ દ્વારા જે પુરુષાર્થ થવાનો છે તેનું જ્ઞાન સર્વજ્ઞ વર્ણવે છે. એટલે સર્વજ્ઞતામાં વ્યક્તિની સ્વતંત્રતા કે વ્યક્તિના પુરુષાર્થની અવગણના હોતી નથી.

સારાંશમાં સાચી દૃષ્ટિથી મૂલ્યાંકન કરવાથી સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાની છે, ભૂત-ભવિષ્ય-વર્તમાન જાણે છે, જુએ છે, ત્રણે લોકના સકળ દ્રવ્યોના ભાવોને, પર્યાયોને જુએ છે અને એ અર્થમાં અનંતજ્ઞાની પૂરવાર થાય છે.

જૈન દર્શન વિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામી દુક્કડં.

* * *

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૫૯૦

ગાંધીજી અને ગુરુદેવ

ગૌરી પંત 'શિવાની' (૧૯૨૩-૨૦૦૩) ● અનુવાદ : **શાંતિલાલ ગઢિયા**

ગાંધીજીનો જન્મોત્સવ–સમારંભ શાંતિ નિકેતનમાં ખૂબ ધામધૂમથી મનાવવામાં આવતો. પ્રાર્થનાસભા ઘણું કરીને આમ્રકુંજમાં થતી. એક વખત ગુરુદેવે આ સભામાં કહ્યું હતું:

'આજે મહાત્મા ગાંધીના જન્મદિન સમારંભમાં આપણે આશ્રમવાસીઓ આનંદોત્સવ કરીશું. હમણાં જે સ્વરગાન થયું તેનો આરંભ પકડવા માંગું છું. જેમને કેન્દ્રમાં રાખી આપણે આનંદ મનાવી રહ્યા છીએ એમનું સ્થાન ક્યાં છે ? એમની વિશિષ્ટતા શી છે ? જે દૃઢ શક્તિના પ્રભાવથી ગાંધીજીએ સમસ્ત ભારતવર્ષને સચેતન બનાવી દીધું છે, એ પ્રચંડ છે. સમસ્ત દેશની પૂરી છાતી પર પડેલા ભારે પથ્થરને એ શક્તિએ હલાવી દીધો છે.'

ગાંધીજીના અનશન વખતે પણ આખા આશ્રમમાં ઉદાસી અને ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. આશ્રમવાસીઓને એકઠા કરી ગુરુદેવે ફરી એજ આમ્રકુંજમાં એક સભામાં ઉદ્‌બોધન કર્યું હતું:

'જય હો એ તપસ્વીનો, જે અત્યારે મૃત્યુને પોતાની સામે રાખીને બેઠો છે, ઈશ્વરને હૃદયસ્થ કરીને, સમસ્ત હૃદયના પ્રેમને તપાવીને, બાળીને. તમે સૌ જયઘોષ કરો એમનો, જેથી તમારો કંઠસ્વર એમના આસન સુધી પહોંચી શકે. કહો, તમને ગ્રહણ કરી લીધા છે, તમારા સત્યને અમે સ્વીકારી લીધું છે. જે ભાષામાં એ બોલી રહ્યા છે, એ કાનથી નહિ, પ્રાણથી સાંભળવાની ભાષા છે. મારી ભાષામાં જોર ક્યાં છે ? ભાષાની પરાકાષ્ટા તો એ મનુષ્યની છે, કારણ કે નિઃશંક એ તમારા પ્રાણ સુધી પહોંચે છે.'

> *મને એવું યાદ છે કે સદર સ્ટ્રીટનો રસ્તો જ્યાં પૂરો થતો હતો ત્યાં ફ્રી-સ્કૂલના બગીચાનાં ઝાડ દેખાતાં હતાં. એક દિવસ સવારે વરંડામાં ઊભો રહીને હું એ તરફ જોતો હતો. જોતાં-જોતાં અચાનક એક પળમાં મારી આંખો પરથી જાણે એક પડદો સરી ગયો. આખી દુનિયા મને કોઈ અપૂર્વ મહિમામાં તરબોળ દેખાઈ, ચારેબાજુ સૌંદર્યનાં મોજાં ઊછળતાં હતાં. મારા હૃદયમાં વિષાદના જે થર બાઝેલા હતા તેને એક પલકમાં ભેદી નાખી મારા સમસ્ત અંતરને વિશ્વજ્યોતિએ એકદમ છલકાવી દીધું. તે જ દિવસે 'નિર્ઝરેર સ્વપ્નભંગ' કવિતા નિર્ઝરની પેઠે જ જાણે પ્રગટ થઈને વહી ચાલી. કવિતા પૂરી થઈ ગઈ, પરંતુ જગતના એ આનંદમય સ્વરૂપ ઉપર પડદો પડ્યો નહિ. મારી એવી દશા થઈ હતી કે મને હવે કોઈ જ અને કંઈ જ અપ્રિય રહ્યું નહિ...*
>
> **–રવીન્દ્રનાથ ટાગોર**

બોલતાં બોલતાં ગુરુદેવનો કંઠસ્વર ઉત્તેજિત થઈ કાંપવા લાગ્યો હતો. પછી જ્યારે સન ૧૯૪૦ના ફેબ્રુઆરીમાં ગાંધીજી આશ્રમે આવ્યા, ત્યારે તો જાણે ઉત્સવોનું પૂર ઊમટ્યું હતું. અતિ વિશાળ શમિયાણો ઊભો કરાયો હતો. પૂ. બા પણ પધાર્યાં હતાં. વિવિધ પ્રકારનાં ચિત્રોથી આશ્રમની જમીન અને દિવાલો સુશોભિત કરવામાં આવી અને બે-ત્રણ દિવસ સુધી નાનામોટા ઉત્સવો ચાલતા રહ્યા હતા.

* * *

એ–૬, ગુરુકૃપા સોસાયટી,
શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ,
વડોદરા-૩૯૦ ૦૦૬.

અનુભૂતિની અફલાતૂન અભિવ્યક્તિ

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

એકવાર, છ દાયકા પુરાણા મારા અધ્યાત્મક–સુહૃદય ડૉ. ભાસ્કરભાઈ દેસાઈના શ્રીમતી કુમુદબહેન દેસાઈએ અણધાર્યો ચોંકાવનારો પ્રશ્ન પૂછ્યો: 'તે હેં અનામીભૈ ! તમે આ પ્રણય–કાવ્યો લખો છો તે કોઈને પ્રેમ કરીને લખો છો ? શ્રીમતી કુમુદબહેનનો આવો પ્રશ્ન પ્રો. ભાસ્કરભાઈને વિચિત્ર લાગ્યો એટલે પત્નીને ટોકતાં કહે: 'આવું શું પૂછતી હોઈશ.' કુમુદબહેને કહ્યું: 'એમાં શું ખોટું છે ? જાણવું તો જોઈએ ને કે આ કવિઓ પ્રણયકાવ્યો લખે છે તે કેવળ કલ્પનાથી કે વાસ્તવિક અંગત અનુભવથી.' મેં મારા મિત્ર પત્નીને અતિ–સંક્ષેપમાં કહ્યું: 'કલ્પનાથી લખાય, અન્યના અનુભવથી પણ લખાય, સાહિત્યમાં નિરૂપિત વાંચીને લખાય પણ અંગત અનુભવ અને અનુભૂતિની વાત નિરાળી; કેમ જે 'સુસ્પષ્ટ અનુભૂતિની સુદક્ષ અભિવ્યક્તિ તે કવિતા'...પછી તે કવિતા પ્રણયની હોય, પ્રકૃતિની હોય, ભક્તિની હોય કે કોઈ પણ વિષયની હોય.

એવું કહેવાય છે કે કવિશ્રી નરસિંહરાવ દીવેટિયાના મિત્રની પત્નીનું અવસાન થયું. મિત્રભાવે તેમણે નરસિંહરાવને કવિતા લખવાનું કહ્યું ત્યારે કવિએ કહ્યું: અવસાન તો તમારા પત્નીનું થયું છે, મારી પત્ની સુશીલા તો જીવે છે.' આ ઉક્તિની પાછળ પમ અંગત અનુભૂતિ કેન્દ્રમાં છે. ધાર્યું હોત તો નરસિંહરાવ મિત્ર પત્નીના અવસાનનું વિરહકાવ્ય...શોક પ્રશસ્તિ કાવ્ય લખી શક્યા હોત પણ એમાં અંગત તીવ્ર અનુભૂતિની ઉણપ રહેત. પ્રતિભાશાળી કવિ અનન્ય કલ્પનાથી અન્યની ઉત્કટ અનુભૂતિની અભિવ્યક્તિ કરી શકે છે. દાખલા તરીકે કાલિદાસનો 'અજ–વિલાપ' ને 'રતિવિલાપ' પણ આવા પરલક્ષી અનુભવમાંય આત્મલક્ષી અનુભૂતિની છાંટ કે માત્રા ગર્ભિત હોય છે. પરકાયા પ્રવેશશક્તિની જેમ અન્યના મનોગતના આંતર પ્રવાહોને તાગવાની સર્જકમાં શક્તિ હોવી જોઈએ. સર્વજનીન ને સર્વકાલીન સાહિત્યની આ જ તો ખૂબી ને બલિહારી છે. વ્યાસવાલ્મીકિની યાવચ્ચન્દ્રદિવાકરૌ પ્રતિભાનું આ રહસ્ય છે. 'વ્યાસોચ્છિષ્ટમ્ જગત સર્વમ્' ઉક્તિમાં સર્વજનીન ને સર્વકાલીન અનુભવ ને અનુભૂતિનો અણસાર અભિપ્રેત છે.

સેંકડો વર્ષ જીવે તથાપિ માનવ આખરે તો મર્ત્ય જ છે જ્યારે એનું પ્રથમ કક્ષાનું સાહિત્ય અમર છે. ઋષિ વિશ્વામિત્રને થઈ ગયે વર્ષો વહી ગયાં પણ એમણે આપેલો ગાયત્રીમંત્ર આજે હજ્જારો વરષથી આર્ય પ્રજાના કંઠમાં ને રક્તમાં રણકે છે, વહે છે.

ૐ તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ
ધિયો યો નઃ પ્રચોદયાત્ ।।

આ મંત્ર સંબંધે પ્રો. બ. ક. ઠાકોર લખે છે: 'આર્ય પ્રજાના અવાજનો આ મણિ આ જ પણ પ્રથમ ઉચ્ચારાયો તે ક્ષણના જેટલો જ જ્યોતિર્મય છે, સજીવન છે...હિંદુ પ્રજા ગત થશે, તે પછી પણ એ મંત્ર હજારો ને લાખ્ખો માણસો રહ્યા કરશે. સાહિત્યની અમરતા તે આનું નામ.' (વિવિધ વ્યાખ્યાનો–ગુચ્છ ત્રીજો, પૃ. ૧૫૭).

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–આ ચાર પુરુષાર્થ છે. ચાર આશ્રમ ને ચાર વર્ણની આપણે ત્યાં વ્યવસ્થા હતી. ચાર આશ્રમ દરમિયાન ચાર પુરુષાર્થ સાધવાના હતા. જીવનની આ સુંદર વ્યવસ્થા હતી. ધર્મ દ્વારા અર્થ, કામ ને મોક્ષની પ્રાપ્તિ શક્ય હતી. મહાભારતના રચયિતા ભગવાન વ્યાસનું આ દર્શન હતું, પણ પ્રજા અર્થ ને કામમાં રત હતી. ધર્મ ને મોક્ષની બહુ ઓછાને પડી હતી...ત્યારે આક્રોશપૂર્વક અરણ્યરુદન–વાણી ઉચ્ચારે છે: 'ઊંચા હાથ કરીને હું હંમેશાં બૂમ પાડું છું: છતાં મારું કોઈ સાંભળતું નથી કે **ધર્મ થકી જ અર્થ અને કામ સિદ્ધ થાય છે,** છતાં પણ એને (ધર્મને) લોક કેમ નહિ સેવતા હોય: (ધર્મવર્ણન–પૃ. ૬૮) ભગવાન વ્યાસના જમાનાની જો આ સ્થિતિ હતી તો આજે તો સ્થિતિ એથી પણ બદતર છે. પ્રજા વર્ણાશંકર થતી જાય છે, આશ્રમો બે જ રહ્યા છે ને પુરુષાર્થ પણ બે જ રહ્યા છે...અર્થ અને કામ, મહાભારત કાળમાં અર્થદાસો હતા...વ્યાસને કહેવું પડ્યું: 'સર્વ અર્થના દાસ છે, અર્થ કોઈનો દાસ નથી.' ભૌતિકવાદના, બાબરા ભૂતે માઝા મૂકી છે, એણે કામાચાર વધાર્યો છે ને 'સબસે બડા રૂપૈયા'ની બોલબાલા કરી મૂકી છે. ધર્મની હાટડીઓ મંડાઈ છે ને મોક્ષ વાસનાતૃપ્તિ પૂરતો પર્યાપ્ત છે. વ્યાસનું આર્ષ–દર્શન સર્વકાલીન ને સર્વજનીન છે. એમના પુણ્ય–પ્રકોપ અને અરણ્યરુદનને ચિત્રબદ્ધ કરવા જેવા ખરા. કલ્પના-શક્તિને કામે લગાડો. કવિ–ઋષિ–મનીષીનું આ અમર–દર્શન છે. સચોટ ભવિષ્યવાણી જેવું. કવિ: કાન્તદર્શી તે આનું નામ. એ દર્શનની અભિવ્યક્તિ પણ કેટલી બધી વેધક ને સચોટ છે. એક ઉપનિષકારે પણ સત્યના મુખને સુવર્ણ પાત્રથી ઢંકાયેલું ક્યાં કહ્યું નથી. સુવર્ણ બોલે ત્યાં સત્ય ચૂપ. સુવર્ણપાત્રના એ આવરણને તો પૂષન જ દૂર કરી શકે ને સત્યનો પ્રકાશ પ્રસરાવી શકે. આજના રાજકારણમાં પણ સત્યના મુખને સુવર્ણનું પાત્ર જ ઢાંકે છે ને ! રાજકારણની વાત નીકળી છે તો તિલક મહારાજને યાદ કરીએ. એમના બે વાક્યોમાં જ એમની અનુભૂતિની અભિવ્યક્તિ કેવી સચોટ રીતે વ્યક્ત થઈ છે: 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે ને તે હું લઈને જ રહીશ.' એમના અનુગામી પૂ. બાપુના લખાણમાંથી તો આવાં અનેક શબ્દ–બ્રહ્મના દર્શન થાય. 'મારું જીવન, મારી વાણી' બાકી બધું ઝાકળપાણી).

હું દેવદારના વનમાં ભમ્યો, ઝરણાંને કાંઠે બેઠો, તેના જળમાં નાહ્યો, કાંચનજંઘાનો મેઘયુક્ત મહિમા અનિમેષ આંખે જોઈ રહ્યો, પરંતુ દર્શન થવું સહેલું માન્યું હતું ત્યાં મને કશું મળ્યું નહીં...

નગાધિરાજ ગમે તેવા અભ્રભેદી હોય તોપણ તેઓ કંઈ આપી શકે એમ નથી. જે આપવાવાળો છે તે તો ગલીના નાકે એક જ પલકમાં વિશ્વનું દર્શન કરાવી આપે છે.

–રવીન્દ્રનાથ ટાગોર

'મારા જેવા લાખ્ખોનો ક્ષય થાઓ પણ સત્યને માપવાનો ગજ ટૂંકો ન બનો.' કાગડા–કૂતરાને મુખે મરીશ પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ મૂકનાર નથી.' અને સ્વામી વિવેકાનંદની વાણીનું વીર્ય પણ કેટલું બધું ઓજસ્વી ને પ્રેરક છે: 'ઉત્તિષ્ઠત, જાગ્રત, વરાન પ્રાપ્ય નિબોધત'–જાગો, ઊઠો અને ઉત્તમ વસ્તુને પ્રાપ્ત કરો.' `Arise, Awake & stop not till the goal is reached.'

કવિ કાલિદાસનું મહાકાવ્ય 'રઘુવંશ' મેં ઘણીવાર વાંચ્યું છે, એમાંનું ઘણુંબધું મને ગમ્યું છે પણ અનેક રીતે મહત્વના એક પ્રસંગના સંસ્કાર મારા ચિત્તમાં વર્ષોથી દૃઢ થયા છે તે હજી સુધી ભૂલાયા નથી એમાં સીતાના વ્યક્તિત્વને જે ઉઠાવ મળ્યો છે તે અદભુત છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે આર્યનારીને માટે સીતા–સાવિત્રી જેવાં અનુકરણીય આદર્શ પાત્રો છે...બીજે શોધવાની શી જરૂર છે? ધોબીની ટીકાથી રામ સીતાનો ત્યાગ કરે છે. લક્ષ્મણને શિરે કપરી જવાબદારી આવી છે–માતા સમી ભાભીને વાલ્મીકિના આશ્રમમાં પહોંચાડવાની. કામ પતતાં લક્ષ્મણ સીતાને વંદન કરી કહે છે દેવિ! ક્ષમસ્વેતિ બભૂવ નમ્રઃ' લક્ષ્મણને ઉઠાડીને સીતા કહે છેઃ પ્રીતાસ્મિ તે સૌમ્ય! ચિરાય જીવ' 'પ્રસન્ન હું, વત્સ! ચિરંજીવી થાઃ જતાં જતાં લક્ષ્મણને બે–ત્રણ વાતો કહે છે...તેમાં પ્રથમ અનુક્રમે બધી જ સાસુઓને પ્રણામ પાઠવે છે ને પોતે સગર્ભા છે એટલે કહેવડાવે છે:–

વસેલ મારા ઉદરે તમારા
સુપુત્રના અંશનું રૂડું ચાહજો.'

ગીતાંજલિ

૧૯૧૦માં પ્રગટ થયેલી બંગાળી 'ગીતાંજલિ'ની આવૃત્તિ અને જેને માટે મુખ્યત્વે રવીન્દ્રનાથને ૧૯૧૩માં નોબેલ પુરસ્કાર મળ્યો તે અંગ્રેજી 'ગીતાંજલિ', એ બંને સ્વતંત્ર અને જુદાં જ પુસ્તકો છે. બંગાળી 'ગીતાંજલિ'માં ૧૯૦૬થી ૧૯૧૦ દરમ્યાન લખાયેલાં બંગાળી ગીતો છે, જ્યારે અંગ્રેજી 'ગીતાંજલિ' રવીન્દ્રનાથના જુદા-જુદા દસ જેટલા કાવ્યસંગ્રહોમાંથી તેમણે પોતે ચૂંટેલાં અને અનૂદિત કરેલાં ૧૦૩ કાવ્યોનું ગુચ્છ છે.

પહેલી નવેમ્બર ૧૯૧૨ના દિવસે 'ગીતાંજલિ'ની પહેલી મર્યાદિત આવૃત્તિ પ્રગટ થઈ, ૭૫૦ પ્રત છપાઈ.

૧૯૧૩ના માર્ચમાં લંડનની મૅકમિલન કંપનીએ 'ગીતાંજલિ'ની પ્રથમ જાહેર અને પ્રમાણભૂત આવૃત્તિ પ્રગટ કરી. નવેમ્બર ૧૯૧૩માં 'ગીતાંજલિ' માટે રવીન્દ્રનાથને નોબેલ પુરસ્કાર મળ્યો. માર્ચ અને નવેમ્બરના આઠ માસના ગાળામાં નોબેલ પ્રાઈઝ પૂર્વે 'ગીતાંજલિ'નાં દસ પુનર્મુદ્રણ થયાં.

'ગીતાંજલિ'ના ગીતોની સાદગી ને નિખાલસતા, ભાવવાહિતા ને નાદમાધુર્ય એવાં તો સચ્ચાઈભર્યાં છે કે આપણને લાગે કે આ તો જાણે મારાં જ મન-હૃદયના ભાવ. આથી જ **કાકા કાલેલકરે 'ગીતાંજલિ'ને 'હૃદયની સાર્વભૌમ વાણી' તરીકે વર્ણવી છે.** દેહદમન, ત્યાગ, ધ્યાન કે તપનું તેમાં નામ નથી. સમગ્ર જીવનની સુવાસ, સૌંદર્ય અને આનંદ 'ગીતાંજલિ'માં અનુભવાય છે. વ્યાકુળતા, ભક્તિ, કૃપા અને સમાધાનથી 'ગીતાંજલિ' તરબતર છે. **કાકાસાહેબ કહે છે, ચિરપરિચિતતાનું સમાધાન અને અનનુભૂત નવીનતાની ચમત્કૃતિ બંને એકસાથે 'ગીતાંજલિ'માં મળે.**

લંડન આવી રવીન્દ્રનાથે રોધેન્સ્ટાઈનને 'ગીતાંજલિ'નો અનુવાદ દેખાડ્યો. રોધેન્સ્ટાઈન પ્રસન્ન-ચકિત થઈ ગયા. તેમણે લખ્યું:

...મેં કવિતાઓ વાંચી. એક નવા જ પ્રકારની કવિતાઓ મારી આંખો સમક્ષ હતી. મોટા ગજાના રહસ્યવાદી કવિઓની સંતવાણી જેવું તે કવિતાઓનું સ્તર હતું.

...રવીન્દ્રનાથની કવિતાનો એક પછી એક પાઠ થયો...તે સાંજે મેં કેવો અસીમ આનંદ અનુભવ્યો તે મને બરાબર યાદ છે. રવીન્દ્રનાથની કવિતાના આસવે મને મત્ત કરી મૂક્યો. ચૅપમૅને કરેલો હોમરનો અનુવાદ પહેલવહેલી વાર વાંચી કવિ કિટ્સને થયો હતો બરાબર તેવો જ અનુભવ મને થયો.

સિન્કલેરે રવીન્દ્રનાથ પરના પત્રમાં લખ્યું :

...તમારી કવિતાના પ્રભાવને હું કદી ભૂલી નહીં શકું. તમારા કાવ્યોમાં મને મૂર્તિમંત સૌંદર્યઅને કવિતાની પૂર્ણસિદ્ધિ જોવા મળ્યાં છે, એટલું જ નહીં મને ક્યારેક જ આછોઅમથો અને અનિશ્ચિતપણે થતો દિવ્યતાનો પરિચય તમારી કવિતાથી પૂર્ણ થયો છે.

પૉલ નૅશે અહેવાલ આપ્યો છે :

...મારા પોતાના ધૂંધળા વિચાર ને લાગણીઓ (આ કાવ્યોમાં) એટલાં તો સ્પષ્ટ અને સુંદર રીતે અભિવ્યક્ત થયેલાં લાગે છે કે હું આનંદવિભોર થઈ ગયો. મનની શાંતિ અને શક્તિ માટે બાઈબલની જેમ હું 'ગીતાંજલિ'

એ પછી પતિ રામને સંદેશમાં આર્યપુત્ર, પ્રિયતમ કે એવાં આત્મીય સંબોધન ન કરતં કહે છેઃ

'ને વેણ કહેજે મુજ **રાજને** એ. મારા ને પ્રજાના રાજાને કહેજે કે 'તું સમ્મુખે અગ્નિથી વિશુદ્ધ થૈ, છતાં

લોકાપવાદે મુજને તજી, એ

પ્રસિદ્ધ ત્હારા કુલને શું છાજે?'

ત્હારા જેવો પ્રતાપી પતિ હોવા છતાં મારે અન્યને શરણે જવાનું! બીજી એક મહત્ત્વની વાત. તારા વિયોગમાં જ મેં દેહ છોડ્યો હોત, જીવનનો મને મોહ નથી પણ જીવી રહી છું કારણ કે–હું સગર્ભા છું...ને મારી ફરજ છે મારી કૂખમાં આડશરૂપ રહેલ 'તારું વસ્યુ તેજ રખોપવાનું.'

પ્રસૂતિ બાદ હું તપ તપીશ ને પ્રભુને પ્રાર્થીશ કે–

'ભૂયો યથા મે જનનાન્તરેઽપિ
ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગ'
'કે આવતા યે ભવમાં, ફરીને તમે જ મારા પતિ, ને, વિજોગ ના.'

મનુએ કહ્યા પ્રમાણે, વર્ણાશ્રમ ધર્મનું પાલન કરાવવાનું રાજાનું કર્તવ્ય છે તો આમ ત્યાગી મુજને, છતાંયે

બીજા તપસ્વી સમ ધ્યાન રાખજો.'

અનુભૂતિઓની આ અભિવ્યક્તિ કેટલી બધી કરુણ–ભવ્ય છે! પાત્રોનું આભિજાત્ય ને દાક્ષિણ્ય પણ ઉચ્ચ કક્ષાએ નિરૂપાયું છે. દૃશ્યમાળાની ગૂંથણી કેટલી બધી કલાત્મક ને સચોટ છે. સાહિત્યમાંથી આવાં તો અનેક દૃષ્ટાંતો મળી રહે પણ સંત–કવિ કબીર જે ખાસ કંઈ ભણ્યા જ નહોતા એમના

સાહિત્યમાંથી અનુભૂતિની ને તેની દક્ષ અભિવ્યક્તિની અનેક પંક્તિઓ મળે છે ત્યારે આનંદ સાથે આશ્ચર્ય થાય છે. 'આકાશવાણી'–અમદાવાદ–વડોદરાએ કબીરની આ પ્રકારની વાણીનો પ્રચાર કરવામાં ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આના સમર્થનમાં અનેક દૃષ્ટાંતો આપી શકાય પણ હું કેવળ બે જ દૃષ્ટાંત આપીશ. તનના જોગી તો અનેક મળે પણ મનના જોગી મળવા વિરલ. પ્રભુમાં ધ્યાન ન હોય ને માળા ફેરવવી એ કેવળ દંભ ને આત્મપ્રતારણા છે. નમાજ સમે જોરથી બાંગ પોકારનારને કબીર કહે છે કે ખૂદા તો કીડીના પગનો ઝાંઝરનો રણકાર પણ સાંભળી શકે તો તું શીદને જોરથી બાંગ પૂકારે છે...'શું અલ્લાહ (ખુદા) તેરા બહેરા હૈ?' અહીં અખો સોનારો યાદ આવે. અખો કહે છેઃ–

'સજીવાએ નજીવાને ઘડ્યો
ને સજીવો નજીવાને કે'છે કે–
તું મને કાંક દે,
આ અખો ભગત તો એમ પૂછે છે કે–
અલ્યા! ત્હારી તે એક ફૂટી છે કે બે?

સ્નેહના સંબંધો–મૈત્રી–નિભાવવી અતિ કપરી સાધના છે, છતાં મૈત્રી થઈ જાય પણ એ અતંદ્ર જાગ્રતિ માગે છે, પ્રમાદ, અપેક્ષા, ઉપેક્ષા એમાં ન નભે. કબીર પ્રેમ–સંબંધે લખે છેઃ–

નેહ નિભાવન કઠન હય,
સબસે નિભત નાહિ;
ચઢવો મોમ–તુરંગપે,
ચલવો પાવક માંહિ.

સ્નેહ તો થાય પણ એને નિભાવવો કેટલો કઠણ છે. તત્સંબંધે એના આપેલા દૃષ્ટાંતનું નાવીન્ય મૌલિક ને સચોટ છે. કબીર કહે છે કે મૈત્રી કે સ્નેહસંબંધ નિભાવવો તે મીણના ઘોડા ઉપર સવારી કરી અગ્નિપથ પર ચાલવા જેવી કપરી વાત છે. 'ઢાઈ અક્ષર પ્રેમકા'ની વાત જ નિરાળી છે!

કેટલીક અનુભૂતિઓ વ્યષ્ટિગત ને કેટલીક સમષ્ટિગત હોય છે. લંગડો, આંધળો, મૂંગો, બધિરની અનુભૂતિઓ કેવી હોય?એમની અપૂર્ણતાઓને, ખોડખાંપણોને, અધૂરપોને સંવેદનશીલ કવિ ગુણ–વિશેષમાં મૂલવી બતાવે ત્યારે? વાંચો આ વિરલ શ્લોકઃ–

પંગો વન્દ્યસ્ત્વમસિ ન ગૃહં યાસિ યોડર્થી પરેષાં
ધન્યોડન્ધ ત્વં ધનમદવતાં નેક્ષસ યન્મુખાનિ।
શ્લાઘ્યો મૂક ત્વમસિ કૃપણં સ્તૌષિ નાર્થાશયા યઃ
સ્તોતવ્યસ્ત્વં બધિર ન વચો યઃ ખલાનાં શૃણોષિ।।

મતલબ કે હે લંગડા માણસ! તું વંદન કરવાને લાયક છે કારણ કે તું પારકાને ઘેર કંઈ માગવા જતો નથી? હે આંધળા માનવ! તને ધન્ય છે કારણ કે ધનથી ઉન્મત્ત બનેલા માણસોના મુખ તારે જોવા પડતાં નથી; હે મૂંગા માણસ! તું પ્રશંસાને પાત્ર છે કારણ કે કંજૂસ માણસની પાસે ધન મેળવવાની આશાથી તું પ્રશંસા કરતો નથી. હે બહેરા માનવ! તું વખાણને પાત્ર છે કારણ કે તારે દુર્જનોનાં ખરાબ વચનો સાંભળવા પડતાં નથી.

એક અતિશય કરુણ અનુભૂતિનું દૃષ્ટાંત મહાત્મા

વાંચવાનું પસંદ કરું.

રવીન્દ્રનાથે 'ગીતાંજલિ' રોધેન્સ્ટાઈનને અર્પણ કરી. યેટ્સે 'ગીતાંજલિ' માટે અદ્‌ભુત પ્રસ્તાવના લખી. તેમણે લખ્યું છેઃ

....અનુવાદની હસ્તપ્રત સાથે ને સાથે રાખી દિવસોના દિવસો સુધી હું ફર્યો છું; ટ્રેનના ડબ્બામાં, બસના ઉપલા માળે કે રેસ્ટોરાંમાં બેઠાં-બેઠાં – જ્યાં તક અને સમય મળે ત્યાં – હું આ કવિતાઓ વાંચતો રહ્યો છું...

...આપણાથી સાવ અજાણી એવી એક આખી પ્રજાને, એક આખી સંસ્કૃતિને કવિની કલ્પનાના કૅમેરાએ ઝડપી છે, પણ અજાણપણાનું રહસ્ય-વિસ્મય નહીં, પણ તેમાં જોવા મળતી આપણી પોતાની જ છબી આપણને ભાવવિભોર કરી મૂકે છે.

અમેરિકાના 'ફૉર્ટનાઈટલી રિવ્યૂ'માં **ઍઝરા પાઉન્ડે** 'ગીતાંજલિ' વિષે લેખ કર્યો; લખ્યું:

...પદ્યખંડોમાં ક્યાંક-ક્યારેક (ગ્રીક સંસ્કૃતિની) 'હેલેનિક' પુનિત-ભવ્યતાની ઝલક દેખાય છે, તો ઘણી બધી જગાએ દ ગુરુમૉન્ટ કે બૉદલેર જેવા કવિઓએ આખરી તબક્કામાં સાધેલી શુદ્ધ કાવ્યસફાઈ જોવા મળે છે.

...રવીન્દ્રનાથની કવિતાઓના પાયામાં તેમજ તેના આકાશમાં વિસ્મિત શાંતતા છવાયેલી છે...આપણા યાંત્રિક જીવનમાં એકાએક શાણપણનું નીરવ પ્રભાત ઊઘડી ઊઠે છે...

...પ્રકૃતિ સાથે કવિ એકાકાર થઈ ગયા છે. ક્યાંય કશો જ વિરોધ રહ્યો નથી.

લંડનના ટાઈમ્સ લિટરરી સપ્લિમેન્ટે ઊંચામાં ઊંચા પ્રકારના અભિનંદન આપ્યાં:

'ગીતાંજલિ'ની રચનાઓ વાંચતાં આપણા યુગના કોઈ ડેવિડના સ્તોત્રો વાંચતાં હોઈએ એવો અનુભવ થાય છે. પોતાના શ્રદ્ધા-સાધનાકર્મ અને જીવન-અનુભવોથી કવિ ઈશ્વર પામ્યા છે. તેને ઉદ્દેશીને તેમણે કાવ્યો રચ્યાં છે.

...ક્યાંય કલા-કસબ કે બુદ્ધિની છીછરી ચાતુરી નથી...સાદગી એવી પૂર્ણ છે કે કાવ્યોને તો સૌ કોઈ સહજતાથી સમજી શકે અને છતાંય તેમાં સમજવા જેવું ગંભીર ઊંડાણ અલ્પ કે નહિવત્ તો નથી જ નથી

તેમની કવિતામાં ઘણાને બાઈબલનું શાણપણ અને શાંત રમ્યતા દેખાયાં. ડાર્વિનના વિદુષી પૌત્રી ફ્રાન્સિસ કોનફોર્ડે એકરાર કર્યો, 'રવીન્દ્રનાથને મળ્યા પછી એકીસાથે શક્તિપ્રભાવી અને મૃદુ એવી ઈશુની પ્રતિભામાં હું માનતી થઈ. તે પહેલાં એવા અજબ સમન્વયનું સત્ય હું સ્વીકારી શકી નહોતી.

'ગીતાંજલિ'ની રચનાઓએ પશ્ચિમના વિશ્વમાનસમાં રવીન્દ્રનાથની એક વિશિષ્ટ છબી ઉપસાવી. પૂર્વમાંથી આવેલા શાણા અને સંત ઋષિ તરીકેની તેમની છાપ ઊભી થઈ. તેમને ઈશા મસીહ સાથે સરખાવનારાઓની સંખ્યા નાનીસૂની નહોતી.

❑ મહેશ દવે

'કવિતાનો સૂર્ય'માંથી

ગાંધીના જીવનનું વર્ણવી આ લેખ પૂરો કરીશ. પૂ. બાપુના સૌથી મોટા દીકરા હરિદાસ સાથે સોરાબ–રૂસ્તમીનો સંબંધ હતો. દીર્ઘજીવનમાં મહાત્મા ગાંધીએ અનેકનું હૃદય પરિવર્તન કર્યું હતું પમ મહંમદઅલી ઝીણા અને એમના મોટા દીકરાને સમજાવવામાં તેઓ કરુણ રીતે નિષ્ફળ નીવડેલા. હરિદાસ બધી જ રીતે હાથથી ગયેલ સંતાન છે. બધી જ રીતે ખુવાર થઈ ગયેલ છે. દાઢી વધી ગઈ છે. પહેરવેશના કંઈ ઠેકાણાં નથી...ને એક કરુણ ઘટના નાગપુર સ્ટેશને બને છે. નાગપુર સ્ટેશને માણસોની ભીડ જામી છે. એક ગાડીમાં મહાત્મા ગાંધી ને પૂ. કસ્તુરબા મુસાફરી કરી રહેલ છે. એમને આવકારવા લોકોની ઠઠ જામી છે. ગાડી યાર્ડમાં આવે છે એટલે લોકો 'મહાત્મા ગાંધી કી જય' પુકારે છે. એ પુકારમાં બીજો એક મોટો પુકાર સંભળાય છેઃ

'માતા કસ્તુરબાનો જય'. એ અવાજ હરિદાસનો છે. એના હાથમાં માગી ભીખીને મેળવેલી એક નારંગી છે. એ નારંગી કસ્તુરબાને આપે છે. ખાસ બા માટે લાવેલ છે. બાપુએ પૂછ્યું, 'મારે માટે નથી?' પુત્રે કહ્યું; 'ના, તમારે માટે નથી...કેવળ 'બા' માટે જ છે. પછી પિતાને કહે છેઃ 'તમે આટલા બધા મહાન થયા છો તે મારાં બાને લીધે. Surely કહી પૂ.બાપુ એના વિધાનનો સ્વીકાર કરે છે...પછી પૂ. બાપુ પૂછે છેઃ 'અમારી સાથે આવવું છે, ચાલ' એ સ્પષ્ટ ના ભણે છે. પૂ. બાની આંખમાં આંસુના તોરણ છે. ગાડી ઉપડે છે...કસ્તુરબા પાસે ટોપલીમાં ફળ છે. પુત્રને આપવા જાય છે ત્યાં ગાડી ઉપડી જાય છે. ત્રણેયને કાજે આ કેવી કરુણ અનુભૂતિ છે.

* **

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

મહાવીર કથા ડી.વી.ડી.

બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી આ કથા, તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈ ગઈ છે.

આ બે ડી.વી.ડી.ના સેટની કિંમત રૂા. ૨૫૦/- છે.

મર્યાદીત સંખ્યામાં આ કેસેટ તૈયાર કરવાની હોય આપનો ઑર્ડર આ જે જ ફોન ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર જણાવો. આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. અમે પહોંચાડીશું.

કુટુંબીજનો અને મિત્રોને આ ડી.વી.ડી. ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે. વસ્તુની પ્રભાવના ક્ષણજીવી છે, વિચારની પ્રભાવના ચિરંજીવ છે. દશથી વધુ સેટ ખરીદનારને ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.

પ્રત્યેક જૈનના ઘરમાં આ ડી.વી.ડી. હોવી જ જોઈએ.

જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે.

સમ્યક્ જ્ઞાન સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય છે.

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી મહાવીરને જાણો, માનો અને પામો.

પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ

'મહાવીર કથા' અંગે પ્રતિભાવ

સ્નેહી ભાઈશ્રી ધનવંતભાઈ અને
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યોથી સદા યુવાન સર્વ સુત્રધારો-
જય જિનેન્દ્ર.

હૃદયપૂર્વકના અભિનંદન અને આભાર.

સંઘ દ્વારા પ્રબુદ્ધ-જીવન, અમુલ્ય પુસ્તકો, પર્યુષણ વ્યાખ્યાન- માળા જેવા સુંદર, જીવનોપયોગી કાર્યક્રમો તો નિયમિત થતાં જ રહે છે; જ્ઞાન-ગંગા, જ્ઞાન-સરિતા હંમેશા વહેતી જ રહે છે. પરંતુ તા. ૨૭ માર્ચ–કે. સી. કૉલેજ હૉલ તથા ૨૮ માર્ચ–ભારતીય વિદ્યા ભવનમાં 'મહાવીર કથા'નો નવતર છતાં સર્વ રીતે સફળ પ્રયોગ, જેમાં લાભ લેવાની, ધર્મ-જ્ઞાનમાં તરબોળ તથા સંતૃપ્ત થવાની જે તક મળી તેને હું મારા જીવનની અવિસ્મરણીય તક માનું છું.

કોઈપણ જૈન ભાઈ-બહેન એવા નહીં હોય કે જેમણે પ્રભુ મહાવીર વિષે વાંચ્યું કે સાંભળ્યું ન હોય. ઉપાશ્રયોમાં જ્ઞાની ગીતાર્થ ગુરુ ભગવંતોએ ઉપદેશ સ્વરૂપે ઘણું બધું વ્યાખ્યાનોમાં કહ્યાનું આપણે બધાએ સાંભળ્યું હશે.

પરંતુ જૈન ધર્મના ઊંડા અભ્યાસી, તત્ત્વચિંતક, લેખક તથા વાણી ઉપર જેમનું અદ્‌ભુત પ્રભુત્વ છે તેવા મૃદુભાષી પદ્મશ્રી ડૉ. કુમારપાળ ભાઈએ જે સરળતાથી ભગવાન મહાવીરના જીવનના દરેક પ્રસંગો-માતાના ગર્ભથી લઈને મોક્ષ સુધીના સચોટ રીતે કથા સ્વરૂપે રજૂ કર્યા અને સાચો જૈન ધર્મ એ ક્રિયાઓમાં નહીં પણ આચરણમાં છે તે સુંદર રીતે સમજાવ્યું. સ્નેહી ભાઈ કુમારપાળભાઈને આ કાર્ય માટે તેમણે કરેલી મહેનત, તન્મયતા તથા જૈન ધર્મના અગાધ સમુદ્રમાંથી શોધેલ મોતી સર્વ જિજ્ઞાસુ શ્રોતાજનો સમક્ષ રજૂ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન તથા આભાર.

જ્ઞાનપીઠ, કથાનો માહોલ તથા સંગીત વ્યવસ્થા ખરેખર જ પ્રસંગને અનુરૂપ હતાં. રામકથા, ભાગવતકથા વિગેરેમાં સંગીત સાથે ધૂન હોય છે એટલે સંગીત લાઉડ હોય છે, પરંતુ જો મહાવીર કથામાં સંગીત થોડું સૌમ્ય રાખ્યું હોત તો વધારે માણવા યોગ્ય બન્યું હોત તેમ મારું અંગત મંતવ્ય છે.

બે દિવસમાં કુલ પાંચ કલાકનો સમય, ભગવાન મહાવીરે પ્રબોધેલા પંચ-મહાવ્રત જે તેમણે તેમના જીવનની પળે પળે આચરણમાં મૂકેલ તે સમજાવવા, રજૂ કરવા માટે સમય ઘણો ઓછો પડ્યો હોય તેમ લાગે છે. જો કથાનો સમય ત્રણ કે ચાર દિવસનો હોત અને કુમારપાળભાઈની વાણીનો લાભ મળ્યો હોત તો જે થોડા તરસ્યા રહી ગયાની લાગણી થાય છે તે ન થઈ હોત.

આવા અત્યંત ઉપયોગી સુંદર સફળ પ્રયોગ માટે અભિનંદન-શુભેચ્છા.

❑ હિંમતલાલ એસ. ગાંધી

૪૦૪, સુંદર ટાવર, ટી. જે. રોડ, શીવરી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૫.
ફોન : 022-24131493. મોબાઈલ : 09323331493.

પત્ર ચર્ચા

વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

['પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ પત્રો 'પ્ર.જી.'ના આગળના અંકોમાં અમે પ્રકાશિત કર્યા હતા, આ અંકમાં એક વધુ પત્ર અહીં પ્રસ્તુત કરીએ છીએ.

અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર. ❑ તંત્રી]

હમણાં બે માસ પહેલાં લીંબડી પાસે બે સાધ્વીશ્રીઓ અને આ જ મહિનાની મેની નવમીએ શંખેશ્વર તરફ વિહાર કરતા એક સાધ્વીશ્રીએ જીવન ગુમાવ્યું. જૈન સમાજ માટે હવે આ ચિંતાનો વિષય છે.

(૯)

તંત્રીશ્રી પ્રબુદ્ધ જીવન,

જુલાઈ ૨૦૦૯ના પ્ર.જી.ના અંકમાં ડૉ. ધનવંત શાહના લેખમાં શ્રી ધનવંતભાઈએ જૈન ધર્મના ભાવિ અંગેની પોતાની ચિંતા સુચારુ રૂપે વ્યક્ત કરી અને ત્યારબાદ સપ્ટેમ્બરના અંકમાં પણ ત્રણ પત્રો આવ્યા, જે વાંચી આ લખવા હું પ્રેરાયો છું.

આ અંગે જેટલું પણ લખાય ઓછું પડે તેમ છે. હું માત્ર અમુક મુદ્દાઓ તરફ અંગુલી નિર્દેશ કરવા ચાહું છું.

પહેલી વાત તે એ કે તથાકથિત 'સુધારા'ની વાત જો આપણે સાધુ–સાધ્વીઓ પૂરતી મર્યાદિત રાખીશું તો ભાગ્યે જ કોઈ અર્થ સરશે!

મારા નમ્ર મત પ્રમાણે, શરૂઆત શ્રાવકોએ પોતાની જાતથી કરવી પડશે. સાધુ થવા માગતી હરેક વ્યક્તિ, હકીકતમાં, શ્રાવક કુટુંબમાંથી જ અને આશરે ૨૫-૩૦ વર્ષના સંસ્કાર લઈને આવે છે. વળી, દીક્ષા પછી પણ સાધુઓએ આહાર–પાણી વહોરવા અને અન્યથા પણ શ્રાવકોના સતત સંપર્કમાં રહેવું પડે છે જેથી સમાજમાંના દુષણો વહેલા–મોડા તેમને આંબી જાય એ નિશ્ચિત વાત છે.

વળી, શ્રાવકોએ, કમ સે કમ મોટા ભાગના શ્રાવકોએ, પૈસા, સંપત્તિ, સમૃદ્ધિને આજે જે રીતે અત્યંત વધુ પડતું મહત્ત્વ આપ્યું છે તેમાંથી બહાર આવી, સીમિત પણ ન્યાયપૂર્ણ આજીવિકાને મહત્ત્વ આપવું પડશે અને ટીવી, રેફ્રિજરેટર, એરકન્ડીશનર, મોબાઈલ ફોન જેવી લક્ઝરીની વસ્તુઓને તિલાંજલી આપી સાદુ જીવન–જરૂર લાગ્યે શહેરો તેમ જ તેમની ઝાકઝમાળનો ત્યાગ કરીને વતનને વ્હાલાં કરીને પણ–અપનાવવું પડશે.

વ્યક્તિની જેમ, આપણી સંસ્થાઓમાંથી તેમ જ અનુષ્ઠાનોમાંથી પૈસાની નાગચૂડને ઘટાડવી જોઈશે અને આજે જ્યાં ત્યાં 'ભવ્ય' કે પછી 'ભવ્યાતિભવ્ય'ના ભપકા થાય છે ત્યાં બધે સંપૂર્ણ સાદગી અપનાવવી પડશે.

સાધુઓ પાસેથી સાચા સાધ્વાચારની અપેક્ષા જેમ આપણે તેમના અને જૈન ધર્મના સારા ભાવિ માટે કરીએ છીએ તેમ સાચા અને પૂરા શ્રાવકાચાર આપણે પણ અપનાવવા પડશે અને આત્મશ્રેયાર્થે પૌષધાદિ કરી શક્ય એટલો વધુ સમય સાધુ–મહાત્માઓના સંપર્કમાં કાઢી તેમની તકલીફો વગેરેથી વાકેફ રહેવું જોઈશે.

હવે સાધુ સંસ્થાની વાત કરીએ તો, દીક્ષાર્થીઓની–તેમના જ્ઞાન, વૈરાગ્ય અંગેની–ચકાસણીમાં સાચા શ્રાવકો, પંડિતોએ પોતાનો ફાળો આપવો પડશે અને જરૂર લાગે તો શ્રમણ–શ્રમણી જેવી સંસ્થા શરૂ કરી તેમની કેળવણી વગેરે ઉપર ધ્યાન આપવું પડશે.

આ અંગેની બીજી વાત તે એ કે સાધુ મહાત્માઓની બીમારી, વૃદ્ધાવસ્થા વગેરેમાં તેમની વૈયાવચ્ચ વગેરે ઉપર શ્રાવકોએ પોતે પૂરતું લક્ષ્ય આપવું પડશે જેથી તેમની એ અંગેની ચિંતા ટળી જાય.

આટલું થયા પછી, જે અનિવાર્ય વાત લાગે છે તે એ કે જો અમુક સાધુ–કોઈ પણ કારણે–સાધુના આચાર પાળી શકે તેમ ના જ હોય તો, તેના કે અન્યોના પરિણામ વધુ બગડે તે પહેલાં, તેને 'સાધુત્વ'થી મુક્તિ આપવાનું જરૂરી બની જાય તો તે શક્ય બનાવવાની તૈયારી પણ રાખવી જ રહી.

કામ હકીકતમાં, ખૂબ જ કપરું અને છતાં અનિવાર્ય છે. વખત આવ્યે, આપણે ઘડિયાળના કાંટા પાછા ફેરવી, ભગવાન મહાવીરના સમય સુધી નહીં તો યે ગાંધીજી–શ્રીમદ્‌ના સમય સુધી પાછળ જવું જોઈશે.

આ 'પ્રદૂષણ' જે ફેલાયેલું છે તે ફક્ત જૈન ધર્મમાં જ છે એવુંયે નથી. લગભગ બધા ધર્મોના અનુયાયીઓને નહીં, પર્યાવરણમાં વધતાં જતાં પ્રદૂષણ, CO_2 વાયુ અને ઓઝોનના પટલને થઈ રહેલા વ્યાપક નુકશાનમાંથી બચવાનો, સમગ્ર સૃષ્ટિ માટે, મારા નમ્ર મત પ્રમાણે આ એક જ માર્ગ છે અને જૈનો જો આ દિશામાં આગળ વધી શકે તો બધા માટે એ માર્ગદર્શક બની શકે. ✷✷✷

અશોક ન. શાહ
બી-૪, આનંદ એપાર્ટમેન્ટ,
૨૪, જે. પી. રોડ, અંધેરી (પ.),
મુંબઈ–૪૦૦ ૦૫૮.
ટેલિ. નં.: ૨૬૨૪૨૬૪૩.

રવીન્દ્રનાથ ઈંગ્લેન્ડ હતા ત્યારે મુંબઈના આત્મારામ તરખુડ કલકત્તા આવ્યા હતા. સાથે તેમની પુત્રી ઍના હતી. આત્મારામ ખાસ્સા સુધારાવાદી હતા. તેમણે ઍનાને ભણાવી હતી, એટલું જ નહીં, પરદેશમાં પલોટી હતી. તેમને નાત-જાતના ભેદ નડતા નહોતા. ઍના શિક્ષિત સંસ્કારી યુવતી હતી. સાહિત્ય અને સંગીતમાં તેને સાચુકલો રસ હતો. રવીન્દ્રનાથ તરફની ઍનાની લાગણી સ્પષ્ટ હતી. રવીન્દ્રનાથે આપેલું સાહિત્યિક નામાભિધાન 'નલિની' એણે કેટલાંય વર્ષો સુધી જાળવેલું. તેના એક ભત્રીજાનું નામ તેણે 'રવીન્દ્ર' પાડેલું. આત્મારામ કલકત્તા આવ્યા ત્યારે તેમણે દેવેન્દ્રનાથની મુલાકાત લીધી હતી. આત્મારામે ઍના માટે રવીન્દ્રનાથની વાત છેડી હોવાની અટકળ છે, પણ દેવેન્દ્રનાથ ધર્મની બાબતમાં ભલે ગમે તેટલા સુધારક હોય, સામાજિક વ્યવહાર અને રીતરિવાજ બાબતમાં રૂઢિચુસ્ત હતા. પરપ્રાંતની કન્યા પુત્રવધૂ તરીકે સ્વીકારવાનું દેવેન્દ્રનાથના લોહીમાં નહોતું. ઍના જેવી પત્નીએ રવીન્દ્રનાથના જીવનને કેવો વળાંક આપ્યો હોત તેવી કલ્પના કરવી નિરર્થક છે.)

નવકાર મંત્રમાં 'ન' કે 'ણ' : નમુક્કારો કે ણમુક્કારો ?

❑ પુષ્પા પરીખ

આ વિષય બહુચર્ચિત નથી તેથી ઘણા લોકોને પ્રશ્ન થાય કે સાચો અક્ષર કયો ? આ ચર્ચા માટે થોડો અભ્યાસ જરૂરી છે. આપણા એટલે કે જૈનોના જૂના ગ્રંથો, મુ. રમણભાઈના પુસ્તક 'શાશ્વત નવકારમંત્ર', તથા અન્ય લેખકોના લખેલા લેખોનો જો અભ્યાસ કરીએ તો જણાશે કે 'ણ' એ મૂળ નવકાર મંત્રમાં વપરાયેલ છે અને સમય જતાં 'ણ' નો 'ન' થઈ ગયો લાગે છે. આ 'ન' થઈ જવાના પણ કારણો તો છે જ જે આપણે આગળ જતાં જોઈશું.

સૌ પ્રથમ આપણે જૂના ગ્રંથોનો વિચાર કરીએ તો આપણા ગ્રંથો પ્રાકૃત અને અર્ધમાગધી ભાષામાં લખાયેલા છે. પ્રાકૃત અને અર્ધમાગધીમાં 'ન' કરતાં 'ણ'નો ઉપયોગ વધુ જણાય છે. પ્રાકૃત એ લોકભાષા હતી. સંસ્કૃત એ બ્રાહ્મણોની એટલે કે ભણેલાઓની ભાષા હતી જેમાં 'ણ' કરતાં 'ન' નો ઉપયોગ વધુ થતો હતો.

ડૉ. રમણભાઈના વિચારો મુજબ 'શાશ્વત નવકાર મંત્ર' પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે 'ણ' અને 'ન'માં ખાસ મોટો તફાવત નથી. મારા મંતવ્ય પ્રમાણે 'ન' દન્ત્યવર્ણ છે જ્યારે 'ણ' મૂર્ધન્યવર્ણ છે. 'ન' બોલવામાં કોઈ તકલીફ થતી નથી જ્યારે 'ણ' બોલવામાં જીભ ઉંધી વાળીને તાળવામાં ઉપરના ભાગમાં લગાડવી પડે છે. 'ણ' નાભિમાંથી આવે છે 'ન' બોલવામાં સહેલું પડે માટે સમય જતાં 'ણ' નો 'ન' થઈ ગયો લાગે છે.

જો કે દરેક જગ્યાએ 'ણ' નો 'ન' નથી કર્યો. જેમ કે 'નમો અરિહંતાણં'. અહીં સંસ્કૃતની વિભક્તિનો જ ઉપયોગ કર્યો છે. 'નમો અરિહંતાનં' બોલવામાં અને સાંભળવામાં મધુર નથી લાગતું અને 'ણ' બોલતાં જ ન આવડતો હોય અને તોતડું બોલતા હોઈએ તેવું લાગે છે. પાંચે પદમાં શરૂઆતમાં 'ણ' કે 'ન'માં જરાયે વાંધો નથી લાગતો. દિ. સંપ્રદાયમાં તો આજે પણ 'ણ' નો જ ઉપયોગ કરાય છે. 'ભગવતી સૂત્ર'માં પણ 'નમો અરિહંતાણં' જ છે. ડૉ. રમણભાઈના હિસાબે પ્રાચીન કાળથી જ 'નમો' 'ણમો' બંને પદો વિકલ્પે પ્રયોજાય છે અને તેથી બંને સાચા છે અને તેવી જ રીતે 'નમુક્કારો' અને 'ણમુક્કારો' પણ સાચા છે.

'ન' અને 'ણ' નું વિશિષ્ટ પ્રકારનું નાદ માધુર્ય હોય છે. યોગીઓના મંતવ્ય મુજબ 'ન' ના ઉચ્ચારણથી હૃદયતંત્રી વધુ સમય તરંગીત રહે છે. 'ણ' વ્યંજન જ્ઞાનનો વાચક મનાય છે તેથી તેને મંગલસ્વરૂપ માનવામાં આવે છે. જૈન ધર્મના ઘણા શાસ્ત્રોમાં 'ણ' અક્ષરનું સ્વરૂપ વ્યોમ બતાવ્યું છે અને 'ન'નું શૂન્યમ્. નવકારમંત્રમાં આપણે 'નમો' કે 'ણમો' એ વંદન કરવાના અર્થમાં વાપરીએ છીએ. એટલે વ્યોમ એટલે આકાશ અને 'ન' નકારાત્મક સૂચક તરીકે પણ વપરાય છે. 'ન' એ આત્મસિદ્ધિ સૂચક, જલતત્ત્વનો સૂચક, મૃદુતર કાર્યોનો સાધક અને આત્મનિયંતા છે. એ દૃષ્ટિએ પણ બંને અક્ષરો પ્રભાવી છે. પરંતુ બંનેમાં થોડો ફરક છે. 'ણ' શાંતિસૂચક હોવાથી સમત્ત્વભાવ આપનાર છે. આત્મસિદ્ધિ મેળવવા સમત્ત્વભાવ પહેલો કેળવવો રહ્યો.

નવકારમંત્ર જૈન ધર્મનો મુખ્ય મંત્ર છે. આ મંત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ

રવીન્દ્રનાથ માટે વધૂની પસંદગી થઈ ગઈ અને લગ્ન લેવાયાં. દસ વર્ષની, દૂબળી-પાતળી, દેખાવે સામાન્ય અને લગભગ નિરક્ષર એવી પુત્રી ભવતારિણીને રવીન્દ્રનાથના ભાભીઓએ પસંદ કરી. રવીન્દ્રનાથ ભાવિ વધૂ જોવા પણ નહોતા ગયા. એમણે ભાભીઓને કહી દીધું હતું, 'તમારે જે કરવું હોય તે કરો, મારે એમાં કશું કહેવાનું નથી.'

તેમનાથી બાર-તેર વર્ષ નાની, કાચી વયની, સીધી-સાદી ગ્રામ-બાલિકા તેમણે જરાય આનાકાની વગર સ્વીકારી લીધી. તેની પાછળ કદાચ પિતા દેવેન્દ્રનાથનું વજન કામ કરી ગયું લાગે છે. રવીન્દ્રનાથને મહર્ષિ પિતા પ્રત્યે અપાર આદર હતો. તેમને તે અહોભાવથી જોતા. તેમની આમન્યા રવીન્દ્રનાથ ઉથાપે નહીં.

કન્યાનું પિયરનું નામ હતું 'ભવતારિણી'. મોટાભાઈ દ્વિજેન્દ્રનાથે સાસરવાસનું નવું નામ આપ્યું 'મૃણાલિની'.

અન્ય સામયિકના તંત્રીશ્રી અને લેખકોને વિનંતિ

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં લેખો અને પ્રસંગો અન્ય સામયિકના તંત્રીશ્રીઓ પોતાના સામયિકમાં પુનઃ પ્રકાશિત કરે છે એનો અમને આનંદ છે. પરંતુ એ લેખના અંતે 'પ્રબુદ્ધ જીવન' સૌજન્ય લખાય તો અમારા આનંદમાં વિશેષ ઉમેરો થાય.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થતા લેખોના લેખકોને પુરસ્કાર અર્પણ કરાય છે.

કેટલાક મહાનુભાવ લેખકો પોતાનો લેખ 'પ્રબુદ્ધ જીવન' ઉપરાંત એ જ સમયે અન્ય સામયિકોને પણ મોકલે છે. એટલે 'જ્યાં છપાય ત્યાં ભલે' એ વિચારથી. પરંતુ આ યોગ્ય નથી. કારણ કે કેટલીક વખત આ એ લેખ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થાય ત્યારે એ જ સમયે બીજા સામયિકમાં પણ પ્રકાશિત થયો હોય, તંત્રીઓ માટે આ વિમાસણ પરિસ્થિતિ છે.

એટલે લેખક મહાશયોને વિનંતિ કે 'પ્રબુદ્ધ જીવન' માટે જો લેખ મોકલો એ જ સમયે અન્યત્ર ન મોકલો.

આશા છે કે અન્ય તંત્રીશ્રીઓ અને વિદ્વાન લેખકો આ હકીકતમાં અમને સહકાર આપશે.

–તંત્રી

પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યા છે. આ મંત્રમાં કોઈ વ્યક્તિવિશેષને નમસ્કાર ન કરતાં ગુણોને નમસ્કાર કર્યા હોવાથી આ મંત્ર મહામંત્ર તરીકે ઓળખાય છે. મંત્ર શાસ્ત્રમાં 'ન'ના ૩૫ નામ આપવામાં આવ્યા છે. 'ણ'નાં ૨૦ અથવા ૨૪ નામ આપવામાં આવ્યા છે. 'વૃત્તરત્નાકર'માં માતૃઅક્ષરોનાં જે શુભ કે અશુભ ફળ દર્શાવવામાં આવ્યા છે તે પ્રમાણે 'ણ' શ્રમ કરાવનાર છે અને 'ન' સંતોષ આપનાર છે. નવકારમંત્રના પદો વ્યક્તિવાચક નહિ પણ જાતિવાચક કે ગુણવાચક હોવાથી જ સર્વવ્યાપક અને સનાતન રહ્યા છે અને સાથે સાથે અન્ય ધર્મને પણ સ્વીકાર્ય બની શકે છે.

મૃણાલિની ઝાઝું ભણ્યાં નહીં, સાહિત્ય અને કળા જેવા ઈતર રસ કેળવી શક્યાં નહીં. જોકે મૃણાલિની સારાં ઘરરખ્ખુ પત્ની બની રહ્યાં. કુટુંબમાં તે સારી રીતે ભળી ગયાં. કુટુંબમાં બધાં તેમનાથી પ્રસન્ન હતાં. તેમણે રવીન્દ્રનાથની સંભાળ સારી રીતે રાખી, પાંચ સંતાનો આપ્યાં. શાંતિનિકેતન માટે રવીન્દ્રનાથને નાણાભીડ હતી ત્યારે તેમણે તેમના સર્વ ઘરેણાં વિના સંકોચે કાઢી આપ્યાં હતાં. જીવ્યાં ત્યાં સુધી મૃણાલિની પતિની પડખે રહ્યાં.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ 'ણ' અને 'ન' બોલવામાં આપણા શરીરમાં ક્યાં અને શું ફેરફારો થાય છે તે જોઈએ. આપણા મસ્તિષ્કમાં જાતજાતના તરંગો હોય છે. આલ્ફા, બીટા, ડેટા, તેટા આદિ. જ્યારે આલ્ફા તરંગો અધિક માત્રામાં હોય ત્યારે મનુષ્ય આનંદિત હોય છે. 'ણ'નો પ્રયોગ આલ્ફા તરંગોના ઉત્પાદનમાં અતિ સહાયક ગણાય છે. 'ણ' બોલવાથી કંઠ અને જિવ્હાની પેશીઓ પર એક પ્રકારની ખેંચ આવે છે. કંઠમાં થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ ગ્રન્થીઓછે. થાઈરોઈડ ગ્રન્થી મૂળમાં શરીરની શક્તિ ઉત્પાદન કરવાવાળી ગ્રન્થી છે. પાચન ક્રિયામાં પણ આ ગ્રન્થી સહાયકર્તા છે. 'ણ' ના ઉચ્ચારથી થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ ગ્રન્થીઓનું સંતુલન જળવાય છે અને ગ્રન્થીઓ શક્તિશાળી બને છે.

ણમોકાર મંત્રમાં 'ણ' અક્ષરનો પ્રયોગ ૧૪ વાર થાય છે. એક માળામાં 'ણ'નો પ્રયોગ ૧૫૧૨ વાર લયબદ્ધ કરવાથી જીભ તાળવાને લાગે છે અને તેના ફળ સ્વરૂપે મસ્તિષ્કની ગ્રન્થીઓ જેવી કે હાઈપોથેલેમસ, પિચ્યુટરી તથા પીનીયલને જાગ્રત કરે છે, વ્યવસ્થિત કરે છે. આ રીતે 'ણ' અક્ષરના પ્રયોગથી શરીરની આધ્યાત્મિક, માનસિક, શારીરિક પુષ્ટિની સાથે રોગોને રોકવાની શક્તિ પણ વધતી જાય છે તથા અમુક રોગો પણ દૂર થાય છે. આજ કારણને લીધે મહાનુભાવોનું કહેવું છે કે નવકાર મંત્રના જાપથી ઘણી વાર રોગીઓના રોગો દૂર થાય છે. આ દૃષ્ટિએ 'ણમોકાર' મંત્ર દવા પણ છે અને ટોનિક પણ છે. એ આધ્યાત્મિક બિમારીને દૂર કરી આત્માને શક્તિશાળી પણ બનાવે છે.

ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ 'ણ' અને 'ન' નો વિચાર કરીએ તો મહામંત્રના જાપ શુદ્ધ ઉચ્ચાર સાથે કરવાથી શું ફાયદા થાય અને કેવી રીતે ફાયદા થાય તે જોઈએ. આ મહામંત્રમાં ફક્ત લૌકિક જ નહીં પરંતુ શારીરિક, માનસિક અને પારલૌકિક સિદ્ધિનો હેતુ પણ સમાયેલો છે તેથી પ્રાકૃતનો 'ણ' અક્ષર બોલીને જાપ કરવાથી જે તરંગો ઉત્પન્ન થાય છે તે હવામાં ઉત્પન્ન થયેલા ધ્વનિ તરંગો સાથે મળી ઊર્ધ્વગમન કરી ચૌદલોકમાં વિસ્તરીત થઈ સમષ્ટિને પ્રભાવિત કરે છે અને સાથે સાથે સાધકના આભામંડળને પણ પ્રભાવશાળી બનાવે છે.

'શાશ્વતધર્મ' સામયિકમાં શ્રી વિમલકુમાર ચોરડિયાના લેખમાં તો ઘણા વિસ્તારથી 'ણ' અક્ષર બોલવાથી જાપ કરીએ તો શારીરિક વિજ્ઞાનની દૃષ્ટિએ આપણા શરીરમાં કઈ જાતના ફેરફારો થાય અને શું અસર થાય એ ઘણાં વિસ્તારથી સમજાવ્યું છે. જોકે થોડું ઘણું તો આપણે પણ આગળ જોઈ ગયા. આ 'ણ' અક્ષરથી થતા ફેરફારોને લીધે આપણામાં ધીમે ધીમે ઉત્પન્ન થતા ક્રોધ, લાલસા આદિ ભાવો હોય એવો જ સ્રાવ ગ્રંથીઓમાંથી થાય અને એ સ્રાવને અનુરૂપ મનુષ્યનો વ્યવહાર અને આચરણ બને.

શ્રી વિમલકુમારજીએ તેમના લેખમાં શરૂઆતમાં સુંદર શ્લોક (જે નીચે આપેલો છે) ટાંકીને 'ણ' અક્ષરનો મહિમા અને 'ણ' અક્ષર એટલે શું તે જણાવ્યું છે.

'કુણ્ડલીત્ત્વ ગતા રેખા, મધ્યતસ્તત ઊર્ધ્વતઃ।

વામા દધોગતા સૈવ, પુનરુર્ધ્વ ગતા પ્રિય ।।૧।।

બ્રહ્મોશવિષ્ણુ રુપાસા, ચતુર્વગફલપ્રદા ।

ધ્યાનમસ્ય ણકારસ્ય પ્રવક્ષ્યામિ ચ તચ્છૃણુ।।૨।।

દ્વિભુજાં વરદાં રમ્યાં ભક્તાભીષ્ટ પ્રદા યિનીન્।

રાજવિ લોચનો નિત્યાં, ધર્મકામાર્થ મોક્ષદામ્ ।।૩।।

'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા માટે વિનંતિ

૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટે કોઈ પણ એક માસના રૂા. ૨૦,૦૦૦/-નું અનુદાન આપી સૌજન્યદાતા બનવા અમે અમારા 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ વાચકોને વિનંતિ કરીએ છીએ.

જ્ઞાનદાન એ ઉત્તમ અને ચિરંજીવ દાન છે.

પોતાના સ્વજનોનું આવા જ્ઞાન કર્મથી તર્પણ કરવું એ જ સાચી શ્રદ્ધાંજલિ છે, અને ભવ્ય તર્પણ છે. ગુજરાતી ભાષા અને તત્ત્વ વિચારની આ ઉત્તમોત્તમ સેવા છે.

સૌજન્યદાતાનું નામ લખાવવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ફોન-૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

આપના હૃદયમાં જન્મેલ ભાવને અમારા વંદન.

પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ

જોડાસાંકોના ઘરની અગાસી પર ઢળતી બપોરે હું આંટા મારતો હતો. નમતા પહોરની મ્લાનતામાં સૂર્યાસ્તનો ઉજાસ ભળતાં તે દિવસે આવી રહેલી સંધ્યા મારે મન કોઈ વિશિષ્ટ પ્રકારે મનોહર બની ગઈ. બાજુના ઘરની દીવાલો સુદ્ધાં મારે માટે સુંદર બની ગઈ...સંધ્યા જાણે મારી અંદર જ આવી ગઈ. મારામાંનો 'હું' ઢંકાઈ ગયો. 'હું' ખસી ગયો એટલે જગતને તેના નિજના સ્વરૂપમાં હું જોઈ રહ્યો... એ સ્વરૂપ કદી તુચ્છ નથી... એ આનંદમય અને સૌંદર્યમય છે.

–રવીન્દ્રનાથ ટાગોર

એવં ધ્યાત્વા બ્રહ્મરુપાં,

તનમંત્રં દશધા જયેત ।।૪।।

ઇતિ વર્ણોદ્વાર તન્ત્રે।

અર્થ :

આ ત્રણ રેખાઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સ્વરૂપ છે અને ચતુર્વર્ગ રૂપને બક્ષનાર છે અને 'ણ'કારના ધ્યાનનો અર્થ સાંભળોઃ બે હાથવાળી, વરદાન આપનારી, સૌંદર્યવાન, ભક્તોને પસંદ ફળ આપનારી, કમલાક્ષી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારી છે.

'ણ' અક્ષરમાં વચ્ચેના ભાગમાં કુંડલીની રૂપરેખા છે જેની પછી ઉપરની તરફ વળી પાછી એ રેખા ડાબી તરફ જાય છે અને પ્રિયે, પાછી એ ઉપર ગઈ છે. વર્ણો દ્વારા તન્ત્ર અનુસાર णम् પદમાં સર્વે સિદ્ધિ આપનાર શક્તિ વિદ્યમાન છે.

'ણ' અક્ષરનો મહિમા જૈન તથા હિન્દુ બંને ધર્મમાં ગવાયો છે. આપણે તો જૈન ધર્મના નવકાર મંત્રમાં 'ણ' કે 'ન'ની જ ચર્ચા કરી છે. આટલી ચર્ચા બાદ હું વાચક પર મારા વિચારો પ્રદર્શિત કર્યા બાદ નિર્ણય લેવાનું અને જે યોગ્ય લાગે તે ઉચ્ચાર અથવા અક્ષરનો ઉપયોગ નિયમિત નવકાર મંત્રના જાપમાં અથવા રોજીંદા ઉપયોગમાં લેવાને વિનવું છું.

છેલ્લે ડૉ. રમણભાઈના લેખમાં અંતમાં ટાંકેલા શ્લોકથી આ લેખની પૂર્ણાહુતિ કરીશ.

શ્રી રત્નમંદિર ગણિએ કહ્યું છેઃ

'મંત્ર પંચ નમસ્કારઃ કલ્પકારસ્કારાધિકઃ।

અસ્તિ પ્રત્યક્ષરાષ્ટાગ્રોત્કૃષ્ટ વિદ્યાસહસ્ત્રકઃ।।

(પંચ નમસ્કાર મંત્ર કલ્પવૃક્ષથી પણ અધિક પ્રભાવવાળો છે. એના પ્રત્યેક અક્ષર ઉપર એક હજાર અને આઠ મહા વિદ્યાઓ રહેલી છે.)

મૃત્યુના વિષયમાં રવીન્દ્રનાથ જેટલું ઊંડું મનન કોઈએ કર્યું નથી, પણ કાદમ્બરીદેવીના મૃત્યુનો શોક રવીન્દ્રનાથને જીવનના અંત સુધી સતાવતો રહ્યો. રવીન્દ્રનાથે કાદમ્બરીદેવીને મૃત્યુ પહેલાં પોતાના ચાર અને મૃત્યુ પછી બે ગ્રંથ અર્પણ કર્યા છે. બીજા કોઈને તેમણે આટલા ગ્રંથ અર્પણ કર્યા નથી.

'ન' અને 'ણ' ના તફાવતની ચર્ચા કરી મહામંત્ર સુધી પહોંચ્યા એ નાની સૂની વાત નથી.

* * *

૬/બી, ૧લે માળે, કેનવે હાઉસ,
વાડીલાલ પટેલ માર્ગ,
મુંબઈ–૪૦૦ ૦૦૪.
ટે. નં.: ૨૩૮૭૩૬૧૧;
મો.: ૯૮૨૦૫૩૦૪૧૫

ભીવંડી–ગોકુલનગરમાં સવારની પાઠશાળાનું આયોજન

ભીવંડી-ગોકુલનગરમાં પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં પ્રવચનકાર પૂજ્ય પંન્યાસશ્રી મહાબોધિ વિજયજી મહારાજની પ્રેરણાથી છેલ્લા પાંચ મહિનાથી મોર્નિંગ પાઠશાળાનું આયોજન થયું છે.

જેમાં લગભગ ૧૫૦ જેટલા યુવાનો બે પ્રતિક્રમણના સૂત્રોનો સ્વાધ્યાય કરે છે. સવારે ૬-૩૦ થી ૭-૪૫ સુધીમાં ચાલતી આ પાઠશાળામાં સૂત્ર સ્વાધ્યાયની સાથે સાથે અવાર નવાર સામાયિક પ્રતિક્રમણ, યાત્રા પ્રવાસ, તત્ત્વજ્ઞાન, પ્રશ્નોત્તરી અને વિવિધ ભક્તિ અનુષ્ઠાનોના આયોજન થાય છે.

સાથે સાથે છેલ્લા બે-અઢી મહિનાથી એક નવું આયોજન ગોઠવાયું છે. જે છે વિહાર સેવા. શેષકાળ દરમિયાન લગભગ ૪૦ જેટલા યુવાનો વિવિધ સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતો સાથે ભિવંડીથી ચારે તરફ એકેક મુકામ સુધી ૫૦ થી ૬૦ વખત વિહાર કરી ચૂક્યા છે. આ સેવામાં યુવાનો તેમજ પ્રૌઢો ખૂબ જ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે.

વર્તમાનમાં વિહાર દરમિયાન આપણા પૂજ્યોના જે રીતે અકસ્માત થઈ રહ્યા છે તેમાંથી બચવાના અનેક ઉપાયોમાંથી એક મહત્ત્વનો ઉપાય છે વિહારમાં શ્રાવકોએ પૂજ્યોની સાથે રહેવું. બેટરી, સિટી વગેરે સાધનો સાથે પૂજ્યોની સાથે કે આગળ પાછળ ચાલવાથી અકસ્માતનો પ્રશ્ન ઘણા ભાગે હલ થશે એમ જણાય છે.

મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતના સંઘો અને યુવાનો જાગૃત થાય અને વિહાર સેવાનો પ્રારંભ કરે એવી સહુને હાર્દિક ભલામણ છે.

જયભિખ્ખુ જીવનધારા : ૧૮

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[સાહિત્યકારના સર્જનમાં ઘણીવાર એમના અંગત જીવનનું પ્રતિબિંબ ઝીલાય છે. જીવનના વૈવિધ્યસભર અનુભવો એમની કૃતિઓમાં ભિન્ન ભિન્ન રૂપે પ્રગટ થાય છે. ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન કરનાર અને જિંદાદિલીભર્યું જીવન જીવનાર 'જયભિખ્ખુ'ના જીવનની આ ઘટના એક ડરપોક અને વહેમી છોકરાનું એક સાહસિક છોકરામાં કેવી રીતે રૂપાંતર થાય છે તેનો આલેખ આપે છે. સર્જક 'જયભિખ્ખુ'ના કુમારાવસ્થામાં બનેલા પ્રસંગને જોઈએ આ અઢારમા પ્રકરણમાં.]

શેરસિંહ બાપુની બહાદુરી!

ઘરના મુરબ્બી પાસે ભીખા ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)એ વિદેશી ઘડિયાળ જોયું અને એ જમાનામાં અત્યંત કિંમતી અને દુર્લભ ગણાતું આ ઘડિયાળ ભીખાએ જીદ કરીને જીવની જેમ જાળવવાની શરતે લીધું. ઘડિયાળ પહેરીને સાબરમતી નદીમાં ન્હાવા ગયેલા ભીખાલાલે પીપળાના ઝાડના થડની નાની–શી બખોલમાં આ ઘડિયાળ મૂક્યું. એવામાં અંધારું થતાં પાછા વળવાની ઉતાવળમાં એ લેવાનું ભૂલી ગયો.

ઘેર આવ્યા પછી રાતના ઘેરા અંધકારમાં હાથમાં કડિયાળી ડાંગ સાથે એ ઘડિયાળ લેવા માટે પોતાના ગોઠિયા એવા ખેડૂતના દીકરા જગતની સાથે નીકળ્યો અને રસ્તામાં રીંછનો ભેટો થયો. જગતે ભારે ઝીંક ઝીલી; પરંતુ એ ઘાયલ થતાં ડરપોક ભીખાના મનમાં એકાએક શૂરાતન જાગ્યું અને એણે જીવસટોસટ ખેલીને કડિયાળી ડાંગ રીંછના પાછલા પગે જોરથી ફટકારી અને પછી નીચે પડેલા રીંછ પર બંનેએ ડાંગનો વરસાદ વરસાવ્યો. રીંછ મરણતોલ માર ખાઈને નીચે પડ્યું ને મરી ગયું. ભીખો અને જગત બન્ને થાકીને લોથપોથ થઈ ગયા હતા.

રાતના ત્રણેક વાગી ચૂક્યા હતા અને ભીખાએ ઘેર પાછા ફરવાનો વિચાર કર્યો, ત્યારે ખેડૂતના ભડ દીકરા જગતે કહ્યું, 'અલ્યા! જે ઘડિયાળને માટે આ મોતનો મુકાબલો કર્યો, એનું શું? એને લીધા વિના પાછા જવાય નહીં.'

ભીખાએ કહ્યું, 'દોસ્ત! એ અપશુકનિયાળ ઘડિયાળને યાદ ન કરાવ. હવે એને ભૂલી જા. આટલું જાનનું જોખમ ખેડ્યું તે ઓછું છે?'

'એ વાત તો સાચી, પણ જોખમ માથે લીધા પછી પાછા ફરવામાં હું માનતો નથી. ગમે તે થાય, આ વાંધાંઓને વીંધીને, નદી કિનારે પહોંચીને ઘડિયાળની તપાસ તો કરવી જ પડે.'

'જવા દે ને. આટલી હિંમત બતાવી તે બસ છે! હિંમતના બહુ પારખા ન હોય! કાકાને હું ચોખ્ખે ચોખ્ખું કહી દઈશ કે ઘડિયાળ ખોવાઈ ગયું છે. તમારે ઠપકો આપવો હોય તો ઠપકો આપો અને મારવો હોય તો મારી નાખો!'

જગત હાથમાં કડિયાળી ડાંગ ઘુમાવતો બોલ્યો, 'અલ્યા, પાગલ, છેક નદીકિનારે જઈને તરસ્યા પાછા આવીએ તે ચાલે! તારે ન આવવું હોય તો અહીં બેસ. હું અબઘડી વાંઘાં–કોતર વીંધી નદીએ પહોંચીને ઝાડની બખોલમાંથી ઘડિયાળ લઈ આવું છું.'

આમ બોલી જગત જમીન પર કડિયાળી ડાંગ ઠોકી આગળ ચાલવા લાગ્યો. ભીખો જગતને જતો જોઈ રહે એવો નહોતો. એણે પણ જગતની સાથે ચાલવા માંડ્યું. બંનેનાં કપડાં ધૂળથી રગદોળાયેલાં હતાં. કપડાં પરથી ધૂળ ખંખેરી. ભીખાની બંડી ફાટી ગઈ હતી અને જગતના આખા શરીરે રીંછના નહોરના ઉઝરડા ઊપસી આવ્યા હતા. આ કશાની પરવા કર્યા વિના આ બંને ગોઠિયા નદી તરફ ચાલ્યા.

રીંછને ધરતી પર ઢાળીને મેળવેલા સાહસભર્યા વિજયના કારણે એમનામાં પ્રબળ ઉત્સાહ હતો. બંનેને એમ લાગતું કે આજે આ આખી દુનિયામાં અમને કોઈ ડરાવી કે હરાવી શકે તેમ નથી. રીંછ પરના વિજયે એમનામાં નવો જુસ્સો અને સંકલ્પ જગાવ્યા હતા. આજ સુધી દિવસે વાંઘાં–કોતરોમાં જતાં ભય પામતો ભીખો હવે આ અંધારી રાતમાં નિરાંતે–નિર્ભય બનીને ચાલતો હતો.

બંને નદીના કિનારે પહોંચ્યા અને પીપળાની બખોલ તપાસી. ઘડિયાળ જેવું મૂક્યું હતું જેવું બિચારું શાંતિથી પડ્યું હતું. માત્ર એ પોતાનું કામ કરતું હતું. ચંદ્રના ઝાંખા અજવાળામાં ભીખાએ ઘડિયાળ જોયું, તો બરાબર રાતના ત્રણ અને પિસ્તાળીસ થયા હતા.

હવે નવી ફિકર પેઠી. ઘેર મા દૂઝણાં (દૂધ આપતું ઢોર)ની સંભાળ લેવા ઊઠે તે પહેલાં પહોંચી જવું પડે તેમ હતું. બંને ઝટપટ નદીકિનારે પહોંચ્યા અને હાથ–મોં ધોયા. એમના શરીર પર લોહીના ડાઘા પડ્યા હતા, એ પણ સાફ કરી નાખ્યા. બંડીઓ કાઢીને ધોઈ નાખી અને પછી લાકડી પર એને ફરફરતી ધજાની જેમ ભરાવીને ઘર તરફ પાછા ફર્યા. જાણે રીંછ પરના એમના વિજયની પતાકા ઉડાડતા ન હોય!

તેમનાં પત્ની મૃણાલિની દેવી બે મહિના માંદાં રહ્યાં. કૃષ્ણ કૃપલાનીના જણાવ્યા મુજબ રવીન્દ્રનાથે ખૂબ શુશ્રુષા કરી. વીજળી નહોતી તેથી હાથે પંખો નાંખતા રહ્યા. કૃષ્ણ દત્ત અને એન્ડ્રુ રોબિન્સને શુશ્રૂષાની આવી વાતનો પ્રતિવાદ કર્યો છે. રથીન્દ્રનાથે લખ્યું છે કે રવીન્દ્રનાથની આંતરિક શાંતિ કોઈ બાહ્ય શોકાર્ત ઘટનાથી વિચલિત થતી નહીં.' પત્નીના મૃત્યુ પછી તે નવા ઉત્સાહથી શાંતિનિકેતનના કામમાં લાગી ગયા.

બંને ઝડપથી ચાલતા હતા, ત્યાં રીંછ સાથેની 'યુદ્ધભૂમિ' આવી. ચંદ્રના પ્રકાશમાં આશ્રય આપનારા વૃક્ષની ઊંચી ડાળે કંઈક માખીઓ જેવું ઊડતું હતું. એ તરફ જગતે સહેજ ઊભા રહીને ધ્યાનપૂર્વક જોયું. ભીખો અકળાયો. એને થયું કે હવે જલ્દી ઘરે પહોંચવાનું છે, ત્યાં વળી આ નવી પંચાત શાની? એણે વૃક્ષની ઊંચી ડાળને એક ધ્યાને જોતા જગતને જરા ઢંઢોળ્યો, એટલે જગત બોલી ઊઠ્યો,

'ભીખા, આ રીંછ આ ઝાડ પર કેમ ચઢ્યું એનું કારણ તું જાણે છે? આખરે એનો ભેદ ખૂલી ગયો.'

'હા, મારા મનમાં પણ સવાલ હતો. એ વાત ઘોળાતી હતી કે ન જાણ, ન પિછાન! આ રીંછ સાથે આપણે કોઈ સંબંધ નહોતો, છતાં આપણે જે ઝાડ પર ચઢીને બેઠા હતા, એ જ ઝાડને એણે કેમ પસંદ કર્યું?'

'બસ, હવે એનો તાળો મળી ગયો. ઝાડની ઊંચી ડાળી પર જરા ધ્યાનથી જોઈશ એટલે ખ્યાલ આવી જશે. એના પર મધપૂડો છે અને આ રીંછભાઈ મધના ભારે શોખીન હોય છે. એ રોજ અહીં આ મધનો ચટાકો કરવા આવતા હશે.'

ભીખાએ કહ્યું, 'પણ મધમાખીઓ એને હેરાન-પરેશાન ન કરે. એના ડંખ તો બહુ કાતિલ હોય છે અને જો બધી મધમાખી એકસામટી તૂટી પડે, તો ભલભલા આદમીને પણ ફોલીને ખાઈ જાય. ભીખાએ મધમાખી વિશેનું ઊંડું જ્ઞાન પ્રગટ કર્યું અને એ જગતને બતાવવા ચાહતો હતો કે એને પણ પશુ-પંખીની ઘણી બાબતોની જાણકારી છે.

જગત બોલ્યો, 'તારી વાત સાવ સાચી; પરંતુ મધમાખીનો ડર આપણને લાગે, રીંછને નહીં. રીંછના શરીર પર જથ્થાબંધ ઘાટા કાળા રંગના જાડા વાળ હોય છે એટલે માખી એને ડંખ મારી ન શકે. આપણા ગામનો ગબલો પણ વાળનો કામળો ઓઢીને આખા ને આખા મધપૂડા ઉપાડી લાવે છે, એ તે નથી જોયું? રીંછને તો ભગવાને જ કામળાની ગરજ સારે એવા વાળ આપ્યા છે.'

ભીખાએ કહ્યું, 'દોસ્ત! હવે આ રીંછપુરાણ બંધ કરીશ? એ તો ક્યારનુંય મરી ગયું; પરંતુ હજી તારા મનમાંથી ગયું નથી. જો રાત વીતતી જાય છે અને ઘેર મોડા પડ્યા તો આપણું આવી બનશે એટલે ચર્ચા કરવાનું છોડીને ઝડપથી દોડીએ.'

રાતના આકાશમાં હરણી (મૃગશીર્ષ, આકાશમાં ઊગતું નક્ષત્ર) થોડે દૂર હતી. બંને મિત્રો દોડતા જાય અને હાંફતા જાય. નવું ચેતન આવ્યું હોય એમ લાગ્યું. એનું એક કારણ એ કે રીંછના રામ રમાડી દીધા હતા અને બીજું કારણ એ કે અંતે ઘડિયાળ લઈને પાછા આવ્યા.

ભીખાના મનમાં તો કોઈ સામ્રાજ્ય પર વિજય મેળવ્યો હોય એવો ભાવ રમતો હતો. બંને ઘેર પહોંચ્યા અને ચૂપચાપ પરસાળ (ઓસરી)માં પડેલા ખાટલા પર ઊંઘી ગયા. થાક એવો લાગ્યો હતો કે ખૂબ ઘેરી ઊંઘ આવી ગઈ.

સવાર પડી, સૂર્યનારાયણ પણ ક્ષિતિજથી ઊંચે આવી ગયા, ત્યારે ગોઠિયા નારણે આવીને બંનેને ઢંઢોળ્યા. એમને જગાડવાનું કારણ એ કે નારણ પોતે એક રોમહર્ષક સમાચાર લઈને આવ્યો હતો. એને સનસનાટીપૂર્ણ સમાચારો દોડી દોડીને સૌને પહોંચાડવાનો શોખ હતો. બંનેને ભર ઊંઘમાંથી ઢંઢોળ્યા અને હજી એ આંખો ચોળીને પૂરા જાગ્રત થાય, તે પહેલાં નારણે એમને સમાચાર આપ્યા.

'અલ્યા ઊંઘણશીઓ! ક્યાં સુધી ઊંઘશો? અમે પેલા ગોઝારા (હત્યારા) કૂવે જઈએ છીએ. શેરસિંહ ફોજદારે ભારે બહાદુરીથી એક રીંછને માર્યું છે. ચાલો જોવું હોય તો અમારી સાથે. બહાદુરી શી ચીજ છે એનો ખ્યાલ આવશે.'

શેરસિંહ ફોજદારને વળી રીંછ ક્યાંથી મળ્યું? કેવી રીતે એમને એનો ભેટ થયો? આ અંગે તો નારણે ગામમાં ફેલાયેલી વાત કરી એટલે જગત અને ભીખાને ખાતરી થઈ ગઈ કે આ આપણે મારેલું રીંછ જ શેરસિંહ ફોજદારે ફરી માર્યું. વાહ, બાપુની તે કેવી મર્દાનગી! જીવતાને મારનારા બહાદુર કહેવાય; પરંતુ મરેલાને મારનારા તો આપણા એકલા શેરસિંહ ફોજદાર જ. જગતથી પુછાઈ ગયું, 'અરે નારણ! આ ફોજદાર સાહેબે મરેલા રીંછને માર્યું છે કે જીવતાને.'

'મરેલાને મારવામાં શી મર્દાઈ? તમે બંને સાવ ગાંડા થઈ ગયા છો. આખું ગામ આ જોવા જાય છે. હું પણ ચાલ્યો અને તમારે આવવું હોય તો ચાલો.'

આટલું કહીને નારણ પોતાના બીજા મિત્રો સાથે શેરસિંહ બાપુની બહાદુરી નજરોનજર જોવા ગયો. શેરસિંહ બાપુ ગામ વચ્ચે ચોરે બેસી મૂછોની વળ ચઢાવી કહેતા હતા,

'અરે! સવારે પાસેના ગામથી પાછો આવતો હતો અને સામે આ રીંછ મળ્યું. જોતજોતામાં એના રામ રમાડી દીધા. ભાઈ, આવા જબરા રીંછને મારવું એ કંઈ છોકરાના ખેલ નથી.'

વિશ્વના દેશોને જોડનારા કેન્દ્ર તરીકે શાંતિનિકેતનને ઉપસાવવું એવી રોમાંચક કલ્પના, અમેરિકા હતા ત્યારે, રવીન્દ્રનાથને આવી હતી. ૧૯૧૬ના ઑક્ટોબરનો એ સમય. રવીન્દ્રનાથ દક્ષિણ કેલિફોર્નિયામાં હતા. એક સવારે ફરવાનો મુડ થઈ આવ્યો. લોસ એન્જેલસ નજીકના દરિયાકિનારે ટહેલવા નીકળી પડ્યા. પાછા ફરતાં રસ્તામાં ફળોની મનોહર વાડી પર નજર પડી. રવીન્દ્રનાથ ઊભા રહી ગયા. સંતરાનાં વૃક્ષોની સુગંધથી વાતાવરણ તરબતર હતું. રવીન્દ્રનાથને ધ્યાન ધરવાનું મન થઈ આવ્યું. વૃક્ષોની ઝાડી વચ્ચે હરિયાળીમાં રવીન્દ્રનાથ ધ્યાનમાં બેસી ગયા. તે વખતે શાંતિનિકેતનને વિશ્વવિદ્યાલય બનાવવાનો વિચાર સ્ફુર્યો.

શાંતિનિકેતન કલકત્તાની ઉત્તર-પશ્ચિમે ૧૬૦ કિ.મી. જેટલું દૂર છે. નજીકનું સ્ટેશન બોલપુર છે. બોલપુરથી શાંતિનિકેતન ત્રણેક કિ.મી. છે.

ખરેખર શેરસિંહ બાપુની વાત સાચી હતી. સૌ છોકરાંઓએ કબૂલ કર્યું. ભીખા અને જગતે પણ એની વાત સ્વીકારી, કારણ કે શેરસિંહ બાપુના પરાક્રમનો ભેદ ભાંગવામાં પિતાની શિક્ષાનો એમને ભારે ભય હતો.

જગત અને ભીખાને આખા શરીરે ખૂબ કળતર થતું હતું. ઊઝરડાની વેદના પણ શમી નહોતી, આથી એ ફરી ખાટલામાં આડા પડ્યા.

શેરસિંહ બાપુએ તો એ રીંછને ખેંચી મંગાવી, એને સાફ કરીને મસાલો ભરીને ચોરામાં રાખ્યું. એ ચોરામાંથી જગત અને ભીખો જ્યારે નીકળતા, ત્યારે શેરસિંહ બાપુની છટાથી પરસ્પર એકબીજા સામે જઈને કહેતા,

'આ જબરા રીંછને મારવું એ કંઈ છોકરાંના ખેલ નથી.' આટલું બોલીને બંને મિત્રો ખડખડાટ હસી પડતા! (ક્રમશઃ)

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

શ્રી જૈન મહાવીર ગીતા-એક દર્શન : ૧૯

❑ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

નવદશ પ્રકરણ : શ્રેણિકાદિ સ્તુતિ

'શ્રી મહાવીર જૈન ગીતા'માં જે છેલ્લાં છ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં તૃતીય પ્રકરણ 'શ્રેણિકાદિ સ્તુતિ' છે. આ પ્રકરણમાં ૧૭ શ્લોકો છે.

ભગવાન મહાવીરના સમયના મહાન રાજવીઓ, શ્રેણિક તથા ઉદાયન તથા ચંડપ્રદ્યોત તથા ચેટક વગેરે આ પ્રકરણમાં પ્રભુની સ્તુતિ કરે છે.

'શ્રી મહાવીર જૈન ગીતા'ની રચના યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કરે છે ત્યારે તેમાં તેમની એક વિરલ સર્જક તરીકેની ઓળખ સ્થાપિત થાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સર્જકદૃષ્ટિ, રચનાશૈલી, અને ભક્તિભાવના સતત ધ્યાનાર્હ બની રહે છે.

મહારાજા શ્રેણિક, મહારાજા ઉદાયન, મહારાજા ચંડપ્રદ્યોત, મહારાજા ચેટક વગેરે ક્ષત્રિય રાજવીઓ તે સમયના ભારતવર્ષના મહાન રાજાઓ હતા. સૌએ જ્યારે જ્યારે અનુકૂળતા પ્રાપ્ત થઈ ત્યારે પ્રભુના દર્શન, વંદન, ભક્તિ ઈત્યાદિ શ્રદ્ધાપૂર્વક કર્યા અને ધર્મલાભ મેળવ્યો. મહારાજા શ્રેણિકનું નામ ભગવાન મહાવીર સાથે અનેક ઘટનાઓમાં ઉલ્લેખાયું છે. આગમ ગ્રંથોમાં પણ રાજા શ્રેણિકનો ઉલ્લેખ વારંવાર નિહાળવા મળે છે.

રાણી ચેલ્લણાની પ્રેરણાથી અને અનાથી મુનિના નિમિત્તે રાજા શ્રેણિક ભગવાન મહાવીરના સંપર્કમાં આવ્યા. એ પછી તેમનું જીવનપરિવર્તન થયું. જીવન ધર્મમય થયું. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા પ્રગાઢ બની. ક્ષાયક સમ્યક્ત્વની, તીર્થંકર નામકર્મની પ્રાપ્તિ થઈ. ધર્મીજીવ જેની પ્રતિપળ ઝંખના કરે છે અને આ અલભ્ય પ્રાપ્તિ કવચિત્ જ પ્રાપ્ય બને છે તે, રાજા શ્રેણિકને મળ્યું. એ અદ્‌ભુત સુખ મળશે તે માટે રાજા શ્રેણિકનું અંતર તૈયાર હશે તેમ માનીએ તો પણ, તે માટે તેણે કોઈ વિશિષ્ટ પુરુષાર્થ કર્યો હોય તેવી ઘટના તેના જીવનમાં બની નથી. રાજા શ્રેણિકે જેને અપૂર્વ કહી શકાય તેવો શ્રદ્ધાભાવ, પ્રભુ પ્રત્યે કેળવ્યો અને તેના પરિણામ રૂપે તેને, શ્રાયક સમ્યક્ત્વ તથા તીર્થંકર નામકર્મની સંપ્રાપ્તિ થઈ. ભક્ત ભગવાન પાસેથી આવું અપૂર્વ વરદાન મેળવે ત્યારે તેના આત્માના શિખર પર જે ભાવનાનો કળશ ચઢે તે કેવો દર્શનીય બની રહે!

મહારાજા ઉદાયન, ભગવાન મહાવીરના શાસનના અંતિમ રાજર્ષિ છે. પ્રભુ મહાવીર સ્વયં, મંત્રી અભયકુમારને, ઉદાયન અંતિમ રાજર્ષિ બનશે તેવો નિર્દેશ કરે છે. સાધુપદ પામ્યા પછી, દ્વેષબુદ્ધિથી, જીવનના અંતિમ સમયે તેમને ઝેર અપાયેલું. કાતિલ પીડાની વચમાં તેમણે અખૂટ સમતા દાખવી અને આત્મકલ્યાણ પામ્યાં.

રાજાઓ અને ભોગવિલાસનો સંબંધ પ્રગાઢ છે. મહારાજા ચંડપ્રદ્યોત રાણી મૃગાવતીના રૂપથી આકર્ષિત થઈને યુદ્ધે ચઢેલા. રૂપ અને

આવા શાંતિનિકેતનમાં ૨૧ ડિસેમ્બર ૧૯૦૧ના દિવસે પાંચ વિદ્યાર્થીઓ સાથે રવીન્દ્રનાથે તેમની તપોવન-શાળાનો પ્રારંભ કર્યો. તેને નામ આપ્યું, 'બ્રહ્મચર્ય આશ્રમ'. ચાર વિદ્યાર્થીઓ કલકત્તાથી આવેલા, પાંચમા હતા રથીન્દ્ર. બધા વિદ્યાર્થીઓએ લાલ અબોટિયાં ને ઉત્તરીય ધારણા કર્યાં હતાં. રવીન્દ્રનાથે ગાયું,

અમે થઈએ છીએ સત્યને સમર્પિત...

પાંચ વિદ્યાર્થીઓ માટે એક ઋષિ આચાર્યને બદલે પાંચ શિક્ષકો હતા-જેમાંના ત્રણ ખ્રિસ્તી હતા.

શિક્ષણકાર્ય ને રહેવા-જમવા માટે કોઈ ફી નહોતી રાખી. તેમ છતાં પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ આવતા નહોતા. (પાછળથી ફી દાખલ કરવામાં આવી હતી.)

બેએક વર્ષ શાંતિનિકેતનમાં રહી અભ્યાસ કરનાર સત્યજિત રેના શબ્દોમાં: 'શાંતિનિકેતનમાં બીજું કશું હોય કે ન હોય, પરંતુ તદ્દન શુષ્ક અને સાવ સંસારી-વ્યવહારી માણસમાં પણ ધ્યાન-ચિંતન પ્રેરવાની અને તેને અદ્‌ભુત વિસ્મય-ભાવનાથી ભરી દેવાની અજબ આંદોલન-શક્તિ શાંતિનિકેતનના વાતાવરણમાં છે.'

વાસનાના કામણમાં બુદ્ધિ બહેર મારી જતી હોય છે. રાણી મૃગાવતીએ ચતુરાઈથી રાજા ચંદ્રપ્રદ્યોત પાસેથી છૂટકારો મેળવીને ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ લીધી. અત્યંત પરાક્રમી રાજા ચંડપ્રદ્યોત ઘા ખાઈ ગયો. તેની શાન ઠેકાણે આવી. તેણે પ્રભુ મહાવીરનો સંપર્ક જાળવીને ભક્તિના પંથે પ્રયાણ કર્યું અને આત્મકલ્યાણ પ્રાપ્ત થયું.

રાજા ચેટકને જૈન ઈતિહાસ અપૂર્વ શક્તિશાળી, યુદ્ધ કૌશલ્યના નિષ્ણાત તરીકે ઓળખે છે. સાંસારિક સંબંધમાં રાજા ચેટક ભગવાન મહાવીરના મામા થાય છે. આમ તો, રાજા ઉદાયન અને રાજા ચંડપ્રદ્યોત પણ પ્રભુ મહાવીર સાથે સાંસારિક સંબંધ ધરાવે છે. આ બંને રાજાઓ, રાજા ચેટકની પુત્રીઓને પરણેલા તેથી તે પ્રભુના બનેવી થાય છે.

વૈશાલીના રાજા ચેટકના માટે એવી અનોખી ઐતિહાસિક નોંધ મળે છે કે તે ગમે તેવા યુદ્ધમાં દિવસમાં માત્ર એક જ વાર ધનુષ હાથમાં લેતા અને એક જ બાણ ફેંકતા! વળી, તેમનું નિશાન પણ અચૂક રહેતું!

રાજા ચેટક પ્રભુ મહાવીર દેવના સાંનિધ્યમાં ગયા અને આત્મકલ્યાણ પામ્યા.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી આ ચાર રાજાઓએ પ્રભુની સ્તુતિ કરી તેવું પ્રકરણ મૂકે છે. એમ લાગે છે કે આ ચાર રાજાઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના પ્રતીક છે. રાજા શ્રેણિકના જીવનમાં સમ્યક્ દર્શનનો પ્રભાવ છે, રાજા ઉદાયનના જીવનમાં સમ્યક્ જ્ઞાનનો પ્રભાવ છે, રાજા ચંડપ્રદ્યોતના જીવનમાં સમ્યક્ ચારિત્રનો પ્રભાવ છે અને રાજા ચેટકના જીવનમાં સમ્યક્ તપનો પ્રભાવ છે.

ભગવાન મહાવીરની આજ સુધીમાં રચાયેલી પ્રત્યેક સ્તુતિમાં પ્રભુનું ગુણકીર્તન નિહાળવા મળે છે તેવું જ અહીં પણ છે.

પ્રભુના સ્તવનનો, સ્તુતિનો પ્રભાવ અપરંપાર છે. પ્રભુના ઉપકારનો તો આપણે શું બદલો વાળી શકીએ? પ્રભુનું ગુણકીર્તન કરીએ તેજ શ્રેષ્ઠ ઉપાય. પરંતુ એ સમયે પણ જાણે આપણને તો પ્રભુનો અહેસાન પ્રાપ્ત થાય છે! જેમ જેમ પ્રભુનું ગુણવર્ણન કરીએ તેમ તેમ આપણું ભીતર પણ સુખ પામે, ગુણ પામે, આનંદ પામે. આ પણ પ્રભુનો જ ઉપકાર થયો ને! પ્રભુની ભાવવાહી સ્તુતિ ગાયકને પણ ભાવમય બનાવી મૂકે. જે ગુણોનું કથન થાય તેવા જ ગુણો પામવા હૃદય તડપે. એટલું જ નહિ, શ્રી યશોવિજયજી મહારાજ એક સ્તવનમાં કહે છે તેમ, 'જસ ગુણકથા ભવવ્યથા ભાંજે!'–પ્રભુના ગુણોની કથા આપણો ભવસંસાર ઘટાડી દે છે! હૃદયમાંથી સાચી આરત જાગે તો આમ જરૂર બને. પ્રખ્યાત જૈન કવિવર શ્રી ઉદયરત્નજીનો અનુભવ સ્મરણીય છે. વિ. સં. ૧૭૫૦માં શંખેશ્વરજી તીર્થમાં સંઘ સાથે પહોંચ્યા ત્યારે ત્યાંના ઠાકોરે પ્રભુની પ્રતિમા તેના કબજામાં હતી તેથી, પ્રભુના દર્શનનો tax માંગેલો! પં. ઉદયરત્નજી કહે કે પ્રભુના દર્શનના કર ન હોય! એમણે ખરા દિલથી 'પાસ શંખેશ્વરા! સાર કર સેવકાં, દેવ કાં એવડી વાર લાગે?'–વાળું ભક્તિમય સ્તવન લલકાર્યું અને તત્ક્ષણ પ્રભુના પ્રગટ દર્શન થયેલા!

'શ્રી જૈન મહાવીર ગીતા'માં આવતી 'શ્રેણિકાદિ સ્તુતિ' આ સ્વરૂપે જોવાની છે. રાજાઓ નતમસ્તકે પ્રભુના ગુણ ગાય છે, પ્રભુના પદકમળ પૂજે છે, પ્રભુ જેવા થવા માંગે છે – એ ભાવ આ સ્તુતિનો પ્રાણ છે. 'શ્રેણિકાદિ સ્તુતિનો પ્રારંભ આમ થાય છે:

શ્રેણિકોદાયિનૌ ચણ્ડપ્રદ્યોતનશ્ચ ચેટક:।
પ્રણમ્ય શ્રી મહાવીરં, સ્તુવન્ત્યેવં વિવેકત:।।
ધર્મોદ્ધારક! દેવેશ! મહાવીર! મહાપ્રભો।
સર્વવીરેષુ વીરસ્ત્વં, સર્વયોગપ્રદર્શક!।।
ક્ષાત્રવંશશિરોરત્નં, પૂર્ણબ્રહ્મ ગુરુ: પ્રભુ:।
સર્વજ્ઞાયકતીર્થેશો, ભવત્સેવા સદાઽસ્તુ ન:।।
સર્વવર્ણાધિકારેણ, જિનધર્મસ્ત્વયોદિત:।
પ્રોક્તાનિ સ્વાઽધિકારેણ, કર્માણિ સર્વદેહિનામ્ ।।
કલૌ ત્વચ્છાસનં સર્વવિશ્વાઽઽધારતયા સ્થિતમ્ ।
ત્વદાજ્ઞાયાં સ્થિતો ધર્મ:, શ્રદ્ધયા સુખકારક:।।

('શ્રી જૈન મહાવીર ગીતા'
ગાથા ૧,૨,૩,૪,૫)

'શ્રેણિક, ઉદાયિન, ચંડપ્રદ્યોત અને ચેટકે શ્રી મહાવીરને નમસ્કાર કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.'

'હે ધર્મોદ્ધારક દેવેશ, મહાવીર, મહાપ્રભુ તમે સર્વવીરોમાં વીર અને સર્વયોગ પ્રદર્શક છો.'

'તમે ક્ષાત્રવંશના શિરોરત્ન જેવા, પૂર્ણબ્રહ્મ, પ્રભુ, ગુરુ, સર્વજ્ઞાયક, તીર્થેશ છો. તમારી સેવા અમે કરીએ.'

શાંતિનિકેતન વિકસાવવા માટે પુષ્કળ પૈસાની જરૂર રહેતી. મિત્ર જગદીશચંદ્ર બોઝને લંડન ભણવા મૂક્યા હતા. તેના ખર્ચનો બોજો ઉપાડવાનું રવીન્દ્રનાથે સ્વીકાર્યું હતું, તે જવાબદારી પણ હતી. એકમાત્ર ત્રિપુરાના મહારાજાએ આર્થિક મદદ કરી. મૃણાલિનીદેવી પતિની પડખે ઊભાં રહ્યાં. તેમનાં ઘરેણાં રવીન્દ્રનાથે તેમની બહેનને વેચી દીધાં. જગન્નાથપુરીની એક કોઠી પણ રવીન્દ્રનાથે વેચવી પડી. તે સમય સુધીના તેમના લખાણોની લગભગ ૧૩૦૦ પાનાંની સમગ્ર સાહિત્યની આવૃત્તિના હક તેમણે રૂ. ૨૦૦૦/- જેટલી મામૂલી રકમમાં પ્રકાશકને આપી દેવા પડ્યા. આ રીતે રવીન્દ્રનાથ ઝઝૂમ્યા, ઝૂક્યા નહીં.

૧૯૧૫માં રવીન્દ્રનાથ પર બ્રિટિશ સલ્તનતે 'નાઈટહૂડ'ના સરપાવની નવાજેશ કરી. કવિ 'સર રવીન્દ્રનાથ ટાગોર' બન્યા.

જલિયાંવાલા બાગની ઘટનાને પગલે ૧૯૧૯માં રવીન્દ્રનાથે પોતાને મળેલા ઈલ્કાબનો ત્યાગ કર્યો.

'તમે સર્વવર્ણના અધિકાર વડે જીત-ધર્મ ઉપદેશ્યો છે. સ્વ અધિકાર વડે સર્વલોકોના કાર્યો કહ્યાં છે.'

'કલિયુગમાં તમારું શાસન સર્વવિશ્વના આધારથી સ્થિર છે. તમારી આજ્ઞામાં શ્રદ્ધા વડે તમારો ધર્મ સ્થિર છે.'

ઉપર કહ્યું તેમ આ સંપૂર્ણ સ્તુતિ ભાવમય સ્તુતિ છે. વ્યક્તિ જ્યારે કોઈથી અંજાય છે ત્યારે હાથ જોડે છે પરંતુ ભક્ત જ્યારે કોઈ પાસેથી ગુણ પામે છે ત્યારે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે અને હંમેશાં તેના પદકમળ પૂજે છે. એમાં પણ સ્વયં ભગવાનનો ભેટો થઈ જાય પછી તો પૂછવું જ શું ?

મહારાજા શ્રેણિકની ભક્તિ અને શ્રદ્ધાની પ્રશંસા તો આગમ ગ્રંથોમાં પણ નિહાળવા મળે છે. પ્રભુ પ્રત્યે રાજા શ્રેણિક વગેરે અનેક રાજાઓને અપાર ભક્તિ અને શ્રદ્ધા સૂર્ય સાથે જેમ પ્રકાશ જોડાઈ જાય તેમ આત્મા સાથે જોડાઈ ગયા હતા. ભગવાન મહાવીરનું સર્વકલ્યાણકારક જીવન અને સર્વજીવઉદ્ધારક ધર્મતત્ત્વ સર્વલોકોને હંમેશાં આકર્ષક રહ્યું છે. વળી તે સમયમાં તો સ્વયં ભગવાન વિદ્યમાન હતા એટલે સૌને અનહદ આકર્ષણ થાય અને શ્રદ્ધા જાગે તે તદ્દન સ્વાભાવિક હતું. ભગવાન મહાવીરની સાથે તેમના ચતુર્વિધ સંઘમાં રાજાઓ, રાણીઓ, મંત્રીઓ, શ્રેષ્ઠિઓ, મહિલાઓ સર્વે નાત-જાતના ભેદ તોડીને જોડાયા અને આત્મકલ્યાણ પામ્યા. સમગ્ર ભારતમાં તે સમયે આ અલૌકિક ઘટના હતી કેમકે ભગવાન એમ કહેતા હતા કે સર્વ જીવોને મોક્ષ પામવાનો અધિકાર છે. અને મા પાસે જેમ બાળકો ઘેરીને બેસી જાય તેવી જ રીતે આ ચતુર્વિધ સંઘ પણ સમવસરણમાં બારે પર્ષદારૂપે બિરાજમાન થતો હતો અને તે સમયે ભગવાન પાસેથી સૌને જે તત્ત્વની અમૃતધારા મળતી હતી તે ભગવાનના ભક્ત બનાવી દેવા માટે સમર્થ હતી. શ્રેણિક વગેરે રાજાઓના દિલમાંથી જે સ્તુતિ પ્રકટ થઈ છે તે આ ભક્તિનું પ્રતિબિંબ છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએ :

સર્વ ધર્મોમાં આત્મામાં અભેદ છે. જગતમાં તારા વચનમાં શુભ આસક્તિ સુખ આપે છે.'

'જે યોગો ક્ષાત્રધર્મને હિતકારક છે, તે યોગોથી ભ્રષ્ટ થયેલા પુરુષો અને સ્ત્રીઓ દુ:ખી થાય છે.'

'તમારા નામ વડે સર્વ પાપો અને દુર્મતિ પલાયન થઈ જાય છે. તમારા નામની સ્મૃતિ માત્રથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે.'

'ૐ અર્હમ, તમે મહાવીર, તું સર્વ દેહીઓનો આધાર છે. તું દેવ દેવીઓનો પાલક છે. તું શુદ્ધ આત્મા છે. હૃદયમાં રહેલો છે.'

'તું પરબ્રહ્મ, પરિપૂર્ણ, યોગેશ, અર્હન્, સદાશિવ છે. ક્ષાત્રધર્મને ફેલાવીને કલેશ રાશિનો નાશ કરનાર છે.'

'તું ત્રણે ભુવનમાં બ્રાહ્મણ વગેરે પ્રભુનો આધાર છે. તું સદાશિવ છે. સર્વ વિશ્વના જીવોનો આધાર છે.'

'તું સર્વ જીવોનો આધાર છે. તારી ભક્તિથી પરમ પદ મળે છે. તારા કહ્યા પ્રમાણે લોકો તેને પામે છે અને પામશે.'

'ધર્મના ઉદ્ધાર વડે હિંસા, દુષ્ટ દોષો વગેરેને નાશ કર્યા છે. મોહ ગર્ભિત પાખંડોને સત્યજ્ઞાન વડે નાશ કર્યા છે.'

'તું પરવ્યક્ત, વિશુદ્ધાત્મા છે. જૈનધર્મ શિરોમણિ છો. તારી આજ્ઞાથી સર્વ દોષો વિલીન થઈ જાય છે.'

'આર્યાવર્ત વગેરે દેશોનો તું દ્યોતક છે. કર્મયોગીઓ શિર ઉપર તારી આજ્ઞા ધારણ કરે છે.'

'તું ઈન્દ્રિયોથી અગોચર છે. વાણીથી કહી શકાય તેમ નથી. શ્રી મહાવીર અમને તારો પ્રકાશ પૂર્ણ ભક્તિથી પ્રાપ્ત થાઓ.'

'હે મહાવીર, તું જય પામ. તારી ભક્તિનો અમે આશ્રય કર્યો છે. જૈન ધર્મના પ્રકાશથી સર્વનું મંગલ થાઓ.'

('શ્રી મહાવીર જૈન ગીતા' ગાથા ૭ થી ૧૭)

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની આ 'શ્રેણિકાદિ સ્તુતિ'નો ભાવ સ્પષ્ટ છે. આપણને પણ જેમાંથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેવી પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા પ્રકટ થાઓ !

(ક્રમશ:)

આચાર્ય શ્રી વાત્સલ્યદીપ મહારાજ સાહેબ,
જૈન ઉપાશ્રય, ક્લબ હોલની ઉપર, સુધા પાર્ક, શાંતિપથ, ગારોડિયાનગરની બાજુમાં, ઘાટકોપર (પૂર્વ)
મો. ૯૭૬૯૯૫૭૩૯૩

ભર્યાભર્યા કુટુંબમાં રવીન્દ્રનાથનું બાળપણ અને કિશોરજીવન વીત્યું હતું. બાર-બાર ભાઈ-બહેનો, ભાભીઓ, પિતરાઈઓ અને સંતાનોનો સહવાસ માણ્યો હતો. પ્રવૃત્તિઓ અને પ્રવાસોથી જીવન સભર હતું. પણ જીવનયાત્રામાં આગળ ચાલતા ગયા તેમ એકલતા વીંટળાતી ગઈ. તેનું મુખ્ય કારણ આપ્તજનોનાં મૃત્યુઓનો અનુભવ. બાળપણમાં માતા ગુમાવ્યાં. પછી વજ્રાઘાત અનુભવ્યો ભાભી કાદમ્બરીદેવીના મૃત્યુનો. સમાનધર્મા સખ્ય પૂરું પાડનાર કાદમ્બરીદેવી વિદાય થયાં ત્યારે રવીન્દ્રનાથની ઉંમર ત્રેવીસ વર્ષની. ત્યાર પછી મૃત્યુની ઘટના સદાસર્વદાના સાથી તરીકે રવીન્દ્રનાથ સાથે ચાલતી રહી. આત્મીયજનો મૃત્યુ પામતાં રહ્યાં. ફૂલ જેવાં કુમળાં-કુમળાં પ્રાણપ્રિય સંતાનો અકાળે ખરતાં ગયાં. રવીન્દ્રનાથના નિજી કુટુંબમાંથી ૧૯૦૨માં પત્ની મૃણાલિનીદેવી, એક જ વર્ષ પછી ૧૯૦૩માં વચેટ પુત્રી રેણુકા (રાણી), ચાર વર્ષ પછી ૧૯૦૭માં નાનો પુત્ર શમીન્દ્ર, ૧૯૧૮માં મોટી પુત્રી માધુરીલતા (બેલા) અને ૧૯૩૨માં દોહિત્ર નીતીન્દ્ર-એક પછી એક એ બધાંએ વિદાય લીધી. બાકી રહેલાં બંને સંતાનો રથીન્દ્રનાથ અને મીરાં નિ:સંતાન. રવીન્દ્રનાથ જોઈ શક્યા હશે કે તેમનું વ્યક્તિગત કુટુંબ નામશેષ થવાનું, કારણ કે રથીન્દ્ર કે મીરાંને હવે બાળકોનો સંભવ નહોતો. એટલે જ કદાચ નીતીન્દ્રના મૃત્યુ-સમયે એમણે મૃત્યુને આઘાત, વજ્રપાત, ઉત્પાત તરીકે વર્ણવતું 'મૃત્યુંજય' કાવ્ય લખ્યું. જોકે તે કાવ્યમાંય મનુષ્યને મૃત્યુ કરાતાં મોટો કહ્યો છે:

જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(એપ્રિલ ૨૦૧૦ના અંકથી આગળ)

૬૨૨. નારાચ : છ પ્રકારના સંઘયણમાં નારાચ ત્રીજું સંઘયણ.
छ प्रकार के संहनन में नाराच तीसरा संहनन।
Out of the six types of Samhanana Naraca is third type of Samhanana.

૬૨૩. નાશ : નષ્ટ થવું.
नष्ट होना।
Destruction.

૬૨૪. નિઃશલ્ય : જે શલ્યરહિત હોય તે નિઃશલ્ય.
जो शल्यरहित है वो नि:शल्य।
Spiritual enjoyment.

૬૨૫. નિઃશીલત્વ : જે શીલથી રહિત છે તે નિઃશીલતવ.
जो शील से रहित होना है वो नि:शीलत्व।
To be devoid of sila.

૬૨૬. નિઃશ્રેયસ : આધ્યાત્મિક સુખનું સાધન.
आध्यात्मिक सुख का साधन ।
Spiritual enjoyment.

૬૨૭. નિઃશ્વાસ : બહાર કાઢવામાં આવતો શ્વાસ.
बहार निकाला जानेवाला वायु।
Out-breath.

૬૨૮. નિઃશ્વાસવાયુ : પ્રાણ.
आत्मा द्वारा उदर से बाहर निकाला जानेवाला वायु (प्राण)।
Prana-that is, out-breath which is soul expels outwards from the abdomen

૬૨૯. નિઃસૃતાવગ્રહ : સંપૂર્ણ રીતે આવિર્ભૂત પુદ્‌ગલોનું ગ્રહણ.
सम्पूर्णतया आविर्भूत पुद्‌गलों का ग्रहण 'नि:सृतावग्रह' है।
That grasping a thing as mixed with alien properties is nisrita-grasping avagraha.

૬૩૦. નિકાય : અમુક સમુહ જેટલે જાતિ.
समूह विशेष या जाति को निकाय कहते है।
Group of species.

૬૩૧. નિક્ષેપ : ન્યાય વિભાગ
न्याय विभाग।
Manner of positing.

૬૩૨. નિગોદશરીર : સૂક્ષ્મ શરીર
सूक्ष्म शरीर।
One common body inhabited by ananta jivas.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩. મો. નં. ૦૯૮૨૫૮૦૦૧૨૬

(વધુ આવતા અંકે)

હોંગકોંગના બંદરે રવીન્દ્રનાથને સખત મજૂરી કરતા ચીની કામદારો જોવા મળ્યા. જરાય ચરબી વગરનાં કસાયેલાં એમનાં શરીર તડકામાં ચમકતાં હતાં. તેમના સુદૃઢ-સ્નાયુબદ્ધ શરીરમાંથી અનેરું સૌંદર્ય પ્રગટતું હતું. રવીન્દ્રનાથને લાગ્યું કે વ્યવસ્થિત રૂપે થતો પરિશ્રમ માનવદેહને અનોખી આભા આપે છે. ચીની શ્રમિકોની લયબદ્ધ કામગીરી જોઈ રવીન્દ્રનાથે લખ્યું, 'વાજિંત્રમાંથી નર્તન કરતો સૂર વહે તેમ શ્રમિકોના શરીરમાંથી થનગન કરતો પરિશ્રમ સહજ રીતે વહી રહ્યો હતો. સ્ત્રીઓનું સૌંદર્ય પણ આ પુરુષોના સૌંદર્યની બરાબરી ન કરી શકે, કારણ કે પુરુષોના શરીરમાં બળ અને લાવણ્યની પૂર્ણ સમતુલા હોય છે. આ ગુણોની આવી સમતુલા સ્ત્રીઓને મળી નથી.' ચીની પ્રજાનાં શરીરબળ અને કાર્યકૌશલ તથા તેમનામાં જોવા મળતો કામ કરવાનો આનંદ નિહાળી રવીન્દ્રનાથ ખાસ્સા પ્રભાવિત થયા. તેમણે ભવિષ્યવાણી ભાખી: 'પ્રજાના આ ગુણોમાં જ્યારે આધુનિક વિજ્ઞાનના આશીર્વાદ ભળશે ત્યારે આ પ્રજાના સામર્થ્યને કોઈ પડકારી નહીં શકે.'

પુસ્તકનું નામ : **રાજગુરુ આશીર્વાદ ચિંતનિકા**
આશીર્વાદ ઉદ્‌ગાતા પૂ. ગુરુદેવ રાજયશસૂરીશ્વરજી મહારાજ
લેખિકા : **સાધ્વી વાચંયમા શ્રી (બેન મહારાજ)**
પ્રાપ્તિ સ્થાન : (૧) શ્રી નિશીથભાઈ અતુલભાઈ શાહ, ૧૧, ઓપેરા સોસાયટી પાર્ટ-૧, મેઘમણી હાઉસ પાસે, નવા વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
(૨) શ્રીમતિ મીનાબેન સિદ્ધાર્થભાઈ શાહ ૧૭, રાજસ્વી બંગલો, પ્રેરણાતીર્થ વિભાગ-૧, રોઝવુડ એસ્ટેટની બાજુમાં, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
પ્રકાશક : શ્રી લબ્ધિ વિક્રમ સિદ્ધાચલ ચાતુર્માસ સમિતિ
મૂલ્ય: અમૂલ્ય, પાના ૧૫૨, આવૃત્તિ પ્રથમ.

આ પુસ્તકના લેખિકા પ. પૂ. સા. વાચંયમાશ્રીજી લખે છે, 'પૂજ્યશ્રીના આશીર્વાદ એક મહાન ગ્રંથ સમાન છે. સંયમ-શાસન અને સમુદાયના જરૂરી અનેક વિષયો સહજ ભાવે આશીર્વાદમાં સંકળાયેલ છે.' પૂજ્યશ્રીએ અંતરના આશીર્વાદ સૌ પર વરસાવ્યા છે સાથે સમસ્ત જ્ઞાનનો સાર અને વ્યવહારનો નીચોડ આપ્યો છે. સાથે સાથે પૂજ્યશ્રીએ આશા વ્યક્ત કરી છે કે 'પ્રત્યેક સાધકના જીવનમાં પરિવર્તનનું પવિત્ર પથદર્શક આ પુસ્તક બનશે.'

આ નાનકડા પુસ્તકમાં પ. પૂ. ગુરુદેવ, શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.એ આપેલ આશીર્વાદના લેખન-સંકલનને ૬૫ પૃષ્ઠોમાં તેના રહસ્યો સમજાય તે રીતે આલેખ્યા છે, જેમાં બેન મહારાજનો વામન વિરાટને સ્પર્શે તેવો પ્રયત્ન છે. આ પાંસઠ આશીર્વાદોની ભાષા મધુર અને રહસ્યોથી ભરેલી છે.

X X X

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **મંથન (હિન્દી)**
લેખક : **મુનિ રાજરત્નવિજય**
પ્રકાશક : **મુકેશકુમાર અશોકકુમાર**
બમ્બોરી પરિવાર–રતલામ.
મૂલ્ય:રૂ.૧૦/-, પાના ૬૪,આવૃત્તિ વિ. સં.૨૦૬૬.

આજના ભૌતિક યુગમાં સદ્‌ગુરુનું સાન્નિધ્ય પ્રાપ્ત થવું અતિ દુર્લભ હોય છે. આ. ભગવંત રાજરત્નવિજયજી મહારાજ સાહેબે રતલામના ચાતુર્માસ સમયે ૭૦ થી ૭૨ પ્રવચનો આપ્યા હતા. તે દ્વારા ત્યાંના શ્રાવકોને જ્ઞાનના પીયૂષ પાયા હતા.

આ પ્રવચનોમાં માત્ર જ્ઞાન નહિ પણ હૃદયની ભાવનાઓને જાગૃત કરવાનું બળ પણ છે. એ પ્રવચનોને મુકેશકુમાર બમ્બોરીએ પુસ્તક રૂપે પ્રકટ કરી જૈન શાસન પર ઉપકાર કર્યો છે.

'મંથન' નામના નાનકડા પુસ્તક દ્વારા વાચકના હૃદયમાં એક એવો ભાવ ઉઠે છે કે મનુષ્ય માત્રનું જીવન ધર્મમય બનો, દરેક માનવીને અતિ દુર્લભ એવો મનુષ્ય ભવ પ્રાપ્ત થયો છે તો તેનું મૂલ્ય સમજે અને સન્માર્ગે પ્રયાણ કરી જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મેળવે. આ નાનકડું પુસ્તક વસાવવા જેવું અવશ્ય છે.

X X X

પુસ્તકનું નામ : **પવન તું તારી દિશા બદલી નાંખ**
લેખક : **પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ**
પ્રકાશક : **રત્નત્રયી ટ્રસ્ટ,** પ્રવિણકુમાર દોશી ૨૫૮, ગાંધી ગલી, સ્વદેશી માર્કેટ, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન:૨૨૦૬૦૮૨૬ (સમય બપોરે ૧૨ થી ૭).
મૂલ્ય: રૂ. ૩૦/-, પાના ૧૦૦, આવૃત્તિ ૨

ઉત્તમ આદર્શો અને ઉત્તમ આચરણોના દર્શન દુર્લભ થતા જાય એવું વાતાવરણ આજે ચારેય બાજુ નજરે પડે છે. માધ્યમનું સ્થાન પવનનું સ્થાન છે. ગટરની દિશા તરફ વહેતો પવન જો બગીચાની દિશા તરફ વહેવા લાગે તો વાતાવરણને જેમ તાજગીસભર બનાવી દે છે, તેમ ગંદુ જ દર્શાવતાં રહેતા પ્રચાર માધ્યમો જો આજે સારું અને સમ્યક્, શુભ અને સુંદર પ્રસ્તુતિ પેશ કરે તો સમગ્ર જગતમાં તાજગી લાવી શકે. પવને બીજું કશું જ નથી કરવાનું માત્ર પોતાની દિશા બદલવાની છે. એ બદલવા માટે પવને શું કરવું જોઈએ એની અનેકવિધ વાતો મહારાજશ્રીએ અહીં કરી છે.

આ નાનકડા પુસ્તકના ૧૦૦ પાનામાં ૫૦ પત્રોમાં વર્તમાન જીવનની વાસ્તવિકતાઓનો વેદના ઉપજે એવો ચિતાર આલેખ્યો છે. આચાર્યશ્રીની કટાક્ષયુક્ત શૈલી હૃદય સોંસરી ઊતરી જાય તેવી છે. તેનો એક નમૂનો જોઈએ :

...અને છતાં દુ:ખદ આશ્ચર્ય એ સર્જાયું છે કે લોકોની પાસે સમાચાર પહોંચી રહ્યા છે વેપારીઓની લુચ્ચાઈના, યુવકોની નાગાઈના, દુર્જનોની દુર્જનતાના, નેતાઓના કૌભાંડોના અને વેષધારીઓના પાખંડોના...સર્વત્ર ફેલાતી રહેતી ગટરની દુર્ગંધ જે રીતે નગરનું આરોગ્ય બગાડી રહે છે. બસ એ જ રીતે, સર્વત્ર ફેલાઈ રહેલ ખરાબ સમાચારો, નકારાત્મક વિચારો વિદ્વંશાત્મક પ્રસંગો આજે અતિશયોક્તિ વિના કહું તો આખી દુનિયાનું આરોગ્ય બગાડી રહ્યા છે. આવા ગંદવાડથી બચવા માટે આ પુસ્તક વાંચવું જરૂરી છે. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

'...આ સુંદર વિશ્વમાંથી હું મરવા ઈચ્છતો નથી.' મરવાનું તો સૌને છે, પણ કવિ જીવન-પ્રીતિની ભાવનાથી જીવતા હતા. પીડાની ફરિયાદ ન કરતા કે તેમની આંખમાં ક્યારેય આંસુ જોવા ન મળતાં. પોતે લખી ન શકે તો બીજા પાસે કવિતા લખાવતા. પોતે લાંબુ બોલી ન શકે તો લખાવી બીજી પાસે બોલાવતા. સ્વાસ્થ્ય કથળતું જતું હતું. વિશ્વયુદ્ધ ચરમસીમાએ હતું. ચારેકોર અશાંતિ હતી. ભારત હજી પરતંત્ર હતું તેનું કવિને દુ:ખ હતું. બંગાળી કૅલેન્ડર પ્રમાણે ૧૪ એપ્રિલ, ૧૯૪૧ના દિવસે તેમનો એંસીમો જન્મદિવસ ઊજવાયો. 'સભ્યતાર સંકટ' એ નામનો ગુરુદેવનો સંદેશ શાંતિનિકેતનના અંતેવાસીઓ સમક્ષ વંચાયો. ગુરુદેવનો એ છેલ્લો જાહેર સંદેશો હતો. ગુરુદેવે સંદેશામાં કહ્યું હતું:

''બ્રિટિશ સામ્રાજ્યની ચુંગાલમાંથી એક દિવસ ભાગ્યનું ચક્ર ભારતને છોડાવશે, પણ અંગ્રેજો કેવું ભારત મૂકી જશે...બસો વર્ષના તેમના શોષણવાળા વહીવટથી સુકાયેલું કંગાલ ભારત!... એક સમયે હું માનતો હતો કે યુરોપમાંથી ચારે તરફ સંસ્કૃતિનો ઉદય થશે, પણ આજે જ્યારે હું જગતમાંથી વિદાય લેવામાં છું, ત્યારે મારી એ શ્રદ્ધા મારામાં રહી નથી...

અને છતાંય મનુષ્યમાંથી શ્રદ્ધા ગુમાવવાનું મહાપાતક હું નહીં વહોરું. જ્યાંથી સૂર્ય ઊગે છે તે પૂર્વદિશાની ક્ષિતિજેથી પ્રભાત પ્રગટશે. એવો દિવસ આવશે જ્યારે અજેય એવો માનવી ફરી વિજયના માર્ગે વળશે અને માનવતાનો વારસો પામશે.''

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment. No. South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11

રવીન્દ્ર સ્મૃતિ

❑ પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા

(૭મી મે ની રવીન્દ્ર જન્મજયંતી પ્રસંગે)

ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની સેવામાં જીવનનાં ૨૨ વર્ષો મૂક પણે શાંતિ નિકેતનમાં રહીને તેમના પાસેથી 'મૂંગો ગુરુદયાળ'નું સંબોધન પામનાર પ્રેમના પયગંબર સૂફી સંત આચાર્ય ગુરુદયાલ મલ્લિકજી પાસે ગુરુદેવના મૂલ્યવાન સંસ્મરણોનો મોટો ખજાનો હતો. સ્વયં ગુરુદેવે તેમને કહેલા અને પોતે અનુભવી આત્મસાત્ કરેલા ગુરુદેવનાં પ્રેરણાભર્યા જીવનપ્રસંગો મલ્લિકજીના શ્રીમુખેથી સાંભળવા એ એક લ્હાવો હતો.

અહીં પ્રસ્તુત છે તેમાંનો એક પ્રસંગ તેમના જ શબ્દોમાં:

(૨) પત્ર અને પૉસ્ટ ઑફિસ : અનંતના શાંતિ-સાગરનું મિલનદ્વાર

બીજી પણ આ જ ગામની વાત છે. એક ટપાલી રોજ ત્યાં આવતો હતો. ખુશમિજાજ અને ગાન મસ્ત. 'ગગન' તેનું નામ. એક દિવસ એ દરવાનને ગુરુદેવની ટપાલ આપીને ગણગણતો આગળ નીકળી ગયો. ભારે મધુર સૂરોમાં એ ગાતો જતો હતો:

'આમાર **ચિઠી** આશબે કબે ?'

ગુરુદેવે આ શબ્દ સાંભળી લીધા. બીજા દિવસે તેમણે આ ગગન ટપાલીને બોલાવીને તેના પાસેથી એ ગીત સાંભળ્યું. સાંભળીને તેઓ મંત્રમુગ્ધ થઈ ગયા અને આને પોતાના ધ્યાનનું સૂત્ર બનાવી દીધું:

'કાગળ મારો આવશે ક્યારે ?'

જે સમયે આપણો જન્મ થાય છે તે દિવસે જ આપણી સાથે એક પત્ર મોકલવામાં આવે છે. એ પત્ર ક્યારે, કયા જન્મમાં, આપણને પહોંચશે ?

આ પ્રસંગથી ગુરુદેવને પોતાના સર્વોત્તમ નાટક ડાકઘર : 'પૉસ્ટ ઑફિસ'ની પ્રેરણા મળી. તેમના પૂર્વ બંગાળના જીવનનો આ બીજો મહત્ત્વપૂર્ણ પ્રસંગ હતો.

આગળ જતાં આ 'પૉસ્ટ ઑફિસ' નાટક લખ્યા પછી એક વખત ગુરુદેવે કહ્યું હતું: 'મારું સાહિત્ય સમજવાને માટે 'પૉસ્ટ ઑફિસ' વાંચો...મારા સાહિત્યનો એક જ ઉદ્દેશ રહ્યો છે- સાંત (સ+અંત)નું **અનંતની** સાથે અને અનંતનું સાંતની સાથે સંમિલન (To relate the Finite with the Infinite and Infinite with the Finite).

'પૉસ્ટ ઑફિસ'માં ગુરુદેવે સાંતમાંથી અનંતનું, 'સીમા'માંથી 'અસીમ'નું, દર્શન કરાવ્યું છે. એક માંદો બાળક છે. તેના ઓરડાની બારીઓ બધા બંધ કરી જાય છે. બાળક રોજ કહે છે-'એક બારી અરધી-શી તો ખોલી જાઓ !' અરધી બારી પછી ખુલ્લી રખાય છે. તેમાંથી તે દૂરનો પર્વત નિહાળે છે, પ્રકૃતિનું દર્શન કરે છે, માણસોને જુએ છે. દૂરથી દહી વેચવા આવનારાને જુએ છે અને તેની પાસેથી દહી વેચવાનું શીખે છે. આ રીતે તે દરેકના કામમાં રસ લે છે અને નવી નવી વાતો શીખે છે.

જે ઓરડામાં રહે છે, બંધ રહે છે, તે કશું પામતો નથી. જે દ્વાર ખોલે છે, બારી ખુલ્લી રાખે છે, સીમાની પાર અસીમને જુએ છે, તેને કંઈક દર્શન થાય છે. બારી ખોલતાં વેંત જ અસીમની, અનંતની ઝાંખી થાય છે.

એક વખત, પોતાના દેહાંતના થોડા દિવસ પૂર્વ ગુરુદેવ શાંતિનિકેતનમાં આ 'પૉસ્ટ ઑફિસ' નાટકનો અભિનય કરાવી રહ્યા હતા. એકાએક તેઓ ગણગણવા લાગ્યા અને તેમણે અભિનય થંભાવીને બાજુના ઓરડામાં જઈને ગીત લખ્યું- **'શમુખે શાંતિ પારાબાર.'**

ગીત શ્રી શાંતિદેવ ઘોષને શીખવવામાં આવ્યું અને સ્વરલિપિ લખાવીને પરબીડિયામાં બંધ કરી દેવાયું. એ બંધ કવર શાંતિદેવને આપતાં આપતાં ગુરુદેવે કહ્યું-'જે દિવસે મારું દેહાવસાન થાય તે દિવસે આ ખોલવું અને ગાવું.'

આ પછી છ મહિનામાં તો ગુરુદેવ માંદા પડ્યા. શાંતિનિકેતનથી તેમને પોતાના પૈતૃક મકાન જોડાસાંકો ભવન કલકત્તામાં લવાયા. **૭મી ઑગસ્ટ ૧૯૪૧**નો એ દિવસ. સવારથી પેલું પરબીડિયું મગાવી, ખોલાવી 'શમુખે શાંતિ' ગીત સૌ પાસે ગવરાવાય છે. સતત વણથંભ્યું ગવાઈ રહેલું પોતાનું એ ગાન પોતે જ સુણતાં સુણતાં, અંતર ઊંડાણે એનો ભાવ ઘૂંટતા ઘૂંટતા ગુરુદેવ પોતાની જીવનનૈયાને એ શાંતિસાગરમાં વહાવતાં વહાવતાં વિરાટ વિશ્વસ્વરૂપમાં ભેળવી દે છે. વર્તમાનપત્રોએ ત્યારે લખ્યું હતું: **'ખરે બપોરે રવિ અસ્ત થયો.'** પરંતુ રવિ અસ્ત નહીં, અભિનવ અનંતના ચિદાકાશમાં વિશ્વાત્મારૂપે ઊદિત થયો હતો ! એવું શું હતું એ ગીતમાં ?

ગીતમાં હતી અનંત કર્ણધાર પરમાત્મા પ્રત્યેની આ વેદનાભરી વિનંતિ:

લહેરાઈ રહ્યો છે સમીપે તારો શાંતિસાગર,
હે કર્ણધાર ! હે મારી જીવનનૈયાના સુકાની ! હજુ સુધી તારું દર્શન ન થયું...ક્યારે થશે એ ?
ક્યારે ?...મારી નૈયાને તારા શાંતિસાગરમાં વહાવી લઈ જા ! તારા વિરાટ વિશ્વની સાથે મને એકરૂપ કરી દે...તારા અનંત સ્વરૂપમાં મારું આ સાંત વ્યક્તિત્વ ભેળવી દે, પ્રભુ !'

શમુખે શાન્તિપારાબાર
ભાસાઓ તરણી, હે કર્ણધાર।
તુમિ હબે ચિરસાથિ, લઓ લઓ હે ક્રોડ પાતિ-
અસીમેર પથે જ્વલિબે જ્યોતિ ધ્રુવતારકાર।
મુક્તિદાતા તોમાર ક્ષમા, તોમાર દયા,
હબે ચિરપાથેય ચિરજાત્રાર।
હય જેન મર્તેર બન્ધન ક્ષય,
વિરાટ વિશ્વ બાહુ મેલિ લય-
પાય અન્તરે નિર્ભય પરિચય મહા-અજાનાર।।

સન્મુખે લહરાઈ રહ્યો છે શાંતિ સાગર
(એમાં) વહાવી લઈ જાઓ મારી જીવનનૈયા હે કર્ણધાર !
તમે થશો મારા ચિરસાથી, મને ગ્રહી લો ગોદ ફેલાવી,
અસીમના પંથે ઝળહળશે જ્યોતિ ધ્રુવતારકની.
હે મુક્તિદાતા ! તમારી ક્ષમા, તમારી દયા કરુણા
બનશે ચિર પાથેય મારી ચિરયાત્રાનું
ક્ષય થશે જેનાથી મૃત્યુઓનાં બંધન
પસારો વિરાટ વિશ્વ બાહુ તમારા
જેથી અંતરે પામી શકું પરિચય તમારા અજ્ઞાત-
-મહાઅજ્ઞાત સ્વરુપનો ! ✷ ✷ ✷

(લેખકના પ્રકાશ્ય પુસ્તક 'ગુરુદેવ સંગે'માંથી)

પારુલ, ૧૫૮૦ કુમારસ્વામી લે આઉટ,
બેંગલોર-૫૬૦૦૭૮. ટે. ૦૮૦-૬૫૯૫૩૪૪૦,
૨૬૬૬૭૮૮૨, ૯૬૧૧૨૩૧૫૮૦

પંથે પંથે પાથેય...

Printed & Published by Niroobahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.



પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૬ • જુન ૨૦૧૦ • પાના ૨૮ • કીમત રૂા.૧૦

જિન–વચન

પ્રાણીની હિંસા કરવી નહિ

अज्झत्थं सव्वओ सव्वं दिस्स पाणे पियायए ।
ना हणे पाणिणो पाणे भयवेराओ उवरए ।।

–उत्तराध्ययन– ૬-૬

સર્વ સ્થળે, સર્વને પોતાની જેમ જોઈને, સર્વ પ્રાણીઓને પોતાના પ્રાણ વહાલા છે એમ સમજીને, ભય તથા વેરથી વિરમીને, કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ.

सर्व स्थल में सर्व में खुद को देखकर, सर्व जीवों को अपना प्राण प्रिय है यह समझकर, भय और वैर से उपरत पुरुष प्राणियों के प्राणों का घात न करे ।

Seeing the self in everyone and everywhere, knowing that all beings love their life, we, having made ourselves free from fear and enmity, should not kill other beings.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

કેન્વાસના બૂટ

૧૯૦૭ના વર્ષમાં પંડિત મદનમોહન માલવિયાજી પાસે એક પ્રતિનિધિમંડળ આવ્યું અને તેણે ફરિયાદ કરવા માંડી, 'પંડિતજી, સંયુક્ત પ્રાંતના કર્વી ગામ ખાતે એક કતલખાનું ઊભું કરવાની હિલચાલ થઈ રહી છે. આપ ગમે તેમ કરીને એ હિલચાલ બંધ કરાવો. ગામ લોકોની આથી ઘણી લાગણી દુભાઈ રહી છે.'

પંડિત માલવિયાજીએ એ અંગે ઘટતું કરવાનું વચન આપ્યું. પણ માલવિયાજી બીજાં કામોમાં ખૂબ વ્યસ્ત રહેતા હોવાથી તેમણે આ કામ પુરુષોત્તમદાસ ટંડનને સોંપ્યું.

ટંડનજીએ કર્વીના કેટલાક માણસોને બોલાવ્યા અને પૂછ્યું, 'કર્વીમાં માંસાહારીઓ કેટલાં છે?'

જવાબ મળ્યો, 'ઘણાં જ ઓછા, આંગળીને વેઢે ગણી શકાય એટલા જ.'

'તો કતલખાનાવાળા માંસ વેચશે કોને?

આચમન

એમને નફો થવાને બદલે ખોટ જ થશે.'

ટંડનજીને સમજાવતાં પેલા લોકોએ કહ્યું, 'ખોટ નહિ જાય, કેમકે હમણાં બુંદેલખંડમાં દુકાળ પ્રવર્તી રહ્યો છે. ત્યાં બેત્રણ રૂપિયે ઢોર વેચાય છે. આટલાં સસ્તાં ઢોર કોણ ન ખરીદે? આ ઢોરોનાં ચામડામાંથી આ લોકો સારા પૈસા ઉપજાવશે. પછી માંસ ભલેને ન વેચાય. માંસ ભલે પડ્યું રહેશે, પણ ચામડાના પૈસા તો સારા મળવાના ને!'

ટંડનજીએ થોડા દિવસ બાદ સરકારને આ અંગે અરજી કરી અને પરિણામે કર્વીમાં કતલખાનું ન બંધાયું.

પણ ટંડનજી પર આ બનાવની એક બીજી જ અસર થઈ. તેમણે વિચાર્યું કે ઢોરોનું ચામડું વેચીને નફો મેળવવાના આશયથી પણ કતલખાના બાંધવામાં આવે છે અને કસાઈઓ ઢોરોનાં જે ચામડાં વેચે છે તેમાંથી પગરખાં બને છે. શું ચામડાનાં પગરખાં પહેરીને એક રીતે હું પણ ઢોરોની કતલમાં ભાગીદાર નથી બનતો?

બીજા જ દિવસે તેમણે ચામડાના બૂટ પહેરવાનો બદલે કેન્વાસના પગરખાં પહેરવાનું શરૂ કરી દીધું.

(પ્રત્યેક જૈને ચામડાંના ઉપયોગમાં વિવેક રાખવો જોઈએ. કુદરતી રીતે મરેલા ઢોરના ચામડામાંથી બનેલાં બુટ, ચંપલ વગેરે ખાદી ભંડારમાં મળે છે, તેનો જ ઉપયોગ કરવો જોઈએ; પરંતુ શક્ય હોય તો રેક્સીન કે કેનવાસના પગરખાં જ વાપરવા જોઈએ.)

સૌજન્ય : 'દિવ્યધ્વનિ'

✷ ✷ ✷

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ટ
(૧)	પૂર્ણ પ્રાજ્ઞ વિભૂતિ આચાર્ય શ્રી યુવાચાર્ય મહાપ્રજ્ઞ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	આચાર્ય મહાપ્રજ્ઞને ભાવાંજલિ	ડૉ. યોગેન્દ્ર પારેખ	૫
(૩)	અધ્યાત્મયોગી આચાર્ય મહાપ્રજ્ઞજીનું મહાપ્રયાણ	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	૮
(૪)	સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય	પ્રૉ. મહેબૂબ દેસાઈ	૧૦
(૫)	ભગવાન મહાવીરના વણસ્પર્શ્યા પાસાઓનું જીવંત દર્શન	શ્રી ગુણવંત બરવાળિયા	૧૩
(૬)	સામાન્ય લેખન-અશુદ્ધિઓ (૨)	શાંતિલાલ ગઢિયા	૧૫
(૭)	સહસાવન જઈ વસિએ...	ડૉ. કવિન શાહ	૧૮
(૮)	જયભિખ્ખુ જીવનધારા-૧૯	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૦
(૯)	શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૨૦	પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ	૨૩
(૧૦)	જૈન પારિભાષિક શબ્દકોશ	ડૉ. જિતેન્દ્ર બી. શાહ	૨૬
(૧૧)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૨)	પંથે પંથે પાથેય : 'ધર્મ જ કેવલ શરણ'	શ્રી ગાંગજી પી. શેઠિયા	૨૮
	.૦૦૦૦૦૦૦૦૦.મારો ભાકતવાસી	શ્રી સુરેશ ચૌધરી	૨૮

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૬ ● જૂન ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● જેઠ સુદ –તિથિ-૫ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

પૂર્ણ પ્રાજ્ઞ વિભૂતિ આચાર્ય શ્રી યુવાચાર્ય મહાપ્રજ્ઞ

નવ મે ના રાત્રે અધ્યાત્મ જગતના ઉજ્જવળ નક્ષત્ર, તેરા પંથ સંઘના દશમા આચાર્ય વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ પૂ. આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીના મહાપ્રયાણના સમાચાર સાંભળ્યા ત્યારે હૃદય એક ધબકારો ચૂકી ગયું. એક તિવ્ર વસવસાએ હૃદયને ચિત્કારથી ભરી દીધું. દુર્ભાગ્ય ઉપર શાપ વરસાવવાનું મન થઈ ગયું. આ યુગના આ મહાપુરુષના દેહદર્શનથી કેમ વંચિત રહેવાય ગયું ?

હજુ થોડા સમય પહેલાં જ પૂ. આચાર્યશ્રીના પ્રબુદ્ધ જ્ઞાનની વિદ્વાન મિત્ર નીતિન સોનાવાલા અને દીપ્તિબહેન સાથે ચર્ચા કરતી વખતે મેં એમને વિનંતિ કરી હતી કે હવે આપ દંપતી જ્યારે પૂજ્યશ્રીના દર્શન કરવા જાવ ત્યારે મને લઈ જજો, મારે પૂજ્યશ્રીના દર્શન કરી તીર્થંકર દર્શનની આનંદ અનુભૂતિ કરવી છે. ભાઈ નીતિનભાઈએ મને વચન આપ્યું, પરંતુ મારું ભાગ્ય બળવાન હોવું જોઈએ ને ? હવે આ વસવસા સાથે જ જીવવું જ રહ્યું.

આ અંકના સૌજન્યદાતા
શ્રી અને શ્રીમતી અંજુ કિરણ શાહ
પ્રેક્ષાધ્યાન સાધના કેન્દ્ર, વિલેપાર્લે–મુંબઈ
સ્મૃતિ–શ્રધ્ધાંજલિ
પ્રેક્ષાપ્રણેતા આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી

આઝાદી પહેલાં તો ભારતના 'તત્ત્વ'નું ઉત્થાન કરે એવા ઘણાં મહાપુરુષો આપણને મળ્યા. અને આઝાદી પછી ય ઘણાંય મહામાનવો આ ધરતી ઉપર વિચર્યા, પરંતુ મારી સમજ પ્રમાણે એમાંના ત્રણ તો ગજબના પ્રજ્ઞાવાન, ઓશો રજનીશ, જે. કૃષ્ણમૂર્તિ અને આચાર્ય મહાપ્રજ્ઞ.

લગભગ પંચાવન વર્ષ પહેલાં આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આચાર્ય રજનીશજીને વક્તવ્ય આપવા નિમંત્ર્યા હતા. આચાર્ય રજનીશને શોધવાનું મુખ્ય શ્રેય સંઘના એ વખતના કાર્યકર અને એક સમયના પ્ર.જી.ના તંત્રી પત્રકાર જટુભાઈ મહેતાને ફાળે જાય એવું મને સ્મૃતિમાં છે, કારણ કે એ વખતે જબલપુરથી આવેલા દર્શનશાસ્ત્રના પ્રોફેસર રજનીશનું પહેલું વ્યાખ્યાન સી. પી. ટેન્કના હિરાબાગમાં આ સંસ્થાએ યોજ્યું હતું. ત્યારે તો હું કૉલેજમાં હતો, પણ સંઘની પ્રવૃત્તિઓના આકર્ષણને કારણે એ વક્તવ્ય સાંભળવા હું પણ ગયો હતો, અને એ રજનીશજી મારા ઉપર છવાઈ ગયા. પછી તો સમગ્ર મુંબઈ ઉપર, ભારત ઉપર અને પરદેશમાં પણ રજનીશજી છવાઈ ગયા. રજનીશના પ્રવચનો અને ટેપ સાંભળવાનું અને પુસ્તકો વાંચવાનું મને 'ઘેલું' લાગ્યું. માનો હું સંમોહિત થઈ ગયો ! રજનીશ આ યુગના અપ્રતિમ બુદ્ધિશાળી માનવ હતા. એમના જેટલું વાંચન ભાગ્યે જ કોઈ તત્ત્વજ્ઞએ કર્યું હશે.

પરંતુ એક વળાંકે રજનીશ મને ન ગમ્યા. વિચાર આચારમાં ખૂબ જ વિરોધાભાસ લાગ્યો. આચાર્ય રજનીશ, ભગવાન રજનીશ, ઓશો રજનીશ અને રજનીશ કંઠી તેમજ ભગવા કપડાં ધારણ કરવા ઉપરાંત સ્વૈર વિહાર, મુક્ત આચાર, આ બધું ગમ્યું નહિ. જે 'છોડતા' શીખવે એ નવું 'પહેરાવે' શા માટે ? ન સમજાયું. રજનીશજીના શબ્દો કથા અને ભાષાનો આનંદ આપે, તાર્કિક

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

દલીલોનો ઝૂમખો પીરસી દે, રજનીશજીમાંથી મસ્તી મળે પણ સમાધાન અને શાંતિ ન મળે એવું અનુભવાયું. રજનીશજીમાં વિવાદો અને વિરોધો એટલા કે આપણે અટવાઈ જઈએ.

કોઈ પણ વિચાર જ્યારે ઘેન, આસવ કે ટેવ-આદત-વિચાર તરફ આપણને દોરી જાય ત્યારે બુદ્ધિમાન મનુષ્યે તરત જ સજાગ થઈ, મુગ્ધતાને ખંખેરીને 'વિવેક'ના પ્રદેશમાં પ્રવેશી જવું. શ્રી ચીમનલાલ ચકુભાઈ કહેતા કે, જ્યારે એવી પરિસ્થિતિ આવે કે 'આ ક્રિયા કર્યા વગર મને ચેન ન પડે' ત્યારે આત્મા, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો સાથે થોડી વાતો કરી લેવી. વળગણ છૂટી જશે અને યોગ્ય નિર્ણય મળી રહેશે.

એ સમયે પ્રત્યેક ફેબ્રુઆરી મહિનામાં જે. જે. સ્કૂલ ઓફ આર્ટના મેદાનમાં જે. કૃષ્ણામૂર્તિના પ્રવચનો યોજાય. જે. કૃષ્ણામૂર્તિ પાસે રજનીશ જેવો વંટોળ નહિ, પણ તર્કશુદ્ધ દલીલોનો શાંત બૌદ્ધિક ખજાનો ખરો જ. એમને વાંચો એટલે ઘણી બેડીઓ અને ગ્રંથિઓ છૂટી જાય. હળવા થઈ જવાય, પણ પ્રમાણિત તત્ત્વ અને સત્ય ત્યાંથી પણ પ્રાપ્ત ન થયું. ઉપરાંત વિચાર અને આચારની સંવાદિતા પણ જે. કૃષ્ણામૂર્તિમાં શોધવી પડે.

આ બંને બૌધિકોમાંથી પમાય ઘણું છતાં તરસ્યા રહ્યાનો અહેસાસ તો થાય જ. આ આ લખનારનો અનુભવ છે.

અને આ શાંતિ, આ સમાધાન મને **આચાર્ય મહાપ્રજ્ઞના** શબ્દોમાંથી મળ્યા. સૌથી પહેલું 'મન જિતે જીત' પુસ્તક હાથમાં આવ્યું, અને પછી તો શક્ય એટલું પૂ. મહાપ્રજ્ઞજીનું હિંદી-ગુજરાતીમાં પ્રગટ થયેલ સાહિત્ય વાંચવાની ઝંખના જાગી. શક્ય એટલું વાંચ્યું. પ્રત્યેક પુસ્તકમાં નવા જ્ઞાનાકાશના દર્શન થાય. શાસ્ત્રોનો પૂરો આધાર, તાર્કિક દલીલો, વૈજ્ઞાનિક અભિગમ, ભારોભાર સર્જકતા અને મૌલિકતા, સરળ શૈલી અને પોતાના વિચારના પ્રચારનો જરાય આગ્રહ નહિ. 'મારે શરણે આવ,' કે 'મને માન'માં એવો આગ્રહ તો જરાય નહિ. અભ્યાસ અને આંતર દર્શનથી પૂજ્યશ્રીએ જે 'જાણ્યું' તે એઓશ્રીએ આપણને 'જણાવ્યું'. વાચકને વિચારવાની પૂરી સ્વતંત્રતા આપે એવું મહાપ્રજ્ઞજીનું શબ્દકર્મ. તેરાપંથના વિશાળ સંપ્રદાયનું સંચાલન કરતાં કરતાં, સાધુ જીવનની આચારસંહિતાને પૂર્ણ રીતે પાળતા પાળતા આટલું ભવ્ય સર્જન કરવું એ કોઈ ઋતુંભરા પ્રજ્ઞા પામેલ મહામાનવ જ કરી શકે. વિશેષ તો વિચાર અને આચારની પૂરી સંવેદિતા, જેવી વાણી એવું જ જીવન, જેવા વિચારો એવા આચારો. ગાંધીજીની જેમ સત્ય તત્ત્વના શોધક અને આગ્રહી.

આચાર્ય મહાપ્રજ્ઞજીનું જીવન કર્મ માત્ર જૈન શાસન સુધી જ મર્યાદિત ન હતું. પૂજ્યશ્રી આ ધરતીના માનવ હતા. એઓશ્રીના કર્મ અને સંદેશનો વ્યાપ વિરાટ હતો. વ્યક્તિથી સમષ્ટિ સુધી હતો. પૂજ્યશ્રીનું કર્મ અને સંદેશ સમગ્ર રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય જન-જીવન સુધી વિસ્તર્યું હતું. એમાંય પૂજ્યશ્રીની ભારત અહિંસા યાત્રાનું કાર્ય તો સુવર્ણ શિખર જેવું હતું.

આવી મહાવિભૂતિના જીવન અને સર્જન વિશે તો અનેક શોધ પ્રબંધો લખાય.

આચાર્ય હેમચંદ્રાચાર્ય અને ઉપાધ્યાય યશોવિજયજી પછી જૈન શાસનને કદાચ આ મહાપુરુષ મળ્યા એ જૈન જગતનું મહા સદ્‌ભાગ્ય.

મારા વિદ્વાન મિત્ર ડૉ. યોગેન્દ્ર પારેખે મહાપ્રજ્ઞજીના પુસ્તકોના અનુવાદ કર્યાં છે, એટલે પૂજ્યશ્રી વિશે લેખ લખવાની વિનંતિ મેં એમને કરી, તેમજ મારા મુરબ્બી મિત્ર રશ્મિભાઈ ઝવેરીએ મારો મૌન શબ્દભાવ સમજીને પૂજ્યશ્રી વિશે લેખ લખીને મોકલ્યો. ડૉ. રશ્મિભાઈ ઝવેરી તો પરમ સદ્‌ભાગી કે એઓ પૂજ્યશ્રીના સંપર્કમાં વરસોથી રહ્યા.

આ બે મહાનુભાવોના લેખ આ અંકમાં છે, એમાં પૂજ્યશ્રી વિશેની વિશેષ વિગતો આવી જાય છે, એટલે પૂજ્યશ્રી વિશે લખી અહીં કોઈ પુનરાવર્તન કરતો નથી. પરંતુ પૂજ્યશ્રી વિશે જેટલું લખાય એ બિન્દુ સમાન જ લાગે, એવી ભવ્ય અને વિરાટ એ પ્રતિભા હતી.

પૂજ્યશ્રીના જીવન અને સાહિત્ય સર્જનમાં ભવિષ્યની પેઢી જ્યારે ઊંડી ઊતરશે ત્યારે એ પેઢીને જરૂર આશ્ચર્ય થશે કે આવી ભવ્ય પ્રજ્ઞા આ ધરતી ઉપર ખરેખર વિચરી હતી!

મોક્ષગામી એવા પૂજ્યશ્રીના આત્માને કોટિ કોટિ વંદન.

❑ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સૌજન્યથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા શનિવાર તા. ૪-૯-૨૦૧૦ થી શનિવાર તા. ૧૧-૯-૨૦૧૦ સુધી એમ આઠ દિવસ માટે યોજાશે.

વ્યાખ્યાનમાળા સ્થળ : પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

રોજ ૭-૩૦ વાગે ભક્તિસંગીત અને ૮-૩૦ થી ૧૦-૧૫સુધી બે વ્યાખ્યાનો યોજાશે.

સર્વને પધારવા નિમંત્રણ છે.

❑ **મંત્રીઓ**

• **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
• **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)

આચાર્ય મહાપ્રજ્ઞજીને ભાવાંજલિ

❑ ડૉ. યોગેન્દ્ર પારેખ

જૈન ધર્મસંઘ તેરાપંથના દસમાં આચાર્ય મહાપ્રજ્ઞજીએ તાજેતરમાં પોતાની જીવનલીલા સંકેલી લીધી. ૧૪મી જૂન ૧૯૨૦ના રોજ રાજસ્થાનના ટમકોર જેવા ગામમાં જન્મ અને ૯મી મે-૨૦૧૦ના રોજ સરદાર શહેર રાજસ્થાનની ધરતી પર મહાપ્રયાણ. તેરાપંથના આઠમા આચાર્ય પૂજ્ય કાલૂગણીજી પાસે ૨૯ જાન્યુ. ૧૯૩૧ના દિવસે સંયમ જીવનનો પ્રારંભ કર્યો. નવ દાયકાની જીવનયાત્રામાં આઠ દાયકાનું સાધુ જીવન! આચાર્ય પદ પ્રાપ્તિ પૂર્વેનું નામ – મુનિ નથમલ! બાળમુનિ નથમલને પૂજ્ય કાલૂગણિ ગુરુએ વિદ્યા પ્રાપ્તિ માટે તેજસ્વી યુવા મુનિ તુલસીની નિશ્રામાં મુક્યા! પ્રાકૃત ભાષામાં દશવૈકાલિકથી મુનિ નથમલની વિદ્યાયાત્રાનો પ્રારંભ થયો. તેઓ વિરલ વિદ્યાતપસ્વી હતા. મહાપ્રજ્ઞ ગુણ-નામને સાર્થક કરે તેવું ઉજ્જવળ જીવન રહ્યું. સાડા છ દાયકા પૂર્વે – છેક ૧૯૪૫થી લેખન-સર્જનનો પ્રારંભ કર્યો. મુનિ તુલસીની નિશ્રામાં પ્રજ્ઞાજ્યોત ઝળહળતી રહી! નિત્ય વિકસતી પ્રજ્ઞાની સર્જનયાત્રાના વિવિધ પડાવો મહાપ્રજ્ઞજીના વિદ્યાતપ અને સાધનાના વ્યાપનું દર્શન કરાવે છે.

આચાર્ય મહાપ્રજ્ઞ માત્ર જૈનાચાર્ય નહોતા! જેમ મહાવીર માત્ર જૈનોના નથી તેમ મહાપ્રજ્ઞજી પણ સાંપ્રદાયિક ચેતનાના સીમાડાઓને ઓળંગીને વિસ્તરતા રહ્યા! વિચરતા રહ્યા. જૈનધર્મના સાધુ જીવનના આચારનો લોપ કર્યા વગર તેઓ ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય સાધી શક્યા! તેઓ ખરા અર્થમાં એકવીસમી સદીના જૈન આચાર્ય હતા. જૈનધર્મ જનધર્મ બનવાની ક્ષમતા ધરાવે છે. તેવી સૂઝબૂઝથી તેમનું ચિંતન સર્વજનહિતાય પ્રસ્તુત થતું રહ્યું. સમકાલીન જીવનની સમસ્યાઓથી કદી મોં ફેરવ્યું નહિ. 'સમસ્યા' અને 'સમાધાન' એમના ચિંતનમાં નિત્ય પડઘાતા શબ્દો હતા. સમયની નાડ પર હાથ મુકીને તેઓ સમસ્યાનું નિદાન કરતા હતા.

આચાર્ય મહાપ્રજ્ઞનું સાધુ જીવન અને સાહિત્ય યાત્રા અનેક રીતે નોંધપાત્ર છે. વિરલ આધ્યાત્મિક વિભૂતિની સમગ્ર જીવનયાત્રા જૈનધર્મના આચરણ સૂત્રની મર્યાદામાં રહીને પણ સમગ્ર અધ્યાત્મ વિશ્વને માર્ગદર્શક નીવડે એવી તેજોમય રહી છે.

રાષ્ટ્રના ચરિત્ર નિર્માણ હેતુ આચાર્ય તુલસીએ અણુવ્રત આંદોલનનો પ્રારંભ કર્યો. અણુવ્રતને નક્કર દાર્શનિક સ્વરૂપમાં લોકો સમક્ષ મૂકી જીવન સુધારણાનો સરળ અને સમ્યક્ માર્ગ તેમણે લોકો સમક્ષ રજૂ કર્યો. જૈનેતરોમાં અને પ્રશિષ્ટ બૌદ્ધિક વર્તુળોમાં તેમની ઓળખ 'અણુવ્રત'વાળા સાધુ તરીકે પ્રતિષ્ઠિત છે. આ પંચમહાવ્રતધારી મહાત્માએ આચાર્ય તુલસી પ્રેરિત અણુવ્રત આંદોલન દ્વારા સર્વસાધારણ લોકો માટે નૈતિક મૂલ્યોનું જતન થાય એવી જીવનશૈલીનો માર્ગ પ્રશસ્ત કર્યો.

સ્વસ્થ સમાજ સંરચના અને વ્યક્તિત્વ નિર્માણમાં શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. શિક્ષણક્ષેત્રે સુધારણા અને પ્રયોગો પણ આચાર્યશ્રીના ચિંતનના કેન્દ્રમાં હતા. ગાંધીજીએ શિક્ષિતોની સંવેદનશૂન્યતા વિષે ખેદની લાગણી વ્યક્ત કરેલી. એ રીતે જ આચાર્યશ્રીએ શિક્ષિત વ્યક્તિઓ દ્વારા આચરવામાં આવતી હિંસા, અનીતિ, અપરાધ, ભ્રષ્ટાચાર જોઈને જીવનવિજ્ઞાન સ્વરૂપે પાઠ્યક્રમ આપી સમસ્યાનું સમાધાન કરવાનો માર્ગ આપ્યો.

પરંપરાગત પાઠ્યક્રમો અને શિક્ષણપદ્ધતિને તેમણે નકામી નથી ગણી પણ તેમાં રહેલી અધૂરપને દૂર કરવા માટે નવો પાઠ્યક્રમ અને પ્રયોગોની આવશ્યકતા હતી. વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં શારીરિક અને બૌદ્ધિક વિકાસને પૂરતી તક છે પણ માનસિક વિકાસ અને ભાવાત્મક વિકાસ માટે પૂરતું ધ્યાન અપાયું નથી. નોકરિયાત તૈયાર થાય પણ માણસ ન બને એવું શિક્ષણ સાવ નકામું નહિ પણ અપૂરતું જરૂર ગણાય.

જીવન વિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ છે. (૧) સ્વસ્થ વ્યક્તિનું નિર્માણ (૨) હિંસા, શોષણ અને અનૈતિકતામુક્ત નવા સમાજનું નિર્માણ (૩) અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય સાધતી નવી પેઢીનું નિર્માણ.

વ્યક્તિ જીવનમાં નિષેધાત્મક ભાવોની સક્રિયતા ઓછી થાય. પ્રામાણિકતા, અનુકંપા, કરુણા, જીવદયા, ક્ષમા જેવા ભાવો વિકસિત થાય તેવા વિદ્યાર્થીભોગ્ય પ્રયોગો જીવનવિજ્ઞાનની વિશેષતા છે. જીવનવિજ્ઞાનનો પાઠ્યક્રમ આચાર્ય મહાપ્રજ્ઞજીએ નિર્માણ કર્યો. વ્યવહાર અને પ્રયોગોની ભૂમિકાએ તેના નક્કર સ્વરૂપનું રાજસ્થાન, મધ્યપ્રદેશ જેવા રાજ્યોની શાળાઓમાં અમલીકરણ પણ થયું. નૂતન માનવનિર્માણની આચાર્યશ્રીની સંકલ્પના એમની મનુષ્ય પ્રત્યેની કરુણાનો વિસ્તાર હતો. માત્ર આદર્શોની પોથી નહિ પણ પ્રયોગભૂમિ પ્રસ્તુત કરીને પોતાના વિચારોને પણ મૂર્ત સ્વરૂપ આપવાની કસોટીમાંથી પાર ઉતાર્યા.

આપણે ત્યાં એક પ્રચલિત માન્યતા છે કે 'પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય.' માણસનો સ્વભાવ બદલી શકાતો નથી એવો ખ્યાલ પ્રબળ છે. આચાર્ય મહાપ્રજ્ઞ પ્રણિત પ્રેક્ષાધ્યાન પદ્ધતિએ આ ખ્યાલને બદલી નાંખ્યો. પ્રેક્ષાધ્યાન પદ્ધતિ દ્વારા માનવીની આદતો અને સ્વભાવને બદલી સંપૂર્ણ વ્યક્તિત્વ રૂપાંતરણ શક્ય બને છે. પ્રેક્ષાધ્યાન પદ્ધતિ એ જૈન આગમ સાહિત્યમાં સમાવિષ્ટ ધ્યાન પ્રક્રિયાના સૂત્રોનું સમાર્જિત રૂપ અને વિજ્ઞાનના આધારનો સમન્વય છે.

પ્રેક્ષાધ્યાનને લોકો સમક્ષ લાવતાં પહેલાં ખુદ આચાર્યશ્રીએ

પોતાના શરીર પર ધ્યાન-સાધનાનાં વિરલ પ્રયોગો કર્યા. ધ્યાન-યોગની કઠોર સાધનાના ફળસ્વરૂપે આંતરિક શક્તિઓ જાગ્રત થઈ. ૩જી માર્ચ, ૧૯૭૭ના રોજ ધ્યાન કેન્દ્રિત એકાંતવાસ અનુષ્ઠાનનો આચાર્યશ્રીએ આરંભ કર્યો. આ નવમાસિક અનુષ્ઠાનમાં આત્મકલ્યાણની સમાંતરે લોકકલ્યાણની ભાવના પણ સમાયેલી હતી. દેશના અનેક રાજ્યોમાં જ્યાં જ્યાં આચાર્યશ્રીએ વિચરણ કર્યું ત્યાં ત્યાં વિવિધ જેલોમાં કેદીઓ માટે, પોલીસ અધિકારીઓ માટે અન્ય વિવિધ જનસમૂહોમાં પ્રેક્ષાધ્યાનના પ્રયોગો થયા અને થઈ રહ્યા છે.

જીવનના ઉત્તરાર્ધમાં કહો કે અંતિમ દાયકો અહિંસાયાત્રાનો રહ્યો. સાહિત્ય સર્જન સાધનાની સમાંતરે અહિંસાનું પ્રશિક્ષણ અને પ્રયોગ તેમની પ્રવૃત્તિના કેન્દ્રમાં હતા. વર્ષ ૨૦૦૧ની પાંચમી ડિસેમ્બરે રાજસ્થાન-સુજાનગઢથી અહિંસાયાત્રાનો પ્રારંભ થયો. આ અહિંસાયાત્રા – એ પરંપરાગત સાધુવિહાર ન હતો. લોકકલ્યાણની ભાવના અને ભાવપરિવર્તનનો પરમ ઉદ્દેશ હતો. હિંસાના મૂળમાં ગરીબી છે એવી ગાંધીભાવનાનું વિસ્તરણ મહાપ્રજ્ઞ ચેતનામાં અહિંસાયાત્રા રૂપે આવિષ્કાર પામે છે. અહિંસાયાત્રા દરમિયાન છેવાડાનાં માણસ સાથે સંવાદ કરતાં રહ્યા. રોજગારી નિર્માણ માટે કાર્યકરોને માર્ગદર્શન આપવાનું કાર્ય કર્યું. સાધનસંપન્ન જૈન સમુદાયની રોજગારી નિર્માણ ક્ષેત્રે વિશેષ જવાબદારી છે એમ કરુણાપૂર્વક સમજાવ્યું. ખાસ કાર્યકરોને ગરીબો પ્રત્યે લક્ષ્ય આપવાનું કામ સોંપ્યું. 'ગરીબી હટાવો' જેવા સૂત્રોનું બંધન કે રાજનીતિ ન હતી પણ સંતહૃદયની શીતળતાનો લેપ હતો. ધર્મ-અધ્યાત્મની વાતોના કેન્દ્રમાં સામાન્ય માણસ આવે એ જરૂરી હતું.

૨૦૦૧માં શરૂ થયેલી આ યાત્રાનો મહત્ત્વનો પડાવ હતો ગુજરાત. વર્ષ ૨૦૦૨માં ગુજરાત કોમી આગમાં સળગતું હતું. એવા દિવસોમાં અહિંસાયાત્રા અમદાવાદ મુકામે આવી. વેરઝેરના વાતાવરણને દૂર કરવામાં અને સામાજિક સમરસતા નિર્માણ કરવામાં મહાપ્રજ્ઞજીએ મહત્ત્વની ભૂમિકા ભજવી વિવિધ ધર્મ-સંપ્રદાયના આગેવાનો સાથે વિમર્શ કરી અમદાવાદની પરંપરાગત રથયાત્રા જેવા ધાર્મિક પ્રસંગને હિંસા ભરખી ન જાય તે માટે શાંતિ સ્થાપી. ગાંધીનું ગુજરાત અહિંસાની પ્રયોગભૂમિ બને એવો સંકલ્પ ચરિતાર્થ કરવામાં મહાપ્રજ્ઞજીએ કોમી દાવાનળનો કસોટીભર્યો સમય પસંદ કર્યો અને ૧૨ જુલાઈ ૨૦૦૨ની રથયાત્રાના નાજુક સમયને સદ્‌ભાવનો કળશ ચઢાવ્યો.

વર્ષ ૨૦૦૯ની ચોથી જાન્યુઆરીએ આ અહિંસાયાત્રા સંપન્ન થઈ. રાજસ્થાન, ગુજરાત, દમણ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ, પંજાબ અને ચંડીગઢના ૮૭ જિલ્લાઓ અને ૨૦૪૫ ગામો સુધી પ્રસરેલી અહિંસાયાત્રા મહાપ્રજ્ઞજીના તપોમય જીવનની મહાન ઉપલબ્ધિ ગણાય.

અણુવ્રત આંદોલન, પ્રેક્ષાધ્યાન, જીવનવિજ્ઞાન અને અહિંસાયાત્રાના પ્રણેતા અને પ્રયોગવીર એવા આચાર્ય મહાપ્રજ્ઞની સર્વાશ્લેષી ચેતનાના કેન્દ્રમાં વિશ્વકલ્યાણની ભાવના હતી. જૈન-જૈનેતરના ભેદ ન હતા. ગ્લોબલ વોર્મિંગની વિકટ સમસ્યાથી ત્રસ્ત વિશ્વને માટે પર્યાવરણ જાગૃતિની ચેતના પણ હતી. આધુનિક જીવનશૈલી, ભોગવાદી માનસિકતા અને ઉપભોકતાવાદે જન્માવેલી વિષમતાઓના મૂળમાં જઈને તેમણે ચિંતન કર્યું. સત્ય, અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય અને બ્રહ્મચર્ય જેવા સિદ્ધાંતોને – વ્રતોને પ્રયોગભૂમિએ સમ્યક્ સ્વરૂપે લોકભોગ્ય સ્વરૂપે રજૂ કર્યા.

મહાપ્રજ્ઞજીએ ધાર્મિક ઉપદેશની પરંપરાથી ઉફરા ચાલીને નીતિનિષ્ઠ જીવનશૈલીનો આગ્રહ રાખ્યો. સાધુજીવનમાં અહંકાર વિસ્તરણના સ્મારક જેવા ભવ્યાતિભવ્ય ધર્મસ્થાનકો બાંધવાની સ્પર્ધાથી દૂર રહ્યા. લાડનૂ વિશ્વવિદ્યાલય જેવી શિક્ષણ સંસ્થાની સ્થાપના તુલસી-મહાપ્રજ્ઞ સાધનામાર્ગનું શિખર ગણાય. તેમણે સ્વાધ્યાય પર ભાર મૂક્યો. તેમની નિશ્રામાં એક હજાર જેટલા સાધુ-સાધ્વીઓમાં મોટા ભાગના ઉચ્ચશિક્ષિત અને ભાવદીક્ષિત છે. સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરેલ અનુયાયી સંયમી સાધકોની સંખ્યા આદર જન્માવે તેટલી છે.

તેરાપંથની સર્વ પ્રવૃત્તિને મહાપ્રજ્ઞજીનું વિરલ નેતૃત્વ સાંપડ્યું. તેરાપંથ-જૈનધર્મનો એક ફાંટો ન રહેતા વિશિષ્ટ જીવનરીતિ અને નીતિરીતિનો માર્ગદર્શક સંઘ બની રહે એવો વ્યાપ વિસ્તાર આચાર્ય મહાપ્રજ્ઞજીની ચિંતનશીલ સક્રિયતા, સમસામયિક જાગૃતિ તથા સામાજિક પ્રતિબદ્ધતાનું પરિણામ છે.

માત્ર આત્મસાધનામાં મગ્ન રહ્યા હોત તો સમકાલીન જીવનની સમસ્યાઓ અને અરાજકતાઓથી તેઓ બેખબર હોત. આત્મકલ્યાણ જેટલી જ રાષ્ટ્રકલ્યાણ અને વિશ્વકલ્યાણની અનિવાર્યતા તેમણે નિહાળી. શાશ્વત મહામૂલ્યોને કેન્દ્રમાં રાખ્યા પણ તેમણે કહ્યું કે, 'વર્તમાન સમસ્યાઓનું સમાધાન ન આપે તે ધર્મ મનુષ્યના કામનો નથી. અનેકાંતદૃષ્ટિથી જ તેઓ સમાધાન શોધતા. માત્ર જૈનાચાર્ય તરીકે જીવવું કે પ્રબોધન કરવું તેમને માટે મુશ્કેલ હતું. અસીમના યાત્રી હોવાના કારણે જનજનના હૃદય સુધી પહોંચે એવી જીવનોદ્ધારક વાતો તેમણે કહી. લોકપ્રિય શૈલીમાં કહી અસંખ્ય ઉદાહરણો – વાર્તાઓ – લઘુકથાઓ ને વ્યાખ્યાનમાં વણી લીધા. સંસ્કૃતના મહાપંડિત, આગમ સંપાદક, શીઘ્રકવિ અને મેધાવી પ્રજ્ઞા છતાં સહજ વક્તવ્ય, શૈલીની સરળતા, હૃદયમાં કરૂણા તેમનો વિશેષ.

શિક્ષકો અને રાજનેતાઓ પરનો તેમનો પ્રભાવ સમ્યક્ અર્થમાં સમાજકલ્યાણ માટે અનિવાર્ય રહ્યો. જરૂર પડ્યે શાસકો સાથે સંવાદ સાધી સમસ્યાઓ અંગે વિમર્શ પણ કરતા. પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી. જે અબ્દુલ કલામ સાથે એક પુસ્તક પણ કર્યું. અબ્દુલ કલામ સાથે અવિરત ચિંતન અને પરિણામલક્ષી કામગીરી માટે પણ પ્રવૃત્ત થયા.

અબ્દુલ કલામ જેવા વૈજ્ઞાનિક પણ આચાર્યશ્રીના માત્ર

પરંપરાગત ધાર્મિક માન મોભા કે આભાવર્તુળથી આકર્ષાયા ન હતા. પણ મહાપ્રજ્ઞજીના ચિંતન-મનન સ્વાધ્યાય અને જીવન તથા અધ્યાત્મ અને વિજ્ઞાન સમન્વયનું સંગમતીર્થ જોઈને સ્વસ્થ પ્રજ્ઞાથી આપણા સમયના ઋષિ કક્ષાના વૈજ્ઞાનિકને સહચિંતન કરવાનું અનુસરણ કરવાનું અનિવાર્ય લાગ્યું. ઉલ્લેખનીય છે કે આચાર્યશ્રીના અંતિમ દર્શનાર્થે વેળાસર અબ્દુલ કલામ પહોંચી ગયા.

આચાર્ય મહાપ્રજ્ઞના સાહિત્ય સર્જનની આચાર્ય તુલસીના સાન્નિધ્યમાં – માર્ગદર્શનમાં ૧૯૪૫થી શરૂઆત થઈ. પ્રારંભે 'ભિક્ષુ વિચાર દર્શન'માં તેરાપંથના સ્થાપક આચાર્ય વિષેનો ગહન અધ્યયન ગ્રંથ આવ્યો. 'ફૂલ ઔર અંગારે'ની કવિતામાં કેન્દ્રમાં જૈનધર્મ દર્શન નથી પણ સાહિત્યિક સર્જકતાનો ઉન્મેષ છે. પ્રથમ પુસ્તક 'જીવ-અજીવ' જૈનદર્શનના જિજ્ઞાસુ વિદ્યાર્થી માટેનું પુસ્તક ગણાય.

'જૈનદર્શન' કે મૌલિક તત્ત્વ 'અહિંસા તત્ત્વદર્શન'માં ચિંતનની સૂક્ષ્મતા અને સર્વવ્યાપકતા છે. બસો ઉપરાંત ગ્રંથમાં વિસ્તરેલી મહાપ્રજ્ઞ ચેતના વિષે વિસ્તૃત મહાનિબંધની અપાર શક્યતાઓ રહેલી છે. જૈન આગમ સંપાદન અને સૂક્ષ્મ વિવેચન ઉપરાંત 'ઋષભાયણ' જેવા મહાકાવ્યનું સર્જન પણ તેમણે કર્યું. મનની અપાર ક્ષમતાઓ અને સૂક્ષ્મતાઓ વિષે 'મન જીતે જીત' – 'કોણે કહ્યું મન ચંચળ છે' જેવા પુસ્તકો વિશેષ અભ્યાસ લેખની ગરજ સારે એટલો પટ રોકે તેમ છે. જિજ્ઞાસુએ અનિવાર્ય પણે આ ગ્રંથો વાંચવા રહ્યા.

'પ્રેક્ષાધ્યાન' શ્રેણીની અગિયાર પુસ્તિકાઓ; 'આહાર અને અધ્યાત્મ' જેવું આરોગ્યલક્ષી ચિંતન, તથા 'સૂર્યકિરણ ચિકિત્સા' – પ્રયોગવીર આચાર્યના સ્વાધ્યાય – સાધના વૈવિધ્યનો પરિચય કરાવે છે. 'મહાવીરનું અહિંસા દર્શન', 'મહાવીરનું અર્થશાસ્ત્ર', 'ચેતનાનું ઊર્ધ્વારોહણ', 'મુક્ત ભોગની સમસ્યા', 'મનન અને મૂલ્યાંકન' જેવા ગ્રંથો ગુજરાતી અનુવાદ દ્વારા પ્રબુદ્ધ નાગરિકોમાં પણ વ્યાપક આવકાર પામ્યા છે.

ગુજરાતમાં મહાપ્રજ્ઞ-સાહિત્યની રાજધાની અમદાવાદ છે. અનેકાંત ભારતી પ્રકાશન દ્વારા આચાર્ય મહાપ્રજ્ઞજીનાં એકસો ચાલીસ જેટલા પુસ્તકોના ગુજરાતીમાં અનુવાદ થયાં છે. પ્રકાશન સંસ્થાના સ્થાપક શ્રી શુભકરણજી સુરાણા ૮૫ વર્ષની વયે પણ અનુવાદ-પ્રકાશન પ્રવૃત્તિમાં સક્રિય છે. કિશોરવયથી મહાપ્રજ્ઞજીના એકનિષ્ઠ આરાધક છે. 'મહાપ્રજ્ઞ સાહિત્ય પુરસ્કાર'થી પુરસ્કૃત શુભકરણજીના સુપુત્ર શ્રી સંતોષકુમાર સુરાણા હાલ પ્રકાશન પ્રવૃત્તિ સંભાળે છે.

મહાપ્રજ્ઞ સાહિત્યના ગુજરાતી અનુવાદ ક્ષેત્રે પં. દલસુખભાઈ માલવણિયા, રતિલાલ દીપચંદ દેસાઈ, પ્રાકૃત ભાષા સાહિત્યના વિદ્વાન ડૉ. આર. એમ. શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી રોહિત શાહ તથા આ લખનારે પ્રદાન આપ્યું છે.

મહાપ્રજ્ઞ સાહિત્ય અને મહાપ્રજ્ઞ દર્શન વિશેષ અભ્યાસનો અવકાશ રચે છે. એક સમર્થ જૈનાચાર્ય સાંપ્રદાયિક સંકુચિતતાથી દૂર રહીને દરેક કાળના મનુષ્યને પ્રસ્તુત એવું ચિંતન પ્રયોગ ભૂમિથી પ્રસ્તુત કરે અને વ્યાપક સ્વીકૃતિ પામે એ જ આપણા સમયની મહાન ઘટના છે. ધર્મ-વિજ્ઞાનના આલોકમાં ઝળહળતી શાશ્વત ચેતનાને શત શત પ્રણામ! નવનિયુક્ત આચાર્ય મહાશ્રમણજીનાં સમયમાં મહાપ્રજ્ઞયુગ વિસ્તરતો રહે એવી અભ્યર્થના! ✷✷✷

૬, અરનાથ એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે,
મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨
ફોન : ૯૭૨૫૨ ૭૪૫૫૫, ૯૪૨૭૯ ૦૩૫૩૬

ધ્યાન દ્વારા પડછાયાથી દૂર મૂળ પ્રતિમા સુધી પહોંચી શકાય

ધ્યાન એ એક સશક્ત માધ્યમ છે. આજની સૌથી મોટી સમસ્યા જો કોઈ હોય તો તે નકલીની, પડછાયાની છે. મૂળ બિચારૂં ક્યાં છે, છાયા ક્યાંક છે અને પડછાયો પૂજાય છે.

એક માર્મિક વાર્તા છે. એક ચિત્રકારે ખૂબ મહેનત કરી એક સુંદર ચિત્ર બનાવ્યું. એમાં એક ગ્રામ્ય નારીનું ચિત્ર હતું. આખું ચિત્ર ખૂબ જ સુંદર હતું, ગ્રામ્ય નારી સુંદરતાની પ્રતિમૂર્તિ હતી, સહજ સૌંદર્ય, પ્રાકૃતિક સૌંદર્ય હતું. એક શહેરમાં પ્રદર્શનમાં ચિત્રકારે પોતાનું ચિત્ર મૂક્યું. એક વ્યક્તિએ આવીને એનું ચિત્ર પચાસ હજાર રૂપિયામાં ખરીદ્યું.

એ ચિત્ર લઈને બહાર નીકળ્યા. દરવાજાની બહાર એક સુંદર સ્ત્રી ભીખ માંગી રહી હતી, 'પાંચ-દસ પૈસા આપો.' પચાસ હજાર રૂપિયા આપી ખરીદી કરનાર વ્યક્તિએ એ સ્ત્રીને ધુત્કારી. એ સ્ત્રીની નજર પેલી વ્યક્તિના હાથમાંના ચિત્ર પર પડી પરંતુ એ કંઈ ન બોલી અને ચકિત થઈ ગઈ, અચંબામાં પડી ગઈ, સ્તબ્ધ થઈ ગઈ, એ ચિત્ર એનું પોતાનું જ હતું. જરા વિચાર કરો, દુનિયા કેવી છે? બિંબ યાને મૂળ પૈસા માટે ભીખ માંગે છે અને પ્રતિબિંબ પચાસ હજારમાં વેચાય છે. કેવી વિડંબના! ધ્યાન સિવાય બીજું કોઈ માધ્યમ એવું નથી જે તમને પ્રતિબિંબથી દૂર મૂળ સુધી પહોંચાડે. પડછાયાને પ્રતિબિંબનું રૂપ કદિ ન આપી શકાય. પડછાયો એ પડછાયો અને પ્રતિમા એ પ્રતિમા.

❑ **આચાર્ય મહાપ્રજ્ઞ**

(અનુવાદ : **પુષ્પા પરીખ**)

અધ્યાત્મયોગી આચાર્ય મહાપ્રજ્ઞજીનું મહાપ્રયાણ

□ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

ટમકોર (રાજસ્થાન)માં જન્મેલા એક ૧૧ વર્ષના અબુધ સરળ અને ભોળા બાળકે માતાના સંસ્કાર અને સત્સંગથી ઉત્પન્ન આત્મસ્ફુરણાથી સંસારનો ત્યાગ કરી આજથી ૮૦ વર્ષ પૂર્વે જૈન મુનિની દીક્ષા ગ્રહણ કરી. તેરાપંથના અષ્ટમાચાર્ય કાલુગણિએ આ બાળક મુનિ નથમલને સદ્‌ભાગ્યે મુનિ તુલસી જેવા પ્રતિભાસંપન્ન શિક્ષાગુરુને સોંપી દીધા. એમણે નિષ્ણાત ઝવેરીની જેમ બાળમુનિના જીવનમાં અનેક પાસાઓને પ્રમાર્જિત કરી નથમલમાંથી મહાપ્રજ્ઞ બનાવી દીધા. એક બાજુ શિષ્યનું સંપૂર્ણ સમર્પણ અને નિષ્ઠા અને બીજી બાજુ મહાજ્ઞાની શિક્ષાગુરુની પરમ કૃપાદૃષ્ટિ. નજીકના ઇતિહાસમાં આવા ગુરુ-શિષ્યની જોડી જડવી મુશ્કેલ છે. માધ્યમિક શાળા કે કૉલેજના અભ્યાસથી વંચિત રહેલ મુનિ નથમલે 'તુલસી વિશ્વ વિદ્યાલય'માં રહી નિષ્ઠા અને શ્રમથી હિંદી, સંસ્કૃત, પ્રાકૃત, રાજસ્થાની આદિ ભાષાઓ, જૈન તત્ત્વ, આગમ, ઈતિહાસ, દર્શન, સિદ્ધાંત, ન્યાય, વ્યાકરણ વગેરેનો નક્કર અભ્યાસ કર્યો. સૈદ્ધાંતિક પરિચર્યા, પ્રવચન, લેખન અને આગમ-સંપાદનના ક્ષેત્રમાં ઊતર્યા પછી પોતાના અધ્યયન ક્ષેત્રને તેમણે વ્યાપક બનાવ્યું. આધુનિક વિજ્ઞાન, આયુર્વેદ, રાજનીતિ, અર્થશાસ્ત્ર, સામ્યવાદ અને સમાજવાદ આદિનું ગહન અધ્યયન કર્યું અને થોડા જ સમયમાં માત્ર તેરાપંથી સંપ્રદાયમાં જ નહીં પણ સમગ્ર જૈન સમાજમાં તેઓ એક વિરલ, વરિષ્ઠ અને વિદ્વાન મુનિ બની ગયા.

ગુરુદેવ આચાર્ય તુલસી સાથે કચ્છથી કલકત્તા અને કન્યાકુમારીથી પંજાબ સુધી ઐતિહાસિક પદયાત્રાઓ કરીને ધર્મના ક્ષેત્રમાં પ્રસરેલી ખોટી ધારણાઓ, દંભી ધાર્મિક કર્મકાંડો વગેરે ઉપર જાહેર સભાઓમાં એમણે વેધક પ્રહારો કર્યા. એ કહે છે કે જે ધર્મ માનવીના જીવનમાં પરિવર્તન લાવે અને શાંતિ પ્રદાન કરે એજ સાચો ધર્મ છે. તામસિક અને પાશવીક વૃત્તિઓના પરિમાર્જન માટે એમણે પ્રાયોગિક ધર્મનું સ્વરૂપ પ્રેક્ષાધ્યાનના રૂપમાં પ્રસ્તુત કર્યું છે. આગમ સાહિત્યમાં ઊંડું અનુસંધાન કરી ધ્યાન-પ્રક્રિયાના સૂત્રોનું ગહન અન્વેષણ કરી અને આજના મનોવૈજ્ઞાનિક શાસ્ત્રનો આધાર લઈ એમણે ધર્મ અને વિજ્ઞાનનો સુંદર સુમેળ રચ્યો છે. પોતાના શરીરને પ્રયોગશાળા (લેબોરેટરી) બનાવી ધ્યાન-સાધનાના અનેક પ્રયોગો કર્યા. મહિનાઓ સુધી એકાંતમાં રહીને એમણે આ સંપૂર્ણ દાર્શનિક-વૈજ્ઞાનિક પદ્ધતિ સર્વાંગીણ વિકાસ યોગ્ય બનાવી જગત સામે રજૂ કરી છે. આજે આ પ્રેક્ષાધ્યાનની પ્રાયોગિક સાધના દેશ-વિદેશમાં સફળતાથી થઈ રહી છે. આજ સુધીમાં પ્રેક્ષાધ્યાન શિબિરો દ્વારા હજારો લોકોએ પોતાના જીવનમાંથી શારીરિક, માનસિક અને ભાવનાત્મક તણાવો દૂર કરી શાંતિ અને આનંદનો અનુભવ કર્યો છે. આંતઃસ્ત્રાવી ગ્રંથીઓ (endocrine glands)ના પ્રવાહો અને ચૈતન્ય કેન્દ્રો પર પ્રેક્ષા અને અનુપ્રેક્ષાના પ્રયોગથી સેંકડો સાધકો નિષેધાત્મક (Negative) ભાવોને વિધેયાત્મક (Positive) ભાવોમાં પરિવર્તિત કરવામાં સફળ રહ્યા છે.

આ મહાપ્રજ્ઞ ઉચ્ચ કોટિના ચિંતક અને મનીષી હતા. એમણે વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સમસ્યાઓનું ચિંતન કરી, એને માટે સમાધાન પણ આપ્યું છે. આરોગ્ય માટે 'મહાવીરનું આરોગ્ય શાસ્ત્ર', ઈકોનોમિક્સ પર 'મહાવીરનું અર્થશાસ્ત્ર', રાજકીય તંત્ર માટે 'લોકતંત્ર : નવી વ્યક્તિ – નવો સમાજ' અને જૈનતત્ત્વ માટે 'જૈન દર્શન-મનન અને મીમાંસા' જેવા વિવિધ વિષયો પર ચિંતનશીલ પુસ્તકો લખ્યાં છે. મનની અશાંતિ અને ચિત્તની ચંચળતા દૂર કરવા તો પચાસેક ગ્રંથોની રચના કરી છે. જૈન આગમોમાં સૌથી પ્રાચીન તેમજ ગૂઢ મનાતા આચારાંગ સૂત્ર પર એમણે સંસ્કૃતમાં પ્રથમ 'આચારાંગ ભાષ્ય' લખ્યું છે, જેમાં એમણે સ્વપ્રજ્ઞાથી કેટલાંય ગૂઢ રહસ્યોને ઉદ્‌ઘાટિત કર્યા છે અને મહાવીરના દર્શનની સાંપ્રત સંદર્ભોમાં-અહિંસા, પર્યાવરણ, સૃષ્ટિ, વિજ્ઞાન આદિની નવી પ્રસ્થાપનાઓ કરી છે. કુશળ સાહિત્યકાર મહાપ્રજ્ઞ એક સંવેદનશીલ કવિ પણ હતા. સંસ્કૃતના તો આશુકવિ હતા. 'સંબોધિ' એમની કાવ્યધારાનું વિરલ સર્જન છે જેમાં મહાવીર અને મેઘકુમારના સંવાદથી સંસ્કૃત ભાષામાં જૈનદર્શનના ઊંડા સિદ્ધાંતો એમણે સમજાવ્યા છે. આ રચનાને જૈન ધર્મની ગીતા કહી શકાય. આ ઉપરાંત સંસ્કૃતમાં રચાયેલું 'ઋષભાયણ' પ્રથમ તીર્થંકરના જીવનનું સચોટ દર્શન કરાવે છે.

આવા મહાન દાર્શનિક, ચિંતક, વૈજ્ઞાનિક, ત્યાગી યોગીની અંતર્દૃષ્ટિ અને પ્રજ્ઞાનું મૂલ્યાંકન કરી ૧૯૬૮માં આચાર્ય તુલસીએ એમને 'મહાપ્રજ્ઞ'નું અલંકરણ આપ્યું હતું. આ પ્રસંગે 'મહાપ્રજ્ઞ' શબ્દની મીમાંસા કરતાં એમણે કહ્યું હતું કે ફક્ત વિદ્વાન અથવા ભાષ્યકાર અથવા ધ્યાન-સાધના કરનારને જ હું મહાપ્રજ્ઞ નથી માનતો. મારી દૃષ્ટિમાં મહાપ્રજ્ઞ એને કહી શકાય જેનામાં વિદ્યાનો પૂરો સમાવેશ થયો હોય અને સાથે સાધનાનો સમાગમ હોય. મુનિ નથમલજીમાં જ્ઞાન, ધ્યાન અને સાધનાનો ત્રિવેણીસંગમ છે.

૧૯૭૯માં એમને યુવાચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા.

૧૯૮૯થી મહાપ્રજ્ઞજી આંતરરાષ્ટ્રીય ભારતીય દર્શન કોંગ્રેસની કાર્યકારિણીના સન્માનિત સભ્ય હતા. જૈન યોગના ક્ષેત્રમાં કરવામાં આવેલા ઉલ્લેખનીય કાર્યથી ૧૨ સપ્ટેમ્બર ૧૯૮૯માં તેમને 'જૈન યોગના પુનરુદ્ધારક' સમ્માનથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. ૧૯૯૪માં એક અજબ ઘટનામાં નવમાચાર્ય તુલસીએ પોતાના આચાર્યપદનો સ્વેચ્છાએ ત્યાગ કરી મહાપ્રજ્ઞજીનો તેરાપંથ સંપ્રદાયના દશમા આચાર્ય તરીકેનો પદાભિષેક કર્યો.

આ પ્રસંગે જૈન વિદ્વાન પંડિત દલસુખભાઈ માલવણિયા લખે છે– 'મુનિ શ્રી નથમલજી (આચાર્ય મહાપ્રજ્ઞ)ની સાથે મારો પરિચય બહુ જૂનો છે. અમે આપસમાં વાદ-વિવાદ પણ કર્યો છે. આ પ્રસંગોમાં એમનો વર્તાવ વિદ્વાન-જનોચિત અને અદ્વિતીય હતો. મેં એમને હંમેશ પ્રસન્ન જ જોયા છે. વિનમ્રતા અને ગુરુ પ્રતિ સમર્પણ ભાવ એ એમની બે વિશેષતા છે. આચાર્ય તુલસીએ જૈન સમાજને ઘણું આપ્યું છે. પણ મુનિ નથમલજી આચાર્ય મહાપ્રજ્ઞ બનીને એનાથી પણ વધારે કેવલ જૈન સમાજને જ નહીં પણ સમગ્ર ભારતીય સમાજને આપશે એમાં કોઈ સંદેહ નથી.'

આચાર્યપદ ગ્રહણ કરતી વખતે મહાપ્રજ્ઞજીએ કહ્યું હતું કે- 'સમર્પણ, કૃતજ્ઞતા, સહિષ્ણુતા અને સંતુલનને મારા જીવનનો આધાર બનાવી હું અનુશાસિત, વ્યવસ્થિત અને મર્યાદિત ધર્મસંઘનો યોગક્ષેમ કરીશ. મારી ભાવના છે કે–

(૧) હું શૈક્ષને શ્રમણ બનાવી શકું.

(૨) હું શ્રમણને નિર્ગ્રન્થ બનાવી શકું.

(૩) હું નિર્ગ્રન્થને અર્હન્તની ભૂમિકા પર આરોહણ કરતા જોઈ શકું.'

બધાના યોગક્ષેમ અને સર્વજનકલ્યાણની ભાવના એ જ કરી શકે જેનામાં યુગપ્રધાન બનવાની ક્ષમતા હોય.

આવા અધ્યાત્મયોગી, વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ આચાર્ય મહાપ્રજ્ઞ કોઈ વ્યક્તિ નહોતા, વિચાર હતા, એવો વિચાર હતા કે જે ક્ષેત્ર અને કાળની સીમાઓમાં ક્યારેય બંધાતો નથી. એ જ્ઞાનના જળાશય નહોતા, સ્રોત હતા. એમાં ઊંડાણ હતું.

પ્રસિદ્ધ સાહિત્યકાર જૈનેન્દ્રકુમારે એમને એક 'અનૂઠા અનાગ્રહી ચિંતન' તરીકે બિરદાવ્યા છે. ગુજરાતી જૈન અગ્રણી ડૉ. કુમારપાળ દેસાઈ એમને 'જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રિવેણી સંગમ' માને છે. અને કહે છે કે 'મહાપ્રજ્ઞ એક એવા મહાન યોગી હતા જે પોતાના કર્મથી મહાન બન્યા હતા. એમની પ્રત્યેક પ્રવૃત્તિમાં એમના કાર્યની મહાનતા બોલતી હોય છે. મેં એમને નિકટથી જોયા છે. એમાં પણ સાહિત્યિક નિકટતા અધિક છે. મને લાગે છે કે એમની વાણી બોલતી વાણી હતી. એમના સાહિત્યમાં બધી જગાએ સ્યાદ્વાદનું દર્શન થાય છે. મહાપ્રજ્ઞજી એમની પ્રજ્ઞાની સાધનામાં સતત જાગૃત રહીને આપણી પ્રજ્ઞા જાગૃત કરે એજ મારી કામના છે.' જાણીતા ચિંતક શ્રી ગુણવંત શાહ એમના ચિંતનને વૈશ્વિક અને અર્થઘટનને મૌલિક, માર્મિક અને માંગલિક ગણાવે છે.

એકવાર ગુરુદેવ તુલસીના સાન્નિધ્યમાં મહાપ્રજ્ઞ તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અધ્યાપન કરાવી રહ્યા હતા. અનેક સાધુ-સાધ્વીઓ અને શ્રમણિઓ આનો લાભ લઈ રહ્યા હતા. અનેક તત્ત્વાર્થસૂત્રનો અંગ્રેજી અનુવાદ કરનાર જૈન વિદ્વાન ડૉ. નથમલ ટાટિયા પણ રોજ એમાં ભાગ લેતા. એકવાર નયવાદનું પ્રકરણ ચાલી રહ્યું હતું. મહાપ્રજ્ઞ આ અઘરા વિષયની અનેક સમસ્યાઓનો સરલ ભાષામાં બોધ આપી રહ્યા હતા. ડૉ. ટાટિયાજીએ એમની પ્રજ્ઞાથી એટલા બધા પ્રભાવિત થઈને કહ્યું-'મહાપ્રજ્ઞશ્રી, હું તમને જૈન પરંપરાના આચાર્ય સિદ્ધસેન માનું છું.' અને ગુરુદેવ તુલસીને ઉદ્દેશીને કહ્યું 'ગુરુદેવ! પ્રશાસક બહુ મળશે પણ મહાપ્રજ્ઞ જેવા વિદ્વાન, પ્રજ્ઞાવાન અને વિલક્ષણ બુદ્ધિમાન નહીં મળે.'

આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી પોતાની નિર્મળ ચારિત્ર્યસાધના સાથે અનેકવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત હતા. જૈન આગમ સાહિત્યના સંશોધક-સંપાદક, આદિ વિભિન્ન રૂપોમાં એમની પ્રતિભા એક સૂર્યની જેમ પ્રકાશી રહી હતી.

એમનામાં અનેક વિશેષતાઓ હતી, જેમાં સૌથી મોટી હતી એમની સંતતા, અહિંસા, સત્ય, અભય, અનેકાન્ત, મૈત્રી અને મમત્વ મુક્તિ. તેઓશ્રી એક વિશાળ ધર્મસંઘના અનુશાસ્તા હતા, પણ એમનું ચિંતન–કર્મ–સંકલ્પ અને સાધના સંપ્રદાયની સીમાથી પ્રતિબદ્ધ ન હતા. તેઓશ્રી ગ્રંથોથી દોરાયેલા નિર્ગ્રન્થ ગુરુ હતા. એમનામાં બૌદ્ધિકતાની સાથે વિનમ્રતા અને વિનયશીલતા હતા. અધ્યાત્મયોગી હોવા છતાં વૈજ્ઞાનિકતાના પક્ષધર હતા.

એમના પ્રત્યેક પ્રવચનમાં અને લેખનમાં પવિત્રતા અને નિર્મળતાનો બોધ હતો. તેઓ હંમેશા કહેતા હતા-'સ્વયં સત્યને શોધો.' વૈજ્ઞાનિક પુરુષ આધુનિક યંત્રો દ્વારા સત્ય શોધે છે, જયારે આવા આધ્યાત્મિક પુરુષ પોતાની અતિન્દ્રિય ચેતના દ્વારા સત્યને શોધે છે. એમના સ્વભાવમાં ચિરકાળ માટે વસંતઋતુ જ રહેતી હતી. તેઓ ઘણીવાર કહેતા કે ''નિઃશેષ'–કાર્યભારથી મુક્ત-હળવા બનતા શીખો. માથે નકામો ભાર ન રાખો.' તેઓ ભગવાન મહાવીરની આજ્ઞાની આરાધના કરવામાં માનતા હતા. એમની લોકપ્રિયતાનું એક કારણ હતું એમનું મૌલિક ચિંતન અને એની સુંદર પ્રસ્તુતિ. એમની વાણીમાં જાદુ હતો અને કંઠમાં વિદ્યાદેવી સરસ્વતી સાક્ષાત્ બિરાજમાન હતા. એમનામાં વિચાર અને નિર્વિચાર, ક્રિયા અને અક્રિયા તથા પ્રવૃત્તિ અને નિવૃત્તિનું અદ્‌ભુત સંતુલન હતું.

આવા પ્રજ્ઞાપુરુષને સમગ્ર જૈન સમાજે દિલ્હીમાં 'યુગપ્રધાન' પદથી અલંકૃત કર્યા હતા.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ એમના વિચારો તથા કર્તૃત્વ અને લેખનથી અત્યંત પ્રભાવિત હતા. બન્ને મહાન વિચારકોએ સાથે મળી 'ધ ફેમિલી એન્ડ ધ નેશન' નામના અદ્‌ભુત પુસ્તકનું નિર્માણ કર્યું હતું.

આવા પરમ પાવન, અધ્યાત્મયોગી અને જૈન દર્શનના પ્રખર પંડિત આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ મહાપ્રયાણ કર્યું છે. વિશ્વભરના વિચારકો, સાહિત્યકારો અને યોગસાધકો એક અકળ ખાલીપો અનુભવશે. આવા યુગ પ્રભાવક મહાપુરુષને કોટિ કોટિ શ્રદ્ધાંજલિ!

* * *

પી. એન. બી. હાઉસ, પી.એમ. રોડ, ફોર્ટ, મુંબઈ–૪૦૦ ૦૦૧.
ફોન : (૦૨૨) ૨૪૦૯ ૪૧૫૭

સૂફી પરંપરા અનુપ્રાણિત ગુજરાતી સંત સાહિત્ય

❑ પ્રો. મહેબૂબ દેસાઇ

(મે ૨૦૧૦ના અંકથી આગળ)

૩.૨ સાહિત્ય લેખન પર સૂફી વિચારધારાનો પ્રભાવ

ઈસ્લામના સૂફી સંતોના આગમનથી ગુજરાતી સાહિત્યનો શબ્દભંડોળ તો સમૃદ્ધ થયો, પણ તેની સાથે સાહિત્યની લેખન શૈલી ઉપર પણ મોટી અસર થઈ. મધ્યકાલિન ગુજરાતમાં ગુજરાતી સાહિત્ય મોટે ભાગે માનવ પ્રેમને કેન્દ્રમાં રાખી રચ્યું હતું. જેને સાહિત્યની ભાષામાં 'ઈશ્ક-એ-મિજાજી કહે છે. જેમાં માનવપ્રેમ, શૃંગાર અને કુદરતી સૌંદર્ય કેન્દ્રમાં હોય છે. પણ સૂફી સંતોના આગમન અને વૈચારિક સમાગમ પછી માનવ પ્રેમના સ્થાને ઈશ્વર-ખુદાના પ્રેમને કેન્દ્રમાં રાખી ગુજરાતી સંત સાહિત્ય રચવા લાગ્યું. જેને 'ઈશ્ક-એ-ઈલાહી' કે 'ઈશ્ક-એ-અકીકી' કહે છે. વ્યંગકાર અખો પણ એના પ્રભાવથી મુક્ત નથી રહી શક્યો.

અખા! ખુદ કો મત મારે, મારા ખુદી મિલે ખુદા.'

મીરાના ભક્તિ પદોમાં પણ સૂફી પરંપરાના લક્ષણો દેખાય છે. સુફી સાહિત્ય પ્રકૃતિ વર્ણનથી પર છે. મીરાંના પદોમાં પણ પ્રકૃતિ વર્ણનનો સંપૂર્ણ અભાવ છે. વળી, સૂફી પરંપરામાં ખુદાની ઈબાદત કેન્દ્રમાં હોય છે. મીરા પણ માત્ર કૃષ્ણ ભક્તિમાં રત હતા. સૂફીઓ જેમ ખુદાના 'જીક' માટે ગીત-સંગીતને માધ્યમ બનાવે છે તેમ જ મીરા પણ ગીત સંગીત દ્વારા કૃષ્ણની ભક્તિમાં પોતાનું તન-મન ઓગાળી નાખે છે. મધ્યયુગના ગુજરાતી સંતોમાં મીરા અગ્ર છે. તેના પદો અને ભક્તિની પદ્ધતિ સૂફી વિચારધારાની નજીક લાગે છે. સંભવ છે મીરાંની કૃષ્ણ ભક્તિમાં ક્યાંક મધ્યયુગની બહુ પ્રચલિત ઈસ્લામની સૂફી ઈબાદત પદ્ધતિ અને તેના સાહિત્યની છાંટ હોય?

અલબત્ત ખુદા-ઈશ્વરના પ્રેમને કેન્દ્રમાં રાખી રચાયેલ ગદ્ય અને પદ્ય સાહિત્ય મધ્યયુગમાં તુરત લોકભોગ્ય બન્યું ન હતું. પણ જેમ જેમ સૂફી સંતો પ્રજામાં પ્રસરતા ગયા, તેમ તેમ સૂફી વિચારધારા ગુજરાતી ભાષામાં વિસ્તરતી ગઈ. આ પ્રક્રિયા સમય માંગી લે તેવી હતી કારણ કે સૂફી સંતોની 'માદરે જબાન' અર્થાત્ માતૃભાષા ફારસી કે અરબી હતી. આમ છતાં સૂફી વિચારધારાના પ્રચાર-પ્રસાર અર્થે સૂફી સંતો ગુજરાતી ભાષા શીખ્યા અને 'ઈશ્ક-એ-ઈલાહી'ના વિચારને ગુજરાતી ભાષામાં લોકભોગ્ય બનાવ્યો. ઈસુની દસમી સદીથી સૂફી પરંપરાના વિવિધ સિલસિલાઓ ગુજરાતમાં પ્રસરવા લાગ્યા હતા. જેમાં મુખ્યત્વે ચિશ્તીયા અને કદારીયા સિલસિલા ગુજરાતમાં જોવા મળે છે. ચિશ્તીયા સિલસિલાના સૂફી સંત પીર કાયમદ્દીન (૧૬૯૦-૧૭૬૮) અને તેના શિષ્યોનો ગુજરાતના સંત સાહિત્યના સર્જનમાં ઘાટો ફાળો છે. પીર કાયમદ્દીન ચિશ્તીએ બે ગ્રંથો લખ્યા છે. 'નૂર-એ-રોશન' અને 'દિલ-એ-રોશન'. આ ગ્રંથો ઉર્દુ-હિન્દી-ગુજરાતી મિશ્ર ભાષામાં લખાયા છે. વેદાંત અને કુરાનના વિચારોનો તુલનાત્મક અભ્યાસ આ ગ્રંથોના કેન્દ્રમાં છે. ઈ. સ. ૧૭૦૦માં લખાયેલ આ ગ્રંથોનો અનુવાદ ૧૭૫૫-૫૬ માં તેમના શિષ્ય ભગત સુલેમાન મહંમદ એ કર્યો હતો. તેની એક રચના માણવા જેવી છે.

'ચરણે સતગુરુને નમિયે, ઝીણા થઈ મુરશદને નમીએ
ત્યારે તો અલખ ધણીને નમીયે.
સુરતા સુનમાંહી લાગી, વાંસળી અગમમાં વાગી,
ખુમારી પ્રેમ તણી જાગી.'

ગુજરાતી સંત સાહિત્યમાં રચતા પદોમાં શબ્દો સાથે સૂફી વિચારની પણ આગવી શૈલી વિકસતી ચાલી. સૂફી સંતોના શિષ્યો કે મુરીદોએ ગુજરાતના ગામડે ગામડે ભજન, ગીતો અને રુબાઈઓ દ્વારા ગુજરાતી સંત સાહિત્યને સમૃદ્ધિ બક્ષી. એક માત્ર ચિશ્તીયા પરંપરાના સંત કાયમદ્દીનની જ વાત કરીએ તો તેમના શિષ્યો ગુજરાતના દરેક પ્રદેશમાં પ્રસરી ગયા હતા. ભરૂચ જીલ્લાના જંબુસર તાલુકાના સરોદ ગામના વતની સુલેમાન ભગત (ઈ. સ. ૧૬૯૯) અને જીવણ મસ્તાન (ઈ. સ. ૧૭૦૦)ની રચનાઓ ગામે ગામ ગવાતી હતી. જીવન મસ્તાન લખે છે,

'ઈશ્વર તો સૌનો સરખો રે, એને નથી કોઈ ભેદ,
રોકી શકે એને નહીં કોઈ જોઈ લો ચારે વેદ.
ખોળિયાને ભૂલાવે રે ઊભું થયું એવું ભાન છે,
સજનો કસાઈ, સુપચ ભંગી, રોહીતદાસ ચમાર
એવા લોકો મોટા ગણાય, એ ભક્તિનો સાર'

એ જ રીતે વડોદરા જીલ્લાના કરજણ તાલુકાના પાછીયાપુરા ગામના રહેવાસી અને પાટીદાર જ્ઞાતિના રતનબા (ઈ. સ. ૧૭૦૦) અભણ હોવા છતાં તેમના ભજનોએ એ યુગમાં લોકોને ઘેલું લગાડ્યું હતું.

'પ્યાલો મેં તો પીધો રે કાયમદ્દીન પીરનો રેજી
પીતા હું તો થઈ ગઈ ગુલતાન
લહેર મને આવે રે અંતરથી ઉછળી રે જી
ટળ્યા મારા દેહી તણાં અભિમાન.'

ગામડે ગામડે પ્રસરેલ આવા સૂફી સંતોની મોટી હારમાળા મધ્યયુગમાં જોવા મળે છે. ઉમરબાવા (૧૮મી સદી પૂર્વે), સુલેમાન ભગત, પૂજાબાવા, નબીમીયા, અભરામબાવા જેવા અનેક સૂફી સંતોએ ગુજરાતી સંત સાહિત્યને લોક કાંઠે રમતું કર્યું હતું. **8.**

અર્વાચીન યુગમાં પણ સંત સાહિત્યની આ પરંપરા અવિતરપણે ચાલુ રહી હતી. તેનું ઉત્તમ દૃષ્ટાંત દાસ સત્તાર શાહ ચિસ્તી (૧૮૯૨-૧૯૬૨) છે. નાંદોદમાં જન્મેલા સત્તાર શાહ ચિસ્તીના ગીતો, ભજનો અને દૃષ્ટાંત કથાઓ ગુજરાત સૌરાષ્ટ્રના તળ પ્રદેશોમાં

આજે પણ ભક્તિ ભાવથી ગવાય છે. અફઘાસ્તિાનના વતની હોવા છતાં ગુજરાતમાં આવી વસેલા અને જાતમહેનતથી ગુજરાતી શીખેલા સત્તાર શાહ હિંદુઓમાં દાસ સત્તાર શાહ તરીકે ઓળખાતા. જયારે મુસ્લિમોમાં સત્તાર શાહ ચિશ્તી તરીકે પ્રસિદ્ધ હતા. સૂફી સંપ્રદાયની ચિસ્તીયા પરંપરાના હિમાયતી સત્તાર શાહના કોમી એકતાને વાચા આપતા ભજનો આજે પણ લોક જીભે રમે છે.

'કોઈ બ્રાહ્મણ કોઈ વાણીયો, કોઈ સૈયદ કોઈ શેખ
જ્ઞાન કરીને જોઈ લો ભાઈ આત્મ સૌના એક'

સૂફી પરંપરા મુજબ ગુરુના શરણ વગર જ્ઞાન શક્ય નથી. એટલે સત્તાર શાહ પોતાના ગુરુ અનવર મિયાંને ઈ. સ. ૧૯૧૨માં બાવીસ વર્ષની વયે વડોદરામાં મળ્યા ત્યારે અનવર મિયાએ પોતાના હાથમાંના પ્યાલામાંથી કંઈક પીધું અને પછી તે સત્તારને પીવા કહ્યું. સત્તાર શાહ તે પી ગયા. પીધા પછી ખુદાના રંગમાં રંગાઈને તેઓ ગાઈ ઉઠ્યા,

'એવી પ્યાલી પીધી મેં તો મારા સદગુરુના હાથે રે,
પીતા મારે પ્રીત બંધાણી મારા પ્રીતમજી સંગાથે.'**9**

સત્તાર શાહના ગુરુ અનવર મિયા પણ રહસ્યવાદી સૂફી રચનાઓમાં માહિર હતા. તેમના ભક્તિ ગીતો પણ લોકો હોંશે હોંશે ગાતા.

'વ્હાલા પ્રેમ કટારી રે મને શીદ મારી રે,
લાગી લાગી છે હૈડાંની માંહ ઘાયલ થઈ નારી રે.'

હિંદુ સૂફી સંત દિન દરવેશ કુંડલીયા પાલનપુર રાજ્યના એક ગામના નિવાસી હતા. ૧૮મી સદીના મધ્યભાગમાં ઈસ્ટ ઈંડિયા કંપનીની સેનામાં સિપાહી હતા. જાતે લુહાર પણ ખમીરવંતા. એક યુદ્ધમાં હાથ કપાઈ ગયો. તેથી નોકરી છોડી દીધી. સૂફી ફકીરો, ઓલીયાઓના સંગમાં રહેવા લાગ્યા અને પાક્કા સૂફી બની ગયા. ગુજરાતમાં તેઓ દરવેશના નામે જાણીતા થયા. તેમણે પણ પોતાની ભક્તિ રચનાઓમાં હિંદુ-મુસ્લિમ એક્યને પ્રાધાન્ય આપ્યું છે.

'કુણ જ્યાદા કુણ કમ, કભી કરના નહી કજિયા,
એક ભક્ત હો રામ દુજા રહેમાન સો રજિયા.'

તેમણે ગુજરાતીમાં 'દિન પ્રકાશ' અને 'ભજન ભડાકા' નામે બે પુસ્તકો લખ્યા હતા. જો કે આજે તે ઉપલબ્ધ નથી. પણ તેમની રચનાઓ આજે પણ ઉત્તર ગુજરાતના ગામડાઓમાં લોક જીભે જીવંત છે. **10**

એક અન્ય સૂફી સંત ગુજરાત અને ગુજરાત બહાર પ્રસિદ્ધ હતા. અશરફ ખાન (૧૮૮૦-૧૯૬૦). તેઓ નાટક અને ફિલ્મોના જાણીતા કલાકાર હતા. છતાં કાદવમાં કમળની જેમ તેઓ એ લપસણી દુનિયામાં રહ્યા. તેમના શિષ્યો તેમનો પડ્યો બોલ ઝીલતા. તેમના બે ગ્રંથો 'અબ્રે ફયાઝ' અને 'શમ્મ-એ-હિદાયત'એ મૂલ્યનિષ્ઠ ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરણ કર્યું છે. તેમના શમ્મ-એ-હિદાયત ગ્રન્થનું ૧૯૭૪માં પ્રથમવાર પ્રકાશન થયું હતું. તેના કેટલાક સુવિચારો ગુજરાતી સાહિત્યમાં આજે પણ વિચારોની અભિવ્યક્તિનું ઉમદા માધ્યમ બને તેવા છે.

'ત્રાજવું તેના કાર્યમાં સોના અને શીશામાં ભેદ નથી કરતું.'
'ઈમાનનો દુશ્મન અસત્ય છે.
બુદ્ધિનો દુશ્મન ક્રોધ છે.
ઈજ્જતનો દુશ્મન ભીખ છે.
દોલતનો દુશ્મન બેઈમાની છે.'
'મોતથી ડરનાર કાયર છે '**11.**

૩.૩. ભવાઈ સાહિત્ય પર સૂફી પરંપરાનો પ્રભાવ

ભવાઈ એ ગુજરાતની એવી નાટ્ય પરંપરા છે જે માત્ર પાઠ્ય પ્રધાન નથી, પણ નૃત્ય, ગીત અને વાદ્ય પ્રધાન પણ છે. ભવાઈ એ અંબામાના ચાચરમાં થતું ભાવન છે. શક્તિની ઉપાસનાનો એક પ્રકાર છે. સામાન્ય રીતે ભવાઈ ગામના દેવસ્થાનના ચોગાન કે ચોરામાં રમાય છે. ભવાઈમાં માત્ર ધાર્મિક કે પૌરાણિક કથા જ રજૂ થતી નથી, પણ તત્કાલીન સમયના સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય પ્રવાહોનું નિરૂપણ પણ થાય છે. મધ્યકાલિન યુગમાં સુફી સંતોએ પોતાના વિચારોના પ્રસાર-પ્રચાર માટે ગુજરાતના ગામડાઓ ખુંદયા હતા. પરિણામે સૂફી વિચારો ગામડાની સંસ્કૃતિ અને સભ્યતા સુધી પહોંચ્યા હતા. ૧૩મી અને ૧૪મી સદી દરમિયાન રચાયેલા ભવાઈ વેશોમાં સૂફી પરંપરાનો ચોખ્ખો પ્રભાવ જોવા મળે છે. સાહિત્યના સંદર્ભમાં જોઈએ તો 'રેખતો' અને 'ગઝલ' આ બન્ને સ્વરૂપો ફારસી ભાષાની ગુજરાતી સંત સાહિત્યને દેન છે. ગઝલ શબ્દથી તો આપણે પરિચિત છીએ. પણ રેખતો શબ્દનો પરિચય જરૂરી છે. રેખતો એટલે ગદ્યની એવી ભાષા જેમાં હિન્દી-ગુજરાતી-અરબી-ફારસીના શબ્દો, વિશેષણો અને પ્રતીકોનું મિશ્રણ હોય. તેને આધુનિક ઉર્દુનું પ્રારંભિક રૂપ પણ કહેવામાં આવે છે. **12.** ભવાઈના પદોમાં આ બન્ને સ્વરૂપો જોવા મળે છે. જેમકે 'ઝંડા ઝૂલણ'ના વેશમાં રેખતાનું એક ઉદાહરણ છે.

'નૈન તમરે તીર હૈ મોએ લગે કલેજે બીચ
કંકરી મેં કિયા હોત હૈ સુંદર કાએકુ ખીજ.'
એજ રીતે ઝંડા ઝૂલણ વેશમાં જ એક ગઝલ છે.
'ભલાજી ભેદ પૂછા ખુબ અબ તું સબદ સુન મહેબૂબ
જો હૈ દીનકા તું દોસ્ત, મનમેં રાખીએ ન રોસ્ત'
'સબકા એક હૈ અલ્લાહ, ભલા મન હોયગા ભલા
જ્ઞાની સોઈ રહે ગંભીર, આડું અમર પીર કાફિર
જિનસે જીકર ન કીજે, દવા દરવેશ કી લીજે
ઓમ સબદ પૈચાન આદો, અગમકી ઓલખાન.'

આ ગઝલ માત્ર એક સાહિત્ય સ્વરૂપ તરીકે જ નહીં, પણ ફિલસુફીની દૃષ્ટિએ પણ મહત્ત્વની છે. ક્રોધ વિનાનું મન, સાફ હૃદય, જ્ઞાનનું મહત્ત્વ, ઈશ્વર-અલ્લાહ એક અને સૌથી મહત્ત્વની બાબત અલ્લાહ અને ઓમને સાચા અર્થમાં ઓળખવાની વાત–આ તમામ બાબતો સૂફી પરંપરાનો જ આવિર્ભાવ છે.

અલ્લાહ જ જગતનો તારણહાર છે. મનુષ્યે પોતાના 'હું પદ'ને ઓગાળી નાખી અલ્લાહ-ઈશ્વરમાં લીન થઈ જવું જોઇએ. ઝંડા ઝૂલણમાં આ જ વિચારને વાચા આપતો એક દુહો છે.

'બંદા કહેતા મૈ કરું, કરનહાર કિરતાર
તેરા કહા સો ના હોવે, હોસી હોવાનહાર. **13**

ગુજરાતની ભવાઈ સંસ્કૃતિ અને સાહિત્ય પર સૂફી વિચારોના પ્રભાવની સાક્ષી પૂરતા આ દુહાઓ આજે પણ ઝંડા ઝૂલણના વેશમાં ગામે ગામ ગવાય છે, ભજવાય છે.

૩.૪ ગુજરાતીમાં અનુવાદિત સૂફી સંત સાહિત્ય

છેક ૧૫મી સદીથી સૂફી સાહિત્યની મહેક ગુજરાતી ભાષામાં પ્રસરેલી છે. મધ્યકાલીન ગુજરાતમાં આરંભના કાળમાં સૂફી સાહિત્ય ફારસી ભાષામાં રચાયું હતું. એ પછી ધીમે ધીમે ફારસી-ગુજરાતી મિશ્રિત ભાષામાં લખવા લાગ્યું. એવું સાહિત્ય આમ ગુજરાતી પ્રજાને સમજવું મુશ્કેલ પડતું. પરિણામે તેના અનુવાદ કરવાનો સિલસિલો શરૂ થયો. તેનું ઉત્તમ દૃષ્ટાંત ગુજરાતના મોટા ગજાના સૂફી સંત પીર મોહંમદ શાહ (જન્મ ૧૬૮૮) છે. તેમણે અનેક સૂફી ગ્રંથો લખ્યા હતા. આજે પણ તેમના હસ્તલિખિત ગ્રંથોની કેટલીક પ્રતો પીર મોહંમદ શાહ ગ્રન્થાલય, અમદાવાદમાં ઉપલબ્ધ છે. તેમનો એક ગ્રંથ 'ઈશ્કુલ્લાહ' મધ્યયુગમાં કાફી લોકપ્રિય થયો હતો. ઉર્દુ-ગુજરાતીમાં લખાયેલો આ ગ્રન્થ છેલ્લા પાંચસો વર્ષોથી ગુજરાતમાં બોલાતી ઉર્દૂ-ગુજરાતી મિશ્ર ભાષા પર આધારિત છે. ઉર્દુ-ગુજરાતી મિશ્ર ભાષાનો સંશોધનાત્મક અભ્યાસ કરવા ઈચ્છતા સંશોધકને તે આધારભૂત માહિતી પૂરી પાડે છે. ઈશ્કુલ્લાહનો શુદ્ધ અનુવાદ હઝરત પીર મોહંમદ શાહ ગ્રન્થાલય અને સંશોધન કેન્દ્ર, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો છે. 'ઈશ્કુલ્લાહ' એટલે ખુદા કે ઈશ્વર પ્રત્યેનો પ્રેમ. ખુદાનો પ્રેમ પ્રાપ્ત કરવા ખુદામાં એકાકાર થવું પડે. એ માટેના માર્ગો 'ઈશ્કુલ્લાહ'માં આપવામાં આવ્યા છે.

ગ્રન્થમાં સાતમા સબક (ઉપદેશ)માં પીર મોહંમદ શાહ લખે છેઃ

'સાતમા સબકનો બોધ સ્વચ્છ દૃષ્ટિ છે. સ્વચ્છ દૃષ્ટિ માટે જરૂરી છે રુહા (આત્મા)ની શુદ્ધિ અને ખુદી (અહંકાર)નો ત્યાગ. માનવી આરસી સમાન છે. જો આરસી સાફ અને સ્વચ્છ હશે તો આપણો ચહેરો તેમાં સાફ દેખાશે. તેવી રીતે આપણું દિલ સાફ હશે તો તેમાં આપણે ખુદાને જોઈ શકીશું. ખુદી (અહંકાર) ત્યજવાથી ખુદાની પ્રાપ્તિ થાય છે.'

આવા ફારસી ગ્રંથોનો ખજાનો આજે પણ પીર મોહંમદ શાહ ગ્રંથાલયમાં સચવાયેલો પડ્યો છે. તેમાંના કેટલાક ગ્રંથો 'મિરાતે અહેમદી', 'મિરાતે સિકન્દરી' અને 'તારીખ-એ-ઓલિયા-એ-ગુજરાત'નો અનુવાદ શ્રી રત્નમનીરાવ જોટે, મોલાના સૈયદ અબુ ઝફર નદવી અને ડૉ. છોટુભાઈ નાયક જેવા વિદ્વાનોએ કર્યો છે.

૪. તારતમ્ય

ગુજરાતમાં સૂફી સંતોના આગમનને કારણે સૂફી વિચારધારા ગુજરાતના સમાજ જીવનની રગે રગમાં પ્રસરી ગઈ હતી. ધર્મ, સમાજ અને સાહિત્ય તેમાં મુખ્ય હતા. સૂફી સંતો અને સાહિત્ય ગુજરાતની પ્રજામાં એવા સમાઈ ગયા હતા કે સૂફી સંતોની મઝારો પર ગવાતા ભક્તિ ગીતો કે કવ્વાલીમાં હિંદુ મુસ્લિમ ભેદો ઓગળી જતા. ભારતમાં ખ્વાજા ગરીબ નવાઝની દરગાહ પર આવા દૃશ્યો આજે પણ સામાન્ય છે. ગુજરાતમાં એવી દરગાહોની કમી નથી. સરખેજના શાહ-એ-આલમ સાહેબ, ભડીયાદના મહેમુદ શાહ બુખારી, ગોંડલના મુસાબાવા, આમરણના દાવલ શાહ પીર અને પીરાણાના નૂર સ્તગરની મઝાર પર આજે પણ એક બાજુ કવ્વાલીની રમઝટ બોલે છે તો બીજી બાજુ ભજનોની રંગત જામે છે. આવી સદ્‌ભાવના જ સૂફી સંતો અને સાહિત્યની સાચી ઓળખ છે અને જ્યાં સુધી સંતોનું સત્ત્વશીલ સાહિત્ય જીવંત રહેશે ત્યાં સુધી જીવંત રહેશે તેમાં બે મત નથી-આમીન.

પાદનોંધ :

૧. હથુરાની, મો. અહેમદ મોહંમદ, સીરતે સરકારે મદીના, ભાગ-૧, નુરાની કુતુબખાના, છાપી, બનાસકાંઠા, પૃ. ૫૫૯-૫૬૦.
૨. દેસાઈ, ડૉ. મહેબૂબ, સૂફીજન તો તેને રે કહીએ, પ્ર. ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૭. પૃ. ૧૬.
૩. દલાલ, સુરેશ (સંપાદક), કહત કબીર, ઈમેજ પબ્લિકેશન, મુંબઈ-અમદાવાદ, ૨૦૦૫. પૃ. ૧૨.
૪. પાઠક, જગજીવન કાલિદાસ, મુસ્લિમ મહાત્માઓ, પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૪૦, પુસ્તકમાં આપેલા સૂફી સંતોના જીવન ચરિત્રોના અભ્યાસનું તારણ.
૫. આચાર્ય, ડૉ. નવીનચન્દ્ર, ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ, અમદાવાદ-૧૯૮૪. પૃ. ૮૪.
૬. નાયક, ડૉ. છોટુભાઈ રણછોડભાઈ, ફારસી શબ્દનો સાર્થ વ્યુત્પત્તિ કોશ, ભાગ-૩, ગુજરાત વિશ્વ વિદ્યાલય, અમદાવાદ, ૧૯૮૦. પૃ. ૫૬.
૭. એજન. પૃ. ૧૦૨.
૮. મહેતા મકરંદ અને અન્ય (સંપાદકો), મધ્યકાલિન ગુજરાતમાં ભક્તિ અને સૂફી આંદોલન, દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ, ૨૦૦૮. પૃ. ૪૮ થી ૫૪.
૯. મહેતા, ગંગાદાસ પ્રાગજી, સૂફી કાવ્ય પ્રસાદી, પ્ર. કુસુમ પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૯. પૃ. ૧૦૨.
૧૦. એજન, પૃ. ૧૦૬.
૧૧. વધુ વિગતો માટે જુઓ શમ્મ-એ-હિદાયત, પ્ર. ગંજે સોહદા કબ્રસ્તાન, દાણી લીમડા, અમદાવાદ, ૨૦૦૩.
૧૨. નાયક, ડૉ. છોટુભાઈ રણછોડભાઈ, ફારસી શબ્દનો સાર્થ વ્યુત્પત્તિ કોશ, ભાગ-૪, ગુજરાત વિશ્વ વિદ્યાલય, અમદાવાદ-૧૯૮૦. પૃ. ૩૪.
૧૩. નીલકંઠ, મહીપતરામ રૂપરામ, ભવાઈ સંગ્રહ. પૃ. ૬૪.
૧૪. ઈશ્કુલ્લાહ, (તરજુમા સાથે), પ્ર. હઝરત પીર મોહંમદ શાહ ગ્રન્થાલય અને સંશોધન,કેન્દ્ર, અમદાવાદ, ૨૦૦૬. પૃ. ૫૩.

✷ ✷ ✷

પ્રા. મહેબૂબ દેસાઈ
સુકુન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર–૩૬૪૦૦૧.
મો. : 0982511 4848

।। મહાવીર કથા ।।

ડી.વી.ડી.–બે ભાગ દ્વારા

ભગવાન મહાવીરના વણસ્પર્શ્યા પાસાંઓનું જીવંત દર્શન

❑ ગુણવંત બરવાળિયા

ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈની હૃદય સ્પર્શી પ્રભાવક વાણી દ્વારા બે દિવસની મહાવીર કથાનું આયોજન જ્ઞાનપિપાસુ શ્રોતાઓ માટે સમકિતનું આનંદ પર્વ બની ગયું.

પર્યુષણ પર્વમાં અને શેષકાળમાં પણ ગુરુભગવંતો અને પૂ. સાધ્વીજીઓના મુખેથી ભગવાન મહાવીરના જીવનના પ્રસંગો આપણે સાંભળી છીએ. પર્યુષણ પર્વમાં કલ્પસૂત્રના સંદર્ભે ભગવાન મહાવીર જન્મ વાંચનના દિવસે પણ ભગવાનના ૨૭ ભવ અંગે આપણે વર્ષોથી સાંભળીએ છીએ. ગુરુ ભગવંતોના આગમજ્ઞાન અને ઉત્કૃષ્ઠ ચારિત્ર પાલનને કારણે, તેમના પ્રવચનની ઊંડી અને પ્રભાવક અસર ઉપાશ્રયે જનાર શ્રાવક-શ્રાવિકાઓ પર પડે છે. પરંતુ અત્યારે એક એવો વર્ગ પણ છે જેમાં યુવાનો વિશેષ કે જે ઉપાશ્રયો અને દેરાસરોની ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ લેતા નથી. તેના કારણો ઘણાં છે તે ચર્ચાનો અહીં અવકાશ નથી. આવા વર્ગમાં રૂચિ જાગૃત કરવા આવી કથા શ્રેણી ખૂબ જ ઉપયોગી થઈ શકે.

ધર્મકથાનકોમાં આવતી કેટલીક વાતો શાસ્ત્રસંબંધ રીતે સાચી હોય જેમને શ્રદ્ધા છે તે એ વાતને સ્વીકારી લેશે, પરંતુ ધર્મના બાળજીવો, પાશ્ચાત્ સંસ્કૃતિની જીવન શૈલીથી રંગાયેલી વ્યક્તિઓ, ઉચ્ચ અભ્યાસ કરતા યુવક-યુવતીઓ જલ્દીથી આ વાતો સ્વીકારી શકશે નહિ. તેમને આ ચમત્કારી વાતો, માત્ર દંતકથા કે અંધશ્રદ્ધા લાગશે, ધર્મની દલીલો અતાર્કિક કપોળકલ્પિત કે અસત્યમૂલક લાગશે. તેમને તો આ વાતો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજાવવી પડશે. આ સત્ય વિદ્વાન વક્તાઓ છેલ્લા વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સંશોધનો, આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા સમજાવી શકે. વળી જૈન ધર્મ પ્રચાર કરતાં આચરણના પ્રભાવને પ્રાધાન્ય આપે છે જેથી સાધકોની સામાચારીને કારણે ગુરુ ભગવંતોને ક્ષેત્ર કાળની મર્યાદા હોય છે. વળી કેટલાંક ઉપકરણોનો ઉપયોગ પણ ન કરી શકે જેથી આયોજકોને આવી કથા-શ્રેણીઓ માટે સાધુ-સાધ્વીજીઓનો ખૂબ જ ઓછો લાભ મળી શકે.

મહાવીર કથા આયોજનની પૂર્વભૂમિકામાં જૈન યુવક સંઘના મંત્રી અને જૈન દર્શનના અભ્યાસુ ડૉ. ધનવંત શાહે સાચું જ કહ્યું કે 'મહાવીરની વાતો કથા સ્વરૂપે સમાજ પાસે પહોંચવી જોઈએ. એક વ્યક્તિ એક વિષયની વાત કરે પણ બધા પાસાને સાંકળે તેવું સ્વરૂપ હોય તો તેમાં મહાવીરનું સમગ્ર દર્શન થાય. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈએ વિશ્વનો પ્રવાસ ખેડ્યો છે. વિશ્વની સમસ્યાઓનો ઉકેલ ભગવાન મહાવીરની વાણીમાં મળી રહે તેમ છે. પ્રબુદ્ધ જૈનો માટેની મહાવીર કથા ચિત્ત વિકાસની ભૂમિકા પર આધારિત છે. આ કથા દ્વારા ભગવાન મહાવીરને જાણવાના, માનવાના અને પામવાના છે.'

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત જૈન દર્શનના પ્રખર વિદ્વાન ડૉ. કુમારપાળભાઈ મહાવીર કથાના પ્રારંભમાં વિશાળ શ્રોતાજનોને ગચ્છ મત, સંપ્રદાયથી પર થઈ હૃદયના સદ્ધ ખોલીને મહાવીરકથા શ્રવણ કરવાની માર્મિક વાત કરતા દર્શાય છે.

સૌ પ્રથમ તેમણે મહાવીર સુક્તિ 'એકો હું માણસ જાઈ'નો ગુઢાર્થ ખૂબ જ સરળ અને ભાવવાહી શૈલીમાં સમજાવ્યો. મનુષ્ય માત્ર એક થાય. 'ગ્લોબલ વિલેજ' - 'વિશ્વગ્રામ' કે 'વિશ્વ વાત્સલ્ય'ની સમગ્ર ભાવના આ એક જ વાક્યમાં અભિપ્રેત છે.

ધર્મથી આપણે દૂર ચાલ્યા ગયા છીએ. મહાવીર કથા ધર્મથી નજીક આવવાનો ઉપક્રમ છે. વિશ્વના બધા જ ધર્મોએ સ્થૂળ હિંસાથી દૂર રહેવા જણાવ્યું, પ્રહારને હિંસા ગણી જ્યારે ભગવાન મહાવીરે વિચારથી પણ હિંસાની શરૂઆત એવા વિશિષ્ટ અને સૂક્ષ્મ હિંસાના સ્વરૂપનું વિશ્લેષણ કર્યું. ભગવાન મહાવીરે યજ્ઞનો વિરોધ નથી કર્યો. તેમણે કહ્યું કે યજ્ઞમાં આ મૂંગા પશુઓને ન હોમ, આ પ્રાણીઓ આત્મવત્ છે. યજ્ઞમાં જરૂર હોમ પણ તે તારી દુર્વૃત્તિઓને હોમ. પોતાની ભીતરમાં રહેલા કષાયો સાથે યુદ્ધ કરી તેનો નાશ કરવાનું કહ્યું. જાત સાથે યુદ્ધ કરવાનું કહી ભગવાને યુદ્ધ અને પરાક્રમની વ્યાખ્યા જ બદલી નાંખી.

જ્ઞાન, મુઠ્ઠીભર લોકોના હાથમાં હતું. ભગવાને તે બધા માટે ખૂલ્લું મુક્યું. ભગવાન પહેલાં ચોતરફ દેહનો મહિમા હતો. ભગવાન મહાવીરે દેહ નહિ, દેહમાં છૂપાયેલ આત્માનો મહિમા કર્યો. જૈન ધર્મે બે વાત કહી છે એક દિશા અને બીજી ગતિ. દિશા વિજ્ઞાનની અને ગતિ અધ્યાત્મની. અહિં વિજ્ઞાન અને ધર્મના સાયુજ્ય રચવાની વાત અભિપ્રેત છે.

માતા ત્રિશલાને આવેલા સ્વપ્નાઓને ગુણસ્થાનકના સંબંધે વિશ્લેષણ કરી અને સ્વપ્નાના વિવિધ સૂચિતાર્થો અને અર્થગંભીર સંકેતોના રહસ્યનું ઉદ્‌ઘાટન કરી વ્યાખ્યાતા ડૉ. કુમારપાળભાઈએ ધર્મના એક નૂતન પરિમાણનું શ્રોતાઓને દર્શન કરાવ્યું.

ઈતિહાસ દ્વારા આપણને જાણવા મળ્યું છે. ઘણાં મહાપુરુષોએ

સન્યાસ માર્ગે જવા ગૃહત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કર્યું છે. પરંતુ ભાઈ, પત્ની અને કુટુંબીજનોની સંમતિથી મહાભિનિષ્ક્રમણ કરનાર ભગવાન મહાવીરનું મહાભિનિષ્ક્રમણ વિશિષ્ટ હતું. મહાવીર કથાના આ પ્રસંગનું નિરૂપણ મોહગર્ભિત કે દુઃખગર્ભિત વૈરાગ્ય પંથે જનારા, અપરિપક્વ માનસ ધરાવનાર કે કર્તવ્યથી વિમુખ થઈ સંસારથી ભાગી જનારાઓ માટે દિશાદર્શન કરાવનાર છે.

પ્રથમ ચાતુર્માસમાં ભગવાન મહાવીર તાપસના આશ્રમમાં એક ઝૂંપડીમાં રહે છે. પશુઓ ઝૂંપડીમાંથી ઘાસ તોડી ખાય છે. અન્ય આશ્રમવાસીઓ કુલપતિને ફરિયાદ કરે છે કે આ અતિથિ પોતાની ઝૂંપડીનું ધ્યાન પણ નથી રાખી શકતા. કુલપતિ વર્ધમાનને કહે છે, તમે ક્ષત્રિય છો, ઝૂંપડીનું રક્ષણ તમારે કરવું જોઈએ. ત્યારે ભગવાનને મનોમંથન થાય છે કે મારે આ ઘાસપાનની ઝૂંપડી સાચવવી કે અમોલખ આત્મા. અને પાંચ સંકલ્પો સાથે કુલપતિની રજા લઈ અન્યત્ર વિહાર કરી જાય છે. મહાવીર કથામાં આ પ્રસંગનું શબ્દચિત્ર શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે તેવું છે.

મહાવીર કથામાં ધ્યાન વિશેની સુંદર વાતો થઈ. માત્ર પલાંઠી વાળીને નહિ પણ ઊભા રહીને અને ખુલ્લી આંખે પણ ધ્યાન કરી શકાય છે. આમ કહી ભગવાને સાધનાને એક નવું પરિમાણ આપ્યું છે. ભગવાને પ્રરૂપેલ વ્રત અને તપની વાત કરતા વ્યાખ્યાતા કહે છે કે ન્યુયોર્ક ટાઈમ્સમાં થોડા સમય પહેલાં ૯૦ વર્ષ સુધી જીવવા માટે પાળવાના નિયમો વિશે લેખ છપાયો હતો. નિયમો આપણા ઉણોદરીના વ્રત જેવા જ હતા. આ નિયમો આરોગ્ય વિજ્ઞાનને પુષ્ટિ આપે છે. ભગવાને પ્રરૂપેલ જીવન શૈલી ભગવાન મહાવીર પરમ વૈજ્ઞાનિક હતા તે વાતને ચરિતાર્થ કરે છે.

ભગવાને સામે ચાલીને ઉપસર્ગો સહન કરી પ્રચંડ પુરુષાર્થ દ્વારા કર્મ સત્તા પર વિજય મેળવી સ્વસત્તા સ્થાપિત કરી.

ભગવાન મહાવીર ગૌતમ સ્વામી સાથે વિહારમાં હોય છે. એક હાલીક (હળ હાંકનાર) પશુને માર મારે છે. એ દૃશ્ય જોતાં પ્રબુદ્ધ કરૂણાના કરનારા ભગવાન ગૌતમ સ્વામીને કહે છે કે હાલીકને સમજાવો કે પશુ પર અત્યાચાર ન કરાય. પેલો હાલીક-ખેડૂત ગૌતમ સ્વામીની પ્રતિભા જોતા સ્તબ્ધ બને છે. ગૌતમ સ્વામી એને પ્રેમથી સમજાવતાં કહે છે કે આ પશુને કેમ મારો છો, તેનામાં પણ જીવ છે. હાલીક આ બોધથી એટલો બધો પ્રભાવિત થાય છે અને કહે છે કે આપ મને આપના પંથે લઈ જાવ અને સમર્પણ ભાવ સાથે તે ગૌતમ સ્વામીનો શિષ્ય બને છે.

ગૌતમસ્વામી કહે છે કે હાલીક ચાલ આપણે ગુરુના દર્શન કરીએ. હાલીક વિચારે છે કે જેના શિષ્ય આવા ઉત્કૃષ્ટ પ્રતિભાના અધિકારી હોય તેના ગુરુ કેવા અદ્‌ભુત હશે. હાલીક મહાવીરના પ્રથમ દર્શને જ નાઠો. ગૌતમ વિચારે છે કે અહીં લોકો ભગવાનના દર્શન માટે ઝંખે છે અને આ ભગવાન મહાવીરને જોતાં જ કેમ નાઠો.

ગૌતમ સ્વામીના મુખ પર પ્રશ્નાર્થ મુદ્રા જોઈ ભગવાન તેનું સમાધાન કરે છે.

પરંપરાગત રીતે ગુરુનો જવાબ એવો હોય કે 'આની પાત્રતા નહોતી એટલે ભાગ્યો' પરંતુ અહીં ભગવાન મહાવીર કહે છે કે, 'જીવ માત્ર પૂર્વ કર્મ અને પૂર્વના વેરઝેરને વશ હોય છે. એક સમયે હું ત્રિપુષ્ટ વાસુદેવ હતો અને આ સિંહ હતો. એક ભવમાં હું નૌકામાં જતો હતો અને એ નાગકુમાર મને ઉપસર્ગો આપતો એ જ આ હાલીક છે. પૂર્વના આવા ભાવોને કારણે જ એ નાઠો એ જ સત્ય છે. ભગવાને પ્રશ્ન વ્યાકરણમાં કહ્યું છે કે આ જગતનું કોઈ સાર તત્ત્વ હોય તો તે સત્ય છે. દરેક વ્યક્તિએ સત્યનું અન્વેષણ કરવું જોઈએ.

મહાવીર કથામાં શ્રી કુમારપાળ ભાઈએ આપણને ભગવાનની વિહારયાત્રામાં જોડ્યા. કથાનું શ્રવણ કરતાં જાણે આપણે એ વિહારયાત્રામાં હોઈએ અને હાલીકને ભાગતો જોતા હોઈએ તેવી અનુભૂતિ થાય છે. ભગવાન મહાવીરે આ પ્રશ્નનું જૈન દર્શનના કર્મ વિજ્ઞાનના સંદર્ભે સમાધાન કર્યું તેની પ્રતીતિ થાય છે.

જૈન ધર્મ એ માત્ર 'આર્ટ ઓફ લીવીંગ' નથી. 'આર્ટ ઓફ ડાઈંગ' પણ છે. મહાવીર કથામાં

'મહાવીર કથા' ડી.વી.ડી.

બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી આ કથા, તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈ ગઈ છે.

આ બે ડી.વી.ડી.ના સેટની કિંમત રૂા. ૨૫૦/- છે.

મર્યાદીત સંખ્યામાં આ કેસેટ તૈયાર કરેલી હોય આપનો ઑર્ડર આ જે જ ફોન ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર જણાવો. આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. અમે પહોંચાડીશું.

કુટુંબીજનો અને મિત્રોને આ ડી.વી.ડી. ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે. વસ્તુની પ્રભાવના ક્ષણજીવી છે, વિચારની પ્રભાવના ચિરંજીવ છે. **દશ સેટ ખરીદનારને એક સેટ વિના મૂલ્યે પ્રભાવના સ્વરૂપે આપવામાં આવશે.**

પ્રત્યેક જૈનના ઘરમાં આ ડી.વી.ડી. હોવી જ જોઈએ.

જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે.

સમ્યક્ જ્ઞાન સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય છે.

પ્રત્યેક જૈન છાત્રાલયોએ આ ડી.વી.ડી. દ્વારા પોતાના યુવા વિદ્યાર્થીઓને આ મહાવીર ચિંતન દર્શાવવું જોઈએ.

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી મહાવીરને જાણો, માનો અને પામો.

પ્રમુખ, શ્રી મું. જૈન યુવક સંઘ

સંલ્લેખના સંદર્ભે જૈન દર્શનમાં મૃત્યુ-ચિંતનનું નિરૂપણ થયું છે.

આ બે ડી.વી.ડી.નું દર્શન-શ્રવણ કરવાથી બે દિવસની આ મહાવીર કથા મહાવીર પ્રસંગો અને ચિંતનને તાદૃશ્ય કરે છે અને એ ભગવાન મહાવીરના જીવનના વણસ્પર્શ્યા પાસાઓનું દર્શન કરાવે છે.

મહાવીર કથામાં સ્ટેજની સજાવટ, માઈક અને લાઈટની ઉત્તમ વ્યવસ્થા, વિશાળ ઑડિટોરિયમ, શ્રોતાઓને સંમોહિત કરે તેવું મંત્રમુગ્ધ વક્તવ્ય, સુરમ્ય ગીત-સંગીતની સુરાવલી, હાવભાવ, શૈલી, આરોહ-અવરોહ અને જાણે આદર્શ વક્તાનું ઉપનિષદ અપનાવ્યું હોય તેવા વક્તા દ્વારા મહાવીર કથાની ભવ્યતા આ ડી.વી.ડી.માં દૃશ્યમાન થાય છે.

કથાઓમાં સપાટી પરની વાતો કહી મનોરંજન કરતાં વક્તાઓ વર્તમાન સમયના પ્રવાહમાં કદાચ લોકપ્રિય બની શકે પરંતુ કાળની કસોટી સામે વિચાર તત્ત્વનું ઊંડાણ અને મૌલિકતા જ ટકી શકે. વૈચારિક સમૃદ્ધિ અને મૌલિક તત્ત્વચિંતન એ આ મહાવીર કથાની દિવ્યતા છે. વાણીની દિવ્યતા જ સ્વપર કલ્યાણકારક બની શકે. આ કથા દૃશ્ય-શ્રવણમાં દિવ્યતા અને ભવ્યતાનો સમન્વય છે.

મહાવીર કથાની વાત કરતા વિદ્વાન આયોજક ધનવંતભાઈ શાહે કહ્યું કે 'આ કથા હૃદય મંજન, હૃદય અંજન અને હૃદય રંજન છે અને આવી સરસ ચિંતન કથા જ આપણને બોધિબીજની યાત્રા કરાવે.' મહાવીર કથાએ આ વાતને ચરિતાર્થ કરતી સાત્ત્વિક ચિંતનની આબોહવાનું સર્જન કર્યું છે.

પરંપરાગત કથાકારોને બેસવાની જગ્યાને વ્યાસપીઠ કહેવાય છે. પરંતુ શ્રી ધનવંતભાઈએ આ સ્થાન માટે 'જ્ઞાનપીઠ' શબ્દનો પ્રયોગ કર્યો. મહાવીર કથાએ જ્ઞાનપિપાસુ માટે જ્ઞાન સંપ્રાપ્તિનો આનંદ પ્રદાન કરી 'જ્ઞાનપીઠ' શબ્દને ચરિતાર્થ કર્યો છે. જ્ઞાનપીઠ પર મૂકાયેલો ચળકતો તાંબાનો લોટો પણ પ્રતિકાત્મક લાગે છે. અહીં મહાવીર વાણીનું અમૃત ભરેલું પડ્યું છે. આમાંથી જેટલું અમૃત ઝીલી શકાય એટલું ઝીલવાનું છે.

આવી સુંદર મહાવીર કથાનું આયોજન કરવા બદલ ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. ધનવંતભાઈ શાહ, **મુંબઈ જૈન યુવક સંઘના સંચાલકો** અને સર્વે ટીમ અભિનંદનની અધિકારી છે.

મહાવીર સ્વામીના સુવર્ણાક્ષરી કથન અને દિવ્ય જીવન દર્શનના ગુણ ગાતી, બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી, તત્ત્વ અને સંગીતથી વિભુષિત આ વિશિષ્ટ મહાવીર કથાની બે ડી.વી.ડી. મુંબઈ જૈન યુવક સંઘે તૈયાર કરી છે. આ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા ડી.વી.ડી. તૈયાર કરવામાં આવી છે. **આ ડી.વી.ડી. દરેકે જોવા અને વસાવવા જેવી છે. પ્રત્યેક જૈન છાત્રાલયો, જૈન મંડળોમાં યુવક-યુવતીઓને બતાવવા જેવી છે.** આવા આયોજનો અનેકોને ધર્માભિમુખ કરવામાં નિમિત્ત બની શકે તેમ છે. ✷✷✷

૬૦૧, સ્મિત, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ.) M. : 9820215542

સામાન્ય લેખન–અશુદ્ધિઓ (૨)

❑ શાંતિલાલ ગટિયા

એપ્રિલ '૧૦ના અંકમાં ઉપરોક્ત શીર્ષકથી પ્રગટ થયેલ લેખના પ્રોત્સાહક પ્રતિભાવ આવ્યા છે. કેટલાક વાચકમિત્રોએ પ્રેમપૂર્વક સૂચન કર્યું છે કે હજુ વધુ સ્પષ્ટીકરણ થાય અને અન્ય મુદ્દા આવરી લેવામાં આવે, તેથી લેખનો બીજો (અને અંતિમ) હપ્તો અત્રે પ્રસ્તુત છે. લેખના અંતે ભૂલો નિવારવા અંગે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કર્યો છે. રોગનાં લક્ષણો–કારણો જાણ્યા પછી એનો ઉપચાર પણ કરવો જોઈએ ને!

(૧) **નિરનુસ્વાર 'મા'ના બીજા અર્થ:** સૌરાષ્ટ્ર-કચ્છ તરફની લોકભાષામાં ક્રિયાનો નકાર સૂચવવા 'મા' પ્રયોજાય છે. જેમ કે, (૧) બેટા, કાગળ ફાડ મા. અર્થાત્ 'બેટા કાગળ ફાડીશ નહિ.' (૨) છોકરાઓ ઘોંઘાટ કરો મા. અર્થાત્ છોકરાઓ, ઘોંઘાટ કરશો નહિ. આજ્ઞાર્થ વાક્યોમાં આ રીતે 'મા' વપરાય છે. શબ્દલીલા કેવું રમણીય રૂપ ધારણ કરે છે, એનું ભવ્ય ઉદાહરણ જુઓ:

મા, રો મા.

કેટલું નાનું વાક્ય! ફક્ત એકાક્ષરી ત્રણ શબ્દો. તેમાં અર્થનો ઘૂઘવતો સાગર વહે છે: મા, તું રડીશ નહિ.

કમવાચક સંજ્ઞા તરીકે 'મા': મેં પાંચમા વિદ્યાર્થીને એ જ સવાલ પૂછ્યો. ચૌદમા અધિવેશનના પ્રમુખ દવેસાહેબ હતા. બંને વાક્યોમાં 'મા' નિરનુસ્વાર છે. પ્રાયઃ લોકો અનુસ્વાર કરે છે.

(૨) **ક્રિયાપદનો અંત્યાક્ષર 'વો' નહિ, 'ઓ' કરો.**

અહીં બેસીને ચિત્રો જુવો. તમે કપડાં ધુવો છો?

ઉપરનાં વાક્યોમાં 'જુવો' અને 'ધુવો' અશુદ્ધ પ્રયોગ છે. સાચું છે-જુઓ, ધુઓ. તેવી જ રીતે ક્રિયાપદમાં 'વે' નહિ, 'એ' કરવું જોઈએ.

રમેશ ચા પીવે છે. (સાચું-પીએ)

ચંદુ શાંતિથી સૂવે છે, (સાચું-સૂએ)

'ખોવું', 'રોવું' ધાતુનાં રૂપોમાં થતા ફેરફાર જુઓ:

ખોવું–ખુઓ છો

ખુએ છે

રોવું–રુઓ છો

રુએ છે

ધાતુનાં પ્રેરક રૂપોમાં 'વો' અને 'વે' કરવું. જેમ કે,

(૧) તમે એની પાસે વધુ કપડાં ન ધોવડાવો.

એ રોજ રામુ પાસે કાચનાં બારી બારણાં ધોવડાવે છે.

(૨) તમે જોશ જોવડાવો ત્યાં સુધી હું બે રોટલી કરી લઉં.

વિદેશ જવાની ઘેલછામાં એ અવારનવાર જોશ જોવડાવે છે.

(૩) **બ્હેન, વ્હાલું, મ્હોરું વગેરે જોડાક્ષરી શબ્દોઅશુદ્ધ છે.** વાસ્તવમાં પહેલો વ્યંજન અકારાન્ત (સ્વરયુક્ત) હોવો જોઈએ. એટલે શુદ્ધ શબ્દો આમ બનશેઃ બહેન, વહાલું, મહોરું.

અમુક શબ્દોમાં 'હ'ની હાજરી બિનજરૂરી હોય છે, ત્યાં તેને પ્રેમથી 'આવજો' કહી દેવું જોઈએ.

મ્હારું, ત્હારું, ન્હાનું (અશુદ્ધ)

મારું, તારું, નાનું (શુદ્ધ).

(૪) **ક્રિયાપદમાં 'ય' અને 'ઈ'ની કરામત જાણવી રસપ્રદ થઈ પડશે.**

(ક) સમય બદલાય તેમ વ્યક્તિએ પરિવર્તન અપનાવવું રહ્યું.

(ખ) સમય બદલાઈ ગયો છે, ભાઈ મારા.

ઉપર (ક)માં 'બદલાય' મુખ્ય ક્રિયાપદ છે.

(ખ)માં પૂરક ક્રિયાપદ 'ગયો' ઉમેરાયું હોવાથી 'બદલાઈ' કરવું પડે છે.

કર્મણિ પ્રયોગમાં કાળ અનુસારે ઈ–ય નો ભેદઃ

(ક) એમના વડે હંમેશાં વિદેશી વસ્તુઓ વપરાય છે. (વર્તમાનકાળ)

(ખ) ગયા વર્ષે એમના વડે કેટલી વિદેશી વસ્તુઓ વપરાઈ? (ભૂતકાળ)

ઉપર (ક)માં 'વપરાય', જ્યારે (ખ)માં 'વપરાઈ' ક્રિયાપદ છે. જો કે પુલિંગ-નપુસંકલિંગ સંજ્ઞા હોય તો (ખ) લાગુ પડતું નથી, જેમ કે એમના વડે વિદેશી માલ વપરાયો. (પુ.)

એમના વડે વિદેશી વિમાન વપરાયું. (નપુ.)

(૫) **પૂર્વ લેખમાં સંધિની વાત કરી હતી. તેમાં વધુ ઊંડે ડૂબકી મારીએ.**

(મોતી મળે તો ઠીક!) પુનરોક્તિ, અત્યાધિક, રવિન્દ્ર, લોકેષણા, નિરોગ, સિંધોર્મિ–આ તમામ સંધિશબ્દો ખોટા છે. સાચા આમ બનશેઃ

પુનઃ + ઉક્તિ = પુનર્ + ઉક્તિ = પુનરુક્તિ

અતિ +અધિક=અત્+ ઈ + અધિક =અત્+ ય્+ અધિક = અત્યધિક (ઈ)નો ય્ થાય છે.

રવિ+ઈન્દ્ર =રવીન્દ્ર (ઈ+ઈ=ઈ)

લોક+એષણા=લોકૈષણા (અ+એ=ઐ)

નિઃ+રોગ=નિર્+રોગ=નીરોગ (નિયમ છે કે વિસર્ગનો ર્ થયા પછી બાજુનો શબ્દ ર્ થી શરૂ થતો હોય તો પહેલો ર્ દૂર થાય છે અને તેનો પૂર્વ હ્રસ્વ સ્વર દીર્ઘ થઈ જાય છે.)

સિંધુ+ઊર્મિ=સિંધૂર્મિ (ઉ+ઊ=ઊ)

તમે કહેશો, સંધિની કડાકૂટમાં કોણ પડે? એ તો વ્યાકરણના અભ્યાસીનું કામ. મિત્રો, સંધિની જાણકારી શબ્દનો અર્થ સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય છે. પરિણામે શબ્દનું માધુર્ય માણી શકાય છે. છાંદોગ્ય ઉપનિષદનું સારરૂપ વાક્ય છેઃ તત્ત્વમસિ પહેલી નજરે આ એક જ શબ્દ લાગે છે, પણ તે ૩ પદોની સંધિથી બનેલું વાક્ય છેઃ તત્+ત્વમ્+અસિ, અર્થાત્ 'તે (બ્રહ્મ) તું જ છે.' આવો સુંદર અર્થ સ્ફુટ થતાં આપણને કેટલો આનંદ થાય છે!

(૬) **હલન્ત ચિહ્નનો મુદ્દો આગળ લંબાવીએ.** નેવું ટકાથી પણ વધારે લોકો વરદ્, માનદ્ આવી ખોટી જોડણી કરે છે. સાચી જોડણી છે–વરદ, માનદ. સમાસને અંતે આવતા 'દ'નો અર્થ છે 'આપનારું.'

વરદ=વરદાન આપનારું, માનદ=સન્માન આપનારું. બીજો અર્થ છે 'નિર્વેતન' (ઓનરરિ), ધનદ=ધન આપનારું, અન્નદ=અન્ન આપનારું. અનલદ=અનલ (અગ્નિ) આપનારું, સુખદ=સુખ આપનારું.

અમારા વિસ્તારમાં એક બંગલાનું નામ 'વરદ' (સાચી જોડણી) જ્યારે જ્યારે જોઉં છું, ત્યારે ત્યારે હું હરખાઉં છું. નત્ મસ્તકે, આપનો અનિલ. આપને શત્ શત્ પ્રણામ. અહીં ત્રણે ત્ અશુદ્ધ છે, એટલે કે 'ત' આખો જોઈએ–હલન્ત ચિહ્ન વગરનો.

અંતે ત્ હોય તેવા તત્સમ શબ્દો સ્વતંત્ર રીતે આવે ત્યારે યથાવત્ રહે છે, પણ એમના પછી 'જ' આવે તો હલન્ત ચિહ્ન દૂર કરવું. દા. ત. – (ક) હું કવચિત્ મયૂરને ઘેર જઉં છું. હું કવચિત જ મયૂરને ઘેર જઉં છું. (ખ) મનુએ પૂછ્યું, 'શું આમ બનશે એવું તને લાગે છે?'

કનુએ કહ્યું, 'અર્થાત જ.' (નિઃસંદેહ આમ બનશે.)

(૭) રુ/રૂ થી બનતા યુક્તાક્ષર અને ક્ર થી બનતા યુક્તાક્ષર વચ્ચેનો ભેદ સમજી લેવો જરૂરી છે.

ક્+ર=ક્ર (ઉદા. કૃપા)

ક્+રુ=ક્રુ (ઉદા. ક્રુધિત અથવા ક્રુદ્ધ)

ક્+રૂ=ક્રૂ (ઉદા. ક્રૂર)

ઉપરોક્ત ભેદ ધ્યાનમાં નહિ રાખવાથી આપણે કેટલીક ભૂલો કરીએ છીએઃ-

શ્રુંગાર (અશુદ્ધ) – શૃંગાર (શુદ્ધ)

શ્રુંખલા–શ્રૃંખલા (બંને અશુદ્ધ) –શૃંખલા (શુદ્ધ)

ભૃણ (અશુદ્ધ) – ભ્રૂણ (શુદ્ધ)

(૮) **અશુદ્ધ ઉચ્ચાર કરવાથી અશુદ્ધ લખીએ છીએ.** દ્રષ્ટિ (અશુદ્ધ), દૃષ્ટિ (શુદ્ધ) વાસ્તવમાં 'દૃષ્ટિ' શબ્દમાં ૠ રહેલો છે, પરંતુ ઉચ્ચારમાં તેનો લોપ કરી દઈએ છીએ (ખરેખર ન કરવો જોઈએ) અને તેથી દૃ ને બદલે દ્ર બોલીએ છીએ. પછી લખીએ પણ એવું જ ને ?

(૯) **જોડાક્ષરોમાં આજુબાજુના અક્ષરના સ્થાન ઊલટસૂલટ થઈ જતાં અશુદ્ધ જોડણી થાય છે.**

જાન્હવી (અશુદ્ધ) – જાહ્નવી (શુદ્ધ)

અગત્સ્ય (અશુદ્ધ) – અગસ્ત્ય (શુદ્ધ)

જિવ્હા (અશુદ્ધ) – જિહ્વા (શુદ્ધ)

ક્યારેક એક અક્ષર બેવડાવવાને બદલે બીજો બેવડાવીએ છીએ:–

ઉદ્દાત (અશુદ્ધ) – ઉદાત્ત (શુદ્ધ)

એક અક્ષર પરનો અનુસ્વાર બીજા પર લગાવી દઈએ છીએ. એકની ટોપી બીજાના માથે !

અત્યંજ (અશુદ્ધ) – અંત્યજ (શુદ્ધ)

કંદબ (અશુદ્ધ) –કદંબ (શુદ્ધ)

(૧૦) ક્રિયાપદને 'તા' લાગે તો અનુસ્વાર ક્યારે કરવો અને ક્યારે નહિ, તેની મૂંઝવણ અનેક મિત્રોને થાય છે. ચાલો, આજે જ એનો ફેંસલો.

આવું ક્રિયારૂપ નામના વિશેષણ તરીકે આવે તો અનુસ્વાર ન કરવો. ક્રિયાના અર્થમાં વધારો કરતું હોય તો અનુસ્વાર કરવો. ઉદા. બોલતા સભ્યોને શાંત કરો.

આટલું બોલતાં મીનાને હાંફ ચડી.

પહેલા વાક્યમાં 'બોલતા' નિરનુસ્વાર છે, કારણ કે એ 'સભ્યો'નું વિશેષણ છે. કેવા સભ્યો ? બોલતા સભ્યો.

બીજા વાક્યમાં 'બોલતાં' એટલે કે સાનુસ્વાર છે, કારણ કે મીનાને કયારે હાંફ ચડી, એ અર્થમાં (ક્રિયાના અર્થમાં) વધારો કરે છે.

હસતા ચહેરા બધાને આકર્ષે...(વિશેષણ)

એણે મોટેથી હસતાં મારી સાથે હાથ મિલાવ્યા...(ક્રિયાના અર્થમાં વૃદ્ધિ)

અપવાદ : નપું. સંજ્ઞા–બહુવચનમાં આવું ક્રિયારૂપ વિશેષણ તરીકે આવવા છતાં 'તા' ઉપર અનુસ્વાર આવે.

(જુઓ પૂર્વ લેખ-મુદ્દો ૫)

ઉદાહરણ–તૂટતાં ગામડાં દેશનો મોટો પ્રશ્ન છે.

(૧૧) **સંસ્કૃત–અંગ્રેજી અવતરણો ટાંકતાં ક્યારેક ભૂલો થાય છે,** માતૃદેવો / પિતૃદેવો / આચાર્યદેવો / અતિથિદવો / ભવ: અહીં વિસર્ગવાળું ભવ: અશુદ્ધ છે, ભવ જોઈએ. (મૂળ ધાતુ भू) અમારા શહેરમાં એક ટુરિસ્ટ બસના માલિકે પોતાના આકર્ષક વાહન પર શબ્દો ચિતરાવ્યા છે: यात्रीदेवो भव: અહીં પણ भव: નહિ, भव જોઈએ. (ક્યારેક બસના માલિકને કહેવાની ઈચ્છા થાય છે કે ભાઈ, તમારા માટે યાત્રી દેવ છે અને યાત્રી માટે તમારો ડ્રાઈવર.) વળી લિપિ બાબત પણ કાળજી રાખવી જોઈએ. ભાષા સંસ્કૃત અને લિપિ ગુજરાતી, એ કજોડું કહેવાય. લિપિ દેવનાગરી રાખીએ તો દેવભાષા સંસ્કૃતને પૂરો ન્યાય આપ્યો કહેવાય. श्रीकृष्ण: शरणम् मम् તેમાં मम् નહિ, मम જોઈએ. અર્થ છે 'મારું'.

तस्मै श्रीगुरवे नम: આને લગતી એક રમુજ યાદ આવે છે. એક ભાઈએ ગુરવે એમ સાચી જોડણી કરી હતી. મિત્રે ટકોર કરી કે તમે ભૂલથી રુ ને બદલે ર કર્યો છે. પેલા ભાઈએ ઠાવકાઈથી કહ્યું કે સંસ્કૃતમાં ગુરુની ચોથી વિભક્તિ એકવચન ગુરવે થાય છે.

X વાળા અંગ્રેજી શબ્દોને ગુજરાતીમાં લખતી વખતે થતી ભૂલો:

અશુદ્ધ	**શુદ્ધ**	**અશુદ્ધ**	**શુદ્ધ**
ઝેરોક્ષ	ઝેરોક્સ	એક્ષટેન્શન	એક્સટેન્શન
કૉમ્પ્લેક્ષ	કૉમ્પ્લેક્સ	પ્રોક્ષિ	પ્રોક્સિ

એટલે કે ષ નહિ, પણ સ કરવો જોઈએ, કારણ કે અંગ્રેજી x = ક્ + સ, નહિ કે ક્ + ષ

એક અખબારમાં જાહેર ખબર: હાઈવે રોડ ટચ હૉટેલ વેચવાની છે. અહીં 'રોડ' શબ્દને લીધે પુનરુક્તિનો દોષ થાય છે; કારણ કે આગળના શબ્દમાં એ અર્થ આવી જ જાય છે. હાઈવે એટલે ધોરી માર્ગ. એક ગુજરાતી પુસ્તકના પ્રારંભમાં સંસ્કૃતમાં વાક્ય છે: गुरुकृपा ही केवलम् અહીં ही નહિ, हि જોઈએ, જેનો અર્થ છે, નિ:સંદેહ, નિશ્ચિતપણે, સાચે જ.

માર્ગદર્શન

ચાર મુદ્દા સૂચન રૂપે મહત્ત્વના છે:

(૧) **શબ્દકોશનો ઉપયોગ**–લખતી વખતે આપણી પેન નિરંકુશ દોડવા લાગે છે. પછી અકસ્માત થાય જ ને ? શબ્દની જોડણી સાચી કરી છે કે નહિ, એ જાતે જ ચકાસવા શબ્દકોશની મદદ લેવી જોઈએ. કેટલાક મોટા શબ્દોમાં બે થી વધારે હ્રસ્વ–દીર્ઘ હોય છે. જેમ કે, જિજ્ઞિવિષા, બિભીષિકા, વગેરે. ઉપરાંત 'સેવાશુશ્રૂષા' જેવા સામાસિક શબ્દોમાં શ-ષ–સ નું મિશ્રણ હોય છે. આવા જટિલ શબ્દોની જોડણી લખતી વખતે ચોકસાઈ ખાતર લગભગ બધાએ જોડણીકોશની મદદ લેવી પડે છે. કહેવાય છે કે ટીવીએ આખું વિશ્વ આપણા દિવાનખાનામાં લાવી દીધું છે, પણ મિત્રો, કબાટમાં મૂકેલો

શબ્દકોશ તો આખી શબ્દસૃષ્ટિ આપણા ઘરમાં લાવી દે છે. પ્રત્યેક ઘરમાં શબ્દકોશ હોવો જ જોઈએ, ઈષ્ટ દેવદેવીનું પ્રતીક હોય છે તેમ.

(૨) **વાંચતી વખતે શબ્દની જોડણીની ખાતરી કરવી.**

એક બોધવચન પ્રચલિત છે કે સામી વ્યક્તિના ગુણ જોવા, દોષ નહિ. પણ વ્યક્તિ ક્ષતિયુક્ત શબ્દપ્રયોગ કરે ત્યારે આ સૂત્ર નિષ્ક્રિય બની જાય છે. આપણે વ્યક્તિને એની ભૂલ તરફ સભાન કરવી જ જોઈએ. આનાથી ઉભય પક્ષે લાભ થશે.

(૩) **શબ્દની વ્યુત્પત્તિમાં રસ લેવો.**

શબ્દ ક્યાંથી, કઈ ભાષામાંથી ઊતરી આવ્યો છે, એની મૂળ ઉત્પત્તિ ક્યાં છે, એવી જિજ્ઞાસા આપણને થવી જ જોઈએ, જેથી કેટલાય શબ્દોની અશુદ્ધ જોડણી દૂર થશે. દા. ત. હિમાલયમાં એક તીર્થસ્થાન છે હૃષીકેશ. પ્રાયઃ આ શબ્દની જોડણી 'ઋષિકેશ' કરવામાં આવે છે. અહીં કોઈ ઋષિ કે એના કેશ (વાળ)નો સંદર્ભ છે જ નહિ. આ શબ્દની વ્યુત્પત્તિ તપાસીશું તો ખ્યાલ આવશે કે એમાં બે સંસ્કૃત શબ્દો છે– હૃષીક અને ઈશ. પહેલાનો અર્થ છે ઈન્દ્રિય અને બીજાનો અર્થ છે માલિક, સ્વામી. એટલે કે, જે ઈન્દ્રિયોનો સ્વામી છે તે શ્રીકૃષ્ણ, વિષ્ણુ ભગવાન માટે પણ આ શબ્દ વપરાય છે.

(૪) **જ્યારે અને જ્યાં પણ લખવાનો અવસર મળે, એને ઝડપી લો.**

લખવા માટે લેખક બનવાની જરૂર નથી. લખે તે લેખક. પત્રો લખો, રોજનીશી લખો, અખબાર યા સામયિકના તંત્રીને પત્રો લખી તમારા વિચારો અભિવ્યક્ત કરતા રહો. કંઈ નહિ તો ઘરના જ સ્વજનને પત્ર લખો. લખશો જ નહિ, તો સાચા-ખોટાની જાણ ક્યાંથી થશે? અને એના વગર ભૂલો સુધરશે ક્યાંથી? ચાલો, હાથમાં ટેલિફોનનું રિસીવર કે મોબાઈલનું ચોખૂણિયું નહિ, પેન પકડો. કોરો કાગળ તમારા હાથના અક્ષરો પામવા આતુર છે. એને નારાજ ન કરશો.✷ ✷ ✷

એ–૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬. ફોન નં. 0265-2481680

સહસાવન જઈ વસિએ...

❑ ડૉ. કવિન શાહ

વીતરાગ દેવની દ્રવ્ય પૂજા પછી ભાવપૂજાનું શાસ્ત્રીય વિધાન છે. ભાવપૂજા એટલે ચૈત્યવંદન અને સ્તવનના સહયોગથી પ્રભુનાં ગુણગાન ગાવાની ભાવવાહી ભક્તિનો એક પ્રકાર.

પૂર્વાચાર્યોએ ૨૪ તીર્થંકરોનાં ગુણાનુવાદ યુક્ત રસિક સ્તવનોની રચના કરી. ભક્તિ માર્ગની સાથે આવશ્યક ક્રિયામાં સ્તવનનો મહિમા અપરંપાર છે. સ્તવનના આવા મહિમાને આત્મસાત્ કરવા માટે તેના અર્થનું જ્ઞાન ખૂબ જ ઉપયોગી છે. સ્તવનનું પોપટિયું રટણ એ ભક્તિનો પ્રકાર તો છે પણ તેમાં 'ભાવ' લાવવા માટે અર્થજ્ઞાન જેવું બીજું કોઈ સાધન નથી.

કવિ પંડિત વિરવિજયજીએ ગિરનારના સ્તવનની રચના કરી છે તેમાં રૂપકાત્મક અભિવ્યક્તિનો પ્રયોગ થયો છે. આ સ્તવનમાં શબ્દાર્થ નહિ પણ ગૂઢાર્થ મહત્ત્વનો છે. આ સ્તવન અર્થ સહિત રસાસ્વાદ અને ભક્તિ માટે પ્રગટ કરવામાં આવ્યું છે.

સહસાવન જઈ વસિએ, ચાલો ને સખી સહસાવન જઈ વસિએ.
ઘરનો ધંધો કબુચ નપૂરો, જો કરીએ અહો નિશિએ;
પીયરમાં સુખ ઘડીએ ન દીધું, ભય કારણ ચઉ દિશિએ
ચાલોને. ।। ૧ ।।

પશુઓનો પોકાર સાંભળીને નેમકુમાર લગ્નના માંડવેથી રથ પાછો ફેરવીને ગઢ ગિરનાર જઈ સંયમ સ્વીકારે છે ત્યારે રાજુલ પણ નેમકુમારના પગલે જવાનો નિર્ણય કરે છે તે સંદર્ભથી સ્તવનનો પ્રારંભ થયો છે. રાજુલ સખીઓને કહે છે કે સહસાવનમાં જઈને વસીએ. સહસ્ર આમ્ર વૃક્ષોનું વન એટલે સહસાવન શબ્દ પ્રયોગ થયો છે. નેમનાથ ભગવાનને આ વૃક્ષની છાયામાં દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક થયાં હતાં એટલે આવા પવિત્ર સ્થળે જઈએ તો મુક્તિ પ્રાપ્ત થાય. હે સખી? ઘરનો ધંધો તો પૂરો થવાનો જ નથી. રાત દિવસ ગમે તેટલું કામ કરીએ તોય કામ ખૂટે તેમ નથી...પિયરમાં તો લેશમાત્ર સુખ નથી. ચારે દિશામાં ભયનું સામ્રાજ્ય પ્રવર્તે છે. ।। ૧ ।।

નાક વિહુણા સયલ કટુંબી, લજ્જા કિમવિન કરીએ.
ભેળા જમીએ નજર ન હારો રહેલું ઘોર તમસીએ.
ચાલોને. ।। ૨।।

સુમતિ નામની સ્ત્રી તેની સખી સમતાને ઉદ્દેશીને કહે છે. આ સંસાર વિશેના સંદર્ભથી કવિ જણાવે છે કે કુટુંબના બધા સભ્યો નાક વિનાના છે. એક બીજાની કોઈ શરમ-મર્યાદા રાખતા નથી. સાથે જમીએ ને ઝઘડી એ તો નરક જેવું લાગે છે. અહીં વસવાથી કોઈ લાભ નથી. ।। ૨ ।।

પિયર પાછળ છલ કરી મેલ્યું, સાસરીએ સુખ વસીએ.
સાસુડી તે ઘર ઘર ભટકે, લોકન ચટકે ડસીએ.
ચાલોને. ।। ૩।।

પિયરીયાને છોડીને ચેતન રાજ સાથે લગન કરી સાસરીએ જઈએ, પણ ત્યાં ઘણી મુશ્કેલી છે.

કહેતાં સાસુ આવે હાંસુ, ભુંશીએ મુખ લેઈ મશીએ.

કત અમારો બાબો ભોળો, જાણે ન અસી મસી કસીએ।।૪।।

મારી કુમતિ નામની સાસુ દુષ્ટ સ્વભાવની છે. તેને સાસુ તરીકે ઓળખાવવામાં શરમ આવે છે. તેનું મોઢુય જોવુંય ગમતું નથી. મશી (શાહી-ઈન્ક)નો કુચડો તેના મુખ ઉપર ફેરવી દઉં તેવી દાઝ ચઢે છે. કારણ કે મારા ચેતન રાજને ખૂબ ચઢવણી કરે છે. પતિ તો સાવ ભોળા શંકર જેવો છે. અસિ, મસિ અને કૃષિ વગેરે કોઈ પણ કામ કરવાનું જાણતો નથી. જાણે કે અકર્મ ભૂમિનો યુગલિક જેવો છે.

જૂઠા બોલી કલહણ શીલા ઘર ઘર ઘૂમી જવું ભસીએ.
એ દુઃખ દેખી હઈડું મૂંઝે, દુર્જનથી દૂર ખસીએ.
ચાલોને ।। ૫ ।।

સાસુ કજિયાખોર અને જુઠ્ઠા બોલી છે. ઘેર ઘેર કુતરાની માફક ભટકે છે. અને અમારા અવગુણ બોલતી (નિંદા) કરતી ફરે છે. આવું દુઃખ હૈયામાં સમાતું નથી. આવા દુર્જનથી તો દૂર રહેવું જ સારું છે.

'રૈવતગિરિનું ધ્યાન ન ધરીયું, કાળ ગયો હસ મસીએ,
શ્રી ગિરનારે ગણ્ય કલ્યાણક, નેમિ નયન ઉલ્લસીએ.
ચાલોને ।। ૬ ।।

રૈવતગિરિ (ગીરનાર તીર્થ)નું ધ્યાન ધર્યું નહિ તેનો કાળ હસવા-મજાકમાં વીતી ગયો છે. આ ગિરનાર તીર્થ પર નેમનાથ ભગવાનનાં દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એમ ત્રણ કલ્યાણક થયાં છે, એટલે આ પવિત્ર ભૂમિને નમન કરીને (વંદન) કરીને અતિ ઉલ્લાસ અનુભવીએ.

શિવ વરશે ચોવીશ જિનેશ્વર, અનાગત ચઉવીશીએ,
કૈલાસ ઉજ્જયંત રૈવત કહીએ, શરણ ગિરિને ફરસીએ.
ચાલોને ।। ૭ ।।

આવતી ચોવીશીમાં ૨૪ તીર્થંકરો આ ગિરનાર ઉપર મોક્ષે જવાના છે. આ તીર્થમાં અન્ય નામ કૈલાસ, ઉજ્જવંત, રૈવત ગિરિ છે માટે આ તીર્થનું શરણ સ્વીકારીને યાત્રા તીર્થ સ્પર્શના કરવા જેવી છે.

ગિરનાર નંદભદ્રએ નામે, આરે આરે છ ચોવીશીએ,
દેખી મહીતલ મહિમા મોટો, પ્રભુ ગુણ ધ્યાન વરસિએ.
ચાલોને ।। ૮ ।।

આવતી ચોવીશીમાં ગિરનાર તીર્થ નંદભદ્ર નામથી પ્રસિદ્ધ થશે. એમ છ આરામાં જુદા જુદા નામથી તીર્થનો મહિમા વધશે. આ પૃથ્વી પર ગિરનાર તીર્થનો મહિમા અપરંપાર છે. તેનું ધ્યાન ધરીને ગુણગાન ગાઈ ભક્તિથી વૃષ્ટિ કરીએ.

કવિ હંસવિજયજી કૃત શ્રી ગિરનાર તીર્થની પૂજામાં ગિરનારના છ નામનો ઉલ્લેખ થયો છે.

પહેલા આરામાં કૈલાસગિરિ–૨૬ યોજન પ્રમાણ
બીજા આરામાં ઉજ્જવંતગિરિ-૨૭ યોજન
ત્રીજા આરામાં રૈવંતગિરિ-૧૬ યોજન
ચોથા આરામાં સ્વર્ણ ચળ-૧૦ યોજન
પાંચમા આરામાં ગિરનાર–૨ યોજન
છઠ્ઠા આરામાં નંદભદ્રગિરિ–૧૦૭ ધનુષ્ય.
આ રીતે છ નામની માહિતી પ્રાપ્ત થાય છે.
અનુભવ રંગ વધે તેમ પૂજા કેશર ઘસી ઓરસીએ,
ભાવસ્તવ શુભ કેવલ પ્રગટે, શ્રી શુભવીર વિલસીએ.
ચાલોને. ।।૯।।

ભક્તિના રંગની અનેરી અનુભૂતિ વૃદ્ધિ પામે તેવી રીતે ગિરનાર તીર્થ ઉપર બિરાજમાન નેમનાથ ભગવાનની ઓરસીએ કેશર ઘસીને પૂજા કરીએ.

પ્રભુ પ્રત્યે શુભ ભાવના ભાવતાં કેવળજ્ઞાન પણ પ્રગટ થશે. (ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન). પંડિત વીરવિજયજી કહે છે કે આ રીતે પ્રભુ ભક્તિમાં તલ્લીન બનીને વિલાસ કરીએ.

સાચું સાસરું મોક્ષ છે અને તે ગિરનાર ઉપર જવાથી મળશે એમ રાજિમતીની ભાવના સ્તવનમાં પ્રગટ થઈ છે. પણ આ ભાવના–વિચાર સૌ કોઈએ વિચારવા જેવો છે. કવિએ ગિરનારનો મહિમા ગાવાની સાથે આજની ચોવીશીમાં નંદભદ્ર નામથી તીર્થ પ્રસિદ્ધ થશે એ વાત પણ સ્પષ્ટ જણાવી છે. પંડિત વીર વિજયજીની રચનાઓમાં ગૂઢાર્થ રહેલા છે અને તે સમજાય તો ભાવસ્તવ-ચૈત્યવંદનમાં સ્તવન બોલવાથી સાચો ભાવ અને પ્રભુની સ્તુતિ થાય તેમ છે. કવિ પદ્મ વિજયજીએ શાંતિનાથની થોયમાં જણાવ્યું છે કે-

જિનવરની વાણી મોહવલ્લભ કૃપાણી
સૂત્રે દેવાણી સાધુને યોગ્ય જાણી
અર્થે ગૂંથાણી દેવ મનુષ્ય પ્રાણી
પ્રણમો હિત આણી મોક્ષની એ નિશાની. ।।૩ ।।

ભગવંતની વાણી સાધુ ભગવંતોને સૂત્ર રૂપે પ્રદાન કરવામાં આવી છે. જ્યારે દેવ અને મનુષ્ય તેના અર્થ સમજીને મોક્ષ માર્ગની સાધનામાં પ્રગતિ કરી શકે છે એટલે જ્ઞાનમાર્ગની નાની મોટી રચનાઓનો અર્થ આત્મસાત્ થાય તો ભાવમાં અભિવૃદ્ધિ થયા વગર રહે નહિ. ગિરનારનું પ્રાચીન નામ 'ઉ જ્જિંતિ' એટલે ઉજ્જયંત છે તેનો ઉલ્લેખ જગ ચિંતામણિ સૂત્ર અને સિદ્ધાણં બુદ્ધાણંથી મળે છે. વિવિધ તીર્થ કલ્પમાં પણ આ તીર્થનો મહિમા દર્શાવવામાં આવ્યો છે. ગિરનાર ઉપર કરંજ નામની શિલા ઘોડાના આકારની છે. તેની મેખલા પર છત્રશિલા છે.

આ તીર્થની પવિત્રતા સુપ્રસિદ્ધ છે. આ તીર્થ જુદા જુદા નામથી પ્રસિદ્ધ છે. નેમનાથનું જિનાલય નિર્વાણ શિલા નામથી ઓળખાય છે.✷ ✷ ✷

C/103, જીવનજ્યોત એપાર્ટમેન્ટ, નરિમાન પોઈન્ટ,
બીલીમોરા-૩૯૭ ૩૨૧. ટેલિફોન : (૦૨૬૩૪) ૨૮૮૭૯૨

જયભિખ્ખુ જીવનધારા : ૧૯

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[સર્જકના જીવનમાં પરિસ્થિતિના જુદા જુદા વળાંકો એના સર્જનને પ્રભાવિત કરે છે. બાળકો માટે પ્રેરણાદાયી વાર્તાઓ લખનાર અને યુવાનો માટે સાહસકથાઓ સર્જનાર 'જયભિખ્ખુ'ના જીવનની આ ઘટનાઓ એમની માનસસૃષ્ટિમાં આવેલાં પરિવર્તનોની ઝાંખી કરાવે છે. જયભિખ્ખુની વિદ્યાર્થી અવસ્થામાં બનેલા પ્રસંગને જોઈએ આ ઓગણીસમાં પ્રકરણમાં.]

ડાકુનો ભેટો

આ જીવન એટલે જાણે નિરંતર રઝળપાટ. હજી એક ગામમાં મન માંડ ઠરીઠામ થાય, ગમતા દોસ્તોની મંડળી જામે, ગામની પ્રકૃતિ સાથે આત્મીયતા અને એકરૂપતા બંધાય, ત્યાં તો ગામમાંથી વસમી વિદાય લેવાનો વખત આવે! એક સૃષ્ટિ સર્જી હોય, તે રાતોરાત અદૃશ્ય થઈ જાય અને નવા જગતમાં પ્રવેશ કરવાનું બને!

સૌરાષ્ટ્રના વીંછિયા, બોટાદ અને સાયલામાં થઈને ઉત્તર ગુજરાતના વરસોડાની નિશાળમાં ભીખાલાલને ભણવાનું બન્યું. સાબરમતી નદીના કિનારે આવેલાં કોતરોથી ભરપૂર એવા આ ગામ સાથે નિશાળિયા ભીખાલાલ ('જયભિખ્ખુ'નું હુલામણું નામ)ના હૃદયના તાર આસપાસના વાતાવરણ અને પ્રકૃતિ સાથે હજી ગૂંથાતા હતા. ધીરે ધીરે દોસ્તોની મંડળી પણ જામી હતી. બાળપણની ધીંગામસ્તી પૂરજોશમાં ચાલતી હતી, ત્યાં ભીખાલાલને વરસોડા છોડવાનું આવ્યું. સાત ધોરણ સુધીનો અભ્યાસ વરસોડામાં કર્યા પછી અમદાવાદની ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લેવા માટે પ્રવેશ મેળવ્યો.

એ પછી ભીખાલાલ અને એમના પિતરાઈ મોટાભાઈ રતિલાલ દીપચંદ દેસાઈએ પારંપરિક ઉચ્ચશિક્ષણ લેવાને બદલે ધાર્મિક શિક્ષણ લેવાનો વિચાર કર્યો. કારભારી વીરચંદભાઈના નાનાભાઈ દીપચંદભાઈ અત્યંત ધાર્મિક વૃત્તિના હતા. કુટુંબમાં તેઓ 'દીપચંદ ભગત' તરીકે જાણીતા હતા. એમનાં પત્ની શિવકોરબહેનનું વિ. સં. ૧૯૭૭ને ચૈત્ર સુદ ૪ના દિવસે અવસાન થયું. પત્નીના નિધન બાદ એ સાંસારિક જીવનથી વિરક્ત બન્યા અને દીક્ષા અંગીકાર કરી. એમના પુત્ર રતિલાલ અને ભીખાલાલ એ બંને પિતરાઈ ભાઈઓ વચ્ચે અખૂટ સ્નેહ. સગા ભાઈઓ જેવો એમનો ગાઢ પ્રેમ. પરિણામે બંનેએ ધાર્મિક શિક્ષણ લેવાનો વિચાર કર્યો. પરિણામે મુંબઈમાં વિલેપાર્લેમાં આવેલી મુનિશ્રી વિજયધર્મસૂરિએ સ્થાપેલા શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળની સંસ્થામાં જૈન ધર્મનું શિક્ષણ લેવાનો વિચાર કર્યો. ભીખાલાલે એમાં પ્રવેશ મેળવ્યો, પણ રઝળપાટ કંઈ પીછો છોડે ખરી? વિલેપાર્લેની સંસ્થામાં સ્થાયી થયા, ન થયા ત્યાં તો આખી પાઠશાળાનું જ વિ. સં. ૧૯૭૮માં બનારસ ખાતે સ્થળાંતર કરવાનું બન્યું.

આ સમયે આચાર્ય વિજયધર્મસૂરિજીએ વિચાર્યું કે વિદ્યાના ક્ષેત્રમાં સંગીન કાર્ય કરવું હોય તો વિદ્યાના ધામ કાશી જવું જોઈએ. કાશીમાં ભિન્ન ભિન્ન દર્શનોના અનેક અધ્યાપકો મળે, જે અધ્યાપકો વિદ્યાર્થીઓને દર્શનશાસ્ત્રનો ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરાવી શકે. આવા પંડિતો પાસે અભ્યાસ કરવાની તક મળે, તો જ સમાજમાં તેજસ્વી વિદ્વાનોનું નિર્માણ થાય. વિદેશમાં જઈને ધર્મપ્રચાર કરે તેવા તેજસ્વી યુવાનો ઘડવાનો પણ એમનો હેતુ હતો. આથી એમણે ગુજરાતમાંથી બારસો-તેરસો માઈલનો વિહાર કરીને કાશી જવાનું નક્કી કર્યું. આસપાસના ગુજરાતી સમાજે તો હાથ જોડીને વિનંતી કરી, 'ગુરુદેવ, ગુજરાત છોડીને આટલે બધે દૂર જવાની શી જરૂર છે? વળી ત્યાં ક્યાં કોઈ આપણું પરિચિત છે, આથી આપ ગુજરાતમાં વિહાર કરો, તો આપના આત્માને આનંદ થશે.'

પણ આ. શ્રી વિજયધર્મસૂરિજીએ આ વિનંતીનો અસ્વીકાર કરીને કહ્યું, 'સાધુપુરુષોએ મુશ્કેલીથી ડરી જઈ અમુક સ્થળે ન જવું તે વિચાર યોગ્ય નથી. મને ચોક્કસ ખાતરી છે કે ત્યાં જવાથી દરેક પ્રકારના લાભ જ થવાના.'

એક મંગલ પ્રભાતે મુનિશ્રી વિજયધર્મસૂરિજીએ છ સાધુઓ અને દસ શિષ્યો સાથે ગુજરાત છોડ્યું અને તેઓ વિ સં. ૧૯૫૯ની અક્ષયતૃતીયાએ કાશી પહોંચ્યા. અહીં કોઈ પરિચિત નહોતું. વળી જૈનો પ્રત્યે અને તેમાંય જૈન સાધુઓ પ્રત્યે તો સનાતની પંડિતોમાં ભારે અણગમો અને સૂગ હતાં, આથી રહેવાનું સ્થળ મેળવતાં પારાવાર મુશ્કેલી પડી. માંડ માંડ એક પુરાણી ધર્મશાળા ઊતરવા માટે મળી. ચાંચડ-માંકડ જીવજંતુઓનો ત્યાં તોટો નહોતો. આવી વિપરીત પરિસ્થિતિ હોવા છતાં શ્રી વિજયધર્મસૂરિજીનો નિશ્ચય લેશમાત્ર ડગ્યો નહીં. બીજા જ દિવસે નમતા પહોરે પોતાના શિષ્યોને લઈને નગરના ચોકમાં ઊભા રહીને એમણે વ્યાખ્યાન આપ્યું. હિંદી ભાષા પર પ્રભુત્વ હોવાથી એમને સાંભળવા લોકો એકઠાં થતાં હતાં. એ પછી તો રોજ નમતા પહોરે કાશીના જુદા જુદા લત્તાઓમાં ઊભા રહીને વ્યાખ્યાનો આપવા લાગ્યા અને લોકસમૂહમાં એમના પ્રત્યે ભક્તિ જાગવા લાગી.

ધીરે ધીરે કાશીના વિદ્વાનોની મંડળીને પણ એમના વ્યાખ્યાનોમાં રસ જાગ્રત થયો. વ્યાખ્યાનોની આ ધારાની સાથોસાથ પાઠશાળા માટે એક સારું મકાન શોધવાનું કામ શરૂ થયું. થોડાક સમયમાં નંદસાહુ મહોલ્લામાં અંગ્રેજી કોઠીના નામે ઓળખાતી આખી ઈમારત મુંબઈના બે ભક્તોએ ખરીદી લીધી અને એ મકાનને શ્રી

યશોવિજય જૈન પાઠશાળા નામ આપીને વિદ્યાયજ્ઞનો પ્રારંભ કર્યો.

પ્રારંભમાં દસ વિદ્યાર્થીઓની સંખ્યા હતી, તે ધીરે ધીરે સાઠ પર પહોંચી. મુંબઈના વિલેપાર્લેની સંસ્થાએ સ્થળાંતર કર્યું અને બનારસમાં આવ્યા. ત્યાંથી આગ્રા અને ત્યાંથી ગ્વાલિયર રાજ્યના શિવપુરીમાં સંસ્થા સ્થિર થઈ. વિ. સં. ૧૯૮૦-૮૧ના સમયમાં શિવપુરીમાં પૂ. આચાર્યજી વિજયધર્મસૂરિજી મહારાજના સમાધિ મંદિર નજીકના મકાનમાં સંસ્થા સ્થિર થઈ. વરસોડા અને અમદાવાદ પછી ભીખાલાલે શિવપુરીના પ્રાકૃતિક વાતાવરણમાં અભ્યાસ કરવાનો પ્રારંભ કર્યો. એ સમયે સૌરાષ્ટ્રના સાયલા ગામના વતનીઓ ગર્વભેર કહેતા કે ગામના બે વિદ્યાર્થીઓ રતિલાલ અને ભીખાલાલ પંડિત થવા માટે છેક કાશી અભ્યાસ કરવા ગયા છે.

શિવપુરીમાં અભ્યાસ કરતા ભીખાલાલને વતનની યાદ ખૂબ સતાવતી હતી. એ વિચારતા કે હું કેટલે બધે દૂર ફેંકાઈ ગયો! ન ગુજરાત, ન કચ્છ, ન કાઠિયાવાડ અને છેક ગ્વાલિયર – આગ્રા સુધી ઢસડાઈ ગયો. અહીં માતૃભાષા ગુજરાતી સાંભળવા મળે નહીં એટલે એમનું મન અંદરોઅંદર કોચવાતું હતું. અહીંના લોકોના વેશ પણ જુદા અને સંસ્કાર પણ જુદા. ગ્વાલિયરના ભયંકર જંગલોથી વીંટળાયેલા શિવપુરી નામના ગામના નાનકડા ગુરુકુળમાં એમણે અભ્યાસનો પ્રારંભ કર્યો. અહીં નિયમિત સ્વાધ્યાય, ચિંતન અને મનન કરતા હતા.

વિદ્યાના ધામ તરીકે આ ગુરુકુળ ઘણું પ્રસિદ્ધ હતું. એક સમયે રાત્રે ઘુવડનો અવાજ સાંભળીને ડરતા ભીખાલાલને વરસોડાના કોતરોએ હિંમત અને સાહસ અજાણપણે ભેટ આપ્યાં હતાં. એ પછી એના મનમાં સતત એવી તમન્ના રહેતી કે ઘોર જંગલોમાં ઘૂમવાનું મળે તો કેવું સારું! અઢળક આનંદમયી પ્રકૃતિની વચ્ચે જીવવાનું મળે તો કેવું સારું! જુદા જુદા પ્રદેશો જોવા મળે, તો કેવી મજા આવે! આવી ઉત્સુકતાની આંખે ભીખાલાલ શિવપુરીના ગુરુકુળમાં આવ્યા.

એમાં વળી એમનો એક સાથી જગત પણ ખેતીવાડીનો વિષય લઈને શાઝાપુરના જંગલોમાં આવીને વસ્યો. આ શાઝાપુર અને ભીખાલાલના ગુરુકુળ વચ્ચે બહુ ઓછું અંતર હતું. એ જંગલોમાં જગતે પચાસેક કૂબાના એક ગામ પાસે ખેતીવાડીના પ્રયોગો માટે જમીન લીધી હતી. એ જમાનામાં અહીં હથિયારબંધીનો કાયદો નહોતો, એથી જગતે બે નાળવાળી એક સુંદર બંદૂક વસાવી હતી. એ બંદૂકથી એણે આ પ્રદેશના 'ઘોડાપછાડ'ના નામે ઓળખાતા સાપને વીંધ્યો હતો.

આ 'ઘોડાપછાડ' સાપનું ઝેર દાંતને બદલે એના લાંબા તીક્ષ્ણ ડંખમાં હોય છે અને ગમે તેવા મજબૂત ઘોડાને જો આ સાપ એક વાર દંશ આપે, તો એ જમીન પર તરફડીને મૃત્યુ પામે છે. જ્યાં ઘોડાની આવી દશા થતી હોય, ત્યાં માણસની તો કેવી બૂરી હાલત થાય? દર ઉનાળામાં રજાઓમાં ભીખાલાલ પ્રવાસનું આયોજન કરે અને બીજા ગોઠિયાઓ ઉપરાંત એમાં જોડાવા માટે જગતને વિશેષ નિમંત્રણ મોકલતા. ગ્વાલિયરથી પોણોસો માઈલ દૂર નળ રાજાની રાજધાનીનું ગામ નરવર આવ્યું હતું. એ ગામની મુલાકાત લેવાની ભીખાલાલને લાંબા સમયથી ઈચ્છા હતી. નળ અને દમયંતીની કથામાં એના ઉલ્લેખો બાળપણમાં ઘણી વાર સાંભળ્યા હતા અને તેથી નરવર ગામ અને ડુંગરી પર આવેલો કિલ્લો જોવાની તાલાવેલી જાગી હતી.

ઉનાળાની રજાઓમાં ભીખાલાલ અને જગતે આ પ્રવાસનું આયોજન કર્યું. આ પ્રદેશમાં ઉનાળાના દિવસોમાં ધોમધખતા તાપમાં બપોરે મુસાફરી કરવી મુશ્કેલ હતી. માથે પ્રચંડ તાપ હોય અને નીચે ધરતી લાવારસની જેમ ઊકળતી હોય. બધે આંખ ફેરવો તોય ક્યાંય એક ચકલુંય ફરકતું જોવા ન મળે. આથી મુસાફરો ખૂબ વહેલાં, ભળભાંખળું હોય તેવા સમયે પ્રવાસનો પ્રારંભ કરતા હતા અને આઠ-નવ વાગતાં જે વિસામો આવે, ત્યાં મુકામ કરતા હતા. પણ ભીખાલાલ અને જગત પાસે ઓછા દિવસો હતા, આથી એ સવારે અને સાંજે એમ બે વખત મુસાફરી કરીને પંથ કાપવા લાગ્યા.

બંને મિત્રો નરવર ગામથી પંદરેક માઈલ દૂર હતા. એમનો વિચાર તો વહેલી સવારે નરવર ગામમાં પહોંચીને ઘૂમવા નીકળવાનો હતો. આથી સાંજે ઝડપભેર સાતેક માઈલ ચાલી નાખે તો બીજે દિવસે વહેલી સવારે બાકીનો પ્રવાસ કરતાં થાક ન લાગે અને થોડા આરામ બાદ ગામમાં ફરવા નીકળી શકાય. આથી બંનેએ સાંજે જ ચાલવાનું શરૂ કર્યું.

આખો દિવસ ધોમધખતા તાપમાં અતિશય આકરી ગરમી સહેનારું જંગલ હજી ચામડી બાળી

૨૦૧૦ની ૭૬ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાની C. D. ના સૌજન્યદાતા

અમને જણાવતાં આનંદ થાય છે ૨૦૧૦ની ૭૬ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠ દિવસના ૧૬ વ્યાખ્યાનની સી.ડી.ની પ્રભાવના માટે શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા) તરફથી સંઘને રૂા. ૪૫,૦૦૦/- (અંકે રૂપિયા પિસ્તાલીસ હજાર પૂરા) મળ્યાં છે તે માટે સંઘ એમનો આભાર માને છે.

૨૦૧૦ ની ૭૬ મી પર્યુષણ વ્યાખ્યાન માળા તા. ૪ સપ્ટેમ્બર થી તા. ૧૧ સપ્ટેમ્બર સુધી યોજાશે અને પ્રત્યેક વ્યાખ્યાનની સી. ડી. વ્યાખ્યાનના બીજે દિવસે સર્વે જિજ્ઞાસુ શ્રોતાઓને વિના મૂલ્યે પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે.

શ્રુતજ્ઞાન દાનનો લાભ લેવા માટે દાતાશ્રીને અભિનંદન અને ધન્યવાદ.

–મેનેજર

નાંખે તેવી ગરમ વરાળો કાઢતું હતું. રસ્તાની ભેખડો પણ ઘણી ગરમ હતી અને મિત્રોની ટુકડી ધીરે-ધીરે પ્રવાસ ખેડતી એક પુલ પાસે આવી પહોંચી. એકાદ માઈલ લાંબા પુલની નીચે વહેતી નદીનો અર્ધો પટ સૂકો હતો અને પુલ પસાર કરીને ચાલતી વખતે નદીનું દૃશ્ય અતિ આહ્‌લાદકારી લાગતું હતું. નાના નાના ગોળ પથરા અને કાંકરા સાથે હળવે-હળવે અથડાઈને વહેતો જળપ્રવાહ મધુર સંગીતની ધૂન છેડી રહ્યો હોય, તેમ લાગતું હતું. ઉપર આકાશમાંથી ચાંદની વરસાવતો ચંદ્ર સૃષ્ટિને શ્વેત અમી પાઈ રહ્યો હતો. કુદરત આવી મહોરી હોય ત્યારે એની વચ્ચેથી આગળ વધવાનું મન કોને થાય? આથી ભીખાલાલ અને તેમના મિત્રોએ અહીં જ તેમનો પડાવ નાંખી દીધો અને સાથે ઝોલામાં લાવ્યા હતા, તે સાથવો (ખાદ્ય પદાર્થ) પાણીમાં પલાળીને આરોગી લીધો અને કુદરતી શોભા મનભર માણવા માટે નદીકિનારે જઈને બેઠા. આ પ્રવાસી મંડળી ખાવા-પીવાની બહુ ઝંઝટ રાખતી નહીં. જે મળ્યું તેને નિરાંતે આરોગવું, પેટ ભરવાનું જ કામ હતું. સૌ કુદરત જોવામાં મસ્ત હતા, ત્યારે થોડે દૂર તાપણાં જેવું દેખાયું અને ધીરે ધીરે એ તાપણું વધતું ગયું. ભીખાલાલની મિત્રમંડળી સાથેના ભોમિયાએ કહ્યું, 'ઘણી વાર અહીંના આદિવાસી લોકો માનતા રાખે છે કે જો મારા ઘરે સંતાન થશે અથવા મારો દુશ્મન અણધાર્યો મૃત્યુ પામશે, તો હું ડુંગરો ધોઈશ. ડુંગરો ધોવાનું એટલે વન બાળવાનું. કદાચ કોઈની માનતા પૂરી થઈ હશે, જેથી આ જંગલ બાળતા હશે.'

ભોમિયાના ખુલાસાએ ભીખાલાલ અને એમના સાથીઓનાં મનને સમાધાન આપ્યું. મોજીલા જગતે પોતાનું ગાયન ફરી આગળ ચલાવ્યું. એવામાં જોયું તો કેટલાક માણસોની ટોળી સામેથી આવતી હતી.

ભીખાલાલે કહ્યું, 'આ પણ આપણા જેવા કોઈ વટેમાર્ગુ હશે; પરંતુ તરત જ પોતાનો અભિપ્રાય ખોટો લાગ્યો. સામેથી પંદરેક માણસો ચાલ્યા આવતા હતા. બે વ્યક્તિના હાથમાં દારૂ ભરીને ફોડવાની જૂની બંદૂક હતી. ચારેકના હાથમાં બલ્લમ હતા અને બાકીના લોકોના હાથમાં તલવારો અને લાઠીઓ હતી.

કેટલાક અર્ધનગ્ન હતા, તો કેટલાકે ફાટેલાં કપડાં પહેર્યાં હતાં, છતાંય એમનો ચહેરો રાત્રે બિહામણો લાગતો હતો. મધરાતે આવા માણસોનો ભેટો બીક જગાડે તેવો હતો અને એવામાં ટુકડીના ભોમિયાએ એકાએક જાહેર કર્યું, 'અરે, આ તો ડાકુ.' અને ભોમિયો ઢીલોઢસ થઈને જમીન પર બેસી ગયો. સહેજ સ્વસ્થ થતાં એ ભયનો માર્યો થોડે દૂર આવેલી ઝાડીમાં લપાઈને બેઠો. ભીખાલાલ, જગત, બીજા કેટલાક સાથીઓ અને બે ગાડાવાળા સામેથી આવતા ડાકુઓને જોઈ રહ્યા. બે ગાડાવાળા મજબૂત મનના હતા; પરંતુ ખાલી હાથે હતા. એમને ઘણી વાર આવી રીતે આ માર્ગેથી પસાર થતાં આવા ભયનો સામનો કરવો પડ્યો હતો, તેથી તેઓ ડરતા નહોતા. ગાડાના આડાં કાઢી તેઓ સામા ઊભા રહ્યા.

જગતના ચહેરાનો ભાવ પલટાઈ ગયો. કોઈ પડકાર સામે આવતાં તેનો ચહેરો અત્યંત તંગ અને ઉગ્ર બની જતો હતો. બાવીસેક વર્ષના યુવાને હિંમતભેર પોતાની બદૂક સંભાળી. ભીખાલાલ તેની પાસે પહોંચ્યા અને કહ્યું, 'આ ડાકુઓ સામે તો જો! ગરીબ અને બેહાલ ગામડાના લોકો લાગે છે. એમની સાથે બંદૂકની ચાંપથી કામ લેવાને બદલે ચતુરાઈભરી કળ વાપરીને કામ લેવાની જરૂર છે. વળી આપણી પાસે છે પણ શું, કે જે એ લૂંટી જવાના હતા? માટે દોસ્ત જગત, જરા ધીરજથી કામ લે, આપણી પાસે માલ નથી તો જાનની ચિંતા પણ નથી.'

જગત આવેશમાં હતો. એના હાથમાં કારતૂસ ભરેલી બંદૂક રમતી હતી. એના ઘોડા પર આંગળી મૂકીને એણે ભીખાલાલને કહ્યું, 'ગામડીયા હોય કે બહારવટિયા હોય, પણ મને પહેલાં ભડાકો કરી લેવા દે. પહેલો ઘા રાણાનો. જે પહેલો પ્રહાર કરે, તે કદી ના હારે. જો આ બધા આપણી નજીક આવી જશે તો આવી એકાદ બંદૂકે અને આટલા ઓછા કારતૂસે આપણે એમને નહીં પહોંચી શકીએ.'

ભીખાલાલ સાહસ અને સબૂરી બંને જાણતા હતા. એમણે કહ્યું, 'થોભી જા, જગત! અમારી સંમતિ વગર બંદૂકનો ઘોડો દબાવતો નહીં અને એક ગોળી પણ આ ડાકુઓ પર ચલાવતો નહીં. એ લૂંટારા હશે તો આપણી પાસેથી શું લૂંટી જવાના. આપણી પાસે તો આ વેલ્સનું કંપોઝિશન અને હેમચંદ્રાચાર્યનું અભિધાન ચિંતામણિ છે.'

જગત ભરી બંદૂકે વિચારમાં પડ્યો.

(ક્રમશઃ)

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ટેલિફોનઃ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

શ્રી દિલીપ મહેન્દ્રભાઈ શાહને અભિનંદન

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને સંઘના સંનિષ્ઠ કાર્યકર શ્રી દિલીપ મહેન્દ્રભાઈ શાહને જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના ૨૦૦૯-૧૧ ના ઈલેક્ટ પ્રેસિડેન્ટ અને ૨૦૧૨ના વર્ષ માટે પ્રેસિડેન્ટ તરીકે ફેડરેશનના પચાસ હજાર સભ્યોએ સર્વાનુમતે નિયુક્ત કર્યા છે.

શ્રી દિલીપભાઈના માર્ગદર્શન હેઠળ એ સંસ્થા નવા વિચારોથી નવી દિશામાં પ્રગતિ કરશે એવી શ્રદ્ધા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવારના શ્રી દિલીપભાઈને અભિનંદન.

કાર્યવાહક સમિતિ : શ્રી મું. જૈન યુ. સંઘ

શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૨૦

❑ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

બીઉદશ પ્રકરણ : ચેટક સ્તુતિ

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી રચિત 'શ્રી જૈન મહાવીર ગીતા'નો આપણે સ્વાધ્યાય કરીએ છીએ. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં ૧૬ અધ્યાય પૂર્ણ થયા પછી જે ૬ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં ૪થું પ્રકરણ 'ચેટક સ્તુતિ' છે. તેના ૩૬૩ શ્લોક છે.

આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વનો સમય સૌને વિસ્મયમાં મૂકે તેવો સમયખંડ છે. જ્યારે પૃથ્વી પર ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ વિચરતા હતા, બીજાં અનેક મહાપુરુષો પૃથ્વી પર ઉપસ્થિત હતા ત્યારની વાત કરીએ છીએ ત્યારે સમજાય છે કે જીવન અને જગતમાં કેવા કેવા મેઘધનુષ્યના રંગ ખીલ્યાં, વિખરાયાં! નાની-નાની વાતમાં યુદ્ધ, સ્ત્રી, ધરતી અને સંપત્તિ માટેની લડાઈ, હિંસા અને રાજકીય કાવાદાવા પ્રત્યેક જમાનામાં જોવા મળે છે તેવું ચિત્ર ભયાનક રૂપે તે સમયખંડનું દોરાયું છે. કલહ, વૈમનસ્ય, અશાંતિ, દરિદ્રતા, રોગનું પણ સામ્રાજ્ય તે સમયમાં જોવા મળે છે તો પ્રેમ, શાંતિની શોધ, સત્કાર્ય માટેનો પ્રયત્ન, આત્મકલ્યાણની મથામણ અને જનકલ્યાણના કાર્યો : એ પણ તે સમયમાં વિપુલ રૂપે જોવા મળે છે.

રાજા ચેટક વૈશાલીના મહારાજા હતા. વૈશાલી ભારતનું અગ્રગણ્ય ગણતંત્ર રાજ્ય હતું. ભારતની સર્વપ્રથમ લોકશાહીની વ્યવસ્થા અહીં વિકસી. વૈશાલી સુખી અને સમૃદ્ધ રાજ્ય હતું. શ્રીમંતો સન્નારીઓ, બાહોશ રાજદ્વારીઓથી વૈશાલી ઉભરાતું હતું. રાજા ચેટક, સિંહ સેનાપતિ, આમ્રપાલીની પ્રતિષ્ઠા ભારતવર્ષમાં છવાઈ હતી. દેવમંદિરો, ભવ્ય મહેલો, વિશાળ ઉદ્યાનો, અગણિત પુકુરો, પર્વતશ્રેણી અને ખળ ખળ વહેતી ગંડકી નદી : વૈશાલીની શ્રી અને કીર્તિ આસમાને હતા. રાજા ચેટક અહીંના લોકપ્રિય મહારાજા હતા.

ચેટક રાજા લોકપ્રિય, ન્યાયપ્રિય અને શૂરવીર રાજા હતા. તેમની એક પ્રતિજ્ઞા એવી હતી કે ગમે તેવા ભયાનક યુદ્ધમાં પણ તેઓ દિવસમાં એક જ વાર ધનુષ્યબાણ ઉઠાવતા અને એક જ વાર બાણ ફેંકતા! અત્યંત મુત્સદ્દી, ધનુર્ધર અને વૈશાલીની ગણતંત્ર પરિષદના અધ્યક્ષ તરીકે રાજા ચેટક નામાંકિત હતા. સાથોસાથ પૂરા ધાર્મિક હતા. ભગવાન મહાવીરના સંસારી પક્ષે તેઓ મામા થાય. મહારાણી ત્રિશલાના તેઓ બંધુ હતા.

રાજા ચેટકની સાતેય પુત્રીઓ ગજબનાક સૌંદર્યધારિત્રી હતી. ભારતના અગ્રગણ્ય રાજાઓને પરણેલી આ સાતેય રાજકન્યાઓના કારણે તે સમયે મોટા યુદ્ધ થયા છે! ભગવાન મહાવીરે આ સાતે ય રાજરાણીઓને 'મહાસતી' કહીને તેમને અનન્ય ગૌરવ પ્રદાન કર્યું છે!

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'ચેટક સ્તુતિ'ની રચના યોગનિષ્ઠ આચાર્યશ્રી કરે છે ત્યારે તત્કાલીન મહારાજાઓ કેવા ભક્તિભાવથી પ્રભુ મહાવીર પ્રતિ દોરાયા હશે તેની ઝલક નિહાળવા મળે છે. રાજા ચેટકના નામે જૈન/અજૈન શાસ્ત્રોમાં તત્કાલીન સમયની રાજકીય ખટપટ અને મગધ-વૈશાલી યુદ્ધ સિવાય વિશેષ માહિતી જોવા મળતી નથી : કિંતુ તે સમયના પ્રતિષ્ઠિત રાજવીઓમાં રાજા ચેટકનું સ્થાન સર્વપ્રથમ છે. રાજા ચેટકની બુદ્ધિપ્રતિભા, સમયદર્શિતા અને વિશિષ્ટતા ભારતીય ઈતિહાસકારોએ સુપેરે નોંધી છે.

'ચેટક સ્તુતિ'નો પ્રારંભ આમ થાય છે:

वैशालिकमहाराजश्चेटको देशपालकः।
श्रुत्वैवं श्रीप्रभुं स्तौति, महावीरस्य मातुलः।।
तुष्टाव श्रीमहावीर ! सम्यक्त्वादिगुणान्वितः।
केवलज्ञानसूर्येण, त्वया विश्वं प्रकाशितम् ।।
संस्कारितास्त्वया वेदाः, सत्योपनिषदस्तथा।
संहिताश्च महागीता, आगमाद्याः प्रकाशिताः।।
वेदागमादिसत्सारस्त्वया सत्यः प्रकाशितः ।
नमामि त्वं महाप्रीत्या, सर्वविश्वनियामक ! ।।
ॐ शुद्धात्मपरब्रह्म, सर्वशक्तिमयं महद् ।
पूर्णब्रह्ममहावीरं, वन्देसर्वमयं प्रभुम् ।।
ॐ ह्रीं श्रीं मन्त्ररूपाय, ऐं क्लीं ब्लूँ सौँ स्वरूपिणे।
महावीरजिनेशाय, नमः श्रीपरमात्मने।।
मूर्त्ताऽमूर्त्तं परब्रह्म, महावीरमहाप्रभुः।
दर्शनज्ञानचारित्रमयः सर्वनियामकः।।
ब्रह्मसत्तामयं पिण्डब्रह्माण्डं स्वपरात्मकम्।
त्वयि ब्रह्मणि सर्वज्ञे, महावीरे स्थितं जगत्।।
ज्ञेयं विश्वं जगद्भाति, शुद्धात्मवीरसच्चिति।
उत्पादव्ययामेति, ध्रौव्यञ्च स्वीयशक्तितः।।
नामरूपात्मका जीवा, वीररूपाः सनातनाः।।
महावीरं निजात्मानं, ज्ञात्वा संपान्ति वीरताम्।। १

'વૈશાલીના મહારાજા, દેશના પાલક, શ્રી મહાવીર સ્વામીના મામા ચેટક આ પ્રમાણે, (પ્રભુને) સાંભળીને, શ્રી વીર પ્રભુની સ્તુતિ કરે છે.'

'હે મહાવીર, તમે પ્રસન્ન થાઓ. સમ્યક્ત્વ વગેરે ગુણોથી યુક્ત, કેવળજ્ઞાન રૂપી સૂર્યથી તમારા વડે વિશ્વ પ્રકાશિત થાય છે.'

'તમારા વડે વેદ સંસ્કારવાળા છે. ઉપનિષદ સત્ય છે. સંહિતા, ગીતા, આગમ વગેરે પ્રકાશિત થયેલા છે.'

'વેદ, આગમ વગેરે તમારા વડે સાર રૂપ છે. સત્ય પ્રકાશે છે. (હે) સર્વ વિશ્વનિયામક, ખૂબ પ્રેમપૂર્વક તમને નમસ્કાર કરું છું.'

'ૐ શુદ્ધાત્મ પરબ્રહ્મ રૂપ, સર્વશક્તિમાન પૂર્ણબ્રહ્મ મહાવીર, સર્વમય પ્રભુ (મહાવીર)ને હું નમન કરું છું.'

'ૐ હ્રીં શ્રીં મંત્રરૂપ, હ્રૈં ક્લીં જ્રૌં સ્રૌં સ્વરૂપ, મહાવીર, જીનેશ્વર, શ્રી પરમાત્માને નમસ્કાર.'

'મૂર્ત, અમૂર્ત, પરબ્રહ્મ, મહાવીર, મહાપ્રભુ, દર્શનજ્ઞાનચારિત્રમય અને (આપ) સર્વના નિયામક છો.'

'તમારા વડે (જગત) બ્રહ્મ સત્તામય છે, આ પિંડ બ્રહ્માંડ સ્વરૂપ છે, તમારામાં, બ્રહ્મમાં, સર્વજ્ઞમાં આ જગત સ્થિત રહ્યું છે.'

'શુદ્ધ આત્મવીર એવા તમારામાં આ જગત જાણી શકાય એવું શોભે છે. ઉત્પાદન, વ્યય, ધ્રુવતા વગેરે તમારી શક્તિથી થાય છે.'

નામ રૂપ એવા આ જીવો, વીરરૂપ, સનાતન (એવા) બધા જ મહાવીરને પોતાના આત્મા રૂપ માનીને વીરત્વ પામે છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, ગાથા ૧ થી ૧૦)

'ચેટક સ્તુતિ'નો પ્રારંભ ભાવોલ્લાસસભર છે.

જે સ્તુતિ પ્રભુ માટે હોય અને હૃદયમાંથી પ્રકટ થતી હોય તે સ્તુતિ સૌને ગમે. 'ચેટક સ્તુતિ'નું રચનાસ્વરૂપ સંસ્કૃતગિરામાં છે, પણ જો ગૂર્જરગિરામાં હોત તો સૌના હોઠે ચઢી જાત તે નક્કી. સકળ ઈન્દ્રાદિ દેવો, રાજાઓ અને જનગણથી છલકાતી સમવસરણસભામાં ગણધરભગવંતો સહિત બારેય પર્ષદાની સન્મુખ થતી ચેટક રાજાની સ્તુતિ પ્રભુ મહાવીર સ્વામીના ગુણોનું ભાવથી કીર્તન કરે છે. આ ગુણકથનમાં ભક્તિ, શ્રદ્ધા, વૈશ્વિક મહત્ત્વ અને વૈરાગ્યાદિ ગુણોનું પોષણ સતત થતું જોવા મળે છે.

જૈન ધર્મ સૌ કોઈના માટે છે. સર્વ જાતિના તથા સર્વ દેશના લોકો તેનું આરાધન કરીને કલ્યાણ પામી શકે છે. નાત જાતના ભેદ આ ધર્મમાં નથી તેમજ પ્રભુનું ધર્મશાસન સૌ માટે છે તે સૂર 'ચેટક સ્તુતિ'માં પુનઃ વ્યક્ત થાય છે. પ્રકાશ-light પર સૌનો હક છે. ધર્મ એક નિર્મળ પ્રકાશ છે. જે જૈનધર્મમાં માને છે તે કર્મમાં માને છે. વાંચોઃ **'જે થવાનું છે તે થાય છે એમ સદ્‌બુદ્ધિ રાખીને આત્મોન્નતિ કરનાર લોકો વીરધર્મના અનુયાયીઓ છે.'** (ચેટક સ્તુતિ, ગાથા ૭૮) જે કર્મમાં શ્રદ્ધા રાખે છે તે બેસી રહેતા નથી પણ પ્રભુના તત્ત્વમાં શ્રદ્ધા રાખીને, પુરુષાર્થ કરીને આગળ વધે છે. કોઈપણ વ્યક્તિ સતત આત્મોન્નતિ માટે મથ્યા કરે તે અનિવાર્ય છે. 'ચેટક સ્તુતિ'માં સુંદર કાવ્યતત્ત્વના પણ દર્શન થાય છે ત્યારે સર્જક યોગનિષ્ઠ આચાર્યશ્રીની મનોવિશ્વની ઝલક પણ નિહાળવા મળે છે. વાંચોઃ **'રામ એ મહાવીર છે, સીતા એ શુદ્ધ ચેતના છે. કૃષ્ણ એ મહાવીર છે, રાધા એ શુદ્ધ ચેતના છે.'** (ચેટક સ્તુતિ, ગાથા ૧૦૦)

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એકની એક વાત વારંવાર ટંકશાળી વચનોમાં કહેતા જોવા મળે છે તેનો મર્મ એ છે કે આ ગ્રંથનો વાચક વધુમાં વધુ શ્રદ્ધાળુ બને અને વધુમાં વધુ ધર્મી બને. આ વિશ્વમાં જે કંઈપણ છે તે અંતે મહાવીરમય છે તે ભાવના સતત દૃષ્ટિગોચર થાય છે. તમારે બીજા કોઈ પણ ધ્યાન, ભક્તિ કરવાની જરૂર નથી માત્ર પ્રભુ મહાવીરમાં અખંડ શ્રદ્ધા કેળવો. વાંચોઃ **'મહાવીર એજ અંબિકા, કાલી, ચક્રેશ્વરી છે. (આત્મ) સ્વરૂપથી દેવ-દેવીઓ (પણ) મહાવીરથી અભિન્ન છે.'** (ચેટક સ્તુતિ, ગાથા ૧૦૧)

જે સાધક પરમાત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને ચાલે છે તે તરી જાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'ચેટક સ્તુતિ'માં તો ત્યાં સુધી કહે છે કે જેણે મોટા પાપ કર્યા છે તેઓ પણ પ્રભુમાં શ્રદ્ધા રાખીને ભજે તો મુક્તિ પામે છે; વાંચોઃ **'ૐ અર્હં શ્રી મહાવીર એ નામનું હૃદયમાં સ્મરણ કરવાથી મહા હત્યા જેવા પાપોનો નાશ થાય છે.'** (ચેટક સ્તુતિ, ગાથા, ૧૨૩) શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી ધર્મી વ્યક્તિની પ્રાર્થના, મંત્ર આવા હોય તેનો નિર્દેશ કરતા કહે છે કે, **'ૐ અર્હં શ્રી મહાવીર એ સર્વ શક્તિના પ્રકાશક, મને ભક્તિપૂર્વક શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ આપો.' આવી રીતે મંત્ર જાપ કરીને સંસ્કાર વગેરે શુભ કાર્યો કરવા અને જૈન લક્ષણ પ્રમાણે ગુરુની આજ્ઞા માનવી.'** (ચેટક સ્તુતિ, ગાથા ૧૭૨, ૧૭૩) જૈનધર્મ માને છે કે આત્મા અમર છે. વાંચોઃ **'દેહ અને પ્રાણના વિયોગથી વ્યવહારથી મૃત્યુ થાય છે પરંતુ દેહ અને પ્રાણના વિયોગથી ચેતના નાશ પામતી નથી (એટલે કે આત્મા નાશ પામતો નથી.'** (ચેટક સ્તુતિ, ગાથા ૨૨૪)

'ચેટક સ્તુતિ'ના ૩૬૩ શ્લોકોમાં અનેક ક્ષેત્રો આવરી લેવાયા છે પરંતુ સૌથી મહત્ત્વપૂર્ણ તો શ્રી મહાવીર સ્વામી પ્રતિ શ્રદ્ધા, વિશ્વાસ, આત્મકલ્યાણ માટે પુરુષાર્થ કરવો અને સકળવિશ્વના જીવો તરફ સમભાવ કેળવવો વગેરે મુખ્ય છે.

થોડાક શ્લોકાર્થ જોઈએઃ

રાજા ચેટક કહે છેઃ 'જ્યોતિઓમાં (સર્વાધિક) જ્યોતિ, સર્વતેજના (સર્વાધિક) પ્રકાશક, પરબ્રહ્મ મહાવીરમાં હું પૂર્ણ લીન થયો છું.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૨૩૮)

'પરબ્રહ્મમાં લીન થયા પછી મારા-તારાનો ભેદ રહેતો નથી. સવિકલ્પ દશામાં જ સ્વામી-સેવકની ભાવના હોય છે...નિર્વિકલ્પ પરબ્રહ્મ સમાધિમાં આત્મશક્તિઓને યોગીઓ નિર્વિકલ્પ સમાધિ વડે વિકાસ પામે છે, અને અનુભવે છે.

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૨૪૭/૨૪૮)

દુર્બળ અને અનાથ લોકોની સંતતિ પીડાકારક હોય છે. અંતે તેઓ દુઃખ ભોગવે છે, અને નિર્વંશ થાય છે...ત્યાગીઓ અને દૂર્બળોને પીડા આપવી તે દુઃખકારક છે. તેઓના દુષ્ટ નિઃસાસાઓ દુઃખરૂપી દાવાગ્નિમાં સળગાવી નાંખે છે...નિરાપરાધિ જીવોની હિંસા કરનારા

લોકો પાપી યોનીઓમાં જન્મે છે. આવા દુર્જનો મુક્તિ પામતા નથી.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ શ્લોક ૨૬૩/૨૬૪/૨૬૫)

'અન્યાય, આસક્તિ, સંમોહ, પ્રમાદ, અધર્મ, મત્સર, બાહ્યભોગ, વિલાસ વગેરે સર્વ સામ્રાજ્યના નાશક છે...અતિ ભોગવિલાસ વડે દેશ અને સંઘનો નાશ થાય છે. સર્વ શક્તિનો વિનાશ અને લોકોની પરતંત્રતા થાય છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૨૭૬૨૭૭)

'હિમાલયના ઉત્તર ખંડમાં (ધર્મના) સર્વ સિદ્ધાંત જાણનારા, ગ્રંથ (પુસ્તક) રક્ષક મહાવીરના ભક્ત દેવો વસે છે...તે બધા મહાવીરે કહેલા સિદ્ધાંતોના ગુપ્ત પુસ્તકોનું રક્ષણ કરે છે. ભવિષ્યના (નૂતન) યુગમાં તે બધાને કહેશે...તે બધા જૈન ધર્મની પ્રેમપૂર્વક પ્રભાવના કરશે. કળિયુગમાં તે દેવ-દેવીઓ પ્રકટ થશે ?

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૨૮૫/૨૮૬/૨૮૭)

'ભવ્યજીવોએ શુદ્ધ આત્મરૂપ શ્રી મહાવીર સ્વામીની પ્રાપ્તિ માટે વિવેકપૂર્વક પિંડધ્યાન કરવું જોઈએ...શ્રી મહાવીર પ્રભુને જાણ્યા પછી કંઈ જાણવું બાકી રહેતું નથી. જેણે શ્રી મહાવીરને જાણ્યાં છે તેણે ત્રણે જગતને જાણી લીધું છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ, શ્લોક ૩૩૧/૩૩૨)

'યક્ષદેવ વગેરેની મૂર્તિઓ, અષ્ટમંગલના સંકેત વગેરે જૈનધર્મના દર્શક અને મહાજ્ઞાન દેખાડનારા છે... મહાવીરે યુક્તિપૂર્વક જિનાલય વગેરે દ્વારા ગુપ્તજ્ઞાનના ચિહ્નો સારી રીતે દેખાડેલા છે...પંદરીયા યંત્ર વગેરે દ્વારા તીર્થસંકેતના જ્ઞાન વડે આત્મરૂપ મહાવીરે ગુપ્તજ્ઞાન પ્રકાશિત કરેલ છે... દેવ, વિદ્યાધરો વગેરેનો ગુપ્ત સંઘ કલિયુગમાં છે તે યુક્તિપૂર્વક ગુપ્તજ્ઞાનની રક્ષા કરે છે... તેનું પ્રાકટ્ય ફરીથી તેઓ જ કરે છે. ભક્તો વિવેકપૂર્વક, મહાવીર અરિહંત પાસેથી તે જાણે છે.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટકસ્તુતિ, શ્લોક ૩૪૯ થી ૩૫૩)

'ભગવાન મહાવીર મંગલ છે, જૈન શાસન મંગલ છે, જૈન સંઘ મંગલ છે. સર્વે જાતિના મનુષ્યોનું મંગલ થાઓ.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ચેટક સ્તુતિ શ્લોક ૩૬૦)

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'ચેટક સ્તુતિ'માં ૩૬૨માં શ્લોકમાં ચેટક રાજાને બારવ્રતધારી કહે છે. શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરીશ્વરજી રચિત આ સ્તુતિના અનેક અપ્રકટ રહસ્યો તરફ ધ્યાનપૂર્વક વિચાર કરવો પડે તેવું છે. સમગ્ર વિશ્વ નાનું થતું જાય છે અને અનેક અજાયબીઓ પ્રત્યક્ષ થવા માંડી છે ત્યારે 'ચેટક સ્તુતિ'માં કહેવાયેલ તથ્યો તરફ લક્ષ્ય શા માટે ન આપવું જોઈએ ?

'ચેટક સ્તુતિ'નું ભાવમય વિશ્વ સૌનું મંગલ કરો ! **(ક્રમશ:)**

* * *

ચંદ્રપ્રભુ જૈન દેરાસર, પ્રાર્થના સમાજ, મુંબઈ–૪૦૦ ૦૦૪.

પંથે પંથે પાથેય – મારો ભારતવાસી

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

સૂર્યદેવ તપી તપીને થાકેલા રક્તવર્ણા થાળી જેવડા ગોળ દેખાતા હતા. સંધ્યાના સપ્તરંગો ધરતી ઉપર વ્યવસ્થિત પથરાયેલા હતા તે જોવા અને માણવાનો આનંદ અદ્‌ભુત અને અલૌકિક હતો. તેવા સમયે મારે લંડન તેમ જ ભારત ફોન કરવા હતા. હૉટલના ફોન બંધ થઈ ગયા હતા. હૉટલ બહાર પબ્લિક ફોન બૂથ હતા પણ તે કાર્ડ સિસ્ટમના હતા અને મારી પાસે કાર્ડ ન હતું તેથી અમો આગળ તપાસ કરવા ગયા. રવિવારની રાત્રિનો સમય એટલે બધું જ બંધ થઈ ગયું હતું. કશે જ પણ ફોન કરવાની વ્યવસ્થા ન થઈ શકી. ત્યાં મારી નજર રેસ્ટોરન્ટ હૉવર ઑફ (Restaurant Hower off) ઉપર પડી.

મેં સામે ચાલીને રિસેપ્શન ઉપર બેઠેલા ભાઈને ફોન કરવા માટે અંગ્રેજીમાં પૂછ્યું પણ તેઓને અંગ્રેજી ભાષાની સમજણ ન પડી તેથી મને ભાંગી તૂટી ભાષા અને એક્શનમાં કહી દીધું કે મને અંગ્રેજી આવડતું નથી. તમે બીજે કશે પણ પ્રયત્ન કરો. ત્યાં મારાથી કહેવાઈ ગયું. હું ભારતથી આવ્યો છું અને મને જર્મન ભાષા આવડતી નથી. આટલા જ વાક્ય તેની બાજુમાં બેઠેલા માનવતાના દીપક સમા ભાઈએ સાંભળ્યા અને મારો હાથ પકડી તેની હૉટલના અંદરના ભાગમાં લઈ ગયા. મને થોડો ડર પણ લાગ્યો ત્યાં તેના કિચનમાં કામ કરતા રામાને કહેવા લાગ્યા. 'રામા...રામા...તારા, તારા ઈન્ડિયન.'

ત્યાં રામસિંગે મને હિન્દીમાં પૂછ્યું, 'ક્યા કામ હૈ ભાઈ સાબ.' મેં હાથ જોડી નમસ્કાર સાથે નમ્રતાથી કહ્યું, 'હું ભારતથી આવ્યો છું અને બાજુની હૉટલમાં ઊતર્યો છું. મારે લંડન તેમજ ભારત ફોન કરવો છે જે માટે મારી પાસે કાર્ડ નથી.'

મુલાયમ દિલના અને માણસાઈના ઉપાસક રામસિંગે મારી સામે જોયું અને આંખમાં આંખ મેળવી નમ્રતાથી કહ્યું, 'તમો ચિંતા ન કરો. મારી ડ્યૂટી ૧૧ વાગે પૂરી થાય છે ત્યારે હું તમારી હૉટલ ઉપર આવી જઈશ અને તમને ફોન કરાવી આપીશ. તમો જમ્યા ? હું તમારા માટે ભારતીય જમણ પણ ગરમાગરમ લેતો આવીશ. ફક્ત તમો એક કલાક રોકાઈ જાવ. તમારા બધા જ ફોન મારા તરફથી!'

મેં તેમને હાથ જોડી નમ્રતાથી ચોખ્ખી ના પાડી તો મને કહે, 'મારો ભારતવાસી' મારે આંગણે ક્યાંથી ? હું તમને કોઈ પણ સંજોગોમાં ખાલી હાથે પાછા જવા દઈશ નહીં.'

ત્યારે મને થયું વી.આઈ.પી. માણસો ઘણા મળે છે પણ વી.એન.પી. (વેરી નાઈસ પર્સન) બહુ ઓછા મળે છે. માણસનું સાચું સૌંદર્ય અરીસામાં નહીં પરંતુ તેના વાણી, વર્તન અને વિચારમાં જોવા મળે છે.

'શ્રદ્ધા મેં અગર જાન હૈ, તો ભગવાન તુમસે દૂર નહીં.
આંખોં મેં અગર મુસ્કાન હૈં, તો ઈન્સાન ભી દૂર નહીં.'

લાગણીથી ભીના ભીના ઉષ્માભર્યા રામસિંગ સાથેના સંબંધની યાદ વારંવાર આવે છે. આવા સંબંધોની કોઈ વ્યાખ્યા નથી હોતી. તેને કોઈ ચોક્કસ સીમામાં બાંધી શકતા નથી. * * *

કલા ભવન, ૩, મેથ્યુ રોડ, ઑપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન નં. : 23694528 / ટેલિફેક્સ : 23685109

જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(મે ૨૦૧૦ના અંકથી આગળ)

૬૩૩. નિગ્રહ : સંક્ષેપ કરવો.
संक्षेप करना।
Restruction.

૬૩૪. નિત્ય : શાશ્વત
शाश्वत।
Permanent.

૬૩૫. નિત્ય-અવક્તવ્ય : સપ્તભંગીનો એક પ્રકાર
सप्तभंगी का एक प्रकार
Nitya-Avaktavya:Permanent cum in-destrcibable.

૬૩૬. નિત્યત્વ : પોતપોતાના સામાન્ય તથા વિશેશ સ્વરૂપથી ચ્યુત થવું.
अपने सामान्य तथा विशेष स्वरुप से च्युत न होना।
Contrasted with avasthitatva.

૬૩૭. નિત્યાનિત્ય : સપ્તભંગીનો એક પ્રકાર છે.
सप्तभंगी का एक प्रकार।
Permanent cum Transient cum indescribable.

૬૩૮. નિદાન (શલ્ય) : માનસિક દોષ જેમાં ભોગોની લાલસા હોય છે.
मानसिक दोष है जिस में भोगों की लालसा होती है।
Greed for wordly enjoyment.

૬૩૯. નિદાન (આર્તધ્યાન) : ભોગની લાલચની ઉત્કટતાને લીધે અપ્રાપ્ત વસ્તુને મેળવવાનો તીવ્ર સંકલ્પ.
भोगों की लालसा की उत्कचता के कारण अप्राप्त वस्तु को प्राप्त करने का तीव्र संकल्प।
Greed for wordly enjoyment.

૬૪૦. નિદાનકરણ : તપ કે ત્યાગનો બદલો કોઈપણ જાતના ભોગરૂપે માંગી લેવો.
तप व त्याग का बदला किसी भी तरह के भोग के रुप में चाहना।
To wish for some sort of enjoyment as a result of penance renunciation.

૬૪૧. નિદ્રા : દર્શનાવરણીય કર્મનો એક પ્રકાર છે.
दर्शनावरणीय कर्म का एक प्रकार।
It is a part of Darsnavarana Karma.

૬૪૨. નિદ્રાનિદ્રા : દર્શનાવરણીય કર્મનો છઠ્ઠો પ્રકાર છે.
दर्शनावरणीय कर्म का छठ्ठा प्रकार है।
6th type of Darsnavarana Karma.

૬૪૩. નિદ્રાવેદનીય : જે કર્મના ઉદયથી સુખપૂર્વક જાગી શકાય એવી નિદ્રા આવે તે.
जिस कर्म के उदय से सुखपूर्वक जाग सके एसी निद्रा आये कि उसे निद्रावेदनीय दर्शनावरण है।
The Karma whose manifestation brings about the type of sleep from which one can be easily wakened is called Nidravedaniya.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. મો. નં. ૦૯૮૨૫૮૦૦૧૨૬

(વધુ આવતા અંકે)

પુસ્તકનું નામ : **ભગવાન મહાવીર કા બુનિયાદી ચિંતન (હિંદીમાં)**
લેખક : **ડૉ. જયકુમાર જલજ**
પ્રકાશક : **સાહિત્ય અકાદમી, મધ્ય પ્રદેશ, સંસ્કૃતિ પરિષદ**
મુલ્લા રમૂજી સંસ્કૃતિ ભવન,
બાણગંગા, ભોપાલ-૪૬૨૦૦૩.
ફોનઃ ૦૭૫૫-૨૫૫૪૭૮૨.
મૂલ્યઃરૂ.૨૪/-, પાના : ૩૨, આવૃત્તિ ત્રેવીશ-૨૦૦૯.

ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મોત્સવ વર્ષ નિમિત્તે પ્રખ્યાત સાહિત્યકાર ડૉ. જયકુમાર જલજ દ્વારા પ્રકટ થયેલ આ પુસ્તકમાં પ્રભુ મહાવીરનું મહાન ચિંતન વ્યક્ત થયેલ છે. ભગવાન મહાવીરના વિચારો સહજ, સંક્ષિપ્ત અને પૂર્વાપર સંબંધમાં ગૂંથાઈને વ્યક્ત થયા છે. આ પુસ્તકમાં લેખકની તલસ્પર્શી દૃષ્ટિ ઉડીને આંખે વળગે છે.

પ્રાકૃત ભારતી અકાદમી જયપુરે આ પુસ્તકના અંગ્રેજી, ઉર્દૂ, ગુજરાતી, મરાઠી, કન્નડ અનુવાદ પ્રકાશિત કર્યા છે. આ નાનકડું પુસ્તક ભગવાન મહાવીરના વિચારોને જન-જન સુધી પહોંચાડવામાં સફળ ભૂમિકા નિભાવશે. ૩૨ પાનામાં ૩૨૦૦ પાનાની સામગ્રી સમાવતા આ પુસ્તકની શૈલી સંક્ષિપ્ત, માર્મિક અને ધારદાર છે.

X X X

પુસ્તકનું નામ : **યોગવિંશિકા એક પરિશીલન**
પરિશીલન : આ. વિ. ચન્દ્રગુપ્ત સૂરીશ્વરજી મ.
પ્રકાશક : **શ્રી અનેકાન્ત પ્રકાશન, જૈન રિલીજિયસ ટ્રસ્ટ**
મૂલ્ય : અમૂલ્ય પાના :૧૨૮ આવૃત્તિ : તૃતીય વિ. સં. ૨૦૬૧.
પ્રાપ્તિસ્થાન : (૧) પ્રમોદ છોટાલાલ શાહ
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.
(૨) શા. મુકુંદભાઈ રમણલાલ
૫, નવરત્ન ફ્લેટ્સ, નવા વિકાસ ગૃહ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

એક માત્ર જિનાગમ જ સંસારસમુદ્ર તરવા માટે તરણોપાય છે એમ કહેનાર, ચૌદસો ચુંમાલીસ ગ્રંથોના પ્રણેતા યાકિની મહત્તારાસુત આચાર્ય ભગવંત હરિભદ્રસૂરિએ રચેલ સર્વ ગ્રંથોમાં યોગવિંશિકા ખૂબ જ નાનો યોગવિષયક ગ્રંથ છે. 'વિંશતિ-વિશિકા ગ્રંથાન્તર્ગત' એ યોગવિંશિકા આજે એક ગ્રંથરૂપે પ્રસિદ્ધ છે. માત્ર

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

વીશ ગાથાપ્રયાણ આ ગ્રંથ ઉપર ન્યાયવિશારદ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ ખૂબ જ સ્પષ્ટ અને વિશદ ટીકાની રચના કરી છે.

આ ગ્રંથની શરૂઆતમાં મોક્ષસાધક સકલ ધર્મવ્યાપારને યોગરૂપે વર્ણવી તેના પ્રણિધાનાદિ પાંચ આશયનું વર્ણન કર્યું છે એ ત્રણ જ્ઞાનયોગનું ખૂબ જ સ્પષ્ટ વર્ણન છે. એ પાંચ પ્રકારના યોગના સ્વામીઓનું વર્ણન કરી તેના ભેદ-પ્રભેદનું વર્ણન કરતાં ઈચ્છાપ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિયોગનું સંક્ષેપથી પણ સુંદર રીતે વર્ણન કર્યું છે. ગ્રંથના મધ્યભાગે વિવક્ષિત યોગના હેતુઓનું અને વિવક્ષિત યોગના કાર્યનું વર્ણન કરી ચૈત્યવંદનના દૃષ્ટાંતથી યોગનું સ્વરૂપ જણાવતાં પાંચ અનુષ્ઠાનોનું અને પ્રીતિ, ભક્તિ, વચન તથા અસંગ આ ચાર સદનુષ્ઠાનોનું નિરૂપણ છે.

આ સંકલન યોગમાર્ગના જિજ્ઞાસુઓને મોક્ષમાર્ગે પ્રયાણ કરવામાં સહાયરૂપ બનશે

X X X

પુસ્તકનું નામ : **માય ડિયર જયુ : વાર્તા વૈવિધ્ય**
સંપાદક : **ઈલા નાયક**
પ્રકાશક : અવનીન્દ્ર ગોહેલ
લટૂર પ્રકાશન, 'અલનિલોક',
૩, શાંતિનગર સોસાયટી,
૨૨૭૩, હિલ ડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૨.
M : 0962469 5646, 09377115646
મૂલ્યઃ રૂા. ૧૨૦/-, પાના ૨૦૮,
આવૃત્તિ પ્રથમ-૨૦૦૯.

'માય ડિયર જયુ' એટલે કે જયંતીલાલ રતિલાલ ગોહેલ અનુ આધુનિક વાર્તાકારોમાં નિજી મુદ્રા પ્રગટાવતા પ્રાણવાન વાર્તાકાર છે. તેમણે સાદી સીધી શૈલીથી માંડીને કપોલ કલ્પના પ્રયુક્તિ સુધીની અભિવ્યક્તિની રીતથી વાર્તારચના કરી છે. 'માય ડિયર જયુ'ના વાર્તા સંગ્રહોમાંથી પસંદ કરાયેલી આ પંદર રચનાઓ છે. આ વાર્તાઓ અનેક દૃષ્ટિથી તપાસતાં જણાય છે કે તેમાં વિષય વૈવિધ્ય, વસ્તુઘટકોનું સંઘટન, અભિવ્યક્તિની વિવિધ રીતિઓ, પ્રતીકાત્મક ભાષા, પાત્રોના મનોભાવો, વ્યક્તિ સંવેદનો અને કથનનું વૈવિધ્ય જેવાં તત્ત્વો તેમની જુદી જુદી વાર્તાઓમાં એક યા બીજી રીતે ગૂંથાયેલા જોઈ શકાય છે. રસકીય દૃષ્ટિએ મૂલ્યવાન વાર્તાઓ આપીને 'માય ડિયર જયુ'એ પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. અનુભવ, નિરીક્ષણ, આંતરસૂઝ અને સ્વરૂપની સમજ પ્રગટ કરતી આ વાર્તાઓ વારંવાર આસ્વાદવા જેવી છે. અનુ આધુનિક વાર્તાને નવી દિશા આપનારા મહત્ત્વના સર્જકોમાં આ વાર્તાકાર અગ્રેસર છે.

X X X

પુસ્તકનું નામ : **પ્રેરક જૈન કથાઓ**
પરિશીલન : આચાર્યશ્રી વાત્સલ્યદીપ
પ્રકાશક : **આચાર્યશ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન** (રજી. નં. એ/૨૪૦૦) ૭, રૂપમાધુરી સોસાયટી, સંઘવી રેલ્વે ક્રોસિંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મૂલ્ય : અમૂલ્ય. પાના :૮૪. આવૃત્તિ : પ્રથમ, ૨૦૦૧.

આચાર્ય વાત્સલ્યદીપે પરંપરાગત જૈન કથાઓનું અર્વાચીન ઢબે પુનઃ કથન કર્યું છે, તેથી તે કથાઓ વાચક વર્ગને રોચક અને બોધક નીવડે છે. જૈન વાર્તાઓને આંતરરાષ્ટ્રીય બનાવવામાં મુનિશ્રીનો ફાળો નોંધપાત્ર છે. જૈન સાહિત્યમાં ધર્મકથાઓનો અખૂટ ભંડાર ભર્યો પડ્યો છે. એ કથાઓને આધુનિક શૈલીમાં આલેખનારાઓની ગૌરવભરી પરંપરા પણ છે. એ પરંપરામાં આ. વાત્સલ્યદીપની કથાઓ ગુજરાતી જૈન સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન ભોગવે છે.

આ વાર્તાસંગ્રહની લગભગ ચાલીસ નામી કથાઓનું અવલોકન કરતાં જણાય છે કે લેખક પાસે કથાશિલ્પને કંડારવાની અનોખી કલા છે. આ પ્રાચીન કથાઓ ધર્મકથાઓ હોવા છતાં એમાં સાંસારિક ચિત્ર અને મનુષ્યોના સ્વાભાવિક વર્ણનો વાર્તાના કથાવસ્તુને અનુરૂપ હોય છે અને તે પાત્રોને જીવંત બનાવે છે. સાથે સાથે નાના નાના અને વેધક વાક્યો દ્વારા તેમની કથન શૈલી ધારદાર-સોંસરી ભાવકના મનમાં ઊતરી જાય તેવી બની છે.

આ પ્રેરક કથાઓ માત્ર જૈન સાહિત્યમાં જ નહિ પણ સમગ્ર ગુજરાતી સાહિત્યની વાર્તાઓમાં વિશિષ્ટ સ્થાને બિરાજે છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month ● Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

'ધર્મ જ કેવલ શરણ'

❑ ગાંગજી પી. શેઠિયા

૧૯૪૫માં સ્વ. પિતાજી પોપટલાલ માવજી શેઠિયા મુંબઈમાં સટ્ટાબજારમાં દલાલી કરતા. અમે ત્રણ ભાઈઓ બા સાથે કચ્છમાં રહેતા. દર મહિને રૂા. ૧૦૦/- નું મનીઑર્ડર આવતું. જેમાંથી માંડ માંડ ઘર ચાલતું.

પિતાજીને કોઈક ગ્રાહક એવી કંઈક ટીપ આપી કે જલ્દી કમાવાની લાલચમાં તેઓ પોતાનો સટ્ટો કરી બેઠા. ખૂબ નૂકશાન થયું. જેમ તેમ કર્જ કરી બજારના નુકશાનીના પૈસા એમણે ચૂકવ્યા. આને લીધે તેઓ ખૂબ જ ઉદાસ રહેવા લાગ્યા.

અમારા સ્વ. માતાજીને ધર્મમાં ખૂબ જ શ્રદ્ધા હતી. આવા સંકટ કાળમાં ધર્મને શરણે જવા એમણે નવાણુ યાત્રા કરવાનો સંકલ્પ કર્યો. તેઓને બર્માથી પાલિતાણાના શ્રાવિકાશ્રમમાં નવ વર્ષની કુમળી વયે અમારા નાનાએ ભણાવવા રાખ્યા હતા. લગભગ બે વર્ષમાં જીવ વિચાર-નવતત્ત્વ-સંગીત સાથે રાગ-રાગીણીમાં પૂજાઓ ભણાવવી વગેરે, ખૂબ જ ઊંડો જૈન ધર્મનો અભ્યાસ થતાં, વૈરાગ્ય ભાવે દીક્ષા લઈ સાધ્વી બનવાનો મનોરથ બાનો હતો, પરંતુ ભોગાવલી કર્મ બાકી હોઈ પરણેલા.

બાએ પિતાજીને કહ્યું કે કચ્છ-ખાખરવાળા રણશી દેવરાજ સાથે આપને પરિચય છે. તો તેમની ધર્મશાળામાં એક વર્ષ રહેવાની અને નવાણુ યાત્રા કરવાની સગવડ કરી આપો.

પિતાજીના બહેન, સાકરબેન દેવશીનો પાલીતાણામાં નાની શાક મારકીટ પાસે બંગલો હતો. તેમાં રહીને નવાણુ કરવાની પિતાજીએ ઈચ્છા બતાવેલ. પરંતુ બા ખૂબ જ સ્વાભિમાની હતા. એમણે ધર્મશાળામાં જ રહેવાની ઈચ્છા દર્શાવી. આખરે રણશી દેવરાજ ધર્મશાળામાં એક વર્ષ રહેવાની અનુમતિ મળતાં, ૧૩ વર્ષનાં મોટાભાઈ મનસુખને યશોજિયજી જૈન ગુરુકુળમાં દાખલ કરી, મને દરબારી સ્કૂલ બહાદુર સિંહજીની શાળામાં પહેલી ચોપડીમાં દાખલ કરેલો. હું છ વર્ષનો હતો. નાનો ભાઈ ૪ વર્ષનો હતો, તેને ભણાવવાની ચિંતા ન હતી.

બા વહેલી પરોઢે ઊઠી જતાં. ગામનાં નળમાંથી પાણી ભરી આવીને સગડીમાં બદામી કોલસા ભરી ખીચડી મૂકીને વહેલા ડુંગર ઉપર જાત્રા કરવા જતા. આવીને કઢી સાથે ખીચડી ખાવાનો અમારો નિત્યક્રમ રહેતો. ક્યારેક ખીચડી નીચેથી બળી જાય, ક્યારેક નમકની માત્રા ઓછી-વધુ થઈ જાય છતાંયે અમે સૌ એને નવકાર ગણી, પગે લાગીને ન્યાય આપતા. જમ્યા બાદ ત્રણ વખત થાળી ધોઈને પીવાનો નિયમ અમે પાળતા.

રોજ સવારે-સાંજે પ્રતિક્રમણ, દેવદર્શન, સામાયિક આદિ કરતા. બા દેરાસરમાં રોજ ભંડારમાં થોડીક ચિલ્લર અવશ્ય નાખતા. ખૂબ જ ભક્તિ કરતા. ત્રણ સ્તવન ચૈત્ય વંદનમાં અવશ્ય સુરીલા અવાજે ગાતાં. સાંજે પ્રતિક્રમણ બાદ સજ્જાયો ગાતા. ખૂબ જ આનંદિત રહી ધર્મ-ધ્યાન કરતા. સમય પસાર થતો હતો.

નાની શાક મારકીટમાં ફોઈના બંગલા સામે સલોત છગનભાઈની અનાજ-કરિયાણાની દુકાન હતી. ત્યાંથી અનાજ રસકસ બા લઈ આવતાં. પિતાજીનો મની ઓર્ડર મળેથી છગનભાઈનું બીલ ચૂકવી દેતાં.

સતત ૩-૪ મહિના મની ઑર્ડર નહીં આવતાં, છગનભાઈનું બીલ ચૂકવી નહીં શકતા, બાને ખૂબ જ સંકોચ થતો. છગનભાઈ કહે તમે ચિંતા નહીં કરો. હું સાકરબેનનો પડોશી છું. જ્યારે પણ પૈસા આવે તમે ચૂકવજો. ઉધારીની ચિંતા છોડી દો.

બાએ અનાજ ઉધારીથી લેવાનું બંધ કરી ને રોજ આયંબિલ કરી, આયંબિલ ખાતામાં અમને લઈ જઈ આયંબિલ કરાવતા. એક દિવસ આયંબિલ ખાતાના મુનીમે મને નવકાર મંત્ર બોલવા કહ્યું. હું પોપટની જેમ નવકાર મંત્ર બોલી ગયો. બાની આંખોમાં ઝળઝળીયાં આવી ગયા. ધર્મશાળામાં આવીને ખૂબ રડ્યા. અમે પૂછ્યું બા કેમ આટલું રડે છે? બા એ કહ્યું પૈસા ભરાવ્યા સિવાય હવે આયંબિલ ખાતામાં નહીં જઈએ. હું તો ઉપવાસ કરીશ પણ તમે બે ખૂબ નાના છો તેની ચિંતાથી રડવું આવી ગયું. અમે કહ્યું બા અમે પણ તારી જેમ ઉપવાસ કરીશું.

પંથે પંથે પાથેય...

મારી જિંદગીનો એ પહેલો ઉપવાસ હતો. ધર્મક્રિયાઓમાં દિવસ તો સારી રીતે પસાર થઈ ગયો. રાતના સૂઈ ગયા બાદ વહેલી પરોઢે ભૂખે ખૂબ પરેશાન કર્યા. માંડ-માંડ સવાર થતાં ધર્મશાળાની પડોશની રૂમના કચ્છીબેન પાનબાઈએ અમને બંન્ને ભાઈઓને પારણું કરાવ્યું. બાએ છઠ્ઠના પચ્ચખાણ લઈ લીધા.

ભૂખનું દુ:ખ, અછતની કારમી પીડા ને ટંચાઈનાં એ દિવસો હું ક્યારેય નહીં ભૂલી શકું. બાનાં ધર્મનાં સંસ્કારથી એ દિવસો પણ શાંતિથી પસાર થઈ ગયા.

બા સંગીત શીખેલા, અવાજ ખૂબ જ સુરીલો, છઠ્ઠનાં ઉપવાસને દિવસે ખૂબ જ પ્રેમથી પ્રભુ-ભક્તિમાં દિવસ પસાર થયો. ત્રીજે દિવસે સવારના ત્રીજા ઉપવાસના પચ્ચખાણ બાએ લીધા. એ દિવસે રૂા. ૧૦૦૦/- નો મનીઑર્ડર અને પિતાજીનો પત્ર આવ્યો. લખ્યું હતું કે હું સારું કમાયો છું. નવાણું પૂરી થયા બાદ એનું ઉજમણું કરીશું.

જીવનમાં કટોકટીની વેળાએ ફક્ત ધર્મનો જ વિશેષ સહારો લીધો છે. ધર્મે જ અમારી રક્ષા કરી છે. ધર્મમાં શ્રદ્ધા વધારે ઊંડી થઈ છે.

✷ ✷ ✷

૧૨, તુલીપ્સ, પેટીટ હૉલ સામે, ૭૧, નેપીયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન નં. : 9833702220

મારો ભારતવાસી

❑ સુરેશ એસ. ચૌધરી

જૂન માસ ભારતીયો માટે ઠંડો અને યુરોપના લોકો માટે સમર કહેવાય. એવા દિવસોમાં હું અને મારાં પત્ની યુરોપની ટુરમાં નીકળ્યા હતાં. તનમનની આઝાદીનો સુવર્ણ દિવસ. રવિવારની રાત્રિના ૯ વાગે અમો જર્મની (Germany) ના ડોરમાજન (Dormagen) ગામની હૉટલ સોલોઈન (Soloinn) માં ઊતર્યા. રાત્રિના સમયે

(વધુ માટે જુઓ અનુસંધાન પાનુ ૨૫)

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.



પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૭ • જુલાઈ ૨૦૧૦ • પાના ૨૮ • કીમત રૂા.૧૦

જિન–વચન

પ્રાણીવધનું અનુમોદન કરવું નહિ

न हु पाणवहं अणुजाणे मुच्चेज्ज कयाइ सव्वदुक्खाणं ।
एवायरिएहिं अक्खायं जेहिं इमो साहुधम्मो पण्णत्तो ।।

–उत्तराध्ययन–८-८

જેઓ પ્રાણીવધનું અનુમોદન કરે છે, તેઓ ક્યારેય સર્વ દુ:ખોથી છૂટી શકતા નથી. જેઓએ સાધુધર્મ સમજાવ્યો છે તેઓએ આ પ્રમાણે કહ્યું છે.

प्राणीवध का अनुमोदन करने वाला सर्व दु:खों से कभी भी मुक्त नहीं हो सकता । जिन्हों ने यह साधु-धर्म समझाया है उन्होंने ऐसा कहा है ।

Those who support others' act of killing living beings can never be free from all the miseries. All those who have preached true religion have said so.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

હું આપનો ઉપકાર માનું છું

જે માનવી તત્ત્વજ્ઞાનના સાચા ઉપાસક હોય છે એવા લોકો પોતાને હંમેશાં તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી સમજે છે. જ્યાંથી જ્ઞાન મળે ત્યાંથી લે છે ને પોતાના આચરણમાં વણી લે છે. નાની વ્યક્તિ પાસેથી પણ શીખવાનું મળે તો એ લોકો ઝીલી લે છે.

ગ્રીક તત્ત્વજ્ઞ સોક્રેટીસ આવા જ એક સાચા તત્ત્વજ્ઞાની હતા. એમનું જીવન બહુ કડક હતું. એમને જોઈને લોકો આદરથી મસ્તક ઝૂકાવી દેતા, પણ એ તો પોતાને તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી જ સમજતા અને નાની કે મોટી કોઈપણ વ્યક્તિ પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ થાય તો હોંશે હોંશે જ્ઞાન ભેગું કરતા ને જીવનમાં વણી લેતા.

એક સમયે એક નામચીન શરાબી મદિરા પીને ઝૂમી રહ્યો હતો. હજી એ થોડા હોશમાં હતો. સોક્રેટીસને રસ્તામાં એ સામો મળી ગયો. તે રસ્તા ઉપર ઠેર ઠેર કાદવ હતો.

સોક્રેટીસે પ્રેમભાવે એને કહ્યું, 'ભાઈ! ડગલા સંભાળી ભરો, નહીં તો કાદવમાં ગબડી પડશો.'

દારૂડિયાએ તો સણાસણાતો જવાબ આપ્યો, 'અરે સંત! આપ મને શું સલાહ આપો છો. હું ગબડી પડીશ તો સ્નાન કરીને ફરીથી સ્વચ્છ થઈ જઈશ. પરંતુ આપનો પગ જો લપસ્યો તો આપ ક્યાંયના નહિ રહો. ના સાધુ! ના ગૃહસ્થ! સમજ્યા!'

શરાબીની એ વાણી સાંભળીને સોક્રેટીસે એને નમન કર્યું ને એ બોલ્યા, 'ભાઈ! આપે કહ્યું તે તદ્દન સાચું છે. આપે મને સચેત ને સાવધાન કર્યો એ માટે હું આપનો ખૂબ ઉપકાર માનું છું.

સૌજન્ય : 'ઋતંભરા શક્તિદલ'

આચમન

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સૌજન્યથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા શનિવાર તા. ૪-૯-૨૦૧૦ થી શનિવાર તા. ૧૧-૯-૨૦૧૦ સુધી એમ આઠ દિવસ માટે યોજાશે.

વ્યાખ્યાનમાળા સ્થળ :

પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

રોજ ૭-૩૦ વાગે ભક્તિસંગીત અને ૮-૩૦ થી ૧૦-૧૫સુધી બે વ્યાખ્યાનો યોજાશે.

સર્વને પધારવા નિમંત્રણ છે.

❑ મંત્રીઓ

જરૂરી ખુલાસો

'જૈન પારિભાષિક શબ્દકોશ' તેમજ 'પત્ર ચર્ચા' વિભાગ અંતર્ગત લેખો પ્રસ્તુત અંકમાં સ્થળસંકોચને કારણે સમાવી શકાયા નથી જે બદલ વાચકો દરગુજર કરે.

તંત્રી

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	જૈન ધર્મ અને શ્રીમંતો અને અપરિગ્રહ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	સંતવાણી : કલા અને કસબ	ડૉ. નિરંજન રાજ્યગુરુ	૬
(૩)	આનંદઘનજી રચિત-શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન	સુમનભાઈ એમ. શાહ	૧૦
(૪)	સ્વદેશી સામ્રાજ્યવાદ	મહેન્દ્ર મેઘાણી	૧૨
(૫)	ખૂબીઓ વધારીએ, ખામીઓ સુધારીએ!	રોહિત શાહ	૧૪
(૬)	પ્રો. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા સંગીતમય મહાવીર કથા	મનહરભાઈ કામદાર / નવનીતભાઈ ડગલી	૧૫
(૭)	દૂધ	હિંમતલાલ એસ. ગાંધી	૧૬
(૮)	રામ કથા, ગાંધી કથા અને હવે સાંભળો ।। મહાવીર કથા ।।	ડૉ. મનોજ જોશી	૧૮
(૯)	'ણ' અક્ષરનો પ્રભાવ	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	૨૦
(૧૦)	વિશ્વ ગુજરાતી ભાષા દિવસ	કાકુભાઈ છગનલાલ મહેતા	૨૧
(૧૧)	શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૨૧	પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ	૨૩
(૧૨)	જયભિખ્ખુ જીવનધારા-૨૦	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૫
(૧૩)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૪)	પંથે પંથે પાથેય : એ હૃદયસ્પર્શી દૃશ્ય	ભોગીલાલ શાહ	૨૮

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૭ ● જુલાઈ ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● અષાઢ સુદ –તિથિ-૫ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

જૈન ધર્મ અને શ્રીમંતો અને અપરિગ્રહ

૮૪ વર્ષ ની દીર્ઘ યાત્રા સ્વસ્થતાપૂર્વક પાર કરી ચૂકેલા, અનુભવ અને પ્રવૃત્તિથી સમૃદ્ધ અને આજે ય પૂરા કાર્યશીલ એવા સ્વાતંત્ર્ય સેનાની શ્રી સૂર્યકાંતભાઈ પરીખનો હમણાં જ તા. ૨૮ મેના મને એક પત્ર મળ્યો, આ પત્ર 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને હું સમર્પિત કરું છું, ચર્ચા–ચિંતન માટે.

સ્નેહીશ્રી ધનવંતભાઈ,

જૈનધર્મ પણ અન્ય ધર્મોની માફક એકાંગી નથી, તે સર્વગ્રાહી છે, અને જાગતિક પરિસ્થિતિને લક્ષ્યમાં લઈને જૈનધર્મ પાળનારે ઓછામાં ઓછું શું – વ્યક્તિગત રીતે, અને સામાજિક રીતે શું કરવું જોઈએ તે અંગે આપ લખો, અને નીચેના મારા પ્રશ્નો પર પ્રકાશ પાડો કે (૧) અત્યારે સતત પૈસાનું મહત્ત્વ ખૂબ જ વધી રહ્યું છે, કમાવ, ખૂબ કમાવ, અને તે માટે ગમે તે રીતે કમાવ એ મનઃસ્થિતિ દિવસે દિવસે વધુ વ્યાપક થતી જાય છે, તો તેમાં જૈનધર્મના મૂળમાં અપરિગ્રહ તરફ ગતિ કરવાની વાત ભૂંસાતી જાય છે તો શું કરવું જરૂરી છે ? જેમ પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવો છો તેમ બીજી પણ વ્યાખ્યાનમાળા મુંબઈ જૈન યુવક સંઘ ગોઠવે છે. તેમાં વિષય રાખવો જોઈએ કે (૧) ચારે તરફ સત્તાનું, પૈસાનું કેન્દ્રીકરણ થાય છે. તેની વચ્ચે પાળી શકાય એવો જૈન ધર્મ કેવો હોવો જોઈએ ? શ્રી કુમારપાળભાઈ જેવા વ્યક્તા તે અંગે કંઈક જણાવે તો સારું.

તમે અત્યારની આર્થિક-વિષમ પરિસ્થિતિમાં પ્રબુદ્ધ જીવન મારફતે જૈન ધર્મની રીતે વ્યક્તિ/કુટુંબ/સમાજ કેવી રીતે જીવે તે દર્શાવશો તો આનંદ થશે. ધર્મ એ આપણા અત્યારના જીવનને પણ બચાવનાર છે, જૈન ધર્મમાં જે તપ સાધના છે તે છેવટે તો મનને શાંતિ આપે તે માટેની છે.

☐ સૂર્યકાન્ત પરીખ

આ અંકના સૌજન્યદાતા

સ્વ. સોમચંદ ચુનીલાલ શાહ પરિવાર

સ્મૃતિ–શ્રધ્ધાંજલિ

સ્વ. પૂ. બાપુજી, બા, પ્રવીણભાઈ, પ્રતાપભાઈ અને પ્રમિલા

આ સૂર્યકાન્તભાઈ આ સંસ્થા, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સ્થાપકોમાંના એક શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાના કુટુંબીજન, એમના પત્ની શ્રીમતિ ગીતા પરીખ પરમાણંદભાઈના સુપુત્રી અને ચિંતનશીલ કવયિત્રી, સૂર્યકાંતભાઈ ભારતની આઝાદીની લડતમાં પૂરા સક્રિય હતા, એટલે પોતાને હંમેશા સ્વતંત્રસેનાની અને ફીડમ ફાઈટર કહે–લખે, આ વાંચીને આપણને પણ ગૌરવ થાય અને પોરસ ચઢે, એઓ આ ઉપરાંત ગાંધી અને ગાંધી યુગથી પૂરા રંગાયેલા, તેમજ પૂ. રવિશંકર મહારાજ અને પૂ. વિનાબાજીની ભૂદાન અને અન્ય પ્રવૃત્તિમાં પણ જોડાયેલા એટલે એઓ આદર્શવાદી હોય એ સમજી શકાય છે. છેલ્લા ૨૫ વરસથી સૂર્યકાંતભાઈએ પર્યાવરણની અને માનવ આરોગ્ય માટેની એક મહત્ત્વની પ્રવૃત્તિ માટે ભેખ ધર્યો છે અને એમાં સફળ પણ થયા છે. એ છે સેનિટેશન એટલે ભારતમાં યાત્રા અને અન્ય સ્થળોએ જાહેર શૌચાલયો અને સ્નાનગૃહો બાંધવા અને એની જાળવણી કરવી. અમદાવાદ સ્થિત એમની સંસ્થાનું નામ છે 'નાસા ફાઉન્ડેશન'- NATIONAL SANITATION & ENVIRONMENT IMPROVEMENT FOUNDATION. આ સંસ્થાએ આ ક્ષેત્રમાં ખૂબ જ સારું અને મહત્ત્વનું કામ કર્યું છે, અને આનંદની હકીકત તો એ છે કે દાનવીર દાતાઓ મંદિરની જેમ આવી પ્રવૃત્તિમાં પણ છૂટે હાથે પોતાની ધન રાશિ આવા કાર્યમાં આપી પર્યાવરણની આવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે. આ સંદર્ભે આ સંસ્થાની પુસ્તિકા 'ટૉયલેટની દુનિયા' વાંચવા જેવી છે. જાગૃત નાગરિકોએ આ સંસ્થાની અને એની પ્રવૃત્તિની વિગતો આ સંસ્થા પાસેથી મંગાવવી જોઈએ. પર્યાવરણની ખેવના અને આરોગ્ય સેવા એ માનવ ધર્મ છે, એ એક ઉત્તમ પૂજા છે.

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

કેટલાંક વર્તમાન સંતપુરુષો અને બૌદ્ધિકોએ તો ત્યાં સુધી કથન કર્યું છે કે દેશને રળિયામણો અને સ્વસ્થ-સ્વચ્છ બનાવવો હશે તો હવે મંદિરો નહિ જાહેર શૌચાલયો વધુ બાંધવા જોઈશે, જો કે આ કથન સાથે પૂરા સંમત ન થવાય. શારીરિક શુદ્ધિ માટે જેટલી જરૂરિયાતો શૌચાલયોની છે એટલી જ જરૂરિયાતો માનસિક અને ચૈતસિક શુદ્ધિ માટે મંદિરો અને ધાર્મિક સ્થાનોની પણ છે.

હવે આપણે એમના અહીં પ્રગટ કરેલ પત્રની થોડી ચર્ચા કરીએ.

આ પત્રમાં એઓશ્રીની જે સંવેદના, વેદના છે એ વેદના આક્રોશ સુધી પહોંચી છે. મારું માનવું છે કે આ વેદના એકલા સૂર્યકાંતભાઈની જ નથી સર્વ જાગ્રત અને બૌદ્ધિક નાગરિકની અને જૈન શ્રાવકની છે. એટલે જ આ પત્ર 'પ્ર.જી.'ના વાચકો પાસે મેં મૂક્યો છે. સર્વ વાચક મહાનુભાવોને પોતાના વિચારો દર્શાવવા અમે નિમંત્રણ આપીએ છીએ.

જૈન ધર્મ સર્વગ્રાહી છે, અનેકાંતવાદ અને સ્યાદ્‌વાદ એના પાયામાં છે એટલે જગતના સર્વ તત્ત્વચિંતકોએ એને પ્રશંસ્યો છે અને કેટલાંકે તો પુનર્જન્મમાં જૈન તરીકે જન્મવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. જગતની લગભગ પાંચ અબજની વસ્તીમાં જૈન ધર્મીની સંખ્યા એક કરોડથી વધુની નહિ હોય, પણ જૈન ધર્મનું ચિંતન તો કરોડોથી ય વધુ લોકો સુધી પહોંચ્યું છે જ. જૈન ધર્મના અન્ય સિદ્ધાંતોમાં ત્રણ તો મુખ્ય, અહિંસા, સત્ય અને અપરિગ્રહ. અન્ય ધર્મો તરફ દૃષ્ટિ કરીએ તો આ ત્રણ સિદ્ધાંતો લગભગ પ્રત્યેક ધર્મે પ્રબોધ્યા છે. જૈન ધર્મ પાળનાર ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકા છે અને સંસારની સર્વ આસક્તિ ત્યજીને મોક્ષમાર્ગ સ્વીકારનાર સાધુ-સાધ્વી વર્ગ છે. જૈન શાસ્ત્રે આ બન્ને વર્ગ માટે વિગતે અને ઊંડાણપૂર્વક આચારસંહિતા અને નિયમો ઘડ્યા છે જે શાસ્ત્રબદ્ધ છે જ. સર્વ પ્રથમ આ નિયમોનું અધ્યયન સાધુ વર્ગ કરે છે અને એ પ્રમાણે આચરણ બહોળો સાધુ વર્ગ કરે છે જ. શ્રાવક-શ્રાવિકાઓને આ નિયમો સમજાવવાનો અને આચરણ કરાવવાનો પોતાનો ધર્મ પણ આ સાધુ વર્ગ પાળે છે જ.

પરંતુ વર્તમાન સમયમાં આધુનિકતાના નામે અને યુવાનોને ધર્મ પ્રત્યે આકર્ષવાના કારણો આપી કેટલાંક નિયમોની અવગણના કરવામાં આવી રહી છે. આપણે 'જડ' ન બનીએ, 'રૂઢિવાદી' પણ ન રહીએ, પણ જ્યાં પાયાનું 'સત્ય' જ ખંડિત થતું હોય તો એ થકી પ્રાકૃતિક પરિણામ આવે એ સમાજે ભોગવવું જ રહ્યું. આજે જૈન સમાજ આ પરિસ્થિતિ પાસે આવીને ઊભો છે. પૂર્વાચાર્યોએ વિચારેલી ક્રિયાઓ જરૂર અનુસરીએ પણ એમાં અતિશયોક્તિ આવે, ઉત્સવો અને એમાંય ભવ્યાતિભવ્ય ઉત્સવોના નિર્માણો થાય ત્યારે માત્ર ધનવ્યય જ નથી થતો, જૈન સિદ્ધાંતની હિંસા પણ થાય છે. અને આ ઉત્સવો પણ કેટકેટલા પ્રકારના ? ઉજમણા અને પ્રેરણાના લેબલના નામે આજે તો માત્ર શ્રીમંતોને જ પોષાય એવા પ્રસંગોનું આયોજન થાય છે. દેખાદેખીથી મધ્યમ વર્ગને પણ આ ઘટનાઓને અનુસરવી પડે છે, એ દુઃખને તો ક્યાં વાગોળવું ? એક તરફ અઠ્ઠાઈ આદિ અનેક તપ કરી પુણ્યની પ્રાપ્તિ સાથે અન્નનો ઉપયોગ ઓછો થાય, અને એજ નિમિત્તે ભોજન સમારંભો કરી અન્નનો કેવો ઉપયોગ કરીએ છીએ ? વરઘોડાનું આયોજન કરી ધ્વનિ પ્રદૂષણમાં વધારો કરીએ અને હાથી-ઘોડાનો ઉપયોગ કરી પશુઓને દુઃભવીએ.

આ ઉત્સવો થકી જાગૃતજનોને એમાં શ્રીમંતાઈનું પ્રદર્શન લાગે તો નવાઈ શા માટે પામવી ?

જૈન ધર્મના પાયાના સિદ્ધાંત અપરિગ્રહની તો અવગણના થઈ ગઈ છે. સામાજિક અને આત્મિક શાંતિની પ્રાપ્તિ આ અપરિગ્રહના આચરણથી જ શક્ય બનવાની છે.

જ્યારથી 'ધર્મ'નો જન્મ થયો ત્યારથી આજ સુધી અને ભવિષ્યમાં પણ જનમાનસ ઉપર એ ધર્મના ધર્માચાર્યોનું જ વર્ચસ્વ રહેવાનું. ગમે તેવો ચક્રવર્તી સત્તાધારી રાજા જંગલમાં કે મઠમાં વસતા ધર્માચાર્યોના આદેશને જ સર્વસ્વ માનતો. રાજા અને પ્રજાની 'નાડ' અને 'સુકાન' આ ધર્માચાર્યો પાસે જ રહેવાના. એટલે અપરિગ્રહનો સિદ્ધાંત આ ધર્માચાર્યો જ સમજાવી શકશે, આચરણ કરાવી શકશે.

આજનો આપણો કેટલોક વર્ગ યેનકેન પ્રકારેણ ધનપ્રાપ્તિ પાછળ ઘેલો બન્યો છે. આ ભૌતિક પ્રાપ્તિ પછી 'યશ-કીર્તિ' પ્રાપ્તિની પાછળ પણ એટલો જ રઘવાયો થયો છે. દાન સ્વીકારી કીર્તિ આપનાર વર્ગે એ ધનપતિએ ધન પ્રાપ્તિ કયા માર્ગે, કયા સાધને અને કઈ રીતે કરી છે, એની સજાગતા વિસરાઈ ગઈ છે. ભામાશા, જગડુશા, વસ્તુપાળ તેજપાલ, મોતીશા વગેરે હવે દૃષ્ટાંત કથાઓના પાત્રો જ બની રહ્યા છે. આ મહાન પાત્રો વાંચન પૂરતા જ પ્રેરક રહ્યાં છે.

આવો વંટોળ છે, તો પણ આ 'અપરિગ્રહ'ના સિદ્ધાંતનું તેજ ઓછું થયું નથી, આ સિદ્ધાંતને કારણે જ આજે પણ આપણા સમાજમાં એવા દાનવીરો દૃશ્યમાન થાય છે કે જેમના જીવનની સાદગી જોઈને આપણું મસ્તક નમી જાય.

મુ. સૂર્યકાંતભાઈએ મને હમણાં એક નાનકડી પુસ્તિકા મોકલી– **'વી ગીવ અવે ફોર્ચ્યુન'**–એમાં આ અપરિગ્રહના સિદ્ધાંત તરફ વળેલા અમેરિકન ધનપતિઓની કથા છે, એમાં ચાલીશ ધનપતિઓની કથા છે. આ ચાલીશ ધનપતિઓએ પોતાની સમગ્ર ધનરાશિ સમાજને આપી દીધી છે એની સત્ય ઘટના છે.

'તેન ત્યક્તેન ભુંજિથાઃ' 'તેનો ત્યાગ કરીને ભોગવ' અને 'દાનમ્ સવિભાગમ્'–અભિમાન રહિત દાન કરો. આ ભારતીય સંસ્કૃતિને અને ગાંધીજીની 'ટ્રસ્ટીશીપ'ના સિદ્ધાંતને આ દાનવીરો ચરિતાર્થ કરે છે. મુ. સૂર્યકાંતભાઈએ એ પુસ્તિકાના દોહન રૂપ જે પરિચ્છેદો મને મોકલ્યા છે એ પ્ર.જી.ના વાચકોને સમર્પિત કરું છું.

''ખૂબ પૈસાપાત્ર કુટુંબોમાં એક સમાન વિચાર રહેતો હોય છે કે, પોતાના અઢળક ધનના ભંડારને ઓછો ન થવા દેવો, એને માટે તેને અડવું નહીં એટલે ધનથી મેળવાતી સત્તા અને વિશેષ અધિકારો મળ્યાં કરે, જે કમાણી સતત થતી હોય તે વાપરવી અને ધનના સંચયમાંથી મળતું વ્યાજ મળે તેમાંથી થોડુંક દાન આપીને દાનવીરોમાં પોતાનું નામ આગળ કરવું.'

પરંતુ, જે અમેરિકન સમાજમાં ધનનો સંગ્રહ કરવાની જ વૃત્તિ હોય તથા નવી પેઢીને પણ ભૌતિક સાધન સંપત્તિમાં જ રસ હોય, એમાં પણ એક કોલીન જેવા જર્મન ધનાઢ્ય મા-બાપના દીકરા જેવા યુવાન નીકળે કે જેઓ એમ કહે કે, મને જન્મથી જ મોટી સંપત્તિ વારસામાં મળી હતી, પરંતુ તે સ્થિતિ મને કુદરતી રીતે જ માફક નહોતી આવતી, એટલે મેં તે તમામ સંપત્તિ (૨,૭૫,૦૦૦ ડોલર) સમાજનું નવનિર્માણનું કામ કરનાર સામાજિક સંસ્થાને આપી દીધી. કોલીન આગળ ઉપર કહે છે કે હું ૧૬ વર્ષનો હતો ત્યારે મારા પિતાએ મને બોલાવીને કહ્યું કે, તું ઘણાં પૈસા વારસામાં મેળવવાનો છે, અને જો તું તેનું યોગ્ય રીતે રોકાણ કરીશ તો તને જીંદગીભર કોઈ વાંધો નહીં આવે. મારા પિતાજીની ઈચ્છા મારું બાળપણ અને ત્યારપછીનું મારું જીવન સુખેથી કાઢું તેવી હતી. પરંતુ મારા મનમાં એ વાત પાકી થયેલી કે, એકલી આર્થિક સદ્ધરતા એ માણસના સુખમય કે શાંતિમય જીવનની ચાવી નથી, પરંતુ બીજી કેટલીક બાબત તે સાથે સંકળાયેલી છે. આ જાતના વિચારો કરનાર વ્યક્તિ કોલીન જ નહોતો, પરંતુ બીજા પણ સમાજમાં હતા કે જેઓએ સમાજમાં શાંતિ અને સમભાવ સ્થપાય તે માટે પોતાની તમામ દોલત આપી દીધેલી. એવી ૪૦ વ્યક્તિઓને શોધવાનું કામ ક્રીસ્ટોફર મોગીલ અને એની સ્લીપેઈન નામના બે લેખકોએ કરી. મિ. મોગીલે એક અખબાર સાથેના તેમના ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, સામાન્ય રીતે ધનાઢ્ય લોકો પોતાની સંચય કરેલી સંપત્તિનું વ્યાજ જ વાપરતા હોય છે. પરંતુ આ બધા કિસ્સાઓમાં એક જુદી જ પરિસ્થિતિ હતી. જેને આપણે પરંપરાગત દાનનો પ્રવાહ કહીએ તેમાં ભૂખ્યાને અન્ન આપવું, માંદાને સારવાર આપવી કે અભણને ભણાવવા વિગેરે બાબતો ગણી લેવામાં આવે છે. પરંતુ ધરમૂળથી સામાજિક ન્યાય મળે તેની સાથે દાનનો પ્રવાહ જોડવામાં આવતો નથી. સામાજિક ન્યાયનો અર્થ લોકો પોતાના આર્થિક અને સામાજિક કર્તવ્યમાં સભાન થાય તેમ જ આગ્રહપૂર્વક સમાજ વ્યવસ્થાને બદલવા માટે મહેનત કરે એ છે.

'અમે અમારું ભાગ્ય સમાજને અર્પિત કર્યું', એ શીર્ષક હેઠળની આ ચોપડીમાં ૧૩ સ્ત્રીઓ અને ૨૭ પુરુષો બધા જ વ્હાઈટ અમેરિકનો અને જર્મનો, ઉંમર ૨૫ થી ૨૭ ની વચ્ચેની છે, તેઓની સત્ય કથાઓ છે. એમાંની કેટલીક બહેનોએ તો પર્યાવરણની સુધારણા માટે, બહેનોના હક્કો માટે, એઈડ્ઝ જેવા રોગો સામે સજાગતા કેળવવા પોતાની તમામ દોલત એવા કામમાં ખર્ચી છે, જે લગભગ ૪ કરોડ ડોલર જેટલી થાય છે.

દુનિયાની દવાની કંપનીઓમાં જેનું બહુ મહત્ત્વનું સ્થાન છે તેવી પ્રોક્ટર એન્ડ ગેમ્બલ નામની કંપનીનો એક વારસ જેનું નામ રૂબી ગેમ્બલ છે અને જે બોસ્ટનમાં મોટો થયો છે, તેણે પોતાની દોલતનો ઘણો મોટો ભાગ સમાજના નવનિર્માણના કામમાં આપી દીધો છે. એટલું જ નહીં, પણ કેનેડામાં સામાજિક અને આર્થિક ન્યાય માટે સંશોધન કરવા એક સંશોધન કેન્દ્રની સ્થાપના પણ કરી છે.

ફીલ વેરેરા નામની એક બોસ્ટનના એક ઔદ્યોગિક સાહસની વ્યક્તિએ યુ.એસ.એ.માં ફેમિલીઝ ફાઉન્ડેશન નામની સંસ્થા શરૂ કરવા માટે ૪ કરોડ ડોલર (૧૨૦ કરોડ રૂપિયા) જેટલી રકમ દાનમાં આપી દીધી છે. એ જ પ્રમાણે કોલીન્સે **પોતાની મોટા ભાગની દોલત એક એવી સંસ્થાને આપી છે કે જે બીજી સંસ્થાઓને મદદ કરે છે.** કોલીન્સે જાહેરમાં કહ્યું કે, મારા ધનનો મને જે ઉપયોગ છે તેના કરતાં વધુ ઉપયોગ સમાજને છે. જમેકામાં બે બેડરૂમના એક ફ્લેટમાં તે રહે છે. પોતાની દોલતમાંથી તેને અભ્યાસ માટે તથા પ્રવાસ માટે જે ફાયદો થયો તે માટે તેને ઘણો આનંદ છે, અને પિતાજીએ તેના ધનનું રક્ષણ કરવા જે ટ્રસ્ટ કરેલું તે ટ્રસ્ટનું વિસર્જન કરતા તેને સહેજે પણ દુ:ખ નહોતું થયું.

આવા અનેક લોકોની મુલાકાતો આ ચોપડીમાં કંડારાયેલી છે. જેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, ગરીબ લોકોની ગરીબીનું એક કારણ તેઓને પૂરતા પ્રમાણમાં તેમના કામનું વળતર નથી આપવામાં આવતું તે છે. અને પૈસાદાર લોકો તેમને ગરીબ રાખવામાં જ પોતાનો સ્વાર્થ સમજે છે. જે લોકોએ પોતાનું ધન સમાજને ચરણે ધરી દીધું છે, તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે અમારું ધન પણ અમને જે ચાલુ વ્યવસ્થા છે કે જેમાં શોષણ એ મહત્ત્વનું છે, તેના આધારે જ તે મળેલું છે. એટલે અમારે એવા ધનનો વહેલી તકે ત્યાગ કરવો જોઈએ. કોલીન્સે પોતાના પિતાજી ઉપર જે પત્ર લખ્યો તેમાંના વિચારો સાથે એના પિતાજી સંમત ન હોવા છતાં દીકરાનો પ્રેમ દેખાય છે. એટલે આ ચોપડી ભારતની દૃષ્ટિએ એટલા માટે મહત્ત્વની છે કે, ગાંધીજીએ આઝાદીની લડતમાં કેટલાય કુટુંબો પાસે પોતાની આર્થિક સંપત્તિ સમાજના મૂળભૂત પરિવર્તન માટે છોડાવેલી, આજે પણ ગાંધીજીના ગયા પછી ૧૪ વર્ષ સુધી સમગ્ર ભારતમાં ખૂણે ખૂણે વ્યાપેલ ભૂદાન આંદોલનની સાથે સાથે સંપત્તિદાનનો જે વિચાર આવેલો, તેને કારણસર આ ચોપડી વિચારકોએ વાંચવા જેવી છે.''

આજે ચારે તરફ સત્તાનું, પૈસાનું કેન્દ્રિકરણ થાય છે કારણ કે આપણી સંસ્કૃતિ એના અધ્યાત્મ મૂળને એક તરફ મૂકીને ભૌતિકવાદમાં ડૂબી ચૂકી છે. અમેરિકા અને પશ્ચિમના ભૌતિકવાદની દેખાદેખીમાં આપણે પામ્યા કરતા ઘણું ગુમાવી ચૂક્યા છીએ. હવે ભૌતિક સમૃદ્ધિ એજ પ્રગતિની વ્યાખ્યા બની ચૂકી છે. હવેનો સમાજ સમૃદ્ધિની પાછળ દોડે છે. એની મૂળ ખોજ તો શાંતિની હોવી જોઈએ એ ભૂલાઈ ગયું છે. હવે ઉપદેશ કે ચર્ચાથી કાંઈ નહિ વળે, હવે તો એ પટકાઈને પાછો આવશે ત્યારે જ સમજાશે, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

જો કે આપણી સંસ્કૃતિના પાયામાં એટલું બધું બળ છે કે એ ક્યારેય તૂટશે નહિ. આજે અધ્યાત્મિક માર્ગદર્શન અને શાંતિ માટે બધાં જ દેશોની નજર ભારત તરફ મંડાણી છે. પૂર્વ અને પશ્ચિમની દીવાદાંડીનું કામ એક સમયે આ દેશ જ કરશે. કાળ પાકશે ત્યારે એ થશે જ; ત્યાં સુધી ધીરજ રાખવી રહી, અને ધીરજ એ તપ છે. જીવન જીવવાની કળા જૈન ધર્મના સિદ્ધાંતોમાં અદ્‌ભુત છે. નવી ખોજની કોઈ જરૂર નથી, માત્ર આપણા ધર્માચાર્યો સાચી રીતે, નિસ્પૃહી ભાવે શ્રાવકને એ સમજાવશે તો મંગલ મંગલ છે, શાંતિ શાંતિ છે.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com
(અમદાવાદ સ્થિત શ્રી સૂર્યકાંતભાઈ પરીખનો ફોન નંબર છે– 079–26305745 / 26304561 Mobile : 9898003996.

સંતવાણી : કલા અને કસબ

❑ ડૉ. નિરંજન રાજ્યગુરુ

'ગુજરાતી ભજનસાહિત્ય : સત્ત્વ અને સૌંદર્ય' શીર્ષક નીચે સંતવાણી–કલા અને કસબ વિષયે થોડીક ઉપરછલ્લી ગોઠડી માંડી છે ત્યારે આ મિલનમેળામાં મને મારા પૂર્વસૂરિઓનું સ્મરણ કરવું ખૂબ જ જરૂરી લાગે છે. સૌરાષ્ટ્રની સંતવાણીધારાના સંશોધનક્ષેત્રમાં આચાર્ય ક્ષિતિમોહન સેન, ઝવેરચંદ મેઘાણી, જયમલ્લ પરમાર, મકરન્દ દવે, જયંતીલાલ આચાર્ય, રાજેન્દ્રસિંહ રાયજાદા, મોહનપુરી ગોસ્વામી, હિમાંશુ ભટ્ટ અને નરોત્તમ પલાણ જેવા મરમી સંશોધકો દ્વારા કંડારાયેલી કેડીએ મેં ડગલાં માંડ્યાં છે. આ ધારાને કંઈ કેટલાય તેજસ્વી સમર્થ ભજનિકોની ભજનમંડળીઓએ જીવંત રાખી છે. તો આજની પેઢીના મારા સમકાલીન સ્નેહી સંશોધકો સર્વ શ્રી હસુભાઈ યાજ્ઞિક, ભગવાનદાસ પટેલ, મુ. લાભશંકર પુરોહિત, દલપત પઢિયાર, બળવંત જાની, નાથાલાલ ગોહેલ, મનોજ રાવલ, રાજુલ દવે, મુ. ભાણદેવજી, મુ. પુંજાલાલ બડવા, પ્રા. રવજી રોકડ, પ્રા. રમેશ મહેતા, શ્રી ફારુક શાહ, રમેશ સાગઠિયા વગેરે મિત્રો મુરબ્બીઓની યાદ તાજી કરીને આ મિલનમેળાને આ સમૈયાને આ જામૈયાને આ જામાને સંતવાણીની પરિભાષામાં ગત્યગંગા નામ આપવું મને યોગ્ય લાગે છે. આવા મિલનમેળા, આવી ગત્યગંગા યુગેયુગે મળતી રહે છે. આપણા મરમી કવિ શ્રી મકરન્દભાઈએ એ વિષે સંકેત આપ્યો જ છે.

'નિત નવા નવા વેષ ધરીને, નિત નવે નવે દેશ,
આપણે આવશું, ઓળખી લેશું આંખ્યુંના ઈ સંદેશ;
પૂરવની એ પ્રીત તણાં જ્યાં ભીના ભેદ ભરેલા,
મરણને યે મારતા જાશે આપણા મિલનમેળા...

જીવન કેરી સાંજ થશે ને આપણે જઈશું પોઢી,
સૂરજ સાથે જાગશું પાછા નવીન અંચળો ઓઢી;
સપનાં જેવી તરતી જાશે જૂઠી જૂદાઈ વેળા,
મરત લોકમાં એક છે અમર આપણા મિલનમેળા...'

અહીં કેન્દ્રમાં ભજન છે. ભજનવાણીની વહેતી ગંગા, નિર્મળ ને પાવનકારી ગંગામાં આપણે સૌએ સ્નાન કરવાનું નિમિત્ત અનાયાસ પરમાત્માએ ઊભું કર્યું છે. ભજનોમાં ગવાયું છે કે– ***'નાયા તે નર નિરભે થિયા ને કુડિયા કિનારે બેસી રિયા...'***. અદ્‌ભુત રહસ્ય છે આ 'નિરભે' થવામાં. સંતવાણીમાં 'નિરભે' અને 'અનભે' શબ્દ વારંવાર આવે. મનુષ્યને સૌથી મોટો ભય છે મોતનો...કાળનો... પોતાનો અહંકાર, પોતાની સત્તા, પોતાનું સામર્થ્ય ચાલી જશે તો શું થશે? આ બીક, આ ભય મિટાવી દે એનું નામ ભજન.

જેનું જીવન નિરભે હોય, જે અનભેપદ – અભય પદ પામ્યા હોય એની વાણી પણ નિર્ભયવાણી હોય. **'ભજન ભરોંસે રે નર નિરભે થિયા રે.'** મોક્ષપદ નહીં, નિરભે પદની, અભેપદની પ્રાપ્તિ. અને આ અભેપદ મેળવવું હોય તો નિર્ગુણ નિરાકાર અલખધણીનો આરાધ માંડવો પડે અને અભેપદ મળે ત્યારે જ અભેદ દર્શન થાય. પછી નારી-પુરુષના, સ્વામી-સેવકના, નાના-મોટાના, બ્રાહ્મણ-ભંગીના, ઠાકર–ચાકરના અને ઈશ્વર–અલ્લાહના ભેદ ટળી ગયા હોય. સંતકવિ હોથીએ ગાયું છે ને!

'અલ્લા હો નબીજી રે... રામ ને રહેમાન તમે એક કરી માનો દાતા તૂંહિ રે નબીજી...

તો મિટ જાય ચોરાશીકા ફેરા... મટી જાય ચોરાશીકા ફેરા રે નબીજી હો... અલ્લાહ હો.'

મધ્યકાલીન સાહિત્યમાં–ભક્તિ સંગીતમાં, પદ અને કીર્તન એ સગુણ-સાકારની ઉપાસનાનું શબ્દમાધ્યમ છે, એ સૂર્યોદયથી સૂર્યાસ્ત લગી, મંગળા આરતીથી શયનઆરતી લગી ગવાય, જ્યારે ભજન એ નિર્ગુણ-નિરાકારની સાથે અનુસંધાન પ્રાપ્ત કરવાની શબ્દસાધના છે. જે સંધ્યાથી-સાયંકાળથી શરૂ થાય, પ્રાતઃકાળ-સૂર્યોદય સુધી–સમગ્ર રાત્રિ દરમ્યાન એના ચોક્કસ નક્કી થયેલા સમયમાં, ચોક્કસ રાગ તાલ ઢાળ ઢંગમાં, ચોક્કસ પ્રકારો મુજબ પરંપરિત ભજનિકો દ્વારા ગવાતી રહે. નિર્મળ સાત્ત્વિક ભાવની પરાકાષ્ટાએ મનુષ્યને પહોંચાડવા માટેની એક માનસિક સારવાર, મેન્ટલ ટ્રીટમેન્ટ આ ભજનો દ્વારા અપાય. જે માનસિક ચેતનાને સ્થિર કરી સાધકને એક ચોક્કસ ભૂમિકાએ પહોંચાડી શકે, પણ એ માટે અધિકારી થવું પડે. પિંડશોધનની પ્રક્રિયામાંથી પસાર થવું પડે.

'એવા અધુરિયાંસે નો હોય દલડાંની વાતું મારી બાયું રે
નર પૂરા રે મળે તો રાવું રેડીએ...
એવા ખાડા રે ખાબોચિયાં કેરી દેડકી રે
ઈ શું જાણે સમદરિયાની લેર્યું મારી બાયું રે...નર પૂરા રે...'

પણ પૂરા નર થવા માટેની શરતો ઘણી આકરી હોય.

'સદ્‌ગુરુ વચનુંના થાવ અધિકારી પાનબાઈ,
મેલી દેજો અંતર કેરા માન જી
આળસ મેલીને તમે આવોને મેદાનમાં ને,
સમજો સતગુરુજીની સાન રે...

જ્ઞાન, ભક્તિ, યોગ અને સેવા કે ધર્મ...આ ચાર પ્રવાહોમાં વહેતી આવે છે આપણી સંતવાણી.

કબીર કૂવા એક હૈ, પનીહારી હૈ અનેક,
બરતન ન્યારે ન્યારે ભયે, પાની સબનમેં એક.

મધ્યકાલીન સંત-ભક્તોની આ રહસ્યવાણી અને શબ્દસાધનાની પણ ચાર સરવાણી મળે. ધાર્મિક, સાંપ્રદાયિક, આધ્યાત્મિક અને સાધનાત્મક... એમાં વેદાન્ત, તત્ત્વદર્શન, યોગ અને આત્મજ્ઞાનના રંગછાંટણાં અવનવી ભાત પાડે.

મારે તો અહીં સંધ્યા સમયથી શરૂ કરીને સૂર્યોદય સુધીની સમગ્ર રાત્રિ દરમ્યાન કરાતાં ભજનગાન દ્વારા એક ભજનિક, એક ગાયક કઈ રીતે સંતસાધનાના ક્ષેત્રમાં સાધક તરીકે આગળ વધી શકે તેના સંકેતો માત્ર આપવા છે.

ભજનગાન પણ એક જાતની સહજસાધના છે. ભજનગાયક ટટ્ટાર-સ્થિર બેઠો હોય, એના ખોળામાં એકતારો હોય, ભજનના ચોક્કસ રાગ ઢાળ અને તાલ સાથે એના શ્વાસ-પ્રાણનું નિયમન થતું રહે, શબ્દોના આરોહ અવરોહથી અને એ શબ્દોના અર્થ, ભાવથી એનું ચિત્ત પરિપ્લાવિત કે રમમાણ થતું રહે અને અજાગૃતપણે જ એની સુરતા સ્થિર થઈ જાય.

સાખીથી શરૂ કરીને રાત્રિના અગિયાર વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સંધ્યા, આરતી, માળા, ગણપતિવંદના, ગુરુમહિમા અને વૈરાગ્ય ઉપદેશ, બોધ કે ચેતવણીના ભજનો ચોહાર રૂપે ચાર ભજનોના ઝૂમખામાં ગવાય. એ પછી ગુરુશરણે આવેલા સાધકના મનની મૂંઝવણ આલેખતા ભજનોનું ગાન શરૂ થાય. ત્યારબાદ ગુરુ દ્વારા સાધનાનું માર્ગદર્શન અપાયું હોય, પિંડ ને બ્રહ્માંડનો પરિચય કરાવ્યો હોય તેવાં ચૂંદડી, પટોળી, ચરખો, બંગલો, હાટડી...વગેરે રૂપક પ્રકારના ભજનો રાત્રિના બાર સુધી ગાવામાં આવે.

સાખી, પરથમ કેને સમરિયેં, કેના લઈએ નામ
માત પિતા ગુરુ આપણા લઈએ અલખ પુરુષનાં નામ...
સદા ભવાની સહાય રહો, સનમુખ રહો ગણેશ
પંચદેવ રક્ષા કરો, બ્રહ્મા વિષ્ણુ મહેશ...

આરતી, આરતી શ્રી રામની...સંતો બોલો સંધ્યા આરતી...

સંધ્યા, ગરવ કિયો સોઈ નર હાર્યો; હાલોને વિદુર ઘેર...

માળા, ગુરુજીના નામની હો...માળા છે ડોકમાં...

ગણપતિનાં ભજનોના ત્રણ પ્રકાર : ઊલટ, પાટ અને નિર્વાણ

પરથમ પહેલાં સમરિયે રે...સ્વામી તમને સુંઢાળા...
એવા રિદ્ધિ-સિદ્ધિના દાતાર દેવના, મે'ર કરોને મા'રાજ રે...
(રાવત રણશી)

બીજમારગી મહાપંથીગુપ્તપાટ ઉપાસના થતી હોય, પંચમિયા, દસા, વીસા, બારપહોરા, મહાકાલી, શિવશક્તિ, રામદેવપીર, શંખાઢોળ વગેરે વિધિ-વિધાનોના તંત્રમાર્ગી ગૂઢ જ્યોત ઉપાસના સાથેના પાટપૂજન સમયે જે ગણપતિનાં ભજનો ગવાય તેમાં જતિ-સતી મળી ગણનાયક ગજાનનને આ ગત્યગંગમાં પધારવા તથા તેત્રીશ કોટિ દેવી-દેવતા, ચોરાશી સિદ્ધ, નવ નાથ, ચોસઠ જોગણી બાવન વીર, ચાર પીર–ગુરુ, ચાર જુગના કોટવાળ, ચાર જુગના પાટનાં જતિ-સતીને સાથે લાવવા નિમંત્રણ આપે ત્યારે ગવાય પાટના ગણેશ ભજનો :

જમા જાગરણ કુંભ થપાણા, મળિયા જતિ ને સતી...
ગરવા પાટે પધારો ગુણપતિ... (કેશવ)

નિર્વાણ પ્રકારનાં ગણપતિનાં ભજનો કોઈ સંત-સિદ્ધપુરુષ-ભક્ત-સાધકને સમાધિ-ભૂમિદાહ આપતી વેળા ગવાય છે, તેમાં આપણાં પિંડ અને બ્રહ્માંડનું સર્જન કેમ થયું તેનું રહસ્ય, પાંચ તત્ત્વ, ત્રણ ગુણ, પચીસ પ્રકૃતિ, સાત ધાતુ, શરીરનાં નવ દ્વાર, દશ ઈન્દ્રિયો, પટ ચક્રો, એનાં દેવી-દેવતા, એના બીજમંત્રો... વગેરેનું નિરૂપણ હોય છે.

- ***મૂળ મહેલના વાસી ગજાનન અનુભવી તારા ઉપાસી ગુણપતિ...***
  મૂળ મહેલના...
- ***સેવા મારી માની લેજો સ્વામી રે સૂંઢાળા રે...***
- ***તમે ભાંગો મારા દલડાની ભ્રાંતા...તમે ખોલો મારા રૂદિયાના તાળાં...ગુણપતિ દાતા રે...*** (તોરલપરી રૂખડિયો)

ગુરુ મહિમા

ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિટે ન ભેદ,
ગુરુ બિન સંશય ના ટળે, ભલે વાંચીએ ચારે વેદ.

ભારતીય સાધના ધારાઓની તમામ પરંપરાઓમાં ગુરુશરણભાવનો મહિમા ખૂબ ગવાયો છે. બધા સંત-ભક્તકવિઓએ પોતાની વાણીમાં ગુરુમહિમાનું ગાન કર્યું છે.

અમારા અવગુણ રે ગુરુજી ગુણ તો ઘણા રે જી... (દાસી જીવણ)
ગુણપતિ આવો રિદ્ધિ સિદ્ધિ લાવો. નિરભે નામ સુણાવો...
(ભવાની દાસ)
ગુરુ તારો પાર ન પાયો... પ્રથમીના માલિક તારો હે જી...હો...જી...
(દેવાયત પંડિત)
સદ્‌ગુરુ તારણહાર, હરિ ગુરુ તમે મારા
તારણહાર, આજ મારી રાંકુંની અરજું રે... (ડુંગરપૂરી)

વૈરાગ્ય ઉપદેશ, બોધ-ચેતવણી

સદ્‌ગુરુનું શરણ મળી જાય પછી નવાસવા સાધકને ગુરુ આ મારગે ચાલવા માટે અને ક્ષણભંગુર એવી આ કાયા તથા માયાનો મોહ છોડવા માટે શું કરવું, શું ન કરવું, શેનાથી બચવું તેની શિખામણ આપે.

- ***બેલીડા બેદલનો સંગ ના કરીએ...*** (રતનદાસ)
- ***દોરંગા ભેળાં રે નવ બેસીએ...*** (દાસી જીવણ)
- ***'હે જી હીરો ખો માં તું...હાથથી,***
  આવો અવસર. પાછો નૈં મળે હો જી...' (તિલકદાસ)
- ***'આ પલ જાવે રે કરી લે ને બંદગી...*** (કલ્યાણદાસ)
- ***જાવું છે નિરવાણી... આતમાની કરી લે ને ઓળખાણી રામ...***
(રતનદાસ)

- *મળ્યો મનુષ જનમ અવતાર...* (ગંગાદાસ)
- *દિલ કેરા દાગ, મિટાદે મેરે ભાઈ...મન કેરા મેલ તમે ધોઈ કરી ડાલો વીરા મારા...શબ્દુરા...સાબુ લગાઈ...સુરતિ શીલા ઝાટકી પછાડો...વધ વધ હોશે ઉજળાઈ...* (કંથડનાથ)
- *બસ્તી મેં રેનાં અબધૂ માંગીને ના ખાના હો જી...*
  સાધુ ! તેરો સંગડો ના છેડું મેરે લાલ... (ગોરખ)
- *હે જીવને શ્વાસ તણી છે સગાઈ ઘરમાં ઘડી ન રાખે ભાઈ...*
  (ભોજાભગત)
- *વેડીશ મા રે ફૂલડાં તોડીશ મા...મારી વાડીના ભમરલા વાડી...*
  (દાસી જીવણ)
- *ભૂલ્યાં ભટકો છો બારે માસ હંસલા ! કેમ ઉતરશો પારે...*
  જડી હળદરને હાટ જ માંડ્યું, વધી વેપાર રે જી...
  સાવકાર થઈને ચળી ગિયોતું, માયાના એંકાર મારા હંસલા...
  (ભોજાભગત)

મનની મૂંઝવણ

સદ્‌ગુરુની શિખામણ મળ્યા પછી સાધનામાં આગળ વધવા માગતા સાધકના ચિત્તમાં વંટોળ જાગે, મન સ્થિર થાય નહિ, વૈરાગ્યભાવ પૂરો પ્રગટે નહિ એટલે ગુરુ આગળ પોતાના મનની મૂંઝવણ આ રીતે વ્યક્ત કરે :

- *મારી મમતા મરે નૈં...* (કાજી મામદશા)
- *મારી મેના રે બોલે રે...* (ડાડા મેકરણ)
- *કહોને ગુરુજી મારું...મનડું ન માને મમતાળું...* (દાસી જીવણ)

સાધના માર્ગદર્શન

શિષ્યના પિંડ અને પ્રકૃતિની પાત્રતા જોઈને ગુરુ એની લાયકાત મુજબ જે પચાવી શકે, એવી સાધનાની કૂંચીઓ બતાવે. સ્થૂળથી શરૂ કરીને સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ કેડીએ સાધકને દોરી જાય. સૌથી પહેલાં તો આ શરીરની પિછાન કરાવે. આ પિંડનું બંધારણ, એની શક્તિ, એનું સામર્થ્ય, ને છતાં એની ક્ષણભંગુરતા બંગલો, ચરખો, રેંટિયો, ચૂંદડી, પટોળી, મોરલો, હાટડી, નિસરણી, જંતરી જેવાં રૂપકોથી કાયાની ઓળખાણ કરાવીને પછી આંતરપ્રવેશ કરાવે. સાથોસાથ પિંડશોધનનો ક્રિયાયોગ પણ શીખવતા રહે.

કાયાનગરી–ચૂંદડી, પટોળી, ચરખો, હાટડી

- *એવી ચૂંદલડીનું ચટકું દાડા ચાર રે...* (લીળબાઈ)
- *એ જી રે એનો વણનારો વિશંભર નાથ પટોળી આ પ્રેમની...*
  (દાસ દયો)
- *એ જી એના ઘડનારાને તમે પારખો. હે જી રામ*
  નુરતે સુરતે નીરખો, કોણે બનાવ્યો પવન ચરખો... (રવિસાહેબ)
- *સુંદર વરની ચુંદડી રે મહાસંતો...* (મૂળદાસજી)
- *હે જી જીવણ જીવને જ્યાં રાખીએ...* (ભીમસાહેબ)
- *વીજળીને ચમકારે...મેરુ, રે ડગે પણ જેનાં...* (ગંગાસતી)

રાતના બાર વાગે નિર્ગુણ–નિરાકારની જ્યોત પ્રગટ થયા પછી થાળ, આરતી, સાવળ, આરાધ, રવેણી, આગમ, હેલી, અનહદનાદ અને પ્યાલાનું રૂપક ધરવતી રહસ્યવાણી શરૂ થાય. જેમાં યોગાનુભવથી સાંપડેલી મસ્તીનું વર્ણન હોય.

નિર્ગુણ જ્યોત આરતી

- *આનંદ મંગળ કરું...આરતી હરિ ગુરુ સંતની સેવા...*
- *ઉઠત રણુંકાર અપરંપારા...આપે નરને આપે નારી...*
  ઝલમલ જ્યોત અખંડ ઉજીયારા નૂર નિરંતર તેજ અપારા...
  (ભીમસાહેબ)

સાવળ

- *વાગે ભડાકા ભારી ભજનના...* (હરજી ભાટી)
- *એવાં પડઘમ વાજાં...* (હરજી ભાટી)
- *ઘણી ખમ્મા તમને ઝાઝી ખમ્મા...* (હરજી ભાટી)
- *ભગતિ કરો તો હરજી અગમ ભેદ જાણો રે...અને કહું તે...વચનમાં હાલો રે હાં...ધરમ...જૂનો છે હરજી ! નિજારપંથ આદિ રે...મોટા મુનિવર થઈને એમાં મહાલો રે હાં...* (રામદેવપીર)

આરાધ

ગળતી માજમ રાતે પછી ધીર ગંભીર કંઠે 'આરાધ'ના સૂર મંડાય. 'આરાધ' પ્રકારના ભજનોમાં આપણને અસલ-પ્રાચીન તળપદા વિવિધ ઢંગ સાંભળવા મળે, જેમાં સાધકને ચેતવણી પણ અપાઈ હોય કે આ સાધુતા પચાવવી સહેલી નથી. તેમ ધીરે ધીરે આ હરિરસ, આ ભક્તિરસ, આ પ્રેમરસનું પાન કરજો.

- *અજરા કાંઈ જરિયા ન જાય...* (ધ્રુવ પ્રહલાદ)
- *નૂરિજન સતવાદી આજ મારા...* (દેવાયત પંડિત)
- *જેસલ કરી લે વિચાર માથે જમ કેરો માર...* (સતી તોરલ)
- *જી રે લાખા ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો રે જી...* (લોયણ)

રવેણી

આદુની રવેણી કહું વિસ્તારી, સુનો ગુરુ રામાનંદ કથા હમારી...
પેલે શબદે હુવા રણુંકારા...ન્યાંથી ઉપન્યા જમીં આસમાના,
બીજે બીજે શબદે હુવા ઓમકારા ન્યાંથી ઊપજયા નિરંજન ન્યારા...
(કબીર)

આગમ

- *દેવાયત પંડિત દાડા દાખવે...સુણી લે ને દેવળદે નાર, આપણાં ગુરુએ સત ભાખિયાં...*
  જૂઠડાં નહીં રે લગાર, લખ્યા રે સોઈ દન આવશે... (દેવાયત પંડિત)

પ્યાલો

- *દયા કરીને મુંને પ્રેમે પાયો, મારી નેનુંમાં આયા નૂર, પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...* (દાસી જીવણ)
- *મન મતવાલો પ્યાલો ચાખીયો...* (લખીરામ)

- *એવો પ્યાલો મુંને પાયો...સદ્‌ગુરુએ.* (રવિસાહેબ)
- *'અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો...'* (રવિસાહેબ)
- *હે જી મારા ગુરુજીએ પાયો રે અગાધ પ્યાલો દૂજો કોણ પીવે..* (ત્રિકમ સાહેબ)
- *મેરા રામરસ પ્યાલા ભરપૂર...* (કબીર)

અનહદ નાદ

નાદના બે પ્રકાર છે, એક આહત નાદ – આઘાત ધ્વનિ, જે કોઈ પણ જાતના આઘાતથી ઉત્પન્ન થાય, બે મંજીરા ટકરાય ને રણકાર ઊપજે, બે વાદળાં ટકરાય ને મેઘગર્જના થાય, આપણા ઉચ્છ્વાસથી ગળામાંની સ્વરયંત્રીઓમાં કંપન થાય ને અવાજ–શબ્દ બહાર પડે... પણ બીજો એક નાદ, જેને માત્ર સાધનાની અમુક કક્ષાએ પહોંચેલા સાધકો જ સાંભળી શકે છે, જેને કોઈ હદમાં બાંધી શકાય તેમ નથી, જેને કોઈ જ પ્રકારના આરંભ, મધ્ય, અંત, સીમા કે બંધન નથી, અને તે અનાહત અનહદ નાદને વર્ણવતાં ભજનો આપણા સંત-ભક્તકવિઓએ રચ્યાં છે.

દેખંદા કોઈ આ દિલ માંય...નિરખંદા કોઈ, પરખંદા કોઈ આ દિલ માંય...

ઝણણણ ઝણણણ ઝાલરી વાગે... (દાસી જીવણ)

યોગાનુભૂતિ

- *ગુરુ મારી નજરે મોતી આયા. હે જી મેં તો ભેદ ભ્રમરા પાયા...* (અરજણ)
- *જોતાં રે જોતાં રે અમને જડિયાં રે સાચાં સાગરનાં મોતી...* (કબીર)
- *સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી, જ્ઞાન ગણેશિયો ઘડાયો રે...* (દાસી જીવણ)
- *બેની મુંને ભીતર સતગુરુ મળિયા રે. વરતાણી આનંદ લીલા મારી બાયું રે...* (લખીરામ)

રાત્રિના અઢી-પોણા ત્રણ પછી, સાધકને આત્મસાક્ષાત્કાર થયા પછીની બ્રહ્મસાક્ષાત્કારની વિરહ ઝંખના વર્ણવતાં સંદેશો, કટારી, મહિના ને અરજ જેવાં હરિમિલનની વ્યાકુળતા વર્ણવતાં અને નિર્ગુણ-સગુણનો સમન્વય કરીને અતિ વિલંબિત ગાયકીથી તીવ્ર વેદના જન્માવતાં સામેરીના ઢંગમાં પરજ પ્રકારનાં ભજનો ગવાય.

વિરહવેદના

- *જેને વાલાંથી વિજોગ રે...સુખેથી મન કોઈ દિ' સૂવે નેં...* (સવારામ)
- *સાયાંજીને કેજો રે...* (દાસી જીવણ)
- *કોણ તો જાણે બીજું કોણ રે જાણે મારી હાલ રે ફકીરી...* (અમરબાઈ)
- *એવો કેજો રે સંદેશો ઓધા શ્યામને...તમે છો માયલા આધાર રે...* (મોરારસાહેબ)
- *કટારી, કલેજા કટારી રે...* (દાસી જીવણ)
- *બેની મારા રુદિયામાં લાગી રે...મેરમની ચોધારી...પેલી કટારી...* (મૂળદાસજી)
- *પ્રેમકટારી આરંપાર...* (દાસી જીવણ)
- **એવી પ્રેમકટારી લાગી...** (સાંઈ વલી)

પરજ

હે જી નાવ્યા નાવ્યા મારા... (મોરારસાહેબ)

લાવો લાવો કાગળિયાને દોત... (મોરારસાહેબ)

રાત્રિના સાડા ચાર પછી રામગરી, પાંચ પછી પ્રભાતી અને સાડા પાંચ પછી પ્રભાતિયાં ગવાય...

રામગરી

- *હે જી વાલા અખંડ રોજી રે...હરિના હાથમાં...* (નરસિંહ મહેતા)
- *હે જી વાલા હારને કાજે...* (નરસિંહ મહેતા)
- **હે જી વાલા જીવણ જીવને...** (ભીમસાહેબ)

પ્રભાતિ

- *જા જા નિંદરા હું તુંને વારું, તું છો નાર ધૂતારી રે..* (નરસિંહ મહેતા)
- *મેં કાનુડા તોરી ગોવાલણ...* (નરસિંહ મહેતા)
- *જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે...* (નરસિંહ મહેતા)
- *નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીયે રે...* (નરસિંહ મહેતા)
- *જાગોને જશોદાના જાયા, વાણલા રે વાયા...* (નરસિંહ મહેતા)
- *ભણતી સાં કાનજી કાળા રે...* (પૂનાદે)

પ્રભાતિયાં

- *હે ઉગિયા સૂરજ ભાણ...નવે ખંડમાં હુવા જાણ,*
  ગત ને ગંગા મળી ને નિત કરે પરણામ રામ... (મૂળદાસ)
- *હે જાગ ને જાદવા કૃષ્ણ ગોવાળિયા*
  તુજ વિના ધેનમાં કોણ જાશે... (નરસિંહ મહેતા)
- *હે રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી*
  સાધુપુરુષને સૂઈ ન રહેવું...
  નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ
  એક તું એક તું એમ કહેવું... (નરસિંહ મહેતા)
- *અખિલ બ્રહ્માંડમાં...એક તું શ્રી હરિ...* (નરસિંહ મહેતા)
- *જે ગમે જગત ગુરુ દેવ....જગદીશને તે તણો ખરખરો ફોક કરવો...*

સંધ્યાથી માંડીને પ્રભાતિયાં સુધીના સમગ્ર રાત્રિ દરમ્યાન ગવાતાં ભજન પ્રકારોના આ પરંપરિત રાગ-ઢાળ-તાલ. એ મુજબ યાત્રા થાય આપણી ભજન સરવાણીની... ભજન એ ગાવા કે સાંભળવાની ચીજ નથી, ભજન તો જીવવાની અને ઝીલવાની ચીજ છે. ભજનનો એક શબ્દ પણ આપણા અંતરમાં ઊતરી જાય તો બેડો પાર થઈ જાય... ✷ ✷ ✷

આનંદ આશ્રમ ગૌસેવા ગોસંવર્ધન ગૌશાળા, ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ-૩૬૦૩૧૧. મો. : 09824371904. ટેલિફોન :૦૨૮૨૫ – ૨૭૧૫૮૨.

શ્રી આનંદઘનજી રચિત–શ્રી ચંદ્રપ્રભુ જિન–સ્તવન

❑ સુમનભાઈ શાહ

દેહધારી કેવળજ્ઞાનીઓ સિવાય સાંસારિક જીવો ચોરાસી લાખ જીવાયોનિમાં ચારગતિરૂપ ભવભ્રમણ કર્યા કરે છે. પૃથ્વીકાય, અપકાય (જલકાય), તેઉકાય (અગ્નિકાય) વાઉકાય (વાઉકાય), પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય (અસંજ્ઞી), સંજ્ઞી પંચેન્દ્રિય, દેવતા તથા નારક ઉત્પત્તિ સ્થાનકોમાં સાંસારિક જીવો જન્મ-મરણના ફેરા વારંવાર કર્યા કરે છે. આમાંના મનુષ્યગતિના જીવોને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ ભાષા અને મનઃપર્યાપ્તિ (છ પર્યાપ્તિ) વિકસિત થયેલી હોય છે, જો કે તેમાં કર્માનુસાર તીવ્રતા કે મંદતા દરેક જીવને અલગ અલગ હોઈ શકે છે. મનુષ્યનું મન પૂર્ણપણે વિકસિત થયું હોવાથી તે કર્મના ક્ષયોપશમ મુજબ ત્રણ કાળ વિષે વિચારવાનું સામર્થ્ય ધરાવે છે. મુક્તિમાર્ગ કે આધ્યાત્મિક વિકાસની ઉપેક્ષાએ મનુષ્યદેહને રત્નચિંતામણી કહેવામાં આવે છે જ્યારે અન્ય ગતિના જીવોને બહુધા કર્મનો ભોગવટો હોય છે.

ચોરાસી લાખ જીવાયોનિના કષ્ટમય દુઃખોના ભોગવટાથી મુક્તિ મળે એ હેતુથી વિચારવંતને શ્રી અરિહંત પરમાત્માએ માનવકલ્યાણ માટે જે જિનદર્શન કે તત્ત્વજ્ઞાન પાંત્રીસ અતિશયોથી યુક્ત વાણીથી પ્રકાશિત કર્યું છે તેને પામવાની રુચિ ઉત્પન્ન થાય છે, જે પ્રસ્તુત સ્તવનમાં શ્રી આનંદઘનજી આલોકિત કરે છે. બીજી રીતે જોઈએ તો અનેક જીવાયોનિમાં જીવ પ્રભુ દર્શન અને તેઓની સમ્યક્ ઓળખથી વંચિત હતો તે પામવાની ઉત્કંઠા મનુષ્યગતિમાં ચેતનાશક્તિથી કેવી રીતે પામી શકાય તેની સરળ અને સુગમ રીતે સ્તવનકારે પ્રસ્તુત સ્તવનમાં પ્રકાશિત કરેલી છે તે ગાથાવાર જોઈએ.

દેખણ દે રે સખી! મુને દેખણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ; સખી.
ઉપશમરસનો કંદ, સખી... ગત કલિ-મલ-દુઃખદંદ-સખી. ...૧

અગણિત જન્મોથી શ્રી જિનદર્શન પામવાની ઉત્કંઠાપૂર્વક રાહ જોઈ રહેલ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પોતાની સુસખીરૂપ ચેતના શક્તિને વિનંતી કરે છે કે શ્રી અરિહંત પરમાત્માનું નિર્મળ આત્મસ્વરૂપ કેવું છે તે જોઈ જાણવા દે. ચેતના શક્તિ એટલે કર્મોના ક્ષયોપશમ મુજબ આત્મિક દર્શન અને જ્ઞાનગુણનો પ્રયોગ કે ઉપયોગ જે વીર્યશક્તિના સદ્ભાવથી થાય છે અથવા ઉપયોગ લક્ષણથી જીવને થતી આંતરિક જોવા-જાણવાદિની પ્રક્રિયા. શ્રી અરિહંત પ્રભુનું સાક્ષાત્ દર્શન અત્યંત દુર્લભ છે. કદાચ આવી શક્યતા હોય તો પણ આત્માર્થી સાધક પ્રભુના કેવળજ્ઞાનાદિ આત્મિકગુણો ગ્રહણ કરી શકતો નથી, પરંતુ તેની શરૂઆત નામ અને સ્થાપના નિક્ષેપથી થાય છે, જે છદ્મસ્થ જીવથી ગ્રાહ્ય છે. જો સાધકને શ્રી જિનપ્રતિમાજીનું ભાવવાહી દર્શન નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિએ થાય તો 'શ્રી જિનપ્રતિમા જિન સારિખી નીવડે છે' એવું જ્ઞાનીઓનું કથન છે. શ્રી જિનપ્રતિમાજીની પ્રશાંત મુખમુદ્રા, ધ્યાનસ્થ અવસ્થા, કર્મમળ અને દુઃખથી રહિત ઝળકતી વીતરાગતાને નિહાળતાં સાધકની પણ ઉપાદાન શક્તિ, જે સત્તામાં અપ્રગટપણે હતી, તે જાગૃત થાય છે. અથવા શ્રી જિન દર્શનના શુદ્ધ નિમિત્તાવલંબનથી સાધકને પણ નિર્મળ આત્મિક ગુણોમાં રુચિ, પ્રવૃત્તિ, તત્ત્વરમણતાદિ થાય છે. આનાથી સાધકને પણ શુદ્ધભાવ પ્રગટે છે કે તે પણ ક્યારે શ્રી સર્વજ્ઞ ભગવંત જેવા નિર્મળ આત્મસ્વરૂપને હાંસલ કરશે.

સુહમ નિગોદે ન દેખીઓ, સખી, બાદર અતિહિ વિસેસ; સખી.
પુઢવી આઉ ન લેખીઓ, સખી. તેઉ-વાઉ ન લેસ. સખી.-૨
વનસ્પતિ અતિ ઘણ દિહા, સખી. દીઠો નહીં ય દીદાર; સખી.
બિ-તિ-ચઉરિંદી જલ લીહા, સખી. ગતસન્નિ પણ ધાર-સખી. ૩
સુર તિરી નિરય નિવાસમાં, સખી. મનુજ અનારજ સાથ; સખી.
અપજત્તા પ્રતિભાસમાં, સખી. ચતુર ન ચઢીયો હાથ. સખી. ૪
ઈમ અનેક થળ જાણીએ, સખી. દરિસણ વિણુ જિનદેવ; સખી.
આગમથી મત આણીએ, સખી. કીજે નિરમણ સેવ. સખી. ૫

સ્તવનકારે ઉપરની બેથી પાંચમી ગાથામાં અવ્યવહાર રાશિથી માંડી પંચેન્દ્રિયપણાની ચારગતિરૂપ જિવાયોનિઓમાં અનેકવાર જે ભવભ્રમણ કરી, અવ્યક્ત અને વ્યક્તપણે જન્મ-મરણાદિનાં દુઃખો ભોગવ્યાં છે અને જ્યાં શ્રી જિનદર્શન પામ્યો નથી તેનું વૃત્તાંત વર્ણવે છે. અથવા એક થી પાંચ ઈન્દ્રિયોનું ઉત્ક્રાંતિનું સંક્ષિપ્ત નિવેદન જીવ તેની ચેતનાશક્તિને વર્ણવે છે, જેમાં તે શ્રી જિનદર્શનથી વંચિત હતો. હવે સંક્ષિપ્તમાં આ ચોરાસી લાખ જીવયોનિઓમાં કેવું ભવભ્રમણ થઈ સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામી જીવ વિચારવંત થાય છે તે જોઈએ.

(૧) એક ઈંન્દ્રિય જીવાયોનિ : માત્ર સ્પર્શેન્દ્રિય.

સાધારણ વનસ્પતિકાય (સૂક્ષ્મ અને બાદર નિગોદ)

એક સહિયારા શરીરમાં અનંતા જીવો રહેલા છે અને જેઓ એકી સાથે આહાર તથા શ્વાસોચ્છ્વાસ કરે છે, જેને નિગોદના જીવો કહેવામાં આવે છે. અનંત સૂક્ષ્મ વનસ્પતિકાય જેના અસંખ્ય ગોળા હોય છે અને પ્રત્યેક ગોળામાં અનંત નિગોદ હોય છે. પ્રત્યેક નિગોદમાં અનંત જીવો અત્યંત નજીક એક જ શરીરમાં આશ્રિત હોય છે.

જે નિગોદનો જીવ અનંતકાળથી માત્ર નિગોદમાં જ હોય અને એક વાર પણ ત્રસપણું પામ્યો ન હોય તેને અવ્યવહાર રાશિ કહેવામાં આવે છે અને તેને **સૂક્ષ્મનિગોદ** કહેવાય છે. પરંતુ જે નિગોદનો જીવ એક કે તેથી વધુ વખત ત્રસપણું પામ્યો છે તેને વ્યવહાર રાશિના **બાદર નિગોદયા જીવો** કહેવામાં આવે છે. આવા બાદર નિગોદના જીવો કંદમૂળ, લીલ, ફુગ વગેરે તરીકે ઓળખાય છે.

પ્રત્યેક વનસ્પતિકાય : એક શરીરમાં એક જ જીવ, જેમ કે વૃક્ષ, લતા, વેલ, હરિતકાય, ઔષધિ, તૃણ વગેરે.

પૃથ્વીકાય : સુંવાળી અને ખરખરી માટી, ખાણીયા પત્થરો જેમાં તાંબુ, રૂપું, સોનું, પારો વગેરે હોય. સ્ફટિક, ગોમેદ વગેરે રત્નો.

જલકાય : પાણી જ જેનું શરીર છે એવા જીવો. પાણીના એક ટીપામાં અસંખ્યાત જીવો રહેલા છે.

અગ્નિકાય : અંગારા, જ્વાલા, વીજળી, દાવાનળ વગેરેમાં રહેલ અગ્નિકાય જીવો.

વાયુકાય : દશ દિશાઓમાંથી વાયુ ફરકવો. એક વાયરાના ફરકવામાં અસંખ્યાત જીવ જ્ઞાની ભગવંતે કહ્યા છે.

(૨) **બે ઈન્દ્રિય જીવાયોનિ :** સ્પર્શ અને રસનેન્દ્રિયો.-જળો, પોરો વગેરે.

(૩) **ત્રણ ઈન્દ્રિય જીવાયોનિ :** સ્પર્શ, રસ અને ઘ્રાણેન્દ્રિય.-માંકડ, જુ વગેરે.

(૪) **ચાર ઈન્દ્રિય જીવાયોનિ :** સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુરિન્દ્રિય.-વીંછી, ભમરા વગેરે.

(૫) **પાંચ ઈન્દ્રિય જીવાયોનિ :** સ્પર્શ, રસ, ઘ્રાણ ચક્ષુ અને શ્રોતેન્દ્રિય.

આમાં બે વિભાગો છે, અસંજ્ઞી પંચેન્દ્રિય જેઓને મન વિકાસ પામ્યું નથી અથવા નહિવત્ છે, જેમાં મગરમચ્છ, ગાય, ભેંસ, ઘોડા, પક્ષીઓ વગેરે (જળચર, સ્થળચર અને ખેચર) છે.

બીજા પ્રકારના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જેઓને મન વિકસિત પામ્યું છે અને જેઓને 'છ' પર્યાપ્તિ વર્તે છે. મનુષ્યગતિના સાંસારિક જીવો, જેઓને ગુણદોષ કે વિવેક વિષે વિચારવાનું સામર્થ્ય હોય છે, જો કે કર્મોના ક્ષયોપશમ મુજબ તરતમતા (તીવ્રતા-મંદતા) દરેક જીવની અલગ હોઈ શકે છે. માનવ ધારે તો આંતરિક પુરુષાર્થના આધારે આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે.

(૬) **દેવગતિ :** આ ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિયપણું હોવા છતાંય તેઓ મોજમજામાં અને વિષય-કષાયાદિમાં એવા તરબોળ થયા હોય છે કે તેઓ જ્ઞાની ભગવંતોને જેમ છે તેમ ઓળખી શકતા નથી. આમાંના અમુક દેવલોકોને શ્રી અરિહંત પ્રભુના સમવસરણમાં કે તેઓની સેવામાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આમ છતાંય તેઓ આંતરિક પુરુષાર્થ કરી શકતા ન હોવાથી જ્ઞાનીઓ કહે છે કે તેઓને પુણ્ય પ્રકૃતિનો ભોગવટો હોય છે.

(૭) **નર્કગતિ :** અનેક પ્રકારની વેદના અને પીડા નરકગતિમાં જીવને ભોગવવી પડતી હોવાથી તેને જ્ઞાની ભગવંતોની જાણ થતી નથી. જ્ઞાનીઓ કહે છે કે તેઓને પાપકર્મોનો બહુધા ભોગવટો હોય છે.

ઉપરની બે થી પાંચમી ગાથાઓમાં સંજ્ઞી પંચેન્દ્રિય સાંસારિક જીવને અનેક જીવાયોનિમાં ભટકણ (તેનાથી) થઈ પરંતુ શ્રી જિનેશ્વરનું દર્શન થયું નહીં. અથવા શ્રી જિનદર્શનમાં સર્વજ્ઞ ભગવંતે જે તત્ત્વજ્ઞાન પ્રકાશિત કર્યું છે તેની સમ્યક્ ઓળખ ન થઈ. પરંતુ જ્યારે તેને સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થયું છે ત્યારે તેને આગમાદિ શ્રુતગ્રંથોથી ગુરુગમે જાણ થઈ છે કે જન્મ-મરણના ફેરા ટાળવા માટે શ્રી જિનેશ્વરનું પુષ્ટ-નિમિત્તાવલંબન આવશ્યક છે જેથી તેની સત્તાગત શક્તિ જે અપ્રગટપણે હતી તે જાગૃતિ પામે. ઉપરાંત શ્રી જિન પ્રતિમાજીના નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિએ દર્શન, વંદન, ગુણગ્રામ, દ્રવ્ય ભાવસેવા, પ્રીતિ, ભક્તિ અને શુદ્ધ વ્યવહાર ચારિત્ર્ય ધર્મના આચરણથી જીવ આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે. આ હેતુથી આત્માર્થી સાધક પોતાની સુસખી ચેતનાશક્તિને વિનંતી કરે છે કે શ્રી જિનેશ્વરની સમ્યક્ ઓળખ કરાવે તો અનંત અવતારની ભવભ્રમણાની ભટકણનો છેદ થાય.

નિરમળ સાધુ ભગતિ લહી, સખી. યોગ-અવંચક હોય; સખી. ક્રિયા અવંચક તિમ સહી, સખી. ફળ અવંચક જોય. સખી. ૬

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે શ્રી જિનેશ્વરની સમજણ સહિતની ભાવવાહી ભક્તિ અને ગુણગ્રામ કેવી રીતે કરી શકાય તેની સરળ અને સહેલી રીત પ્રકાશિત કરેલી છે તે જોઈએ.

સમ્યક્જ્ઞાન અને ક્રિયાના સમન્વયમાં આધ્યાત્મિક સમાયેલું છે એવું જ્ઞાનીઓનું કથન છે. ज्ञान क्रियाभ्यां मोक्षः આધ્યાત્મિક વિકાસ માટે યોગ કે જોગના સ્થાનકો અસંખ્ય છે, પરંતુ તેમાં ભક્તિમાર્ગ સરળ છે. સૌ પ્રથમ જિજ્ઞાસુ ભક્તજન એવી અંતરંગ ભાવનાથી ભાવિત રહે કે તેને એવા સત્પુરુષનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય કે જેઓને આંતરબાહ્ય દશામાં ક્ષાયિક સમકિત વર્તતું હોય (નિર્મળ સાધુ). એટલે એવા જ્ઞાની કે જેના અનંતાનુબંધી કષાયો અને દર્શન-મોહનીય કર્મપ્રકૃતિનું વિદારણ થવાથી મોટા ભાગના આત્મિક જ્ઞાનદર્શનાદિ ગુણો નિર્મળતા પામ્યા છે. આ મુજબની ભાવનાના પરિણામે આત્માર્થીને પ્રત્યક્ષ સદ્ગુરુનું સાન્નિધ્ય કે યોગ પ્રાપ્ત થાય. આવો જોગ પ્રાપ્ત થતા આત્માર્થીને પરમશ્રુત જ્ઞાનરૂપ સુબોધ પ્રાપ્ત થાય છે, જેમાં 'જીવ દરઅસલપણે કોણ છે અને કોણ નથી' તેનું ભેદજ્ઞાન થાય છે. આત્માર્થીને આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉચ્ચ પદવીધારક પંચપરમેષ્ટિ ભગવંતોનું યથાર્થ સ્વરૂપ જાણવા મળે છે અને આવી દશાની પ્રાપ્તિ માટે કેવા પુરુષાર્થધર્મનું આરાધન કરવું ઘટે તેની ભક્તિમય રીત જાણવા મળે છે. નિષ્કપટ અને ભદ્રિક જીવ માટે આને યોગ-અવંચકતા ઘટાવી શકાય.

પ્રત્યક્ષ સદ્ગુરુ મારફત સુબોધ પામેલ આજ્ઞાધારી સાધક પંચ-પરમેષ્ટિ ભગવંતોનો ગુણાનુવાદ, પ્રીતિ, ભક્તિ, ધ્યાનાદિથી પુરુષાર્થધર્મનું આરાધન સદ્ગુરુની નિશ્રામાં વિધિવત્ કરે છે. આવી ઉપાસનામાં સાધક સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય, તપાદિ સત્ સાધનોનો ઉપયોગ સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષમાં રાખી કરે છે. આવી સાધનાને 'નવપદ' ભક્તિ પણ ઘટાવી શકાય. સાધકના જીવન વ્યવહારમાં આવતા અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગો વખતે જાણતાં-અજાણતાં અતિક્રમણના દોષો ઓળખી તેનું વિધિવત્ પ્રાયશ્ચિત્ત કરે છે. ફરી ફરી આવા દોષો ન થવા પામે તેની સાધક જાગૃતિ વર્તાવે છે. સંયમના હેતુથી મન, વચન, કાયાદિના ઉપયોગ વખતે ઉદાસીનતા સાધક વર્તાવે છે. ટૂંકમાં શ્રી જિનવચન અને જિનાજ્ઞાનું ધ્યાન સાધકને વર્તે છે. આવા પુરુષાર્થને અમુક ઉપેક્ષાએ ભદ્રિક સાધક માટે ક્રિયા-અવંચકતા ઘટાવી શકાય.

ઉપર મુજબના પુરુષાર્થ કે મુક્તિમાર્ગના કારણોના સેવનથી

સાધક ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસના સોપાનો કે ગુણસ્થાન આરોહણ કરે છે. અથવા સાધકની સત્તામાં અપ્રગટદશાએ રહેલ આત્મિકગુણોનું પ્રગટીકરણ ક્રમશઃ થયા કરે છે. બીજી રીતે જોઈએ તો સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષમાં રાખી શુદ્ધ વ્યવહાર ચારિત્ર્ય ધર્મના આચરણથી દ્રવ્યકર્મો એક બાજુ સંવરપૂર્વક નિર્જરે છે અને બીજી બાજુ આત્મિકગુણો નિરાવરણ થઈ પ્રગટીકરણ પામે છે. અમુક અપેક્ષાએ આવા પરિણામોને ભદ્રિક આત્મદશાના સાધકો માટે ફળ-અવંચકતા ઘટાવી શકાય. આવા પરિણામનું સઘળું શ્રેય પંચ-પરમેષ્ટિ ભગવંતોનું શુદ્ધ નિમિત્તાવલંબન અને તેઓની આશ્રયભક્તિ છે.

પ્રેરક અવસર જિનવરૂ, સખી. મોહનીય ક્ષય જાય; સખી.
કામિત પૂરણ સુરતરૂ, સખી. 'આનંદઘન પ્રભુ' પાય. સખી...૭.

ચાર ઘાતીકર્મોમાં અત્યંત ભયંકર મોહનીય કર્મ છે અને તેને કર્મોનો મહારાજા તરીકે સંબોધાય છે. દર્શન મોહનીય કર્મનો વિભાગ જ્ઞાનીપુરૂષના પરમશ્રુત જ્ઞાનરૂપ સુબોધથી ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય થાય છે, અને ચારિત્ર્ય મોહનીય કર્મનો વિભાગ ઉદાસીનતાથી માંડી વીતરાગતાથી ક્ષય થાય છે. મોહનીય કર્મ નિર્બળ થતાં જ કર્મો પણ આપોઆપ શિથિલ થાય છે. પ્રજ્ઞા કે અંતરઆત્માના જ્ઞાનપ્રકાશથી આત્માર્થી સાધકની ક્રિયા સફળ થયા કરે છે અને તેને છેવટે ફળ અવંચકતા સંપ્રાપ્ત થાય છે. બીજી રીતે જોઈએ તો શ્રી અરિહંત પરમાત્મા સાથે તાદાત્મ્યતા થવાથી, તેઓ જેવા જ આત્મિકગુણો સાધકમાં પ્રગટીકરણ પામે છે. આમ જિનવચન, જિનદર્શન અને જિનાજ્ઞા સાધકને કલ્પવૃક્ષ સમાન નીવડે છે. છેવટે આત્મદશાનો સાધક સહજાનંદ અને અવ્યાબાધ સુખનો ભોકતા નીવડી અશરીરી અવસ્થામાં સિદ્ધ ક્ષેત્રે કાયમી સ્થિરતા કરે છે. ✷ ✷ ✷

૫૬૩, આનંદવન સોસાયટી, ન્યુ સમા રોડ,
વડોદરા–૩૯૦ ૦૨૪.ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯

સ્વદેશી સામ્રાજ્યવાદ

❑ મહેન્દ્ર મેઘાણી

આપણે એવા ભ્રમ હેઠળ છીએ કે ઉત્પાદનમાં ઝડપી વધારો થાય એટલે દેશનો વિકાસ થયો ગણાય. આવી જાતના ભ્રમ પેદા કરવા એ ઘણું ખરું રાજકીય આગેવાનોનો મુખ્ય ધંધો રહ્યો છે. આવા ભ્રમ પેદા કરવામાં આવે છે મોટા ધંધા–ઉદ્યોગોને મદદ કરવા માટે, અને પછી એ ધંધાવાળાઓ લખલૂટ નાણાં અને પ્રસાર માધ્યમો પરના પોતાના કાબૂ વડે આ ભ્રમોનો વિશેષ ફેલાવો કરે છે. ધનવાન ધંધાવાળાઓ અને રાજકીય નેતાગીરી વચ્ચે પરસ્પરને લાભદાયી આવા સંબંધો, એ આપણી લોકશાહીનું એક અગત્યનું લક્ષણ બની ગયું છે. ભારતની સંસદમાં કરોડપતિઓની સંખ્યા ૧૨૮ થી વધીને ૨૦૦૭ની ચૂંટણીમાં ૩૦૦ ઉપર પહોંચી છે, અને આ બાબતમાં જીતનાર કે હારનાર પક્ષો વચ્ચે કોઈ મોટો તફાવત નથી.

ભ્રમો પેદા કરવામાં ભણેલો મધ્યમ વર્ગ મહત્ત્વનો ભાગ ભજવે છે. છાપાં-ટેલિવિઝનના સંચાલકો અને કહેવાતા બુદ્ધિજીવી વર્ગના નિષ્ણાતો લોકમતના ઘડનારાઓ તરીકે આ પ્રક્રિયામાં સારી એવી સહાય કરે છે.

તરેહતરેહના પ્રકારના રાજકીય પક્ષો આવે છે ને જાય છે, પણ પશુવત્ જીવનની ગરીબી ને કંગાલિયત લેશમાત્ર ઘટાડા વિના સતત ચાલુ જ રહે છે. આપણા મોટા ભાગના નાગરિકો માટે આર્થિક લોકશાહીને રાજકીય લોકશાહીની સમીપ લાવવાની ત્રેવડ એક પણ રાજકીય પક્ષ પાસે નથી, કદાચ એવો એનો ઈરાદો પણ નથી.

હવે તો વાતવાતમાં કહેવાતું હોય છે કે બે જાતનાં ભારત અસ્તિત્વમાં છેઃ એક ભારત તેના ધનિક વિસ્તારો, વેપાર-ઉદ્યોગો, મોટી મોટી દુકાનો અને જેની ઉપર નવાં નવાં મોડેલની મોટરગાડીઓની કતારો દોડતી રહે છે એવા રાજમાર્ગો વડે ઝળહળી રહ્યું છે. અને બીજું છે એક એવું ભારત જેમાં નિરાધાર કિસાનો આત્મહત્યા કરતા રહે છે, દલીતો સદાય અત્યાચારો વેઠતા રહે છે, આદિવાસીઓ તેમની વન્યભૂમિ અને રોટીથી વંચિત બની રહ્યા છે, અને હજી તો ચાલતાં પણ બરાબર જેને નથી આવડતું તેવાં બાળકો શહેરોની ચમકતી સડકો પર ભીખ માંગતાં ભટકે છે.

આ બીજા ભારતના કંગાલોનો રોશ ભભૂકી રહ્યો છે; આ દેશના ૬૦૭ પૈકી ૧૨૦થી ૧૬૦ જિલ્લાઓમાં નક્સલવાદી હિંસારૂપે તે ફેલાઈ ચૂક્યો છે. એવું લાગે છે કે ઝગમગાટ અને વિશેષાધિકાર વાળું એક ભારત હતાશા, નફરત અને અમાનુષી ગરીબીવાળા બીજા ભારતથી વિખુટું પડી જવાનો નિર્ધાર કરી બેઠું છે. મોટા મોટા વેપાર-ઉદ્યોગોવાળાઓ વિશાળ પાયા પર જમીનો હડપ કરી રહ્યા છે, અને તેમાં તેમને સરકારી મદદ મળી રહી છે. ઔદ્યોગિકરણને નામે, વિજળી અને સિંચાઈ માટેના તોતીંગ બંધને નામે, ગરીબોને તેમના પરંપરાગત વસવાટોમાંથી હાંકી કાઢવામાં આવે છે, રોજી રળવાનાં તેમનાં સાધનોનો નાશ કરવામાં આવે છે અને મોટાં નગરોનાં 'આધુનિકકરણ'ને 'સૌંદર્યવર્ધન'ને નામે ઝૂંપડપટ્ટીઓના ભુક્કા બોલાવવામાં આવે છે. આ બધું બતાવે છે–રોજેરોજ બતાવે છે–કે વિકાસ કેવો વિકૃત થઈ શકે છે.

સપ્ટેમ્બર ૨૦૦૬ સુધીમાં ભારતભરમાં 'સ્પેશિયલ ઈકોનોમિક ઝોન'ની ૨૬૭ યોજનાઓને ભારત સરકારની મંજૂરી મળી ચૂકી હતી. એવી દરેક યોજના માટે ૧,૦૦૦થી ૧૪,૦૦૦ હેક્ટર જેટલી જમીનની જોગવાઈ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ફક્ત ૬૭ યોજનાઓ માટે જ ૧,૩૪,૦૦૦ હેક્ટર જેટલી જમીન કબજે કરવામાં આવી છે. મોટે ભાગે આદિવાસી વિસ્તારોમાં ખાણો ખોદવાના હકો મોટી મોટી કંપનીઓને આપવામાં આવ્યા છે. યાદ કરજો કે ૨૦૦૬ની સાલને આરંભે જ ઓરિસામાં બાર આદિવાસીઓને પોલીસે ઠંડે કલેજે ઠાર માર્યા હતા, કારણ કે પોતાની જમીન તાતા કંપનીને ખાણો ચલાવવા માટે સોંપી દેવાનો તેમણે વિરોધ કરેલો.

કબજે કરેલી જમીનો માટે પશ્ચિમ બંગાળની સરકારે રૂ. ૧૪૦ કરોડ ચૂકવેલા, પણ એ જમીન માટે તાતાને તો માત્ર રૂ. ૨૦ કરોડ ચૂકવવાના રહેશે, અને તે પણ પાંચ વરસ વિત્યા પછી અને મફતમાં પાણી પૂરું પાડીને. એટલે કે રૂા. ૧૨૦ કરોડ જેટલાં જનતાનાં નાણાં એક કંપનીને આપી દેવામાં આવ્યાં.

'ફોરબસ' નામના નામાંકિત અમેરિકન સામયિકની સન ૨૦૦૭ની ધનવાનોની યાદી મુજબ, ભારતમાં અબજપતિઓનો આંકડો ૨૦૦૪માં ૯ હતો તે ૨૦૦૭માં ૪૦ ઉપર પહોંચેલો; જ્યારે ઘણી વધારે સંપત્તિવાળા જાપાન જેવા દેશમાં ૨૪ જ અબજપતિઓ હતા અને ફ્રાંસ તથા ઈટલીમાં ૧૪-૧૪ જ હતા. ચીનમાં સુધ્ધાં એ આંકડો ૧૭ અબજપતિઓનો હતો. ભારતના બધા અબજપતિઓની કુલ સંપત્તિ ૨૦૦૬-૦૭ના એક જ વરસ દરમ્યાન ૧૦૬ અબજ ડોલરથી વધીને ૧૭૦ અબજ સુધી પહોંચેલી. સાઠ ટકા જેટલો આ વધારો, ખાણો-ઉદ્યોગો માટેની જમીનો સરકારે ખાનગી માલિકીની કંપનીઓને સુપરત કરી ન હોત તો શક્ય ન બન્યો હોત.

અબજપતિઓની કુલ સંપત્તિ બાબતમાં એકવીસમી સદીના ભારતનું સ્થાન જગતભરમાં અમેરિકા પછી બીજે નંબરે આવે છે. અને આ અબજપતિઓની સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. ઘરબાર વિહોણાં, અર્ધભૂખ્યાં, અભણોનો દુનિયાનો સૌથી મોટો સમૂહ. છ વરસની અંદરનાં લગભગ અરધોઅરધ ભારતીય બાળકોને પૂરતું પોષણ મળતું નથી. અન્નના નિરંતર અભાવને કારણે હજારો મૂંગાં મૂંગાં મોતને ભેટે છે. દર ચારમાંથી ત્રણ ભારતવાસીઓની રોજની આવક રૂા. ૨૦ કરતાં ઓછી છે, ત્યારે બીજી બાજુ સરકારી નીતિઓને પરિણામે ધનવાનો અને કંગાલોની વચ્ચેની ખાઈ વધુ પહોળી બનતી જાય છે.

પૈસાદાર ભારતવાસીઓની આવક ઝડપભેર વધતી જાય છે તેની સાથે તેઓ એવી એવી ચીજવસ્તુઓની માંગણી કરતા રહે છે જે બાકીના સમાજની પહોંચની બહાર છે–એરકન્ડીશન કરેલા ગંજાવર વસ્તુભંડારો, અમીરી હૉટલો, મોટરગાડીઓ, ગરીબો, જ્યાં અદ્રશ્ય બની ગયા હોય તેવી આધુનિક નગરીઓ. ધનવાનો માટે આસમાની ખરચવાળી હૉસ્પિટલો આપણી પાસે છે, પણ જેની સારવાર ખર્ચાળ નથી તે મલેરિયા અને ક્ષય જેવા રોગને અંકુશમાં લેવાનાં નાણાં આપણને મળતાં નથી. એટલે એ મોટી સંખ્યામાં મનુષ્યોની હત્યા કરતા રહે છે. ચોખ્ખા પાણીના અભાવથી ભયંકર રોગો ફેલાતા રહે છે–ખાસ કરીને બાળકોમાં. બીજી બાજુ, જેમને પરવડે તેમને માટે જાતજાતની બાટલીઓમાં ભરેલું પાણી વેચાતું મળે છે. શ્રીમંતોનાં સંતાનો માટેની ખાનગી નિશાળોની માસિક ફી ઘણીવાર સામાન્ય કારીગરની વરસભરની કમાણી કરતાં વધારે હોય છે, જ્યારે ગરીબોને તો શિક્ષકો કે ઓરડાઓ વગરની શાળાઓથી સંતોષ માનવાનો રહે છે.

પૈસાદારોની પસંદગીની ચીજવસ્તુઓ ને સગવડો પૂરી પાડવામાં પાણી અને બીજી કુદરતી સંપત્તિ ખૂબ વેડફાય છે. દુનિયામાં શ્રેષ્ઠ સમૃધ્ધિની બરોબરી કરનારાં પ્રતિકો એક ગરીબ મુલકમાં ઊભાં કરવા માટે, મોટા ભાગના લોકો જ્યાં જીવે છે તે ગામડાંની સંપત્તિ શહેરો ભણી તાણી જવામાં આવે છે. અસંખ્ય મનુશ્યોને શહેરો ભણી હિજરત કરવી પડે છે. કારણ કે ફળદ્રુપ જમીનનો બિન-ખેતીમાં અુપયોગ થાય છે, ખેતીમાં જ્યારે વધુમાં વધુ જરૂર હોય ત્યારે પાણી અને વિજળી શહેરો માટે અુઠાવી જવામાં આવે છે. મોટા બંધો વડે પેદા થતી વિજળીનો મોટો ભાગ કારખાનાંઓ માટે તાણી જવાય છે, અને તેની પડોશનાં ગામડાં અંધકારમાં તરસે મરે છે.

સરકારી અહેવાલ મુજબ ૨૦૦૬માં ગુજરાતે અુદ્યોગોને નર્મદાનું પાંચ ગણું વધારે પાણી પૂરું પાડ્યું હતું, તે વરસાદના અભાવે પીડાતાં ગામડાંને ભોગે. પાણી વેચનારી કંપનીઓ અને કોકા-કોલા જેવા રાક્ષસી વેપારીઓ ધરતીમાં વધુ ને વધુ અુંડા અુતરતાં જાય છે અને પોતાની બનાવટો માટે કાચો માલ મફતમાં મેળવે છે. છેલ્લા દાયકામાં એક લાખથી વધુ કિસાનોએ કરેલા આપઘાતોના સત્તાવાર આંકડાઆ સૂચવે છે કે ધનવાનોને પંપાળવાની નીતિ કેટલી ભયાનક હદે પહોંચી ચૂકી છે.

એ નીતિને પરિણામે, મુખ્યત્વે દલીતો અને આદિવાસીઓના બનેલા ગરીબોના સમૂહ ઉપર વિદેશી નહિ પણ સ્વદેશી સામ્રાજ્યવાદ ફેલાઈ રહ્યો છે. શાહિવાદી શાસકો અને તેમની હકૂમત તળેના દેશી જનો વચ્ચે હતો તેવો સંબંધ એ બે વચ્ચે સ્થપાતો જાય છે. વિકાસની આ રફ્તાર જો લાંબો કાળ ચાલુ રહી, તો એ પોતાના રાક્ષસો પેદા કરશે. પરંતુ કોઈ પણ સમાજ એક હદથી વધારે અસમાનતા સહન કરી શકતો નથી. એટલે ગરીબોના વધતા જતા વિરોધને વધુ ને વધુ સરકારી હિંસા વડે દાબી દેવો પડશે. અને એ હિંસાને જે પ્રતિહિંસાનો ભેટો થશે તે સમસ્ત સમાજને ઘેરી વળશે.

* * *

('ધ ફેસીસ યુ વેર અફેઈડ ટુ સી' નામના અંગ્રેજી પુસ્તક (લેખક અમીત ભાદુરી)માંથી તારણ કરનાર મહેન્દ્ર મેઘાણી.)

ચટપટ ઝટપટ

જબરદસ્ત આર્થિક મંદી છતાં, અમેરિકા આજે પણ ટોચ ઉપર છે. અમેરિકામાં ૩૧ લાખ કરોડપતિઓ છે, તે બધાંની કુલ મુડી ૧૦,૭૦૦ બિલિયન ડોલર છે. કરોડપતિઓમાં ચીન ચોથા નંબરે છે. ભારતના કરોડપતિઓની સંખ્યામાં પચાસ ટકાનો વધારો થયો છે. બધાં જ દેશોમાં કરોડપતિઓની સંખ્યા વધી રહી છે. મંદીમાં શ્રીમંતોના નાણાને આંચ આવી નથી. ગરીબી વધી છે...મોટા ભાગના ભારતીયની આવક રૂા. ૨૦ એક દિવસની છે. શ્રીમંતો વધ્યા છે તો ગરીબો પણ વધ્યા છે...શ્રીમંતો વધુ શ્રીમંત બને અને ગરીબો વધુ ગરીબ બને, મંદી અને મોંઘવારીમાં ગરીબ ટળવળે, આ આપણી આર્થિક વ્યવસ્થા !

(દિવ્ય ભાસ્કરમાંથી, સનત મહેતાના લેખમાંથી ટૂંકાવીને...તંત્રી)

ખૂબીઓ વધારીએ, ખામીઓ સુધારીએ!

□ રોહિત શાહ

દીકરાના અક્ષરો ખરાબ હતા. પિતાએ કહ્યું, 'બેટા, તારે તારા અક્ષરો સુધારવાની જરૂર છે.' ચાલાક દીકરાએ તરત જ કહ્યું: 'ગાંધી બાપુના અક્ષરો તો મારા કરતાંય વધુ ખરાબ હતા! અક્ષરો ખરાબ હોય એટલે કાંઈ જિંદગી ખરાબ ન થઈ જાય...!'

આ દીકરાને ખબર નથી કે, ગાંધી બાપુના અક્ષરો ખરાબ હતા પણ એ બાબતનો તેમને ભરપૂર અફસોસ હતો. ગાંધીજીએ જ કહ્યું હતું કે, 'ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.' દીકરાના અક્ષરો ગાંધીજી જેવા ખરાબ હતા, પણ ખરાબ અક્ષરો માટે ગાંધીજીને હતો એવો અફસોસ એને નહોતો!

સાચો માણસ

બીજાના દોષો એ આપણા દોષોને ઢાંકવાનું આવરણ નથી. બીજાની ઊણપો એ આપણી ઊણપો માટેનું કોઈ સુરક્ષાકવચ નથી. બીજાના અવગુણો એ આપણા અવગુણોની ઢાલ નથી. બીજાની અધૂરપો કાંઈ આપણી અધૂરપોને અભયદાન આપતી નથી! એ વાત સાવ સાચી છે કે માણસ એ માણસ છે અને કોઈપણ માણસ સર્વગુણસંપન્ન નથી હોતો, એનામાં ગુણો પણ હોય અને અવગુણો પણ હોય. એનામાં ખામીઓ પણ હોય અને ખૂબીઓ પણ હોય. પરંતુ સાચો માણસ એ છે, જે પોતાના ગુણોમાં વૃદ્ધિ કરે અને પોતાના અવગુણોને દૂર કરવાની મથામણ કરે. માણસ હોવાનું મૂળ લક્ષણ એ છે કે તે પોતાની ખૂબીઓ વધારતો રહે અને ખામીઓ સુધારતો રહે!

એનું શું?

એક ભાઈને એક વખત તેની પત્નીના ચારિત્ર ઉપર શંકા ઊપજી. પત્ની પાસે કશો ખુલાસો માગવાની ય દરકાર એમણે ન કરી. એમણે પત્નીનો ત્યાગ કર્યો. કોઈ સ્નેહી વડીલ એ ભાઈને સમજાવવા ગયા અને કહ્યું કે, તમે આ સારું નથી કર્યું. તમારી પત્ની બેવફા હતી કે નહિ એ પણ તમે નથી વિચાર્યું. જો એ બેવફા ન હોય તો તમે એનો ત્યાગ કરીને અન્યાય કર્યો છે. જો તે ખરેખર જ બેવફા હોય તો એને માફ કરવાની ઉદારતા બતાવવાની તક તમે ખોઈ છે. લગ્નના આટલાં વરસ પછી તમે તમારી પત્નીનો ત્યાગ કરવામાં ભારે ઉતાવળ કરી છે, ભૂલ કરી છે.' પેલા મહાશયે કહ્યું, 'ભગવાન રામને તમે આવો ઉપદેશ આપવા કેમ નહોતા ગયા? એમણેય સીતાજીનો ત્યાગ કર્યો જ હતો ને! જેમ કામ રામ કરી શકે, તે કામ હું કેમ ન કરી શકું?' વડીલ સજ્જને કહ્યું, 'ભગવાન રામ પિતાજીના વચન ખાતર વનવાસ વેઠવા ઉત્સાહી બન્યા હતા. તમે તો તમારા પિતાને જ વૃદ્ધાશ્રમનો વનવાસ આપી બેઠા છો, એનું શું?'

ચારિત્ર ઉપર ડિપેન્ડ

માણસ કોની પાસેથી કયું ઉદાહરણ લે છે, કોના જીવનમાંથી કેવો બોધપાઠ લે છે, એ એના ચારિત્ર ઉપર ડિપેન્ડ કરે છે. નબળા અને નકામા માણસો બીજાના નેગેટિવ પાસાંનું જ અનુકરણ કરશે. પોતાના દોષો સુધારવાની વૃત્તિ નથી, એટલે એવા દોષો બીજા કોના-કોનામાં છે એની દલીલ કરીને પોતાનો બચાવ કરશે. જે માણસ પોતાના દોષો અને અવગુણો અને ત્રુટિઓ અને ખામીઓનો જ બચાવ કરતો રહે છે, તેને બચાવવા તો સ્વયં ઈશ્વર પણ નથી આવતો! ઊણપો અને અધૂરપો દૂર કરવા માટે છે, ઢાંકવા માટે નહિ! બીજાઓના જીવનમાંથી સન્માર્ગની પ્રેરણા લેવાની હોય, કુમાર્ગની નહિ!

શું આ રીતે...?

મોટો ભાઈ માતા-પિતાને રાખવા તૈયાર નથી, તો હું શા માટે રાખું? (એટલે કે મોટો ભાઈ નફ્ફટ હોય તો હું ય નફ્ફટ થઈશ!) મારી જેઠાણી ઘરની કોઈ જવાબદારી નથી સંભાળતી તો હું કેમ સંભાળું? (એટલે કે જેઠાણી હરામખોર છે તો હું સવાઈ હરામખોર થઈશ!) ઑફિસમાં બીજા લોકો કામ નથી કરતા, તો મારે એકલાએ નિષ્ઠાવાન બનવાની શી જરૂર છે? (એટલે કે બીજા બધા ચોર છે તો હું મહાચોર બનીશ!) બીજા અધિકારીઓ લાંચ લે છે, તો હું ય કેમ ન લઉં? (એટલે કે બીજા ભ્રષ્ટ છે, તો હું ભ્રષ્ટ-શિરોમણિ બનીશ!) શું આ રીતે જીવન જીવાય? શું આ રીતે પ્રગતિ કરી શકાય? શું આ રીતે ઈતિહાસનું નિર્માણ કરાય?

સમર્થની પિછાન

જગત ભલે ભ્રષ્ટ હોય, હું ભ્રષ્ટ નહિ બનું. જમાનો ભલે ખરાબ હોય હું મારી સજ્જનતા નહિ છોડું. દુનિયા ભલે ખોટા રસ્તે ચાલે, હું મારો રસ્તો નહિ છોડું. આવો સંકલ્પ સજ્જનો અને સમર્થ વ્યક્તિઓ જ કરી શકે છે. એમની કસોટીઓ થાય છે, થોડીક તકલીફો વેઠવી પડે છે. પણ આખરે તો ગૌરવ એમને જ મળે છે. એવા સજ્જનો જ સૌને પ્રિય લાગે છે અને સૌનો આદર પામે છે. સ્વમાન અને સ્વાભિમાન વગરનું સડેલું જીવન એમને પસંદ નથી. ખમીર અને ખાનદાનીને ગોબો પડે એ એમને પરવડતું નથી. સાચી વાત તો એ છે કે એવા સમર્થ લોકો યુગને નથી અનુસરતા, પણ યુગ તેમના પગલે પગલે ચાલતો હોય છે!

ડર્ટી પોલિટિક્સ

સજ્જન એ છે કે જે દુર્જનના જીવનમાંથીય પોઝીટિવ બાબતો શોધી કાઢે. દુર્જન એ છે કે જે સજ્જનોના જીવનમાંથી ય નેગેટિવ બાબતો શોધી કાઢે. પોતાને ફાવતું અને માફક આવતું જ જોવાની વૃત્તિ એ તો ડર્ટી પોલિટિક્સ છે, મનની લુચ્ચાઈ છે. એવી વૃત્તિને કારણે ફેમિલીમાં પ્રોબ્લેમ્સ પેદા થાય છે. બીજાના વાદ લેવા જ હોય તો પૂરેપૂરા લેવા જોઈએ. કૃષ્ણની જેમ રાસલીલા કરવામાં જ રસ લઈએ તો ન ચાલે, એમના કર્મયોગમાંય ઈન્ટરેસ્ટ લેવો પડે અને સુદામા સાથેની મૈત્રીય નિભાવવી પડે! કર્તવ્યોથી છટકીને માત્ર અધિકારોની વાત ન કરાય. આપણા અવગુણો આપણા અવરોધકો જ છે. બીજાના દુર્ગુણો મને નથી નડતા, મારા જ દુર્ગુણો મને નડે છે-આટલી વાત સમજવા માટેય ખાસ્સી સજગતા કેળવવી પડે હો! ✷✷✷

'અનેકાન્ત', ડી-૧૧, રમણકલા ઍપાર્ટમેન્ટ, સંઘવી સ્કૂલ રેલવે ક્રોસિંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ટેલિફોન : ૨૭૪૭૩૨૦૭ (ઘર); ૨૭૪૯૭૧૯૫ (ઑફિસ)

પ્રો. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા સંગતીમય મહાવીર કથા

❑ મનહરભાઈ કામદાર – નવનીતભાઈ ડગલી

(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા, જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી છે. અનેક ભાષાના જ્ઞાતા છે. શ્રીમદ્ રાજચંદ્રના 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું એમણે સાત ભાષામાં ભાષાંતર કર્યું છે. ઉપરાંત અનેક ગ્રંથોના સર્જક છે. સંગીતજ્ઞ છે. ધ્યાન સંગીત એમની વિશેષતા છે. ૧૯૭૪માં મહાવીર જન્મના ૨૫૦૦ વર્ષની ભારતે ઉજવણી કરી ત્યારે 'મહાવીર દર્શન' શીર્ષકથી જૈન જગતને હિંદી-અંગ્રેજીમાં મહાવીર જીવન અને ચિંતનને પ્રસ્તુત કરતી કથાની સંગીત સભર સી.ડી.નું એમણે સર્જન કર્યું હતું જેને ખૂબ સારો આવકાર પ્રાપ્ત થયો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે 'મહાવીર કથા' યોજી પછી વિલેપાર્લે-મુંબઈમાં, એપ્રિલ ૨૪, ૨૫, ૨૬ના ચિંતન સંસ્થા દ્વારા ત્રિદિવસીય 'મહાવીર કથા'નું આયોજન કરાયેલું હતું. પ્રા. પ્રતાપભાઈ ટોલિયા અને એઓશ્રીના શ્રીમતી બહેન શ્રી સુમિત્રાબહેન, કે જેઓ પણ ગાંધી વિચારધારાના વિદૂષી છે, અનેક ગ્રંથોના અનુવાદક અને સંગીતજ્ઞ છે–આ દંપતીએ સંગીત સાજીંદાઓના સથવારે ત્રિદિવસીય મહાવીર કથા પ્રસ્તુત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

બેંગલોર સ્થિત શ્રી પ્રતાપભાઈનો ફોન નંબર છે ૦૮૦–૬૫૯૫૩૪૪૦; મોબાઈલ : ૦૯૬૧૧૨૩૧૫૮૦.

આ મહાવીર કથાનો પ્રાપ્ય સંક્ષિપ્ત અહેવાલ પ્ર.જી.ના વાચકો સમક્ષ પ્રસ્તુત કરતા અમે આનંદ-ગૌરવ અનુભવીએ છીએ....તંત્રી.)

તારીખ ૨૪–૨૫–૨૬ એપ્રિલના રોજ 'ચિંતન' – વિલેપાર્લે દ્વારા આયોજિત 'મહાવીર કથા' પ્રો. પ્રતાપકુમાર ટોલિયા તથા શ્રીમતિ સુમિત્રાબેન ટોલિયાના સ્વમુખે પ્રબુદ્ધ જિજ્ઞાસુ જનોની હાજરીમાં સંપન્ન થઈ.

ભગવાન મહાવીરનો પહેલો પ્રશ્ન શ્રોતાઓ સમક્ષ આંતરશોધ રૂપે મુક્યો. 'હું કોણ છું'નો આ શોધપ્રશ્ન અને તેનો સ્પષ્ટ અનુભવ સભર પ્રત્યુત્તર કે 'હું આત્મા છું' – 'સચ્ચિદાનંદી શુદ્ધ સ્વરૂપી આત્મા'. તે ભગવાન મહાવીરના જીવન દર્શનનો પ્રધાન બોધ છે. આ આંતરબોધ સૂચક તેમના સૂત્ર 'જૈણં જાણએ સે સવ્વ જાણેઈ' (જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું)નો ઘોષ-પ્રતિઘોષ ભગવાન મહાવીરની સ્વયંની જીવન કથામાં સર્વત્ર ગૂંજતો રહ્યો.

પ્રભુ મહાવીરની ક્ષત્રિયકુંડ ગ્રામની ભૂમિમાં બ્રાહ્મણ કુંડ વચ્ચે થતા થતા તેમાં શ્રીમદ્ રાજચંદ્રની નિશ્ચય વ્યવહારના સમન્વયની તત્ત્વદૃષ્ટિ તેમાં ભળી અને તેમાં પણ તેમના પદો તથા સ્વર્ગસ્થ શ્રી શાંતિલાલ શાહના હિન્દીમાં કરેલા ગીતો સાથ આપતા રહ્યાં. તદુપરાંત ઉપાધ્યાય અમરમુની અને ઉપાધ્યાય યશોવિજયજી તથા મહાયોગી આનંદઘનજીના પદો પ્રસંગે પ્રસંગે ડોકાતા રહ્યા.

પ્રભુના માતાના ૧૪ સ્વપ્નો સૂચિત સર્ગભાવસ્થાનો સંભાળ કાળ એવી રીતે આલેખાયો કે વર્તમાનની અને સર્વકાળની માતાઓ માટે આદર્શરૂપ થઈ શકે. પ્રભુની બાલક્રીડાના સર્પ અને હાથીને નાથવાના પ્રસંગો, વિદ્યાશાળામાં ઈન્દ્ર દ્વારા પ્રભોનો મહિમા વધારતા પ્રસંગો અને કલિકાલ હેમચન્દ્રાચાર્ય વર્ણિત યશોદાના પાણીગ્રહણનો, ત્રિશલામાતા અને વર્ધમાનકુમારના હૃદયસ્પર્શી પ્રસંગો સહુને એક ઉપેક્ષિત ભૂમિમાં લઈ જનારા બન્યા.

પ્રભુ મહાવીરના સિદ્ધાંતો જેવા કે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને ક્ષમાપના આજે પણ જગતના જૈનો ઉપરાંત અન્ય ધર્મના લોકો પણ માનતા થયા છે.

પ્રભુએ મહાભિનીષ્ક્રમણ કરી સર્વ સંબંધોના ત્યાગ કરી એકલવિહારી બની ચાલી નીકળ્યા અને આ પ્રસંગ લોકોમાં હૃદયદ્રાવક બની ગયો. ત્યારપછી પ્રભુ મહાવીરના પ્રસંગો જેવા કે ચંડકૌશિક નાગે જ્યારે પ્રભુને ડંશ દીધો તેમાંથી દૂધની ધારા છુટી અને ચંડકૌશિકને 'બુઝ બુઝ' કહી તેના જીવનનો ઉદ્ધાર કર્યો. ચંદનબાળાનો ઉદ્ધાર કરી પ્રભુએ સ્ત્રી જાતિનું સન્માન કરી પુરુષ સમોવડી આલેખી અને તેમના કટ્ટર દુશ્મન ગૌશાલાને પોતાના દોષયુક્ત જીવનનો પશ્ચાત્તાપ કરાવ્યો.

આ પ્રમાણે પોતાનું જીવન વિતાવતા ઘોરાતિઘોર ઉપસર્ગો સાડાબાર વર્ષ સુધી ભોગવ્યા અને છેલ્લે સંગમ દેવતાએ પ્રભુની ખ્યાતિ દેવલોકમાં સાંભળી ત્યારે તેનામાં ઈર્ષાભાવ આવ્યો અને પ્રભુને પરેશાન કરવા પૃથ્વીલોકમાં આવ્યો અને પ્રભુને અનેક જાતના ઉપસર્ગો કર્યા. દરેક ઉપસર્ગો પ્રભુએ જે રીતે સહન કર્યા તેનાથી એ થાકી પાછો વળ્યો ત્યારે પ્રભુની આંખમાં બે બિંદુ આંસુના ટપકી પડ્યા જેના થકી દુશ્મનને પણ પશ્ચાત્તાપ કરાવ્યો.

તેમના પ્રથમ શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ તેમના ૧૧ ગણધરમાંના પ્રથમ ગણધર બન્યા. આ બધા ગણધરો પ્રભુને જ્ઞાનમાં હરાવવા આવ્યા હતા પણ જેવા એક પછી એક ગણધરો પ્રભુના સમોસરણમાં આવ્યા ત્યારે પ્રેમથી તેમના નામ બોલી તેમને આવકાર્યા. બધા ગણધરો પોતાના શિષ્યો સહિત પ્રભુના માર્ગમાં જોડાઈ ગયા.

સાડાબાર વર્ષ સુધી પ્રભુએ અઘોર તપ કરી ઋજુવાલિકા નદીના કિનારે ગો-દોહીકા આસને બેસીને ધ્યાનમગ્ન હતા ત્યારે શાલિવૃક્ષ નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આ પ્રમાણે પ્રભુ પોતાનું જીવન વિતાવતા વિતાવતા તેમના જીવન સંધ્યાના વિનય મહિમાના વિનયસૂત્રના ઉદાહરણો સાથે

અને તેમની અંતિમ ક્ષણોમાં વર્ણનો સાથે ધીર-ગંભીર ઘોષ અને સંગીતના કરુણતમ સ્વરો સાથે પ્રવકતા પ્રસ્તુત કરી રહ્યા હતા ત્યારે સૌને માટે એ તદ્દન નવો જ આગવો અનુભવ હતો. એક બાજુથી પ્રભુ નિર્વાણના એ અદ્‌ભુત પ્રસંગમાં સહુને ડૂબાડી રહ્યો હતો, બીજી બાજુથી તેમના જીવન સંદેશ ભણી સ્પષ્ટ આંગળી ચીંધી રહ્યો હતો તો ત્રીજી બાજુથી પ્રભુ-પ્રદર્શિત આત્મધ્યાનના પ્રદેશમાં જીવનભર ડોકિયું નહીં કરી શકનારાઓમાં એક અક્કડ અજંપો, એક ઉગ્ર અવસાદ પણ ઊભો કરાવી રહ્યો હતો. પ્રભુ જાણે જતા જતા કહી રહ્યા હતા કે 'અબ હમ અમર ભયે ન મરેંગે' તો આપણે ક્યારે આ અમરતાનું ગાન ગાઈ શકીશું ? ક્યારે મહાપુરુષના એ પંથે વિચરી શકીશું ? એવી ચિનગારી પોતાની જીવનદર્શન દ્વારા જગાવી રહ્યા હતા. ✷✷✷

'ચિંતન', ૪ ગોવિંદ નિવાસ, ૧૭૯, સરોજની રોડ, વિલેપારલે (વે.), મુંબઈ–૪૦૦૦૫૬. ફોન નં. : ૦૨૨-૨૬૧૧ ૫૪૩૫

'દૂધ'

□ હિંમતલાલ એસ. ગાંધી

આરોગ્ય વિજ્ઞાન તથા પ્રાચીન શાસ્ત્રો મુજબ દૂધને સંપૂર્ણ ખોરાક તરીકે વિશ્વભરમાં સ્વીકારવામાં આવેલ છે. દૂધના ઘટક પોષક દ્રવ્યો અને સુપાચ્યતાના હિસાબે નવજાત શીશુથી લઈને વૃદ્ધ વ્યક્તિઓ સુધી સર્વ માટે તે જરૂરી ખોરાક તરીકે સ્વીકારાયેલ છે.

કતલખાનાઓ દ્વારા કરોડો દૂધાળા પશુઓની કતલ થવાના કારણે દૂધ અને દૂધની પેદાશોની અછતની પરિસ્થિતી સર્જાઈ છે. જેના કારણે ડેરી ઉદ્યોગ અને પશુપાલકો વધુ દૂધ મેળવવા જે રીતનો ઉપયોગ કરી રહ્યા છે તે રીતો નિર્દય તેમજ હિંસક હોઈને વિશ્વમાં ખાસ કરીને અમેરિકામાં તેમજ ભારતમાં દૂધ એ માંસાહાર છે તેવો પ્રબળ મત ઊભો થયો છે. એ રીતો નીચે મુજબ છેઃ-

(૧) ગાય-ભેંસ બચ્ચાંને જન્મ આપ્યા પછી લગભગ દશ મહિના દૂધ આપે છે. સામાન્ય રીતે ત્રણ-ચાર વર્ષે સગર્ભા થાય અને લગભગ ચાર બચ્ચાંને જન્મ આપે. પરંતુ અત્યારે ગાય- ભેંસને દર વર્ષે સગર્ભા બનાવવામાં આવે છે. બચ્ચાને જન્મ આપ્યા પછી ત્રીજે મહિને જ તેને કૃત્રિમ રીતે ગર્ભાધાન કરાવવામાં આવે છે. એટલે તે સગર્ભા હોવા છતાં દૂધ આપે છે, તેથી તેના શરીરના કોષોનો ભંગ થાય છે અને તેને કીટોસીસ (Ketosis) નામનો રોગ થાય છે. ગાય-ભેંસને રાખવાની સાંકડી જગ્યા અને ગંદકીના કારણે (Mostisis) નામનો રોગ થાય છે. ખરાબ ખોરાક અને અશક્તિના કારણે Rumenocidosis નામનો રોગ થાય છે. વળી તેની ક્ષમતા બરાબર રાખવા માટે તેને મોટા પ્રમાણમાં એન્ટીબાયોટિક દવાઓ તથા હોર્મોન્સ આપવામાં આવે છે-જે કારણોને લીધે તેનું આયુષ્ય ઓછું થાય છે-તેમજ દૂધ આપતી બંધ થાય એટલે કતલખાને મોકલી આપવામાં આવે છે. તેના ચાર બચ્ચામાંથી ત્રણ પણ કતલખાને જાય છે. ડૉ. કુરિયન પણ કબુલ કરે છે કે દર વર્ષે એકલા મુંબઈમાંથી ૮૦,૦૦૦ વાછરડા કતલખાને જાય છે.

(૨) ગાય-ભેંસને ફુકન પદ્ધતિથી દોહવામાં આવે છે. ગાય-ભેંસને અતિ પીડા આપવા તેના ગર્ભાશયમાં લાકડી નાંખી હલાવવામાં આવે છે. ગામડાના લોકો માને છે કે આમ કરવાથી દૂધ વધારે મળે છે.

(૩) શહેરોમાં વધુ અને ઝડપી દૂધ મેળવવા માટે ગાય-ભેંસને દરરોજ ઑક્સિટોસીન (Oxitocin)ના બે વખત ઈંજેક્શન આપવામાં આવે છે. આથી ગાય-ભેંસના ગર્ભાશયમાં સોજો આવી જાય છે તથા તે સખત પીડા ભોગવે છે. અભણ દૂધવાળો પણ ઑક્સિટોસીન અંગે જાણે છે-દરેક તબેલા કે ડેરી આસપાસના પાન-બીડી વાળા પણ તે રાખે છે. ગુજરાતમાં જ્યારે આ અંગે ડેરીઓ ઉપર દરોડા પાડ્યા ત્યારે એકલા અમદાવાદમાંથી એક જ દિવસમાં ૩,૫૦,૦૦૦ ઈંજેક્શનો પકડાયા હતા. આ ઑક્સિટોસીનના કારણે મનુષ્યોમાં હોર્મોન્સની સમતુલા જોખમાય છે, આંખો નબળી પડે છે, કસુવાવડ થાય છે અને કેન્સર પણ થઈ શકે છે. વાછરડાને ભૂખ્યા રાખવામાં આવે છે.

(૪) ડેરીઓમાં ગાય-ભેંસને મશીનથી દોહવામાં આવે છે. એટલે છેલ્લે તેમાં દૂધ સાથે લોહી પણ આવી જાય છે.

(૫) એક સનસનાટીભરી હકીકત-અખબારમાં પ્રસિદ્ધ થયેલ કેરાલાની ઘટના છે. એક દૂધવાળો સાયકલ ઉપર દૂધના કેન લઈને કેરાલા-મિલ્ક સ્કીમમાં સપ્લાય કરવા જઈ રહ્યો હતો. અકસ્માત તે સાયકલ પરથી પડી ગયો અને કેનમાનું દૂધ ઢોળાઈ ગયું. તેને મદદ કરનાર લોકોમાંથી એક જણે જોયું તો ઢોળાયેલા દૂધમાં એક મલમલની પોટલી હતી. તે ખોલીને જોયું તો તેમાં ૧૫ થી ૨૦ અળસીયા હતા. પાછળ આવતા બીજા ૬ થી ૭ દૂધવાળાને રોકીને ચેક કરતાં તેમના કેનમાંથી પણ મલમલની અળસીયાવાળી પોટલી મળી. દૂધવાળાને પૂછતાં તેમણે જણાવ્યુંકે 'અમે દૂધમાં સારૂં એવું પાણી ભેળવીએ છીએ. દુધ પાતળું પડી જાય છે. મિલ્ક સ્કીમમાં તેઓ દૂધની ઘનતા તપાસીને દૂધ લે છે. અળસીયા અંદર નાંખવાથી જ્યારે તે મરે છે ત્યારે તેના લચપચતા ભાગોથી દૂધ જાડું થાય છે' આજ હકીકત દરેક મોટા શહેરોની મિલ્ક સ્કીમની છે-દિલ્હી, લખનૌ, મુંબઈ વિગેરે એટલે એ દૂધમાં અળસીયાનું માંસ પણ છે.

આજ કારણોસર, મેનકા ગાંધી, પેટા સંસ્થા, અમેરિકાની

'વેગાન' સોસાયટીના સભ્યો દૂધને માંસાહાર માને છે અને દૂધ કે દૂધમાંથી બનતી કોઈપણ વસ્તુનો ખોરાકમાં ઉપયોગ નથી કરતાં. જો આ દૂધ જ આપણે વાપરતા હોઈએ તોઃ-

(૧) જૈન દેરાસરોમાં પ્રભુજીના પ્રક્ષાલમાં તેમજ અન્ય કોઈ રીતે તે વાપરી જ ન શકાય. એજ રીતે કોઈપણ ધર્મની ધાર્મિક ક્રિયા કે મંદિરોમાં પણ ન જ વાપરી શકાય.

(૨) આવા દૂધ કે દૂધમાંથી બનેલી કોઈ પણ વસ્તુ જૈન સાધુ-સાધ્વી વહોરી પણ ન શકે કે વાપરી પણ ન જ શકે.

(૩) એજ રીતે ભગવાન મહાવીરના અનુયાયીઓ, શ્રાવક-શ્રાવિકાઓ પણ ઉપયોગમાં ન જ લઈ શકે. અહિંસામાં માનનાર કોઈ જ વ્યક્તિ વાપરી જ ન શકે.

દૂધની અછતના હિસાબે લે-ભાગુ, નીતિ વગરના લોકો દૂધમાં બીજી પણ ઘણી ભેળસેળ કરે છે. જે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક તથા જીવલેણ રોગોના સર્જનનું કામ કરે છે.

(૧) દૂધને કલેક્શન સેંટરોથી ડેરી સુધી પહોંચાડવામાં સમય જાય છે. તે દરમ્યાન દૂધ બગડી ન જાય તે માટે તેમાં યુરિયા (ખાતર) નાંખવામાં આવે છે જે માનવ શરીર માટે હાનિકારક છે. જો થોડું વધારે યુરિયા હોય તો માણસ બેશુદ્ધ થઈ જાય.

(૨) કેટલીય જગ્યાએ સીંથેટીક દૂધ-યુરિયા, ઝીંક ઑક્સાઈડ, વાઈટીંગ પાવડર, ચૂનો તથા અન્ય કેમિકલોથી બનાવેલ દૂધ પણ વેચાય છે. જે ફક્ત શારિરીક નુકશાન જ કરે છે.

(૩) `ICMR'ના સાત વર્ષોના સંશોધન બાદ-જે ભારતમાંથી હજારો દૂધના નમુના મેળવીને કરવામાં આવેલ છે-તેના તારણ મુજબઃ- (અ) દૂધમાં ડી.ડી.ટી.નું પ્રમાણ ખૂબ જ ઊંચું હોવાનું જણાયું છે. HCH નામના ઝેરી પેસ્ટીસાઈડ્ઝનું પ્રમાણ ખાદ્ય નિયમન ધારા મુજબ ફક્ત 0.01 mg/kg હોવું જોઈએ તેને બદલે સરેરાશ 4.9 mg/kg જોવા મળ્યું છે. (બ) તેઓને દૂધમાં આર્સેનિક, કલાઈ તથા સીસુ જોવા મળ્યા છે જેના કારણે કિડનીમાં બગાડ, હૃદયરોગ, મગજની કોશિકાઓનો નાશ અને કેન્સર પણ થઈ શકે. તેઓએ સંશોધન માટે દૂધના ૫૦,૦૦૦ નમૂના લીધેલ હતા. (ક) ગાય-ભેંસને જે ઑક્સિટોનના ઈંજેક્શન આપવામાં આવે છે તે હોર્મોન છે એટલે દૂધમાં ભળે છે. આવું દૂધ પીવાથી નાના બાળકોને ચશ્મા આવે છે, સ્ત્રી-પુરુષના હોર્મોનમાં અસંતુલન પેદા થાય છે.

આપણે દૂધ શરીર સ્વાસ્થ્ય, વૃદ્ધિ માટે લઈએ છીએ. પરંતુ ઉપર જણાવ્યા મુજબના દૂધ તો સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. તો હવે શું કરવું તે પ્રશ્ન પેદા થાય છે. દૂધ આપણા માટે અગત્યનું તથા અનિવાર્ય છે. લેવું કે નહીં?

દૂધનો વિકલ્પ શું?

સૌથી સારો તથા સસ્તો વિકલ્પ છે – 'સોયા મિલ્ક'. બાકી જુવાર તેમજ અન્ય જાડા ધાનમાંથી પણ દૂધ બનાવી શકાય. શીંગદાણામાંથી તો 'પી-નટ' બટર બને જ છે અને તે ઓછી કેલેરીફીક વેલ્યુ ધરાવતું હોવાથી અમેરિકા-યુરોપમાં તો ખૂબ જ વપરાય છે. ઘઉં, જુવાર, બાજરી, મકાઈ, શકરીયા, નારિયેળ, મગફળી વિગેરેમાંથી દૂધ મળે તેવા પ્રયત્નો થયા છે. પરંતુ ગાય-ભેંસના દૂધમાંથી મળતાં દરેક પોષક દ્રવ્યો સાથે સસ્તા વિકલ્પ તરીકે 'સોયા દૂધ' વધારે સ્વીકાર્ય બને છે, વધુ પ્રચલીત છે. તેમાં લેક્ટોઝ ન હોવાના કારણે ગાયના દૂધ કરતાં પણ વધારે સુપાચ્ય છે. ૯૦ ટકા એશિયનો લેક્ટોઝ પચાવી શકતાં ન હોવાના કારણે પ્રાણીજ દૂધ પચ્યા વિના શરીરમાંથી બહાર નીકળી જાય છે. સોયા દૂધમાં પ્રી-બાયોટિક સુગર હોય છે, જે શરીરના નકામા કચરાને બહાર ફેંકવામાં મદદરૂપ થાય છે. આ દૂધમાં સેચ્યુરેટેડ ફેટ ખૂબ જ ઓછી હોવાથી ઓછું કોલેસ્ટોલ બને છે અને હૃદયરોગમાં ગુણકારી ગણાય છે. સોયામાં હૃદય માટે જરૂરી 'લેચીથીન' પણ હોવાથી વધારે ઉપયોગી છે. સોયામાં સોલ્યુબલ ફાયબર પણ વધારે હોવાથી શરીરમાંથી થતો કેલ્શિયમનો ઘટાડો ઘટે છે, જેથી કિડનીમાં ઝેરી તત્ત્વોનું ફિલ્ટરેશન સરળતાથી થાય છે. ગાયના દૂધમાં પ્રોટીન ૩.૦૫ ટકા હોય છે, જ્યારે સોયા દૂધમાં ૩.૦૨ થી ૪.૬૫ ટકા સુધી હોય છે. ચરબી ગાયના દૂધમાં ૪ ટકા હોય છે, જે સોયા દૂધમાં ૩.૧૦ સુધી હોય છે, જે માનવના પોષણ માટે પુરતી છે. ખનિજ ક્ષારો ગાયના દૂધમાં ૫ ટકા હોય છે જે સોયા દૂધમાં ૦.૫ ટકા સુધી હોય છે. વિટામીન 'A' થાયમીન, રીબોફ્લેવીન, કેલ્શિયમ, ફોસ્ફરસ, આયર્ન, નાયસીન, વિગેરે તત્ત્વો લગભગ બન્ને દૂધમાં સરખા મળે છે. તેમાં ૨.૧ ટકા સગર હોય તે ડાયાબિટીશમાં વાપરી શકાય છે.

સોયા દૂધમાં થોડું સેપરેટ દૂધ મેળવીને તેમાં મેળવણ નાંખીને દહીં જમાવી શકાય છે. આ દહીંમાંથી માખણ પણ મેળવી શકાય અને છાશ પણ બની શકે. ઉકળતા દૂધમાં લીંબુનો રસ નાંખવાથી તે દૂધ ફાટી જાય છે, તેમાંથી પનીર મળે છે. તેની મિઠાઈઓ પણ બનાવી શકાય છે. આ દૂધમાંથી મિલ્ક પાવડર પણ બનાવી શકાય છે.

કિંમતમાં સસ્તું હોવાના કારણે રેલ્વે સ્ટેશનોમાં મળતું દૂધ મોટા ભાગે સોયા દૂધ હોય છે. આ દૂધ ઘરે પણ બનાવી શકાય છે. તેમાં થોડું કપુર અને થોડી વાટેલી ઈલાયચી નાંખવાથી સ્વાદિષ્ટ બની જાય છે અને તેની અણગમતી ગંધ દૂર થઈ જાય છે. ઘરે જો બનાવવામાં આવે તો ૧૦ થી ૧૨ રૂપિયામાં એક લીટર દૂધ બની શકે.

તો આરોગ્ય માટે નુકશાનકારક બજારમાં મળતાં દૂધને બદલે, તેમજ આજે મળતું બજારનું દૂધ માંસાહાર પણ હોઈ શકે, તેને બદલે સોયા દૂધ વાપરવું બહેતર છે. તેમજ દેરાસરો તથા મંદિરો અને ધાર્મિક વિધિઓમાં પણ સોયા દૂધ વાપરવું જ યોગ્ય ગણાય.

* * *

૪૦૪, સુંદર ટાવર, ટી. જે. રોડ, શીવરી, મુંબઈ-૪૦૦ ૦૧૫.
મો.: ૯૩૨૩૩૩૧૪૯૩, ઘર : ૨૪૧૩૧૪૯૩.

રામકથા, ગાંધીકથા અને હવે સાંભળો ।। મહાવીર કથા ।।

જાણીતા સર્જક-વક્તા ડૉ.કુમારપાળ દેસાઈ દ્વારા 'મહાવીર કથા'નો નૂતન-મંગલ પ્રારંભ

❑ ડૉ. મનોજ જોશી

ભારતીય પ્રજા કથાપ્રેમી છે. કથાઓ-કથાનકો-પ્રસંગો-વાર્તાઓ-ઉપસર્ગો વગેરે દ્વારા પ્રજાનું અને એના જીવતરનું ઘડતર થતું હોય છે. યુગો યુગોથી ભાતીય પ્રજા રામાયણ, ભાગવત્, પંચતંત્ર, હિતોપદેશ, વેદપુરાણો વગેરેની કથા-પારાયણ દ્વારા પોતાનું અને પરિવારનું શ્રેય પ્રાપ્ત કરતી રહે છે. શ્રી મોરારિબાપુ રામકથા અને શ્રી નારાયણ દેસાઈ ગાંધીકથા દ્વારા શ્રીરામ અને મહાત્મા ગાંધીજીના આદર્શોને આજની અને આવતીકાલની પેઢી સન્મુખ મુકી રહ્યાં છે. શ્રીરામ અને ગાંધીબાપુ આપણા સમગ્ર ભારતીય જીવનની જીવંત ચેતના છે. એના જીવનની ઘટનાઓ અને સ્વયં અનુભવેલા પ્રસંગોમાંથી આજે પણ આપણને જીવન જીવવાનો પ્રસન્નકર માર્ગ મળતો જ રહે છે. મોરારિબાપુ તો સાંપ્રત અને આજની અત્યાધુનિક પેઢીની નવી આબોહવા સામે રામતત્ત્વ અને હનુમંતતત્ત્વ એ બન્ને જીવનને કેમ અખિલ-અખંડ અને પ્રસન્ન બનાવે છે એ યુવાપેઢીને ફાવે-ભાવે એ શૈલીમાં સમજાવી રહ્યાં છે. જ્યારે શ્રી નારાયણ દેસાઈ (નારણકાકા) ગાંધી જીવનના અમૂલ્ય - પ્રસંગો અને કેટલીક ઘટનાઓ જેની આજની પેઢી સુધી વાત નથી પહોંચી તે અત્યંત સરળ અને સાદગી સભર શૈલીમાં સમજાવીને ખૂબ ઉત્તમોત્તમ ગાંધી કર્મ કરી રહ્યાં છે તેનું ઋણ ગુજરાત ક્યારેય નહીં ચૂકવી શકે !

ડૉ. કુમારપાળ દેસાઈએ પણ આ કથા શૈલીનો માર્ગ અપનાવ્યો છે. મોરારિબાપુ અને નારાયણ દેસાઈની જેમ કુમારપાળ 'મહાવીર કથા' લઈને આવે છે. માત્ર બે દિવસની આ મહાવીર કથામાં એ યુગપુરુષ-મહાત્મા તીર્થંકર પરમાત્માના જન્મથી લઈ નિર્વાણ સુધીના પ્રસંગો અને કેટલીક અ-પરિચીત-અજાણી વાતો ને સાંકળીને 'જ્ઞાનપીઠ'ની ભૂમિકાએ એ કથા કરે છે. થોડા સમય પૂર્વે આ નૂતન-પ્રયોગશીલ 'મહાવીર કથા'નું પ્રથમ વખત જ આયોજન કરવાનું શુભ કર્મ મુંબઈમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા મુંબઈમાં જ થયું. એટલું જ નહીં પરંતુ આ 'મહાવીર કથા'ને બે વીડીયો સીડીમાં સંગ્રહિત કરીને તેનું પ્રકાશન પણ કરવામાં આવ્યું. મહાવીર કથામાં ડૉ. કુમારપાળ દેસાઈએ મહાવીર સ્વામીના જીવનની વાતો સાથે જૈન દર્શનના પરમતત્ત્વો અને આ ધર્મની સહજતા-મહાવીર પ્રભુએ પ્રબોધેલો સરળ માર્ગ વગેરે પોતાની સરળ શૈલીમાં સમજાવી હતી. એમણે સરસ વાત કરી કે 'આ લોકકથા નથી પણ આત્મકથા છે. અમેરિકાના ચેપલમાં જ્યારે મહાવીર પ્રભુના જૈન દર્શનની વાત કરી પછી એક ખ્રિસ્તી પાદરીએ મને કહ્યું કે 'અમને એક મહાવીર આપોને !' મેં કહ્યું: 'અમારો મહાવીર ખોવાયો છે ત્યાં તમને ય કેમ આપવો ?' અર્થાત્ ૨૬૦૦ વર્ષ પૂર્વે આ મહાન તીર્થંકર પરમાત્માએ જે જૈન ધર્મ આપ્યો તે આત્મ, મોક્ષ અને જીવન ધર્મ છે. એમણે 'એકોહ્ માણુસ જાઈ'ની વાત યુગો પહેલાં કરી છે. ટાગોર જેને 'યુનીવર્સલમેન' કહે છે. ઉત્સવ-વિજય ભીતરમાં થવો જોઈએ, બહાર નહીં. શત્રુ હણે તે વીર અને શત્રુને મિત્ર બનાવે તે મહાવીર. મહાભારત અને મહાવીર છે તેમાં મહાવીરના માર્ગે ચાલવા જેવું છે. આત્મધર્મ એ જૈન ધર્મની વિશેષતા છે. સાધનાને કોઈ સીમાડાઓ હોતા નથી. મહાવીર આશ્રમોમાં નહીં જંગલોમાં ફર્યા છે. દિશા ધર્મની અને ગતિ વિજ્ઞાનની હોવી જોઈએ એ જૈન ધર્મનું દર્શન છે. જયંતી નામના શ્રાવકે મહાવીરને પૂછ્યું કે 'માણસ જાગતો સારો કે ઉંઘતો ?' પ્રભુએ કહ્યું 'સારો માણસ જાગતો સારો, દુર્જન ઉંઘતો સારો.' જે માતાને પ્રસન્ન કરે છે પૃથ્વીને પ્રસન્ન કરે છે. પ્રથમ તીર્થ માતા છે. આકાશના તારાઓ આકાશની કવિતા છે તો ધરતી ઉપર મા-માતા એ ધરતીની કવિતા છે.'

મહાવીરના જન્મ સમયે માતા ત્રિશલા દેવીના સ્વપ્નોના મર્મો, સોમશર્મા નામના બ્રાહ્મણનો પ્રસંગ, આનંદઘનજી મહારાજ તથા દીક્ષા-સન્માન વગેરેના પ્રસંગોનું વર્ણન સરળ ભાષામાં કથાકાર સમજાવે છે. મહાવીર પ્રભુના પાંચ સંકલ્પો-જૈન દર્શનમાં કેન્દ્રસ્થ છે. (૧) અપ્રીતિ થાય તેવા સ્થાને વસવું નહીં (૨) જ્યાં રહેવું ત્યાં ધ્યાન મગ્ન રહેવું. (૩) પ્રાયઃ મૌન રહેવું (૪) કરપાત્રમાં જ ભોજન લેવું (૫) ગૃહસ્થની કદી ખુશામત ન કરવી. કથા દરમ્યાન પ્રસંગો કે જૈન દર્શનને અનુરૂપ એવા જૈન ગીતો-સ્તોત્રોનું ગાન પણ વચ્ચે વચ્ચે થતું રહે છે. જાણીતા ગાયક મહાવીર શાહ અને તેના સંગીત વૃંદ દ્વારા મહાવીર કથામાં ગીતો પ્રસ્તુત થતા રહે છે. ગૌતમ સ્વામી જ્યારે હાલીકને મહાવીર સ્વામી પાસે લઈ જાય છે ત્યારે મહાવીરના દર્શન કરીને હાલીક ભાગે છે એ પ્રસંગે પણ સરસ રીતે કહેવાયો છે. ત્યારે મહાવીર સ્વામીએ 'એની પાત્રતા નહોતી' એમ ન કહ્યું પણ પૂર્વ ભવના વેર-ઝેર થકી પણ હિસાબ ચૂકતે થતો હોય છે. એ આત્મધર્મ દ્વારા સત્યનું અન્વેષણ થયું. અહિંસા-સંયમ-તપ આ ત્રણ તત્ત્વો જૈન દર્શનના મજબૂત પાયા છે. ગાંધીની અહિંસા-નિર્ભયતા સ્વાવલંબી બનાવે છે. ગાંધીજીએ નોઆખલીમાં અને મહાવીર સ્વામીએ લાડપ્રદેશમાં અહિંસાના પાઠો પ્રસરાવ્યાં. અભય બનાવ્યા. વેર ખોટું છે, વેર નહીં!, ત્યાગની ઓળખ વૃષભ દેવે આપી છે. વક્તાએ વૈશાખ સુદ-અગિયારસ (૧૧)નું મહત્ત્વ તથા 'ગણધરવાદ'નો મહિમા

વિસ્તારથી સમજાવ્યો હતો. એમણે કહ્યું કે, 'યજ્ઞમાં પશુ તથા અનાજ હોમાતા હતાં તેને બદલે મહાવીર સ્વામીએ વૈચારિક ક્રાંતિ કરીને પદ્ધતિ નહીં પણ વિચાર બદલાવ્યો કે યજ્ઞમાં દુષ્ટવૃત્તિઓ હોમો. ક્ષમાનો સંદેશ વ્યવહારમાં, જીવનમાં અને જગતમાં પણ આવીને ફેલાય અને જ્ઞાનની-સાચા જ્ઞાનની જ્યોતિ જાગે એ જરૂરી છે. મહાવીર સ્વામીએ મૃત્યુની પણ જડીબુટ્ટી આપી છે કે નજીક હોય તેની માફી માગવી અને આત્માને સ્થિર-સમાધિસ્થ કરવો. એ મોક્ષ માર્ગનું સરળ નિરૂપણ પણ એમણે આપ્યું છે. ગૌતમવિલાપ એ ભાવધારાનું જૈન દર્શન છે. મારા માર્ગે નહીં પણ મારા તત્ત્વોને માર્ગે ચાલો. મોક્ષના માર્ગો એટલે ગુરુ-વૃદ્ધોની સેવા, અજ્ઞાનીઓથી દૂર, સૂત્રાર્થનું ચિંતન, એકાંતમાં રહેવું અને ધૈર્ય ધારણ કરવું.'

મુંબઈમાં યોજાયેલી આ પહેલી વહેલી મહાવીરકથાને ભાવકોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

'મહાવીરકથા'ના આ એક ઉપકારક અને નૂતન ઉપક્રમ માટે ડૉ. કુમારપાળ દેસાઈને વંદન.જય જિનેન્દ્ર.

* * *

ફૂલછાબ–પૂર્તિ–તા. ૨૭–૬–૨૦૧૦

'મહાવીર કથા' ડી.વી.ડી.





પ્રખર ચિંતક અને સમર્થ સર્જક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી વાણીમાં વહેતી, બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈને પ્રકાશિત થઈ ગઈ છે.

તજજ્ઞો દ્વારા તૈયાર થયેલી આ ડી.વી.ડી. એક જ મહિનામાં દેશ-પરદેશના અનેક જિજ્ઞાસુઓએ પોતાના ચિંતન ખંડમાં વસાવી છે. જે મહાનુભાવોએ જોઈ છે, એમણે આ ડી.વી.ડી.ના ચિંતનને માણ્યું છે અને પ્રસંશા કરી છે.

આ ચિંતનાત્મક દૃશ્ય-શ્રાવ્ય ડી.વી.ડી. પોતાના પરિવાર માટે વસાવવી, મિત્રો અને અન્ય પરિવારજનોને એ ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે, અને મહાવીર વાણીના ચિંતન પ્રચારનું પુણ્ય કર્મ છે.

વસ્તુની પ્રભાવના ક્ષણજીવી છે. વિચારની પ્રભાવના ચિરંજીવ છે.

પ્રત્યેક જૈન કુટુંબમાં આ ડી.વી.ડી. હોવી એ ધર્મપ્રિયતા અને જૈન ધર્મના સંસ્કારનો પૂરાવો છે. જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે. સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર અને સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય.

પ્રત્યેક જૈન છાત્રાલયો અને શાળા–કૉલેજોએ આ ડી.વી.ડી. દ્વારા પોતાના યુવા વિદ્યાર્થીઓને આ મહાવીર ચિંતનનું દર્શન કરાવવું જોઈએ. ઉપાશ્રયમાં ન જતા અને ન જઈ શકતા અને જૈન પુસ્તકોના વાંચન માટે સમય ન ફાળવી શકતા જૈન શ્રાવક-શ્રાવિકાને ઘર બેઠાં મહાવીર જીવન અને ચિંતન આ ડી.વી.ડી. પીરસે છે.

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી મહાવીરને જાણો, માનો અને પામો.

બે ડી.વી.ડી.ના સેટનું દાન મૂલ્ય રૂા. ૨૫૦/– પરદેશ માટે ૨૦ યુ.એસ.ડોલર.

શ્રી જૈન યુવક સંઘના આજીવન સભ્યો, પેટ્રનશ્રીઓ, જૈન છાત્રાલયો, પુસ્તકાલયો અને સંઘોને **૨૦% ડિસ્કાઉન્ટ.**

દશ સેટ ખરીદનારને એક સેટ વિના મૂલ્યે પ્રભાવના સ્વરૂપે આપવામાં આવશે.

બેંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ - પ્રાર્થના સમાજ બ્રાંચ - મુંબઈ. ખાતા નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં રકમ ભરી એ સ્લીપ અમને મોકલશો એટલે આપને ઘેર બેઠાં અમે આપની ઈચ્છિત ડી.વી.ડી. મોકલીશું.

અમારું સરનામું પાના નં. ૩ ઉપર આપેલું છે.

ફોન નં.: 022-23820296 – 022-2056428

ધન્યવાદ.

પ્રમુખ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

‘ણ’ અક્ષરનો પ્રભાવ

❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

પ્રબુદ્ધ જીવન મે ૨૦૧૦ના અંકમાં ‘નવકાર મંત્રમાં ‘ન’ કે ‘ણ’ : નમુક્કારો કે ણમુક્કારો ?’ – પુષ્પા પરીખે આ લેખમાં ‘ન’ / ‘ણ’ અક્ષર વિષે સુંદર વિવેચન કર્યું છે. એના સંદર્ભમાં આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીની વિદૂષી સાધ્વીશ્રી પુણ્યયશાજીના નમસ્કાર મહામંત્ર ઉપરનો એક લેખ ‘મહામંત્ર કી અર્થવત્તાઃ વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય’ (જૈન ભારતી મે, ૨૦૧૦–જૈન શ્વે. તેરાપંથી મહાસભા) મનનીય છે. એમાંથી સંબંધિત ભાગનો ભાવાનુવાદ અહીં આપવામાં આવ્યો છે.

‘મહામંત્રમાં પ્રયુક્ત ‘ણ’નું અપરિહાર્ય મહત્ત્વ’ નમસ્કાર મહામંત્રના જપાકાર તરંગો આત્મામાં અમોઘ-શક્તિનો સંચાર કરે છે. આ મહામંત્રમાં પ્રયુક્ત એક માત્ર ‘ણ’ની વિશિષ્ટતા જ આશ્ચર્યચકિત પરિણામ લાવી શકે છે. ‘ણ’નું પોતાનું અપરિહાર્ય મહત્ત્વ છે, એના કારણો છે–

૧. ‘ણ’ શક્તિ-સૂચક હોવાથી સમત્વભાવ આપવાવાળો છે.

૨. ‘ણ’ પૃથ્વી તત્ત્વ સંજ્ઞક હોવાથી સ્થિરતા, અડોલતા, ગંભીરતા, સહનશીલતા, આદિનો પરિચાયક છે.

૩. શાસ્ત્રોમાં ‘ણ’ શબ્દનું સ્વરૂપ વ્યોમ (આકાશ) બતાવવામાં આવ્યું છે. આકાશમાં વ્યાપકતા, વિશાળતા, અવગાહ આપવાની ક્ષમતા તથા શબ્દોના તરંગોને પ્રભાવિત કરવાની યોગ્યતા છે. વ્યોમ આપણને ઉપર તરફ લઈ જાય છે-અર્થાત્ ઉર્ધ્વગામી બનાવે છે.

૪. વિજ્ઞાન મુજબ ‘ણ’નો પ્રયોગ આલ્ફા (Aalpha) તરંગોના નિર્માણમાં સહાયક બને છે. ‘ણ’નો ઉચ્ચાર કરવાથી ગળું જીભ દ્વારા ખેંચાય છે, જેનાથી થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ ગ્રંથિઓ સંતુલિત અને શક્તિશાળી બને છે. જીભના ખેંચાવાથી થાઈમસનો સ્રાવ પણ સંતુલિત થાય છે, જેથી વાયુ અને સાંધાના દર્દોમાં રાહત મળે છે.

૫. યોગ શાસ્ત્ર અનુસાર માનવ શરીરના કોઈક અંગમાં (-) ઋણ વિદ્યુત (Negative Charge)ની પ્રધાનતા છે તો કોઈકમાં (+) ધન વિદ્યુત (Positive Charge)ની પ્રધાનતા છે. આપણા શરીરમાં જીભમાં ઋણ-વિદ્યુત (-) અને મગજ (brain)માં ધન-વિદ્યુત (+) મુખ્ય છે. ‘ણ’ના ઉચ્ચારથી આંશિક (ખેચરી મુદ્રા) થાય છે અને જીભનું તાલુની સાથે ઘર્ષણ થાય છે. તાલુ મગજનો નીચલો હિસ્સો છે. અહીં જીભ દ્વારા ઘર્ષણ થવાથી (-) તથા (+) બંને તરંગોનો સંગમ થાય છે. અને આનાથી ‘આજ્ઞાચક’ (બંને ભ્રકુટિઓની વચ્ચે-દર્શન કેન્દ્ર) પ્રભાવિત થાય છે. આ ચંદ્રમાનું પણ સ્થાન છે. એમ કહેવાય છે કે એનું મુખ નીચેની રહેતું હોય છે અને એ અમૃત-વર્ષા કર્યા કરે છે. જ્યારે આજ્ઞાચક (દર્શન કેન્દ્ર) જાગૃત થાય છે ત્યારે આ વર્ષાથી શરીરની બધી જ નસો ભરાઈ જાય છે અને પ્રભાવશાળી આત્મામંડળનું નિર્માણ થાય છે. આજ્ઞાચક્રના સક્રિય થવાથી વ્યક્તિ દૃઢ સંકલ્પવાળી અને ઈન્દ્રિયો પર નિયંત્રણ કરવાવાળી બની જાય છે. સાથે સાથે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનની ભૂમિકા પણ બને છે.

૬. ‘ણ’મો ના ઉચ્ચારણથી જે ધ્વનિ-તરંગો (Sound Waves) ઉત્પન્ન થાય છે, તે સ્વરમય હોવાથી અને ‘ન’ થી વધુ બૃહદ્ (વિશાળ) હોવાથી આ મંત્ર એના આરાધકના શરીરની હૃદયતંત્રીને વધુ સમય સુધી તરંગિત કરે છે.

૭. નમસ્કાર મહામંત્રના પ્રત્યેક પદમાં પ્રારંભમાં અને અંતમાં પણ ‘ણ’ અક્ષર છે. પ્રારંભના ‘ણ’માં અનુસ્વાર નથી પણ અંતના ‘ણ’માં અનુસ્વાર આવે છે. સંગીતશાસ્ત્ર અને શરીરવિજ્ઞાન અનુસાર પ્રારંભનો ‘ણ’ ગતિ આપે છે અને અંતનો ‘ણ’ વિરામ. ભાષાવિજ્ઞાન અનુસાર પણ પ્રારંભના ‘ણ’ના સ્વર-તરંગો ગતિમાન થઈને શરીરના રોમેરોમને ઝંકૃત કરે છે. અને અંતમાં ઉચ્ચારેલા ‘ણ’ થી એ તરંગો ધીરે ધીરે વિરામ પામે છે. આમ ‘ણ’નું ઉચ્ચારણ ચિત્તને સ્થિરતા આપે છે.

૮. ‘ણ’ની ધ્વનિ ‘ન’થી અધિક પ્રભાવી અને વજનદાર છે. આથી એ શરીરના બધાં જ સ્નાયુતંત્રોને તરંગિત કરીને ચિંતનધારાને ગતિ આપે છે.

નમસ્કાર મહામંત્રમાં અનુસ્વાર સહિત અને અનુસ્વાર રહિત કુલ દસ ‘ણ’ હોય છે. એક માળામાં કુલ ૧૦૮૦ વાર ‘ણ’ નું ઉચ્ચારણ થાય છે. આનાથી જીભ અને તાલુનું લયબદ્ધ ઘર્ષણ થયા કરે છે જેથી આરાધકની પીનીયલ (Pineal) પીચ્યુરીટી (Pitutary) અને હાઈપોથેલેમસ પ્રભાવિત થાય છે. એમાંથી નીકળતા આંતરસ્રાવો (Hormones) સંતુલિત થઈ જાય છે. આની સાથે મગજમાં રહેલા રેટીક્યુલર ફોર્મેશન (Reticular Formation) પ્રભાવિત થાય છે. મગજમાં રહેલી આ ફીલ્ટર સીસ્ટમ અસંખ્ય નર્વ સેલ્સનું બનેલું નેટવર્ક છે જેનાથી મગજ કુશળતાથી કામ કરી શકે છે.

જ્યારે વ્યક્તિના આવેગો અને આવેશો (Emotions and Impulses) પર હાઈપોથેલેમસનું નિયંત્રણ થાય છે ત્યારે એનાથી પીનીયલ અને પીચ્યુટરી ગ્રંથિઓ પણ પ્રભાવિત થાય છે. આ ગ્રંથિઓમાંથી નીકળતા સ્રાવ (Hormones) નાભિ પાસે રહેલી એડ્રીનલ (Adrinal) ગ્રંથિને પ્રભાવિત કરે છે. પરિણામે એ વ્યક્તિની ઉત્તેજનાઓ, આવેશો, આવેગો અને હિંસાત્મક ભાવો શાંત થઈ જાય છે. અને આ શાંત-પ્રશાંત-ઉપશાંત ભાવોથી એનો વ્યવહાર અને આચરણ પણ શાંતિમય બની જાય છે. ✷ ✷ ✷

‘અર્હમ્’, ટૉપ ફ્લૉર, ૨૬૬, ગાંધી માર્કેટ પાસે, સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૨. ટેલિફોન : ૦૨૨-૨૪૦૯૫૦૪૦ / ૨૪૦૯૪૧૫૭.

વિશ્વ ગુજરાતી ભાષા દિવસ

□ કાકુલાલ છગનલાલ મહેતા

આ વર્ષે ૨૪ ઑગસ્ટના રોજ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી શા માટે? કઈ રીતે?'નો એક કાર્યક્રમ મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી અને મુંબઈ સમાચાર તરફથી જાહેર થયેલ છે. એક લકીરની આ રજૂઆત કંઈ કેટલાય પ્રશ્નોની હારમાળા મનમાં જગાવે છે. સવાલ એ છે કે હજારેક વર્ષ પૂરાણી ભાષાની ઉજવણીનો વિચાર પહેલી વાર, આજે આટલા વર્ષે કેમ? ભાષા એ શિક્ષણનું માધ્યમ છે પરંતુ શિક્ષણ એ જીવનના દરેક પાસાને, ક્ષેત્રને આવરી લેતું, જીવનનું ઘડતર કરતું, મહાન પરિબળ છે એથી ભાષાની જોડે શિક્ષણ અંગે વિશાળ ફલક પર વિચારવું રહ્યું. ગુજરાતીની જોડે રાષ્ટ્રભાષાનો વિચાર કરવો પણ અત્યંત આવશ્યક છે. એ વિના રાષ્ટ્રઐક્ય સાધી નહિ શકાય અને વિભાજિત દેશ સ્વતંત્રતા જાળવી નહિ શકે. લગભગ બધા જ દેશોને, જેમ કે બ્રિટન, ચીન, ફ્રાંસ, જર્મન, જાપાન, રુસ (રશિયા) વગેરેને પૂરા રાષ્ટ્રને આવરી લેતી એક જ ભાષા છે અને એનું અધિકું ગૌરવ પણ છે. છેલ્લા બે-એક દાયકાથી અને વિશેષે એક દાયકાથી ગુજરાતી ભાષાના ભવિષ્ય વિષે ચર્ચા-વિચારણા અને લખાણો પણ પ્રસિદ્ધ થતાં રહે છે.

ભૂતકાળ : પ્રસ્તાવમાં 'વિશ્વ ગુજરાતી ભાષાનો ઉલ્લેખ છે. એક એવું અનુમાન દોરી શકાય કે ભારતે સ્વતંત્રતા ગુમાવી એ પહેલા (ત્યાર પછી અને હાલ પણ) આપણો ગુજરાતીઓનો વ્યાપાર વિશ્વમાં દૂર દૂર સુધી ફેલાયેલો જેમકે નજીકમાં બર્મા, જાવા, સુમાત્રાથી લઈને છેક આફ્રિકા અને બીજા ઘણાં દેશો સુધી. એ વખતની વ્યાપાર વ્યવસ્થામાં એક વિશિષ્ટતા એ હતી કે તેમાં ગુજરાતીમાં વાતચીત થતી અને વસ્તુઓનું આદાન-પ્રદાન થતું. જેટલો માલસામાન લઈ વહાણ જ્યાં જાય ત્યાં બધો જ સામાન ત્યાંના ચલણમાં વેચાતો અને એજ ચલણમાંથી ભારતવાસી પોતાને જોઈતો સામાન ત્યાંથી ખરીદીને લઈ આવતા. આથી વિદેશી મુદ્રાનો સવાલ જ ઊઠતો નહિ. ન કોઈ લેણદાર બનતું કે ન દેવાદાર. બન્ને પક્ષનું હિત જળવાઈ જતું. ભારતના રુપિયાની પ્રતિષ્ઠા હતી અને સ્વીકાર્ય પણ હતો. એ સમયમાં અને આજે પણ ગુજરાતીઓ વિશ્વભરમાં ફેલાયેલા છે. વ્યાપાર પણ ફેલાયો છે. આપણે માતૃભાષા, રાષ્ટ્રભાષા અને જીવનઘડતરનું યોગ્ય સંયોજન કરી શકીએ તો સંભવ છે કે ૫૦-૬૦ વર્ષના ગાળામાં આપણી ભાષાને પણ વિશ્વની પ્રખ્યાત ભાષાઓમાં સ્થાન મળે. આપણી સંસ્કૃતિમાં એ તાકાત છે જો એને ન અવગણીએ તો.

સમય અને પરિવર્તન સાથે સાથે ચાલતા રહે છે, ક્યારેક ધીમી ગતિએ નજરમાં પણ ન આવે એવી રીતે તો ક્યારેક ઝડપથી જેની અસર જલ્દીથી અનુભવવા મળે. ભારત જ્યારથી સ્વતંત્રતા ગુમાવી ગુલામ બન્યું ત્યારથી આપણે વ્યાપારી અને વ્યવહારુ પ્રજા હોવાને કારણે, જે તરફ હવા વહેતી હોય તે તરફ હંકારવાનું બુદ્ધિ વાપરી રાજ્યને વફાદાર રહી આપણા માર્ગે ચાલતા રહ્યા. એ સમયમાં આપણે ન તો માતૃભાષા પ્રતિ જાગૃત હતા કે ન તો એની ચિંતા હતી. પરિણામે આપણે અંગ્રેજી પ્રતિ ઢળ્યા. એ પહેલા મુગલ રાજ્ય કાળમાં પણ આપણે ઉર્દુમિશ્રિત ભાષાનો સ્વીકાર કરી ચૂક્યા હતા.

જેણે 'શું શા પૈસા ચાર'નો પ્રયોગ કર્યો એણે કદાચ એ આપણી આ ઉણપ પ્રતિ ઈશારો કરવા માટે જ કર્યો હશે. આજે હવે અંગ્રેજી ભાષા વ્યાપાર માટે તો ખરી જ પરંતુ અન્યથા પણ વિશ્વભરમાં પોતાનું વર્ચસ્વ સ્થાપી ચૂકી છે એથી આપણે પણ કદાચ પૂર્ણપણે નહિ તો પણ મહદ્ અંશે અંગ્રેજીને સ્વીકારી ચૂક્યા છીએ. આ એક વાસ્તવિકતા છે, એનો વિરોધ નથી, સ્વીકાર પણ કરીએ પરંતુ માતૃભાષા કે સંસ્કૃતિના ભોગે તો નહિ જ. શા માટે?

માતૃભાષાનું મહત્ત્વ સમજવું બહુ જ જરૂરી છે. મારા પૌત્ર અને પૌત્રી અંગ્રેજી માધ્યમમાં ભણે છે. ઘરમાં ગુજરાતી બોલે છે, સમજે પણ છે પરંતુ લખતા-વાંચતા આવડતું નથી. મેં એમને પ્રશ્ન કર્યો કે એ,બી,સી,ડી શિખ્યા પછી જ તમે અંગ્રેજી બોલતા અને સમજતા થયા પણ તમને ગુજરાતી શીખવાડવામાં આવ્યું નથી તો ગુજરાતી કઈ રીતે બોલો-સમજો છો? હકિકત એ છે કે બાળક માતાના ઈશારાથી, સિસકારાથી કે બોલાતી ભાષાથી સહેલાઈથી સમજી શકે છે અને બોલી કે સમજાવી ન શકે ત્યાં પણ સમજણ તો હોય જ છે. એટલું જ નહિ પણ હજારો વર્ષની આપણી આગવી સંસ્કૃતિની પાછળ અનુભવ હોય છે જેને અપનાવીને આપણે ભૂલો કરતા બચી જઈએ અને યોગ્ય માર્ગે પ્રગતિ સાધી શકીએ. માતૃભાષા જતાં આવી અનુપમ સંસ્કૃતિને ગુમાવીને આપણે દિશા-વિહોણા બની જઈએ. આ કારણે માતૃભાષાનું જ્ઞાન એક અનિવાર્ય આવશ્યકતા બની જાય છે. મારી પૌત્રી અગિયાર વર્ષની છે. અંગ્રેજી, હિંદી, મરાઠી અને સંસ્કૃત શીખી છે અને હાલ રજાના દિવસોમાં ગુજરાતી શીખે છે. આશ્ચર્ય અને દુ:ખની વાત તો એ છે કે ગુજરાતીની જન્મદાત્રી સંસ્કૃતનું શિક્ષણ અંગ્રેજીના માધ્યમથી લ્યે છે. વિચારવાનું એજ કે બાળકોને માટે માતૃભાષા, હિંદી અને અંગ્રેજી સાથે સાથે શીખવાનું મુશ્કેલ નથી કેમ કે એમની ગ્રહણ શક્તિ અદ્‌ભુત હોય છે.

વર્તમાન : આપણે જોયું કે સમય સાથે પરિવર્તન થતું જ રહે છે, ક્યારેક ધીમી ગતિએ તો ક્યારેક ઝડપથી. આઝાદી પછી ભારતે આર્થિક વિકાસ માટે હરણફાળ ભરી. આઝાદીની લડત અંતે તો

ગરીબી દૂર કરવા માટે જ હતીને ? પરંતુ કોઈ મહાન કાર્યને પાર પાડવા માટે ખંત અને ધીરજની જરૂરત રહે છે. જલ્દી પ્રગતિની ધૂનમાં આપણે, આપણો દેશ ખેતીપ્રધાન હોવા છતાં, ખેતીને અવગણીને વિશાળકાય ઉદ્યોગો પ્રતિ જ બધું ધ્યાન અંકિત કર્યું અને એમ કરવામાં વિકસિત દેશોનું આંધળું અનુકરણ કર્યું. દેશે પ્રગતિ તો કરી પણ ગરીબ અને તવંગરની ખાઈ વધારીને. વિકસિત દેશોને એ કાળે આફ્રિકા, ભારત, શ્રીલંકા, બર્મા વગેરે વસાહતી દેશોમાંથી કાચો માલ મફત જેવા ભાવે મળતો અને પાકો માલ ઊંચા ભાવે વેચીને કમાણી કરવાની તક મળેલી. અંગ્રેજો તો અહીં વ્યાપાર અર્થે જ આવેલા અને ગયા તો પણ એવી વ્યવસ્થા કરીને ગયા કે આપણે એમના આશ્રિત થઈને રહીએ અને એમના માર્ગદર્શન પ્રમાણે આગળ વધીએ. એમાં એમનો સ્વાર્થ જ હતો. આપણે જાણીએ છીએ કે વિકસિત દેશોએ આર્થિક પ્રગતિ ગમે તેટલી કરી હોય, બાહ્ય દૃષ્ટિએ સુખી અને સમૃદ્ધ જણાતા હોય, પરંતુ પ્રજા મનથી અત્યંત વ્યથિત છે અને માનસિક તાણને લીધે મનોવૈજ્ઞાનિક ચિકિત્સકો અને દવાના આધારે જીવે છે. આ વાતને ભાષા સાથે આમ તો કોઈ સંબંધ નથી છતાં એનો ઉલ્લેખ એટલા માટે કરવો પડ્યો છે કે ભાષા એ શિક્ષણનું મહત્ત્વનું માધ્યમ છે. અને શિક્ષણ એ એક માનવજીવનના ઉત્કર્ષ અને સાર્થક્યનું સાધન છે.

આપણે એ પણ જાણીએ છીએ કે પશ્ચિમનું અનુકરણ કરીને આર્થિક સમૃદ્ધિ તો મેળવી છે પણ આત્મિક શક્તિ ગુમાવી બેઠા છીએ. રોજના દૈનિક પત્રોમાં આવતા સમાચારોને આજથી વીસ-પચીસ વર્ષ પહેલાના સમાચારો સાથે મેળવી જુઓ. વિચારશો તો ખ્યાલ આવશે કે આપણે કેટલું બધું ગુમાવી પણ ચૂક્યા છીએ. ઝડપી અને તુરત આંખે ચડે એવો ફેરફાર તે માનવનું સામાજિક પ્રાણીમાંથી વ્યક્તિગત જીવન તરફનું પ્રયાણ, ગમે તે રીતે જીવવાનો અધિકાર આપતું જીવન, જેમાં વ્યક્તિએ પોતાના સિવાય બીજા કોઈનો વિચાર કરવાનો નહિ. આપણે સામાજિક પ્રાણી મટીને ફક્ત પશુજીવન તરફ ઢળી રહ્યા છીએ. એક બીજું પરિણામ એ આવ્યું છે કે જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલાઈ ગઈ અને કોઈ પણ ભોગે, યોગ્ય કે અનુચિત માર્ગે, પૈસો બનાવવો એજ જીવનનું ધ્યેય બની ચૂક્યું છે. માનવ જીવન એજ એક મહાન ઉપલબ્ધિ છે એ વાતનો ખ્યાલ પણ નથી રહ્યો. જીવનની ઘટમાળ જ એવી બની ગઈ છે કે કોઈને, ઈચ્છા હોય તો પણ, વિચારવાનો સમય નથી; પછી ભલે તે સમય મેચ જોવામાં કે ટી.વી. અને ક્ષુલ્લક મનોરંજન કે જલસા-તમાશા જોવામાં જતો હોય. આંતરિક આનંદ ગુમાવી બેઠા છીએ એટલે બહાર ખોળીએ છીએ.

હવે પછી : આપણે ભૂતકાળ અને વર્તમાન ઉપર એક અછડતી નજર કરી. હવે ભવિષ્ય પર એક નજર કરીએ. એમ કહેવાય છે કે માતૃભાષા તો બાળકને ગળથૂથીમાં મળે છે. કક્કો-બારાક્ષરી શીખ્યા પહેલા તો એ બોલતા શીખી જાય છે અને એથીએ વિશેષ તો એ સમજતા શીખી જાય છે, માટે માતૃભાષાનું શિક્ષણ ફરજિયાત અને જેમાં જીવનઘડતર થાય એવું બનવું જોઈએ. આ કાંઈ ફરજિયાત શિક્ષણનો કાયદો પસાર કરવાથી નથી બનવાનું અને આ કામ સરકાર પણ, ઈચ્છે તો યે નથી કરી શકવાની, કારણ કે એ કામ જેના મારફત કરવાનું છે એની લાયકાતવાળા શિક્ષકો પણ જોઈએને ? આ માટે તો શિક્ષણક્ષેત્રની અનુભવી વ્યક્તિઓ દ્વારા નવું જ આયોજન થવું જોઈએ, નવો અભ્યાસક્રમ તૈયાર કરવો પડે, નવા અને યોગ્ય શિક્ષકો તૈયાર થવા જોઈએ. જુદી જુદી જાતના વિસ્તૃત શબ્દકોશ રચવા જોઈએ. આવું બધું કદાચ 'ગુજરાતી વિશ્વકોશ' રચનારા કરી શકે પરંતુ એમને પણ યુવાન અને સમર્પિત કાર્યકરો જોઈએ, પર્યાપ્ત માત્રામાં ધનરાશી જોઈએ વગેરે વગેરે. આ બધાનો વિચાર કે ઠરાવ પસાર કરીને કામે લાગી જવાય તો વર્ષોની મહેનત પછી જ આપણે પ્રગતિ કરી શકીએ. આઝાદીની લડત કે આર્થિક વિકાસ માટે કેટલા વર્ષોની તપસ્યા પછી પણ આપણે ક્યાં ઊભા છીએ ? ગુજરાત અને ગુજરાતીને ગૌરવ પ્રાપ્ત થાય એવી ઈચ્છા હોય તો સમર્પિત કાર્યકરો, પૂરતા સાધનો, ધીરજ અને ખંત જોઈશે. એ હશે તો જ કામ થશે.

ઉપસંહાર : આપણે જોઈ ગયા કે માતૃભાષાને અવગણીને આપણે ઘણું બધું ગુમાવ્યું છે. આ પ્રશ્ન આપણો જ નહિ પણ ભારતની બધી જ ભાષાઓ ઉપરાંત અન્ય દેશોની ભાષાઓને પણ સ્પર્શે છે. કેટલીય ભાષાઓ નષ્ટ પણ થઈ ચૂકી છે. કોઈક એવું પણ સૂચન કરે છે કે સમયાંતરે અંગ્રેજી, ફ્રેંચ, જર્મની જેવી ગણીગાંઠી ભાષાઓ જ બચશે. કદાચ બોલી બચે પણ ભાષા નહિ. એવું પણ બને કે કદાચ વિકસિત ભાષાઓ બોલનારા પણ એમ જ ઈચ્છતા હોય અને એ માર્ગે પ્રયત્ન પણ કરતા હોય. અલબત્ત આ બધું કોઈ વરસ બે વરસમાં ન જ બની શકે. માતૃભાષા વિશે જાગૃતિ લાવવાનો આ પ્રયાસ છે તો આપણે એ પણ સ્વીકારી લઈએ કે આપણી હાર છે, નિષ્ફળતા છે અને નિષ્ફળતાની ઉજવણી ન હોય.

એ માટે તો ગમે તે ભોગે મુશ્કેલીઓને વટાવી, સફળતા મેળવવાની પ્રતિબદ્ધતા હોવી જોઈએ. પ્રતિજ્ઞાબદ્ધ બનીએ તો જ પ્રગતિ થશે નહિ તો ફક્ત ઉજવણી બનીને રહી જશે. ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય બન્યું એ માટે 'સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણી કરીએ, ભારત આઝાદ થયું એની ઉજવણી કરીએ, રાજ્યબંધારણ મંજૂર કર્યું એની ઉજવણી જરૂર કરીએ કેમકે આપણે કાંઈક ઉપલબ્ધિ મેળવી છે એની એ ઉજવણી છે

વિશાળ ફલક : ભાષા પ્રતિ ચિંતાનો વિષય આપણે જોશું તો વયસ્કોને મૂંઝવે છે, યુવાનોને એની કોઈ ચિંતા નથી. એનું કારણ એમ માનવામાં આવે છે કે પેઢીભેદ તો રહેવાનો. વાત સાચી પણ એ ભેદ આજે એક પેઢીનો મટીને બે પેઢીનો એટલા માટે બની ગયો

છે કે જીવાદોરી જે ૫૫-૬૦ વર્ષની હતી તે આજે ૭૫-૮૦ સુધી પહોંચી ગઈ છે પણ એટલું જ નહિ આગળ વધીને અત્યંત ઝડપી ટેકનોલોજીના વિકાસને લીધે એ ભેદ અનેકગણો વધી ગયો છે. સંભવ છે કે આ કારણે યુવાવર્ગ ચિંતિત નથી પરંતુ એમના માટે પણ આ પ્રશ્નની ગંભીરતાનો વિચાર કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. આપણે પ્રથમ તો યુવાનો સાથે વાર્તાલાપ યોજવો પડશે. એમની વાત સાંભળીએ અને આપણી વાત એમને સમજાવીએ. એમાંથી જ માર્ગદર્શન અને આગળની કાર્યસૂચિની દિશા પ્રાપ્ત થશે.

* * *

(વાચકોના કડવા-મીઠા મંતવ્યો આવકાર્ય-અભિપ્સિત)
૧૭૦૪, ગ્રીન રીડ્‌જ ટાવર-૨, ૧૨૦, લીંક રોડ, ચીકુવાડી, બોરીવલી (પ.) મુંબઈ-૪૦૦૦૯૨. ફોન: (૦૨૨) ૨૮૯૮૮૮૭૮

શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૨૧

□ પ. પૂ. આચાર્યશ્રી 'વાત્સલ્યદીપ'સૂરીશ્વરજી મ.

એકોવિંશતિ પ્રકરણ : શક્તિયોગ અનુમોદના

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી રચિત 'શ્રી જૈન મહાવીર ગીતા'નો આપણે મંગલ સ્વાધ્યાય કરી રહ્યાં છીએ: 'શ્રી જૈન મહાવીર ગીતા'માં અગાઉ કહ્યું તેમ, ૧૬ અધ્યાય પૂર્ણ થયાં પછી જે ૬ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં, ૫મું પ્રકરણ 'શક્તિયોગ અનુમોદના' છે. તેના ૨૩ શ્લોક છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં ૮મો અધ્યાય 'શક્તિયોગ' છે. સળંગ ક્રમે ગણીએ તો, આ ૨૧મું પ્રકરણ 'શક્તિયોગ અનુમોદના', તેની સાથે જ હોવું જોઈતું હતું. ગ્રંથલેખક આચાર્ય શ્રીમદ્‌જીએ એમ ન કરતાં તેના અનુસંધાનરૂપે, પાછળથી 'શક્તિયોગ અનુમોદના' નામક પ્રકરણ ઉમેર્યું છે. અગાઉ આપણે જેનો સ્વાધ્યાય કરી ગયા છીએ તે, 'શક્તિયોગ' એક અદ્‌ભુત અને વિશિષ્ટ અધ્યાય હતો: જૈન/જૈનેતર સાહિત્ય વિશ્વમાં ક્યાંય પણ આવી અદ્‌ભૂત રચના જોવા મળી નથી. 'શક્તિયોગ' અધ્યાયની સંપૂર્ણ કલ્પના જ અનન્ય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આ પ્રકરણમાં સમર્થ બનવાની પ્રેરણા કરે છે. આળસ, નિર્માલ્યતા, પરાધીનતાનો ત્યાગ કરીને દૃઢ, મજબૂત, શક્તિવાન બનો તેવી અદ્‌ભુત પ્રેરણા અહીં મળે છે. જૈન સાહિત્યમાં અને મોટે ભાગે ભારતીય ધાર્મિક સાહિત્યમાં જે ઉપદેશ કરવામાં આવે છે તેમાં ત્યાગ, ભક્તિ, તપશ્ચર્યા ઈત્યાદિ વિશેષ નિહાળવા મળે છે, પરંતુ, એક ધર્માચાર્ય શક્તિમંત્ર બનવાની પ્રેરણા કરે છે તેવું અહીં વિરલ સ્વરૂપે પ્રાપ્ત થાય છે: આ એક ક્રાન્તિ ગણવી રહી.

જે વ્યક્તિ સમર્થ છે તેનું ધર્માચરણ પણ સૌને વિશેષ પ્રેરક બને છે: જેનું જીવન સમર્થ નથી તેનું ધર્માચરણ, વ્યક્તિત્વ, કૌશલ્ય ઉત્તમ હોવા છતાં પરંપરાશીલ મનાય છે.

આળસ જેવો જીવનનો કોઈ બીજો શત્રુ નથી. નિર્માલ્યતા ય પળે પળે જીવનને ખતમ કરતો અગ્નિ છે. પરાધીન બનીને જીવવા કરતાં સ્વમાન સાથે જીવવું બહેતર છે.

આ વિચાર અને આચારની મજબૂત ઉપદેશધારા 'શક્તિયોગ'માં આપણે જોઈ હતી.

'શક્તિયોગ અનુમોદના' પ્રકરણમાં બુદ્ધિનિધાન મંત્રીશ્વર અભયકુમાર દ્વારા અધ્યાયનો પ્રારંભ થાય છે. અત્યંત બુદ્ધિશાળી મંત્રીશ્વર અભયકુમાર 'શક્તિયોગ'ની અનુમોદના કરે છે તે કલ્પના જ કેવી ઉત્તમ છે!

'શક્તિયોગ અનુમોદના' અધ્યાયમાં ૨૩ શ્લોક છે એટલે તે તમામ ગાથાઓ અહીં અર્થ સમેત મૂકું છું:

शक्तियोगं समाकर्ण्य, युवराजाभयोऽभय: ।
हर्षोल्लासेन संस्तौति, शक्तियोगं गुणालयम् ।।
सिंहवज्जैनसंघेन, स्थातव्यं सर्वशक्तिभि: ।
सिंहाङ्कितो महावीर, आज्ञापयति सर्वथा ।।
जयतु श्रीमहावीरो, जैनधर्मप्रकाशक: ।
पातु चरमतीर्थेशो, जैनानां सर्वशक्तिद: ।।
सर्वपराक्रमख्यात:, सिंहलाञ्छनसंज्ञया ।
पञ्चमारे महावीरो, भूयान्न: सर्वशक्तिद: ।।
प्राप्तव्या जैनसंघेन, सर्वजातीयशक्तय: ।
जैनानां जीवनं नैव, कलौ शाक्तिं विना कदा ।।
मनोवाक्कायशक्तीनां, विकासो योग्यशिक्षणै: ।
कर्त्तव्य: सर्वसंघेन, देशकालानुसारत: ।।
स्वात्मरक्षणशस्त्रादिशिक्षणं सर्वयुक्तित: ।
सर्वथा सर्वदा ग्राह्यं, धर्मस्वातन्त्र्यरक्षकम् ।।
विद्याव्यापारसत्तादिशक्तीनां रक्षणार्थिभि: ।
शौर्याद्यै: सिंहवज्जैनै:, स्थेयं सर्वत्र कर्मसु ।।
निर्बला नैव जीवन्ति, शक्तिविद्याधनं विना ।
प्राकट्यं सर्वशक्तीनां, जैनसंघोन्नतिप्रदम् ।।
कलिधर्माऽनुसारेण, सर्वजातीयशक्तये ।
जैनानां वर्त्तनं धर्म्यमैक्यञ्च सर्वशक्तिदम् ।।
अल्पदोषमहालाभकारकमपवादत: ।
चतुर्वर्णस्थसज्जैनै:, सेव्यं कर्मसु शक्तिदम् ।।
सूरिवाचकसाधूनां, साध्वीनाञ्चाऽपवादत: ।
शक्तिवर्द्धककर्माणि, शुभानि पञ्चमारके ।।
शक्तिदायककर्माणि, जैनानामपवादत: ।

भविष्यति कलौ तत्र, वर्त्तनं धर्महेतवे ।।
देशकालाऽनुसारेण, स्वातन्त्र्यशक्तिवर्द्धकाः ।
उपाया यत्नतः सेव्या, विद्याक्षात्रबलप्रदाः ।।
श्रीवीरस्यार्पणं कृत्वा, संप्राप्तसर्वसंपदाम् ।
जैनैरैक्य विद्यायैवं, साध्या सर्वोन्नतिः सदा ।।
प्रतिपक्षिजनैः सार्द्धं, सावधानतया सदा ।
सर्वशक्तिबलेनैव, वर्त्तितव्यं सुयुक्तितः ।।
राज्यधर्मादिसाम्राज्यरक्षकवर्द्धकानि वै ।
कर्माणि जैनसंघेन, कर्त्तव्यानि विशेषतः ।।
प्रजाराष्ट्रमहासंघविकासाय मनीषिभिः ।
उदाराशयबन्धेन, संपाद्याः सर्वशक्तयः ।।
चतुर्विधप्रजासंघस्वातन्त्र्यशक्तिवर्द्धकाः ।
औत्सर्गिकाऽपादाभ्यां, संस्थाप्या धर्म्यनीतयः ।
शक्तियोगः सदा श्रेष्ठो, वर्द्धमानेन भाषितः ।
संप्रति भारते तस्य, महत्ता भाविनी तथा ।।
भविष्यज्जैनसंघेन, शक्तियोगाप्तये सदा ।
वर्त्तितव्यं प्रयत्नेन, तत्र श्रीर्विजयो ध्रुवम् ।।
देशकालसमाजाऽनुसारिणो धर्म्यनीतितः ।
शक्तियोगं समालम्ब्य, जैना जयन्तु सर्वदा ।।
शक्तियोगः समाख्यातो, महावीरेण सर्वथा ।
संस्तुतः शक्तियोगस्तु, श्रेणिकाऽभयमन्त्रिणा ।।

યુવરાજ અભયકુમારે 'શક્તિયોગ' (વિશે) સાંભળીને હર્ષ અને ઉલ્લાસ વડે ગુણના ભંડાર સમા 'શક્તિયોગ'ના વખાણ કરવા લાગ્યો:

'સર્વ શક્તિઓ વડે સિંહની જેમ જૈન સંઘે રહેવું જોઈએ, એમ સિંહ અંકિત (એટલે સિંહ જેમનું ચિહ્ન-લાંછન-છે તેવા) મહાવીર આજ્ઞા આપે છે.'

'જૈન ધર્મના પ્રકાશક શ્રી મહાવીર જય પામો. જૈનોને સર્વશક્તિ આપનાર ચરમતીર્થેશ જૈનોનું રક્ષણ કરો.'

'સિંહ લાંછનસંજ્ઞાથી સર્વ પરાક્રમ વડે પ્રખ્યાત મહાવીરસ્વામી પાંચમા આરામાં શ્રેષ્ઠ છે, તે સર્વ શક્તિ આપનાર છે.'

'સર્વ જાતની શક્તિઓ જૈન સંઘે પ્રાપ્ત કરવી જોઈએ (સર્વ રીતે સમર્થ બનવું જોઈએ) કલિયુગમાં શક્તિ વિના જૈનોનું જીવન નથી.'

'મન, વચન અને કાર્ય શક્તિનો વિકાસ યોગ્ય શિક્ષણ દ્વારા (કરવો જોઈએ), દેશ અને કાળ અનુસાર સર્વ સંઘે (સામર્થ્ય) પ્રાપ્ત કરવું જોઈએ.'

'આત્મ રક્ષણ માટે શસ્ત્ર વગેરેનું શિક્ષણ સર્વ યુક્તિ વડે પ્રાપ્ત કરવું જોઈએ. (અને તેમ કરીને) ધર્મસ્વાતંત્ર્યનું રક્ષણ કરવું જોઈએ.'

'વિદ્યા, વ્યાપાર, સત્તા વગેરે શક્તિઓના રક્ષણ કરનારાઓએ સિંહની જેમ શૌર્ય વડે સર્વ કર્મમાં (પ્રવૃત્ત) રહેવું જોઈએ.'

'શક્તિ, ધન વગેરેના નિર્બળ માણસો જીવતા નથી. સર્વશક્તિનું પ્રાકટ્ય થવાથી જૈન સંઘની ઉન્નતિ થાય છે.'

'કલિયુગમાં ધર્મ અનુસાર સર્વ જાતિની શક્તિ માટે જૈનોનું વર્તન, ધર્મ, ઐક્ય અને સર્વ શક્તિ આપનાર છે.'

ચાર વર્ણના લોકોએ અલ્પ દોષવાળા, મહાલાભ આપનારા કાર્યો અને શક્તિ આપનારા કાર્યો કરવા જોઈએ.'

'પાંચમા આરામાં સૂરિ, વાચક, સાધુઓ અને સાધ્વીઓના શક્તિવર્ધક કાર્યો શુભ હોય છે!

'કલિયુગમાં-કઠિન કાળમાં ધર્મના હેતુ માટે શક્તિવર્ધક કાર્યો કરવા જોઈએ.'

'દેશ અને કાળ અનુસાર વિદ્યા અને ક્ષાત્રબલ આપનારા તથા સ્વાતંત્ર્ય શક્તિ વધારનારા ઉપાયો પ્રયત્નપૂર્વક કરવા જોઈએ.'

'શ્રી મહાવીર સ્વામીને અર્પણ કરીને, સર્વ સંપત્તિઓ અર્પણ કરીને, જૈનોએ ઐક્ય સાધીને સદા સર્વદા ઉન્નતિ સાધવી જોઈએ.'

'યુક્તિ-પ્રયુક્તિપૂર્વક, સર્વશક્તિ અને બળથી સાવધાનીપૂર્વક, પ્રતિપક્ષના લોકો સાથે વર્તવું જોઈએ.'

'જૈન સંઘોએ રાજ્ય, ધર્મ, સામ્રાજ્યવર્ધક એવા કાર્યો વિશેષ કરવા જોઈએ.'

'વિદ્વાનોએ પ્રજા, રાષ્ટ્ર, મહાસંઘ વગેરેના વિકાસ માટે ઉદાર આશય/વિચારથી, સર્વશક્તિથી સંપાદન કરવું જોઈએ.'

ચાર પ્રકારના પ્રજાના-(ચતુર્વિધ)-સંઘના સ્વાતંત્ર્ય શક્તિ વધારનારા ઔત્સર્ગ, અપવાદ, વગેરે દ્વારા ધર્મનીતિઓ સ્થાપવી જોઈએ.'

'વર્ધમાન સ્વામીએ સદા શ્રેષ્ઠ શક્તિયોગ કહ્યો છે. આજે ભારતમાં તેની મહત્તા વિશેષ છે. ભવિષ્યમાં પણ તે વધશે.'

ભવિષ્યમાં જૈન સંઘ વડે શક્તિયોગની પ્રાપ્તિ માટે પ્રયત્નપૂર્વક વર્તવું જોઈએ, તેમાં જ નિશ્ચિત વિજય છે.'

'ધર્મ અને નીતિથી દેશ, કાળ, સમાજ શક્તિયોગનું આલંબન કરીને જૈનો સદા જય પામો.'

'શ્રી મહાવીરે સર્વથા શક્તિયોગ કહ્યો છે. શ્રેણિક વગેરે તથા અભય મંત્રી વગેરેએ શક્તિયોગની સ્તુતિ કરી છે.'

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનું જીવન અને કાર્ય જાણનારને ખબર છે કે તેઓ કેટલા પ્રભાવી અને પ્રતાપી સાધુપુરુષ હતા: તેમની ગદ્ય કે પદ્યની તમામ રચનાઓમાં ખુમારી, ઝિંદાદીલી, સમર્પણ અને સામર્થ્યના સુપેરે દર્શન થાય છે. જૈન સંઘ પણ, સત્ત્વથી ભરપૂર અને શક્તિથી પરિપૂર્ણ હોય તેવી તીવ્ર અપેક્ષા સાથે 'શક્તિયોગ અનુમોદના'ની રચના તેમણે કરી છે. 'શક્તિયોગ'ની કલ્પના જ વિરલ અને વિશિષ્ટ છે. આ અધ્યાયનો સંદેશ જૈન સંઘમાં પ્રસારવો જોઈએ, સર્વત્ર.

શક્તિયોગનો સંદેશ એટલે સર્વોન્નતિનો સન્માર્ગ. **(ક્રમશઃ)**

(આચાર્યશ્રી મુંબઈમાં પ્રાર્થના સમાજ ચંદ્રપ્રભુ દેરાસરના ઉપાશ્રયમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન છે.)

જયભિખ્ખુ જીવનધારા : ૨૦

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[બાળકો અને યુવાનો માટે સાહસકથાઓનું સર્જન કરનાર સાહિત્યકાર 'જયભિખ્ખુ'ને ગ્વાલિયર પાસે આવેલા શિવપુરીના ગુરુકુળમાં અભ્યાસ કરતી વખતે કેટલાય અનુભવો થયા. આ અનુભવોએ સર્જક 'જયભિખ્ખુ'ના કવન પર ગાઢ પ્રભાવ પાડ્યો. એવા એમના વિદ્યાર્થીકાળના પ્રસંગને જોઈએ આ વીસમા પ્રકરણમાં.]

અહિંસાનો મહિમા અને અપરિગ્રહનું પાપ

ઉનાળાની રજામાં પ્રવાસે નીકળેલા જગત, ભીખાલાલ અને એમની મિત્રમંડળી ઘોર જંગલમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે સામેથી પંદરેક માણસો ઝડપભેર આવતા દેખાયા. એમાંથી બેના હાથમાં દારૂ ભરીને ફોડવાની જૂની બંદૂક હતી, તો કેટલાકની પાસે તલવાર અને લાઠીઓ હતી. કોઈએ ફાટેલા કપડાં પહેર્યાં હતાં, તો કોઈ અર્ધનગ્ન હતા, આમ છતાં મધરાતે આ ટોળીનો વેશ, હથિયાર અને એમના ચહેરા બિહામણાં લાગતાં હતાં. ભીખાલાલ (જયભિખ્ખુનું હુલામણું નામ), જગત અને બીજા કેટલાક સાથીઓ અને બે ગાડાંવાળા સામેથી આવતા ડાકુઓને જોઈ રહ્યા.

જગત બંદૂક લઈને બાજુની ઝાડીમાં છુપાઈ ગયો, પરંતુ ભીખાલાલે એને સંકેત કર્યો કે અમારી સંમતિ વગર તું બંદૂકનો ઘોડો દબાવતો નહીં અને ડાકુઓ પર ગોળી ચલાવતો નહીં. ભીખાલાલ વિચારતા હતા કે ભલેને ખૂંખાર લૂંટારા હોય, પણ આપણી પાસેથી શું લૂંટી જવાના ? આપણી પાસે તો આ વેલ્સનું કમ્પોઝિશન અને હેમચંદ્રાચાર્યનું 'અભિધાનચિંતામણિ' છે.

જગતે કહ્યું, 'આવી મજાક જવા દે, મશ્કરીનો આ સમય નથી. આ લોકો તો જે મળે તે લૂંટી લેવા નીકળેલા ધાડપાડુ છે. એમને તો એક પહેરણ મળે, તો પણ ગનીમત સમજી ઉપાડી જવાના.'

'તે ભલેને લઈ જાય આપણાં પહેરણ કે પુસ્તકોથી એમનું દળદર (દારિદ્ર્ય) દૂર થશે ખરું ?'

જગતે કહ્યું, 'એવું નથી. જરા વિચાર કર. મારી પાસે આ બંદૂક છે અને એ બંદૂક એમને માટે હજારો રૂપિયાની લૂંટ કરતાં વધુ કીંમતી છે.'

ભીખાલાલે મજાક કરી, 'ઓહ, શસ્ત્રધારીને શસ્ત્રનો ડર !'

જગત આવી મજાકથી અકળાયો અને બોલ્યો, 'કેમ, તને કશો ભય લાગતો નથી ?'

ભીખાલાલે કહ્યું, 'અરે, અમને ફકીરને વળી લૂંટાવાનો ભય શો ?'

'એમ તો એનો અર્થ એવો કે તમને મારે કારણે ભય લાગે છે, પણ જો હું ક્યાંક લપાઈ-છુપાઈને આ જંગલમાં ચાલ્યો જઈશ, પછી તમે લોકો આ બધાનો કઈ રીતે સામનો કરશો ? ભરસભામાં ચીરહરણ થતાં દ્રૌપદીને જેમ શ્રીકૃષ્ણને સાદ દેવો પડ્યો હતો તેમ તમારે મને સાદ કરી કરીને આજીજીપૂર્વક બોલાવવો પડે. તમને બચાવવા માટે મને પારાવાર વિનંતી કરવી પડે.'

ભીખાલાલે કહ્યું, 'ભાઈ, ખોટું ન લગાડતો, પરંતુ પહેલાં અમને આ લૂંટારુઓ સાથે સીધો મુકાબલો કરી લેવા દે. શસ્ત્રવિહોણા અમે સફળ પણ જઈએ. જો અમે નિષ્ફળ જઈએ તો તું અમને બચાવજે. જેમ શ્રીકૃષ્ણ દ્રૌપદીની વ્હારે ધાયા હતા તેમ !'

જગત અકળાયો. એને થયું કે ભીખાલાલ અને એમની મિત્રમંડળી ખોટી જીદ કરે છે. બંદૂકનો ધડાકો કરીએ તો બધા પોબારા ગણી જાય. પણ ખેર, જગતે વિચાર્યું કે એમને જેમ કરવું હોય તેમ કરે. આફતની વેળાએ હું મારો ઉપાય અજમાવી લઈશ.

અને પથ્થરોની આડમાં લપાતું-છુપાતું સસલું જેમ ચાલ્યું જાય, એમ જગત આ જંગલમાં ક્યાંક અદૃશ્ય થઈ ગયો. એને જાણે કશી વાતનો ભય ન હતો. થોડી વાર નદીના પાણીમાં થોડું હલનચલન થયું. ક્યાંક કોઈ પથરો પડ્યો હોય તેમ લાગ્યું. કોઈ તરતું જણાયું, પણ પળવારમાં સઘળું શાંત થઈ ગયું.

આ બાજુ ડાકુઓ ધીરે ધીરે મિત્રમંડળીની નજીક આવી ગયા. એમની રીત એવી હતી કે એ જેમ જેમ નજીક આવતા હતા, તેમ તેમ તેમની ટોળી ઓછી થતી હતી અને એક પછી એક ડાકુ આજુબાજુની ઝાડીમાં છુપાયેલા કોઈ હુમલો કરે નહીં. ડાકુની ટોળી નજીક આવી, ત્યારે માત્ર પાંચ જ ડાકુઓ રહ્યા હતા.

મુખ્ય ડાકુનો દેખાવ ચિત્રવિચિત્ર હતો. એણે જૂની ખાખી બ્રિજિસ પહેરી હતી. જોકે એ બ્રિજિસ પર લાગેલાં મોટાં થીંગડાં અને ચોંટેલો મેલ દેખાઈ આવતાં હતાં. એમ જણાતું હતું કે આ બિચારી બ્રિજિસને કદાચ બે મહિનાથી સાબુ કે પાણી એકેય નો ચોખ્ખા થવા માટે યોગ નહીં સાંપડ્યો હોય. બ્રિજિસ પર લશ્કરી ઢબનો કોટ હતો. આ કોટ તો બ્રિજિસ કરતાંય વધુ મેલો હતો. એના ઊતરડાઈ ગયેલાં ખિસ્સાં ચાડી ખાતાં હતાં કે એમાં કંઈ ભરેલું હશે જ નહીં. આવા દેદારમાં વળી એક વિચિત્ર વાત એ હતી કે એણે માથે ફાળિયું પહેર્યું હતું. આ ફાળિયું ઘંટીના પડ જેવું પહોળું લાગતું હતું. જોકે એ પછી ભીખાલાલને ખ્યાલ આવ્યો કે આનું કારણ એ છે કે કાંસાની તાંસળી મૂકીને એના પર ફાળિયું બાંધ્યું હતું, જેથી માથા પર ઘા થાય તો રક્ષણ મળી શકે. દાઢી-મૂછ વધી ગયેલી હતી અને એને બુકાની નીચે મુશ્કેટાટ બાંધી હતી. આમ એના દેદારમાં કોઈ ડર દેખાતો નહોતો. માત્ર એટલું જ કે એની લાલઘૂમ ખૂની આંખો ખુદ યમરાજને પણ ડરાવે તેવી હતી.

એની પીઠ પર દેશી બનાવટની બંદૂક લટકતી હતી અને હાથમાં મોટી ડાંગ હતી. કવર પર પતરાંની નાની ચંબૂ આકારની કોથળી ઝૂલતી હતી, જેમાં બંદૂકનો દારૂ ભરેલો હતો.

નજીકનું નરવર ગામ બંદૂકો બનાવવા માટે પ્રખ્યાત હતું અને ડાકુના સરદાર પાસે એ ગામની બનાવટની જ બંદૂક હતી. એની કાયા પડછંદ હતી, પરંતુ અવાજ ખોખરો હતો. એની બિહામણી નજર અને ખોખરો અવાજ સામી વ્યક્તિને ભયભીત કરવા માટે પૂરતાં હતાં. એની લગોલગ ચાલતા ચાર ડાકુઓમાંથી એકની પાસે બંદૂક હતી. બીજા પાસે ભાલા અને ડાંગો

હતાં. તેઓ આ ગોઠિયાઓની મંડળીની સાવ લગોલગ આવી પહોંચ્યા. ભીખાલાલ સાવધ બની ગયા.

જન્મજાત સંસ્કાર અને ગુરુકુળના શિક્ષણને એમને શીખવ્યું હતું કે હિંસા અને મારામારી કરતાં સમજાવટ અને સમાધાન વધુ અસરકારક છે. એમણે જોયું કે બંદૂકની આ સાઠમારીમાં બંને બાજુથી એકાદ માણસ જીવ ગુમાવવાનો આનો અર્થ શો ? આથી નાછૂટકે બંદૂક અજમાવવી, એવો ભીખાલાલનો મત હતો અને એથી જ પોતાના મિત્ર જગતને વાર્યો હતો.

પાંચેય ડાકુ નજીક આવ્યા ભીખાલાલના નાના મિત્રો એમની પીઠ પાછળ લપાઈને ઊભા રહ્યા. ભીખાલાલ પોતાની સઘળી હિંમત એકઠી કરીને ડાકુઓ સામે ઊભા રહ્યા. જંગલ ઉપર રૂપેરી ચાંદની વરસતી હતી અને એના અજવાળામાં આખી સૃષ્ટિ ચમકતી હતી. બાજુમાં નદીના વહેતા પાણીનો ધીમો ધીમો અવાજ આવતો હતો. ઊંચાં વૃક્ષોમાંથી ધીમે ધીમે વહેતા પવનનો ખડખડાટ વાતાવરણની ભયાનકતામાં ઉમેરો કરતો હતો. ઘનઘોર ગીચ ઝાડીમાંથી અણધાર્યા જાગતાં પ્રાણીઓના અવાજથી હૃદયમાં કંપારી છૂટતી હતી. ભીખાલાલે સહેજ નજર ફેરવ તો જુદી જુદી દિશાએથી બે-બે ત્રણ-ત્રણ ડાકુઓ આવીને ઊભા રહ્યા. 'કૌન હો ?' ડાકુઓના સરદારનો ખોખરો પણ ડરામણો અવાજ જંગલની નીરવ શાંતિમાં ગાજી ઊઠ્યો.

હિંમતભેર થેલો લઈને ઊભેલા ભીખાલાલે કહ્યું, 'વિદ્યાર્થી !'

ત્યાં સામેથી વળતો દાંચ વચ્ચે કચડાતો અવાજ આવ્યો, 'બિ...દ્યા...ર્થી...' અને પાંચ ડાકુઓ ડાંગ ખખડાવતા બધાની આસપાસ વીંટળાઈ વળ્યા.

ડાકુઓએ ચારે દિશાથી મિત્રમંડળીને ઘેરી લીધા. ભીખાલાલે વિચાર્યું કે સારું થયું કે જગત અહીંથી સરકી ગયો, નહીં તો એણે અકળાઈને બંદૂક ચલાવી હોત અને સારું કરવા જતાં ઘણાના જાન જાત.

'બિદ્યાર્થી છો ? આવા જંગલમાં શું કરો છો ? કોઈ અહીં લૂંટી જશે, તો તમને કોણ બચાવશે ?' મેલાઘેલા કોટ પર હાથ ફેરવતા ડાકુઓના સરદારે એની ગામઠી હિંદીમાં વાત કરી, પરંતુ આ બોલતી વખતે પણ એની નજર તો આ વિદ્યાર્થીના પોશાક અને એમના સામાનની જડતી લઈ રહી હતી.

'અમે પ્રવાસે નીકળ્યા છીએ. આ વહેતી નદીનું સુંદર પ્રકૃતિ દૃશ્ય જોઈને અમે અહીં રાતવાસો કર્યો. અમારી પાસે લૂંટવાનું શું હોય ? અમને કોણ લૂંટે ? વિદ્યાર્થી તો દખણા (દક્ષિણા)નો હકદાર કહેવાય.' ભીખાલાલે બધી હિંમત ભેગી કરીને જવાબ આપ્યો. બંદૂકની ગોળીની સામે પ્રેમની ભાષાથી ડાકુઓને સમજાવવાનો એમનો હેતુ હતો.

'તમારી પાસે કોઈ સામાન જ નથી ?' દૂર ઊભેલા ગાડાવાળા સામે જોઈને સરદારે પૂછ્યું.

વિદ્યાર્થીના ભોળાભાવ સાથે ભીખાલાલે મીઠી જબાનમાં કહ્યું, 'અમારા સામાનમાં આ છે અમારા થેલાઓ. કહો તો અમારા થેલામાં શું છે એ બતાવું ?' એમ કહીને ડાકુઓ પાસે સહેજ હસતાં હસતાં જઈને ભીખાલાલે થેલામાંથી એક પછી એક ચીજ કાઢીને રજૂ કરતાંકહ્યું, 'આ લખવાના કાગળો, આ ભણવાનાં પુસ્તકો, આ ચડ્ડી અને ખમીસ, આ ચીતરવાના રંગોની પેટી, આ કંપાસ બૉક્સ, આ અમારી ડાયરી અને દોરી-લોટો. ભૂખ લાગે તો ફાકવા માટે આ ચણા અને હથિયારમાં માત્ર આ પેન્સિલ છોલવાનું નાનું ચપ્પુ.'

ડાકુઓના સરદારે નિરાશ વદને આ બધી વસ્તુઓ સામે જોયું અને પછી બાકીના છોકરાઓની આસપાસ ફર્યો. એને સાચી સ્થિતિનું માપ મળી ગયું, પરિણામે એની ભયાનક મુખમુદ્રા થોડીક સૌમ્ય બની. ભીખાલાલ એના ચહેરા પરના ભાવો પારખી ગયા. એમની હિંમત પણ થોડી વધી ગઈ. એમના સાહસને જોઈને બીજા મિત્રો પણ ઉત્સાહી બન્યા.

ડાકુઓના સરદારે નજીકના એક મોટા ખડક પર ડાકુની આગવી છટાથી બેસતાં કહયું, 'તમે વિદ્યાર્થી છો, એમ કે ? તમને ખબર હોવી જોઈએ કે ચાર દિવસ પહેલાં અહીં એક જાન લૂંટાઈ હતી.'

'જાન લૂંટાય એમાં અમારે શું ? અમે તો વિદ્યાર્થીઓ. દુનિયામાં ભય માયાનો છે, અમારી પાસે માયા જ ન હોય ત્યાં ભય ક્યાંથી હોય ? અને અમનેય ઘણી વાર થાય કે લોકો શા માટે બીજાને મારઝુડ કરતા હશે !- લૂંટતા હશે ! એમને કોઈ લૂંટે તો કેવું થાય ?'

ભીખાલાલનો આ ઉત્તર સાંભળતાં જ ડાકુઓના સરદારની આંખ જરા ચમકી. એણે ભયંકર અટ્ટહાસ્ય કર્યું અને બોલ્યો, 'છોકરાઓ, આ તો માથા સાટે માલ લેવાનો છે. લૂંટનાાર કંઈ મહેમાન થઈને લેવા નથી આવતા. આપનારા કંઈ એમને મા-જણ્યા ભાઈ ગણીને એમ ને એમ આપી દેતા નથી !'

ભીખાલાલની હિંમત હવે વધી ગઈ હતી. ભય નષ્ટ થયો હતો અને સાહસ એક પછી એક ડગલું આગળ વધવા પ્રેરતો હતો. ભયાનક જંગલમાં ડાકુઓની ટોળીને આ વિદ્યાર્થીઓ જાણે એના દિલની વાત કહેતો હોય એવા ભોળપણ સાથે કહ્યું, 'આવી લૂંટ કરવાની શી જરૂર ?' ભગવાને ક્યાં હાથપગ નથી આપ્યા.' અને પછી ભીખાલાલે સાંભળેલી એ ઉક્તિ સૂફિયાણી સલાહ રૂપે ડાકુઓને કહી, 'એ મારો વહાલો સહુને ભૂખ્યા ઉઠાડે છે, પણ ભૂખ્યા સુવાડતો નથી. અને પછી ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીની આને લગતી કથા કહેવાનો આ વિદ્યાર્થીઓ પ્રારંભ કર્યો એટલે અકળાઈને સરદારે આ વિદ્યાર્થીને અધવચ્ચે જ અટકાવ્યો.

સરદારની આંખો દૂર દૂર ઝાડીને વીંધતી ચોપાસ ઘૂમતી હતી. એના સાથીદારો ચોતરણ છુપાયેલા હતા. ખૂનની ઇચ્છાવાળો એનો આત્મા અતૃપ્ત અને બેચેન હતો, ત્યારે એણે કહ્યું, 'અલ્યા છોકરાઓ, બીજા કોઈ હોત તો બધી વાતનો બંદૂકથી જવાબ આપત, પણ તમે ઇલમ (વિદ્યા) પઢતા વિદ્યાર્થીઓ છો તેથી એટલું કહી દઉં કે તમને કોઈ સાચું ભણાવતું નથી.'

'એટલે શું ?' ડાકુના ભયથી મુક્ત થયેલા ભીખાલાલે એક સાથીએ પ્રશ્ન કર્યો, 'તો શું અમે બધા ભણીએ છીએ એ સાવ ખોટું છે ?'

સરદારે કહ્યું, 'દુનિયામાં ક્યાં કોઈ સાચું ભણાવે છે ? તમારા દેશનો ખેડૂત એની દેવાદાર સ્થિતિ, દર પાંચ વર્ષે આવતો દુકાળ, ઓછા કસવાળી ભૂમિ-આ બધાં અમારાં દુઃખો કોણ તમને સમજાવે ? તમે મોટા થશો એટલે અંગ્રેજી ભણી અમલદાર પણ થશો. કોઈક દિવસ કોઈ લૂંટારાની પાછળ પડો કે એનો ઈન્સાપ તોળવા બેસો તો એટલો ખ્યાલ જરૂર રાખજો કે એને પણ બીબીબચ્ચાં, નિરાંતનું ભોજન ને પરસેવાનો રોટલો ગમતો હતો. એ લૂંટારું ત્યારે જ બન્યો હશે કે જ્યારે પરસેવાનો એક રોટલો પણ પેટ ભરવા મેળવી શક્યો નહિ હોય, બીબી-બચ્ચાં સામે રોતાં-કકળતાં હશે, ત્યારે જ એની અંદરનો શેતાન ધૂણી ઊઠ્યો હશે.'

સરદારના હૃદયસોંસરવા નીકળતા શબ્દોએ વિદ્યાર્થીઓના મનમાંથી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું છેલ્લું)

પુસ્તકનું નામ : **વિચારોનું ઘરુવાડિયું**
લેખક : **મનુભાઈ શાહ**
પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય : રૂ. ૪૫/, પાના :૮૬, આવૃત્તિ : ૧,
ઈ.સ. ૨૦૦૦.

આ પુસ્તકની વિશેષતા એ છે કે તેની ભાષા સાદી, વાક્યો સરળ, વિચારો સચોટ-સ્પષ્ટ સમજાય તેવા અને લખાણ ટૂંકું ટચ છે.

દરેક વાચને રસ પડે તેવા ૮૫ વિચારોને એરણ પર ચડાવી અહીં રજૂ કર્યા છે. આમાંના ઘણાં મુદ્દાઓ જીવાતા જીવનને સ્પર્શે છે. સાથે સાથે ધર્મ, અર્થકરણ, સમાજજીવન, વિજ્ઞાન, પ્રકૃતિ, શિક્ષણ તેમ જ જીવન ઘડતર જેવા અનેક વિષયોને લેખક લાઘવતા પૂર્વક આવરી લીધા છે.

આ પુસ્તકમાં ૮૫ મુદ્દાઓ ઉપર એક-એક પાનામાં રજૂ કરેલા વિચારો વિદ્યાર્થીઓ તથા અન્ય વાચકોને નવી દૃષ્ટિએ વિચાર કરતા કરી મૂકે તેવા છે.

એક અનુભવી શિક્ષક તરીકે લેખકનું ચિંતન સર્જન 'વિચારોનું ઘરુવાડિયું' વાચક વર્ગના જીવન માટે પથદર્શક બની શકે તેવું છે.

X X X

પુસ્તકનું નામ : **સૂર્યના કિરણો અનેક**
લેખક : મનુભાઈ શાહ
પ્રકાશક : **લોકભારતી**
મનુભાઈ શાહ પ્રકાશન, સણોસરા.
મૂલ્ય : રૂ. ૩૦/-, પાના :૯૨, આવૃત્તિ : ૨૦૦૧.

બુદ્ધની કરુણા, મહાવીરની અહિંસા, ઈશુનો પ્રેમ, સોક્રેટિસની લોકપ્રિયતા, રામની પરિવાર ભાવના, કૃષ્ણની રાજનીતિ, હિન્દુધર્મની વિશાળતા, ગીતાનો કર્મયોગ-આ બધાંનો સમન્વય એટલે રાષ્ટ્રપિતા ગાંધીજી. આજે દુનિયા ગાંધીજીના વિચારોને ભૂલવા લાગી છે આજે દુનિયામાં ભયંકર ધરતીકંપ, દુકાળ, વાવાઝોડું, પૂર, હોનારત, તીર્થંકર આગમ. આ બધું થતું રહે છે. તેના કારણોમાં માણસનું દુષ્કૃત્ય અને અતૃપ્ત તૃષ્ણા છે. અને તૃષ્ણા જ સર્વનાશ વહોરનારું પરિબળ છે. કુદરત માનવને પોષે છે એ વાત જાણવા છતાં માનવી ભૌતિક તૃષ્ણા પાછળ આંધળી દોટ મૂકી રહ્યો છે.

આમાંથી બચવા વ્યક્તિ, સમાજ અને દુનિયાને સાચા માર્ગે લાવવા ગાંધી માર્ગ જ અનિવાર્ય છે.

આજના યુગમાં ઝડપી જગતમાં લોકો બહુ

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

લાંબુ લાંબુ વાંચવા તૈયાર નથી એટલે ગાંધી વિચાર પરિચય, વાચન અને સેવન કરાવવાના ધ્યેયથી લેખકે આ પુસ્તક તૈયાર કર્યું છે.

યુવા પેઢીને આ પુસ્તકા વાચનથી આ દેશમાં આવો કોઈ મહામાનવ થઈ ગયો છે તેનો ખ્યાલ આવશે.

X X X

પુસ્તકનું નામ : **મનમાં ખીલ્યો મોગરો**
લેખક : શ્રીમતિ પારુલબેન ગાંધી
પ્રકાશક : **ભરાડ ફાઉન્ડેશન**
સરસ્વતી કોમ્પ્લેક્સ, ધર્મેન્દ્ર કૉલેજની સામે, યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય : રૂ. ૮૮/-, પાના :૧૨૮, આવૃત્તિ :૧-૨૦૦૯.

વાંચન, લેખન, ચિંતન અને મનન જેમના પ્રિય શોખ છે એવા પારુલબેન ગાંધીએ 'મનમાં ખીલ્યો મોગરો' પુસ્તકમાં ૩૬ જેટલી નાની-નાની પરંતુ હૃદયસ્પર્શી અને ચોટદાર બોધક કથાઓ આપી છે.

લેખિકાએ નાના નાના પ્રસંગોને સાંકળી લઈને કથા દ્વારા લોકો સમક્ષ વાત મૂકવાનો આ પુસ્તકમાં પ્રયત્ન કર્યો છે.

જૈન ધર્મની નાની નાની કથાઓના પાત્રો કેશી શ્રમણ, મૃગાપુત્ર, મેઘકુમાર મહાવીર અને ગૌતમ, ભરત ચક્રવર્તી, કપિલ કેવળી, પૂણિયા શ્રાવક, વગેરે ઉપરાંત રામાયણના પાત્રો, રામ અને કૈકેયી, રામરાવણ, સતિ સીતા, વગેરેના આધારે જૈન ધર્મના સિદ્ધાંતોમાં જીવદયા, અહિંસા, પ્રભુ મહાવીરનો સંદેશ વણી લઈ આ પ્રસંગકથાઓનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે.

આ પ્રસંગ કથાઓના શિર્ષક એવા આકર્ષક છે કે તે કથાના મર્મને પ્રકટ કરે છે. સરળ અને રસમય શૈલી દ્વારા પરોક્ષ રીતે આ કથાઓ બોધકાયક આ બની છે.

X X X

પુસ્તકનું નામ : **શ્રી આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણકમ્ (સંસ્કૃત)**
સંપાદક-સંશોધક : **શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વર**
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન અમદાવાદ
મૂલ્ય : રૂ. ૧૭૫/, આવૃત્તિ : ૧, ૨૦૧૦.

પરમ તારક પ્રભુ મહાવીરે શાસનના આરાધક ચતુર્વિધ સંઘ માટે અર્થથી પ્રરૂપિત અને ગણધર ભગવંતે સૂત્રિત ગૂંથિત અને ત્યારબાદ ચૌદ પૂર્વધરોએ સૂત્રિત કરેલ જિનવચનને આગમ કહેવાય છે. જય આગમોમાં જે દશપયન્નાનો સમાવેશ થાય છે તેમાં પ્રથમ 'ચતુઃશરણ પ્રકીર્ણકમ્' અને બીજા કર્મે આવે છે 'આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણકમ્' શ્રી વીરભદ્ર નામના આચાર્ય આ ગ્રંથના મૂળ કર્તા છે.

પ્રસ્તુત આગમનું નામ 'આઉર પચ્ચખાણ પઈન્નયં' જે સંસ્કૃતમાં (આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણકમ્ નામે પ્રખ્યાત છે આ ગ્રંથમાં મૃત્યુને સમતાભાવે વધાવવાનું કહે છે. આમ આતુર બનેલા સાધક 'આતુર' કહેવાય છે. અને સર્વ ત્યાગ કરવા જે પ્રત્યાખ્યાન-નિયમો કરે તેને 'આતુર પ્રત્યાખ્યાન' કહેવાય છે.

પ્રારંભ ગ્રંથકાર ગ્રંથનો પરિચય કરાવે છે. ૨ થી ૫ ગાથામાં શ્રાવકના બાર વ્રતોની સમજ આપી છે, ૮ સુધી બાલપંડિત મરણની વ્યાખ્યા અને વિધિની વાત કરી છે. ૯ મી ગાથામાં તેનું ફળ બતાવ્યું છે. દસમી ગાથામાં પંડિત મરણની શરૂ કરેલી વાત ૭૧ મી ગાથામાં પૂરી થાય છે.

આ ગ્રંથના વાચન-મનન અને ચિંતન દ્વારા અનેક સાધક આત્માઓને મૃત્યુને મહોત્સવ બનાવવાનો અભિગમ પ્રાપ્ત થશે.

X X X

પુસ્તકનું નામ : **'ધ્યાન શતકમ્' ભાગ-૧-૨ (સંસ્કૃત)**
સંપાદક : પૂ. આ. શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વર
પ્રકાશન : **સન્માર્ગ પ્રકાશન અમદાવાદ**
મૂલ્ય : રૂ. ૨૫૦/-, પાના:૧૬૮, આવૃત્તિ: ૧, '૦૯.

આ ગ્રંથમાં કર્તા ધ્યાન ધ્યયનનું સ્વરૂપ, ધ્યાનના કાળ, ધ્યાન પૂર્ણ થયા પછી શું શું કરવું અને ધ્યાનની વ્યાખ્યા કરી છે. આર્ત ધ્યાનના ચારે પાયાનું વર્ણન, સ્વરૂપ, રૌદ્ર ધ્યાનનું સ્વરૂપ, લેશ્યા તથા લિંગોનું વર્ણન કર્યું છે. ધર્મધ્યાનનું સ્વરૂપ, ૧૨ દ્વારોના નામો, શુકલધ્યાનનું સ્વરૂપ, ધ્યાતાનું સ્વરૂપ, તથા ધર્મધ્યાન અને શુકલધ્યાનનું ફળ બતાવ્યું છે. દશદૃષ્ટાંત વડે કર્મનાશ અને મોક્ષ સિદ્ધિ બતાવવામાં આવી છે. ધ્યાનના ઈદલૈકિક ફળ અને સાધુનો આચાર કઈ રીતે ધ્યાનરૂપ બને છે તે બતાવ્યું છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે ગ્રંથના વિષયને સમજવા માટે ચાર્ટસ પણ આપ્યા છે. ✱ ✱ ✱

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૩. ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month ● Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

એ હૃદયસ્પર્શી દૃશ્ય

❑ ભોગીભાઈ શાહ

વર્ષો પહેલાં વડોદરામાં સદ્‌વિચાર પરિવાર અને બરોડા સિટીઝન કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે અખિલ ભારતીય લેપ્રસી કૉન્ફરન્સ ભરાયેલી. ભારતભરના લેપ્રોલોજીસસ, રક્તપિત્તક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો, ગુજરાત સરકારના રક્તપિત્ત વિભાગના તબીબો તથા પરદેશથી લેપ્રસી મિશનના કાર્યકરો આ કૉન્ફરન્સમાં ભાગ લેવા આવેલાં હતા. રક્તપિત્ત અંગેના શોધનિબંધો, પેપર્સ તેમજ તેની કામગીરી અંગેના વાર્તાલાપો રજૂ થયા હતાં. રક્તપિત્તગ્રસ્ત માનવીઓ અને સમાજ વચ્ચેની ગેરસમજ, ધિક્કાર અને ઘૃણાની ખાઈ પૂરવાનો એ પ્રશસ્ય પ્રયત્ન હતો.

બીજા દિવસે રાત્રે મનોરંજન કાર્યક્રમ તથા રક્તપિત્ત વિષય આધારિત શ્રી ડાહ્યાભાઈ ભક્ત દિગ્દર્શિત ફિલ્મ 'સમસ્યા' બતાવવામાં આવેલી. અને સવારે શહેરની લેપ્રસી કૉલોની તેમજ રક્તપિત્તગ્રસ્તો દ્વારા ચાલતા ચરખા કેન્દ્રની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવેલો. અમે બધા વિદેશથી આવેલા લેપ્રસી મિશનના કાર્યકરો સાથે આ મુલાકાતમાં જોડાયાં હતાં.

પોતાના ઘરઆંગણે આવેલા મુલાકાતી મહેમાનોનું કૉલોનીના દર્દી ભાઈ-બહેનોએ ઉમળકાભેર સ્વાગત કર્યું. અમે સૌ દર્દીઓ સાથે તેમની કામગીરી અંગે ઔપચારિક પૂછપરછ કરી રહ્યા હતાં ત્યારે મેં એક કૌતુક જોયું. અમારી સાથે આવેલા પરદેશી મિશનરી ભાઈ-બહેનો ભાષાની મુશ્કેલીને કારણે વાત તો ન કરી શક્યા પણ બધી ભાષા ભેદોને ઓગાળી નાંખે તેવા પ્રેમાળ વર્તાવથી તેઓએ દર્દીઓનું મન જીતી લીધું. આ દર્દી ભાઈઓને તેમની વિકલાંગતાને નજર અંદાજ કરી મિશનરીભાઈઓ તેમને પ્રેમપૂર્વક ભેટી તેમને પ્રેમાળ સ્પર્શથી પંપાળતા હતા.

આ હૃદયસ્પર્શી દૃશ્ય જોઈ હું ભાવવિભોર બની ગયો. મારી આંખો હર્ષાશ્રુથી ભરાઈ ગઈ. હું મનોમન મારી જાતને ઠપકારતો...ટકોરી રહ્યો, રે! તું તો તારી જાતને રક્તપિત્તનો મોટો કાર્યકર કહેવડાવે છે અને તું આ દરદીનારાયણો વચ્ચે આભડછેડ રાખી સ્પર્શથી દૂર ભાગે છે? મને મારી જાત માટે શરમ ઉપજી. લેપ્રસી કૉન્ફરન્સોમાં કે સેમીનારોમાં મોટી મોટી વાતો કરીને સરકારી પૈસાને જોરે કાગળ ઉપર મોટા મોટા લેપ્રસી પ્રોજેક્ટસ બતાવવાનો શો અર્થ? કૉન્ફરન્સના મસમોટા ભોજન અને મિજબાનીઓના ખોટા ખર્ચા કરવાને બદલે આ પિડીત રોગીઓની પાસે

પંથે પંથે પાથેય...

જઈ, તેમના અંતરમાં ડોકિયું કરી તેમને શાતા આપવાનો પ્રયત્ન તો કોઈ કરો!

રક્તપિત્ત દર્દીઓને મન આ સેવાભાવી પરદેશી મિશનરીઓનો સ્પર્શ એ સાક્ષાત્ ઈશુનો પ્રેમાળ સ્પર્શ હતો. તે દૈવી સ્પર્શમાં ઋણ અને મનથી ભાંગી પડેલા આ અભાગી માનવીઓ માટે રોગમાંથી બેઠા થવાની શક્તિનો સ્રોત હતો તેમાં કોઈ સંદેહ નથી. જે દવાથી નથી થઈ શકતું તે દુઆથી શક્ય બને છે. રક્તપિત્તના દર્દીને પોતાના સ્વજનસમ ગણી તેમને ભેટી પડનાર એ પરદેશી મિશનરીઓ સમક્ષ મારું મસ્તક નમી પડ્યું. એ હૃદયસ્પર્શી દૃશ્યને જીવનભર હું ભૂલી શકીશ નહિ. સાથે સાથે જ્યારે રક્તપિત્તની કોઈ અસરકારક દવા નહોતી ત્યારે રક્તપિત્તના દર્દી શ્રી પરચૂરે શાસ્ત્રીને પોતાના સેવાગ્રામ (વર્ધા)ના આશ્રમમાં રાખી જાતે સારવાર-સુશ્રુષા કરનાર પૂ. ગાંધી બાપુની એ છબી મને હંમેશાં કુષ્ઠરોગીની સેવાનો પ્રેરક સંદેશો આપતી રહી છે. ✷ ✷ ✷

C/o. સુરેશા એપાર્ટમેન્ટ, ઈશ્વર ભુવન પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ટે. નં. (૦૭૯) ૨૬૪૩૧૮૮૪.

જયભિખ્ખુ જીવનધારા–૨૦ : અહિંસાનો મહિમા અને અપરિગ્રહનું પાપ (અનુસંધાન પૃષ્ટ ૨૬થી ચાલુ)

એમનો ભય દૂર કર્યો. ધીરે ધીરે એમ લાગ્યું કે ગામના ચોરે એ કોઈ વડીલ સાથે વાતો કરતા હોય અને એ વડીલ પોતાના અનુભવની વાત કહેતા હોય.

ચાંદની રાત, ઝરણાનું ગાન, દૂર ભેલા ખામોશ પર્વતો અને આ બધાંની વચ્ચે એક ખડક પર બેઠેલ ડાકુઓનો બિહામણો સરદાર અને એની આજુબાજુ શાંત ભાવથી ઊભેલા આ વિદ્યાર્થીઓથી એક જુદું જ વાતાવરણ સર્જાય છે.

ધાર્મિક શિક્ષક પાસેથી વ્રતોનું શિક્ષણ અને વિવેચન લેનાર ગુરુકુળના આ વિદ્યાર્થીઓને એ રાત્રે અહિંસાના મહિમાનો અનુભવ થયો, પણ સાથોસાથ પરિગ્રહને કારણે સર્જાતા પાપની કથાઓ જાણવા મળી. ઘરઘોર રાતના જંગલમાં મેળવેલા આ એક કલાકના અનુભવે બાળકોને એવું પ્રત્યક્ષ શિક્ષણ આપ્યું, જે કદાચ જીવનભર એમને મળવું મુશ્કેલ હતું.

એવામાં દૂર કંઈ ખળભળાટ સંભળાયો અને અચાનક બંદૂકનો અવાજ આવ્યો. આગેવાને બંદૂક હાથમાં લીધી અને વિદ્યાર્થીઓ સાથેના ભોમિયાને પૂછ્યું, 'તમે આ તરફ આવ્યા, ત્યારે બીજા કોઈ જંગલમાં આવનારના સમાચાર હતા?'

ભોમિયાએ કહ્યું, 'હા, નરવરમાં શિકારનો પ્રોગ્રામ ગોઠવાયો હતો એટલે પોલીસની ટુકડી આવવાની હતી.'

'પોલીસ!' આ શબ્દો સાંભળતાં જ હરણ ફાળ ભરે તેમ લાંબી ફાળ ભરતાં બધા દક્ષિણ દિશા તરફ દોડી ગયા. ભીખાલાલ અને બધા ગોઠિયાઓને નિરાંત થઈ, પણ સૌની નજર શોધતી હતી કે આપણો સાથી જગત ક્યાં છે.

(ક્રમશ:)

✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.
ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.


Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પર્યુષણ પર્વ વિશેષાંક

જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથો

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ । અંક-૮-૯ । ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦ । પાના ૭૬ । કીમત રૂા.૨૫



શ્રી ગુરુગૌતમ યુક્ત
સરસ્વતી દેવી

जिनपति प्रथिताखिलवाङ्मयी गणधराननमंडप नर्तकी।
गुरुमुखाम्बुजखेलनहंसिका विजयते जगति श्रुतदेवता ।।

આચમન

એક વખત એક માણસ ભગવાન બુદ્ધ પાસે આવ્યો અને પ્રશ્ન પૂછ્યો કે, 'આ કિનારા પરની માછલીઓ આપમેળે મરી ગઈ છે. મેં મારી નથી–હિંસા કરી નથી. મારાથી એ ખવાય?' ભગવાન બુદ્ધે જવાબ આપ્યો કે 'તેં માછલી મારી નથી. તેં હિંસા કરી નથી, એટલે એ આપમેળે મરી ગયેલી માછલી ખાવામાં વાંધો નથી.' થોડાં સમય પછી મહાવીર સ્વામી વિહાર કરતાં કરતાં આ જગ્યાએ આવી પહોંચ્યા, ત્યારે એ જ માણસે ભગવાન મહાવીરને એ જ પ્રશ્ન પૂછ્યો. મહાવીરે સ્પષ્ટ ભાષામાં જવાબ આપતાં કહ્યું કે તારાથી એ માછલીઓ ખવાય નહીં. પેલા માણસે પૂછ્યું 'કેમ ન ખવાય? મેં તો માછલીઓ મારી નથી, તો પછી માછલી ખાવામાં વાંધો કઈ રીતે હોઈ શકે?' ભગવાન મહાવીરે કહ્યું કે 'એક વખત તું આ માછલી ખાશે અને તેનો સ્વાદ તને ગમી જશે, તો પછી માછલી મારીને ખાવાનું મન થશે, એટલે અત્યારે ભલે તેં માછલી મારી નથી – હિંસા કરી નથી, પણ અત્યારે તારાથી માછલી ખવાય નહીં.' કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ! અને સ્પષ્ટ માર્ગદર્શન!

સૌજન્ય : 'કચ્છ રચના'

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	પર્યુષણ પર્વ વિશેષાંક	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ભગવતી સૂત્ર	ડૉ. પ્રવીણ સી. શાહ	૬
(૩)	આચારાંગ સૂત્ર	ડૉ. પૂર્ણિમા એસ. મહેતા	૧૨
(૪)	કર્મગ્રંથ	પ્રા. ધિરેન્દ્ર આર. મહેતા	૧૭
(૫)	'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથ અને ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : એક અધ્યયન	માવજી કે. સાવલા	૨૧
(૬)	ઉમાસ્વાતિજી કૃત : પ્રશમરતિ પ્રકરણ	વિજયાબેન સી. શાહ	૨૫
(૭)	'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ'– પ્રાપ્ત શોધ નિબંધોની યાદી	—	૩૦
(૮)	શ્રી દશવૈકાલિક સૂત્ર	ડૉ. રશ્મિભાઈ જેઠાલાલ ઝવેરી	૩૩
(૯)	જૈન ધર્મ, ભારતીય દર્શનનો અને સ્વદેશપ્રેમનો ગૌરવ-ગ્રંથ : 'જૈન ફિલોસોફી'	ડૉ. કુમારપાળ દેસાઈ	૩૭
(૧૦)	ઉપમિતિ ભવપ્રપંચ કથા	સુમનબેન પ્રવીણચંદ્ર શાહ	૪૧
(૧૧)	વરાંગચરિત	પ્રિતેશ વિનોદભાઈ શાહ	૪૫
(૧૨)	'યોગ બિંદુ'	રશ્મિ ભેદા	૪૭
(૧૩)	પ્રબુદ્ધ રૌહિણેય	ડૉ. રૂપા ચાવડા	૫૦
(૧૪)	શ્રી શાલીભદ્ર ચરિત્રમ્	હિંમતલાલ કોઠારી	૫૪
(૧૫)	અભિધાન ચિંતામણિ નામ માલા	પ્રા. હિતેશ જાની	૫૮
(૧૬)	પ્રારંભ : શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર	ડૉ. કવિન શાહ	૬૩
(૧૭)	ગૌતમ-પૃચ્છા	ડૉ. ધનવંતીબેન નવીનચંદ્ર મોદી	૬૭
(૧૮)	તત્ત્વાર્થ સૂત્ર	ઈલાબેન શાહ	૭૨
(૧૮)	ખજાનો કદી પૂરો નહિ થાય જો....	અનુ. પુષ્પાબહેન પરીખ	૫
(૧૯)	પંથે પંથે પાથેય...નવકાર મંત્રમાં આસ્થા અને આત્મશક્તિનોઅનુભવ	સુધાબહેન એસ. શાહ	૭૫

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

જિન-વચન

આત્માને જીતો

પંચિંદિયાણિ કોહં માણં માયં તહેવ લોભં ચ।
દુજ્જયં ચેવ અપ્પાણં સવ્વમપ્પે જિએ જિયં ।।

પાંચ ઇન્દ્રિયો તથા ક્રોધ, માન, માયા અને લોભને જીતવાં કઠિન છે. આત્માને જીતવો તેથી પણ વધુ કઠિન છે; પરંતુ આત્માને જીતવાથી સર્વ જીતી લેવાય છે.

It is difficult to conquer the five senses as well as anger, pride, delusion and greed. It is even more difficult to conquer the self. Those who have conquered the self have conquered everything.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૮-૯ ● ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● શ્રાવણ વદ-તિથિ-૫ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૫/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

પર્યુષણ પર્વ વિશેષાંક

પર્યુષણ પર્વના આઠ-દસ દિવસ ધર્મ મહોત્સવના દિવસો છે. આ કર્મક્ષય કરવાના દિવસો છે. પ્રાયશ્ચિત્ત અને પશ્ચાતાપની પળોના દર્શન કરી, ક્ષમા આપી ક્ષમા માગવાના આ ધન્ય દિવસો છે. આત્મા પર આરૂઢ થઈ ગયેલા રાગ, દ્વેષ, કામ, લોભ, મોહ વગેરે પાપસ્થાનકોને જ્ઞાન, તપ અને ભક્તિથી એ બધાંને નીચે ઊતારી અને હળવેકથી એમને વિદાય કરવાના આ દિવસો છે. જેમ જેમ આ અશુદ્ધ આવરણો દૂર થતાં જશે તેમ તેમ આતમજ્યોતિ પ્રકાશિત થશે, એ અનુભૂતિ શબ્દાતિત છે. જે મહાન આત્માને આ અનુભૂતિ થાય છે એ જીવનમુક્ત બની જાય છે. સંસારમાં રહીને પણ અસંસારી બની જીવી જાય છે, સાક્ષીભાવ સ્વરૂપે.આ ભવ્ય આત્મા મોક્ષના યાત્રિ બની જાય છે.

આ શિખરે પહોંચવા માટે જ્ઞાનતપ એ એક ઉમદા તપ છે. જ્ઞાન એ માત્ર પુસ્તક નથી, જ્ઞાન એ દેવ છે, એ જ્ઞાનદેવતા છે. એનું પૂજન આંખોથી, મનથી અને ધ્યાનથી જ થાય. એટલે પર્યુષણના આ પવિત્ર દિવસોએ અમે આપની પાસે જૈન સાહિત્યના સાગરસમા જ્ઞાન ભંડારમાંથી થોડું આચમન લઈને ઉપસ્થિત થઈ રહ્યા છીએ. પ્રતિ માસે આપના કરકમળમાં થોડું ભારે, થોડું હળવું 'પ્રબુદ્ધ જીવન' આપને અર્પણ કરતા હતા એવો આ સંયુક્ત અંક નથી, પણ થોડો ભારે ભારે છે. પરંતુ આ તપના દિવસોમાં તો આત્માને ભર્યું ભર્યું કરે એવું ભવ્ય ભવ્ય જ દર્શાવાય ને!

આ સંયુક્ત અંકના સૌજન્યદાતા

ઓગસ્ટ : શ્રી કાલીદાસ સાકળચંદ દોશી પરિવાર (પાલનપુરવાળા)

સપ્ટેમ્બર : શ્રી-શ્રીમતી કલ્પા હસમુખ ડી. શાહ પરિવાર

સ્મૃતિ-શ્રદ્ધાજલિ: દીપચંદકેશરીમલ શાહની ૧૬મી પુણ્યતિથિ પર

આ વર્ષે પર્યુષણ પર્વ ૪ સપ્ટેમ્બરથી શરૂ થાય છે, એટલે દર મહિનાની પંદરમી તારીખે નિયમિત પ્રકાશિત થતું 'પ્રબુદ્ધ જીવન' જો ૧૫મી ઑગસ્ટે પર્યુષણ વિશેશાંક તરીકે પ્રકાશિત કરીએ તો ઘણું વહેલું થાય, અને તા. ૧૫ સપ્ટેમ્બરના આ વિશેષાંક પ્રગટ કરીએ તો ઘણું મોડું થાય, તેમ જ ચાર સપ્ટેમ્બરથી અગિયાર સપ્ટેમ્બર સુધી પર્યુષણના દિવસો હોઈ, તા. ૧૫ સપ્ટેમ્બરનો અંક પ્રકાશિત કરવો શક્ય ન બને. એટલે મધ્યમ માર્ગ પસંદ કરી તા. ૩૦ ઑગસ્ટે, ઑગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક પ્રકાશિત કરવો એ બધી રીતે ઉચિત લાગ્યું. પ્રસંગના વાજાં પ્રસંગે વાગે તો જ એ નાદ કર્ણપ્રિય અને મનભાવન લાગે. ચિત્ત પ્રસન્ન થાય.

આ નિર્ણય પછી માનસિક સંઘર્ષ શરૂ થયો. આ વિશેષાંકમાં શું પીરસવું ? પર્યુષણ પર્વ, તીર્થંકર ભગવાનો, તપ, ધાર્મિક ક્રિયાઓ વગેરે વિશે તો ઘણું જ લખાઈ ગયું છે.

જૈન સાહિત્ય સાગર જેવું વિશાળ અને ગહન છે. ભગવાન મહાવીર પહેલાં અને પછી જૈન સાહિત્યનું સર્જન થતું જ રહ્યું છે. જ્યારે લિપિ અને લેખન કળા ન હતી ત્યારે આ સાહિત્ય ગુરુ ભગવંતો દ્વારા શ્રુત પરંપરાથી જળવાયું અને પછી આ આગમ સાહિત્ય લેખન સામગ્રી પર લિપિ બદ્ધ થયું. આ વિશે વિશેષ વિગતો આ અંકમાં અન્યત્ર છે એટલે અહીં પુનરાવર્તન નથી કરતો.

ઈ.સ.ના બારમા શતકમાં શરૂ થયેલા પ્રાચીન ગુજરાતી જૈન

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

સાહિત્યનો પ્રવાહ ૧૪૫૦ થી ૧૬૦૦ સુધીના દોઢસો વર્ષના ગાળામાં વધારે પુષ્ટ અને વેગવાળો બન્યો, ત્યાર પછી તે આજ સુધી પ્રતિ વર્ષે જૈન સાહિત્યનું સર્જન થતું જ રહ્યું છે. કહેવાય છે કે ભારતના જૈનોના જ્ઞાન ભંડારોમાં હજુ વીસ લાખ હસ્તપ્રતો સંશોધકોની રાહ જોતી પોતાનો શબ્દ ધબકાર કરી રહી છે. એવું મનાય છે કે વિશ્વમાં ક્યાંય ને ક્યાંય અલગ અલગ ભાષામાં પ્રતિદિન એક એક જૈન ગ્રંથનું સર્જન થઈ રહ્યું છે. જૈન સાહિત્ય એટલું સદ્‌ભાગી છે કે આ દિશામાં આ સાહિત્યની ચિંતા અને ખેવના કરનાર પૂ. મુનિ ભગવંતો, પ્રકાંડ પંડિતો, જિજ્ઞાસુઓ અને ધનપતિઓ આજે પણ એટલા જ સક્રિય છે, એ નિમિત્તે ઘણી સંસ્થાઓ કાર્યરત છે અને પ્રગતિને પંથે છે. આ સંસ્થાઓ વિશે એક દીર્ઘ ગ્રંથ લખી શકાય. જૈનોના ચતુર્વિધ સંઘે જ્ઞાનને તીર્થંકર જેટલું જ મહત્ત્વ આપી એની પૂજા કરી છે. પઢમં નાળં તઓ દયા। પહેલાં જ્ઞાન, પછી જ દયારૂપ ધર્મ અને અનુષ્ઠાનો.

એટલે અમને પણ એવો વિચાર આવ્યો કે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા અમે પણ યત્કિંચિત જ્ઞાનભાવ શાસનને અને વાચકને સમર્પીએ.

જૈન સાહિત્ય બે વિભાગમાં વિભાજિત થયેલ છે. અતિ પ્રાચીન આગમ એટલે તીર્થંકર વાણી જે શ્રુતપરંપરા પછી લિપિ બદ્ધ થયા, અને ત્યાર પછીનું આગમેતર સાહિત્ય, આ આગમેતર સાહિત્યનું સર્જન કર્યું જૈન મુનિ ભગવંતો, પ્રકાંડ પંડિતો અને શ્રાવક-શ્રાવિકાઓએ. આ સાહિત્યમાં વિવિધ વિષયો છે તો એ સાહિત્ય વિવિધ સ્વરૂપમાં પણ છે. દા. ત. કથા, રાસ, પ્રબંધ, નાટક, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર, ન્યાય, તત્ત્વજ્ઞાન વગેરે. આ સાહિત્ય માત્ર વૈરાગ્યનું સાહિત્ય નથી, વિવિધ રસોથી એ છલકાતું સાહિત્ય છે. જૈન સાહિત્ય રાજ્યાશ્રિત ન હતું, ત્યારે અને આજે પણ એ સર્જનમાં સંઘનો સાથ અને સંઘનો આ સર્જન પ્રતિ અહોભાવ, ખેવનાભાવ અને ધન્યભાવ રહ્યો છે. જૈન શાસન અને જૈન સાહિત્ય આટલું બધું સદ્‌ભાગી છે.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકો જૈન છે, અને બૌદ્ધિક જૈનેતરો પણ છે. આ જૈન જિજ્ઞાસુ વાચકોને અને જૈનેતર બૌદ્ધિકોને જૈન સાહિત્યનો, એના ઊંડાણનો, એના તત્ત્વજ્ઞાનનો થોડો પરિચય થાય એવું સાહિત્ય આ અંકમાં આપવાના ભાવ અમારામાં જાગૃત થયા.

આકાશ જેવા વિશાળ અને સમુદ્ર જેટલા ગહન સાહિત્યમાંથી મોતી જેવાં થોડાં બિંદુ શોધવાનું કામ કઠિન તો હતું જ. સમય પણ થોડો હતો.પણ અમારી ટીમે નિર્ણયને કાર્યમાં પરિણત કરવાની પ્રતિજ્ઞા જ લઈ લીધી. અમારા પૂ. પુષ્પાબેન પરીખ, કોમ્પ્યુટર મુદ્રણના શ્રી જવાહરભાઈ શુક્લ અને અમારા સર્વેની વચ્ચે દોડાદોડ કરનાર કડી જેવો અમારો અશોક, બધાં કાર્યરત થયા. સૌ પ્રથમ આ ત્રિપુટી પ્રત્યે મારો આનંદ અને સંતોષ ભાવ પ્રગટ કરું છું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા રૂપમાણક ભંશાલી ટ્રસ્ટના સૌજન્યથી આ વર્ષના જાન્યુઆરીના અંતમાં રતલામમાં ત્રિદિવસીય વીસમા જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરાયું. આ સમારોહનો વિષય હતો: **'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ'.** લગભગ ૧૫૦ જૈન-જૈનેતર વિદ્વાનો આ સમારોહમાં પધાર્યા. ૧૧૦ જેટલાં જૈન ગ્રંથો ઉપર શોધનિબંધો પ્રાપ્ત થયા અને સર્વે વિદ્વાનોએ પોતાની સમય મર્યાદામાં રહીને એ શોધનિબંધોનું અલ્પ અલ્પ વાંચન પણ કર્યું. એક જ્ઞાન મહોત્સવનું વાતાવરણ રચાઈ ગયું, અને જૈન સાહિત્ય માટે આ એક ઐતિહાસિક ઘટના બની રહી. આ સર્વે શોધનિબંધો રૂપમાણક ભંશાલી ટ્રસ્ટના વીરતત્ત્વ પ્રકાશન મંડળ શિવપુરી દ્વારા 'જૈન ગ્રંથ નિધિ' શીર્ષકથી પ્રકાશિત થશે અને એનું સંપાદન કાર્ય જૈન ધર્મના પંડિત એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદના નિયામક ડૉ. જિતેન્દ્ર શાહ કરશે.

આ બધાં શોધનિબંધો અમારી પાસે તૈયાર હતા જ. બધાં શોધનિબંધો ઉત્તમ અને સંશોધનાત્મક. આ નિબંધોની વિગતે યાદી આ અંકમાં અન્યત્ર આપી છે, જેથી જિજ્ઞાસુઓ એ મહાનુભાવોનો સંપર્ક કરી શકે. આ નિબંધમાંથી 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંક માટે થોડાં નિબંધો પસંદ કરવાનું કામ આ લખનાર માટે ખૂબ જ સંઘર્ષમય બન્યું. જ્યાં બધું જ પસંદ હોય ત્યાં ક્યું પસંદ કરવું ? ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને મનસમક્ષ રાખી, પૃષ્ટની મર્યાદા સ્વીકારીને આ નિબંધોની દીર્ઘતાનું સંપાદન કરવું પડે. કારણ કે અહીં તો માત્ર ગ્રંથ પરિચયનો જ અભિગમ રાખ્યો છે. એટલે વિષય અને સાહિત્ય સ્વરૂપોની દૃષ્ટિએ થોડાં નિબંધો વિચાર્યા, પરંતુ જે નિબંધોને સ્થાન ન અપાયું એ માટે પારાવાર દુઃખ અને મનોમંથન પણ અનુભવ્યું. એટલે જે અન્ય ઉત્તમ નિબંધો સમાવી નથી શકાયા એનું કારણ પૃષ્ટ મર્યાદા છે એનો સ્વીકાર કરી એ અન્ય વિદ્વાન મહાનુભાવોની હું ક્ષમા માગું છું. સાથોસાથ એ નિર્ણય પણ પ્રગટ કરું છું કે શક્ય હશે ત્યારે એ નિબંધો એની દીર્ઘતાનું સંપાદન કરીને 'પ્રબુદ્ધ જીવન'ના હવે પછીના અંકોમાં પ્રકાશિત કરીશું, જેથી 'પ્રબુદ્ધ જીવન'ના જૈન-જૈનેતર જિજ્ઞાસુ વાંચકોને જૈન સાહિત્યની વિશાળતાનો અને ગહનતાનો પરિચય થતો રહે.

અહીં પ્રસ્તુત થયેલા શોધનિબંધોની દીર્ઘતાનું સંપાદન કરતી વખતે પણ મનમાં વ્યથા તો અનુભવી જ. પ્રત્યેક નિબંધ મૂળ દશથી પંદર પાનાના છે, એ પૂરેપૂરા અક્ષરમાં પ્રગટ કરીએ તો બહુ થોડાં જ નિબંધોને સમાવી શકાય, અને વૈવિધ્યનો છેદ ઊડી જાય. ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'નો વધુ વાચકવર્ગ પંડિતવર્ગ કે એકેડેમિક વર્ગ નહિ જ, એટલે એ જિજ્ઞાસુ વર્ગને મનસમક્ષ રાખી, એમની રસ અને ગ્રાહ્યશક્તિને લક્ષમાં રાખીને આ દીર્ઘ નિબંધોની દીર્ઘતાનું સંપાદન કરતા ખૂબ મથામણ અનુભવી છે જ. અનુભવ છે કે પોતાના લેખનો

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-(U.S. $ 15) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-(U.S. $ 40) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-(U.S. $ 65)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-(U.S. $120) • કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-(U.S. $ 150)

એક શબ્દ પણ કપાય તો લેખક પોતાની નસ કપાયાનું દુઃખ અનુભવે છે. મારે અનિચ્છાએ પણ આ કાર્ય કરવું પડ્યું છે. આ સર્વ વિદ્વાન લેખકોની હું ક્ષમા ચાહું છું. અહીં માત્ર ગ્રંથ પરિચય છે. એના મુખ્ય ભાવનું આચમન છે. ફૂલ નથી ફૂલની સુગંધ છે.

આ લેખો વાંચ્યા પછી જે કોઈ વાચકને એમાં ક્ષતિ જણાય અથવા શાસ્ત્રદોષ દેખાય તો એ સર્વ વિદ્વદ્‌જનને અમારી વિનંતી છે કે પત્ર લખીને અમને તરત જ જણાવે, જે અમે પછીના અંકમાં પ્રગટ કરીશું. જેથી શાસ્ત્ર અશુદ્ધિ કે કોઈ અસત્ય આગળ વધતાં અટકે. જ્ઞાન એ દેવતા છે. અને એ શુદ્ધ સ્વરૂપે જ દૃશ્યમાન હોવા જોઈએ.

આ સર્વ લેખોની પ્રાપ્તિ માટે પુનઃ શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને રૂપ-માણક ભંશાલી ટ્રસ્ટનો અમે આભાર માનીએ છીએ.

'પ્રબુદ્ધ જીવન'ના નિયમિત વાચકો પાસે આ સંયુક્ત અંક એક વિશિષ્ટતા લઈને આવે છે એટલે પૂર્વનાં બધાં અંકોની જેમ મનગમતું કે ઝટપટ માણી શકાય એવું વાંચન આ મહાનુભાવોને નહિ મળે, ઉપરાંત નિયમિત પ્રગટ થતા વિભાગો પણ અહીં દૃશ્યમાન નહિ થાય, કારણ એ જ કે એ વિભાગો પછી તો આવવાના જ છે. પરંતુ એ સ્થાને અહીં વધુ ગ્રંથોનો પરિચય-લાભ આપી શકાય, એ ભાવ અંતરમાં રાખ્યો છે, એટલે વાચકની એ અપેક્ષા પૂર્ણ ન થઈ હોય એવું લાગે તો એ વાચક અમને ક્ષમા કરે.

આ અંકનું વાંચન બુદ્ધિરંજન, મનરંજન, ચિત્તરંજન અને ચિત્તવિકાસનું જ માત્ર વાંચન નથી, પરંતુ આગમથી અર્વાચીન સુધીની આ લઘુ શબ્દયાત્રા વાચકને આત્મિક અને આધ્યાત્મિક વિકાસના શિખર તરફ દૃષ્ટિ કરાવશે એવી શ્રદ્ધા છે.

સર્વ વાચક મહાનુભાવોને પર્યુષણ પર્વ માટે શુભ પ્રાર્થના. આ પવિત્ર દિવસોમાં કર્મક્ષયના ઉત્સવો આપ ઉજવો એવી ઊર્જા આપ સર્વેને પ્રાપ્ત થાય એવી શાસન દેવને પ્રાર્થના.

વિતેલા વર્ષ દરમિયાન અમારી લેખન ક્ષેત્રે જે કાંઈ ભૂલ થઈ હોય, પ્રગટ થયેલ સાહિત્યથી આપનું ક્યાંય મન દુભાયું હોય તો અમે અંતઃકરણ પૂર્વક આપની ક્ષમા માગીએ છીએ.

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે, મિત્તિ મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ.

મિચ્છામિ દુક્કડમ્.

□ધનવંત શાહ
drdtshah@hotmail.com

ખજાનો કદી પૂરો નહિ થાય જો...

□ અનુવાદક : પુષ્પા પરીખ

જે રોકે છે તે સડે છે, જે છોડે છે તે પામે છે. ખાબોચીયામાં પાણી સૂકાઈ જાય, ઘટી જાય અને દુષિત થાય પરંતુ વહેતા ઝરણામાં હંમેશા ગતિશીલતાની સાથે સાથે સ્વચ્છતા પણ રહે છે. નથી એ સૂકાતું કે નથી એ સડતું. એનો સ્રોત કદિ પૂર્ણ થતો નથી. જે ગતિશીલતાનો નિયમ તોડે છે, સંચય કરે છે તેને અલ્પ પ્રાપ્ત થાય છે, અક્ષય અનુદાનની પાત્રતાથી તે વંચિત રહી જાય છે.

ધરતી પોતાનું જીવનતત્ત્વ વનસ્પતિઓને નિરંતર આપે છે. આ ક્રમ અનાદિકાળથી ચાલી આવે છે. સર્વે પ્રાણી ધરતીમાંથી જ પોતાનો આહાર પ્રાપ્ત કરે છે. ધરતીનો ભંડાર કદી ખાલી થતો નથી. વનસ્પતિના સૂકા પાંદડા અને પ્રાણીઓનો મળ, ગોબર એની શક્તિને કદી ઘટવા નથી દેતા. પ્રકૃતિ એ પ્રાણીઓના દાનના બદલામાં એમને અઢળક વૈભવ આપતી જ રહી છે. સર્વેના પેટ ભરવાવાળી ધરતીએ કદી પોતાનું પેટ ખાલી હોવાની ફરિયાદ નથી કરી.

વનસ્પતિઓ પોતાની હરિયાળી અને જીવવાની શક્તિ નિરંતર પ્રાણીઓને પ્રદાન કરે છે. એમ લાગે કે એનો ભંડાર આજે નહીં તો કાલે જરૂર ખાલી થશે, પરંતુ વૃક્ષોના મૂળીયાં એટલા મજબૂત હોય છે અને ધરતીના ઊંડાણ સુધી ઘૂસી જઈને વનસ્પતિની સંપત્તિ યથાવત્ જીવંત રાખી શકે છે.

સમુદ્ર વાદળો આપે છે. વાદળોની માંગણી કદી પૂરી નથી થતી છતાં સૃષ્ટિની શરૂઆતથી આજ સુધી ચાલી આવતી આ યાચનાને કદી ઈન્કાર સાંભળવો પડ્યો નથી. નદીઓએ સમુદ્રના આંગણે પહોંચી તેનો ભંડાર ભરવાના સોગંદ લીધા અને આજ સુધી નિભાવે છે. સમુદ્ર આજ સુધી યથાવત્ છે. વાદળાંઓએ જે આપ્યું છે કે આપે છે તે નદીઓ ભરપાઈ કરે છે.

તો નદીઓને ખોટ જતી હશે ! વાદળ કંઈ નદીઓ પર એટલી વર્ષા નથી કરતા કે જેથી નદી દ્વારા અપાયેલ અનુદાનનો બદલો વાળી શકે. આ ખોટને હિમાલય પરનો બરફ પૂરી કરે છે અને શાનદાર નદીઓને ખોટમાં નથી રહેવા દેતો. બરફ પીગળ્યા કરે છે અને નદીઓના પેટ ભરાતા રહે છે. તો પીગળતો હિમાલય બાંડો થઈ જતો હશે ? ના એ પણ નથી થતું, આસમાનના ખજાનામાં એટલો બરફ ભરેલો છે કે નદીઓને આપેલું અનુદાન પણ એ પૂર્ણ કરી શકે. હિમાલયના હિમ શિખરો હજારો વર્ષો પૂર્વે જેવા હતા તેથી જરાયે ઓછા નથી થયા.

જે આપ્યું તે ક્યારે પાછું આવશે તેનો હિસાબ માંડવાની જરૂર નથી. આપવાવાળાનો ખજાનો કદી ખૂટતો નથી એ ઉક્તિ પર વિશ્વાસ રાખવો જરૂરી છે. કાલે નહીં તો પરમે એક હાથે અપાયેલ અનુદાન બીજા હાથમાં આવી જ જાય છે. પાનખરમાં પાંદડાઓ જમીન પર પડતા રહે છે જેથી ભૂમિને ખોરાક મળતો રહે છે અને એની ફળદ્રુપતામાં ઘટાડો થતો નથી. પીળા પર્ણો ખર્યા નથી કે નવી કૂંપળો ફૂટવા માંડે છે અને વૃક્ષ પહેલાં કરતાં પણ અધિક હરિયાળું બની જાય છે. ફળોનો સિલસિલો પણ આજ પ્રમાણે ચાલ્યો આવે છે. તોડવાવાળા ફળ તોડવામાં કસર નથી કરતા પરંતુ તેમાં વૃક્ષ કંઈ ગુમાવતું નથી. વર્ષમાં બે વાર વૃક્ષ પર ફળ બેસે છે અને કોઈ ખોટ પડતી નથી. ઉન આપનાર ઘેટાંઓનું પણ એવું જ છે. બાળકોના ગરમ કપડાં બનાવવા કે સ્વેટર બનાવવા ઘેટાંઓ ઉન આપ્યા જ કરે છે અને નવું ઉન ઉગ્યા કરે છે. પૂરી ઉંમર એ આપ્યા જ કરે છે પણ કદિ ઉન વગરનું ઘેટું નજરે નથી પડતું. ✷✷✷ ('તીર્થંકરના સંકલનો'માંથી)

ફોન : ૦૨૨-૨૩૮૭૩૬૧૧

ભગવતી સૂત્ર

□ ડૉ. પ્રવીણા સી. શાહ

લેખક જૈન ધર્મના ઊંડા અભ્યાસી, વક્તા અને જૈન ધર્મ વિષયક ગ્રંથોના કર્તા છે. વર્ષો સુધી અમેરિકમાં વસવાટ કરી વર્તમાનમાં અમદાવાદમાં સ્થાયી થઈ વિશ્વભરમાં જૈન જ્ઞાન સાહિત્યનો પ્રચાર કરી રહ્યાં છે.

હિંદુ દર્શનના વેદ–વેદાંત–ઉપનિષદ–પુરાણ વગેરે શાસ્ત્રોમાં પારંગત બ્રાહ્મણ પંડિતોએ જ્યારે જૈનદર્શનનું શરણું સ્વીકારી દ્વાદશાંગીના શ્રુત સાગરમાં ડોકીયું કરીને અનેક અમૂલ્ય શાસ્ત્ર પદાર્થોના મોતી જોયા ત્યારે અત્યંત પ્રભાવિત થઈ ગયા. ભલે પછી ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ ધુરંધરો હોય કે નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ, ભદ્રબાહુ, હરિભદ્રસૂરિ જેવા વિદ્વાન મહર્ષિઓ હોય.

હરિભદ્રસૂરિએ તો લખ્યું–

બોધાગાદ્યં સુપદ પદવી નીરપુરા ભીરામં
જીવા હિંસા વિરલ લહરિ સંગમાગાહ દેહં
ચૂલા વેલં ગુરુગમમણી સંકુલં દૂર પારં
સારંવિરાગમ જલનિધિં સાદરં સાધુ સેવે.

આજે આવા અમૂલ્ય પારસમણી જેવા એક ગ્રંથનો પરિચય આપવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે છે ભગવતી સૂત્ર એટલે વિવાહ પન્નતિ નામનો પાંચમો આગમ ગ્રંથ.

આગમનો પરિચય :

જિણંદા તેરા આગમ છે અવિકારા

આમ જૈનધર્મની જડ હોય તો તે આગમ છે. એના જ આધારે જૈનધર્મની ઈમારત આજ વર્ષોના વર્ષો પછી પણ અનેક ઝંઝાવાતો વચ્ચે ય મેરુપર્વતની જેમ અડોલપણે ખડી રહી છે. એને જૈનધર્મના પ્રાણરુપ ગણવામાં પણ કશી જ હરકત નથી. એટલે કે જેનાથી વસ્તુતત્વનો સ્પષ્ટપણે બોધ થાય તેને આગમ કહેવામાં આવે છે. શ્રી અરિહંત પ્રરુપિત અને ગણધરગુંફિત આગમો દ્વારા લોકાલોક સ્વરૂપને હાથમાં રહેલા આમળાની જેમ જાણી શકાય છે.

જેમ બ્રાહ્મણો વેદને, બૌદ્ધો ત્રિપિટકને, ખ્રિસ્તિઓ બાઈબલને, મુસ્લિમો કુરાને શરીફને અને પારસીઓ ખુર્દે અવેસ્તાને પરમ પવિત્ર ગ્રંથ ગણવાપૂર્વક પ્રમાણભૂત માને છે તેવી જ રીતે જૈન માટે આગમગ્રંથો પરમ માન્ય છે. આને પ્રવચન, શ્રુત-સૂત્ર તથા સિદ્ધાંત આદિ શબ્દથી પણ ઓળખવામાં આવે છે.

૪૫ આગમોમાં–૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદસૂત્રો, ૪ મૂળસૂત્ર તથા નંદીસૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર. આ રીતે ગણવામાં આવે છે.

મહર્ષિ બાલચંદ્રમુનિ સ્નાતસ્યાની થોયમાં શ્રુતજ્ઞાનની સ્તુતિ કરતા લખે છેઃ

અર્હદવક્ત્ર પ્રસ્તુતં ગણધર રચિતં દ્વાદશાંગં વિશાલમ્
ચિત્રં બહ્વર્થયુક્તં મુનિગણ ઋષભૈર્ ધારિતં બુદ્ધિ મદભિઃ
મોક્ષાગ્રદ્વાર ભૂતં વ્રતચરણ ફલં જ્ઞેય ભાવ પ્રદિપં
ભક્ત્યા નિત્યં પ્રબદ્યે શ્રુતમહમખિલં સર્વ લોકૈક સારમ્

આગમ સૂત્રો શ્રી અરિહંત (ભાવતીર્થંકર) દેવના મુખમાંથી અર્થ રુપે પ્રકટ થયેલા છે ને તે વિશાલ જૈન પ્રવચનોની સૂત્ર રુપે રચના કરનારા બીજબુદ્ધિ વગેરે લબ્ધિનિધાન શ્રી ગણધરો છે તથા અનેક અર્થોથી તે જૈન પ્રવચનો ભરેલા હોવાથી ચિત્ર (આશ્ચર્ય ઉપજાવનારા) કહેવાય છે. તેમજ મહાબુદ્ધિ વિનયાદિ સદ્‌ગુણી મુનિવરો જ આ શ્રી આગમજ્ઞાન વિશિષ્ટ પ્રદિપ્ત અજવાળા પાથરનાર દીપક સમાન છે, તથા તે જૈન પ્રવચનોને ભણીને કે સાંભળીને જાણનારા ભવ્ય જીવો અણુવ્રત મહાવ્રતાદિની સાત્વિકિ આરાધના રુપ ફલને પામે છે એટલે તેઓ નિયાણાંનો ત્યાગ કરીને વિધિપૂર્વક નિર્દોષ મોક્ષમાર્ગને આરાધીને સિદ્ધિપદને પામે છે કારણ કે સર્વલોકના સારરુપ છે.

જૈન આગમ સાહિત્ય પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી, ટીકા, વિવરણ, વૃત્તિ, દીપિકા, અવચૂરી, અવચૂર્ણિ, વિવેચન, વ્યાખ્યા, છાયા, અક્ષરાર્થ, પંજિકા, ટબ્બા, ભાષાટીકા, વચનિકા, જેવું ઘણું સાહિત્ય પણ લખાયેલું છે. કમનસીબે તેમાંથી ઘણું જ ઓછું સાહિત્ય બચ્યું છે. આમ છતાં ઘણું સાહિત્ય ભંડારોમાં સચવાયેલું છે. જે ધીરે ધીરે વિદ્વાનોની નજરે આવતાં પ્રકાશિત થતું જાય છે.

પંચાગીનો પરિચય :

(૧) સૂત્ર : ગણધર ભગવન્ત, પ્રત્યેક બુદ્ધ મહાપુરુષ, ચૌદ પૂર્વધર ભગવન્ત અને દશપૂર્વધર ભગવન્ત દ્વારા રચવામાં આવેલ ગ્રંથને સૂત્ર તરીકે માનવામાં આવેલા છે.

(૨) નિર્યુક્તિ : વ્યાખ્યાત્મક સાહિત્યમાં નિર્યુક્તિનું સ્થાન મહત્ત્વનું છે. અર્થોને કોઈ એક નક્કી સૂત્રમાં બાંધ્યા હોય તેને નિર્યુક્તિ (અર્થયુક્ત સૂત્રો) કહે છે. નિર્યુક્તિ આર્યાછંદમાં એટલે પ્રાકૃત ગાથાઓમાં લખાયેલા સંક્ષિપ્ત વિવેચન છે. તેના વિષય-વસ્તુમાં અનેક કથાનકો, ઉદાહરણો અને દૃષ્ટાંતોનો સંક્ષેપમાં ઉપયોગ થયેલો છે.

(૩) ભાષ્ય સાહિત્ય : ભાષ્યસાહિત્ય પણ નિર્યુક્તિની જેમ જ સંક્ષિપ્ત ગાથાઓમાં લખાયેલું સાહિત્ય છે. ભાષ્યોની ભાષા નિર્યુક્તિની જેમ જ અર્ધમાગધી છે. અનેક જગ્યાએ માગધી અને શૌરસેનીનો પ્રયોગ થયલો છે. તેમાં મુખ્ય આર્યા છંદ છે. ભાષ્યોનો સમય સામાન્ય રીતે ઈ. સ. ની ૪થી ૫મી શતાબ્દી મનાય છે.

(૪) ચૂર્ણિસાહિત્ય : આગમ પર લખાયેલ વ્યાખ્યાસાહિત્યમાં ચૂર્ણિનું સ્થાન અગત્યનું છે. તેની રચના ગદ્યમાં છે. તેની ભાષા

સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત છે. ચૂર્ણિઓમાં લૌકિક અને ધાર્મિક કથાઓ અનેક છે. તેમાં પ્રાકૃત ભાષામાં શબ્દોની ઉત્પત્તિ આપી છે. તથા સંસ્કૃત અને પ્રાકૃત પદ્યો પણ છે.

(૫) ટીકા સાહિત્ય : આગમો પર વિસ્તૃત ટીકાઓ લખાઈ છે. આગમસિદ્ધાંતને સમજવા માટે આ સાહિત્ય અગત્યનું છે. ટીકા સાહિત્ય મોટે ભાગે સંસ્કૃતમાં લખાયેલું છે. તેમાંનો કથાભાગ પ્રાકૃતમાં છે. આગમની વલભી વાચના પહેલાં ટીકા સાહિત્ય લખવામાં આવેલું.

મૂળસૂત્રની જેમજ તેની નિર્યુક્તિ-ટીકા-ચૂર્ણિ અને ભાષ્ય એ ચારેય પ્રામાણિક છે અને તેથી તેની માન્યતામાં કોઈપણ જાતનો વિવાદ ઊભો કરવો જોઈએ નહિ. આ પાંચેય મળીને પંચાગી સાહિત્ય બને છે.

મૂળસૂત્રના યથાર્થ ભાવો જાણવા માટે નિર્યુક્તિ ટીકા આદિનો સહારો લેવો જ પડે છે. તેના વગર કેટલીયે જગ્યાએ અર્થનો અનર્થ થતાં વાર નથી લાગતી. વળી સૂત્રકારની જેમ જ નિર્યુક્તિ-ટીકા-ભાષ્ય અને ચૂર્ણિના રચયિતા મહાપુરુષો પણ પ્રબળ ક્ષયોપશમવન્ત અને ભવભીરુ હતા તેથી તેમની રચનામાં કોઈ અન્યથા ભાવ થવાનો સંભવ રહેતો નથી.

ભગવતી સૂત્રના નામો:

ભગવતી સૂત્ર ને વિઆહપન્નત્તી કહેવાય છે. એનું સંસ્કૃતરુપ છે–વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ. પ્રશ્નોત્તરની શૈલીમાં લખાયેલ આ ગ્રંથ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવાય છે. વ્યાખ્યાનો અર્થ છે વિવેચન કરવું અને પ્રજ્ઞપ્તિનો અર્થ છે સમજવું. જેમાં વિવેચનપૂર્વક તત્ત્વ સમજાવવામાં આવે છે તેને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવાય છે. નંદીસૂત્રમાં ચાર પ્રજ્ઞપ્તિનો ઉલ્લેખ છે–જંબુદ્વિપપ્રજ્ઞપ્તિ, દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ. જ્યારે કષાયપાહુડમાં પાંચમી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પણ બતાવી છે. શ્વેતાંબર સાહિત્યમાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનો ઉલ્લેખ માત્ર દ્વાદશાંગીના પાંચમા અંગના રુપમાં જ મળે છે. અભયદેવસૂરિએ સૂત્રના પ્રારંભમાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ પદની વ્યાખ્યા કરી છે. એ અનુસાર પ્રસ્તુત આગમમાં ગૌતમસ્વામી ગણધરે પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ મહાવીરે જે પ્રતિપાદન કર્યું તેની પ્રજ્ઞાપના છે તેથી તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ છે. એમણે તેના ચાર અર્થ બીજા કર્યા છે.

૧. વ્યાખ્યા+પ્રજ્ઞા+આપ્તિ=વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ ૨. વ્યાખ્યા+પ્રજ્ઞા +આત્તિ=વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ. આમાં વ્યાખ્યાની પ્રજ્ઞાથી અર્થની પ્રાપ્તિ થાય છે તેથી વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ અથવા વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ એવું નામ છે. ૩. વ્યાખ્યાપ્રજ્ઞ+આપ્તિ=વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ ૪. વ્યાખ્યાપ્રજ્ઞ+ આત્તિ=વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ.

વ્યાખ્યાકાર ભગવાન મહાવીર દ્વારા ગણધરોને અર્થની પ્રાપ્તિ થઈ તેની તેનું નામ વ્યાખ્યાપ્રજ્ઞાપ્તિ અથવા વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ છે.

આ ચારે અર્થ બૌદ્ધિક છે. પ્રાકૃત વ્યાકરણની દૃષ્ટિથી કરવામાં આવ્યા છે.

અભયદેવસૂરિએ આ સૂત્રનું બીજું નામ વિઆહપળત્તિની વ્યાખ્યા કરી છે.

(૧) વિ+વાદ+પ્રજ્ઞપ્તિ=વિવાદપ્રજ્ઞપ્તિ–આમાં વિવિધ અથવા વિશિષ્ટ અર્થપ્રવાહોનું પ્રજ્ઞાપન છે તેથી વિવાદપ્રજ્ઞપ્તિ કહેવાય છે.

(૧) વિ+વ્યાધ+પ્રજ્ઞપ્તિ=વિવ્યાધપ્રજ્ઞપ્તિ–આમાં બાધારહિત અર્થાત્ પ્રમાણથી અબાધિત અર્થનું નિરુપણ છે તેથી વિવ્યાધપ્રજ્ઞપ્તિ કહેવાય છે.

પ્રસ્તુત આગમનું નામ ભગવતી છે. ભગવતી એ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનું વિશેષણ હતું. પોતાની વિશિષ્ટતાને લીધે મળેલું આ વિશેષણ આગળ જતા તેનું નામ બની ગયું જે વધુ પ્રચલિત બન્યું. વળી એમ પણ કહેવાય છે કે ભગવતી એ નામ સૂત્રની પૂજ્યતાને સૂચવનારું છે. વળી ગૌતમસ્વામી અગ્નિભૂતિ-વાયુભૂતિ-મંડિતપુત્ર-માકંદીપુત્ર-રોહક-જયંતિ શ્રાવિકા-અન્યતીર્થક સ્કંદક પરિવ્રાજક વગેરેએ પૂછેલા ૩૬૦૦૦ સવાલોના જવાબો તેમાં છે તેથી તેનું ઘણું મહત્ત્વ હોવાથી આ પાંચમા અંગનું નામ ભગવતી છે.

ભગવતીસૂત્રના રચનાકાર :

અગિયાર ગણધર ભગવાનોના દીક્ષાપર્યાયમાં સૌથી વધારે લાંબા સમયનો દીક્ષાપર્યાય પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીનો હતો; અને એથી જ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ, પોતાના અગિયાર ગણધરો પૈકી પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીને, પોતાની પાટે સ્થાપિત કર્યા હતા. ભગવાન શ્રી મહાવીર પરમાત્મા નિર્વાણને પામ્યા તે સમયે, એ તારકના અગિયાર ગણધરો પૈકી માત્ર બે જ ગણધર ભગવાનો વિદ્યમાન હતા. પહેલા ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી અને પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજી, એ બે સિવાયના નવેય ગણધર ભગવાનો, ભગવાન શ્રી મહાવીર પરમાત્મા નિર્વાણને પામ્યા તે પહેલાં જ નિર્વાણને પામી ચૂક્યા હતા. નિયમ એવો છે કે ગણધર ભગવાનો પોતાના નિર્વાણને પામવાના સમયથી એક મહિના પૂર્વે પાદોપગમન અનશનને સ્વીકારે છે, એટલે એ નવેય ગણધર ભગવાનોએ પાદોપગમન અનશનને સ્વીકારતાં પહેલાં, પોતપોતાનો ગણ, પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીને સુપ્રત કર્યો હતો. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ વર્ષો પહેલાં ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી પણ નિર્વાણને પામ્યા છે, એટલે એ તારકે પણ નિર્વાણ પામ્યાના એક મહિના પહેલાં જ પોતાનો ગણ પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીને સુપ્રત કર્યો હતો. આથી એમ સમજી શકાય છે કે ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ લગભગ બાર વર્ષે, એ તારકના પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીની નિશ્રામાં, ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના સમસ્ત મુનિગણો આવી ગયા હતા. આમ થવાથી, એ

તદ્દન જ સ્વાભાવિક છે કે પાંચમા ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ રચેલી દ્વાદશાંગીની જ પરંપરા ચાલે તેમજ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનના મુનિઓની પરંપરા પણ તેઓશ્રીની જ ગણાય.

પ્રસ્તુત આગમ દ્વાદશાંગીનું પાંચમું અંગ છે. એમાં પ્રભુ મહાવીરની વાણી સુધર્મા ગણધર દ્વારા સંકલિત છે તેથી તેના મૂળ પ્રણેતા પ્રભુ મહાવીર છે, અને રચનાકાર ગણધર સુધર્મા છે. આમાં ઘણો ભાગ નષ્ટ થઈ જવા પામ્યો છે પણ આ કાળમાં દ્વાદશાંગીના આ અંગનો જે ભાગ વિદ્યમાન છે તેના રચનાકાર સુધર્માસ્વામી જ છે. અને આ સૂત્રના વિવરણકાર (ટીકાકાર) નવઅંગી ટીકાકાર આચાર્ય અભયદેવસૂરિ છે.

અત્યાર સુધીમાં અનન્તી ઉત્સર્પિણીઓ અને અનન્તી અવસર્પિણીઓ થઈ છે તેમજ ભવિષ્યમાં અનન્તી ઉત્સર્પિણીઓ અને અનન્તી અવસર્પિણીઓ થવાની છે; એટલે અત્યાર સુધીમાં જેમ અનન્તા શ્રી તીર્થંકર ભગવંતો થયા છે અને તે તારકોના અનન્તા શ્રી ગણધર ભગવાનો થયા છે, તેમ ભવિષ્યકાળમાં પણ અનન્તા શ્રી તીર્થંકરદેવો થવાના છે અને તે તારકોના શ્રી ગણધર ભગવાનો પણ અનન્તા થવાના છે. એ થયેલા અને થનારા અનન્તા શ્રી ગણધર ભગવાનો પોતપોતાની દ્વાદશાંગીને રચે, એટલે અનન્તી દ્વાદશાંગીઓ થઈ; પણ એ દ્વાદશાંગીઓના અર્થની દૃષ્ટિએ કહીએ, તો એ અનન્તી દ્વાદશાંગીઓમાંથી એક દ્વાદશાંગીમાં પણ કશી જ ભિન્નતા હોઈ શકે નહિ. આમ અર્થની અપેક્ષાએ ભિન્નતા ન હોય. અનન્તી દ્વાદશાંગીઓમાં પણ શબ્દની અપેક્ષાએ પરસ્પર ભિન્નતા સંભવી શકે, પણ અર્થની અપેક્ષાએ તો અનન્તી દ્વાદશાંગીઓમાં પણ અભિન્નતા જ હોય.

ભગવાન શ્રી જિનેશ્વરદેવના શ્રીમુખે ઉચ્ચારાયેલ ત્રિપદીના શ્રવણથી, ગણધર ભગવંતોને ગણધર–નામકર્મનો ઉદય થાય છે અને તેઓને પોતપોતાના જ્ઞાનાવરણીય કર્મનો એવો તો સુંદર ક્ષયોપશમ થાય છે, કે જેથી તેઓને ઉત્કૃષ્ટ કોટિનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. ગણધર-નામકર્મનો ઉદય થવાથી અને ઉત્કૃષ્ટ મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન પ્રાપ્ત થવાથી, શ્રી ગણધર ભગવંતો એક મુહૂર્ત માત્રમાં જ દ્વાદશાંગીની રચના કરી શકે છે.

આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ શ્રી ભગવતીજી સૂત્રનું આ વિવરણ લખેલું છે. શ્રી ઠાણાંગ સૂત્રથી લઈને શ્રી વિપાકસૂત્ર સુધીના નવ અંગસૂત્રોના વિવરણો આ આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ રચેલાં છે અને એથી જ આ મહાપુરુષ આપણા સમાજમાં નવાંગી ટીકાકાર તરીકેની ખ્યાતિને પામેલા છે.

અભયદેવસૂરિજીની ઓળખ

ટીકાકાર અભયદેવ વિક્રમના ૧૧મા સૈકાથી તે બારમા સૈકા સુધીમાં હયાત હતા. તેમનો લગતી વિગતવાર હકીકત પ્રભાવકચરિત્રમાં અભયદેવસૂરિના પ્રબંધમાં આપેલી છે. તે મૂળ ધારાનગરીના હતા, તેમના પિતાનું નામ મહિધર અને માતાનું નામ ધનદેવી હતું. અને આ આચાર્યનું મૂળ નામ અભયકુમાર હતું. વર્ધમાનસૂરિના શિષ્ય બુદ્ધિસાગરસૂરિ અને જિનેશ્વરસૂરિ હતા. આ અભયદેવસૂરિ એ જિનેશ્વરસૂરિના શિષ્ય હતા. એ જમાનામાં આ આચાર્ય હતા તે જમાનામાં સાધુ સંસ્થા બહુ શિથિલ દશામાં હતી. ચૈત્યવાસીઓનું પ્રબળ ખૂબ હતું. ચૈત્યવાસીઓ આચારમાં એટલા બધા શિથિલ થઈ ગયા હતા કે તેઓ પગારથી નોકરી કરવાની હદ સુધી પહોંચી ગયા હતા. આ આચાર્ય અને એમના ગુરુઓ એ શિથિલતાને દૂર કરવાનો પ્રયત્ન કરતા હતા. નવઅંગ સૂત્રો ઉપર આમની ટીકાઓ વિદ્યમાન છે. ઉપરાંત એમણે પંચાશક વગેરે અનેક પ્રકરણો ઉપર વિવરણો લખેલાં છે અને બીજા કેટલાંક નવાં પ્રકરણો પણ બનાવેલાં છે. સૂત્રો ઉપરની ઘણી ખરી ટીકાઓ તેમણે પાટણમાં કરી છે તેમ તેઓ જણાવે છે. પ્રસ્તુત સૂત્રની ટીકા તેમણે ૧૧૨૮માં પાટણમાં કરી છે એમ તેઓ ટીકાને પ્રાન્તે જણાવે છે.

ભગવતીસૂત્ર રચનાનો પ્રસંગ

શ્રીમાન્ અભયદેવસૂરિજીના સમયમાં દુકાળના ઉપદ્રવને લીધે દેશની દુર્દશા થવા પામી અને તેથી સિદ્ધાંત તથા તેની વૃત્તિનો ઉચ્છેદ થવા લાગ્યો. તેમાંથી જે કાંઈ સૂત્રો બચી જવા પામ્યાં, તેમાં પ્રેક્ષાનિપુણ મુનિઓને પણ શબ્દાર્થ દુર્બોધ થઈ પડ્યો.

શાસ્ત્રોને અંગે આવી સ્થિતિ ઉપસ્થિત થવા પામી, તે દરમ્યાનમાં એક વાર એવું બનવા પામ્યું કે શાસનદેવી આચાર્ય શ્રી અભયદેવસૂરિજી મહારાજાની પાસે આવ્યાં.

મધ્યરાત્રિનો એ સમય હતો. મધ્યારાત્રિના સમયે પણ શ્રીમાન્ અભયદેવસૂરિજી મહારાજા તો સાવધાનપણે ધર્મધ્યાનમાં મગ્ન બનીને બેઠા હતા.

શાસનદેવીએ આવી, તેમને નમસ્કાર કરીને કહ્યું કે શ્રી શીલાંગકોટિ નામના આચાર્યશ્રીએ પૂર્વે અગિયાર અંગસૂત્રોની જે વૃત્તિઓ બનાવી હતી, તેમાંથી હાલ માત્ર બે જ અંગસૂત્રોની વૃત્તિઓ વિદ્યમાન છે અને બાકીના નવ અંગસૂત્રોની વૃત્તિઓ દુષ્કાળને અંગે વિચ્છિન્ન થઈ જવા પામી છે; આથી, શ્રીસંઘ ઉપરના અનુગ્રહને માટે તમે, જે નવ અંગસૂત્રોની વૃત્તિઓનો વિચ્છેદ થઈ જવા પામ્યો છે, તે નવ અંગસૂત્રોની વૃત્તિઓની રચના કરો!

શાસનદેવીના આવા સૂચનને સાંભળતાં, શ્રી અભયદેવસૂરિજી મહારાજા, તો આશ્ચર્યચકિત બની ગયા. નવ અંગસૂત્રોની વૃત્તિઓને રચવાની તેઓશ્રીને કદી કલ્પના પણ નહિ આવેલી. પોતે એ વાતમાં પણ શંકિત જ હતા કે મારામાં એવું સામર્થ્ય જ ક્યાં છે, કે જેથી હું નવ અંગસૂત્રોની વૃત્તિઓને રચી શકું? બીજી તરફ સૂચન શાસનદેવીનું હતું. આ કારણે શ્રીમાન અભયદેવસૂરિજીએ

મનોવ્યગ્રતા અનુભવી અને તે વ્યગ્રતાને શાસનદેવી સમક્ષ પ્રગટ કરતાં કહ્યું કે, માતા! હું તો અલ્પમતિ જડ જેવો છું. ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ રચેલા ગ્રન્થોને યથાર્થ રુપમાં જોવા જોગી બુદ્ધિ પણ મારામાં નથી, એટલે હું તેની વૃત્તિ રચું અને મારા અજ્ઞાનપણાથી તેમાં જો કોઈ પણ ઉત્સૂત્ર મારાથી કહેવાઈ જાય, તેથી મને મહાપાપ લાગે! ઉત્સૂત્રકથન કરનારને અનંત સંસારમાં પરિભ્રમણ કરવું પડે, એવું પૂર્વાચાર્ય પરમર્ષિઓનું કથન છે. આ એક મુંઝવણ અને મારી બીજી મુંઝવણ એ છે કે તમારી વાણી પણ અલંઘનીય છે; માટે તમે જ કહો કે મારે કરવું શું?

શ્રી અભયદેવસૂરિજી મહારાજાને શાસનદેવીએ પણ સુંદર અને સચોટ જવાબ દીધો છે. શાસનદેવીએ કહ્યું કે હે સુજ્ઞશિરોમણિ! સિદ્ધાંતના અર્થની વ્યાજબી વિચારણા કરવાની તમારામાં યોગ્યતા છે, એવી મારી ખાત્રી છે. આમ છતાં પણ, જો ક્યાંક સંદેહ પડે તો તમે મને યાદ કરજો, એટલે હું તરત જ તમારી પાસે હાજર થઈશ અને તમારી સૂચવેલી સંદેહવાળી બાબત ભગવાન શ્રી સીમંધરસ્વામીજીને પૂછી આવીને તમને જણાવીશ.

શાસનદેવીએ આ પ્રમાણે ઉત્સાહ અને આશ્વાસન આપવાથી, આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ, શ્રી આચારાંગ અને શ્રી સૂયગડાંગ નામના બે અંગસૂત્રો સિવાયના, શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવ અંગસૂત્રોની વૃત્તિઓની રચના કરવાનો સ્વીકાર કર્યો. આવા દુષ્કર કાર્યનો સ્વીકાર કરવાની સાથે, એ મહાપુરુષે એવી પણ દુષ્કર પ્રતિજ્ઞા ગ્રહણ કરી કે જ્યાં સુધી શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવેય અંગસૂત્રોની વૃત્તિઓને રચવાનું કાર્ય હું પરિપૂર્ણ કરું નહિ, ત્યાં સુધી મારે હંમેશાને માટે આયંબિલ જ કરવું.

નવાંગી ટીકાકાર આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજાએ, શાસનદેવીની પ્રેરણાને પામીને નવ અંગસૂત્રો ઉપરની વૃત્તિઓની રચના કરી, એવું શ્રી પ્રભાવકચરિત્રના રચયિતા આચાર્ય શ્રી પ્રભાચન્દ્રસૂરિજીએ જણાવ્યું છે.

આપણા ઉપર એ મહાપુરુષનો પણ અસાધારણ કોટિનો ઉપકાર છે. આજે આપણે આ શ્રી ભગવતીજી સૂત્રનો રસાસ્વાદ લઈ શકીએ, સૂત્રોના અર્થો કરીને રહસ્યને સમજી શકીએ છીએ, તે નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાના પુણ્યાપ્રાગ્ભારનો પ્રભાવ છે. એ મહાપુરુષે શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવ અંગસૂત્રો ઉપર એવી તો સરળ, સરસ અને સવિસ્તર ટીકાઓ રચી છે કે એના જ પ્રતાપે, ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ સૂત્રોમાં ગૂંથેલી શ્રી જિનવાણીનું આપણે સુધાપાન કરી શકીએ છીએ. અગિયાર અંગસૂત્રોના શબ્દાર્થને સમજવાને માટે, શ્રી શીલાંકાચાર્ય મહારાજાની બનાવેલી શ્રી આચારાંગસૂત્ર અને શ્રી સૂયગડાંગસૂત્રની બે ટીકાએ તથા શ્રી અભયદેવસૂરિજી મહારાજાની બનાવેલી શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવ અંગસૂત્રોની નવ ટીકાઓ, એ જ આપણે માટે આ કાળમાં અજોડ અને પરમ ઉપયોગી સાધન છે.

વિષયવસ્તુ

સમવાયાંગ અને નંદી અનુસાર પ્રસ્તુત આગમમાં ૩૬૦૦૦ પ્રશ્નોનું વ્યાકરણ છે. એમાં ચર્ચેલા વિષય સંબંધી અનેક સૂચનાઓ પ્રાપ્ત થાય છે. તેમાં સમય, પરસમય, જીવ, અજીવ, લોક અને અલોક વ્યાખ્યાન છે. સમવાયાંગ અનુસાર ગૌતમ ગણધર ઉપરાંત અનેક દેવ, દેવી, શ્રાવક-શ્રાવિકાઓએ પૂછેલ પ્રશ્નોનો તેમાં ઉલ્લેખ છે.

આ આગમનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાથી ખ્યાલ આવે છે કે પ્રસ્તુત આગમમાં વર્તમાન વૈજ્ઞાનિક શોધોનું પ્રકરણ કરેલું છે. પ્રસ્તુત ગ્રંથ તત્ત્વવિદ્યાનો આકારગ્રંથ છે તેમાં ચેતન-અચેતન બંને તત્ત્વોની વિશદ જાણકારી ઉપલબ્ધ છે. ટૂંકમાં વિશ્વવિદ્યાની કોઈ એવી શાખા નહીં હોય જેની આ ગ્રંથમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ચર્ચા કરી ન હોય. તત્ત્વવિદ્યાનો આટલો વિશાળ ગ્રંથ હજુ સુધી જ્ઞાત નથી. આ આગમમાં એવા સેંકડો વિષયોનું પ્રતિપાદન કરેલું છે જે બુદ્ધિ દ્વારા ગ્રાહ્ય નથી.

જ્ઞાનના સાગર એવા આ ભગવતિસૂત્રમાં જો કે ગણિતાનુયોગની પ્રધાનતા છે તો પણ દ્રવ્યાનુયોગ, ચરિતાનુયોગ અને કથાનુયોગના પાઠ પણ જોવા મળે છે. સૂત્રમાં ઉપદેશ અને સિદ્ધાંતનો સંયોગ થવાથી સૂત્ર વધારે ઉપાદેય, શ્રદ્ધેય અને પૂજ્ય બને છે.

સૂત્રમાં અસંવૃત અણગાર, સંસ્વૃત અણગાર, કર્મોના પ્રકારો, લેશ્યાઓ, જીવોની વિવિધ જાતિ, દેવગતિ અને મનુષ્યગતિનું વિસ્તૃત વિવેચન, ઈન્દ્રલોકની સભાનું વર્ણન વગેરે અનેક વિષયોની ચર્ચા કરેલી છે. વળી પ્રસ્તુત આગમમાં ગતિવિજ્ઞાન, ભાવિતાત્મા દ્વારા આકાશ ગમન, પૃથ્વી આદિ સ્થાવર જીવોના શ્વાસ-ઉચ્છ્વાસ, સાર્વભૌમ ધર્મોનું પ્રવચન, ગતિપ્રવાદ અધ્યયનની પ્રજ્ઞાપના, કૃષ્ણરાજિ, તમસ્કાય, પરમાણુની ગતિ, દૂરસંચાર આદિ અનેક મહત્ત્વપૂર્ણ પ્રકરણ છે જેનું વૈજ્ઞાનિક દૃષ્ટિથી અધ્યયન અપેક્ષિત છે.

પ્રસ્તુત આગમનો પૂર્ણ આકાર આજે ઉપલબ્ધ નથી પરંતુ જેટલો ઉપલબ્ધ છે તેમાં હજારો પ્રશ્નો ચર્ચીત થયેલા છે. ઐતિહાસિક દૃષ્ટિથી આચાર્ય મંખલિ ગોશાલ, જમાલિ, શિવરાજર્ષિ, સ્કંદક સંન્યાસી વગેરે પ્રકરણ બહુ જ મહત્ત્વપૂર્ણ છે. તત્ત્વચર્ચાની દૃષ્ટિથી જયન્તી, મદદુક, શ્રમણોપાસક, રોહ અણસાર, સોમિત બ્રાહ્મણ, ભગવાન પાર્શ્વના શિષ્ય કાલાસવેસિય, તુંગિયા નગરીના શ્રાવકો વગેરે પ્રકરણો પઠનીય છે. ગણિતની દૃષ્ટિએ ગાંગેય અણગારના પ્રશ્નોત્તર બહુ મુલ્યવાન છે. પ્રસ્તુત આગમમાં એવા અનેક પ્રસંગો પ્રાપ્ત થાય છે જેમાં તત્ત્વની ચર્ચાઓ કરતા જુદા જુદા ધર્મોના આચાર્યોમાં ધાર્મિક ઉદારતાનો યથાર્થ પરિચય પ્રાપ્ત થાય છે. કુણિક અને ચેટક વચ્ચેના યુદ્ધનું માર્મિક વર્ણન પણ છે.

વળી પ્રસ્તુત આગમમાં ચતુર્દશપૂર્વી દ્વારા એક વસ્તુના હજારો પ્રતિરુપોનું નિર્માણ, આદિની ચર્ચા કરેલી છે જે ઘણી મહત્ત્વપૂર્ણ છે.

પ્રસ્તુત આગમ પ્રભુ મહાવીરની તત્ત્વ વિદ્યાનું પ્રતિનિધિ સૂત્ર છે. આ આગમમાં પ્રભુ મહાવીરનું વ્યક્તિત્વ જેટલું પ્રસ્ફૂરિત થયું છે તેટલું અન્યત્ર નથી. ડૉ. વૉલ્ટર સુબ્રીમોએ પ્રસ્તુત આગમના સંદર્ભમાં ભગવાન મહાવીરને સમજાવતા માર્મિક ભાષા પ્રસ્તુત કરી છે. તેમણે લખ્યું છે કે મહાવીર એક સુવ્યવસ્થિત અને નિરૂપણના પુરસ્કર્તા છે. તેમણે પોતાના નિરૂપણમાં પ્રકૃતિમાં મળતા તત્ત્વોને સ્થાન આપ્યું છે. જેમ કે વાયુ ને અગ્નિ સંબંધી જીવોની વ્યાખ્યા, વગેરે અનેક વિષયોમાં ભગવાન મહાવીર સર્વશ્રેષ્ઠ, અસાધારણ, સર્વાધિક વિદ્વાન તરીકે ઝબકી ઉઠે છે. ડૉ. ડેલ્યુએ લખ્યું છે કે હું નિષ્કર્ષરૂપે કહેવા માંગુ છું કે પ્રસ્તુત આગમ મહાવીરના વ્યક્તિત્વને એક ચિંતક અને પ્રણેતાના રૂપમાં પ્રરૂપિત કરે છે, અને સાથે તે અદ્‌ભુત યુગનું પણ ચિત્રણ કરે છે કે જ્યારે ધર્મ અને દર્શનનો સર્જનાત્મક દોર ચાલી રહ્યો હતો.

ભગવતી સૂત્ર એક જ એવું આગમસૂત્ર છે જેમાં મંગલાચરણમાં નવકારમંત્ર પ્રસ્થાપિત કરી મંગલરૂપે પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે. પૂરા સૂત્રને માટે મંગલાચરણ કર્યા પછી પ્રથમ શતકની શરૂઆતમાં દ્વાદશાંગી રૂપ શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે કારણ કે શ્રુતજ્ઞાન અર્હત પ્રવચન રૂપ હોવાથી માંગલિક છે. સાથે કુંભકર, બ્રહ્મશાંતિ, યજ્ઞ, વૈરુટ્યા વિદ્યાદેવી, અંતહુડી દેવીનો ઉલ્લેખ છે.

આ ગ્રંથમાં પ્રભુ મહાવીરે જીવ અને પુદ્‌ગલનું જે વિશ્લેષણ કર્યું છે તેનું વર્ણન પ્રાચીન ભારતીય ધર્મ કે દર્શન ગ્રંથોમાં અન્યત્ર જોવા મળતું નથી. પ્રસ્તુત આગમ પ્રત્યેક અધ્યેતા માટે જ્ઞાનવર્ધક, સંયમ ને સમતાની ભાવનાનું પ્રેરકસ્તોત્ર છે.

વિભાગ–અવાંતર વિભાગ : આ સૂત્ર હાથી સમાન બહુ વિશાળ છે. સમવાયાંગ અને નંદીસૂત્ર અનુસાર પ્રસ્તુત આગમના સૌથી અધિક અધ્યયન, દશહજાર ઉદ્દેશક અને દશહજાર સમુદ્દેશક છે. ૩૬૦૦૦ પ્રશ્ન તથા ૨ લાખ ૨૮૦૦૦ પદ સંખ્યા છે. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે દેવર્ધિ ક્ષમાશ્રમણના આધિપત્ય નીચે આગમોને લિપિત કરવાનું મહાભારત જેવું કામ કરવામાં આવ્યું ત્યારે જુદા જુદા આગમોની જે રચના કરવામાં આવી તે અનુસાર વર્તમાન ભગવતી સૂત્ર છે. વર્તમાનમાં તેના ૧૩૮ શતક અને ૧૯૨૫ ઉદ્દેશક મળે છે. પ્રથમ ૩ શતક સ્વતંત્ર છે. ૩૩ થી ૩૯ શતક બાર-બાર શતકોનો સમવાય છે. ચાલીસમો શતક ૪૧મા શતકનો સમવાય છે. ૪૧મો શતક સ્વતંત્ર છે. કુલ ૧૩૮ શતક થાય છે તેમાંથી ૪૧ મુખ્ય અને શેષ અવાન્તર શતક છે.

પ્રસ્તુત આગમમાં અધ્યયનને શત કહેવામાં આવે છે. બન્ને પર્યાયવાચી શબ્દ છે. શતનો અર્થ સો થાય છે જેમાં સો શ્લોક અથવા પ્રશ્ન હોય તેને શતક કહેવાય છે.

રચના શૈલી : પ્રસ્તુત આગમમાં ૩૬૦૦૦ વ્યાકરણોનો ઉલ્લેખ છે, તેથી તેની રચના પ્રશ્નોત્તર શૈલીમાં કરવામાં આવી છે. વર્તમાન આકારમાં પણ તે પ્રશ્નોત્તર શૈલીનું આગમ છે.

પ્રશ્ન અને ઉત્તરની ભાષા સહજ અને સરળ છે. અનેક સ્થાનો પર ગદ્યકાવ્ય જેવી છટા દૃષ્ટિગોચર થાય છે. અધિકતમ પ્રશ્નોત્તર પદ્ધતિમાં પ્રત્યક્ષ શૈલીનો પ્રયોગ છે. પ્રશ્નકર્તા પ્રશ્ન પૂછે છે અને ભગવાન ઉત્તર આપે છે. ક્યાંક ક્યાંક રચનાકારે પરોક્ષ શૈલીનો ઉપયોગ કર્યો છે. ક્યાંક ક્યાંક સ્ફૂટ પ્રશ્ન છે તો ક્યાંક ક્યાંક એક જ પ્રકરણથી સંબંધિત પ્રશ્નોત્તરની શૃંખલા છે.

શતકના પ્રારંભમાં સંગ્રહણી ગાથા હોય છે જેમાં તે શતકના બધા ઉદ્દેશકોની સૂચિ મળી જાય છે. ગદ્યની મધ્યમાં પણ સંગ્રહણી ગાથા પ્રચુર રૂપમાં મળે છે. ઉદાહરણ તરીકે ચોથા શતકનું પાંચમા અને આઠમા અને છઠ્ઠા શતકનું ૧૩૨, ૧૩૪મું સૂત્ર દ્રષ્ટવ્ય છે.

પ્રસ્તુત આગમના બે સંસ્કરણ મળે છે. એક સંક્ષિપ્ત સંસ્કરણ અને બીજું વિસ્તૃત સંસ્કરણ. વિસ્તૃત સંસ્કરણ સવાલાખ શ્લોક પ્રમાણે છે તેથી તેને સવાલક્ખી ભગવતી કહેવાય છે. બન્ને સંસ્કરણોમાં કોઈ ભૌતિક ભેદ નથી.

ભગવતી સૂત્રના વ્યાખ્યા ગ્રંથ :

નિર્યુક્તિ : પ્રસ્તુત આગમની નિર્યુક્ત વર્તમાનમાં ઉપલબ્ધ નથી. આગમ ગ્રંથોમાં નિર્યુક્તિ સ્વતંત્ર વ્યાખ્યાનગ્રંથ રૂપે હોવાનો ઉલ્લેખ છે પણ હાલ તે પ્રાપ્ત નથી. પ્રસ્તુત આગમનાં કેટલાક નિરુક્ત મળે છે. જેને નિર્યુક્તિ કહી શકાય.

ચૂર્ણિ : ચૂર્ણિ પણ મુદ્રિત નથી. હસ્તલિખિત મળે છે. તેની પ્રત સંખ્યા ૮૦ છે. ને ગ્રંથપ્રમાણ ૩૫૬૦ શ્લોક પ્રમાણ છે. તેના પ્રારંભમાં મંગલાચરણ નથી અને અંતમાં પ્રશસ્તિ નથી. રચનાકાર અને રચનાકાળનો કોઈ ઉલ્લેખ નથી. વિદ્વાનો અનુસાર ભગવતી ચૂર્ણિના રચનાકાર જીનદાસ મહત્તર છે.

વૃત્તિ : પ્રસ્તુત આગમ પર નવઅંગી ટીકાકાર અભયદેવસૂરિની વૃત્તિ ઉપલબ્ધ છે. વિક્રમ સંવત ૧૧૨૮ અણહિલપુર પાટણ નગરમાં આ વૃત્તિનું નિર્માણ થયું. તેનું ગ્રંથમાન અનુષ્ટપ શ્લોકના અનુપાત્ર પ્રમાણે ૧૮૬૭૯ છે. વૃત્તિનો પ્રારંભ મંગલાચરણથી કર્યો છે. આ વૃત્તિ અત્યંત વિશદ, સ્પષ્ટ તથા વિષયસ્પર્શિની હોવાથી સર્વગ્રાહ્ય છે.

વૃત્તિની પરિસમાપ્તિ પર પ્રશસ્તિના ૧૬ શ્લોક છે. તેમાં પરંપરાનો પરિચય, ગુરુ પ્રતિ કૃતજ્ઞતા, સહાયકો પ્રતિ આભાર, રચનાપૂર્તિનો કાળ તથા ગ્રંથમાનનો ઉલ્લેખ છે.

વર્તમાનમાં પંડિતરાજ બેચરદાસ દોશીએ આ સૂત્ર પર ટીકા લખી છે.

પ્રસિદ્ધ વ્યાખ્યાનકાર આચાર્ય લબ્ધિસૂરિ મહારાજે પણ આ સૂત્ર

પર વ્યાખ્યાન સંગ્રહો તૈયાર કર્યા છે.

પંડિત ભગવાનદાસ હરખચંદ દોશી પણ ભગવતી સૂત્રના અનુવાદક અને સંશોધક છે.

ભગવતી સૂત્રના વચનામૃતના નમૂના

આ પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના અર્થોનું જ્ઞાનામૃતપાન, આત્માની સ્વાભાવિક એવી જે અજરામર અવસ્થા, તેને પ્રાપ્ત કરાવનાર છે. મુક્તિગામી આત્માઓ જ આનું શ્રવણ ભાવપૂર્વક કરી શકે છે.

મહા વિરાગી અને મહા ત્યાગી એવા પરમ ઉપકારી આચાર્ય ભગવાન શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા સઘળાય ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પ્રયત્નપૂર્વક સ્તવના કરતાં, એ તારકોને શુદ્ધ ભાવથી ઉલ્લાસપૂર્વક નમસ્કાર કરતાં, એ તારકોને માટે પંદર વિશેષણોનો ઉપયોગ કરે છે; અને એમ ભગવાનના ગુણોની સ્તવના કરવાની સાથે, આપણને પણ એ તારકોની ઓળખ કરાવે છે.

એક સ્થળે ભગવાનને તેમના મુખ્ય શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમે પૂછ્યું કે, ગુણવંત શ્રમણ વા બ્રાહ્મણની સેવાથી શું લાભ થાય છે? ભગવાને જણાવ્યું કે હે ગૌતમ! તેમની સેવા કરવાથી આર્ય પુરુષોએ કહેલાં વચનો સાંભળવાનો લાભ થાય છે અને તેથી તેને સાંભળનારને પોતાની સ્થિતિનું ભાન થાય છે, ભાન થવાથી વિવેક પ્રાપ્ત થાય છે, વિવેકી થવાથી સ્વાર્થીપણું ઓછું થઈ ત્યાગભાવના કેળવાય છે અને તે દ્વારા સંયમ ખીલે છે અને સંયમની ખીલવણીથી દિવસે દિવસે શુદ્ધ તથા તપશ્ચર્યાપરાયણ થાય છે,તપશ્ચર્યાથી મોહમળ દૂર થાય છે અને મોહમળ દૂર થવાથી અજન્મા દશાને પામે છે.

એક સ્થળે મંડિતપુત્રના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે કે, અનાત્મભાવમાં વર્તતો આત્મા હંમેશાં કંપ્યા કરે છે, ફફડ્યા કરે છે, ક્ષોભ પામ્યા કરે છે અને તેમ કરતો તે હિંસા વગેરે અનેક જાતના આરંભમાં પડે છે. તેના તે આરંભો જીવ માત્રને ત્રાસ ઉપજાવનારા થાય છે. માટે હે મંડિતપુત્ર! આત્માએ આત્મભાવમાં સ્થિર રહેવું જોઈએ અને અનાત્મભાવ તરફ કદી પણ ન જવું જોઈએ.

આ જ પ્રમાણે આઠમા શતકના દશમા ઉદ્દેશકમાં ભગવાન કહે છે કે કોઈ મનુષ્ય, માત્ર શ્રુતસંપન્ન હોય પણ શીલસંપન્ન ન હોય તે દેશથી અંશથી વિરાધક છે. જે માત્ર શીલસંપન્ન હોય પણ શ્રુતસંપન્ન ન હોય તે દેશથી આરાધક છે, જે શ્રુત અને શીલ બંનેથી સંપન્ન હોય તે સર્વથી આરાધક છે અને જે બંને વિનાનો છે તે સર્વથા વિરાધક છે.

આ કથનમાં પ્રજ્ઞા અને આચાર બંને જીવનશુદ્ધિમાં એક સરખાં ઉપયોગી છે એમ ભગવાન બતાવે છે. પ્રજ્ઞા વિનાનો આચાર બંધનરૂપ થાય છે અને આચાર વિનાની પ્રજ્ઞા ઉચ્છૃંખલતા પોષે છે. આ જ કારણથી બુદ્ધ ભગવાને પણ બુદ્ધપદ પામતાં પહેલાં પ્રજ્ઞાપારમિતા, સત્યપારમિતા અને શીલપારમિતા કેળવી હતી.

કહેવાનું એ છે કે ભગવાન મહાવીર અને બુદ્ધ એ બંનેએ પોતાનાં પ્રવચનોમાં જ્ઞાન અને ક્રિયાને એકસરખું સ્થાન આપેલું છે.

ભગવાન, ગૌતમને કહે છે કે હે ગૌતમ! હાથી અને કુંથવો એ બંનેનો આત્મા એક સરખો છે. એમના એ કથનમાં નાના મોટા દરેક પ્રાણીઓ પ્રત્યે સરખો ભાવ રાખવાનો આપણને સંદેશો મળે છે.

ભગવાન મહાવીરે ધ્યેયરૂપ જીવનશુદ્ધિને ધ્યાનમાં રાખીને જ આ સૂત્રમાં સૃષ્ટિવિજ્ઞાનની ચર્ચાઓ અનેક રીતે કરેલી છે. એ બધી ચર્ચાઓ પણ પરંપરાએ જીવનશુદ્ધિની પોષક છે એમાં શક નથી, જો સમજનાર ભગવાનના મર્મને સમજી શકે તો.

એક સ્થળે પોતાના શિષ્ય રોહક અણગારને સમજાવતાં ભગવાન કહે છે કે જેમ કૂકડી અને ઈંડું એ બે વચ્ચે ક્યું કાર્ય અને ક્યું કારણ એવો ક્રમવાળો વિભાગ થઈ શકતો નથી પણ બન્નેને શાશ્વત માનવા પડે છે, તેમ લોક, અલોક, જીવ, અજીવ વગેરે ભાવોને પણ શાશ્વત માનવાના છે. એ બે વચ્ચે કશો કાર્યકારણનો ક્રમ નથી.

ભાષા-શબ્દ સ્વરુપની ચર્ચા કરતાં શબ્દોની ઉત્પત્તિ, શબ્દોનો આકાર, બોલાયેલ શબ્દ જ્યાં પર્યવસાન પામે છે તે અને શબ્દના પરમાણુઓ વગેરે વિષે વિસ્તારથી જણાવેલું છે. પન્નવણાસૂત્રમાં ભાષાના સ્વરુપને લગતું ભાષાપદ નામનું એક ૧૧મું પ્રકરણ જ છે.

વનસ્પતિ વિષે વિચાર કરતાં એક જગ્યાએ તે સૌથી ઓછો આહાર ક્યારે લે છે અને સૌથી વધારે આહાર ક્યારે લે છે? એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને જણાવેલું છે કે પ્રાવૃટ્ઋતુમાં એટલે શ્રાવણ અને ભાદરવા મહિનામાં, અને વર્ષાઋતુમાં એટલે આસો અને કારતક માસમાં વનસ્પતિ સૌથી વધારેમાં વધારે આહાર લે છે. અને પછી શરદ, હેમંત અને વસંતઋતુમાં ઓછો ઓછો આહાર લે છે. પણ સૌથી ઓછો આહાર ગ્રીષ્મઋતુમાં લે છે.

છઠ્ઠા શતકના સાતમા ઉદ્દેશકમાં ભગવાનને ગૌતમ પૂછે છે કે હે ભગવાન! કોઠામાં અને ભરેલાં અને ઉપરથી છાણથી લીપેલાં, માટી વગેરેથી ચાંદેલા એવા શાલ, ચોખા, ઘઉં તથા જવની ઉગવાની શક્તિ ક્યાં સુધી ટકી રહે? ઉત્તર આપતાં ભગવાન કહે છે કે હે ગૌતમ! ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે ત્રણ વર્ષ સુધી એ બધાં અનાજની ઉગવાની શક્તિ કાયમ રહી શકે છે.

એક સ્થળે પદાર્થોના પરસ્પરના બંધ વિષે કહેતાં ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું કે બંધ બે પ્રકારના છે. જે બંધ જીવના પ્રયત્નથી થતો દેખાય છે તે પ્રયોગબંધ કહેવાય છે. જે બંધ જીવના પ્રયત્ન વગર એમને એમ થતો દેખાય તે વીસસાબંધ કહેવાય છે.

અનેકાંતદૃષ્ટિ

ભગવાને જ્યાં જ્યાં આચાર કે તત્ત્વનું પ્રતિપાદન કરેલું છે ત્યાં તેની બધી અપેક્ષાઓ સાથે વિચાર કરેલો છે એટલે કે કોઈ એક પદાર્થ તેના મૂળ દ્રવ્યની દૃષ્ટિએ અમુક જાતનો હોય છે, તેના પરિણામની દૃષ્ટિએ કોઈ જુદી જાતનો હોય છે. તે જ પ્રમાણે ક્ષેત્ર,

કાળ, ભાવ વગેરે બાજુઓ લક્ષમાં રાખીને પણ વિચાર કરવામાં આવેલો છે.

સ્કંદકના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને તેને કહ્યું છે કે, લોક સાંત પણ છે, લોક અનંત પણ છે. કાળ અને ભાવથી લોક અનંત છે અને દ્રવ્ય અને ક્ષેત્રથી લોક સાંત છે. જીવ પણ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત છે અને ભાવ અને કાળથી અનંત છે.

પરમાણુને લગતો વિચાર કરતાં દ્રવ્ય દૃષ્ટિનો અને પ્રદેશ દૃષ્ટિનો ઉપયોગ કરેલો છે.

આચારની બાબતમાં સમન્વયની દૃષ્ટિ કેશી અને ગૌતમના સંવાદમાં સુપ્રસિદ્ધ છે.

ઉપસંહાર

સંક્ષિપ્તમાં આ ભગવતી સૂત્ર વિષે એટલું લખવાનું મન થાય છે કે આ સૂત્રમાં ચર્ચેલી જીવનશુદ્ધિ, વિશ્વવિચાર, રુઢિચ્છેદ વગેરે મીમાંસા વિષે જે કહેવામાં આવ્યું છે તે આજથી અઢીહજાર વર્ષ પહેલાના સત્યના અને જીવનશુદ્ધિના ઉપાસકોની અગાધ બુદ્ધિ અને શુદ્ધિનું ઊંડાણ બતાવવાને પૂરતું છે. ✷ ✷ ✷

સંદર્ભ : (૧) ઓરીજીનલ શ્રીમદ્ ભગવતી સૂત્ર : પં. ભગવાનદાસ દોશી (૨) વ્યાખ્યાનો : લબ્ધિસૂરિજી. (૩) વ્યાખ્યાનો : ધર્મસૂરિજી

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૫૯૦/ ૨૬૬૧૨૮૬૦.

આચારાંગ સૂત્ર

□ ડૉ. પૂર્ણિમા એસ. મહેતા

ડૉ. પૂર્ણિમાબહેન એસ. મહેતા ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ-ની આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્રના અધ્યક્ષા છે. જૈન ધર્મ ઉપરના પુસ્તકોના કર્તા છે તેમજ પીએચ.ડી.ના વિદ્યાર્થી માટે માર્ગદર્શક છે.

પ્રસ્તાવના

આચાર એટલે આચરણ...વ્યવહાર. સમગ્ર વ્યવહાર જીવનનો પાયો આચરણ છે. ભારતીય ધર્મ અને દર્શન-ચિંતનમાં આચાર ઉપર ઊંડું ચિંતન કરવામાં આવ્યું છે. મનુસ્મૃતિ ગ્રંથમાં આચાર પ્રથમો ધર્મ: કહીને તમામ ધર્મોમાં પણ આચારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. કારણ કે સમાજ, જીવન અને રાષ્ટ્રના નિર્માણમાં આચરણનો ફાળો અતિ મહત્ત્વપૂર્ણ છે.

અન્ય ધર્મો અને પરંપરાઓ કે દર્શન-તત્ત્વજ્ઞાનની જેમ જૈન પરંપરાએ પણ આચારને ચિંતનનું કેન્દ્ર બનાવ્યું છે. સમગ્ર જૈન ચિંતનના સંગ્રહરુપ જે દ્વાદશાંગી છે ગણિપિટક છે, આગમ શાસ્ત્રો છે એમાં સર્વપ્રથમ સ્થાન આચારને છે.

સમસ્ત આગમોના વિષયોને અછડતી નજરે જોઈએ તો પણ આચરણ એજ પ્રધાન વિષય અને પ્રસ્તુતિ તરીકે તરી આવે છે.

જૈન પરંપરામાં શાસ્ત્રોને આગમ શબ્દની સંજ્ઞા આપવામાં આવી છે.[૧]

આંગ ઉપસર્ગ સાથે ભ્વાદિગણીય ગમ્લૃ-ગતૌ ધાતુથી અચ પ્રત્યય કરવાથી **આગમ** શબ્દની ઉત્પત્તિ થાય છે.[૨] જૈન પરંપરામાં આગમની વ્યાખ્યા અનેક રીતે કરવામાં આવી છે.

આપ્તપુરુષ પોતે જ આગમસ્વરૂપ છે.[૩]

જેનાથી અર્થનો અવબોધ થાય, જ્ઞાન થાય એ આગમ છે.[૪] આપ્તજ્ઞાની પુરુષોના વચન એ આગમ છે.

આપ્ત પુરુષોની વાણી દ્વારા જે જ્ઞાન ઉત્પન્ન થાય છે એ આગમ છે.[૫]

આપ્ત પુરુષોની વ્યાખ્યા કરતા સ્યાદ્વાદમંજરી નામના ગ્રંથમાં આચાર્ય મલ્લિષેણ કહે છે કે જેમના રાગ-દ્વેષ અને મોહનો એકાંતે અને સર્વથા ક્ષય થયો હોય તે આપ્ત છે. [૬]

આવા આપ્તજનોની વાણી એજ આગમ છે.[૭]

જોકે આપ્તજનોની શ્રેણિમાં તીર્થંકર, ગણધર, ચતુર્દશપૂર્વધર અને પ્રત્યેક બુદ્ધનો સમાવેશ કરવામાં આવ્યો છે. [૮]

આગમ એજ શ્રુત છે, સમયક્જ્ઞાન છે. આચાર્ય ઉમાસ્વાતિએ પણ આગમ શબ્દને શ્રુતના પર્યાયવાચી તરીકે સ્વીકાર્યો છે.[૧૦]

જૈન પરંપરામાં આગમોની સંખ્યા અંગે વિવિધ માન્યતાઓ પ્રવર્તિ રહી છે. સામાન્યતયા જૈન આગમ ૪૬ ગ્રંથોમાં પ્રસરેલું હતું, જે અંગ અને ઉપાંગ સાહિત્ય તરીકે પ્રસિદ્ધ છે.[૧૧]

બીજા અર્થમાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય રૂપે સુપ્રતિષ્ઠિત છે. વર્તમાનમાં ૪૫ આગમો પ્રચલિત છે.[૧૨]

૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણક, ૬ છેદસૂત્ર અને ૬ મૂળ સૂત્ર, આમાં ૧૨ અંગોમાંનો ૧૨મો દૃષ્ટિવાદ નામનો અંગ લુપ્ત છે, નષ્ટ છે માટે ૧૧ અંગોની ગણના પ્રસિદ્ધ થઈ છે. ૧૧ અંગોના નામ આ પ્રમાણે છે.

૧. આચારાંગ, ૨. સૂયગડાંગ, ૩. ઠાણાંગ, ૪. સમવાયાંગ, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, ૬. જ્ઞાતાધર્મકથા, ૭. ઉપાસક દશા, ૮. અંતકૃત દશા, ૯. અનુત્તરોપપાતિક દશા, ૧૦. પ્રશ્નવ્યાકરણ, ૧૧. વિપાક સૂત્ર

એક રસપ્રદ વાત એ છે કે આ બાર અંગો જેને દ્વાદશાંગીના નામે જાણવામાં આવે છે એના આધારે શ્રુતપુરુષ-આગમ પુરુષની કલ્પના પણ કરવામાં આવી છે.[૧૩] શ્રુતપુરુષના ૧૨ અંગો આ પ્રમાણે છે.

૧ મસ્તક (માથું), ૧ ગ્રીવા (ગરદન), ૨ બાહુ, ૧ પેટ, ૨ સાથળ, ૨ જાંઘ, ૧ પીઠ અને ૨ પગ.

સામાન્ય રીતે બાર અંગોમાં પ્રથમ અંગ તરીકે આચારાંગને સ્થાન અપાયું છે. છતાંયે એકથી વધારે ઠેકાણે એ અંગે જુદો મત પણ દર્શાવ્યો છે.[૧૫]

આચાર્ય મલયગિરિની નંદવૃત્તિ અને સ્થાનાંગ સમવાયાંગની વૃત્તિમાં આચારાંગને સ્થાપનાની દૃષ્ટિથી પ્રથમ તથા રચનાની દૃષ્ટિથી બારમું અંગ માને છે.[૧૬]

જ્યારે એજ ગ્રંથોમાં સંરચના અને સ્થાપના બંને દૃષ્ટિએ આચારાંગને પ્રથમ અંગની માન્યતા પણ આપવામાં આવી છે.[૧૭]

નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુસ્વામી, ચૂર્ણિકાર જિનદાસગણિ અને ટીકાકાર આચાર્ય શીલાંકના મત મુજબ ૧૨ અંગોમાં આચારાંગનો ઉપદેશ અને ગ્રંથરચના સહુપ્રથમ છે.[૧૮]

એક અત્યંત મહત્ત્વપૂર્ણ વાત તરીકે આચારાંગ સાહિત્યના ચૂર્ણિકારો અને વૃત્તિકારોના મતે તીર્થંકરો સર્વપ્રથમ આચારનો જ ઉપદેશ આપે છે અને ત્યારબાદ ક્રમિક રીતે અન્ય અંગોનું પ્રતિપાદન કરે છે.[૧૯]

શ્રુતકેવળી ભગવાન ભદ્રબાહુસ્વામી આચારાંગને દ્વાદશાંગીનો સાર કહીને મોક્ષના અવ્યાબાધ સુખની પ્રાપ્તિનું મૂળ કારણ તરીકે દર્શાવે છે.[૨૦]

આચારાંગના અધ્યયનથી જ શ્રમણધર્મનું સ્વરૂપ યથાર્થરૂપે જાણી શકાય છે. આચારાંગને ભગવાન તરીકે પણ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું છે.

નિશીથસૂત્રકારે આચારાંગના મહત્ત્વનું આકલન કરતાં કહ્યું છે કે આચારાંગના અધ્યયન કર્યા બાદ જ મુનિ અન્ય શાસ્ત્રોનું અધ્યયન કરવા માટે યોગ્ય બને છે. જો એ આચારાંગના અધ્યયન વગર અન્ય આગમોનું અવગાહન કરે છે, તો એ ચાતુર્માસિક પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે.

વ્યવહાર સૂત્રમાં આચારાંગના અધ્યયનનું જે ભારપૂર્વક મહત્ત્વ બતાવાયું છે એ જોતાં આ આગમ સ્વયંમાં અત્યંત આદરણીય બની જાય છે. ત્યાં કહેવાયું છે કે તરુણ-યુવા કે વૃદ્ધ તમામ ભિક્ષુઓ-મુનિઓ માટે આનો સ્વાધ્યાય અનિવાર્ય છે. રોગી અને બિમાર કે અશક્ત મુનિએ સૂતા સૂતા પણ આનો (આચારાંગનો) સ્વાધ્યાય કરવાનો છે.[૨૩]

પરિસ્થિતિ કે સ્થિતિ ગમે તે હોય આચાર એજ અધ્યયન-ચિંતન-મનન અને અનુપ્રેક્ષાનો વિષય બને છે. કારણ કે આચરણથી જ જીવનનું નિર્માણ થાય છે, જીવનને સાચી દિશા સાંપડે છે, મર્યાદાપૂર્વકનું આચરણ એજ આચાર છે.

આચારાંગના કર્તા

આચારાંગના કર્તૃત્વ સંબંધમાં તેનું ઉપદ્‌ઘાતાત્મક પ્રથમ વાક્ય કંઈક પ્રકાશ પાડે છે. એ વાક્ય આ પ્રમાણે છેઃ सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं-હે ચિરંજીવ ! મેં સાંભળ્યું છે કે તે ભગવાને આમ કહ્યું છે. આ વાક્યરચના ઉપરથી એ સ્પષ્ટ છે કે કોઈ ત્રીજો પુરુષ કહી રહ્યો છે કે મેં આવું સાંભળ્યું છે કે ભગવાને આમ કહ્યું છે. આનો અર્થ એ છે કે મૂળ વક્તા ભગવાન છે. જેણે સાંભળ્યું છે તે ભગવાનનો સાક્ષાત શ્રોતા છે. અને તે જ શ્રોતા પાસેથી સાંભળીને અત્યારે જે સંભળાવી રહ્યો છે તે શ્રોતાનો શ્રોતા છે. આ પરંપરા એવી જ છે કે જેમ કોઈ એક મહાશય પ્રવચન કરતા હોય, બીજા મહાશય તે પ્રવચનને સાંભળતા હોય અને સાંભળીને તે ત્રીજા મહાશયને સંભળાવતા હોય. આમાંથી એવો ધ્વનિ નીકળે છે કે ભગવાનના મુખેથી નીકળેલા શબ્દો તો જેમ જેમ બોલાતા ગયા તેમ તેમ વિલીન થતા ગયા. ત્યારબાદ ભગવાને કહેલી વાત જણાવવાનો પ્રસંગ આવતાં સાંભળનાર મહાશય એમ કહે છે કે મેં ભગવાન પાસેથી આમ સાંભળ્યું છે. આનો અર્થ એ થયો કે લોકોની પાસે ભગવાનના પોતાના શબ્દો નથી આવતા પરંતુ કોઈ સાંભળનારાના શબ્દો આવે છે. શબ્દોનો એવો સ્વભાવ હોય છે કે તે જે રૂપે બહાર આવે છે તે જ રૂપે ક્યારેય ટકી શકતા નથી. જો તેમને તે જ રૂપમાં સુરક્ષિત રાખવાની કોઈ વિશેષ વ્યવસ્થા હોય તો જરૂર તેવું થઈ શકે છે. વર્તમાન યુગમાં આ પ્રકારના વૈજ્ઞાનિક સાધનો ઉપલબ્ધ છે. એવા સાધનો ભગવાન મહાવીરના સમયમાં વિદ્યમાન ન હતાં. આથી આપણી સામે જે શબ્દો છે તે સાક્ષાત્ ભગવાનના નહિ પરંતુ તેમના છે કે જેમણે ભગવાન પાસેથી સાંભળ્યાં છે. ભગવાનના પોતાના શબ્દો અને શ્રોતાના શબ્દોમાં શબ્દના સ્વરૂપની દૃષ્ટિએ વાસ્તવિક રીતે ઘણું અંતર છે. છતાં પણ આ શબ્દો ભગવાનના જ છે, એ પ્રકારની છાપ મનમાંથી ક્યારેય ખસી શકતી નથી. તેનું કારણ એ છે કે શબ્દયોજના ભલેને શ્રોતાની હોય, આશય તો ભગવાનનો જ છે.

આચારાંગનો સમય

આધુનિક વિદેશી વિદ્વાનોએ એ વાત માની છે કે ભલે દેવર્ધિએ પુસ્તક-લેખન કરીને આગમોનું સુરક્ષાકાર્ય આગળ વધાર્યું પરંતુ તેઓ, જેવું કેટલાક જૈન આચાર્યો પણ માને છે, તેમના કર્તા નથી. આગમો તો પ્રાચીન જ છે. તેઓએ તેમને અત્રતત્ર વ્યવસ્થિત કર્યાં.[૧] આગમોમાં કેટલોક અંશ પ્રક્ષિપ્ત હોઈ શકે છે પરંતુ તે પ્રક્ષેપના કારણે સમગ્ર આગમસાહિત્યનો સમય દેવર્ધિનો સમય થઈ જતો નથી. તેમાં કેટલાય અંશો એવા છે જે મૌલિક છે. આથી સમગ્ર આગમસાહિત્યનો રચનાસમય એક નથી. તે તે આગમનું પરીક્ષણ કરીને કાળનિર્ણય કરવો જરૂરી છે. સામાન્ય રીતે વિદ્વાનોએ અંગ-આગમોનો કાળ, પ્રક્ષેપો છોડીને, પાટલિપુત્રની વાચનાના કાળને માન્યો છે. પાટલિપુત્રની વાચના ભગવાન મહાવીર પછી છઠ્ઠા આચાર્ય ભદ્રબાહુના સમયમાં થઈ અને તેમનો કાળ છે ઈ. સ. પૂ. ૪થી શતાબ્દીનો બીજો દશક.[૧] ડૉ. જેકોબીએ છંદ વગેરેની દૃષ્ટિએ અધ્યયન કરીને એવો નિર્ણય કર્યો હતો કે કોઈ પણ હાલતમાં

આગમોનો પ્રાચીન અંશ ઈ. સ. પૂ. ૪થી શતાબ્દીના અંતથી માંડીને ઈ. સ. પૂ. ૩જી શતાબ્દીના પ્રારંભથી પ્રાચીન ઠરતો નથી.[૨] આમ બધી રીતે આપણે એટલું તો માની જ શકીએ કે આગમોનો પ્રાચીન અંશ ઈ. પૂર્વનો છે. તેમને દેવર્ધિના કાળ સુધી લાવી શકાશે નહિ.

આચારાંગની ભાષા

ભાષાની દૃષ્ટિએ તપાસતાં સમસ્ત જૈન આગમમાં શ્રીઆચારાંગની ભાષા પ્રાચીનતમ છે. પૂર્વાર્ધમાં આર્ષમાગધી (એટલે અર્ધમાગધી)નાં નામ, ક્રિયાપદ, સર્વ નામના જૂનાં રૂપો ઉત્તરાર્ધ કરતાં વધારે પ્રમાણમાં મળી આવે છે. વર્તમાન ત્રી. પુ. એ. વ. પરસ્મૈ-ત્તિ પૂર્વાર્ધમાં તિ જ રહે છે. (ઉદા. અ. ૨, ઉ. ૧. પમુચ્યતિ) જ્યારે ઉત્તરાર્ધમાં તે ઈ તરીકે વારંવાર દેખાય છે. (ઉદા પરિત્રડઈ વગેરે વાક્યરચનામાં પણ પૂર્વાર્ધના વાક્યો સાદાં અને ટૂંકા છે. ઉતરાર્ધનાં મિશ્ર, સાલંકાર અને લાંબાં છે.[૪] આ રીતે પૂર્વાર્ધ તથા ઉતરાર્ધને વસ્તુ, શૈલી અને ભાષાની દૃષ્ટિએ તપાસતાં પૂર્વાર્ધ ઘણું જ જૂનું અને ઉત્તરાર્ધ તેની અપેક્ષાએ આધુનિક ઠરે છે. પૂર્વાર્ધ તત્ત્વજ્ઞાનનો ગ્રંથ છે, ઉત્તરાર્ધ ધાર્મિક યમોનિયમબોધક ગ્રંથ છે.

શૈલીની દૃષ્ટિએ પ્રથમ અંગ આચારાંગમાં ગદ્યાત્મક અને પદ્યાત્મક બંને પ્રકારની શૈલી છે. દ્વિતીય અંગમાં પણ આ જ પ્રકારની શૈલી છે. ત્રીજાથી માંડી અગિયારમા અંગ સુધી ગદ્યાત્મક શૈલીનો જ આધાર લેવામાં આવ્યો છે. તે બધામાં ક્યાંય એક પણ પદ્ય નથી એવું તો કહી ન શકાય, પરંતુ મુખ્યપણે તે બધાં ગદ્યમાં જ છે. તેમાં પણ જ્ઞાતાધર્મકથા વગેરેમાં તો વસુદેવહિંડી અથવા કાદંબરીની સમકક્ષ કહી શકાય તેવી ગદ્ય શૈલીનો ઉપયોગ થયો છે. આ શૈલી તેમના રચનાકાળ પર પ્રકાશ નાંખવા માટે પણ સમર્થ છે. આપણા સાહિત્યમાં પદ્ય શૈલી અતિ પ્રાચીન છે તથા કાવ્યાત્મક ગદ્ય શૈલી તેની અપેક્ષાએ અર્વાચીન છે. ગદ્ય યાદ રાખવું ઘણું મુશ્કેલ હોય છે એટલા માટે ગદ્યાત્મક ગ્રંથોનો અહીંતહીં સંગ્રહગાથાઓ આપવામાં આવે છે કે જેનાથી વિષય યાદ રાખવામાં સહાય મળે છે. જૈન ગ્રંથોને પણ આ જ વાત લાગુ પડે છે.

એ બતાવવું આવશ્યક છે કે આચારાંગસૂત્રમાં પદ્ય સંખ્યા અલ્પ નથી. પરંતુ અતિ પ્રાચીન સમયથી ચાલી આવતી આપણા પૂર્વજોની એ વિષયની અનભિજ્ઞતાને કારણે વર્તમાન સમયમાં આચારાંગનું અનેકવાર પ્રકાશન થવા છતાં પણ તેમાં ગદ્ય-પદ્ય વિભાગનું પૂર્ણપણે પૃથ્થકરણ કરી શકાયું નથી. એમ લાગે છે કે વૃત્તિકાર શીલાંકને પણ આ વિષયમાં પૂરી જાણકારી ન હતી. તેમનાથી પહેલાં વિદ્યમાન ચૂર્ણિકારોના વિષયમાં પણ આ વાત કહી શકાય છે. વર્તમાન મહાન સંશોધક શ્રી શુબ્રિંગે અતિ પરિશ્રમપૂર્વક આચારાંગના સમસ્ત પદ્યોનું પૃથક્કરણ કરી આપણા પર મહાન ઉપકાર કર્યો છે. ખેદ એ વાતનો છે કે આ પ્રકારનું સંસ્કરણ આપણી સમક્ષ હોવા છતાં આપણે નવીન પ્રકાશન વગરેમાં તેનો પૂરો ઉપયોગ કરી શક્યા નથી. આચારાંગના પદ્યો ત્રિષ્ટુભ, જગતી વગેરે વૈદિક પદ્યો સાથે મળતાં આવે છે.

ભાષાની દૃષ્ટિએ જોતાં આગમોની ભાષા સાધારણપણે અર્ધમાગધી કહેવાય છે. વૈયાકરણો તેને આર્ષ પ્રાકૃત કહે છે. જૈન પરંપરામાં શબ્દ અર્થાત્ ભાષાનું વિશેષ મહત્ત્વ નથી, જે કાંઈ મહત્ત્વ છે તે અર્થ અર્થાત્ ભાવનું છે. એટલા માટે જૈન શાસ્ત્રોમાં ક્યારેય ભાષા પર જોર દેવામાં આવ્યું નથી. જૈન શાસ્ત્રોમાં સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે ચિત્રવિચિત્ર ભાષાઓ મનુષ્યની ચિત્તશુદ્ધિ કે આત્મવિકાસનું નિર્માણ કરતી નથી. જીવનની શુદ્ધિનું નિર્માણ તો સદ્ વિચારો દ્વારા જ થાય છે. ભાષા તો વિચારોનું વાહન એટલે કે માધ્યમ છે. આથી માધ્યમ હોવા સિવાય ભાષાનું કોઈ મૂલ્ય નથી. પરંપરાથી ચાલતું આવેલું સાહિત્ય ભાષાની દૃષ્ટિએ પરિવર્તિત થતું આવ્યું છે. આથી તેમાં પ્રાકૃત ભાષાનું એક સ્વરૂપ સ્થિર રહ્યું છે એમ કહી શકાય નહિ. એટલા માટે હેમચંદ્રે જૈન આગમોની ભાષાને આર્ષ પ્રાકૃત નામ આપ્યું છે.

આચારાંગ ગ્રંથ કર્તાનો વિગતે પરિચય

આચારાંગની વાચનાઓ

નંદિસૂત્ર અને સમવાયાંગમાં લખ્યું છે કે આચારાંગની અનેક વાચનાઓ છે. વર્તમાન સમયમાં આ બધી વાચનાઓ ઉપલબ્ધ નથી, પરંતુ શીલાંકની વૃત્તિમાં સ્વીકૃત પાઠરૂપે એક વાચના અને તેમાં નાગાર્જુનીય નામે ઉલ્લિખિત બીજી વાચના–એમ બે પ્રકારની વાચનાઓ મળે છે. નાગાર્જુનીય વાચનાના પાઠભેદો વર્તમાન પાઠો કરતાં અત્યંત વિલક્ષણ છે.

આચારાંગસૂત્રનો વિષય અને વિષય નિરુપણ

પ્રથમ આગમ આચારાંગ એક દીર્ઘકાળ મહાગ્રંથ છે જેમાં ૨ શ્રુતસ્કંધ, ૨૫ અધ્યયન, ૮૫ ઉદેશનકાળ, ૮૫ સમુદ્દેશન પદોથી યુક્ત છે, તથા સંખ્યાતા અનંત ગમો અને અનંત પર્યાયોથી પરિવૃત છે.[૨૪] નંદીસૂત્ર તથા સમવાયાંગના સૂત્ર ૮૯માં આ અંગે વિશદ વિવરણ કરવામાં આવ્યું છે. જોકે સમવાયનું વિવરણ વધારે છે.[૨૫]

આચારાંગ સૂત્રમાં બે શ્રુતસ્કંધ

પહેલા શ્રુતસ્કંધમાં અભ્યંતર શુદ્ધિ કેમ કરાય તેના નવ અધ્યયન છે. તેથી તેને નવ બ્રહ્મચર્ય અધ્યયન પણ કહેવામાં આવે છે. બીજા શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયન છે. ઉપરોક્ત ૨૫ અધ્યયનના ૮૫ ઉદ્દેશો કહ્યા છે.

પ્રથમ શ્રુતસ્કંધ

અધ્યયનનું નામ	સંક્ષિપ્ત વિષય
૧ શસ્ત્ર પરિજ્ઞા	ષડ્જીવનિકાયની યતના
૨ લોકવિજય	સંસારસંબંધી મમતાનો ત્યાગ
૩ શીતોષ્ણીય	ઠંડી-ગરમી (અનુકુળ-પ્રતિકુળ), વગેરે પરિષહો પર વિજય

૪ સમ્યકત્વ	તીર્થંકરના વચનમાં અચળ દૃઢ શ્રદ્ધા
૫ લોકસાર	સંસારથી ઉદ્‌વેગ-વૈરાગ્યભાવ, કર્મોને ક્ષીણ કરવાનો ઉપાય
૬ ધૂતાખ્યં	કર્મોને ક્ષીણ કરવાનો ઉપાય
૭ મહાપરિજ્ઞા (વિચ્છેદ)	વૈયાવૃત્ય (સેવા)નો પ્રયત્ન
૮ વિમોક્ષ	તપની વિધિ
૯ ઉપધાન શ્રુત	સ્ત્રી સંગનો ત્યાગ (જ્ઞાન ભણતા) તપ
	બીજો શ્રુતસ્કંધ
૧૦ પિંડેષણા	વિધિપૂર્વક ભીક્ષાગ્રહણ
૧૧ શય્યા	સ્ત્રી, પશુ, વગેરે રહિત ઉપાશ્રયાદિ સ્થાનનું સેવન
૧૨ ઈર્યાખ્યા	ગતિ શુદ્ધિ એટલે આવવા જવાની શુદ્ધિ
૧૩ ભાષાસમિતિ	ભાષા શુદ્ધિ
૧૪ વસ્ત્રૈષણા	વસ્ત્રની એષણા–વસ્ત્ર લેવાની વિધિ
૧૫ પાત્રૈષણા	પાત્રની એષણા–પાત્ર
૧૬ અવગ્રહ	અવગ્રહ શુદ્ધિ–આજ્ઞા
૧૭ ચેષ્ટિકા	સ્થાન શુદ્ધિ-ઊભા રહેવાનો વિધિ
૧૮ નિસીહો	નિષધા શુદ્ધિ-બેસવાની
૧૯ ઉચ્ચાર પાસવણ	વ્યુત્સર્ગ શુદ્ધિ–લઘુ નેવડીનીતની
૨૦ શબ્દ	શબ્દાસક્તિ પરિત્યાગ
૨૧ રૂપાખ્યા	રૂપાસક્તિ પરિત્યાગ
૨૨ પ્રક્રિયા	પરિક્રિયા વર્જન
૨૩ અન્યોન્યક્રિયાખ્યા	અન્યોન્યક્રિયાવર્જન
૨૪ ભાવનાખ્યા	મહાવ્રતોની દૃઢતા– ૨૫ ભાવનાનું કથન છે.
૨૫ વિમુક્તિ	સર્વસંગથી વિમુક્ત– સાધુની ઉપમા આપી છે.

સમવાયાંગ સૂત્ર મુજબ નિર્ગ્રંથ શ્રમણોનો સુપ્રશસ્ત આચાર, ગોચરી-ભિક્ષા, વિનય, વૈનયિક, સ્થાન, ગમન, ભ્રમણ, પ્રમાણ, યોગ-યોજન, ભાષા, સમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ, ભક્તપાન (ભોજન તથા પાણી) ઉદ્‌ગમવિશુદ્ધિ (આહાર સંબંધી), ઉત્પાદન વિશુદ્ધિ, એષણાવિશુદ્ધિ, શુદ્ધાશુદ્ધ ગ્રહણનો વિવેક, વ્રત, નિયમ, તપ ઉપધાન વગેરેનું નિરૂપણ છે.[૨૬]

નંદીસૂત્ર મુજબ આચારાંગમાં શ્રમણનિર્ગ્રંથના આચાર, ગોચર, વિનય, વૈનાયિક, શિક્ષા ભાષા-અભાષા, ચરણ-કરણ, યાત્રા માત્રા વૃત્તિનું આખ્યાન છે.

તત્ત્વાર્થ વાર્તિક ઉપર સિદ્ધસેનીય ટીકામાં આચારાંગને સાધુઓના આચાર સંબંધી નિયમોનો આચાર દર્શાવ્યો છે. અજિતદેવસૂરિએ આચારાંગ ઉપર જે દીપિકા ટીકા લખી છે એમાં આચારાંગમાં મોક્ષના અંગભૂત જ્ઞાન-આચારનું નિરુપણ બતાવ્યું છે.[૨૯]

પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનોમાં જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર ઈત્યાદિ પાંચ આચારોનું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે.

નિર્યુક્તિકાર અને ટીકાકારો મુજબ પ્રથમ શ્રુતસ્કંધમાં જે વિષયો નથી કહેવાયા અથવા સંક્ષેપમાં કહેવાયા છે, એને જ બીજા શ્રુતસ્કંધમાં વિસ્તારથી કહેવામાં આવ્યા છે.

રાગ-દ્વેષ, મોહ-મમત્વ અને કષાયોનો સંપૂર્ણપણે ત્યાગ એજ મોક્ષ–મુક્તિને મેળવવામાં સક્ષમ છે. આ વાતને જુદા જુદા રૂપકો અને દાખલાથી આ આગમમાં સમજાવાઈ છે.

વીતરાગતાથી જન્મ-મરણનો ચકરાવો સદા માટે સમાપ્ત થઈ જાય છે. એ વાત પણ દર્શાવાઈ છે. આચાર ધર્મના વિવેચનની દૃષ્ટિએ આચારાંગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અલબત્ત મોટા ભાગના આચારોનો સ્પષ્ટ સંબંધ શ્રમણજીવન સાથે છે. આચારાંગ સર્વપ્રથમ ઉપદેશ હોવાથી ભગવાન મહાવીર સમક્ષ એમના શિષ્યો–શ્રમણો હોય એ સ્વાભાવિક છે.

જોકે થોડાક ઊંડાણથી સર્વતોમુખી દૃષ્ટિએ વિચારીએ તો આચારાંગમાં ષડજીવથી બચવાની વિવેચના છે. ખાસ કરીને એની હિંસાથી વિરત થવા માટે જે ભારપૂર્વક ભલામણ છે. જાતજાતના ઉદાહરણો, તુલનાઓ અને વ્યાખ્યાઓ દ્વારા એના રક્ષણ-સંરક્ષણ માટેનો ઉપદેશ છે. એમાં પર્યાવરણ અને પ્રદૂષણથી બચવાની વાત પ્રતિધ્વનિત થાય છે. જીવમાત્રનો જીવવાનો અધિકાર પડઘાય છે.

તત્કાલીન લોકમાનસ, ખાસ કરીને ગ્રામ્ય જનપદ, જંગલના અંતરિયાળ વિસ્તારમાં રહેનારી જનજાતિઓના સ્વભાવ–વ્યવહાર અંગેની પ્રાસંગિક વાતો દ્વારા માનવ મનનો ઊંડો અભ્યાસ–વ્યવહાર કરવાની તક મળે છે.

આચારાંગના સૂત્રો અત્યંત અર્થગંભીર અને સંક્ષેપમાં છે. જોકે ચૂર્ણિ, નિર્યુક્તિ અને ટીકાઓના માધ્યમથી વિશદ વિવેચના કરવાના અનેક પ્રયત્નો થયા છે.

એ સમયના રાજકીય અને સામાજિક સંદર્ભમાં આચારાંગ ગ્રંથની મહત્તા અને જૈન શાસનમાં તેનો પ્રભાવ

પ્રથમ શ્રુતસ્કંધના ઉપધાનશ્રુત નામક નવમા અધ્યયનના બે ઉદ્દેશકોમાં ભગવાન મહાવીરની ચર્યાનું ઐતિહાસિક દૃષ્ટિએ અતિ મહત્ત્વપૂર્ણ વર્ણન છે. આ વર્ણન જૈન ધર્મના પાયારૂપ તથા આંતરિક અને બાહ્ય અપરિગ્રહની દૃષ્ટિએ પણ અત્યંત મહત્ત્વનું છે. વૈદિક પરંપરાના હિંસારૂપ આલંબનનો સર્વથા નિષેધ કરનાર અને અહિંસાને જ ધર્મરૂપ બતાવનાર શસ્ત્રપરિજ્ઞા નામક પ્રથમ અધ્યયન પણ ઓછા મહત્ત્વનું નથી. તેમાં હિંસારૂપ સ્નાન આદિ શૌચધર્મને પડકારવામાં આવેલ છે. સાથોસાથ જ વૈદિક અને બૌદ્ધ પરંપરાના

મુનિઓની હિંસારૂપ ચર્યા વિષયમાં પણ સ્થાને સ્થાને વિવેચન કરવામાં આવ્યું છે તથા સર્વ પ્રાણોનું હનન કરવું જોઈએ એ પ્રકારનું કથન અનાર્યોનું છે તથા કોઈ પણ પ્રાણનું હનન ન કરવું જોઈએ એ પ્રકારનું કથન આર્યોનું છે, એવા મતની પુષ્ટિ કરવામાં આવી છે. अवरेण पुव्वं न सरंति एगे, तहागया उ ઈત્યાદિ ઉલ્લેખો દ્વારા તથાગત બુદ્ધના મતનો નિર્દેશ કરવામાં આવ્યો છે. यतो वाचो निवर्तन्ते જેવાં ઉપનિષદવાક્યો સાથે મળતા सव्वे सरा नियट्टंति, तक्का जत्थ न विज्जइ ઈત્યાદિ વાક્યો દ્વારા આત્માની અગોચરતા બતાવવામાં આવી છે. અચેલક–સર્વથા નગ્ન, એકવસ્ત્રાધારી, દ્વિવસ્ત્રાધારી તથા ત્રિવસ્ત્રાધારી ભિક્ષુઓની ચર્યાસંબંધી મહત્ત્વપૂર્ણ ઉલ્લેખો પ્રથમ શ્રુતસ્કંધમાં મળે છે. આ ઉલ્લેખોમાં સચેલકતા અને અચેલકતાની સંગતિરૂપ સાપેક્ષ મર્યાદાનું પ્રતિપાદન છે. પ્રથમ શ્રુતસ્કંધમાં આવતી બધી વાતો જૈન ધર્મના ઈતિહાસની દૃષ્ટિએ, જૈન મુનિઓની ચર્યાની દૃષ્ટિએ અને સમગ્ર જૈન સંઘની અપરિગ્રહાત્મક વ્યવસ્થાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

આચારાંગ ઉપર વિવેચન સાહિત્ય નિર્યુક્તિ

આચાર્ય ભદ્રબાહુ સ્વામી દ્વારા રચિત નિર્યુક્તિ ૩૫૬ ગાથાની પ્રાકૃત ભાષામાં લખાયેલી છે. ૨૮૫ ગાથામાં પ્રથમ શ્રુતસ્કંધના સૂત્રોની વ્યાખ્યા કરવામાં આવી છે, જ્યારે બાકીની ૬૪ ગાથાઓમાં બીજા શ્રુતસ્કંધની સંક્ષિપ્ત વ્યાખ્યા કરવામાં આવી છે જે સંસ્પર્શ માત્ર છે. ૭ શ્લોકો લુપ્ત અધ્યયન મહાપરિજ્ઞા ઉપર માત્ર લખાયા છે. વિષય પ્રતિપાદન માટે દૃષ્ટાંતો, ઉદાહરણો, કથાનકો વર્ણવ્યા છે પણ ભાષા સાંકેતિક અને સંક્ષેપ હોવાના લીધે ભાષ્ય અને ટીકાની સહાયતા વગર સમજવી અઘરી છે.

ચૂર્ણિ

આના કર્તા જિનદાસ ગણી મહત્તર છે. આમનો સમય ઈસ્વી ૬૭૨ (અથવા ૫૭૪ ઈસ્વી)નો છે. આની ભાષા સંસ્કૃત–પ્રાકૃત મિશ્ર છે. આમાં અનેક લૌકિક–ધાર્મિક કથાઓ અને વાતોને વણી લેવાઈ છે.

ટીકા આચારાંગસૂત્ર ઉપર શીલાંકાચાર્ય (સમય ઈસ્વી ૮૭૨ અથવા ૮૬૯) ની વિસ્તૃત ટીકા છે. ટીકાનો આધાર નિર્યુક્તિ અને ચૂર્ણિ છે. જો આ ટીકાનો સહારો ના લેવાય તો નિર્યુક્તિ અને ચૂર્ણિ સમજવા અત્યંત દુરાહ છે.

આચાર્ય ગંધહસ્તિની શસ્ત્રપરિજ્ઞા ટીકા જે હાલમાં ઉપલબ્ધ છે. વિક્રમ સંવત ૧૫૭૧માં નિજહંસે ટીકા લખી હતી. લક્ષ્મીકલ્લોલ ગણી, અજિતદેવસૂરિ (વિ. સ. ૧૬૨૯) ની ટીકાઓ પણ લખાઈ છે.

આ ઉપરાંત પ્રાદેશિક ભાષાઓમાં તથા વિદેશી જર્મન અને અંગ્રેજી ભાષામાં પણ આના અનુવાદો (હિન્દી-ગુજરાતી) વિવેચનાઓ પ્રગટ થઈ છે.

સુપ્રસિદ્ધ જર્મન વિદ્વાન પ્રો. યકોબીના મંતવ્ય મુજબ ભાષા, શૈલી અને વિષયવસ્તુની દૃષ્ટિએ આચારાંગ તમામ આગમોમાં પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ લાગે છે. આ ગ્રંથમાં માત્ર ભિક્ષુના આચારોનું વર્ણન મળે છે એવું નથી પણ તત્કાલીન શાસન, સમાજ, ઈતિહાસ, સંસ્કૃતિ સાથે જોડાયેલા અનેક મહત્ત્વપૂર્ણ તથ્યો ઉજાગર થાય છે.

આ સૂત્રના અધ્યયન ઉપરાંત જ સાધક શ્રમણધર્મનો જ્ઞાતા અને આચાર્યપદનો અધિકારી બને છે. (આચા. નિર્યુ. ગાથા ૧૦)

દશવૈકાલિકની રચના પહેલા શ્રમણોમાં એક પરંપરા હતી કે દીક્ષાર્થીને આચારાંગના શસ્ત્રપરિજ્ઞા (પ્રથમ અધ્યયન)નો અભ્યાસ કરાવવામાં આવતો તથા નવદીક્ષીતને આચારાંગના પિંડેષણા સંબંધી અધ્યયન પછી જ સ્વતંત્ર રૂપે ભિક્ષા લેવા જવા માટે અધિકાર અપાતો. (૪. ગાથા ૧૭૪–૧૭૬)

ફળ શ્રુતિ (સમા લોચના)

આચારાંગ જૈન આચાર દર્શનનો પ્રથમ અને પ્રાચીનતમ ગ્રંથ છે. આચારાંગ ક્રોધ, માન માયા અને લોભ આ ચાર કષાયો પર વિજયનો માર્ગ બતાવે છે. આચારાંગ અનુસાર આ કષાયો પર વિજયનો એક જ માર્ગ છે અને તે છે તેના પ્રતિ અપ્રમત અને જાગૃત રહેવું. આચારાંગ બહુ સ્પષ્ટ રૂપથી પ્રતિપાદિત કરે છે કે આત્મા જ્યારે વિષય-વાસનાઓ અને કષાયો પ્રતિ જાગૃત થઈ જાય છે ત્યારે તે વૃત્તિઓ એક મનના માલિકના જાગવા પર ચોર ચુપચાપ ચાલ્યો જાય તેમ ચાલી જાય છે.

આચારાંગમાં સાધના માર્ગનું વિશિષ્ટ અર્થમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આચારાંગ ત્રિવિધ સાધના માર્ગને પ્રસ્તુત કરે છે, તેની પોતાની એ વિશેષતા છે એમાં અહિંસા, સમાધિ અને પ્રજ્ઞાના રૂપમાં ત્રિવિધ સાધના માર્ગનું વિવેચન થયું છે.

આચારાંગના આ સાધના માર્ગ દ્વારા બૌદ્ધ ધર્મના પ્રજ્ઞા, શીલ અને સમાધિરૂપ ત્રિપથ સાધના પથનું સ્મરણ થાય છે. ફરક માત્ર એટલો છે કે જ્યાં બૌદ્ધ દર્શનમાં શીલ શબ્દનો પ્રયોગ થયો છે, ત્યાં આચારાંગમાં અહિંસા શબ્દનો પ્રયોગ થયો છે, કારણ કે આચારાંગની દૃષ્ટિમાં અહિંસા શીલનો પર્યાયવાચી શબ્દ છે.

જૈનધર્મ મૂળતઃ એક નિવૃત્તિ પ્રધાન ધર્મ છે અને આ કારણે તેમાં શ્રમણ જીવનનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જૈન પરંપરામાં આચારના નિયમોને બે ભાગોમાં વિભાજીત કરવામાં આવે છે. (૧) શ્રમણાચાર, (૨) ગૃહસ્થાચાર. પરંતુ આચારના બંને શ્રુતસ્કંધોમાં ગૃહસ્થાચારનું વિવેચન પ્રાપ્ત થતું નથી. ગૃહસ્થાચાર સંબંધી નિયમોનો તેમાં અભાવ છે.

સમગ્રપણે આચારાંગનું અધ્યયન જીવસૃષ્ટિના તમામ જીવોની સ્વતંત્ર ચેતના, સત્તા અને અસ્તિત્વનો ભારપૂર્વક સ્વીકાર કરે છે. માટે જ કોઈપણ જીવની હિંસા કરવી, પીડા પહોંચાડવી, સંતાપ

પમાડવો – આ બધી ક્રિયાઓનો સ્પષ્ટરૂપે નિષેધ કરે છે. સાથે જ પોતાના પુરુષાર્થને પ્રગટ કરીને જાતને જ્વલંત બનાવાવની વાત કરે છે.

ષડજીવનિકાયના રક્ષણ, સંરક્ષણની વાત આજના વર્તમાન યુગમાં વકરી રહેલા પર્યાવરણ–પ્રદુષણ તથા વૈશ્વિક હવામાનની કથળતી સ્થિતિના સંદર્ભમાં અતિ મહત્ત્વની બની રહે છે.

જીવોને અભય આપીને, ભયની સંજ્ઞા દૂર કરી શકે છે. અન્યને અભય આપીને જ સ્વયં અભય બની શકાય. અન્યની સ્વતંત્ર સત્તાનો સ્વીકાર કરીને જ અદ્વેષને આરાધી શકાય અને પોતાની ચેતનાને ઉર્ધ્વારોહી બનાવીને અખેદની ભૂમિકા પામી શકાય. અભય-અદ્વેષ અને અખેદને આરાધવામાં આચારાંગનું અધ્યયન અનેક રીતે સાર્થક બને છે. આજ મોક્ષનો, મુક્તિનો માર્ગ છે. સ્વને શોધવાની કેડી છે, સ્વને પીછાણાવાની પ્રક્રિયા છે અને સ્વને પામવાનો પંથ છે.

સંદર્ભસૂચિ :

૧ મનુસ્મૃતિ, પૃ. ૧૦૮, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૪૬. ૨. જૈન આગમ में दर्शन, पृ. २३, जैन विश्व भारती, लाडनूं, २००५.३. व्यवहारभाष्य, गाथा-३१८, सं. आचार्य महाप्रज्ञजी, जैन विश्वभारती संस्थान लाडनूं. ४. आवश्यक चूर्णि, पृ. १६, (णज्जांति अत्था जेण सो आगमो), जिनदास गणि, रतलाम, १९२८.५. प्रमाणनयतत्त्वालोण, वादिदेवसूरि, ४.१, दिपचंद बांठिया, उज्जैन, १९८९. ६. स्याद्वादमंजरी, पृ. ७, आचार्य माल्लिषेण, अगास, १९७९.

૭. અનુયોગદ્વારચૂર્ણિ, પૃ. ૧૬, જિનનદાસગણિમહત્તર, રતલામ, ૧૯૨૮. ૮. ઓઘનિર્યુક્તિ, આગમોદય પ્રકાશન સમિતિ સુરત. ૯. સુતનિપાત, સૂત્ર-૩૫, અનુ. ભિક્ષુવર્જ્ય૨ત્ન, ભિક્ષુસંધ૨ત્ન, મહાબોધિ, સા૨નાથ, ૧૯૫૧. ૧૦. સમાષ્ય तत्त्वार्थसूत्रम, १-२०, आचार्य उमास्वाति, अगास, १९३२. ११. आचारांगसूत्र एक अध्ययन, पृ. ३ डॉ. परमेष्ठीदास जैन, बनारस, १९८७. १२. नंदीसूत्र, ७७, जैन विश्वभारती संस्थान, लाडनुं, १९९७. १७. नंदीचूर्णि पेज नं. ४९, सं. पा. मुनिश्री पुष्पविजयजी, प्राकृत टेकस्ट सोसायटी, बनारस, १९६६. १४. એજન. ૧૫. આચારાંગચૂર્ણિ-પૃ.૧ જિનદાસગણિ, ઋષભદેવજી, કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, ૨ત્નપુ૨ (માલવા). ૧૬. નંદી મલયાગિરિવૃત્તિ-પત્ર શા. આચાર્ય મલયગિરિ, આગમોદય, સમિતિ, સુ૨ત, ૧૯૧૭. ૧૭. આચારાંગ નિર્યુક્તિ, ગાથા-૮, આચાર્ય ભદ્રબાહુ, આગમોદય, મુંબઈ-૧૯૨૮. ૧૮. આચારાંગ નિર્યુક્તિ, ગાથા-૮, એજન. ૧૯. આચારાંગ નિર્યુક્તિ, ગાથા-૮, એજન. ૨૦. આચારાંગ નિર્યુક્તિ, ગાથા-૮, એજન. ૨૧. આચારાંગ નિર્યુક્તિ, ગાથા-૧૦૪, એજન. ૨૨. નિશીથ ભાષ્ય-ચૂર્ણિસહિત, ભાગ ૪-૧૯.૧, કમલમુનિ, સન્મતિ, આગરા, ૧૯૬૦. ભાગ ૪-૧૯.૧. ૨૩. વ્યવહા૨ભાષ્ય, ઉદ્દેશ-૩-વિ. ૪ ગાથા-૧૭૪ થી ૧૭૬, આચાર્ય મહાપ્રજ્ઞ, જૈન વિશ્વભા૨તી, લાડનૂં, ૧૯૯૬. ૨૪. જૈન आगम में दर्शन, पृ. ७५, समणी मंगलप्रज्ञा, जैन विश्वभारती, लाडनूं, २००५. २५. समवाय सूत्र–८९, नंदीसूत्र–८०. २६. समवाय सूत्र–८९. २७. नंदीसूत्र–८०. २८. तत्त्वार्थ सिद्धसेनीय टीका-९१, लालभाई जैन पुस्तको द्वा૨કન્ડ, મુંબઈ-૧૯૮૬. ૨૯. આચારાંગદીપિકા પેજ-૧, - પૃષ્ઠ-૧૯, આગમોદય પ્રકાશન સમિતિ, સુ૨ત. ૩૦. સમવાયાંગ સૂત્ર–૮૯. ૩૧. આચારાંગભાષ્य-भूमिका- पृष्ठ-१९, आचार्य महाप्रज्ञ जैन १९९४. ३२. जैन आगम में दर्शन-३६, समणी मंगलप्रज्ञा, जैन विश्वभारती, लाडनूं, २००५. ३३. आचारांग निर्युक्ति-३१-३२, आचार्य भद्रबाहु, आगमोदय, समिति, मुंबई. ३४. आचारांग निर्युक्ति-२८८-२९१, એજન. ૩૫. આચારાંગ નિર્યુક્તિ-૨૯૭, એજન. ૩૬. આચારાંગ નિર્યુક્તિ-૨૯૭, એજન. ૩૭. આચારાંગસૂત્ર એક અધ્યયન, પૃ. ૨૫, ડૉ. પરમેષ્ઠીદાસ જૈન, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન વા૨ાણસી, ૧૯૮૭. ૩૮. નિશીથ એક અધ્યયન-પેજ-૧૫. ૩૯. આચારાંગ એક અધ્યયન-પેજ-૧૪, ડૉ.પરમેઠીદાસ જૈન, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન વા૨ાણસી, ૧૯૮૭.

* * *

સ૨નામું: ગુજરાત વિદ્યાપીઠ - અમદાવાદ-૩૮૦૦૧૪.

કર્મગ્રંથ

□ પ્રા. ધિરેન્દ્ર આર. મહેતા

પ્રા. ધિરેન્દ્ર આર. મહેતા. ભાવનગર શહેરની શામળદાસ આર્ટ્સ કૉલેજમાં તત્ત્વજ્ઞાન વિષયનું શૈક્ષણિક કાર્ય છેલ્લા ૨૦ વર્ષથી કરે છે. આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી ધર્મ/તત્ત્વજ્ઞાનના સેમિનારોમાં ભાગ લીધો છે.

૧. પ્રારંભ :

સમગ્ર સંસારમાં કઈ વ્યક્તિ એવી છે, કે જે સુખ-શાંતિ, આનંદ અને મુક્તિ ન ઈચ્છે ? એક અર્થમાં પ્રાણીમાત્ર સુખ-શાંતિ, આનંદ અને મુક્તિ ઈચ્છે છે. એનું કારણ અજ્ઞાન છે. આ પરિસ્થિતિ જીવનમાં નિર્માણ થવાનું પાયાનું કારણ કર્મ છે. સૃષ્ટિના અન્ય અટલ નિયમોની જેમ જ કર્મનો અટલ નિયમ કર્મસત્તા છે. આ નિયમ (સિદ્ધાંત) આદિકાળથી અસ્તિત્વમાં છે. તેની સત્તા આત્મા પર જબ્બર છે. અનાદિ અનંત કાળથી કર્મ સાથે જ આત્માને જન્મ-મરણના સંસાર ચક્રના પરિભ્રમણનો કોઈપણ રીતે શુદ્ધ યોગથી નાશ કરી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું એજ બધા આત્માઓનું અંતિમ ધ્યેય છે. આ કક્ષાએ તો સદ્જ્ઞાનની પ્રાપ્તિ થાય તો જ પહોંચાય. આવા જ્ઞાનની પ્રાપ્તિમાં સરળતા તો જ રહે કે; જ્યારે કર્મનું રહસ્ય જાણીએ. આ રહસ્ય તો કર્મનું તત્ત્વજ્ઞાન જાણીને સમજીએ તો જ મળે. આ સમજ જેમાં સમજાવેલ છે એ ગ્રંથનું નામ છે કર્મગ્રંથ...!

૧. ગ્રંથનું નામ : કર્મગ્રંથ ભાગ ૧ થી ૬ (૧) કર્મ વિપાક (૨) કર્મસ્તવ્ (૩) બંધ સ્વામિત્વ (૪) ષડ્ શીતિ (૫) શતક (૬) સત્તરિ.

૨. ગ્રંથના કર્તા : શ્રીમાન શિવશર્મસૂરીશ્વરજી મહારાજા અને પૂજ્ય શ્રી ચંદ્રર્ષિ મહત્તર

નવ્ય ગ્રંથકર્તા : તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

૩. ગ્રંથની ભાષા : મુખ્યત્વે સંસ્કૃત, પ્રાકૃત અને માર્ગધી. ઉપરાંત પ્રાદેશીક ભાષાઓ : હિન્દી, ગુર્જર (જૂની ગુજરાતી) અને કર્ણાટકી.

૪. ગ્રંથનો રચનાકાળ : પ્રાચીન ગ્રંથ ભાગ ૧ થી ૬ જુદા જુદા સમયે.

નવ્ય કર્મગ્રંથ ભાગ ૧ થી ૫ : વિક્રમી ૧૩મી સદીનો ઉત્તરાર્ધ ૧૪મી સદીનો પ્રારંભ.

૫. ગ્રંથનો વિષય : તત્ત્વજ્ઞાન.

૬. વર્તમાન કાળમાં ગ્રંથના સંપાદક અને પ્રકાશક :

૧. કર્મગ્રંથ ભાગ–૧ : સંપાદક પંડિત ભગવાનદાસ હરખચંદ – પ્રકાશક :– જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા

૨. પંચમ શતક કર્મગ્રંથ : આચાર્ય દેવવિજયસૂર્યોદય સૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક : ધર્મકૃપા ટ્રસ્ટ, ડભોઈ.

૩. કર્મગ્રંથ ૧–૬ : ૨૦૦૮–૯ : આચાર્યશ્રી વિજયશેખર સૂરિ. પ્રકાશક : ભારતીય પ્રાચ્યતા પ્રકાશન સમિતિ, પિંડવાડા

૨. વિશેષ વિગત :

કર્તાની વિગત : (પ્રાચીન કર્મગ્રંથ) (નવ્ય કર્મગ્રંથ)

કર્તા તપાગચ્છાચાર્ય પૂજ્ય શ્રીમાન દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના જન્મ, દીક્ષા અને સુરિપદના નિશ્ચિત સમયનો નિર્દેશ ક્યાંય દૃશ્યમાન નથી, છતાં પણ તેમના ગુરુ બૃહતપાગચ્છીય પૂજ્ય શ્રીમાન જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજે વિક્રમ સંવત ૧૨૮૫માં તપાગચ્છની સ્થાપના કરી. ત્યારબાદના કોઈપણ સંવતમાં શ્રીમાન દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજને દીક્ષા બાદ સુરિપદ (અર્પણ) સમર્પણ કર્યાનું અનુમાન ગુર્વાવલીમાં રહેલ સ્પષ્ટ ઉલ્લેખને આધારે કહી શકાય છે. પણ તેમણે આચાર્યપદ ગ્રહણ કર્યા પછી જે ઘટનાઓ ઘટી તેના આધારે કહી શકાય કે તેમનો વિહાર માળવા કે ગુજરાત હતો. તેથી તેઓશ્રીએ તેમના વિહાર સ્થળે પંચમહાભૂતાત્મક દેહ ધારણ કર્યો હશે એ સંભવ છે. પૂજ્ય શ્રીમાન દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજને ગુરુ મહારાજા તરફથી અપાયેલ. આચાર્યપદની સાર્થકતા તેઓશ્રીની અસાધારણ વિદ્વતા, ચારિત્ર્યશીલતા અને ગંભીરતાના મુખ્ય ગુણોને કારણે જણાઈ આવે છે.

તેમના પ્રથમ શિષ્ય શ્રીમાન વિદ્યાનંદસૂરિજી અંગે નિર્દેશ છે કે સંવત ૧૩૦૨માં ઉજ્જયિની નગરીના શ્રેઠી શ્રી જિનચંદ્રના પુત્ર શ્રી વિરધવલને લગ્ન સમયે પ્રતિબોધ કરી તેમના પિતાશ્રીની સંમતિપૂર્વક તેમને દીક્ષા આપી હતી. ૧૯૨૩માં ગુજરાતના પ્રહ્લાદનપુર (પાલણપુર/પાલનપુર)માં તેઓશ્રીને સુરિપદ અર્પણ કરેલ. તેમના આ શિષ્ય શ્રીમાન વિદ્યાનંદસૂરિજી આગમના વિદ્વાન હતા એટલું જ નહિ પણ, તેઓશ્રીએ 'વિદ્યાનંદ' નામના નવીન વ્યાકરણની રચના પણ કરેલ, કે જે વ્યાકરણ આજે નામશેષ જેવું થઈ ગયું છે.

તેમના બીજા શિષ્ય ધર્મકીર્તિ ઉપાધ્યાય આચાર્યશ્રી ધર્મઘોષસૂરિજી કે, જે પ્રતિભાશીલ વિદ્વાન, વિશુદ્ધ ચારિત્ર્યશીલ અને વિશિષ્ટ પ્રભાવક પુરુષ હતા. તેમના રચેલ 'સંઘાચાર ભાષ્ય' અને 'ચમક સ્તુતિ' જેવા ગ્રંથો વિદ્યમાન છે.

શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજી મહારાજ જૈનશાસ્ત્રના સંપૂર્ણ વિદ્વાન હતા તેમાં કોઈ પણ પ્રકારનો સંશય નથી કારણ કે તેમના રચેલ ગ્રંથો જ સાક્ષી રૂપે છે. જેવા કે, (૧) શ્રાદ્ધદિન કૃત્યસૂત્ર વૃત્તિ (૨) સટીક (૫) પંચ નથ્ય કર્મગ્રંથો (૩) સિદ્ધશિકા સૂત્રવૃત્તિ (૪) ધર્મરત્ન પ્રકરણ બૃહદ વૃત્તિ (૫) સુદર્શના ચરિત્ર (૬) ચૈત્યવંદનાદિ ભાષ્યત્રય (૭) સિદ્ધદંડીકા (૮) વંદારૂ વૃત્તિ (૯) સારવૃત્તિ દશા (૧૦) શ્રી વૃષભ વર્ધમાન પ્રમુખ સ્તવન 'ગુર્વાવલી'માં તેઓશ્રીની વિદ્વતા અંગે નિર્દેશ છે કે; તેઓ શ્રી ષડ્દર્શનના વિદ્વાન હતા તે કારણે જ તેઓશ્રી પંચ કર્મગ્રંથ સટીકના કર્તા બન્યા હતા. તેઓશ્રીની આ ટીકા સ્પષ્ટ, સરળ અને વિદ્વતાપૂર્ણ છે.

શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજી મહારાજ ફક્ત વિદ્વાન જ ન હતા. પરંતુ તેઓશ્રી પોતાના ચારિત્ર્યમાં અતિ દૃઢ હતા, આ અંગે એટલું જ કહેવું (બસ) પર્યાપ્ત છે, કે એ સમયે સાધુભગવંતોશ્રીઓમાં ક્રિયા શિથિલતા પ્રવેશી ગયેલ; તે જોઈ તેમના ગુરુમહારાજાશ્રી તપાગચ્છાચાર્ય શ્રીમાન જયચ્ચંદ્રસૂરિજીએ અતિ સખત પુરુષાર્થ અને ત્યાગ દ્વારા ક્રિયોદ્ધાર કરેલ અને તેનો નિર્વાહ શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજીએ કર્યો હતો.

આ મહાન પુણ્યાત્મા શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજી મહારાજાશ્રીએ પંચમહાભૂતાત્મક નશ્વર સ્થૂળ દેહત્યાગ કરી વિક્રમ સંવત ૧૩૩૭માં સ્વર્ગારોહણ કર્યું.

૩. ગ્રંથનો વિગતે વિષય :

ગ્રંથનો વિષય અને તેનું (વિષય) નિરૂપણ

• **કર્મગ્રંથ–૧–૬ કર્મવિપાક ક્રમગ્રંથ નં. ૧ :** આ ગ્રંથના નામ માત્રથી તેનો વિષય કર્મનો અર્થ કર્મના ૮ (આઠ) પ્રકારો/ભેદ–પ્રભેદ, કર્મનું સ્વરૂપ અને પ્રત્યેક કર્મ વિપાક અર્થાત્ ફળ અથવા કર્મ કેવી અસર નિપજાવી શકે ? તેનું વર્ણન સદૃષ્ટાંત કર્મવિપાક નામના પ્રથમ/પહેલા/નં. ૧ કર્મગ્રંથમાં થયેલ છે.

• **કર્મસ્તવ–કર્મગ્રંથ નં. ૨ :** આ ગ્રંથના નામનો અર્થ રજૂ કરતા કહી શકાય કે, 'બંધ, ઉદીરણા અને સત્તામાં પ્રાપ્ત થયેલ કર્મનો ગુણસ્થાન દ્વારા ક્ષય કરવા વડે સ્તુતિ કરવી. આ ગ્રંથમાં શ્રમણ મહાવીર સ્વામી પરમાત્માની સ્તુતિ કરવા માટે ૧૪ ગુણસ્થાનકોનું સ્વરૂપ અને (૧) પ્રથમ કર્મગ્રંથ કર્મવિપાકમાં વર્ણવેલ કર્મની પ્રકૃતિઓ પૈકી બંધ, ઉદીરણા અને સત્તા સ્થાને કેટલી પ્રકૃતિઓ છે અને કેટલી પ્રકૃતિઓ વિચ્છિન્ન થયેલી હોય છે એ અભિધેય વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

• **બંધ સ્વામિત્વ–કર્મગ્રંથ નં. ૩ :** આ ગ્રંથમાં માર્ગણા તેમાં પણ ૧૪ મૂળ માર્ગણા અને તેના પેટાભેદ સાથે લેતા કુલ ૬૨ માર્ગણા સ્થાનોની અપેક્ષાએ જીવોના કર્મ પ્રકૃતિ અંગે બંધ સ્વામિત્વનું વર્ણન થયેલ છે.

સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયો દ્વારા જીવનું અનેક પ્રકારે પૃથ્થકરણ કરવું એ માર્ગણા સ્થાનક અને મોહનીય કર્મના ઉદય, ક્ષયોપશમ, ઉપશમ અને લક્ષ્ય દ્વારા જીવ વિકાસની તારતમ્યસૂચક ભૂમિકાઓને ગુણસ્થાનક કહે છે.

બીજા ગ્રંથમાં રહેલ ગુણસ્થાનકને આશ્રયી બંધ સ્વામિત્વનું કથન ત્રીજા કર્મગ્રંથમાં રહેલ છે.

• **શડશીતિ-કર્મગ્રંથ નં. ૪ :** આ ગ્રંથમાં જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાન, ભાવ અને સંખ્યા એવા ૫ (પાંચ) વિભાગમાં ૮૬ ગાથાઓનો સમાવેશ કરી તેનું વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં ૮૬ ગાથાઓ હોવાથી ગ્રંથનું નામ ષડ્શીતિ પડેલ છે. ૫ પૈકી ૩ વિભાગ સાથે જીવ, ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાબંધારણ નિર્દેશી આ બધાનો વિષય ચર્ચ્યો છે. સાથોસાથ આ નવેય (૯) વિષયોનું વર્ણન પણ છે. આ ગ્રંથના અંતિમ બન્ને એટલે કે ચોથા (૪) પાંચમા (૫) વિભાગમાં ભાવ અને સંખ્યાનું વર્ણન કોઈપણ વિષયમાં મિશ્રિત નથી. આ વિવેચનાત્મક વર્ણન કર્મના વિષય સાથે જ્ઞાન પાકું થાય એટલા માટે અમુક પ્રકીર્ણ વિષયોને કર્મબદ્ધ અને પદ્ધતિસર આપવામાં આવેલ છે.

• **શતક-કર્મગ્રંથ નં. ૫ :** આ ગ્રંથમાં ૧૦૦ ગાથાઓ સમાવિષ્ટ થયેલ હોવાથી આ ગ્રંથનું શતક નામ રૂઢ થયેલ છે. શતક નામના આ પંચમ કર્મગ્રંથમાં પ્રથમ (૧) કર્મગ્રંથમાં વર્ણવેલ પ્રકૃતિઓ પૈકી જઘન્ય (એવી) જેવી કે, ધ્રુવબંધિની, અધ્રુવબંધિની, ધ્રુવોદયા, અધ્રુવોદયા, ધ્રુવસતાકા, અધ્રુવસતાકા, પરાવર્તમાન પ્રકૃતિ અને ઉત્કૃષ્ટ એવી અધ્રુવઘાતિની, દેશઘાતિની, સર્વઘાતિની, પુણ્ય, પાપ અને અપરાવર્તમાન પ્રકૃતિઓના સ્વરૂપ સાથે અનાદિ, આદિ અનંત અને શાંતિ સાથે જોડીને જ ભાંગામાં અવતરણ કરી આ પ્રકૃતિઓ પૈકી કઈ કઈ પ્રકૃતિઓનું ધ્રુવાધ્રુવપણું બતાવી ૪ (ચાર) પ્રકારનો વિપાક જેવો કે ક્ષેત્રવિપાકી, જીવવિપાકી, ભવવિપાકી અને પુદ્ગલવિપાકી છે? તે અંગે ૪ પ્રકારના બંધ જેવા કે ભૂયસ્કાર અલ્પત્તર, અવ્યવસ્થિત અને અવક્તવ્ય બંધનું લક્ષણ અને સ્વરૂપ અંગે મોદકના દૃષ્ટાંત સાથે મુખ્યત્વે વિચાર આપવામાં આવ્યો છે. પ્રત્યેક કર્મના બંધસ્થાન જેવા કે જઘન્ય બંધ, ઉત્કૃષ્ટ બંધ, જઘન્ય ઉત્કૃષ્ટ આ બાધાકાળનું સ્વરૂપ જણાવ્યા પછી સ્થિતિ બંધ, રસબંધ અને પ્રદેશ બંધનું ઘણું નિરૂપણ કરતા વચ્ચે પ્રાસંગિક યોગ સ્થાનો, સ્થિતિ સ્થાનોના સ્વરૂપ અને સ્વામિના વર્ણન પછી સ્થિતિબંધ્યવસ્થાનો, સાત બંધ, નિરંતર બંધ, રસાણુઓનું સ્વરૂપ, અનુભાગ સ્થાનો, ગ્રાહ્યાગ્રાહ્ય ઔદારિકાદિ પુદ્ગલ વર્ગણાઓનું સ્વરૂપ દર્શાવી ગ્રહણ કરેલ પ્રદેશાગ્રમાંથી કયા કયા કર્મની કઈ કઈ પ્રકૃતિને કેટલા દલિકનો ભાગ આવે તેના વિસ્તારપૂર્વક વર્ણન પછી ૪ પ્રકારના પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ દર્શાવી ૧૧ ગુણ શ્રેણીઓ, પલ્યોપમ, સાગરોપમ, ધનીકૃતલોક, સુચીશ્રેણી, પ્રતરઘનનું બંધારણ વર્ણવી અને ઉપશમ શ્રેણી અને ક્ષપક શ્રેણીનું નિરૂપણ કરી યદ્યપિ ઉદિષ્ટ ૨૬ દ્વારો છે. તો પણ પ્રાસંગિક અનેક વિષયો ગ્રંથકાર મહર્ષિ તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજે દાખલ કરી ૫ (પાંચમા) ગ્રંથની (રચના) વિરચના પૂર્ણ કરેલ છે.

અહીં દર્શાવાયેલ (અર્વાચીન/નવ્ય પંચ) કર્મગ્રંથની રચના તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાશ્રીએ કરેલ જણાય છે. આમ છતાં આ ગ્રંથોની મૂળભૂત રચના તો પ્રાચીન સમયે થઈ ગયેલ આચાર્યોએ જુદા જુદા સમયે કરેલ છે. છતાં પણ બંને ગ્રંથોમાં ભગવાન મહાવીર સ્વામીએ ઉપદેશેલ કર્મના સિદ્ધાંતની પરંપરા આ મહાન પૂર્વાચાર્યોશ્રીએ આજ પર્યંત જાળવી રાખી છે.

• **સત્તરિ/દૃષ્ટિવાદના ઝરણા/સપ્તતિકા-કર્મગ્રંથ નં. ૬ :** આ ગ્રંથ દૃષ્ટિવાદ નામના ૧૨મા અંગમાંથી ઉદરણ કરેલ હોવાથી દૃષ્ટિવાદના ઝરણા તરીકે ઓળખાય છે. સાથો સાથ એ ઉલ્લેખ પણ ધ્યાને આવે છે કે દૃષ્ટિવાદ નામનું ૧૨મું પ્રકરણ અગ્રાયણીય પૂર્વમાં રહેલું છે. તેમાંથી ઉદ્ધાર કર્યો હોય એવું જણાય છે.

આ ગ્રંથની રચના અતિ ગંભીર અને પ્રસન્ન છે તેને જ યથાવત રાખીને તેમાંથી ૭૦ ગાથાઓ સ્વરૂપે આ ગ્રંથનું સર્જન થતાં આ ગ્રંથનું નામ સત્તરી એવું દૃઢ થયેલ છે. આ ગ્રંથમાં કર્મ પ્રકૃતિના બંધ, ઉદીરણા અને સત્તાના સંવેધનો વિચાર કરવામાં આવ્યો છે, કે જે સ્થિતિ અને સંવેધોને સમજવા ભૂમિકા પૂરી પાડે છે.

ખરેખર તો આ (૫) પાંચ પછી છઠ્ઠો (૬) કર્મગ્રંથ છે જ નહીં. પણ તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિરચીત (૫) કર્મગ્રંથને ભણ્યા પછી આ ગ્રંથ ભણાવામાં આવતો હોવાથી (૬) છઠ્ઠો કર્મગ્રંથ કહેવાય છે. હકીકતમાં આ ગ્રંથ તો અહીં જણાવેલ પાંચેય ગ્રંથ કરતાં પણ પ્રાચીન છે. આપણને ખ્યાલમાં છે જ કે આ ગ્રંથના કર્તાનો પૂર્વધર પ્રાચીન આચાર્ય શ્રીમાન ચંદ્રર્ષિ મહત્તર મહારાજાશ્રી છે.

અહીં નિર્દિષ્ટ ગ્રંથનો (સંક્ષિપ્ત) વિષય, કર્મગ્રંથ ૧ થી ૬ ને ક્રમબદ્ધપણે સંયોજીને સળંગ સૂત્રતા માટે કહી શકાય કે, ગ્રંથ-૧ માં ઉલ્લેખ મુજબ કર્મ વિપાક અસર કેવી નિપજાવી શકે? આ પ્રશ્ન અંગે અન્ય પ્રશ્નો પણ અસ્તિત્વમાં આવે છે, જેવા કે આત્મા અને કર્મનો સંબંધ ક્ષીરનીરવત્ કેવા પ્રકારનો છે? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જ કહી શકાય કે આત્માના અસંખ્ય પ્રદેશો પૈકી પ્રત્યેક આત્મ પ્રદેશ ઉપર અનંત કાર્મણ સ્કંધો કાર્મણ વર્ગણા (રૂપે) અતિ ચિકાસથી ચોંટીને સત્તા જમાવી રહેલા છે; કે જે ફળ આપે છે. એ જ બંધ અર્થાત્ બંધનમાં બાંધે છે. આ બંધ જ કર્મનો ક્ષય ન થવા દેતા ઉદીરણા, અને સત્તા અસ્તિત્વમાં લાવે છે. તેનો ક્ષય કરવા માટે જ ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ કરવા ગુણસ્થાનકોના બંધારણમાં કર્મ પ્રકૃતિઓ પૈકી કઈ અને કેટલી કર્મ પ્રકૃતિઓ સત્તાસ્થાને રહીને વિચ્છિન્ન છે એ વિષયનું નિરૂપણ કર્મસ્તવ નામના બીજા ગ્રંથમાં છે. જ્યારે તેના કારણે જ માર્ગણા સ્થાનોની અપેક્ષાએ કર્મ પ્રકૃતિઓના બંધસ્વામિત્વના વર્ણનનો વિષય કર્મગ્રંથ નં. ૩ બંધ સ્વામિત્વમાં થયેલ છે. ગ્રંથ નં. ૪ માં જીવસ્થાન, માર્ગણાસ્થાન

અને ગુણસ્થાનનું વિસ્તારથી વિવેચન કરીને બીજા (૨) ગ્રંથમાં દર્શાવેલ. બંધ ઉદીરણાસત્તા અને લેશ્યાના વિષયનું નિરૂપણ કર્યા બાદ નિર્વાણપદ માટે આવશ્યક જ્ઞાન પાકું કરાવવાના હેતુ સાથે પ્રકીર્ણ વિષયનું પદ્ધતિસર નિરૂપણ આ ગ્રંથમાં શબ્દબદ્ધ થયેલ છે.

આ સંદર્ભ લઈ કર્મગ્રંથ-૧ માં નિરૂપેલ કર્મ વિપાક પ્રકૃતિઓના વિપાક દ્વારા વિસ્તારથી વિગતે દર્શાવીને કર્મગ્રંથ ૨-૩-૪ માં બંધસ્થાન સંદર્ભે તેનું લક્ષણ અને સ્વરૂપ મોદકના દૃષ્ટાંત સાથે મુખ્ય વિષય તરીકે વર્ણવીને પુદ્‌ગલ અને અન્ય વર્ગણાઓ પણ આત્માએ ગ્રહણ કરેલ પ્રદેશાગ્રમાંથી કર્મની પ્રકૃતિને કેટલા દલિકનો ભાગ આપે છે, તેના પર આધારીત ૧૫ ગુણ શ્રેણીના બંધારણાત્મક વર્ણન પછી તેના ઉદીષ્ટ ૨૬ દ્વારો છે. આ પૈકી પોતાને નિર્વાણપદ સુધી પહોંચવા માટે જ વ્યક્તિએ કર્મનું વિશિષ્ટ રહસ્યમય સ્વરૂપ જાણીને સમજવાનું છે. આમ, આ કર્મના રહસ્યને જ મુખ્ય વિષય તરીકે કર્મગ્રંથ ૧-૬ માં નિરૂપવામાં આવેલ છે.

ટૂંકમાં પ્રાચીન કર્મગ્રંથકારોએ કર્મગ્રંથ ૧-૬માં કર્મના રહસ્યનું નિરૂપણ કરેલ છે. એજ, નિરૂપણ નવ્ય કર્મગ્રંથમાં તેના કર્તા તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ કરેલ હોવાથી ગ્રંથનો મુખ્ય વિષય કર્મ છે. અને તેનું રહસ્ય સમજાતું હોવાથી એનું જ નિરૂપણ વિષય તરીકે થયેલ છે.

ભગવાન મહાવીર સ્વામીએ સ્થાપેલ સંઘ વ્યવસ્થામાં ધાર્મિક સાધકોના શ્રમણ અને શ્રાવક એવા બે (૨) વર્ગ પૈકી શ્રમણી વર્ગમાં સમાવિષ્ટ થતા સાધક મહારાજ સાહેબશ્રીઓએ તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ વિરચિત નવ્ય કર્મગ્રંથ કે જૈનો આધાર પ્રાચીન કર્મગ્રંથ તો છે જ સાથે સાથે મહર્ષિ મહામુનિ શ્રીમાન પૂજ્ય ચંદ્રર્ષિ મહત્તર મહારાજ કૃત ષષ્ઠી કર્મગ્રંથના સંદર્ભ સહ દર્શાવાયેલ કર્મનો સરળતમ્ અર્થ, મુખ્ય અને ગૌણ પ્રકારોની સહેલી સમજ, બંધ-બંધ સ્વામિઓના ગુણ સ્થાનકો સમજાવી ક્રમશઃ સહજ પણ કામના ત્યાગ કેળવી, કર્મ-ક્ષય કરતા કરતા ગ્રંથમાં પગથિયા ચડવા માટે તપશ્ચર્યા (ઉપવાસ-માસખમણ-અઠ્ઠઈ વગેરે) કરીને દેહની સહનશીલતાનો ગુણ કેળવવા, કપરા (દુષ્કર) કષ્ટો સહન કરતા કરતા શીલનો પમરાટ (મહેક,ભભક) ચોતરફ પ્રસરાવી કર્મક્ષય દ્વારા નિર્વાણ (મોક્ષ/મુક્તિ) પ્રદ પ્રાપ્ત કરવાનું છે. ખાસ તો આ તપશ્ચર્યાત્મક સાધના કાળ દરમ્યાન સાધક મહારાજશ્રીઓએ શક્ય તેટલા વધુ સૂક્ષ્માતિ-સૂક્ષ્મપણે અહિંસાવ્રતના ચુસ્ત પાલન દ્વારા શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ કેળવીને, સંયમી બનીને શ્રેષ્ઠતમ ચારિત્ર્ય નિર્માણ જ્યારે શ્રમણ કરે ત્યારે કર્મક્ષયની પ્રક્રિયા સહજપણે ચાલુ થઈ જાય છે.

સાથે સાથે ભગવાનશ્રી મહાવીર સ્વામીશ્રી સ્થાપિત સંઘ વ્યવસ્થા પૈકી બીજો શ્રાવક વર્ગ કે જે ત્યાગી નથી થઈ શકતો છતાં શ્રાવકોને પણ અધ્યાત્મજ્ઞાન તો પ્રાપ્ત કરવાનું છે, ને તે યત્કિંચિત સેવાના ગુણ દ્વારા. આ ત્યારે જ શક્ય બનશે કે, જ્યારે શ્રમણ વર્ગ સ્વયં ધાર્મિક ગુણો જેવા કે (અહિંસકતા, શ્રેષ્ઠ ચારિત્ર્ય શીલતા, વિશેષજ્ઞાન, સંયમીતતા, સહજ ન્યાયપણું, પ્રેમાળતા, સદાચારીતા અને સેવા) ખીલવશે તો જ શ્રાવક વર્ગના મુમુક્ષુ ગૃહસ્થો પર સહજ કર્મના સિદ્ધાંત (નિયમ) મુજબ ઘેરી અસર પડ્યા વિના નહી રહે, અર્થાત્ આ શ્રાવક વર્ગ ગૃહસ્થી હોવા છતાં તપાગચ્છાચાર્ય શ્રીમદ્ દેવેન્દ્રસુરીશ્વરજી મહારાજે સમજાવેલ કર્મ રહસ્યની અસરકારકતાથી પોતાનું જીવન ઉચ્ચ કક્ષાએ પહોંચાડે છે.

જૈન શાસનમાં કર્મગ્રંથનો પ્રભાવ અદ્વિતીય રહ્યો છે, જે નિરૂપતા કહી શકાય કે, જૈન સાહિત્યમાં કર્મગ્રંથનું ઘણું ઉચ્ચ સ્થાન છે. જૈન દર્શન કાળ-સ્વભાવ-નિયતિ વગેરે કારણોને માનવા છતાં આ દર્શને અમુક વસ્તુસ્થિતિ અને દર્શનાન્તરોની માન્યતાઓ ધ્યાને લઈ કર્મના સિદ્ધાંત પર કંઈક વધુ ભાર મૂકેલ છે. તેથી જૈન દર્શન અને જૈન આગમોનું યથાર્થ અને પૂર્ણજ્ઞાન કર્મતત્ત્વને જાણ્યા વિના કોઈ પણ રીતે થઈ શકતું નથી. આ વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્તિ માટે આરંભિક મુખ્ય સાધન જો કોઈ હોય તો એ ફક્ત કર્મગ્રંથો જ છે. કર્મ પ્રકૃતિ, પંચ સંગ્રહ વગેરે કર્મ સાહિત્ય વિશાળ સમુદ્ર સમાન મહાગ્રંથોમાં પ્રવેશવા માટેની પ્રાથમિક લાયકાત જો કોઈ હોય તો, એ ફક્ત કર્મગ્રંથનો અભ્યાસ જ ખૂબ અનિવાર્ય છે. આથી જ કર્મગ્રંથોનું સ્થાન જૈન સાહિત્યમાં અતિ ગૌરવભર્યું રહે છે. એટલે જ જૈન સાહિત્યમાં કર્મગ્રંથનો સવિશેષ પ્રભાવ રહેલ છે. તેથી જૈન ધર્મ અને જૈન સાહિત્યમાં આ કર્મગ્રંથનું સ્થાન આજ પર્યંત અદ્વિતીય છે.

સમાલોચના

આ ચર્ચાની સમાલોચના કરતા હું એટલું જ કહીશ કે, સૃષ્ટિના જીવ માત્રને પોતાના સકંજામાં લેતા કર્મને કારણે જ જીવની સારી-ખરાબ ગતિ થતી આવી છે. તેથી જ જીવને રાગ-દ્વેષ અને કષાયની વિષ્ટામાં રગદોળાવું પડે છે. એટલું જ નહિ અરે! અનંત સાગરસમા જીવને આજ કર્મ અલ્પ-કુંઠિત શક્તિમાં કેદ કરી લાચાર બિચારો પણ બનાવે છે. તેમાંથી તારનાર શ્રી અરિહંત ભગવંતો જીવતા અરિ (શત્રુ)રૂપ કર્મોને સર્વથા હણી સ્વયં અરિહંતનોબને જ છે. એટલું જ નહિ, સમવસરણમાં વહેતી ધર્મદેશનાના માધ્યમે એ કર્મોનું વાસ્તવિક યથાર્થ સ્વરૂપ એ જ કર્મનું રહસ્ય છે કે જેને જાણ્યા પછી સમજીને વ્યક્તિ માત્ર અરિહંત તો બને જ છે, પણ નિર્વાણપદ સુધી પહોંચી શકે છે. એ ત્યારે કે જ્યારે કર્મ ક્ષય દ્વારા વિશ્વને કર્મ મુક્ત થવાનો મંગલમય માર્ગ દર્શાવાય છે એ નિરૂપણને જ કર્મ સાહિત્ય શબ્દથી ઓળખીએ છીએ. તેમાં કર્મગ્રંથો જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથમાં કોહીનુર હીરાની જેમ આજે પણ એટલા જ તેજથી પ્રકાશી રહ્યા છે. ✷✷✷

મોબાઈલ ફોન નં. ૦૯૮૨૪૯૮૦૫૦૬ છે.

વાદિવેતાલ શાંતિસૂરિજી (૧૧મી સદી) રચિત

'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથ અને ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : એક અધ્યયન

❑ માવજી કે. સાવલા

[જન્મ ૧૯૩૦. વ્યવસાયે ઠેઠથી વેપારી એવા કચ્છ-ગાંધીધામના માવજી કે. સાવલાએ સને ૧૯૬૮માં ફિલસૂફીના વિષયમાં એમ.એ. કર્યું. ૧૯૬૮ થી ૧૯૭૪ એમણે પી.એચડી.ના થિસીસ માટે તત્ત્વજ્ઞાનના સંદર્ભે ઉત્ક્રાંતિવાદનું સઘન અધ્યયન કર્યું. ૧૯૭૪ થી ૭૭ કચ્છ આદિપુરની તોલાણી આર્ટ્સ કૉલેજમાં ફિલસૂફી વિભાગમાં તેઓ અધ્યાપક પણ રહ્યા. ફિલસૂફીના વિષયને કેન્દ્રમાં રાખીને એમણે લખેલ પુસ્તકોની સંખ્યા પચાસેકની છે.]

'જગતનું કારણ બ્રહ્મ શું છે? આપણે શામાંથી ઉત્પન્ન થયા છીએ? આના આધારે આપણે જીવી શક્યા છીએ? કોના નિયમ તળે રહીને આપણે સુખદુ:ખ અનુભવીએ છીએ?'

-શ્વેતામ્બર ઉપનિષદ: પ્રથમ મંત્ર

બાળક દોઢેક વર્ષની ઉંમરનું થતાં જ બોલતાં શીખે એટલે પોતાની આસપાસ જે કંઈ જુએ એ શું છે તે જાણવા માટે સતત પ્રશ્નો કરતું રહે છે. મનુષ્યની આ કુતૂહલવૃત્તિને પણ આહાર, મૈથુન અને ભયની જેમ મૂળભૂત વૃત્તિ ગણી શકાય. પુખ્ત ઉંમરે પહોંચતાં પોતાની આસપાસના જગતને વધુ ને વધુ જાણવાની વૃત્તિ તીવ્ર થતી જાય છે. પ્રાકૃતિક વિજ્ઞાન અને માનવવિદ્યાની અનેકવિધ શાખાઓનો વિકાસ એમાંથી જ થયો છે. વેદ ગ્રંથોમાંના 'વેદ' શબ્દનું મૂળ છે 'વિદ્' એટલે કે જાણવું. જુદા જુદા ધર્મના મૂળ ગ્રંથોમાં મનુષ્યને જાણવા માટેનું બધું જ આવી જાય છે એવું જે-તે ધર્મને અનુસરનારાઓનું મનોવલણ હોય છે. 'દુનિયાના તમામ ગ્રંથો ભલે કોઈ કારણસર નાશ પામે પણ એક માત્ર કુરાનનો ગ્રંથ બચી જાય તો પણ એમાંથી માનવીને જીવનપાથેય મળતું રહેશે' એવું કુરાન વિશે કહેવાયું છે. ભારતીય ધર્મગ્રંથો વિશે પણ એવું કહી શકાય. માત્ર ધર્મગ્રંથો જ નહિ, પરંતુ ગ્રીક તત્ત્વચિંતક સોક્રેટિસના શિષ્ય પ્લેટોના 'રિપબ્લિક' ગ્રંથ વિશે આવું જ વીસમી સદીના પ્રસિદ્ધ વિદ્વાન ઈમર્સને કહ્યું છે.

'પિંડે સો બ્રહ્માંડે-બ્રહ્માંડે સો પિંડે' એવા સૂત્રનો અર્થ ઘણો ઊંડો છે. આજના વિજ્ઞાને પદાર્થ જગતના ૧૧૫ થી વધુ મૂળ તત્ત્વો(elements) ની ઓળખ કરી લીધી છે એટલું જ નહિ પરંતુ માનવશરીરમાં આ બધા જ તત્ત્વો મોજૂદ હોય છે એવું પણ વિજ્ઞાને જ સિદ્ધ કરી બતાવ્યું છે. 'બ્રહ્માંડે સો પિંડે' આ અર્થમાં પણ બરાબર સમજી શકાય છે.

જગતને જાણવાનો માર્ગ ઘણો ઘણો લાંબો અને કદાચ અંતહીન છે. જ્યારે વાસ્તવમાં ધર્મ-અધ્યાત્મક્ષેત્રનો પોતાને જાણવા માટેનો માર્ગ સાવ ટૂંકો છે. 'એક સધ-સબ સધે' જેવો પોતાને જાણવાનો માર્ગ છે.

જ્ઞાન પ્રાપ્તિનો-કેવળજ્ઞાનનો-આત્મજ્ઞાનનો-આત્મસાક્ષાત્કારનો માર્ગ એ પોતાને જાણવાનો માર્ગ છે. તીર્થંકરો-કેવળજ્ઞાનીઓ ક્ષણમાત્રના ઉપયોગથી સંસારની તમામ બાબતો-બનાવો-હકીકતોને જાણી શકે છે તે આ અર્થમાં જ.

ચાર્લ્સ ડાર્વિને જુદા જુદા અનેક ટાપુઓ પર ભ્રમણ કરીને અનેક વનસ્પતિઓ, એક કોષી જીવ-અમીબાથી કરીને મનુષ્ય સુધીની-જીવસૃષ્ટિના વિકાસની-ઉત્ક્રાન્તિવાદના સિદ્ધાંતની જગતને ધારણા આપી. એણે એનું આખું જીવન એની પાછળ વીતાવ્યું. જૈન આગમગ્રંથોમાં સંસારની રચના વિશેની આવી બધી બાબતોમાં જીવજગત અંગેની વિસ્તારથી સમજણ અપાઈ છે. આગમ પ્રણિત જૈન દર્શનમાં દ્રવ્યના સિદ્ધાંતમાં જીવતત્ત્વ અને અજીવતત્ત્વ એવા બે મુખ્ય ભેદો કહ્યા છે. ભારતીય પરંપરામાં જન્મજન્માંતરમાં ચોર્યાસી લાખનું ચક્કર-ચોર્યાસી લાખ યોનિની વાત ઠેઠથી કહેવાતી જ રહી છે, પરંતુ જગતના કોઈપણ ધર્મ કે તત્ત્વજ્ઞાનમાં આ ચોર્યાસી લાખ યોનિની વિગતો-વર્ગીકરણ અને લક્ષણો સહિતની સંખ્યાની પ્રસ્તુતી જોવા-જાણવામાં આવી નથી; એટલે જ વિક્રમ સંવત ૧૦૦૪માં થઈ ગયેલ વાદિવેતાલ શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજ વિરચિત 'જીવ-વિચાર પ્રકરણ'નું મહત્ત્વ અને મૂલ્ય આજે મોડે મોડે મને સમજાયું છે. આજે પ્રથમ આ ગ્રંથનો અને એમાંની સામગ્રીનો પરિચય આપવાનો ઉપક્રમ છે; એના અનુસંધાને ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદને કંઈક તપાસવાનો હેતુ છે.

ગ્રંથકર્તા શાંતિસૂરિજીનો તપાગચ્છની પટ્ટાવલીમાં આ પ્રમાણે ઉલ્લેખ છે: 'સંવત ૧૦૦૪માં 'જીવ વિચાર પ્રકરણ'ના કર્તા વડગચ્છના વાદિવેતાલ શાંતિસૂરિ થયા. આ વાદિવેતાલનું બિરૂદ તેઓશ્રીને લધુભોજરાજાએ આપ્યું હતું. ચક્રેશ્વરી અને પદ્માવતી દેવીની સહાયથી ૧૦૯૭માં તેમણે શ્રીમાળીના ૭૦૦ ગોત્રને ધુલિકોટ પડવાની આગાહી જણાવી તેમનું રક્ષણ કર્યું હતું. ઉત્તરાધ્યયન સૂત્રની મોટી ટીકા ૧૮૦૦૦ શ્લોક પ્રમાણની તેમણે રચી છે, જે ઉત્તરાધ્યનની પાઈઅ ટીકા કહેવાય છે. કાન્હોડ નગરમાં સંવત ૧૧૧૧માં તેમનું સ્વર્ગગમન થયું.'

ધનપાલ પંડિત કૃત 'તિલકમંજરી'નું પણ એમણે સંશોધન કરેલ છે. તે ઉપરથી આ 'જીવ-વિચાર પ્રકરણ' એમણે અગિયારમા સૈકામાં

રચ્યું હોવાનું પ્રમાણ મળે છે. શાંતિસૂરિજીના 'જીવ-વિચાર પ્રકરણ' ઉપર પાઠક રત્નાકરજીએ સંવત ૧૬૧૦માં બૃહદ્‌વૃત્તિ રચી છે. સંવત ૧૭૮૫માં મુનિ ક્ષમાકલ્યાણજીએ એના પર લઘુવૃત્તિ રચી છે.

'જીવ-વિચાર પ્રકરણ'ની મંગળાચરણ રૂપે પ્રથમ ગાથા છેઃ

'ભુવણપઈવં વીરં નમિઊણ ભણામિ અબુહ-બોહત્થં ।
જીવસરૂવં કિંચિ વિ જહ ભણિયં પુવ્વસૂરીહિં ।।'

અર્થાત્ 'ભુવનમાં દીપક સમાન મહાવીર સ્વામીને નમસ્કાર કરી પૂર્વના આચાર્યોએ જેમ કહ્યું છે તેમ હું જીવોનું ટૂંક સ્વરૂપ અજ્ઞાન-જીવોને સમજાવવા કહું છું.'

ષડદર્શનોમાં વેદાતંદર્શન એક જ તત્ત્વને (બ્રહ્મ) માન્ય કરે છે. કપિલમુનિ રચિત 'સાંખ્યદર્શન' પુરુષ અને પ્રકૃતિ એમ બે તત્ત્વોથી સૃષ્ટિનું નિરૂપણ કરે છે. પાતંજલ રચિત યોગદર્શન પુરુષ, પ્રકૃતિ અને ઈશ્વર એમ ત્રણ તત્ત્વોથી સંસારની રચનાને સમજાવે છે જ્યારે જૈનદર્શને નવ તત્ત્વોમાં સંસારનું નિરૂપણ કર્યું છે. નવતત્ત્વ પ્રકરણની પ્રથમ ગાથા આ પ્રમાણે છેઃ

જીવાઽજીવા પુણ્ણં, પાવાઽઽસવ સંવરો ય નિજ્જરણા।
બન્ધો મુકખો ય તહા, નવતત્તા હુંતિ નાયવ્વા।।

અર્થાત્ : જીવ-અજીવ-પુન્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ એમ નવ તત્ત્વ જાણવા.

આમ અહીં શાંતિસૂરિજીએ નવ તત્ત્વમાંના એક જીવ તત્ત્વનું વિસ્તારથી અને તદ્દન તાટસ્થ્યપૂર્વક જ્ઞાનીઓએ જોયા-ભાખ્યા પ્રમાણેનું નિરૂપણ કર્યું છે.

અગાઉ આપણે ઉલ્લેખ કર્યો એમ ચોર્યાસી લાખ જીવયોનિઓ વિશે અન્ય કોઈ ભારતીય ધર્મો કે દર્શનશાસ્ત્રોમાં વર્ગીકરણ ભેદો-પ્રભેદોના આધારે આ ચોર્યાસી લાખની સંખ્યા મારા જોવા જાણવામાં આવેલ નથી.

'જીવ-વિચાર પ્રકરણ'ની ગાથા ક્રમાંક ૪૫-૪૬ અને ૪૭માં આ ચોર્યાસી લાખ જીવ પ્રકારોનું વર્ણન છે, જેના સાર રૂપે સંક્ષેપમાં આ વર્ગીકરણ આ મુજબ અહીં નોંધીએઃ

પૃથ્વીકાય	૭ લાખ
અપકાય	૭ લાખ
તેઉકાય	૭ લાખ
વાયુકાય	૭ લાખ
પ્રત્યેક વનસ્પતિકાય	૧૦ લાખ
સાધારણ વનસ્પતિકાય	૧૪ લાખ
બે ઈન્દ્રિય	૨ લાખ
ત્રણ ઈન્દ્રિય	૨ લાખ
ચાર ઈન્દ્રિય	૨ લાખ
તિર્યંચ પંચેન્દ્રિય	૪ લાખ
દેવતા	૪ લાખ
નારકી	૪ લાખ
મનુષ્યો	૧૪ લાખ
કુલ	૮૪ લાખ

અહીં પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને બે પ્રકારના વનસ્પતિકાય જીવોને એક જ જ્ઞાનેન્દ્રિય એટલે કે સ્પર્શેન્દ્રિય માત્ર હોવાનું કહેવાયું છે. પૃથ્વીકાય-અપકાય-તેઉકાય અને વાઉકાય એ પંચમહાભૂતોમાંના ચાર મહાભૂતનો પર્યાય (પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ) સમજી શકાય એમ છે.

જૈનધર્મનો પાયો અહિંસા છે, એટલું જ નહિ પણ અહિંસાની જેટલી હદે સૂક્ષ્મ વિચારણા જૈનદર્શનમાં છે એટલી સૂક્ષ્મ વિચારણા વિશ્વના કોઈપણ ધર્મ-દર્શનમાં નથી જ થઈ. અહીં આપણે જૈનોના નિત્યકર્મ સમાન પ્રતિક્રમણનું ઉદાહરણ લઈએ; પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું અર્થાત્ ક્ષમાભાવ દ્વારા પાપકર્મથી મુક્ત થતા જવું. સવારે અને સાંજે ૪૮ મિનિટના આ પ્રતિક્રમણ દ્વારા ચોવીસ કલાકમાં થતાં પાપકર્મોનો એકરાર અને એમાંથી પાછા ફરવાનો ભાવ છે. એટલે જ પ્રતિક્રમણમાં બોલાતા સૂત્રોમાંનું એક સૂત્ર 'સાત લાખ...' છે જેમાં ૮૪ લાખ પ્રકારના જીવોની જાણ્યે–અજાણ્યે થયેલી હિંસા માટેની ક્ષમાયાચનાનો ભાવ છે.

'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથમાં જીવતત્ત્વનું પ્રાથમિક વર્ગીકરણ પ્રત્યેક વર્ગની યોનિની સંખ્યાના આધારે કરીને કુલ્લે ૮૪ લાખની સંખ્યા આપણને મળે છે. આધુનિક વિજ્ઞાનની જીવશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર (બાયોલોજી અને બોટોની)માં યોનિ શબ્દના પર્યાય તરીકે 'જાતિ' અને 'પ્રજાતિ' (જાતિ અને ઉપજાતિ) શબ્દ પ્રયોજાય છે અને આપણે પણ શક્ય હશે ત્યાં એ અર્થમાં આવા પર્યાયનો આશ્રય લઈશું.

જીવજાતિઓના વર્ગીકરણ જુદા-જુદા લક્ષણોથી પણ અહીં આપણને જોવા મળે છે. દા. ત. સૂક્ષ્મ અને બાદર એવા બે વિભાગોમાં વર્ગીકરણ; સૂક્ષ્મ એટલે નરી આંખે જોઈ ન શકાય એવાં; બાદર એટલે નરી આંખે જોઈ શકાય એવા જીવ. એવી જ રીતે ત્રસ અને સ્થાવર એવા બે ભેદે પણ વર્ગીકરણ કરવામાંઆવે છે. ત્રસ એટલે હલનચલન કરનાર અને સ્થાવર એટલે કે સ્થિર.

'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથની માત્ર અનુક્રમણિકા પર નજર કરીએ તો આશ્ચર્યચકિત થઈ જઈએ. પરંતુ અહીં આપણે એની વિગતોમાં નહિ જઈએ, છતાં સંક્ષેપમાં થોડોક ખ્યાલ આપવા માટે કેટલાક મુદ્દાઓની નોંધ કરીએ.

કેટલીક જાતિઓના આયુષ્ય, કદ ઉપરાંત વિધવિધ લાક્ષણિકતાઓનું અહીં વિગતે વર્ણન મળે છે. દેવલોક અને નરકલોકના જીવની પણ આવી વિગતો અહીં આપવામાં આવી છે. વળી પાંચ જ્ઞાનેન્દ્રિયો (સ્પર્શ, રસ, ગંધ, શ્રવણ અને દૃષ્ટિ)ના સંદર્ભે

પણ અહીં આ પાંચ વિભાગની જીવ-જાતિઓના ઉદાહરણોથી પણ આ બાબત ગાથા ક્રમાંક ૧૫થી ૨૪માં વિસ્તારથી સમજાવવામાં આવી છે. દા. ત. ગાથા ક્રમાંક ૧૭નો અનુવાદ અહીં નોંધીએઃ

કાનખજૂરા, માંકડ, જૂ, કીડી, ઊધઈ, મંકોડા, ઈયળ, ઘિમેલ (લાલ રંગનું મંકોડાની જાતનું જીવડું), સાવા અને ઝીંગૂર (એક પ્રકારનું તમરું)ની જાતો તથા ગધ્યૈયા, વિષ્ટાના જીવડાં, છાણનાં જીવડાં, ધનેડાં, કંથવા, ગોપાલિક, ઈયળ, ગોકળગાય વગેરે તેઈન્દ્રિય જીવો છે એટલે કે સ્પર્શ, રસ અને ગંધ એ ત્રણ જ્ઞાનેન્દ્રિયો આ જીવોને હોય છે.

આજથી એક હજાર વર્ષ પૂર્વે જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીએ શોધેલા સાધનો દ્વારા પ્રયોગો અને ચકાસણીના કોઈ સાધનો જ નહોતા ત્યારે અનેકવિધ જીવ-જાતિઓની આટલી સૂક્ષ્મ અને સચોટ વિગતો અહીં અપાઈ છે; દેખીતી વાત છે કે કોઈ પ્રયોગશાળા જેવાં પરીક્ષણોથી નહિ પરંતુ તીર્થંકરો–જ્ઞાનીઓને એક પળ માત્રમાં થઈ શકતા સમગ્ર બ્રહ્માંડના જ્ઞાન-દર્શનથી જ આ હકીકતો આપણને મળે છે.

પંચમહાભૂતોમાંના ચાર મહાભૂત (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ)નો પણ અહીં જીવ-જાતિમાં સમાવેશ કરવામાં આવેલ છે, એટલું જ નહિ એ પ્રત્યેક જીવ-જાતિના નામ સહીત થોડા ઉદાહરણો આપવામાં આવ્યા છે. દા. ત. ગાથા ક્રમાંક ૩ અને ૪ :

સ્ફટિક, મણિ, રત્ન, પરવાળાં, હિંગળો, હડતાલ, માગસીલ, પારો, સોનું વગેરે ધાતુઓ, ખડી, રમચી, અરણેટ્ટી, પાષાણ, અબરખ, તેજંતુરી, ખારો, માટી, સુરમો મીઠું વગેરે પૃથ્વીકાય જીવોના ભેદો છે.

કેવી આશ્ચર્યજનક આ બાબત છે! આ પૃથ્વીકાય જીવોને એક જ જ્ઞાનેન્દ્રિય–સ્પર્શેન્દ્રિય હોય છે. 'કાય' શબ્દ અહીં કાય એટલે કે શરીરના અર્થમાં છે.

વેદાંત દર્શનના સૂત્ર 'સર્વ ખલુ ઈદમ્ બ્રહ્મમ્' પણ શું આવો જ સંકેત નથી આપતું ?

અહીં આ નિબંધનું કેન્દ્રવર્તી લક્ષ્ય પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા સમગ્ર જીવોના વર્ગીકરણને કેટલાંક સંદર્ભોથી મૂલવવાનું છે; એ સંદર્ભે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને સંક્ષેપમાં સમજી લેવો આવશ્યક છે.

વીસમી સદીમાં માનવજીવનના ઘણા બધાં પાસાંઓ પર ભારે ઊંડો પ્રભાવ પાડનાર ત્રણ વ્યક્તિઓએ પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો છે.

(૧) ચાર્લ્સ ડાર્વિન [૧૮૦૯-૧૮૮૨]નો ઉત્ક્રાંતિવાદ-વિકાસવાદનો સિદ્ધાંત.

(૨) કાર્લ માર્ક્સ [૧૮૧૮-૧૮૮૩]નો સામ્યવાદ.

(૨) સિગ્મંડ ફ્રોઈડ [૧૮૫૬-૧૯૩૯]ની મનોવિજ્ઞાનિક ક્ષેત્રે સાઈકો એનાલિસિસની વિચારધારા.

ચાર્લ્સ ડાર્વિને બે દાયકાથી વધુ સમયના રઝળપાટ, અભ્યાસ, સંશોધન, નિરીક્ષણો, ઊંડી વિચારણા તેમજ એ વિષય સંબંધિત અનેક વૈજ્ઞાનિક ગ્રંથોના અધ્યયન પછી પોતાના મહાન ગ્રંથ Origin of Species દ્વારા પ્રાકૃતિક વિજ્ઞાનક્ષેત્રે સૌ પ્રથમવાર આ પૃથ્વી પરની જીવસૃષ્ટિના ઉદ્‌ગમ અને વિકાસનો પોતાનો સિદ્ધાંત સ્થાપિત કર્યો. જ્યારે તે પોતાના આખરી નિષ્કર્ષ પર પહોંચ્યો ત્યારે તેણે કહ્યું હતું – 'સૃષ્ટિની રચના અને વિકાસના રહસ્યો આડેનો મારી આંખ સામેનો પરદો ખસી ગયો છે.' શું છે ડાર્વિનનો આ વિકાસવાદ? આપણે સંક્ષેપમાં એના મુખ્ય આધારોની જ વાત કરીશું.

આ પૃથ્વી નામના ગ્રહ ઉપર આજથી આશરે અઢી અબજ વર્ષ પૂર્વે સૌ પ્રથમ એકકોષી જીવોનો (અમીબા) આરંભ થયો. અઢી અબજ વર્ષના આ સમયગાળા દરમિયાન આ જીવસૃષ્ટિનો વિકાસક્રમ મનુષ્ય સુધી પહોંચ્યો. એને પણ પચાસેક લાખ વર્ષ થઈ ચૂક્યાં છે. પુરાતત્ત્વિય અવશેષોની કડક વૈજ્ઞાનિક પદ્ધતિએ ચકાસણીઓ પછી એવું પણ પ્રસ્થાપિત કરાયું છે કે આજથી સત્તર લાખ વર્ષ પૂર્વેના મનુષ્યની ઊંચાઈ ત્રણેક ફૂટ હતી અને એના મગજનું કદ સાતસો સી. સી. હતું. આજના માનવીની સરેરાશ પાંચેક ફૂટથી વધુ ઊંચાઈ અને મગજનું કદ ૧૩૦૦-૧૪૦૦ સી. સી. થવામાં ૧૭ લાખ વર્ષ લાગ્યાં છે. જીવસૃષ્ટિના આ વિકાસમાં કારણભૂત એવાં ચાર પરિબળો ડાર્વિન આ પ્રમાણે ગણાવે છેઃ

(૧) આકસ્મિક વૈવિધ્ય [Accidental Variations]

(૨) પ્રકૃતિની પસંદગી [Natural Selection]

(૩) અસ્તિત્વ ટકાવવા માટેનો સંઘર્ષ [Struggles for Existance]

(૪) અસ્તિત્વ માટેના આ સંઘર્ષમાં વધુ સક્ષમ જીવોનું ટકી રહેવું. [Survival of the fittest]

કોઈ પણ એક જાતિના બધા જ જીવો બધી જ બાબતોમાં એકસમાન હોતા નથી. દા.ત. બધા જ હરણની દોડવાની ગતિ એક સમાન હોતી નથી. આથી જેઓ વધુ ઝડપથી દોડીને વાઘ-સિંહ જેવાં હિંસક પ્રાણીઓનાં શિકાર થતાં બચી શકે છે તેઓ અસ્તિત્વ માટેના સંઘર્ષમાં ટકી શકે છે અને એ પ્રાણીઓ પોતાની વિશેષ શક્તિઓ પોતાની સંતતિને વારસામાં પણ આપે છે. અર્થાત્ 'જીસકી લાઠી ઉસકી ભેંસ'ના ન્યાયની જેમ સબળાઓને ટકી રહેવાના અને પોતાનો ખોરાક મેળવવા તેમજ અન્ય હિંસક પ્રાણીઓથી બચવાના વધુ સંજોગો હોય છે. આમ વારસા દ્વારા મળેલ વિશેષ શક્તિઓ–સક્ષમતાને કારણે કેટલીક જીવજાતિઓ હજારો–લાખો વર્ષના સમયગાળા દરમિયાન આશ્ચર્યજનક વિકાસ અને પરિવર્તન પામે છે. આજનો ઘોડો લાખો વર્ષ પૂર્વે એક ઉંદર જેવો હતો

'વાંદરામાંથી મનુષ્ય થયો' એવું ડાર્વિનના નામે કહેવું એ અધકચરી વાત છે. ૧૭ લાખ વર્ષ પહેલાંનો માનવી અને આજની વાનરોની સૌથી વિકસિત પેટાજાતિના વાનરના ફોટોગ્રાફ

સાથોસાથ રાખીને જોવાથી આ વાત કંઈક સમજાશે.

જૈનદર્શનના સંદર્ભે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને જોવા-તપાસવામાં વિચારણીય મુદ્દાઓ આ પ્રમાણે નોંધી શકાય.

ડાર્વિને માત્ર આ પૃથ્વી પરની જીવસૃષ્ટિને જ ધ્યાનમાં લીધી છે. આજના વિજ્ઞાનક્ષેત્રે હવે ચાલી રહેલ સંશોધનો પણ એવા સંકેતો આપે છે કે પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો પર પણ કદાચ જીવસૃષ્ટિ હોય. જૈનાગમો પ્રમાણે આ પૃથ્વી (ભરતક્ષેત્ર) સિવાય મહાવિદેહક્ષેત્રનું વિસ્તારથી અને સવિગત છે, જ્યાં આપણી પૃથ્વી કરતાં વધુ વિકસિત એવી સંસ્કૃતિ હોવાનું સહજ સ્વીકૃત છે.

દેખીતી વાત છે કે હિન્દુ દર્શનો સિવાય પુનર્જન્મની બાબત અન્ય કોઈ ધર્મ કે દર્શનમાં માન્ય નથી. પરંતુ હવે જે સંશોધનો થઈ રહ્યાં છે, નવી નવી ઘટનાઓ–હકીકતો આપણી સામે આવી રહી છે એમાં પુનર્જન્મના વધુ ને વધુ કિસ્સાઓ પ્રકાશિત થતા રહે છે. હાલમાં જ પ્રકાશિત પુસ્તક `Many lives'ના મનોચિકિત્સક લેખક Britan Weissએ પોતાની પ્રેકટીસ દરમિયાન કેટલાક દરદીઓને સારવારના છેલ્લા વિકલ્પ તરીકે હિપ્નોટીઝમનો આશ્રય લીધો હતો અને એવા દરદીઓએ બસો, પાંચસો, પંદરસો વર્ષ પૂર્વેના પોતાના જન્મોની ઘટનાઓ હિપ્નોસીસ દરમિયાન કહી સંભળાવી હતી અને એ બધી દાસ્તાનોના રેકોર્ડિંગના આધારે આ પુસ્તક લખાયું છે. અહીં એ પણ ધ્યાનમાં લેવાનું છે કે ખ્રિસ્તી ધર્મમાં પુનર્જન્મ જેવી ધારણાને સ્થાન જ નથી.

ફરી એકવાર આપણે'જીવ-વિચાર પ્રકરણ' ગ્રંથમાં વર્ગીકરણના એક મહત્ત્વના મુદ્દા પર આવીએ :

જ્ઞાનેન્દ્રિયોના આધારે વર્ગીકરણમાં ચૈતન્યના વિકાસની બાબત ઘણી મહત્ત્વની બની રહે છે. વળી પુનર્જન્મ સાથે અનિવાર્ય એવી કર્મ અને કર્મફળની બાબતને સમજી લેવાથી ડાર્વિનના તારણોની થોડીક મર્યાદાઓ છતી થઈ જાય છે. અમીબાથી લઈને મનુષ્ય સુધીના વિકાસક્રમની સાંકળમાં ડાર્વિને પોતે પણ કેટલીક ખૂટતી કડીઓ [Missing link]નો સ્વીકાર અને એકરાર કર્યો છે. આ બ્રહ્માંડમાં ગ્રહો અને ઉપગ્રહોની સંખ્યા તો અબજોની છે. કોઈપણ જીવ પોતાના કર્મના પુદ્‌ગલો સાથે લઈને ચૈતન્ય રૂપે અબજો માઈલ દૂરના કોઈ પણ ગ્રહ ઉપર નવો જન્મ લઈ શકે છે એ તો આપણે ભારતીયોને સહજ સમજાય અને પ્રતીતિકારક લાગે તેવી વાત છે. ડાર્વિને જે ખૂટતી કડીઓની વાત કરી છે એનું અનુસંધાન કદાચ આમાં જ હોય.

કર્મના પુદ્‌ગલો સાથે લઈને આત્મા આ બ્રહ્માંડના વિધવિધ પ્રદેશોમાં પોતાના કર્માનુસાર ફરી ફરીને જન્મ ધારણ કરે છે અને પોતાના સંચિત કર્મો મુજબ પંચમહાભૂતના તત્ત્વોને ગ્રહણ કરીને આ ૮૪ લાખ યોનિમાંથી કોઈપણ એક જીવજાતિ તરીકે દેહ ધારણ કરે છે. આ સંદર્ભે નરસિંહ મહેતાની આ બે પંક્તિઓમાં પણ આવો જ કંઈક ગહન અર્થ સમાયેલો છે:

'પંચમહાભૂત તો પરબ્રહ્મથી ઉપન્યાં
અણુઅણુમાં રહ્યાં છે તેહ વળગી.'

ફિલસૂફીની જુદી જુદી વિદ્યાશાખાઓમાં એક શાખા 'સૃષ્ટિરચના' [COSMOLOGY] તરીકે ઓળખાય છે. આ પૃથ્વી પર જીવસૃષ્ટિના વિધવિધ જીવજાતિઓના વિકાસ ક્રમને ચાર્લ્સ ડાર્વિને ઉત્ક્રાંતિ જેવો શબ્દ આપ્યો છે. દેખીતી રીતે જ ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં સૃષ્ટિના ઉદ્‌ભવની જે ધારણાઓ છે એ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને સ્વીકારી શકે નહિ. અમેરિકાના પાઠ્યપુસ્તકોમાં–પાઠમાળાઓમાં ડાર્વિન વિશેના લેખો હતા જ અને એ લેખો કાઢી નખાવવા માટે અમેરિકાના કેન્સાસની અદાલતમાં કેસ પણ દાખલ કરાયા હતા.

આધુનિક તત્ત્વચિંતકોએ પણ ઉત્ક્રાંતિ–વિકાસવાદ જેવી કેટલીક ધારણાઓ આપી છે. એની વિગતોમાં અહીં આપણે ન જઈએ પરંતુ શ્રી અરવિંદે પ્રસ્તુત કરેલ ધારણા તાત્ત્વિક દૃષ્ટિએ મહત્ત્વની જણાય છે. શ્રી અરવિંદે ઉત્ક્રાંતિના ક્રમમાં નીચે મુજબનો ક્રમ દર્શાવ્યો છે:

(૧) ભૌતિક દ્રવ્ય [MATTER]
(૨) પ્રાણ [LIFE]
(૩) મન [MIND]
(૪) બ્રહ્મ [ABSOLUTE]

શ્રી અરવિંદ કહે છે કે આ ચક્રાકાર વિકાસ સતત ચાલ્યા કરે છે. બ્રહ્મતત્ત્વ દ્રવ્યમાં ઉતરીને પ્રાણ, મનના સ્તરો પાર કરીને ફરી બ્રહ્મમાં પહોંચે છે, એટલે કે ચડ-ઊતરના ક્રમમાં વિકાસની આ માળા ફરતી રહે છે. આ ચડ-ઊતરના ક્રમ માટે અરવિંદે Descent (બ્રહ્મતત્ત્વનું ભૌતિક દ્રવ્ય સુધી ઊતરવું) અને Ascent (ભૌતિક દ્રવ્યમાંથી ક્રમશઃ ફરી absolute [બ્રહ્મ] સુધી પહોંચવું) એવા શબ્દો પ્રયોજ્યા છે. શ્રી અરવિંદે મનના સ્તરથી ઉર્ધ્વીકરણમાં સુપર માઈન્ડ અને ઓવર માઈન્ડની વાત પણ કરી છે. એક માત્ર આપણા આગમ- ગ્રંથોમાંથી તારવેલ 'જીવ-વિચાર પ્રકરણ'માં વિશ્વમાં સૌ પ્રથમ વાર ઓછી-વધુ વિકસિત જીવસૃષ્ટિની આ બ્રહ્માંડના વિધવિધ ગ્રહો પર હોવાની વાત કરી છે. માત્ર આપણી સૂર્યમાળામાંના ગ્રહોની સંખ્યા કરોડોની છે, અને એવી તો બ્રહ્માંડમાં અસંખ્ય સૂર્યમાળાઓ છે એવું વિજ્ઞાને નોંધ્યું છે. આપણી સાત નારકી, સોળ દેવલોક વગેરેને બ્રહ્માંડમાંના જુદા જુદા ગ્રહો પરની સૃષ્ટિની વિકસિત જીવજાતિ ગણી શકાય.

'જીવ-વિચાર પ્રકરણ'માં જેને જૈન ભૂગોળ કહી શકાય એવો અઢી દ્વીપનો નકશો આકૃતિરૂપે આપવામાં આવ્યો છે; જે પ્રમાણે જંબુદ્વીપ, ઘાતકીખંડ દ્વીપ અને અર્ધપુષ્કરાવર્ત દ્વીપ એમ અઢી દ્વીપમાં જ લોકો રહે છે.

માત્ર આ પૃથ્વી પરની જીવસૃષ્ટિના વિકાસના સંદર્ભે એક મહત્ત્વનું અને દિશાસૂચક સૂત્ર ફ્રેન્ચ તત્ત્વચિંતક ટેલહાર્ડ દ શાર્ડીનના ગ્રંથોમાંથી મને યાદ રહી ગયેલ છે. શાર્ડીન કહે છે કે મનુષ્યના

પ્રાગટ્ય અગાઉ આ વિકાસ પ્રકૃતિના અંધ પરિબળોથી લોહીના વારસાના માધ્યમથી (ઈન્ટરબ્રીડીંગથી) થતો રહ્યો. હવે મનુષ્યનો આગળ ઉપરનો વિકાસ ચિંતન-જ્ઞાનના આદાનપ્રદાન એટલે કે વિનિમય (ઈન્ટરથીંકીંગથી)થી જ થશે. શાર્ડીને આ વિષય પર ૪-૫ ગ્રંથોની એક શ્રેણી જ આપી છે.

અને છેલ્લે:

ડાર્વિનની ઉત્ક્રાંતિની પ્રક્રિયામાંના ચાર પરિબળોમાં પ્રથમ પરિબળ તરીકે 'આકસ્મિક વૈવિધ્ય'ને ગણાવ્યું છે. આકસ્મિક એટલે શું ? કોઈ એક જીવજાતિમાં જુદા જુદા જીવોમાં જે ભિન્નતા-વૈવિધ્ય દેખાય છે એમાં કર્મના પુદ્‌ગલો – કર્મ અને કર્મફળ અને પુનર્જન્મના સિદ્ધાંતને જો જોડવામાં આવે તો આ સૃષ્ટિની રચના પાછળના તમામ રહસ્યો આડેનો પરદો હટી જાય છે. અન્ય ત્રણ પરિબળોનું પણ મૂળ ચાલક બળ એમાં જ સમાયેલું છે. ધી લાઈફ ડીવાઈનમાંના શ્રી અરવિંદના શબ્દોમાં હવે સમાપનઃ

`Rebirth is an indispensable machinery for the working out of a spiritual evolution; it is the only possible effective condition, the obvious dynamic process of such a manifestation in the material universe.' ✷✷✷

સંદર્ભ સૂચિ : (૧) જીવ-વિચાર (અર્થસહિત) : શાંતિસૂરીશ્વરજી વિરચિત : પ્રકાશક : શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, છઠ્ઠી આવૃત્તિ (સને ૧૯૫૩). **(૨) નવતત્ત્વ પ્રકરણ** (સાર્થ) : પ્રકાશક : શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા, બીજી આવૃત્તિ (સને ૧૯૩૪). **(૩) સમણસુત્તં** (જૈનધર્મસાર) : અનુવાદક : મુનિશ્રી ભુવનચંદ્રજી, પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧. ત્રીજી આવૃત્તિ (સને ૨૦૦૭). **(૪) The Origin of Species and The Descent of Man :** by Charles Darwin (બન્ને ગ્રંથોની સંયુક્ત આવૃત્તિ) Publisher : The Modern Library, New York (Sixth Edition– 1st Edition 1859). **(૫) શ્રી જિનપ્રણીત કર્મવિજ્ઞાન :** લેખક અને પ્રકાશક : કીર્તિ માણેકલાલ શાહ, પ્રાપ્તિસ્થાન : શ્રી પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ (૧૯૮૩) **(૫) Sri Aurobindo and The Theories of Evolution :** by Rama Shankar Srivastava. Publisher : Chowkhana Sanskrit Series Offce, Varanasi-1. (1968). **(૬) The Vision of the Past :** by Pierre Teilhard de Chardin. English Translation by J. M. Cohen. Publisher : Colins-London.(1966)

એન.-૪૫, ગાંધીધામ, કચ્છ–૩૭૦ ૨૦૧
ટેલિફોન : (૦૨૮૩૬) ૨૧૫૨૬, ૨૨૦૮૭૭..

ઉમાસ્વાતિજી કૃત : પ્રશમરતિ પ્રકરણ

□ વિજયાબેન સી. શાહ

એમનો કાળ નિર્ણય કરવો મુશ્કેલ છે. છતાં લોકોનું એમ માનવું છે કે મહાવીર સ્વામીના નિર્વાણ પછી લગભગ ૪૦૧ વર્ષે ઉમાસ્વાતિજી થયા. વિક્રમનો 'પ્રથમ શતાબ્દીકાળ' માનવામાં આવે છે. મૂળ નાગર બ્રાહ્મણ. ગુરુના ઉપકારથી જૈન તત્ત્વાર્થ સૂત્રોની રચના કરી. પોતાના જીવનકાળમાં ૫૦૦ ગ્રંથોની રચના કરી. જેમાંથી હાલ પાંચ ગ્રંથો ઉપલબ્ધ છે. 'જમ્બુદ્વીપસમાજ પ્રકરણ', 'પૂજાપ્રકરણ', 'શ્રાવક પ્રજ્ઞપ્તિ', 'ક્ષેત્રવિચાર' વગેરે. એમના દીક્ષાગુરુ ધોષનન્દિ અગિયાર અંગના ધારક હતા. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે ઉમાસ્વાતિજીને સર્વોત્કૃષ્ટ સંગ્રહકાર કહેલ.

એઓ એ તત્ત્વાર્થ સૂત્રમાં આહર્ત ગુણોના પદાર્થોનો અદ્‌ભુત સંગ્રહ કરેલ છે. પ્રથમરતિમાં પણ આ આહર્ત શ્રુતના ઢગલાબંધ પદાર્થોનો સંગ્રહ કરેલ છે. પૂર્વધર મહર્ષિ ઉમાસ્વાતિજીને બન્ને સંપ્રદાયો **'શ્વેતાંબર અને દિગંબર'** બહુ માનપૂર્વક માને છે. તેઓ શ્વેતાંબર પરંપરાના બહુશ્રુત મહર્ષિ હતા.

એ સમયના રાજકીય વાતાવરણમાં કર્મકાંડી બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. મહર્ષિ પણ મૂળ નાગર બ્રાહ્મણ હતા. ભગવાન શ્રી મહાવીરના બધા ગણધરો પણ પ્રકાંડ ક્રિયાકાંડી બ્રાહ્મણો હતા. પણ જિનેશ્વરની સર્વજ્ઞતા એમને પ્રભાવિત કરી ગઈ. અને તેઓ જૈનાગમ તરફ આકર્ષાઈ ગયા. ૧૪૪૪ ગ્રંથોના રચયિતા શ્રી હરિભદ્રસૂરિ પણ એક મહાન વિજયી પ્રકાંડજ્ઞાની બ્રાહ્મણ હતા. પણ 'યોગીની મહતરાના સૂન' બની જૈન ધર્મના આગમજ્ઞાતા બની ગયા. તેઓશ્રીનું જૈન સમાજમાં આદરણીય સ્થાન રહ્યું છે. તેઓ મોક્ષગતિના રાહગીર બન્યા.

આ ગ્રંથના અધ્યયનથી અંતર આનંદ અનુભવે છે. પ્રશમરતિમાં મુખ્ય બાવીસ વિષયોની સંકલના છે. (૧) પંચ મહાવ્રત (૨) કષાય (૩) રાગાદિ (૪) કર્મ (૫) અષ્ટ કર્મ (૬) કરણ (૭) મદસ્થાન (૮) આચાર (૯) બાર ભાવના (૧૦) ધર્મ (૧૧) કથા (૧૨) જીવરાશિની જાળ (૧૩) ઉપયોગ (૧૪) ભાવ (લેશ્યા) (૧૫) દ્રવ્ય (૧૬) ચરણ (૧૭) શિલાંગ (૧૮) ધ્યય (૧૯) શ્રેણી (૨૦) સમુઘઘાત (૨૧) યોગનિરોધ (૨૨) શિવાગમ.

મૂળ ગ્રંથ સંસ્કૃત શ્લોકમાં પછી એની ટીકા સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને અન્ય ભાષામાં કરવામાં આવી. ૫૦૦ ગ્રંથના રચયિતા, જૈન શાસનના જ્યોતિર્ધર મહાન આચાર્ય શ્રી ઉમાસ્વાતિજી ચરમશરીરી જિનેશ્વરોની પ્રથમ શ્લોકોમાં જય પોકારે છે. સર્વજ્ઞ જિનેશ્વરોની જય બોલાવે છે. બહુશ્રુત આચાર્યશ્રીએ મંગલાચરણ કરતા કુશળતાપૂર્વક રાગ-દ્વેષ પર વિજયી બનવાના અણમોલ ઉપાયોને ગર્ભિત રીતે નિર્દેશ કરી દીધા છે.

(૧) પાંચ મહાવ્રતોનું પાલન

(૨) નવપદ સમગ્ર આરાધના

(૩) દશ પ્રકારનાં શ્રમણ ધર્મનું યથાર્થ પાલન

(૪) કષાયો પર વિજય

શરીર અને આત્માનો અંતિમ સંયોગ. જ્યાં સુધી શરીર અને આત્માનો સંયોગ છે ત્યાં સુધી જ પરાજય છે. રાગદ્વેષમાં ત્રાસ છે અને સંસારમાં પરિભ્રમણ છે. આત્મા શરીરના બંધનમાંથી મુક્ત થયો તે વિજેતા બન્યો-**'રાગદ્વેષથી મુક્ત'.**

પંચમહાવ્રતો અને દશ પ્રકારના શ્રમણધર્મની સાધના માટે દૃઢ મનોબળ અને અપૂર્વ આત્મશક્તિ જોઈએ. જિન, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમન કરીને પ્રશમ (વૈરાગ્ય)માં પ્રીતિભાવની નિશ્ચલતા માટે ઉમાસ્વાતિજી કંઈક કહેવા માગે છે. મહર્ષિ સંસારના સંતપ્ત આત્માઓને પ્રશમરસ સાથે સુદૃઢ પ્રીતિ કરાવે છે. જીવાત્માઓના સર્વે આશ્રવોના દ્વાર બંધ કરી દીધા વિના આંતરસુખનો અનુભવ સંભવિત નથી. પ્રશમરસથી રાગ-દ્વેષના કાળકૂટ ઝેર અમૃત બની જાય છે. જનમ-જનમના વેરી વાસનાઓના ભૂતળા ભાગી જાય છે. જીવાત્મા સ્વસ્થ, શાંત અને પ્રસન્ન બની જાય છે. ગ્રંથકાર આચાર્યદેવની સામે એવી અનેક ગ્રંથ રચના પડેલી છે કે જે વૈરાગ્યરસથી મુમુક્ષુ આત્માઓને તરબોળ કરી દે છે. પ્રથમરસના શીતલ સરોવરમાં સર્વાંગીન સ્નાન કરાવી દે છે. મહર્ષિને પ્રશમ ઉપશમ વિષય ખૂબ જ પ્રિય છે. ભક્તિભાવથી શક્તિ પ્રગટે છે. ચૌદ પૂર્વધર મહર્ષિઓની ગ્રંથ રચનાના અંશો ગ્રંથકારને મળી ગયા હતા. અને એ અંશોની સંકલના કરીને મહાસ્વાતિજીએ આ ગ્રંથની રચના કરી છે.

ગ્રંથકાર મહર્ષિ પૂર્વધર પૂર્વોના જ્ઞાનના વિલક્ષણ પ્રતિભાશાળી પ્રકાંડ વિદ્વાન હતા. પાંચસો ગ્રંથના રચયિતા મહાન શાસ્ત્રકાર હતા. ઉદ્દેશ્ય–મનુષ્યને રાગ-દ્વેષથી મુક્ત કરીને શાંત સમુદ્રમાં નિમગ્ન કરીને આત્મા પરમ આહ્લાદ અનુભવ કરે. સર્વજ્ઞ વિતરાગોની વાણીને જે ગણધરોએ સૂત્રબદ્ધ કરી તે વાણીનું અનુશીલન આ પ્રશમરતિ છે.

રાગ-દ્વેષ હલાહલ ઝેરથી પણ અતિ ખતરનાક ઝેર છે. મોક્ષ પર રાગ અને સંસાર પર દ્વેષ એ વિચારોને કેન્દ્રબિંદુ બનાવી જન્મ-જરા-મૃત્યુ, આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરપૂર આ સંસારનું ચિંતન કરાવી વૈરાગ્યની ભાવનાને પ્રબળ બનાવે છે.

માધ્યસ્થ, વૈરાગ્ય, વિરાગતા, શાંતિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય અને કષાય વિજય વૈરાગ્યના પર્યાય છે. **પ્રશમ એટલે રાગ-દ્વેષનો ઉત્કૃષ્ટસમ.** જ્યારે આ ઉત્કૃષ્ટસમ હોય ત્યારે આત્મભાવ અત્યંત વિશુદ્ધ હોય છે. પ્રશમરસમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે આ ગ્રંથની રચના કરી છે.

જ્યારે મિથ્યાત્વનું ભૂતળું જ્ઞાનદૃષ્ટિ હણી નાંખે છે ત્યારે દૃષ્ટિમાં મલિનતા આવી જાય છે. બુદ્ધિની નિર્મળતા પલાયન થઈ જાય છે. હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના આશ્રય ગીધડાનાં ટોળે-ટોળાં ચિચિયારીઓ કરતા આત્મભૂમિ પર ધસી આવે છે. મિથ્યાત્વ અને મલીનમતિ ગીધડાઓનું સ્વાગત કરે છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના મૃતદેહોની એ ગીધડા મોજથી ઉજાણી કરે છે. પાંચે ઈન્દ્રિયો આ ઉજાણીમાં ભળે છે. બસ પછી બાકી શું રહે ?

પરિણામ-વિપુલ ઘોર કર્મબંધ

ચાર કષાયો : ક્રોધ, માન, માયા, લોભ, મૈથુન સંજ્ઞાથી પ્રગટ થાય છે. આત્મા આઠ કર્મોના નિયંત્રણ નીચે છે. એ નિયંત્રણ ચાર પ્રકારે જીવ પર લદાયેલું છે. (૧) સ્પષ્ટ (૨) બદ્ધ (૩) નિધત (૪) નિકાચિત. બસ પછી તો જન્મતો અને મરતો જીવ કર્મોને બાંધતો ભારેખમ બને છે. વારંવાર ચારગતિમાં ભ્રમણ કરે છે. તેથી અનંત ભ્રમણાઓમાં અટવાઈ જાય છે. ભ્રાંત આત્મા કષાયોનો શિકાર બને છે.

આઠે કર્મોને બાંધતો નિકાચિત ફરતો આત્મા નિરંતર ૮૪ લાખ યોનીમાં ભ્રમણ કરતો અને ભ્રાંતિઓમાં ભ્રમિત થઈ ગયેલો કષાયોની ક્રૂરતાનો ભોગ બને છે. જ્યાં સુધી આત્મા કર્મો બાંધતો રહેશે, એ કર્મબંધથી ભારે થયેલો સહસ્ર ગતિમાં જન્મ-મરણ કરતો ભટકતો રહેશે, વિવિધ રૂપોને ધારણ કરતો રહેશે, ત્યાં સુધી એ કષાયોથી મુક્ત નહીં થાય. અને પાંચે ઈન્દ્રિયોને વશ થઈ આત્મા ક્રોધી, માની, લોભી, માયાવી બની જશે.

અતિ દુર્જય એવા ક્રોધ, માન, માયા અને લોભથી પરાભૂત થયેલ એ જીવ કષાય પરંપરાને વશ થઈ જીવ આપત્તિઓનો ભોગ બને છે. કષાયોએ જીવ પર એવું કામણ કર્યું છે કે કષાયો એને હિતકારી અને સુખકારી લાગે છે. દુઃખના દાવાનળ વચ્ચે પણ તે કષાયોને વળગી રહે છે. કષાયના વિચારો, કષાયયુક્ત વચનો અને કષાય ભરપૂર પ્રવૃત્તિઓ એને મીઠી અને કરવા જેવી લાગે છે. જે કરતો જાય છે અને દુઃખી થાય છે. ઘોર અનર્થોનો શિકાર બને છે.

કરૂણાપૂર્ણ હૃદયવાળા ગ્રંથકાર કહે છે : ક્રોધને ક્ષમાથી, માનને વિનયથી, માયાને નિર્મળ હૃદયથી, લોભને સંતોષથી જીતી લો. આ રીતે ક્રોધ, માન, માયા, લોભ, જીવના હેતુ માટે દુઃખના હેતુ હોવાથી નરકાદિમાં લઈ જનારા છે.

આ ક્રોધાદિના મૂળ બે પદ છે – **'મમકાર અને અહંકાર'** જે રાગ-દ્વેષના પર્યાય છે.

'મમકાર' એટલે રાગ કહી શકાય.

'અહંકાર' એટલે દ્વેષ કહી શકાય.

રાગ-દ્વેષ મોહરાજાના મહામંત્રીઓ છે. મિથ્યાત્વ, અનીતિ, પ્રમાદ, મન-વચન-કાયાના યોગ આ ચારે રાગ-દ્વેષના ઉપકારીત છે. તે મિથ્યાત્વથી ઉપગ્રહીત રાગ અને દ્વેષ આઠ પ્રકારના કર્મબંધના

કારણ બને છે. એકલા રાગ-દ્વેષ કર્મબંધના કારણ બની શકતા નથી. આ સહાયક મંડળીથી જ એમનું અસ્તિત્વ છે. સહાયક મંડળી નહીં તો રાગ-દ્વેષ નહીં. આ ચાંડાળચોકડી તોડી નાંખવામાં આવે તો રાગ-દ્વેષ મહાન ઉપકારી બને છે. મિથ્યાત્વનો સંઘ ત્યજી સમ્યક્‌ત્વનો સહારો લે. અવિરતી તજી વિરતી સાથે પ્રેમ લાવે છે. પ્રમાદને ત્યજી અપ્રમાદને મિત્ર બનાવે, રાગ-દ્વેષ આત્માને ન્યાલ કરી દે. મન-વચન-કાયા જો આત્માના પવિત્ર સહયોગમાં આવી જાય તો આત્મોન્નતિ જ ઉન્નતિ છે.

કર્મબંધ આઠ પ્રકારના છે

'જ્ઞાનાવરણીય', 'દર્શનાવરણીય', 'મોહનીય', 'વેદનીય', 'આયુષ', 'નામ', 'ગોત્ર' અને 'અંતરાય'. આત્માનું ભૌતિક સ્વરૂપ જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અવ્યાબાધ સ્થિતિ, વિતરાગતા, અક્ષયસ્થિતિ, અગુરુલઘુતા અને અનંત વીર્ય છે તે તો આવરાયેલું છે, દબાયેલું પડ્યું છે. આત્માનો સ્વભાવ-જ્ઞાન આવરત કરીને વિભાવદશામાં રમણતા કરાવનારા આ આઠ કર્મો સમગ્ર સૃષ્ટિ પર છવાયેલા છે. કોઈ પણ જીવ આ કર્મોના પ્રભાવથી બચેલ નથી. જ્યારે આ ક્ર્મો બંધાય છે ત્યારે તેની સ્થિતિ, એના રસ અને એના પ્રદેશો પણ સાથે જ બંધાય છે. સ્થિતિ, રસ, પ્રદેશના બંધથી પ્રકૃતિ વિશિષ્ટ બને છે.

ચાર પ્રકારના બંધમાં મન-વચન-કાયાનો યોગ થાય છે. તે પ્રદેશબંધ કર્મના અનુસાર કષાય થાય છે અને સ્થિતિનો જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિનું નિર્માણ લેશ્યાઓથી થાય છે. જીવ મનથી વિચાર કરે છે, વચનથી બોલે છે, કાયાથી પાંચ ઈન્દ્રિયોને પ્રવર્ત કરે છે. માટે તે કર્મોનો ઢગલો આત્મામાં આવીને મળે છે. મનથી, વચનથી અને કાયાથી કોઈ પણ સૂક્ષ્મ કે સ્થૂળ પ્રવૃતિ કરી કે આઠ કર્મોના પુદ્‌ગલો આત્મામાં આવ્યા જ સમજો. એ કર્મ પુદ્‌ગલોનો સારા-નરસા પ્રભાવનો અનુભવ કષાયોના માધ્યમથી થાય છે. ક્રોધ, માન, માયા, લોભ આ ચાર મુખ્ય કષાયો આત્મપ્રદેશમાં રહેલા છે. કર્મ પુદ્‌ગલોનું સુખાત્મક અને દુખાત્મક સંવેદન આ કષાયો વિના થઈ શકતું નથી. આત્માની સાથે બંધાયેલા કર્મ પુદગલોની સ્થિતિનો નિર્ણય આ કર્મ કષાયો કરતા નથી, તે કામ લેશ્યાઓનું છે.

કર્મોની નિર્જરામાં પરિણામોનું શુભ હોવું આવશ્યક હોય છે. કર્મબંધમાં અને કર્મનિર્જરામાં પરિણામ, અધ્યવસાય અને લેશ્યાઓનું સંપૂર્ણ યોગદાન હોય છે.

જે કર્મો બાંધ્યા હોય છે તે જ ઉદયમાં આવે છે. બધા બાંધેલા ક્ર્મો ઉદયમાં આવે ત્યારે સુખ અને દુખનો અનુભવ ન પણ થાય છતાં ઉદયમાં આવી જાય અને ભોગવી જાય એને પ્રદેશોધય કહેવાય છે. શરીરનું નિર્માણ તૈયાર જ હોય છે. એ સાથે ઈન્દ્રિયોનું નિર્માણ થતું જ હોય છે. જીવાત્મા આ ઈન્દ્રિયોના માધ્યમથી વિષયો ગ્રહણ કરે છે.

ઈષ્ટ વિષયનિમિતક સુખાનુભવ છે.

અનિષ્ટ વિષયનિમિતક દુખાનુભવ છે.

તે વિષયને ગ્રહણ કરવાનું કાર્ય ઈન્દ્રિયોનું છે. સુખ અને દુ:ખના અનુભવ કરવાનું કામ મનનું છે. જીવાત્મા ઈન્દ્રિયોથી વિષય ગ્રહણ કરે છે અને મનથી સુખ અને દુ:ખના અનુભવ કરે છે. મન વિનાના જીવોને પણ સંજ્ઞા (ઈચ્છા) તો હોય જ છે.

મોહનો અંધાપો તો ઊંધી જ સમજ આપે છે અને અવળી પ્રવૃત્તિ જ કરાવે છે. મોહનીયકર્મ જળોની જેમ આત્માને ચીટકી પડે છે. એક સમજને બીજો પ્રવૃતિ ને રફે-દફે કરી નાંખે છે. મન-વચન-કાયાનું તીવ્ર ઝેર આ કાયામાં ભળે છે ત્યારે આત્માનો મહાવિનાશ સર્જાય છે. મન અશાંત અને અસ્વસ્થ બને છે, વાણી દીનતાભરી ઉશ્કેરાટવાળી, અને ઈન્દ્રિયો ચંચળ અને બેકાબૂ બને છે–પ્રચંડ કર્મબંધ બંધાય છે પણ આ પ્રક્રિયા જોવા માટે આત્મા આંધળો બની જાય છે.

પાપકર્મોનો બંધ અને ઉદય થતા ભયંકર યાતનાઓ, વેદનાઓ અને રીબામણ જીવને પ્રાપ્ત થાય છે. મોહનીયકર્મની વિશાળ સેનામાં ઘેરાયેલો જીવ સંસારને સાચું, અનિત્યને નિત્ય માનવા લાગે છે. ભવોની પરંપરા વધારે છે અને અનંતાઅનંત દુ:ખોને પામે છે.

ફક્ત એક જ ઈન્દ્રિયની પરવશતા જીવલેણ હોય છે. કાન – રાગથી હરણજાળમાં બંધાય છે. આંખ – દૃષ્ટિના કારણે પતંગિયું દીપકમાં બળે છે. નાક – ઘ્રાણેન્દ્રિયની લાલચથી ભ્રમર કમળમાં ફસાય છે. જીભ – સ્વાદેન્દ્રિયની લાલચમાં માછલી જાળમાં ફસાય છે. સ્પર્શ – ઈન્દ્રિયથી હાથી બંધનમાં પડી પ્રાણ ગુમાવે છે. પાંચે ઈન્દ્રિયોના વશમાં થઈને માનવી ભવ-ભ્રમણમાં અટવાય છે. અને અસહ્ય દુ:ખોને પામે છે. સમજુ જીવે મનને વધુ સમયે ઈન્દ્રિયોમાં રાચવા ન દેવું.

પરમજ્ઞાની, કરુણાવંત ઉમાસ્વાતિજી જ્યારે સમગ્ર જીવરાશિને જુએ છે, શારીરિક અને માનસિક વેદનાઓમાં અને દુર્ગતિમાં પડેલા જુએ છે ત્યારે તેમનો આત્મા કકળી ઉઠે છે. સંસાર સમુદ્ર માંથી એ જીવાત્માઓને બહાર કાઢવા મથામણ કરે છે. આત્મા, મન અને ઈન્દ્રિયો એકમેકના થઈને પરસ્પર સાથ-સહકારથી જ્યારે વિષયોનો સંઘ કરે છે ત્યારે આત્મા એવો મૂઢ થઈ જાય છે, એવો લંપટ થઈ જાય છે કે એના ભાવ પ્રદેશોનું નિકંદન નીકળી રહ્યું છે એનું એને ભાન નથી રહેતું. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી આકર્ષાયેલી પાંચે ઈન્દ્રિયોની પરવશતા એ સ્વચ્છંદ આત્માને ભિષણભવ સમુદ્રમાં પટકી દે છે. ઈન્દ્રિયો કોઈ પણ સમયે તૃપ્ત થતી નથી સદાય તરસી જ હોય છે. રોજ તૃપ્ત કરો અને આ ઈન્દ્રિયો અતૃપ્ત જ રહે છે. એ

જ એનો મૂળ સ્વભાવ છે. સાચી તૃપ્તિ ઈન્દ્રિયોને વિષયભોગથી રોકવામાં જ છે. શુભાશુભ કલ્પના માત્ર જ છે. જ્યારે મન રાગી હોય ત્યારે વિષય પ્રિય લાગે છે, અને જ્યારે મન દ્વેષી હોય ત્યારે અપ્રિય લાગે છે. ઈન્દ્રિયજન્ય સુખ સ્થાયી નથી, અનિત્ય અને ક્ષણિક છે.

ઈષ્ટ લાગતા વિષયોમાં ઈન્દ્રિયો પ્રવર્ત થાય છે, અને અનિષ્ટ લાગતા વિષયોમાં ઈન્દ્રિયો નિવર્ત થાય છે. આ ઈન્દ્રિયોની પ્રવૃત્તિ અને નિવૃત્તિ પાછળ અગ્ર દોરી સંચાર મનની કલ્પનાઓનો હોય છે.

શ્રુતધર મહર્ષિએ આ ગહન વાતોનો માત્ર મનુષ્યને જ એની બૌદ્ધિક યોગ્યતા જોઈને તત્ત્વોપદેશ આપી શકાય. જેની બુદ્ધિ નિર્મળ, શુદ્ધ, સૂક્ષ્મધારદાર બની વિવેકથી સુશોભિતે એવા જીવોને જ ઉપદેશ આપી શકાય. આના માટે હવે આત્મ નિરીક્ષણની આવશ્યકતા છે. મનની પરીણતા અને પરીણામોને ઓળખતા કોઈ વિષય ખરાબ નથી, પ્રિય કે અપ્રિય નથી. બધા રાગ-દ્વેષના ખેલ છે. વિશ્વમાં ઈષ્ટ કે અનિષ્ટ, પ્રિય કે અપ્રિયની કલ્પનાઓ જીવાત્માઓના રાગ-દ્વેષમાંથી જન્મે છે.

ઈન્દ્રિયોના જે વિષયમાં રાગ-દ્વેષયુક્ત જીવ શુભ કે અશુભ ચિત પરિણામ સ્થાપિત કરે છે, તે ચિત પરિણામ કર્મબંધનું કારણ બને છે. સમગ્ર સંસારમાં રહેલા અનંતોઅનંત જીવાત્માઓના સુખ અને દુ:ખનો આધાર આ કર્મબંધ છે. કર્મોને બાંધનાર અને ભોગવનાર જીવ જ છે. જે સુખ અને દુ:ખને અનુભવી રહ્યા છીએ એનું કારણ પૂર્વ ઉપાર્જીત કર્મોના પ્રભાવથી ઉત્પન્ન પુણ્યોદય અને પાપોદયનો ઉદય છે. ચિત પરિણામ કર્મબંધના અસાધારણ કારણે છે. મનના વિચારો જ કર્મબંધના મુખ્ય હેતુ બને છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શના અસંખ્ય વિષયોમાંથી ગમે તે વિષયમાં તમે રાગી બનો–આ વસ્તુ સારી છે, ગમે છે, આ વસ્તુ સારી નથી એ પ્રમાણે રાગી-દ્વેષી બન્યા એટલે કર્મોએ આવર્ત કર્યા સમજો. વિચાર કરવાની સાથે જ કર્મો હાજર. રાગી કે દ્વેષી જીવોના ઈષ્ટ કે અનિષ્ટ વિષય કર્મબંધના અસાધારણ કારણ બને છે. રાગ અને દ્વેષથી સ્નિગ્ધ કર્મો આત્માને ચોંટે છે. ચૌદ રાજલોકમાં જ્યાં-જ્યાં જીવો છે ત્યાં સર્વત્ર કાર્મણ્ય વર્ગણાના પુદ્‌ગલો રહેલાં જ છે. જે વિષયિક વિચારો કરે, વ્યક્ત કે અવ્યક્ત, તુરંત જ કર્મો આત્માને ચોંટે છે. આત્માના અસંખ્ય પ્રદેશો રાગ-દ્વેષની ચીકાસથી ખરડાયેલા છે. એ કાર્મણ્ય વર્ગણાના પુદ્‌ગલો આત્માને ચોંટે તે પછી એ પુદ્‌ગલો, આઠ કર્મોરૂપે પરિણમી જાય છે.

પ્રતિક્ષણ, પ્રતિસમય આત્મા સાથે કર્મ પુદ્‌ગલો ચોંટે છે. અનંત અનંત પુદ્‌ગલોના ઢગલા આત્મપ્રદેશમાં ખડકાઈ જાય છે, પરંતુ રાગ-દ્વેષથી મૂઢ બનેલા જીવાત્માને આ સૂક્ષ્મ પ્રક્રિયાનું જ જ્ઞાન નથી હોતું. એ તો ત્યારે માથા પછાડે છે જ્યારે કર્મો ઉદયમાં આવીને ઘોર ત્રાસ આપે છે. ભયંકર, શારીરિક અને માનસિક વેદનાઓ મળે છે. આવા રાગ અને દ્વેષ, મોહનીય-મિથ્યાત્વ અને અવિરતી, પ્રમાદસહિત યોગો (મન-વચન-કાયા)ને અનુસરીને કર્મ ગ્રહણ કરે છે. રાગ-દ્વેષથી કર્મબંધ થાય છે, પરંતુ સહયોગી એ પ્રમાદગ્રસ્ત મન, વચન, કાયાના યોગો હોય છે, માટે કર્મબંધ થાય છે. એવી જ રીતે કષાયો, મિથ્યાત્વ અને અવિરતીથી કર્મબંધ થાય છે. પરંતુ પ્રમત યોગના સહયોગ હોય તો જ, સ્વતંત્ર રીતે નહીં. કર્મનો વિકાર સંસાર છે. સંસારના કારણે દુ:ખ છે. માટે રાગ-દ્વેષ વગેરે જ ભવપરંપરાનું મૂળ છે. કર્મોએ જ આત્માની સ્વભાવદશાને આવર્ત કરેલ છે. સંસારમાં ક્યાંય શુદ્ધ અને શાશ્વત સુખ છે જ નહીં.

રાગ-દ્વેષના તાણાવાણાથી ગૂંથાયેલી આ જાળ કેવી રીતે ગૂંથાય છે અને કેવી રીતે તૂટે છે એ જાણવું ખૂબ આવશ્યક છે. આત્મામાં આ જાળને છેદવાનો ઉત્સાહ જન્મે છે અને મુક્ત થઈ અનંતજ્ઞાન આકાશમાં મુક્ત મને ઉડવાને હૃદયમાં તલસાટ જાગે છે. એવા જીવાત્માઓનું સમગ્ર વ્યક્તિત્વ ગ્રંથકારે અહીં બતાવ્યું છે. મોહજાળનો વિચ્છેદ કરનાર આત્મા પ્રમાદ કે ભયથી બેસી ના રહે. એવા માણસોની વાતો આ જીવાત્મા કાન પર ધરતા નથી.

જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, તપ, સ્વાધ્યાય અને ધ્યાનથી યુક્ત ભગવાન મહાવીરે ત્રણ પ્રકારના તત્ત્વો બતાવ્યા છે-હેય, ગેય અને ઉપાદેય. જ્ઞાન વિના ધ્યાન નહીં અને ધ્યાન વિના કેવળજ્ઞાન નહીં. અત્યંત વિશુદ્ધ આત્મા શુકલ ધ્યાનમાં પ્રવેશે છે.

રાગજન્ય આનંદ કરતા વૈરાગ્યજન્ય આનંદ દીર્ઘજીવી, પરિશુદ્ધ અને પુણ્યબંધક હોય છે. સિદ્ધાંતોમાં ભાવના જ્ઞાનની ગુણવત્તાને જોનારા હોય છે.

જ્ઞાન ત્રણ પ્રકારના છે. (૧) શ્રુતજ્ઞાન (૨) ચિંતાજ્ઞાન (૩) ભાવજ્ઞાન. શ્રુતજ્ઞાન-આગમસૂત્રોના અર્થ ગ્રહણ કરી એમની સ્મૃતિના ભંડારામાં ભરવું. ચિંતાજ્ઞાન-સ્મૃતિના ભંડારોમાં ભરેલા સિદ્ધાંતોના જ્ઞાનને લય અને પ્રમાણથી કસીને બુદ્ધિગમ્ય કરવાં. ભાવજ્ઞાન-બુદ્ધિગમ્ય કરેલ સિદ્ધાંતોને આત્મસાત્ કરી અને પરમાર્થના પ્રકાશ પામવા. ભાવના જ્ઞાનથી વિનય પ્રગટે છે. સંસારસુખના રાગથી સંસારનો દ્વેષ જન્મે છે. પાંચ ઈન્દ્રિયોના વિષય સુખના ભોગ-ઉપભોગનું પરિણામ ત્રાસ અને વિડંબનાઓ મળે છે. સ્વહિતાર્થે મોક્ષસુખમાં મનથી રમણ કરનારાને મોક્ષમાર્ગનું જ્ઞાન જોઈએ. પ્રબળ આકર્ષણ જોઈએ તથા ત્યાં જવાની પૂર્ણ તૈયારી જોઈએ. આત્મસાધક અતિદુર્લભ મળેલા મનુષ્યભવમાં ક્ષણનો પણ વિલંબ કર્યા વગર આત્મસાધના કરી લે છે.

વિષ તો એક જ ભવ ખતમ કરે જ્યારે વિષયો ભવોભવ ભટકાવે,

જીવનું અધઃપતન કરે છે. વૈરાગ્યનું અમૃત મનને–જીવને આનંદથી ભરી દે છે.

પ્રશાંત આત્મા જ નિજાનંદના આનંદની મસ્તી માણી શકે છે. પ્રશાંત મનુષ્ય જ અગમ-અગોચર સુખની મધુર અનુભૂતિ કરી શકે છે, જે સાધુઓ પરચિંતાથી મુક્ત છે તેઓ અદ્‌ભુત સ્વાધીન જીવયાત્રા કરી રહ્યા છે.

સર્વે દોષોથી રહીત કર્મનિર્જરામાં ઉન્નત જીવ આત્માના શુદ્ધ સ્વરૂપને પામે છે. આચાર્ય ભગવંતે ખૂબ સુંદર રીતે પ્રશમરતિમાં આલેખ્યું છે. તત્ત્વાર્થથી ભરપૂર એક-એક વાતને ખૂબ સૂક્ષ્મ રૂપે વર્ણવી છે. સંપૂર્ણ વિતરાગ (રાગ-દ્વેષ) દશાનું સુંદર આલેખન કર્યું છે. તત્ત્વશ્રોતની આ અજોડ કૃતિ છે, જેમાં સૂક્ષ્મ જ્ઞાનનું વર્ણન છે. ક્રમે-ક્રમે જીવ સર્વે કર્મોને ક્ષય કરી કેવી રીતે સિદ્ધત્વ દશા પ્રાપ્ત થાય, તેનું ખૂબ જ ઝીણવટથી આલેખન કર્યું છે. મોક્ષમાર્ગના દુર્ગમ રાહને વર્ણન દ્વારા સ્પષ્ટ કરી અનેક જીવોના ઉપકાર કરવા આચાર્ય ભગવંતે આ ગ્રંથની રચના કરી છે.

તે સમયમાં બ્રાહ્મણો અને બૌદ્ધ પંડિતોથી રાજા અને રાજદરબાર પ્રભાવિત હતા. દા. ત. વિક્રમ રાજાને સિદ્ધસેન દિવાકરસૂરિએ અને કુમારપાળને હેમચંદ્રાચાર્યે પોતાના જ્ઞાનના પ્રભાવથી પ્રતિબોધ પમાડ્યા હતા.

જો જીવ પંમચમહાવ્રતમય બની જાય તો શ્રમણ ધર્મનું સર્વાંગી સુંદર પાલન થઈ જાય. નવપદોનું હૃદયકમળમાં ધ્યાન રમતું થઈ જાય તો ચરમશરીરી બનતાં વાર જ નહીં. તે શરીર સાથે આત્માનો અંતિમ સંયોગ બની જાય. પાંચમહાવ્રતો ને દશ પ્રકારના શ્રુતધર્મની સાધનામાં દૃઢ મનોબળ જોઈએ, ત્યારે અપૂર્વ આત્મશક્તિ પ્રગટે છે. નવપદોની આરાધનાથી આત્મા અરિહંત આદિના પદોમાંથી અનંત શક્તિના જે ભંડાર ભર્યા છે તેમને ધ્યાન અને ઉપાસનાથી ઉપાસક આત્મામાં ભરી દે છે. ઉપાસના અને ભક્તિથી શક્તિ પ્રગટે છે.

ઈચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગૃદ્ધતા, અભિલાષા એ રાગના પર્યાય છે. ઈર્ષ્યા, રોષ, દ્વેષ, પરિવાર મત્સર, અસૂયા, વેર પ્રપંચ વગેરે દ્વેષના પર્યાય છે. જીવ આઠ કર્મોના નિયંત્રણ નીચે છે. સ્પષ્ટ–આત્મ પ્રદેશો સાથે સામાન્ય મિલન. બદ્ધ–આત્મ પ્રદેશોનો કર્મો સાથે વિશિષ્ટ બંધ. નિધત-આત્મા સાથે કર્મો એકમેક થઈ જાય. નિકાચિત-તેલ લગાવેલ રેશમના દોરાને ગાંઠ બાંધવામાં આવે અને ખેંચવાથી મજબૂત બનાવી દેવામાં આવે તો ખોલી ના શકાય તેવા આ ચીકણા કર્મો છે. આ રીતે હજારો ગતિઓમાં જન્મતો અને મરતો જીવ કર્મોને બાંધતો ભારેખમ થઈ વારંવાર ચારે ગતિઓમાં ભ્રમણ કરતો અનંત ભ્રમણાઓમાં અટવાઈ જાય અને કષાયોનો શિકાર આત્મા બનતો જાય. તીર્થંકરો દ્વારા પ્રણિત (અર્થમાં) ગણધરો તથા ગણધરોના શિષ્યો દ્વારા પ્રરૂપિત જે ભાવો અને પદાર્થોનું અનેકવાર અનુકિર્તન – જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની પુષ્ટિ કરનારૂં છે. કર્મોની નિર્જરા કરી મોક્ષ આપનારૂં છે.

સાધકને સમ્યક્‌દૃષ્ટિ દ્વારા પ્રશમવૃત્તિમાં પહોંચવાનું છે, શાસ્ત્રજ્ઞાનને સહારે ઉપસમરસના ભરેલા શીતલ જળમાં ભીંજાવાનું છે. પરમાત્માના ધ્યાનની તીવ્ર ભરતીના માધ્યમથી સંસારના મૃગજળ–આકર્ષણોથી મુક્ત થવાનું છે. ઉગ્ર તપસ્યાથી વિષયવાસનાઓને બાળી નાંખવાની છે. પ્રશાંત આત્મા જ નિજાનંદ માણી શકે છે. પ્રશાંત મનુષ્ય જ અગમ અગોચર સુખની મધુર અનુભૂતિ કરી શકે છે. એવા સાધક આત્મા પરચિંતાથી મુક્ત થઈ, સ્વસ્થતાથી જીવનયાત્રા કરી રહ્યા છે. તેમના રાગ-દ્વેષ, મોહ અને કષાય શાંત થઈ ગયા છે. લોકવિરૂદ્ધ અને ધર્મવિરૂદ્ધ આચારોનો ત્યાગ કરી–આહાર, પાત્ર, મકાન રાગ-દ્વેષ રહીત સમભાવે પ્રાપ્ત કરે છે.

જે ઉગે છે તે આથમે છે, જે ખીલે છે તે કરમાય છે, જે જન્મે છે તે મૃત્યુ પામે છે, આખું જગત વિનાશી છે. સર્વ સંયોગો ક્ષણિક છે. તેથી કોઈ વ્યક્તિ કે વસ્તુનો મોહ કરવા જેવો નથી. આધિ, વ્યાધિ, ઉપાધિ અને મોત આવે ત્યારે કોઈ બચાવી શકતું નથી. દેવ, ગુરુ અને ધર્મ સિવાય આ જગતમાં કોઈ શરણભૂત નથી. આ સંસાર દુઃખમય છે, ડગલે ને પગલે પાપ કરાવનારો છે, અનેક વિચિત્રતાઓથી ભરેલો છે, સંસારમાં સહુ સ્વાર્થના સગા છે, માટે આ સંસાર અસાર છે. આ જગતમાં હું એકલો આવ્યો છું, અહીંથી એકલો જવાનો છું. મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિઓથી અશુભ કર્મોનો બંધ અટકે છે માટે હંમેશા શુભ પ્રવૃત્તિમાં જ મગ્ન રહેવા જેવું છે. બાર પ્રકારના તપની આરાધનાથી આત્માને વળગેલા કર્મો નાશ પામે છે માટે તપમાં ખૂબ ઉદ્યમ કરવો જોઈએ. અનંત પુણ્યના ઉદયથી જૈન શાસનની પ્રાપ્તિ થઈ. આવા દુર્લભ ધર્મની પ્રાપ્તિ થયા પછી ક્ષણનો પણ પ્રમાદ કરવા જેવો નથી. ધર્મ મહાસત્તાનો અજબ-ગજબનો પ્રભાવ વર્તી રહ્યો છે માટે જ દરિયો માઝા મૂકતો નથી, સૂર્ય અગ્નિ ઓકતો નથી અને વિશ્વ ટકી રહ્યું છે. જીવ અને જડથી બનેલા આ આખા વિશ્વનું કેવું આબેહૂબ સ્વરૂપ સર્વજ્ઞ ભગવંતે બતાવ્યું છે! ધન્ય છે સર્વજ્ઞના શાસનને અને ધન્ય છે આચાર્ય મહર્ષિને જેને પ્રભુના પ્રરૂપેલા તત્ત્વોનું સાકાર ચિત્રણ કર્યું છે.

* * *

૫૦૬, નરીમાન કોમ્પલેક્ષ, શ્રીમાન લક્ષ્મી ટોકિઝ રોડ પાસે,
આણંદ-૩૮૮૦૦૧ (ગુજરાત)

શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત: સૌજન્ય રૂપ–માણેક ભંશાલી ટ્રસ્ટ

જાન્યુઆરી ૨૯, ૩૦, ૩૧, સ્થળ–રતલામ–વિષય 'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ'–પ્રાપ્ત શોધ નિબંધોની યાદી

ક્રમ	નામ	સ્થાન	મોબાઈલ નંબર	ટેલિફોન નંબર	ગ્રંથનું નામ
૧	ડૉ. અભયભાઈ દોશી	મુંબઈ	૯૮૯૨૬૭૮૨૭૮	—	લલિતવિસ્તરા
૨	ડૉ. અજિતસિંહ આઈ. ઠાકોર	આણંદ	૯૯૨૫૭૧૧૬૩૯	—	કાવ્ય કલ્પલતા – શ્રી અરિસિંહ રચિત
૩	ડૉ. અનેકાંતકુમાર જૈન	ન્યૂ દિલ્હી	૯૮૬૮૦૯૮૩૯૬	૯૭૧૧૩૯૭૭૧૬	પંકાસ્ટિકાય
૪	અર્ચનાબેન કે. પારેખ	અમદાવાદ	૯૪૨૬૩૨૮૮૭૦	—	સમરાદિત્ય કેવલી ચરિત્ર
૫	ડૉ. અરુણ પ્રતાપ સિંહ	યુ.પી.	૯૪૧૫૮૧૦૭૬૭	૦૫૪૨-૨૫૭૫૪૪૬	મૂલાચાર – એક અધ્યયન
૬	અરવિંદ સ્વરૂપચંદ સંઘવી	રાધનપુર	૯૮૭૯૫૮૬૦૪૯	—	ધર્મરત્ન પ્રકરણ
૭	બાબુભાઈ એમ. શાહ	સુરત	૯૮૨૪૭૦૧૮૯૯	૦૨૬૧-૨૭૬૫૬૬૦	અષ્ટાન્હિકા વ્યાખ્યાન
૮	ભાનુબેન શાહ	મુંબઈ	૯૮૯૨૪૨૨૫૩૫	૦૨૨-૨૩૮૭૫૦૭૬	કવિ ઋષભદાસ
૯	ભરતભાઈ દોશી	મુંબઈ	૯૮૭૦૪૦૨૮૨૯	૯૮૨૧૧૪૩૩૬૪	
૧૦	ભરતકુમાર એમ. ગાંધી	રાજકોટ	૯૮૨૪૪૮૫૪૧૦	૯૩૭૫૯૬૭૮૪૫	જ્ઞાતા ધર્મ કથા સૂત્ર
૧૧	ભાવેશભાઈ આર. દોશી	અમદાવાદ	૯૮૨૪૬૫૫૩૫૧	૦૭૯-૨૬૬૦૬૪૩૨	વિતરાગ સ્તોત્ર – હેમચંદ્રાચાર્ય કૃત
૧૨	ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી	પાટણ	૯૯૦૯૪૬૮૫૭૨	૦૨૭૬૬-૨૩૧૬૦૩	દ્રવ્યાશ્રય મહાકાવ્ય
૧૩	ચેતનભાઈ સી. શાહ	ભાવનગર	૯૮૭૯૫૧૨૬૫૧	૦૨૭૮-૨૨૨૪૯૮૨	વસ્તુપાલ ચરિત્ર
૧૪	છાયાબેન શાહ	અમદાવાદ	—	૦૭૯-૨૬૬૧૨૮૬૦	પરમ તેજ – ભૂવનભાનુ સૂરીશ્વરજી મ.સા.
૧૫	ડૉ. ધનવંતભાઈ ટી. શાહ	મુંબઈ	૯૮૨૦૦૦૨૩૪૧	—	નાટ્ય દર્પણ
૧૬	ડૉ. ધનવંતીબેન એન. મોદી	મુંબઈ	૯૮૧૯૮૨૬૨૦૬	૦૨૨-૨૫૦૦૧૬૩૩	ગૌતમ પૃછા
૧૭	ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા	સુરત	૯૮૯૮૩૩૦૮૩૫	૦૨૬૧-૨૭૬૩૦૭૦	વિશેષાવશ્યક ભાષ્ય
૧૮	ધીરેન્દ્રભાઈ આર. મહેતા	ભાવનગર	૯૮૨૪૯૮૦૫૦૬	૯૦૧૬૩૩૮૪૭૨	કર્મગ્રંથ ૧–૬
૧૯	દીનાનાથ શર્મા	અમદાવાદ	૯૨૮૨૪૫૯૪૪	૦૭૯-૨૬૩૦૫૧૫૭	ધૂર્તાખ્યાન
૨૦	દિનેશભાઈ વી. જાની	વડોદરા	૯૬૮૭૩૦૯૧૧૦	૦૨૬૫-૨૫૮૦૨૦૭	પ્રબંધ કોશ
૨૧	દિનેશચંદ્ર કે. મહેતા	અમદાવાદ	૯૪૨૮૪૨૨૭૪	૦૭૯-૨૭૫૦૫૨૯૧	ભાષ્યત્રયમ્
૨૨	દીક્ષા એચ. સાવલા	આણંદ	૯૩૨૭૯૧૪૪૮૪	૯૮૨૫૧૮૫૧૬૭	કવિ શિક્ષા (વિજયચંદ્ર સૂરિ કૃત)
૨૩	ડૉ. ફાલ્ગુનીબેન પી. ઝવેરી	મુંબઈ	૯૯૩૦૪૯૫૭૪૫	૦૨૨-૨૬૧૬૯૧૬૧	દ્વાત્રિંશદ્વાત્રિંશિકા – ઉપાધ્યાય યશોવિજયજી કૃત
૨૪	ફૂલચંદ્ર જૈન	વારાણસી	૯૪૫૦૧૭૯૨૫૪	૯૪૫૫૫૮૭૭૧૫	ન્યાયકુમુદચંદ્ર
૨૫	ગ્રીષ્માબેન એસ. શાહ	શુજાલપુર	૯૪૨૫૪૨૮૫૩૯	—	ન્યાયાવતાર
૨૬	ડૉ. હંસાબેન શાહ	મુંબઈ	૯૮૧૯૭૨૦૩૯૮	૦૨૨-૬૫૨૪૯૩૧૩	સ્યાદ્વાદ મંજરી
૨૭	હર્ષદભાઈ પી. મહેતા	જામનગર	૯૪૨૯૧૪૧૨૦૭	૯૨૨૮૨૪૧૪૨૮	નયચક્ર
૨૮	હિંમતલાલ એ. શાહ	મુંબઈ	૯૩૨૪૫૩૦૨૯૨	૦૨૨-૨૮૦૭૦૬૬૦	ધર્મ બિન્દુ
૨૯	હિંમતલાલ જી. કોઠારી	સુરેન્દ્રનગર	—	—	શાલિભદ્ર ચરિત્ર
૩૦	હિંમતલાલ એસ. ગાંધી	મુંબઈ	૯૩૨૩૩૧૪૯૩	૦૨૨-૨૨૦૮૧૨૯૪	વિજયાનંદ સૂરિ
૩૧	હિના વિજયકુમાર દોશી	અમદાવાદ	૯૯૨૫૦૩૮૧૪૮	૦૭૯-૨૬૭૩૨૫૩૫	કષાય પ્રાભૃત
૩૨	હિતેશભાઈ બી. જાની	ભાવનગર	૯૩૨૮૯૫૨૯૫૮	૦૨૭૮-૨૫૧૭૨૭૦	અભિધાન ચિંતામણિ નામમાલા
૩૩	હિતેશભાઈ વી. પંડ્યા	અમદાવાદ	૯૮૨૫૯૨૮૮૨૨	૦૭૯-૨૭૯૧૩૧૬૪	જ્ઞાનાવર્ણ (લેખક : શુભચંદ્ર)
૩૪	ઈલા શાહ	મુંબઈ	૯૮૨૦૬૯૭૬૫૭	૦૨૨-૨૪૩૮૩૩૫૭	તત્ત્વાર્થાધિગમ સૂત્ર

ક્રમ	નામ	સ્થાન	મોબાઈલ નંબર	ટેલિફોન નંબર	ગ્રંથનું નામ
૩૫	જાગૃતિબેન એન. ઘીવાલા	અમદાવાદ	૯૪૨૮૯૧૩૭૫૧	૦૨૨-૨૬૬૧૪૮૪૮	ઉત્તરાધ્યયન સૂત્ર
૩૬	જસવંતભાઈ ડી. શાહ	વાપી	૯૪૨૬૧૧૬૯૭૬	૦૨૬૦-૨૪૨૬૬૫૬	પરમાત્મ પ્રકાશ (આચાર્ય યોગેન્દુ કૃત)
૩૭	ડૉ. જયંતભાઈ ઉમરેઠીયા	વડોદરા	૯૪૨૭૮૪૯૮૪૩	—	સંદેશ રાસક
૩૮	જયંતીલાલ એમ. શાહ	મુંબઈ	—	૦૨૨-૨૩૬૯૩૫૭૮	કલ્પસૂત્ર
૩૯	ડૉ. જયકુમાર જલજ	રતલામ	૯૪૦૭૧૦૮૭૨૭	૦૭૪૧૨-૨૬૦૯૧૧	યોગસાર
૪૦	જયપ્રકાશ એન. દ્વિવેદી	જામનગર	૯૭૨૩૪૩૨૦૦૪	૦૨૮૮-૨૩૪૨૦૮	ગાથા સપ્તશતી
૪૧	ડૉ. જયશ્રીબેન એ. ઠાકોર	આણંદ	૯૯૨૫૭૧૧૬૩૯	—	પ્રબંધ ચિંતામણિ – માનતુંગાચાર્ય કૃત
૪૨	જયશ્રીબેન બી. દોશી	મુંબઈ	૯૮૭૦૪૦૨૮૨૯	૯૮૨૧૧૪૩૩૬૪	શાલીભદ્ર ચરિત્ર
૪૩	જ્હોની કે. શાહ	મુંબઈ	૯૨૨૩૨૭૨૫૧૫	૦૨૨-૬૫૨૪૯૩૧૩	પરિશિષ્ટ પર્વ
૪૪	કે. ટી. સુમરા	ભાવનગર	૯૫૩૭૧૬૧૩૨૨	૦૨૭૮-૨૫૬૪૮૯૦	જૈન તર્ક ભાષા
૪૫	કૈલાશબેન કે. મહેતા	કોલકાતા	૯૪૩૨૨૯૧૧૫૯	૦૩૩-૨૪૮૬૮૫૭૮	ગુણસ્થાનક સમારોહ
૪૬	ડૉ. કલાબેન શાહ	મુંબઈ	—	૦૨૨-૨૨૯૨૩૭૫૪	પ્રાકૃત વ્યાકરણ
૪૭	કાનજીભાઈ ડી. બગડા	ભાવનગર	૯૬૬૨૫૪૯૨૦૦	૦૨૭૮-૨૫૬૪૮૯૦	યોગ શાસ્ત્ર
૪૮	કાનજીભાઈ મહેશ્વરી	કચ્છ	૯૪૨૬૭૮૯૬૭૦	૦૨૮૩૬-૨૫૨૮૨૫	પ્રબુધ્ધ રૌહિણેયમ
૪૯	ડૉ. કાંતિભાઈ બી. શાહ	અમદાવાદ	૯૪૨૯૦૬૪૧૪૧	૦૭૯-૨૫૫૦૨૩૪૮	ઉપદેશ માલા
૫૦	ડૉ. કવિનચંદ્ર એમ. શાહ	બિલીમોરા	—	૦૨૬૩૪-૨૮૮૭૯૨	શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર
૫૧	ડૉ. કેતકી શરદભાઈ શાહ	મુંબઈ	૯૩૨૦૯૯૫૩૭૨	૦૨૨-૨૬૧૨૨૯૨૦	શ્રી મહાવીર કથા – ગોપાળભાઈ પટેલ કૃત
૫૨	ડૉ. કેતકી યોગેશભાઈ શાહ	મુંબઈ	૯૩૨૩૫૬૮૯૯૯	૦૨૨-૨૫૦૦૪૦૧૦	ધર્મ સંગ્રહ
૫૩	કિર્તીભાઈ એન. શાહ	ખંભાત	૯૪૨૮૫૬૪૯૪૮	૦૨૬૯૮-૨૨૦૧૯૭	જૈન પરંપરાનો ઈતિહાસ
૫૪	ડૉ. કોકિલાબેન એચ. શાહ	મુંબઈ	૯૩૨૩૦૭૯૯૨૨	૦૨૨-૨૫૧૩૮૪૬૩	શાંત સુધારસ
૫૫	ડૉ. કુમારપાળ દેસાઈ	અમદાવાદ	૯૮૨૪૦૧૯૯૨૫	૦૭૯-૨૬૬૦૨૬૭૫	વીરચંદ રાઘવજીનું સાહિત્ય
૫૬	ડૉ. માલતી કિશોરકુમાર શાહ	ભાવનગર	—	૦૨૭૮-૨૨૦૫૯૮૬	ષડ્ દર્શન સમુચ્ચય
૫૭	મનહરબાલા કે. શાહ	અમદાવાદ	—	૦૭૯-૨૬૬૧૦૦૩૭	મૂલાચાર
૫૮	મનહરભાઈ ડી. શાહ	મુંબઈ	૯૩૨૨૬૯૭૦૦૬	૯૩૨૨૨૭૪૯૮૧	જૈન રામાયણ
૫૯	ડૉ. મનોજભાઈ એ. ઉપાધ્યાય	વડોદરા	૯૮૨૫૬૮૬૩૧૨	—	સમરાદિત્ય મહાકથા
૬૦	મનુભાઈ જે. શાહ	ભાવનગર	૯૪૨૯૫૦૫૭૫૬	૦૨૭૮-૨૫૭૦૬૭૦	કુમારપાળ ચરિત્ર
૬૧	ડૉ. મીતા જે. વ્યાસ	ભાવનગર	૮૦૦૦૮૧૯૩૩૪	૦૨૭૮-૨૯૩૯૦૬૬	છંદોનુશાસન – હેમચંદ્રાચાર્ય
૬૨	મિલિંદ એસ. જોષી	વડોદરા	૯૮૨૫૩૧૭૪૯૨	—	શ્રી ગુણવર્મ ચરિત્રાન્તર્ગતા-કથા-૧૭ પૂજા
૬૩	ડૉ. મુકુંદભાઈ એલ. વાડેકર	વડોદરા	૯૪૨૭૩૪૭૬૪૫	૦૨૬૫-૨૪૨૫૧૨૧	યોગવિંશિકા
૬૪	ડૉ. નલિનીબેન ડી. શાહ	મુંબઈ	૯૮૬૯૨૦૦૧૯૩	૦૨૨-૨૬૭૩૫૯૦૫	ગણિતસાર સંગ્રહ (મહાવીરાચાર્ય કૃત)
૬૫	નિકીતા પારસકુમાર શાહ	સુરત	૯૪૨૯૪૧૯૮૨૬	—	શ્રીપાળ રાજાનો રાસ
૬૬	નિરાલી કે. શાહ	અમદાવાદ	૯૪૨૮૪૨૦૩૦૩	૦૭૯-૨૬૬૩૧૭૮૩	અધ્યાત્મ સાર
૬૭	પારૂલબેન બી. ગાંધી	રાજકોટ	૯૪૨૮૪૭૪૦૪૫	—	પ્રત્યેક બુધ્ધ ચરિત્ર
૬૮	ડૉ. પાર્વતીબેન એન. ખીરાની	મુંબઈ	૯૮૬૯૭૮૭૬૯૨	૦૨૨-૨૪૦૧૧૬૫૭	પ્રજ્ઞાપના સૂત્ર
૬૯	પ્રદિપભાઈ અમૃતલાલ ટોલિયા	રાજકોટ	૯૯૨૪૯૨૦૯૫૦	૯૮૨૪૮૭૩૩૫૬	દર્શન અને ચિંતન (પંડિત સુખલાલજી)
૭૦	ડૉ. પ્રફુલ્લા રસિકલાલ વોરા	ભાવનગર	—	૦૨૭૮-૨૫૨૩૯૪૯	શીલોપદેશ માલા
૭૧	પ્રફુલભાઈ એન. શાહ	અમદાવાદ	૯૩૭૪૫૬૯૦૯૦	૯૯૯૮૪૭૯૪૮૩	વૈરાગ્ય શતક
૭૨	પ્રતાપકુમાર જે. ટોલિયા	બેંગલોર	૯૬૧૧૨૩૧૫૮૦	૦૮૦-૨૬૬૬૭૮૮૨	જૈન વાસ્તુ શાસ્ત્ર પ્રકરણ

ક્રમ	નામ	સ્થાન	મોબાઈલ નંબર	ટેલિફોન નંબર	ગ્રંથનું નામ
૭૩	ડૉ. પ્રવીણભાઈ સી. શાહ	અમદાવાદ	૯૮૯૮૭૮૧૯૩૨	૦૭૯-૨૬૬૦૪૫૯૦	ભગવતી સૂત્ર
૭૪	પ્રિતેશ વિનોદભાઈ શાહ	અમદાવાદ	૯૪૨૭૩૮૦૭૪૩	૦૭૯-૨૭૫૦૧૬૦૨	વરાંગ ચરિત્ર
૭૫	ડૉ. પૂર્ણિમા એસ. મહેતા	અમદાવાદ	૯૪૨૭૦૨૧૨૨૧	૦૭૯-૪૦૦૧૬૩૨૩	આચારાંગ સૂત્ર
૭૬	રજ્જન કુમાર	બરેલી	૯૪૧૨૯૭૮૭૧૨	—	જિવાજિવાભિગમ્ પ્રજ્ઞાપના સૂત્ર
૭૭	રાજવી ઓઝા	અમદાવાદ	૯૩૭૫૦૨૯૧૨૩	૦૭૯-૨૭૬૮૦૯૩૪	કુવલયમાલા
૭૮	ડૉ. રક્ષાબેન જે. શાહ	મુંબઈ	૯૮૧૯૧૦૨૦૬૦	૦૨૨-૨૬૪૯૦૧૬૪	અષ્ટાન્હિકા પ્રવચન
૭૯	ડૉ. રમણલાલ સોની	વડોદરા	૯૨૨૮૨૧૫૨૭૫	૦૨૬૫-૨૩૫૭૧૮૭	સમુદ્ર વહાણ સંવાદ
૮૦	રામનાથ પાંડે	વડોદરા	૯૯૯૮૨૮૧૩૬૬	—	કાવ્યાનુશાસન
૮૧	રશ્મિબેન ભેદા	મુંબઈ	૯૮૬૭૧૮૬૪૪૦	૦૨૨-૨૬૧૭૧૭૭૦	યોગબિન્દુ
૮૨	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	મુંબઈ	૯૮૨૧૬૮૧૦૪૬	૦૨૨-૨૪૦૯૪૧૫૭	દશવૈકાલિક
૮૩	ડૉ. રતનબેન કે. છાડવા	મુંબઈ	૯૮૯૨૮૨૮૧૯૬	૦૨૨-૨૩૮૦૬૭૨૨	ઉપાસક દશાંગ સૂત્ર
૮૪	ડૉ. રેખાબેન વોરા	મુંબઈ	૯૮૨૦૮૨૪૨૮૧	૦૨૨-૨૮૦૭૮૭૯૪	ભક્તામર સ્તોત્ર
૮૫	ડૉ. રેણુકા જે. પોરવાલ	મુંબઈ	૯૮૨૧૮૭૭૩૨૭	૦૨૨-૨૫૬૧૬૨૩૧	પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન– મથુરામાં પ્રાપ્ત જૈન શિલ્પો
૮૬	રેશ્મા ડી. પટેલ	આણંદ	૯૮૨૫૧૮૫૧૬૭	—	મલ્લિકા મકરંદ – શ્રી રામચંદ્ર સૂરિકૃત
૮૭	ડૉ. રૂપા ચાવડા	ગાંધીનગર	૯૮૨૫૧૬૪૩૫૬	—	પ્રબુદ્ધ રૌહિણેય
૮૮	રૂપાલીબેન અજય બાફના	ધુલે	૯૪૦૩૦૮૬૫૭૧	૦૨૫૬૩-૨૫૬૮૭૧	જિન ધમ્મો – આચાર્ય નાલાલજી
૮૯	ડૉ. સાગર મકવાણા	ભાવનગર	૯૭૨૭૪૧૭૨૩૪	—	ભરતેશ્વર બાહુબલિવૃત્તિ
૯૦	ડૉ. સાગરમલજી જૈન	સાજાપુર	૯૩૬૪૨૨૭૪૨૫	૦૭૩૬૪-૨૨૨૨૧૮	જૈન સાહિત્ય
૯૧	સંદિપ જૈન	ન્યૂ દિલ્હી	—	—	અમૃતાશીતિ – યોગીન્દુ કૃત
૯૨	શીતલ એમ. શાહ	અમદાવાદ	૯૪૨૬૪૨૫૬૦૦	૦૭૯-૨૬૬૨૦૩૬૧	યોગસાર
૯૩	ડૉ. શેખરચંદ્ર જૈન	અમદાવાદ	—	૦૭૯-૨૫૮૫૦૭૪૪	જ્ઞાનાર્ણવ
૯૪	શોભના પી. જૈન	નવસારી	૯૪૨૭૮૬૯૩૬૯	૯૪૨૬૮૮૧૫૯૧	અન્તગઢ સૂત્ર
૯૫	શોભનાબેન આર. શાહ	અમદાવાદ	૯૮૯૮૧૦૯૨૭૩	—	મનોરમા કથા
૯૬	શ્રીકાંતભાઈ આર. ધ્રુવ	મુંબઈ	૯૮૬૯૩૨૨૪૫૭	—	ધર્મ પરિચય
૯૭	સ્મિતાબેન પી. જૈન	નંદરબાર	૯૪૨૩૯૮૧૩૬૭	૦૨૫૬૫-૨૨૩૮૬૭	દેવરચના હરખ્શરાય કૃત
૯૮	સુદર્શના પી. કોઠારી	મુંબઈ	—	૦૨૨-૨૩૮૬૮૮૬૫	ઈન્દ્રિય પરાજય શતક
૯૯	ડૉ. સુધાબેન પંડ્યા	વડોદરા	૯૪૨૭૫૩૯૨૭૯	૦૨૬૫-૨૭૯૪૨૭૯	આરામશોભા કથા
૧૦૦	સુમનબેન શાહ	મુંબઈ	૯૯૮૭૬૬૮૮૬૬	૯૮૨૦૯૯૯૭૭૭	ઉપમિતિભવ પ્રપંચ કથા
૧૦૧	સુવર્ણા જૈન	મુંબઈ	૯૮૧૯૮૨૦૭૫૮	૯૯૨૦૧૧૮૦૯૨	સમયસાર પ્રકરણ
૧૦૨	ઉર્વશી મનુભાઈ પંડ્યા	મુંબઈ	૯૮૨૧૬૭૩૫૭૭	૯૯૮૭૦૧૬૩૦૬	વસુદેવ–હિંડી
૧૦૩	ઉષા આર. પટેલ	મુંબઈ	૯૨૨૪૪૪૪૯૮૧	૦૨૨-૩૨૦૮૪૦૨૪	પ્રમાણ મીમાંસા – હેમચંદ્ર સૂરિ
૧૦૪	ડૉ. ઉત્પલા કાંતિલાલ મોદી	મુંબઈ	૨૬૮૩૬૦૧૦	૨૬૮૩૩૯૬૧	ત્રિષષ્ઠીશલાકા પુરુષ ચરિત્ર
૧૦૫	વર્ધમાન આર. શાહ	મુંબઈ	૯૮૯૨૩૬૪૪૨૦	—	અષ્ટક પ્રકરણ
૧૦૬	વર્ષાબેન વી. શાહ	મુંબઈ	૯૭૫૭૧૨૪૨૮૨	૦૨૨-૨૬૮૩૪૦૬૧	વિશેષાવશ્યક ભાષ્ય
૧૦૭	વિજયાબેન સી. શાહ	વલ્લભ વિદ્યાનગર	—	૦૨૬૯૨-૨૫૧૫૨૦	પ્રશમરતિ પ્રકરણ
૧૦૮	ડૉ. વિજયકુમાર પંડ્યા	અમદાવાદ	૯૮૯૮૦૫૯૪૦૪	૦૭૯-૨૬૩૦૩૯૨૯	તરંગવતી કથા
૧૦૯	વિનયકાંત પી. બખાઈ	રાજકોટ	૯૮૨૪૪૮૫૪૧૦	૯૩૭૫૯૬૭૬૮૪૫	—

શ્રી દશવૈકાલિક સૂત્ર

□ ડૉ. રશ્મિભાઈ જેઠાલાલ ઝવેરી

લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. જૈન ધર્મના ઊંડા અભ્યાસી અને સામાજિક કાર્યકર છે. બાર ભાવનાની અનુપ્રેક્ષા ઉપર શોધપ્રબંધ લખી લેખકે પીએચ.ડી.ની ઉપાધિ હાંસલ કરી છે.

ભગવાન મહાવીરની વાણી ગણધરોએ ઝીલી અને એને સૂત્રબધ્ધ કરીને આગમોની રચના કરી. જૈનાગમના મુખ્ય બે ભેદ છે–અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. શ્વેતાંબર માન્યતા પ્રમાણે આજે ૪૫ અથવા ૩૨ આગમો ઉપલબ્ધ છે. એમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ સહિત મૂલ સૂત્ર, છેદ સૂત્ર આદિનો સમાવેશ થાય છે.

દશવૈકાલિક સૂત્ર એ 'મૂલ' સૂત્રના વર્ગીકરણમાં આવે છે. વ્યાખ્યાક્રમ અથવા વિષય ગત વર્ગીકરણની દૃષ્ટિએ દશવૈકાલિક સૂત્ર 'ચરણ કરણાનુયોગ'ના વિભાગમાં આવે છે. કારણ કે એમાં શ્રમણોના આચાર વિષે વિવેચન કરવામાં આવ્યું છે.

નામ : દશવૈકાલિક સૂત્રના દસ અધ્યયન છે અને એ વિકાલમાં રચવામાં આવ્યું છે એટલે એનું નામ 'દશવૈકાલિક' રાખવામાં આવ્યું છે.

કર્તા : આ સૂત્રના કર્તા છે શ્રુતકેવલી શય્યંભવ સ્વામી. એમણે એની રચના પોતાના પુત્ર મનક માટે કરી હતી.

સમય : આ સૂત્રની રચના વીર સંવત ૭૨ની આસપાસ 'ચંપા'માં થઈ હતી.

ભાષા : દશવૈકાલિકની ભાષા છે–અર્ધમાગધી. ભગવાન મહાવીર આ ભાષામાં જ ઉપદેશ આપતા હતા. એ સમયની એ દિવ્ય ભાષા હતી. અર્ધમાગધી એ પ્રાકૃત ભાષાનું જ એક રૂપ છે. એ મગધના એક ભાગમાં બોલાતી હતી, એટલે એને અર્ધ-માગધી કહેવામાં આવે છે. આચાર્ય હેમચંદ્રે એને 'આર્ષ' ભાષા કહી છે.

રચનાકાર પરિચય

શ્રૂત-શાર્દૂલ આચાર્ય શય્યંભવ ભગવાન મહાવીરના ચોથા પટ્ટધર હતા. પ્રથમ પટ્ટધર સુધર્માસ્વામી અને દ્વિતીય પટ્ટધર જંબુસ્વામી, કેવળજ્ઞાની હતા. તૃતીય પટ્ટધર પ્રભવસ્વામીને તથા એમના વિદ્વાન શિષ્ય આચાર્ય શય્યંભવને ૧૪ પૂર્વોનું જ્ઞાન હતું એટલે એ બંને 'શ્રુત-કેવલી' કહેવાયા.

એમનો જન્મ વીર નિર્વાણ ૨૬ (વિ. પૂ. ૪૩૪)માં રાજગૃહીમાં 'વત્સ' ગોત્રમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. વેદ-વેદાંગ દર્શનનું જ્ઞાન અગાધ હતું. એક વિદ્વાન હોવા છતાં મહાભિમાની અને પ્રચંડ ક્રોધી હતા, તથા નિર્ગન્થ ધર્મના પ્રબળ વિરોધી હતા.

આચાર્ય પ્રભવસ્વામીને પોતાના ઉત્તરાધિકારી તરીકે આ વિદ્વાન બ્રાહ્મણ યોગ્ય લાગ્યા કારણ કે એમનામાં વિદ્વત્તાની સાથે સમર્થ નેતૃત્વ કલા હતી. એટલે ધર્મ-સંઘના હિત માટે પ્રભવસ્વામીએ બે શ્રમણોને શય્યંભવના યજ્ઞવાદ્માં મોકલ્યા. પણ ત્યાં એમનું ઘોર અપમાન કરી કાઢી મુકવામાં આવ્યા ત્યારે તેઓએ ઉપશાંત ભાવથી શય્યંભવને કહ્યું: 'અહો કષ્ટમહો કષ્ટં, તત્ત્વં વિજ્ઞાયતે નહિ.' 'અહો ! ખેદની વાત છે કે તત્ત્વ જાણવામાં આવતું નથી.'

શય્યંભવ મહાભિમાની હોવા છતાં સાચા જિજ્ઞાસુ હતા. પ્રશાંત શ્રમણયુગલની ટકોરથી એ તત્ત્વ સમજવા આચાર્ય પ્રભવસ્વામી પાસે આવ્યા. પ્રભવસ્વામી અત્યંત સક્ષમ આચાર્ય હતા. એમણે શય્યંભવને યજ્ઞનું યથાર્થત સ્વરૂપ સમજાવી પોતાની પીયૂષવાણીથી એમને પ્રતિબોધ આપ્યો અને વી.નિ. ૬૪ (વિ.પૂ. ૪૦૬)માં પંડિત બ્રાહ્મણ શય્યંભવ ૨૮ વર્ષની વયે શ્રમણ બની ગયા. આચાર્ય પ્રભવ પાસે એમણે ૧૪ પૂર્વનું જ્ઞાન મેળવ્યું અને શ્રુતધરની પરંપરામાં એ બીજા શ્રુતકેવલી બની ગયા. વી.નિ. ૭૫માં તેઓ શ્રમણસંઘના આચાર્ય બન્યા.

એમણે દીક્ષા લીધી ત્યારે એમની પત્ની ગર્ભવતી હતી. એમના પુત્રનું નામ મનક હતું. એ જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે એણે પોતાની માતા પાસેથી જાણ્યું કે એના પિતા જૈનાચાર્ય શય્યંભવ છે. એમને મળવા મનક ચંપા પહોંચ્યો. શય્યંભવે એને ઓળખી લીધો, પણ મનકને પોતાની ઓળખાણ ન આપી. મનકને એમણે અધ્યાત્મ-બોધ આપ્યો અને મનક એમની પાસે મુનિ બનીને રહ્યો. હસ્તરેખાના જાણકાર શય્યંભવને ખબર પડી ગઈ કે મનકનું આયુષ્ય બહું જ થોડું છે. એટલે એને શાસ્ત્રોના જ્ઞાનનો સાર શીખવવા એમણે પૂર્વોમાંથી દશાવૈકાલિક સૂત્રનું નિર્યૂહણ કર્યું, અને મનકને એનો ઊંડો અભ્યાસ કરાવ્યો.

અલ્પાયુષ મનકનો દીક્ષા પછી ૬ મહિનાની અંદર જ સ્વર્ગવાસ થઈ ગયો. આચાર્ય શય્યંભવને ૧૪ પૂર્વનું જ્ઞાન હતું પણ એ વીતરાગ થયા ન હતા. એટલે પુત્રમોહથી એમની આંખો ભીની થઈ ગઈ. અન્ય મુનિઓએ એનું કારણ પૂછતાં એમણે બધાને હકીકત બતાવી અને કહ્યું કે, 'મનક મારો પુત્ર છે એ વાત મેં જાણી જોઈને ગોપનીય રાખી હતી. કારણ કે નહીં તો તમે બધા એને સેવા કાર્યથી વંચિત રાખત.'

આચાર્ય પ્રભવ પાસેથી એમણે ૩૯ વર્ષની વયે આચાર્યપદ સંભાળ્યું અને વીતરાગ શાસનની એમણે વ્યાપક પ્રભાવના કરી. પોતાની અતિનિકટ એવા બ્રાહ્મણ સમાજને યજ્ઞનું અધ્યાત્મરૂપ સમજાવી એમને જૈનધર્મ તરફ આકર્ષ્યા. આ પ્રકાંત પંડિત શ્રુતધર

આચાર્ય ૬૨ વર્ષની વયે વી.નિ. ૯૮માં સ્વર્ગવાસી થયા.

નિર્યૂહણ કૃતિ

રચના બે પ્રકારની હોય છે–સ્વતંત્ર અને નિર્યૂહણ. દશવૈકાલિક સૂત્ર એ નિર્યૂહણ કૃતિ છે, સ્વતંત્ર નહીં. આચાર્ય શય્યંભવ ૧૪ પૂર્વોના જાણકાર (શ્રુત કેવલી) હતા અને એમણે ભિન્ન ભિન્ન પૂર્વોમાંથી આ સૂત્રનું નિર્યૂહણ કર્યું છે. આચાર્ય ભદ્રબાહુ રચિત દશવૈકાલિક નિર્યુક્તિ અનુસાર આ સૂત્રના દશ અધ્યયનનું નિર્યૂહણ થયું છે.

આવી રીતે દસ અધ્યયનની રચના આચાર્ય શય્યંભવે કરી હતી. ત્યાર બાદ 'રઈવક્કા' અને 'વિવિત્તચર્યા' નામની બે ચૂલિકાઓની રચના થઈ અને એને દશવૈકાલિક સૂત્ર સાથે જોડી દેવામાં આવી. સંયમમાં અસ્થિર મુનિના વિચારોને સ્થિર કરવા (સ્થિરીકરણ) માટે આ બન્ને ચૂલિકાઓનું સ્વાધ્યાય મજબૂત આલંબન-રૂપ બને છે.

આ સૂત્ર શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરાઓમાં માન્ય છે. શ્વેતાંબર એનો સમાવેશ ઉત્કાલિક સૂત્રમાં ચરણકરણાનુયોગમાં કરે છે. એને 'મૂલ' સૂત્ર પણ કહેવામાં આવે છે. દિગંબર પરંપરામાં પણ આ સૂત્ર પ્રિય છે.

દશવૈકાલિકઃ વિષય અને વિષય નિરૂપણ

આ સૂત્રના દસ અધ્યયનો અને બે ચૂલ્લિકાઓ છે. એનું સંક્ષિપ્ત વિવેચન આ પ્રમાણે છે.

(૧) પહેલા અધ્યયનનું નામ છે- 'દ્રુમપુષ્પિકા' એમાં પાંચ શ્લોકો છે. પ્રથમ શ્લોક જૈનધર્મની વ્યાખ્યા અને સ્વરૂપ સમજાવે છે, જેનું સ્વાધ્યાય અત્યંત પ્રચલિત છે. આ શ્લોક આ પ્રમાણે છેઃ

'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં,
અહિંસા સંજમો તવો।'

આત્માની મુક્તિ માટે ધર્મની સાધના અત્યંત આવશ્યક છે. કારણ કે એ પ્રથમ અને પરમ મંગલ છે. એના લક્ષણો છે–અહિંસા, સંયમ અને તપ. આ જૈનધર્મનો સાર છે. આમાં કોઈ ધર્મનું નામ નથી–લેબલ નથી. જે ધર્મમાં આ ત્રણ હોય તે જ એકાંતિક, આત્યંતિક અને ઉત્કૃષ્ટ મંગલ છે, કલ્યાણકારી છે.

અહિંસા તો જૈન ધર્મનો પ્રાણ છે, આધાર છે. જૈન દર્શનમાં એની ગહનતમ ચર્ચા કરવામાં આવી છે. સર્વ જીવોને પોતાના આત્મા સમાન જાણીને તેમને મન, વચન અથવા કાયાથી કોઈપણ પ્રકારે પીડા ન આપવી, દુઃખ ન આપવું, ભયભીત ન કરવા, ઘાત ન કરવી, તે અહિંસા છે. જૈનાગમમાં અહિંસાનું જેવું સૂક્ષ્મતમ વર્ણન મળે છે તે કોઈ અન્ય દર્શનમાં નથી.

સંયમનો અર્થ છે 'ઉપરમ.' રાગ-દ્વેષ રહિત થઈને સમભાવમાં સ્થિત થવું એનું નામ છે સંયમ. હરિભદ્રસૂરિએ સંયમની વ્યાખ્યા કરી છે–'આશ્રવ દ્વારો પરમઃ'–અર્થાત કર્મ આવવાના દ્વારને બંધ કરવા. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ, આ પાંચ કારણથી કર્મ બંધાય છે. આ પાંચેય અવિરતિયોનો ત્યાગ કરવો, કષાય વિજય, ઇન્દ્રિય-નિગ્રહ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન–આ બધાં અર્થ સંયમમાં સમાહિત છે.

તપ એટલે આઠ પ્રકારની નિર્જરા, જેનાથી આત્માની આંશિક વિશુદ્ધિ થાય. છ બાહ્ય નિર્જરા છે–અનશન, ઉણોદરી, ભિક્ષાચારી, રસ-પરિત્યાગ, કાર્યક્લેશ અને પ્રતિસંલીનતા. આ પ્રકારના તપ શરીર સંબંધી છે અને આભ્યંતર નિર્જરાની સાધના માટે ઉપયોગી છે. વધુ અગત્યના તપ–આભ્યંતર તપ–છ પ્રકારના છે–પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ.

બાકીના ચાર શ્લોકોમાં સાધુજીવનના નિર્વાહ માટે માધુકરી ભિક્ષા પધ્ધતિનું વર્ણન છે. જેમ મધુકર પુષ્પોને હાનિ પહોંચાડ્યા વગર, અલગ અલગ પુષ્પોમાંથી રસ લે છે, એમ સાધુ પણ અલગ અલગ ગૃહસ્થોના ઘરમાંથી પોતાના પરિવાર માટે બનાવેલા ભોજનમાંથી, એક દિવસના ખપ પૂરતા જ આહારની ભિક્ષા ગ્રહણ કરી, પોતાનો નિર્વાહ કરે છે. આ રીતે જે સાધુ અપ્રતિબધ્ધપણે ભિક્ષાચારી કરતાં અહિંસા, સંયમ અને તપ રૂપ મહામંગલકારી આત્મધર્મની આરાધના કરે છે, તે જ સાચો સાધુ છે.

(૨) બીજા અધ્યયનનું નામ છે–શ્રામણ્યપૂર્વક. એટલે કે સંયમમાં ધૃતિ અને એની સાધના. જે સંયમમાં શ્રમ કરે એ શ્રમણ કહેવાય છે. શ્રમણના ભાવને શ્રામણ્ય કહેવાય છે. અને એનું મૂળ બીજ છે ધૃતિ અને કામ-રાગ (ભોગવિલાસ-વિષય સેવન)નું નિવારણ.

(૩) (૬) ત્રીજા અને છઠ્ઠા અધ્યયનમાં શ્રમણ નિર્ગ્રંથના આચાર અને અનાચારનું વર્ણન છે, જે ત્રીજામાં સંક્ષિપ્ત રૂપમાં અને છઠ્ઠામાં વિસ્તૃત રૂપે છે. એટલે ત્રીજા અધ્યયનનું નામ છે 'ક્ષુલ્લકાચાર-કથા' અને છઠ્ઠાનું નામ છે 'મહાચાર-કથા'.

સંપૂર્ણ જ્ઞાનનો સાર છે–આચાર. મુખ્ય પાંચ આચાર છે–જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર અને તપાચાર. જે આ પાંચ આચારનું શુધ્ધ રૂપે પાલન કરે એ જ સાધુ સંયમમાં સ્થિર રહી શકે છે. ત્રીજા અધ્યયનમાં ૫૪ પ્રકારના આચાર અને ૫૨ પ્રકારના અનાચારનું વર્ણન છે.

છઠ્ઠા અધ્યયનમાં આચારના ૧૮ સ્થાનોનું વર્ણન છે – ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અચૌર્ય, ૪ બ્રહ્મચર્ય, ૫ અપરિગ્રહ, ૬ રાત્રિભોજન ત્યાગ, ૭-૧૨ છ કાયની યતના, ૧૩ અકલપ્ય, ૧૪ ગૃહસ્થનું ભાજન (વાસણ), ૧૫ પર્યંક, (ખુરસી, પલંગ આદિ) ૧૬ નિષદ્યા (ગૃહસ્થના ઘરમાં ન બેસવું) ૧૭ સ્નાન અને ૧૮ વિભૂષાવર્જન.

આ અઢાર સ્થાનનું જિનાજ્ઞાનુસાર પાલન કરવાથી આસક્તિભાવ ઘટે છે અને અનાદિકાલીન વાસનાઓ નિષ્ફળ જાય

છે.

(૪) ચોથું અધ્યયન છે 'ષડ્જીવનિકા' એટલે કે જીવ-સંયમ અને આત્મ-સંયમ.

આના પ્રથમ ૧થી ૧૦ શ્લોકોમાં છ કાયના નામ, સ્વરૂપ, લક્ષણ તથા જીવ-વધ ન કરવાનો ઉપદેશ છે. ૧૧થી ૧૭ શ્લોકોમાં પાંચ મહાવ્રત અને રાત્રિ-ભોજન-વિરમણનું વર્ણન છે. ૧૮થી ૨૨ શ્લોકોમાં છ કાયની યતના (જયણા)નો ઉપદેશ છે. ત્યાર બાદના શ્લોકોમાં અયતનાથી થતી હિંસા, બંધન અને પરિણામ દર્શાવ્યા છે. અંતમાં ધર્મ-ફળ, કર્મ-મુક્તિની પ્રક્રિયા અને સુમતિની ચર્ચા છે.

(૫) પાંચમું અધ્યયન 'પિંડષેણા' છે. એના પ્રથમ ઉદ્દેશકના ત્રણ વિભાગ છે. ૧ ગવેષણા, ૨ ગ્રહણૈષણા ૩ ભોગૈષણા. બીજા ઉદ્દેશકમાં સાધુએ ભોજન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોનો ઉપદેશ છે. આમ આ અધ્યયનમાં સાધુએ ભિક્ષા લેવા જવાના નિયમો, એનો સમય, ભિક્ષા ગ્રહણ કરવાની વિગતવાર વિધિ, ભોજન કરવાના નિયમો, એમાં લાગતા અતિચારો તથા એની આલોચના, સામુદાયિક ભિક્ષાનું વિધાન, આદિ, ભિક્ષા-ભોજનને લગતો ઉપદેશ છે.

(૭) સાતમા અધ્યયન 'વાક્ય શુદ્ધિ'માં ભાષા-વિવેકનો ઉપદેશ છે. મૌન રહેવું એ વચનગુપ્તિ છે અને ભાષાનો પ્રયોગ ભાષા-સમિતિનો પ્રકાર છે. માટે સાવદ્ય–અનવદ્ય ભાષાનું જ્ઞાન અને એનો વિવેક શ્રમણ માટે આવશ્યક છે. સત્ય ભાષા પણ જો સાવદ્ય થતી હોય તો એનો નિષેધ કરવામાં આવ્યો છે. એક નિર્ગ્રંથ માટે વક્તવ્ય અને અવક્તવ્ય શું છે એનું બહુ સૂક્ષ્મ વિવેચન આ અધ્યયનમાં છે. અહિંસક વાણી ભાવ-શુદ્ધિનું નિમિત્ત બને છે.

આ અધ્યયનના ૫૭ શ્લોકો છે. આમાં અવક્તવ્ય, અસત્ય, સત્યાસત્ય, મૃષા, અનાચીર્ણ વ્યવહાર, સંદેહ કે શંકામાં નાખે તેવી, નિશ્ચયાત્મક, કઠોર, હિંસાત્મક, તુચ્છ, અપમાનજનક, અપ્રીતિકર, ઉપઘાતકર, આદિ ભાષાનો નિષેધ છે.

(૮) આઠમા અધ્યયન 'આચાર-પ્રણિધિ'માં આચારનું પ્રણિધાન છે. આચાર એક નિધિ છે અને એને મેળવીને નિર્ગ્રંથે કેમ પ્રવૃત્તિ કરવી જોઈએ એનો આમાં બોધ છે. પ્રણિધિનો બીજો અર્થ છે–એકાગ્રતા, સ્થાપના અથવા પ્રયોગ. આમાં પણ પ્રશસ્ત પ્રણિધિ-સુપ્રણિધાન શ્રમણ માટે આચરણીય છે, દુષ્પ્રણિધાન ત્યાજ્ય છે. આ અધ્યયનના ૩૫ શ્લોકોમાં આનું વિવેચન છે. પછીના ૩૬થી ૫૧ શ્લોકોમાં કષાય, વિનય, નિદ્રા, વાણી-વિવેક, આદિનો બોધ છે. ૫૦મા શ્લોકમાં ગૃહસ્થને નક્ષત્ર, સ્વપ્નફળ, વશીકરણ, નિમિત્ત, મંત્ર, આદિ બતાવવાનો નિષેધ કરવામાં આવ્યો છે, જે આજના યુગના સાધુઓએ વિશેષ સમજવા જેવા છે. ૫૨થી ૬૩ સુધીના શ્લોકોમાં બ્રહ્મચર્યની સાધના અને એના સાધનનું વર્ણન છે.

(૯) નવમા અધ્યયનનું નામ છે–'વિનય-સમાધિ.' વિનય એ તપનો પ્રકાર છે. અને તપ એ ધર્મ છે. માટે વિનય કરવો જોઈએ. વિનયનો અર્થ કેવળ નમ્રતા નથી. જૈનાગમોમાં 'વિનય'નો પ્રયોગ આચારના વિશાળ અર્થમાં થયો છે. જૈન ધર્મ આચાર-પ્રધાન ધર્મ છે, માત્ર વૈનયિક નહીં. વિનય તો ધર્મનું મૂળ છે. ઔપપાતિક સૂત્રમાં વિનયના સાત પ્રકાર છે–જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વાણી, કાયા અને ઉપચાર. શ્રમણ નિર્ગ્રંથે ઉધ્ધત ભાવનો ત્યાગ કરી અનુશાસનનો સ્વીકાર કરવો અભિપ્રેત છે.

આ અધ્યયનના ચાર ઉદ્દેશક છે–પ્રથમ ઉદ્દેશકના ૧૭ શ્લોકોમાં વિનયથી થતા માનસિક સ્વાસ્થ્યની ચર્ચા છે. બીજાના ૨૩ શ્લોકોમાં 'અવિનીત અને સુવિનીત'નું વર્ણન છે. ત્રીજાના ૧૫ શ્લોકોમાં પૂજ્ય કોણ? પૂજ્યના લક્ષણ અને એની અર્હતાનો ઉપદેશ છે. ચોથામાં ૭ શ્લોકોમાં 'વિનય-સમાધિના સ્થાન' દર્શાવ્યા છે.

(૧૦) દસમા અધ્યયનનું નામ છે 'સભિક્ષુ'. આના ૨૧ શ્લોકોમાં શ્રેષ્ઠ ભિક્ષુના લક્ષણો અને એની અર્હતાનો ઉપદેશ છે. દશવૈકાલિક સૂત્રનો સાર આ અધ્યયનમાં છે. અહિંસક જીવન નિર્વાહ માટે જે ભિક્ષુ બને છે તે જ સાચો ભિક્ષુ છે. સંવેદ, નિર્વેદ, વિવેક (વિષય-ત્યાગ), સુશીલ-સંસર્ગ, આરાધના, તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, ક્ષાંતિ, માર્દવ, આર્જવ, અદીનતા, તિતિક્ષા, આવશ્યક-શુધ્ધિ–આ બધા ભિક્ષુના લક્ષણો છે.

ઉત્તરાધ્યયન સૂત્રના પંદરમા અધ્યયનનું નામ પણ 'સભિક્ષુ' છે અને એમાંના વિષય અને પદોનું આ અધ્યયન સાથે ઘણું સામ્ય છે. ધમ્મપદના 'ભિકખુવગ્ગ'ની ગાથા (૨૫.૩) અને આ અધ્યયનની ગાથા ૧૫ લગભગ શબ્દશઃ મળતી આવે છે.

આ દસ અધ્યયનો પછી બે ચૂલ્લિકાઓ છે. પ્રથમ ચૂલ્લિકાનું નામ છે 'રતિવાક્યા.' આમાં સ્થિરીકરણના ૧૮ સૂત્રો છે. 'ગૃહવાસ બંધન છે અને સંયમ મોક્ષ છે'–એ આ ચૂલ્લિકાનું મુખ્ય પ્રતિપાદ્ય છે. દ્વિતીય ચૂલ્લિકા 'વિવિક્તચર્યા'માં શ્રમણની ચર્યા (આચરણ) ગુણો અને નિયમોનું નિરૂપણ છે.

ચૂલિકા એટલે શિખર, અગ્રભાગ. જે રીતે શિખર પર્વતની શોભા વધારે છે તેમ આ બંને ચૂલિકાઓ સમગ્ર સૂત્રના વિષયની શોભા રૂપ છે.

ટીકા : હરિભદ્રસૂરિએ સંસ્કૃતમાં આ સૂત્રની ટીકા લખી છે. ઉપરાંત અન્ય અનેક ભારતીય અને વિદેશી વિદ્વાનોએ આ સૂત્રનો અનુવાદ, વિવેચન કર્યા છે. જેમકે જર્મન વિદ્વાન શાર્પેન્ટિયરે જર્મન ભાષામાં, કે. વી. અભ્યંકરે અંગ્રેજીમાં 'દસવેયાલિય સૂત્ર', એમ. વી. પટવર્ધને પણ અંગ્રેજીમાં 'દસવૈકાલિક સૂત્ર–એ સ્ટડી',

ગોવિંદજી પટેલે ગુજરાતીમાં 'સમી સાંઝનો ઉપદેશ', ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકાએ ગુજરાતીમાં 'શ્રી દશવૈકાલિક સૂત્ર (પરિચય)', ઉપાધ્યાય કમલમુનિએ હિંદીમાં, આદિ રચનાઓ ઉલ્લેખનીય છે.

વાચના પ્રમુખ આચાર્ય તુલસીના માર્ગદર્શન હેઠળ મુનિ નથમલે (હાલ આચાર્ય શ્રી મહાપ્રજ્ઞ) આ સૂત્ર પર અત્યંત મનનીય વિવેચન સહિત હિંદી ભાષામાં સંપાદન કર્યું છે, જે આ લઘુનિબંધનો મુખ્ય આધાર છે.

દશવૈકાલિકની મહત્તા

શ્રમણ જીવનની 'બાળપોથી' સમાન આ સૂત્ર અત્યંત પ્રચલિત અને ઉપયોગી આગમ ગ્રંથ છે. રચનાકારે એમાં સર્વ શાસ્ત્રોનો સાર આપવાનો પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને સંયમી જીવનની સમાચારીનો સ્પષ્ટ બોધ કરાવ્યો છે. આ સૂત્રની રચના થઈ તે પહેલાં નવદીક્ષિત સાધુઓને પ્રથમ આચારાંગ અને પછી ઉત્તરાધ્યયન સૂત્રો ભણાવવામાં આવતા હતા, પણ આની રચના પછી આ સૂત્ર સાધુના અધ્યયન-ક્રમમાં સર્વ **પ્રથમ** છે, કારણ કે સાધુને સર્વ પ્રથમ આચારનું જ્ઞાન કરાવવું આવશ્યક છે, જે આ સૂત્ર સરળ અને સુગમ ભાષામાં કરાવી શકે છે. એના ચોથા અધ્યયન 'ષડજીવનિકા'નો અર્થ સહિત અભ્યાસ કરનારા સાધુ મહાવ્રતોની વિભાગતઃ ઉપસ્થાપના માટે યોગ્ય ગણાય છે. એ જ પ્રમાણે એના પાંચમા અધ્યયન 'પિંડેષણા'નો અર્થ સહિત અભ્યાસ કરનાર સાધુને 'પિંડકલ્પી' ગણવામાં આવે છે. આમાં જૈનદર્શન અને આચારના અત્યંત મહત્ત્વના સૂત્રોનો સમાવેશ થયો છે.

ઉપસંહાર-ફળશ્રુતિ

પ્રસ્તુત સૂત્રનું સાદ્યોપાંત અધ્યયન પ્રત્યેક શ્રમણ નિર્ગ્રંથ માટે અનિવાર્ય છે. એમાં સાધુજીવનની સમાચારી, ગોચરી, અહિંસક જીવન પધ્ધતિ, ધૃતિ, સંયમ, ભાષા વિવેક, બ્રહ્મચર્યની સાધના, ચાર પ્રકારની સમાધિ (વિનય-શ્રુત-તપ-આચાર), શ્રેષ્ઠ ભિક્ષુના લક્ષણો, આદિનું વિશદ વિવેચન છે. નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી (દ્વિતીય) અનુસાર એમાં બે પ્રકારના આચારનું વર્ણન છે–(૧) ચરણ-વ્રત, આદિ (૨) કરણ-પિંડ-વિશુદ્ધિ, આદિ. આથી એ ચરણ-કરણાનુયોગ આગમ છે. ધવલા અનુસાર આ સૂત્ર આચાર અને ગોચરની વિધિનું વર્ણન કરે છે. તત્ત્વાર્થની શ્રુતસાગરીય વૃત્તિ અનુસાર એમાં વૃક્ષ-કુસુમ આદિના ભેદનું અને યતિયોના આચારનું કથન છે. આચાર્ય મહાપ્રજ્ઞ અનુસાર આમાં આચાર-ગોચર સિવાય જીવ-વિદ્યા, યોગ-વિદ્યા, આદિ અનેક મહત્ત્વપૂર્ણ વિષયોનું નિરૂપણ છે. મૂળ શ્રમણો માટે રચાયેલ આ સૂત્રમાં શ્રાવકો માટે પણ અત્યંત ઉપયોગી બોધ છે, જે સૂક્ત અથવા સુભાષિતોના રૂપમાં અહીં આપ્યા છે.

પ્રસ્તુત સૂત્રમાં આપેલાં કેટલાંક મહત્ત્વના શ્લોકો અને સુભાષિતો આ પ્રમાણે છે.

૧. ધમ્મો મંગલમુક્કિટ્ઠં।। (૧/૧)
ધર્મ ઉત્કૃષ્ટ પરમ મંગલ છે.

૨. જયં ચરે, જયં ચિટ્ઠે, જયમાસે, જયં સએ,
જયં ભુજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ।। (૪।૮)
યતના (જયણા) પૂર્વક ચાલવાથી, ઊભા રહેવાથી, બેસવાથી, સુવાથી, ખાવાથી અને બોલવાથી પાપ કર્મનો બંધ નથી થતો.

૩. પઢમં નાણં, તઓ દયા ।। (૪/૧૦)
પ્રથમ જ્ઞાન પછી દયા-ક્રિયા-આચરણ.

૪. કાલે કાલં સમાયરે ।। (૫/૨/૪)
પ્રત્યેક કામ એના નિયત સમય પર કરો.
(Time Managementની આવશ્યકતા)

૫. અહિંસા નિઉણં દિટ્ઠા, સવ્વભૂએસુ સંજમો। (૬/૮)
સર્વ જીવો પ્રત્યે જે સંયમ છે તે જ અહિંસા છે.

૬. મુચ્છા પરિગ્ગહો વુત્તો ।। (૬/૨૦)
મૂર્ચ્છા-મમત્વ જ પરિગ્રહ છે.

૭. દેહે દુક્ખં મહાફલં ।। (૮/૨૭)
જે કષ્ટ આવી પડે, એને સહન કરો.

૮. નિયાસણ । (૮/૨૯)
ઓછું ખાવો.

૯. ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે।
માયં મજ્જવભાવેણ, લોભં સંતોષઓ જિણે।। (૮/૩૮)
ઉપશમથી ક્રોધને હણો, મૃદુતાથી માનને જીતો, ઋજુભાવ (સરલતા)થી માયાને જીતો અને સંતોષથી લોભને જીતો.

૧૦. પિટ્ઠી મંસં ન ખાએજની । (૮/૪૦)
ચાડી-ચુગલી ન કરો. કોઈની પીઠ પાછળ એના વિષે ખરાબ બોલવું એ પીઠનું માંસ ખાવા બરાબર છે.

૧૧. અસંવિભાગી નહુ તસ્સ મોક્ખો। (૯/૨/૨૨)
જે સંવિભાગ (Share) નથી કરતો તેનો મોક્ષ નથી.

૧૨. નજાત્ય નિજ્જરટ્ઠથાએ તવમહિટ્ઠેજજા। (૯/૪/૬)
માત્ર નિર્જરા માટે જ તપ કરો. આ લોક કે પરલોકના સુખ માટે નહીં.

* * *

અર્હમ, ૨૬૬, ગાંધીમાર્કેટ પાસે, સાયન (ઈસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૨૨.
ટેલિફોન : ૦૨૨-૨૪૯૯૪૧૫૭.
મોબાઈલ : ૯૮૨૧૬૮૧૦૪૬.
E-Mail: rashmizaveri@yahoo.com.in

જૈન ધર્મ, ભારતીય દર્શનનો અને સ્વદેશપ્રેમનો
ગૌરવ-ગ્રંથ : 'ધી જૈન ફિલૉસોફી'

□ ડૉ. કુમારપાળ દેસાઈ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ જૈન ધર્મના ઊંડા ચિંતક, એકાવનથી ઉપરાંત પુસ્તકોના સર્જક, વિશ્વપ્રવાસી અને પ્રભાવક વક્તા છે.

ગૌરવ ગ્રંથની યાત્રામાં આ એક એવો ગ્રંથ છે, જે સંસ્કૃતિ, ધર્મ અને દર્શનના ગૌરવની ભવ્ય ઝાંખી કરાવે છે. પોતાના રાષ્ટ્ર, સમાજ કે ધર્મબંધુઓ સમક્ષ એમના ભૂલાયેલા ગૌરવનું સ્મરણ કરાવવું સરળ છે; પરંતુ અહીં તો ગુલામીની બેડીમાં જકડાયેલા ભારતના આત્માને ઉજાગર કરતા વીરચંદ ગાંધીના આ પ્રવચનો ભારત વિરોધી અને ભારતીય ધર્મ અને સમાજ તરફ તિરસ્કારભરી દૃષ્ટિએ જોતા વિદેશીઓ સમક્ષ આપેલા છે. `The Jain Philosophy' નામના એમના પ્રવચન-સંગ્રહના આ પુસ્તકની પહેલી આવૃત્તિ ઈ. સ. ૧૯૧૧માં થઈ. બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૨૪માં થઈ અને એની ત્રીજી આવૃત્તિ પંચ્યાસી વર્ષ બાદ મુંબઈની વર્લ્ડ જૈન કન્ફેડરેશન સંસ્થાના સહયોગથી આ લેખના લેખકના સંપાદન સાથે પ્રગટ થઈ. આ ગ્રંથમાં સંગ્રહિત પ્રવચનોમાં એક વિરાટ પ્રતિભાની ઝાંખી થાય છે.

વીરચંદ ગાંધીના ગ્રંથસર્જનને જોઈએ તો એમના જીવનકાળ દરમ્યાન માત્ર બે જ પુસ્તકો મળે છે. એમનું એક પુસ્તક ઈ. સ. ૧૮૮૯માં મૂળ સંસ્કૃતમાંથી ગુજરાતી ભાષામાં અનુવાદિત 'સવીર્ય ધ્યાન' અને બીજું પુસ્તક તે ઈ. સ. ૧૮૯૪માં અમેરિકાના શિકાગો શહેરમાંથી પ્રસિદ્ધ કરેલો 'અનનોન લાઈફ ઑફ જિસસ ક્રાઈસ્ટ'નો અનુવાદ. આમ વીરચંદ ગાંધીની હયાતીમાં એમના માત્ર બે પુસ્તકો પ્રગટ થયા.

આ બંને પુસ્તકો પૂર્વે ઈ. સ. ૧૮૮૬માં એમણે બાવીસમા વર્ષે એક નિબંધ પ્રગટ કર્યો. એ નિબંધનો વિષય છે 'રડવા કૂટવાની હાનિકારક ચાલ વિષે નિબંધ'. આ નિબંધ કચ્છ-કોડા નિવાસી રવજી દેવરાજે લખ્યો હતો અને તેમાં બીજી ઘણી અગત્યની બાબતો ઉમેરીને વીરચંદ રાઘવજી ગાંધીએ એને પ્રકાશિત કર્યો હતો.

બાવીસ વર્ષની ઉંમરે આ યુવાનને ધર્મવિરોધી રડવા-કૂટવાની પ્રથા સામે આક્રોશ જાગે, એ વિશે નિબંધ-સ્પર્ધાનું આયોજન કરે, એમાં વિજેતા થનાર કચ્છના રવજી દેવરાજને પોતે જાહેર કરેલું રૂા. ૩૨૫નું ઈનામ આપે તે ઘટના કેટલું બધું સૂચવી જાય છે. વળી બાવીસ વર્ષની વયે વિવેકી જૈન બંધુઓને લક્ષ્યમાં રાખીને 'જૈન ભાઈઓમાં સસ્તું વાંચન' ફેલાવવાનો પ્રયત્ન અદ્યાપિ પર્યંત થયો નથી તેથી આવા પ્રયત્નોને કંઈક ઉત્તેજન મળે તેવી ઈચ્છાથી 'રંક અને શ્રીમંત' ખરીદી શકે તે માટે માત્ર બે આનાની કિંમત રાખીને તેઓ આ નિબંધ પ્રકાશિત કરે છે. જ્યારે એમણે લખેલું 'સવીર્યધ્યાન' એ દસમા સૈકાના થયેલા આચાર્ય શુભચંદ્ર વિરચિત 'જ્ઞાનાર્ણવ' ગ્રંથના ધ્યાન વિશેનાં પ્રકરણોનો શ્રી વીરચંદ ગાંધીએ કરેલો અનુવાદ છે. જૈન ધર્મની વિસ્મૃત થયેલી ધ્યાનપ્રણાલીને પુનઃ જાગ્રત કરનાર અને એને પરદેશીઓ સમક્ષ પ્રભાવશાળી રીતે રજૂ કરનાર વીરચંદ ગાંધીની ધ્યાનલગની આમાંથી જોઈ શકાય છે.

વિધિની એ કેવી વિડંબના કહેવાય કે વીરચંદ ગાંધીના પ્રવચનોનું એક પણ પુસ્તક તેઓ જીવંત હતા તે સમયે પ્રગટ થયું નથી. એમની વૈચારિક પ્રતિભાની ઓળખ આપવાનું શ્રેય 'ધ જૈન' અને 'પેટ્રિયેટ'ના તંત્રી શ્રી ભગુભાઈ કારભારીને જાય છે. એમના 'ધ જૈન ફિલૉસોફી' પુસ્તકમાં એમણે અમેરિકા અને ઈંગ્લૅન્ડમાં આપેલાં વ્યાખ્યાનો અને લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ગ્રંથસ્થ થયેલાં પ્રવચનોમાં વીરચંદ ગાંધીની જૈન ધર્મ વિશેની સિદ્ધાંતલક્ષી મર્મગામી છણાવટ તો મળે છે, પણ એની સાથોસાથ ભારતીય સંસ્કૃતિની ગહનતા, ભવ્યતા અને એના ગૌરવનો ખ્યાલ આવે છે. વીરચંદ ગાંધીએ આ ગ્રંથમાં જૈન, બૌદ્ધ, સાંખ્ય, વેદાંત અને ન્યાય જેવાં દર્શનોની તત્ત્વવિચારણાનો વિદેશી શ્રોતાઓ સમક્ષ પ્રકાશ પાડ્યો છે. આજથી એકસોને સોળ વર્ષ પૂર્વે પરાધીન, 'પછાત' ગણાતા ભારત પાસે આટલી સમૃદ્ધ તત્ત્વપ્રણાલીઓ છે એ વિશે સાંભળીને વિદેશી શ્રોતાઓને નવીન સમજ અને જ્ઞાન પામ્યાનો અનુભવ થયો હતો.

વીરચંદ ગાંધીનો સંબંધ માત્ર તત્ત્વજ્ઞાન સાથે જ નહોતો, બાળપણમાં પણ એમણે દેશની સ્થિતિ વિશે કાવ્યો રચ્યાં હતાં. યુવાનીમાં ધાર્મિક, સામાજિક અને રાજકીય વિષયો પર ભારતમાં મનનીય પ્રવચનો આપ્યાં હતાં, આથી અમેરિકામાં પણ તત્ત્વજ્ઞાન ઉપરાંત તેઓ આહાર-વિજ્ઞાન, યોગ-વિજ્ઞાન અને જીવન-વિજ્ઞાન વિશે વક્તવ્યો આપે છે. ગૂઢવિદ્યાથી માંડીને ધાર્મિક પ્રતીકોના રહસ્યો સુધીની વાતો એમના પ્રવચનમાં મળે છે. પ્રાચીન ભારતની સ્થિતિથી માંડીને વર્તમાન સમયમાં ભારતમાં ચાલતી મિશનરી પ્રવૃત્તિઓ અંગે એ વાત કરી શકે છે.

વિશ્વ સાથેના મનુષ્ય સંબંધનાં એક પછી એક પાસાંને તેઓ ઉજાગર કરે છે. એ તત્ત્વજ્ઞાન સાથે મનોવિજ્ઞાનનો સંબંધ જોડી આપે છે, તો બીજી બાજુ સ્મૃતિના ચમત્કારની ઘટનાઓથી માંડીને આભામંડળની વાત કરે છે. વીરચંદ ગાંધીએ ભારતીય દર્શનોનો ઊંડો અભ્યાસ કર્યો હતો, પરંતુ એની સાથોસાથ એ સમયે જર્મની

આદિ દેશોમાં પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓએ લખેલા અને સંશોધિત કરેલા ભારતના પ્રાચીન શાસ્ત્રગ્રંથો અને લેખોનો એટલો જ ઊંડો અભ્યાસ કર્યો હતો. એમના વક્તવ્યમાં એનો ઉપયોગ કરીને એને વધુ વિશદ બનાવતા હતા. પરિણામે તેઓ જૈન તત્ત્વજ્ઞાનને અંગ્રેજી ભાષામાં એનાથી પૂર્ણપણે અપરિચિત શ્રોતાઓને સરળતાથી સમજાવી શક્યા.

'ધ જૈન ફિલૉસોફી'માં `The Occult Law of Sacrifice' જેવા લેખમાં એમની મૌલિક વિચારધારા જોવા મળે છે. તેઓ મનુષ્યજાતિના ત્રણ પ્રકાર દર્શાવે છે. એક અધમ પ્રકાર, જેમાં અનૈતિક અને અજ્ઞાની માણસોનો સમાવેશ થાય છે. બીજો મધ્યમ પ્રકાર (મિડલ કલાસ), જે માત્ર પોતાની ઈન્દ્રિયોને ખુશ કરતો, દુન્યવી આનંદમાં ડૂબેલો રહે છે. જ્યારે ત્રીજા ઉચ્ચ વર્ગ (હાયર કલાસ)માં એવા લોકો છે કે જેઓ આધ્યાત્મિક કલ્યાણ કાજે પોતાનો સમય અને શક્તિ ખર્ચતા હોય છે.

આમ, માણસે પહેલું સમર્પણ ઈન્દ્રિય ભોગોનું આપવું જોઈએ. બીજું સમર્પણ વડીલો અને માતા-પિતા પ્રત્યે કરવું જોઈએ. ત્રીજું સમર્પણ ગરીબ અને જરૂરિયાતમંદ માટે કરવું જોઈએ. ચોથું સમર્પણ પ્રાણીઓના કલ્યાણ કાજે કરવું જોઈએ. પાંચમું સમર્પણ પોતાની આધ્યાત્મિક ઊર્ધ્વતા માટે ધન, સમય અને શક્તિ વાપરવાનું કરવું જોઈએ.

વીરચંદ ગાંધી કહે છે કે આવા પાંચ સમર્પણથી વ્યક્તિ 'ઍનિમલ મૅન'માંથી 'હ્યુમન' બનશે. આ સમર્પણના દૈવી કાયદાને ખોટી રીતે સમજવામાં આવ્યો અને પરિણામે માણસો મૂક-લાચાર પ્રાણીઓની હત્યા કરે છે. માંસાહારને ઉત્તેજન આપે છે. માણસ પ્રાણીઓથી ચડિયાતો છે, તો પછી તે પ્રાણીઓને નિર્દયતાથી હણે, એ કઈ રીતે સમર્પણ ગણાય?

આ લેખમાં વીરચંદ ગાંધી ભૌતિક ઉપભોગમાં જીવતા માનવીને આધ્યાત્મિક ઊર્ધ્વતાનું દર્શન કરાવે છે. અહીં એમની મૌલિક વિચારદૃષ્ટિનો પરિચય આપે છે. 'જૈનિઝમ' નામના લેખમાં એમણે કહ્યું છે કે બાઈબલમાં કહ્યું છે કે `Thou Shalt not kill', પરંતુ જૈનદર્શનમાં તો કોઈનીય હત્યા કરવી નહીં તેવું કહ્યું છે. જોકે તેઓ દર્શાવે છે કે ધર્મ-ધર્મ વચ્ચેના મર્મને જાણીએ, તો કોઈ સંઘર્ષ કે વિવાદ રહેતો નથી. પ્રત્યેક ધર્મ એ મંઝિલ છે શિખર પર પહોંચવાની.

વીરચંદ ગાંધીની પ્રતિભાનું ખરું તેજ ન્યૂયોર્કની નાઈન્ટીન્થ સેન્ચ્યુરી કલબના ખ્રિસ્તી શ્રોતાજનો સમક્ષ આપેલાં પ્રવચનમાં દેખાય છે. `Have Christian Missions to India been successful?' એ વિષય પરના વક્તવ્યમાં વીરચંદ ગાંધી ભારતીય સંસ્કૃતિના પ્રબળ અને તેજસ્વી પુરસ્કર્તા લાગે છે. અમેરિકામાં પ્રથમ પ્રવેશે જ અત્યંત નિર્ભયતાથી ભારત વિશેની અમેરિકાની પ્રવર્તમાન ભ્રાંતિઓ પર પ્રહાર કરવામાં વીરચંદ ગાંધીની સત્યનિષ્ઠા, સાહસ અને દેશભક્તિનું દર્શન થાય છે. એ સમયે લાખો રૂપિયા ખર્ચીને ખ્રિસ્તી ધર્મના પ્રસાર માટે ભારત મોકલવામાં આવતા મિશનરીઓની પ્રવૃત્તિઓ વિશે આટલી હિંમત, દૃઢતા અને તર્કબદ્ધતાથી બહુ વિરલ લોકોએ વાત કરી છે.

એમણે કહ્યું, 'મારે અમેરિકાના ખ્રિસ્તી ભાઈ–બહેનો આગળ એક નિખાલસ નિવેદન કરવાનું છે. આ દેશમાં આવ્યા પછી હું એવા સૂત્રો સાંભળી રહ્યો છું કે 'સારુંયે જગત ઈશુનું છે.' આ બધું શું છે? આનો અર્થ શો? એ કયો ઈશુ છે જેના નામે આપ વિશ્વ ઉપર વિજય મેળવવા ચાહો છો? શું કોઈ અત્યાચારી ઈશુ આપના મનમાં વસ્યો છે? શું અન્યાયનો કોઈ ઈશુ આપ સૌએ માની લીધો છે? શું માનવ અધિકારોનો નિષેધ કરનાર કોઈ ઈશુનું અસ્તિત્વ છે ખરું? અન્યાય અને અત્યાચારી કરબોજ લાદનાર કોઈ ઈશુ હોઈ શકે ખરો, જે એવી સરકારો કે સલ્તનતોની તરફદારી કરે અને જેની મદદથી અગર તો નામે અમારાં જ્ઞાન, વિચાર, ધર્મ અને સંમતિની ઉપરવટ જઈ માત્ર અમારી સામે ખડો રહે અને વિદેશીનો ભેદભાવ ઊભો કરે? જો એવા કોઈ ઈશુના નામ ઉપર આપ સૌ અમને જીતી લેવા માંગતા હો તો ખાતરી રાખજો કે અમે કદી પરાજિત નહિ થઈએ. પરંતુ આપ અમારી પાસે જો સદુપદેશ, બંધુત્વ અને વિશ્વપ્રેમથી નીતરતા ઈશુના નામે ઉપસ્થિત થશો, તો અમે જરૂર આપનું બહુમાન કરીશું. અમે તો એવા ઈશુને ઓળખીએ છીએ જેનો અમને ભય નથી કે બીક નથી.'

વીરચંદ ગાંધી ભારતીય તત્ત્વજ્ઞાનની ગરિમા દર્શાવીને સિદ્ધ કરવા માગે છે કે ભારત એ માત્ર વાઘ, કોબ્રા કે રાજાઓનો દેશ નથી, પરંતુ એની પાસે પોતીકું આગવું વિજ્ઞાન છે, એની ધર્મવિચારણા છે, સમૃદ્ધ ભાષા અને સાહિત્ય છે અને એવા ભારતની ખોટી વાતો ચગાવીને બદનામ કરવાની પ્રવૃત્તિનો ખ્રિસ્તી પ્રભાવથી ભરેલા ક્ષેત્રમાં વીરચંદ ગાંધીએ પ્રચંડ વિરોધ કર્યો. આમાં જરૂર પડે ત્યારે એમણે ભારતીય ઈતિહાસની, એના ગહન તત્ત્વજ્ઞાનની, એની ઉત્કૃષ્ટ શિક્ષણપ્રથાની ગરિમામય વિગતો શ્રોતાજનો સમક્ષ રજૂ કરી અને પોતાનો ફેંસલો આપતા હોય તેમ સહુને સંબોધીને કહ્યું,

`My brothers and sisters of America, there is not a shadow of hope of Christianizing India.'

વીરચંદ ગાંધી કહે છે કે ખ્રિસ્તી મિશનરીઓ પોતાના ધર્મપ્રચાર માટે અમેરિકન પ્રજામાં ભારતીય લોકો વિશે, એમની જીવનપદ્ધતિ વિશે અને એમની સામાજિક વ્યવસ્થા અંગે ખોટી માન્યતાઓ ફેલાવે છે. અમે ભારતીયો માત્ર એકાદ રવિવારે જ કરુણાની ભાવના પાળતા નથી, બલ્કે અમારી કરુણા તો માત્ર મનુષ્યો જ નહીં, બલ્કે પ્રાણી અને પ્રકૃતિ સુધી અવિરત વહે છે. અમારી ધર્મક્રિયાઓ અને તહેવારો પર અંધશ્રદ્ધાનો આક્ષેપ કરાય છે, પણ ખરેખર તો અમારા

આચાર અને ઉત્સવો વિજ્ઞાનના નિયમો પર આધારિત છે. પ્રત્યેક હિંદુ ભોજન સમયે હાથ અને પગ સ્વચ્છ કરે છે, તે વિજ્ઞાનનો એક નિયમ છે. જેને તમે વૈજ્ઞાનિક સિદ્ધાંત કહો છો, તે અમારી દૈનિક ક્રિયામાં વણાયેલા છે.

વીરચંદ ગાંધી કહે છે કે મારા મિશનરી મિત્રો ભારતીય લોકોને કેળવણી આપવાનું કહે છે, ત્યારે વીરચંદ ગાંધી સવાલ કરે છે કે શા માટે ? શું એ માત્ર ખ્રિસ્તી જાળમાં હિંદુ માછલીઓને ફસાવવાનું પ્રલોભન તો નથી ને ?

હજી આગળ વધીને વીરચંદ ગાંધી કહે છે કે આ મિશનરી શાળાઓ કે સરકારી અંગ્રેજી સ્કૂલો યુવાનોની પ્રકૃતિઓને રૂંધે અને વિકૃત બનાવે એવું શિક્ષણ આપે છે. આને માટે અમેરિકા અને ઈંગ્લેન્ડથી લાખો ડૉલર ભારતમાં મોકલવામાં આવે છે. કેટલાક વિદ્વાન મિશનરીઓ પોતાના વાક્‌ચાતુર્યથી ભારત પર આક્ષેપો અને દોષારોપણ કરે છે અને હિંદુ ધર્મની ટીકા કરવામાં પોતાની શક્તિ વેડફી નાંખે છે. કોઈ પણ માણસ સંસ્કૃત ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો ન હોય તો એ હિંદુ ધર્મને જાણી શકે નહીં. જો તેઓ સંસ્કૃતમાં મારી સાથે વાર્તાલાપ કરી શકે તો હું જરૂર એ પાદરીઓના શબ્દો પર ભરોસો મૂકું. પણ જો તેમ કરી શકે નહીં તો હું એમ પૂછીશ કે તેઓ અત્યાર સુધી ભારતમાં શું કરી રહ્યા હતા ?

આ મિશનરીઓ ગરીબોના બેલી હોવાનો દેખાવ કરે છે. મારે પૂછવું છે કે સરેરાશ પચાસ સેન્ટની માસિક આવક ધરાવતી હિંદુઓની અર્ધી વસ્તી માત્ર એક ટંકનું ભોજન પામે છે, તેમ છતાં તેમના પર સરકાર દ્વારા રોજેરોજ વધારાનો કર નાંખવામાં આવે છે, આની સામે તેઓ કેમ સવાલ ઉઠાવતા નથી ? રાણી વિક્ટોરિયાને ભારતના શાસક તરીકે જાહેર કરતાં જાહેરનામાની પાછળ લાખો ડૉલર એ સમયે ખર્ચાયા, જે સમયે ભારતમાં ભૂખમરાથી પાંચ હજાર માણસો મરી ગયા હતા. શા માટે કોઈ મિશનરીએ આની સામે અવાજ ઉઠાવ્યો નહીં ? શા માટે મિશનરીઓએ આને માટે કોઈ કમિશન નીમવાની વાત કરી નહીં ?

વીરચંદ ગાંધી પોતાના પ્રવચનને અંતે મિશનરીઓએ કેવી પદ્ધતિ અપનાવવી જોઈએ એની વાત કરે છે. એમણે પ્રત્યેક માનવીય આત્માની સુખાકારીની ભાવના સેવવી જોઈએ. તેઓ કહે છે,

`In one sentence, the method I advocate is that of self-recognition–the education of all the faculties of body and of soul, devoutly recognising responsibility to the Infinite or universal good. Such propagandism, whatever it may be supposed to lack, would never want success, would never fail to meet with responsive co-operation in all lands among all people and would from the start and for ever make the world better and better.'

ઈ. સ. ૧૮૯૪ની ૩૦મી નવેમ્બરે આ નાઈન્ટીન્થ સેન્ચ્યુરી નામની પ્રભાવશાળી સભ્યો ધરાવતી પ્રસિદ્ધ કલબ આગળ વીરચંદ ગાંધીએ આ પ્રવચન આપ્યું ત્યારે ૩૩ વર્ષ સુધી ભારતમાં રહેલા કલકત્તાના બિશપ થોર્બને વીરચંદ ગાંધી સાથે ચર્ચામાં ઊતર્યા. એ સમયે એવું બનતું હતું. સ્વામી વિવેકાનંદ સામે પણ ખ્રિસ્તી મિશનરીઓએ એક યા બીજું કારણ શોધીને ચર્ચાના વંટોળ જગાવ્યા હતા. વીરચંદ ગાંધીએ બિશપ થોર્બનેના પ્રશ્નોનો સબળ ઉત્તર આપ્યો હતો. બીજે દિવસે આ સંસ્થાના પ્રમુખે વીરચંદ ગાંધીને આભારપત્ર લખ્યો, જેમાં એમના વિચારોને આદર આપવાની સાથે સભામાં પધાર્યા તે બદલ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

વીરચંદ ગાંધીની વિરલ પ્રતિભાનો સ્પર્શ વૉશિંગ્ટન ડી.સી.માં એમણે આપેલા અને 'ધ જૈન ફિલૉસોફી'માં સંગ્રહિત થયેલા Symbolism નામના પ્રવચનમાં જોઈ શકાય છે. ધાર્મિક પ્રતીકોનું અર્થઘટન કરતા આ વિષયનો એમનો ઊંડો અને વ્યાપક અભ્યાસ પ્રગટ થાય છે. પર્શિયન, ગ્રીક, રોમન, ઈજિપ્શિયન અને પારસી ધર્મના પ્રતીકોની એ વાત કરે છે, પરંતુ વિશેષે તો એમણે હિંદુ અને જૈન ધર્મના પ્રતીકો વિશે વિસ્તૃત આલેખન કર્યું છે. એક જ પ્રતીક બંને ધર્મોમાં કેવા ભિન્ન ભિન્ન અર્થો ધરાવે છે તેની છણાવટ કરે છે. એમાં પણ ખાસ કરીને એ પ્રતીકો સાથે એ ધાર્મિક પરંપરાનું અનુસંધાન સાધી આપે છે. આકૃતિ દ્વારા જૈન સ્વસ્તિકનો અર્થ સમજાવીને કહે છે કે પશ્ચિમના લોકો માને છે તેમ સ્વસ્તિક એ ભારતીય પરંપરામાં માત્ર સદ્‌ભાવ (ગુડલક) આણનારું નથી, પરંતુ મુક્ત આત્માની ઓળખ આપનારું છે. સાત આંધળા અને હાથીનું અનેકાંતવાદ દર્શાવતું દૃષ્ટાંત કે પછી માનવીની તૃષ્ણાને દર્શાવતું મધુબિંદુનું દૃષ્ટાંત અથવા તો આખું વૃક્ષ કાપવાને બદલે જમીન પર પડેલાં જાંબુ લેવાનું લેશ્યાઓનું દૃષ્ટાંત સમજાવે છે. આઠ પાંદડીવાળા કમળનું પ્રતીક સમજાવે છે. વળી જરૂર પડે ત્યાં તેઓ ચિત્રો દોરીને વિચાર સ્પષ્ટ કરે છે.

જૈન તત્ત્વજ્ઞાન એ એક પૂર્ણ પદ્ધતિ છે અને કઈ રીતે સ્મૃતિશક્તિને ખીલવવી એ પણ શીખવે છે. અહીં વીરચંદ રાઘવજી ગાંધી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, શ્રીમદ્ રાજચંદ્ર અને પં. ગટુલાલજીના ઉદાહરણો આપીને ભારતમાં કેવા અદ્‌ભુત સ્મૃતિશક્તિ ધરાવતા મહાન પુરુષો પેદા થયા છે તેની વાત કરે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિશે તેઓ એમ કહે છે કે પ્રાતઃકાળે ચાલીસ જેટલા હસ્તપ્રતલેખન કરતા લહિયાઓને લખવા બેસાડતા. એક લહિયાને વ્યાકરણશાસ્ત્રની પહેલી લીટી લખાવે, લહિયો એ લખે ત્યારે તેઓ બીજા લહિયા પાસે જાય અને પોતાના બીજા ગ્રંથ અલંકારશાસ્ત્રની પહેલી પંક્તિ લખાવે. આમ પોતાના ૪૦ ગ્રંથોની પ્રથમ પંક્તિ લખાવ્યા બાદ તેઓ ફરી પ્રથમ ક્રમના લહિયા પાસે

જાય અને તેને વ્યાકરણશાસ્ત્રનું બીજું વાક્ય લખાવતા. આ રીતે તેઓ થોડા જ દિવસમાં એકસાથે ચાલીસ કૃતિની રચના કરી શકતા હતા.

એ સમયે શ્રીમદ્ રાજચંદ્ર જીવિત હતા અને વીરચંદ ગાંધી એમના અદ્‌ભુત શતાવધાનના પ્રયોગો અંગે વાત કરે છે. મુંબઈમાં વૈષ્ણવ સંપ્રદાયના પં. ગટુલાલજી અંધત્વને કારણે અભ્યાસ કરી શક્યા નહીં, પરંતુ બીજા પાસેથી સાંભળીને પોતાની સ્મૃતિશક્તિના બળે સાંભળેલા ફકરાઓ કોઈ પણ સમયે પુનઃ બોલી શકતા હતા.

પશ્ચિમના દેશોમાં ભારતીય લોકો વિશે તુચ્છ, જંગલી અને ક્રૂર સામાજિક રૂઢિ ધરાવનારાનો ખ્યાલ હતો, ત્યારે વીરચંદ ગાંધીના આ વિચારોએ અમેરિકનોના મનમાં ભારતની કેવી ભવ્ય છબી સર્જી હશે તે વિચાર આજે પણ રોમાંચિત કરે છે!

એ પછીના પ્રકરણમાં તેઓ હિંદુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના મહત્ત્વના સિદ્ધાંતોની ચર્ચા કરે છે અને આ ત્રણે વિચારધારા આત્મા, કર્મ અને પુનર્જન્મ જેવા સિદ્ધાંતો કેવી રીતે દર્શાવે છે તેની ચર્ચા કરે છે. આમાં દેવ, દેવીઓ, અસુર, પ્રજાપતિ વગેરેના અર્થો પણ સમજાવે છે.

`The True Laws of Life' માં પૂર્વ અને પશ્ચિમના જીવન વિશેની ભિન્નતાની વાત કરે છે. મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાના ચાર સિદ્ધાંતો દર્શાવે છે. આમાં આત્મા અને દેહ વચ્ચેના સંબંધને પ્રગટ કરે છે. પૂર્વ અને પશ્ચિમની જીવનપદ્ધતિનાં મૂળ તત્ત્વોને દર્શાવે છે. બંને સુખની શોધ ચલાવે છે, પરંતુ પૂર્વનો સુખનો અર્થ આત્મા સાથે જોડાયેલો આધ્યાત્મિક અર્થ છે. પશ્ચિમનો સુખનો વિચાર શરીર સાથે જોડાયેલો છે અને શરીરસુખમાં જ એ સુખની સમાપ્તિ માને છે.

`Jain Doctrine of Karma' વિશે વીરચંદ ગાંધીએ વિશ્વનું સૌપ્રથમ ધ્યાન ખેંચ્યું. પશ્ચિમના જૈન ધર્મના વિદ્વાન ગ્લાસેનેપ જૈન કર્મસિદ્ધાંતના ઊંડા અભ્યાસી હતા અને પોતાનો ડૉક્ટરેટનો નિબંધ આ વિષય પર લખ્યો હતો. એમના કહેવા પ્રમાણે વીરચંદ ગાંધીના આ પ્રવચનો આજે પણ આ વિષયમાં નવો પ્રકાશ પાડનારાં છે. સ્વતંત્ર રીતે વિચારનારી બુદ્ધિપ્રતિભાની જીવંતતા જોવા મળે છે.

માત્ર એ દુર્ભાગ્ય ગણાય કે વીરચંદ ગાંધીએ આપેલા જૈન ધર્મના સિદ્ધાંત બહુ ઓછા લોકોના ધ્યાનમાં આવ્યા અને એને પરિણામે ભારતીય શાસ્ત્રોમાં ઊંડો રસ લેનારાઓએ પણ વીરચંદ ગાંધીએ આપેલા આ સિદ્ધાંતો વિશે બહુ ઊંડાણથી વિચાર કર્યો નહીં. વીરચંદ ગાંધી કર્મ વિશે વૈદિક, બૌદ્ધિક અને જૈન ધર્મની વિચારધારાઓને જાણતા હતા. કર્મ શબ્દના જુદા જુદા સમયે થયેલા અર્થોના પરિવર્તનને સમજતા હતા અને એથી તેમનો કર્મ વિશેનો ઊંડો અભ્યાસ 'ક્રમ ફિલોસોફી' નામના ગ્રંથમાં જોવા મળે છે.

`The Science of Eating' પ્રકરણ એક અર્થમાં ઐતિહાસિક કહી શકાય તેવું છે. આજના સમયમાં શાકાહારની તરફેણમાં માંસાહાર વિરુદ્ધ જે વિગતો રજૂ થાય છે, તે આમાં નજરે પડે છે. વીરચંદ ગાંધીની વ્યાપક, સૂક્ષ્મ અને સર્વગ્રાહી દૃષ્ટિનો ખ્યાલ આપે છે. વીરચંદ રાઘવજી ગાંધી શાકાહારી હતા અને કદાચ અમેરિકાની ધરતી પર પગ મૂકનાર પહેલા શાકાહારી હતા.

તેઓ કહે છે કે માણસ એ મૂળભૂત રીતે માંસાહારી પ્રાણી નથી. 'ઍનિમલ ફૂડ'થી માણસમાં 'ઍનિમલ નેચર' જાગે છે અને એનાથી અનેક પ્રકારના રોગો થાય છે. કૅન્સર જેવા રોગોમાં પણ આ ખોરાક કારણભૂત છે અને વળી માંસાહારી ખોરાક એ ખોરાક સાથે ઉત્તેજનાત્મક પીણું માગે છે. કોઈ કહે છે કે મારે ભૂખ્યા રહીને મરી જવું કે પછી માંસ આરોગવું? વીરચંદ ગાંધી કહે છે કે તો ભૂખ્યા રહીને મરવું બહેતર છે.

તેઓ એવો ઉપાય પણ બતાવે છે કે અમેરિકામાં પણ માંસાહાર કરવાની જરૂર નથી. કૅલિફૉર્નિયામાંથી પૂરતું અનાજ મળી શકે તેમ છે. બીજી બાજુ અમેરિકનોની ખોરાક રાંધવાની પદ્ધતિ વિશે પણ વીરચંદ ગાંધી કહે છે કે–

`When rice is cooked in he ordinary American fashion, it is cooked till it is paste, which might be very good to paste paper on a wall but is not good to eat.' (p. 195)

તેઓ નોંધે છે કે ભારતમાં બ્રિટિશ રાજ્ય આવ્યું તે પહેલાં ચાનો પણ પ્રકાર નહોતો. ભારતમાં સૌથી મોટું પીણું તે પાણી છે, જ્યારે વીરચંદ ગાંધી આશ્ચર્ય પ્રગટ કરે છે કે જર્મન લોકો પીવા માટે પાણી પૂરતું નહીં હોવાથી બીયર પીવાનું કહે છે–એવું ભારતમાં નથી. ભારતમાં તો કોઈ બીયરને અડે તો સ્નાન કરે છે. ભારતની સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવાની પદ્ધતિની વૈજ્ઞાનિકતાની વાત કરે છે.

આશ્ચર્યજનક હકીકત એ છે કે જે સમયે માત્ર માંસાહારની બોલબાલા હતી, એ સમયે અને એ પ્રદેશમાં જઈને વીરચંદ ગાંધીએ શાકાહારનો મહિમા કર્યો હશે. એક બાજુથી માનવીને માટે યોગ્ય ખોરાકની ચર્ચા કરે છે, તો બીજી તરફ આભામંડળ જેવી ગહન બાબતની સમજણ આપે છે. જ્યારે Ancient India માં આર્ય પ્રજા, વૈદિક સાહિત્ય અને એ સમયની સમાજરચનાનો આલેખ આપે છે. `Contribution of Jainsism to Philosophy, History and Progress' નામના `Asiatic quarterly review' ના જુલાઈ ૧૯૦૦ના અંકમાં પ્રગટ થયેલા આ લેખમાં અને 'ધ જૈન ફિલૉસોફી'માં સંગ્રહિત થયેલા જૈન ફિલૉસોફીનાં મુખ્ય તત્ત્વોનો એમણે પરિચય આપ્યો છે. એના જુદા જુદા સિદ્ધાંતો દર્શાવ્યા છે. એની સાહિત્યિક ગતિવિધિઓ તેમજ જૈન સમાજનો શિક્ષણ માટેનો

પ્રેમ દર્શાવ્યાં છે.

૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બરે જૈનદર્શનના મહાન વિદ્વાન, પ્રકાંડ પંડિત સુખલાલજીએ લખ્યું, 'હું પ્રથમ તો એ સૂચવું છું કે શ્રીયુત ગાંધીના એ ત્રણે પુસ્તકોનો પ્રામાણિક અનુવાદ કે સાર હિંદી, ગુજરાતી આદિ ભાષામાં જલદી પ્રકાશિત થવો જોઈએ, અને ધર્મતત્ત્વજ્ઞાનના જૈન પરંપરામાં ચલાવાતા વર્ગોમાં એનું સ્થાન અવશ્ય રહેવું જોઈએ. એમ થશે તો જ નવી પેઢીનું મન સંકુચિત બનવાને બદલે વિકસિત થશે અને ઉપેક્ષા પામતી ધાર્મિક પાઠશાળાઓના અભ્યાસીઓમાં કાંઈક તેજ આવશે. આજે ૪૧ વર્ષ પણ આપણે આમાંનું કશું કરી શક્યા નથી તેનો અફસોસ અનુભવાય છે. એમના અંગ્રેજી પ્રવચનોનો અનુવાદ હજી બાકી જ છે.

'જૈન ફિલૉસોફી' ગ્રંથના તેવીસ પ્રવચનોમાં પરાધીન ભારતમાં વસતા; પરંતુ સ્વતંત્રતા ઝંખતા આત્માનો અવાજ છે. જંગલી અને અમાનવીય સામાજિક રૂઢિ ધરાવતા સમાજ તરીકે વિદેશમાં ભારતની છબી ઉપસાવવામાં આવી હતી તેની સામે ભારતના વેદગ્રંથો અને વિદ્વાનોની ભવ્યતા સૂચવતો આ ગ્રંથ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ પૂર્વેની સંસ્કૃતિને દમનકારી શાસન અને વટાળપ્રવૃત્તિથી નષ્ટ કરવા ચાહતી હતી, ત્યારે એની સામે ઓગણત્રીસ વર્ષના ગુજરાતી યુવાનની વાસ્તવિક, પ્રમાણભૂત માહિતી સાથેની સત્ય-ગર્જના છે. જૈન ધર્મના તત્ત્વજ્ઞાનની સ્પષ્ટ, માર્મિક અને વિદેશી શ્રોતાજનોને સમજાય તેવી સચોટ રજૂઆત છે. આજે અમેરિકાની કદમબોસી કરવામાં આવે છે અને એના મૂલ્યોનો મહિમા કરાય છે, ત્યારે આ પુસ્તકમાં અમેરિકાને આ યુવાને આપેલો સંદેશ મળે છે. આજે જ્યારે ધર્મો-ધર્મો વચ્ચે ઈન્ટરફેઈથની મૂવમેન્ટ ચાલે છે, ત્યારે એ સમયે વીરચંદ ગાંધીએ વૈશ્વિક ધર્મ(Universal religion) ની વ્યાપક ભાવનાનો ખ્યાલ આપ્યો. આ સર્વ દૃષ્ટિએ 'ધ જૈન ફિલૉસોફી' એક ભારતીય યુવાનની દાર્શનિક વિચારધારાથી માંડીને વૈશ્વિક ચેતના સુધીના એના વ્યાપનો પરિચય આપે છે. ✷✷✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

ઉપમિતિ ભવપ્રપંચ કથા

□ સુમનબેન પ્રવીણચંદ્ર શાહ

શ્રીમતી સુમનબેન પ્રવીણચંદ્ર શાહ-B.A., LL.B., Ph.D. in Philosophy છે. તેમની થીસીસનો વિષય છે – કર્મથીઅરી ઓફ જૈનીઝમ બેઝ્ડ ઓન જૈનઆગમ. તેમણેબોમ્બે યુનિવર્સિટીમાંથી ૨ વર્ષનો જૈનીઝમનો ડિપ્લોમા કોર્સ કરેલ છે. તેમણે લાડનુ યુનિવર્સિટીની જૈનિઝમમાં એમ.એ.ની ડિગ્રી લીધેલ છે.

આપણે આજે અહીં જે ગ્રંથનું વિશ્લેષણ કરીને તારતમ્ય મેળવવાનો પ્રયત્ન કરશું તે છે ઉપમિતિ ભવપ્રપંચ કથા.

ગ્રંથના કર્તા-કથાલેખક છે પૂજય શ્રી સિદ્ધર્ષિગણિ. શ્રી સિદ્ધર્ષિ અતૂટ ઉપશમમાળા, સ્ફટિક જેવા નિર્મળ, પરહિત જોનારા, મહાભાગ્યશાળી હતા. આ ગ્રંથ તેઓશ્રીના વ્યક્તિત્વને છતું કરે છે.

તેઓએ ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ અર્થે, તે સમયની નીતિરીતિ પ્રમાણે પ્રારંભ નમસ્કાર અને મંગળાચરણથી કરેલ. આપણે તેમનો આદર કરી તે જ નમસ્કારને ઝીલીએ. ત્યારપછી તેઓ ચોવીસ તીર્થંકર, શ્રી વીર પરમાત્મા, ભગવાનની વાણી, સરસ્વતીદેવી, ગુરુમહારાજ, સર્વને નમસ્કાર કરે છે. ત્યારપછી પ્રસ્તાવનામાંથી જાણવા મળે છે કે ગ્રંથની પહેલી કોપી દુર્ગસ્વામીની શિષ્યા ગણાસાધ્વીએ લખી. ત્યાર પછી ભિલ્લમાલ નગરમાં કવિશ્રીએ આ કથા કહી.

ગ્રંથની શૈલી આગમપ્રમાણ છે. આગમોમાં આ સાહિત્ય પ્રાકૃતમાં છે જ્યારે તેનું ટીકા સાહિત્ય સંસ્કૃતમાં છે. જૈનધર્મનું કથા સાહિત્ય પ્રારંભકાળથી તે સત્તર, અઢારમી સદી સુધી અવિરત વિકાસ પામતું રહ્યું. શ્રમણવર્ગે પ્રાકૃત તો સામાન્યજને સંસ્કૃતભાષા સ્વીકારી.

ગ્રંથના રચનાકાળ વિશે આધારભૂત માહિતી નથી મળતી છતાં એમ લાગે છે કે જૈનસાહિત્યના બીજા આગમકાળ એટલે કે પૂજ્ય તીર્થંકર શ્રી મહાવીરના જન્મ પછીના ૪૫૦ થી ૫૦૦ વર્ષના સમયગાળા દરમ્યાન આ ગ્રંથની રચના થઈ. ગ્રંથમાં માહિતી છે કે સંવત ૯૬૨ નો સંવત્સર લગભગ પૂરો થતાં જેઠ સુદ પાંચમને ગુરૂવારના પુષ્યનક્ષત્રે આ ગ્રંથની સમાપ્તિ થઈ. એક મત પ્રમાણે તે ઈ. સ. ૯૦૫માં રચાયો.

ઉપમિતિ ભવપ્રપંચ કથા શુદ્ધ ધર્મ કથાના સ્વરૂપમાં પુણ્યબંધ અને કર્મનિર્જરા કરાવનાર છે તેથી તે સ્વર્ગ મોક્ષના કારણભૂત હોઈ ઉપાદેય છે. તે ધર્મ, અર્થ, કામ વગેરે સાધનભૂત ઉપાયોનું પ્રતિપાદન કરતા પ્રાણીઓને વિદ્વાન બનાવવાના હેતુરૂપ અને મોહાસક્ત પ્રાણીઓને ધર્માભિમુખ બનાવનાર બને છે ત્યારે તે સંકીર્ણ કથા બને છે. અનુભવગમ્ય પ્રસંગો, સ્વર્ગ, નર્ક, તિર્યંચની

વાતો વગેરે ખૂબ વિસ્તારથી કરેલ છે. વિવિધ વિષયગ્રાહી આદર્શો ને સિદ્ધાંતોને જનસમુદાય સુધી પહોંચાડવા માટેનો તેમનો પ્રયત્ન પ્રશંસનીય છે.

શ્રી સિદ્ધર્ષિગણિનો ગ્રંથ રચવા પાછળનો હેતુ સાંસારિક કલેશ અને પ્રપંચ દર્શાવવાનો છે. તેઓશ્રી કથાના પાત્રો દ્વારા, સંસારના મનોવિકારો અને ઇંદ્રિયજન્ય સ્ખલનમાંથી થતા દોષો દર્શાવે છે, અને બીજા પાત્રો દ્વારા તેમાંથી મુક્ત થવાના ઉપાયો પણ બતાવે છે. મનોવિચારને વાચા આપવાની તેઓશ્રીની શૈલી અદ્‌ભુત છે. માનવમનનું ઊંડાણ પીછાણી તેને રૂપક દ્વારા સરળ ભાષામાં રજૂ કરે છે. સંસારી જીવે પોતે જ, સંસાર પરના ચિત્તને આધ્યાત્મિક માર્ગે વાળવું જોઈએ.

આ ગ્રંથ ગુજરાતી અવતરણ છે. તેના અનુવાદક છે શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયાના સુપુત્ર શ્રી મૌક્તિક. ભાવનગરની શ્રી જૈન ધર્મપ્રચારક સભાએ આ ગ્રંથ પ્રસિદ્ધ કરેલ છે.

હવે કથા વિશે કહીએ તો તેનું નામ જ તેનો અર્થ સાર્થક કરે છે. શ્રી સિદ્ધર્ષિગણિ અંતરંગ અને બહિરંગ કથાવસ્તુ દ્વારા, દૃષ્ટાંત અને રૂપક દ્વારા ભવપ્રપંચનો વિસ્તાર દર્શાવી, તેનું ઉપમાન-તોલન કરવાનો સફળ પ્રયત્ન કરે છે. અંતરંગમાં આઠ વિસ્તાર છે. બહિરંગમાં તેને લગતા સ્પષ્ટીકરણ છે. આખો ગ્રંથ તેના દરેક પ્રકરણ, જીવનના અનેક પ્રસંગો સાથે ઓતપ્રોત થઈ, મનોવિચારોને વાચા આપતા જીવને નવી નવી દિશામાં ઉઘાડ આપે છે. જીવનનો હેતુ, તેના સાધનની ખોજ કરવાની પ્રેરણા આપે છે.

જૈન કથાનુયોગ, જે તે સમયના સમાજને પ્રતિબિંબિત કરે છે. જૈન કથાકારોએ યુગને અનુસાર, સર્જનાત્મક દૃષ્ટિકોણ અપનાવી, સામાજિક ને સાંસ્કૃતિક સિદ્ધાંતોને બોઝિલ બનાવ્યા વિના, નૂતન અને ભાવનાસભર કથાઓનું નિરૂપણ કર્યું, સમન્વયવાદી અને સમાધાનકારી વલણ અપનાવી કથા સાહિત્યને લોકભોગ્ય બનાવ્યું. ગ્રંથકારમાં દૃષ્ટિની સ્પષ્ટતા અને સાપેક્ષતા, પૃથક્કરણ અને સમુચ્ચય અવલોકન છે.

તેમના મતે જિંદગીને દિશા આપવાની જરૂર છે નહીં તો વામદેવની જેમ વ્યર્થ બેસવાનું થાય કે નિષ્પુણ્યકની જેમ ઠીંકરી ને એઠાજૂઠાની ચિંતા જ કરવાની રહે અને અમૂલ્ય એવી જિંદગી રેતની જેમ હાથમાંથી સરી જાય, માટે સ્વ સાથે વિચારવિમર્શ કરી જિંદગીને સાર્થક બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સમાલોચના રૂપે જૈન અને જૈનેતર વિદ્વાનોના અભિપ્રાય ટાંકું. 'સંસ્કૃત સાહિત્યમાં આ ગ્રંથ અસાધારણ ગૌરવ ધરાવે છે. ગ્રંથમાં દર્શાવાતા ઊંડા ભાવો, અપૂર્વ વિચારપ્રૌઢતા, અને વસ્તુનિર્દેશનનો પ્રભાવ દર્શાવી આ ગ્રંથ કથાની અદ્‌ભુત સંકલના સાથે, આંતરધ્વનિમાં ઉપદેશ પણ એટલો જ આત્મસાત્ કરાવે છે અને તેથી તેઓ સર્વે આ ગ્રંથને સોના-રૂપા જેવી મૂલ્યવાન વસ્તુઓ સાથે પેટીમાં રાખવા યોગ્ય ગણ્યો છે.'

ત્રણ વિભાગ અને આઠ પ્રસ્તાવ અને એક એક પ્રસ્તાવના ૧૫ થી ૩૫ પ્રકરણોમાં આલેખાયેલી આ કથાવાર્તા, ૨૧૦૦ જેટલા પાના અંદાજે રોકે છે. તેમાં કથા અને આંતરકથાઓ આવ્યે જ જાય છે.

પ્રથમ પ્રસ્તાવ

પીઠબંધ નામના પ્રથમ પ્રસ્તાવમાં ઉપોદ્‌ઘાતરૂપે જે દૃષ્ટાંતકથા છે તે છે અષ્ટમૂલ પર્યન્ત નામના નગરમાં રહેતા નિષ્પુણ્યક નામના ભિક્ષુકની. આખી કથા આદિથી અંત સુધી, આ સંસારીજીવ ભવાટવીમાં કેવી રીતે ભમ્યા કરે છે તેની છે. વાર્તા રૂપકકથા છે. તેમાં આવતા નામો પણ નામના અર્થના સૂચક છે.

નિષ્પુણ્યકની દરિદ્રતામાં તુચ્છતા, અધૈર્ય, શોક, ભ્રમ, લોલુપતા વગેરે હલકા ભાવો હતા. ભીખ માગવાનું ઠીકરૂં તેની આસક્તિ હતી જે પીડા પેદા કરતી હતી. તેવી જ રીતે રાગ, દ્વેષ, હર્ષ, શોક, ભાવ-પરભાવના પરસ્પર વિરોધી તત્ત્વો, કર્મ વિપાકથી ઉદયમાં આવતા અસાતાવેદનીય કર્મનો ઉદય થતા, જીવમાં પીડા પેદા કરે છે.

જીવ જ્યારે, લોકવ્યાપારની અવગણના કરી, પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં જીવ પરોવી જ્ઞાનગોષ્ટિ કરે છે ને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ત્રણ ઔષધનું સેવન કરે છે ત્યારે ધર્માચરણમાં પ્રીતિ વધતાં, વિકારી ભાવો દૂર થતાં જીવ ઉજ્જવળ બને છે, ને જે મળ્યું તેની પ્રભાવના સત્પાત્રોમાં કરતા રહે છે.

આ પહેલો પ્રસ્તાવ વિગતે કહ્યો પણ હવે પછીના પ્રસ્તાવની રજૂઆત તેનો બોધગ્રહણ કરવા પૂરતી જ રહેશે.

દ્વિતીય પ્રસ્તાવ

સંસારીજીવના ચરિત્રને અંગે નિર્ણયગતિ વર્ણન નામના આ દ્વિતીય પ્રસ્તાવમાં સંસારનું વૈરાગ્ય વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે, જે સાંભળી સમજુ જીવો વૈરાગ્ય પામતાં વિરતિમાં આવે છે. પણ જે જીવો, કર્મવિપાકો સહન કરવા છતાં સંસાર તરફ આકર્ષિત જ છે તે જીવો મૂઢ છે.

અવ્યવહારી નિગોદના જીવો, કનિષ્ઠ અવસ્થામાં અવ્યક્તપણે પીડા ભોગવતા અનંતકાળ વ્યતીત કરે છે, ત્યાંથી નીકળી એકેન્દ્રિયની પાંચ ગતિ પૃથ્વી, અપ વગેરેમાં જન્મ લે છે. અને આગળ વધતાં અકામ નિર્જરા કરતા પંચેન્દ્રિય જીવ બને છે.

આખી કથા રૂપકકથા છે અને અને એક એક પાત્ર નામધારી રૂપક દ્વારા સમજાવવામાં આવ્યા છે. એક ભવમાં ભોગવવા યોગ્ય, ઉદયમાં આવનારા કર્મસમૂહને ભવવેદ્યગોળી કહી છે. આ જીવ અજરઅમર છે તેથી તે અનંતકાળ અવસ્થાન કરતો રહે છે. એવી

કોઈપણ યોની નથી કે જ્યાં જીવે જન્મ લીધો ન હોય અને એવું કોઈપણ ચારિત્ર નથી કે જે તેણે પાળ્યું ન હોય. સંસારીજીવના ભવભ્રમણની વાર્તા આગળ વધતી જ જાય છે.

તૃતીય પ્રસ્તાવ

ક્રોધ, હિંસા અને સ્પર્શેન્દ્રિયના વિપાકનું વર્ણન કરતા આ ત્રીજા પ્રસ્તાવમાં મૂળકથા સાથે અંતરકથાઓ પણ છે જે ૩૪ પ્રકરણનો વિસ્તાર લે છે. પ્રકરણ ૧ થી ૩૦ માં સંસારીજીવનું ભવભ્રમણ અને ક્રોધ અને હિંસાના વિપાકોદયથી અને ભવપ્રપંચોથી વ્યક્ત થતું તેનું દુઃખમય જીવન તેની વાત છે. પ્રકરણ ૩૨-૩૩-૩૪ ઉપસંહાર અને ઉદ્દેશ-રૂપે રૂપકના સ્વરૂપમાં છે.

ભવપ્રપંચ અને મનુષ્યભવની દુર્લભતા-તૃતીય પ્રકરણનો આ મુખ્ય ઉદ્દેશ છે. આગમશાસ્ત્રમાં બતાવ્યા છતાં, અણસમજુ જીવ સ્વસ્વરૂપ ન પામતાં, આત્મવેરી બની સ્પર્શેન્દ્રિય, સ્ત્રીસંગ અને લોલુપતાને વશ થઈ, અનંતીવાર મનુષ્ય પણુ ગુમાવે છે, તો બોધરૂપે અંતિમ નિવેદનનો તેનો શ્લોક–

ણતન્નવેદિતમિહ પ્રકટં તતો ભીસ્તાં સ્પર્શકોપપર તાપ મતિં વિહાય ।
શાન્તાઃ કુરુધ્વમધુના કુશલાનુબન્ધમન્નાય લંઘયય યેન ભવપ્રપશ્ચમ્ ।।

શ્લોકનો ગૂઢ સંદેશ એ છે કે સ્પર્શેન્દ્રિયની પરવશતા, કોપ એટલે ક્રોધ અને પરતાપ એટલે હિંસાની બુદ્ધિ છોડી દઈને તમે હવે શાંત થઈને પુણ્યબંધ કરો જેથી કરીને સંસારના પ્રપંચને તમે ઓળખી, શીઘ્ર ઓળંગી શકો.

ચતુર્થ પ્રસ્તાવ

જ્ઞાન, મૃષાવાદ, રસનેન્દ્રિયના વિપાકને બતાવનાર ચોથા પ્રસ્તાવના ૪૦ પ્રકરણ છે, જે કથા અને અંતર કથા સાથે ૪૪૦ પાના રોકે છે. આ પ્રસ્તાવ આખા ગ્રંથના મધ્યબિંદુ જેવો હોઈ પ્રથમ સ્થાન હાંસિલ કરે છે. વર્તમાનકાળમાં આખી દુનિયાનો સમુચ્ચયે ખ્યાલ આપી શકે તેવો આ અલભ્ય ગ્રંથ છે, અનુભવ અને કવિત્વનો ઉપહાર છે. રૂપક કથામાં ચિત્તને પ્રસન્ન કરી દે તેવું નાવીન્ય છે.

આ પ્રસ્તાવ મુખ્યત્વે મૃષાવાદના ફળ, માનથી થતી હાનિ, રસનેન્દ્રિયની લુબ્ધતાના પરિણામે ઉત્પન્ન થતા ભયંકર પરિણામો દર્શાવી આત્મજાગૃતિ લાવવાનાં પ્રયાસ કરે છે. છેલ્લા પ્રકરણોમાં જૈનદર્શન અને ષડ્દર્શનની સિદ્ધાંતિક સમાલોચના કરે છે અને જૈનનગર વિવેક પર્વતના અપ્રમત્તત્વ શિખર ઉપર છે એમ રૂપકરૂપે કહી જૈનધર્મની સર્વોત્તમતા દર્શાવે છે.

પંચમ પ્રસ્તાવ

માયા, ચોરી અને ઘ્રાણેન્દ્રિયના વિપાકને અને તેના પરિણામને સમજાવનાર પંચમ પ્રસ્તાવ ૨૨ પ્રકરણ સાથે ૨૨૦ પાના રોકે છે. પાંચમા પરિશિષ્ટમાં જૈન સિદ્ધાંતો સમજાવ્યા છે. પ્રભાવક ચરિત્રમાંથી લીધેલ શ્રી સિદ્ધર્ષિપ્રબંધ પણ મૂળ અને ભાષાંતર સાથે આ પ્રસ્તાવમાં આપેલ છે.

ષષ્ઠ પ્રસ્તાવ

લોભ, મૈથુન, ચક્ષુરિંદ્રિયના વિપાકનું વર્ણન કરતો આ પ્રસ્તાવ ૧૬ પ્રકરણ સાથે ૧૮૦ પાનાની રૂપકકથા છે અને તે જ શૈલીમાં કહેવાઈ છે.

૩ શ્લોક દ્વારા તેઓ જીવનની વિષમતા સમજાવે છે કે અનેક પ્રકારની રખડપટ્ટીમાં, નયનથી આસક્ત થઈ, મૈથુનમાં તત્પર રહી, થોડા દ્રવ્યના લોભે મૂર્ખ જીવો, અતિ દુર્લભ એવું મનુષ્યપણું ગુમાવી બેસે છે. આવા ભ્રષ્ટ જીવો, મહાકર્મોને વેદતા, લાંબા કાળ સુધી ભવાટવીમાં મહાભયંકર દુઃખો ભોગવતા રહે છે તો આ લક્ષમાં રાખી લોભ, લોલુપતા, આસક્તિથી જીવે દૂર રહેવું જોઈએ.

અંતમાં શ્રી સિદ્ધર્ષિ ઉપદેશ આપે છે કે શ્રી જિનેન્દ્રના ઉપદેશ પ્રમાણે મધ્યસ્થભાવે મેં તમને આ આંતર ભાવ-સાર-રહસ્ય આપેલ છે તો નિર્મળચિત્ત અને વિશુદ્ધ બુદ્ધિથી તમે પણ આ આશય સમજો અને જૈનમત સંબંધમાં પ્રેમધારણ કરો. આ તમારું કર્તવ્ય અને અનંત, અવ્યાબાધ સુખપ્રાપ્તિનું નિમિત્તકેન્દ્ર છે. તમારી આત્મોન્નતિ તમને નિવૃત્તિનગર પ્રયાણ કરાવશે.

સપ્તમ પ્રસ્તાવ

મહામોહ, પરિગ્રહ, શ્રવણેન્દ્રિયના વિપાકનું વર્ણન કરતો ૭ મો પ્રસ્તાવ ૧૭ પ્રકરણ અને ૨૦૦ પાનાનો છે. શ્રી સિદ્ધર્ષિએ આ પ્રસ્તાવમાં વાર્તાની સાથે સાથે, આખી જૈન ફિલોસોફીની ગૂંથણી કરી છે. વાર્તાના ઉપસંહારમાં તેઓશ્રી કહે છે, મહામોહ ગોટાળા માત્રનો હેતુ છે. પરિગ્રહ લોભની સખા અને સર્વ દોષનું નિમિત્ત છે, સંસાર સમુદ્રમાં ડુબાડનાર છે માટે અનાસક્ત થઈ તેનો ત્યાગ કરો. આ બાબતો પર આત્મદૃષ્ટિએ વિચાર કરી હિતકારી લાગે તો તેને અમલમાં મૂકવાની યોજના કરો.

અષ્ટમ પ્રસ્તાવ

સાતે પ્રસ્તાવની કથાવાર્તાનો મેળ બેસાડે તેવો આ પૂર્વસૂચિત મીલકવર્ણન નામનો આઠમો પ્રસ્તાવ ૨૩ પ્રકરણ, ૨૨૦ પાનાનો છે. તે ત્રણ વિભાગમાં થઈ તત્ત્વચર્ચાને આગળ વધારે છે. સંસારમાં સુખ નથી, શાશ્વત સુખ અમૂર્તદશામાં છે જે સિદ્ધજીવોને જ પ્રાપ્ય છે. સાચો વૈદ સર્વજ્ઞ પરમાત્મા છે.

શ્રી સિદ્ધર્ષિગણિ વિશેષપણે કહે છે, 'આત્માનું અસ્તિત્વ સ્વીકારવા છતાં, આત્મા જો કર્મમળથી લિપ્ત હોય તો ત્યાં સંસાર છે, કર્મરહિત થતાં તેનો મોક્ષ છે. દશગુણથી યુક્ત હોવા છતાં ધર્મ એક જ છે અને સ્વર્ગમોક્ષને આપનાર છે. આવી હિતકારી બાબતોનું આચરણ, લક્ષની પરમ સિદ્ધિ છે.' આ અને આવા સિદ્ધાંતો જૈનદર્શનની વ્યાપકતા પૂરવાર કરે છે.

આમ આ આઠ પ્રસ્તાવની કથા આપણે બહુ જ ટૂંકામાં જોઈ. ૩ ભાગમાં વહેંચાયેલી ૨૧૦૦ પાનાની કથાનો ત્રણ જ પાનામાંથી પરિચય મેળવવો અતિ દુષ્કર કહેવાય. વાચકને રસ જાગે ને કથાવાંચન કરવા પ્રેરાય તો મને લાગશે કે મારો પ્રયત્ન લેખે લાગ્યો છે. તે સમયના સ્થળ-કાળ-સમાજ-રીતરિવાજ-ધર્મ વગેરેનું ઉત્તમ ઉદાહરણ ઉપમિતિ ભવપ્રપંચ કથા છે.

પોતાનું નામ અને ઉદ્દેશ સિવાય, શ્રી સિદ્ધર્ષિએ આ કથાવાર્તામાં પોતાને માટે બીજું કંઈ કહ્યું નથી. તે ક્યાં જન્મ્યા? તેઓના માતાપિતા કોણ હતા? અભ્યાસ, દીક્ષાપર્યાય વગેરેની વિગત ગ્રંથમાં બીજે ક્યાંય મળતી નથી. એટલી જ માહિતી પ્રાપ્ય છે કે, શ્રી વજાસેન સ્વામીના ચાર શિષ્યએ બનાવેલ ચાર ગચ્છમાંથી, પરંપરાએ આવતા એક ગચ્છના આચાર્ય વિદ્વાન દેલ્લમહત્તાચાર્યના એક શિષ્ય તે બ્રાહ્મણકુળ ધરાવતા દુર્ગસ્વામી, તેના બે શિષ્ય તે સદ્‌ષિ અને સિદ્ધર્ષિ. આ સિદ્ધર્ષિગણિ તેજ ઉપમિતિ ભવ પ્રપંચ કથાના રચયિતા.

એ સમયમાં અને આજે પણ જૈનધર્મના સાહિત્યમાં ઉપમિતિ ભવપ્રપંચ કથાનું સ્થાન અજોડ છે. શ્રી સિદ્ધર્ષિગણિએ નિતાંત ઉપકાર અને સ્વપરકલ્યાણાર્થે આ ગ્રંથની રચના કરી તે ધર્મકથા, રૂપકકથા છે અને તેની રચના ચમ્પૂ છે. આ કથાની રચના પછી, તેજ શૈલીને અનુસરતા મોહવિવેકરાસ, ભુવનભાનુ કેવલ ચરિત્ર, ભવભાવના, ભુવનભાનુ રાસ, વૈરાગ્યકલ્પલતા, કુવલયમાલા, સમરાઈય્યકહા, જૈનગ્રંથો અને કૃષ્ણગીતા વગેરે જૈનેતર સાહિત્યનાં રૂપક ગ્રંથો રચાયા પરંતુ તમામ પાત્રવરણી અને સમગ્ર કથા એક જ પ્રવાહમાં વહે તેવો અસ્ખલિત પ્રવાહબદ્ધ બીજો કોઈ ગ્રંથ અદ્યપિ રચાયો નથી. પંચસંગ્રહ વગેરે કર્મસાહિત્યના ગ્રંથોમાં તીર્થંકરનામકર્મ બાંધનાર શું વિચારે છે? કેવા અધ્યવસાય સેવે છે? વગેરેનું જે વર્ણન આમાં આવે છે તેનો તાદૃશ વિચાર આમાંથી મળે છે.

મુનિશ્રી સિદ્ધર્ષિગણિએ પોતાના અદ્‌ભુત અને વિશાળ જ્ઞાન દ્વારા વિશ્વના પ્રત્યેક પ્રાણીઓના જીવનપ્રસંગોને આવરી લેનારી આ ઉપમિતિ ભવપ્રપંચ કથા બનાવી છે, જેમાં અનેક નાની નાની કથાઓ પણ છે. તેના વાંચનાર આપણે તેઓશ્રીના ઉપકારી છીએ. આવા સિદ્ધહસ્ત કથાલેખનકાર શ્રી સિદ્ધર્ષિમુનિવરને મારા ભાવભીના વંદન હોજો.

આ ગ્રંથ નામ પ્રમાણે કથાસાહિત્યનો ગ્રંથ છે છતાં તેમાં ચારે અનુયોગનું નિરૂપણ છે.

આ ગ્રંથમાં પુણ્ય, પાપ, ધર્મ, કાળ, સ્વભાવ, નિયતિ વગેરેના વર્ણનથી દ્રવ્યાનુયોગનો વિષય બને છે.

દેવગતિ, નરકગતિ વગેરેના વર્ણનથી તથા તેના પ્રમાણથી ગણિતાનુયોગનો વિષય બને છે.

સાધુ ધર્મ, શ્રાવક ધર્મ, અષ્ટ પ્રવચનમાતા વગેરેના વર્ણનથી અપેક્ષાએ ચરણ કરુણાનુયોગનો વિષય બને છે.

કથાનુયોગ તો છે જ. આ કથા પૂર્વે બનેલી ઘટનારૂપ ગ્રામ-સ્થળ-નગરવાળી નથી છતાં સદાકાળ સંસારમાં પ્રવર્તતી રહેતી હોય છે.

રૂપકકથાનો ઉદ્દેશ જીવમાત્રને વૈરાગ્ય તરફ વાળવાનો છે. જીવો જે માર્ગે પ્રતિબોધ પામે, કલ્યાણ સાધે તે માર્ગ વિચારી, ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ અને કરવા યોગ્ય કરવું તેવી સમજણ આપી, તેમનું સ્વકલ્યાણ સધાય તેનો આમાં પ્રયત્ન છે. કાલ્પનિક કથા ગ્રંથ કરતાં તે વિશેષ એટલા માટે છે કે તે રૂપકકથા હોવા છતાં સ્વાનુભૂતિમાં આવે એવી એ ગુણયુક્ત કથા છે.

ગદ્ય-પદ્યના સુમેળવાળો આ ગ્રંથ આત્મદર્શનનો નિર્મળ આયનો છે. તેમાં આપણી ઉન્નતિ અને અવનતિનો ઈતિહાસ પ્રતિબિંબિત થાય છે. આત્માની વિભાવદશામાં થતા મનોવિકારો, કષાયો, તૃષ્ણાઓ અને તેને કારણે થતી યાતનાઓ વગેરેનો આબેહૂબ ચિતાર છે. તેનું વાંચન સંવેદ-નિર્વેદના ભાવો જાગૃત કરે છે.

જૈનેતરોમાં શ્રી હર્મન જેકોબી અને પીટરસન જેવા પાશ્ચાત્યોએ આ ગ્રંથની મુક્તમને પ્રશંસા કરી છે. વિદ્વાનો, ગ્રંથ અને ગ્રંથકારો તેઓનો આદર કરીને, તેમનું મસ્તક નમાવી, પ્રેરણા લે છે.

સમાલોચના : સંદર્ભ ગ્રંથ–૧

પૂજ્ય મુનિવર શ્રી સિદ્ધર્ષિગણિ વિરચિત ઉપમિતિ ભવપ્રપંચ કથા–સંસ્કૃત ભાષામાં લખાયેલ આ ગ્રંથ ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ છે. પ્રવર, પુણ્યશ્લોક, સિદ્ધહસ્ત કથાકાર શ્રી સિદ્ધર્ષિએ આ ગ્રંથની રચના વીર સંવત ૯૬૨માં જેઠ સુદ પાંચમના કરી. સંસ્કૃતમાં લખાયેલ આ એક ચમ્પૂકાવ્ય છે. આ ગ્રંથનું વાંચન શ્રવણ પહેલી વખત, સભા સમક્ષ ભીન્નમાળના ચૈત્યમંડપમાં કરવામાં આવ્યું.

ગ્રંથકાર મહર્ષિ રૂપકકથા દ્વારા સર્વ સંસારીજીવોની દશાઅવદશાનું નિરૂપણ કરીને, જીવોના મનોભાવો, ઇંદ્રિયના પ્રલોભનો વગેરે રજૂ કરે છે, સાથે તેના ઉર્ધ્વીકરણની દિશા પણ દર્શાવે છે. ન્યાય, દર્શન, આયુર્વેદ, જ્યોતિષ, સામુદ્રિક, નિમિત્તશાસ્ત્ર, વ્યાપાર, રાજનીતિ, યુદ્ધનીતિ વગેરે ઘણા વ્યવહારિક વિષયો આ ગ્રંથમાં આવતા હોવા છતાં, પ્રવાહને ધર્મસાગર તરફ વાળ્યો હોવાથી, આ સમગ્ર ગ્રંથ એક ધર્મકથા બને છે. આ કથા દુષમકાળમાં પણ સુષમકાળનો આસ્વાદ કરાવે છે.

✷ ✷ ✷

મોબાઈલ : ૯૯૮૭૬૬૮૮૬૬.
Email-co2india@hotmail.com

વરાંગચરિત

□ પ્રિતેશ વિનોદભાઈ શાહ

પ્રિતેશ વિનોદભાઈ શાહ, વિદ્યાર્થી (એમ. ફીલ.) આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

ગ્રંથનું નામ : વરાંગચરિત. **ગ્રંથના કર્તા :** શ્રી જટાસિંહનન્દિ આચાર્ય, અમરનામ શ્રી જટાચાર્ય અથવા શ્રી જટિલમુનિ. **ગ્રંથની ભાષા :** સંસ્કૃત. **ગ્રંથનો રચનાકાળ :** લગભગ ઈ. સ. ૬૭૫ થી ૭૦૦ સુધીનો ગણી શકાય. **ગ્રંથનો વિષય** :પૌરાણિક મહાકાવ્ય સહ ધર્મકથા **ગ્રંથના કર્તાની વિગત :** જન્મસ્થાનઃ કર્ણાટકમાં કોઈ એક પ્રદેશ હોવો જોઈએ. દેહવિલય સ્થાનઃકોપ્પણ ગામ પાસે 'પાલકીગુન્ડુ' નામની પહાડી.

જન્મજાત મહાકવિ, ઉગ્રતપસ્વી, નિરતિચાર, પરિપૂર્ણ સંયમી, પરમ પ્રતાપી, રંક અને રાજાના હિતોપદેશી સર્વસંમત આચાર્ય તથા સુપ્રસિદ્ધ જૈન મુનિ શ્રી જટાસિંહનન્દિએ આ વૈરાગ્યપ્રેરક વરાંગચરિતની રચના કરી હતી. તેઓશ્રી પુરાણકાર મહાકવિ, વ્યાકરણ પારંગત, જૈન સિદ્ધાંતોના પ્રગાઢ પંડિત હતા. પ્રસ્તુત ગ્રંથમાં જૈન દર્શનના તમામ સિદ્ધાંતોનું સંગોપાંગ વર્ણન કર્યું છે. તેમણે સૈદ્ધાંતિક અને દાર્શનિક ચર્ચાઓ ખૂબ સુંદર રીતે વર્ણવી છે. તેઓશ્રી ન્યાયશાસ્ત્રના પણ વિશાળ જ્ઞાતા હતા. તેઓશ્રીએ કાળવાદ, દૈવવાદ, શૂન્યવાદ, ગ્રહવાદ, નિયોગવાદ, નિયતીવાદ, પુરુષવાદ, ઈશ્વરવાદ વગેરે બધા જ વિકલ્પોને બતાવીને તેનું અકાટ્ય પ્રવૃત્તિઓ દ્વારા નિરાકરણ કર્યું છે. આચાર્ય દેવે જૈન સિદ્ધાતોનું નિરૂપણ કરવા માટે જ વરાંગચરિતમાં ૪ થી ૧૧, ૨૬ અને ૨૭મા સર્ગમાં અધિકાર લખેલા છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જટિલ કવિ ધર્મ શિક્ષક તથા ઉપદેશક હતા.

શ્રી જટાચાર્યની વરાંગચરિત સિવાય અન્યકૃતિઓ પણ હોવી જોઈએ જેની પુષ્ટિ મુનિરાજ યોગીન્દુદેવ રચિત 'અમૃતાશીતિ' નામના ગ્રંથમાં લખેલ શ્લોક પરથી થાય છે. જેનો ઉલ્લેખ 'જટાસિંહનન્દિ આચાર્ય વૃતમ' શ્લોક આપી કરવામાં આવ્યો છે. આ શ્લોક વરાંગચરિતમાં નથી તેથી સ્પષ્ટ છે કે જટાચાર્ય લીખિત અન્ય ગ્રંથ લુપ્ત છે.

જિટાસિંહનન્દિ આચાર્ય' નામનો ઉલ્લેખ કરતો એક શીલાલેખ પણ છે. ડૉ. એ.એન. ઉપાધ્યાયના મત અનુસાર આ શિલાલેખ ઈ. સ. ૮૮૧ની આજુબાજુનો હોવો જોઈએ. અથવા આઠમી સદીનો પણ હોઈ શકે છે.

આચાર્યશ્રીની કવિત્વ શક્તિમાં માધુર્ય, સુકુમાર કલ્પના, સજીવ સંગોપાંગ ઉપમા, અલંકાર બહુલતા, ભાષાનો પ્રવાહ અને ઓજસ્વી વગેરે ગુણોને લીધે તત્ત્વ વિવેચન જેવા નિરસ પ્રકરણમાં કવિની પ્રતિભા તથા પાંડિત્યના દર્શન થાય છે. તેમના સદુપદેશ, યુદ્ધ, અટવી, દરબાર વગેરેના મૌલિક તથા સજીવ વર્ણન વાલ્મિકી અને વ્યાસની યાદ અપાવે છે.

ગ્રંથનો વિષય :

આ વરાંગચરિતની રચના સંસ્કૃત ભાષામાં પદ્યમાં થઈ છે, જે ૩૧ સર્ગ (અધિકાર)માં વિભાજીત થયેલ છે, જેની શ્લોક સંખ્યા ૩૮૧૯ છે. આ પ્રથમાનુયોગનો ગ્રંથ સંસ્કૃત ભાષાનું એક પૌરાણીક મહાકાવ્ય ગણી શકાય. દરેક સર્ગના અંતમાં આ વાક્ય આવે છે. 'ચારે વર્ગ સમન્વિત સરળ શબ્દ અર્થ રચનામય વરાંગચરિત્ર નામક ધર્મકથા'. આ ગ્રંથમાં મુખ્યપણે અનુષ્ટુપ, ઉપજાતિ, દ્રુતવિલમ્બિત, પુષ્પિતાગ્રા, પ્રહર્ષિણા, ભુજંગપ્રયાત, માલભારિણી, માલિની, વસંતતિલકા અને વંશસ્થ છંદનો ઉપયોગ કર્યો છે. જેમાં ઉપજાતિ છંદના વિશેષ ઉપયોગથી જણાય છે કે કવિને તે છંદ પ્રિય હતો.

બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ અને શ્રીકૃષ્ણના સમકાલીન રાજા વરાંગ આ ગ્રંથના ચરિત્રનાયક છે. વરાંગની દાનવીરતા, ધર્મનિષ્ઠા, સદાચાર અને કર્તવ્ય પરાયણતા, શારીરિક અને માનસિક વિપત્તિ સમયે સહિષ્ણુતા, વિવેક, સાહસ, બાહ્ય તથા આંતરિક શત્રુ ઉપર વિજય ઇત્યાદિ ગુણોથી તેઓ સહજ ધર્મવીર ધીરોદત્ત નાયક બને છે.

વરાંગચરિત એક વૈરાગ્ય-પ્રેરક કથા છે. નિકટ મોક્ષગામી, મહાપુણ્યશાળી વરાંગને જીવનમાં અનેક પ્રકારની અશાતા ભોગવવી પડે છે છતાં સમતાપૂર્વક કેવી રીતે રહે છે. તેમજ શાતાના ઉદય વખતે કેટલી વૈરાગ્યભાવનાપૂર્વક દીક્ષિત થાય છે તેનું વર્ણન છે.

જૈન ધર્મના સિદ્ધાંતોનું નિરૂપણ કરવા માટે આચાર્યદેવે ચોથા સર્ગમાં કર્મ પ્રકરણ, પાંચમામાં લોકનું અને નરકનું, છઠ્ઠામાં તીર્યંચયોનીનું, સાતમામાં ભોગભૂમિનું, આઠમામાં કર્મભૂમિનું, નવમામાં સ્વર્ગલોકનું, દશમામાં મોક્ષનું સ્વરૂપ, અગિયારમામાં મિથ્યાત્વનું, પંદરમામાં બાર વ્રતોનો ઉપદેશ, બાવીસમામાં ગૃહસ્થાચારનું નિરૂપણ, તેવીસમામાં જિનેન્દ્ર પ્રતિષ્ઠા અને પૂજા, ચોવીસમામાં અન્યમત નિરાકરણ, પચ્ચીસમામાં જગત કતૃત્વ અને વેદ બ્રાહ્મણ વિવિધ તીર્થોની વ્યર્થતા, છવ્વીસમામાં દ્રવ્ય-ગુણનું સ્વરૂપ, પ્રમાણ-નયનું વિવેચન, સત્તાવીસમામાં ત્રેસઠ સલાકા પુરુષનું વર્ણન, અઠ્ઠાવીસમામાં બાર ભાવના તથા એકત્રીસમામાં મહાવ્રત સમિતિ, ગુપ્તિ, ધ્યાન આદિનું વિવેચન સ્પષ્ટપણે સિદ્ધ કરે છે કે આ ગ્રંથ માત્ર ધર્મકથા અર્થાત્ પ્રથમાનુયોગનો જ ગ્રંથ નથી પરંતુ તેમાં ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગ અને કરણાનુયોગના વિષયો પણ આવરી લેવાયા છે.

વિવિધ પ્રસંગોએ આચાર્યદેવ સદુપદેશ પણ આપતા જ રહ્યા

છે, જેમ કે ૧૫મા સર્ગમાં રાજવધૂઓને ઉપદેશ. ૨૨મા સર્ગમાં રાણીઓને ઉપદેશ, ૨૮મા સર્ગમાં સાગરબુદ્ધિ પિતાને ઉપદેશ ઘટનાઓનું વર્ણન એટલુ બધું તાદૃશ, સજીવ અને સચિત્ર કર્યું છે, કે તે વાંચતા-વાંચતા પાઠકના માનસમાં તે પ્રસંગ સાક્ષાત ખડો થાય છે.

આ ગ્રંથનું એ સમય-કાળમાં જૈન ધર્મ અને સાહિત્યમાં સ્થાન :

વરાંગચરિતના વિવિધ સર્ગના વર્ણન દ્વારા આચાર્ય જટાચાર્યે દક્ષિણ ભારતમાં તે સમયમાં પ્રવર્તમાન જૈનધર્મનું એક સુંદર ચિત્રણ આપ્યું છે. તેમણે જૈનેતર દેવી-દેવતાઓની, વેદોના યાજ્ઞિક ધર્મની અને પુરોહિત વિધિવિધાનની ખૂબ ખબર લીધી હતી. પુરોહિતોને કેવી રીતે રાજદરબારમાંથી બહાર કાઢ્યા અને તેમના ક્રોધનો-શ્રાપનો કોઈ પ્રભાવ રાજાઓ પર ન પડ્યો. તેમણે જૈન મંદિરો, જૈન પ્રતિમાઓ તથા જૈન મહોત્સવનું સુંદર વર્ણન કર્યું છે. તેમના લેખ ઉપરથી જણાય છે કે મંદિરોની દિવાલ પર પુરાણિક ઉપાખ્યાત ચિત્રિત કરવામાં આવતા હતા. તેમણે રાજ્ય તરફથી મંદિરને ગ્રામ વગેરે પણ દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે.

જટિલ મુનિ કર્ણાટકના વતની હતા અને તેમનો સમય લગભગ ઈ. સ. ૬૫૦ થી ઈ. સ. ૭૫૦નો હતો. જેથી ઉપર દર્શાવેલ વાતો દક્ષિણ ભારતની તે સમયની પરિસ્થિતિના પ્રકાશમાં દેખવી યોગ્ય છે કારણ કે તે સમય ચાલુક્ય વંશમાં જૈન ધર્મનો ખૂબ પ્રસાર થયો હતો. તે સમયમાં જ રવિકીર્તિએ મેગુટીકા મંદિર બનાવડાવી પ્રસિદ્ધ 'એહોલે શિલાલેખ'માં તેનો ઉલ્લેખ કર્યો. સાતમી શતાબ્દિના અંતમાં ચાલુક્ય અને ગંગવંશના રાજાને પણ પોતાના આધિન કર્યાં. ગંગરાજા પણ જૈનધર્મ રક્ષક હતો. આમ તેમના સમયમાં પણ જૈનધર્મ-રાજ્યધર્મ હતો.

ઈ. સ. ૬૪૦ના હ્યુઆનત્સંગે તેમના પ્રવાસ વર્ણનમાં દક્ષિણના પલ્લવ અને પાડ્ય રાજ્યમાં ઘણાં દિગમ્બર જૈન મંદિર અને દિગમ્બર જૈનોનો ઉલ્લેખ કર્યો છે. કદમ્બ, ચાલુક્ય અને બીજા રાજાઓ દ્વારા અપાયેલા દાનનો ઉલ્લેખ શિલાલેખો અને તામ્રપત્રમાં મળે છે.

ઉદ્યોતનસૂરિની પ્રખ્યાત કુવલયમાલાની (ઈ. સ. ૭૭૮) એક ગાથામાં વરાંગચરિતને 'જડિલ'ની રચના તથા પદ્મચરિતને 'રવિષેણ'ની રચના બતાવી છે. જિનસેન પ્રથમે પોતાના હરિવંશપુરાણ (ઈ. ૭૮૩)ના પદ્ય ૩૫માં વરાંગચરિતને તેના રચયિતાનો ઉલ્લેખ કર્યા વગર તેના ગુણગાન દર્શાવ્યા છે. આચાર્ય જિનસેન દ્વિતીય એ પોતાના આદિપુરાણ (લગભગ-ઈ.સં. ૮૩૮)ના એક ખુણામાં જટાચાર્યનું નામ સિહનંદિ લખ્યું છે. તેમના વરાંગચરિતની ઘણી ખરી સામગ્રી તેમણે લીધી છે. રાચમલ્લ મંત્રી અને સેનાપતિ એ ચામુંડપુરાણ (ઈ. સ. ૯૭૮)ની ગદ્યમાં રચના કરી હતી. જેમાં તેમણે વરાંગચરિતનો ઉપયોગ કર્યો હતો અને તેના કર્તાનો ઉલ્લેખ કરતા લખેલું કે 'જટાસિંહનન્દાચાર્ય વૃત્તમ' જેથી તે નિઃસંદેહ જણાય છે કે તેમની સામે તે ગ્રંથ ઉપલબ્ધ હતો. આમ ચામુંડરાયના ઉલ્લેખ અનુસાર જટાસિંહનંદ્યાચાર્ય જ વરાંગચરિતના રચયિતા છે. ધવલ કવિએ તેમના અપભ્રંશ ભાષાના હરિવંશપુરાણમાં (ઈ. ૧૧મી શતાબ્દી લગભગ) સ્પષ્ટ રીતે ઉલ્લેખ કર્યો છે કે સુલોચનાચરિત મહાસેનની, પદ્મચરિત રવિષેણની, હરિવંશપુરાણ જિનસેન પ્રથમની અને વરાંગચરિત જટિલમુનિની રચના છે.

ફળશ્રુતિ

આમ આચાર્યદેવ શ્રી જટાસિંહનન્દિએ વર્ણવેલ વરાંગ ચરિતના ઉપરોક્ત વિવરણ ઉપરથી એ ફલિત થાય છે કે જે જીવ સંસારિક સંપત્તિ અને ભોગ-ઉપભોગની સામગ્રીને પ્રાપ્ત કરવા માટે આવશ્યક બધા જ કુકર્મો ખૂબ જ ચાવથી અને તત્પરતાથી કરે છે તે જન્મ જન્માંતરોમાં પ્રાપ્ત થવાવાળા દુઃખોનો પાર નથી પામતા અને લાંબા સમય સુધી નરક ગતિમાં જ સબડે છે.

જે આત્મા આ ભવમાં મત દ્વારા સંસારની સમસ્ત વિભૂતિ તથા ભોગોપભોગ સામગ્રી વિશે વિચારતો રહે છે અને માનસિક પરિગ્રહ વધારે છે તે માનસિક કાયનાનો ચક્રવર્તી પણ સીધો નરકમાં જાય છે. પૂર્વ ભવમાં બાંધેલા શુભ કે અશુભ કર્મનું ફળ જીવને ક્યાંય છોડતું નથી. પછી ભલે તે પોતાના રાજ્યમાં રહે કે રાજ્ય બહાર, ધરતી પર રહે કે આકાશમાં, મિત્રોથી અને સગાંસંબંધીઓથી ઘેરાયેલો રહે, કર્મના ફળની અટલતાની એવી વિધિ છે કે કોઈપણ કારણ કે યોજનાથી તેનો પ્રતિકાર થઈ શકતો નથી. જે રાગાદિ વિકારીપર્યાય છે તેનો પણ તું કર્તા નથી, અરે કર્તા તો નથી પણ વાસ્તવમાં તે રાગાદિ વિકારી પર્યાયનો જ્ઞાતા પણ નથી. હું તો માત્ર મારા જ્ઞાનને જ જાણું છું. હું જ જ્ઞાન, જ્ઞાતાને જ્ઞેય હું જ છું.

પરદ્રવ્ય જીવને સુખી કે દુઃખી કરી શકતા નથી. દરેક દ્રવ્યનું દરેક સમયનું પરિણામન અનાદિથી નિશ્ચિત છે અને તે પરિણમનમાં આત્મા અનુકૂળ-પ્રતિકૂળની કલ્પના કરીને સુખ-દુઃખનો અનુભવ કરે છે પણ તે પર દ્રવ્યનું નિશ્ચિત-પરિણમન તો મારા જ્ઞાનનું જ્ઞેય છે, જીવ તો જાણનાર છે. શુદ્ધ નિશ્ચયથી તો આ પરદ્રવ્યને જાણનારું ઈન્દ્રિય જ્ઞાન ખંડ ખંડ જ્ઞાન છે. તે પણ પરદ્રવ્ય જ છે. કારણ દ્રવ્ય-ઈન્દ્રિયના નિમિત્ત વગર તેને જાણવું થતું નથી. અને જીવ સ્વતંત્ર-સ્વાધીન જ્ઞાતાદૃષ્ટા પૂર્ણ પરમાત્મા છે. જીવ જ્ઞાયક મતે જ જાણે છે અને પરને જાણે તે પરદ્રવ્ય છે.

સંદર્ભ ગ્રંથ : ૧. કુવલયમાલા અને શ્રીમદ્ રત્નપ્રભસૂરિ વિચરીત કુવલયમાલા કથા સંક્ષેપ, શ્રી સિદ્ધગિરિ ચાતુર્માસ-ઉપધાનતપ. આરાધક સમિતિ, પાલિતાણા. ૨. વરાંગચરિત, ડૉ. એ. એન. ઉપાધ્યાય માણિકચંદ દિગમ્બર જૈન ગ્રંથમાળા સમિતિ. ૩. પદ્મચરિત મેં પ્રતિપાદિત ભારતીય સંસ્કૃતિ, ડૉ. રમેશચંદ જૈન ભારતીય દિગંબર જૈન મહાસભા, લખનઉ. ૪. વરાંગચરિત પ્રો. ખુશાલચંદ ગોરાવાલા, ભારતીય દિગમ્બર જૈન સંગ, મથુરા. ૫. વરાંગચરિત ભારતવર્ષીય અનેકાંત વિદ્વદ્ પરિષદ, ભારતવર્ષીય અનેકાંત વિદ્વત પરિષદ.

* * *

૫, ચિંતામણી સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મોબાઈલ નં. : ૦૯૪૨૭૩૮૦૭૪૩,

'યોગબિંદુ'

□ રશ્મિ ભેદા

લેખિકા B.Sc. (Physics), M.A. (Jainology) ની શૈક્ષણિક ઉપાધી ધરાવે છે. `મોક્ષ પ્રાપ્ત કરવાનો માર્ગ : યોગ' વિષય પર તેમણે શોધપ્રબંધ Ph.D. માટે પ્રસ્તુત કરેલ છે.

'યોગબિંદુ' આ ગ્રંથ આચાર્ય હરિભદ્રસૂરિએ વિક્રમની આઠમી શતાબ્દીમાં લખેલો છે. જૈન સાહિત્ય ઈતિહાસમાં આ. હરિભદ્રસૂરિનું સ્થાન અતિ મહત્ત્વનું છે. તેઓ જૈન ધર્મ સાહિત્યના પૂર્વકાલીન અને ઉત્તરકાલીન ઈતિહાસના મધ્યવર્તી સીમાસ્તંભ સમાન છે. તેઓ ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા મનાય છે. તેઓએ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં તથા ગદ્ય અને પદ્ય બંને શૈલીમાં લખ્યું છે. ભવ્ય જીવોના શ્રેયાર્થે આત્માનું મોક્ષ સાથે સહયોજન કરનાર 'યોગ' આ વિષય પર અનેક ગ્રંથોનું નિર્માણ તેમણે કર્યું. 'જૈન યોગ' આ વિષય પર લખાયેલ સાહિત્યમાં આ. હરિભદ્રસૂરિએ નવો અધ્યાય શરૂ કર્યો. તેમણે પાતંજલ આદિ અન્ય દર્શનની યોગ પદ્ધતિઓ અને પરિભાષાઓનો જૈન યોગ પરિભાષા સાથે સમન્વય કરી જૈન યોગને નવી દિશા પ્રદાન કરી. એમના યોગવિષયક ૪ મુખ્ય ગ્રંથો છે- ૧. યોગબિન્દુ, ૨. યોગશતક, ૩. યોગવિંશિકા, ૪. યોગદૃષ્ટિસમુચ્ચય.

આ બધા ગ્રંથોમાં તેમની યોગાભિરૂચિ અને યોગવિષયક વ્યાપક જ્ઞાનના દર્શન થાય છે.

'યોગબિંદુ' ૫૨૭ શ્લોકોમાં સંસ્કૃતમાં લખાયેલ ગ્રંથ છે. આ ગ્રંથમાં જૈન માર્ગાનુસાર યોગના વર્ણન સાથે સાથે બીજા ધાર્મિક પરંપરા અનુસાર યોગની ચર્ચા કરી છે. અને એ યોગ પ્રક્રિયા અને યોગપરિભાષાઓ સાથે જૈન સંકેતોને સરખાવ્યા છે. યોગબિંદુ આ ગ્રંથ આત્માને સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ યોગમાર્ગને બતાવી મોક્ષમાર્ગનો સરળ માર્ગ આપણી સમક્ષ રજૂ કરે છે.

જ્યારે આપણે 'યોગ' આ વિષયના ગ્રંથનું વિવેચન કરી રહ્યા છીએ ત્યારે ભારતીય ધર્મદર્શનોમાં 'યોગ' કયા કયા અર્થમાં લેવામાં આવ્યો છે એ પ્રથમ જોઈએ–

- ગીતામાં કર્મ કરવાની કુશળતાને તેમજ સમત્વ ભાવને 'યોગ' એમ કહ્યું છે.
- પાતંજલ યોગદર્શનમાં ચિત્તવૃત્તિ નિરોધને યોગ કહેલો છે.
- બોદ્ધ દર્શનમાં યોગને બોધિસત્ત્વની પ્રાપ્તિ માટે હેતુ તરીકે સ્વીકારવામાં આવે છે.
- જૈન દર્શન આત્માની શુદ્ધિ કરનારી ક્રિયાઓને યોગના રૂપે ઓળખે છે.

આમ યોગને સર્વ દર્શનમાં કોઈને કોઈ રૂપમાં આત્માના ઉત્તરોત્તર ક્રમિક વિકાસ સાધવાના સાધન તરીકે સ્વીકારવામાં આવ્યો છે. સર્વ ભારતીય દર્શનોનું અંતિમ ધ્યેય છે મુક્તિની પ્રાપ્તિ. નામમાં ભેદ મળશે પણ ભાવની ભૂમિકામાં બધા સમાન છે. યોગદર્શન જેને 'કૈવલ્ય' કહે છે, બૌદ્ધ દર્શન જેને નિર્વાણની સંજ્ઞા આપે છે, જૈન દર્શન એને જ મોક્ષ કહે છે. અર્થની દૃષ્ટિએ જોઈએ તો આ બધા શબ્દો સમાનાર્થી છે. ભિન્ન ભિન્ન દર્શનોના માર્ગ જુદા જુદા હોવા છતાં ફલિતાર્થ દરેકનો સરખો જ છે.

'યોગ' શબ્દ સંસ્કૃત ધાતુ 'યુજ' પરથી બનેલો છે. 'યુજ' ધાતુનો અર્થ થાય છે યોજવું, જોડવું. એટલે મોક્ષ સાથે યોજન, જોડાણ કરાવે તે યોગ કહેવાય છે. જે પ્રક્રિયા વડે આત્મા શુદ્ધ આત્મસિદ્ધિરૂપ મોક્ષપદ અથવા નિર્વાણપદને પામે તે યોગ છે. આત્માનું નિજ શુદ્ધ સ્વભાવ સાથે, સહજાત્મસ્વરૂપ સાથે જોડાણ થવું તે જ યોગનું સ્પષ્ટ સ્વરૂપ છે. મોક્ષરૂપ પરમ શાંતિ પામવાનો માર્ગ એ જ યોગ છે.

આવા 'યોગ'ને સમજવા માટે આ હરિભદ્રસૂરિએ સર્વ દર્શનોના યોગશાસ્ત્રોની અવગાહના કરી તેમના ભિન્ન ભિન્ન વિચારો અને મતોની સૂક્ષ્મ દૃષ્ટિપૂર્વક મીમાંસા કરી તેમાં આવતા વિસંવાદોને જુદા પાડીને, વીતરાગ તીર્થંકર દેવોએ પ્રરૂપેલા આગમ શાસ્ત્રને અનુસરીને આ 'યોગબિંદુ' ગ્રંથની રચના કરી. જેથી જગતના ભવ્ય જીવાત્માઓના સંસાર પરિભ્રમણના કારણરૂપ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને કષાયનો નાશ થાય, રાગદ્વેષમોહરૂપ આવરણ દૂર થાય અને ભવ્યાત્માઓ હેય, જ્ઞેય, ઉપાદેય પદાર્થોને યથાસ્વરૂપ જાણે. બાહ્યાત્મપણાને ત્યાગી, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ અંતરાત્મભાવને પ્રાપ્ત કરી ઉત્તમ પુરુષાર્થથી ચારિત્ર યોગ વડે પરમાત્મભાવને પ્રાપ્ત કરે. આવો યોગમાર્ગ આ ગ્રંથમાં નિરૂપણ કરેલો છે.

આ. હરિભદ્રસૂરિ આત્મસ્વરૂપને પ્રગટાવનારા આ યોગમાર્ગના ભેદને જણાવતા 'યોગબિંદુ' ગ્રંથમાં કહે છે–

अध्यात्म भावना ध्यान समता वृत्तिसंशय: ।
मोक्षेण योजनाद्योग एव श्रेष्ठो ययोत्तरम् ।। ३ ।।

અર્થ : જે મોક્ષ સાથે જોડી આપે તે યોગ કહેવાય છે. અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંશય આ યોગમાર્ગ (મોક્ષમાર્ગ)ના પાંચ અંગો છે. આ સકલક્ષયરૂપ મોક્ષ સાથે આત્માનું યોજન કરે છે તેથી યોગરૂપ છે. એમાં ઉત્તરોત્તર યોગ શ્રેષ્ઠ યોગ છે.

આ. હરિભદ્રસૂરિએ આ ગ્રંથમાં આત્મસ્વરૂપને પ્રગટાવનારા યોગના–અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંશય એમ પાંચ વિભાગ કર્યા છે. તેમાં સમ્યગ્ દર્શન જ્ઞાન અધ્યાત્મયોગની વિચારણામાં ઘટે છે. ભાવના અને ધ્યાન સરાગ સંયમરૂપ ચારિત્રયોગમાં ઘટે છે. ધ્યાનમાં ધર્મધ્યાન સરાગ સંયમમાં ઘટે છે. અને શુક્લધ્યાન, સમતા અને વૃત્તિસંશય વીતરાગ ચારિત્રયોગમાં પ્રાપ્ત થાય છે. આ પાંચે પ્રકારના યોગ સંક્ષિપ્તમાં જોઈએ.

૧. અધ્યાત્મયોગ–ઉચિત પ્રવૃત્તિરૂપ આયુવ્રત, મહાવ્રતોથી યુક્ત થઈ મૈત્રી આદિ ભાવનાઓથી ભાવિત બની, શાસ્ત્રાનુસાર તત્ત્વચિંતન કરવું એ અધ્યાત્મયોગ કહેવાય. એનાથી પાપક્ષય, વીર્યોત્કર્ષ અને ચિત્ત સમાધિ આદિ પ્રાપ્ત થાય છે.

૨. ભાવના યોગ–આ અધ્યાત્મયોગનો પુનઃ પુનઃ અભ્યાસ કરવો તે ભાવનાયોગ છે. એનાથી કામ, ક્રોધ આદિ અશુદ્ધ ભાવોની નિવૃત્તિ અને જ્ઞાન આદિ શુભ ભાવોની પુષ્ટિ થાય છે.

૩. ધ્યાન યોગ– ભાવનાયોગથી ભાવિત થતા થતા ચિત્તને સૂક્ષ્મ ઉપયોગપૂર્વક કોઈ એક પ્રશસ્ત વિષય પર એકાગ્ર કરવામાં આવે એ ધ્યાનયોગ છે. આનાથી ચિત્તસ્થૈર્ય પ્રાપ્ત થાય છે અને ભવભ્રમણના કારણોનો વિચ્છેદ કરાય છે.

૪. સમતા યોગ–અવિદ્યાથી અતિશય કલ્પેલી ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓ પ્રત્યે વિવેકપૂર્વક ઈષ્ટ-અનિષ્ટ ભાવનો ત્યાગ કરી સમભાવની જે વૃત્તિ તે સમતાયોગ છે. આ યોગથી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

૫. વૃત્તિ સંશય યોગ–વિજાતીય દ્રવ્ય સંયોગથી ઉદ્ભવેલી ચિત્તવૃત્તિઓનો જડમૂળથી નાશ કરવો, અર્થાત્ એ વૃત્તિઓ ફરીથી ક્યારેય ઉત્પન્ન ન થાય તેવો નિરોધ કરવો તે વૃત્તિસંશય યોગ છે. આવો નિરોધ કેવળજ્ઞાનની પ્રાપ્તિ સમયે અને અયોગી કેવળી ગુણસ્થાનકે થાય છે. આ યોગના ફળસ્વરૂપે કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ થાય છે.

યોગ એટલે જોડાવું, યોજવું. મોક્ષની પ્રાપ્તિ માટે કરાતી ક્રિયાઓમાં જોડાવું એ ઉત્તમ યોગ છે. જ્યારે મન, વચન, કાયા અને ઈન્દ્રિયોના વિષયમાં જોડાવું એ અપ્રશસ્ત અથવા કુયોગ છે. આ કુયોગનો ત્યાગ કરી એટલે ઈન્દ્રિયોના વિષય માટે મન, વચન, કાયાની પ્રવૃત્તિઓને રોકીને આત્મધ્યાનમાં જોડાવું તે પ્રશસ્ત ધ્યાનયોગ ઉત્તમ છે. આવા યોગનું મહાત્મ્ય 'યોગબિંદુ'માં વર્ણવતા આ. હરિભદ્રસૂરિ કહે છે–

योगः कल्पतरुः श्रेष्ठो, योगश्चिन्तामणिः परः ।।
योगः प्रधानं धर्माणां, योगः सिद्धे स्वयंग्रहः ।।३७।।

અર્થ : યોગ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ, યોગ ઉત્કૃષ્ટ ચિંતામણિ રત્ન છે. કારણ કલ્પવૃક્ષ અને ચિંતામણી ઈચ્છેલું, ચિંતવેલું તેમજ આ ભવ પૂરતું જ આપે છે. જ્યારે યોગરૂપ કલ્પવૃક્ષ તો નહીં ઈચ્છેલું અને નહીં ચિંતવેલું તેમજ ભવાંતરનું પણ આપે છે. કલ્પવૃક્ષ અને ચિંતામણી તો વિનાશી વસ્તુ આપે છે જ્યારે યોગ અવિનાશી વસ્તુ આપે છે. માટે યોગ આ બંનેથી ઉત્કૃષ્ટ છે. યોગથી આત્માનું પરમાત્મા સાથે એટલે મોક્ષ સાથે જોડાણ થાય છે એટલે બધા ધર્મોથી શ્રેષ્ઠ છે. યોગ મુક્તિનો સ્વયંગ્રહ છે.

આવા યોગનું સ્વરૂપ જણાવતા આ. હરિભદ્રસૂરિ કહે છે કે યોગ જન્મના બીજને ભસ્મીભૂત કરવા અગ્નિતુલ્ય છે. યોગ જરાની પણ ઉત્કૃષ્ટ જરા છે એટલે કે વૃદ્ધત્વનો નાશ કરવા માટે આ યોગ ઉત્કૃષ્ટ જરા સમાન છે. 'યોગ' એ પદનું સંકીર્તન અને શ્રવણ યથાયોગ્ય અને વિધિપૂર્વક કરવાથી સંચિત કર્મોનો ક્ષય થાય છે અને મલિન એવા આત્માની શુદ્ધિ થાય છે. યોગથી ધૃતિ, ક્ષમા, સદાચાર, યોગવૃદ્ધિ, અદેયતા, ગુરુતા અને અનુત્તર શમસુખની પ્રાપ્તિ થાય છે. આત્માદિનું જ્ઞાન અને સર્વજ્ઞતા આદિની પ્રાપ્તિ એ યોગનું મહાત્મ્ય છે. આત્મા-કર્મ આદિની પ્રતીતિનું યોગ જ કારણ છે. કારણ કે યોગથી નિશ્ચિત જ તત્ત્વસિદ્ધિ થાય છે. અપ્રમાદિ આત્માઓને મોક્ષના સાચા માર્ગમાં ગમન કરવા માટે અધ્યાત્મયોગ જ એક માત્ર ઉપાય છે. અધ્યાત્મ એટલે આત્મામાં રહેલા ગુણોનો વિકાસ કરવો. તેનાથી જ આત્માને જીવ, અજીવ, પુણ્ય, પાપ...આદિ નવ તત્ત્વ અને તેના લક્ષણોનો અનુભવ થાય અને આત્માને કર્મબંધથી છૂટવાનો ઉપાય વિચારાય.

અનાદિકાળથી જીવો ચતુર્ગતિમય સંસારમાં ફર્યા કરે છે. તેનો અંત પુરુષાર્થથી લાવી શકાય છે. આ પુરુષાર્થ અધ્યાત્મ આદિ યોગોની સાધના કરવાનો છે. અને આ અધ્યાત્મ આદિ યોગોની સાધના દુષ્કર છે. દરેક જીવ માટે આ યોગમાર્ગ સુલભ નથી. એટલે અહીં કયા જીવો આ યોગમાર્ગના અધિકારી અને અનધિકારી છે એ ગ્રંથકારે બતાવ્યું છે. જે જીવો ચરમાવર્તમાં વર્તતા હોય (અર્થાત્ જેઓના સંસાર પ્રવાહની અમુક મર્યાદા નક્કી થઈ હોય), શુક્લપાક્ષિક હોય (જે જીવનો અર્ધપુદ્ગલપરાવર્ત જેટલો જ સંસારકાળ બાકી રહે તે), ભિન્નગ્રંથી (સમ્યગ્દૃષ્ટિ), ચારિત્રી હોય, તેઓ જ અધ્યાત્મયોગ આદિની સાધના કરવાના અધિકારી છે. આપણા આપ્તપુરુષોએ મોક્ષની પ્રાપ્તિ માટે જે યોગમાર્ગ બતાવ્યો છે કે ચરમાવર્તમાં આવેલો આત્મા શુદ્ધ નિર્મળ મનવાળો હોય તે જ યોગના સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક સાધી શકે છે. કારણ કે આ જીવો પરથી મોહનો તીવ્ર પ્રભાવ ઘટી ગયો હોય છે. આથી ઉલ્ટું અચરમાવર્તમાં રહેલા જીવો પર મોહનું દબાણ તીવ્રપણે હોવાથી તેઓ સંસારના ભોગોમાં રચ્યાપચ્યા રહે છે. આ જીવો યોગમાર્ગે ચાલવા માટે અનધિકારી છે. આ જીવોને આ. હરિભદ્રસૂરિએ ભવાભિનંદી કહ્યા છે.

આ યોગાધિકાર પ્રાપ્ત કરવા માટે પૂર્વતૈયારી રૂપ પૂર્વસેવા બતાવી છે. આ પૂર્વસેવામાં બતાવેલી ચાર વાતોને આચાર

વિચારમાં ઉતારનાર યોગમાર્ગનો અધિકારી બને છે. આ ચાર વાતો છે–

૧. ગુરુ–દેવ આદિનું પૂજન, ૨. સદાચાર, ૩. તપ, ૪. મુક્તિ પ્રત્યે અદ્વેષ.

૧. ગુરુસેવા–જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા ક્રિયામાં અપ્રમાદી હોઈ સર્વ જીવોને મોક્ષમાર્ગ બતાવનારા જે હોય તે ગુરુ છે. તેવા પૂજ્ય ગુરુઓની શ્રદ્ધાપૂર્વક વિનય, ભક્તિ કરવી તે ગુરુસેવા.

દેવપૂજા–જે વીતરાગ, લોકોત્તર દેવો ઉત્તમ આત્મગુણોથી ભરપુર, તેમની પૂજા કરવી, સ્તુતિ કરવી તે દેવપૂજા.

૨. સદાચાર–યમ-વ્રત, નિયમ-ઈન્દ્રિય અને મનનો નિગ્રહ કરનારા અભિગ્રહ તેમજ દયા, દાન, બ્રહ્મચર્ય, ક્ષમા આદિ શુદ્ધ આચાર પાળવા.

૩. તપ–બાહ્યાંતર અને અભ્યંતર તપ

૪. મુક્તિનો અદ્વેષ–સર્વ કર્મનો ક્ષય કરી સચ્ચિદાનંદ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવું, એવા મોક્ષના સ્વરૂપ પ્રત્યે અનાદર ન કરતા પૂર્ણ શ્રદ્ધાથી મોક્ષ તરફ પ્રવૃત્તિ કરવી.

આ પૂર્વ સેવાના યોગે જે જીવો યોગાધિકાર પામ્યા છે એમને આ. હરિભદ્રસૂરિએ ચાર વિભાગમાં વહેંચેલા છે–

૧. અપુનર્બંધક, ૨. ભિન્નગ્રંથિ (સમ્યક્‌દૃષ્ટિ), ૩. દેશવિરતિ, ૪. સર્વવિરતિ.

અપુનર્બંધક જીવો, ભવાભિનંદી જીવોથી વિરોધી લક્ષણવાળા હોય છે. તેઓ ઉદારતા, નિર્લોભતા, અદીનતા, નિર્ભય, સરલતા, વિવેક, જ્ઞાન એવા ગુણોથી યુક્ત હોઈ આ ગુણોને વધારતા જઈ ક્રમશઃ યોગવૃદ્ધિ કરતા, ગ્રંથિભેદ કરવા સમર્થ બને છે.

બીજા યોગાધિકારી છે ભિન્નગ્રંથિ એવા સમ્યગ્‌દૃષ્ટિ જીવો. આ જીવોને ધર્મશાસ્ત્ર શ્રવણ કરવાની ઉત્કૃષ્ટ ઈચ્છા હોય છે અને ચારિત્રધર્મ પ્રત્યે તીવ્ર અનુરાગ હોય છે. તેમનું ચિત્ત મોક્ષાભિમુખ હોય છે. માત્ર દેહથી તેઓ સંસારમાં હોય છે.

સમ્યગ્‌દૃષ્ટિ જીવો ચિત્તના સંકલેશનો હ્રાસ કરતા કરતા ક્રમશઃ ચારિત્રી અવસ્થા પ્રાપ્ત કરે છે. આ ચારિત્રી મહાત્માઓ માર્ગાનુસારી (અર્થાત્ વીતરાગ પરમાત્માના ઉપદેશેલા શાસ્ત્રોમાં અત્યંત શ્રદ્ધાયુક્ત, ધર્મ-પ્રવૃત્તિમાં અત્યંત ઉત્સાહી અને શક્તિ પ્રમાણે ધર્મપ્રવૃત્તિ કરનારા, મહાન પુરુષોના ગુણાનુરાગી) હોય છે. અને શુભ પરિણામ વડે શક્ય તેટલો ધર્મપુરુષાર્થ કરનારા હોય છે. આ દેશ-વિરતિધર અને સર્વ-વિરતિધર ચારિત્રીના વર્ણનમાં અધ્યાત્મ આદિ પાંચ ભેદોનું વર્ણન કરેલું છે. પ્રથમ બે પ્રકારના યોગાધિકારી-અપુનર્બંધક અને સમ્યગ્‌દૃષ્ટિ જીવો પર ચારિત્રમોહનો વિશેષ પ્રભાવ હોવાથી આ યોગો 'યોગબીજ' રૂપે હોય છે.

શુભ પરિણામયુક્ત શુદ્ધ અનુષ્ઠાન આત્મસ્વરૂપની શુદ્ધતા કરતો હોવાથી અને મોક્ષ સાથે જોડતો હોવાથી યોગરૂપ છે. અહીં ગ્રંથકારે અનુષ્ઠાનના પાંચ પ્રકાર બતાવ્યા છે-

(૧) વિષ (૨) ગર (૩) અનુષ્ઠાન (૪) તદ્‌હેતુ (૫) અમૃત.

આમાંથી પ્રથમ ત્રણ અસદ્ અનુષ્ઠાન છે (અનુષ્ઠાન એટલે યોગમાં પ્રવૃત્તિ) એટલે જીવો જે અનુષ્ઠાન કરે છે તેમાં તેઓનો આશય કીર્તિ, ઐશ્વર્ય મેળવવાનો હોય છે, પરલોકમાં ફળની અપેક્ષા હોય છે તેથી તે સંસારની વૃદ્ધિમાં કારણભૂત થાય છે. કર્મની નિર્જરા માટે થતા નથી. જ્યારે છેલ્લા બે સદ્‌અનુષ્ઠાન છે. અપુનર્બંધક આદિ યોગાધિકારીઓને સદ્‌અનુષ્ઠાન જ હોય છે. આ શુદ્ધ અનુષ્ઠાન ત્રણ પ્રકારે છે-વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ, અનુબંધશુદ્ધ.

૧. વિષયશુદ્ધ–મુક્તિના ધ્યેયથી કરાતું અનુષ્ઠાન વિષયશુદ્ધ અનુષ્ઠાન છે.

૨. સ્વરૂપશુદ્ધ–જેનું પોતાનું સ્વરૂપ શુદ્ધ હોય તે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે.

૩. અનુબંધશુદ્ધ–શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે સમ્યગ્જ્ઞાનથી યુક્ત અને પ્રશાંત વૃત્તિવાળા અનુષ્ઠાન અનુબંધશુદ્ધ અનુષ્ઠાન હોય છે.

આ ત્રણ અનુષ્ઠાનમાં ઉત્તરોત્તર અનુષ્ઠાન શ્રેષ્ઠ છે.

જે આત્મા અપુનર્બંધક છે તેઓ વિષયાનુષ્ઠાન, સ્વરૂપ શુદ્ધાનુષ્ઠાન, અનુબંધશુદ્ધાનુષ્ઠાન આ ત્રણે અનુકુલ સામગ્રીના યોગે પ્રાપ્ત કરે છે. અને ગ્રંથીભેદ કરી શુદ્ધતાપૂર્વક સમ્યગ્દર્શનને પામે છે. પ્રશસ્ત રીતે યોગપ્રવૃત્તિમાં આગળ વધતો યથાપ્રવૃત્તિકરણને કરી અનુક્રમે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરીને આગળ વધી સમ્યગ્‌દર્શન પ્રાપ્ત કરે છે. આ ભવ્યાત્મા ગ્રંથિભેદ કરતા દેવપૂજા, ગુરુભક્તિ, વ્રત, પચ્ચખાણ, તપ, શાસ્ત્રશ્રવણ કરતા સમયગ્દર્શન અને દેશવિરતિરૂપ ચારિત્રભાવને પામે છે. જ્યારથી ગ્રંથિભેદ થયેલ છે ત્યારથી શુભ પરિણામની ધારાને અનુક્રમે વધારતો સંસારના હેતુભૂત કર્મમલને હણતો સર્વવિરતિ ચારિત્રને પામે છે. સર્વથી એટલે કે પૂર્ણ ભાવે, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, એમ પાંચ મહાવ્રત પાળવા તેમજ રાત્રિભોજન ત્યાગ એવી અનેક પ્રકારની યોગ પ્રવૃત્તિ કરાય છે. પૂર્વે કહેલ અધ્યાત્મભાવ, ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંશય આ યોગ ગ્રંથિભેદ કરનારા માર્ગાનુસારી આરાધતા અનુક્રમે અધ્યાત્મભાવ રૂપ આત્મસ્વરૂપનો લાભ થાય છે. અધ્યાત્મયોગ સમ્યગ્દર્શન અને જ્ઞાનથી યુક્ત હોય છે. આવા અધ્યાત્મ- યોગીઓ ભાવના, ધ્યાન અને સમતા આ ત્રણ યોગના અભ્યાસથી વૃત્તિસંશય નામના પાંચમા યોગભેદની પ્રાપ્તિ કરે છે. વૃત્તિસંશય એટલે રહેલી કર્મસંયોગના યોગ્યતાની નિવૃત્તિ. આત્માના કર્મ બાંધવાના હેતુરૂપ થનારા ચિત્તની રાગદ્વેષમય ક્લિષ્ટતાવાળી વૃત્તિઓનો નાશ ધર્મધ્યાન અને શુકલધ્યાનના યોગે

કરવો. અનાદિકાલથી આત્માની સાથે લાગેલા કર્મનો ક્ષય કરવા અપૂર્વ પુરુષાર્થ કરી સ્વયં પરમાત્મ સ્વરૂપે થવું. વૃત્તિસંશય યોગની પ્રાપ્તિ થતાં આત્મા મુક્તિપદને પામે છે.

આવી રીતે અધ્યાત્મયોગ, ભાવનાયોગ, ધ્યાનયોગ અને સમતાયોગના સતત અભ્યાસથી સમતારૂપ સમાધિયોગમાં સ્થિરતા પ્રાપ્ત થયેલ યોગી આ છેલ્લા એટલે કે ચરમ ભવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની અપ્રમત્તભાવે આરાધના કરતો ક્રમે ક્રમે ક્ષપક શ્રેણીને પામે છે. આત્મ સ્વરૂપના ઘાતક એવા ઘાતી કર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન અને કેવલદર્શનને પ્રાપ્ત કરે છે.

સંદર્ભ ગ્રંથ :

૧. શ્રી હરિભદ્રસૂરિ પ્રણીત યોગબિંદુ અનુવાદક–શ્રી વિજય રાજશેખરસૂરિજી
૨. યોગબિંદુ (ભાવાનુવાદ) અનુવાદ : મુનિ શ્રી મનકવિજયજી
૩. યોગબિંદુ (વિવેચન સહ) લેખક : આ. ઋદ્ધિસાગરસૂરિજી

✷ ✷ ✷

Mobile No. : 9867186440.

પ્રબુદ્ધ રૌહિણેય

□ ડૉ. રૂપા ચાવડા

પ્રા. ડૉ. રૂપા ચાવડા ગાંધીનગરની ઉમા આર્ટ્સ મહિલા કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપિકા છે

ગ્રંથકર્તા તથા સમય–

૧૨મી સદીમાં સંસ્કૃતમાં રચાયેલ છ અંકના આ રૂપકની પ્રસ્તાવનામાં કહ્યું છે-

'ચાહમાન (ચૌહાણ) વંશના ભૂષણરૂપ શ્રી પાર્શ્વચન્દ્રના કુળમાં શોભાયમાન યશોવીર અને અજયપાલે આદીશ્વર ભગવાનનું ભવ્ય ચૈત્ય નિર્માણ કરાવ્યું હતું. આ જ યાત્રા-ઉત્સવ પ્રસંગે જાલોરમાં પરવાદીઓને જીતનાર દેવસૂરીશ્વરના ગણમાં સૂરિ જયપ્રભના શિષ્ય વિદ્યાનિધાન, ગુણી રામભદ્ર મુનિ રચિત 'પ્રબુદ્ધ રૌહિણેય' પ્રકરણનું મંચન (ઈ. સ. ૧૧૮૬) કરવામાં આવ્યું હતું.'

સિદ્ધરાજની રાજસભામાં દિગંબર આચાર્ય મહાવાદી કુમુદચંદ્રને શાસ્ત્રાર્થમાં પરાજિત કરનાર વાદી દેવસૂરિના પ્રશિષ્ય તથા આ. જયપ્રભસૂરિના શિષ્ય રામભદ્રમુનિ (વિક્રમની ૧૩મી સદી)એ ઉત્તમ સર્જકતાનો પરિચય આપ્યો છે.

મુનિશ્રી પુણ્યવિજયજી સંપાદિત 'પ્રબુદ્ધ રૌહિણેય'ના નિવેદનમાં તેઓ કહે છે-सत्ता समयश्चेतेषां विक्रमीय त्रयोदश शताब्दी एव...। આમ, રામભદ્ર કવિનો સમય વિક્રમની ૧૩મી સદીનો કહી શકાય.

વિન્ટરનીટ્ઝ આ રચનાનો સમય ઈ. સ. ૧૧૮૫ માને છે.

'પ્રબુદ્ધ રૌહિણેય'નું કથાવસ્તુ તથા કથાનિરૂપણ

રૌહિણેય ચોરને તેના આસન્નમૃત્યુ પિતા લોહખુરે અંતિમ ઉપદેશ આપ્યો કે–'હે પુત્ર, તું વિવિધ શસ્ત્રોના પ્રયોગમાં નિપુણ છે, ચોરીની કલામાં નિષ્ણાત છે, પ્રતિભાવાન છે. આમ છતાં એક વાર કહેવા માગું છું. જો તું મારો પુત્ર હો, તો સુર-અસુર-મનુષ્યોની સભામાં સદ્ધર્મનો ઉપદેશ આપનાર મહાવીરની વાણી તારા કાને પડવા દઈશ નહીં. ચોરી તો આપણો પરંપરાગત કુલાચાર છે.'

પિતાના ઉપદેશનું પૂર્ણપણે પાલન કરતો રૌહિણેય નગરમાં ચોરી કરીને હાહાકાર મચાવી દે છે. વસંતોત્સવના સમયે ઉદ્યાનમાં પોતાના પ્રિયતમ સાથે વિહાર-ક્રીડા કરવા આવેલ ધન સાર્થવાહની પુત્રી મદનવતીનું પણ રૌહિણેય હરણ કરી લે છે.

નગરમાં સુભદ્રશેઠના પુત્ર મનોરથનો વિવાહ ધૂમધામથી થઈ રહ્યો છે. આ વિવાહોત્સવમાં રૌહિણેય સ્ત્રી વેશ ધારણ કરી નાચગાનમાં પોતાના સાથીદાર શબર સાથે જોડાય છે. ત્યારબાદ, કૃત્રિમ ચીરિકા સર્પ ફેંકીને લોકોની નાસભાગનો લાભ લઈ શ્રેષ્ઠિ-પુત્રને લઈ રૌહિણેય ભાગી છૂટે છે. પરિસ્થિતિની જાણ થતાં શ્રેષ્ઠિ તથા તેનો પરિવાર કલ્પાંત અને રુદન કરે છે.

ત્રીજા અંકમાં મહાજન-સમુદાય રાજા શ્રેણિક પાસે જઈ રૌહિણેયના કરતૂતોની ફરિયાદ નોંધાવે છે. રાજા કુપિત બની રૌહિણયને પકડવા માટે મંત્રી અભયકુમારને આદેશ આપે છે. અભયકુમાર ચોરને પકડવા સજ્જ થાય છે. તેવામાં, અંકને અંતે સમાચાર મળે છે કે–ભગવાન મહાવીરે મનોરમ ઉદ્યાનમાં સમવસરણ કર્યું છે.

ચતુર્થ અંકમાં, મંત્રી નગરના ચોરે અને ચૌટે જોઈ વળ્યા છે, પરંતુ ચોરનો ક્યાંય પત્તો નથી. છેવટે, અભયકુમાર નગરને ઘેરો ઘાલે છે. આ સમયે રૌહિણેય નગરમાં ચોરી કરવા માટે જાય છે. ભગવાન મહાવીરનો ધર્મોપદેશ જ્યાં ચાલી રહ્યો છે તે જ રસ્તેથી તે પસાર થાય છે. પિતાની અંતિમ આજ્ઞા અનુસાર કાનમાં આંગળીઓ નાંખીને ચાલે છે, જેથી ઉપદેશવાણી કાને પડે નહીં. કિન્તુ, અકસ્માત્ તેના પગે કાંટો વાગે છે. અસહ્ય પીડા થતાં તે કાન પરથી હાથ ઉઠાવી લઈ કાંટો કાઢવા લાગે છે. આ ક્ષણે ભગવાન મહાવીર પોતાના વ્યાખ્યાનમાં દેવતાઓનું સ્વરૂપ-વર્ણન કરી રહ્યા હતા. જેમકે–'દેવોના ચરણ પૃથ્વીને અડકતા નથી, નેત્ર નિમેષરહિત હોય છે, પુષ્પમાળા કરમાતી નથી અને શરીર પ્રસ્વેદ તથા રજથી રહિત હોય છે.'

મહાવીરના આ વચન સંભળાઈ ગયા બાદ રૌહિણેય ત્વરિત ત્યાંથી ચાલ્યો જાય છે પરંતુ, અંતે અભયકુમારના છટકામાં પકડાઈ જાય છે.

પાંચમા અંકમાં ચોર પકડાઈ જવાથી રાજા પ્રસન્ન છે અને ચોરને મૃત્યુ દંડ ફરમાવે છે, પરંતુ, અભયકુમારના કહેવાથી કે 'ચોર કાં તો મુદ્દામાલ સાથે પકડાય અથવા પોતાનો અપરાધ સ્વીકાર કરે, ત્યારે જ તેને દંડ દેવો ઉચિત છે'-ત્યારે રૌહિણેયને બંદી બનાવી લેવામાં આવે છે.

મંત્રી અભયકુમારે નાટ્યાચાર્ય ભરતની સહાયથી સ્વર્ગલોકની પ્રતિકૃતિ તૈયાર કરાવી છે જેમાં ગંધર્વો ગાન કરી રહ્યા છે, અપ્સરાઓ નૃત્ય અને ગીત કરી રહી છે. રૌહિણેયને લાગે છે કે તે ખરેખર સ્વર્ગલોકમાં દેવ બનીને ઉત્પન્ન થયો છે અને દેવાંગનાઓથી વીંટળાયેલ છે. તેવામાં પ્રતિહાર આવીને સ્વર્ગની આચાર મર્યાદા પ્રમાણે રૌહિણેયને પોતાના પૂર્વભવના સુકૃત અને દુષ્કૃત જણાવ્યા બાદ જ સ્વર્ગસુખ ભોગવી શકાશે-એવો નિયમ બતાવે છે. ત્યાં જ રૌહિણેયને દેવવર્ણન કરતી મહાવીરવાણીનું સ્મરણ થાય છે અને દેવોના તે લક્ષણો આ વ્યક્તિમાં ન દેખાતાં તે પોતાના સુકૃતો જ જણાવે છે. મંત્રી અભયકુમારની યોજના નિષ્ફળ જાય છે. રાજા દ્વારા અભયવચન આપવામાં આવતાં રૌહિણેય સત્ય જણાવી ચોરીનું ધન પાછું સોંપે છે. જિન-વચનોને કારણેતે બચી શક્યો-એવી પ્રતીતિ થતાં તેને પશ્ચાત્તાપ થાય છે અને તે જિન-શરણે જવાનો નિશ્ચય કરે છે.

હેમચંદ્રાચાર્ય રચિત ત્રિ.શ.પુ.ચ.માં રૌહિણેય કથાના અંતે 'શ્રેણિકરાજાએ જેનો નિષ્ક્રમણ મહોત્સવ કર્યો છે, એવો રૌહિણેય વીર પ્રભુ પાસે જઈ તપશ્ચર્યા કરી, ભાવ સંલેખના અને શુભધ્યાનપૂર્વક મનુષ્યદેહ ત્યજી સ્વર્ગે જાય છે.

વિષય નિરૂપણ–

નાટકમાં નાન્દીથી આરંભ કરી જૈનધર્મનં વિષય-વસ્તુ હોવા છતાં કથાની રમણીયતા અને નાટકની કલાત્મકતામાં સાંપ્રદાયિકતા ક્યાંય આડે આવી નથી. કથાનો મૂળ હેતુ ભગવાન મહાવીરનો મહિમા દર્શાવવાનો હોય, પરંતુ રૌહિણેય કથા-પ્રસંગોનું નિરૂપણ અત્યંત આહ્લાદક અને પ્રભાવક છે.

પ્રસ્તુત નાટકમાં આદ્યાન્ત દૃશ્ય સામગ્રી છે. કોઈ પાત્રની રંગમંચ પર એકોક્તિ-ભાવાભિવ્યક્તિ નાટ્યદૃષ્ટિએ આકર્ષક છે. પાત્રોની સંખ્યા અલ્પ છે. રામભદ્રે આ નાટકમાં નૃત્ય-ગીત-વાદ્યનો લોકોચિત વિનિયોગ કર્યો છે. નૃત્ય-સંગીતની દુનિયામાં સંસ્કૃતનું કોઈ રૂપક આટલું મનોરંજક નથી. બીજા અંકમાં શ્રેષ્ઠિપુત્રના વિવાહનું દૃશ્ય અતિ આહ્લાદક તેમજ નાટ્યાત્મક છે.

દેવભૂમિથી માંડી ગિરિ-ગુફાઓ, વસંતોત્સવ, ન્યાયાલય, સમવસરણ-જેવાં દૃશ્યો અત્યંત મનોહર અને વૈચિત્ર્યપૂર્ણ છે. નાટકમાં કૂટ ઘટનાઓનું પ્રાચુર્ય છે. ચોરને પકડવા માટે કપટ કર્મની યોજના કરવામાં આવે છે, તો ક્યાંક મદનવતીનું અપહરણ. નાટ્યકારે કાર્ય-કલાપની સૂક્ષ્મ બાબતો પર પણ ધ્યાન આપ્યું છે. ભાવોના પ્રકટીકરણમાં કવિનું નૈપુણ્ય જણાઈ આવે છે.

ચરિત-નાયક રૌહિણેયના ચરિત્રનો વિકાસ નાટ્યકલાની દૃષ્ટિએ મહત્ત્વ પૂર્ણ છે. મહાવીર-વાણી સાંભળ્યા બાદ તેનું ચરિત્ર સદ્‌વૃત્તિઓથી પૂરિત થાય છે; પોતાના ચૌર્ય-કર્મ પર તેને પશ્ચાત્તાપ થાય છે. 'મીઠા રસપૂર્ણ આમ્રફળને ત્યજીને મેં કટુ લીમડામાં મન લગાડ્યું'–અને તે વિરક્તિનો માર્ગ ગ્રહણ કરે છે.

ચોર હોવા છતાં તેનું વ્યક્તિત્વ કવિત્વપૂર્ણ છે. તે કહે છે-વાસંતિક ક્રીડાનો રસ લેવો એ નાગરિકોની સુકૃતિ રાશિનું ફળ છે.' વસંતોત્સવમાં છુપાઈને જ્યારે તે મદનવતીને જુએ છે, ત્યારે किं शृंगारमयी, किमु स्मरमयी, किं हर्ष लक्ष्मीमयी ?... એમ બોલી ઉઠે છે.

રૌહિણેય અત્યંત બુદ્ધિશાળી પણ છે. શાલિગ્રામના દુર્ગચંડ નામે ખેડૂત તરીકે તે પોતાનો પરિચય આપે છે. પોતાના સાથીદારને તેણે સાધી રાખ્યો છે જેથી અભયકુમાર દ્વારા તપાસ કરવામાં આવતાં તેની વાત સત્ય પુરવાર થાય. પ્રતિહારના વારંવારના અનુરોધ છતાં તે પોતાના દુષ્કૃત જણાવતો નથી. તે કહે છે-'સ્વર્ગ તો સુકૃતથી જ પ્રાપ્ત થાય છે. જો હું પુણ્ય-હીન છું, તો સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત થાય ?'

નાટ્યમંચન–

આદિનાથના ચૈત્યનિર્માણ ઉત્સવ પ્રસંગે પ્રસ્તુત નાટકની ભજવણી કરવામાં આવી હતી. સંસ્કૃત રંગમંચની આ પરંપરા રહી છે-કોઈ યાત્રા-ઉત્સવ, મંદિર નિર્માણ મહોત્સવ, વસંતોત્સવ જેવા સમયે સામાજિકો સમક્ષ કે મંદિરના પ્રાંગણમાં સામાજિકોની રસ-રુચિ અનુસાર નિપુણ નટો દ્વારા નાટકોની ભજવણી કરવામાં આવતી હતી. 'દૂતાંગદ' નાટકનો સોમનાથના મંદિરના જીર્ણોદ્વાર સંદર્ભે આયોજિત ઉત્સવમાં અભિનય કરવામાં આવ્યો હતો. તે જ રીતે બિલ્હણનું 'કર્ણસુંદરી' જિન મંદિર મહોત્સવ પ્રસંગ પર અભિનીત થયું હતું. ભવભૂતિના નાટકો પણ ભગવાન કાલપ્રિયાનાથના મહોત્સવ પ્રસંગે મંદિરના પ્રાંગણમાં ભજવાયા. 'ચંદ્રલેખા વિજય પ્રકરણ', 'મોહરાજ-પરાજય' પણ આવાં જ દૃષ્ટાન્ત છે.

શ્રી ગોવર્ધન પંચાલ દ્વારા ૧૯૯૪માં IIM Ahmedabad ના

નોંધ–૧ શ્રી હસમુખ બારાડી કહે છે-'નાટ્ય મંચન બાબતે પાછળના સમયમાં જાગરૂકતા આવી, જેમાં શ્રી ગોવર્ધન પંચાલે પ્રશિષ્ટ નાટ્ય પરંપરા પર કામ કરવાની સાથે જ સંસ્કૃત નાટકોને મૂળ ભરત નાટ્યશાસ્ત્રની શૈલીમાં અભિનીત કર્યા. રાજુ બારોટ, હરકિસન વર્મા જેવા યુવા કલાકારો દ્વારા તેનું મંચન થયું. દૂતવાક્ય (૧૯૯૦) અને પ્ર. રૌ. (૧૯૯૩)નો અભિનય કરવામાં આવ્યો.' (Tol માંનો લેખ).

કેરાલામાં આજે પણ કુશળ નટસમૂહ દ્વારા નાટ્યશાસ્ત્ર અનુસાર નાટકોની ભજવણી થાય છે.

પ્રાંગણમાં આ નાટકનું મંચન થયું તે અપૂર્વ ઘટના છે.[૧] પ્રસિદ્ધ વિષય-વસ્તુ, પ્રસંગોની સમુચિત ગ્રથન-રચના, અલ્પ પાત્રસંખ્યા તેમજ બોલચાલની ભાષા-શૈલીને કારણે પ્રસ્તુત નાટક મંચનક્ષમ છે.

અનુવાદક શ્રી શીલચંદ્રવિજયજી મંચન વિષે નિર્દેશ કરે છે કે-અંક-૪માં મહાવીરની વાણી રૌહિણેયને સંભળાય છે, આ પ્રસંગે સ્ટેજ પર પડદા રૂપે સમવસરણ-ધર્મસભાનું ચિત્ર દેખાય અને નેપથ્યમાં માલકૌંસ રાગમાં મહાવીરનું ગાન સંભળાય, ગાયક દૃષ્ટિગોચર ન હોય, માત્ર તંતુ કે કંઠવાદ્ય દ્વારા સૂર છેડવામાં આવે. મંચ પર કાંટો દૂર કરતો રૌહિણેય હોય. આ પ્રકારે યોજના કરવાથી અભિનય અત્યંત ગરિમામય બની શકે છે. મૂળ સંસ્કૃત પદ્યનું ગાન વધુ પ્રભાવક બને.'

નાટ્યવિદ્ શ્રી એલ.એલ. ચિનિયારા જણાવે છે કે-'જો નાટકમાં ગેય તત્ત્વ રાખવું હોય તો પ્રસંગોચિત રાગનો વિનિયોગ કરવાથી પ્રસંગ વધુ પ્રભાવક બની શકે છે.'

સ્વરૂપ અને શૈલી–

પ્રસ્તુત નાટકમાં સંસ્કૃત પ્રશિષ્ટ નાટકોનું પરંપરાગત સ્વરૂપ (form) તેમજ નાટ્યલક્ષણ જળવાયાં છે. અવનતિ યુગમાં રસના પ્રાધાન્યને કારણે નાટકમાં નૃત્ય-ગાન જેવાં તત્ત્વો ઉમેરાયાં. આમ છતાં આ પૂર્ણપણે મંચ તથા અભિનય યોગ્ય કૃતિ છે. સંવિધાનકલા, નાન્દી, પ્રસ્તાવના, વિષ્કંભક જેવી યુક્તિઓનો પ્રયોગ કુશળતાપૂર્વક કરવામાં આવ્યો છે. કથાવસ્તુમાં વિકાસને અધિક તક ન હોવા છતાં એક ઘટના-માત્ર સુંદર નાટ્યકૃતિનો આકાર ધારણ કરે છે. શ્રવણ માત્રથી રસિકજનોના મનને મોહી લેનાર, સ-રસ ઉક્તિઓથી સભર, વિવિધ રસોથી છલકતું આ રૂપક છે.

ડૉ. ડે આને 'પ્રકરણ' પ્રકારનું રૂપક માને છે–નાટકમાં કર્તાએ પણ તેને 'પ્રકરણ' કહ્યું છે.

પ્રસ્તુત નાટકમાં સંસ્કૃત–પ્રાકૃત–માગધી ભાષાનો પ્રયોગ છે. મધ્યયુગમાં કર્તાઓએ સંસ્કૃત ભાષાને સર્વજનોચિત તેમજ જીવંત બનાવી રાખી. રૌહિણેય નિમ્નસ્તરનું પાત્ર હોવા છતાં સંસ્કૃત ભાષામાં સંવાદ કરે છે. નાટકમાં કહ્યું છે તેમ તે વિદ્યા-કલા સમ્પન્ન, સંપત્તિવાન અને બુદ્ધિશાળી છે. તેનો સાથી શબર તેમજ અન્ય પાત્રો માગધી કે શાબરીનો પ્રયોગ કરે છે. 'કૌમુદી મિત્રાણંદ'માં પણ લૂંટારા સંસ્કૃતમાં વાર્તાલાપ કરે છે.

'પ્રબુદ્ધ રૌહિણેય'ની શૈલી કંઈક અંશે ક્લિષ્ટ કે ગૌડીશૈલી છે. ડૉ. વિજય પંડ્યા કહે છે-'મધ્યકાલીન સંસ્કૃત નાટકકારોએ વિષયવસ્તુ અને શૈલીમાં ભવભૂતિનું અનુસરણ કર્યું છે.'

નૃત્ય-ગાન, પ્રહસન જેવું હાસ્યતત્વ પણ આ નાટકમાં મળે છે. વિવાહોત્સવનું દૃશ્ય કે વામનિકા-શબરનો વાર્તાલાપ ચિત્તાકર્ષક છે. પ્રકૃતિ વર્ણનમાં કલ્પના, ચમત્કૃતિ અને કાવ્યવૈભવ છે. નગરના ઉપવનમાં વસંતોત્સવમાં ડૂબેલા નગરજનોનું વર્ણન હોય કે પછી સૂર્યોદયનું આ નાવિન્યપૂર્ણ વર્ણન-'પૂર્વદિશામાં સૂર્ય ઉદય થવાથી કિરણો ફેલાયાં છે, શું સિંદૂરના બિન્દુ ટપકી રહ્યાં છે, કે કુસુમપૂંજ છે? શું કિંકલીતરુનાં પર્ણો ખરી રહ્યાં છે કે પ્રવાલના અંકુર વેરાયાં છે?...સૃષ્ટિ પર કુમકુમનો છંટકાવ થઈ રહ્યો છે કે શોણાનહના કમળોનો પરાગ છે?'

'વિકસિત કમળરૂપી થાળ લઈને, હિમકણરૂપી અક્ષત લઈને, નલિની સજ્જ બની પ્રાતઃકાળે જાણે કે સૂર્યની આરતી ઉતારે છે. (૩/૨)'

સૂર્યાસ્ત થતાં ફેલાતા અંધકારનું વર્ણન-'વિશ્વનું ભક્ષણ કરવામાં વ્યાકુળ ઘોર અંધકાર સર્પના સમૂહ જેવો ફેલાયો છે. વિશ્વવિજેતા સૂર્ય ગગનમાં વ્યાપ્ત તેજ સૃષ્ટિ પર વેરતો...સાગરમાં સ્નાન કરવા ઉતર્યો છે...'

કવિના નવીન કલ્પનો કેટલો મનોહારી છે! જેમકે-'નૃત્ય કરતી સ્ત્રીઓના મોતીના હાર તૂટી જવાથી વેરાયેલા મોતી વડે ગૃહ-પ્રાંગણ સાગર તટ જેવું દેખાય છે.'

'સૂર્યોદય થતાં અંધકાર રૂપી કચરાના ઢગને પગ વડે ખોતરતો, તારક-કીટકોનો નાશ કરતો, ઉષાની કલગી ધારણ કરેલ, કુંકુમવર્ણ પિચ્છ ફેલાવતો સૂર્યરૂપી કૂકડો આવ્યો છે.' (૩/૨)

બીજા અંકમાં હાસ્ય-રસનો પ્રયોગ કંઈક ગ્રામ્ય સ્તરે હોવા છતાં મનોરંજક છે. એક પ્રસંગે રૌહિણેય શબરને કહે છે-'વસ્ત્ર, આભૂષણ અને એકાદ રૂપવતી નવયૌવના-આટલું મળી જાય તો દિવસ સફળ!'

નાટકમાં તત્કાલીન સમાજ, રીતિરિવાજ, દેવતાઓની પૂજા-ઉપાસના, પર્વ-ઉત્સવ, ભોજન-પાન, વસ્ત્રાલંકાર, શુકન-અપશુકનની માન્યતાઓ, વગેરે સામાજિક ચિત્રણની સાથે જ રાજકીય સ્થિતિ, ન્યાય-વ્યવહારુ ધાર્મિક સ્થિતિ, લોકજીવન વગેરે યથાતથ પ્રતિબિંબિત થયાં છે.

જૈન કથાઓમાં મોટેભાગે આવું કાવ્ય સૌન્દર્ય મળતું નથી. અવનતિ યુગમાં ઉત્તમ સર્જકતાનો વિનિયોગ પ્રસ્તુત નાટકમાં દેખાયો. નાટકની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ-રામભદ્રની કવિતા ચંદ્ર, સંગીત અને વનિતા કરતાંય મધુર છે.

सत्यं सन्त्येव शीतांशु संगीत वनितादयः ।
धुर्यं किमपि माधुर्यं रामभद्रगिरां पुनः ।।(१/६)

કૃતિની મહત્તા–હેતુ તથા પ્રભાવ

પ્રસ્તુત નાટકની રસપ્રદય કથાનું કેન્દ્ર છે–રૌહિણેય ચોરનું હૃદય પરિવર્તન. આ કથાઘટક જૈન પરંપરામાં પ્રચલિત છે. હેમચંદ્રાચાર્ય ત્રિષષ્ટિશલાકા પુરુષ-ચરિત (પર્વ-૧૦ સર્ગ-૧૧)માં મહાવીર

ચરિત અંતર્ગત રૌહિણેય કથા વિસ્તારથી આપે છે. હેમચંદ્ર રચિત યોગશાસ્ત્રમાં પણ ચૌરોઽપિ ત્યક્ત ચૌર્યઃ સ્યાત્ સ્વર્ગભાગ્ રૌહિણેયવત્- એવો ઉલ્લેખ છે. આ પ્રચલિત કથા ઘટકને રામભદ્ર મુનિ કલાત્મક નાટ્યરૂપ આપે છે.

કથારસની પ્રચુરતાની સાથે મનોરંજન, કુતૂહલ અને ચરિત્રનો ઉત્કર્ષ પણ કથાનો ઉદ્દેશ્ય છે. અસદ્ય કર્મથી નિવૃત્ત થઈ શુભ કર્મમાં પ્રવૃત્તિની પ્રેરણા-એ જૈનકથાઓની વિશિષ્ટતા છે. વીતરાગવાણીનું શ્રવણ થવાથી, વૈરાગ્યભાવ જાગ્રત થતાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી તપસાધના દ્વારા જીવ મુક્ત થાય છે. ઉપાધ્યાય દેવમૂર્તિ રચિત રૌહિણેય ચરિતમ્માં પણ કહ્યું છે–'द्वेषोऽपि बोधकवचः श्रवणं विधाय, स्याद्रौहिणेय इव जंतुरुदारलाभः'

જૈનકથાઓમાં ચરિત્ર તો નિમિત્તમાત્ર હોય છે. જન પ્રચલિત કથાઓનો ઉપયોગ ઉપદેશાત્મક રૂપે થાય છે. ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવી, અર્હત્ ધર્મની મહત્તા, નૈતિકતા, સારા-ખોટા કર્મોનું ફળ દર્શાવવું–એ ઉદ્દેશ્ય હોય છે. પ્રસ્તુત નાટકની કથા વિકથા નથી, કેમકે તેની મૂળ પ્રેરણા પાપનું કુ-ફળ દર્શાવી વિરકિત ઉત્પન્ન કરવાની છે. જિનપ્રભુની વાણી અને દેશનાનું માહાત્મ્ય અને પ્રભાવ અહીં દર્શાવ્યાં છે.

પશ્ચાદ્વર્તીકાળમાં કથાઓનું સ્વરૂપ બદલાતું રહ્યું, પણ ભાવ એ જ રહ્યો. અભિનવ ધારાઓનો સમાવેશ થતો ગયો અને કથાઓ રોચક, ચમત્કૃતિપૂર્ણ તથા લોકભોગ્ય બનતી ગઈ. સામાન્ય જન જીવનનું ચિત્રણ પણ તેમાં આવ્યું અને તે મનોરંજક બની.

કાસદ્રહ ગચ્છના દેવચંદ્રસૂરિના શિષ્ય ઉપાધ્યાય દેવમૂર્તિએ 'રૌહિણેયચરિત'ની રચના કરી. (તેમની અન્ય રચના 'વિક્રમચરિત' છે. (સમય વિ. સં. ૧૪૭૧). American Oriental Society 1924 થી પ્રકાશિત લેખમાં H. M. Johnson દેવમૂર્તિ આચાર્યનો સમય ઈ. સ. ૧૪૪૦ આપે છે.[૧] દેવમૂર્તિની રચનાનો અનુવાદ તેઓએ ઈ. સ. ૧૯૩૦માં કર્યો છે.[૨] તેઓ જણાવે છે કે-કેટલીય હસ્તપ્રતોમાં રૌહિણેય કથાનક છે, જે પ્રકાશિત થયેલ નથી.

પછીના સમયમાં આ જ કથાનકના આધારે અન્ય રચનાઓ થઈ, જેમાં દેપાલ શ્રાવક રચિત રૌહિણેય રાસ ગુજરાતીમાં છે.[૩] તેનો સમય ૧૫૦૧થી ૧૫૩૪ ઈ. સ.નો માનવામાં આવ્યો છે.

વિનયસમુદ્ર રચિત રૌહિણેય રાસનો સમય ઈ. ૧૪૫૦ થી ૧૫૦૦ છે. હીરવિજયસૂરિના પ્રશિષ્ય તેમજ વિજયસેનસૂરિના શિષ્ય કનકકુશલે સં. ૧૬૫૭માં રૌહિણેય કથાનકની રચના કરી.[૪]

આ પ્રકારે, સંસ્કૃત નાટકથી લોકભાષામાં અવતરિત થતાં સર્જન આ યુગમાં થયા. યાત્રા, ભવાઈ જેવા સ્વરૂપો પ્રાદેશિક ભાષાઓમાં વિકસિત થયા.

'પ્રબુદ્ધ રૌહિણેય'નો ભાવાનુવાદ શ્રી શીલચંદ્ર વિજયજીએ કર્યો છે, જે અત્યંત સુગમ્ય, રસાત્મક હોવાની સાથે તેઓશ્રીની સર્જનાત્મક પ્રતિભાનો પરિચાયક છે (ઈ. ૨૦૦૩માં પ્રકાશિત).

આમ, પ્રશિષ્ટોત્તર સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં મધ્યકાળમાં 'પ્રબુદ્ધ રૌહિણેય' નાટકનું અમૂલ્ય પ્રદાન છે. અવનતિકાળ કહેવાતા આ સમયમાં પણ ઉત્તમ સર્જકતાનું તે દ્યોતક છે.

જૈનધર્મના વસ્તુ અને વાતાવરણમાં વિકસિત થયું હોવા છતાં સાંપ્રદાયિકતાએ નાટ્યકલાને ક્યાંય ઝાંખી પાડી નથી. પ્રશિષ્ટ સંસ્કૃત નાટકની તાજગી આ મધ્યકાલીન નાટકમાં પણ જળવાઈ રહી છે.

સંદર્ભ ગ્રન્થ-સૂચિ :

(૧) પ્રબુદ્ધરૌહિણેય-અનુ. શીલચંદ્રવિજયસૂરિજી. પ્રકાશક-જૈન સા. અકાદમી, ગાંધીધામ. (૨) ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત-મૂળ તથા અનુવાદ-પર્વ–૧૦. આત્માનંદ જૈન પ્ર. સભા, ભાવનગર. (૩) Indian Kavya Literature- A. K. Warder ભાગ-૭-૮. M. B. દિલ્લી. (૪) જૈન સા.નો બૃહદ્ ઇતિહાસ ભાગ-૬. ગુલાબચંદ ચૌધરી-જૈન તીર્થ ભવન ટ્રસ્ટ, પાલીતાણા. (૫) જૈન સા.નો સંક્ષિપ્ત ઇતિહાસ : મોહનલાલ દેસાઈ, ૐકાર સૂરિ જ્ઞાન મંદિર, સુરત. (૬) પ્રબુદ્ધ રૌહિણેય–ભાવનગર. પુણ્યવિજયજી દ્વારા સંપાદિત. (૭) મધ્યકાલીન નાટક-રામજી ઉપાધ્યાય.
(૮) રૌહિણેય કથા-દેવમૂર્તિ આ. રચિત, મૂળ ગ્રંથ પ્રકાશક : જિન શાસન આરાધના ટ્રસ્ટ (૯) મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય કોષ (૧૦) સંસ્કૃત નાટકોનો પરિચય-ડૉ. નાન્દી ગુ. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ (૧૧) જૈન કથા સાહિત્ય કી વિકાસ યાત્રા-ઉપાધ્યાય દેવેન્દ્રમુનિ–ઉદયપુર (૧૨) જૈન કથા સાહિત્ય-વિવિધ રૂપોં મેં–ડૉ. જગદીશચંદ્ર જૈન પ્રાકૃત ભારતી, જયપુર. (૧૩) History of Sanskrit Literature - ક્રિશ્નમાચારીયર. (૧૪) મહાઅમાત્ય વસ્તુપાલ કા સાહિત્ય મંડલ-ડૉ. સાંડેસરા-જૈન સંસ્કૃતિ શોધમંડળ-વારાણસી. (૧૫) જૈન ગૂર્જર કવિઓ–ભાગ-૧. (૧૬) જિન રત્નકોશ.

* * *

ગાંધીનગર. મોબાઈલ : ૦૯૮૨૫૧૬૪૩૫૬

નોંધ : (૧) આ. દેવમૂર્તિનો સમય વિ. સં. ૧૪૨૧
(૨) અનુવાદ-Studies in honour of Maurice Bloomfield
(૩) લોહખરાનઉ બેટઉ તિણિ શ્રેણીસુત કલિઉ
તાત આદેસઈ ઉવટિ ચાલતાં કંટકઉ એક ભાગ.
કાટઈ કાંટા આઠ કાઢ્યા, મોકલઉ થિઉ પાગ.
ચોર અદૃષ્ટ સઉ સમોસરણિ જિણ
ચોરિયાં એ, એકલડાં અમર તણાં.

નોંધ : (૪) (અ) જૈન ગૂર્જર કવિઓ-ભાગ-૧ પૃ. ૧૩૪, ૨૮૫.
(બ) જૈન સાં.નો સંક્ષિપ્ત ઇતિહાસ-પૃ. ૩૨૪, ૩૮૭.
(ક) ગુજરાતી મધ્યકાળનો ઈતિહાસ.

શ્રી શાલિભદ્ર ચરિત્રમ્

□ હિંમતલાલ કોઠારી

લેખક નિવૃત્ત વિજ્ઞાન શિક્ષક છે.

પ્રસ્તાવના :

આપણી પવિત્ર ભારતભૂમિ મહાપુરુષોની ભૂમિ છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવથી માંડીને શ્રી મહાવીર પ્રભુના શાસન દરમ્યાન અનેક મહાપુરુષો, સંતો, મહાસતીઓ અને સાધુ મહાત્માઓ આ પવિત્ર દેશમાં થઈ ગયા છે.

આપણાં જૈન લોકો-વેપારીઓ ચોપડા પૂજન એટલે કે શારદા પૂજન કરતી વખતે દિવાળીના દિવસે પોતાના વેપાર ધંધાના ચોપડામાં પ્રથમ પાને આવા પુણ્યાત્માઓને યાદ કરી તેમના જેવી વિશેષ પ્રકારની શક્તિ-બુદ્ધિ અને સંપત્તિની માંગણી કરી તેમના શુભ નામો લખે છે. જેમાં એક નામ 'ધન્ના-શાલિભદ્રની ઋદ્ધિ હોજો' એમ લખવામાં આવે છે.

આપણો શ્રી સકળ સંઘ પ્રાતઃકાળના રાઈ-પ્રતિક્રમણમાં પણ આવા કેટલાંક મહાપુરુષોના નામનું સ્મરણ કરે છે અને તે માટે ભરહેસરની સજ્ઝાય બોલે છે.

પ્રભુ મહાવીર સ્વામીના સમયમાં રાજગૃહી નગરીમાં ધન્ના અને શાલિભદ્ર નામના અતિ સમૃદ્ધિવાન શ્રાવકો વસતા હતા. ધન્ના શેઠને આઠ પત્નીઓ હતી અને શાલિભદ્રને બત્રીસ પત્નીઓ હતી. આ બન્ને શ્રાવકો પોતાની ભૌતિક સુખ-સામગ્રી અને વૈભવ છોડી, પોતાની સ્વરૂપવાન પત્નીઓને છોડી પ્રભુ મહાવીરની દેશના સાંભળી પ્રભુ મહાવીર દેવ પાસે સંયમ સ્વીકારી દીક્ષા લઈ ચારિત્ર જીવનની ઉતકૃષ્ટ સાધના કરી અંતે અનશન કરી અનુત્તર વિમાનમાં ગયા અને દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પ્રાપ્ત કરશે અને તેઓ મોક્ષમાં જશે.

આવા મહાપુરુષોના જીવનને વર્ણવતા ઘણા બધા કાવ્યો અને ગ્રંથો ઘણા બધા લેખકોએ અને કવિઓએ સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં લખેલા છે. પાછળથી આવા ગ્રંથોનું અન્ય ભાષામાં ભાષાંતર તેમજ ટીકાઓ પણ લખાયેલી છે.

અઢી હજાર વર્ષોથી પણ વધુ સમય પહેલાં થઈ ગયેલા પ્રભુના શાસનકાળમાં આવા બે મહાપુરુષો ધન્ના અને શાલિભદ્રની કથા પણ એક સુંદર ગ્રંથમાં સચવાયેલી છે.

શાલિભદ્ર ચરિત્ર વિષે કાંઈક :

આ ગ્રંથનું નામ છે **શ્રી શાલિભદ્ર ચરિત્ર** અથવા મૂળ નામ **શ્રી શાલિભદ્ર મહાકાવ્યમ્.** આ એક અદ્‌ભુત ગ્રંથ છે. આ ગ્રંથ કાવ્યના કર્તા છે **શ્રી ધર્મકુમાર** અને ગ્રંથનો સમય છે **વિ. સ. ૧૩૩૪.** આ ગ્રંથ શાલિભદ્ર ચરિત્ર (શ્રી શાલિભદ્ર મહાકાવ્યમ્)ને સકલ કથા કાવ્ય તરીકે વર્ણવી શકાય. આ મહાકાવ્ય સંસ્કૃત/પ્રાકૃત ભાષામાં લખાયેલું છે જેમાં ધન્ના અને શાલિભદ્રની સંપૂર્ણ કથા સુંદર કાવ્યમાં આલેખાયેલી છે.

આ કથા કાવ્યની રચના નાગેન્દ્ર ગચ્છના આચાર્ય શ્રી હેમપ્રભ સૂરિજીના શિષ્ય શ્રી વિબુધ સૂરિજીની પ્રેરણાથી અને શ્રી સરસ્વતીદેવીના દિવ્ય આશીષથી ધ્યાન ધરીને વિ. સં. ૧૩૩૪માં કચ્છમાં આવેલ તીર્થાધિરાજ શ્રી ભદ્રેશ્વરમાં કરેલી છે. આ કાવ્યમાં ૧૨૨૪ શ્લોકો અનુષ્ટુપ છંદમાં આવેલા છે. આ કાવ્ય શબ્દાલંકાર તથા અર્થાલંકાર એમ બન્ને પ્રકારના અલંકારોથી વિભૂષિત કરાયેલ છે. આ સંપૂર્ણ ગ્રંથના સંશોધક છે પૂજ્ય આચાર્ય શ્રી કનકપ્રભુ સૂરિજીના શિષ્ય અને પ્રસિદ્ધ સંશોધક શ્રી પદ્યુમ્નસૂરિજી મહારાજ.

શાલિભદ્ર અને ધન્નાજી તો સાળા-બનેવીના સંબંધે બંધાયેલા હતા. શાલિભદ્ર-ધન્નાના જીવનને વર્ણવતા અનેક કાવ્યો સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં લખાયેલા છે. મધ્યકાલીન સાહિત્યનો ઈતિહાસ જોતાં આપણને ખ્યાલ આવે છે કે ગુજરાતી ભાષામાં પણ ધન્ના-શાલિભદ્રના જીવન વિષે અનેક રાસ-ચોપાઈ અને રાસ તેમજ સજ્જાઈ જોવા મળે છે.

શ્રી ધર્મકુમાર પંડિત એક અપ્રસિદ્ધ કવિ ચૌદમી સદીના પૂર્વાર્ધ ભાગમાં થઈ ગયા. આ કવિવરે શ્રી શાલિભદ્ર કાવ્ય (શ્રી શાલિભદ્ર ચરિત) નામનો અદ્‌ભુત ગ્રંથ બનાવ્યો છે. તેઓ ઉચ્ચ કોટીના વિદ્વાન હતા. તેઓના આ ગ્રંથમાં દરેક શ્લોકમાં કંઈક ને કંઈક નવીનતા જોવા મળે છે. જ્યોતિષ, મંત્ર અને પૌરાણિક વાતો પણ તેઓએ પોતાની રચનામાં વણી લીધી છે. વર્તમાન કાળમાં આ ગ્રંથની સાનુવાદ ટીકા પૂજ્ય શ્રી મુનિન્દ્ર વિજયજી મહારાજે કરેલ છે.

ગ્રંથનો વિગતે વિષય :

પ્રસ્તુત શ્રી શાલિભદ્ર ચરિત્ર (શ્રી શાલિભદ્ર મહાકાવ્ય)માં શ્રી મહાવીર પરમાત્માના સમયમાં બનેલી ઘટનાને કથા કાવ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવેલી છે. આ કાવ્ય ગ્રંથમાં જુદા જુદા વિભાગોમાં વિષય વસ્તુ વર્ણવેલી છે.

૧. મગધ દેશમાં તે સમયે શાલિગ્રામ નામનું એક નગર હતું ત્યાં ધન્ના નામે એક ગરીબ વિધવા બાઈ રહેતી હતી. તેણીને સંગમ નામનો એક પુત્ર હતો. ધનિકોના ઘરમાં કામ કરીને તે પોતાના વહાલા પુત્રનું પોષણ કરતી હતી. બાળક ચાર વર્ષની ઉંમરે પહોંચ્યા

બાદ ગોવાળ તરીકે ઉછર્યો. આઠ વર્ષની ઉંમરે ઢોર ચરાવવા જંગલમાં જતો. એક તહેવારના દિવસે સંગમ ગામમાં ઘરે-ઘરે દૂધની ખીર બનતાં જોઈને ઘરે આવીને પોતાની માતાને ખીર બનાવી આપવા વિનવે છે. આવી બેહુદી માંગણીથી મા બહુ ચિંતિત બને છે કારણ તેની પાસે ખીર માટે દૂધ કે ખાંડ હતા નહિ. પાડોશીના સહકારથી દૂધ અને ખાંડ માંગી લાવીને દૂધની ખીર બનાવે છે. માતા બહાર જાય છે અને બાળક સંગમ ખીર ખાવાની તૈયારી કરે છે ત્યાં જ માસ-ક્ષમણના તપસ્વી એક મુનિ આવે છે. મહાત્માને દેખી સંગમનું હૃદય નાચી ઊઠે છે અને વિચારે છે અહો ! મારું સદ્‌ભાગ્ય આજે તો મારે ત્યાં ચિત્ત, વિત્ત અને પાત્રનો ત્રિવેણી સંગમ થયો છે અને વાદળ વિનાની વૃષ્ટિ થઈ છે. આ પ્રમાણે આનંદિત થયેલા સંગમે નિષ્કામ ભાવે મુનિને બધી ખીર વહોરાવી દીધી. મુનિ ધર્મ લાભ કહીને ચાલ્યા ગયા. મા ઘરે આવે છે અને વાત જાણે છે. મા ફરીથી ખીર બનાવી આપે છે. પ્રથમ વાર જ દૂધની ખીર જોઈને બાળક સંગમ બધી ખીર આરોગી જાય છે. પ્રથમવાર ખીર ખાવાથી તે પચી નહિ અને પેટમાં દર્દ ઉપડતા પોતાનું મૃત્યુ નજીક દેખાયું છતાં પણ ખીર-દાનની અનુમોદના કરતા કરતા બાળક સંગમ મૃત્યુ પામ્યો.

૨. આ જ મગધ દેશના પાટનગર રાજગૃહી નગરીમાં રાજા શ્રેણિકનું રાજ્ય હતું અને ચેલ્લણા રાજાની પટ્ટરાણી હતા. અભયકુમાર મહામંત્રી હતા. તે નગરમાં ગોભદ્ર નામના એક શેઠ હતા અને ભદ્રા નામની તેમની શેઠાણી હતા. ભદ્રા શેઠાણીની કુક્ષિએ આ સંગમ અવતર્યો. આ બાળક ગર્ભમાં હતો ત્યારે ભદ્રા માતાએ શાલિ (ચોખા)ના ખેતરને સ્વપ્નમાં જોયું તેથી બાળકનું નામ શાલિભદ્ર પાડ્યું. પિતાએ યુવાન પુત્રને બત્રીસ શ્રેષ્ઠ પુત્રીઓ સાથે પરણાવ્યો. દિવસ કે રાતની ખબર પડે નહિ તેવા સુખમાં શાલિભદ્રનો સંસાર પસાર થવા લાગ્યો.

૩. એક શુભ દિવસે ગોભદ્ર શેઠ વૈરાગ્યની વિચારધારામાં ચઢી પુત્રને ગૃહભાર સોંપી સંયમ લેવા ઉત્સુક બને છે. તે જ સમયે પ્રભુ મહાવીર રાજગૃહી નગરીમાં પધારે છે. ગોભદ્ર શેઠને તો જોઈતું હતું તે સામેથી મળ્યું. વૈભારગિરિ ઉપર પરિવાર સાથે પ્રભુની દેશના સાંભળી વૈરાગ્યના રંગે રંગાયેલા પત્ની અને પુત્રની પરવાનગી મેળવી સંયમના સંગાથી બનવા ઉત્સુક બન્યા અને ચર્ચાના અંતે દીક્ષા ગ્રહણ કરી. સંયમ જીવનની સુંદર આરાધના કરી અનશનપૂર્વક કાળધર્મ પામ્યા. અને ગોભદ્ર શેઠને અવધિજ્ઞાનના ઉપયોગથી પૂર્વ-ભવની જાણ થાય છે. અને પુત્ર ઉપર વાત્સલ્ય ભાવનો ધોધ વહેવા લાગે છે.

ગોભદ્ર શેઠ દરરોજ આભૂષણો, વસ્ત્રો, કલ્પવૃક્ષોના ફૂલની માળાઓ તથા ચંદનાદિના વિલોપનો વગેરેની ૯૯ પેટીઓ શાલિભદ્રને ત્યાં દેવલોકમાંથી ઉતારવા લાગ્યો. શાલિભદ્ર પણ દરરોજ નવા વસ્ત્રો પહેરી, અલંકારો પહેરી વિલોપનો લગાવી પોતાની બત્રીસ પત્નીઓ સાથે દિવ્ય સુખ માણવા લાગ્યો.

૪. એક સમયે રાજગૃહી નગરીમાં રત્ન કંબલ વેચનારા કેટલાક વેપારીઓ આવ્યા અને રાજા શ્રેણિકના મહેલમાં જઈને તે કંબલ ખરીદવા કહેવા લાગ્યા. શ્રેણિક મહારાજાએ કંબલનું મૂલ્ય પૂછતા વેપારીએ કહ્યું આ કંબલનું મૂલ્ય એક લાખ સોનામહોર છે. શ્રેણિક મહારાજાએ આ મૂલ્યવાન કંબલો ખરીદવાની અશક્તિ બતાવી. તેથી વેપારીઓ શાલિભદ્રને બંગલે જાય છે. અને ભદ્રા માતાને આ રત્ન કંબલો ખરીદવા કહ્યું. ભદ્રા શેઠાણીએ પોતાની બત્રીસ પુત્રવધૂઓ માટે બત્રીસ કંબલની માંગણી કરી પરંતુ આ વેપારીઓ પાસે માત્ર આઠ કંબલ જ હતી. ભદ્રાએ આ આઠે કંબલ ખરીદી લીધી અને દરેક કંબલના ચાર-ચાર ટૂકડા કરી દરેક ટૂકડો પગ લૂંછવાના રુમાલ તરીકે આપી દીધો. શ્રેણિક મહારાજાની મહારાણી ચેલ્લણાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે રાજાને ગમે તેમ થાય તો પણ પોતાને એક કંબલ અપાવવા કહ્યું. તુરત જ શ્રેણિક રાજાએ વેપારીઓને બોલાવવા માણસ મોકલ્યો. વેપારીએ તો બધા કંબલ ભદ્રા શેઠાણીને વેચી દીધા હતા.

રાણીના મુખે શાલિભદ્રની પ્રશંસા સાંભળી રાજા શ્રેણિક આ શાલિભદ્રને પોતાના બંગલે મળવા બોલાવે છે. ભદ્રા શેઠાણી કહે છે, 'મારો પુત્ર બહાર નીળતો નથી. બગીચામાં પણ જતો નથી. જો આપ મળવા માંગતા હો તો મારે બંગલે પધારો.' રાજા શ્રેણિક શાલીભદ્રના બંગલે જાય છે. શેઠાણીએ ભવ્ય સ્વાગત કર્યું. અને ભદ્રા માતા શાલીભદ્રને બોલાવવા ઉપર ગઈ અને કહ્યું, 'બેટા, નીચે આવ, શ્રેણિક મળવા આવ્યા છે.' શાલિભદ્ર જવાબ આપે છે: 'મારે નીચે આવી શું કામ છે યોગ્ય કિંમત આપી કરીયાણું ખરીદી લ્યો.' (શ્રેણિક નામનું કરીયાણું આવે છે). ભદ્રા શેઠાણી કહે છે, 'બેટા, આ કરીયાણું નથી. આ તો આપણા નગરના માલિક છે.'

માતાની આ વાત સાંભળી શાલીભદ્ર આશ્ચર્ય પામે છે અને વિચારે છે શું મારા ઉપર હજુ કોઈ માલિક છે ? જો ત્રણ ભુવનના નાથ વિદ્યમાન હોય તો નાથ બનવાની કોઈને શી જરૂર ?

માલિક શબ્દથી જ શાલીભદ્રના હૃદયમાં ચિનગારી ચંપાઈ ગઈ. રાજાને મળવા નીચે ઉતર્યો પણ મન માનતું નથી. અતિશય રૂપવાન અને સૌભાગ્યવાન શાલિભદ્રને જોઈને શ્રેણિક રાજાને સંતોષ થયો.

શાલિભદ્રનો વૈભવ વર્ણવતી બીજી એક ઘટના બને છે.

ભદ્રા શેઠાણીના આગ્રહથી શ્રેણિક મહારાજ મહેલમાં સ્નાન કરે છે તેવા સમયે તેમની આંગળીમાંથી અંગુઠી-વીંટી ઉડીને બાજુના કૂવામાં જઈ પડે છે. રાજા નિરાશ થાય છે ત્યારે શેઠાણીએ કૂવાનું બધું પાણી બહાર ફેંકાવી કૂવો ખાલી કરાવ્યો. શ્રેણિક રાજા ખાલી

કૂવો જુએ છે તો તેના વિસ્મયનો પાર રહેતો નથી. કૂવામાં ઝળહળતા આભૂષણો વચ્ચે તેની વીંટી સાવ ઝાંખી નજરે પડે છે ત્યારે રાણીની દાસી કહે છે : અમારા સ્વામી શાલિભદ્ર માટે આ બધી વસ્તુ સાવ નકામી છે. તેઓ તો દરરોજ દેવે મોકલાવેલ નવા આભૂષણો પહેરે છે અને જૂના આભુષણો વસ્ત્રો આ કૂવામાં ફેંકી દે છે.

(૫) રાજા શ્રેણિક તો જાય છે પણ શાલિભદ્રના હૃદયમાં વિચાર ક્રાંતિ પેદા કરતો જાય છે. શાલિભદ્ર વિચારે છે રાજાઓના જીવનમાં શાનું સુખ?

શાલિભદ્રને સમજાય છે કે, આવું રાજાઓને મળતું સુખ માત્ર 'મમતા'નું જ છે. 'આ બધું મારું છે' આવા વિચારો જ રાજાને આનંદ આપે છે.

આવા મમતા-મૂલક સુખો કહો કે સ્વર્ગના સુખો મારે ન જોઈએ. બહારથી સુખનો દેખાવ છે પણ અંદર તો પરાધીનતાનું દુ:ખ છે. હું હવે એવો કોઈ મંત્ર સાધીશ જે મારા આનંદને પરતંત્રતાની બેડીમાં ન જકડી શકે.

શાલિભદ્રનું મન સંસારમાંથી ઊઠી ગયું. તેવા સમયે શ્રી ધર્મઘોષ નામના આચાર્ય રાજગૃહી નગરીમાં આવે છે. શાલિભદ્ર તેમની દેશના સાંભળે છે. અને માતાની શિખામણથી તે દરરોજ એક એક પત્નીનો ત્યાગ કરી સુખ વૈભવ છોડવા લાગ્યો અને સંયમ જીવન સ્વીકારે છે.

રાજગૃહી નગરીમાં શાલિભદ્રની બહેન સુભદ્રા રહેતી હતી જેના લગ્ન ધન્ના સાથે થયેલા હતા. એક સમયે પતિને સ્નાન કરાવતા તેણીના આંસુ ધન્નાના ખભા ઉપર પડે છે. ધન્નાએ પૂછ્યું કેમ રડે છે? સુભદ્રાએ જવાબ આપ્યો, મારો ભાઈ દીક્ષા લેવાનો છે અને દરરોજ એક એક પ્રિયાનો ત્યાગ કરે છે. ધન્નાએ કટાક્ષ કર્યો, છોડવું જ છે તો બધું એક સાથે કેમ છોડતો નથી? તે કાયર છે, એક સાથે જ બધું છોડી દેવું જોઈએ.

આ સાંભળી સુભદ્રા ચૂપ થઈ જાય છે પણ બીજી પત્નીઓ બોલી ઊઠે છે કે તમો તો ખાલી ડોળ કરો છો. તમારે સંસારમાં ચીટકી રહેવું છે અને બીજાને ઉપદેશ આપો છો. તમે તો કાયરના સરદાર છો. બીજાને દીક્ષા અપાવવી સહેલી છે પણ પોતે લેવી અઘરી છે. તમે કેમ દીક્ષા લેતા નથી?

પત્નીઓની વાત સાંભળી ધન્નાને પણ સંયમ લેવાની ભાવના જાગી અને શ્રી અને સ્ત્રીના ત્યાગથી ઉત્તમ ફળ મળે છે તેમ વિચારી દીક્ષા ગ્રહણ કરે છે. 'જો આપ દીક્ષા લેશો તો, અમે બધા પણ સંયમ લઈશું, પતિ હોય ત્યાં જ સતી શોભે' અને બધા પ્રભુ મહાવીર દેવની રાહ જોવા લાગ્યાં.

૬. ભગવાન મહાવીર દેવ છેવટે રાજગૃહી નગરીમાં આવી પહોંચ્યા. આઠેય પત્નીઓ સહિત ધન્નાએ પ્રભુ પાસે દીક્ષા લીધી. આ જોઈને માતાને કહે છે, 'હજુ તું મને કેમ દીક્ષા લેવા રજા નથી આપતો?'

ભદ્રા શેઠાણી શાલિભદ્રને દીક્ષા લેવા રજા આપે છે. શ્રેણિક મહારાજાએ કહ્યું, 'હું પોતે જ શાલિભદ્રનો દીક્ષા મહોત્સવ કરીશ. તેણે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. સાત ક્ષેત્રોમાં પોતાની સંપત્તિ વાપરી. સોનૈયાઓનું દાન કરીને શુભ મુહુર્તે પ્રભુ મહાવીરે દીક્ષા આપી. દીક્ષા પર્યાયમાં બનેવી ધન્ના મુનિ સાથે મૈત્રી જામી જાય છે અને બંને સાધનામાં જોડાય છે.

દીક્ષા પર્યાયમાં ગુરુ ગૌતમે ધન્ના અને શાલિભદ્રને અગિયાર અંગો ભણાવ્યા. ગુરુ નિશ્રામાં તપ, તપવા લાગ્યા અને તપથી કાયા કરમાવા લાગી.

૧૨ વર્ષ બાદ ગુરુ સાથે તેઓ રાજગૃહી નગરીમાં પાછા આવે છે. માસક્ષમણની ઉગ્ર તપશ્ચર્યા કરે છે. પ્રભુ મહાવીર કહે છે, આજે તારી માતા પારણું કરાવશે. 'પ્રભુની આજ્ઞા લઈને ગોચરી માટે બધા મુનિઓ સાથે ભદ્રા શેઠાણીના મહેલમાં જાય છે. ધર્મ-લાભ કહી બધા મુનિઓ સાથે ઊભા રહે છે. પરંતુ કોઈનું ધ્યાન શાલિભદ્ર તરફ જતું નથી કારણ કે તે ઓળખી શકાય તેવા રહ્યા નથી.

નગરમાંથી બહાર નીકળતા રસ્તામાં એક દહીં વેચનારી મહિયારી સામે મળે છે. આ વૃદ્ધ સ્ત્રી શાલિભદ્રને જોઈ અત્યંત રોમાંચિત બની જાય છે. ઘડપણમાં પણ તેના સ્તનમાંથી દૂધની ધારા ઝરવા લાગી. તેણે દહીં શાલિભદ્રને પ્રેમથી વહોરાવ્યું.

ભગવાન પાસે આવીને શાલિભદ્ર બોલી ઊઠ્યા, 'મારી માતાએ પારણું ક્યાં કરાવ્યું? પ્રભુ મહાવીરે જવાબ આપ્યો, એ દહીં વેચનારી તારી પૂર્વ ભવની માતા જ હતી. પ્રભુએ પૂર્વભવની બધી વાત સમજાવી. શાલિભદ્ર તો વૈરાગ્ય ભાવમાં ઉછળી ઉઠે છે. પારણું કર્યું પણ મન તો આત્મભાવમાં રમતું હતું.

૭. પ્રભુ વીરની વાણી સાંભળી શાલિભદ્ર વિચાર કરતા રહે છે આ જન્મ મરણના ચક્કર ક્યાં સુધી ચાલશે? એક વખતનો સંગમ ગોવાળ, સાવ ગરીબ, આ ભવમાં ઋદ્ધિવાન શાલિભદ્ર અને આજે આ મુનિ! કર્મસત્તા બળવાન છે તે કેવા નાચ નચાવે છે, હવે તો મારે આ જંજાળોમાંથી મુક્ત બની અનશન કરી જલ્દીથી આત્મ કલ્યાણ સાધી લેવું છે. અનશનની ઈચ્છાવાળા બંન્ને મુનિઓ પ્રભુ મહાવીર પાસે પહોંચ્યા. પ્રભુએ આશીર્વાદ આપ્યા. ગુરુ ગૌતમ સાથે બન્ને મુનિઓ 'વૈભારગિરિ' ઉપર આવ્યાં.

ચાર આહારનો સંપૂર્ણ ત્યાગ કરી તેઓએ 'પાદયોગમ' નામનું અનશન સ્વીકાર્યું. માતા ભદ્રા સાથે શાલિભદ્ર મુનિના દર્શન કરવા ઉત્સુક બનીને પત્નીઓ જોવા લાગી. શાલિભદ્ર ક્યાંય નજરે ન પડ્યા. ભદ્રા માતાને ધ્રાસ્કો પડ્યો. અને પ્રભુને પૂછવા લાગી.

'મારા ઘરે શાલિભદ્ર મુનિને વહોરવા કેમ ન મોકલ્યા?' પ્રભુએ કહ્યું, 'તમારા ઘરે મુનિરાજ પધાર્યા હતા. પણ તમે ઓળખી ન શક્યા.' રસ્તામાં પૂર્વ ભવની માતા 'ધન્યાએ' દહીં વહોરાવ્યું હતું. દહીંથી માસ-ક્ષમણનું પારણું કરી મારી સંમતિ લઈ વૈભાર પર્વત ઉપર હમણાં જ ગયા છે અને અનશન સ્વીકારી લીધું છે. વૈભાર પર્વત ઉપર આવી પહોંચી, શ્રેણિક મહારાજા અને મંત્રી અભયકુમાર પણ ત્યાં આવી પહોંચે છે.

ધગધગતી શિલા ઉપર માખણના પિંડ જેવા ધન્ના અને શાલિભદ્ર મુનિને દેખીને ભદ્રા માતા હૈયાફાટ રુદન કરવા લાગી.

શ્રેણિક મહારાજા ભદ્રા શેઠાણી પાસે આવી કહેવા લાગ્યા, 'હે ભદ્રા! તું તો આ જગતમાં પરમ વંદનીય છે. તું તો રત્ન-કુક્ષિ છે. તું તો નંદનવનની ધરતી છે. તેં આવા કલ્પવૃક્ષ સમાન મહાન એવા આ ધન્ય બનેલા મહામુનિવરને જન્મ આપ્યો છે. લોકો જે મૃત્યુથી ડરે છે તે મૃત્યુને તારા આ મહાન તેજસ્વી પુત્ર-રત્ને સામે ચાલીને આમંત્રણ આપ્યું છે. તારે તો તેને કોટિ કોટિ વંદન કરી અંતરથી અભિનંદન આપવા જોઈએ.

શ્રેણિકની સમજાવટથી ભદ્રા માતા શાંત બની અને કહેવા લાગી, 'હે પ્રભુ મહાવીરના અને ગુરુ ગૌતમના શિષ્ય તું પરમ શાતા અનુભવ! બન્ને મુનિવરો તમારો માર્ગ કલ્યાણકારી બનો. ભદ્રા માતા અને રાજા શ્રેણિક પોતાના સ્વસ્થાને જાય છે અને તુરત જ બન્ને મુનિઓ સમાધિપૂર્વક કાળધર્મ પામીને 'સર્વાર્થસિદ્ધ' નામના વિમાનમાં તેઓ ઉત્તમ દેવ થયા, ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પામી તેઓ મોક્ષમાં જશે. કોટિ કોટિ વંદના હોજો આ બન્ને મુનિરાજોને.

જય હો! જય હો! ધન્ના-શાલિભદ્ર મુનિવરોના દેવ-આત્માનો.

આ ગ્રંથનું એ સમય-કાળમાં જૈન ધર્મ અને સાહિત્યમાં સ્થાન :

પ્રભુ મહાવીરના સમયની આ કથા છે. મગધ દેશમાં પ્રભુ મહાવીર વિચરે છે. રાજા શ્રેણિકનું રાજ્ય છે. તે સમયે સમાજમાં દંભ, ક્રિયાકાંડ, પશુબલી અને અહિંસાનું સામ્રાજ્ય ફેલાયું હતું. લોકો વૈભવ વિલાસમાં ફસાયેલા છે. પ્રભુ એક નવો જ રાહ ચીંધે છે. પ્રસ્તુત કથામાં તે સમયની ધાર્મિક પરંપરાની ઝલક દેખાય છે. પ્રભુએ તપનો મહિમા બતાવ્યો અને સંયમ વડે સાધના કરી મુક્તિનો માર્ગ બતાવ્યો છે. જૈન સાહિત્ય હજારો ગ્રંથોમાં અને લાખો હસ્તપ્રતોમાં અનેક ભાષાઓમાં વિસ્તરેલું છે. આવા ગ્રંથો ખરેખર જૈન ધર્મના સિદ્ધાંતોને પુષ્ટિ આપે છે. તે સમયમાં સંયમનું અને જૈન શાસન આવા મહાપુરુષોથી પ્રભાવિત બનેલું છે. આવા ગ્રંથોનો શાસનમાં ખૂબ જ પ્રભાવશાળી મહિમા છે. જે તે સમયની સમાજ-ધર્મ-રાજકીય અને સામાજિક વ્યવસ્થાનો પરિચય કરાવે છે. સમાજમાં તે સમયે મહાવીર-પ્રભુની દેશનાથી શાલિભદ્ર અને ધન્ના જેવા વૈભવમાં આળોટતા ઋદ્ધિશાળી ધનિકો સંસાર છોડીને સંયમના પંથે કેવા નીકળી પડે છે તેનો ખ્યાલ આવા ગ્રંથોથી આવે છે. પચીસસો વર્ષ પહેલાની ઘટનાને કથા સ્વરૂપે સાંભળી આજના શ્રાવક-શ્રાવિકાઓ ધન્ય બને છે.

પ્રાચીન સમયમાં પંડિત ધર્મકુમાર વિરચિત શાલિભદ્ર ચરિત્ર ઉપર કોઈ ટીકા ગ્રંથ લખાયેલ જોવા મળતો નથી. કેટલીક હસ્તપ્રતો જોવા મળે છે. તેમાંથી એક અવચુરી મૂળ સાથે શ્રી યશોવિજયજી ગ્રંથમાળાએ વિ. સં. ૧૯૬૬માં પોતાના પંદરમા ગ્રંથ તરીકે પ્રકાશિત કરેલ જાણવા મળે છે.

ગ્રંથનું ચિંતન :

આજે લોકો શ્રી શાલિભદ્ર ચરિત્ર વાંચી મહાકાવ્યનો આનંદ માણી શાલિભદ્ર અને ધન્ના જેવા મહાપુરુષોને કોટિ કોટિ વંદન કરે છે. પ્રથમ તો પરમાત્મા પાસે ધન્ના-શાલિભદ્ર જેવી ઋદ્ધિ અને રિદ્ધિ-સિદ્ધિની માંગણી કરે છે અને છેવટે તેઓના ત્યાગની અને સમતાની વાત સાંભળી તેઓનો જય જયકાર બોલાવે છે.

પ્રસ્તુત મહાકાવ્યની ફળશ્રુતિ માત્ર આ ચાર લીટીની પ્રાર્થનામાં જ ટૂંકમાં વર્ણવી શકાય.

આ લઘુ નિબંધની સમાપ્તિ નીચેની પ્રાર્થના લખી શાલિભદ્ર અને ધન્નાના જીવનને ટૂંકમાં ફળશ્રુતિરૂપે દર્શાવું છું.

હે માનવ :

મમતા તું મેલ, મમતા તું મેલ, માયાવી દુનિયાની મમતા તું મેલ,
જુઠો આ ખેલ, જુઠો આ ખેલ, સંસારી દુનિયાનો જુઠો આ ખેલ,
જે તારું દેખાય, તે તારું ન થાય, ખાલી જંજાળોમાં ભમતો તું જાય,
જીવનમાં એક, રાખી લે 'ટેક', 'મુક્તિ'ને કાજે આ માનવનો દેહ..

આ લઘુ નિબંધના લખાણમાં ક્યાંય શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાણ થઈ ગયું હોય એનું ત્રિવિધે, ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

સંદર્ભ ગ્રંથો :

(૧) ધન્ના-શાલિભદ્ર રાસ - જિન વિજય (૨) ધન્નાનો રાસ - શ્રી ગંગમુનિ (૩) શાલિભદ્ર શ્લોકો - ઉદય રત્ન (૪) ધન્નાઓઢાળીયું - શ્રી ગુણચંદ (૫) શાલિભદ્ર રાસ - જિન હર્ષસૂરિ (૬) ધન્ના-શાલિભદ્ર ચરિત્ર - ગુણ વિનય (૭) ધન્ના-સજ્ઝાય - શ્રી લક્ષ્મી કલ્લોલ (૮) શાલિભદ્ર ચોપાઈ - જિન વર્ધમાન (૯) ધન્ના-શાલિભદ્ર ચોપાઈ - શ્રી જિન વર્ધમાન (૧૦) શાલિભદ્ર ઓઢાળીયું - શ્રી પદ્મચન્દ્રસૂરિ (૧૧) ધન્ના-શાલિભદ્ર સજ્ઝાય - વિદ્યા કીર્તિ (૧૨) ધન્ના-શાલિભદ્ર રાસ - જિન વિજય (૧૩) ધન્ના-શાલિભદ્ર ચરિત્ર - શ્રી ત્રિલોકસૂરી (૧૪) ધન્ના-શાલિભદ્ર ચરિત્રમ (કાવ્ય) - શ્રી ધર્મકુમાર (૧) શાલિભદ્ર મહાકાવ્યમ્ - પંડિત ધર્મકુમાર રચિત ગુજરાતી અનુવાદ...ટીકા શ્રી મુનિચંદ્રવિજયજી મ. સાહેબ

✷ ✷ ✷

૩, કોઠારી નગર સોસાયટી, મેઘાણી માર્ગ,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨. (ગુજરાત)
મોબાઈલ : ૦૯૪૨૮૪૭૪૦૪૫.

અભિધાન ચિંતામણિનામમાલા

□ પ્રા. હિતેશ જાની

લેખક છેલ્લા છ વર્ષથી શામળદાસ આર્ટ્સ કૉલેજ ભાવનગર ખાતે ગુજરાતી વિષયમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે કાર્યરતછે. ઉપરાંત છેલ્લા છ વર્ષથી ભુતા કૉલેજ સિહોર ખાતે ગુજરાતી વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કાર્યરત.

ગ્રંથનામ : અધિભાન ચિંતામણિનામમાલા, **ગ્રંથકર્તા :** આચાર્ય હેમચંદ્ર, **ગ્રંથ સમય :** અંદાજે વિક્રમ સંવત ૧૨૦૭-૦૮. **ગ્રંથભાષા :** સંસ્કૃત. **ગ્રંથનો વિષય :** કોશ સાહિત્ય.

ગ્રંથકર્તાનો વિગતે પરિચય :

'પ્રભાવક ચરિત્ર' નામના પ્રાચીન ગ્રંથમાંથી આચાર્યશ્રીના પૂર્વજીવન અંગેની સત્તાવાર માહિતી મળે છે. તે ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે આચાર્યશ્રી હેમચંદ્રનો જન્મ વિક્રમ સંવત ૧૧૪૫ના કારતક સુદ પૂર્ણિમા (તારીખ ૭-૧૧-૧૦૮૮)ના શુભ દિને ધંધુકામાં મોઢ વણિક જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ ચાચિંગ અને માતાનું નામ પાહિણી હતું. શ્રી હેમચંદ્રાચાર્યનું સંસારી નામ ચંગદેવ હતું.

પિતા બહારગામ હોવાથી માતા પાસેથી શ્રી દેવચંદ્રસૂરિએ બાળક ચંગદેવની માંગણી કરી. માતાની સંમતિ લઈને આચાર્યશ્રીએ વિક્રમ સંવત ૧૧૫૦માં બાળક ચંગદેવને ખંભાત મુકામે જૈન સાધુ તરીકેની દીક્ષા આપી. નવદીક્ષિત ચંગદેવનું નામ 'સોમચંદ્ર' રાખવામાં આવ્યું.

થોડાક જ સમયમાં આ બાળક મુનિએ પોતાની બૌદ્ધિક પ્રતિભાથી કુશળતા હાંસલ કરી અને વિદ્યાકીય ક્ષેત્રે પ્રવીણતા મેળવી. વિદ્યાની સાથે-સાથે જ ત્યાગ, તપ અને સંયમ જેવા સદ્‌ગુણો પણ જીવનમાં ખીલવ્યા. તેમની યોગ્યતા જોઈ વિક્રમ સંવત ૧૧૬૬માં માત્ર ૨૧ વર્ષની ઉંમરે તેમને આચાર્યપદ આપવામાં આવ્યું. ચંગદેવ નામનો બાળક હવે આચાર્ય 'હેમચંદ્ર' નામથી ઓળખાવા લાગ્યા.

વિક્રમ સંવત ૧૧૯૨માં આચાર્યશ્રીની સિદ્ધરાજ જયસિંહ સાથે મુલાકાત થઈ. પ્રથમ મુલાકાતથી જ પ્રભાવિત થયેલા સિદ્ધરાજે આચાર્યશ્રીને કાયમ માટે પોતાના દરબારમાં માનભેર ઉચ્ચ સ્થાન આપ્યું. સિદ્ધરાજની વિનંતીથી જ આચાર્યશ્રીએ નવું વ્યાકરણ રચ્યું. સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્ય બંનેના નામોને અમર કરતા આ વ્યાકરણ ગ્રંથનું નામ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' રાખવામાં આવ્યું.

સિદ્ધરાજના અવસાન પછી કુમારપાળ ગાદી પર આવ્યો. કુમારપાળ શરૂથી જ આચાર્યને પોતાના સદ્‌ગુરુ માનતો હતો. સિદ્ધરાજ અને કુમારપાળનો શાસનકાળ સાચા અર્થમાં 'હેમયુગ' હતો. રાજકીય કાવાદાવાથી પર રહી ખૂનામરકી કર્યા વગર બે વિરોધી રાજવીઓ સાથે સુમેળ રાખનાર આ યુગપુરુષ એક વિરલ, વિરાટ વિભૂતિ હતા.

ગુજરાતના સમર્થ રાજવી સિદ્ધરાજ અને સંસ્કારી રાજવી કુમારપાળને ઈતિહાસમાં અમરસ્થાન આપવામાં શ્રી હેમચંદ્રાચાર્યના સાહિત્ય સર્જનનું જ બહુમૂલ્ય પ્રદાન છે.

'શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન' રચી આચાર્યશ્રીએ સિદ્ધરાજને અમર બનાવ્યો. જ્યારે 'યોગશાસ્ત્ર', 'ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત' અને 'પરિશિષ્ટ પર્વ' જેવા ગ્રંથો રચી આચાર્યશ્રીએ કુમારપાળની ધાર્મિક તૃપ્તિને સહોદિત બનાવી અને જૈન ધર્મના સિદ્ધાંતો તથા તીર્થંકરો તેમજ પ્રાચીન સૂરિપુંગવોનું જ્ઞાન બક્ષ્યું. 'દ્વાયાશ્રય' મહાકાવ્ય રચી સિદ્ધરાજ અને કુમારપાળની યશ કીર્તિને ચિરંજીવી બનાવી.

સમગ્ર વિશ્વના સાહિત્યકારોમાં હેમચંદ્રાચાર્યનું સ્થાન અદ્વિતીય છે. સાહિત્યનું એક પણ ક્ષેત્ર એવું નથી જેમાં તેમણે પ્રદાન ન કર્યું હોય. વિવિધ પ્રકારના ગ્રંથો રચી તેમણે પોતાની વિદ્વતાના દર્શન વિશ્વને કરાવ્યાં.

જ્ઞાનના તમામ ક્ષેત્રોમાં પારંગત એવા શ્રી હેમચંદ્રાચાર્ય સાચા અર્થમાં જ 'કલિકાલસર્વજ્ઞ' કહેવાય છે. કનૈયાલાલ મુનશી આચાર્યશ્રી માટે યોગ્ય જ નોંધે છે કે, 'શ્રી હેમચંદ્રાચાર્ય ગુજરાતની અસ્મિતાના એક કર્ણધાર હતા.' તો કુમારપાળ દેસાઈ આચાર્યશ્રી માટે કહે છે તે સર્વથા યોગ્ય છેઃ 'ગુજરાતી ભાષાનું પ્રભાત કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યથી ઊઘડે છે.'

જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ એ દેહનો ધર્મ છે એ મુજબ ૮૪ વર્ષનું આયુષ્ય ભોગવી વિક્રમ સંવત ૧૨૨૯માં આચાર્યશ્રી કાળધર્મ પામ્યા.

આચાર્યશ્રી હેમચંદ્રએ રચેલ ગ્રંથો

(૧) વ્યાકરણ અને તેના અંગો

અનુક્રમ	નામ	શ્લોક પ્રમાણ
૧.	સિદ્ધહેમ-લઘુવૃત્તિ	૬૦૦૦
૨.	સિદ્ધહેમ-બૃહદ્‌વૃત્તિ (તત્ત્વ પ્રકાશિકા)	૧૮૦૦૦
૩.	સિદ્ધહેમ-બૃહન્યાસ (શબ્દ મહાર્ણવન્યાસ) (અપૂર્ણ)	૮૪૦૦
૪.	સિદ્ધહેમ-પ્રાકૃતવૃત્તિ	૨૨૦૦
૫.	લિંગાનુશાસન-સટીક	૩૬૮૪
૬.	ઉણાદિ ગણ વિવરણ	૩૨૫૦
૭.	ધાતુ પારાયણ-વિવરણ	૫૬૦૦

(૨) કોશ ગ્રંથો

૮.	અભિધાન ચિંતામણિ-સ્વોપજ્ઞ ટીકાસહિત	૬૦૦૦

૯.	અભિધાન ચિંતામણિ–પરિશિષ્ટ	૨૦૪
૧૦.	અનેકાર્થ કોશ	૧૮૨૪
૧૧.	નિઘંટુ શેષ (વનસ્પતિ વિષયક)	૩૯૬
૧૨.	દેશી નામમાલા–સ્વોપજ્ઞ ટીકાસહિત	૩૫૦૦
(૩) સાહિત્ય અલંકાર		
૧૩.	કાવ્યાનુશાસન–સ્વોપજ્ઞ અલંકાર ચૂડામણિ અને 'વિવેક' વૃત્તિ સહિત	૬૮૦૦
(૪) છંદ ગ્રંથો		
૧૪.	છંદોનુશાસન–છંદચૂડામણિ ટીકાસહિત	૩૦૦૦
(૪) દર્શન		
૧૫.	પ્રમાણમીમાંસા–સ્વોપજ્ઞવૃત્તિ સહિત (અપૂર્ણ)	૨૫૦૦
૧૬.	વેદાંકુશ (દ્વિજવદનચપેટા)	૧૦૦૦
(૬) ઈતિહાસ કાવ્ય–વ્યાકરણ સહિત		
૧૭.	સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્ય	૨૮૨૮
૧૮.	પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય (ઉર્ફે કુમારપાલચરિત)	૧૫૦૦
(૭) ઈતિહાસ કાવ્ય અને ઉપદેશ		
૧૯.	ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત (મહાકાવ્ય-દશપર્વ)	૩૨૦૦૦
૨૦.	પરિશિષ્ટ પર્વ	૩૫૦૦
(૮) યોગ		
૨૧.	યોગશાસ્ત્ર (સ્વોપજ્ઞ ટીકાસહિત)	૧૨૫૭૦
(૯) સ્તુતિ સ્તોત્ર		
૨૨.	વીતરાગસ્તોત્ર (પદ્ય)	૧૮૮
૨૩.	મહાદેવ સ્તોત્ર (પદ્ય)	૪૪
૨૪.	અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (પદ્ય)	૩૨
૨૫.	અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા (પદ્ય)	૩૨
(૧૦) નીતિશાસ્ત્ર		
૨૬.	અર્હન્નીતિ	૧૮૮

અન્ય કૃતિઓ

૧. મધ્યમ વૃત્તિ (સિદ્ધહેમ શબ્દાનુશાસનની ટીકા), ૨. રહસ્ય વૃત્તિ (સિદ્ધહેમ શબ્દાનુશાસનની ટીકા), ૩. અર્હનામ સમુચ્ચય તથા અર્હન્નીતિ, ૪. નાભેય–નેમિદ્વિસંધાન કાવ્ય, ૫. ન્યાય બલાબલ સૂત્ર, ૬. બલાબલસૂત્ર–બૃહદ વૃત્તિ, ૭. બાલભાષાવ્યાકરણ સૂત્ર કૃતિ.

અભિધાન ચિંતામણિનામમાલા :

શબ્દસમૃદ્ધિ કોઈપણ સુસંસ્કૃત, પરિમાર્જિત અને વિકસિત ભાષાનું ઉત્તમ લક્ષણ મનાય છે. માનવ મનમાં ઉપજતા સૂક્ષ્મતમ ભાવોની અભિવ્યક્તિ શબ્દથી થઈ શકે છે. તેમ છતાં વારંવાર એવું પ્રતિપાદન કરવામાં આવે છે કે શબ્દની શક્તિ સીમિત છે, તેનો અર્થ એટલો જ થઈ શકે કે શબ્દને અપરિમિત તરફ વિકાસ પામવાની પૂર્ણ ક્ષમતા છે. શબ્દ સતત પરિવર્તનશીલ રહ્યો છે. સમયના વહેણ અને આદાન-પ્રદાન પ્રક્રિયાની સાતત્યપૂર્ણ વિધિને કારણે શબ્દો વિસ્મૃતિના ગર્તમાં વિલીન થાય છે. કોઈકવાર અર્થસંદર્ભ બદલાઈ જાય છે, તો કોઈકવાર નવીન સ્વરૂપ પામે છે. માટે પ્રત્યેક યુગમાં અથવા કાલાન્તરે શબ્દસંગ્રહ થતા રહ્યા છે. જેને LEXICOGRAPHY કહેવાય છે. શબ્દ વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય ગ્રંથોમાં પારિભાષિક બનતો હોવાથી વિશિષ્ટ અર્થ ધારણ કરે છે. તેથી વૈજ્ઞાનિક પારિભાષિક કોશ અને શબ્દકોશ અસ્તિત્વમાં આવ્યા.

શબ્દકોશના રચયિતાના આદાનપ્રદાન અને વર્ષો સુધીની અથાગ મહેનત તેમજ પૂર્વવર્તી શબ્દસંગ્રહોની સહાયથી નવી-નવી આવૃત્તિઓ સર્જાતી જાય છે. શાસ્ત્રીય પ્રચલિત, દેશ્ય અને અલ્પ પરિચિત શબ્દોનું વર્ગીકરણ પણ કરવામાં આવ્યું છે. જે કોઈ શબ્દો સચવાયા છે એની કરતા વધારે સંખ્યામાં શબ્દો વિસ્મૃત થઈ ગયા છે. અર્થશાસ્ત્રનો સિદ્ધાંત છે કે જે સંપત્તિ છૂપાયેલી છે અથવા અર્થોપાર્જનના હેતુ માટે નથી તે સંપત્તિ મૃત્ત છે, અનુપયોગી છે. પરંતુ જે વિધિપૂર્વક વ્યવસાયમાં લગાવેલી છે તે સાર્થક છે, જીવંત છે. એવી જ રીતે ભાષાના સંસારમાં જે શબ્દરાશિ અહીં તહીં વિખરાયેલી પડી છે તે પણ મૃત છે. અને જે પ્રયોગના અભાવે ભૂગર્ભમાં પડી છે તે પણ નિરુપયોગી છે. આથી આમ-તેમ વિખરાયેલી શબ્દસંપત્તિને વ્યવસ્થિત રૂપ આપીને તેના સામર્થ્યનો ઉપયોગ કરવો આવશ્યક છે. કોશકાર વૈજ્ઞાનિક પદ્ધતિથી સમાજમાં અત્ર-તત્ર વિખરાયેલ શબ્દરાશિને સંકલિત અથવા વ્યવસ્થિત કરીને કોશનિર્માણનું કાર્ય કરે છે, જેનાથી નિરુપયોગી એવમ્ મૃત શબ્દાવલિને ઉપયોગી બનાવી જીવંત બનાવે છે. આ જ કારણસર પ્રાચીન સમયથી જ કોશસાહિત્યની રચના થતી આવી છે.

સંસ્કૃત ભાષા મહાન શબ્દસંપત્તિથી યુક્ત છે. જેના શબ્દકોશ ક્યારેય ક્ષય ન પામવાવાળા નિધિની સમાન અક્ષય-અનંત છે. એના ભંડાર અનેક સદીઓથી સમૃદ્ધ થતાં રહ્યાં છે. શબ્દ ભાવને વહન કરતું વાહન છે. જ્યાં સુધી સંકેત ગ્રહણ ન થાય ત્યાં સુધી શબ્દની ઉપયોગિતા રહેતી નથી. એક જ શબ્દ સંકેતભેદ – ભેદથી ભિન્ન – ભિન્ન અર્થોના વાચક બને છે. કોશજ્ઞાન શબ્દસંકેત સમજવા માટે અતિ આવશ્યક છે. સાહિત્યમાં શબ્દ અને શબ્દના અર્થોના ઉચિત પ્રયોગને જાણવા માટે કોશજ્ઞાન, વ્યાકરણજ્ઞાન કરતાં અધિક ઉપયોગી છે. કોશ દ્વારા જ વાચ્યાર્થથી લક્ષણા તેમજ વ્યંગ્યાર્થનો બોધ મળે છે.

સંસ્કૃત ભાષામાં કોશગ્રંથની પરંપરા બહુ જ પ્રાચીન છે. વૈદિકયુગમાં જ કોશ વિષયક ગ્રંથ લખવાની શરૂઆત થઈ ગઈ હતી. વેદમંત્રોના દ્રષ્ટા ઋષિ કોશકાર પણ હતા. પ્રાચીન કોશના અત્યારે માત્ર ઉદાહરણ જ મળે છે. તેના પરથી ખ્યાલ આવે છે કે પ્રાચીનકોશ અત્યારના કોશ કરતાં સર્વથા ભિન્ન હતા. પ્રાચીન સમયમાં વ્યાકરણ અને કોશ લગભગ એક જ શ્રેણીના હતા. તેમજ તે બંનેનો સમાવેશ

શબ્દશાસ્ત્ર અંતર્ગત થતો હતો. વિલુપ્ત કોશગ્રંથમાં સૌ પ્રથમ છે ભાગુરિ રચિત કોશ. ત્યારબાદ આપિશલ રચિત કોશ, શાકટાયન રચિત કોશ, વ્યાડિકૃત કોશના નામ પ્રાપ્ત થાય છે. ભારતીય ભાષામાં યાસ્ક સૌથી પ્રાચીન સર્વમાન્ય કોશકાર છે. તેમણે 'નિઘંટુ' (શબ્દસંગ્રહ), 'નિરુક્ત' (વ્યુત્પત્તિશાસ્ત્ર)ની રચના કરી હતી. તેમણે પોતાના બંને ગ્રંથોમાં પ્રામાણિકપણે પોતાના પુરોગામી ગાર્ગ્ય, શાકટાયન, ઔપમન્યુ આદિનો નિર્દેશ કરીને તેમના વિચારો પ્રગટ કર્યા છે.

આ ઉપરાંત પ્રાચીન અને ખ્યાતિપ્રાપ્ત એવો સંસ્કૃત ભાષામાં અમરસિંહ રચિત 'અમરકોશ' ઉપલબ્ધ બને છે. આ અમરસિંહ બૌદ્ધધર્મી હતા એવું કોઈક માને છે તો કોઈક તેમને જૈન માને છે. તેમની ગણના વિક્રમાદિત્યના નવરત્નોમાં કરવામાં આવેલી. આથી તેમનો સમય ઈ. સ.ની ચોથી સદી કહી શકાય. 'અમરકોશ'નો ચીની ભાષામાં અનુવાદ ઈ. સ.ની છઠ્ઠી સદી પહેલા થઈ ચૂક્યો હતો. કવિ-વ્યાકરણશાસ્ત્રી હલાયુધે 'અભિધાન રત્નમાલા' નામનો કોશગ્રંથ લખ્યો છે. જેમાં ૮૮૭ શ્લોકમાં પર્યાયવાચી અને સમાનાર્થક શબ્દોનો સંગ્રહ છે. આચાર્ય યાદવ પ્રકાશે વૈજ્ઞાનિક રીત મુજબ 'વૈજયન્તી' કોશ લખ્યો છે. જેમાં શબ્દના અક્ષર, લિંગ અને પ્રારંભિક વર્ણને ક્રમાનુસાર રજૂ કરવામાં આવ્યા છે. મહાકવિ ધનંજયે ત્રણ કોશ રચ્યા છેઃ 'નામમાલા', 'અનેકાર્થ-નામમાલા' અને 'અનેકાર્થ નિઘંટુ'. 'નામમાલા'માં ૨૦૦ શ્લોકમાં જ સંસ્કૃત ભાષાની આવશ્યક શબ્દાવલિનું ચયન કરવામાં આવ્યું છે. 'અનેકાર્થનામમાલા'માં ૬૬ શ્લોકમાં એક જ શબ્દના અનેક અર્થનું પ્રતિપાદન કરી અર્થસંકલન કરવામાં આવ્યું છે. 'અનેકાર્થનિઘંટુ'માં ૨૬૮ શબ્દોના વિભિન્ન અર્થ સંગ્રહિત કર્યા છે. જેમાં એક જ શબ્દના ત્રણ-ચાર અર્થો દર્શાવ્યા છે.

કોશસાહિત્યની સમૃદ્ધિ માટે બારમી સદી મહત્ત્વપૂર્ણ છે. જેમાં કેશવસ્વામી રચિત 'નાનાર્થાર્ણવ સંક્ષેપ' અને 'શબ્દકલ્પદ્રુમ' છે. અભયપાલ દ્વારા 'નાનાર્થ રત્નમાલા' નામનો નાનાર્થક કોશ રચવામાં આવ્યો છે. આચાર્ય હેમચંદ્ર દ્વારા 'અભિધાન ચિંતામણિ', 'અનેકાર્થસંગ્રહ', 'નિઘંટુ શેષ' અને 'દેશીનામમાલા' નામના ચતુર્થ કોશની રચના કરવામાં આવી. આ સમયમાં જ ભૈરવ કવિએ 'અનેકાર્થકોશ'નું નિર્માણ કર્યું. જ્યારે ચૌદમી સદીમાં મેદિનિકર દ્વારા 'અનેકાર્થ' શબ્દકોશની રચના કરવામાં આવી છે. શ્રીધરસેન દ્વારા 'વિશ્વલોચનકોશ'ની રચના કરવામાં આવી છે. સત્તરમી સદીમાં કેશવ દેવજ્ઞ 'કલ્પદ્રુમ' અને અપ્પય દીક્ષિતે 'નામસંગ્રહમાલા' નામના કોશગ્રંથ લખ્યા છે. આ ઉપરાંત ભોજનો 'નામમાલાકોશ', કર્ણપુરનો 'સંસ્કૃત પારસિક પ્રકાશ' અને શિવદત્તના 'વિશ્વકોશ' જેવો સન્માન્ય કોશ ગ્રંથ પણ મળે છે.

અભિધાન ચિંતામણિનામમાલા :

કાંડ કાંડ નામ	શ્લોક સંખ્યા	વિષય નોંધ
૧ દેવાધિદેવ કાંડ	૧ થી ૮૬ (કુલ ૮૬)	અતીત, અનાગત, વર્તમાનના ૨૪ જૈન તીર્થંકર, ૧૧ ગણધર તેમના અતિશય વગેરેની નોંધ અહીં વર્ણિત થઈ છે.
૨ દેવકાંડ	૮૭ થી ૩૩૬ (કુલ ૨૫૦)	દેવના નામ, દેવસંબંધી નગર વસ્તુઓ વગેરેને ગૂંથી લેવામાં આવ્યા છે.
૩ મર્ત્યકાંડ	૩૩૭ થી ૯૩૪ (કુલ ૫૯૭)	મનુષ્યોના નામ, મનુષ્યના વ્યવહારમાં આવતા પદાર્થોનો, શબ્દોનો સંગ્રહ જોવા મળે છે.
૪ તિર્યકકાંડ	૯૩૫ થી ૧૩૫૭ (કુલ ૪૨૩)	(૧) એકેન્દ્રિય પૃથ્વીકાય : ૯૩૫ થી ૧૦૬૮ (૨) એકેન્દ્રિય અપકાય : ૧૦૬૯ થી ૧૦૯૬ (૩) એકેન્દ્રિય તેજસ્કાય : ૧૦૯૭ થી ૧૧૦૫ (૪) એકેન્દ્રિય વાયુકાય : ૧૧૦૬ થી ૧૧૦૯ (૫) એકેન્દ્રિય વનસ્પતિકાય : ૧૧૧૦ થી ૧૨૦૧ (૬) દ્વીન્દ્રિયા : ૧૨૦૨ થી ૧૨૦૫ (૭) ત્રિન્દ્રિયા : ૧૨૦૬ થી ૧૨૦૯ (૮) ચતુરિન્દ્રિયા : ૧૨૧૦ થી ૧૨૧૫ (૯) પંચ્ચેન્દ્રિયા સ્થલચર : ૧૨૧૬ થી ૧૩૧૫ (૧૦) પંચ્ચેન્દ્રિયા ખચર : ૧૩૧૬ થી ૧૩૪૨ (૧૧) પંચ્ચેન્દ્રિયા જલચર : ૧૩૪૨ થી ૧૩૫૭
૫ નારકકાંડ	૧૩૫૮ થી ૧૩૬૪ (કુલ ૭)	નરકવાસી, નરક સંબંધી પદાર્થ અંગે વિવરણ
૬ સાધારણ કાંડ	૧૩૬૫ થી ૧૫૪૨(કુલ ૧૭૮)	ધ્વનિ, સુગંધ, સામાન્ય પદાર્થો, બાકી રહેલા શબ્દો સર્વ અવયવ અંગે ચર્ચા કરવામાં આવી છે.

કુલ છ કાંડ કુલ શ્લોક : ૧૫૪૨

'શેષાખ્યાનમાલા' અભિયાન ચિંતામણિનું પુનઃ નિરીક્ષણ સ્વયં આચાર્યશ્રીએ કરીને રચેલી પુરવણી

(૧) દેવાધિકાંડ ૧, (૨) દેવકાંડ ૮૯, (૩) મર્ત્યકાંડ ૬૩, (૪) તિર્યકકાંડ ૪૧, (૫) નારકકાંડ ૨, (૬) સાધારણકાંડ ૮. કુલ શ્લોક : ૨૦૪

શબ્દ કોશ :

રાજકોશની સરખામણી કરતા સંસ્કૃત સુભાષિતકાર કહે છેઃ

'कोशस्येय महीपानां कोशस्य विदुषामपि ।
उपयोगो महान् यस्मात् कलेशस्तेन विना भवेत् ।।'

રાજાઓની જેમ વિદ્વાનોને પણ કોષનો મહાઉપયોગ હોય

છે, કેમ કે તેના વિના કલેશ ઉત્પન્ન થાય છે. સંસ્કૃત જેવી લોકોમાં અતિ પ્રચલિત નહીં તેવી ભાષામાં કોશની ઉપયોગિતા શી? આચાર્ય કહે છે કે વિદ્યાર્થી વ્યાકરણ શીખે, પણ શબ્દસમૂહના જ્ઞાન વિના એ ઉપયોગી ન બને એ માટે શબ્દકોશ જોઈએ. શબ્દકોશમાં ગતિ થયા પછી ભાષા ઉપર પ્રભુત્વ આવે. આચાર્યશ્રીએ વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' રચીને ચાર કોશગ્રંથ સંકલિત કર્યા છે. આ કોશ સાહિત્યમાં સર્વાધિક લોકપ્રિય તેમજ ભાષા અને પ્રતિપાદનની વિશદતાની દૃષ્ટિએ જોતાં 'અભિધાન ચિંતામણિ નામમાલા' સર્વશ્રેષ્ઠ સાબિત થાય છે.

હેમચંદ્રાચાર્ય ગ્રંથારંભે અર્હતોને નમસ્કાર કરીને પાંચેય અંગ સહિત શબ્દાનુશાન પ્રતિષ્ઠા પામ્યા પછી પ્રતિજ્ઞા કરતા કહે છે કે, 'રુઢ, યૌગિક અને મિશ્રશબ્દોની પર્યાયવાચી શબ્દનું લેખન વિસ્તારું છું.'

આચાર્યશ્રી હેમચંદ્ર દ્વારા ઉપલબ્ધ ચાર ગ્રંથ 'અભિધાન ચિંતામણિનામમાલા', 'અનેકાર્થસંગ્રહ', 'નિઘંટુ' અને 'દેશી નામમાલા' અંતર્ગત અહીં 'અભિધાન ચિંતામણિનામમાલા' ગ્રંથનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. કોશની ઉપયોગિતા વિશે 'અભિધાન ચિંતામણિ'ના મંગલશ્લોકની વિવૃત્તિમાં આચાર્ય કહે છે કે,

वकतृत्वं च कवित्वं च विद्वतायाः कलं विदुः ।
शब्दज्ञानादत्ते तनीद्वयमप्युपयद्यते ।।

વક્તૃત્વ અને કવિત્વને વિદ્વતાનું ફળ ગણવામાં આવે છે. પણ શબ્દજ્ઞાન વિના એ બંનેની પ્રાપ્તિ થઈ શકતી નથી.

'અમરકોશ'નો આદર્શ સ્વીકારીને આચાર્યશ્રી પોતાની ધાર્મિક પરંપરા અનુસાર ૬ કાંડમાં શબ્દને વિભાજિત કરે છે. તેમના વિભાજન પર જૈન દર્શનની સ્પષ્ટ છાપ છે, ઉપરાંત શબ્દોની આદાન-પ્રદાન પ્રવૃત્તિ અને પ્રચલિત દેશ્ય શબ્દોની સ્વીકૃતિ ધ્યાનાકર્ષક બની રહી છે.

સંસ્કૃત પર્યાયવાચી શબ્દોની જાણકારી માટે 'અભિધાન ચિંતામણિ' કોશનું મહત્ત્વ 'અમરકોશ'ની અપેક્ષાએ અધિક છે. આ ગ્રંથમાં સમાનાર્થક શબ્દોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ પદ્યમય શૈલીમાં ૬ કાંડમાં વિભક્ત છે. પ્રથમ દેવાધિદેવ નામના કાંડમાં ૮૬ પદ્ય છે. બીજા દેવકાંડમાં ૨૫૦ પદ્ય, ત્રીજા મર્ત્યકાંડમાં ૫૧૮ પદ્ય, ચોથા તિર્યકકાંડમાં ૪૨૩ પદ્ય, પાંચમા નારકકાંડમાં ૭ પદ્ય, અંતિમ છઠ્ઠાકાંડ સાધારણમાં ૧૭૮ પદ્ય છે. આમ આ કોશમાં ૬ કાંડમાં કુલ ૧૫૪૨ પદ્યનો સમાવેશ થાય છે.

સમાજમાં સિદ્ધહેમ પ્રતિષ્ઠિત થયા પછી આચાર્યશ્રીએ 'અભિધાન ચિંતામણિનામમાલા'ની રચના કરી છે. તેની રચનાનું સૂચન ત્રીજા કાંડના ૩૭૬માં શ્લોકમાં મળે છે.

कुमारपालश्चौलुकयो राजर्षि परमार्हतः।
मृतस्वमोक्ता धर्मात्मा मारिव्यसनवारकः।।

જૈન સિદ્ધાંતનો સ્વીકાર કરી કુમારપાલે આચાર્યનો ઉપદેશ ગ્રહણ કર્યો. તે સમયે આ ગ્રંથની રચના થઈ હશે તેમ આ શ્લોકથી જાણ થાય છે. અર્થાત્ વિક્રમ સંવત ૧૨૦૭-૦૮ ની આસપાસ આ ગ્રંથની રચના થઈ હોવી જોઈએ. એક બાજુ આચાર્યશ્રી દ્વારા યોગશાસ્ત્ર, બીજી બાજુ વીતરાગ સ્તુતિઓ અને પ્રકાંડ પુરાણગ્રંથ 'ત્રિષષ્ઠિ શલાકાપુરુષચરિત' એમ અનેકાનેક ગ્રંથની રચના થઈ હશે તે અરસામાં આ ગ્રંથ રચાયો હોવો જોઈએ અને તેની વિવૃત્તિ પણ આ સમયે જ રચાઈ ગઈ હશે. વિવૃત્તિ સાથે ગ્રંથનું પુનરાવલોકન તે સમયમાં જ થયું હોવું જોઈએ. અને તેથી કેટલાક વધારા એ સમયે જ ગ્રંથમાં થયા છે. જેમ કે ૨.૧૨માં સૂર્યના નામોના ત્રણ શ્લોક શેષશ્ચ કહીને મૂકવામાં આવ્યાં છે.

'અભિધાન ચિંતામણિનામમાલા'નો શબ્દશાસ્ત્રમાં ઘણો ઉપયોગ છે.

હેમચંદ્રાચાર્ય મૂળ શ્લોકોમાં જે શબ્દોનો સંગ્રહ કરે છે. એના સિવાય શેષશ્ચ કહીને અન્ય શબ્દોને (જે મૂળ શ્લોકમાં નથી હોતા) સ્થાન આપે છે. આ ઉપરાંત સ્વોપજ્ઞવૃત્તિમાં પણ રહી ગયેલા શબ્દોને સંગ્રહિત કરવાનો પ્રયાસ કરે છે. આ રીતે આ કોશમાં તે સમય સુધીના પ્રચલિત અને સાહિત્યમાં ઉપયોગી શબ્દોને સ્થાન આપવામાં આવ્યું છે. આ કારણથી આ કોશ સંસ્કૃત સાહિત્યમાં સર્વશ્રેષ્ઠ છે. આચાર્યશ્રી દ્વારા રચિત ૨૦૪ શ્લોકના પરિશિષ્ટ જે 'શેષાખ્યાનમાલા' તરીકે જાણીતું છે તેને બોટલિંક અને રયુ નામના જર્મન વિદ્વાનોએ 'અભિયાન ચિંતામણિ'ની સાથે યશોવિજય ગ્રંથમાળાની બનારસ આવૃત્તિમાં સંપાદિત કર્યું છે. આ સંપાદન હાલમાં દુર્લભ છે. 'કાવ્યમાલા'ના સંપાદક પંડિત શિવનાથ અને કાશીનાથે 'અભિધાન સંગ્રહ' નામે ગ્રંથમાં આચાર્યશ્રીના સંસ્કૃત કોશોનું સંપાદન કર્યું છે, તેમાં ૭મા કોશ તરીકે 'અભિધાન ચિંતામણિ'માં પરિશિષ્ટ તરીકે શેષ કોશ આપ્યો છે.

રાજકીય દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :

'અભિધાન ચિંતામણિ' અનેક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. જિજ્ઞાસુઓ માટે માત્ર પર્યાયવાચી શબ્દોનું જ સંકલન માત્ર નથી. પરંતુ, અહીં રાજકીય દૃષ્ટિએ જે ભાષા-પ્રયોગ જોવા મળ્યો છે તે, તે સમયની રાજવ્યવસ્થાનો પરિચાયક બની રહે છે. કોશસાહિત્યનું મોટામાં મોટું કાર્ય જ એ છે કે નવા-નવા શબ્દોની આવશ્યકતાની સાથોસાથ નવીન તથા પ્રાચીન શબ્દોનું રક્ષણ અને પોષણ તેમાં પ્રસ્તુત થયેલું હોય છે. આચાર્યશ્રીએ આ કોશમાં વધારેમાં વધારે શબ્દોને સ્થાન આપ્યું છે. તો સાથે અર્વાચીન-પ્રાચીન શબ્દોનો સમન્વય પણ દર્શાવ્યો છે. જેમ કે ગુપ્તકાલમાં ભુક્તિ (પ્રાન્ત-રાજ્ય),

વિષય (જિલ્લો), યુક્ત (જિલ્લાનો સર્વોચ્ચ અધિકારી), વિષયપતિ (જિલ્લાધીશ), શૌલ્લિક (જકાતનાકાનો અધ્યક્ષ), ગૌલ્મિક (જંગલ વિભાગનો અધ્યક્ષ), બલાધિકૃત (સેનાધ્યક્ષ), મહાબલાધિકૃત (લશ્કરી ઉચ્ચ અમલદાર), અક્ષપટલ અધિપતિ (દફ્તરી) ઈત્યાદિ નવા શબ્દોનો સમન્વય જોવા મળે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :

ઈતિહાસની દૃષ્ટિએ આ કોશનું મહત્ત્વ અનન્ય છે. આચાર્યશ્રીએ સ્વોપજ્ઞવૃત્તિ નામની આ ગ્રંથની ટીકામાં પોતાના પૂર્વવર્તી ૫૬ ગ્રંથકારો તથા તેમના ૩૧ ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. જેમ કે ગ્રંથકાર અમર, અલંકારકૃત, આગમવિદ, ઉત્પલ, કાત્ય, દુર્ગ, કામંદકિ, કાલિદાસ, કૌટિલ્ય, કૌશિક, ક્ષીરસ્વામી, ગૌડ, ચાણક્ય, ચાન્દ્ર, દંતિલ, દ્રમિલ, ધનપાલ, ધનવન્તરી, નંદી, નારદ, નૈરુક્ત, પદાર્થવિદ, બુદ્ધિસાગર, બૌદ્ધ, ભટ્ટ તૌત, ભરત, ભાગુરિ, ભોજ, મનુ, માઘ, મુનિ, યાજ્ઞવલ્કય, યાજ્ઞિક, લૌકિક, વાગ્ભટ્ટ, વાચસ્પતિ, વાસુકિ, વિશ્વદત્ત, વૈજયન્તીકાર, વ્યાડિ, શાશ્વત, શ્રીહર્ષ, શ્રુતિજ્ઞ, સભ્ય, સ્માર્ત અને હલાયુધનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ગ્રંથનામમાં અમરકોશ, અમરટીકા, અમરશેષ, અર્થકાવ્ય, ધનુર્વેદ, ધાતુપારાયણ, નાટ્યશાસ્ત્ર, નિઘંટુ, પુરાણ, પ્રમાણમીમાંસા, ભારત, મહાભારતમાલા, યોગશાસ્ત્ર, લિંગાનુશાસન, વામનપુરાણ, વિષ્ણુપુરાણ, વેદ, વૈજયન્તી, શ્રુતિ, સંહિતા અને સ્મૃતિનો સમાવેશ થાય છે. આ બધા જ ગ્રંથકારો અને ગ્રંથનામો અહીં પ્રાપ્ત થાય છે. જેનાથી આ કોશનું ઐતિહાસિક મૂલ્ય સંવર્ધિત બને છે.

વ્યાકરણ દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :

હેમચંદ્રાચાર્યએ જ્યાં શબ્દોના અર્થમાં મતભેદ ઉપસ્થિત થાય છે ત્યાં અન્ય ગ્રંથ-ગ્રંથકારોના વચનને ઉધ્ધૃત કરી મતભેદનું સ્પષ્ટીકરણ આપ્યું છે. દા. ત. ગુંગે નામને ઉપસ્થિત કર્યું છે. જેને તેઓ મૂક તથા અવાક નામ આપે છે. શેષશ્ચ કહીને તેઓ મૂક માટે જડ તથા કડ પર્યાય આપે છે. આ પ્રસંગમાં

અન્ધો હયનેડમૂક: સ્યાતુ ઇતિ હલાયુધ:
અનેડમૂકસ્તુ જડ: ઇતિ વૈજયન્તી ।
શઠો હયનેડમૂક: સ્યાત્ ઇતિ ભાગુરિ:।।

('અભિધાન ચિંતામણિનામમાલા' કાંડ: ૩, શ્લોક ૧૨ની સ્વોપજ્ઞવૃત્તિ)

અર્થાત્ હલાયુધના મત મુજબ 'અંધ' અનેડમૂક કહેવાય છે. વૈજયન્તીકારના મત મુજબ 'જડ' ને અનેડમૂક કહેવાય છે. ભાગુરિના મત મુજબ 'શઠ'ને અનેડમૂક કહેવાય છે. આમ, 'અનેડમૂક' શબ્દના અનેકાર્થ આપણને જોવા મળે છે. હેમચંદ્રાચાર્ય મૂંગા-બહેરા માટે 'અનેડમૂક' શબ્દનો પ્રયોગ કરે છે. આથી તેમના મત મુજબ એડમૂક, અનેડમૂક, તથા અવાકશ્રુતિ આ ત્રણ પર્યાય શબ્દ મૂંગા-બહેરા માટે વાપરી શકાય છે.

ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :

ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ આ કોશ ખૂબ જ મૂલ્યવાન છે. હેમચંદ્રાચાર્યે અહીં એવા શબ્દોનું સંકલન કર્યું છે જેના પર પ્રાકૃત, અપભ્રંશ તેમજ અન્ય દેશીભાષાઓના શબ્દોનો પૂર્ણ પ્રભાવ જોવા મળે છે. અનેક શબ્દો તો આધુનિક ભારતીય ભાષાઓમાં પણ જોવા મળે છે. જ્યારે કેટલાક એવા શબ્દો પણ છે જે ભાષાવિજ્ઞાનના સમીકરણ, વિષમીકરણના સિદ્ધાંતોથી પ્રભાવિત છે.

૧. પોલિકા (૩/૬૨) ગુજરાતીમાં પોણી, વ્રજ ભાષામાં પોની, ભોજનભાષામાં પુરી, હિન્દી ભાષામાં પિયુની
૨. મોદકો લડુકશ્ચ (૩/૬૪) : ગુજરાતીમાં લાડુ, હિન્દીમાં લડ્ડુ રાજસ્થાનીમાં લાડૂ
૩. ચોટી (૩/૩૩૧) : ગુજરાતીમાં ચોળી, હિન્દીમાં ચોટી રાજસ્થાનીમાં ચોડી/ચુણિકા
૪. તરવારિ (૩/૪૪૬) : ગુજરાતમાં તરવાર, વ્રજ ભાષામાં તરવાર, રાજસ્થાનીમાં તલવાર
૫. નિશ્રેણી (૪/૭૯) : ગુજરાતીમાં નિસરણી, વ્રજભાષામાં નસેની
૬. ચાલની તિતક (૪/૮૪) : ગુજરાતી, વ્રજભાષા અને રાજસ્થાનીમાં ચારણી, હિન્દીમાં ચલની/છલની
૭. પેટા (૪/૮૧) : ગુજરાતીમાં પેટી, રાજસ્થાનીમાં પેટી, વ્રજભાષામાં પિટારી

ઉપર્યુક્ત શબ્દોથી ફલિત થાય છે કે 'અભિધાન ચિંતામણિ-નામમાલા'નો અભ્યાસ અર્વાચીન દેશ્ય ભાષા માટે અત્યંત આવશ્યક છે.

સંસ્કૃતિ – સભ્યતાની દૃષ્ટિએ ગ્રંથની મહત્તા :

સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ આ ગ્રંથનું મહત્ત્વ છે. આ ગ્રંથમાં એવા અનેક શબ્દ મળે છે જે અન્ય કોશમાં પ્રાપ્ત થતા નથી, 'અમરકોશ' કરતાં દોઢ ગણી શબ્દ સંખ્યા આ ગ્રંથમાં સાંપડે છે. વળી પર્યાયવાચી શબ્દો પણ 'અમરકોશ' કરતાં વધુ મળે છે. 'અમરકોશ'માં સૂર્યના ૩૭ પર્યાય, કિરણના ૧૧ પર્યાય, ચંદ્રના ૨૦ પર્યાય, શિવના ૪૮ પર્યાય, બ્રહ્માના ૨૦ પર્યાય, વિષ્ણુના ૩૬ અને અગ્નિનાં ૩૪ પર્યાયવાચી નામ મળે છે. જ્યારે 'અભિધાન ચિંતામણિ'માં સૂર્યના ૭૨, કિરણના ૩૬, ચંદ્રના ૩૨, શિવના ૭૭, બ્રહ્માના ૪૦, વિષ્ણુના ૭૫ અને અગ્નિના ૫૧ પર્યાયો ઉપલબ્ધ છે.

'અમરકોશ'માં સુંદરના પર્યાયવાચી સુન્દરમ્, રુચિરમ્, ચારુ, સુષમમ્, સાધુ, શોભનમ્, કાન્તમ્, મનોરમમ્, રુચ્યમ્, મનોરમ્, મંજુ અને મંજુલમ્ એમ બાર પર્યાયો આપ્યા છે. જ્યારે હેમચંદ્રાચાર્ય સુન્દરમ્, ચારુ, હારિ, રુચિરમ્, મનોરહમ્, વલ્ગુ, કાન્તમ્, અભિરામમ્, બન્ધુરમ્, વામમ્, રુચ્ચમ્, શુષમમ્, શોભમમ્, મંજુ, મંજુલમ્, મનોરમમ્, સાધુ, રમ્યમ્, પેશલમ્, હૃદ્યમ્, કામ્યમ્,

કમનીયમ્, સૌમ્યમ્, મધુરમ્, પ્રિયમ્ જેવા ૨૫ શબ્દ ઉપરાંત લડહ નામનો દેશી શબ્દ સૌન્દર્યના પર્યાય રૂપે રજૂ કરે છે. આ ઉપરાંત જેના વર્ણ-પદ લુપ્ત થયા છે એવા શબ્દોનું સંકલન પણ કરવામાં આવ્યું છે.

'અભિધાન ચિંતામણિનામમાલા'નો ત્રીજો કાંડ મહત્ત્વપૂર્ણ છે. પ્રાચીન ભારતમાં પ્રસાધનના કેટલા પ્રકાર પ્રચલિત હતા તેનું વર્ણન અહીં મળે છે. સાંસ્કૃતિક અને સભ્યતાની દૃષ્ટિએ પણ આ કોશનું અત્યાધિક મૂલ્ય છે.

ફલશ્રુતિ :

આમ, આજથી લગભગ સાડા સાતસો–આઠસો વર્ષ પહેલાં રચાયેલ 'અભિધાન ચિંતામણિનામમાલા' ગ્રંથે તત્કાલીન સમયની કોશસાહિત્યની વિવિધતાને તો આપણા સમક્ષ ઉજાગર કરી જ છે પરંતુ સાથે સાથે સાહિત્યના પ્રત્યેક જ્ઞાનપિપાસુઓ સમક્ષ શબ્દની વિવિધ અર્થચ્છાયાઓનો ઉઘાડ પણ કરી આપ્યો છે તે જ દર્શાવે છે કે આચાર્ય હેમચન્દ્ર ખરા અર્થમાં વાગીશ્વરીના કર્ણકૂલ હતા. તેમનો આ બહુમૂલ્ય અને બહુપરિમાણીય કોશગ્રંથ ગત–અનાગત શબ્દવૈવિધ્યની તુલના માટે પણ એટલો જ ઉલ્લેખનીય બની શકવાની ક્ષમતા ધરાવે છે તેવું આ ગ્રંથમાંથી પસાર થયા પછી જણાય છે.

સંદર્ભગ્રંથસૂચિ:

1. શાસ્ત્રી, હરગોવિંદ (વ્યાખ્યાકાર) : અભિધાન્ચિંતામાણી, પ્રથમ આવૃત્તિ, વારાણસી : ચૌખમ્બા વિદ્યાભવન, ૧૯૬૪. 2. મુસલગાંવકર, વિ. ભા.: આચાર્ય હેમચન્દ્ર, પ્રથમ સંસ્કારણ, ભોપાલ : મધ્યપ્રદેશ હિન્દીગ્રંથ અકાદમી, ૧૯૭૧. 3. દુલરરાજ મુનિ : સંસ્કૃત-પ્રાકૃત જૈન વ્યાકરણ ઔર કોશ કી પરંપરા, પ્રથમ સંસ્કરણ, છાપર : કલાગુણી જન્મશતાબ્દી સમારોહ સમિતિ ૧૯૭૭. 4. નગેન્દ્ર (સંપા.) : ભારતીય સાહિત્ય કોશ, પ્રથમ સંસ્કરણ, નઈ દિલ્લી : નેશનલ પબ્લિશિંગ હાઉસ, ૧૯૮૧.

5. Vijaydharmasuri. (Ed.) : Abhidhanachintamani, First, Bhavnagar: Yashovijay Jain Granthalaya, 1920. 6. દેસાઈ, કુમારપાળ (સંપા.) : હૈમ સ્મૃતિ, પ્રથમ આવૃત્તિ, પાટણ : કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય નવમી જન્મશતાબ્દી મહોત્સવ સમિતિ, ૧૯૮૯.

7. નાન્દી, તપસ્વી અને નાણાવટી રાજેન્દ્ર (સંપા.) : હેમ વાઙ્મય વિમર્શ, પ્રથમ આવૃત્તિ, ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૯૦.

8. મોદી, મધુસુદન : હેમસમીક્ષા, પ્રથમ આવૃત્તિ, મુંબઈ : મોહનલાલ દીપચંદ ચોકસી, ૧૯૪૨. 9. શેઠ, ચન્દ્રકાંત (સંપા.) : હેમચંદ્રાચાર્ય, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : ગુજરાતી સાહિત્ય પરિષદ, ૧૯૮૯.

***

ટેલિફોન : (R - (0278) 2517270, Mobile-9328952958)

શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર

□ ડૉ. કવિન શાહ

ડૉ. કવિન શાહ બારવ્રત ધારી શ્રાવક, નિવૃત્તિ પ્રાધ્યાપક, જૈન સાહિત્યના સંશોધક–સંપાદક-લેખક અને આરાધક છે.

૧. ગ્રંથનું નામ : શ્રી પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકા.
(શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર)

૨. ગ્રંથકર્તા : પંડિત (શતાવધાની) ધીરજલાલ ટોકરશી શાહ
સહાયક : ૫.પૂ. ભદ્રંકર વિજયજી ગણી,૫.પૂ. કલ્યાણ પ્રભ વિજયજી, ૫.પૂ. ધુરંધર વિજયજી ગણી, પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી
સંશોધક : સંશોધિત આવૃત્તિના પ્રયોજક અમૃતલાલ કાલીદાસ દોશી.

૩. ગ્રંથની ભાષા : પ્રાકૃત (અર્ધ માગધી), સંસ્કૃત, ગુજરાતી, અપભ્રંશ

૪. ગ્રંથનો રચનાકાળ : ૨૧મી સદીનો પ્રારંભ અર્વાચીનકાળ. પ્રથમ આવૃત્તિ સંવત ૨૦૦૭, દ્વિતીય આવૃત્તિ ૨૦૩૨.

૫. ગ્રંથનો વિષય : આવશ્યક ક્રિયાનાં નવકાર મંત્રથી સંતિકરં સુધીનાં ૧૦૮ સૂત્રોનું વિવેચન.

૬. ગ્રંથના સંપાદક : સંશોધક : શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી.
સંપાદક : પંડિત નરોત્તમદાસ નગીનદાસ શાહ
પ્રકાશક : જૈન સાહિત્ય મંડળ, વિલેપાર્લા, મુંબઈ-૪૦૦ ૦૫૬

૧. ગ્રંથ કર્તાનો પરિચય

શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર-પ્રબોધ ટીકાના લેખક ધીરજલાલ ટોકરશી શાહનો પરિચય નીચે પ્રમાણે છે.

અર્વાચીન જૈન સાહિત્યના બહુમુખી પ્રતિભાશાળી સર્જક શ્રી ધીરજલાલભાઈનો જન્મ ઝાલાવાડના દાણાવાડા ગામમાં માતા મણિબહેન અને પિતા ટોકરશી શાહના સંસ્કાર સંપન્ન પરિવારમાં ઈ. સ. ૧૯૦૬ના માર્ચ માસની ૧૮મી તારીખે થયો હતો. પિતાની આર્થિક સ્થિતિ સારી ન હતી. વઢવાણ શહેરની હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યા પછી પિતાના મિત્ર અમૃતલાલની ભલામણથી અમદાવાદમાં સી. એન. છાત્રાલયમાં ઈ.સ.૧૯૧૭માં દાખલ થયા. અમદાવાદમાં ગવર્નમેન્ટ મિડલ સ્કૂલમાં દાખલ થયા પછી રાષ્ટ્રીય ચળવળ શરૂ થઈ હતી તેમાં દેશભક્તિથી પ્રેરાઈને પ્રોપ્રાયટરી સ્કૂલમાં જોડાયા હતા. મેટ્રીકની પરીક્ષા પાસ કરી ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કર્યું અને પ્રભુ પૂજા ભક્તિમાં પણ ભાવથી ભાગ લીધો હતો.

અમદાવાદમાં ચિત્રકાર અને શિક્ષક તરીકે કામ કરીને જીવન નિર્વાહ કર્યો હતો. સમય જતાં ધાર્મિક શિક્ષક તરીકે કામ કર્યું. જીવવિચાર તત્ત્વાર્થ, નવતત્વ જેવા ગ્રંથોનો અભ્યાસ કર્યો.

ધીરજલાલભાઈનાં લગ્ન (ઈ.સ.૧૯૨૪) બોટાદના શેઠ લવજીભાઈની સંસ્કાર સંપન્ન પુત્રી ચંપાબેન સાથે થયાં હતાં. એક પુત્ર અને ચાર પુત્રીનો પરિવાર હતો. અમદાવાદમાં રહીને સાહિત્ય સર્જનનો પ્રારંભ કર્યો. બાળકોના ઘડતર માટે બાળ શ્રેણી (૨૦) એવી છ શ્રેણીઓ પ્રકાશિત કરી હતી. ત્યાર પછી વિદ્યાર્થી વાચનમાળા, કુમાર વાચનમાળાનાં પુસ્તકો પ્રગટ કર્યા હતાં. સાહસ-પરાક્રમી ને અજાયબી ભરેલી સર્જન પ્રવૃત્તિ સાથે કાવ્યોનું

સર્જન કરીને **'અજંટાનો યાત્રી'** જેવાં ઉત્તમ ખંડકાવ્યનું સર્જન કર્યું હતું.

પ્રવાસ વિષયક પુસ્તકો લખ્યાં હતાં. ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર ઉપરાંત મંત્રવિદ્યાના સંદર્ભમાં બંગાળ-બિહાર-મધ્યપ્રદેશ અને રાજસ્થાનનો પ્રવાસ કર્યો હતો. ઈ. સ. ૧૯૩૦થી ૪૦ સુધી પત્રકારિત્વના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરી હતી. એમની સર્જન પ્રવૃત્તિમાં જૈનધર્મ, અધ્યાત્મ, મંત્રવિદ્યા, ગણિત, ચમત્કાર જેવા અવનવા વિષયોનો સમાવેશ થાય છે. અવધાનના પ્રયોગો કરીને શતાવધાનીનું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. આ માટે ધારણા શક્તિ અને સ્મરણ શક્તિ મહત્ત્વની હતી. એમના જીવનમાં સાધનાનો જાદુઈ ચમત્કાર નિહાળી શકાય છે. એક વર્ષમાં ૬૦ ઉપવાસ કરીને ઉવસગ્ગહરંનો જાપ કર્યો હતો. એઓશ્રી મુંબઈમાં સ્થાયી થયા. મુંબઈ વિધાનસભામાં ભિક્ષુકધારો અને બાળદીક્ષા વિરોધ બીલની મોરારજી દેસાઈ સાથે મંત્રણા કરીને પ્રતિકાર કર્યો હતો. અંતે બે ધારા રદ થયા હતા. ઈ. સ. ૧૯૮૧માં ધીરજલાલભાઈનો ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. શતાવધાની, પંડિત, વિદ્યાભૂષણ, ગણિત દિનમણિ, સાહિત્ય વારિધિ, સરસ્વતી વરદપુત્ર, મંત્રમનીષી જેવાં બિરૂદ ઉપરાંત સુવર્ણચંદ્રકની પ્રાપ્તિ થઈ હતી. ધીરજલાલ-ભાઈનું જીવન પ્રચંડ પુરુષાર્થ, સાધના, કર્તવ્યપરાયણતા અને અપૂર્વ ધર્મશ્રદ્ધાની સાથે આત્મવિશ્વાસ જેવા ગુણોથી અલંકૃત હતું. ગ્રંથકર્તાનું અવસાન મુંબઈમાં ૨૭-૭-૮૫ના રોજ થયું હતું. પ્રબંધ ટીકાના સંશોધન અને લેખન માટે પ. પૂ. ધુરંધર વિજયજી, પૂ. પં. ભદ્રંકર વિજયજી ગણી, અમૃતલાલ કાલીદાસ દોશી તથા લાલચંદ ભગવાનદાસ પંડિતનો રૂબરૂ સંપર્ક અને પત્ર દ્વારા માર્ગદર્શન મેળવીને ગ્રંથ તૈયાર કર્યો હતો.

૨. ગ્રંથનો વિગતે વિષય

શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર એ વિવેચન ગ્રંથ છે એટલે ચતુર્વિધ સંઘને માટે પ્રતિક્રમણની આવશ્યક ક્રિયાનાં સૂત્રોનું શબ્દાર્થ – વિશેષાર્થ દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું છે.

રચના : ગણધર ભગવંતોએ રચેલા સૂત્રો ઉપરાંત પૂર્વાચાર્યોએ સૂત્રરચના કરી છે.

ભાષા : મોટા ભાગનાં સૂત્રો ગણધર ભગવંતોએ પ્રાકૃત ભાષામાં રચ્યાં છે. સંસ્કૃત ભાષામાં સંસાર દાવાનલ, પૂ. હરિભદ્રસૂરિ, લઘુશાંતિ પૂ. માનદેવસૂરિ સ્નાતસ્યા થોય–બાલચંદ્ર મુનિ, સકલાડહર્ત સ્તોત્ર–કલિકાલ સર્વજ્ઞ આ. હેમચંદ્રાચાર્યસૂરિ, નમોડસ્તુ વર્ધમાનાય–શ્રી તિલકાચાર્ય, બૃહદ-શાંતિ-શિવાદેવી માતા, વિશાલલોચન વગેરે સૂત્રો રચાયાં છે. અપભ્રંશ ભાષામાં ચઉકકલ્સાય સૂત્ર (પ્રાચીન) છે. ગુજરાતી ભાષામાં જીવવિજયકૃત સકલતીર્થ, અતિચાર, સાતલાખ, અઢાર પાપ સ્થાનક વગેરે સૂત્રો છે.

પ્રતિક્રમણના પ્રકાર : પ્રતિક્રમણ–પાપ વિમોચનની પવિત્ર ક્રિયા એટલે પ્રતિક્રમણ છ આવશ્યકમાં ચોથું સ્થાન છે. તેના પાંચ પ્રકાર, રાઈ, દેવસિ, પ્રખ્ખી, ચૌમાસી અને સંવત્સરી. રાઈ પ્રતિક્રમણ પ્રભાતના સમયે, દેવસિ પ્રતિક્રમણ સૂર્યાસ્તના સમયે (પ્રતિદિન), પખ્ખી પ્રતિક્રમણ–ચૌદશના સૂર્યાસ્ત સમયે ચૌમાસી પ્રતિક્રમણ–કારતક સુદ-૧૪, ફાગણ સુદ-૧૪, અષાઢ સુદ-૧૪નું તથા વાર્ષિક સંવત્સરી ભાદરવા સુદ ૪નું કરવાનું વિધાનશાસ્ત્રમાં દર્શાવ્યું છે. પ્રતિક્રમણ શા માટે કરવાનું તેની માહિતી વંદિતુ સૂત્રની ૪૮મી ગાથામાંથી પ્રાપ્ત થાય છે.

પડિસિધ્ધાણંકરણે, કિચ્ચાણમકરણે અપડિકક્રમણં
અસદ્ હણે અ તહા, વિવરીય પરૂવણાએય ।।૪૮।।

અર્થ : નિષેધ કરેલા અશુભ કર્મનું આચરણ કરવાથી કરવા યોગ્ય કાર્યોનું આચરણ ન કરવાથી, અશ્રધ્ધા ઉત્પન્ન થવાથી શાસ્ત્ર વિરૂધ્ધ પ્રરૂપણા કરવાથી પ્રતિક્રમણ કરવાનું હોય છે.

સૂત્ર વિભાજન :

પ્રબોધ ટીકાના ત્રણ ભાગમાં નવકાર થી સંતિકરં સુધીનાં સૂત્રોનું વિભાજન કરીને વિવેચન કરવામાં આવ્યું છે. ભા-૧માં નવકાર થી વેયાવચ્ચગરાણં. ભા-૨માં ભગવાનડહં થી ભરહેસરની સજ્ઝાય, ભા-૩માં મન્હજીણાણં થી સંતિકરં સુધીના કુલ ૧૦૮ સૂત્રો છે. સૂત્રોના વિષયો પ્રતિક્રમણને અનુલક્ષીને જોવા મળે છે.

સૂત્રની વ્યાખ્યા :

પ્રાકૃત ભાષાના 'સુત્તં' શબ્દ પરથી સૂત્ર શબ્દ પ્રચલિત થયો છે. તેનો સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં પણ પ્રયોગ થાય છે.

સૂત્ર એટલે સંક્ષિપ્ત વાક્ય.

–સૂત્ર એટલે સંદેહ રહિત સારવાળું સર્વ તરફથી અર્થ થઈ શકે તેવું વાક્ય.

–સૂત્ર એટલે થોડા શબ્દો કે અક્ષરોમાં ઘણા અર્થ સમાયેલા હોય તેવી રીતે રચાયેલું વાક્ય.

–સૂત્ર એટલે અલ્પ શબ્દોમાં વિસ્તૃત ભાવ દર્શાવતું પદ.

–સૂત્ર એટલે પ્રાચીન શાસ્ત્રકારોએ સંસ્કૃતમાં રચેલા ગ્રંથો.

–સૂત્ર એટલે ગ્રંથ રચનાની શૈલીનો પ્રકાર.

સૂત્રના નિયમો :

પંચ પ્રતિક્રમણની આવશ્યક ક્રિયાને લક્ષમાં રાખીને સૂત્રો રચાયાં છે, તેમાં વિવિધ વિષયોનો સમાવેશ થયો છે.

દેવ-ગુરુને વંદના, પ્રાયશ્ચિત્ત, આચારશુધ્ધિ, ધ્યાન કાર્યોત્સર્ગ, વિરતિધર્મ, તીર્થ અને તીર્થંકરોને વંદના, મહાપુરુષો અને સતીઓનું પુણ્યસ્મરણ, શ્રાવકધર્મ, શાશ્વત, અશાશ્વત, જૈનચૈત્યો અને જિનબિંબને વંદન, શાંતિપાઠ યક્ષ, યક્ષિણા સ્મરણ, અતિચારની આલોચના, ચૈત્યવંદન-સ્તુતિ પ્રાર્થના, ક્ષમાપના વગેરે વિષયોને સ્પર્શતાં સૂત્રો રચાયાં છે.

સૂત્ર રચનાની રીતિ : પંચ પ્રતિક્રમણનાં સૂત્રો ગદ્ય અને પદ્યમાં

રચાયાં છે. કેટલાંક સૂત્રો પદ્યમાં છે તો કેટલાંક સૂત્રો ગદ્ય-પદ્યના મિશ્રણવળાં છે.

દા.ત. જગચિંતામણિ સૂત્ર પદ્યમાં રચાયું છે, નમુત્યુણં સૂત્રનો આરંભ ગદ્યથી છે અને છેલ્લી ગાથા **'ગાથા'** છંદમાં રચાયેલી છે. બૃહદ્‌શાંતિ સૂત્રનો આરંભ સંસ્કૃત ભાષાના મન્દાક્રાન્તા છંદથી ત્યાર પછી પદ્યમાં ગાથા, છંદમાં ૧૫-૧૬,૨૨,૧૨-૧૪,૨૩,૨૪માં અનુષ્ટુપ છંદ, ગાથા-૨૦માં ઉપજાતિ છંદ અને ગદ્યમાં ૧૪ પરિચ્છેદ રચાયા છે. ઉવસગ્ગહરં, લોગસ્સ, સિધ્ધાણંબુધ્ધાણં, જયવિયરાય, વંદિતુ વગેરે સૂત્રો ગાથા છંદમાં છે. અજિતશાંતિ સ્તોત્રમાં પ્રાકૃત ભાષાના વિવિધ છંદનો પ્રયોગ થયો છે. ગાથા છંદ ઉપરાંત માગહિયા, સંગયયં, રાસાનંદિય, રયણમાલા, કસલયમાળા, સુમુર્હુ, ખિત્તયં, વગેરે છંદ પ્રયોગ જોવા મળે છે. ચિત્રાક્ષરા, લલિત, અપરાન્તિકા, નારાચ, જેવા સંસ્કૃત વૃતો પણ પ્રયોજાયેલા છે. ગદ્ય-પદ્યમાં રચાયેલાં સૂત્રો લયબધ્ધ છે. સૂત્રનાં નામ–દરેક સૂત્ર તેના પ્રથમ શબ્દથી ઓળખાય છે તેમ છતાં તેનું બીજું નામ પણ સૂત્રના વિષયને સ્પષ્ટ કરે છે. દા. ત. લોગસ્સ પ્રથમ શબ્દ ને બીજું નામ નામસ્તવ-૨૪ તીર્થંકરોના નામ સહિત ઉલ્લેખ છે. વંદિતુ–પ્રથમ શબ્દ શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર આયરિયે–ક્ષમાપના સૂત્ર.

અન્નત્થ–આગારસૂત્ર–છીંક, બગાસું ઓડકાર જેવી વિકૃતિઓથી કાર્યોત્સર્ગનો ભંગ થતો નથી.

પુખ્ખરવરદી–શ્રુતસ્વ–શ્રુતજ્ઞાનની સ્તુતિ–ભરહેસર–મન્હજિણાણાં–સજ્ઝાય છે.

કલ્લાણકંદ, સંસારદાવા સ્નાતસ્યા–સ્તુતિથોય છે. લઘુશાંતિ, બૃહદ્‌શાંતિ શાંતિપાઠ છે. વાંદણાં-અબ્ભુઠ્ઠિઓ, ગુરુવંદન સૂત્ર છે. સકલ તીર્થ–તીર્થ વંદના સૂત્ર છે. નાણંમિ–વંદિતુ–અતિચાર પાપની આલોચનાનાં સૂત્ર છે. અતિચારમાં વિસ્તારથી પાપની માહિતી છે. અતિચાર ગદ્યમાં ૨૨ પરિચ્છેદ રૂપ છે. લોગસ્સ–લઘુશાંતિ–ઉવસગહરં બૃહદ્‌શાંતિ એ મંત્ર ગર્ભિત સૂત્રો છે. અજિતશાંતિ–સંતિકરં સ્તોત્ર છે. જયવીરાય-પ્રાર્થનાસૂત્ર છે. આ રીતે સૂત્રોના નામ છે. શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્રમાં વિવેચન પદ્ધતિ હોવાથી ગ્રંથમાં સૂત્રોનું આઠ વિભાગમાં વિવેચન કરવામાં આવ્યું છે એટલે અષ્ટાંગ વિવેચન કહેવાય છે. સાહિત્યની દૃષ્ટિએ વ્યાખ્યાત્મક વિવેચન પદ્ધતિ કહેવાય છે.

૧. સૂત્રનો મૂળપાઠ પ્રાકૃત ભાષામાં છે તેની માહિતી સૂત્રપાઠ.
૨. સંસ્કૃત છાયા–પ્રાકૃતમાં સૂત્રો છે તેનો સંસ્કૃતમાં પાઠ આવ્યો છે તે છાયા કહેવાય છે.
૩. સૂત્રનો ગુજરાતી ભાષામાં અનુવાદ–ગુજરાતી છાયા.
૪. સામાન્ય અને વિશેષાર્થ સૂત્રના પ્રત્યેક શબ્દના શબ્દાર્થ આપવામાં આવ્યા છે. વિશેષાર્થમાં શબ્દોના રહસ્યને પ્રગટ કરતા અન્ય સંદર્ભો સાથે સમજાવવામાં આવ્યા છે.

ખમાસમણ સૂત્ર વિષેની માહિતી નીચે મુજબ છે.

ખમાસમણનો અર્થ ક્ષમા શ્રમણ એટલે સાધુ શબ્દાર્થ થયો.

વિશેષ અર્થ–શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવ રાખે તે શ્રમણ–શ્રમણ એટલે તપસ્વી, સંયમી, વૈરાગી આવા ગુણોથી શોભતા હોવાથી શ્રમણ એટલે સાધુ કહેવાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫મા અધ્યયનમાં જણાવ્યું છે કે, સમતાથી સાધુ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપથી તાપસ કહેવાય છે. સમણ શબ્દ પ્રયોગ સાધુ માટે થાય છે.

ખમાસમણ સૂત્રમાં 'વંદન'નો ઉલ્લેખ છે. વંદનની ક્રિયા પંચાગ પ્રણિપાત એટલે કે બે હાથ, બે કોણી અને મસ્તક એમ પાંચ અંગનો જમીન સાથે સ્પર્શ થાય તેવી રીતે વંદન કરવામાં આવે છે.

વંદનાના ત્રણ પ્રકાર છે.

૧. ફિટ્ટ વંદન–બે હાથ જોડી મસ્તક નમાવવું તે ફિટ્ટા વંદન છે. (માર્ગમાં ગુરુ મળે તે વખતે)

૨. થોભ વંદન–ગુરુ મહારાજ ઊભા હોય અથવા આસન પર બેઠા હોય ત્યારે ઈચ્છાકારેણં અને અભુટ્ઠિઓ દ્વારા વંદન કરવામાં આવે તે થોભવંદન કહેવાય છે. તીર્થંકરો અને ગણધરોને પણ થોભવંદન કરાય છે એટલે પંચાંગ પ્રણિપાત નામ આપવામાં આવ્યું છે. ગુરુને બે અને તીર્થંકરોને ત્રણ ખમાસમણથી વંદન થાય છે.

૩. દ્વાદશાવર્ત વંદન–ગુરુ ભગવંતને સુખશાતા પૂછીને બે વાંદણાં દ્વારા વંદન કરવામાં આવે છે તે દ્વાદશાવર્ત વંદન છે. અહોકાયં એ સૂત્ર બોલવાનું હોય છે. પૌષધમાં રાઈ મુહપતિ વખતે અને પ્રતિક્રમણમાં વાંદણાં વિધિ આ પ્રકારનું વંદન કહેવાય છે. પદાધિકારી અને આચાર્યોને આ વંદન કરાય છે. પ. પૂ. આ. દેવેન્દ્રસૂરિએ ગુરુવંદન ભાષ્યની રચના કરી છે તેમાં વંદન વિશે વિસ્તારથી માહિતી પ્રાપ્ત થાય છે.

૬. અર્થ સંકલના–મૂળ સૂત્રનો અર્થ પ્રગટ કરવામાં આવે છે.

હે ક્ષમા શ્રમણ! આપને હું નિર્વિકારી નિષ્પાપ કાયા વડે વંદન કરવાને ઈચ્છું છું. મસ્તકાદિ પાંચ અંગો નમાવીને વંદન કરું છું.

૭. સૂત્ર પરિચય–પૂજ્યોને, વડીલોને, દેવ અને ગુરુને વંદન કરવાનો આચાર શાશ્વત ધર્મ છે. આ અંગે ચૈત્યવંદન (દેવવંદન) ગુરુ વંદન ભાષ્યની કૃતિઓ છે તેમાં વિસ્તારથી માહિતી પ્રાપ્ત થાય છે.

૮. આ સૂત્રનું આધાર સ્થાન આવશ્યકસૂત્રના પાંચમા, ત્રીજા વંદન આવશ્યકમાં છે.

ઓધનિર્યુક્તિ દ્રોણીયાવૃત્તિ આ રીતે અન્યસૂત્રોનું વિવેચન કરવામાં આવ્યું છે. દરેક સૂત્રમાં એક કરતાં વિશેષ શબ્દો હોય છે તેથી માહિતી આપીને રહસ્યને પ્રગટ કરવામાં આવે છે. આ અષ્ટાંગ વિવેચન ક્રિયાને મિષ્ટાન્ન બનાવીને કર્મ નિર્જરા દ્વારા આત્માની શુદ્ધિ કરે છે.

સંશોધિત નવી આવૃત્તિના લેખક-સંપાદક–અમૃતલાલ કાલિદાસ દોશીએ સપ્તાંગ વિવેચન કર્યું છે તેમાં ગુજરાતી છાયાનો સમાવેશ કર્યો નથી. મૂળકર્તાએ આધાર સ્થાન શબ્દ પ્રયોગ કર્યો છે તેને સંશોધકે પ્રકીર્ણક નામ આપ્યું છે.

પરિશિષ્ટ

આ ગ્રંથમાં સૂત્રોના વિવચન ઉપરાંત પરિશિષ્ટમાં આવશ્યક ક્રિયા અંગની વિશેષ માહિતીનો સંચય થયો છે.

સામાયિક લેવાની–પારવાની, મુહપતિ પડિલેહણ ચૈત્યવંદન અને પૂજા વિધિ, છ આવશ્યક, સામાયિકની સાધના, અનાતુપૂર્વી-નવકારમંત્ર જાપ, ધ્યાન, ચાર ભાવના, ચતુર્વિંશતિ રહસ્ય અને ધર્મોપકરણો ગુરુવંદનનો મહિમા, પ્રતિક્રમણ આવશ્યક હેતુ બત્રીસી, પ્રતિક્રમણના દૃષ્ટાંતો, કાયોત્સર્ગ ધ્યાન પ્રત્યાખ્યાન જેવા વિષયોનો સમાવેશ થયો છે. તદુપરાંત ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, સજ્ઝાય, ગહુંલી, છંદ, બાર વ્રત, માર્ગાનુસારીના ૩૫ બોલ, પુણ્યપ્રકાશના સ્તવનનો સંચય થયો છે. પરિશિષ્ટમાં પણ શ્રાવકની આવશ્યક ક્રિયામાં નવો પ્રાણ પૂરે તેવી માહિતીનો સમાવેશ થયો છે. જ્ઞાન ક્રિયાના સમન્વયથી આ વિગતો આત્માની ઊર્ધ્વગતિમાં માર્ગદર્શક છે. ગ્રંથના સૂત્રો અને પરિશિષ્ટ એટલે આચાર ધર્મનો શાસ્ત્રીય ગ્રંથ. પરિશિષ્ટની વૈવિધ્યપૂર્ણ માહિતી સૂત્રાર્થના રહસ્યને પ્રગટ કરવામાં મહત્ત્વની ગણાય છે. આ વિગતોનો વિવેચનના સંદર્ભમાં સમાવેશ થાય છે.

૩. આ ગ્રંથનું એ સમયકાળમાં જૈન ધર્મ અને સાહિત્યમાં સ્થાન

આગમ કાળથી જીવનની ઊર્ધ્વગતિ માટે ગણધર ભગવંતોએ સૂત્રો રચ્યાં હતાં. તેનું વિવેચન જૈન સમાજ માટે સદાકાળ ઉપયોગી છે. ભૌતિકવાદના પ્રભાવથી ઈર્ષા અને અસંતોષથી જીવન સમસ્યા પ્રધાન બન્યું છે તેમાં શાંતિ પ્રાપ્ત કરવા માટે છ આવશ્યકનું વિધિસર પાલન કરવા માટેનો રાજમાર્ગ આ ગ્રંથની મહત્તા છે. જડ ક્રિયા કે ક્રિયાશૂન્ય જ્ઞાનમાંથી આગળ વધીને જ્ઞાન અને ક્રિયાનો સમન્વય કરી આત્મા કર્મથી મુક્ત થાય તેવો સારભૂત વિચાર પ્રગટ થાય છે. ભૌતિક સુખ કરતાં આત્માનું શાશ્વત સુખ મેળવવા માટે આ સૂત્રોનું જ્ઞાન અનિવાર્ય છે. ધર્મનું સાચું જ્ઞાન, શ્રધ્ધા, વિધિવત્ ક્રિયા, સમકિતની શુદ્ધિ વૃદ્ધિ, વિરતિ ધર્મની તાલીમ, પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત, આત્મોન્નતિ, ભાવધર્મનું પાલન, છ આવશ્યકનું પાલન, આચારની શુદ્ધિ જેવી આત્મોન્નતિકારક વિગતો સમાજને ઉન્માર્ગથી સન્માર્ગે લઈ જવામાં જીવનનો સાચો રાહ દર્શાવે છે. પ્રતિક્રમણથી પંચાચારની શુદ્ધિ અને આત્માનો વિકાસ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાંથી માહિતી મળે છે.

સમાલોચના : લેખકનું ચિંતન

શ્રી પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકા ગ્રંથ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા વર્ગને પ્રતિક્રમણની આવશ્યક ક્રિયામાં ભાવોલ્લાસની શુદ્ધિ અને વૃદ્ધિ માટે અનુભવસિધ્ધ રાજમાર્ગ દર્શાવે છે.

આ ગ્રંથની સામગ્રી જ્ઞાન અને ક્રિયાયોગના સુભગ સમન્વય દ્વારા આત્માના ઊર્ધ્વગમન–વિકાસ માટે કર્મ નિર્જરાની સાથે પ્રાયશ્ચિત્ત રૂપે સ્થાન ધરાવીને મૂલ્યનિષ્ઠ નિમિત્ત બને છે. વિધિનો મહિમા સમજીને વિનયપૂર્વક પ્રતિક્રમણની ક્રિયાથી આત્મા નિર્મળ બનીને મોક્ષ પ્રાપ્તિ માટે યોગ્ય બને છે. આગમ ગ્રંથોના પ્રારંભમાં આચારાંગ સૂત્ર છે એટલે આચારધર્મનું ઉત્કૃષ્ટ મૂલ્ય સમજીને જ્ઞાનક્રિયાનો સુયોગ સાધી આત્મવિકાસ કરવો જોઈએ એવો સર્વ સામાન્ય વિચાર પ્રગટ થાય છે.

આ ગ્રંથના વિચારો આત્મનિરીક્ષણ કરવા માટેનો માર્ગ દર્શાવે છે. આત્માની કેવી સ્થિતિ છે ? આત્માની મૂળ સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થાય તે માટે પણ અનન્ય પ્રેરક બને છે. જ્ઞાન અને ક્રિયા જડતા નથી પણ આત્માની અજ્ઞાનતાને કારણે એકપક્ષીય વર્તનથી જડતા આવે છે. તે આ સૂત્રોના જ્ઞાનથી જડતા નિર્મૂળ થાય અને આત્મા જ્ઞાન અને ક્રિયામાં નિમગ્ન બની કલ્યાણ કરે, આત્મા સિદ્ધિ સાધે એ જ શ્રેયસ્કર વિચાર દુર્લભ માનવ જન્મનું નજરાણું છે.

માત્ર પોટપિયા રટણને સ્થાને, ચિંતન, મનન અને સ્વાધ્યાયના ત્રિવેણી સંગમમાં આત્મા શુચિ સ્નાન દ્વારા સિધ્ધ-બુધ્ધ બને તેવી પરમોચ્ચ ભાવનાની ફળશ્રુતિ એ આ ગ્રંથનું નિમિત્ત છે.

સંદર્ભ સૂચિ :

• **પંચ પ્રતિક્રમણ સાર્થ** – ગોડીજી જૈન દેરાસર ટ્રસ્ટ મુંબઈ. સૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-ગાથાર્થ અને સૂત્રનું બીજું નામ. • **શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્રોઃ** પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ. ભૂમિકા પા. ૮ થી ૫૪. સંપાદકીય પા. ૫૫, શ્રી પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સ્વાધ્યાય, પા. ૭૩૫, પ્રતિક્રમણ વિધિ-પા. ૭૮૭. • **હરિભદ્રીય આવશ્યક વૃત્તિ** અને લલિત વિસ્તરાનો વિવેચનમાં આધાર. • **શ્રાવક પ્રતિક્રમણ સૂત્રો** (બાલાવબોધ) સં. ૧૫૬૯ની હસ્તપ્રત. આ દેવસુંદરસૂરિના શિષ્ય પૂ. કિર્તીસુંદરજી. • **શ્રાવક પ્રતિક્રમણ** અજ્ઞાત કવિકૃત સં. ૧૫૯૦ • **શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર** (ષડાવશ્યક) (ખરતર ગચ્છ) સં. ૧૫૨૫, પૂ. મુનિ સુંદરજી. • **ગુરુવંદન ભાષ્ય :** પૂ. આ. દેવેન્દ્રસૂરિ, પ્રાચીન આધારભૂત ગ્રંથોની સૂચિ પ્રબોધટીકા ભાગ-૧ પા. ૧૯ થી ૩૦ માં પ્રગટ થયેલ છે. • ભારતની એક વિરલ વિભૂતિ રૂદ્રદેવ ત્રિપાઠી (કર્તાનું જીવન) **પંડિત ધીરજલાલ ટોકરશી શાહ • કાર્યોત્સર્ગ ધ્યાન :** ૫. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજીનો પરિચય પા–૧૦. **લેખક : અમૃતલાલ કાલીદાસ દોશી.** • શ્રી શ્રાધ્ધ પ્રતિક્રમણ સૂત્ર, પ્રબોધટીકા ભાગ–૧. સંશોધક અમૃતલાલ કાલીદાસ દોશી. પા. ૩ • **કાવ્ય શાસ્ત્ર વિનોદેન**–લેખક ડૉ. કવિન શાહ. સૂત્રાર્થ રહસ્ય પા. ૧૭૧, પ્રતિક્રમણ શા માટે પા. ૧૯૯ • **ભાવ પ્રતિક્રમણ તાળું ખોલો.** ૫. પૂ. પુણ્ય કીર્તિ વિજયજી અને ૫. પૂ. દિવ્યકીર્તિ વિજયજી મ.સા.

***

સી–૧૦૩ જીવનજ્યોત એપાર્ટમેન્ટ
વખારીયા બંદર રોડ, બીલીમોરા–૩૯૬ ૩૨૧
ફોન : (૦૨૬૩૪) ૨૮૮૭૯૨

ગૌતમ – પૃચ્છા

□ ડૉ. ધનવંતી નવીનચંદ્ર મોદી

લેખિકા એમ.એ.,પીએચ.ડી. છે. 'દરિયાપુરી સ્થા. જૈન સંપ્રદાયના સ્થાપક શ્રી ધર્મસિંહજી મુનિનું જીવન સાહિત્ય અને તત્ત્વજ્ઞાન' વિષય ઉપર શોધપ્રબંધ લખ્યો છે. તેમને ૪૨ વર્ષનો શાળાના શિક્ષક, આચાર્યા તેમજ કૉલેજના પ્રાધ્યાપક તરીકેનો અનુભવ છે.

(૧) ગ્રંથનું નામ – ગૌતમ પૃચ્છા

ગ્રંથનું નામ શીર્ષક – સંક્ષિપ્ત સુંદર, આકર્ષક, જિજ્ઞાસાપ્રેરક અને સમગ્ર પુસ્તકના સારરૂપ છે. શીર્ષક વાંચતાં જ ગૌતમસ્વામીએ વીરપ્રભુને પૂછેલા અનેકાનેક પ્રશ્નોમાંથી પુસ્તકમાં કેટલા અને કયા પ્રશ્નો હશે ? વળી વીરના ઉત્તરો પણ તેમાંથી જાણવા મળશે કે કેમ – વગેરે જાણવાની જિજ્ઞાસા પુસ્તક હાથમાં લેતાં જ થાય છે અને પુસ્તક વાંચ્યા પછી નામની યથાર્થતા મનમંદિરમાં છવાઈ જાય છે કે સમગ્ર ગ્રંથના વિષય-નિરૂપણને જોતાં તદ્દન યોગ્ય એવું આ શીર્ષક છે.

ગૌતમ અને પૃચ્છા–આ બે સામાસિક શબ્દોથી આ ગ્રંથનું નામ બન્યું છે. ગૌતમ શબ્દના વિવિધ અર્થ છે.

ગૌતમ–ગગ્ગે કામ ગવી ભલી, ન તે સુરતરુ વૃક્ષ.

મમ્મે મણિ ચિંતામણિ, ગૌતમ સ્વામી પ્રત્યક્ષ.

ગૌ એટલે કામધેનુ ગાય, ત એટલે કલ્પતરુ અને મ એટલે ચિંતામણી રત્ન – આવા ત્રણ મહાપ્રભાવક શબ્દો જેમાં સમાવિષ્ટ છે, તેમની પુણ્ય-ગાથાનું શું કહેવું ?

વળી ગૌ એટલે ઈંદ્રિય, તપ એટલે અંધકાર. ઈંદ્રિય પ્રત્યેનો રાગ રૂપી અંધકાર દૂર કરે તે ગૌતમ. આપણે બોલીએ છીએ કે

'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર.'

અંગ એટલે કાયાના રાગ પરથી જે ઉપર ઊઠ્યા છે તે ગૌતમ. આ ગૌતમ-ઈંદ્રભૂતિ બ્રાહ્મણ, પહેલાં તો હતા અહંકારનું પૂતળું. સર્વજ્ઞ મહાવીરને હરાવવા અહંકારી ઈંદ્રભૂતિ ચાલી નીકળ્યા. તેઓ નીકળ્યા પ્રભુનો તાગ લેવા પણ ત્યાગના બાગ ખીલી ઊઠ્યા. સૂર્ય સામે મીણ ઓગળે એમ ઈંદ્રભૂતિનો ગર્વ ઓગળી ગયો. લોઢાની છરી પારસમણિને કાપવા ગઈ પણ સોનાની બની ગઈ.

ગૌતમ શબ્દ વડે વીતરાગી ચરમ તીર્થંકર મહાવીર પ્રભુએ યથાર્થ સ્વરૂપે ઈંદ્રભૂતિને તેમના ઉત્તમ ગોત્રના ભાવવિશેષ રૂપ નામ વડે સંબોધન કરેલું છે. તેમાં 'ગો' શબ્દ વાણીવાચક છે અને તમ પ્રત્યય શ્રેષ્ઠતા, સર્વોત્તમતા સૂચવે છે. જેમની વાણી જગતના સર્વ જીવોને મંગળકારી, કલ્યાણકારી, હિતકારી એવી વિશેષતા વાળી છે, એવી અમૃતતુલ્ય વાણીનો શ્રી મહાવીર સ્વામી પ્રતિનો પૃચ્છા રૂપ વિનિયોગ તે ગૌતમ-પૃચ્છા છે.

પૃચ્છા શબ્દ પણ ઘણો મહત્ત્વનો છે. બાર પ્રકારના તપમાં 'સ્વાધ્યાય' એ આભ્યંતર તપ છે. સ્વાધ્યાયના પાંચ ભેદ છે. વાંચના, પૃચ્છના, પરિપટ્ટણા, અનુપ્રેક્ષા અને ધર્મકથા–આમાં બીજો ભેદ તે પૃચ્છના–જ્યારે સૂત્ર કે અર્થના વિષયમાં શિષ્યને સંદેહ ઉત્પન્ન થાય ત્યારે ગુરુદેવને પૂછીને શિષ્ય સમાધાન મેળવીને પોતાના શ્રુતજ્ઞાનને વિશુદ્ધ કરી લે છે. સૂત્રાર્થ વિશુદ્ધ થતાં મિથ્યાત્વ મોહનીય (કાંક્ષા મોહનીય) કર્મનો ક્ષય થાય છે. ગુરુદેવ જ્યારે મૂળપાઠ સમજાવે ત્યારે તેના અનુસંધાનમાં શિષ્યને જિજ્ઞાસા થતાં જે પ્રશ્નો પૂછે તેને પ્રતિપૃચ્છના કહેવાય. તેનાથી શિષ્યના અંતરમાં મૂળપાઠ, અર્થ સ્પષ્ટ થાય છે. શંકાઓનું સમાધાન થતાં તેનું શ્રુતજ્ઞાન નિર્મળ થતાં, તે જીવને જિનવાણી પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને બહુમાન થાય છે, તેના દર્શન મોહનીય કર્મનાં દલિકો નષ્ટ થઈ જતાં જીવ ક્ષાયિક સમકિતને પ્રાપ્ત કરે છે.

'ગૌતમ–પૃચ્છા' ગ્રંથ તે ભગવતી સૂત્રની ગંગામાંથી નીકળતું એક ઝરણું છે. પાંચમું અંગસૂત્ર–ભગવતી સૂત્ર એ મસ્તક સમાન છે. જેમ મસ્તકમાં અનેક સ્નુ, નાડી, કોશિકાઓ છે. તેમ ભગવતી સૂત્રમાં અનેક વ્યક્તિ–ઈંદ્રભૂતિ, અગ્નિભૂતિ, જયંતિશ્રાવિકા, રોહા અણગાર અને કેટલીક અજૈન વ્યક્તિ દ્વારા પુછાયેલા ૩૬૦૦૦ પ્રશ્નો છે. જાણે ભવ-ભવાંતરમાં થયેલા જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમે ઊભરાતી પ્રશ્નોની જુદી જુદી તિજોરીઓ–એમાંની મુખ્ય તિજોરી તે ગૌતમ દ્વારા પુછાયેલા પ્રશ્નો. આ પુસ્તકમાં માત્ર ગૌતમ દ્વારા પુછાયેલા જ પ્રશ્નો લીધા છે એટલે આ પુસ્તકનું નામ 'ગૌતમ–પૃચ્છા' તદ્દન યથાર્થ છે.

(૨) ગ્રંથના કર્તા :

ગૌતમ-પૃચ્છા ગ્રંથના કર્તા સંબંધી ફક્ત એટલો જ ઉલ્લેખ મળે છે કે તે પૂર્વાચાર્ય પ્રણીત મહાન ગ્રંથ છે. આમ તેના કર્તા વિશે ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. મુનિ શ્રી પુણ્યવિજયજી જેમણે 'ગૌતમ–પૃચ્છા' ગ્રંથનું સંયોજન કરી, ગ્રંથના અનુકર્તા મુનિશ્રી નિરંજન વિજયજીના ગુજરાતી-હિન્દી નવલ વિવરણ ગ્રંથને પ્રસિદ્ધ કરવામાં મદદ કરી છે, તેઓ લખે છે, 'મૂળ ગ્રંથના કર્તા સંબંધી શોધખોળ કરવા છતાં પણ તેની માહિતી મળતી નથી. તે સંબંધી કોઈ પણ મહાનુભાવને માહિતી મળે તો મને જણાવવા નમ્ર વિનંતી.' ઘણી વાર ગ્રંથમાં છેલ્લી ગાથામાં કર્તાના નામ–ગામ-સમયનો ઉલ્લેખ હોય છે. અહીં તે પણ જોવા મળતો નથી.

(૩) ગ્રંથની ભાષા :

આ ગ્રંથ મૂળ પ્રાકૃત ભાષામાં લખાયેલો છે. પણ તેનો અનુવાદ સંસ્કૃત અને હિન્દીમાં જોવા મળે છે. સંસ્કૃત ટીકાઓ ઉપલબ્ધ છે. સ્વાભાવિક છે કે ગૌતમ-મહાવીર પ્રશ્નોત્તર મૂળ તો પ્રાકૃત ભાષામાં જ હોય પણ

સમયના વહેણ સાથે, જમાનાની માંગ પ્રમાણે તે અન્ય ભાષાઓમાં અનુવાદિત થયા હોય.

(૪) ગ્રંથનો રચના કાળ :

ગ્રંથના મૂળ કર્તાની જેમ તેના રચનાકાળ વિશે પણ ચોક્કસ માહિતી મળતી નથી. પણ તે પ્રાચીન સાહિત્યનો એક ગ્રંથ છે, એટલું તો જરૂર કહી શકાય.

વીર પ્રભુ મહાવીર સ્વામી ઈ. સ. પૂર્વે ૫૫૭ માં સર્વજ્ઞ બન્યા. બીજે દિવસે એમણે બુદ્ધિમાં બૃહસ્પતિ, વિદ્યાના વાચસ્પતિ એવા ૧૧ વેદમૂર્તિ બ્રાહ્મણોને દીક્ષા આપી ગણધરની માનવંતી પદવીથી નવાજ્યા, સાથે મહામૂલી ત્રિપદી આપી. જેના ઉપર સર્વ ગણધરોએ દ્વાદશાંગી રચી. ત્યાર બાદ ગીતાર્થ સ્થવિરોએ એ વિષય ગર્ભિત હજારો પ્રકીર્ણકોની રચના કરી. આમાંથી કેટલાયે ખોવાઈ ગયાં. ત્યારબાદ પૂર્વાચાર્યોએ વિવિધ વિષયો જેવાં કે દાર્શનિક મિમાંસા, કર્મવાદ, જીવવાદ, ખગોળવિષયક, આચારવિષયક–વગરે ૫૨ કુલકો, પ્રકરણો લખ્યાં. આ ગૌતમ-પૃચ્છા પણ કર્મવાદ સમજાવતો પૂર્વાચાર્ય લિખિત ગ્રંથ છે. તેનો રચનાકાળ અનિશ્ચિત છે.

(૫) ગ્રંથનો વિષય :

ગ્રંથનું મૂળ હાર્દ-કર્મવાદના સિદ્ધાંત છે. એટલે કે તત્ત્વજ્ઞાન છે. પણ તેનું નિરૂપણ ૬૪ શ્લોક દ્વારા પ્રશ્નોત્તર રૂપે થયું છે. ગણધર ગૌતમે પૂછેલા ૪૮ પ્રશ્નો અને તેના ઉત્તરો–આ ૬૪ શ્લોકમાં છે. સાથે એક એક પ્રશ્નના ઉત્તર સાથે દૃષ્ટાંત રૂપે એક એક કથા છે. આમ તત્ત્વજ્ઞાન, કવિતા અને કથાનો ત્રિવેણીસંગમ આ ગ્રંથમાં છે. વળી ૯૦ સુંદર ચિત્રોથી ગ્રંથ સુશોભિત બન્યો છે.

(૬) વર્તમાન કાળમાં ગ્રંથનું ક્યારે, કોણે સંપાદન–પ્રકાશન કર્યું ?

આ ગ્રંથ ૫૨ સંસ્કૃત ટીકાઓ, ટબા, ગદ્ય આવૃત્તિઓ જોવા મળે છે. પણ વર્તમાને શ્રી નેમિ–અમૃત–ખાંતિ–નિરંજન ગ્રંથ માળા (અમદાવાદ) તરફથી પ્રસિદ્ધ થયેલ અનુકર્તા શ્રી નિરંજન વિજયજીના ગુજરાતી તેમજ હિન્દી પુસ્તકો અને તેની આવૃત્તિઓ જ પ્રાયઃ કરીને બધાં પુસ્તકાલયોમાં છે. જેની પ્રથમ આવૃત્તિ સંવત ૨૦૧૫ માં પ્રકાશિત થઈ. બીજી આવૃત્તિ સંવત ૨૦૧૮માં, ત્રીજી આવૃત્તિ સંવત ૨૦૩૦માં અને અદ્યતન છેલ્લી આવૃત્તિ સંવત ૨૦૬૫માં બહાર પડી છે. નવી આવૃત્તિમાં પુસ્તકનું કલેવર–કદ બદલાયું છે, પુસ્તક વધુ સુંદર, આકર્ષક બન્યું છે. છેલ્લે મહાનુભાવો, મુનિશ્રીઓના અભિપ્રાયો મૂક્યા છે. જે નવી આવૃત્તિનું આગવું અંગ છે.

(૧) અનુકર્તાની વિગત :

અનુકર્તા શ્રી નિરંજનવિજયજી મુનિ-જીવન કવન-એક ઝાંખી.

વિક્રમ સંવત ૧૯૭૪માં ધર્મપ્રેમી સુશ્રાવક મારવાડના બાલીનિવાસી, ન્યાયનીતિપ્રિય, હજારીમલજી અમીચંદ શાહના ૪થા પુત્ર નવલમલજી તરીકે જન્મ.

વૈરાગ્ય બીજ :

વડીલ બીજાનંબરના ભાઈ મૂળચંદજી, જેઓ વિક્રમ સંવત ૧૯૮૬માં દીક્ષિત થઈ મુનિવર્યખાંતિજી નામે પ્રસિદ્ધ હતા. નવલમલજી તેમને વંદનાર્થ અમદાવાદ આવતા, ત્યાં સૂરિસમ્રાટ વિજયનેમિસૂરીશ્વરજી પ્રભાવશાળી મુખમુદ્રાના દર્શન થતાં, પ્રવચન સાંભળતાં વૈરાગ્ય બીજ રોપાયું. તેમની પુણ્યનિશ્રામાં દોઢ વર્ષ રહેતા વૈરાગ્યની પૃષ્ટિ થઈ.

દીક્ષા :

૧૭ વર્ષની ઉંમરે વિ. સં. ૧૯૯૧માં ચૈત્ર વદ બીજના કદમગિરિ મહાતીર્થમાં સૂરિસમ્રાટના પવિત્ર કરકમળે દીક્ષા. તેઓ શ્રી શાંતિ વિજયજીના શિષ્ય નિરંજન વિજયજી તરીકે ઓળખાયા.

સંયમજીવન :

ગુરુની નિશ્રામાં સૂત્રવાચના, તપ અને ધર્મયાત્રા ચાલુ. સંવત ૨૦૧૦ થી સ્વતંત્ર ચાતુર્માસ કરી અનન્ય શાસનપ્રભાવના કરી.

સાહિત્ય સેવા :

આજનો બાળક આવતી કાલનો સુશ્રાવક છે એટલે બાળકોમાં મૂળથી જ ધાર્મિક સંસ્કારનું સિંચન કરવા મુનિશ્રીએ અથાગ પરિશ્રમ કર્યો છે. બાળમાનસના જાણકાર એવા આ મુનિશ્રીએ બાળભોગ્ય શૈલી પર પ્રભુત્વ મેળવ્યું છે. બાળકોને ગમી જાય, વાંચવાનું મન થાય, પીપરમીંટની જેમ ચગળ્યા કરવાનું મન થાય એવા સચિત્ર કથાનકોથી ભરપૂર બાળસાહિત્યનું સર્જન અને સંયોજન કરવામાં સિદ્ધ હસ્ત બન્યા. તેઓશ્રી માત્ર બાળસાહિત્યનું સર્જન કરી અટક્યા નથી. તેમણે સંસ્કૃત ગૌતમ-પૃચ્છાનું ટીપ્પણ સાથે સંપાદન કરી, ગૌતમ–પૃચ્છાનો હિન્દી અને ગુજરાતીમાં ભાવાનુવાદ કર્યો છે. વળી હિન્દી ભાષામાં ૧૨૦૦ પૃષ્ઠનું વિક્રમ ચરિત્ર તેમજ શ્રીપાળનો ૩૦૦ પાનાનો સચિત્ર ગ્રંથ તૈયાર કર્યો છે. ભગવાન આદિનાથ તેમજ નેમિનાથ સચિત્ર, સમાજોપયોગી નાનાં મોટાં ૫૫ પુસ્તકો તૈયાર કર્યાં છે. દ્વિમાસિક 'કથાભારતી' તેમના માર્ગદર્શન નીચે પ્રગટ થતું હતું. આ બધું જોતાં સમગ્ર જૈન સમાજે તેમને 'સાહિત્ય પ્રેમી'નું આપેલું બિરુદ યથાર્થ છે. અથાગ પરિશ્રમી લગભગ ૫૦૦૦ જેટલા પુસ્તકોનું વાંચન-ચિંતન મનન કરનાર મુનિશ્રી વિજયજી સ્થૂળ દેહે આજે આપણી વચ્ચે નથી પણ તેમનો અક્ષર દેહ, સાહિત્ય દેહ અમર છે.

(૨) ગ્રંથનો વિગતે વિષય :

ભગવતી સૂત્ર એટલે જ્ઞાનનો, પ્રશ્નોત્તરનો ઊછળતો મહાસાગર. આ સૂત્રના મુખ્ય બે વિષય છે. પરમાણુપદ અને કર્મવાદ.

પોતાના અહંકારને કારણે જ ઈંદ્રભૂતિ મહાવીર સ્વામીને એક પણ પ્રશ્ન નહોતા પૂછી શક્યા તે જ ઈંદ્રભૂતિએ મહાવીર પ્રભુને સમર્પિત થઈ અનેક પ્રશ્નોની સચોટ ધારા વહાવી. તેમાંથી મુખ્ય કર્મવાદ પર આધારિત આયુષ્ય બંધ વખતે બંધાતા છ બોલ આદિના

પ્રશ્નો અહીં મુખ્ય છે.

રસમય પ્રશ્નોત્તર શૈલીની પોતાની સ્વતંત્ર આગવી મહત્તા છે. આ શૈલીમાં વિષયનો બોધ અત્યંત સુલભ બની જાય છે. વિજ્ઞાન How અને Why આ બે સૂત્રોને લઈને વસ્તુના અંતર સુધી પ્રવેશ કરે છે. પાશ્ચાત્ય તત્ત્વચિંતક સોક્રેટીસની પ્રશ્નપદ્ધતિનું અત્રે સ્મરણ થયા વગર રહેતું નથી. આજની નવી શિક્ષણ તાલીમ પદ્ધતિમાં શિક્ષક પ્રશ્નોત્તર પદ્ધતિ દ્વારા વિષયના હાર્દ સુધી છાત્રોને પહોંચાડે છે. આ ગૌતમ-પૃચ્છામાં પ્રશ્નકર્તા ગૌતમ સ્વામી છે અને ઉત્તરદાતા ખુદ સર્વજ્ઞ મહાવીર પ્રભુ છે એટલે આ પદ્ધતિને વિશેષ ગૌરવ મળ્યું છે અને વિષયનું તલસ્પર્શી જ્ઞાન બાળજીવોને મળે છે.

આપણને પ્રશ્ન થાય છે કે ચાર જ્ઞાનના ધણી એવા ગૌતમસ્વામી પોતે બધું જાણતા હોવા છતાં શા માટે પ્રશ્નો પૂછે છે? કારણ ગૌતમ માને છે કે ભગવાન પોતાથી વિશેષ છે. વળી પોતાના જ્ઞાન પર ભગવાનના સહી-સિક્કા થઈ જાય, સ્ટેમ્પ મરાઈ જાય તો જ પોતાના જ્ઞાનના ચેકની કિંમત. વળી તીર્થંકરની વાણીનો અતિશય પ્રભાવ પડે–સૌ સૌની ભાષામાં સૌ સમજી જાય–ખરેખર ગૌતમ સ્વામીએ અબુધ જીવોને બોધ પમાડવા માટે પ્રભુને પ્રશ્નો પૂછી જગત પર ઉપકાર કર્યો છે.

આ ગ્રંથમાં પૂર્વાચાર્ય રચિત મૂળ ૬૪ ગાથાઓ છે. ૧ થી ૧૦ ગાથામાં મંગળાચરણ અને ગૌતમે પૂછેલા ૪૮ પ્રશ્નો છે. ગાથા ૧૧ થી ૬૪માં મહાવીરે આપેલા ઉત્તરો છે.

પ્રશ્ન ૧ : હે ભગવાન જીવ નરકે કેમ જાય છે?

ઉત્તર ૧: ભગવાને ઉત્તર આપતાં ચાર ગતિનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે પોતાના કર્માનુસાર જીવ ચાર ગતિમાં જાય છે. પાંચ અણુવ્રતોનો વિરાધક. અતિશય ક્રોધી, માયાવી, લોભી, રૌદ્ર સ્વભાવી, કૃતઘ્ની જીવ નરકે જાય.

સાર : હિંસા દુ:ખની ખાણ છે, લોભ પાપનો બાપ છે, દુર્ગતિનો દરવાજો છે.

પ્રશ્ન ૨: જીવ સ્વર્ગે કયા કારણથી જાય છે?

ઉત્તર ૨: તપ, સંયમ, દાનની રુચિવાળો, રત્નત્રયનો આરાધક, અત્યંત શ્રદ્ધાવંત, ભદ્ર, સરળ પરિણામી દેવલોકે જાય છે.

સાર : રત્નત્રયમાં અજોડ નિષ્ઠા રાખો. ભૂલનો એકરાર કરી માફી માગો. સરળ બનો.

પ્રશ્ન ૩, ૪ : કયા કર્મે જીવ તિર્યંચ બને? મનુષ્ય થાય?

ઉત્તર ૩, ૪ : જે જીવ નિર્દયી, માયાવી, મિત્રદ્રોહી હોય તે મરીને તિર્યંચ થાય. સરળ સ્વભાવી, નિરાભિમાની, મંદ કષાયી, સંતોષી, અલ્પ પરિગ્રહી, દેવ, ગુરુ, ધર્મનો ભક્ત મરીને મનુષ્ય થાય.

સાર : બુદ્ધિની વક્રતા છોડી સરળ બનો.

પ્રશ્ન ૫ : પુરુષ મરીને સ્ત્રી શાથી થાય? સ્ત્રી મરીને પુરુષ શાથી થાય?

ઉત્તર ૫ : ચપળ સ્વભાવી, મૂર્ખ, કદાગ્રહી, વિશ્વાસઘાતી પુરુષ મરીને સ્ત્રી થાય. સંતોષી, વિનયવાદી સ્ત્રી મરીને પુરુષ થાય.

સાર : જૂઠું ન બોલો. આળ ન ચડાવો.

પ્રશ્ન ૭ : કયા કર્મથી જીવ નપુંસક થાય?

ઉત્તર ૭ : જે પુરુષ પશુઓને નિર્લાંછન કરે (પુરુષ ચિહ્નથી રહિત કરે તેમના કાન, ગલકંબલ વગેરે અવયવો છેદે, જીવહિંસા કરે તે પુરુષ મરીને નપુંસક થાય.)

સાર : નિષ્ઠુરપણે પશુઓના અંગો કાપવા તે કડવી તુંબીમાં ઝેરનો વઘાર કરવા જેવું છે.

પ્રશ્ન ૮ : કયા કારણથી જીવ અલ્પ આયુષ્ય વાળો થાય છે?

ઉત્તર ૮ : નિર્દયી, જીવહિંસા કરનાર, પરલોકમાં ન માનનાર, સંક્લેશ પરિણામી અલ્પ આયુષી થાય.

સાર : જીવહિંસા, કામવાસનાથી દૂર રહો.

પ્રશ્ન ૯ : કયા કર્મના ઉદયથી જીવ પરભવે દીર્ઘ આયુષી થાય છે?

ઉત્તર ૯ : દયાળુ અને બીજાને અભયદાન આપનાર, પરભવે દીર્ઘાયુષી થાય.

સાર : નિષ્કપટ ભાવે જીવદયા પાળો અને પરભવે લાંબુ આયુષ્ય ભોગવો.

પ્રશ્ન ૧૦, ૧૧ : કયા કર્મથી જીવ અભોગી અને કયા કર્મથી ભોગી, મહાસુખી થાય?

ઉત્તર ૧૦, ૧૧ : દાન ન આપનાર, દાન આપીને પસ્તાવો કરનાર, બીજાને દાન આપતાં રોકનાર ભોગ-સુખ વિનાનો થાય. ઉલ્લસિત ભાવે સુપાત્રે દાન આપનાર ભોગ સુખવાળો થાય.

સાર : દાન આપો – નાદાન ન બનો.

પ્રશ્ન ૧૨, ૧૩ : કયા કર્મના ઉદયથી જીવ સૌભાગી લોકપ્રિય થાય છે અને કયા કર્મે જીવ દુર્ભાગી થાય છે?

ઉત્તર ૧૨, ૧૩ : જે દેવ ગુરુ, સાધુનો વિનય કરે, કટુ વચન ન બોલે તે દર્શનીય થાય છે. અહંકારી, દેવ-ગુરુ-સાધુની નિંદા કરે, પરને પીડે તે દુર્ભાગી થાય.

સાર : પરગુણની અનુમોદના, સ્વદોષની ગર્હા કરો.

પ્રશ્ન ૧૪, ૧૫ : કયા કર્મે જીવ બુદ્ધિશાળી અને કયા કર્મે દુર્બુદ્ધિ/મૂર્ખ બને?

ઉત્તર ૧૪, ૧૫ : શ્રુતજ્ઞાનની ભક્તિ કરનાર, શાસ્ત્રોનું પઠન-પાઠન, કરનાર-કરાવનાર બુદ્ધિશાળી થાય. તપસ્વી જ્ઞાની ગુરુની નિંદા કરનાર તે બુદ્ધિ વગરનો થાય.

સાર : ભણે, ભણાવે જ્ઞાન તે થાય નિર્મળ બુદ્ધિ, નિંદક બને દુર્બુદ્ધિ.

પ્રશ્ન ૧૬, ૧૭ : કયા કર્મથી જીવ પંડિત થાય? કયા કર્મથી મૂરખ થાય?

ઉત્તર ૧૬, ૧૭ : વડીલોની સેવા કરનાર, તત્ત્વોનો જિજ્ઞાસુ,

શ્રુતજ્ઞાનની ભક્તિ કરે, તે મરીને પંડિત થાય. જે બીજાને કહે, 'જીવોને મારો, માંસ-મદિરાનું ભક્ષણ કરો.' તે મૂર્ખ-મૂંગો થાય.

સાર : શ્રુત સેવા કરો, દેવગુરુ ધર્મના અવર્ણવાદ ન બોલો.

પ્રશ્ન ૧૮, ૧૯ : જીવ ધીર, સાહસિક શાથી થાય? જીવ બીકણ શાથી થાય?

ઉત્તર ૧૮, ૧૯ : જે બીજાને ત્રાસ ન આપે, માનવસેવા અને પરોપકાર કરે તે ધીર-સાહસિક બને. જે પશુ-પક્ષીને પાંજરે પૂરે, ત્રાસ આપે તે બીકણ થાય.

સાર : જીવનમાં અભય માણવા, પરાક્રમી બનવા બીજાને અભય આપો.

પ્રશ્ન ૨૦ : કયા કર્મને લીધે જીવની ભણેલી વિદ્યા નિષ્ફળ જાય?

ઉત્તર ૨૦ : જે ગુરુ પાસે કપટથી ભણે, ગુરુનું નામ છુપાવે તેની વિદ્યા નિષ્ફળ જાય.

સાર : જ્ઞાનદાતા ગુરુનો આભાર માનો.

પ્રશ્ન ૨૧ : કયા કર્મને લીધે ભણેલી વિદ્યા સફળ થાય?

ઉત્તર ૨૧ : ગુરુનો વિનય કરવાથી ભણેલી વિદ્યા સફળ થાય.

સાર : વિનય–નમ્રતા મહત્તાનો પાયો છે.

પ્રશ્ન ૨૨, ૨૩ : કયા કર્મથી માણસનું દ્રવ્ય નાશ પામે છે? કયા કર્મથી માણસને લક્ષ્મી આવી ફરી મળે છે?

ઉત્તર ૨૨, ૨૩ : દાન આપી પસ્તાવો કરનારની લક્ષ્મી ચાલી જાય. શક્તિ અનુસાર સુપાત્રે દાન આપનારને બીજા ભવે લક્ષ્મી ફરી મળે.

સાર : દાન આપો-અપાવો.

પ્રશ્ન ૨૪ : કયા કર્મથી લક્ષ્મી મળીને સ્થિર થાય?

ઉત્તર ૨૪ : ગમતી વસ્તુ સાધુને ઉત્કટ ભાવે વહોરાવે, પછી પણ મનમાં રાજી થાય તેની લક્ષ્મી સ્થિર થાય.

સાર : સુપાત્રે દાનમાં શૂરાતન કેળવો.

પ્રશ્ન ૨૫, ૨૬ : કયા કર્મથી કોઈ વ્યક્તિનો પુત્ર જીવતો નથી? કયા કર્મને લીધે જીવ ઘણા પુત્રવાળો થાય છે?

ઉત્તર ૨૫, ૨૬ : પશુ, પક્ષી અને મનુષ્યના બાળકનો વિયોગ કરનારને ત્યાં પુત્ર જીવે નહિ. પરમ દયાવાન વ્યક્તિને પરભવે ઘણા પુત્રો થાય.

સાર : ધર્મથી સંતાન મળે ને છેવટે અવ્યાબાધ શિવસુખ મળે.

પ્રશ્ન ૨૭, ૨૮ : કયા કર્મથી જીવ બહેરો થાય? કયા કર્મથી જન્માંધ થાય?

ઉત્તર ૨૭, ૨૮ : સાંભળ્યું ન હોય છતાં કહે મેં સાંભળ્યું છે, એમ ગપ મારે. જોયું ન હોય છતાં નિશ્ચયથી મેં જોયું છે એમ કહે તે અનુક્રમે બહેરા અને જન્માંધ થાય.

સાર : ઈંદ્રિયોનો દુરુપયોગ ન કરો.

પ્રશ્ન ૨૯ : કયા કર્મને લીધે ખાધેલું અન્ન પચે નહિ?

ઉત્તર ૨૯ : જાણી જોઈને સંતોને બગડેલું, અશુદ્ધ ભોજન વહોરાવે તેને ખાધેલું અન્ન પચે નહિ.

સાર : રોહિણી વ્રત કરો. શુદ્ધ ભાવે વહોરાવો.

પ્રશ્ન ૩૦ : કયા કર્મથી જીવ કોઢી થાય?

ઉત્તર ૩૦ : જે વનને બાળે, મધપુડા પાડે, વગર કારણે વનસ્પતિ તોડે તે કોઢિયો થાય.

સાર : બે ઘડીની મોજ માટે ના હણો અન્ય જીવોને, રક્ષા કરો.

પ્રશ્ન ૩૧ : કયા ક્રમને લીધે જીવ કુબડો થાય?

ઉત્તર ૩૧ : પશુઓ પર ગજા ઉપરાંતનો ભાર ભરનાર જીવ કુબડો થાય.

સાર : માઠાં કર્મના માઠાં ફળ.

પ્રશ્ન ૩૨ : કયા કર્મને લીધે જીવને દાસત્વ પ્રાપ્ત થાય છે?

ઉત્તર ૩૨ : જાતિ મદ કરનાર., પશુ-પક્ષીનો ક્રય-વિક્રય કરનાર, કૃતઘ્ની પરભવે દાસત્વ પામે.

સાર : પુણ્યોદયથી મળેલ જાતિ-કુળનો મદ ન કરો.

પ્રશ્ન ૩૩ : કયા કર્મને લીધે જીવ દરિદ્રી બને?

ઉત્તર ૩૩ : ચારિત્ર, દાન, ધર્મ, વિનય રહિત અને મન-વચન-કાયાના દંડ સહિત હોય તે દરિદ્રી થાય.

સાર : બાવળ વાવી, કેરીની આશા ન રાખો.

પ્રશ્ન ૩૪ : કયા કર્મને લીધે જીવ ઋદ્ધિવાળો થાય છે?

ઉત્તર ૩૪ : દાનેશ્વરી, વિનયી, ગુણવાન જીવ મરીને ઋદ્ધિવાન થાય.

સાર : દયા અને દાન બે છે પવન પાહુડા–જે મોક્ષે લઈ જાય.

પ્રશ્ન ૩૫, ૩૬ : કયા કર્મને કારણે જીવ રોગી થાય? નીરોગી થાય?

ઉત્તર ૩૫, ૩૬ : વિશ્વાસઘાતી, શુદ્ધ આલોચના ન કરનાર રોગી થાય. જે ગુરુ પાસે સર્વ પાપની આલોચના કરે, આપેલ પ્રાયશ્ચિત્ત પૂર્ણ કરે તે નીરોગી બને.

સાર : પાપને પ્રકાશો–ઢાંકવાથી પાપ વધે.

પ્રશ્ન ૩૭ : જીવ હીન અંગવાળો શાથી થાય?

ઉત્તર ૩૭ : કપટી પુરુષ, ખોટા માપ તોલા અને ભેળસેળ કરેલી વસ્તુનો વેપાર કરનાર, માયા-કપટ કરનાર હીન અંગવાળો મનુષ્ય થાય.

સાર : ખોડખાંપણવાળું શરીર ન ગમે તો તેના કારણરૂપ કપટ ન કરો.

પ્રશ્ન ૩૮, ૩૯ : કયા કર્મને લીધે જીવ મૂંગો થાય? ઠૂંઠો થાય?

ઉત્તર ૩૮, ૩૯ : શીલવાન-ગુણવાન સાધુની નિંદા કરનાર મૂંગો થાય. સાધુને પગથી પ્રહાર કરનાર ઠૂંઠો થાય છે.

સાર : ઈંદ્રિયોનો સદુપયોગ કરો.

પ્રશ્ન ૪૦ : કયા કર્મથી જીવ પાંગળો થાય છે?

ઉત્તર ૪૦ : નિર્દયતાથી પશુ પર વધુ ભાર કરનાર, પશુના નાક-

કાન છેદનાર પાંગળો થાય છે.

સાર : જીવદયા વગરનું જીવન પશુથી બદતર છે.

પ્રશ્ન ૪૧, ૪૨ : કયા કર્મથી જીવ સુરૂપ થાય? કયા કર્મથી કુરૂપ થાય?

ઉત્તર ૪૧, ૪૨ : છત્રના દંડની જેમ સીધો સરળ સ્વભાવી, દેવ-ગુરુ-ધર્મનો ભક્ત સુરૂપ થાય. પાપી, દ્વેષી, નિંદક જીવ કુરૂપ થાય.

સાર : સરળતા ત્યાં શુભ નામ કર્મ.

પ્રશ્ન ૪૩ : કયા કર્મથી જીવ વેદનાયુક્ત જીવન ભોગવે છે?

ઉત્તર ૪૩ : પ્રાણીઓને હાથ વડે કે લાકડી, દંડ, ભાલાથી મારે તે વેદનાયુક્ત જીવન ભોગવે.

સાર : જેવા બીજ વાતો તેવા ઝાડ ઊગે.

પ્રશ્ન ૪૪ : કયા કર્મે જીવ વેદનામુક્ત થાય?

ઉત્તર ૪૪ : બીજાને બંધનમુક્ત કરનારને બીજા ભવે વેદનામુક્ત જીવન મળે.

સાર : જીવ દયા રાખો, પરને છેતરો નહિ.

પ્રશ્ન ૪૫ : કયા કર્મે પંચેન્દ્રિય જીવ એકેન્દ્રિય પણું પામે?

ઉત્તર ૪૫ : મોહનીય કર્મના તીવ્ર ઉદયથી, કુટુંબની અતિશય મૂર્ચ્છા રાખનાર શાતાવેદનીય કર્મ થોડું હોય તે એકેન્દ્રિય પણું મેળવે.

સાર : મારું-મારું કરવાથી મારું (આતમધન) ચાલ્યું જાય છે.

પ્રશ્ન ૪૬, ૪૭ : કયા કર્મથી જીવનો સંસાર વધે-શ્રદ્ધાવંતનો પરિત થાય.

ઉત્તર ૪૬, ૪૭ : નાસ્તિકનો સંસાર વધે-શ્રદ્ધાવંતનો પરિત થાય.

સાર : ધર્મ-કર્મ-નવ તત્ત્વનો અનાદર ન કરો. સ્વીકાર કરો.

પ્રશ્ન ૪૮ : કયા કારણથી જીવ સંસાર સમુદ્ર તરી મોક્ષનગરી પહોંચે છે?

ઉત્તર ૪૮ : નિર્મળ, સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો મોક્ષે જાય.

સાર : લેવા જેવા સંયમની ઝંખના કરો. છોડવા જેવા સંસારમાં લીન ન બનો. જીવનની સાર્થકતા ધર્મ-આરાધનામાં છે–આ આપણું જીવનસૂત્ર બનો. ખરેખર ક્રમશઃ સોપાન ચઢતાં આ છેલ્લા પ્રશ્ને અંતિમ સોપાને પહોંચાડી દીધા. છેલ્લી બે ગાથામાં ગ્રંથકર્તા જણાવે છે કે પાપ-પુણ્યના ફળ વિશે ગૌતમે જે પ્રશ્નો પૂછ્યા તેના ઉત્તરો વીર પ્રભુએ આપ્યા. ભવ્ય જીવો! તે વાંચી, ચિંતન કરી ધર્મ-અધર્મના ફળ પ્રગટપણે વિચારી ધર્મ આદરજો. છેલ્લે ગ્રંથકાર કહે છે ૪૮ પ્રશ્નો અને ૬૪ ગાથા રૂપ આ ગૌતમ-પૃચ્છા ગ્રંથ ગંભીર અર્થથી ભરપૂર છે. જે પૂર્વાચાર્ય ભગવંતે કહ્યો છે.

(૩) ગૌતમ-પૃચ્છા ગ્રંથનું એ સમય-કાળમાં જૈનધર્મ અને સાહિત્યમાં સ્થાન

સાહિત્ય એ તત્કાલીન સમાજનું દર્પણ છે અને તેની દીવાદાંડી પણ છે. તે સમયની રાજકીય, સામાજિક, ન્યાયવિષયક કે આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ આ ગ્રંથના કથાનકોમાંથી મળે જ છે. વળી આ ગ્રંથનો જૈન ધર્મ અને સાહિત્ય પર ઘણો પ્રભાવ છે. જૈન ધર્મનો કર્મવાદ અતિ સૂક્ષ્મ છે. વિશ્વની તમામ વિસંગતિનું મૂળ કર્મસિદ્ધાંત છે. સામાન્ય કક્ષાની બાળજનતાને કર્મવાદની ઊંડી વિચારણામાં રસ નથી હોતો. છતાં એટલી જિજ્ઞાસા જરૂર હોય છે કે ખુલ્લી આંખે દેખાતી વિસંગતિ, સારું-નરસું શાને આભારી છે, તે માટે યથાયોગ્ય કાર્ય કરવા, આરાધના કરવા તેમનું મન તૈયાર હોય છે, તે બાળજીવો માટે આ ગ્રંથ મહત્ત્વનો ગ્રંથ છે.

'કડણ કમ્મ ન મોક્ખ અત્થિ' કર્મવાદની આ ફિલૉસોફી અત્યંત સરળ પ્રશ્નોત્તર શૈલી, રસમય કથાનકોથી અહીં કરી છે.

આ ગ્રંથનું જૈન સાહિત્યમાં એક આગવું સ્થાન છે, કારણ જૈન ધર્મ અતિ પ્રાચીન છે, છતાં એના સિદ્ધાંતોથી ઘણા ઓછા લોકો પરિચિત છે. જૈનધર્મને સમજી શકાય અને સર્વ સાધારણને ઉપયોગી એવું સાહિત્ય-સર્જન બહુ ઓછું છે, ત્યારે આ ગ્રંથ બહુ ઉપયોગી થઈ પડે એવો છે. આ ગ્રંથનું વારંવાર પુનર્મુદ્રણ અને આવૃત્તિઓ એ તેના પ્રભાવની, ઉપયોગિતાની, લોકપ્રિયતાની અને આદરણીયતાની સાબિતી છે.

સમાલોચના, મહાનુભાવોના અભિપ્રાય-લેખકનું ચિંતન વગેરે:

મુનિશ્રી યશોવિજયજી ત્રીજી આવૃત્તિના પુનર્મુદ્રણ પ્રસંગે લખે છે: ' આ ગ્રંથ જીવનમાં ઉત્પન્ન થતી અનેક શંકાવાળી બાબતોમાં મૂળભૂત કારણો દર્શાવે છે, અને વિષમ સમસ્યાઓ હલ કરવામાં સમાધાન પણ આપે છે. આ કારણે આધિદૈવિક કે આધ્યાત્મિક દર્દો મિટાવવા આ ગ્રંથ એક અનુભવી આધ્યાત્મિક ડૉક્ટર જેવો છે.'

મુનિશ્રી મિત્રાનંદ વિજયજી લખે છે: 'આ 'ગૌતમ-પૃચ્છા'ને મનોવિજ્ઞાન, માનસશાસ્ત્રના નિયમોના પાલન અને ખંડનથી આવતા સારા નરસાં પરિણામોની પારાશીશી કહેવામાં હરકત નથી.' ચોમાસા દરમિયાન બપોરે સામાયિક કરવા આવતાં અનેક આબાલ–વૃદ્ધોને 'ગૌતમ-પૃચ્છા' વાંચી અખૂટ રસ અનુભવતાં અજ્ઞાનવશ આચરેલા પાપોના પશ્ચાત્તાપ કરતાં જોયાં છે, જીવનમાં કેળવેલી પાપ બુદ્ધિને ધિક્કારતા નિહાળ્યા છે.

પાપને પંથે ચઢેલો માનવી જો 'ગૌતમ-પૃચ્છા' વાંચે તો તેને આ ગ્રંથ પ્રાયઃ કાંઈને કાંઈ અસર કર્યા વિના નહીં રહે. અરે! ઘણાને આ ગ્રંથ માની હૂંફ જેવો પણ લાગશે.

આ ગ્રંથ સાધુ સાધ્વી માટે વ્યાખ્યાનમાં ઉપયોગી છે. શ્રાવક–શ્રાવિકા માટે ગુરુ મહારાજ જેવો છે. કથાઓ યાદ રાખી પ્રસંગોપાત કહેવાથી સુંદર વાતાવરણ સર્જી શકે એમ છે. પ્રત્યેક જૈને આ ગ્રંથ વાંચવો જોઈએ અને જૈનેતરોને વંચાવવો જોઈએ.

અંતમાં આ ગ્રંથ સૌ વાચકના જીવનમાં પ્રકાશ પાથરે, ઉનાળાની ભરબપોરે થાકેલા સંસારયાત્રીઓને સુકૃતની આ પરબ પોતાના શીતળ જળથી શાતા પમાડે એજ અભ્યર્થના. ✷ ✷ ✷

મોબાઈલ : ૯૮૧૯૮૨૨૬૨૦૬. ટેલિ. ૦૨૨ ૨૫૦૦૧૬૩૩

તત્ત્વાર્થ સૂત્ર

□ ઈલાબેન શાહ

લેખિકા જૈન ધર્મના અભ્યાસી અને પ્રચારક છે.

કુશાગ્ર બુદ્ધિના ધણી, વિસ્તૃત આગમિક વિષયોનું સંક્ષિપ્તમાં સંકલન કરવાવાળા, 'વાચકવય' બિરુદ ધારણ કરવાવાળા શ્રીમાન ઉમાસ્વાતિ રચિત 'તત્ત્વાર્થ સૂત્ર' માટે લખવું કે કહેવું મારા જેવા અલ્પબુદ્ધિવાળા માટે મુશ્કેલ છે એટલા માટે આ લખાણ એક પ્રયાસ છે. 'अल्पाक्षरेर्बह्वर्थान् सूत्रयतीति सूत्रं' આ વ્યુત્પત્તિ તત્ત્વાર્થ સૂત્ર માટે સર્વથા ઉચિત છે. શ્રી ઉમાસ્વાતિએ આગમશાસ્ત્રોનું દોહન કરીને લગભગ સર્વ વિષયોનો સમાવેશ તત્ત્વાર્થસૂત્રમાં નાના નાના સૂત્રો દ્વારા ૧૦ અધ્યાયોમાં કર્યો છે. તત્ત્વાર્થસૂત્ર અને એના રચયિતા ઉમાસ્વાતિ બધા જ જૈન સંપ્રદાયોમાં ભક્તિ અને બહુમાનપૂર્વક સ્વીકાર્ય છે. કારણ કે શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયોના સન્માનિત આચાર્યોએ એના પર ટીકા લખી છે. શ્રી ઉમાસ્વાતિનો કાર્યકાળ વિક્રમની બીજી શતાબ્દી માનવામાં આવે છે. પરંતુ સત્યસંપૂર્ણ એવી ઐતિહાસિક સામગ્રી ઉપલબ્ધ નથી. ઘણાં વિદ્વાનો એમનો કાર્યકાળ વિક્રમની પાંચમી શતાબ્દી પહેલાં માને છે. એમનો જન્મ શૈવધર્મી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમના માતાજીનું નામ ઉમા અને પિતાજીનું નામ સ્વાતિ હતું તેથી ત્યારના પ્રચલિત રિવાજ પ્રમાણે એમનું નામ ઉમાસ્વાતિ રાખવામાં આવ્યું. કદાચ બ્રાહ્મણ પરિવારના હોવાને લીધે સંસ્કૃત એમને જીભને ટેરવે હતી. લગભગ બધા આગમિક વિષયોનું સૂક્ષ્મ અવલોકન કરી વિધ વિધ તાત્ત્વિક વિષયોના અવતરણ તત્ત્વાર્થ સૂત્રમાં સંસ્કૃત ભાષામાં કર્યા. શ્રી ઉમાસ્વાતિને સંસ્કૃત ભાષાના 'પ્રધાન સંગ્રાહક' (આદ્યલેખક) માનવામાં આવે છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી આપને 'સંગ્રહકાર' તરીકે ઉચ્ચતમ સ્થાન ઉપર બિરાજમાન કરે છે. સંસ્કૃત ભાષાનું ચલન પ્રાચીન સમયમાં હશે કારણ કે દ્વાદશઅંગ – દૃષ્ટિવાદના તૃતીય ભેદરૂપ ચૌદ પૂર્વ કહેવાય છે જે સંસ્કૃતમાં હતાં એવું જૈન શાસ્ત્રોમાં લખ્યું છે. ચાર મૂલ સૂત્રમાંનો એક 'અનુયોગદ્વાર' પણ પ્રાકૃત અને સંસ્કૃતમાં હોવાનો ઉલ્લેખ છે.

શ્રી ઉમાસ્વાતિના પરિચયમાં કહેવાનું કે, પૂર્વે વાચકવંશ વિદ્યમાન હતો જે વિદ્યાપ્રિય હોવાથી આગમિક શાસ્ત્રોના અધ્યયન અને કંઠસ્થ કરવા પશ્ચાત્ એના પઠન-પાઠનમાં તલ્લીન રહેવાવાળો હતો. આ વાચકવંશ શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયમાં ઉદ્‌ભવતા તીવ્ર મતભેદો વખતે તટસ્થ રહીને આગમિક પરંપરાને સંપૂર્ણ સમર્પિત હોવાનું કથન પટ્ટાવલીમાં મળે છે. આવશ્યક વૃત્તિમાં વાચકવંશને નમસ્કાર કરતાં લખાયું છે 'एक्कारसवि गणहरे, पवायए पवयणस्स वंदामि। सव्वं गणहरवंस, वायगवंस पवयणं च' ।। તત્ત્વાર્થસૂત્ર પર અનેક ટીકા લખાઈ છે પરંતુ વિદ્વાન આચાર્યગણ ભાષ્યના રચયિતા તરીકે સ્વયં ઉમાસ્વાતિને જ માને છે. કારણ કે ભાષ્યની રચના મૂળ ગ્રંથને અનુલક્ષીને લખાઈ છે. કારણ કે અંતમાં લખેલી પ્રશસ્તિમાં ઉમાસ્વાતીના ગુરુ, પ્રગુરુનું વર્ણન મળે છે. (સ્થળ સંકોચના કારણે પ્રશસ્તિ અહીં આપી નથી) શ્રી ઉમાસ્વાતિના એકદશાંગધારક 'ઘોષનંદી' નામે ગુરુ તથા વાચક મુખ્ય 'શિવશ્રી' નામે પ્રગુરુ હતા. મહાન કીર્તિવર્ય મહાવાચક 'શ્રી મુંડપાદ' ક્ષમણના શિષ્ય વાચકાચાર્ય 'મૂલ' પાસેથી શ્રી ઉમાસ્વાતિએ આગમવાચના પ્રાપ્ત કરી હતી. શ્રી ઉમાસ્વાતિના કુસુમપુરમાં રહેવાવાળા 'કૌભીષણ' ગોત્રવાળા માતા-પિતા હતા જેમના સુપુત્રે વીતરાગવાણીને હૃદયમાં ધારણ કરીને સંસારી જીવોની મુક્તિ માટે તત્ત્વાર્થસૂત્રની રચના કરી.

શ્રી તત્ત્વાર્થસૂત્રની અનેક હસ્તપ્રતો ઉપલબ્ધ છે. પરંતુ મૂળ પ્રતનું નિરૂપણ કરવું મુશ્કેલ છે. તત્ત્વાર્થસૂત્રની ભાષ્ય સાથે, ભાષ્ય વગરની પ્રતો ભારતની જે જે સંસ્થાઓમાં ઉપલબ્ધ છે એમાંની છે 'એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ-અમદાવાદ', હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર-પાટણ, લીંબડી જૈન જ્ઞાનમંદિર–લીંબડી અને ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ–પુના છે. વિ. સં. ૧૩૦૩માં તાડપત્ર ઉપર લખાયેલી હસ્તપ્રતની બે આવૃત્તિઓ પાટણમાં ઉપલબ્ધ છે જે અત્યંત ક્ષીણ અવસ્થામાં છે અને કોઈ પણ ક્ષણે ટુકડાઓમાં પરિવર્તિત થઈ શકે છે. બાકીની પ્રતો કાગળ ઉપર લખાયેલી જે, ૧૬ થી લઈને ૨૦મી શતાબ્દિ સુધીની છે. ગુજરાતમાં મળતી પ્રતો મુખ્યતયા શ્વેતાંબર પરંપરાને અનુરૂપ છે જ્યારે ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ–પુનાની પ્રતો દિગંબર પરંપરાને અનુરૂપ છે. પાટણના સંઘવી પાડામાં સ્થિત કૃતિ તાડપત્ર પર લખાયેલી છે જે શ્વેતાંબર પરંપરાને અનુરૂપ છે પણ એમાં દિગંબર પરંપરા અનુસાર ત્રીજા અધ્યાયનો સમાવેશ કરવામાં આવ્યો છે. કદાચ લેખકે આવી સ્વતંત્રતા લઈ લીધી હશે.

શ્રી તત્ત્વાર્થસૂત્ર ઉપર અનેક વિવરણ લખાયા છે જેમાંથી ચાર વિવરણ જે અત્યારે ઉપલબ્ધ છે, જેનું જૈન તત્ત્વદર્શનમાં બહુ મહત્ત્વ છે, એમાંના ત્રણ દિગંબર છે જેની રચના દિગંબર વિદ્વાનોએ કરી છે અને એક શ્રી ઉમાસ્વાતિએ પોતે લખ્યું છે જેનું ઐતિહાસિક મૂલ્ય છે. અહીં એક વાત ધ્યાનાકર્ષક છે કે મૂલતઃ સૂત્ર એક જ પણ સંપ્રદાય ભેદના લીધે બે પ્રવાહ બન્યા–શ્વેતાંબર જે ભાષ્યની ખૂબ જ નજીક છે એ 'ભાષ્ય માન્ય' અને દિગંબરોના સર્વાર્થસિદ્ધિથી સામ્યતા રાખવાવાળો 'સર્વાર્થસિદ્ધિ' માન્ય. બંનેમાં મુખ્ય ત્રણ ભેદ છે-

(૧) સૂત્રોની સંખ્યા 'ભાષ્ય' માન્યમાં ૩૪૪ છે અને 'સર્વાર્થસિદ્ધિ' માન્યમાં ૩૫૭ છે. (૨) સૂત્રોની સંખ્યાભેદ હોવા છતાં પણ અર્થભેદ નથી સિવાય કે દેવલોક (શ્વેતાંબર ૧૨ દિગંબર ૧૬) કાળ અને હાસ્યનું પુણ્ય કર્મમાં સમાવેશ (૩) પૂજ્યપાદ દ્વારા લખેલ સર્વાર્થસિદ્ધિને એમના પછી થયેલ દિગંબર વિદ્વાનોએ માન્ય રાખ્યું. સર્વાર્થસિદ્ધિમાં ધ્યાનાકર્ષક વાત એ હતી કે પૂજ્યપાદે અન્ય દર્શનની માન્યતાનું ખુલ્લેઆમ ખંડન કર્યું હતું. જેમ કે મોક્ષમાર્ગ–સંલેખના-આત્મહત્યા નથી ઈત્યાદિ. સર્વાર્થસિદ્ધિની બીજી ખાસિયત એ હતી કે જ્યારે દક્ષિણમાં ત્રીજી વલ્લભી વાચનાને અમાન્ય કરવામાં આવી ત્યારે, ભાષ્ય આધારિત સર્વાર્થસિદ્ધિને અનેક નવી ટીપ્પણીઓ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યું, જે કદાચ સમયની માંગ હતી. એટલું જ નહીં પણ રાજવાર્તિક અને શ્લોકવાર્તિક માટે પણ ભૂમિકા તૈયાર કરવામાં આવી. આપણને આશ્ચર્ય થાય કે ભાષ્ય તથા વાર્તિક નામ કેમ પડ્યા હશે! પતંજલિનો વ્યાકરણ ગ્રંથ મહાભાષ્ય નામથી પ્રસિદ્ધ હતો. તેથી શ્રી ઉમાસ્વાતિએ પણ ભાષ્યના નામનો ઉપયોગ કર્યો. ભારતીય સાહિત્યમાં એક યુગ આવ્યો કે અનેક સંપ્રદાયમાં વાર્તિકના નામથી લખવામાં આવ્યું. એની અસર તત્ત્વાર્થ ઉપર લખાયેલા વિવરણ ઉપર પણ થઈ. શ્રી અકલંકનું તત્ત્વાર્થવાર્તિક જે પછીથી રાજવાર્તિકના નામથી મશહુર થયું અને શ્રી વિદ્યાનંદે શ્લોકવાર્તિક નામક ટીકા તત્ત્વાર્થસૂત્ર પર લખી જેની પ્રેરણા કુમારિલના શ્લોકવાર્તિકથી મળી. રાજવાર્તિક અને શ્લોકવાર્તિક નિશ્ચિત રૂપથી સ્વાર્થસિદ્ધિના ઋણી છે. છતાં પણ ગ્રંથની દૃષ્ટિએ બંને સર્વાર્થસિદ્ધિથી ચડિયાતા છે. રાજવાર્તિકની નવીનતા અને તેજસ્વીતા આપણને પ્રભાવિત કર્યા વગર રહેતી નથી. ભાષ્યનો ઉપયોગ દક્ષિણમાં પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિમાં, શ્રી અકલંકે રાજવાર્તિકમાં અને શ્રી વીરસેને ધવલામાં કર્યો છે પણ ત્યારબાદ ૧૨ મી સદીના શ્રી ભાષ્કરાનંદી અને શ્રી વિદ્યાનંદીએ એનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો નથી.

તત્ત્વાર્થસૂત્ર પર ટીકાકાર

(૧) શ્રી ઉમાસ્વાતિ – ભાષ્ય રૂપે

(૨) ગંધહસ્તી – આ અલંકાર છે જેનાથી શ્વેતાંબરમાં વૃદ્ધવાદીના શિષ્ય સિદ્ધસેન દિવાકર અને દિગંબરના શ્રી સમંતભદ્રને વિભૂષિત કરવામાં આવ્યા હતા. એમણે પણ ટીકા લખી છે. સિદ્ધસેને તો ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા લખી છે જે સહુથી મોટી છે.

(૩) શ્રી હરિભદ્ર – શ્રી હરિભદ્રની સાથે શ્રી યશોભદ્ર અને યશોભદ્રના અજ્ઞાત શિષ્ય, એ ત્રણેએ મળીને ટીકા લખી. (અત્યારે એ રીશભદેવ કેસરીમલ ટ્રસ્ટ-રતલામમાં ઉપલબ્ધ છે.)

(૪) શ્રી દેવગુપ્ત – શ્રી દેવગુપ્તે ભાષ્યની કારિકા પર ટીકા લખી.

(એટલા માટે ઉમાસ્વાતિનો કાર્યકાળ ભગવાન મહાવીર પછી ૪૭૧નો માનવામાં આવે છે. જે વીર સંવતની શરૂઆત પણ હતી. સહુથી પહેલી ટીકા સર્વાર્થસિદ્ધિ જે પૂજ્યપાદે લખી હતી, જે પાંચમી શતાબ્દીમાં થયા હતા.)

(૫) શ્રી મલયગીરી – શ્રી મલયગીરી ૧૨–૧૩ સદીના ખૂબ જ મોટા વિદ્વાન હતા પણ એમણે લખેલી ભાષ્ય પરની ટીકા મળતી નથી.

(૬) શ્રી ચિરંતનમુનિ – ૧૪મી શતાબ્દીમાં થયેલા આ અજ્ઞાત મુનિએ, જે શ્વેતાંબર હતા તત્ત્વાર્થ પર ટિપ્પણી લખી છે.

(૭) શ્રી વાચક યશોવિજયજી – એમણે લખેલા ભાષ્યની ટીકાનું પહેલું અપૂર્ણ અધ્યાય અત્યારે ઉપલબ્ધ છે.

(૮) શ્રી ગણિ યશોવિજયજી – એમના દ્વારા લખવામાં આવેલી ગુજરાતીમાં તબા–ટિપ્પણી ઉપલબ્ધ છે જેમાં બે વાતો ધ્યાનાકર્ષક છે. એમણે વાચક યશોવિજયજીની જેમ સર્વાર્થસિદ્ધિ પર ટિપ્પણી લખી અને પહેલીવાર ગુજરાતીમાં ટિપ્પણી લખાઈ.

(૯) શ્રી પૂજ્યપાદ – પાંચમી શતાબ્દિમાં થયેલ શ્રી પૂજ્યપાદે સર્વાર્થસિદ્ધિ નામક ટીકા લખી.

(૧૦) ભટ્ટ અકલંક – લગભગ સાતમી શતાબ્દીમાં થયેલ ભટ્ટ અકલંકે તત્ત્વાર્થ પર રાજવાર્તિક નામે ટીકા લખી.

(૧૧) શ્રી વિદ્યાનંદ – લગભગ ૯-૧૦મી શતાબ્દીના શ્રી વિદ્યાનંદે શ્લોકવાર્તિક નામક ટીકા લખી.

તત્ત્વાર્થસૂત્ર સદીઓથી અભ્યાસુઓ માટે એવો ગ્રંથ છે જેમાં આગમોનો સમગ્ર સાર અતિ સંક્ષેપમાં કહેવામાં આવ્યો છે. મોક્ષમાર્ગનું નિરૂપણ નવ અથવા સાત તત્ત્વોથી એ જૈન ઈતિહાસમાં શ્રી ઉમાસ્વાતિનો પહેલો પ્રયાસ હતો. જીવના કર્મબંધનથી સર્વથા મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરવાની પ્રરુપણા તત્ત્વાર્થસૂત્રમાં કરવામાં આવી છે. શ્રી ઉમાસ્વાતિએ ઉત્તરાધ્યાનના નવ તત્ત્વને સાત તત્ત્વોમાં સમાવિષ્ટ કરીને મોક્ષમાર્ગની કેડી બતાવી છે. તત્ત્વાર્થસૂત્રના બીજાથી સાતમા અધ્યાયમાં સાત તત્ત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે જ્ઞાનને પ્રથમ અધ્યાયમાં જ લેવામાં આવ્યું છે કારણ કે 'જ્ઞાન' 'તત્ત્વ'ના વર્ગમાં નથી આવતો. બીજાથી પાંચમા અધ્યાયમાં ચૌદ રાજલોક, એના ઉર્ધ્વ, મધ્ય અને તિરછો એમ ત્રણ ભાગ, કર્માનુસાર જીવની ગતિ અને જન્મ, શરીર અને ઈન્દ્રિયની રચના, એમની ખાસિયત આદિ સાંસારિક જીવોનું વર્ણન છે. જંબુદ્વિપના વચ્ચે મેરુપર્વત, એનો વિસ્તાર, મનુષ્યોનો નિવાસ, દેવતાઓના નિવાસ, એમની લેશ્યાઓ, આયુષ્ય ઈત્યાદિનું વર્ણન છે. આ અધ્યાયનો આધાર પન્નવણા, સ્થાનાંગ તથા જંબુદ્વિપપન્નતી છે. છઠ્ઠા અધ્યાયમાં આશ્રવ એના ભેદ, પ્રભેદ, પુણ્યપાપ, આશ્રવના કારણ અને એની આઠ મૂળ પ્રકૃતિઓનું વર્ણન છે. અહીં એ જાણવું રસપ્રદ છે કે આ અધ્યાય લખવા માટે શ્રી ઉમાસ્વાતિને વિષયની કોઈ તૈયાર સૂચિ ઉપલબ્ધ નહોતી.

સાતથી નવ તત્ત્વોનું વિવરણ બીજાથી દસમા અધ્યાયમાં કર્યું

છે જ્યારે જ્ઞાનમીમાંસાનું વિવરણ પ્રથમ પાંચમા અધ્યાયમાં છે. જ્ઞાનને પ્રાથમિકતા આપવાનું કારણ કે એમનું તત્ત્વોની સાથે નિરૂપણ કરવું શક્ય નહોતું. બીજું એનાથી બાકીના અધ્યાયોની તત્ત્વાર્થાધિગમ તરીકે સિદ્ધિ થાય છે. પ્રથમ અધ્યાયનો આરંભ 'સમ્યક્ દર્શન' શબ્દથી થાય છે. મિથ્યાત્વ અને અજ્ઞાનથી મુક્ત થઈ આત્માનો જ્ઞાન ગુણ પ્રગટ થાય છે જે જીવનું મૂળ સ્વરૂપ છે. જ્ઞાનને પ્રમાણ તરીકે સ્થાપવાનું શ્રેય પણ ઉમાસ્વાતિને જાય છે. અન્ય દર્શનોમાં ન્યાય અને પ્રમાણ વિષે ખૂબ લખાયું હતું તેથી શ્રી ઉમાસ્વાતિએ પણ જૈનદર્શનમાં પ્રચલિત પાંચ જ્ઞાનને પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપ આપીને એને જ પ્રમાણ તરીકે માન્યતા અપાવી. જ્ઞાનની પરિભાષા કરતાં પ્રથમ અધ્યાયના ૯મા સૂત્રમાં કહે છે– 'मति-श्रुतावधि-मनः पर्याय-केवलानि ज्ञानम्' અને પછી ૧૦મા સૂત્રમાં એને જ પ્રમાણનું બિરૂદ આપતા કહે છે 'तत्प्रमाणे'. પ્રથમ બે જ્ઞાન પરોક્ષ પ્રમાણ છે અને બાકીના ત્રણ પ્રત્યક્ષ પ્રમાણ છે. આમ જ્ઞાન ને પ્રમાણ તરીકે પ્રથમ વખત માન્યતા અપાવવાનું શ્રેય પણ શ્રી ઉમાસ્વાતિને ફાળે જાય છે. ત્રીજા તથા ચોથા અધ્યાયમાં જીવતત્ત્વ, કર્મબંધનું કારણ, એ પ્રમાણે વર્ગીકરણ, સ્વભાવ, શરીર, ચાર ગતિમાં ભ્રમણ, જંબૂદ્વિપ અને મેરૂ પર્વત, મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવતા, લેશ્યા, આયુષ્યનું વર્ણન છે. આ અધ્યાયમાં સંસારી જીવોનું અને દસમા અધ્યાયમાં મુક્ત જીવોનું વર્ણન છે. પાંચમા અધ્યાયમાં પાંચ અસ્તિકાય અને ૬ દ્રવ્યનું વર્ણન છે. છઠ્ઠા અધ્યાયમાં આવતા આશ્રવ તત્ત્વના ચિંતન માટે આગમમાં કોઈ તૈયાર સામગ્રી નથી મળતી. વિશાળ આગમ ગ્રંથોનું અધ્યયન કરીને શ્રી ઉમાસ્વાતિએ પોતાની યોજના અનુસાર એક રૂપરેખા બનાવી. સમગ્ર આગમમાં આવતા ત્રણ યોગ 'મન, વાક, કાય'ને શ્રી ઉમાસ્વાતિએ 'કાય, વાક, મન'માં બદલી નાંખ્યું. (આ સમગ્ર અધ્યાયમાં અલગ અલગ ક્રિયાઓનું વિવરણ છે.) કારણ કે પ્રાણાતિપાતના સંદર્ભમાં થવાવાળી ક્રિયાનો સંબંધ કાયાથી છે એટલા માટે કાયા જ બધા આશ્રવોનું મૂળ છે. એટલે એને પહેલા રાખ્યું. ત્રણ યોગ ને આશ્રવની વ્યાખ્યા પણ પ્રથમ શ્રી ઉમાસ્વાતિએ જ આપી. એમણે યોગને જ આશ્રવ કીધો. એ યુગમાં આ ધારણા સાવ નવી હતી. જ્યાં સુધી જીવ તેરમા ગુણસ્થાન સુધી નથી પહોંચતો ત્યાં સુધી શુભ અશુભ યોગ જીવમાં પ્રવર્તે છે. સાતમા અધ્યાયમાં વ્રત, વ્રતી તથા મહાવ્રતોનો સંબંધ સંવર અને વ્રતોનો સંબંધ નિર્જરા તત્ત્વ સાથે બતાવવામાં આવ્યો છે. આઠમા અધ્યાયમાં કર્મ, એની વ્યાખ્યા, કારણ, કર્મપ્રકૃતિનું વર્ણન છે. નવમા અધ્યાયમાં સાધુજીવનની આચારસંહિતાનું વિવરણ સંવર અને નિર્જરા તત્ત્વ દ્વારા કરવામાં આવ્યું છે. બુદ્ધ ધર્મમાં પણ સંવર અને આશ્રવનો ઉલ્લેખ મળે છે એટલે રચયિતાની જવાબદારી હતી કે આ બે તત્ત્વોની જૈનદર્શન પ્રમાણે વિશિષ્ટ ઓળખાણ કરાવે. એમાં ઉલ્લેખિત ૬ સંવરદ્વાર–સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજ્ય અને ચારિત્રનો ઔપચારિક ઉલ્લેખ આગમોમાં નથી મળતો. આ ઉમાસ્વાતિની પોતાની ઉપજ હશે કે મહાવ્રતના ઉલ્લેખ વગર સંવરદ્વાર દ્વારા આ અધ્યાયને લખવો. તપના બાર પ્રકારમાંથી ધ્યાનને તત્ત્વાર્થસૂત્રમાં ખૂબ જ અલગ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

અહીં એક પ્રશ્ન થાય છે કે શ્રી ઉમાસ્વાતિને તત્ત્વાર્થસૂત્ર લખવાની પ્રેરણા શા માટે થઈ! સાધારણ રીતે આપણે જોયું છે કે કોઈપણ વિષય હોય, પછી તે અર્થશાસ્ત્ર, શૃંગારશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર કે આરોગ્ય યા અધ્યાત્મ, એની શરૂઆત અને અંત હંમેશા મોક્ષથી થતી હતી. જ્યારે વૈશેષિકના કણાદ, ન્યાયદર્શનના ગૌતમ, સાંખ્યદર્શનના કપિલ ઈત્યાદિએ મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય પણ સૂચવ્યો હતો. શ્રી ઉમાસ્વાતિએ પણ મોક્ષને અંતિમ લક્ષ્ય બતાવતા તત્ત્વાર્થસૂત્રમાં દસ અધ્યાય દ્વારા એને પ્રાપ્ત કરવાનો ઉપાય બતાવ્યો. જૈન દર્શન સાથે એમણે વેદો અને બુદ્ધ ધર્મનો પણ ગહન અભ્યાસ કર્યો હતો. એની અસર હતી કે એમણે સમકાલીન શૈલીનો ઉપયોગ કરીને જૈન દર્શનને સંક્ષિપ્ત અને નવા ઢંગથી પ્રસ્તુત કર્યો જે ત્યારના યુગ માટે બિલકુલ નવી શૈલી હતી. પછીથી શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયના વિદ્વાનોએ આ શૈલી અપનાવી. વાચક ઉમાસ્વાતિએ નવ તત્ત્વોને જ લેખનનો વિષય બનાવ્યો કેમકે ભગવાને પણ નવ તત્ત્વના જ્ઞાન અને એના પ્રત્યે અખૂટ શ્રદ્ધાને જ જૈન થવાની રીત બતાવી છે પછી ભલે તે સંસારી હોય કે સાધુ. એમણે જ્ઞાનની સાથે આચરણાની મહત્તા પણ સમજાવી. આ બધી વાતો સાથે સાથે શ્રી ઉમાસ્વાતિની નીજી પ્રતિભા હતી કે એમને આ ગ્રંથ લખવાની પ્રેરણા થઈ.

અગણિત જીવો આ સંસારમાં છે જેમની એક જ ઈચ્છા છે-સુખ પ્રાપ્તિ. આ જીવોને બે વિભાગમાં વહેંચી શકાય. એક, જેમના સુખનો આધાર બહાર છે અને બીજા, જેમના સુખનો આધાર બહારની વસ્તુઓ ન હોતા અધ્યાત્મની ઊંચાઈઓને આંબવાનો છે. જેમનું સુખ બહાર છે એને કામ અને જેનું સુખ પોતાનામાં છે એને મોક્ષ કહેવાય છે. જ્યારે અર્થ અને સંપત્તિ અને ધર્મ અથવા ધાર્મિક આચારસંહિતા પુરુષાર્થમાં ભળે છે ત્યારે કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. બેશક, અર્થ કામનું અને ધર્મ મોક્ષનું કારણ છે. તત્ત્વાર્થસૂત્રનો મુખ્ય વિષય મોક્ષ છે એટલે 'ધર્મ' મોક્ષ માર્ગ છે એ સહુથી પહેલું સૂત્ર છે. સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર મોક્ષ માર્ગ છે. એ ત્રણેના સંગમથી જ મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે અન્યથા નહીં. જેમ તેરમા ગુણસ્થાન ઉપર સમ્યક્ દર્શન અને જ્ઞાન હોવા છતાં પણ મોક્ષ પ્રાપ્ત નથી થતો કારણ કે યોગની હાજરીમાં સમ્યક્ ચારિત્ર ન થઈ શકે. ✷ ✷ ✷

૨૦૧, ભૈરવ દર્શન, જે. બી. માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૧૩
મોબાઈલ : ૯૮૨૦૬૯૭૬૫૭. ટેલિફોન : ૦૨૨-૨૪૩૮૩૩૫૭.

નવકાર મંત્રમાં આસ્થા અને આત્મશક્તિનો અનુભવ

□ સુધા એસ. શાહ

જૂન ૨૦૦૪ બપોરે ૪ વાગે ઉપાશ્રયથી પાછા ફરતાં કાર ચલાવતાં ચલાવતાં આંખોના પોપચાં બંધ થવાની માત્રા વધતી ગઈ. ઘરે આવીને કહી દીધું, 'હું માંગુ તો પણ મને ગાડી ચલાવવા નહીં આપતાં. મારી આંખ વારે-વારે બંધ થઈ જાય છે, જેથી અકસ્માત થવાની શક્યતા વધી જાય.' પહેલેથી જ મનમાં એક સંકલ્પ કર્યો હતો કે હું ૩૦ વર્ષથી ગાડી ચલાવું છું પરંતુ (૧) અભિમાન નહીં આવવા દેવું અને (૨) અકસ્માત ન થવા દેવો...અને એવું થવાની શક્યતા લાગે તો હે પ્રભુ સૌથી પ્રથમ કાર ચલાવવાનું બંધ કરાવી દેજે.

આંખ અચાનક જ બંધ થઈ ગઈ, થયું કે તેમાં પણ કંઈક સંકેત હશે ? શું કરવું ? તેની કાંઈ સમજ નહોતી પડતી. જેમ જેમ સર્વજન સાંભળે તેમ જોવા આવે, પૂછે 'એમ આંખ બંધ થાય ખરી?' સર્વેને આશ્ચર્ય લાગે. નવા-નવા પ્રયોગો અને ટ્રીટમેન્ટ બતાવે, જ્યાં જે કહે ત્યાં ફોન કરીને પહોંચી જઈએ પરંતુ પૈસાના પાણી, હાલાકીનો પાર ન રહે, અને પરિણામ શૂન્ય.

મને તો હાથ પકડીને લઈ જવી પડે. મગજના ડોક્ટરને બતાવ્યું. કહે, 'આ બિમારીનું નામ Blafro Spasm છે, આનો હજી સુધી કોઈ ઉપાય શોધાયો નથી.' સાંભળીને તો થોડા નાસીપાસ થઈ ગયા.

નદીના પ્રવાહમાં લાકડું અથડાતું-કુટાતું જેમ આગળ વહેતું રહે તેમ અમારી જીવનનૈયા સમયના પ્રવાહમાં ઈલાજના અખતરાં કરવામાં, ચડાવ-ઉતાર સાથે અથડાતા-કૂટાતા અંધકારમાં આશાના કિરણની શોધમાં અમે જીવી રહ્યાં હતાં. મૃત્યુએ ટકોરા માર્યાં. ડાયાબિટિસ ૭૦૦ ઉપર થઈ ગયું. આવા સંજોગોમાં પણ એક નિશ્ચય કરવાની શક્તિ સાંપડી. મેં મારા મગજના ડોક્ટરને કહી દીધું: 'મારે હવે કોઈ અખતરા નથી કરવા, આંખને માટે જે દવા ચાલુ રાખું તે મારી દૃષ્ટિ ખરાબ કરે, તે લેવાથી સારું તો નથી જ થવાનું. તેથી મારે તે દવા નથી લેવી. હું મારી રીતે ધર્મના સહારે શાંતિથી જીવવા માંગુ છું.'

મારા અંતરાત્માનો અવાજ મને કહે-'મેં પૂર્વે કોઈ ભવમાં રમતાં-રમતાં માછલીઓની આંખો બંધ કરી હતી. જે કર્મ બે ઘડીનું બંધાયું હતું, જેથી મારી આંખો ૨થી ૩ વર્ષ બંધ રહેશે.

બાળપણથી જ જન્મના તથા માવતરના સંસ્કારનાં કારણે જૈન ધર્મની શ્રદ્ધા મજબૂત હતી. કોઈએ કહ્યું તે મુજબ એક જ સમય અને સ્થળે બેસી બાંધી નવકારવારી અને ૧૧ શાંતિનાથ ભગવાનની માળા ૨૧ દિવસ કરી. તે સમયે મારી આંખો બરાબર ખુલ્લી રહેતી હતી. પ્રતિક્રમણ કરવા ઉપાશ્રય જતી. પ્રતિક્રમણ બોલું તેટલો સમય આંખો બરાબર ખુલ્લી રહેતી. સાયનના માવડીઓનો, તેમાં પણ જયાબાનો કેટલો મોટો ઉપકાર હતો, તેઓ કહે- 'બેટા! તું જ આખું પ્રતિક્રમણ બોલાવ, ભલે ભૂલ પડે અમે સુધારીશું. ઉપરાંત તેટલો સમય તારી આંખ ખુલ્લી તો રહેશેને ? બંધ આંખે તને કેટલી મૂંઝવણ થતી હશે ?'

આંખો બંધ થઈ તેના આગલા વર્ષે પહેલી વખત હું ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ, સમૂહ જાપ કરવા ઉપાશ્રય ગઈ. મને તો પુસ્તકમાં જોઈને પણ શબ્દો પકડતાં વાર લાગે અને બધા તો જલ્દી જલ્દી બોલે. ત્યાર બાદ ગાથા શીખવાનું શરૂ કર્યું. ૯ ગાથા જ મોઢે થઈ હતી. આ વખતે પણ સમૂહ-જાપ માટે સવારે ઘરકામ કરતી દીકરી મને મૂકવા આવી પરંતુ સમૂહ જાપ ન હતા. નિરાશ થઈ ઘરે આવી. આંખમાં પશ્ચાત્તાપના બે આંસુ આવી ગયાં. મનની પ્રબળ ઈચ્છાએ જોર પકડ્યું. જૈન સ્તુતિ હાથમાં લીધી. અંતરાત્માએ ઠપકો આપ્યો, 'અરે ? મૂર્ખી તું જોઈ નથી શકતી, આવડતું પણ નથી. તો પછીનું પુસ્તક હાથમાં શા માટે પકડે છે ? મન કહેતું રહ્યું અને ૯ ગાથા સુધી બોલીને પુસ્તકમાં જોવાનો પ્રયત્ન કર્યો. આંખ ખૂલ-બંધ થતાં થતાં ૧૦મી, ૧૧મી, તે રીતે ૨૯ ગાથા પૂરી કરી. આંખ સરસ ખુલી ગઈ અને ત્રણ દિવસ સવાસો ગાથા કરી. ઉપાશ્રય એકલી જતી આવતી. નવા વર્ષે વહેલી સવારે પ્રાર્થનામાં ગઈ. ઘરે આવી અને ફરીથી આંખો બંધ થવા માંડી!

પુચ્છિસુણં અને પ્રતિક્રમણ બન્ને બરાબર આવડી ગયા છે. પુચ્છિસુણં બોલવાની ૧ વર્ષ માટે બાધા કરી.

કોઈનો પણ સહારો લેવાનો બંધ કરી, પોતાની જાતે જીવવાનું શરૂ કર્યું. હિંમત કરીને નવકાર-મંત્રના સ્મરણ સાથે ડગલું માંડતી. ઉપાશ્રય જતી, ઘરનાં દરેક કાર્ય નવકારના સ્મરણ તથા મહાવિદેહ રૂડું તે સ્તવનના સ્મરણ સાથે એકે એક કાર્ય સાવધાનીથી કરતી. આંખ તો સતત ખુલ બંધ થતી તેની સાથે માથું હાથ બધું ખેંચાણના કારણે હલી જાય. સવારે ચા-દૂધ વિગેરે કાર્યો અઘરાં પડતાં હતાં, પરંતુ દેવ-ગુરુ-ધર્મની કૃપાથી મારું આત્મિકબળ વધતું ગયું. બસ-ટ્રેનમાં જવું, રોડ ક્રોસ કરવા વિગેરે નવકાર મંત્રના સ્મરણથી હિંમતથી કરવા લાગી. આજે ૬ વર્ષ બાદ પણ આંખો ખુલ-બંધ થાય જ છે. છતાં હું મારા જીવનની નૌકા ખૂબ સરસ રીતે, જરાપણ ઢીલા પડ્યા વિના ચલાવી શકું છું. જો હું હિંમત હારીને મનથી તૂટી પડી હોત તો ડિપ્રેશનમાં જતી રહેત અને મારું ઘર તથા જીવન ચલાવવું તો મુશ્કેલ થઈ પડત, ઉપરાંત ઘરમાં બીજું કોઈ નહીં હોવાના કારણે પતિ-દેવની માનસિક હાલત બગડી જાય.

હજુ તો આ બધું ઓછું હતું તેમાં પતિ સુરેશ લિફ્ટના ખાડામાં પડી ગયા, તે સમયે તો બચવાની કોઈ જ શક્યતા ન હતી. લોખંડની સ્ક્રીંગ ઘૂંટણમાં ઘુસી ટુકડા કરી નાખ્યા. તેમની સેવા માટે ડોક્ટર પાસે લઈ જવા વિગેરે નવકાર-મંત્રના સ્તવન સાથે કાર ડ્રાઇવીંગ પણ કરી શકી છું.

એક તરફ મારું આત્મિક-બળ તથા મનોબળ વધતું ગયું તેની સાથે સાથે શરીરનો ઉપદ્રવ પણ વધતો જ જતો હતો. મન કહે આધ્યાત્મિક રસ્તે આગળ વધવું જ છે, ત્યારે તન થતા બાહ્ય સંજોગો કહે, 'હું જરાપણ તને સાથ નહીં આપું.' આજ કર્મ તથા આજ જીવ અને અજીવના-તત્ત્વનું યુદ્ધ મને જણાયું.

આ બધી કસોટીમાંથી પસાર થતાં થતાં-ભગવાનની ગુણ-સ્તુતિ, નામ-સ્મરણ, શ્રદ્ધા, નવકાર-મંત્ર પરની આસ્થા મજબૂત બનતી ગઈ અને મારા જીવે-જીવમાત્ર સાથેની ક્ષમાપના હરપળ કરવા માંડી.

આને ચમત્કાર કહો ? કે પછી મારી શ્રદ્ધા કહો ? કે પછી પુણ્યનો ઉદય કહો ? કે પછી જિન-શાસન દેવની સહાય કહો ? કે પછી મારા ઉપર કોઈનો મોટો ઉપકાર કહો ? આ બધું જ મને તેનું ફળ લાગે છે.

આ અનુપ્રેક્ષાનાં આધારે જ-એ શ્રદ્ધા, એ શક્તિ, એ આસ્થા, એ આત્મ-બળ તથા એ મનોબળ દૃઢ થતાં ગયા તથા લેખન-કાર્ય, વાંચનકાર્ય, એકાંતમાં રહેવાની આદત, જાત સાથે, પશુ-પંખી સાથે વાતો કરવાની અને કુદરતના ખોળે રહેવાની આદત વધુ ને વધુ કેળવાતી ગઈ. જેથી મને અનેક કષ્ટો વચ્ચે પણ અંદરથી જે આનંદની અનુભૂતિ થાય છે તે અનુભવ્યા બાદ મારું સુખ અને ખુશીમાં વધારો થતો ગયો.

પ્રભુ પાસે એ જ પ્રાર્થના કે જેમ હું જીવનના ઝંઝાવાતમાં પણ આત્માના ઉત્થાન અર્થે આત્મ-બળ કેળવી શકી છું અને આત્માના ગુણને ઓળખવા, અનુભવવા અને વધુ ને વધુ ખીલવવાને સમર્થ બનતી ગઈ છું તેવી શક્તિ તથા આત્મબળ સર્વે જન કેળવી શકે.

'પ્રભુ! સર્વે જીવોને એ શક્તિ પ્રાપ્ત કરાવે.'

સર્વથા સૌ સુખી થાઓ, સર્વત્ર શાંતિ વિસ્તરો.

ઓમ શાંતિ: શાંતિ: શાંતિ: ✷ ✷ ✷

પ્લોટ નં. ૮૮/એ, 'આશા' બિલ્ડિંગ,
અભિનંદન સ્વામી માર્ગ, સાયન (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦ ૦૨૪. Mobile :9987902866

પંથે પંથે પાથેય...

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month ● Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૧૦

આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી **વ્યાખ્યાનમાળા આ વર્ષે ૭૬મા વર્ષમાં પ્રવેશે છે.**
શનિવાર, ૪–૯–૨૦૧૦ થી શનિવાર તા. ૧૧–૯–૨૦૧૦ સુધી રોજ બે વ્યાખ્યાનો.
સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૦૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫
પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ

દિવસ તારીખ	સમય	વ્યાખ્યાતાનું નામ	વિષય
શનિવાર ૪–૯–૨૦૧૦	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	પૂ. શ્રમણીજી વિપૂલ પ્રજ્ઞાજી ડૉ. સર્વેશ વોરા	આચાર્ય ગુરુદેવ મહાપ્રજ્ઞજીની વિચારધારા લોગસ્સ સૂત્ર–વિશ્વ ઝંખના
રવિવાર ૫–૯–૨૦૧૦	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. નલિની મડગાંવકર ડૉ. ગુણવંત શાહ	ગીતાંજલિની આધ્યાત્મિકતા ધર્મના ખોળામાં માનવતા
સોમવાર ૬–૯–૨૦૧૦	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	પ. પૂ. આ. વાત્સલ્યદીપજી મ.સા. શ્રી વલ્લભભાઈ ભંશાલી	આરાધના અને પ્રભાવના વ્યાપાર, ધર્મ અને વિજ્ઞાન
મંગળવાર ૭–૯–૨૦૧૦	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રીમતી રૂપા મધુ શાહ શ્રી અજય ઉમટ	સમવસરણ ધર્મ : બાવીસમી સદીમાં
બુધવાર ૮–૯–૨૦૧૦	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રીમતી શૈલજા ચેતન શાહ ડૉ. નરેશ વેદ	જૈન ધર્મની ચાર – ભાવના કપિલ ગીતા
ગુરુવાર ૯–૯–૨૦૧૦	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રીમતી ઝેના સોરાબજી શ્રી ભાગ્યેશ જહા	બહાઈ ધર્મ સત્ય ધર્માય
શુક્રવાર ૧૦–૯–૨૦૧૦	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	પૂ.યતિવર્ય ડૉ.વસંત વિજયજી મ.સા. શ્રી પ્રકાશ ન. શાહ	જૈન ધર્મ કે અનુષ્ઠાનો મેં છિપા હુઆ રહસ્યમય વિજ્ઞાન ટૉલ્સટોયથીગાંધી – અભિનવ ધમ યાત્રા
શનિવાર ૧૧–૯–૨૦૧૦	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	પ. પૂ. સંતશીરોમણી ૧૦૮ આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજની સુશિષ્યા બા. બ્ર. સુશીલા દીદી ડૉ. કુમારપાળ દેસાઈ	 સમયસાર ક્ષમાપનાનું હાર્દ

ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. **સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ.** ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતી ઉર્વશી શાહ (૨) શ્રીમતી અનુરાધા દામલે (૩) લલિતભાઈ દમણિયા (૪) શ્રીમતી ઉષાબેન ગોસલિયા (૫) શ્રીમતી અલકા શાહ (૬) શ્રી ગૌતમ કામત (૭) શ્રીમતી સીમા ગોસલિયા અને (૮) શ્રીમતી શ્રીમતી ગાયત્રી કામત.

પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા) તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે. આ સર્વે વ્યાખ્યાનો યુવક સંઘની વેબ સાઈટ ઉપર આપ સાંભળી શકશો.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.

ભૂપેન્દ્ર ડી. જવેરી	ચંદ્રકાન્ત દીપચંદ શાહ	રસિકલાલ લહેરચંદ શાહ	નિરુબેન એસ. શાહ	વર્ષાબહેન રજજુભાઈ શાહ
કોષાધ્યક્ષ	ઉપપ્રમુખ	પ્રમુખ	ધનવંત ટી. શાહ	સહમંત્રી
			મંત્રીઓ	

- પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
- આ વર્ષે સંઘે **સ્વરાજ આશ્રમ વેડછી, તા. વાલોડ જિલ્લો સુરતને** આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
- સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૫ સંસ્થાઓને આજ સુધી આશરે ત્રણ કરોડ ઉપર જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
- દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ–૫૭ • અંક–૧૦ • ઓક્ટોબર ૨૦૧૦ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦



શ્રી સરસ્વતી દેવી
પ્રાચીન હસ્તપ્રતમાંથી

मंत्र :– ॐ ह्रीँ श्रीँ ऐँ नमः

આચમન

ભવિષ્યવાણી

સ્વરાજ આજે કે લાંબા વખત સુધી પણ ચાલુ રાજ્ય (અંગ્રેજ રાજ્ય) કરતાં બહુ સારું હોવાનું નથી. સ્વરાજ થયું એટલે લોકો એકદમ સુખી બની જવાના નથી, એટલું આપણે સૌએ જાણી રાખવું જોઈએ. સ્વતંત્ર થઈશું તેની સાથે જ ચૂંટણીમાં રહેલા બધા દોષો, અન્યાય, શ્રીમંતોની સત્તા ને જુલમ તેમજ વહીવટની બિનઆવડત એ બધું આપણી ઉપર ચડી બેસવાનું અને આ જંજાળ ક્યાંથી આવી પડી એમ લાગવાનું. લોકો અફસોસની સાથે ગયા દહાડા યાદ કરશે કે આ કરતાં પહેલાં વધારે ન્યાય હતો, આ કરતાં વહીવટ સારો હતો, શાંતિ હતી અને અમલદારોમાં ઓછાવત્તા પ્રમાણમાં પ્રમાણિકતા પણ હતી. લાભ એટલો જ થયો હશે કે એક જાતિ તરીકે આપણે માથેથી અપમાન અને ગુલામીનું કલંક ઊતરશે. આખા દેશમાં કેળવણીનો પ્રચાર કરીએ તો જ આશા છે. તેનાથી લોકોમાં બચપણથી જ શુદ્ધ આચરણ, ઈશ્વરનો ડર અને પ્રેમભાવના ખીલશે. સ્વરાજ સુખ આપનારું ત્યારે જ થશે જ્યારે આપણે આ કાર્યમાં ફતેહમંદ થઈશું. નહીં તો સ્વરાજ એ ધનસત્તાના ઘોર અન્યાય અને જુલમનો ભરેલો એક ઘોર નરકઆવાસ જ હશે. ઓહો! જો દરેક માણસ સત્યનિષ્ઠ હોય, ઈશ્વરથી ડરીને ચાલનાર હોય, બીજા ઉપર પ્રેમ રાખવાનું સુખ અનુભવી શકતો હોય, તો સંસાર કેટલો સારવાળો થઈ પડે! તેવું નથી તે છતાં આ આદર્શ સ્થિતિને પ્રત્યક્ષ કરવાની પાત્રતા બીજા દેશો કરતાં હિંદુસ્તાનમાં અધિક છે.

(એક પત્ર – ૨૪-૧-૨૨).. **–ગાંધીજી**

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	ગાંધી તારી અનુભવવાણી	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ગાંધી : ગઈકાલના, આજના, આવતીકાલના	નારાયણ દેસાઈ	૭
(૩)	સત્યેશ્વર રાષ્ટ્રપિતા ગાંધી બાપુ.....	શશિકાંત લ. વૈદ્ય	૧૧
(૪)	૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન	દક્ષા જાની	૧૩
(૫)	પત્ર-ચર્ચા–જૈન ધર્મ : અપરિગ્રહ–શ્રીમંતો	રવીન્દ્ર સાંકળિયા,	૧૬
		કાકુલાલ સી. મહેતા	૧૭
		અશોક ન. શાહ	૧૮
(૬)	સાંપ્રતવિદ્યાનો આગવો પરિસંવાદ અજાણી દિશામાં વિરલ આગેકૂચ	ડૉ. નલિની દેસાઈ	૧૯
(૭)	મહાવીર કથા	—	૨૩
(૮)	શ્રી જૈન વર્લ્ડ	—	૨૪
(૯)	જયભિખ્ખુ જીવનધારા : ૨૧	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૫
(૧૦)	શ્રી જૈન મહાવીર ગીતા-એક દર્શન : ૨૨	પ.પૂ.આ.વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ.	૨૮
(૧૧)	સ્વરાજ આશ્રમ, વેડછી : આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી		૩૦
(૧૨)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટેનોંધાયેલી રકમની યાદી		૩૩
(૧૩)	જૈન પારિભાષિક શબ્દકોશ	ડૉ જીતેન્દ્ર બી. શાહ	૩૪
(૧૪)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૫
(૧૫)	પંથે પંથે પાથેય....ક્ષમા યાચનાનો જાદૂ	ડૉ. રશ્મિભાઈ ઝવેરી	૩૬
(૧૬)	પંથે પંથે પાથેય...પ્લાસ્ટિકનો સમય	ડૉ. યોગેન્દ્ર પારેખ	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

જિન-વચન

પાપોને સંકોચી લો

जहा कुम्मे सअंगाइं सए देहे समाहरे ।
एवं पावाइं मेहावी अज्झप्पेण समाहरे ।।

સૂત્રકૃતાંગ ૧-૮-૧૬

જેવી રીતે કાચબો પોતાનાં અંગોને પોતાના શરીરમાં સંકોચી લે છે, તેવી રીતે જ્ઞાની પુરુષો અધ્યાત્મ દ્વારા પોતાનાં પાપોને સંકોચી લે છે.

Just as a tortoise withdraws all its limbs within its own body, in the same way a wise man protects himself from sins through spirituality.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે

૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯–૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

●વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૧૦ ● ઑક્ટોબર ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૬ ● આસો સુદ-તિથિ-૯ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૨૫/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

ગાંધી તારી અનુભવ વાણી

પર્યુષણ પર્વ તપ અને ઉત્સવથી હમણાં જ પૂરા થયા. આ વરસે પૂ. આચાર્ય ભગવંતોની પ્રેરણાથી અનેક સ્થળે દેશ-પરદેશમાં વિવિધ દેહ તપ અને જ્ઞાન તપ થયા. આ તપમાં યુવાન વર્ગનો પ્રતિવર્ષ વધારો થતો જાય છે એ જોઈ-વાંચીને અંતરમાં ખૂબ આનંદ થાય છે.

કમ્મદુ મુમ્મૂલળ કુંજરસ્સ, નમો નમો વિવ્વત વોરસ્સ।

(કર્મ રૂપી વૃક્ષને ઉખેડી નાખવામાં હાથી સમાન તીવ્ર તપના સમૂહને વારંવાર નમસ્કાર થાઓ)

તપ અપૂર્વ કલ્પવૃક્ષ સમાન છે.

તપને જેટલું મહત્ત્વ અપાય છે એથી વિશેષ ઉત્સવોને મહત્ત્વ અપાઈ જાય છે (જો કે વર્તમાનમાં ક્યાંક ક્યાંક આ ઉત્સવોનો અતિરેક્ત થતો જાય છે.) કારણ કે ભાવિકોનો ઉત્સાહ અનેરો હોય છે, ઉપરાંત અન્યો પણ એમાં સહભાગી થઈ અનુમોદનાનું પુણ્ય પ્રાપ્ત કરી શકે છે. આપણે આ ઉત્સવને 'ઉજમણું' કહીએ છીએ. વ્યક્તિ, કુટુંબ અથવા સંઘ યથાશક્તિ-કુટુંબ તો કયારેક શક્તિ બહાર, તણાઈને પણ-આ ઉજમણા કરે છે. ચાંદીના રથ, ઘોડાગાડી, બગી, ક્યાંક તો હાથી સવારી પણ, અને બેન્ડવાજાના નાદ ધ્વનિથી શણગારેલા વરઘોડા રાજ માર્ગ ઉપરથી પસાર થાય છે. આ શુભ દૃશ્ય જોઈને અન્ય ધર્મીઓની આંખમાં કુતૂહલ અને બુદ્ધિમાં જિજ્ઞાસા પ્રવેશે છે. જૈનોના તપ સાથે જૈનોની સમૃદ્ધિની અન્ય જનોને જાણ થાય છે! જેઓ તપ નથી કરી શક્યા એ વર્ગને ધનનો સદ્‌ઉપયોગ કરાવીને દાન લાભ પ્રાપ્ત થાય છે. પૂ. આચાર્ય ભગવંતો અને પૂ. સાધુ-સાધ્વીશ્રીઓ ચાતુર્માસમાં જ્યાં જ્યાં બિરાજમાન હોય છે ત્યાં પોતાની શુભ યોજના અને મનોરથો સંઘ સમક્ષ પ્રસ્તુત કરે છે અને એ શુભ કામો પાર પણ પડી જાય છે. સર્વ પ્રકારે ધન્યતાના ગુણાકારો થાય છે.

આ તપ નિમિત્તના ઉજમણામાં, વિશેષ તો પારણામાં આ લખનારને સ્નેહી-કુટુંબીજનોને ત્યાં જવાનું થયું. ખૂબ આનંદ થયો. પ્રભાવનાની પ્રાપ્તિ થઈ, ક્યાં ક્યાં, કોણે કોણે કેટલી કેટલી શું પ્રભાવના કરી એ પણ જાણવા મળ્યું. વસ્તુથી માંડીને સોના-ચાંદીની ગીનીની પ્રભાવના પણ આ તપ નિમિત્તે થઈ. આ બધી 'વસ્તુ' સાથે 'વિચાર'ના પુસ્તકની પ્રભાવના કોઈ સ્થળે થઈ હશે? જ્યાં થઈ હોય તો તેવા વિચારવંત પરિવારને મારા નમન.

આ માહોલમાં એક મિત્રે મને પ્રભાવના સ્વરૂપે ગાંધીજીની આત્મકથા-'સત્યના પ્રયોગો' મોકલી. આ મિત્ર નાગર બ્રાહ્મણ, જન્મે શૈવપંથી છે. વિદ્વાન છે. એમણે જૈન માતાઓને ત્રણ ભાષામાં જૈન બાળકથાઓનું ૩૬૫ કથાનું બાળ કેલેન્ડર કાગળ ઉપર અને સી.ડી. ઉપર આપ્યું છે. આ કથાઓ એ શૈવપંથીને જ પ્રથમ સ્પર્શી ગઈ. એ મિત્ર તે કુલીન વોરા. ઉંમર ૭૬ વર્ષ, તપ માસખમણ અને પારણું કર્યું જૈન યુવા વર્ગના સાચા માર્ગદર્શક પ. પૂ. નમ્રમુનિજીની

આ અંકના સૌજન્યદાતા

૧. શ્રીમતિ પુષ્પાબેન કીર્તિલાલ ભણશાલી
સ્મૃતિ : સ્વ. કીર્તિલાલ એમ. ભણશાલી
૨. કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

શુભ નિશ્રા. અને મને લખે છે કે, 'તપનું ઉજમણું કરવાની મારી આજ શક્તિ.' હું તો અંદરથી હચમચી ગયો. મન બાગ બાગ થઈ ગયું. અન્ય પ્રભાવનાની સામે આ કેટલી મૂલ્યવાન પ્રભાવના! ઉપવાસો તો ગાંધી સાથે ઘણાં બધાં જોડાયેલા છે. ગાંધીના આ ઉપવાસે જગતને એક ઈતિહાસ આપ્યો છે. જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો તપ, અપરિગ્રહ, અહિંસા અને સત્ય ગાંધી જીવનમાં રસાયણની જેમ એકરસ થઈ ગયા હતા. જ્યારે ગાંધીજી ધર્મ સંઘર્ષની અવસ્થામાં હતા ત્યારે શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોએ એ સંઘર્ષમાં એમને ઉકેલ અને શાંત્વના આપી હતી. ગાંધીજી પરમ વૈષ્ણવ હતા, અને સવાયા જૈન શ્રાવક પણ હતા.

આ ઑક્ટોબર મહિનો એટલે આ જગત ઉપર ગાંધી અવતર્યાનો મહિનો. અહિંસા અને વિશ્વશાંતિનો સંદેશો લઈને ઉગેલો એક સૂર્ય. જાણે પુનઃ મહાવીર અને બુદ્ધની વાણી વિસ્તરી.

'પ્ર. જી.'ના વાંચકો ગાંધીજીની આત્મકથાથી પરિચિત હશે જ. વરસો પહેલાં અથવા હમણાં એ વાંચી હશે. કેટલાંક પુસ્તકો દર પાંચ વર્ષે ફરી ફરી વાંચવા જોઈએ. પ્રત્યેક વાંચને નવા નવા અર્થો અને રહસ્યો સાંપડે.

'ઉજમણા'માં મને મળેલી આ પ્રત ૨૦૧૦માં પ્રકાશિત થઈ છે. આ પ્રતમાં માહિતી છે કે 'અત્યાર સુધી આ પુસ્તકની ચાર લાખ છન્નુહજાર ગુજરાતીમાં પ્રતો પ્રગટ થઈ છે.' આ આત્મકથાનો જગતની વીસ ભાષામાં અનુવાદ થયો છે અને કુલ ૧૯ લાખ નકલો પ્રગટ થઈ છે અને કરોડો માનવોને એ પ્રેરક અને પ્રભાવક બની છે. ગાંધીજીની આત્મકથા વિશે જ એક મોટો ગ્રંથ લખાય એટલું આ પુસ્તકનું વિશ્વ વિશાળ છે.

મુંબઈ સર્વોદય મંડળના ટ્રસ્ટી અને ગાંધી બુક સેન્ટરના અધિષ્ઠાતા તુલસીદાસ સોમૈયા કહે છે કે ''ગયા વર્ષે (એપ્રિલ-૨૦૦૯થી માર્ચ ૨૦૧૦ સુધી) બાપુની આત્મકથાની વિવિધ ભાષાઓની આવૃત્તિઓની ૨.૫૪ લાખ નકલો વેચાઈ. બાર ભારતીય અને છ વિદેશી ભાષાઓમાં અનુવાદિત આત્મકથાની ૧.૪૦ લાખ નકલો આ વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બર મહિના સુધી છ મહિનામાં વેચાઈ. માર્ચ-૨૦૧૧ સુધીમાં સાડા ત્રણ લાખ નકલો વેચાવાની શક્યતા છે.''

આ ગાંધી જન્મમાસ નિમિત્તે 'પ્ર.જી.'ના વાચકોને આ આત્મકથામાં **પૂ. ગાંધીજીએ લખેલી પ્રસ્તાવના અર્પણ કરું છું.**

આ પ્રસ્તાવના ઘણી વખત વાંચીને એની દીર્ઘતાને ઓછી કરવા પ્રયત્ન કર્યો, પણ એ શક્ય ન જ બન્યું એટલે એ યથાતથ આપને અર્પણ કરું છું. ગાંધીના વિરાટ વ્યક્તિત્વનો કોઈ પણ અંશ, ક્યાંથી પણ આપણો ઓછો ન કરી શકીએ એટલી સંપૂર્ણતા આ મહામાનવમાં છે. આ પ્રસ્તાવના વાંચીને વાચકને અવશ્ય કોઈ નવો અનુભવ થશે જ. આ ગાંધી જન્મમહિનામાં મુરબ્બી વાચકોને **ગાંધી પ્રસ્તાવના** વાંચીને વાગોળવા ખાસ નમ્ર વિનંતી કરું છું.

આપને પુનઃ વિનંતિ કરું છું કે, 'વાંચી હતી,' 'ક્યારેક ફૂરસદે વાંચી લેશું' એવા વાક્યો બુદ્ધિમાંથી જન્માવી આ પ્રસ્તાવના અળગી કરશો તો સત્યોના સૌંદર્ય અને તેજની પ્રતીતિથી આપ વંચિત રહી જશો. 'ત્યારે' વાંચી હતી એ મુગ્ધતા અને જિજ્ઞાસા હતી, 'અત્યારે' વાંચશો એમાં નિજ અનુભવ અને ચિંતનના મંથનનું અમૃત હશે, અને નવું સત્ય દર્શન પ્રાપ્ત થશે. પછી આપના આત્મા સાથે વાર્તાલાપ કરશો તો તો ઘણું ઘણું મળશે અને હૃદય હળવું થશે. 'ઉજમણું' પણ થઈ જશે. આ પ્રસ્તાવના આપના ખોળામાં અચાનક આવી છે એમાં ઇશ્વરનો કાંઈ સંકેત સમજજો.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

પ્રસ્તાવના

ચાર અથવા પાંચ વર્ષ પૂર્વે નિકટના સાથીઓના આગ્રહથી મેં આત્મકથા લખવાનો સ્વીકાર કર્યો હતો; અને આરંભ પણ કરેલો. પણ એક પાનું ફૂલસ્કેપનું પૂરું ન કરી શક્યો તેટલામાં મુંબઈની જવાળા સળગી અને મારું આદર્યું અધૂરું રહ્યું. ત્યાર પછી તો હું એક પછી એવા વ્યવસાયોમાં પડ્યો કે છેવટે મને મારું યરવડાનું સ્થાન મળ્યું. ભાઈ જેરામદાસ પણ હતા. એમણે મારી પાસે એવી માગણી કરી કે બીજાં બધાં કામ પડતાં મૂકીને મારે આત્મકથા તો પહેલી જ લખી નાંખવી. મેં એમને જવાબ મોકલ્યો કે મારો અભ્યાસક્રમ ઘડાઈ ચૂક્યો છે, અને તે પૂરો થતાં સુધી હું આત્મકથાનો આરંભ ન કરી શકું. મને જો મારો પૂરો સમય યરવડામાં ગાળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હોત તો હું જરૂર ત્યાં જ આત્મકથા લખી શકત. પણ તેને પહોંચવાને હજુ મને એક વર્ષ બાકી હતું. તે પહેલાં હું કોઈ પણ રીતે આત્મકથાનો આરંભ પણ કરી શકું એમ નહોતું, એટલે તે રહી ગયું. હવે સ્વામી આનંદે ફરી પાછી એ જ માગણી કરી છે. અને મેં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ પૂરો કર્યો છે. તેથી આત્મકથા લખવા લલચાયો છું. સ્વામીની માગણી તો એવી હતી કે મારે આખી કથા લખી નાંખવી અને પછી તે પુસ્તકાકારે છપાય. મારી પાસે એકસામટો એટલો સમય નથી. જો લખું તો 'નવજીવન'ને સારુ જ લખી શકાય. મારે 'નવજીવન' સારુ કંઈક તો લખવાનું હોય જ. તો આત્મકથા કાં નહીં? સ્વામીએ એ નિર્ણય કબૂલ રાખ્યો, અને આત્મકથા લખવાનો હવે મને અવસર આવ્યો.

● **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-**(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-**(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-**(U.S. $ 65)
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-**(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**(U.S. $ 150)

પણ આ નિર્ણય કરું છું એટલામાં એક નિર્મળ સાથીએ, સોમવારે હું મૌનમાં હતો ત્યારે, મને ધીમેથી નીચેના વાક્યો સંભળાવ્યાં:

'તમે આત્મકથા શું કામ લખવાના છો? એ તો પશ્ચિમની પ્રથા છે. પૂર્વમાં કોઈએ લખી જાણી નથી. અને શું લખશો? આજે જે વસ્તુને સિદ્ધાંત તરીકે માનો છો તેને કાલે માનતા અટકી જાઓ તો? અથવા સિદ્ધાંતને અનુસરીને જે જે કાર્યો આજે કરો છો તે તે કાર્યોમાં પાછળથી ફેરફાર કરો તો? તમારા લખાણને ઘણાં મનુષ્યો પ્રમાણભૂત સમજી પોતાનું વર્તન ઘડે છે તેઓ ખોટી રીતે દોરવાઈ જાય તો? તેથી સાવધાન રહી હાલ તુરત આત્મકથા જેવું કાંઈ ન લખો તો ઠીક નહીં?'

આ દલીલની મારા મન ઉપર થોડીઘણી અસર થઈ. પણ મારે આત્મકથા ક્યાં લખવી છે? મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે. તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવનવૃત્તાંત જેવી થઈ જશે એ ખરું છે. પણ જો તેમાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું. મારા બધા પ્રયોગોનો સમુદાય પ્રજાની પાસે હોય તો તે લાભદાયી થઈ પડે એમ હું માનું છું,–અથવા કહો કે એવો મને મોહ છે. રાજ્યપ્રકરણી ક્ષેત્રમાંના મારા પ્રયોગો હવે તો હિંદુસ્તાન જાણે છે, એટલું જ નહીં પણ થોડેઘણે અંશે સુધરેલું કહેવાતું જગત પણ જાણે છે. એની કિંમત મારે મન ઓછામાં ઓછી છે. અને તેથી એ પ્રયોગોની મારફતે મને 'મહાત્મા'નું પદ મળ્યું છે એની કિંમત પણ જૂજ છે. કેટલીક વેળા તો એ વિશેષણે મને અતિશય દુઃખ પણ દીધું છે. એ વિશેષણથી હું ફુલાઈ ગયો હોઉં એવી એક પણ ક્ષણ મને યાદ નથી. પણ મારા આધ્યાત્મિક પ્રયોગો, જે હું જ જાણી શકું અને જેમાંથી મારી રાજ્યપ્રકરણી ક્ષેત્ર ઉપરની શક્તિ પણ ઉદ્‌ભવી છે, તે પ્રયોગોનું વર્ણન કરી જવું મને ગમે ખરું. જો એ ખરેખર આધ્યાત્મિક હોય તો એમાં તો ફૂલણશીને સ્થાન જ નથી. એમાંથી તો કેવળ નમ્રતાની જ વૃદ્ધિ થાય. જેમ જેમ હું વિચાર કરતો જાઉં છું, મારા ભૂતકાળના જીવન ઉપર દૃષ્ટિ નાંખતો જાઉં છું, તેમ તેમ મારું અલ્પપણું હું શુદ્ધ રીતે જોઈ શકું છું. મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે. મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે અને મારું રાજ્યપ્રકરણી ક્ષેત્રની અંદર ઝંપલાવવું પણ એ જ વસ્તુને આધીન છે.

પણ મૂળથી જ મારો અભિપ્રાય રહ્યો છે કે જે એકને સારુ શક્ય છે તે બધાને સારુ શક્ય છે. તેથી મારા પ્રયોગો ખાનગી નથી થયા, નથી રહ્યા. એ સહુ જોઈ શકે એમાં મને તેની આધ્યાત્મિકતા ઓછી થતી હોય એમ નથી લાગતું. એવી કેટલીક વસ્તુઓ અવશ્ય છે કે જે આત્મા જ જાણે છે, આત્મામાં જ શમી જાય છે, પણ એવી વસ્તુ આપવી એ મારી શક્તિ ઉપરાંતની વાત થઈ. મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક; ધર્મ એટલે નીતિ; આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ. એટલે જે વસ્તુઓનો નિર્ણય બાળકો, જુવાન અને બુઢ્ઢાં કરે છે અને કરી શકે છે તે જ વસ્તુઓનો આ કથામાં સમાવેશ થશે. આવી કથા જો હું તટસ્થ ભાવે, નિરભિમાનપણે લખી શકું તો તેમાંથી બીજા પ્રયોગો કરનારાઓને સારુ કંઈક સામગ્રી મળે.

આ પ્રયોગોને વિશે હું કોઈ પણ પ્રકારની સંપૂર્ણતા આરોપતો જ નથી. વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાવેલાં પરિણામોને તે છેવટના ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરિણામ છે એ વિશે પણ સાશંક નહીં તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગોને વિશે મારો દાવો છે. મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકેએક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે. પણ તેમાંથી નીપજેલાં પરિણામ એ સહુને સારુ છેવટના જ છે, એ ખરાં છે અથવા તો એ જ ખરાં છે, એવો દાવો હું કોઈ દિવસ કરવા ઇચ્છતો નથી. હા, એક દાવો હું અવશ્ય કરું છું કે મારી દૃષ્ટિએ એ ખરાં છે, અને અત્યારે તો છેવટનાં જેવાં લાગે છે. જો ન લાગે તો મારે એના ઉપર કોઈ પણ કાર્ય ન રચવું જોઈએ. પણ હું તો પગલે પગલે જે જે વસ્તુઓને જોઉં તેના ત્યાજ્ય અને ગ્રાહ્ય એવા બે ભાગ પાડી લઉં અને જેને ગ્રાહ્ય વસ્તુ સમજું તે પ્રમાણે મારા આચારોને ઘડું. અને જ્યાં લગી એ પ્રમાણે ઘડાયેલા આચાર મને, એટલે મારી બુદ્ધિને અને આત્માને, સંતોષ આપે ત્યાં લગી મારે તેના શુભ પરિણામો વિશે અચલિત વિશ્વાસ રાખવો જ જોઈએ.

જો મારે કેવળ સિદ્ધાંતોનું એટલે તત્ત્વોનું જ વર્ણન કરવાનું હોય તો આ આત્મકથા હું ન જ લખું. પણ મારે તો તેના ઉપર રચાયેલાં કાર્યોનો ઇતિહાસ આપવાનો છે, અને તેથી જ મેં આ પ્રયત્નને 'સત્યના પ્રયોગો' એવું પહેલું નામ આપેલું છે. આમાં સત્યથી ભિન્ન મનાતા અહિંસા, બ્રહ્મચર્ય ઈત્યાદિ નિયમોના પ્રયોગો પણ આવી જશે. પણ મારે મન સત્ય જ સર્વોપરી છે અને તેમાં અગણિત વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. આ સત્ય તે સ્થૂલ – વાચાનું – સત્ય નહીં. આ તો જેમ વાચાનું તેમ વિચારનું પણ ખરું. આ સત્ય તે આપણે કલ્પેલું સત્ય જ નહીં. પણ સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય; એટલે કે પરમેશ્વર જ.

પરમેશ્વરની વ્યાખ્યાઓ અગણિત છે, કેમ કે તેની વિભૂતિઓ પણ અગણિત છે. એ વિભૂતિઓ મને આશ્ચર્યચકિત કરે છે. એ મને ક્ષણવાર મુગ્ધ પણ કરે છે. પણ હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ

સત્ય મને જડ્યું નથી, પણ એનો હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ત્યાગ કરવા હું તૈયાર છું, અને એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે. પણ એ સત્યનો હું સાક્ષાત્કાર ન કરું ત્યાં લગી મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારો આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતીત કરું છું.

આ માર્ગ ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે. કારણ કે એ ભૂલો કરતાં છતાં હું બચી ગયો છું અને, મારી સમજણ પ્રમાણે, આગળ વધ્યો છું. દૂર દૂરથી વિશુદ્ધ સત્યની–ઈશ્વરની–ઝાંખી પણ કરી રહ્યો છું. સત્ય જ છે, એ સિવાય બીજું કાંઈ જ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય છે. એ કઈ રીતે વધતો ગયો છે એ મારું જગત એટલે 'નવજીવન' ઇત્યાદિના વાંચનાર જાણી ભલે મારા પ્રયોગોના ભાગીદાર બને અને એની ઝાંખી પણ મારી સાથે સાથે કરે. વળી, જેટલું મારે સારુ શક્ય છે તેટલું એક બાળકને સારુ પણ શક્ય છે એમ હું વધારે ને વધારે માનતો થયો છું, અને તેને સારુ મારી પાસે સબળ કારણો છે. સત્યની શોધના સાધનો જેટલાં કઠણ છે તેટલાં જ સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને એક નિર્દોષ બાળકને તદ્દન શક્ય લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પૂજારી તો રજકણ સુદ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે. આ વસ્તુ વસિષ્ઠ-વિશ્વામિત્રના આખ્યાનમાં સ્પષ્ટ બતાવવામાં આવી છે. ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ પણ એ જ વસ્તુ સિદ્ધ કરે છે.

જે પ્રકરણો હું લખવાનો છું તેમાં જો વાંચનારને અભિમાનનો ભાસ આવે તો તેણે અવશ્ય સમજવું કે મારી શોધમાં ખામી છે અને મારી ઝાંખીઓ તે ઝાંઝવાના નીર સમાન છે. ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. અલ્પાત્માને માપવાને સારુ સત્યનો ગજ કદી ટૂંકો ન બનો.

મારા લેખોને કોઈ પ્રમાણભૂત ન ગણે એમ હું ઈચ્છું છું. એવી મારી વિનંતી છે. તેમાં દર્શાવેલા પ્રયોગોને દૃષ્ટાન્તરૂપે ગણીને સહુ પોતપોતાના પ્રયોગો યથાશક્તિ અને યથામતિ કરે એટલી જ મારી ઈચ્છા છે. એ સંકુચિત ક્ષેત્રમાં મારા આત્મકથાના લેખોમાંથી ઘણું મળી શકશે એવો મારો વિશ્વાસ છે. કેમ કે, કહેવા યોગ્ય એક પણ વાત હું છૂપાવવાનો નથી. મારા દોષોનું ભાન વાંચનારને હું પૂરેપૂરું કરાવવાની આશા રાખું છું. મારે સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવા છે, હું કેવો રૂપાળો છું એ વર્ણવવાની તલમાત્ર ઈચ્છા નથી. જે માપથી હું મારું પોતાનું માપ કરવા ઈચ્છું છું અને જે માપ આપણે બધાએ પોતપોતાને વિશે વાપરવું જોઈએ, તે પ્રમાણે તો હું અવશ્ય કહું કે,

મો સમ કૌન કુટિલ ખલ કામી ?
જિન તનુ દિયો તાહિ બિસરાયો
ઐસો નિમકહરામી।

કેમ કે, જેને હું સંપૂર્ણ વિશ્વાસપૂર્વક મારા શ્વાસોચ્છ્વાસનો સ્વામી ગણું છું, જેને હું મારા નિમકનો દેનારો ગણું છું તેનાથી હજીયે હું દૂર છું, એ મને પ્રતિક્ષણ સાલે છે. એના કારણરૂપ મારા વિકારને હું જોઈ શકું છું. પણ એને હજીયે કાઢી શકતો નથી.

પણ હવે બસ થયું. પ્રસ્તાવનામાંથી હું પ્રયોગની કથામાં ન ઊતરી શકું. એ તો કથા-પ્રકરણોમાં જ મળશે.

આશ્રમ, સાબરમતી. **મોહનદાસ કરમચંદ ગાંધી**
માગશર શુ. ૧૧ ૧૯૮૨

કે.જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ દ્વારા દ્વિ દિવસિય 'સમણ સુત્ત' ગ્રંથ ઉપર રાષ્ટ્રીય સેમિનાર

તા. ૧૮–૧૯ નવેમ્બર ૨૦૧૦ ને દિન સવારે ૯–૩૦ વાગ્યે આ રાષ્ટ્રીય સેમિનારનું ઉદ્‌ઘાટન મુનિ શ્રી કીર્તિચંદ્રજી મહારાજ (બંધુ ત્રિપુટી) કરશે. મુખ્ય વક્તા ડૉ. સાગરમલ જૈન છે. ઉદ્‌ઘાટનનું સ્થળ : ચોથો માળો, સભાગૃહ, મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ બિલ્ડીંગ, સોમૈયા વિદ્યા વિહાર કેમ્પસ, વિદ્યાવિહાર (પૂર્વ), મુંબઈ.

ઉદ્‌ઘાટન પછીના શોધપત્રો અને તેના પર વિવેચન પહેલે માળે સેમિનાર હૉલમાં વિદ્વાનો દ્વારા રજૂ કરાશે. આ વિદ્વાનોમાં ડૉ. દયાનંદ ભાર્ગવ, ડૉ. રામજી સીંગ, ડૉ. પ્રેમસુમન જૈન, ડૉ.જિતેન્દ્ર શાહ, ડૉ. દામોદર શાસ્ત્રી, ડૉ. સોહનલાલ ગાંધી, ડૉ. ભાગચંદ્ર જૈન, ડૉ. અનેકાંત જૈન, સમણી આગમ પ્રજ્ઞાજી, સમણી શશીપ્રજ્ઞાજી, સમણી રોહિણી પ્રજ્ઞાજી, ડૉ. શુચિતા જૈન, ડૉ. સરોજ જૈન, ડૉ. અભય દોશી વગેરે ધુરંધરો પોતાના વક્તવ્ય રજૂ કરશે.

વિદાય સમારંભમાં તરૂલતાબાઈ મહાસતીજી આશીર્વાદ આપશે અને ડૉ. ધનવંત શાહ આ પરિસંવાદ વિશેના પોતાના પ્રતિભાવો રજૂ કરશે.

પરિસંવાદમાં શ્રોતા તેમજ પ્રશ્નકર્તા તરીકે સૌ જૈન ધર્મપ્રેમીઓ તેમજ જ્ઞાનોત્સુક વ્યક્તિઓને આમંત્રણ છે. તા. ૧૯મી નવેમ્બરને દિન સાંજે ૫–૩૦ વાગ્યે આ પરિસંવાદનું સમાપન થશે.

આ પરિસંવાદમાં ભાગ લેવા ઇચ્છતા જિજ્ઞાસુએ ૮ નવેમ્બર સુધી ૨૧૦૨૩૨૦૯, ૬૭૨૮૩૦૭૪ફોન ઉપર પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લેવા વિનંતિ અથવા jaincentre@somaiya.edu ઉપર જણાવવું.

ગાંધી : ગઈકાલના, આજના, આવતીકાલના

❑ નારાયણ દેસાઈ

વર્ષો પહેલાં ઈંગ્લેન્ડના કાર્ટૂન સામયિક પંચમાં એક કાર્ટૂન જોયેલું તેમાં એક લબ્ધપ્રતિષ્ઠિત લેખક તાર ઑફિસ આગળ મૂંઝાતો ઊભો છે. એ કહે છેઃ 'આમ તો મને શબ્દદીઠ નાણાં ચૂકવાય છે. પણ અહીં મારી મુશ્કેલી એ છે કે અહીં શબ્દદીઠ મારે નાણાં ચૂકવવાના છે.' સામાન્ય રીતે એક ગાંધીકથા કરવામાં મને ૧૫ કલાક મળતા હોય છે, જ્યારે અહીં ચાર એક કલાકમાં આટોપવાનું છે, અને ત્યાં હું માત્ર ગઈકાલના ગાંધીની કથા કરું છું, અહીં વિષય એનાથી ત્રણ ગણો મોટો છે.

ગઈકાલના ગાંધી સાથે હું વર્ષો સુધી રહ્યો છું; આજના ગાંધીને મેં થોડાઘણા જાણ્યા છે; આવતીકાલના ગાંધીને હું મારા સમણામાં જોવા ઈચ્છું છું.

ગઈકાલના ગાંધી વિષે કથા નથી માંડવાનો. આપમાંથી ઘણાખરા એ કથા જાણો છો. એમને વિષે માત્ર કેટલાક મુદ્દાઓનો જ સ્પર્શ કરવા ઈચ્છીશ.

પહેલો મુદ્દો હું એ કહેવા ઈચ્છું છું કે આપણે ગાંધીનો વિચાર અખિલાઈમાં કરવો જોઈએ. કેટલાકને ગાંધી સંત લાગે, કેટલાકને મુત્સદ્દી, તો કેટલાકને વળી રાજકારણી લાગે. પણ ગાંધીને માત્ર સંત કે માત્ર રાજકારણી તરીકે જોવાથી એમને અન્યાય થવાનો સંભવ છે. ગાંધીના વ્યક્તિત્વના એમ ભાગલા પાડી ન શકાય.

ગાંધીકથાનું એક ગીત કહે છેઃ

ગાંધીનું ચારિત્ર રૂડું ! એક ને અખંડ હતું
ગાંધીના ભાગલા પાડશો મા.
શાણા હો માનવી
સત્યનું કમળ સો પાંખડીએ શોભતું
પાંખડીઓ પીંખી પીંખી નાખશો મા.
શાણા હો માનવી

ગાંધીના ચારિત્ર્યની આપણે આયુવૃક્ષ સાથે તુલના કરીએ તો ગાંધીનાં મૂળ અને બીજ એમની આધ્યાત્મિકતામાં, એમનું થડ અને ડાળીઓ તેમના સામાજિક, આર્થિક, શૈક્ષણિક વિચારોમાં અને ફળફૂલ એમના રાજનૈતિક કાર્યક્રમોમાં હતાં એમ કહી શકાય. સાધક ગાંધી, લડવૈયા ગાંધી અને ઘડવૈયા ગાંધી એકબીજામાં અવિચ્છિન્નપણે ગૂંથાયેલા હતા.

ઘણીવાર લોકો કહે છે કે ગાંધીજીએ જ આ દેશને સ્વરાજ અપાવ્યું. પણ તે આંશિક સત્ય છે, પૂર્ણ સત્ય નથી, સ્વરાજ આવવા પાછળ ગાંધીના નેતૃત્વ હેઠળ ચાલેલું આંદોલન ઘણે અંશે જવાબદાર હતું એ વાત સાચી, બ્રિટિશ પાર્લામેન્ટમાં પણ આ વાત સ્વીકારાઈ છે. પરંતુ સ્વરાજ આવવા પાછળ બીજા પણ ઘણાં કારણો હતા. હા, સ્વરાજ મેળવવાની ગાંધીજીએ દેખાડેલી રીત એ સાવ આગવી હતી એ ખરું.

ગાંધી વિષે વિચાર કરતી વખતે બીજો મુદ્દો એ ધ્યાનમાં રાખવો જોઈએ કે ગાંધીનું વ્યક્તિત્વ નિત્યવિકાસશીલ હતું. તેમણે પોતે જ નોંધ્યું છે કે મારા લખાણોમાં વાચકોને જો કોઈ વિસંગતિ લાગે, તો તેમણે આગલી વાતને બાજુએ રાખીને પાછલી વાતને માનવી. જે માણસ નિત્ય વિકાસ કરતો હોય તે જ આવી વાત વિશ્વાસપૂર્વક કહી શકે. રાતે અંધારામાં બહાર નીકળતાં ડરતો મોનિયો, આગળ જતા દુનિયાના સૌથી મોટા સામ્રાજ્ય સામે એકલો ઝઝૂમે એવો નિર્ભય બન્યો. દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ સામ્રાજ્યને વફાદાર રહેનાર ગાંધી, જલિયાંવાલા બાગ પછી બળવાખોર ગાંધી બને છે. એમના જીવનમાં આવા અનેક પલટાઓ આપણને જોવા મળે છે, તે એમની નિત્ય વિકાસશીલતાને લીધે. અહીં એક વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે. બધા પલટાઓની પાછળ એમની એક વાતની નિત્ય એકરાગિતા જોવા મળતી. તે હતી એમની સત્યની શોધ.

એમની સત્યની શોધ નિરંતર હતી. અને એમની સત્યની વ્યાખ્યા વિકસતી જતી હતી. 'સત્ય એટલે સાચું બોલવું'થી શરૂ કરી. 'સત્ય એ જ પરમેશ્વર છે' સુધી તેઓ પહોંચ્યા હતા.

ગાંધીએ પોતાને પ્રેક્ટિકલ આઈડીઅલિસ્ટ કહ્યા હતા એ ભૂલવું ન જોઈએ. એમનું માથું આકાશમાં રહેતું, પણ પગ હંમેશાં ભોંય પર મક્કમ રહેતા. પોતે વ્યવહાર સમજનાર આદર્શવાદી હતા. તેથી જ દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે એમને હરદ્વાર અને દેવઘર જેવાં તીર્થ સ્થળોના નિમંત્રણ હતા છતાં તેમણે અમદાવાદને આશ્રમ સ્થાપવા સારું પસંદ કર્યું હતું તે પણ આ જ કારણે. અમદાવાદના શ્રેષ્ઠીઓએ તેમનો આરંભમાં વરસ બેવરસ આશ્રમનો ખરચ ઉપાડી લેવાની જવાબદારી લીધી હતી તે સ્વીકારવામાં ગાંધીનો વાસ્તવવાદ હતો અને મારે જનતાની સેવા કરવી હોય તો તેની ભાષામાં જ કામ કરવું જોઈએ અને મારે સારુ માતૃભાષા ગુજરાતી સહજ છે એટલે ગુજરાતને પોતાનું સેવાક્ષેત્ર બનાવીશ, એ એમનો આદર્શવાદ હતો.

તેઓ જેમ સિદ્ધાંતની બાબતમાં દૃઢ આગ્રહી હતા, તેમ બીજી બાજુ ઘણી વિગતો કે પેટામુદ્દાઓ બાબત બાંધછોડ કરવા પણ તૈયાર રહેતા એ ભૂલવું ન જોઈએ. તેમણે પંડિત મોતીલાલજી અને ચિત્તરંજન દાસ જોડે, લોર્ડ અરવિન જોડે, જનરલ સ્મટ્સ જોડે કે આંબેડકર જોડે પણ ઘણી બાબતોમાં બાંધછોડ કરી હતી. માત્ર એક બાબત તેઓ કદી બાંધછોડ કરવા તૈયાર નહોતા, તે સાધન-શુદ્ધિની બાબતમાં.

હું માનવતાને ગાંધીની ત્રણ મોટી દેણ ગણું છું. સત્યાગ્રહ, રચનાત્મક કાર્ય અને એકાદશ વ્રત. સત્યાગ્રહ મારફત ગાંધીજીએ

આપણને પરિવર્તનનો એક મૌલિક અભિક્રમ (ઈન્સેન્ટિવ) બતાવ્યો. ત્યાર સુધી માનવજાત બે જ પ્રેરક બળને લીધે પરિવર્તન થાય છે એવી સમજ સાથે વર્તતી હતીઃ કાં લોભને લીધે કાં ભયને લીધે. ગાંધીજીએ સત્યાગ્રહ મારફત પ્રેમ, સમજ અને સહકારનું એક ત્રીજું પ્રેરકબળ દેખાડ્યું.

ક્રાંતિકારી જે વ્યવસ્થાને બદલવાની હોય છે તે બાબત તો બહુ સ્પષ્ટ હોય છે પણ એને બદલે જે બીજી વ્યવસ્થા લાવવાની હોય છે, તે બાબતનું ક્રાંતિકારીઓના મનમાં ચિત્ર ધૂંધળું હોય છે. રચનાત્મક કાર્યક્રમ મારફત ગાંધીએ આપણને ક્રાંતિનું વિધાયક પાસું ખોલી આપ્યું. આપણે તંત્ર તો બદલવું છે, પણ એની જગાએ નવો અહિંસક સમાજ લાવવો છે એ એમણે તંત્ર બદલવાના આંદોલન સાથે સાથે જ શીખવ્યું.

ગાંધીજીએ આમ તો આશ્રમવાસીઓના આચરણ સારુ બતાવેલ અગિયાર વ્રતો આખા સમાજને ટકાવવા અને સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય એમ છે. ગાંધી દ્વારા સૂચિત એકાદશ વ્રતનું રહસ્ય એ બાબતમાં છે કે અત્યાર સુધી સત્ય, અહિંસાદિને આપણે વ્યક્તિગત ગુણ માન્યા હતા. તેને તેમણે સામાજિક મૂલ્યો તરીકે સ્થાપ્યા.

ગાંધીએ આપણને એ વાતની પણ યાદ આપી છે કે દેશમાં સૌથી અંતિમ શક્તિ તો લોકોની જ છે.

ગઈકાલના ગાંધીનો વિચાર કરતાં છેલ્લે એક વાત પર મારે ભારપૂર્વક ધ્યાન દોરવું છે. ગાંધીવિચારોને આપણે સગવડ ખાતર બે વિભાગોમાં વહેંચી શકીએ. તત્ત્વ અને તંત્ર. એમના જે વિચારો તત્કાલીન દેશ અને કાળની પરિસ્થિતિમાંથી નિપજ્યા છે તેને હું 'તંત્ર' કહું છું. પણ એમના ઘણા એવા વિચારો છે, જેને દેશકાળની સીમા બાંધી નથી શકતી. આવા વિચારોને આપણે 'તત્ત્વ'માં ગણી શકીએ. સત્ય, અહિંસા, સાધનશુદ્ધિ જેવા વિચારો ગાંધીજીના તત્ત્વ છે–જે કોઈ પણ દેશમાં અને કોઈ પણ કાળમાં લાગુ પડે એમ છે. ખાદી, અસ્પૃશ્યતા નિવારણ એ બંને વિચારો આપણા દેશકાળની પરિસ્થિતિમાંથી ઉત્પન્ન થયા છે. ખાદી કદાચ સાઈબિરીયામાં ન ચાલે અને જે દેશમાં આભડછેટ હોય જ નહીં ત્યાં અસ્પૃશ્યતા નિવારણનો પ્રશ્ન જ નથી ઊઠતો. તત્ત્વ દેશકાળ અબાધિત રહે છે, તંત્ર દેશકાળ મુજબ બદલાઈ શકે, બદલાવું જોઈએ. પણ તંત્રની બદલાવાની દિશા હંમેશા તત્ત્વ તરફની જ હોવી જોઈએ.

એકવાર અમેરિકન વિચારક હોમર જેકે વિનોબાને પ્રશ્ન પૂછ્યો કે, ગાંધીજીના જવાના સમાચાર સાંભળ્યા ત્યારે તમને સૌથી પહેલો વિચાર શો આવ્યો? વિનોબાએ કહ્યું કે મને સૌથી પહેલો વિચાર એ આવ્યો કે તેઓ ગયા જ નથી. ગાંધીજી પોતે પણ આપણને કહી ગયા છે કે મર્યા પછી પણ હું ચૂપ નથી રહેવાનો. કબરમાંથી પણ આળસ મરડીને ઊભો થઈશ. શરીરની સીમામાં રહેલા ગાંધીએ મૃત્યુ દ્વારા અસીમમાં પ્રવેશ કર્યો. સ્થૂળમાંથી એ સૂક્ષ્મમાં પ્રવેશ્યા. અને દેશમાંથી દુનિયા સુધી ફેલાઈ ગયા.

આજે જેમણે ગાંધીતત્ત્વને પોતાની રીતે જીવતું રાખ્યું છે, તેવા લોકોમાં મને આજના ગાંધી દેખાય છે. સસીમમાંથી અસીમ તરફ જવાનો પ્રયાસ એટલે ગાંધી. શરીરમાંથી આત્મા તરફ જવાનો પ્રયાસ એટલે ગાંધી.

આપણા દેશમાં જેમણે ગાંધીના ગયા પછી ગાંધીતત્ત્વને જીવતું રાખ્યું તેમાં પ્રથમ આવે વિનોબા ભાવે. એમણે આર્થિક ક્ષેત્રમાં અહિંસાનો પ્રવેશ કરાવ્યો. દેશનો પાયાનો પ્રશ્ન છે ભૂમિનો પ્રશ્ન. એને અહિંસાને માર્ગે ઉકેલવા તેમણે પ્રયાસ કર્યો. ગાંધીએ જુલમનો વિરોધ કર્યો હતો, પણ જુલમીનો નહીં. વિનોબાએ એ જ રીતે અમીરી અને ગરીબીનો વિરોધ કર્યો, પણ અમીર અને ગરીબને બચાવવા સારુ. વળી તેમણે રાજનીતિને બદલે લોકનીતિની રાહ દેખાડી. તેમણે શાસ્ત્રીય ભાષામાં કહ્યું કે, આપણે હિંસાશક્તિની વિરોધી, દંડશક્તિથી નિરપેક્ષ એવી તૃતીય શક્તિ પેદા કરવી છે. તેમણે એ પણ સમજાવ્યું કે આ દુનિયા તો જ ટકી શકશે જો વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય થશે. તેમણે સમજાવ્યું કે જીવનની ગાડીમાં વિજ્ઞાન અને ટેકનોલોજી પેટ્રોલનું કામ કરે છે, પણ અધ્યાત્મ સ્ટીઅરીંગ વ્હીલનું કામ કરે છે. જો આનાથી ઊંધું થશે તો આપણી ગાડી ખાડામાં ખાબકશે. વળી વિનોબાએ જુદા જુદા ધર્મોનો આદરપૂર્વક ઊંડો અભ્યાસ કરી દરેકનો સાર કાઢી બતાવ્યો. આમ તેઓ આપણને ગાંધીના સર્વધર્મસમભાવની તરફ એક ડગલું આગળ લઈ ગયા.

બીજા જયપ્રકાશજી. ગાંધીદૃષ્ટિએ મને એમનામાં જે ગુણ વધુમાં વધુ આકર્ષક લાગ્યો તે હતો ઋજુતાનો. સ્ફોટક શી પારદર્શિતા એમનામાં હતી. પોતાના કામમાં ક્યાંય કમી લાગી હોય તો તેને જગજાહેર કરવામાં એમને લવલેશ પણ સંકોચ નહોતો થતો.

એકવાર પવનારના આશ્રમમાં હું ત્યાંના આશ્રમવાસીઓ સાથે બેઠો હતો. ત્યારે મેં કહ્યું કે આપણા સર્વોદયવાળાના બે નેતાઓ છે. એક સંત અને બીજો રાજનીતિજ્ઞ. અને એમાં જયપ્રકાશજી સંત છે. આ સાંભળીને બહેન કુસુમ દેશપાંડે કૌતુકમિશ્રિત ઉત્તેજના સાથે ઊભી થઈ ગઈ અને વિનોબાની ઓરડી તરફ ધસી ગઈ. હું પણ એની પાછળ પાછળ ગયો. એણે જઈને કહ્યું, 'બાબા! જુઓ આ નારાયણ શું કહે છે?'

વિનોબાને એક ટેવ એવી હતી કે જ્યારે ખૂબ ખુશ થઈ જાય ત્યારે ઊભા થઈને તાળીઓ પાડે. તેઓ કુસુમની વાત સાંભળી ઊભા થઈ ગયા અને તેમણે તાળી પાડતાં પાડતાં કહ્યું, 'બરાબર, બિલકુલ બરાબર! જયપ્રકાશજી સંત છે અને હું રાજનીતિજ્ઞ છું.'

એક દાખલો આપું. કટોકટી પછી જનતાપાર્ટીનું રાજ આવ્યું ત્યારે જેલમાં જયપ્રકાશજી સાથે બરાબર વર્તણૂંક થઈ હતી કે નહીં તેની તપાસ કરવા સારુ ડૉ. આલ્વાનું એક વ્યક્તિનું બનેલું કમિશન નીમવામાં આવ્યું હતું. ડૉ. આલ્વા એમ ઈચ્છતા હતા કે બીજે બધે તપાસ કરી છે તો આ બાબત જયપ્રકાશજીનો શો અભિપ્રાય છે તે

પણ જાણી લઈએ. જયપ્રકાશજીને જેલમાં લઈ ગયા ત્યારે તેઓ જે દવાઓ નિયમિત રીતે ખાતા હતા તે તેમની પાસેથી લઈ લેવામાં આવી હતી અને તદ્દન જુદી જ દવાઓ આપવામાં આવી હતી. એમને જિંદગીમાં કદી કિડનીની બીમારી નહોતી પણ નવી દવાઓ કિડની અંગેની જ હતી.

ડૉ. આલ્વાએ જયપ્રકાશજીને કહ્યું કે 'આપ છાતી પર હાથ રાખીને કહો કે તમારી સાથે જે વ્યવહાર થયો હતો, તે બાબત તમને શંકા છે કે નહીં.'

જયપ્રકાશજીએ કહ્યું, 'ડૉ. તમે છાતી પર હાથ મૂકીને કહેવાનું કહો છો એટલે હું એમ તો નથી કહી શકતો કે મને જરાય શંકા નથી.' ડૉ. આલ્વાએ પૂછ્યું કે હું મારા અહેવાલમાં આ બાબતની નોંધ લઉં?'

'ના ના. આ વાત ઑફ ધ રેકોર્ડ છે.'

'જે. પી.! હું સત્ય શોધવા નીકળ્યો છું. અને મારે સત્યની તો નોંધ કરવી જ પડે કે તમને પણ મનમાં શંકા છે.' ડૉ. આલ્વા.

તે વખતે જયપ્રકાશજી એકાંતરે દિવસે ડાયાલિસિસ કરાવતા હતા. આલ્વાએ જ્યારે બહુ આગ્રહ કર્યો ત્યારે જયપ્રકાશજીએ કહ્યું, 'જુઓ, મારો એક પગ આ દુનિયામાં છે અને બીજો પગ પેલી દુનિયામાં છે. ઈંદુને તો હજી લાંબી જિંદગી કાઢવાની છે. હું એને કલંકિત કરવા નથી માગતો.' આ હતું જયપ્રકાશજીનું સંતપણું. પોતાને જેલમાં ધકેલીને એમની સાથે શંકાસ્પદ વ્યવહાર કરનારને પણ એ કલંકિત કરવા તૈયાર નહોતા.

ક્રાંતિકારીનું એક લક્ષણ એ છે કે એની હૃદયતંત્રીમાં વિશ્વના કોઈ પણ ખૂણાની વેદના હોય તોયે તે ઝંકૃત થઈ ઊઠે છે. પેરૂ હો કે ચિલી હો, ચેકોસ્લોવેકિયા હો કે હંગેરી હો, ક્યાંય પણ પ્રજા પર અન્યાય થતો સાંભળે તો જયપ્રકાશજી હાલી ઊઠતા. હંગેરીમાં સોવિયેટ યુનિયન દ્વારા જે દમન થયું તેનો સૌથી પહેલો વિરોધ જયપ્રકાશજીએ કર્યો હતો. બાંગ્લાદેશ વખતે તો ત્યાંના વાસીઓની વાત લઈને એમણે આખી દુનિયાનો પ્રવાસ કર્યો હતો. બહુ ઓછા લોકો કદાચ એ વાત જાણતા હશે કે સંયુક્ત રાષ્ટ્રોની જે પીસ કીપિંગ આર્મી છે તે નિઃશસ્ત્ર હોવી જોઈએ એવું સૂચન સૌથી પહેલાં જયપ્રકાશજીએ સ્પેનના એક નેતા જોડે મળીને કરેલું. શાંતિદળ જો નિઃશસ્ત્ર હોય તો જ એ અસરકારક નીવડે એ વાત દુનિયા આગળ કહેનાર જયપ્રકાશજી સૌથી પહેલા હતા.

હવે હું દેશ બહારના કેટલાક આગેવાનોનો ઉલ્લેખ કરીશ. જેમનામાં મને ગાંધીનો કોઈ એક કે બે ગુણ વિશેષરૂપે દેખાયા હોય. તેમાંથી કેટલાકનો ઉલ્લેખ હું આજના ગાંધીના મથાળા હેઠળ કરીશ.

સ્વાભાવિક રીતે જ એમાં સૌથી પહેલું નામ માર્ટિન લૂથર કિંગ જૂનિયરનું યાદ આવે. આપણે એમને વિષે ઠીકઠીક જાણીએ છીએ. એટલે ખૂબ વિસ્તાર નહીં કરું. એમણે પોતે જ એ સ્વીકાર્યું છે કે તેમણે પ્રેમનું દર્શન જીસસ ક્રાઈસ્ટ પાસેથી લીધું હતું, પણ તેને આચરણમાં મૂકવાની ટેકનિક એમને ગાંધી પાસેથી મળી હતી. વિશ્વના મોટા ભાગના શાંતિવાદીઓએ ગાંધીના સત્યાગ્રહને એક ટેકનિક તરીકે જોયો છે, દર્શન તરીકે, જીવન જીવવાની શૈલી તરીકે જોયો નથી. મારી માન્યતા મુજબ એ એમની બહુ મોટી મર્યાદા છે. સત્યાગ્રહની તકનીક પણ એના દર્શનમાંથી જ નીકળી છે. પરંતુ માર્ટિન લૂથર કિંગે સત્યાગ્રહને માત્ર ટેકનિક ગણ્યો એમ ન કહી શકાય, કારણ એમણે પ્રેમનું દર્શન ક્રાઈસ્ટ પાસે લીધું હતું.

ગાંધીતત્ત્વનો વિચાર કરતાં જ બીજું નામ સાંભરે છે નેલ્સન મન્ડેલાનું. નિર્વૈરતાને હું તેમનો સૌથી મોટો ગુણ માનું છું. ૨૭-૨૮ વર્ષ જેલમાં રહ્યા પછી અને લગભગ આખા સમાજથી વિખૂટા રહ્યા પછી છૂટ્યા ત્યારે જે શાસને એમને જેલમાં રાખ્યા તેને વિષે એમણે સ્હેજે વેરભાવ દાખવ્યો નહીં. એમની નિર્વૈરતા આજના ગાંધી તરીકે આપણી વચ્ચે હયાત છે.

કેટલાંક દેશોએ ગાંધી પાસે પ્રેરણા લીધી છે. એમાં ચેકોસ્લોવાકિયા અને પોલંડ જાણીતા દાખલા છે. રશિયા અને એની જોડે વૉરસોપેક્ટના સૈન્યોની સામે નિઃશસ્ત્ર પ્રતિકારનું સાધન ત્યાંની પ્રજાએ અપનાવ્યું. આના મૂળમાં મને ગાંધી વિચાર લાગે છે.

મ્યાનમાર (બ્રહ્મદેશ)ની ઑંગ સાન સૂ કીમાં મને વિવેકનો ગુણ મુખ્ય દેખાયો છે. આટલી નાની ઉંમરે તેણે પ્રગલ્ભ વિવેક દેખાડ્યો છે. એવી રીતે પેલેસ્ટીનના મુબારક અવાડ આજે તો જોકે અમેરિકામાં છે, તેઓ ઈઝરાઈલ સાથેનો પેલેસ્ટીનનો સંઘર્ષ અહિંસક જ હોય તેના આગ્રહી છે. અને એ સંઘર્ષમાં જોકે સફળતા નથી મળી પણ અહિંસા વિષેની તેમની નિષ્ઠા પાકી છે. આજે તેઓ અહિંસા અંગે એક આંતર્રાષ્ટ્રીય કેન્દ્ર ચલાવે છે.

આપણા પડોશી દેશ તિબેટનો મુક્તિ માટેનો અહિંસક સંગ્રામ પણ ગાંધીનું સ્મરણ કરાવે તેવો છે. દલાઈ લામા તો વારંવાર કહે છે કે તેમને બધી પ્રેરણા બુદ્ધ અને ગાંધી પાસેથી મળી છે.

આજના સંદર્ભમાં ગાંધીના રચનાત્મક કાર્યોને યાદ કરતાં સૌથી મોખરે નામ મૂળ ઈટલીના પણ પછી ફ્રાન્સમાં જઈ આશ્રમ સ્થાપનાર લાંઝા ડેલ વાસ્તો ઉર્ફે શાંતિદાસનું યાદ આવે છે. એમના નવ જેટલાં આશ્રમો તો ફ્રાન્સમાં જ છે અને બીજા અન્ય દેશોમાં પણ છે. એમના મુખ્ય આશ્રમ લબોરી નોબ્વમાં સૌ આશ્રમવાસીઓ પોતાના ગરમ વસ્ત્રો અને ખોરાક જાતે પેદા કરી લે છે. બધા શાકાહારી છે. એમની મુખ્ય પ્રવૃત્તિ રચનાત્મક છે, પણ લારઝાકના અહિંસક પ્રતિકારના આંદોલનમાં પણ તેમનો મોટો ફાળો હતો.

મૂળ લેટિન અમેરિકન સીઝર શાવેઝનું મુખ્ય કાર્યક્ષેત્ર યુ.એસ.એ. હતું. દ્રાક્ષની વાડીઓમાં કામ કરતા શ્રમિકોનું તેમણે સંગઠન ઊભું કર્યું. ૧૪ વર્ષ સુધી સંઘર્ષમય જીવન જીવીને તેમણે શ્રમિકોને સારુ અહોનિશ મથામણ કરી. ૯ દેશોમાં ખાવાની દ્રાક્ષના બહિષ્કારના વ્યાપક આંદોલનને

સફળ બનાવ્યું. કદાચ યુ.એસ.એ.માં માર્ટિન લૂથર પછી અહિંસા અંગે સૌથી વધુ જાણીતું નામ હોય તો તેમનું જ હશે.

બ્રાઝિલના મહાનગર સાઓપાઓલોની એક ઝૂંપડપટ્ટીમાં રહેતા ફાધર કુન્ત્સ એમ તો જર્મન મૂળના. પણ બ્રાઝીલિયન જ થઈ ગયેલા. ઉત્તર પશ્ચિમના એક વિસ્તારમાં એકવાર ભયાનક દુકાળ પડ્યો. ગામડાના લોકો ભૂખના માર્યા શહેરો તરફ આવવા લાગ્યા ત્યારે શહેરના કેટલાક વતનીઓએ છાપામાં લખ્યું કે રેશનની દુકાનવાળાઓને બંદૂકના લાઈસેન્સ આપવા જોઈએ. કારણ ગામડાના લોકો આવીને લૂંટ ચલાવી શકે છે. આ વાંચીને ફાધર કુન્ત્સનું હૈયું દ્રવી ઊઠ્યું. એ તો તરત તે શહેરમાં પહોંચ્યા અને ત્યાંના મુખ્ય કેથીડ્રલમાં બેસીને ઉપવાસ કરવાની તેમણે ત્યાંના વ્યવસ્થાપકો પાસે રજા માંગી. તેમણે કેથીડ્રલમાં જ રહીને ૨૧ દિવસના અનશન ઘોષિત કર્યા. શરૂઆતમાં તો કેટલાક લોકોએ ઠેકડી ઉડાડી કે ફાધરના ઉપવાસ કરવાથી ભૂખ્યાની ભૂખ શી રીતે મટશે? પણ ધીરે ધીરે લોકો એમની પથારી પાસે આવીને પૂછવા લાગ્યા, 'અમે શું કરી શકીએ? અમેય ઉપવાસ કરીએ?' ફાધર કુન્ત્સે કહ્યું કે 'સહાનુભૂતિના ઉપવાસ કોઈ ૨૪ કલાકથી વધારેમાં ન કરે. પણ તમારે કંઈક કરવું જ હોય પોતપોતાના ઘર આગળ પાટિયું ટિંગાડી એમાં જાહેરાત કરો કે અમારા દ્વાર સૌને સારુ ખુલ્લાં છે. જેને આવવું હોય તે ભલે પધાર્યા. અમારી કને જે કાંઈ હશે તે વહેંચી ખાશું. એક રોટલો હશે તો અર્ધો અર્ધો વહેંચી લઈશું. કાંઈ નહીં રહે ત્યારે સાથે બેસીને પ્રાર્થના કરીશું.' ઉત્તર પશ્ચિમના એ શહેરમાં ફાધર કુન્ત્સના ૨૧ દિવસના ઉપવાસ પછી જ્યારે પારણાં થયાં ત્યારે ત્યાંના ૧૦ હજાર ઘરોમાં આવા પાટિયાં લાગી ગયાં હતાં અને બંદૂકના લાઈસેન્સની વાત તો સાવ ભૂલાઈ જ ગઈ હતી.

અહીં મને આપણા મણિપુરની બહેન ઈરોમ શર્મિલાની યાદ આવે છે જે આજે વરસોથી એક લશ્કરી કાયદો દૂર કરાવવા ઉપવાસ કરી રહી છે અને જેને બળજબરીથી નાકમાં નળીઓ ખોસી ખોરાક ચડાવીને ટકાવીને રાખવામાં આવે છે. ઈરોમ શર્મિલાનું તપ આપણા દેશની હૃદયશૂન્યતાને પડકાર સમાન છે.

દક્ષિણ અમેરિકાના પેરેગ્વેમાં રેલ્વે લાઈનથી ૩૦૦ માઈલ દૂર એક આદિવાસી ગામ હતું. એ ગામમાં મારે જવાનું થયું ત્યારે ભાષાની મુશ્કેલીને લીધે મેં તો મોટે ભાગે ચૂપ રહીને રેંટિયો કાંતવાનો રાખ્યો હતો. રેંટિયો જોઈને છોકરાંઓ સહજ જ આસપાસ વીંટળાઈ વળ્યા. પછી એમની માતાઓ આવી, પછી થોડા જુવાનિયાઓ આવ્યા. મારું મૌન કાંતણ ચાલુ હતું. આ લોકો માંહોમાંહે કાંઈક ચર્ચા કરવા લાગ્યા એટલે મને સમજાયું કે એમને રસ પડવા લાગ્યો છે. ત્યાં અચાનક ચાર પાંચ છોકરાઓએ દોટ મૂકી. પહેલાં તો મને કાંઈ સમજ ન પડી. પણ થોડીવારમાં આ છોકરાઓ દોડતા પાછા આવ્યા ત્યારે એમના હાથમાં કપાસના પૂમડાં જોયાં. મને મજા પડી ગઈ. ત્યાં ને ત્યાં કામચલાઉ સાધનો વડે એ કપાસને લોઢી, પીંજીને પૂણી બનાવી. એટલે એક હર્ષનાદ થયો. દુભાષિયાની મદદથી મેં આમની વાત સમજવાનો પ્રયત્ન કર્યો. વચ્ચે કંઈક વિખવાદ થયો અને ઘાંટા જરા ઊંચા થયા. આખી વાત જાણી ત્યારે સમજાયું કે આદિવાસી જુવાનિયાઓમાં વિવાદ પેદા થયો હતો. એક બે જણે કહ્યું કે આવું મશીન આપણી પાસે હોય તો કાપડ સારુ આપણે બજારમાં જવું ન પડે. મને થયું કે વાત તો બરાબર હતી એમાં વિવાદ શો? વિવાદ એ હતો કે બીજા એક બે જણે કહ્યું કે એ તો જાણે છે જ, પણ મહેમાન કાંઈ માત્ર કપડા સારુ આ યંત્ર નથી ચલાવતા. જો કેવા ટટ્ટાર ને શાંત બેઠા છે! એ કેવળ સૂતર બનાવતા નથી, પણ પ્રાર્થના પણ કરતા લાગે છે. મને સાબરમતી અને સેવાગ્રામ આશ્રમના 'સૂત્રયજ્ઞ' યાદ આવી ગયા જ્યાં અમે રોજ ગાંધીજીની નિશ્રામાં બેસીને કાંતતા.

ઉત્તર ધ્રુવથી આશરે ત્રણસો માઈલ દક્ષિણે ઈન્નુ નામની એક આદિવાસી જાતિનો એક ભાઈ મને પોતાને ગામ લઈ જઈ રહ્યો હતો. એને પોતાને ત્યાં મને લઈ જવામાં રસ એટલા સારુ પડ્યો હતો કે એ લોકોએ થોડા વખત પહેલાં જ એક સફળ સત્યાગ્રહ કર્યો હતો. 'નેટો' રાજ્યોના વિમાની લશ્કરો તે કાળે એમના બરફીલા પ્રદેશ પર વિમાનોની કસરતો કરીને ઝડપથી બોમ્બ ફેંકીને પાછા કેમ નાસી જવાય તેની રોજેરોજ કવાયત કરતા હતા. વિમાનોની આ કસરતોને લીધે વાતાવરણ એટલું પ્રદૂષિત થયું કે બરફ હેઠળની માછલીઓ મોટી સંખ્યામાં મરવા લાગી. આમનો આદિવાસીઓએ હાથની સાંકળ બનાવીને એરપોર્ટને ઘેરીને વિમાનોને ઊડતાં બંધ કરાવ્યા હતા અને છેવટે પોતાના કસરત મેદાન તરીકે આ વિસ્તારને ન વાપરવાનો નેટો રાજ્યોને ઠરાવ કરવો પડ્યો હતો.

આવતીકાલના ગાંધી એટલે મારે મન જેનું સપનું જોવું ગમે એવા ગાંધી. ૧૯૪૮માં યુનાઈટેડ નેશન્સના ઠરાવથી ગાંધીના શોકમાં દુનિયાના દેશોના ધ્વજો અર્ધી કાઠીએ કરવામાં આવ્યા હતા. હવે, દુનિયાના દેશોએ ગાંધીજયંતીને 'અહિંસા દિન' તરીકે ઊજવવાનું ઠરાવ્યું છે.

મારું માનવું છે કે આવતીકાલનો ગાંધી કોઈ એક વ્યક્તિ તરીકે નહીં પણ સહસ્રાવધિ રૂપે પ્રગટ થશે. એ લોકો સત્યને પોતાના સંદર્ભમાં શોધશે. ગાંધીનો વિચાર સસીમમાંથી નિઃસીમમાં પહોંચવા માંડ્યો છે. વૈશ્વિક પ્રશ્નોનો ઉકેલ ત્યારે ગાંધી પાસે પ્રેરણા લઈને પણ પોતપોતાની સૂઝબૂઝ મુજબ શોધાશે. સૌથી પહેલાં ઉકેલ શોધવો પડશે વૈષમ્યનો. વૈષમ્યનો ઉકેલ આજે તો ગાંધીના વિચાર સિવાય બીજો કોઈ ઉપાય દેખાતો નથી. દુનિયામાં આજે દેશ દેશ વચ્ચેનું વૈષમ્ય છે અને દેશની અંદર પણ વૈષમ્ય છે. જો એ બધી વિષમતાઓનો ઉકેલ નહીં શોધાય તો માનવતાને માટે એ મહાન પડકારરૂપ બની જશે. ગાંધીએ રસ્તા બતાવ્યા છે, ટ્રસ્ટીશિપના ઓશિયેનિક સર્કલ્સના, વ્યક્તિ સમાજને સમર્પિત અને સમાજ પ્રત્યેક

વ્યક્તિની કાળજી રાખનાર થાય તેવા સદ્‌ભાવના રસ્તા, સત્ય પ્રેમ કરુણાના રસ્તા, ગ્રામસ્વરાજના રસ્તા. દેશકાળ મુજબ એને અમલમાં મૂકવા શોધનારામાં આપણને આવતીકાલનો ગાંધી જડશે.

બીજો એવો જ પ્રશ્ન આવશે માનવ અને પર્યાવરણના સંબંધનો. આજે એ પ્રકૃતિને લોકો દિગ્વિજયીભાવે જુએ છે તેને બદલે તેની ઉપાસના દ્વારા તેની જોડે સંવાદિતા સાધવા પ્રયત્ન કરાશે. માઉન્ટ એવરેસ્ટ પર સૌથી પહેલા ચડેલા બે માનવીઓને યાદ કરો. તેમાંના એક, હિલરીએ પર્વત પર ચડીને એની ઉપર જ ધ્વજ ફરકાવ્યો હતો અને બીજા, તેન્ઝિંગે ત્યાંની માટી લઈને પોતાને માથે ચડાવી હતી. પ્રકૃતિ વિષેની દૃષ્ટિમાં આપણે દિગ્વિજયથી ઉપાસના સુધી પહોંચવાનું છે એમ આવતીકાલનો ગાંધી આપણને ગળે ઉતારશે.

જ્યાં માનવ માનવના સંબંધોનો પ્રશ્ન છે તેમાં આપણે રાજ્ય સંસ્થા અને રાષ્ટ્રની ભાવનાના મૂળમાં જઈ એમાં રહેલાં વિભાજક તત્ત્વો ઘટાડીને સમાવેશક તત્ત્વોને ખીલવવા પડશે. રાજ્યવ્યવસ્થાની બાબત માનવજાત આજે લોકશાહીના વિચાર સુધી પહોંચી છે. પણ એને અસરકારક અને વધુ ન્યાયી બનાવવી હશે તો એના પણ અનેક પ્રયોગ અખતરાઓ કરવા પડશે.

શાંતિ અંગેની વિચારણા શસ્ત્રનિરાકરણ (ડિસાર્મામેન્ટ)થી આગળ વધીને સંપૂર્ણ યુદ્ધ નિરાકરણ એટલે કે યુદ્ધનાં કારણોના નિરાકરણ સુધી જવું પડશે.

સમાજના માળખાં બાબત એક બાજુ મુખોમુખી (ફેસ ટુ ફેસ) સમાજ અને બીજી બાજુ જય જગતના ભાવ વચ્ચે સંવાદિતા પેદા કરવી પડશે.

મને લાગે છે કે આવતીકાલનો ગાંધી એક નહીં હજારો લોકોનો સમન્વિત થયેલો ગાંધીભાવ હશે અને પૂરી શક્યતા છે કે એ શાંતિના અગ્રદૂત કોઈ દલિત, કોઈ લઘુમતિના પ્રતિનિધિ, કોઈ શ્યામવર્ણની સ્ત્રી હશે.

ગઈકાલના ગાંધીએ આપણને એ દેખાડી આપ્યું કે સત્ય પર દૃઢ નિષ્ઠા સાથે ચાલી માણસ જો અનવરત પુરુષાર્થ કરે તો ક્યાં સુધી પહોંચી શકે.

આજના ગાંધીઓએ સત્ય અહિંસાને આચરણમાં મૂકવા સારુ અનેક નવા નવા ક્ષેત્રો ખોલી આપ્યા છે.

આવતીકાલના ગાંધી આપણને માત્ર એટલું જ શીખવે છે કે સમગ્ર માણસજાતે જો આત્મહત્યા ને ટાળવી હોય તો એણે કઈ દિશામાં પગલાં માંડવા જોઈશે. ✷✷✷

(સૌજન્ય : સર્વોદય પ્રેસ સર્વિસ બુલેટિન, અમદાવાદ)

સત્યેશ્વર રાષ્ટ્રપિતા ગાંધી બાપુ...

❑ શશિકાંત લ. વૈદ્ય

(૭૮ વર્ષની ઉંમરના આ લેખક નિવૃત્ત શિક્ષક અને સામાજિક કાર્યકર છે.)

કવિ ડાહ્યાભાઈ પટેલ સુણાવ (તા. પેટલાદ) ગામના સુપ્રસિદ્ધ-વિચારક અને સુધારાવાદી વ્યક્તિ હતા. આ કવિને રાષ્ટ્રપિતા ગાંધી માટે ખૂબ માન હતું. શ્રી ડાહ્યાભાઈ કવિ ગાંધીજીના વિચારોથી ખૂબ પ્રભાવિત હતા. એમની વિચારધારા પર ગાંધી વિચારધારાની પૂર્ણ અસર હતી. આથી જ એમણે પૂજ્ય બાપુ વિશે એક મહાકાવ્ય લખ્યું. આ કાવ્યમાં કવિએ પૂ. બાપુનું સુંદર શબ્દચિત્ર આંક્યું છે. પૂ. બાપુ એટલે સાક્ષાત-સત્ય અને અહિંસાનો પૂજારી. આ મહાકાવ્યમાં કવિએ ગાંધીજીને-'સત્યેશ્વર' કહ્યા. સત્ય એજ પરમેશ્વર. ગાંધીજી માનતા કે પરમેશ્વર સત્યથી જુદા નથી. એટલે કવિ તો ગાંધીજીને ઋષિ માનતા–સત્યના મહાન ઉપાસક. કવિ આફ્રિકામાં ખૂબ કમાયા અને ત્યારબાદ તેઓ યુ.કે. ગયા, પણ એમના ક્રાંતિકારી વિચારો અટક્યા નહિ. ખૂબ વાંચ્યું-ખૂબ લખ્યું. પૂ. ગાંધી બાપુની અમર સ્મૃતિમાં કવિએ એક એવૉર્ડ જાહેર કર્યો. એવૉર્ડનું નામ 'કવિ ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક'... ૨૦૦૯માં ત્રણ સાહિત્ય સાધકોને અર્પણ થયા–જે હતા મૂલ્યનિષ્ઠ સર્જક 'જયભિખ્ખુ' (કુમારપાળના પિતાજી), 'કુમાર'ના નવ સર્જક ડૉ. ધીરુભાઈ પરીખ અને નાટ્ય સાહિત્ય મર્મી ડૉ. લવકુમાર દેસાઈ...આ ત્રણે વ્યક્તિ સાહિત્ય ક્ષેત્રે ઉજ્જવળ સ્થાન ધરાવનાર હતી. આ શુભ પ્રસંગે ગુજરાતના સુપ્રસિદ્ધ ચિંતક અને લેખક ડૉ. કુમારપાળ દેસાઈએ જે વક્તવ્ય આપ્યું તે ખૂબ મનનીય અને મૌલિક હતું. આપણે જાણીએ છીએ કે પૂ. ગાંધીજીનું સમગ્ર જીવન મૂલ્યનિષ્ઠ હતું. પૂ. બાપુને સત્ય અને અહિંસામાં પૂર્ણ શ્રદ્ધા હતી. સમગ્ર જીવન તેઓ સત્યની છાયામાં રહીને જ જીવ્યા. એમાં કોઈ બાંધછોડ કરી નહિ. કદાચ કોઈને એમ લાગે કે તેઓ હઠાગ્રહી હતા, પણ ના–એવું કંઈ હતું નહિ. તેઓ સદાય કહેતા 'સત્યને માપવાનો માપદંડ કદાપિ ટૂંકો ન બનો.' આ સૂત્ર જ કહે છે કે એમની શ્રદ્ધા સત્ય પ્રત્યે કેટલી દૃઢ હતી. સત્યપ્રિય વ્યક્તિ સદાય અહિંસક હોય જ . સ્વતંત્રતાની લડત પણ એમણે સત્ય અને અહિંસાના સિદ્ધાંત પર ચલાવી–સફળતા પણ મળી...પણ એમની આકરી કસોટી પણ થઈ. શ્રી ડાહ્યાભાઈ કવિ કહેતા કે રાષ્ટ્રપિતા ગાંધીજીમાં મહાવીર પ્રભુ, ભગવાન બુદ્ધ અને ઈશુ–આ ત્રણ યુગપુરુષોનો સમન્વય હતો. પૂ. બાપુમાં મહાવીરની અહિંસા, ભગવાન બુદ્ધની કરુણા અને ઈશુનો નિર્મળ પ્રેમ વિદ્યમાન હતાં. પૂ. બાપુને કોઈપણ વ્યક્તિ પર દ્વેષ નહિ. અંગ્રેજી સલ્તનત સામે અહિંસાના હથિયારથી લડત લડ્યા, પણ અંગ્રેજો પ્રત્યે એમને દ્વેષભાવ જરા પણ નહિ. એમને અંગ્રેજોની નીતિ પ્રત્યે અણગમો હતો એટલે એમના ઘણા અંગ્રેજ મિત્રો એમને ખૂબ

ચાહતા.

આ એવૉર્ડ અર્પણ સમારંભ નિમિત્તે ડૉ. કુમારપાળ દેસાઈએ ગાંધી બાપુ અંગે જે કંઈ કહ્યું તે ખરે જ ખૂબ મૌલિક અને પ્રેરણાદાયી હતું. એમના પ્રવચનમાં ડૉ. દેસાઈએ કહ્યું કે આપણા કરતાં બહારના દેશમાં ગાંધીજીને વધુ સારી રીતે ઓળખે છે. આ સંદર્ભમાં એમણે ખૂબ સુંદર રજૂઆત કરી, જે સૌનું ધ્યાન ખેંચનારી હતી. ડૉ. દેસાઈ જ્યારે યુ.કે. (લંડન) ગયા ત્યારે જે કંઈ અનુભવ્યું તેનો સુંદર ખ્યાલ સૌને આપ્યો. આ કથા જાણવા જેવી છે. એમણે કહ્યું, 'અમારે ત્યાં બકિંગહામ પેલેસ જોવા જવાનું હતું–જેમાં રાજા–રાણી નિવાસ કરે છે. ઈંગ્લેન્ડ શિસ્ત માટે જાણીતું છે. આ પ્રજા એટીકેટ માં પણ માને છે. ડૉ. દેસાઈને કહેવામાં આવ્યું કે 'તમારે અહીંની એટીકેટ પણ શીખવી પડશે...રાજા–રાણી સાથે કઈ રીતે વર્તવું...શું પહેરવું...અરે પગના બૂટ પણ અમૂક રંગના જ...કેવી રીતે બોલવું વગેરે શીખવવામાં આવ્યું. ખૂબ ધ્યાનપૂર્વક તેઓ શીખ્યા...આ પછી જ તેઓ અંદર ગયા અને રાજા–રાણીને મળ્યા...' આ પછી આજ સંદર્ભમાં ડૉ. દેસાઈએ કહ્યું કે–આજ મહેલમાં આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી ફક્ત ટૂંકી પોતડી અને શરીર પર એક ખાદીનું વસ્ત્ર ધારણ કરીને પ્રવેશેલા–રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં. ગાંધીજીને કહેવામાં આવેલું કે આ ડ્રેસ ન ચાલે...અહીંની અમારી એટીકેટથી વિરુદ્ધ છે, ત્યારે એમણે કહેલું કે 'હું અહીં–મારા ભારત દેશના પ્રતિનિધિ તરીકે આવ્યો છું. હું મારા ગરીબ દેશના માણસોનો પ્રતિનિધિ છું...તેઓ ત્યાંની ભયંકર ઠંડીમાં આજ ડ્રેસ પહેરીને બેઠા. (જો કે ગોળમજી પરિષદમાં એમને સફળતા ન મળી) કહેવાનો ભાવાર્થ એવો છે કે તેઓ એમના સિદ્ધાંતમાં અડગ રહ્યા. એટલે તો ત્યાંના વડાપ્રધાન ચર્ચિલે એમને 'નેકેડ ફકીર ઑફ ઈન્ડિયા'ના નામથી ઓળખ્યા. ગાંધીજી કહેતા, 'મારું જીવન એજ મારો સંદેશ.' તેઓ તન-મનથી સાચા અર્થમાં સત્યાગ્રહી હતા અને અહિંસામાં પૂર્ણ શ્રદ્ધા ધરાવનાર હતા. દક્ષિણ આફ્રિકાના ગાંધી નેલ્સન મંડેલાએ કહેલું, 'પૂ. બાપુ અમારા દેશમાં બેરિસ્ટર તરીકે આવ્યા અને અમે એમને મહાત્મા બનાવીને ભારતમાં મોકલ્યા.' મહાત્મા ત્યાં જ બન્યા...સત્ય માટે ખૂબ સહન પણ કર્યું. એમણે સમગ્ર લડત સત્ય અને અહિંસાના સિદ્ધાંત પર ચલાવી અને તે સફળ પણ રહ્યા. મહાન વૈજ્ઞાનિક ડૉ. આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું, 'આવનારી પેઢીઓ ભાગ્યે જ માની શકશે કે આવો કોઈ માણસ, માંસ અને રક્તનો બનેલો, આ પૃથ્વી પર ચાલ્યો હશે.' ગાંધી બાપુનું સમગ્ર વ્યક્તિત્વ આ વિધાનમાં પ્રતિબિંબિત થાય છે. માર્ટિન લ્યુથર કહે છે કે 'મેં આઝાદીની પ્રેરણા પૂ. ગાંધીજીના જીવનમાંથી મેળવી છે.' જર્મનીમાં ગાંધી માર્ગ છે! અમેરિકામાં માર્ટિન લ્યુથરની પ્રતિમા જોડે બાપુની પ્રતિમા છે. જર્મનીમાં એક શાળાનું નામ પૂ. બાપુના નામ સાથે જોડાયેલું છે. દુ:ખની વાત તો એ છે કે આઝાદી પછી આટલા વર્ષોમાં આપણે ગાંધીજીનું ભારત બનાવી શક્યા નથી. સ્વરાજ્ય મળ્યું પણ સુરાજ્ય કે રામરાજ્ય ન બન્યું. કહેવાની જરૂર નથી કે ગાંધીજીને મન સત્ય અને અહિંસા સર્વસ્વ હતા. પૂ. બાપુએ એક ત્રાસવાદીને કહેલું, 'હું હિંસામાં શ્રદ્ધા ધરાવતો નથી, છતાં હિંસામાં પણ અમુક નિયમ પાળવાના હોય છે. અસહાય વૃદ્ધ, સ્ત્રી કે નિર્દોષ બાળકની હત્યા થતી નથી. આને બહાદુરી ન કહેવાય. આ કાયરતા છે. ખરી રીતે તો બહાદૂરે તેના જીવના જોખમે પણ તેનું રક્ષણ કરવું જોઈએ.' હિન્દુ ધર્મ, જૈન ધર્મ, ઈશુ ધર્મ, બુદ્ધ ધર્મ અને વિશ્વના બધા–ધર્મો સત્ય અને અહિંસાનો સ્વીકાર કરે છે. આટલું સાંભળ્યા પછી પેલા ભાઈ (ત્રાસવાદી) શાંત પડ્યા અને ગાંધીજીને નમન કરીને વિદાય થયા. પૂ. બાપુની વાણીમાં જે સત્યનો રણકો હતો, તેનો ખ્યાલ આવે છે. આઝાદી પહેલાં અને પછી જ્યારે કોમી તોફાનો થયાં ત્યારે પણ તેઓ કોઈના રક્ષણ વિના લોકોને સમજાવવા ગયેલા અને લોકોને શાંત કરેલા. જેઓ તોફાનોમાં ક્રૂર બનેલા–હિન્દુ યા મુસ્લિમો તે સૌએ બાપુ આગળ આવીને દિલગીરી વ્યક્ત કરેલી. પૂ. બાપુએ એકલવીર બનીને સત્ય અને અહિંસાના બળ પર લડત ચલાવી. આ એમનું તેજસ્વી અને ઉજ્જવળ પાસું છે. આટલા વર્ષો પછી પણ આજે આપણે કોમી દાવાનળને શાંત કરી શક્યા નથી આ એક દુ:ખદ ઘટના છે. કેમ? જવાબ એ છે કે આપણે સૌ સાચા અર્થમાં નિષ્ઠાવાન નથી. હજુય પણ 'ભાગલા પાડો અને રાજ્ય કરો'નો અંગ્રેજોનો સિદ્ધાંત આ રાજકારણી રમી રહ્યા છે. સૌને સત્તા જોઈએ છે. રાષ્ટ્રપ્રેમ ક્યાં ગયો? મહાપુરુષોના જીવનમાં જે કંઈ બન્યું છે તેમાં ગાંધીજી અપવાદ નથી. બુદ્ધ, ઈશુ, મહાવીર આ સૌને આપણે મંદિરમાં બેસાડીને એમની પૂજા કરી, પણ એમના આદર્શોની ઠેકડી ઉડાડી. આપણો જો આત્મનિરીક્ષણ કરીશું-તટસ્થભાવે તો તેનો જવાબ અચૂક મળી જશે. એમને જેણે ગોળી મારી છે તેણે સૌ પ્રથમ નમન કરીને ગોળી છોડેલી! એક ચિંતકે કહ્યું, 'ગોડસેએ તો ગોળી મારી, પણ આપણે તો ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાંતને ધોઈ પી ગયા.' આ વિધાન સૂચક છે. મહાવીર પ્રભુની અહિંસાને, ભગવાન બુદ્ધની કરુણાને અને ઈશુના નિર્મળ પ્રેમને એમણે આત્મસાત્ કરેલો...ઈસ્લામનો ભાઈચારો પણ એમને ખૂબ ગમતો. તેઓ સર્વધર્મ સમન્વયમાં માનતા એમના અંતિમ શબ્દો હતા, 'હે રામ...' ઈશ્વરમાં અચલ શ્રદ્ધાએ એમને સદાય અમર બનાવ્યા. બાપુને આપણે યુગપુરુષ કહીશું–જેનો પ્રભાવ હજારો વર્ષો સુધી રહેશે. તેઓ સાચા અર્થમાં સત્યેશ્વર હતા...આ મહાન સત્યેશ્વર વિભૂતિને લાખ લાખ વંદન.

✷ ✷ ✷

૫૧, શિલાલેખ ડુપ્લેક્ષ, અરૂણોદય સર્કલ પાસે, 'નંદનવન' સોસાયટીની બાજુમાં, અલકાપુરી, વડોદરા–૩૯૦૦૦૭. (ગુજરાત)
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૦૩૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

❑ દક્ષા જાની

[૪ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર સુધી પ્રતિદિન બે વ્યાખ્યાનો, એટલે ૧૬ વ્યાખ્યાનોના શ્રવણનો લાભ જિજ્ઞાસુઓને પ્રાપ્ત થયો.

પ્રત્યેક વિદ્વાન વ્યાખ્યાતાઓએ પ્રસ્તુત વિષય ઉપર ઊંડાણપૂર્વક સતત એક કલાક સુધી પોતાનો અસ્ખલિત ચિંતનાત્મક વાણી પ્રવાહ વહાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. અહીં તો એ વક્તવ્યની ખૂબ જ આછેરી ઝલક માત્ર છે.

આ ૧૬ વ્યાખ્યાનો આપ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વેબ સાઈટ www.mumbaijainyuvaksangh.com ઉપર સાંભળી શકશો. આ વેબ સાઈટની મુલાકાત લેવામાં આપને મુશ્કેલી પડે તો વેબ સાઈટના સંપાદક શ્રી હિતેષ માયાનીનો મો. નં. 9820347990 પર સંપર્ક કરવા વિનંતિ. જિજ્ઞાસુજનોને આ જ્ઞાનલાભ લેવા વિનંતી. ઉપરાંત શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા) તરફથી પ્રભાવના સ્વરૂપે પ્રત્યેક વ્યાખ્યાનની સી.ડી. પણ સંસ્થાના કાર્યાલયમાંથી આપ મેળવી શકશો.]

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગ વડે જૈન ધર્મના અભ્યાસુ અને સાહિત્યકાર ડૉ. ધનવંતભાઈ શાહની અધ્યક્ષતા હેઠળ આઠ દિવસ સુધી ન્યૂ મરીન લાઈન્સ સ્થિત પાટકર હૉલમાં યોજાઈ હતી. ચોથીથી અગિયારમી સપ્ટેમ્બર સુધી યોજાયેલી આ વ્યાખ્યાનમાળા શ્રાવકો માટે જ્ઞાન, આરાધના અને ભક્તિરસની પરબ બની હતી.

તપ, જ્ઞાન અને સંયમના પર્વાધિરાજ પર્યુષણ દરમિયાન તીર્થંકરોની ઉપાસનાની સાથે અંતરિયાળ અને પછાત વિસ્તારમાં ચાલતી સેવાપ્રવૃત્તિને બળ આપવા નાણાં ભંડોળ એકઠું કરવાનો અનોખો સેવાયજ્ઞ 'સંઘે' ઈ. સ. ૧૯૮૫થી આદર્યો છે.

આ વર્ષે ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત **'સ્વરાજ આશ્રમ, વેડછી'**ને આર્થિક સહાય આપવા ટહેલ નાંખવામાં આવી હતી. વેડછી ગામના શ્રી જીવણદાદા અને શ્રી ગોમજીભાઈએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને વિનંતી કરી હતી કે શ્રી ચુનીભાઈ સાંકળેશ્વર મહેતાને વેડછી મોકલો. તેથી શ્રી ચુનીભાઈ મહેતા વર્ષ ૧૯૨૪માં વેડછી આવ્યા પછી શ્રી રૂપાલાભાઈએ પોતાનું અડધું ઘર તેમને રહેવા માટે આપ્યું હતું. વર્ષ ૧૯૨૮માં ગાંધીયુગના ઋષિ સમાન જુગતરામ ચીમનલાલ દવે વેડછી આવ્યા અને તેમણે સંસ્થા માટે પ્રાણ રેડી દીધા હતા. સંસ્થા આજે જે વટવૃક્ષ સમાન વિકસી તેમાં જુગતરામ દવેનો સિંહફાળો છે. હાલ ભીખુભાઈ વ્યાસ આ સંસ્થાના અધ્યક્ષપદની જવાબદારી સંભાળે છે. જાણીતા ચિંતક શ્રી ગુણવંત શાહે પણ પોતાના વ્યાખ્યાન દરમિયાન આ સંસ્થાને ઉદાર હાથે મદદ કરવાનો અનુરોધ કર્યો હતો.

પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રથમ દિવસે ડૉ. ધનવંતભાઈ શાહે ઉપસ્થિત જ્ઞાનપિપાસુ શ્રાવકોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે આ પર્વ તપ, જ્ઞાન અને સંયમનો ત્રિવેણી સંગમ છે. પર્યુષણ પર્વ અનેક રીતે અદ્વિતીય છે. આ દિવસોમાં આપણે પોતાની જાત પ્રત્યે માન થાય એવું કામ કરવું જોઈએ. આ વ્યાખ્યાનમાળા શરૂ કરવાનો સહુપ્રથમ વિચાર પ્રખર વિચારક પંડિત સુખલાલજીને આવ્યો હતો. વર્ષ ૧૯૩૦માં અમદાવાદમાં વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. વર્ષ ૧૯૩૧માં મુંબઈમાં હીરાબાગમાં પ્રથમ વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. તેમાં ઘણાં શ્રાવકો ઉપસ્થિત હતા. આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપનારા મહાનુભાવોમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન, નોબેલ પારિતોષિક વિજેતા મધર ટેરેસા, આચાર્ય રજનીશ અને સાહિત્યકાર કાકા કાલેલકર જેવા મહાનુભાવોનો સમાવેશ થાય છે. પંડિત સુખલાલજીએ ૩૦ વર્ષ, સંસ્કૃતના વિદ્વાન ગૌરીપ્રસાદ ઝાલાએ ૧૦ વર્ષ અને ડૉ. રમણભાઈ શાહે ૩૩ વર્ષ વ્યાખ્યાનમાળાનું અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું. ત્યારપછી ચોથા અધ્યક્ષ તરીકે વ્યાખ્યાનમાળાની જવાબદારી મને સોંપવામાં આવી છે.

'સંઘ'ના પ્રમુખ શ્રી રસિકભાઈ શાહ અને ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંત ડી. શાહે વેડછી સ્થિત સ્વરાજ આશ્રમને ઉદાર હાથે આર્થિક સહાય કરવાનો અનુરોધ કર્યો હતો. ખજાનચી શ્રી ભૂપેન્દ્ર જવેરીએ દાતાઓના નામની વિગતો જાહેર કરી હતી. મંત્રી નિરુબહેન શાહે પોતાની વિશિષ્ઠ શૈલીમાં આભારવિધિ કરી

૭૬ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા–તા. ૪ સપ્ટેમ્બર તા. ૧૧ સપ્ટેમ્બર

વક્તા અને વિષય

(૧) પૂ. શ્રમણીજી વિપૂલ પ્રજ્ઞાજી-આચાર્ય ગુરુદેવ યુવાચાર્ય મહાપ્રજ્ઞજીની વિચાર ધારા (૨) ડૉ. સર્વેશ વોરા–લોગસ્સ સૂત્ર–વિશ્વ ઝંખના (૩) ડૉ. નલિની મડગાંવકર–ગીતાંજલિની આધ્યાત્મિકતા (૪) ડૉ. ગુણવંત શાહ–ધર્મના ખોળામાં માનવતા (૫) પ. પૂ. આચાર્ય વાત્સલ્યદીપ સૂરીશ્વરજી મ.સા. આરાધના અને પ્રભાવના (૬) શ્રી વલ્લભભાઈ ભંશાલી–વ્યાપાર, ધર્મ અને વિજ્ઞાન (૭) શ્રીમતી રૂપા મધુ શાહ–સમવસરણ (૮) શ્રી અજય ઉમટ–ધર્મ : બાવીસમી સદીમાં (૯) શ્રીમતી શૈલજા ચેતન શાહ–જૈન ધર્મની ચાર ભાવના (૧૦) ડૉ. નરેશ વેદ–કપિલ ગીતા (૧૧) શ્રીમતી ઝેના સોરાબજી–બહાઈધર્મ (૧૨) શ્રી ભાગ્યેશ જહા–સત્ય ધર્માય (૧૩) તપાગચ્છાદિપતિ પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ યતિવર્ય ડૉ. વસંત વિજયજી મ.સા.–જૈન ધર્મ કે અનુષ્ઠાનો મેં છિપા હુઆ રહસ્યમય વિજ્ઞાન (૧૪) શ્રી પ્રકાશ ન. શાહ–ટૉલ્સટોય થી ગાંધી–અભિનવ ધર્મ યાત્રા (૧૫) પ. પૂ. સંતશીરોમણી ૧૦૮ આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજની સુશિષ્યા બા.બ્ર.સુશીલા દીદી–સમયસાર (૧૬) ડૉ. કુમારપાળ દેસાઈ–ક્ષમાપનાનું હાર્દ

હતી અને પ્રફુલ્લાબહેન લલિતભાઈ શાહ દ્વારા 'મોટી શાંતિ સ્તોત્ર' ગાનથી વ્યાખ્યાનમાળા પૂર્ણ થઈ હતી.

આ વ્યાખ્યાનમાળામાં શ્રીમતી ઉર્વશી શાહ, શ્રીમતી અનુરાધા દામલે, શ્રી લલિત દમણીયા, શ્રીમતી ઉષાબહેન ગોસલિયા, શ્રીમતી અલકાબહેન શાહ, શ્રી ગૌતમ કામત, શ્રીમતી સીમા મહાદેવીયા અને શ્રીમતી ગાયત્રી કામતે ભજનો રજૂ કર્યા હતા.

વ્યાખ્યાન-૧

આચાર્ય ગુરુદેવ મહાપ્રજ્ઞજીની વિચારધારા વિશે પૂ. શ્રમણીજી વિપુલ પ્રજ્ઞાજી

વર્તમાન સમયમાં માનવી શરીરથી ઓછો પરંતુ ભાવના અને મનથી વધારે દુઃખી છે. આપણું જીવન અને દશા બદલવી હોય તો આચાર્ય મહાપ્રજ્ઞજીનું સાહિત્ય વાંચવું જોઈએ. જૈન ધર્મના સિદ્ધાંતો એકથી એક ચઢિયાતા છે. આપણે પ્રથમ તેને જાણવા-શીખવા જોઈએ અને પછી બીજાને સમજાવવા જોઈએ. આચાર્ય મહાપ્રજ્ઞજી તેરાપંથના આચાર્ય હતા પરંતુ તેમના વક્તવ્યમાં અને વ્યવહારમાં સંપ્રદાયની કટ્ટરતા નહોતી. તેઓ હંમેશાં પોતાને પંથના આચાર્યને બદલે ભગવાન મહાવીરના અનુયાયી તરીકે રજૂ કરતા હતા. તેઓ કહેતા યે 'તેરા પંથ' હૈ ઔર મૈં તો માત્ર પથિક હું ચલનેવાલા. તેમનું હૃદય અને બુદ્ધિ વિશાળ દૃષ્ટિકોણ ધરાવતા હતા. બાળપણમાં તેમણે દીક્ષા લેવાની ઈચ્છા પરિવાર સમક્ષ દર્શાવી ત્યારે તેમના કાકાએ કહ્યું કે, 'તું તને ગમતી આરસી, ટોર્ચ અને ઘડિયાળ સાથે રાખી નહીં શકે.' ત્યારે બાળક નથુએ ઉત્તર આપ્યો કે, 'દીક્ષા લીધા પછી મારે ચહેરો જોવો હશે તો હું વાસણમાં પાણી મૂકીને ચહેરો જોઈ લઈશ. ટોર્ચને બદલે હું અંતરના પ્રકાશથી કામ ચલાવીશ. ઘડિયાળને બદલે હું સમયની સાથે અને આગળ ચાલીશ.'

વ્યાખ્યાન-૨

'લોગસ્સ સૂત્ર-વિશ્વઝંખના' વિશે ડૉ. સર્વેશ વોરા

મંત્રોમાં શ્રેષ્ઠ નવકાર મંત્ર અને સ્તોત્રોમાં શ્રેષ્ઠ ભક્તામર સ્તોત્ર છે. તે પ્રકારે સૂત્રોમાં શ્રેષ્ઠ લોગસ્સ સૂત્ર છે. લોગસ્સ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે રૂપ, પૈસો અને સમૃદ્ધિ જેવી વસ્તુઓને બાહ્ય ઈન્દ્રિયો પારખી શકે છે. આ વસ્તુઓ અનિત્ય છે. તીર્થંકરોએ પણ ઉપદેશ આપ્યો છે કે જો ચિત્ત ઈન્દ્રિયોમાં રોકાણું તો તેના લીધે કર્મ બંધાશે, તેથી તેઓ મુક્તિની વાત કરે છે. આમ છતાં પ્રત્યેક વ્યક્તિ ઉપર તે ઉપદેશની અસર અલગ અલગ પ્રકારે કે વત્તાઓછા અંશે થાય છે. તીર્થંકરો વૃદ્ધાવસ્થા કે મૃત્યુથી પર એમ એટલા માટે કહેવાય છે કારણ કે તેઓને તે અસર કરતાં નથી. ૧૪ ગુણસ્થાનકોમાં સાધકના વિકાસના જુદા જુદા તબક્કા છે. પહેલા ગુણસ્થાનકમાં જ્ઞાનવિકાસની સ્થાપના થાય છે. ઈશ્વરની કૃપા કે આધાર માટે પ્રાર્થના કરતાં મુક્ત થવાની ઝંખના વધારે મહત્ત્વની છે. પૃથ્વી ઉપર ધર્મો, સંતો, તીર્થંકરો અને પયગમ્બરો અવતર્યા છતાં આપણે સુધર્યા નહીં એવો પ્રશ્ન ઘણાં પૂછે છે. તેનો ઉકેલ કે જવાબ સત્તામાં, દુકાનમાં અથવા નાણાંથી મળે એમ નથી. આ સવાલ આપણે આપણી જાતને પુછવાનો છે. જ્ઞાન ટ્રાન્સફરેબલ હોત તો તીર્થંકરો આખી દુનિયા બદલી શક્યા હોત. તેઓનો ઉપદેશ ગ્રહણ કરવા લાયકાત મહત્ત્વની છે. તીર્થંકરોના સ્મરણથી દૃષ્ટિ અને સમજણ વધે છે. સોનાની સાંકળની પાછળ રહેલી કેદ વ્યક્તિને દેખાતી થાય છે. ધર્મ એ અધ્યાત્મનું બાહ્યસ્વરૂપ છે અને આપણે બાહ્ય સ્વરૂપ અપનાવીએ છીએ. ઉચ્ચ વિચારને લોકોમાં જાગૃતિ આણવા માટે કાયમી લાકડી તરીકે ઉપયોગમાં લેવાય ત્યારે તેનું પરિણામ આત્મવંચનામાં આવે છે.

વ્યાખ્યાન-૩

'ગીતાંજલિની આધ્યાત્મિકતા' વિશે ડૉ. નલિની મડગાંવકર

કવિવર્ય રવીન્દ્રનાથ ટાગોર રચિત ગીતાંજલિ એ ઈશ્વરનું આરતીગીત અને ઈશ્વર સાથે કરેલી ગુફ્તગુ છે. ગીતાંજલિ ગ્રંથ પ્રગટ થયો તેનું આ શતાબ્દી વર્ષ છે. તે રવીન્દ્રનાથ ટાગોરની વર્ષોની સાધનાનો પરિપાક છે. સ્વજનોની વસમી વિદાય પછી તેમને જીવન અને ઈશ્વરને જોવાની નવી દૃષ્ટિ મળી તે ગ્રંથમાં દેખાય છે. તેઓ મૃત્યુને મિત્ર ગણાવીને કહે છે કે તું ન હોત તો મારું જીવન અધૂરું હોત. મૃત્યુ જ જીવનને પરિપૂર્ણ બનાવે છે. ગીતાંજલિ ગ્રંથ નથી પણ માણસના અંતરજગતની નવી સ્વીકૃતિ છે. ઈશ્વર તું મારા લીધે જ પૃથ્વી ઉપર ઉતરી આવ્યો છે અને મારા વિના તારા પ્રેમની કદર કોણ કરત ? એવો ભાવ ગ્રંથમાં વ્યક્ત થયો છે. અંતર મમ વિકસિત કરો, નિર્મળ કરો, સુંદર કરો, અને ઉજ્વળ કરો એવી ઈચ્છા દર્શાવીને વિશ્વબંધુત્વની ભાવના વ્યક્ત કરવામાં આવી છે. ઈશ્વર મારા પ્રાણમાં પ્રવેશે અને મને પુલકિત કરે એવા સ્પર્શને લઈ આવે એવી પ્રાર્થના કરવામાં આવી છે. ઈશ્વર માણસ ઉપર પ્રેમ વરસાવે તો પ્રેમ ખૂટતો નથી અને આપણું પાત્ર ભરાતું નથી એવો આ સંબંધ છે.

વ્યાખ્યાન-૪

'ધર્મના ખોળામાં માનવતા' વિશે ડૉ. ગુણવંત શાહ

ધર્મના ખોળામાં માનવતાને બદલે દાનવતા બેસે ત્યારે હિંસા અને યુદ્ધ થાય છે. કુરાનમાં લખ્યું છે કે તમે એક માણસની હત્યા કરો ત્યારે માનવતાની હત્યા કરો છો. ધર્મના ખોળામાં માનવતા ન હોય તો તે અર્થવિહોણો છે. ધર્મ એ લાડુ સમાન છે પણ તેની આસપાસ ચોંટેલી ખસખસને એટલે કે બાહ્યાચારને જ લાડુ સમજનારાઓ સમાજમાં વિશાળ બહુમતીમાં છે. જ્યારે લાડુ એ જ ધર્મ છે એવું માનનારાઓ 'માઈસ્કોસ્કોપિક માયનોરીટી'માં છે. બાહ્યાચારમાં માનનારાઓનો વર્ગ એટલો મોટો છે કે ખસખસ એ જ લાડુ છે એવી છાપ આપણામાં ઊભી થાય. આપણે લાડુવાદી હોઈએ તો હિન્દુ કે ઈસ્લામ ધર્મ નહીં પરંતુ માનવતા યાદ આવવી જોઈએ. દુનિયામાં ધર્મને નામે સહુથી વધુ અધર્મ થાય છે. જૂઠું બોલવું એ સારું એમ કોઈ ધર્મમાં કહેવામાં આવ્યું નથી. ૫૦૦ વર્ષ પૂર્વે આ સત્ય હતું અને સૈકાઓ પછી આ જ સત્ય રહેશે. ધર્મ શાશ્વત છે. મહાત્મા ગાંધીજી ખાતર જેલમાં જનારા અને ખાદી પહેરનારા લાખો લોકો હતા. તેમાં જાનનું જોખમ નહોતું પરંતુ ઓબામા ખાતર આત્મઘાતી બોમ્બર બનાવનારા અનેક છે. આવતા દાયકામાં આત્મઘાતી બોમ્બરની સંખ્યા ઘટવાની નથી. ગાંધીજીના અભય સાથે ધર્મ જોડાયેલો હતો. પ્રભુ શ્રીકૃષ્ણે ગીતાના ૧૬મા અધ્યાયમાં અને ભગવાન મહાવીરે પણ કહ્યું છે કે અભયસિદ્ધિ વિના અહિંસાનું પાલન

શક્ય નથી. વર્તમાન સમયમાં જેહાદને નામે જે થઈ રહ્યું છે તે ઈસ્લામને અન્યાય કરનારું છે. ધર્મ ગંગા જેવો પવિત્ર છે. તેમાં પ્રદૂષણ થાય તો આપણે જવાબદાર છીએ. અસત્ય બોલે તેણે ધર્મને તિલાંજલિ આપી છે. ધર્મગુરુઓ પાસે ધર્મ હોતો નથી. તેથી તેઓ પાસે તે લેવાનું માંડી વાળજો. કર્મનો કાયદો કોઈને છોડતો નથી અને તેમાં ભગવાનની લાગવગ ચાલતી નથી. કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતો હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મને એક તાંતણે બાંધે છે. તેથી આપણે જેટલી કાળજી નાણાં રોકવામાં રાખીએ છીએ એટલી કાળજી કર્મ કરવામાં પણ રાખવી જોઈએ. કર્મ એક પ્રકારનું ઈન્વેસ્ટમેન્ટ છે. ખોટા કર્મના આચરણથી હૃદયમાં ઉદ્વેગ અને અશાંતિ જન્મે છે.

વ્યાખ્યાન-૫

'આરાધના અને પ્રભાવના' વિશે
આચાર્ય વાત્સલ્યદીપસૂરિજી મહારાજ

આપણા આત્માના ઉદ્ધાર માટે કરીએ તે પુરુષાર્થ કે કાર્ય આરાધના છે. અન્યો સમક્ષ તેની પ્રશંસા કરીએ તે પ્રભાવના. જીવનમાં સન્માર્ગે ચાલવાનો પ્રયત્ન એ આરાધના છે. પોતાના અંતઃસ્થળને પવિત્ર રાખવાની જવાબદારી આપણી પોતાની જ છે. માત્ર સારી વાતો કરનારા નહીં પરંતુ તે વર્તનમાં ઉતારનારા આરાધક છે. સારા શિક્ષક બનવું એ આરાધના છે. તેમાંથી સુવાસ પ્રસરે તે પ્રભાવના છે. માત્ર સારી વાતો કરનારા નહીં પણ વર્તનમાં ઉતારનારા આરાધક છે. તપ, સંયમ અને જ્ઞાન દ્વારા આરાધના થાય ત્યારે જ તે આત્મા ઉપર ચોંટેલા કર્મોને દૂર કરી શકે. આપણે દિવસમાં અને જીવનમાં કેટલા સારા કામ કર્યા એવો સવાલ પોતાની જાતને પુછવો જોઈએ. અંતરાત્માને છેતર્યા વિના તેનો જવાબ આપવો જોઈએ. સંસારીજીવ પણ પ્રમાણિકતા અને નીતિપૂર્વક જીવીને આરાધના કરી શકે છે. હૃદયમાંથી ઈશ્વર પ્રત્યે અપૂર્વ ભક્તિ પ્રગટી હોય એવા આરાધકોને જૈન સંઘો પણ યાદ કરે છે. વર્તમાન સમયમાં નિષ્ઠા અને વફાદારીપૂર્વક જીવવાનું વલણ ઘટ્યું છે. જો વાત સાચી હોત તો તે અધર્મ છે. વસ્તુપાળ અને તેજપાળે સત્કર્મોથી એટલું બધું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું કે રસ્તામાં ચાલતા ઠેસ વાગે તો ત્યાં ધનના ચરુ નીકળતા હતા. તેઓએ ૩.૨૨ અબજ રૂપિયા જેટલું દાન કર્યું હતું. આચાર્ય હીરસૂરિજી મહારાજ અકબર બાદશાહના દરબારમાં ગયા હતા. જ્યારે બાદશાહે કંઈક માંગવાનું કહ્યું હતું ત્યારે આચાર્ય હીરસૂરિજી મહારાજે કતલખાના થોડા સમય માટે બંધ રાખવાનું કહ્યું હતું. આ પ્રકારે કેટલીકવાર કતલખાના બંધ રહેતા. લોકોમાં શાકાહારની આદત વધી હતી.

વ્યાખ્યાન-૬

'વ્યાપાર, ધર્મ અને વિજ્ઞાન' વિશે વલ્લભભાઈ ભણશાળી

વિજ્ઞાનમાં રોજ ચમત્કાર થાય છે. ધર્મમાં ચમત્કાર થતો નથી. તેથી ત્યાં આપણે ચમત્કારની આશામાં દોડ્યા કરીએ છીએ. વિજ્ઞાન પ્રયોગ દ્વારા સિદ્ધ થાય તે જ સાચું માને છે. એડિસન અને આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિકોના મંદિરો બન્યા નથી. ભગવાન મહાવીરે ધર્મને જાણી અને સમજીને અનુસરવાનો બોધ આપ્યો છે. તેઓ આંખો ખુલ્લી રાખીને આગળ વધવાનું શીખવે છે. ધર્મ એટલે મંદિર કે દેરાસરમાં જઈ તિલક કે ટીકા લગાડવા એટલા પૂરતો મર્યાદિત છે ? વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે. જ્ઞાન આધારિત નિયમ બન્યા તે ધર્મના માર્ગ છે. આપણા દેશમાં મહાવીર, નાનક અને કબીર જેવા ઉપદેશકો અવતર્યા છે પણ ધર્મની સમજ સ્પષ્ટ અને સાચી નહીં હોવાને લીધે સમસ્યા સર્જાય છે. ધર્મના નામે આપણે આપસમાં લડીએ છીએ. અંગ્રેજોએ ધર્મને નામે એટલું લડાવ્યા કે આપણે ધર્મને જ ભૂલી ગયા. આપણને ધર્મનો માર્ગ જેણે બતાવ્યો તેઓની પાછળ આપણે ઘેલાં થયા. આપણે તેઓની પૂજા કરી પરંતુ તેમની વાતો જાણવામાં શિથિલતા દેખાડી. આપણે ધર્મને રૂઢીથી જાણીએ છીએ પણ વિવેકથી જાણતા નથી. આપણા માતા-પિતા અને પરિવાર અનુસરે છે એટલે આપણે પણ તે અનુસાર ધર્મ પાળીએ છીએ.

વ્યાખ્યાન-૭

'સમવસરણ' વિશે શ્રીમતી રૂપા મધુ શાહ

સમવસરણ એ દૈવી રચના છે. સમવસરણ એ ધર્મસ્થાન છે. જ્યાં તીર્થંકર પ્રભુ જીવો સન્મુખ થઈને દેશના આપે છે અને બધાં જીવોને મોક્ષની એકસમાન તક આપે છે. સમવસરણમાં દેવદેવી, રાજા, ચક્રવર્તી, મનુષ્ય, સાધુ-સાધ્વીઓ અને તિર્યંચો સાથે બેસે છે. સમવસરણમાં જગતના જીવો દેશના સાંભળવા સમત્વભાવ ધારણ કરીને વસવાટ કરે છે અને વૈરાનુબંધોનો ત્યાગ કરે છે. તીર્થંકર ભગવાન હોય ત્યાં સવાસો યોજન સુધીના પરિસરમાં રોગ કે અતિવૃષ્ટિ જેવા કોઈપણ વિઘ્નો નાશ પામે છે. તીર્થંકરોને લીધે સર્વ વિઘ્નો નાશ પામે છે–નાશ થઈ જાય છે. સમવસરણમાં અશોક વૃક્ષ, ચામર, આસન, છત્ર અને દેવદુંદુભિ છે. તે દૈવીરચના છે. આ જગતમાં બે નિયમ છે. એક લોકોત્તર અને બીજો લૌકિક. ભૌતિક સિદ્ધાંતો પ્રયોગશાળામાં સિદ્ધ કરી શકાય છે. લૌકિક બાબતો માટે જાણો તો માનો એવો નિયમ છે. જ્યારે લોકોત્તર અથવા દુન્યવી બાબતો માટે 'માનો તો જાણો' એ નિયમ કામ કરે છે.

આ દૈવી રચના માટે સાધકની મનઃસ્થિતિ સ્વીકારવામાં આનાકાની કરે તો તે બુદ્ધિને નમસ્કાર કરીને બાજુએ મૂકો પરંતુ તેની અવહેલના કરશો નહીં. સમ્યક્ શ્રદ્ધા વિના લોકોત્તર વસ્તુનો તાગ મેળવવો મુશ્કેલ છે. જીનશાસનમાં એવું કોઈ કર્મ નથી કે જેના નિવારણનો ઉપાય તીર્થંકર ભગવાને બતાવ્યો ન હોય. વિવિધ ૨૪ પ્રકારના ધ્યાનમાં શ્રેષ્ઠ ધ્યાન સમવસરણમાં બિરાજતા તીર્થંકર ભગવાન છે. સમવસરણ ભૂમિમાં તીર્થંકર પ્રભુની સામે એકમેકના વિરોધી પ્રાણીઓ એકમેકની બાજુમાં બેસે છે.

સમવસરણની એક યોજન ભૂમિને સવર્તક નામનો સુગંધી વાયુ કચરો સાફ કરે છે. શુચિ શરીર અને પવિત્ર મનવાળો ધ્યાતા પૂર્વ કે ઉત્તર દિશા તરફ મન, વચન અને કાયાના યોગોનો નિરોધ કરીને આત્મભાવમાં સ્થિર થાય છે. આત્મા કર્મોથી ઘેરાયેલો છે. મારે મારા દોષો જોવા જ જોઈએ એવી ભાવના ધ્યાતાએ કરવાની હોય છે.

સમવસરણમાં સંપૂર્ણ અનુશાસન છે. કોણ કઈ જગ્યા અને કયા ખૂણે કોણ બેસે તે નિયમ સ્પષ્ટ છે. કોઈપણ જન ઉપર સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનની બે માત્રા ચઢે ત્યારે તે જૈન બને છે.

* * *

(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થયેલા અન્ય વ્યાખ્યાનો હવે પછી)

પત્ર ચર્ચા

જૈન ધર્મ : અપરિગ્રહ–શ્રીમંતો

[પ્र.જી.ના જુલાઈ અંકમાં ઉપરોક્ત વિષયના લેખમાં મુરબ્બી શ્રી સૂર્યકાંત પરીખનો પત્ર પ્રગટ કરી અમે વિચારવંત વાંચકોને એ વિષય પરત્વે ચર્ચાનું નિમંત્રણ આપ્યું હતું. અમને ફોન અને પત્ર દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. મુંબઈથી શ્રી કાકુભાઈ મહેતા, શ્રી જશવંતભાઈ મહેતા અને કચ્છ બિદડાથી શ્રી લક્ષ્મીચંદભાઈએ તેમજ અમદાવાદના અન્ય જાગૃત મહાનુભાવોએ તો 'વી ગીવ અવે અ ફોર્ચ્યુન' એ અંગ્રેજી પુસ્તિકાનું ગુજરાતી ભાષાંતર કરી 'પ્र.જી.'ના વાચકો અને અન્ય જિજ્ઞાસુઓને વિનામૂલ્યે એ પુસ્તિકા વહેંચવા માટે ધનરાશી પણ શ્રી સૂર્યકાંતભાઈને અર્પણ કરી દીધી છે. શ્રી સૂર્યકાંતભાઈ એ દિશામાં સક્રિય થયા છે અને થોડા સમયમાં જ એ પુસ્તિકા 'પ્र.જી.'ના વાચકોને અને અન્ય વિચારવંતોને અર્પણ કરાશે. આ સર્વ મહાનુભાવોને અમારા અંતરના ધન્યવાદ.

ઉપરાંત આ વિષયમાં કેટલાંક પત્રો પણ અમને પ્રાપ્ત થયા છે, એ પત્રોના થોડાં અંશો અત્રે પ્રસ્તુત કરીએ છીએ. ***વધુ પત્રો આવતા અંકમાં પ્રગટ કરીશું.***

હમણાં જ ૨૧ સપ્ટેમ્બરના 'દિવ્ય ભાસ્કર'માં વાંચ્યું કે બિલ ગેટ્સ તેના બાળકો માટે સંપત્તિ નહિ છોડે. જ્યાર આપણે ત્યાં તો સાત પેઢી સુધી ન ખૂટે એટલી સંપત્તિ એકત્રિત કરવાની લાલસા છે!! ૫૪ વર્ષના બિલ ગેટ્સ પાસે ૩૪ બિલિયન પાઉન્ડની સંપત્તિ છે. તેને ત્રણ સંતાનો છે. ગેટ્સ અને તેમની પત્નીએ તેઓના ફાઉન્ડેશન દ્વારા ૧૮ અબજ પાઉન્ડનું દાન કર્યું છે, જેણે ગરીબ દેશોમાં ૨૫ કરોડથી વધુ બાળકોને રસી આપવામાં મદદ કરી છે, અને લગભગ ૫૦ લાખ મોતને ટાળ્યાં છે.

આપણે Art of Living-જીવન જીવવાની કળા-શિખવા દોડીએ છીએ, પણ એ કળા પ્રાપ્ત કરતા પહેલાં Art of Leaving–છોડવાની કળા–તેન ત્યક્તેન ભુંજિથા: – તેનો ત્યાગ કરીને ભોગવ–અને Art of Living શિખવું જોઈએ તો આપોઆપ Art of Giving જીવનમાં સિદ્ધ થઈ જશે...તંત્રી]

(૧)

મુ. ડૉ. શ્રી ધનવંતભાઈ,

જુલાઈ માસના 'પ્રબુદ્ધ જીવન'માં આપનો તંત્રી લેખ વાંચ્યો. ખૂબ ગમ્યો. એમાં આપે શ્રી સૂર્યકાંત પરીખનો લેખ ટાંકી જૈન ધર્મના મૂળમાં રહેલા 'અપરિગ્રહ'ના સિદ્ધાંત પર વાચકોને પોતાના વિચારો દર્શાવવા નિમંત્રણ આપ્યું છે તે મુજબ હું મારા વિચારો દર્શાવું છું:

'અપરિગ્રહ' એ ગાંધીજીના એકાદશ વ્રતોમાંનું એક છે. ગાંધીજીએ એને બહુ સાદી ભાષામાં રજૂ કર્યો. 'વણજોતું નવ સંઘરવું.' સમાજના મોટા ભાગના લોકો બિનજરૂરી વસ્તુઓનો સંગ્રહ કરતાં જ હોય છે, પોતાના વૈભવનું પ્રદર્શન કરવા. એક બહુ જાણીતી વાત યાદ આવે છે. એક સાધુ ફરતો ફરતો નગરના સૌથી વધુ ધનવાન શેઠને ત્યાં પહોંચી ગયો. શેઠે એનું યથોચિત સ્વાગત કર્યું અને પછી પોતાનો વૈભવશાળી બંગલો બતાવ્યો. દરેકે દરેક ખંડ–તેમાંનું રાચરચીલું, જાતજાતના ઉપકરણો, અવનવી સજાવટ વિ.વિ. અંતે સાધુ તરફ પ્રશ્નાર્થસૂચક નજરે જોયું. 'કેમ કેવો લાગ્યો મારો બંગલો?' સાધુએ કહ્યું, 'આ બધું જોઈને મને બહુ ખુશી થઈ. મને થયું કે દુનિયાની કેટલી બધી વસ્તુઓની મારે જરૂર નથી.' ગાંધીજી તો એટલે સુધી કહેતા કે 'જરૂર કરતાં વધારે એક પણ વસ્તુ ઘરમાં રાખવી તે તો ચોરી કહેવાય.'

'અપરિગ્રહ' વ્રતનું પાલન કરવામાં મુશ્કેલી ઊભી થાય છે, સમાજના રીતરિવાજોને લીધે. લગ્નપ્રસંગ કે બીજી કોઈ ખુશીના પ્રસંગે ભેટ સોગાદ આપવાનો રિવાજ કે નવરાત્રિ જેવા તહેવારોને પ્રસંગે યા તો મૃત વ્યક્તિની સ્મૃતિમાં લહાણી આપવાની પ્રથા–આ બધાને લીધે ઘરમાં બિનજરૂરી વસ્તુઓનો ભરાવો થતો જ રહે છે, જે તરત કાઢી નાંખવાનો જીવ નથી ચાલતો.

તો આ પરિસ્થિતિમાં વ્યક્તિ, કુટુંબ કે સમાજ કેવું જીવન જીવે, કેવી જીવનશૈલી અપનાવે એ બાબત કંઈ માર્ગદર્શન આપવાનું શ્રી સૂર્યકાંતભાઈએ જણાવ્યું છે. તો સૌ પ્રથમ તો દરેક વ્યક્તિએ ઘરમાં એક પણ બિનજરૂરી વસ્તુ રહે જ નહિ તેની તકેદારી રાખવી જોઈએ. આજના 'મોલકલ્ચર'માં 'સારૂં દેખાયું એટલે લઈ લીધું' કે 'સસ્તું મળતું'તું એટલે લઈ લીધું' એવી માનસિકતા નહિ ચાલે. આમ કરવું એ ચોરી છે એ ગાંધીજીની વાત મનમાં બરાબર ઠસી જવી જોઈએ. કંઈ પણ ખરીદી કરતાં પહેલાં દરેક વ્યક્તિએ પોતાની જાતને ત્રણ પ્રશ્નો પૂછવાના–(૧) આ વસ્તુની મને જરૂર છે? (૨) હમણાં જ એની જરૂર છે? (૩) એની કિંમત મને પોષાય એવી છે? કુટુંબની દરેક વ્યક્તિ આ રીતે વિચારશે તો સૌથી સારૂં; નહિ તો કુટુંબમાં કલેશ થવાનો સંભવ છે.

સામાજિક સ્તરે આપણા ભેટસોગાદ આપવાના રિવાજો કે લહાણી આપવાની પ્રથાનો સદંતર ત્યાગ કરવાની જરૂર છે. સૌથી સારૂં તો એ કે દરેક વ્યક્તિએ પોતાના સગાંવહાલાંઓને–મિત્રોને બહુ જ વિનયપૂર્વક જણાવી દેવું જોઈએ કે 'મારા પ્રત્યેનો તમારો પ્રેમ-તમારી લાગણી હું સમજું છું પણ મેં અપરિગ્રહનું વ્રત લીધું છે એટલે તમે મને કશું જ આપશો નહિ-મારે માટે કશું જ લાવશો નહિ તો મને ઘણી ખુશી થશે.

આપના લેખમાં મુ. સૂર્યકાંતભાઈએ એક પુસ્તિકા મોકલી છે

તેનો ઉલ્લેખ છે 'વી ગીવ અવે ફોર્ચ્યુન'. એમાં અમેરિકાના ચાલીસ ધનપતિઓ જેમણે પોતાની સમગ્ર ધનરાશિ સમાજને આપી દીધી છે તેની વાત છે. તો બીજી બાજુ શ્રી મહેન્દ્ર મેઘાણીના લેખમાં (પ્ર.જી.ના આજ અંકમાં) ભારતમાં ૨૦૦૭ની સાલમાં ચાલીસ અબજપતિઓ હતા અને અબજપતિઓની કુલ સંપત્તિ બાબતમાં જગતભરમાં ભારતનું સ્થાન અમેરિકા પછી બીજે નંબરે આવે છે. ભારતના અબજપતિઓનો ચોથો ભાગ પણ જો અમેરિકાના ધનપતિઓને અનુસરે અને પોતાની સમગ્ર સંપત્તિ દેશને ચરણે ધરી દે તો સમાજને–દેશને કેટલો મોટો ફાયદો થાય! એમનું જોઈને ભારતના બાકીના ધનિકો કે સામાન્ય નાગરિકોને પણ પોરસ ચઢશે કે આપણે પણ કંઈક કરવું જોઈએ. દેશ પર કોઈ કુદરતી આફત આવે, દા. ત. કચ્છનો ધરતીકંપ ત્યારે હજારો લોકો ઘરબાર વગરના થઈ જાય છે. પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે–ત્યારે તમારા ઘરના બિનજરૂરી વાસણ-કુસણ કે કપડાં-લતાં આ લોકોને કેટલા કામ આવે? આવે વખતે પણ શું આપણે વિચાર કરતાં બેસી રહીશું? આવું ધર્મનું કામ કરવામાં પણ આપણે ઢીલ કરીશું? વિનોબા કહેતા કે 'જે શીઘ્ર થાય તે જ ધર્મ.' 'ધર્મસ્ય ત્વરિતા ગતિ.' દે તે દેવ અને રાખે તે રાક્ષસ' એવા સુવાક્યો આપણે વાંચીશું કે પ્રવચનમાં સાંભળીશું પણ જીવનમાં ઉતારશું ખરા? 'હમણાં કમાઈ લેવા દો-દાનધર્મ પછી કરીશું' એવું જ ઘણાં વિચારતા હોય છે. અરે ભાઈ તારી જિંદગીનો ભરોસો શો? અને તારા મૃત્યુ પછી તારી સંપત્તિ કોના હાથમાં જશે તેની તને શું ખબર? ત્યારે હમણાં જ આ – ઘડીએ જ્યારે તારા હાથમાં ગરમ ગરમ લોહી વહી રહ્યું છે તેવા ઉષ્માભર્યા હાથે જ તારી સંપત્તિનો નિકાલ કર ને! એનાથી રૂડું બીજું શું?

હમણાં થોડાં દિવસ પહેલાં જ આપણે મહાવીર જયંતી ઉજવી તે વખતે અપરિગ્રહ વ્રતનું પાલન કરવાનો સંકલ્પ ન કર્યો હોય તો હજી યે કંઈ મોડું નથી થયું. આપણે તો જાગ્યા ત્યારથી સવાર!

–રવિન્દ્ર સાંકળિયા

૭, ડૉ. કે. એન. રોડ, ગામદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૭.
ફોન: ૦૨૨–૨૩૮૦૬૯૨૬

(૨)

જુલાઈ ૨૦૧૦ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં ડૉ. શ્રી ધનવંતભાઈએ એમના અગ્રલેખમાં શ્રી સૂર્યકાંતભાઈ પરીખે ઊઠાવેલ પ્રશ્ન 'ચારે તરફ સત્તા-સંપત્તિનું કેન્દ્રિકરણ થાય છે ત્યારે પાળી શકાય એવો જૈન ધર્મ કેવો હોવો જોઈએ?' એવો પ્રશ્ન ઊઠાવ્યો છે. એમનો ઈશારો જૈન ધર્મના સિદ્ધાંત 'અપરિગ્રહ' તરફ છે. એ વિષે મારા વિચારો પ્રસ્તુત કરવાનો આ પ્રયાસ છે. પ્રશ્ન જેટલો ગહન-ગંભીર છે એટલો જ વિશાળ છે. એનું વિશ્લેષણ મર્યાદિત શબ્દોમાં શક્ય નથી; તોયે મર્યાદા જાળવવાનો પ્રયત્ન કરવો રહ્યો. પ્રશ્ન ઊઠે છે કે સત્તા અને સંપત્તિની બોલબાલાનું ઉદ્‌ભવ સ્થાન ક્યું?

આપણે પૂર્વ અને પશ્ચિમની બે ભિન્ન સંસ્કૃતિના સમન્વય અને ઘર્ષણના કાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. પૂર્વની સંસ્કૃતિ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચાર પાયાના સિદ્ધાંતો ઉપર નિર્ધારિત છે. તેમાં માનવ જીવન અને તેમાં રહેલી ઉત્કર્ષની, આત્મવિકાસની પ્રચંડ શક્યતાનો વિચાર મુખ્ય છે. પૂર્વની સંસ્કૃતિમાં અર્થ અને કામ એ જીવનને સ્પર્ષતા પ્રબળ તત્ત્વો છે તેનો ઈન્કાર નથી પરંતુ તેને અનિચ્છનીય અને હીણી મનોવૃત્તિ માનીએ છીએ જ્યારે ધર્મ અને મોક્ષને આત્માની પરમ શાંતિ, આનંદ અને સંતોષના સાધન તરીકે વધારે મહત્ત્વના સમજીએ છીએ. પશ્ચિમની સંસ્કૃતિ કેવળ વ્યક્તિને અને ભોગવાદને સ્વીકારે છે. સંઘર્ષ અહીં સમાયેલો છે.

પશ્ચિમની વિચારધારાને અનુસરીને અને કેવળ આર્થિક વિકાસને લક્ષમાં રાખીને, માનવ જીવનમાં રહેલી અનેક શક્યતાઓને અવગણીને, આપણા શાસનકર્તાઓએ કે જેમણે વિદેશી શિક્ષણ લીધેલું અને પશ્ચિમની સંસ્કૃતિથી પ્રભાવિત થયેલા તેમણે, વિદેશીની સલાહ મુજબ અને માર્ગદર્શન પ્રમાણે વિકાસનું આયોજન કર્યું. કેવળ આર્થિક વિકાસના એકાંગી દૃષ્ટિકોણને અપનાવીને અને માનવજીવનના મહત્ત્વને અવગણીને આ વિકાસ સાધવામાં આવ્યો છે જેને કારણે મહેનત કરનાર ભૂખે મરે અને શોષણ કરનાર મોજ કરે એ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે. યુવાન વર્ગ આપણી આગવી સંસ્કૃતિથી અજાણ છે અને તેથી ધન દોલતનું એમને અપૂર્વ આકર્ષણ પણ છે. એમાંથી છૂટવું જરૂરી છે. એમને કોણ સમજાવે? કોની ફરજ?

લક્ષ્મી જ્યારે આવે છે ત્યારે સાથે સાથે લોભ અને અહંકારને પણ લઈને આવે છે જે અંતે તો વિનાશક જ નીવડે છે; પરંતુ, જે કોઈ વ્યક્તિ સાદું અને સંયમિત જીવન જીવતી હોય તે એનો સદુપયોગ કરે છે અને સાચા સુખનો અનુભવ કરે છે. એમ લાગે છે કે ખત્તા ખાશું ત્યારે જ સાચી સમજણ આવશે પણ ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હશે. જે જાગી જશે તે પોતાનું, કુટુંબનું અને સમાજનું હિત કરશે.

જૈન ધર્મમાં શ્રાવકો માટે જીવન નિર્વાહ અર્થે ધન કમાવાનો કોઈ નિષેધ નહોતો પણ સુખી ગૃહજીવન અને સમાજના હિત માટે અહિંસા આવશ્યક હોવાથી અમુક જાતના નિષેધ હતા. જેમકે હથિયારોનો વ્યાપાર, પશુ-પક્ષીઓનો (પ્રાણીઓનો) વ્યાપાર, માંસનો વ્યાપાર, દારૂ વિગેરે નશાકારી પદાર્થોનો વ્યાપાર અને વિષનો વ્યાપાર જેમાં પેસ્ટીસાઈડ્‌ઝ વગેરેનો સમાવેશ થાય છે. એ ઉપરાંત કોઈનું શોષણ ન થવું જોઈએ.

કોઈ સાધુ કે જેમણે સંપૂર્ણ અપરિગ્રહનો સ્વીકાર કર્યો છે એમના પ્રત્યે આદર ભરી ભાવના સાથે એમ લાગે છે કે જ્યારે એક વ્યાપારી સંસ્થાને એમના આશીર્વાદ મળતા હોય તો કદાચ એવું બને કે એમણે મોટા ભાગના વ્યાપારીઓ પાસેથી કદાચ વચનો મેળવ્યા જ હશે કે ધર્મ જેનો વિરોધ કરે છે તેવો કોઈ ધંધો તેઓ નહિ જ કરે

અને પ્રામાણિકપણે કરેલી કમાણીનો કોઈ ચોક્કસ હિસ્સો, એક સંવિભાગ તરીકે, સર્વ કોઈના નહિ તો પણ જૈન ધર્મીના ઉત્કર્ષ માટે, વર્ષો વર્ષની કમાણીમાંથી ચોક્કસ વાપરશે. પરંતુ આવી કોઈ વાત જાણવામાં આવી નથી એટલે જો આવું કાંઈ નિશ્ચિત ન હોય તો સ્વાભાવિક રીતેજ એમ માનવાનું મન થાય કે એવા આશીર્વાદ પાછળ કાળના પ્રભાવે પ્રતિષ્ઠાનો મોહ અજાણતા જ પોતાનો ભાગ ભજવી ગયો હોય. સંસારીની એ ફરજ છે કે કમાવું પણ એ કમાણી ઉચિત માર્ગે થાય તોજ કલ્યાણકારી બને એ વાત કોણ સમજાવશે ? કોની ફરજ ?

આટલું નિશ્ચિત છે કે ભોગવાદથી આજે વિકસેલા દેશોની પ્રજા પણ શારીરિક અને મનોરોગોથી પીડાય છે અને મનોચિકિત્સા અને દવા ઉપર જીવે છે. ઘણાં લોકો યોગ અને બીજી સાધના પદ્ધતિઓ કે 'ઓલ્ટરનેટ મેડીસીન' તરફ વળી રહ્યા છે. ત્યાંની યુવાન પ્રજા નિષ્ક્રિય અને નિરુત્સાહ છે અને કહેવાતા ઉચ્ચ શિક્ષણ છતાં એમને એમાં રસ નથી એટલે પ્રેસિડંટ ઓબામા પણ એમને સારી રીતે ભણવા અને હરીફાઈમાં આવવા કહે છે પણ વિક્ષિપ્ત મન એ વાત સ્વીકારી નથી શકતું. ભોગવાદી જીવન કદી પણ સુખદાયક બની ન શકે એમ સમજીને યુવાવર્ગ સાદા અને સંયમિત જીવન તરફ વળે એમાં જ એમનું હિત છે. વડીલો મર્યાદિત પરિગ્રહનો સ્વીકાર કરે, સાદાઈ અપનાવે અને દેખાડો ઓછો કરે તો એમને અને કુટુંબને અને સમાજને પણ લાભ જ થશે. સુજ્ઞેષુ કિં બહુના. અપરિગ્રહ એક મહત્ત્વનો સિદ્ધાંત છે અને આજે નહિ તો કાલે, ભોગવાદના દુઃખદ પરિણામો જોયા પછી પાછું વળવું જ પડશે એવી શ્રદ્ધા છે.

–કાકુલાલ સી. મહેતા

૧૭૦૪, ગ્રીન રીજ ટાવર, ૧૨૦, ન્યૂ લીન્ક રોડ, ચીકુ વાડી–બોરીવલી (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૦૯૨. ફોન : (૦૨૨) ૨૮૯૮૮૮૭૮.

(૩)

તંત્રીશ્રી–પ્રબુદ્ધ જીવન,

મહાશય,

'જૈનધર્મ, શ્રીમંતો અને અપરિગ્રહ', જુલાઈ ૨૦૧૦ના 'પ્રબુદ્ધ જીવન'માં આપના તંત્રીલેખમાં ચર્ચા-ચિંતન માટેના આહ્વાનના અનુસંધાનમાં આ પત્ર લખી રહ્યો છું.

પ્રથમ તો, મારા નમ્ર મત મુજબ, ખાસ કરીને આજના સમયે, જયારે અપરિમિત પરિગ્રહ અથવા તો પરિગ્રહ અપરિમાણરૂપી રોગચાળો એપિડેમિક મટીને પેન્ડેમિક બની બેઠો છે ત્યારે, જૈનો અને અજૈનો વચ્ચે ભેદ કરવાનું યોગ્ય લાગતું નથી; કારણ કે લગભગ બધા ધર્મોએ પરિગ્રહને વખોડી કાઢ્યો છે.

શ્રી સૂર્યકાન્ત પરીખને મળવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું નથી, આમ છતાં એમની વિદ્વતા, એમની લોકસેવા બાબતમાં અલપ-ઝલપ ઘણીવાર વાંચવા, સાંભળવા મળ્યું છે અને મને લાગે છે કે તેમણે જે કાર્ય ને જવાબદારી 'પ્રબુદ્ધ-જીવન'ના તંત્રી તરીકે ડૉ. ધનવંતભાઈને, પૂરા પ્રેમાદરપૂર્વક સોંપ્યા, તે તેઓ પણ કરી જ શક્યાં હોત; પરંતુ સમાજની નબળાઈની વાત ખોતરવાથી પરહેજ પાળવાનું તેમને વધારે મુનાસિબ લાગ્યું હોય એ શક્ય છે !

લગભગ એ જ કારણે, મારા નમ્ર મત મુજબ, ડૉ. ધનવંતભાઈએ, ચર્ચાને શરૂ કરી થોડું કહ્યું પણ ખરું; પણ બહુ બધું અધ્યાહાર રાખીને, આડકતરી રીતે, ઘણું ઘણું કહી નાંખ્યું !

મારા મત મુજબ, પૈસા-પરિગ્રહના પાગલપણાથી બચવા-બચાવવાનો સમય ત્યારે હતો, જ્યારે પૂ. ગાંધીજીએ, હું ભૂલતો ના હોઉં તો, 'ગ્રામ-સ્વરાજ' લખીને અને ગૃહ ઉદ્યોગો અને ગ્રામોદ્યોગોની તરફેણ કરીને આપણને માર્ગદર્શન કર્યું જ હતું. કમનસીબે આપણે તેમને પૂજ્ય કહ્યાં, પૂજ્યાં પણ; પરંતુ અનુકરણીય માન્યાં, પ્રોત્સાહિત કર્યા એમણે ચીંધેલા માર્ગથી વિપરીત દિશામાં લઈ જઈ મોટાં શહેરો, મોટાં ઉદ્યોગો વગેરેની તરફેણ કરતાં નેતાઓને !

આજે હવે બહુ મોડું થઈ ચૂક્યું છે. પરિગ્રહ સાથેની, પરિગ્રહ માટેની દોડમાં જે મોખરે છે, તેઓ હવે પાછાં ફરી શકે તેમ નથી; બે કારણે: (૧) 'અમે અમારું ભાગ્ય સમાજને અર્પિત કર્યું છે' એમ કહેનાર યુવાનોની જેમ આ લોકોનો મોહભંગ હજી થયો નથી; (૨) જેમની પાસે પૈસા-પરિગ્રહ નથી, જેઓ વંચિત-દલિત છે તેઓ પણ આ સ્પર્ધામાં જોડાયેલાં જ છે અને ગમે તેમ કરી આગળ જવા પાછળ રહ્યા રહ્યા પુષ્કળ દબાણ કરી રહ્યા છે !

સાધારણ રીતે આવે વખતે સાધુ-મહાત્માઓ તરફ, તરણોપાય તરીકે નજર જાય, પરંતુ, એકદમ ટૂંકમાં કહીએ તો, તેઓ પણ આપણા જેટલાં જ રોગગ્રસ્ત છે અને પરિણામે, ટોચના પરિગ્રહીઓના પૈસે ખાનગી એરોપ્લેનોમાં કે પછી લક્ષુરીયસ ક્રુઝરોમાં કથાઓ કરી આવીને કે ભવ્યાતિભવ્ય અનુષ્ઠાનો કરી–કરાવી પોતાને કૃત-કૃત્ય માને છે !

આશા કહી શકીએ તો આશા એક જ છે કે જેમ પશ્ચિમના દેશો સમૃદ્ધિના શિખરની ટોચની એકદમ નજીક પહોંચી ચૂક્યાં છે (જેથી આપણે અગાઉ જેમની વાત કરી તે યુવાનોનો મોહભંગ થયો) અને લાગે છે એવું કે, અર્થશાસ્ત્રીઓ તાજેતરમાં કહે છે તેમ, થોડા વખતમાં જ ડબલ-ડીપ-રીસેશન આવશે ત્યારે ટોચ પરથી કૂદકો મારી તેઓ નીચે આવશે જ; બરાબર એવી રીતે આપણે ત્યાંના શ્રીમંતો, બીજી બધી બાબતોમાં કરે છે તેમ, અમેરિકનોનું અનુકરણ, અનુસરણ કરી પ્રથમ ટોચ ઉપર પહોંચવા માંગે છે; પછી ભલે ને કૂદી પડવું પડે ! મારા આ લખાણથી કોઈનું પણ દિલ દુઃખાય તો મિચ્છામી દુક્કડમ !

–અશોક શાહ

ashokshsah005@yahoo.com

૧૭૦૪, ગ્રીન રીજ ટાવર, ૧૨બી–૪, આનંદ એપાર્ટમેન્ટ, ૨૪, જે.પી.રોડ, અંધેરી (પ.), મુંબઈ–૪૦૦ ૦૫૮.

✷ ✷ ✷

સાંપ્રતવિધાનો આગવો પરિસંવાદ
અજાણી દિશામાં વિરલ આગેકૂચ

□ ડૉ. નલિની દેસાઈ

(ડૉ. નલિની દેસાઈ અમદાવાદની એચ કે. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપિકા છે અને 'આત્મકથા અને ડાયરી સાહિત્ય' ઉપર એઓશ્રીએ શોધનિબંધ લખ્યો છે.)

ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી (લંડન-અમદાવાદ) અને ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ (પુણે)ના સંયુક્ત ઉપક્રમે 'હસ્તપ્રતવિદ્યા' વિશે ત્રિદિવસીય રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ અમદાવાદના ગુજરાત વિશ્વકોશ ભવનના શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજાઈ ગયો. આ સેમિનાર એક જુદી જ ભાત ઉપસાવી ગયો. એમાં આશરે ૨૩૦ જેટલા અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો.

કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી-વંદનાથી થયો. ત્યાર પછી નેશનલ મિશન ફોર મેન્યુસ્ક્રિપ્ટોલોજી વિભાગના ડાયરેક્ટર પ્રો. દીપ્તિ ત્રિપાઠીએ દીપપ્રાગટ્ય કરીને પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું. ઉદ્‌ઘાટન બેઠકમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી પ્રવૃત્તિનો વિગતે ખ્યાલ આપ્યો. ગુજરાત વિશ્વકોશના ટ્રસ્ટી ડૉ. ધીરુભાઈ ઠાકર, ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટના ડૉ. મૈત્રેયી દેશપાંડે, નેશનલ મિશન ફોર મેન્યુસ્ક્રિપ્ટોલોજીના પૂર્વ ડાયરેક્ટર ડૉ. સુધા ગોપાલક્રિષ્નન તેમજ શ્રી શ્રીયકભાઈ શેઠ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં પ્રો. દીપ્તિ ત્રિપાઠીએ હસ્તપ્રત વિશે વિગતે વાત કરતાં કહ્યું.

હસ્તપ્રતનું શું મહત્ત્વ છે તે આપણને બહુ મોડું સમજાયું છે. આપણને એ નથી સમજાતું કે આ આપણી ધરોહર કેટલી બધી મૂલ્યવાન છે. આપણી પાસે હીરા પડ્યા છે, મોતી પડ્યા છે, પણ કિંમત આપણને ખબર નથી. કિંમત એટલા માટે નથી કે આપણું માનસ પુરાતનપંથી છે. રાષ્ટ્રીય હસ્તપ્રતસંસ્થાની સ્થાપનાનું કારણ જનજાગરણ હોઈ શકે. તેમણે એમ કહ્યું કે જનજાગરણ તો પછી, વિદ્વદ્‌જાગરણની આવશ્યકતા છે. હસ્તપ્રત વિશે કેટલીક ભ્રાંતિઓ પ્રવર્તે છે. હસ્તપ્રત માત્ર શાસ્ત્રના વિષયનું જ આલેખન નથી કરતી, પણ એ ઈતિહાસ સાથે પણ સંકળાયેલી છે. હસ્તપ્રત સંસ્કૃતિ સાથે પણ સંકળાયેલી છે. હસ્તપ્રત કોઈ એક ભાષામાં, કોઈ એક લિપિમાં, કોઈ એક સ્થાન પર, કોઈ એક સમયમાં થયેલી નથી. હસ્તપ્રતનો અર્થ થાય છે આપણા દેશનો છેલ્લા પાંચ હજાર વર્ષનો ઈતિહાસ. હસ્તપ્રત કોઈ વસ્તુ ઉપર લખેલી હોય છે. કાગળ, તાડપત્ર, ભૂર્જપત્ર, કપડાં, રેશમ કાપડ, સુતરાઉ કાપડ આ બધાં ઉપર હસ્તપ્રત લખેલી જોવા મળે છે.

નેશનલ મિશન ફોર મેન્યુસ્ક્રિપ્ટના પૂર્વ ડાયરેક્ટર ડૉ. સુધા ગોપાલક્રિષ્નને સંસ્થાઓ વચ્ચે પરસ્પર આદાન-પ્રદાનની આ ઘટના અંગે આનંદ પ્રગટ કર્યો. ડૉ. મૈત્રેયી દેશપાંડેએ કહ્યું કે, મહાભારત ઉપરના ગ્રંથો પ્રકાશિત કરવાનું ઐતિહાસિક કાર્ય આ સંસ્થાએ કર્યું છે. એમણે ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટમાં સ્નાતક અને અનુસ્નાતક વિભાગમાં શું-શું કાર્ય થાય છે તેની વિગતે માહિતી આપી. પી. વી. કાણે દ્વારા લિખિત 'હિસ્ટરી ઑફ ધર્મશાસ્ત્ર' પણ તેમનું મહત્ત્વનું પ્રકાશન છે. ડૉ. મૈત્રેયી દેશપાંડેએ ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટમાં રહેલી જૈન હસ્તપ્રતો વિશે વિગતે છણાવટ કરી.

જૈન વિશ્વભારતી, લાડનૂ (રાજસ્થાન)માં સંશોધનકાર્ય કરતાં ડૉ. જગતરામ ભટ્ટાચાર્યે 'પ્રશ્નવ્યાકરણ સંપાદનના કેટલાક પ્રશ્નો' એ વિશે વક્તવ્ય આપતાં કહ્યું, 'પ્રશ્નવ્યાકરણ એ જૈન આગમ સાહિત્યનો વિષય છે. જૈન આગમોની સંખ્યા ઘણી મોટી છે. એમાં પણ ઘણા મતમતાંતર છે. પ્રશ્નવ્યાકરણ જે પુસ્તક રૂપે ઉપલબ્ધ થાય છે તેમાં બે બાબત છે. એક તો કર્મના આશ્રવની વાત છે. એમાં જ્યોતિષ અને મંત્ર-તંત્રના વિષયો છે. આગમોમાં હિંસા અને અહિંસાની વાત વિશ્લેષણ સાથે કરી. તેમણે 'પ્રશ્નવ્યાકરણ'ના પ્રકરણો વિશે કહ્યું કે, એમાં પાંચ પ્રકારની અહિંસાની વાત કરી છે, તેને ભગવતી એવું નામ આપવામાં આવ્યું છે.

એલ. ડી. ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડોલોજીના નિયામક ડૉ. જિતેન્દ્ર શાહે જૈન આગમ ગ્રંથોના સંશોધન-સંપાદન વિશે વાત કરી. જૈન આગમ આખું જૈન સાહિત્ય, જૈન વિદ્યા અને જૈન શાસ્ત્રનો મૂળ સ્રોત છે. સાહિત્યની રચના ઘણાં વર્ષોથી થતી આવી છે. એટલા માટે જૈન આગમનું સંશોધન, સંપાદન ઘણું આવશ્યક છે. આ કાર્ય અત્યંત જટિલ અને દુષ્કર છે. આગમ ઉપર ટીકા લખનાર આચાર્ય અભયદેવસૂરિ નવાંગી ટીકા માટે પ્રસિદ્ધ છે. જેમણે નવ આગમોની બહુ વિસ્તૃત ટીકા લખવાની શરૂઆત કરી, ત્યારે તેમની સામે અનેક પ્રશ્નો ખડા થયા હતા. એનું બયાન આપતાં કહે છે કે અમારી પાસે કેટલી બધી વાચના છે, પુસ્તકો અશુદ્ધ છે, સૂત્ર અતિ ગંભીર છે અને ઘણાબધા મતભેદો છે. આગમના સંશોધનની આવશ્યકતા એટલા માટે છે કે તેમાં ઘણીબધી અશુદ્ધિઓ છે. મૂળ પાઠ મળી જાય તો સંશોધન માટે તે ઘણું આવશ્યક છે.

પુણે યુનિવર્સિટીના અધ્યાપિકા ડૉ. નલિની જોશીએ હસ્તપ્રત-સંપાદનમાં પડતી મુશ્કેલીઓની વાત ઉદાહરણો સહિત સમજાવી.

તેમણે કહ્યું કે છેલ્લી સદીમાં ભારતીય વિદ્વાનો પ્રાકૃત અને જૈન ધર્મ ઉપર કામ કરે છે. એમાંના થોડા પંડિત પરંપરાના છે. તેમણે કહ્યું કે જૈન, પ્રાકૃત અને સંસ્કૃત બધાની થઈને આશરે સો જેટલી હસ્તપ્રતોનું સંપાદન થયું હશે.

ચિત્રમય હસ્તપ્રતો વિશે વાત કરતાં ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટના મેન્યુસ્ક્રિપ્ટ કન્ઝર્વેશન વિભાગના આસિસ્ટન્ટ ક્યુરેટર ડૉ. શ્રીનંદ બાપટે કહ્યું કે હસ્તપ્રત ઘણાં પ્રકારની હોય છે. જે હસ્તપ્રતમાં ચિત્રો છે તેની સંખ્યા પણ ઘણી મોટી છે. તેમણે ભીમબેટકાના ચિત્રોની વાત કરી. એ મેસોલેથિક યુગના ચિત્રો છે. કુષાણકાલના ચિત્રો વિશે પણ તેમણે વિગતે વાત કરી. ચિત્ર હસ્તપ્રતની વાત થાય છે, ત્યારે પથ્થર ઉપર જે ચિત્ર થતાં હતાં તેની ટૅક્નિક કોઈ જુદી નહોતી. ૧૯મી સદીમાં આપણે ત્યાં ઓઈલ કલર નહોતા, ભારતમાં ચિત્રની જે ટૅક્નિક હતી તે એક જ હતી. એમાં માત્ર રંગો ઉમેરાતા ગયા. ચિત્રમાં જે રંગો વપરાયા છે તે વેજિટેબલ રંગો છે. એ માન્યતા ખોટી વાત છે કે વેજિટેબલ કલરો એસિડિક હોય છે. વેજિટેબલ કલર હોય, તો આટલા વર્ષો સુધી ટકે નહીં. આ બધા ખરેખર તો મિનરલ કલર જ છે.

ક્યાંક એવું પણ જોવા મળ્યું કે વિષય અને ચિત્ર વચ્ચે સામ્ય ન હોય. એ જરૂરી નથી કે જે મૅટર હોય, તેનું જ ચિત્ર બને. નવમી-દસમી શતાબ્દીથી હસ્તપ્રતમાં ચિત્રો જોવા મળે છે. હસ્તપ્રતમાં ચિત્ર માટે જગ્યા પણ છોડવામાં આવતી હતી. તેમણે વિવિધ હસ્તપ્રત અને ચિત્રો વિશે વાત કરીને કહ્યું કે હસ્તપ્રતમાં આલેખાયેલા ચિત્રો દ્વારા જે તે સંસ્કૃતિનો અભ્યાસ થઈ શકે છે. તે વખતે હસ્તપ્રતમાં દોરાયેલા ચિત્રો કલ્પનાથી દોરવામાં આવતા હતા. હસ્તપ્રતમાં જે વિષય હોય છે, તે ઘણો મહત્ત્વનો હોય છે. તત્કાલીન સંસ્કૃતિ માટે પણ ચિત્રોનું અધ્યયન મહત્ત્વપૂર્ણ ગણાય.

આ સેમિનારની એક વિશેષતા એ રહી કે એમાં માત્ર જૈન હસ્તપ્રતો અને અન્ય હસ્તપ્રતો વિશે ચર્ચા કરવા ઉપરાંત અત્યાર સુધી ઉપેક્ષિત રહેલા એવા સંત સાહિત્યની હસ્તપ્રતો, ચારણી હસ્તપ્રતો અથવા તો ફારસી હસ્તપ્રતોની એ વિષયના તજ્જ્ઞોએ રજૂઆત કરી અને કેટલીક અત્યંત ઉપયોગી અને રસપ્રદ માહિતી એમની પાસેથી સાંપડી. સંતવાણી, લોકવાણી અને ભજનવાણીના જાણકાર શ્રી નિરંજન રાજ્યગુરુએ કહ્યું કે આપણે સહુ હસ્તપ્રતવિદ્યાના મરમીઓની વચ્ચે બેઠા છીએ. સંતસાહિત્યનું સંકલન અને સંશોધન ઘણા સમયથી થતું આવ્યું છે. જૈન હસ્તપ્રત-ભંડારોમાં જૈનેતર કવિઓની ઢગલાબંધ રચનાઓ સચવાયેલી પડી છે, પણ એની સૂચિ આપણને મળતી નથી. અસંખ્ય હસ્તપ્રતભંડારોમાં અસંખ્ય પદસંગ્રહો એવા પડ્યા છે કે જેમાંની સામગ્રીની નોંધ કોઈ પણ હસ્તપ્રતભંડારની સૂચિમાં થઈ નથી. નરસિંહ કે મીરા પછી સાઠ-સિત્તેર વર્ષ પછી; કબીર અને ગોરખ પછી બસો વરસ પછીની હસ્તપ્રત મળતી હોય એ સમયગાળામાં નરસિંહને આદ્યકવિનું બિરુદ, અલબત્ત તે પ્રથમ કવિ નથી જ પણ આદિકવિનું બિરુદ આપણે આપ્યું છે. નરસિંહ પહેલાં ઘણા સર્જકો ગુજરાતી ભાષામાં થયા છે. અનેક જૈન સર્જકોની રચનાઓ મળે છે. હસ્તપ્રતોમાં પણ નરસિંહ મહેતા પહેલાંનો કોઈ જૈનેતર સર્જક કે જેણે સંતસાહિત્યની, ભક્તિસાહિત્યની રચનાઓનું સર્જન કર્યું હોય એની નોંધ આપણને મળતી નથી. ગુજરાતમાં આજે પણ કેટલીક જગ્યાઓ અને કેટલાંક સંતસ્થાનકો એવા છે જ્યાં હસ્તપ્રતના પટારા પડ્યા છે. એ હસ્તપ્રતોની નોંધ આજ સુધી ક્યારેય કરવામાં આવી નથી. ધર્મસ્થાનક અને સંતસ્થાનકમાં આ હસ્તપ્રતોને પૂજનીય માનવામાં આવે છે. ભારતીય સંતોની રચનાઓ ગુજરાતીકરણ પામીને આપણે ત્યાં આવી છે. સંતસાહિત્યના હસ્તપ્રતની કોઈ નકલ મળતી નથી. આ લુપ્ત થઈ રહેલી વિદ્યાને જાળવીને રાખવાનું કામ ભવિષ્યની પેઢીએ કરવાનું છે.

પ્રાચ્યવિદ્યામંદિરમાં ૨૭ વર્ષથી સંશોધનના કામ સાથે જોડાયેલા ડૉ. એમ. એલ. વાડેકરે કહ્યું કે, ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટમાં ૩૦,૦૦૦ જેટલી હસ્તપ્રતો છે. વિવિધ પ્રકારની આ હસ્તપ્રતો જુદા જુદા કાગળ અને તાડપત્ર ઉપર લખાયેલી હસ્તપ્રતો છે. ૧૨૫ જેટલી સચિત્ર હસ્તપ્રત્રો છે. ખ્ટ્ટત્ત્દ્ધઘ્–એટલે હાથે લખેલી હોય તે; ઠ્ઠદ્રણઙ્ઘદ્મથ્–એટલે લેખ–લેખન, ખ્ત્ર્ધ્દ્ધ–એનું શાસ્ત્ર. આમ તેમણે ખ્ટ્ટત્ત્દ્ધઘ્ઠઠ્ઠદ્રણઙ્ઘદ્મથ્ત્ર્ધ્દ્ધનો અર્થ સમજાવ્યો. હસ્તપ્રત-હસ્તલેખનનો અર્થ કોઈક વ્યક્તિ દ્વારા લખાયેલું. લહિયા, લેખક અને કર્તા આ ત્રણે જુદી-જુદી વ્યક્તિઓ છે. આખા ભારતમાં જુદી જુદી લિપિઓ મળે છે.

બી.એલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, દિલ્હી સાથે સંકળાયેલા ડૉ. બાલાજી ગનોરકરે 'હસ્તપ્રત કેટલોગિંગ અને ઈલેકટ્રોનિક સંશોધનો' વિશે એમના વ્યાખ્યાનમાં હસ્તપ્રત મેળવવામાં કેટલી મુશ્કેલી પડે છે, તેની વાત કરીને તેના સંરક્ષણ અંગે જણાવ્યું હતું. હસ્તપ્રતનું વ્યવસ્થિત રીતે ડિજિટલાઈઝેશન થાય તો તેનો સારી રીતે ઉપયોગ થઈ શકે. તે વાંચવા યોગ્ય થઈ શકે. કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને કામરૂથી કચ્છ સુધી દેશમાં જે ૧૭-૧૮ લિપિઓ છે તે આજે પણ પ્રચલિત છે. એનું સ્વરૂપ સમયે સમયે બદલાતું રહ્યું છે. એમણે હસ્તપ્રત-સંશોધનમાં સ્કેનિંગ, ડિજિટલાઈઝેશન વગેરેની વિશેષતા અને મર્યાદાઓ બતાવી હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને પૂર્વ કુલપતિ ડૉ. બળવંત જાનીએ ચારણી સાહિત્ય વિશે વાત કરતા કહ્યું કે તેઓને લહિયાઓ પાસે લખાવવાની વૃત્તિ નહોતી અને

એવી શક્તિ પણ નહોતી. ચારણી સાહિત્યમાં હસ્તપ્રતની નકલ બહુ બહુ તો એનો પુત્ર કરે, ભાણેજ કરે, ભત્રીજો કરે, ભાઈને પણ નકલ કરવા ન આપે. એ રજૂ કરીને એને રાજા પાસેથી ઈનામ મેળવવાનું હોય. આ કવિઓ પોતાની હાથલખાણની કૃતિઓ કોઈની પણ પાસે ન જાય એની તકેદારીઓ રાખતા હતા. આ ચારણી સાહિત્યની એક વિશિષ્ટ પરંપરા છે. ચારણી સાહિત્યની મોટાભાગની હસ્તપ્રતો કર્તાના હસ્તાક્ષરમાં લખાયેલી મળે છે અથવા તો એના સંતાન કે વંશજો દ્વારા લખાયેલી મળે છે. બીજી-ત્રીજી પેઢીના સંતાનો દ્વારા લખાયેલી જોવા મળે છે. પછી પરંપરા લુપ્ત થયેલી છે. ત્રણસો-ચારસો વર્ષની જ પરંપરા આપણી પાસે સચવાયેલી છે. કર્તાના સંદર્ભે, લેખનના સંદર્ભે ચારણી સાહિત્ય જુદું તરી આવે છે. ચારણ કવિઓએ જે કૃતિઓ રચી તે પોતે પાઠ કરવા માટે રચી છે. ચારણી હસ્તપ્રત-લેખનની મોટી વિશેષતા એ છે કે ચારણી હસ્તપ્રતમાં ઢાળ અને રાગ છે. રાસમાં આખું કડવું એક જ રાગમાં કે ઢાળમાં ચાલે, ચારણી સાહિત્યમાં એવું નથી. અહિંયા તો વિષયની રજૂઆતમાં ભાવના પલટા સાથે છંદ પરિવર્તન આવે છે. એક કૃતિમાં પચીસ-ત્રીસ જેટલા છંદો હોય. કોઈ ચારણ કવિ એવો નથી જેણે સિત્તેર-એંસી છંદો પ્રયોજ્યા ન હોય. છંદનું પુનરાવર્તન થાય. ભાવાનુરૂપ સાથે છંદો પલટાય એ ચારણી સાહિત્યના લેખનનું-સર્જનનું વિશિષ્ટ પાસું છે. કોઈ એક રાગમાં કે ઢાળમાં આખું કડવું ચાલતું નથી. સંસ્કૃતના અક્ષરમેળ–માત્રામેળ છંદો નહીં, પણ ચારણી છંદો, ડિંગળી છંદો જોવા મળે. આ સર્જકો પાસે એમનું છંદશાસ્ત્ર અલગ છે. ડિંગળી છંદ નાદ ઉપર આધારિત છે. ૧૭મી સદી પછી વિવિધ પ્રાદેશિક ભાષામાં સાહિત્ય રચાતું થયું. આપણે ત્યાં જે અલંકારો મળે છે એથી વધારે આઠ-દસ જેટલા અલંકારો ચારણી સાહિત્યમાં મળે છે. ચારણી સાહિત્યમાં યમક અલંકારના આઠ-દસ પેટાપ્રકારો મળે છે. અલંકારનો પ્રચુર વિનિયોગ કોઈ સાહિત્યમાં હોય તો તે ચારણી સાહિત્યમાં થયો છે.

પ્રાકૃત અને અપભ્રંશના વિદ્વાન ડૉ. રમણીકભાઈ શાહે હસ્તપ્રત ઉપરથી પ્રાકૃત ગ્રંથોનું સંપાદન કઈ રીતે થઈ શકે–ખાસ કરીને કથાગ્રંથ અને તે પણ લાંબા કથાગ્રંથના સંપાદનમાં કઈ કઈ મુશ્કેલીઓ, સમસ્યાઓ આવે છે તેની વાત વિગતે કરી. 'વસુદેવહિંડી'નો સૌ પ્રથમ તેમણે પરિચય આપ્યો. ભારતીય સાહિત્યમાં કેટલાક ગ્રંથોની સમીક્ષિત આવૃત્તિઓ થઈ, તે સીમાચિહ્નરૂપ ગણાય છે. ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, વડોદરામાંથી થયેલ રામાયણની આવૃત્તિ, ભો. જે. વિદ્યાભવનની ભાગવતની આવૃત્તિ આ જૈનેતર સંસ્કૃત ગ્રંથો છે. સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોમાં રહેલો પાયાનો તફાવત દૃષ્ટાંતસહિત દર્શાવ્યો હતો.

ગુજરાતીના નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. કાંતિભાઈ શાહે મધ્યકાલીન ગુજરાતી ભાષાની હસ્તપ્રતોની વાત કરી. ભારતમાં ચાલીસ લાખ હસ્તપ્રતો છે અને ગુજરાતમાં દસ લાખ હસ્તપ્રતો છે. એમાં સંસ્કૃત, પ્રાકૃતથી માંડી બધી પ્રાદેશિક ભાષાઓની અનેકવિધ વિષયો ધરાવતી હસ્તપ્રતોને આવરી લેવાઈ છે. એમાં જૈન હસ્તપ્રતો ચાર લાખ હોવાનું અંદાજાયું છે. એમણે કહ્યું કે હસ્તપ્રત-સંપાદન એ કેવળ એક કાગળ ઉપરથી બીજા કાગળ ઉપરનો માત્ર ઉતારો નથી. લિપ્યંતરની આ પ્રક્રિયા પૂરી સજ્જતા અને ક્ષમતા માંગી લે છે. હસ્તપ્રત-સંપાદનની એક ચોક્કસ શિસ્ત છે. સંપાદકે સર્જકની મૂળ રચનાની પ્રક્રિયાની નિકટતમ પહોંચવાનું છે. સૂચિઓની અનુક્રમણિકાની પદ્ધતિઓ પણ અલગ અલગ પ્રકારની હોય છે. તેમણે 'વસુદેવહિંડી' અને 'બૃહત્કથા' વિશે વિસ્તારથી ચર્ચા કરી. લહિયાની કલમે ક્યારેક કોઈ અક્ષર લખવાનો રહી જતો હોય છે. ક્યારેક બેવડાઈ જતો હોય છે. ક્યારેક અક્ષરો આડાઅવળા ક્રમે ગોઠવાતા હોય છે. આગલી પ્રતનો પાઠ ન ઉકેલાતાં તેઓ પોતાની રીતે પણ ગોઠવતા હોય છે. પાઠ-પસંદગીમાં પ્રાસ પણ મહત્ત્વના બનતા હોય છે. કૃતિના અંતિમ ભાગમાં રચનાવર્ષ આપવાની પ્રણાલી છે.

ગુજરાત વિદ્યાપીઠના ઉર્દૂ, પર્શિયનના અધ્યક્ષ ડૉ. મોહિયુદ્દીન બૉમ્બેવાલાએ તેમના વક્તવ્યમાં કહ્યું કે, આરબને સહુથી જૂનો સંબંધ ગુજરાતની સાથે છે. પહેલાના જમાનામાં લોકો પરદેશ જતા, ત્યારે ઈલ્મી પુસ્તક લઈને જતા. શેખ અહમદ હજરત ગંજબખ્શ ખટ્ટૂને મળવા માટે ઈરાનથી આવ્યા, ત્યારે એક ઊંટ ઉપર એમનો સામાન હતો અને બીજા ઊંટ ઉપર પુસ્તકો હતા. એ હસ્તપ્રતો અરબી-ઉર્દૂ-ફારસીમાં લખેલી હતી. એ કોઈ મુસલમાનની વિરાસત નહોતી. તે હિન્દુસ્તાનની વિરાસત હતી.

શ્રી ભો. જે. વિદ્યાભવનના કાર્યકારી નિયામક ડૉ. આર. ટી. સાવલિયાએ કહ્યું કે, હસ્તપ્રતો એકઠી કરવાની કાર્યવાહી ૧૮૪૮થી શરૂ થયેલી. ૧૯૩૯માં સંકલિત યાદી વિદ્યાભવન દ્વારા બહાર પાડવામાં આવી છે. હિંદુ, જૈન, બૌદ્ધ ધર્મની હસ્તપ્રતો ભો. જે. વિદ્યાભવનને મળતી રહી. તેમાં ચિત્રિત અને અચિત્રિત હસ્તપ્રતો પણ હતી. વીસ હજારથી વધુ હસ્તપ્રતો ભો. જે. વિદ્યાભવનમાં જળવાયેલી છે. એમાં ખાસ કરીને જ્યોતિષ, ખગોળશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્રની હસ્તપ્રતો પણ છે. દુર્ગાસપ્તસતીની ત્રણ વિષયોને લગતી હસ્તપ્રતો છે જે અદ્વિતીય કહી શકાય.

ડૉ. કનુભાઈ શેઠે ગુજરાતના હસ્તભંડારો વિશે વાત કરતાં કહ્યું કે હસ્તપ્રતની પરંપરા જૂની છે. ખાસ કરીને ગુજરાતમાં પાંચમી-છઠ્ઠી સદીમાં જે દેવર્ષિગણીની પ્રથમ વાચના ગુજરાતના રાજવીઓ સિદ્ધરાજ અને કુમારપાળે લહિયાઓ રોકીને અનેક ગ્રંથો ઉતરાવ્યા અને તૈયાર કરીને અનેક જગ્યાએ એ મોકલ્યા. ગુજરાતમાં ખાસ કરીને બે પ્રકારના ભંડારો છે. એક વ્યક્તિગત ભંડાર અને

બીજું સાંઘિક ભંડાર. દેશમાં ગુજરાત અને રાજસ્થાન બે રાજ્યોમાં વધારે હસ્તપ્રતભંડારો છે.

ભો. જે. વિદ્યાભવનના ભૂતપૂર્વ નિયામક ડૉ. ભારતીબહેન શેલતે 'ઇતિહાસ અને સંસ્કૃતિના સ્રોત : શિલાલેખો અને હસ્તપ્રતો' વિશે કહ્યું કે કોઈ પણ દેશ, સંસ્કૃતિ કે પ્રદેશના પ્રમાણિત ઇતિહાસનું નિરૂપણ એ પ્રદેશની સાધનસામગ્રીના અન્વેષણ, અધ્યયન અને સંશોધન પર આધારિત હોય છે. અભિલેખો અર્થાત્ શિલા, ધાતુ જેવા ટકાઉ પદાર્થો ઉપર કોતરેલાં લખાણો હસ્તપ્રતસ્વરૂપ સાહિત્યિક સાધનોની જેમ વ્યક્તિવિશેષો, ઘટનાવિશેષો અને સ્થળવિશેષો વિશે વિપુલ માહિતી પૂરી પાડે છે. અભિલેખો અને પ્રાચીન હસ્તપ્રતોમાં લિપિના મરોડ અને ભાષાસ્વરૂપ જળવાયેલાં જોવા મળે છે. જુદા જુદા સમયમાં થયેલા રાજાઓએ શિલાલેખો, તામ્રપત્રો કરાવ્યાં તેનો સવિસ્તર પરિચય કરાવ્યો.

ડૉ. કલ્પના શેઠે જણાવ્યું કે ભારતની બહાર રહેલી હસ્તપ્રતો ઘણા વિવિધ વિષયો સાથે સંકળાયેલી છે. તેમણે વિવિધ વિષયો જેવા કે કથાસાહિત્ય, સ્તોત્ર સાહિત્ય, વિધિ-વિધાન, તીર્થસાહિત્ય, વ્યાકરણ સાહિત્ય, છંદસાહિત્ય આમ અનેક વિષયોની હસ્તપ્રતો સચવાયેલી છે. ભારત બહાર જળવાયેલા જૈન હસ્તપ્રત-સંગ્રહ અને સૂચિકરણની પણ તેમણે વાત કરી.

ડૉ. વિજય પંડ્યાએ 'વાલ્મીકિ રામાયણ : સમીક્ષિત આવૃત્તિ, કેટલાંક પ્રશ્નો' એ વિષયની વાત કરી. તેમણે કહ્યું કે સમીક્ષિત આવૃત્તિની એક સમસ્યા ઉપયોગમાં લીધેલી હસ્તપ્રતોની છે. ભારતીય ભાષામાં પણ આ જ વિષય ઉપરની હસ્તપ્રતો વિશે પણ વાત કરતા ગયા. તેમણે જુદા જુદા કાંડના પ્રસંગોને ઉદાહરણ સહિત સમજાવ્યા.

ડૉ. દીનાનાથ શર્માએ 'भारत में लेखनपरंपरा' એ વિષય ઉપર વાત કરતાં કહ્યું કે ભારતમાં લેખનપરંપરા બહુ પ્રાચીન છે. રાજસ્થાનના અજમેર જિલ્લાના બડાલી ગામમાંથી સૌથી પ્રાચીન લેખ મળ્યો છે. ઈ. સ. બીજી શતાબ્દીમાં ભોજપત્ર પર 'સંયુક્તાગમ' નામનો ગ્રંથ લખાયેલો મળે છે અને કાગળ પર લખાયેલા ચાર સંસ્કૃત ગ્રંથ મળે છે.

ડૉ. શ્રીનંદ બાપટે હસ્તપ્રતની જાળવણી કેવી રીતે કરવી તે સંદર્ભે વાત કરી. હસ્તપ્રતને રાખવા માટે ભાંડારકર ઈન્સ્ટીટ્યૂટમાં કબાટની રચના ખાસ કરી છે. ૮ થી ૯ ઇંચના પથ્થર પર કબાટ રાખવામાં આવે છે. તેમણે કહ્યું કે ઊધઈ, ફૂગ, જીવજંતુ, ધૂળ, હવામાન વગેરેથી શક્ય તેટલી તેને આરક્ષિત રાખવી જોઈએ.

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં ઘણાં વર્ષોથી કાર્યરત શ્રી મનોજ જૈને લિપિનો વિકાસ અને વૈવિધ્ય વિશે વાત કરી. તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં સહુથી પ્રાચીન બ્રાહ્મી, ખરોષ્ઠી અને ગ્રીક લિપિ મળે છે. એમાં ભારતમાં બ્રાહ્મી લિપિનો ઉપયોગ વિશેષ થાય છે. આ લિપિનો દરેક અક્ષર એક જ ધ્વનિનું ઉચ્ચારણ કરે છે એટલે સમજવામાં તે સરળ છે. તેમણે બ્રાહ્મી લિપિની વિશેષતાઓ પણ બતાવી.

ડૉ. રતન પરીમૂએ કર્ણદેવ સોલંકી, હેમચંદ્રાચાર્ય, વસ્તુપાળ, જૈન આચાર્યો, પેથડ શેઠ આ બધાંના સમયગાળા દરમિયાન રચાયેલી સચિત્ર હસ્તપ્રતો વિશે વિગતે વાતો કરી.

કાર્યક્રમના સમાપનમાં ડૉ. શ્રીનંદ બાપટ, ડૉ. બાલાજી ગનોરકર અને શ્રી મનોજ જૈને આ કાર્યક્રમની સફળતાની પ્રસન્નતા વ્યક્ત કરી. ડૉ. ચન્દ્રકાન્ત શેઠે પણ હસ્તપ્રતવિદ્યાના સેમિનાર વિશે તેમના વિચારો પ્રગટ કર્યા. તેમના હસ્તે દરેકને સર્ટિફિકેટનું વિતરણ કરાયું. ત્રણ દિવસ ચાલેલા આ સેમિનારના અંતે ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજીના ટ્રસ્ટી શ્રી નેમુભાઈ ચંદરયાએ જે વિદ્યાર્થીઓ એમ.ફિલ. અને પીએચ.ડી.માં સંશોધન કરવા માંગતા હોય તેમને શિષ્યવૃત્તિ આપવાની પણ જાહેરાત કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી મીનાક્ષીબહેન ઠાકરે કર્યું.

ગુજરાતમાં પહેલી વાર આવો વ્યાપક ધોરણે અને આટલી બધી સંસ્થાઓના સહયોગથી હસ્તપ્રતવિદ્યાઓનો પરિસંવાદ યોજાયો. આમાં જૈન વિશ્વભારતી (લાડનૂ), ભોગીલાલ લહેરચંદ ઈન્સ્ટીટ્યૂટ (દિલ્હી), પ્રાચ્યવિદ્યામંદિર (વડોદરા), એલ.ડી. ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, એલ. ડી. મ્યુઝિયમ (અમદાવાદ), મહાવીર આરાધના કેન્દ્ર (કોબા), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, પુણે યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, ભો. જે. વિદ્યાભવન અને આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા કેન્દ્ર (ગુજરાત વિદ્યાપીઠ) એમ બધી સંસ્થાઓના વિદ્વાનો એક મંચ પર એકત્રિત થયા એમ એમના જ્ઞાનનો લાભ મળ્યો.

ત્રણ દિવસ ચાલેલા આ સેમિનારના અંતે ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજીના ટ્રસ્ટી શ્રી નેમુભાઈ ચંદરયાએ હસ્તપ્રતવિદ્યા પર મહાનિબંધ લખનારને નિષ્ણાતો દ્વારા જરૂરી કાર્યવાહી કર્યા બાદ બે વર્ષ સુધી મહિને રૂા. ૧૫૦૦/- ની શિષ્યવૃત્તિ આપવાનું જાહેર કર્યું. જુદી જુદી સંસ્થાઓને પણ એમ.ફિલ. અને પીએચ.ડી. કરવા માંગતા વિદ્યાર્થી માટે બીજી સંસ્થાઓએ આ સંસ્થાને હસ્તાપ્રત મોકલવા જણાવ્યું. આ સંસ્થા રસ ધરાવતા વિદ્યાર્થીઓને મોકલશે. આ સમગ્ર કાર્ય માટે શ્રી નેમુભાઈ ચંદરયા અને ડૉ. કુમારપાળ દેસાઈએ અથાગ મહેનત કરી હતી અને તેઓના દ્વારા ૧૫ દિવસનો તાલીમ શિબિર થોડા સમયમાં થશે. જેનું આયોજન થઈ રહ્યું છે.

***

૯, વૃંદાવન, એસ. બી.આઈ.ઓ. સોસાયટી,
ભાવસાર હોસ્ટેલ સામે,
નવા વાડજ, અમદાવાદ-૩૮૯૯૧૩.
મો. ૦૯૮૭૯૨૭૮૮૨૭.

મહાવીરકથા

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્રના પ્રેરક પૂજ્ય શ્રી આત્માનંદજીનો અભિપ્રાય

'सद्वृत्तानां गुणगणकथा, दोषवादे च मौनम्।'

મહાપુરૂષોનું પવિત્ર અને પ્રેરણાદાયી જીવનચરિત્ર આપણાં જીવનને ઉર્ધ્વગામી બનાવે છે. Lives of great men all remind us to make our lives sublime. મહાપુરુષોના જીવનચરિત્રો આપણે અવશ્ય વાંચવા જોઈએ. આપણા દેશમાં રામાયણ, હનુમાનકથા તેમજ શ્રીમદ્ ભાગવત જેવી કથાઓ અનેક સૈકાઓથી ચાલતી આવી છે. આ કથાઓના માધ્યમથી જનમાનસની વૃત્તિઓ, દુર્ગુણોથી પરાઙમુખ થઈ સદ્‌ગુણો તરફ વળે છે. ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને પરંપરા જાળવી રાખવામાં આવી કથાઓએ મોટું યોગદાન આપેલ છે.

આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ હેઠળ આપણા દેશમાં માત્ર અર્થ અને કામરૂપી પુરુષાર્થની પ્રધાનતા વધી રહી છે, સ્વાર્થવૃત્તિ અને સંકુચિતતા ચોમેર દૃષ્ટિગોચર થાય છે, જીવનમાંથી નીતિ, સદાચાર, પ્રામાણિકતા જેવા મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે, ભારતીય સંસ્કૃતિ મૃતપ્રાયઃ બની ગઈ છે તેવા સંજોગોમાં મહાપુરુષોના જીવનના કથામૃતનું લોકોને પાન કરાવવામાં આવે તો ભારતીય સંસ્કૃતિની પરંપરા અને મૂલ્યોનું સંરક્ષણ થાય.

આવા સંજોગોમાં **પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈએ શરૂ કરેલ મહાવીરકથા આ યુગની એક તાતી જરૂર છે અને તે ખૂબ પ્રેરણાદાયક બને તેમ છે.** ભક્તિસંગીત સાથે ભગવાન મહાવીરના જીવનચરિત્રનું સુંદર, આબેહુબ વર્ણન રોચક અને લોકમાનસને અનુકૂળ આવે એવું છે. અન્ય વર્તમાન આચાર્યો અને જિનશાસન પ્રભાવક મહાપુરુષોનો અભિપ્રાય લેવો અને તેને હજુ વધારે રોચક બનાવવી. મારા ખ્યાલ મુજબ આ રીતે મહાવીરકથાને પ્રસ્તુત કરવાનું **સૌ પ્રથમ શ્રેય શ્રી મુંબઈ જૈન યુવક સંઘ** અને આદરણીય ડૉ. કુમારપાળભાઈને જાય છે; જે બદલ તેઓશ્રીને અને એ સંસ્થાને અનેકશઃ ધન્યવાદ ઘટે છે.

આદરણીય ડૉ. કુમારપાળભાઈ દેસાઈ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આદરેલ 'મહાવીરકથા'ના સુંદર મિશનનો વધુ ને વધુ વ્યાપ થાય અને તેના દ્વારા લોકોમાં ભગવાન મહાવીર પ્રત્યે ભક્તિભાવની વૃદ્ધિ થાય તેવા અંતરના શુભાશિષ પાઠવું છું.

–આત્માનંદ

તા. ૩-૮-૨૦૧૦

'મહાવીર કથા' ડી.વી.ડી.





પ્રખર ચિંતક અને સમર્થ સર્જક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી વાણીમાં વહેતી, બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈને પ્રકાશિત થઈ ગઈ છે.

તજજ્ઞો દ્વારા તૈયાર થયેલી આ ડી.વી.ડી. એક જ મહિનામાં દેશ-પરદેશના અનેક જિજ્ઞાસુઓએ પોતાના ચિંતન ખંડમાં વસાવી છે. જે મહાનુભાવોએ જોઈ છે, એમણે આ ડી.વી.ડી.ના ચિંતનને માણ્યું છે અને પ્રસંશા કરી છે.

આ ચિંતનાત્મક દૃશ્ય-શ્રાવ્ય ડી.વી.ડી. પોતાના પરિવાર માટે વસાવવી, મિત્રો અને અન્ય પરિવારજનોને એ ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે, અને મહાવીર વાણીના ચિંતન પ્રચારનું પુણ્ય કર્મ છે.

વસ્તુની પ્રભાવના ક્ષણજીવી છે. વિચારની પ્રભાવના ચિરંજીવ છે.

પ્રત્યેક જૈન કુટુંબમાં આ ડી.વી.ડી. હોવી એ ધર્મપ્રિયતા અને જૈન ધર્મના સંસ્કારનો પૂરાવો છે. જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે. સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર અને સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય.

પ્રત્યેક જૈન છાત્રાલયો અને શાળા–કૉલેજોએ આ ડી.વી.ડી. દ્વારા પોતાના યુવા વિદ્યાર્થીઓને આ મહાવીર ચિંતનનું દર્શન કરાવવું જોઈએ.

ઉપાશ્રયમાં ન જઈ શકતા અને જૈન પુસ્તકોના વાંચન માટે સમય ન ફાળવી શકતા જૈન શ્રાવક-શ્રાવિકાને ઘર બેઠાં મહાવીર જીવન અને ચિંતન આ ડી.વી.ડી. પીરસે છે.

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી **મહાવીરને જાણો, માનો અને પામો.**

બે ડી.વી.ડી.ના સેટનું દાન મૂલ્ય રૂા. ૨૫૦/– પરદેશ માટે ૨૦ યુ.એસ.ડોલર.

શ્રી જૈન યુવક સંઘના આજીવન સભ્યો, પેટ્રનશ્રીઓ, જૈન છાત્રાલયો, પુસ્તકાલયો અને સંઘોને **૨૦% ડિસ્કાઉન્ટ.**

દશ સેટ ખરીદનારને એક સેટ વિના મૂલ્યે પ્રભાવના સ્વરૂપે આપવામાં આવશે.

બેંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ - પ્રાર્થના સમાજ બ્રાંચ - મુંબઈ. ખાતા નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં રકમ ભરી એ સ્લીપ અમને મોકલશો એટલે આપને ઘેર બેઠાં અમે આપની ઈચ્છિત ડી.વી.ડી. મોકલીશું.

અમારું સરનામું પાના નં. ૩ ઉપર આપેલું છે.

ફોન નં.: 022-23820296 – 022-2056428.

ધન્યવાદ.

પ્રમુખ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી જૈન વર્લ્ડ

જૈન જગતની અપેક્ષાઓને સંતોષતું માસિક

જૈન પત્રકારિત્વનો ઇતિહાસ ૧૫૦ વર્ષથી પણ જૂનો છે. સન ૧૮૫૯માં અમદાવાદથી પ્રથમ જૈન માસિક 'જૈન દીપક' પ્રગટ થયું. ૧૯૮૨ સુધી ૬૦૦ જૈન પત્રો હતા. આ જૈન સામયિકો ગુજરાતી, અંગ્રેજી, ઉર્દૂ, હિંદી, કન્નડ, તામિલ, બંગાળી, મરાઠી અને સંસ્કૃત ભાષામાં, આમાંના કેટલાંક દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, ત્રિવાર્ષિક અને વાર્ષિક હતા. વર્તમાનમાં પણ વિવિધ ભાષામાં અનેક જૈન સામયિકો પ્રકાશિત થઈ રહ્યાં છે. આ બધા પત્રોમાં કેટલાંક વિવિધ સંપ્રદાય અને સંસ્થાના મુખપત્ર તેમજ કેટલાંક પૂ. સાધુ ભગવંતો પ્રેરિત અને સંચાલિત હતા–છે.

જૂન ૧૯૯૦માં યોગ પ્રાચાર્યા વિદુષિ ગીતા જૈનના પરિશ્રમથી પ. પૂ. આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી, શ્રી ચિત્તરંજન ડી. શાહના અધ્યક્ષસ્થાને શ્રી કુમારપાળ વી. શાહે, કલિકુંડ તીર્થ ધોળકામાં પ્રથમ અખિલ ભારતીય જૈન પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું, જેમાં વિવિધ ભાષાના ૩૦૦થી વધુ જૈન પત્રકારો એકત્રિત થયાં હતાં.

ઉપર જણાવેલ જૈન સામયિકોમાં અલગ અને વિશિષ્ટ સ્થાન પામતું 'શ્રી જૈન વર્લ્ડ' માસિક સૂરતથી પ્રકાશિત થયું છે. આ કોઈ સંસ્થાનું કે સંપ્રદાયનું મુખપત્ર નથી, પણ 'परस्परोग्रहो जीवानाम्' એ મંત્ર સાથે 'ડિવાઈન વિઝન' નામક ટ્રસ્ટે આ ભવ્ય સાહસ કર્યું છે. 'સમસ્ત જૈન સમાજનું પ્રતિનિધિરૂપ મેગેઝિન' એવી આ માસિકની વિચારધારા છે. આ માસિકના મેનેજિંગ તંત્રી પી. જે. વાણ (શાહ), તંત્રી એસ. ડી. શાહ અને સપના જૈન અને સલાહકાર તંત્રી રમેશ બી. શાહ અને જયકુમાર અનાગોલ છે. વિવિધ શહેરોમાં પોતાના પ્રતિનિધિઓની નિમણૂંક એમણે કરી છે. મુંબઈના પ્રતિનિધિ છે રોહિત પરીખ (૯૩૨૩૩૯૭૧૯૩) અને ઋષભ શાહ. પ્રકાશન સ્થાન–સૂરત. ફોન ૦૨૬૧ ૩૨૩૫૦૫૬.

પ્રથમ અંકથી પ્રતીત થાય છે કે બીઝનેસ હાઉસની જેમ આ માસિકનું લગભગ ૨૫ કાર્યકરોના સાથનું વ્યવસ્થા તંત્ર હશે. માત્ર જૈન જગતને જ કેન્દ્રમાં રાખીને આવું માસિક શરૂ કરવું એ એક મોટું સાહસ તો છે જ, પરંતુ જે રીતે આ પ્રથમ અંક સમૃદ્ધ બન્યો છે એ જોતાં મનમાં શ્રદ્ધા બેસે છે કે આ માસિકના કાર્યકરોની નિષ્ઠા આ સાહસને અવશ્ય સફળતા અને કીર્તિ અપાવશે.

પ્રિન્ટિંગ પ્રોડક્શનમાં આ માસિક 'શ્રી જૈન વર્લ્ડ' સુંદર અને સુઘડ તો છે જ. 'ઇન્ડિયા ટુ ડે' કે 'ચિત્રલેખા' જેવું આંતર-બાહ્ય સૌંદર્યની સૂઝબૂઝ પ્રગટ કરતું રંગબેરંગી અને આકર્ષક છે. પ્રથમ અંકમાં ૬૬ પાના, જાહેરખબરો ખરી, પણ જાહેરખબરોની ગોઠવણી એવી કે વાચન ક્ષતિ થાય નહિ.

સમગ્ર માસિકની ભાષા સાદી, સરળ, અંગ્રેજી શબ્દોના ઝૂમખાં સાથે, જેથી નવી પેઢીને એમાંના વિચારો તરત જ સમજાઈ જાય અને મગજ-બુદ્ધિમાં ઉતરી જાય. 'જૈન વર્લ્ડ' એ અંગ્રેજી નામની આગળ સંસ્કૃત શ્રી અક્ષર-શબ્દ મૂકી એક સંસ્કારને પ્રગટ કરે છે, સાથોસાથ સૂત્રમાં 'ગ્લોબલ જૈન સમાજનો પ્રખર અવાજ' એ પ્રારંભના અંગ્રેજી શબ્દ અને પછી યોજાયેલા 'પ્રખર અવાજ' આ શબ્દોમાં આ મેગેઝિન પોતાનો પત્રકાર ધર્મ પ્રગટ કરી દે છે. 'સમસ્ત જૈન સમાજનું પ્રતિનિધિરૂપ મેગેઝિન' આ સૂત્ર પણ પ્રથમ પાને શ્રી તિલક જેવું શોભે છે અને પોતાની આઇડેન્ટીટી પણ સ્પષ્ટ કરે છે. પ્રથમ અંકમાં પ્રગટ થયેલ મુલાકાતો આ અંકનું શિરમોર આકર્ષણ છે. નોબેલ પ્રાઈઝ વિજેતા બૌદ્ધ ધર્મી ગુરુ દલાઈ લામા સાથે જૈન ધર્મની ચર્ચા, જિન શાસનના ધ્રુવ તારક સમાન પૂ. ચંદ્રશેખર વિજયજી, તરુણ સાગરજી, રત્ન સુંદરજી, નમ્ર મુનિજી વગેરે વિવિધ સંપ્રદાયના મુનિ ભગવંતો સાથે નિખાલસ અને સ્પષ્ટ પ્રશ્ન અને ઉત્તરો, ઉપરાંત માનવતાની મહેંક જેવા શ્રેષ્ઠિવર્ય દીપચંદ ગાર્ડી, સંયુક્ત કુટુંબની સફળતાની ઝાલર વગાડતા હિરા ઉદ્યોગના માતબર ઉદ્યોગપતિ શ્રી આસિત મહેતા અને જૈન સાહિત્યના સમર્થ સર્જક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ સાથેનો વિગતે વાર્તાલાપ. આ મુલાકાતો ખરેખર જૈન વાચકને જીવન પ્રેરક બને એવી રીતે લેવાઈ છે. મુલાકાત લેનારની સજ્જનતા અને સ્વસ્થતા ખરેખર અભિનંદનીય છે. આ ઉપરાંત વિશ્વની જૈન વસ્તી વિશેનો સંશોધનાત્મક લેખ તો પ્રશંસાપાત્ર છે જ.

આ પ્રકારના માસિકની જૈન જગતને ઘણાં સમયથી જરૂર હતી. જૈન વાચકોની અપેક્ષા પૂરી કરે એવું આ સ્વચ્છ અને નિખાલસ માસિક અન્ય ભાષામાં, અંગ્રેજી, હિંદીમાં પણ પ્રગટ થવું જોઈએ. આ 'શ્રી જૈન વર્લ્ડ'ને અવશ્ય આવકાર અને સફળતા મળશે જ, અને એ ચિરંજીવ બની રહે એવા આશીર્વાદ સર્વ દિશાએથી આ ટ્રસ્ટને પ્રાપ્ત થાય એવી શુભ ભાવના પ્રત્યેક જૈન ભાવે એ જિન શાસનની અમૂલ્ય સેવા ગણાશે. **–ધનવંત શાહ**

● *ઓછામાં ઓછું કામ કરીને વધુમાં વધુ વળતર મેળવવાની વૃત્તિ સમાજને પતનના માર્ગે લઈ જશે. જરૂર પૂરતું જ લઈને વધુમાં વધુ મહેનત કરવાની વૃત્તિ જ સમાજને આગળ વધારશે.*

–મહાત્મા ગાંધી

જયભિખ્ખુ જીવનધારા : ૨૧

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[સાહિત્યકારના સર્જનમાં ઘણી વાર એમના અંગત જીવનનું પ્રતિબિંબ ઝિલાય છે. જીવનના વૈવિધ્યસભર અનુભવો એમની કૃતિઓમાં ભિન્ન ભિન્ન રૂપે પ્રગટ થાય છે. ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન કરનાર અને ઝિંદાદિલીભર્યું જીવન જીવનાર 'જયભિખ્ખુ'ના જીવનની એક સાહસકથા તે નરવર ગામે જતા થયેલો વાઘનો ભેટો છે. વિદ્યાર્થીકાળની આ ઘટનાઓએ સાહસકથાના સર્જક 'જયભિખ્ખુ'ને પ્રેરણા આપી અને એમના શિવપુરીના ગુરુકુળનિવાસનો એક પ્રસંગ જોઈએ આ એકવીસમા પ્રકરણમાં]

ફરિશ્તે ભી ફિદા જિન પે

છેક બાળપણથી જયભિખ્ખુને એવો અનુભવ થતો કે એમના નસીબમાં સદા, સત્તા ભ્રમણ લખાયેલું છે. એક ગામમાં વસવા આવે, હજી મનથી જરા ઠરીઠામ થાય, ત્યાં તો વળી બીજે ગામ જવાનું બને, ક્યારેક આશરાના અભાવે બીજે જવું પડે, તો ક્યારેક એ શિક્ષણની સંસ્થા સ્થળાંતર કરે એની સાથે એમને પણ ખેપ કરવી પડે.

જિંદગીના આ રઝળપાટની જયભિખ્ખુએ ક્યારેય વેદના અનુભવી નથી, બલ્કે આ રઝળપાટમાં થતાં ભિન્ન ભિન્ન પ્રકારના પ્રકૃતિદર્શનો અને અનુભવો એમના હૃદયને જીવનભર આનંદ અને મસ્તી અર્પતા રહ્યા. વિદ્યાર્થીકાળ વિશે ક્યારેય કોઈ ફરિયાદ જોવા મળે નહીં. બાળપણની કોઈ મુશ્કેલીની ક્યારેય વાત કરે નહીં. જ્યાં ખુમારી હોય, ત્યાં આ બધાની શી સ્મૃતિ? એમને સર્વત્ર સ્નેહની સરવાણી વહેતી નજરે પડે અને જ્યાં જુએ ત્યાં પ્રેમ અને આત્મીયભાવનો અનુભવ કરે.

વિદ્યાર્થીકાળમાં પણ એક જ તરસ હતી અને તે પોતાની આસપાસના સમુદાયને સ્નેહ આપવાની. બીજા ગોઠિયાઓ કોઈ ચીજ-વસ્તુ માટે લાલચ ધરાવતા હોય, ત્યારે વિદ્યાર્થી જયભિખ્ખુને મનમાં એવી કોઈ લાલચ જાગે નહીં. ગુરુકુળના અભ્યાસ દરમિયાન ચિત્તમાં ધીરે ધીરે ઉચ્ચ ભાવનાઓ અને ધર્મસંસ્કારો પ્રગટવા લાગ્યા અને તેથી તોફાની વિદ્યાર્થીઓની ટોળકી પણ પોતાના આ મિત્રની આમન્યા જાળવતી હતી.

આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજીએ સ્થાપેલા વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં એમણે જૈન તત્ત્વજ્ઞાનનું ગહન અધ્યયન કર્યું. જ્યાં સ્વયં વિદ્વાન સાધુજનો જ ધર્મદર્શન શીખવતા હોય, ત્યાં બીજું શું કહેવું? અહીં વિદ્યાર્થી જયભિખ્ખુએ જ્ઞાનોપાસનાની સાથોસાથ ગુરુજનોની સેવાનું વ્રત ધારણ કર્યું. ગુરુજનો હંમેશાં એમના પર પ્રેમાશિષ વહેવડાવતા હતા.

શિવપુરીના ગુરુકુળમાં દર્શનોનો અભ્યાસ કરવા માટે પરદેશથી વિદ્વાનો આવતા હતા. ડૉ. શૅરલોટ ક્રાઉઝે નામના વિદુષીએ તો વર્ષો સુધી આ સંસ્થામાં રહીને અભ્યાસ કર્યો હતો. શિવપુરીના આ ગુરુકુળમાં માત્ર ધર્મશાસ્ત્રોનો જ અભ્યાસ કરાવવામાં આવતો એવું નહોતું. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા-સાહિત્યનો અભ્યાસ પણ કરાવવામાં આવતો. ડૉ. ક્રાઉઝેના કારણે જયભિખ્ખુને પાશ્ચાત્ય સાહિત્યનો પરિચય થયો. વળી મધ્યપ્રદેશમાં લાંબો સમય રહેવાને કારણે હિંદી ભાષા પર એમનો સારો મહાવરો હતો. આમ, ગુરુકુળમાં રહીને અભ્યાસમાં પ્રગતિ કરવા લાગ્યા.

ગુરુકુળમાં એમના ઘણા મિત્રો હતા; પરંતુ સહુથી ગાઢ દોસ્તી થઈ ગુરુકુળના ચોકીદાર પઠાણ ખાન શાહઝરીન સાથે. ઊંચા, મજબૂત અને કદાવર શાહઝરીન અકોરાખટકનો રહેવાસી હતો. એ પઠાણ હતો; પરંતુ એનો દેહ લાલ ટામેટા જેવો આડો-ઊભો ફાલેલો દેહ નહોતો, બલ્કે સીધા સોટા જેવો હતો. સહુની સાથે આદરથી વાત કરવાની એને આદત હતી. સામેની વ્યક્તિના માન-સન્માનને લેશ પણ આંચ આવે નહીં એ રીતે નમ્રતાથી વાત કરતો અને સૌજન્યપૂર્ણ વ્યવહાર કરતો. સામેની વ્યક્તિને એ દોસ્ત કે ભાઈ જેવા શબ્દથી સંબોધતો હતો; પરંતુ જો એ વીફરતો તો કેસરિયાં કરતો રજપૂત બની જતો. પછી એને વારવો એ જેવાતેવાનું કામ નહોતું. દોસ્તોને માટે માથું આપે, પણ દુશ્મનનું માથું કાપ્યા વિના જંપે નહીં.

રાત્રે ગુરુકુળમાં 'સબ સલામત'ની રોન ફરીને એ આરામખુરશી પર બેસતા, ત્યારે કોઈ પુરાણા શાહી જમાનાના મસ્ત, શોખીન અને બેપરવાહ લોદી સુલતાનની ભવ્યતાની ઝાંખી કરાવતા. ભય એણે કદી જાણ્યો નહોતો, ડર એને કદી લાગ્યો નહોતો. પોતાની મસ્તી અને બેપરવાહીથી જંગલમાં આવેલા આ ગુરુકુળની ચોકી કરતો. રાત્રે થોડા થોડા સમયને અંતરે ગુરુકુળની આજુબાજુ લટાર મારી આવતો અને લટાર માર્યા પછી એ પોતાની પ્રિય પંક્તિઓ ગણગણતો હતો-

'ચમન કે તખ્ત પર જિસ દમ શહાગુલ કા તજમ્મુલ થા;
હજારોં બુલબુલેં થીં, એક શોર થા એક ગુલ થા.'

વિદ્યાર્થી જયભિખ્ખુ અને ચોકીદાર ખાનસાહેબ વચ્ચે દોસ્તીનો અતૂટ નાતો હતો. બંને દિવસે સાથે બહાર જતા અને રાત્રે ખાનસાહેબની આરામખુરશી પાસે બંને દોસ્તોની મહેફિલ જામતી. ખાનસાહેબ પાકિસ્તાનના પોતાના પ્રદેશની અને પઠાણના રહનસહનની વાત

કરે તો વિદ્યાર્થી જયભિખ્ખુ એને ગુજરાતની રહેણીકરણીનો પરિચય આપે. દિવસે ખાનસાહેબ ક્યારેક જયભિખ્ખુ પાસે બેસીને હિંદી ભાષા શીખતો હતો તો ક્યારેક આ પઠાણ પોતાના નાનકડા ગુજરાતી દોસ્તને શિવપુરીની આસપાસના જંગલોની સેર કરાવતો હતો. જયભિખ્ખુમાં જૈન ધર્મના સંસ્કાર હતા, જ્યારે એમના દોસ્ત પઠાણને એનું આખું પાક કુરાન મોઢે હતું. એના જ્ઞાનની સીમા પવિત્ર કુરાનેશરીફ સુધી સીમિત હતી. કુરાનને એ જ્ઞાનનો ભંડાર માનતો હતો. કુરાનની બહારની કોઈ વાતને કે જ્ઞાનને એ કબૂલ રાખતો નહોતો. નમાઝ, જકાત કે રોજાનો પાબંદ પુરુષ હતો અને એથી એની જમાતમાં ખાન શાહઝરીન 'આલમ-ફાઝલ' કહેવાતા હતા.

આ સમયે ગુરુકુળમાં થોડાં નવાં મકાનો બંધાવવાનું નક્કી કરવામાં આવ્યું. એક આખો નવો વિભાગ ચણાતો હતો. જંગલની વચ્ચે આવેલા આ ગુરુકુળમાં કામ કરવા માટે દૂર-દૂરથી મજૂરો આવતા હતા. ગ્વાલિયરથી બાંધકામ માટેનો સામાન આવતો હતો. આ બધા પર દેખરેખ રાખવાનું કામ શાહઝરીન કરતો હતો. અહીં આવતા મજૂર સ્ત્રી-પુરુષોમાં વીસ-બાવીસ વર્ષની ઝૂનિયા નામની મજૂરણ પણ હતી. એને એની જુવાનીનો ભારે મદ હતો. પુરુષોને આકર્ષવાનું એને ખૂબ ગમતું હતું. ભ્રમરોના ગુંજારવમાં રાચનારી એ સ્ત્રી હતી. એણે મજબૂત અને કદાવર શાહઝરીનને જોયો. એની યુવાની જોઈને ઝૂનિયાને આકર્ષણ જાગ્યું. એણે મનોમન નક્કી કર્યું કે ગમે તેટલા પ્રયત્ન કરવા પડે, પણ શાહઝરીનને વશ કર્યા વિના નહીં રહું.

એક વાર એ ખાનસાહેબ પાસે આવી. એણે ખાનસાહેબ પાસે બે રૂપિયા માંગ્યા. ખાનસાહેબે ભોળા ભાવે એને બે રૂપિયા આપ્યા. ઝૂનિયાને કદાચ રૂપિયાની કોઈ જરૂરત નહીં હોય; પરંતુ ખાનસાહેબ સાથે દોસ્તી બાંધવાના ઈરાદે એ ગઈ હશે. જોકે આપનારના મનમાં મદદ કરવા સિવાય બીજો કોઈ ખ્યાલ નહોતો.

આ વાતને થોડો સમય વહી ગયો. એ જમાનામાં બે રૂપિયાની કિંમત ઘણી મોટી હતી. ઝૂનિયાએ બીજે દિવસે રકમ પાછી આપવાની ખાતરી આપી હતી; પરંતુ એ બન્યું નહીં. પછી તો રોજ ખાનસાહેબ ઝૂનિયા પાસે પોતાની રકમ માગે અને ઝૂનિયા કોઈ ને કોઈ બહાનું આગળ ધરે. ક્યારેક કહે કે રકમ લઈને નીકળી હતી; પરંતુ રસ્તામાં રૂપિયા પડી ગયા, તો ક્યારેક આંખોમાં આંસુ લાવીને કહે કે રૂપિયા તો હતા, પણ બીમાર માની દવામાં વપરાઈ ગયા. પછી ગુરુકુળનું કામ પૂરું થયું અને ઝૂનિયા બીજી જગ્યાએ કામે જવા લાગી. ખાનસાહેબની સહનશીલતાની હદ આવી ગઈ. ઝૂનિયાની બહાનાબાજીથી કંટાળી ગયા. એક દિવસ ખાનસાહેબ એને ત્યાં પહોંચી ગયા. મોટા અવાજ સાથે લાલ આંખો કરીને કહ્યું,

'તમે મને બીજે જ દિવસે મારી રકમ આપવાનું વચન આપ્યું હતું. આજે તો દિવસો નહીં, પણ મહિનાઓ થઈ ગયા. તમને તમારી જબાનની કિંમત છે ખરી?'

ખાનસાહેબ શાહઝરીનના લાલચોળ ચહેરાને જોઈને ઝૂનિયા ખામોશ થઈ ગઈ. એને થયું કે હવે બહાના ચાલે તેમ નથી. આથી એણે કહ્યું,

'ખાનસાહેબ, તકલીફ માફ કરજો, કાલે સાંજે મારા ઘેર આવીને લઈ જજો.'

શાહઝરીને એની વાત મંજૂર રાખી. બીજા દિવસે સાંજે ઝૂનિયાની ઝૂંપડીએ ઉઘરાણી માટે ગયા.

એ જમાનામાં ઘણાં પઠાણો ધીરધારનો ધંધો કરતા હતા, આથી ખાન ઝૂનિયાની ઝૂંપડીએ આવ્યા. તેનું આસપાસના કોઈને આશ્ચર્ય થયું નહીં. ઝૂનિયા હમણાં જ મજૂરી કરીને આવી હતી અને ઝૂંપડીનું બારણું ભિડાવીને સ્નાન કરતી હતી.

પાક મુસલમાન ખાનસાહેબ શાહઝરીન તો કહેતા, 'વ્યાજ અમારે ત્યાં ગુનો ગણાય છે અને અમારી પાક કિતાબમાં ફરમાન છે, કે મજૂરી કરનાર માણસનો પરસેવો સુકાય, તે પહેલાં એની મજૂરી ચૂકવી આપો.'

'પૈસા આપું છું, પણ વ્યાજ લેતો નથી. કોઈ કારીગરની કમાણીમાંથી કમિશન પણ ખાતો નથી.'

વિના વ્યાજે પૈસા ધીરવા એક વાત છે; પરંતુ આપેલા પૈસા માટે આટલી બધી રાહ જોવી પડે અને આટલા બધા ધક્કા ખાવા પડે, તે મનને ઉશ્કેરે તેવી વાત છે. ખાને ઝૂનિયાની ઝૂંપડીનું ખડખડ પાંચમ જેવું બારણું ખખડાવ્યું, ત્યારે ઝૂનિયાનો ઈરાદો સાવ જુદો હતો.

એણે ઝૂંપડીની અંદરથી બૂમ પાડી, 'નાહું છું. બહાર ચારપાઈ પર બેસો.'

ખાન શાહઝરીન અકળાયેલા હતા. આજે મનમાં એવો મક્કમ ઈરાદો લઈને આવ્યા હતા કે ગમે તે થાય પણ રકમ લીધા વિના પાછા જવું નથી. આ સીધા-સાદા આદમીને ઝૂનિયાના બહાનામાં બનાવટની બદબૂ આવતી હતી. દુઃખીને માટે જાનનું જોખમ ખેડનાર ખાનને આવા દેખાડો કરનારા લોકો તરફ સખ્ત નફરત હતી. એ ચારપાઈ પર બેઠા અને ઘણો વખત વીતી ગયો. ઝૂનિયાએ ઝૂંપડીનું બારણું ખોલ્યું.

ઝૂનિયા એમ માનતી હતી કે આ ઝૂંપડીની તિરાડોમાંથી બહાર

● *પ્રાર્થનામાં દિલ વગરના શબ્દો હોય એ કરતાં શબ્દો વગરનું દિલ હોય એ વધારે સારું.*

● *ઈશ્વરની સાથે જેઓ સોદો કરવા માગે છે, તેમની પ્રાર્થના ઈશ્વર સાંભળતો નથી.*

–મહાત્મા ગાંધી

બેઠેલો માણસ એને જોવાની કોશિશ કરશે; પરંતુ ખાન એમ ઈમાનનો પાકો હતો. એ તો મનમાં ને મનમાં ચિડાતો ચારપાઈ પર બેઠો હતો. ઝૂનિયાએ સ્નાન કરી લીધું હતું પણ અંદર ઊભી-ઊભી દીવાલોની ફાટ વચ્ચેથી પઠાણને નીરખી રહી હતી. એ એ માટે ડોકિયું કરી રહી હતી કે બહાર બેઠેલો માણસ કેવો છે? જો બહાર બેઠેલો માણસ અંદર ડોકિયું કરે તો ઝૂનિયા એની ચોરી પકડી લે અને સામાને ખસિયાણો પાડી દે. એના પર મોટું આળ ચડાવે અને એને મીણ જેવો બનાવીને ધાર્યા ઘાટ ઘડે.

ઝૂનિયાની આ ઉસ્તાદી શાહઝરીન સામે ચાલી નહીં. પઠાણ તો મનમાં ધૂંધવાતા ચારપાઈ પર બેઠા હતા અને ઝૂનિયાએ ધીમે સાદે બારણું ખોલીને પઠાણને અંદર આવવા આમંત્રણ આપ્યું.

ખાન શાહઝરીને એની અકળામણ વ્યક્ત કરી. એણે કહ્યું કે એનો સમય આવી રીતે બરબાદ કરવો જોઈએ નહીં. એ ઘણાં કામ મૂકીને આવ્યો છે, જંગલમાં આવેલા ગુરુકુળની ચોકીદારીની જિમ્મેદારી એના પર છે. એના કર્તવ્યમાં સહેજે ચૂક થાય તે એને પસંદ નહોતું. એટલે એણે ઝૂનિયાને ઠપકો આપ્યો અને સાથે કહ્યું કે એના પૈસા આપી દે. ઝૂનિયા ઠપકાથી ડરતી નહોતી. એ પઠાણ પાસે આવીને ઊભી રહી. ઓરડીમાં ઝાંખો દીવો હતો, સમી સાંજનું એકાંત હતું અને એણે એના વાળ બેદરકારીથી ઓળ્યા હતા.

શાહઝરીને ઊંચા અવાજે કહ્યું, 'લાવ, પૈસા લાવ.'

ઝૂનિયા શાંતિથી બોલી, 'મારી પાસે નથી.'

'ન હોય તો હું શું કરું? મારા પૈસા લાવ. તેં ઘણાં બહાના બતાવ્યા. હવે તારું કોઈ બહાનું ચાલશે નહીં. લાવ પૈસા.'

'પૈસા નથી. હું છું.'

ઝૂનિયાએ આટલા શબ્દો કહ્યા અને પઠાણે પ્રચંડ ધરતીકંપનો અનુભવ કર્યો. ઈમાનદાર પઠાણ આ જોઈને હેબતાઈ ગયો. એ ઝૂંપડીમાંથી બહાર નીકળીને તરત જ ગુરુકુળ તરફ દોડ્યો. ચારેકોર આગની જ્વાળા ભડભડ બળતી હોય અને વ્યક્તિ બહાર નીકળે એ રીતે પઠાણ એની ઝૂંપડીની બહાર નીકળ્યો. માથે બંને હાથ મૂકીને 'તોબા!' તોબા!' બોલતો બોલતો એ દોડી રહ્યો હતો. રાતના નવ વાગ્યે એ શિવપુરીના ગુરુકુળમાં પહોંચ્યો. એ સમયે વિદ્યાર્થીઓને માટે સૂઈ જવાનો ઘંટ વાગી ચૂક્યો હતો. પઠાણના દોસ્ત જયભિખ્ખુ પથારીમાં જાગતા પડ્યા હતા. ખાન હાંફતો હાંફતો પોતાના મિત્ર પાસે આવ્યો. એનો શ્વાસ ચઢી ગયો હતો, એનો ચહેરો તંગ થઈ ગયો હતો અને એણે બંને કાનની બૂટ પકડીને કહ્યું, 'ભાઈ સાબ! તોબા, તોબા. ખુદાની મહેર સમજો કે શેતાનને શિકસ્ત મળ્યું. બાકી આદમીનું ગજું નહીં, અમારી જમાતમાં ઓરતને શરમની ચીજ ગણી છે એ કેટલું સાચું છે.'

'દોસ્ત, હવે કદી પૈસા લેવા જશો ખરા?' જયભિખ્ખુએ પ્રશ્ન કર્યો.

'અરે, જાન બચી તો લાખો પાયે, ઘર કે બુધ્ધુ ઘર કો આયે. હવે જવાની વાત હોય. એને તો ખેરાત ખાતે સમજો.'

જયભિખ્ખુએ જોયું કે પોતાનો આ વાઘથી નહીં ડરનારો જવાંમર્દ દોસ્ત ઔરતથી ડરી ગયો.

આ ઘટનાએ વિદ્યાર્થી જયભિખ્ખુના જીવન પર ગાઢ અસર કરી. એમણે વિચાર્યું કે રશિયાના ઋષિસમાન ટૉલ્સટોય જેવા જ્ઞાનીને આવે સમયે મૂંઝવણ થઈ હતી, તો ખાન જેવા નિરક્ષરને આવું થાય એમાં નવાઈ શી ? અને છતાં આ નિરક્ષર પરિસ્થિતિને વશ ન થયો.

આ ખાન તો આલમ ફાઝલ હતો. આખું પાક કુરાન એને મોઢે હતું. કુરાનનું જ્ઞાન એ જ્ઞાન, બાકી બધું અજ્ઞાન–એવી સાદી સીધી વાતમાં માનનાર સિપાહીએ એના જીવનને કેવું સુવાસિત બનાવ્યું હતું. ખાન શાહઝરીનને વિદ્યાર્થી જયભિખ્ખુ ઊર્દૂ અને હિન્દી શીખવતા હતા. જયભિખ્ખુના હોઠ પર દોસ્તને માટે આ પંક્તિ આવી ગઈ:

'હો ફરિસ્તે ભી ફિદા જિન પે
યે વો ઈન્સાન હૈ.' (ક્રમશ:)✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

પંથે પંથે પાથેય...

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

એક ડોલ લઈને જવાનું કહે! ખેદની વાત તો એ છે કે આ શિક્ષકને અગાઉ 'આદર્શ શિક્ષક'નો પુરસ્કાર મળી ચુક્યો છે!

ઉપરોક્ત ઘટનાઓ ખરા સંવેદનશીલ માણસને ક્ષુબ્ધ કરવા માટે પૂરતી છે. આજનો મનુષ્ય શું સિદ્ધ કરવા જીવી રહ્યો છે એનો તાગ મળતો નથી. સહુ પોતપોતાની મસ્તીમાં હોય તો બહુ મોટો વાંધો પાડવા જેવું નથી; પણ બેહોશીમાં છે. આખો સમાજ જ્યારે બેહોશ થઈ જાય ત્યારે સહુથી વધુ મજા ન્યુઝ ચેનલ્સને આવે છે. રાખી સાવંત કે રાહુલ મહાજનના સ્વયંવરને કારણે ટી.આર.પી. વધવાની તક ઊભી કરી આપતા સમાજની બેહોશી કે અવદશાને કોણ ટાળી શકે ?

તળિયે ગયેલાં મનુષ્યત્વની નિર્મમ તસવીરોની ઘટનાઓ ઓછી નથી. ઘોર હતાશાનું આ ચિત્રણ નર્યો નિરાશાવાદ નથી. આપણે આભાસી આશાવાદના અંચળા હેઠળ કયાં સુધી જાતને છેતરીશું ? અરણ્યરુદન સાંભળનાર કોઈ ન હોય એ વાત સાચી અને અનુભવસિદ્ધ; પણ અરણ્ય આપણા રુદનના અધિકારનું તો જતન કરે જ છે. વેદનશીલતાની અભિવ્યક્તિ નિમિત્તે હજી અશ્રુનો આશ્રય ઝૂંટવાયો નથી, છિનવાયો નથી એ જ આજની ક્ષણનુંઆશ્વાસન! ✷ ✷ ✷

૬, અરનાથ એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, મેમનગર, અમદાવાદ–૫૨. મો.: 97252 74555 / 94279 03936.

શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૨૨

□ પ. પૂ. આચાર્યશ્રી 'વાત્સલ્યદીપ'સૂરીશ્વરજી મ.

દ્વાવિંશતિ પ્રકરણ : ઈન્દ્રાદિ સ્તુતિ

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી રચિત 'શ્રી જૈન મહાવીર ગીતા'નો આપણે ક્રમશઃ સ્વાધ્યાય કરી રહ્યા છીએ. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં આગળ કહ્યું તે મુજબ, ૧૬ અધ્યાય પૂર્ણ થયા પછી જે સ્વતંત્ર ૬ પ્રકરણ છે તેમાં, ૬ઠ્ઠું પ્રકરણ 'ઈન્દ્રાદિ સ્તુતિ' છે તેના ૧૦૯ શ્લોક છે.

સર્વ ઈન્દ્રોએ આ પ્રકરણમાં ભગવાન મહાવીરની સ્તુતિ કરી છે. અમાપ ઐશ્વર્ય અને શક્તિના સ્વામી ઈન્દ્ર મહારાજા વગેરે દેવતાઓ શ્રી મહાવીર સ્વામીનું પ્રવચન સાંભળવા નિરંતર આવે છે, સમવસરણની રચના કરે છે, યોજન પ્રમાણ ભગવાનની વહેતી વાણીમાં દિવ્ય સૂર પૂરાવે છે. દેવતાઓ હંમેશાં ઝંખતા હોય છે કે પોતાને ક્યારે મનુષ્યભવ પ્રાપ્ત થાય અને પોતે ક્યારે વ્રતધર બનીને આત્મકલ્યાણ પામે !

સમવસરણમાં દેવસર્જિત અદ્‌ભુત ઐશ્વર્ય ખડું થતું હોય છે તો પણ જિનવાણી સમક્ષ અને પ્રભુના ઉપકાર સમક્ષ એ ઐશ્વર્યની કોઈ વિસાત નથી તેવું દેવતાઓ સમજે છે. જિનવાણી સાંભળીને ધર્મનું તત્ત્વામૃત પામેલા ઈન્દ્રાદિ દેવો જિનેશ્વર ભગવાનની સ્તુતિ કરે તે સાવ સહજ છે, કિન્તુ આ કલ્પના શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી રચિત 'શ્રી જૈન મહાવીર ગીતા' સિવાય અન્યત્ર ક્યાંય સ્વરૂપ પામી નથી.

ઈન્દ્રાદિ સ્તુતિ પ્રકરણનો પ્રારંભ આમ થાય છેઃ

इत्थं श्रीमहावीरवाक्यबन्धं सुधोपमम्।
समाकर्ण्याऽतिसन्तुष्टाः, गौतमश्रेणिकादयः।।
देवा इन्द्रादयः सर्वे, प्रणमन्ति पुनः पुनः।
तथैव यक्षिणीमुख्या, देव्यः स्तुवन्ति भूरिशः।।

'આ પ્રમાણે અમૃત જેવું શ્રી મહાવીરનું વાક્ય સાંભળીને ગૌતમ અને શ્રેણિક વગેરે અતિ સંતુષ્ઠ થયા.'

'ઈન્દ્ર વગેરે દેવો વારંવાર નમસ્કાર કરવા લાગ્યા. તેવી જ રીતે યક્ષીણિ વગેરે દેવીઓએ પણ સ્તુતિ કરી.'

(શ્રી જૈન મહાવીર ગીતા, ઈન્દ્રાદિ સ્તુતિ ગાથા ૧,૨)

ઈન્દ્રાદિ દેવતાઓ જ્યારે સ્તુતિ કરે છે ત્યારે પૂરી વિનમ્રતા સાથે ભક્તિમય વચનો ઉચ્ચારે છે અને તે સમયે પ્રભુને કહે છે કે અમે સૌ આજ પછી આપના ભક્તોને સહાયક બનીશું. વાંચોઃ

दुःखसंकटमग्नानां, त्वद्भक्तानां सहायताम्।
कलौ प्रीत्या करिष्यामि, त्वद्धर्मोऽस्ति जयावहः।।
आचार्येष्ववतीर्याऽहं, करिष्ये धर्मविस्तृतिम्।
प्राप्स्यन्ति देवदेव्यश्च, त्वद्भक्तगृहजन्मताम्।।
दिकपालाः प्रेमतः सर्वे, कुर्वन्तस्त्वत्पदार्चनम्।
धर्मोद्धारकसूरीशसाहाय्यं कुर्वते सदा।।
गुप्तागुप्तोपदेशस्ते, कलौ सर्वत्र वर्त्तते।
सर्वदा मत्सहायेन, दैवी संपद्भविष्यति।।
देवबलात्करिष्यन्ति, त्वद्भक्ता धर्मसङ्गतिम्।
आसुरीशक्तिरत्यन्तं, प्रलयं यास्यति स्वयम्।।

દુઃખ અને સંકટમાં મગ્ન એવા તારા ભક્તોની સહાય માટે હું કલિયુગમાં ભક્તિપૂર્વક કાર્ય કરીશ. તારો ધર્મ જય પામો.

હું આચાર્યોમાં અવતાર લઈ તમારા ધર્મનો વિસ્તાર કરીશ. તારા ભક્તોના ઘેર જન્મ લઈ દેવદેવીઓ દેવત્વને પ્રાપ્ત થાય છે.

બધા દિકપાલો પ્રેમપૂર્વક તમારા પગનું અર્ચન કરે છે અને ધર્મના ઉદ્ધારક સૂરિઓને સહાય કરે છે.

કલિયુગમાં તારા ગુપ્ત અને અગુપ્ત ઉપદેશો પ્રવર્તે છે. સર્વદા મારી સહાયમાં દૈવી સંપદ્ થશે.

દેવ બળથી તમારા ભક્તો ધર્મસંગતિ કરશે ત્યારે આસુરી શક્તિ અત્યંત પ્રલય કરશે.

(શ્રી જૈન મહાવીર ગીતા, ઈન્દ્રાદિ સ્તુતિ ગાથા, ૫,૬,૭,૮,૯)

જિનેશ્વર ભગવાન જ્યારે વિદ્યમાન હોતા નથી ત્યારે જૈન શાસનમાં આચાર્યો તીર્થંકર સમાન છે. શાસ્ત્રકારો કહે છે કે– तित्थयर समो सूरि। શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી ઈન્દ્રાદિ સ્તુતિમાં કહે છે કે દેવતાઓ સૂરીશ્વરો દ્વારા જૈન શાસનને સહાયક બનશે. વાંચોઃ

सर्वाः पूर्वादिका विद्या, गोपयिष्यन्ति देवताः।
तत्प्राकट्यं च सूर्यग्रे, करिष्यन्ति पुनः पुनः।।
साहाय्यं सूरिवर्याणां, प्रविधाय पुनः पुनः ।
जैनधर्मस्य संसेवां, करिष्ये भक्तिभावतः।।

બધી પૂર્વવિદ્યાઓને દેવતાઓ છુપી રાખે છે અને પછી તેનું પ્રાકટ્ય સૂરિઓની આગળ વારંવાર કરે છે.

વારંવાર સૂરિવર્યોની સહાય લઈને હું ભક્તિભાવપૂર્વક જૈનધર્મની સેવા કરીશ.

(શ્રી જૈન મહાવીર ગીતા, ઈન્દ્રાદિ સ્તુતિ ગાથા ૧૦, ૧૧)

જૈન ધર્મમાં તીર્થંકર પરમાત્માનું વચન એ અંતિમ સત્ય છે. તીર્થંકર પરમાત્માથી વિશેષ કોઈ નથી તેવી અવિહડ શ્રદ્ધા ધર્માત્માઓનો પ્રાણ છે. એ શ્રદ્ધાભર્યા વચનો નીચેની ગાથામાં સાંભળવા મળે છેઃ

त्वदाज्ञायां सदा धर्मस्त्वं स्वात्माऽभिन्न इष्टदः।
शुद्धात्मा त्वं दा पूज्यस्त्वयि लीनोऽस्मि सर्वथा।।

ज्ञाते त्वय्यखिलं ज्ञातं, त्वत्प्राप्तौ प्राप्यतेऽखिलम्।
सर्वेशानो मुनीन्द्रस्त्वं, त्वयि सर्वं समाप्यते।।
योगिनो ये निरासक्त्या, त्वत्प्रेम्णाऽऽनन्द भोगिनः।
भूत्वा त्वां प्रतिपद्यन्ते, दोषज्ञित्वाऽतिवेगतः।।
वीररूपान्समान् जीवान्, दृष्ट्वा धर्मं विधास्यति।
लप्स्यते शाश्वतं शर्म, स त्वद्भक्तशिरोमणिः।।
पूर्वरागेण लोके त्वां, सेविष्यन्ते नरादयः।
तेषां मनोरथान् सर्वान्पूरयिष्यामि निश्चितम् ।।
सर्वदेवास्तथा धर्मास्त्वत्स्वरूपसमाश्रिताः।
एवं विदित्वा त्वामेकं, सेवते भक्तशेखरः।।
त्वत्तो महान्न कोऽप्यस्ति, सत्यमेतन्न संशयः।
निराकारश्च साकारस्त्वं व्यक्तोऽव्यक्त ईश्वरः।।
सर्वोपायान्करिष्येऽहं , जैनधर्मविवृद्धये।
जैना जयन्ति सर्वत्र, श्रद्धाबलेन सर्वदा।।

તારી આજ્ઞામાં સદા ધર્મ છે. તું આત્માથી અભિન્ન છે. ઈષ્ટ આપનાર છે. શુદ્ધાત્મા તું સદા પૂજ્ય છે. તારામાં હું સર્વથા લીન છું.

તને જાણવાથી બધું જણાઈ જાય છે. તને પ્રાપ્ત કરવાથી બધું પ્રાપ્ત થઈ જાય છે. તું સર્વનો ઈશ છે. મુનીન્દ્ર છે. તમારામાં સર્વ સમાપ્ત થાય છે.

જે યોગીઓ નિરાસક્ત હોય છે તે બધા પ્રેમ વડે આનંદ ભોગવે છે અને દોષોને જલ્દી જીતીને તને પ્રાપ્ત કરે છે.

જે બધા જીવોને વીરરૂપે જુએ છે અને ધર્મનું પાલન કરે છે તે શાશ્વત ધર્મ પ્રાપ્ત કરે છે અને તે તારો ભક્ત શિરોમણિ છે.

મનુષ્યો તને પૂર્વરાગથી ભજશે. તેઓના મનોરથો હું નિશ્ચિતપૂર્ણ કરીશ.

સર્વ દેવો તથા ધર્મો તારા સ્વરૂપવાળા છે. આમ જાણીને શ્રેષ્ઠ ભક્તો તને એકલાને જ સેવે છે.

તારાથી મહાન કોઈ પણ નથી આ સત્ય છે એમાં શંકા નથી. તું નિરાકાર, સાકાર, વ્યક્ત, અવ્યક્ત, ઈશ્વર છે.

હું જૈનધર્મની વૃદ્ધિ માટે સર્વ ઉપાયો કરીશ. હમેશાં જૈનો શ્રદ્ધા બળ વડે સર્વત્ર જય પામે છે.

(શ્રી જૈન મહાવીર ગીતા, ઈન્દ્રાદિ સ્તુતિ ગાથા, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧)

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના પ્રત્યેક ગ્રંથોમાં જૈન ધર્મનો અભ્યુદય થાય તે માટેનો સૂર સતત સાંભળવા મળે છે. તેવી જ રીતે જડ ક્રિયાકાંડ સામે આક્રોશ પણ સતત નિહાળવા મળે છે. શ્રી મહાવીર સ્વામી પ્રત્યે શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની અવિચળ ભક્તિ આપણને આશ્ચર્યચકિત કરે છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનું સમગ્ર સાહિત્ય જોતાં લાગે છે કે ૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં ભગવાન મહાવીર વિશે શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ જેટલું ગદ્ય અને પદ્યમાં લખ્યું છે તેટલું અન્ય કોઈએ લખ્યું નથી. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં પણ સતત મહાવીર દર્શન થાય છે. વાંચો: **'શુદ્ધ બ્રહ્મસ્વરૂપવાળા મહાવીર સર્વોત્કૃષ્ટ છે, તે નજીક છે, દૂર છે, અંદર છે, બહાર છે, બધામાં છે અને છતાં ક્યાંય નથી.'**

('શ્રી જૈન મહાવીર ગીતા' ઈન્દ્રાદિ સ્તુતિ ગાથાઃ ૩૧)

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના સમયમાં વટાળ પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલુ હતી તેનો પડઘો અહીં પણ પડે છે: **'લોકોએ કદી પણ પ્રાણાન્તે ય જૈન ધર્મ છોડવો જોઈએ નહીં અને કદી તેમાં મિથ્યાત્વ કે ભ્રાંતિ કે કુતર્ક કરવા જોઈએ નહીં.'**

('શ્રી જૈન મહાવરી ગીતા' ઈન્દ્રાદિ સ્તુતિ ગાથાઃ ૩૭)

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના ગ્રંથોમાં જૈન ધર્મ અને ભગવાન મહાવીરની જેમ સ્વદેશ પ્રીતિ પણ અખંડ જોવા મળે છે. સ્વધર્મ અને સ્વદેશનું રક્ષણ કરવાનો ઉપદેશ અહીં પણ પ્રાપ્ત થાય છે. તો, ભગવાન મહાવીરના પાંચે કલ્યાણકોના સમયે ચંદ્ર સૂર્યથી અંકિત ધજાઓ વડે શોભાયમાન રથયાત્રા ભકતિભાવપૂર્વક જૈન સંઘે યોજવી જોઈએ તેવી પ્રેરણા પણ પ્રાપ્ત થાય છે. યુવકોએ શરીર સૌષ્ઠવ કેળવવું જોઈએ. બાળકોએ નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. વેપારીઓએ નીતિપૂર્વક વ્યાપાર કરવો જોઈએ તેવો ઉપદેશ પણ પ્રાપ્ત થાય છે 'શ્રી જૈન મહાવીર ગીતા'નો સદાય અભ્યાસ કરવો જોઈએ અને પ્રચાર કરવો જોઈએ તેવી પ્રેરણા પણ પ્રાપ્ત થાય છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં મંત્ર સાધના વગેરે કરવા માટેની પ્રેરણા મળે છે: **'સિદ્ધાચળ વગેરે તીર્થોમાં ગંગા નદીના કિનારે મહાવીર પ્રભુનો યજ્ઞ (પૂજન) મંત્રયોગથી કરવો જોઈએ. આંબો, અશ્વત્થ, મહાશાલ, વડ, વગેરેની નીચે મહાવીર પ્રભુની ગીતા યજ્ઞ કર્યા પછી વાંચવી જોઈએ.'**

('શ્રી જૈન મહાવીર ગીતા ઈન્દ્રાદિ સ્તુતિ ગાથાઃ ૭૩, ૭૪)

ઈન્દ્રાદિ સ્તુતિના ૧૦૯ શ્લોક પૂર્ણ થયા પછી 'શ્રી જૈન મહાવીર ગીતાની પૂર્ણાહૂતિના ૩ શ્લોક મળે છે. તે આ મુજબ છે.

मंगलम्

पठनीया सदा गीता, पाठनीया परैरपि।
मुमुक्षुणा सदा मान्या, पूज्या वन्द्या च भावतः।।
महावीरगीता शुद्धा, बुद्धिसागरसूरिणा।
परंपरद्धता ज्ञया, प्रकटीकृता भावतः।।
सर्वमंगलमांगल्यं, सर्वकल्याणकारण्।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम्।।

મંગલ

'હંમેશા ગીતાનો પાઠ કરવો. બીજા પાસે કરાવવો. મુમુક્ષુ લોકોએ તેને હંમેશાં માન આપવું, પૂજા કરવી અને વંદન કરવું.'

'બુદ્ધિસાગર સૂરિએ આ શુદ્ધ મહાવીર ગીતાને પરંપરાથી જાણી છે અને ભાવપૂર્વક પ્રકટ કરેલ છે.'

'સર્વ મંગલનું મંગલ, સર્વ કલ્યાણકારક, સર્વ ધર્મોમાં મુખ્ય જૈન શાસન જય પામે છે.'

'શ્રી જૈન મહાવીર ગીતા'નો સ્વાધ્યાય અહીં સંપૂર્ણ થાય છે. આ સ્વાધ્યાયમાં એક ક્રાંતિકારી ગ્રંથ વાંચ્યાનો આપણને પરિતોષ પ્રાપ્ત થાય છે. **(આવતા અંકે પૂર્ણ)**

પૂજ્ય આચાર્યશ્રી પ્રાર્થના સમાજ ચંદ્રપ્રભુ જિન મંદિરમાં ચાતુર્માસ બિરાજમાન છે.

સ્વરાજ આશ્રમ, વેડછી

(આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે ૨૦૧૦ની ૭૬ની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સ્વરાજ આશ્રમ, વેડછીને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે રૂપિયા બાવીસ લાખ જેવી માતબર રકમ આવી છે. એ માટે દાતાઓના અમે ખૂબ ઋણી છીએ. યાદી નીચે મુજબ છે. હજી પણ ધનનો પ્રવાહ આવી રહ્યો છે જે આવતા અંકે પ્રગટ થશે.

રૂપિયા	નામ
૨૦૦૦૦૦	શ્રી પ્રવીણભાઈ શાંતિલાલ કોઠારી
૧૨૫૦૦૦	શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ (નાનીખાખર-કચ્છ)
૧૨૫૦૦૦	શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી
૧૦૦૦૦	મે. ઑનવર્ડ ફાઉન્ડેશન હસ્તે શૈલાબેન હરેશભાઈ મહેતા
૧૦૦૦૦૦	શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૧૦૦૦૦૦	શ્રી અનિલાબેન શશિકાંત મહેતા
૫૧૦૦૦	શ્રી પ્રવીણભાઈ અને ઉષાબેન શાહ
૫૧૦૦૦	શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (તળાજાવાળા)
૫૧૦૦૦	શ્રી કોન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૫૧૦૦૦	માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર
૫૧૦૦૦	મે. એક્સેલન્ટ એન્જિનિયરિંગ કું. હસ્તેઃ રમેશભાઈ અજમેરા
૫૧૦૦૦	શ્રી અરોની ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦૦	ડૉ. નીતાબેન કર્ણિકભાઈ કાંતિલાલ પરીખ (દિલ્હીવાળા)
૫૦૦૦૦	શ્રી શ્રેયસ પ્રચારક સભા
૩૦૦૦૦	શ્રી પંકજભાઈ દોશી ફેમિલી શ્રી જનક ડીમ્પલ દોશી
૨૫૦૦૦	શ્રી રિતેષ મણીલાલ પોલડિયા
૨૫૦૦૦	મે. ન્યૂટરીક ઈન્ફરમેટીક લી. હસ્તે-શ્રી હર્ષદભાઈ દીપચંદ શાહ
૨૨૦૦૦	શ્રી વર્ષાબેન રજજુભાઈ શાહ અને ડૉ. રાજુભાઈ પરિવાર
૨૧૦૦૦	સ્વ. નેમીચંદભાઈ કુવાડીઆના સ્મરણાર્થે હસ્તે-નીતીનભાઈ કુવાડીયા
૨૦૦૦૦	પ્રેરણા સંસ્થા HUF માનવ મંદિર
૨૦૦૦૦	ડૉ. ચંદ્રકાંત કે. પરીખ
૨૦૦૦૦	એક બહેન
૨૦૦૦૦	શ્રી વીણા શાહ
૨૦૦૦૦	શ્રી અનુલા શાહ
૧૫૦૦૦	શ્રી મંજુલા ચીનુભાઈ હિંમતલાલ શાહ ટ્રસ્ટ
૧૫૦૦૦	મે. VSPUR મીલ (વીણા ચોકસી)
૧૫૦૦૦	શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ ઍન્ડ સન્સ ચેરિટી ટ્રસ્ટ
૧૫૦૦૦	શ્રી પ્રવીણા એ. મહેતા
૧૫૦૦૦	શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૧૫૦૦૦	એન્કરવાલા પરિવાર હસ્તે-શ્રી દામજીભાઈ શ્રી જાધવજીભાઈ
૧૫૦૦૦	શ્રી શામજીભાઈ ટી. વોરા અમરસન્સ ફાઉન્ડેશન
૧૫૦૦૦	મે. પુષ્પમ ઈન્વેસ્ટમેન્ટ
૧૧૧૧૧	શ્રી પાલનપુરી જૈન-માટુંગા નિવાસી (સ્વ.શ્રીમતી કાંતાબેન કાંતિભાઈ મહેતા)
૧૧૧૧૧	શ્રી સરોજરાની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧૦૦૭	શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ અને પરિવાર
૧૧૦૦૦	શ્રી હંસા ભરત શાહ
૧૧૦૦૦	શ્રી રતનચંદ ભોગીલાલ પારેખ
૧૧૦૦૦	શ્રી શર્મી પ્રવીણભાઈ ભણશાલી
૧૧૦૦૦	શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ લહેરચંદ
૧૧૦૦૦	મે. પ્રિન્સ પ્લાસ્ટીક્સ હસ્તે-જયંતીભાઈ શામજી છેડા
૧૧૦૦૦	મે. અમોલ ફાઈનાન્સીઅલ સરવીસીસ પ્રા. લી.
૧૦૦૦૦	શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૧૦૦૦૦	શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૧૦૦૦૦	શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ ઝવેરી
૧૦૦૦૦	સ્વ. તારાબહેન રમણલાલ શાહ હસ્તે શૈલજાબહેન શાહ
૧૦૦૦૦	શ્રી દિલીપભાઈ એમ. શાહ
૧૦૦૦૦	શ્રી નિતીનભાઈ કાંતિલાલ સોનાવાલા
૧૦૦૦૦	શ્રી કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૧૦૦૦૦	શ્રી યશોમતીબહેન શાહ
૧૦૦૦૦	શ્રી દિલીપભાઈ કાકાબળીયા
૧૦૦૦૦	શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
૧૦૦૦૦	શ્રી ચંદ્રકાંત ખંડેરીયા
૧૦૦૦૦	શ્રી સુશીલાબેન ચીમનલાલ ઝવેરી
૧૦૦૦૦	શ્રી દિપાલી એસ. મહેતા
૧૦૦૦૦	સ્વ. હિંમતલાલ કેશવલાલ સખીદાના સ્મરણાર્થે હસ્તે મેટલ ઓર
૧૦૦૦૦	શ્રી અરૂણાબહેન અજીતભાઈ ચોકસી
૧૦૦૦૧	શ્રી ઠાકોરલાલ કેશવલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦	મે. આકાર આર્ટ્સ
૧૦૦૦૦	શ્રી દીનાબેન જીતેન્દ્ર વોરા
૧૦૦૦૦	શ્રી નરમદાબેન ચંપકલાલ શાહ
૧૦૦૦૦	શ્રી એસ. એચ. શાહ
૧૦૦૦૦	શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન
૧૦૦૦૦	મે. એલ. ડી. બ્રોકરેજ કું.
૧૦૦૦૦	શ્રી રક્ષા શ્રોફ
૧૦૦૦૦	સ્વ. રમીલાબેન ભરતકુમાર શાહની સ્મૃતિમાં હસ્તેઃ મે. પ્રભાત ટી. એન્ડ ટેક્સટાઈલ્સ પ્રા. લી.
૧૦૦૦૦	શ્રી નિર્મળા લક્ષ્મીચંદ શાહ (જીવન જ્યોત હૉસ્પિટલ)
૧૦૦૦૦	શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦	શ્રી ચંદ્રિકા એમ. વોરા
૧૦૦૦૦	મે. આનંદ એન્જિનિયરિંગ કું. પ્રા. લી.
૧૦૦૦૦	શ્રી પ્રકાશ ડાહ્યાભાઈ શાહ
૧૦૦૦૦	મે. લક્ષ્મીચંદ ડાહ્યાભાઈ એક્ષપોર્ટ કું. પ્રા. લી.
૭૫૦૦	શ્રી વિરલ અરવિંદ ધરમશી લુખી
૭૫૦૦	શ્રી ઓજસ અરવિંદ ધરમશી લુખી
૭૦૦૦	શ્રી સુશીલાબેન નિરંજન ભણશાલી
૬૦૦૦	સ્વ. સરલાબેન શાંતિલાલ દોશી અને સ્વ. શાંતિલાલ કાલીદાસ દોશીના સ્મરણાર્થે હસ્તેઃ શ્રી પ્રકાશ શાંતિલાલ દોશી

રૂપિયા	નામ
૬૦૦૦	કુ. તેજી શ્રીકુમાર ધામી
૫૩૦૦	શ્રી રાજુલબેન જે. શાહ
૫૦૦૦	શ્રી ધનવંતરાય તિલકરાય શાહ
૫૦૦૦	શ્રી નીરૂબેન સુબોધભાઈ શાહ
૫૦૦૦	શ્રી વસુબેન ભણશાલી
૫૦૦૦	શ્રી કલાવતીબેન શાંતિલાલ મહેતા
૫૦૦૦	શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી તારાબેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે :શ્રી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ
૫૦૦૦	શ્રી રમાબેન વિનોદભાઈ મહેતા
૫૦૦૦	શ્રી રમાબેન જયસુખલાલ વોરા
૫૦૦૦	શ્રી રશ્મિકાંત ભગવાનદાસ શાહ
૫૦૦૦	શ્રી અનિશ શૈલેશભાઈ કોઠારી
૫૦૦૦	શ્રી અજીતભાઈ રમણલાલ ચોકસી
૫૦૦૦	શ્રી મહેન્દ્રભાઈ ગોસર (ત્રિશલા)
૫૦૦૦	શ્રી શારદાબેન બાબુભાઈ શાહ
૫૦૦૦	મે. કન્ની જેમ્સ
૫૦૦૦	મે. એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ હસ્તેઃ શ્રી હસમુખભાઈ શાહ
૫૦૦૦	શ્રી પન્નાલાલ ખીમજીભાઈ છેડા (નંદિતા જયંત છેડા ટ્રસ્ટ)
૫૦૦૦	શ્રી તરૂણાબેન બિપીનભાઈ શાહ
૫૦૦૦	શ્રી પિયૂષ છોટાલાલ શાહ
૫૦૦૦	સ્વ. મગનલાલ જગજીવનરામ શેઠના સ્મરણાર્થે હસ્તેઃ શેઠ બ્રધર્સ
૫૦૦૦	સ્વ. નરમદાબેન મગનલાલ શેઠના સ્મરણાર્થે હસ્તેઃ શેઠ બ્રધર્સ
૫૦૦૦	મીસ ડોલર મગનલાલ શેઠ
૫૦૦૦	શ્રી હર્ષાબેન ભરત ડગલી
૫૦૦૦	શ્રી હર્ષદ મગનલાલ શેઠ
૫૦૦૦	શ્રી રસીલાબેન જયસુખલાલ પારેખ
૫૦૦૦	શ્રી કુમુદ એચ. શેઠ
૫૧૫૧	સ્વ. ગંગાબેન હરજી ભદ્રેશા હસ્તેઃ શ્રી હીરજી જેરામ ભદ્રેશા
૫૦૦૦	શ્રી હસમુખભાઈ ખુશાલદાસ મહેતા
૫૦૦૦	શ્રી આશા જીતેન્દ્ર દશોન્દી
૫૦૦૦	લીના વી. શાહ
૫૦૦૦	શ્રી સુરેશભાઈ પ્રેમચંદ મહેતા
૫૦૦૦	શ્રી અંજુબેન અને ભૂપેન્દ્ર રસિકલાલ શાહ કોલસાવાલા
૫૦૦૦	શ્રી સંજય મહેતા
૫૦૦૦	મે. જે. કે. ફાઉન્ડેશન
૫૦૦૦	શ્રી ઉષાબેન રમેશભાઈ ઝવેરી
૫૦૦૦	શ્રી રોનક શાહ
૫૦૦૦	શ્રી વસંતલાલ રસિકભાઈ શાહ
૫૦૦૦	શ્રી નલિની શેઠ
૫૦૦૦	શ્રી ગીતાબેન ગૌતમભાઈ શાહ
૫૦૦૦	શ્રી મહેશ કે. મહેતા
૫૦૦૦	શ્રી સરલા કાંતિલાલ સાવલા
૫૦૦૦	ડૉ. કાંતિલાલ કલ્યાણજી શાહ
૫૦૦૦	મે. લક્ષ્મી મસાલા કુાં.
૫૦૦૦	શ્રી સુચિત દોશી
૫૦૦૦	શ્રી નયના અશ્વિન આંખડ
૫૦૦૦	શ્રી નિરંજન હરગોવિંદદાસ ભણશાલી
૫૦૦૦	શ્રી પુષ્પાબેન ભણશાલી
૫૦૦૦	શ્રી ભરત કાંતિલાલ પરીખ
૫૦૦૦	ડૉ. સ્નેહલ સંઘવી
૫૦૦૦	શ્રી તૃપ્તિ ચંદ્રકાંત નિર્મળ
૫૦૦૦	શ્રી રોહન ચંદ્રકાંત નિર્મળ
૫૦૦૦	શ્રી કુસુમબેન પટવા
૫૦૦૦	માતુશ્રી પાંચીબાઈ ખીમજી શાહ (પત્રી-કચ્છ)
૫૦૦૦	શ્રી વનિતા જયંત શાહ
૫૦૦૦	શ્રી શોભનાબેન તુષારભાઈ મોદી
૫૦૦૦	શ્રી રીયાના દૌલત
૫૦૦૦	શ્રી ભગવતીબેન પન્નાલાલ સોનાવાલા
૫૦૦૦	શ્રી નીલા ચંદ્રકાંત શાહ
૫૦૦૦	સ્વ. ઉપેન્દ્ર જે. સંઘવી હસ્તેઃ વેન્ગાર્ડ સ્ટુડિયો
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	શ્રી પુષ્પાબેન સુરેશભાઈ ભણશાલી
૫૦૦૦	શ્રી મહાસુખલાલ મણિલાલ શાહ (Comfort Holidays)
૫૦૦૦	શ્રી સુજીત પ્રદીપ પરીખ
૫૦૦૦	શ્રી વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તેઃશ્રી મુકુંદભાઈ ગાંધી
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	શ્રી રમણિકલાલ ગોસલીયા
૫૦૦૦	શ્રી સરલાબેન ચુનીલાલ ઘીવાલા
૫૦૦૦	મે. યુનિવર્સલ ગોલ્ડીઅમ જ્વેલ્સ
૫૦૦૦	શ્રી રમાબેન ડી. શાહ
૫૦૦૦	શ્રી કિરણભાઈ એચ. શાહ
૫૦૦૦	શ્રી ગાંગજી રાઘવજી સતરા
૫૦૦૦	શ્રી પ્રતિમા શ્રીકાંત ચક્રવર્તી
૫૧૦૦	શ્રી ભાઈચંદ એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૫૧૦૦	શ્રી શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન
૫૦૦૦	શ્રી રસિકલાલ છોટાલાલ શાહ
૫૦૦૦	શ્રી સરસ્વતીબેન રસિકલાલ શાહ
૫૦૦૦	શ્રી બાબુલાલ છોટાલાલ શાહ
૫૦૦૦	શ્રી ભોગીલાલ સુખલાલ શાહ
૫૦૦૧	શ્રી સેલ એન્ડ જીલ
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	મે. નંદુ ડ્રેપર્સ હસ્તેઃશ્રી થાવરભાઈ
૫૦૦૦	શ્રી હર્ષા વિક્રમ શાહ
૫૦૦૦	શ્રી વિક્રમ રમણલાલ શાહ
૫૦૦૦	શ્રી મહેન્દ્ર ચીમનલાલ શાહ
૫૦૦૦	શ્રી વસંતલાલ એલ. સંઘવી
૫૦૦૦	શ્રી મનોજ નેમચંદ શાહ
૫૦૦૦	ડૉ. હરીશ એચ. કુંડલિયા-કપડવંજ
૫૦૦૦	શ્રી વસનજી નરશી વોરા
૫૦૦૦	શ્રી રાજુલબેન વિનુભાઈ શાહ
૫૦૦૦	શ્રી ભાવના પંકજ વિશરીયા
૫૦૦૦	શ્રી પંકજ જી. વિશરીયા
૫૦૦૧	શ્રી ભારતી જી. કપાસી
૫૦૦૦	શ્રી કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી મહેન્દ્ર આર. શાહ
૫૦૦૦	શ્રી દિનેશ દેવચંદ રામજી ગાલા
૫૦૦૦	ડૉ. હસમુખલાલ સી. કુવાડિયા
૫૦૦૦	સ્વ. જશુમતીબેન એચ. કુવાડિયાના સ્મરણાર્થ હસ્તેઃ ડૉ. હેમંત એચ. કુવાડિયા
૫૦૦૦	શ્રી રક્ષા એચ. કુવાડિયા
૫૦૦૦	ડૉ. હેમંત એચ. કુવાડિયા
૫૦૦૦	શ્રી પુષ્પાબેન કે. ભણશાલી
૫૦૦૦	શ્રી દર્શિની શાહ
૫૦૦૦	શ્રી ઉષા દિલીપ શાહ
૫૦૦૦	ડૉ. માણેકલાલ સંગોઈ
૫૦૦૦	શ્રી બાબુભાઈ કુંવરજી શાહ
૫૦૦૦	શ્રી દિલીપ સોમચંદ શાહ HUF
૫૪૦૦	મે. જેક ઈન્ડસ્ટ્રીઝ
૫૪૦૦	મે. સરફેસ ઈનોવેશન પ્રા.લી.
૫૦૦૦	સ્વ. જવલબેન રામચંદ શાહ
૫૦૦૦	શ્રી રામચંદ જે. શાહ

રૂપિયા	નામ
૫૦૦૦	શ્રી ગુણવંત પી. શાહ
૫૦૦૦	શ્રી કેશરીચંદ જે. શાહ
૫૦૦૦	શ્રી સિદ્ધાર્થ એમ. દોશી
૫૦૦૧	શ્રી અંજન આઈ. ડાંગરવાલા
૫૦૦૦	એક ભાઈ
૫૦૦૦	શ્રી દેવચંદ ઘેલાભાઈ શાહ
૫૦૦૦	સ્વ. ગુણવંતબેન રસિકલાલ હસ્તે શ્રી કિશોર-શૈલેશ
૫૦૦૦	મે. જ્યુપીટર એક્સપોર્ટર્સ હસ્તે: શ્રી કોકિલાબેન હેમંતભાઈ શાહ
૫૦૦૦	મે. જતીન એન્ટરપ્રાઈઝ
૫૦૦૦	શ્રી કાંતિલાલ એલ. વોરા
૫૦૦૦	શ્રી અંજલી નિલય પરીખ
૫૦૦૦	શ્રી સંતોકબા જેઠાલાલ પરીખ
૫૦૦૦	શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી કાનજી કોરશી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી વનલીલા નટવરલાલ મહેતા
૫૦૦૦	શ્રી લક્ષ્મીચંદ વોરા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી પૂર્વીબેન બાબુભાઈ ઝવેરી
૫૦૦૦	શ્રી દેવકુંવરબેન જેસંગ રાંભીયા
૫૦૦૦	માતુશ્રી મમીબેન મેઘજીભાઈ સંગોઈ
૫૦૦૦	મે. સી. એન્ડ રીક્યુટ ફુાં. લી.
૫૦૦૦	સ્વ. વનલીલા મુકુંદ વોરા
૫૦૦૦	શ્રી કે. સી. શાહ-અમદાવાદ
૫૦૦૦	શ્રીમતી જશવંતી પ્રવીણચંદ્ર વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ
૫૦૦૦	શ્રી ઘેલાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી સુરેશ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રીમતી ભાનુબેન આર. મહેતા
૫૦૦૦	શ્રી રમેશભાઈ પી. મહેતા
૫૦૦૦	કુ. નલિની મહેતા
૫૦૦૦	શ્રી શશિકાંત સી. શેઠ
૪૦૦૦	શ્રી પ્રવીણ જે. શાહ
૪૦૦૦	ડૉ. અજીત એચ. શાહ
૩૫૦૧	શ્રી મુક્તાબેન લાભુભાઈ સંઘવી
૩૩૩૩	શ્રી ચંદુલાલ ગાંગજી ફેમવાલા
૩૨૨૨	શ્રી બાબુભાઈ ચુનીલાલ ચોકસી-અમદાવાદ
૩૧૦૦	શ્રી ઈન્દુમતી અને હરકીશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૩૦૦૦	શ્રી નિર્મળાબેન પટેલ (મંથન-હાજીપુર)
૩૦૦૦	શ્રી ગિરીશભાઈ પટેલ (મંથન-હાજીપુર)
૩૦૦૦	શ્રી વિજય કે. શાહ
૩૦૦૦	શ્રી સુજાતા જયેશ ગાંધી
૩૦૦૦	શ્રી જયેશ ડી. ગાંધી
૩૦૦૦	શ્રી જયવંતીબેન જોરમલ મહેતા
૩૦૦૦	WUDTEC
૩૦૦૦	એક બહેન
૩૦૦૦	એક બહેન
૩૦૦૦	શ્રી વિદ્યાબેન મહેન્દ્ર મહેતા
૩૦૦૦	મે. ગુલાબદાસ એન્ડ ફુાં.
૩૦૦૦	શ્રી મહેન્દ્રકુમાર અમરતલાલ શાહ
૩૦૦૦	મે. એસ. હિંમતલાલ એન્ડ ફુાં.
૨૫૦૦	શ્રી પ્રેમજી રાયસી ગાલા
૨૫૦૦	શ્રી ભદ્રાબેન શાહ
૨૫૦૦	શ્રી રસિકલાલ ઉત્તમચંદ અજમેરા HUF
૨૫૦૦	શ્રી વરજીવન સી. શાહ
૨૫૦૦	શ્રી સુમનભાઈ છબીલદાસ શાહ
૨૫૦૧	શ્રી આર. એ. સંઘવી
૨૦૦૦	શ્રી વિનોદચંદ્ર હરિલાલ મહેતા
૨૦૦૦	શ્રી કલ્પનાબેન સુરેન્દ્ર શાહ
૨૦૦૦	એક બહેન
૧૧૦૦	શ્રી હરિશ્રી પટેલ
૧૦૦૦	શ્રી વિનોદભાઈ ટી. પારેખ
૧૦૦૦	શ્રી શરદચંદ કાંતિલાલ શેઠ
૧૦૦૦	શ્રી શાંતિલાલ ટોકરશી
૧૦૦૦	શ્રી મધુબેન ચંદ્રકાંત તલસાણીયા
૧૦૦૦	શ્રી સુમનબેન દલાલ
૧૦૦૦	શ્રી મંજુલા મહેતા
૧૦૦૦	શ્રી ભરત કેશવલાલ શાહ
૨૦૦૧	૧૦૦૦ થી ઓછી રકમનાં સરવાળો
૨૭૦૪૯૪૨	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે પ્રાપ્ત થયેલ રકમની યાદી

૨૦૧૦ના ૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન દાતાઓને અપીલ કરવામાં આવી તેનો સારો પ્રતિસાદ મળ્યો છે. એ માટે સર્વ દાતાઓના અમે ઋણી છીએ. નામોની યાદી નીચે મુજબ છે.

રૂપિયા	નામ
	જનરલ ફંડ
૫૧૦૦૦	શ્રી કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૨૫૦૦૦	શ્રી હરેશભાઈ અને શૈલાબેન મહેતા (Onward Foundation)
૧૧૦૦૦	મે. અમોલ કેપીટલ માર્કેટ્સ પ્રા.લી.
૧૧૦૦૦	શ્રી સી. કે. મહેતા
૬૦૦૦	મે. પુષ્પમ્ ઈન્વેસ્ટમેન્ટસ
૬૦૦૦	શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫૦૦૦	શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૫૦૦૦	શ્રી ધનવંતરાય તિલકરાય શાહ
૫૦૦૦	શ્રી નિરૂબહેન સુબોધભાઈ શાહ
૫૦૦૦	શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ શાહ
૫૦૦૦	સ્વ. તારાબેન રમણલાલ શાહના સ્મરણાર્થ હસ્તે શ્રી શૈલજાબેન ચેતનભાઈ શાહ
૫૦૦૦	શ્રી દિલીપભાઈ એમ. શાહ
૫૦૦૦	શ્રી નિતીનભાઈ કાંતિલાલ સોનાવાલા
૫૦૦૦	શ્રી યશોમતીબેન શાહ
૫૦૦૦	શ્રી ઉષાબેન પ્રવીણભાઈ શાહ
૫૦૦૦	શ્રી રમાબેન જયસુખલાલ વોરા
૫૦૦૦	શ્રી વંદના રશ્મિકાંત શાહ
૫૦૦૦	શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
૫૦૦૦	શ્રી દિલીપભાઈ કાકાબળીયા
૫૦૦૦	શ્રી જે. કે. ફાઉન્ડેશન
૫૦૦૦	શ્રી મનીષા ધીરેન ભણશાલી
૫૦૦૦	શ્રી અજીતભાઈ રમણલાલ ચોકસી
૫૦૦૦	શ્રી અરૂણાબેન અજીતભાઈ ચોકસી
૫૦૦૦	શ્રી પ્રકાશભાઈ ગાંધી
૫૦૦૧	શ્રી મનીષા ગજેન્દ્ર કપાસી
૫૦૦૦	શ્રી શાંતિલાલ ઉજમશી એન્ડ સન્સ ટ્રસ્ટ

રૂપિયા	નામ
૫૦૦૦	શ્રી અતુલ એસ. શાહ
૫૦૦૦	શ્રી વસંતલાલ કે. શાહ
૫૦૦૦	શ્રી દિનેશ દેવચંદ રવજી ગાલા
૫૦૦૦	ડૉ. હેમંત એચ. કુવાડિયા
૫૦૦૦	શ્રી પુષ્પાબેન કે. ભણશાલી
૫૦૦૦	શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	શ્રી ઉષા દિલીપ શાહ
૫૦૦૦	શ્રી લક્ષ્મીચંદ મેઘજી શાહ
૫૦૦૦	શ્રી આર. પી. દફ્તરી ચેરિટેબલ ટ્રસ્ટ
૩૦૦૦	શ્રી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ શાહ
૩૦૦૦	શ્રી ભારતીબેન શાહ
૨૫૦૦	શ્રી પ્રકાશભાઈ ઝવેરી
૨૫૦૦	શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી
૨૫૦૦	શ્રી ચંદ્રકાંત જે. શાહ
૨૦૦૦	શ્રી વસુબેન ભણશાળી
૨૦૦૦	શ્રી કલાવતીબેન શાંતિલાલ મહેતા
૨૦૦૦	શ્રી શર્મી પ્રવીણભાઈ ભણશાલી
૨૦૦૦	શ્રી નલીની એમ. શેઠ
૧૫૦૦	શ્રી ચંદ્રકાંતભાઈ શાહ
૧૦૦૦	શ્રી મીનાબેન ગાંધી
૧૦૦૦	શ્રી શારદાબેન બાબુભાઈ શાહ
૧૦૦૦	શ્રી પ્રવીણભાઈ ગાંધી
૧૦૦૦	મે. મેટલ ઓર
૧૦૦૦	શ્રી હરીશ્રી પરેશ રાવલ
૫૦૦	શ્રી પ્રદીપ સેવંતીલાલ શાહ
૫૦૧	મે. કાનજી કરમશી એન્ડ કું.
૨૮૯૦૦૬	

પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતાની યાદી

રૂપિયા	નામ
૨૦૦૦૦	દીનાબેન જીતેન્દ્ર વોરા
૨૦૦૦૦	શ્રી હસમુખભાઈ શાહ (એચ. આઈ. ઈન્ડસ્ટ્રીઝ)
૨૦૦૦૦	સ્વ. મનીષા શાહ
૨૦૦૦૦	શ્રી વંદન શાહ
૨૦૦૦૦	શ્રી સીતારામ શાહ
૧૦૦૦૦	શ્રી કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦	શ્રી પુષ્પાબેન કે. ભણશાલી
૨૦૦૦૦	શ્રી બિપીનભાઈ પારેખ
૨૦૦૦૦	ડૉ. માણેકલાલ એમ. સંગોઈ
૨૦૦૦૦	શ્રી શૈલેશભાઈ શાંતિલાલ મહેતા
૧,૮૦,૦૦૦	

પ્રેમળ જ્યોતિ

૫૧૦૦૦	શ્રી ચંદ્રાબેન પીયૂષભાઈ કોઠારી
૧૦૦૦૦	શ્રી કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૧૨૫૧	શ્રી અલકાબેન કિરણભાઈ શાહ
૧૦૦૦	શ્રી રસીકલાલ એન. વોરા
૬૩,૨૫૧	

ભક્તિ સંગીત

૧૦૦૦૦	શ્રી કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ
૧૦,૦૦૦	

પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

૫૦૦૦	શ્રી વર્ષાબેન રજ્જુભાઈ શાહ
૫૦૦૦	એક ભાઈ
૩૦૦૦	શ્રી સુવર્ણાબેન દલાલ
૧૩,૦૦૦	

જમનાદાસ મહેતા અનાજ રાહત ફંડ

૧૦૦૦૦	શ્રી જીગીષાબેન દેશાઈ
૫૦૦૦	શ્રી રમાબેન વિનોદભાઈ મહેતા
૧૫,૦૦૦	

કિશોર દિંબડિયા કેળવણી ફંડ

૫૦૦૦	શ્રી ઉષાબેન પ્રવીણભાઈ શાહ
૫૦૦૦	

૨૦૧૧ ની ૭૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળા : CD ના સૌજન્યદાતા

અમને જણાવતાં આનંદ થાય કે આવતાં વર્ષ ૨૦૧૧ ની ૭૭ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાના આઠ દિવસના ૧૬ વ્યાખ્યાનની સી.ડી.નીપ્રભાવના **શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા)** તરફથી કરવામાં આવશે. સંઘ આ મહાનુભાવનો આભાર માને છે.

□ **મંત્રીઓ**

ડૉ. રમણલાલ ચી. શાહના પુસ્તકો

પુસ્તકનું નામ	ભાવ	પુસ્તકનું નામ	ભાવ
જૈન ધર્મ દર્શન ગ્રંથ–૧	રૂા. ૨૨૦-૦૦	પાસપોર્ટની પાંખે ભાગ–૨	રૂા. ૧૫૦-૦૦
જૈન આચાર દર્શન ગ્રંથ–૨	રૂા. ૨૪૦-૦૦	પાસપોર્ટની પાંખે ભાગ–૩	રૂા. ૨૦૦-૦૦
ચરિત્ર દર્શન ગ્રંથ–૩	રૂા. ૨૨૦-૦૦	પ્રભાવક સ્થવિરો ભાગ– ૧ થી ૬	રૂા. ૩૦૦-૦૦
સાહિત્ય દર્શન ગ્રંથ–૪	રૂા. ૩૨૦-૦૦	જિન તત્ત્વ ભાગ ૧ થી ૫	રૂા. ૩૦૦–૦૦
પ્રવાસ દર્શન ગ્રંથ–૫	રૂા. ૨૬૦-૦૦	જિન તત્ત્વ ભાગ ૬ થી ૯	રૂા. ૨૪૦–૦૦
સાંપ્રત સમાજ દર્શન ગ્રંથ–૬	રૂા. ૨૭૦-૦૦	વંદનીય હૃદયસ્પર્શ	રૂા. ૨૫૦–૦૦
શ્રુત ઉપાસક ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથ–૭	રૂા. ૩૨૦-૦૦	સંસ્કૃત નાટકોની કથા ભાગ–૧ (પ્રા. તારાબેન ર. શાહ)	રૂા. ૧૦૦–૦૦
જિન વચન	રૂા. ૨૫૦-૦૦	આપણા તીર્થંકરો (પ્રા. તારાબેન ર. શાહ)	રૂા. ૧૦૦–૦૦
પાસપોર્ટની પાંખે ભાગ–૧	રૂા. ૧૫૦-૦૦		

● રૂા. ૧૦૦૦થી વધુ કિંમતના પુસ્તકો ખરીદનારને ૨૦% ડિસ્કાઉન્ટ અને પોસ્ટેજ ફ્રી..

● **જિન વચન** : હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી એ ત્રણે ભાષામાં એક જ પુસ્તકમાં રચાયેલ આ 'જીનવચન' પ્રભાવના ભેટ માટે ૧૦૦ થી વધુ નકલ ખરીદનારને આ પુસ્તક ઉપર ૩૦% ડિસ્કાઉન્ટ અને પોસ્ટેજ ફ્રી.

જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(જુન ૨૦૧૦ના અંકથી આગળ)

૬૪૪. નિદ્રાનિદ્રાવેદનીય : જેના ઉદયથી જાગવું વધારે મુશ્કેલ બને તે નિદ્રાનિદ્રાવેદનીય દર્શનાવરણ કર્મ કહેવાય છે.
जिस कर्म के उदय से निद्रा से जगना अत्यन्त कठिन हो वह निद्रानिद्रावेदनीय दर्शनावरण कर्म कहलाता है।
The Karma whose manifestiation brings about the sleep from which one can be awakened with much difficulty is called Nidranidravedaniya darshanavarah karma.

૬૪૫. નિંદા : સાચા કે ખોટા દોષોને દુર્બુદ્ધિથી પ્રગટ કરવાની વૃત્તિ.
सच्चे या झूठे दोषों को दुर्बुद्धिपूर्वक प्रकट करने की वृत्ति।
Tendency to condemn others because of pervert intellect is called `Ninda'.

૬૪૬. નિબંધ : પ્રવૃત્તિ (ગ્રાહ્યતા)
प्रवृत्ति (ग्राह्यता)
Occupation.

૬૪૭. નિરંતરસિદ્ધ : કોઈ એક સિદ્ધ થયા પછી તરત જ બીજા સિદ્ધ થાય છે, ત્યારે તે નિરંતરસિદ્ધ કહેવાય છે.
किसी एक के सिद्ध होने के बाद तुरन्त ही जब दूसरा जीव सिद्ध होता है तो उसे निरन्तरसिद्ध कहते है।
When one is emencipated immediately after another without any gap of time it is called `Nirantar Siddha'

૬૪૮. નિરન્વયક્ષણિક : માત્ર ઉત્પાદ વિનાશશીલ
मात्र उत्पाद-विनाशशील।
Momentary without a residue.

૬૪૯. નિરભિમાનતા : જ્ઞાન, સંપત્તિ આદિમાં બીજાથી ચઢિયાતાપણું હોવા છતાં તેમને કારણે ગર્વ ધારણ ન કરવો તે અનુત્સેક.
ज्ञान, सम्पत्ति आदि में दूसरे से अधिकता होने पर भी उसके कारण गर्व न करना वह 'अनुत्सेक'।
Humility means not feeling proud or arrogant even when one is superior to others in respect of knowledge, property etc.

૬૫૦. નિરાકાર : દર્શન અથવા નિર્વિકલ્પક બોધ.
दर्शन अथवा निर्विकल्पक बोध।
The indeterminate cognition (Nirakar) is called darshana or nirvikalpaka bodha.

૬૫૧. નિરુપયોગ : પરંપરાથી સાધન હોવાને લીધે કાર્મણ શરીરને નિરુપભોગ કહેવામાં આવ્યું છે.
परंपरा से साधन होने से कार्मण शरीर को निरुपभोग कहा गया है।
The Karmana body is cald `Nirupabhog' as it is traditional means.

૬૫૨. નિરોધ : પ્રતિબંધ
प्रतिबन्ध ।
Restrain.

૬૫૩. નિર્ગુણ : દ્રવ્યનિષ્ઠ શક્તિરૂપ ગુણને નિર્ગુણ માન્યા છે.
द्रव्यनिष्ठ शक्तिरुप गुण को निर्गुण माना गया है।
The qualities in a substance are treated as devoid qualities.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **The Jain Philosophy**
ધ જૈન ફિલોસોફી (અંગ્રેજી)

લેખક : વીરચંદ આર. ગાંધી
(વીરચંદ ગાંધીના લેખો અને પ્રવચનો)
સંકલન : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : **વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન**
પ્રાપ્તિ સ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭,
૪૭, નગીનદાસ માસ્તર રોડ,
ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
મૂલ્ય : રૂ. ૨૦૦/-, પાના : ૨૮૮, આવૃત્તિ : ચોથી, ૨૦૧૦.

'ધ જૈન ફિલોસોફી' અંગ્રેજી ભાષામાં આ ગ્રંથ વીરચંદ ગાંધીના મૃત્યુ બાદ દસ વર્ષે પ્રગટ થયેલ. ફિલસૂફ અને ચિંતક એવા વીરચંદ ગાંધી એક પ્રભાવશાળી વક્તા પણ હતા. પશ્ચિમના વિશ્વમાં જૈન તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરનાર પ્રથમ પ્રતિનિધિ હતા. આ ગ્રંથ વીરચંદ ગાંધીનો ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો અપાર પ્રેમ અને શ્રદ્ધા વ્યક્ત કરે છે. તેમની શૈલીમાં એક પ્રકારની પ્રવાહિતા અને ઊંડાણ છે જે જૈન ધર્મના સિદ્ધાંતો સમજવામાં સહાયરૂપ થાય છે. તેઓ જૈન ફિલોસોફીની સાથે અન્ય ધર્મોની ફિલોસોફી, યોગ, માનસશાસ્ત્ર, આહાર વિજ્ઞાન વગેરે વિષયો પર અધિકારી વક્તા હતા. અને આ વિષયોના સુંદર વક્તવ્યો આપ્યા હતા. તેઓએ ભારતની સંસ્કૃતિનું, ભારતની સાંસ્કૃતિક પરંપરાનું, ભારતની પ્રજાના ધાર્મિક જીવનનું સાચું પ્રતિબિંબ તેમના વક્તવ્યોમાં પાડ્યું હતું. તે ઉપરાંત ભારતની ઔદ્યોગિક પ્રગતિ અને ભારતીય નારીનું સાચું દર્શન એમાં વ્યક્ત થતું હતું. આમ વીરચંદ રાઘવજી ભારતના સાચા પ્રતિનિધિ હતા જેમણે પશ્ચિમના દેશોને સાચા અર્થમાં ભારતનું દર્શન કરાવ્યું હતું.

X X X

પુસ્તકનું નામ : **The Yoga Philosophy**
ધ યોગ ફિલોસોફી

લેખક : વીરચંદ આર. ગાંધી
(પ્રવચનો અને લેખો)
સંકલન : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : **વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન**
પ્રાપ્તિ સ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭,
૪૭, નગીનદાસ માસ્તર રોડ,
ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
મૂલ્ય : રૂ. ૧૫૦/-, પાના : ૨૦૬, આવૃત્તિ : ત્રણ, ૨૦૦૯.

'ધ યોગ ફિલોસોફી' ગ્રંથ વીરચંદ રાઘવજી ગાંધી રચિત એક વિશિષ્ટ નોંધપાત્ર ગ્રંથ છે. જેમાં ભારતીય સંસ્કૃતિ, ફિલોસોફી અને આધ્યાત્મિક પરંપરાનું દર્શન થાય છે. ઈ. સ. ૧૮૯૩માં વિશ્વધર્મ પરિષદ-શિકાગોમાં સ્વામી વિવેકાનંદની સાથે તેઓએ ભારતના પ્રતિનિધિ તરીકે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. આ પ્રવચનમાં તેમણે જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો અને ખાસ કરીને અનેકાન્તવાદ કે જેમાં બધાં ધર્મોનો સમન્વય કરી શકાય છે તેની ચર્ચા કરી હતી.

આ ગ્રંથમાં તેમણે યોગ, વશીકરણ, શ્વાસોશ્વાસનું વિજ્ઞાન પ્રાણાયામ વગેરે વિષયો પર સારો પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રંથ યુવાનો તથા વૃદ્ધ સર્વ વાચકોને આમાં આપેલા વિષયોમાં રસ પડે તેવા છે.

X X X

પુસ્તકનું નામ : **The unknown life of Jesus Christ**

વક્તવ્યો અને લેખો
લેખક : વીરચંદ આર. ગાંધી
સંકલન : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : **વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન**
પ્રાપ્તિ સ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭,
૪૭, નગીનદાસ માસ્તર રોડ,
ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
મૂલ્ય : રૂ. ૧૫૦/-, પાના : ૧૭૫, આવૃત્તિ : બીજી, નવેમ્બર-૨૦૦૯.

વીરચંદ રાઘવજીએ **'ધ અનનોન લાઈફ ઑફ જીસસ ક્રાઈસ્ટ'** ગ્રંથનો ફ્રેંચ ભાષામાંથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. જીસસ ક્રાઈસ્ટ બારથી સોળ વર્ષની વયે ભારત આવ્યા હતા તે વાત તથા જીસસ ક્રાઈસ્ટના પ્રવાસનું વિસ્તારપૂર્વક વર્ણન લેખકે કર્યું છે. તે ઉપરાંત જીસસ ક્રાઈસ્ટના જીવનની કેટલીક અજાણી વાતો પર લેખકે પ્રકાશ પાડ્યો છે. અને જીસસ બૌદ્ધ મઠમાં રહ્યા હતા અને ત્યાંના લોકોને મળ્યા હતા તેનું આલેખન કર્યું છે.

મૂળ ફ્રેંચ ભાષામાં નિકોલસ નોટોવિચે લખેલ આ ગ્રંથનો અનુવાદ વીરચંદ રાઘવજીએ કર્યો છે એ વાત આશ્ચર્ય પમાડે તેવી છે. આ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ શિકાગોમાં પ્રકાશિત થયો છે. આ ગ્રંથ સંશોધકોને બહુ ઉપયોગી થાય તેવો છે. આ સુવર્ણના ખજાના જેવા ગ્રંથમાં વીરચંદ રાઘવજીની સંશોધક તરીકેની સૂક્ષ્મ દૃષ્ટિ નજરે પડે છે. તેઓ જ્યારે અમેરિકામાં હતા ત્યારે અઠ્ઠાવીસ વર્ષની વયે આ અનુવાદ કર્યો છે. આ ગ્રંથમાં તેમના ફ્રેંચ ભાષા પરનો કાબુની પ્રતીતિ થાય છે.

X X X

પુસ્તકનું નામ : **ક્ષણનો સાક્ષાત્કાર**

લેખક : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : **સાહિત્ય સંગમ**
બાવા સીદી, પંચોલી વાડી સામે,
ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧.
પ્રાપ્તિ સ્થાન : સાહિત્ય ચિંતન, કચરિયા પોળ,
બાલા હનુમાન સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧.
ફોન નં. (૦૭૯) ૨૨૧૭૯૨૯
મૂલ્ય : રૂ. ૭૫/- પાના : ૧૬૮ આવૃત્તિ : બીજી-૨૦૦૯.

આ પુસ્તક વિશે કુમારપાળભાઈ દેસાઈ પોતે લખે છે, 'કોઈ એક વિચાર સ્ફુરે અને આલેખવાનું મન થઈ જાય તેમાંથી ક્ષણનો સાક્ષાત્કાર સર્જાય છે.'

'એકાદ ક્ષણ પણ ઘણીવાર જિંદગીની અનેક ક્ષણોને આનંદિત કરનારી કે ઉજાળનારી બને છે. એ ક્ષણ કોઈ ચિંતન આપે, કોઈ વિચાર આપે, કોઈ અનુભવ આપે, અથવા જીવન જીવવાનો કોઈ તરીકો આપે.'- આવી ક્ષણોનો આ પુસ્તકમાં સંચય કર્યો છે.

'ગુજરાત સમાચાર'ની રવિવારની પૂર્તિમાં પ્રગટ થતી 'પરિજાતનો પરિસંવાદ' કોલમમાં લેખને છેલ્લે આ વિચાર 'ક્ષણનો સાક્ષાત્કાર' નામે પ્રગટ થાય છે. આ પુસ્તકની વિશેષતા અને લોકપ્રિયતા એ છે કે એક જ વર્ષમાં તેની બીજી આવૃત્તિ પ્રકટ થાય છે.

એકસો પંચાવન ક્ષણોના આલેખનમાં લેખકની કલમના જાદુનો સાક્ષાત્કાર થાય છે અને આનંદની અનુભૂતિ થાય છે. દરેક ક્ષણોના શીર્ષક અને સાથે ચિત્રો લેખને વાચા આપે છે. ✱ ✱ ✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ,
ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

ક્ષમા–યાચનાનો જાદૂ

□ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

સ્વ. જેઠાભાઈ ઝવેરીના જીવનમાં બનેલો એક પ્રસંગ આજે પણ બધાંને પ્રેરણારૂપ છે. આજથી આશરે ૬૫ વર્ષ પૂર્વેની વાત છે. પપ્પાજીના એક મિત્ર હતા–સ્વ. મૂલજી વી. નરશી. મૂલજીભાઈ કીંગ્સ સર્કલ સ્ટેશન પાસે આવેલી ઉદ્યોગનગરની જમીનના માલિક હતા. તેઓ ત્યાં જ રહેતા અને એમનું કારખાનું પણ ત્યાં હતું. આ ઉદ્યોનગરમાં ઘણી જમીન ખાલી પડેલી હતી. પપ્પાજીએ, આ ખાલી પડેલી જમીનમાં 'ભારત બિજલી' નામનું ઈલેકટ્રીક મોટર બનાવવાનું કારખાનું ઊભું કરવાનો વિચાર કર્યો અને મુલજીભાઈ પાસેથી જમીન ખરીદવા સોદો કર્યો. પણ પછી એ સોદા માટે બંને મિત્રો વચ્ચે તકરાર થઈ. એક બાજુ કચ્છી લુહાણો અને બીજી બાજુ કચ્છી વાણિયો. બંને જીદે ચડી ગયા અને મામલો કોર્ટે ચડ્યો.

તે દરમ્યાન પર્યુષણ પર્વ આવ્યા અને સંવત્સરીનું પ્રતિક્રમણ કરી પપ્પાજીએ બધાં સાથે ક્ષમાયાચના કરી. બીજે દિવસે જૈન મુનિઓની પ્રેરણાથી મુલજીભાઈ સાથે ક્ષમા-યાચના કરવા એમને ઘેર ઉદ્યોગનગર ગયા. અને બહાર ઊભા રહીને કહ્યું, 'મુલજીભાઈ, મિચ્છામિ–દુક્કડં'. મુલજી-ભાઈ તો આનો અર્થ સમજતા ન હતા. પણ દુક્કડંનો અર્થ 'દોકડા' કરીને ગુસ્સાથી રાતાપીળા થતાં બહાર આવ્યા ને મોટા સ્વરે બોલવા લાગ્યા. 'જેઠા! અહીં તને દોકડા-બોકડા કંઈ નહીં મળે, (કચ્છમાં એ વખતે 'દોકડા'નો સિક્કો ચાલતો હતો) તારી હિંમત કેમ થઈ કે અહીં મારી પાસે દોકડા માંગવા આવ્યો? જા, જે કંઈ કહેવું હોય તે મારા વકીલને કહેજે.' આવા અપમાનભર્યા કપરા સંજોગોમાં પણ પપ્પાજીએ સંપૂર્ણ શાંતિ રાખી અને બહુ પ્રેમથી મુલજીભાઈને સમજાવ્યું કે, 'મને દોકડા નથી ખપતા. હું તો તમારી માફી માંગવા આવ્યો છું. આખરે આપણે બે મિત્રો છીએ. જમીનની બાબતમાં કજિયો થાય એ તો વકીલો લડશે. આપણે લડવાની શી જરૂર છે?' આવા ક્ષમાભર્યા અને પ્રેમ નીતરતા શબ્દો સાંભળી મુલજીભાઈની આંખોમાં આંસુ આવી ગયા. પપ્પાજીને ઘરની અંદર લઈ જઈ બેસાડ્યા. પછી પોતાના મોટા દીકરા હરીને કહ્યું કે, 'આપણા વકીલને ફોન કરી જમીનનો કેસ પાછો ખેંચી લેવાનું કહી દે.' અને જેઠા તું પણ તારા વકીલને કહી દે કે હવે અમારે લડવું નથી. કોર્ટમાં કન્સેન્ટ ડીક્રી કરાવી લે.' ક્ષમા, નમ્રતા અને પ્રેમના વ્યવહાર અને વાણીએ જાદુઈ અસર કરી અને બે શત્રુઓ પાછા મિત્ર બની ગયા. એટલું જ નહીં, જીવનભર મિત્રતા નભાવી અને અમે તથા મુલજીભાઈના પુત્રો આદિ સહુ આજ સુધી મિત્રો રહ્યા છીએ. માફી માંગનાર કોઈ દિવસ હીન નથી થતો. મહાન વિશાળ હૃદયવાળો જ ખુલ્લા દિલથી ક્ષમા માંગી શકે છે. આ છે ક્ષમા–યાચનાનું અદ્‌ભૂત પરિણામ–ચમત્કાર! ✷ ✷ ✷

અર્હમ્, પ્લોટ નં ૨૬૬, ગાંધી માર્કેટ પાસે, સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.
મોબાઈલ : ૦૯૮૨૧૬૮૧૦૪૬.
E-Mail: rashmizaveri@yahoo.com.in

પ્લાસ્ટિકનો સમય

□ ડૉ. યોગેન્દ્ર પારેખ

રોજ-બરોજના જીવનમાં પ્લાસ્ટિકનું આક્રમણ માત્ર પર્યાવરણનો પ્રશ્ન નથી. મનુષ્યજાતિની સંવેદનશીલતાનો સૂચક આંક બહુ ઝડપથી નીચે ઊતરતો જાય છે એમાં પ્લાસ્ટિકનું નોંધપાત્ર પ્રદાન છે! પાણી, છાશ, કઢી, દૂધ, દવા, શાક, અનાજ, કઠોળ, મિઠાઈ...બધું જ પ્લાસ્ટિકના પેકિંગમાં મળે છે. પાણીના ઘડા-બેડા, બોઘરણા પણ પ્લાસ્ટિકના. પ્રહલાદ પારેખે 'બનાવટી ફૂલોને' કવિતા કેટલી વહેલી આપી! સંવેદનશીલ સ્પર્શક્ષમતા નથી શબ્દોમાં, વિચારોમાં કે વસ્તુઓમાં. સંવેદન કથાઓ વેચાય છે, વંચાય છે પણ તેની દૂરગામી અસર થાય તે પહેલાં જ જગતની સર્વવ્યાપી અરાજકતા તેને ગ્રસી લે છે. કેવો છે આ સમય? વારસાગત પરંપરાઓ સાથેનો સમૂળગો વિચ્છેદ અને વિકરેલી ભૌતિકવાદી જીવનશૈલીએ મનુષ્યને વિષે

પંથે પંથે પાથેય...

વિચારવાની ક્ષણોને બદલે આઘાતની ક્ષણો સરસાઈ ભોગવે છે.

માનશો? બે વર્ષ પહેલાં; એક સવારે દ્વિતીય વર્ષ બી.એ.ના વર્ગમાં પંચાવન વિદ્યાર્થીઓની હાજરી; આ લખનારે પ્રશ્ન કર્યો– 'રવીન્દ્ર ટાગોરની તસવીર કેટલાં વિદ્યાર્થીઓએ જોઈ છે?' જવાબ મળ્યો: 'ચાર'! હા! માત્ર ચાર વિદ્યાર્થીઓએ આંગળી ઊંચી કરી. પ્રશ્ન બીજો: હિમેશ રેશમિયાની તસવીર? જવાબમાં પિસ્તાલીસ હાથ ઊંચા થયા!

ગયા મહિને જ સમાચાર વાંચવા મળ્યા કે નડિયાદ પાસે એક મહિલાએ પાંચ હજારની કિંમતનો મોબાઈલ ખરીદવા અઢી મહિનાના નવજાત પુત્રને પૂરા પાંચ હજારમાં રીતસર વેચી દીધો! આ આઘાતની કળ વળે તે પહેલાં જ બીજા સમાચાર વાંચ્યા કે કચ્છમાં દીકરી ન ઈચ્છતા પિતાએ દીકરીને ગટરમાં વહાવી દીધી.

'વાંચે ગુજરાત' અંતર્ગત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ **'તરતું પુસ્તક'**નો વિચાર વહેતો મુક્યો. એક પુસ્તક વંચાઈ રહે પછી બીજા, ત્રીજા, ચોથા એમ અસંખ્ય ભાવકો સુધી પહોંચે એવો વિભાવ આવકાર્ય. હવે વાંચો! મધ્ય ગુજરાત, ખેડા જિલ્લાના માતર તાલુકાની એક શાળાના આચાર્યએ પોતાની શાળામાં 'વાંચે ગુજરાત'નો સિગ્નલ કાર્યક્રમ સરકારી રાહે યોજ્યો. તંત્રના સક્ષમ અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં તરતું પુસ્તક વિચારને 'સાર્થક' પરિણામ આપવા શિક્ષકશ્રીએ પાણી ભરેલી ડોલની પણ વ્યવસ્થા રાખેલી. સહુની હાજરીમાં પદ્ધતિસર **પાણીમાં તરતું મુકવા પુસ્તક ડુબાડ્યું**. જ્ઞાનનું વિસર્જન, અજ્ઞાનનું ઉદ્‌ઘાટન! ઉપસ્થિત કોઈને ન થયું આશ્ચર્ય કે ન આઘાત! બીજા દિવસે છાપામાં આ પરાક્રમ પ્રસિદ્ધ ન થયું હોત તો 'પ્રેરિત' થયેલાં કેટલા વિદ્યાર્થીઓએ 'ડોલ માર્ગે' પુસ્તક પધરાવ્યાં હોત તેની કલ્પના જ કરવી રહી. સંભવ છે કે આ શિક્ષક મહાશય કોઈ પુસ્તક મેળામાં એમના વિદ્યાર્થીઓને પાણી ભરેલી એક

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૨૭)

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૧૧ • નવેમ્બર ૨૦૧૦ પાના ૨૮ • કીમત રૂા. ૧૦

ॐ ऐँ ह्रीँ क्लीँ सरस्वत्यै नमः



શ્રી સરસ્વતી દેવી જેસલમેરના જ્ઞાનભંડારમાંથી

જિન-વચન

રક્ષક નથી કે શરણરૂપ નથી

वित्तं पसवो य नाइओ तं बाले सरणं ति मन्नइ ।
एते मम तेसु वि अहं नो ताणं सरणं न विज्जइ ।।

સૂત્રકૃતાંગ ૨-૩-૧૬

અજ્ઞાની માણસ એમ માને છે કે ધનસંપત્તિ, પશુઓ અને જ્ઞાતિબંધુઓ એ બધાં પોતાને રક્ષણ આપવાવાળાં છે, કારણ કે 'તેઓ મારાં છે અને હું તેઓનો છું.' પરંતુ એ બધાં તેનાં રક્ષક નથી કે શરણરૂપ નથી.

An ignorant person believes that wealth, animals and relatives are his protectors. He says, `They belong to me and I belong to them.' But they are neither his protectors nor shelter.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે

૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯ચ૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

જ્ઞાનપિપાસુની કદર

ડૉ. રાધાકૃષ્ણનના જીવનનો એક પ્રસંગ છે. જે તેમની શિક્ષણ અને શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ પ્રત્યે કેવી લાગણી હતી તે દર્શાવે છે.

એક કૉલેજમાં એક વિદ્યાર્થી પાસે ટર્મ-ફી ભરવા જેટલા પૈસા નહિ.

તેણે ફી ભરવા માટે પૈસા મેળવવા અનેક સજ્જનોના ઘરના ઉંબરા ઘસી નાખ્યા, પણ કોઈ જગ્યાએથી તે વિદ્યાર્થીને ફી ભરવા પૈસા મળ્યા નહિ.

તેની નિરાશાનો કોઈ પાર રહ્યો નહિ.

હવે કોની પાસે જવું? કોની પાસેથી ફીના પૈસા લેવા હાથ લંબાવવો? એ પ્રશ્નો તેના મનમાં ઉદ્‌ભવી રહ્યા!

છેવટે તેને થયું કે ડૉ. રાધાકૃષ્ણન્‌ને આ અંગે હું પત્ર લખીને જણાવું! જોકે, એ મોટા માણસને મારો પત્ર વાંચવાની કુરસદ હશે કે કેમ. એ પણ પ્રશ્ન છે, છતાં એક પત્ર તો લખી જોઉં!

અને એ જ દિવસે તેણે રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્‌ પર પત્ર લખ્યો અને પોસ્ટ કર્યો.

પછી તો રોજ એ વિદ્યાર્થી રાષ્ટ્રપતિના પ્રત્યુત્તરની રાહ, ચાતક જેમ મેહની રાહ જે આતુરતાથી જુએ એ રીતે જોવા લાગ્યો.

દિવસો વીતવા લાગ્યા, પણ રાષ્ટ્રપતિનો કશો જ પ્રત્યુત્તર તેને મળ્યો નહિ.

હવે પ્રત્યુત્તર કે ફી નહિ જ આવે એમ માનીને તેણે વિચાર્યું, 'હવે મારા માટે એક વિકલ્પ રહે છે કે પ્રિન્સિપાલને જઈને કહેવું કે હું ફી ભરી શકું તેમ નથી, તો મારું નામ કમી કરો.'

આમ, તે પ્રિન્સિપાલની ઑફિસમાં ગયો અને પ્રિન્સપાલને દીન વદને કહેવા લાગ્યો, 'સાહેબ, મારું નામ કમી કરજો.'

'અરે, તું તો ભણવામાં હોંશિયાર છે, તો પછી શા માટે તારું નામ કમી કરવાનું તું કહે છે?'

'કારણ બહુ સીધું છે. હું ફી ભરી શકું એમ નથી.'

'પણ તારી ફી તો અમને મળી ચૂકી છે.'

'હેં!' અનેક આશ્ચર્યના પડઘારૂપે વિદ્યાર્થીના મુખમાંથી આ શબ્દ નીકળી આવ્યો.

પ્રિન્સિપાલે વિદ્યાર્થીની પીઠ થાબડતાં કહ્યું, 'તેં જેમને પત્ર લખ્યો હતો તેમના તરફથી ફી મળી ચૂકી છે. ડૉ. રાધાકૃષ્ણન્‌ને તારો પત્ર મળ્યો હતો. ખૂબ ધ્યાનથી તેમણે એ પત્ર વાંચ્યો લાગે છે, કેમ કે પત્ર વાંચીને તેમણે તારા અંગે મારી પાસેથી માહિતી મંગાવી હતી. મેં માહિતી મોકલી આપી. એના જવાબમાં તેમણે તારી ફી મોકલી આપી.'

ડૉ. રાધાકૃષ્ણન્‌ને શિક્ષણ અને શિક્ષણાર્થી પ્રત્યે કેવી લાગણી છે એનો સુખદ અનુભવ એ વિદ્યાર્થીને પ્રત્યક્ષ થયો. (સૌજન્ય : જૈન પ્રકાશ)

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	સરનામા વગરના માણસો	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	સત્ય ધર્માય દૃષ્ટયે	ભાગ્યેશ જહા	૬
(૩)	પત્ર-ચર્ચાઃજૈન ધર્મ : અપરિગ્રહઃશ્રીમંતો	ગુણવંત બી. શાહ	૯
		પ્રવીણ સી. શાહ	૧૧
(૪)	પ્રેક્ષાધ્યાનએક અનુપમ વરદાન : પ્રેક્ષાધ્યાનનો મર્મ	અંજુ કિરણ શાહ	૧૨
(૫)	શ્રી સમવસરણ	રૂપા મધુ શાહ	૧૪
(૬)	૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન	દક્ષા જાની	૧૭
(૭)	જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ૧૭ : 'સમયસાર'	સુવર્ણા જૈન	૧૮
(૮)	જયભિખ્ખુ જીવનધારા : ૨૨	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૧
(૯)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલું અનુદાન	-	૨૪
(૧૦)	શ્રી જૈન મહાવીર ગીતા-એક દર્શન : ૨૩	પ.પૂ.આ.વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ.	૨૫
(૧૧)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૨)	પંથે પંથે પાથેય...ગુરુદેવ અને ગાંધીજી : ગુરુદયાલ મલ્લિકજીની નજરમાં	પ્રા. પ્રતાપકુમાર ટોલિયા	૨૮

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૧૧ ● નવેમ્બર ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● કારતક સુદ–તિથિ-૧૦ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

સરનામા વગરના માણસો

થોડા સમય પહેલાં એક સાંજે આજીવન સામાજિક સેવા સમર્પિત, સત્ય પ્રસંગ કથા પુસ્તક 'પગમાં ભમરી'ના લેખક વિદ્વાન મિત્ર લીલાધરભાઈ ગડા, જેમને કચ્છી સમાજ અને મિત્રો 'અધા'ના વ્હાલભર્યા નામથી સંબોધે છે, – જોકે સમયગાળે કોઈ એમને લીલાધરભાઈના નામે ઓળખશે જ નહિ–એવા એ સ્વજન જેવા સજ્જનનો ફોન આવ્યોઃ

'આ શનિવારે બીજું કંઈ રોકાણ છે? સાંજના છ વાગે.' અધા કોઈ કાર્યક્રમ કે સત્સંગ માટે આમંત્રણ આપે તો એમાં સાત્ત્વિક અને વૈચારિક તત્ત્વ હોય જ, એટલે તરત જ મેં મનમાં અનુકૂળતા ગોઠવીને હા પાડી દીધી. જોકે મુંબઈની વિકટ અને ત્રાસદાયક ટ્રાફિક સમસ્યાને કારણે ઘર– ઑફિસથી બહાર જવું હવે દુઃખદાયક બન્યું તો છે જ, પરંતુ ગમતાનો ગુલાલ ઉડતો હોય ત્યાં જવા મન લલચાય તો ખરું જ. ઉપરાંત ત્યાં સમવયસ્ક અને સમચિંતનસ્ક મિત્રો પણ મળી જાય, જૂના મળે, જેમને મુંબઈમાં વારે વારે મળવાનું શક્ય બનતું ન હોય એવાં અને નવા રોપાય પણ ખરા. સરળતાથી જીવનમાં કશું મળતું નથી, પ્રત્યેકની કિંમત તો ચૂકવવી જ પડે.

આપણને યાદ હશે જ કે હજી થોડાં વરસો પહેલાં જ શાક સમારવાની છરી–ચપ્પુની ધાર કાઢનારો આપણે આંગણે આવીને એ છરી–ચપ્પાની ધાર પોતાની સરાણ ઉપર કાઢી આપતો, પિંજારો ઘરે આવીને ઓસરીમાં બેસીને રૂ પિંજી દેતો, નવરાત્રીમાં ગામને ભાગોળે ભવૈયા આવી આપણી પુરાણકથાની રસલહાણ કરાવતા અને સામાજિક કુરિવાજો પ્રત્યે કટાક્ષ દ્વારા સમાજને જાગૃત કરતા અને જન મનરંજન કરાવતા. ગામને પાદરે વણઝારા આવતા અને જીવન જરૂરિયાતની વસ્તુની આપ-લે કરતા. નાગપંચમીએ મદારી આવતા અને સ્વમાનપૂર્વક પોતાની રોજીરોટી રળી લેતા. આ વર્ગની વિગતો મિત્ર કિશોર પારેખના સન્માનિત પુસ્તક 'કહાં ગયે વો લોગ'માંથી સાંપડે છે. આવો એક અસ્થાયી મોટો વર્ગ આપણા સમાજનું અંગ બની ગયો હતો, એમનું કોઈ સ્થાયી ગામ કે ઘર ન હતું. 'સાધુ તો ચલતા ભલા'ની જેમ આ કોમના–વિચરતા લોકો ગામેગામ ફરતા. એમનું કોઈ સ્થાયી સરનામું ન હતું.

આ અંકના સૌજન્યદાતા

શ્રી વંદન શાહ

સ્મૃતિ : સ્વ. મનીષા વંદન શાહની

ચોથી પુણ્યતિથિ નિમિત્તે

આધુનિક જીવનશૈલીને કારણે આ બધાંના વ્યવસાયો અલોપ થઈ ગયા, પણ વરસોની પરંપરાથી જે કામમાં આ જાતિ જોતરાયેલી હતી એ હવે ક્યાં છે એની આપણને ખબર છે? હવે એ કેવી રીતે જીવે છે, આજિવિકા માટે પેટિયું પૂરવા માટે શું કરે છે એની આપણે કલ્પના કરી શકીએ?

આ વર્ગનું કોઈ સ્થાયી ગામ ન હતું, એટલે એમનું કોઈ સરનામુ નથી. બધા ગામોએ એ વર્ગની સેવા સ્વીકારી પણ વતનનો દરજ્જો ન આપ્યો, એટલે આ ભટકતી જાતિને કોઈ રેશનકાર્ડ ન મળે, આપણી 'ભવ્ય' લોકશાહીમાં એને મતપત્ર ન મળે એટલે મતાધિકાર તો શેનો મળે? ઓળખપત્ર ન મળે, એટલે એના બાળકોને શિક્ષણ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ન મળે, વહીવટી માળખાને માત્ર કલમો જ હોય છે, એમાં કોમળતા કે માનવતા કેવી?

તો આ બધાં પેટિયું રળવા માટે શું કરે? બીજો કોઈ વ્યવસાય આવડે નહિ, અને ભણતરમાં પ્રવેશ ન મળે, પરિણામે સ્ત્રીઓ દેહવ્યવસાય કરે અને બાળકો ને પુરુષો ગુનેગારીને રસ્તે ચઢે. બીજું કરે પણ શું? અહીં આપણને કાર્લ માર્ક્સની લાલ આંખ યાદ આવે.

એક અંદાજ મુજબ ભારતની કુલ વસતીના આઠ ટકા આવા ભટકતી જાતિના લોકો છે. આમાંય ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં તેમની વસતી અન્ય રાજ્યો કરતાં વધુ છે. ગુજરાતમાં તો એમની વસતી અંદાજે ચાલીસ લાખની છે અને સમુદાયની સંખ્યા અઠ્ઠાવીસની છે, એમાં બજાણિયા, ભાંડ, ગારૂડી, ડાડોડી, મદારી, વાહી, વાંસફોડા, બાવા, ભવૈયા, વાઘરી, ઓડ, પારધી, સરાણિયા, વણઝારા વગેરે છે.

આપણે ફૉર્બસમાં પ્રગટ થતી અબજોપતિની યાદીમાં ભારતના કેટલા અને મુકેશ અંબાણીના અબજોના રહેઠાણ, તેમ જ શેર-સોના-ચાંદીની વિગતો કે અન્ય ભૌતિક સમૃદ્ધિની વિગતો વાંચવા ટેવાઈ ગયા છીએ, ઉત્સુક છીએ અને સ્વપ્ન નશામાં ડોલવા માંડીએ છીએ, એવા સમયે ભૂખ્યા સૂઈ જતા કે દેહ વેચી પોતાના પરિવારનું પોષણ કરતા આવા 'જીવો'નો વિચાર કરીએ છીએ? એની રોજી, એના શિક્ષણ કે એની માંદગીની માવજત માટે એમને કોઈ ઊભા નથી રાખતું કારણ કે એમની પાસે પોતાનું સરનામુ નથી. ઓળખ નથી, ઓળખ છે તો બદનામ જાતિ તરીકેની જ ઓળખ છે.

આશ્ચર્યની હકીકત તો એ છે કે અંગ્રેજ સરકારે ૧૮૭૧માં દેશમાં વસતી આવી બસો જાતિઓને જન્મજાત ગુનેગાર (નોટીફાઈડ) જાહેર કરી હતી. નામ આપ્યું 'ક્રિમીનલ ટ્રાઈબ્સ ઍક્ટ ૧૮૭૧.' એટલે આ સમુદાયમાં જે જન્મે એ ગુનેગારની છાપ સાથે જ જન્મે. ગામમાં કોઈ ચોરી-લૂંટ-ખૂન થાય તો પોલીસ ગુનેગારની શોધ ન કરે, આવી જાતિના એક ઇસમને પકડીને જેલમાં ધકેલી દેવાનો. 'અંધેર નગરી'ની કવિતા જેમ, 'જાડા નરને જોઈ શૂળીએ ચઢાવો.' પછી સીધો કેસ અને જીવનભર જેલવાસ, પછી ભલેને એણે સાચો ગુનો કર્યો ન હોય. એ જાતિમાં જન્મ્યો એ જ ગુનો. એની વકિલાત તો કોઈ ન કરે કારણકે તેમના પર દબાણ લાવવા પોલીસને એકતરફી અધિકારો મળ્યા હતા. આવી જાતિના લોકોને ઢોરની જેમ તારની વાડના વાડામાં રાખવામાં આવતા, અને છૂટા હતા તેમને રોજ પોલીસ સ્ટેશને હાજરી પૂરાવવી પડતી. આ પ્રત્યેક હાજરી સમયે એ જાતિને અનેક અપમાનો, ગાળો અને શોષણનો ભોગ બનવું પડતું. કારણકે પોલીસને આગળ કહ્યું તેમ એકતરફી અધિકારો મળ્યા હતા. એ સમયના પોલીસો કેટલા નિર્દયી હતા એ તો આપણે વાર્તાઓ અને ઇતિહાસમાં વાંચ્યું જ છે.

ઝવેરચંદ મેઘાણી કૃત 'માણસાઈના દીવા' વાંચો. સંત રવિશંકર મહારાજ આ જાતિ વતી લડ્યા અને આઝાદી પછી છેક ૧૯૫૨માં આ કાયદો રદ થયો. એટલે આ જાતિને ખરી આઝાદી તો ૧૯૫૨માં મળી અને જન્મ પણ બે-એક જન્મ્યો ત્યારે અને બીજો ૧૯૫૨માં.

આપણા પૂર્વ સમાજે અને સરકારે આ જાતિ પ્રત્યે અન્યાય કર્યો છે, અને વર્તમાને પણ એમની પરિસ્થિતિ દયનીય તો છે જ.

આ ભટકતી જાતિની વાચા એમના આ શબ્દોમાં સાંભળો:

'અમારી આંઈ ક્યાંય જગ્યા નથી. સરકારને ક્યો કે અમને ઉપાડી પાકિસ્તાનમાં કે ક્યાંય બીજે નાખી આવે. બીજા દેશના તો અમારી સાથે આવો વ્યવહાર કરશે તો અમે આંઈના નથી એટલે આવું કરે એવું બોલી મન બાળીશું, **પણ આંઈ રઈ આ જાકારો હવે સહન થતો નથી.**'

આ વાસ્તવિકતા આપણી સામે લાવી એક ૨૭ વર્ષની દીકરી. નામે મિત્તલ પટેલ. પત્રકારત્વનો અભ્યાસ કરી એમ. ફીલ.ની ડીગ્રી માટે કવર સ્ટોરી શોધવા એ ગામેગામ ફરી. આ સમાજની વિગતો જાણી એનું મન દ્રવી ઊઠ્યું. એક ઘરમાં ત્રણ પેઢીથી સ્ત્રીને દેહવ્યવસાયમાં જોતરાયેલી જોઈને, ચોથી પેઢીની બાળકી પણ આ વ્યવસાય માટે તૈયાર થઈ રહી હતી, આ જોઈ જાણીને મિત્તલમાં આ જાતિને સમજવાની અને એની સેવા કરવાની એક પૅશન જાગી. આ 'પૅશન' એનું 'મિશન' બની ગયું.

એ ફરી વળી, એકલી દીકરી ઝનૂન લઈને નીકળી પડી. એ લોકો સાથે રાત-દિવસ રહી, એમની સાથે રોટલો ને ચટણી ખાધી, એ આ ભટકતી જાતિમય બની ગઈ. પોતે ભટકતી-ભમતી થઈ ગઈ. કોઈ પણ કાર્ય સાથે આત્મસાત થવાય તો જ એને પૂરો ન્યાય આપી શકાય. બસ એક જ ધૂન, આ ભટકતી જાતિને સરકાર પાસેથી ઓળખપત્ર અપાવવું, એને એના બંધારણીય અને માનવીય હક્કો અપાવવા, એને સ્વમાનપૂર્વક રોજગાર મળે એવા પ્રયત્નો કરવા, અને આ જાતિના બાળકોને શિક્ષણ અપાવવું જેથી હવે એ સ્ત્રીઓ દેહવ્યવસાયના રસ્તે ન જાય, અને નવા ગુનેગારો ન સર્જાય. જાણે આપણા પૂર્વ સમાજે જે સમાજ પ્રત્યે અન્યાય કર્યો હતો એનું પ્રાયશ્ચિત્ત કરવા એકલી એક દીકરીએ હોડ કાઢી.

આ મિશનમાં સરકારી વહીવટકારો તરફથી એને ઘણાં કડવા અનુભવો થયા. સાધન વગર એ રખડી, અને અનેક નિરાશાઓનો સામનો કર્યો.

આવી નિરાશાની પળોમાં ઇશ્વરે એની મદદ કરી અને લીલાધરભાઈ તેમજ અન્ય સેવાયજ્ઞધારીઓનો પરિચય થયો. મિત્તલના મિશનનો ઝાંખો થતો દીપ પ્રજ્વલિત થયો.

તા. ૩૦મી ઑક્ટોબરે સાંજે છ વાગે મુંબઈના સેવાભાવી જાગૃત નાગરિકો, શ્રેષ્ઠિઓ અને પત્રકારો સમક્ષ મુંબઈના માટુંગા-સ્થિત સમતા હોલમાં આ બધી વિગતોનો સ્લાઈડ શો દ્વારા વિગતે

અહેવાલ અપાયો ત્યારે ત્યાં બેઠેલા સૌ ઋજુ હૃદયીઓનું અંતર ભીનું થઈ ગયું.

પ્રારંભમાં રશ્મિભાઈ સંઘવીએ–(જેઓ સી.એ. છે અને મુંબઈની વડાલાની ફૂટપાથ ઉપરનાં કેટલાંક ઝૂંપડાઓના પુનર્વસન માટે પૂરા કાર્યરત છે, અભિનંદન) આ પ્રવૃત્તિનો અહેવાલ આપ્યો. ત્યાર બાદ શ્રી લીલાધર ગડા–અધાએ (૦૯૮૭૯૫૦૬૦૫૯) આ વિચરતી જાતિને થયેલા અને વર્તમાનમાં થઈ રહેલા અન્યાયોના સવિસ્તાર દાખલાઓ આપ્યા અને પછી મિત્તલે તો અસ્ખલિત વાણીમાં પોતાને થયેલાં જે જે અનુભવો કહ્યાં એ અભિવ્યક્તિથી તો પ્રત્યેકની પાંપણમાં ભીનાશ છવાઈ ગઈ.

મિત્તલે આ જાતિની રોજગારી, ઓળખપત્ર વિશેની વિગતે વાત તો કરી, પણ એનો મુખ્ય ધ્યેય આ વર્ગના બાળકોને શિક્ષણ આપવાનો છે, જેથી નવા ગુનેગારો અને દેહવ્યવસાયી પેદા ન થાય. જીવનભર, જન્મજાત અપમાનિત અને ગુનાખોરીના વાતાવરણમાં ઉછરેલા આ સમાજને શિક્ષણના વાતાવરણમાં લઈ જવા એ પણ એક કપરું અને વિકટ કાર્ય છે.

આવા શિક્ષણ માટે મકાન તો કોણ આપે ? એટલે મિત્તલે કાર્યકરો એકત્ર કરી આવી શાળા ગામને પાદરે ઝાડની નીચે શરૂ કરી. આવી એક વૃક્ષછાયા શાળામાં એ જાતિમાંથી બાળકો–બાલિકાઓને શોધી લાવી અક્ષરજ્ઞાન અપાવે. એક વૃક્ષછાયા શાળામાં લગભગ ૪૦ની સંખ્યા અને એક બૉર્ડ, પુસ્તક, આહાર વગેરેનો ખર્ચ વરસે રૂા. ૨૫,૦૦૦ હજાર આવે.

મિત્તલની આ અપીલના પ્રતિભાવરૂપે ત્યાં મારી બાજુમાં બેઠેલા શ્રી વસનજીભાઈ ગડા અને અમારા નીતિનભાઈ સોનાવાલાએ બે વરસના ખર્ચની જવાબદારી લીધી અને પછી તો ઘણાં શ્રેષ્ઠિઓ આ દાદને અનુસર્યા. સર્વને અભિનંદન.

સેવાભાવી અનુભવીઓની સહાયથી અમદાવાદમાં 'વિચરતા સમુદાય સમર્થન મંચ' એ સંસ્થાની સ્થાપના થઈ. કવિ માધવ રામાનુજે પ્રમુખસ્થાન સંભાળ્યું ને કાર્યરત થયા, અને મિત્તલ તો આ મિશનનું રસાયણ બની ગઈ છે જ–૦૭૯-૨૬૮૨૧૫૫૩/ ૦૯૦૯૯૯૩૬૦૧૧.

પૂ. મોરારિ બાપુના હૈયે આ વાત વસી ગઈ અને એક 'રામકથા' આ સરનામા વગરની જાતિને એઓશ્રીએ અર્પણ કરી છે.

આવી જાતિ પ્રત્યે આપણા પૂર્વ સમાજે કરેલા અન્યાયનું પ્રાયશ્ચિત્ત પ્રત્યેક આધુનિક માનવીએ કરવાનું હોય. એ કર્મક્ષય અને અપરિગ્રહનો ઉત્તમ માર્ગ છે. આવા સમાજને સહાય કરવાથી નવા શુભ કર્મનું આત્મતત્ત્વમાં રોપણ થાય છે. મહાનગરના સાધનસંપન્નો તો પોતાના એક બાળકના શિક્ષણ માટે પચ્ચીસ હજાર દર મહિને ખર્ચે છે. અહીં તો આ રકમમાં ૪૦ બાળકોને શિક્ષણ અને સંસ્કાર વર્ષ દરમિયાન મળશે અને આ બાળકોના આનંદ-કિલ્લોલ અને એના માતાપિતાની ઠરતી આંતરડીનું પુણ્ય આપણા એક બાળકની પ્રગતિમાં ઉમેરાશે, તો શુભના કેટલા ગુણાકાર થશે એની કલ્પનાનો આનંદ જ આપણામાં નવા પ્રાણનું ઉમેરણ કરશે.

આવો પ્રકાશ અને પુણ્ય સર્વેના હૃદયમાં પ્રગટો એવી પરમ શક્તિને પ્રાર્થના !

❑ ધનવંત શાહ
drdtshah@hotmail.com

જૈન સાહિત્ય જ્ઞાનસત્ર–૭ ઘાટકોપર પારસધામ ખાતે યોજાશે

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન સેન્ટર આયોજિત શાસન અરુણોદય પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.ની પાવન નિશ્રામાં ઉવસ્સગહરં સાધના ટ્રસ્ટ પ્રેરિત ગુણવંત બરવાળિયા સંયોજિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૭ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને તા. ૮ અને ૯ ડિસેમ્બર, '૧૦ના પારસધામમાં યોજાશે જેમાં ડૉ. જિતેન્દ્ર શાહ તથા ડૉ. ધનવંત શાહ અને ડૉ. બિપિન દોશી સત્રના અધ્યક્ષસ્થાને રહેશે. વિષયો નીચે પ્રમાણે છે:

- ચતુર્વિધ સંઘને સાંકળતી કેડી–સમણ શ્રેણી, સુવ્રતી સમુદાય કે ધર્મ પ્રચારકની આવશ્યકતા સ્વરૂપ નિયમો.
- જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા
- જીનાગમ : આત્મ-સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

વિદ્વાનોએ સ્વીકૃતિપત્ર તા. ૨૫-૧૧-૧૦ તથા નિબંધો તા. ૦૨-૧૨-૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સંપર્કસૂત્ર : gunvant.barvalia@gmail.com
Mobile : 9820215542
૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર

અવસર

શ્રી શામજીભાઈ (અમર સન્સ)નું સન્માન

ઉદારચિત દાતા, સામાજિક અગ્રણી, મુંબઈના સુપ્રસિદ્ધ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ અમર સન્સના શ્રી શામજીભાઈ ટોકરશી વોરાના તા. ૧૦-૧૦-૨૦૧૦ના પૂરાં થતાં ૭૫ વર્ષ નિમિત્તે અમૃત મહોત્સવ વર્ષ સમિતિ તરફથી ટર્ફ ક્લબમાં સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી શામજીભાઈ ઘણી બધી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. સાંપ્રતમાં તેઓશ્રી, કચ્છી જૈન ભાઈઓ માટેની આવાસ યોજના કચ્છી જૈન ફાઉન્ડેશનમાં વિશેષ કાર્યરત છે. તેમના પ્રમુખપદ હેઠળ ડિસેમ્બર સુધીમાં લગભગ ૭૫૦ જેટલાં પરિવારો મુંબઈના દૂરના પરાઓમાં આવાસ મેળવશે.

તેમના સન્માનમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી અશોકરાવ ચવ્હાણ, શ્રીમતી રશ્મિ ઉદ્ધવ ઠાકરે, જયવંતીબહેન મહેતા તેમજ વીરાયતનના સાધ્વી શ્રી શીલાપીજી ઉપરાંત મુંબઈ શહેરના અનેક અગ્રણીઓએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ અર્પી હતી. શ્રી શામજીભાઈ મુંબઈ જૈન યુવક સંઘ સાથે શુભેચ્છક તરીકે વર્ષોથી સંકળાયેલા છે. એઓશ્રીને એઓશ્રીના સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘ આયુષ્ય માટે પરમાત્માને પ્રાર્થના.

–પ્રમુખ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સત્ય ધર્માય દૃષ્ટયે

❑ ભાગ્યેશ જહા

(વિદ્વાન લેખક આઈ.એ.એસ ઑફિસર–સનદી અધિકારી છે. વર્તમાનમાં ગુજરાત સરકારના સાંસ્કૃતિક વિભાગના વરિષ્ટ સચિવ છે. વિદ્યા ક્ષેત્રે સંસ્કૃત ભાષાના પંડિત છે. ઉત્તમ વક્તા છે. 'પહાડ ઓગળતા રહ્યા' એ શીર્ષકથી એમનો કાવ્ય સંગ્રહ છે.)

પૂજ્ય ધનવંતભાઈના અત્યંત પ્રેમાગ્રહ અને ઈશ્વરકૃપાથી આજે જગતના સૌથી અઘરા વિષય પર કંઈક વાત કરવી છે. જો કે પ્રારંભમાં એટલું કહેવાની ઈચ્છા તો થઈ આવે છે કે આ પ્રવચનમાં ઉચ્ચારાતો શબ્દ એ પેલા ઋષિવિધાનોનો પ્રતિધ્વનિમાત્ર છે. 'ઇતિ શુશ્રુમ ધીરાણાં' એ ઉપનિષદવાક્ય, આમ બુદ્ધિશાળી મહાનુભાવો કહી ગયા છે, તે નમ્રતાના ભાવ સાથે વાતનો પ્રારંભ કરવો છે.

આ જગતના પ્રારંભથી જ મનુષ્ય પોતાના અસ્તિત્વનો અર્થ પામવા મહેનત કરતો રહ્યો છે. એ વેદકાળના ઋષિઓની દ્રવીભૂત ચેતનાના સામગાન હોય કે એથેન્સમાં સોક્રેટીસ-પ્લેટોના સંવાદો હોય, કે મહાવીરપ્રભુની ઘોર તપસ્યા હોય, બૌદ્ધભિખ્ખુઓના વિહાર હોય, સૌ યત્નોમાં, ભાષાની ભંગિમાઓમાં, નૃત્યમાં બધે મનુષ્ય ચેતનાના સાચા સ્વરૂપને, યથાતથ પામવા માટે મથામણ કરી છે. અને જે એક તત્ત્વની અહર્નિશ ઉપાસના કરી છે તે તત્ત્વ સત્ય છે. આ 'સત્ય' શબ્દ જ સત્ ધાતુ પરથી આવેલો છે. એ રીતે અસ્તિત્વ અને સત્ય એક જ ફળના અને તત્ત્વજ્ઞાનમાં સમાન અર્થછાયાઓ પ્રગટાવતી સંજ્ઞાઓ ગણાય છે, ગવાય છે, ચર્ચાય છે. આજ પર્યંત જગતની બધી સંસ્થાઓ જેમાં મનુષ્યે શ્રદ્ધા મૂકી છે તે બધી સંસ્થાઓની મથામણ આ સત્યની પ્રસ્થાપના જ રહી છે. આપણી ધાર્મિક, સામાજિક, ન્યાયિક કે રાજકીય વ્યવસ્થાઓ એક યા બીજા સ્વરૂપે આ સત્યની જ ઉપાસના કરતી હોય તેવું જોવા મળે છે. વેદના ઋષિએ આવી જ ક્ષણે ઉચ્ચારેલા મંત્રમાં 'એકમ સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ'માં જાણે કે સત્ય બાબતનું એક સનાતન સત્ય ઉચ્ચારાયું છે. અનેકાન્તવાદનો પાયો પણ સત્યશોધકના મનની મોકળાશ, એના ખુલ્લાપણાનો યુગઘોષ છે. આ પરમ સત્યના આભાસોએ અથવા તેના અજ્ઞાને જગતમાં અનેક અનર્થો સર્જ્યા છે. મનને ધરતીકંપનો અનુભવ થાય તેવા યુદ્ધો ખેલાયા છે. ક્યાંક ઇશુને ખીલે દીધા છે તો ક્યાંક સોક્રેટીસને ઝેર દીધું છે. પણ જગતમાં સમયે સમયે કો'ક મહાવીરે, કો'ક બુદ્ધે કે ગાંધીએ કે ટોલ્સટોયે જગતને પ્રકાશિત કરી શકે તેવી રીતે આ સત્યની યુગપ્રવર્તક ઘોષણા કરી છે. પંડિત સુખલાલજીથી પ્રારંભાયેલ આ સત્યશ્રવણની પરંપરા ધનવંતભાઈ જેવા સંતપુરુષો આ કળિયુગમાં પણ નિભાવી રહ્યા છે તે મનુષ્યના માટે એક આશ્વાસન છે.

'સત્ય ધર્માય દ્રષ્ટયે' એ ઇશોપનિષદના પંદરમાં મંત્રમાં ઉચ્ચારાય છે. જે મંત્ર આ પ્રમાણે છે.

'હિરણ્યમયેણ પાત્રેણ સત્યસ્યાપિહિતમ્ મુખમ્,
તત્ત્વમ્ પૂષન્નપાવૃણુ સત્યધર્માય દૃષ્ટયે।।૧૫।।'

અર્થાત 'સુવર્ણમય પાત્ર વડે સત્યનું મુખ ઢંકાયેલું છે. હે (સૌના) પોષણદાતા (ઈશ), મને સત્યનું દર્શન થાય તે સારુ તે ખોલી આપ.'

આ મંત્રના ચોથા ચરણને આજે સમજવાનો પ્રયાસ કરવો છે.

આ ઉપનિષદ માનવતાના ઇતિહાસમાં ઉચ્ચારાયેલ અદ્‌ભુત વિધાનો છે. સત્યને આટલું મુક્તરીતે સાંભળવું એ પણ એક લ્હાવો છે. કારણ જ્યારે પણ સત્ય ઉચ્ચારાયું છે ત્યારે કાંતો એને તત્ક્ષણ જ નબળા પાડવાના પ્રયત્નો થયા છે, કાંતો એને અર્ધસત્ય કે કોઈ માલિકીહકની જટાજાળમાં ધકેલી દેવાયું છે. આ રીતે સત્યનું આકલન ચોવીસ કેરેટનું છે. આ આજની વિભિષીકા છે એટલા માટે આધુનિક પત્રકાર અને લેખક ગુરુચરણદાસ આ વર્ષમાં આપણને સરસ પુસ્તક આપે છે, 'ધી ડીફીકલ્ટી ઓફ બીઈંગ ગુડ.'

સત્યનો અને ગુજરાતનો સંબંધ પણ જાણીતો છે. વિશ્વમાનવ ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' આજે પણ ગુજરાતી ભાષાનો આગવો શણગાર છે. સ્વામી દયાનંદે ધર્મની નવી વ્યાખ્યાઓ કરીને જે પુસ્તક લખ્યું તે પણ 'સત્યાર્થ પ્રકાશ'ના નામે આજે પણ ધર્મચિંતનની એક ધરોહર છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામે જગતને જે શબ્દની ભેટ આપી તે 'સત્યાગ્રહ' જગતની અહિંસક ચળવળનું આજે પણ ચાલકબળ ગણાય છે. મિત્ર વિનોદ ભટ્ટે કહેલી એક રમૂજ યાદ આવે છે; એકવાર સરોજિની નાયડૂએ ગાંધીજીને પૂછેલું કે જગતમાં સૌથી સુંદર સ્ત્રી કોણ છે. સરોજિની નાયડૂને આશા હતી બાપુ સરોજિનીને જ આ બિરુદ આપશે, પણ ગાંધીજીએ કહ્યું 'કસ્તુરબા'. થોડા સમય પછી સરોજિનીબેન કસ્તુરબા સાથે કોઈ અન્ય વિષયની ચર્ચા કરતા હતા ત્યારે કસ્તુરબાએ કદાચ બે-ત્રણ વાર સરોજિનીના રૂપ કે સ્વભાવના વખાણ કર્યા હતા, ત્યારે ધીરે રહીને સરોજિની નાયડૂએ બાપુનો જગતની સૌથી સુંદર સ્ત્રી 'કસ્તુરબા' છે તેવો બાપુનો અભિપ્રાય કહ્યો. કસ્તુરબા તરત જ બોલ્યા, બાપુ કોઈ દિવસ ખોટું બોલે નહીં.

સત્ય માટે જીવનાર અને મરનાર અનેક મહાપુરુષોના ઉદાહરણોથી ભારતનું જનજીવન ભર્યુંભાદર્યું છે. યુધિષ્ઠિર અને રાજા હરિશ્ચન્દ્રની કથાઓ આપણી ગળથૂથીમાં સત્યનું પ્રતિસ્થાપન કરતી રહી છે. ગુરુચરણ દાસનું છેલ્લું પુસ્તક 'ધી ડીફીકલ્ટી ઓફ બીઈંગ ગૂડ' એક તદ્દન નવી રીતે મહાભારતને તપાસે છે. દરેક યુધિષ્ઠિરનો પિતરાઈ ભાઈ દુર્યોધન હોય છે. યુધિષ્ઠિરથી શરૂ કરીને સત્યનિષ્ઠાથી જીવતા અનેક લોકોએ સત્યની રાહે જીવતા જીવતા અનેક કસોટીઓમાંથી પસાર થવું પડે છે. 'સતામ્ સદ્ભિઃ સંગં કથમપિ પુણ્યેન ભવતિ' એ કહેવત ઘેર ઘેર અને શેરી શેરીમાં સાચી પડતી જણાય છે. તો સ્વાતંત્ર્યની વિશ્વસ્વીકૃત વ્યાખ્યામાં ગુરુદેવ રવીન્દ્રનાથ

ટાગોરે પણ સત્યનો મહિમા કર્યો છે આ રીતે;

`Where the mind is without fear
And the head is held high,
Where knowledge is free,
Where words come out from
The depths of truth,
Where tireless striving
Stretches its arms towards perfection,
Where clear reason has not
lost its way into dreary desert
of dead habit,
Into that heaven of freedom
My father let my country awake.'

Rabindranath Tagore

સત્યને આપણે બે રીતે તપાસવું છે, લૌકિક સત્ય અને આધ્યાત્મિક સત્ય.

સત્ય વિશેની ચર્ચાનો આપણે પ્રારંભ કરીએ તે પહેલાં હું ત્રણ ઉદાહરણ કે કિસ્સા આપની મનોભૂમિમાં રોપી દેવા માંગું છું.

(એક) એકવાર એક કૉલેજમાં સીલેબસમાં 'સત્યના પ્રયોગો'નું પુસ્તક ન રાખવું, કારણકે આમ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ સત્યના પ્રયોગોની કાપલીઓ લાવશે અને તેનાથી સત્યની કુસેવા થશે. અહીં પ્રશ્ન એમ છે કે સત્યના પ્રયોગોથી દૂર રાખવાના પ્રયાસો તે સુવર્ણમય પાત્ર છે કે કાપલી, અને કાપલી થકી ખુલ્લું પડનારું સમાજજીવનનું ખોખલાપણું.

(બે) મારા જીવનનો એક પ્રસંગ કહેવાની ઈચ્છા થઈ આવે છે. મને એક સ્વામીએ સવારે વહેલા બોલાવ્યા, સવારે ચાર વાગ્યે. જે લોકોને નડિયાદની જૂની વ્યવસ્થા યાદ હશે એ લોકો જાણતા હશે કે નડિયાદમાં જેલ રેલ્વે સ્ટેશનની બાજુમાં અને મુખ્ય રસ્તા ઉપર જ હતી. શિયાળાની વહેલી સવાર હતી, ખાસ્સી ઠંડી હતી. હું મુખ્ય રસ્તા ઉપર જ હતો. શિયાળાની વહેલી સવાર હતી, ખાસ્સી ઠંડી હતી. હું જિલ્લા મેજિસ્ટ્રેટ પણ હતો, તે જેલ આગળથી પસાર થતો હતો ત્યારે એક દૃશ્ય જોયું.

બહાર રોડ પર કેટલાક લોકો ફૂટપાથ પર સૂતા હતા. ઠંડી હાડ ધ્રુજાવે એવી હતી. મેં પણ બે સ્વેટર પહેર્યા હતા. પણ એક ફાટેલી ચાદરમાં એક પરિવાર પોતાને માંડ માંડ ઢાંકતું હતું. મેં સહેજ નજર બહાર કરી, પેલા કુટુંબો તરફ નજર ગઈ. એક ગરીબ માણસે જો ધાર્યું હોત તો એકાદ નાના ગુનામાં પણ પકડાઈ જવાનું વિચાર્યું હોત તો જેલમાં રોડ કરતાં વધારે સગવડો સાથે રહેતો હોત. આ માણસ અને જેલની વચ્ચે ઉભેલી દિવાલ વાંચવાનો મેં પ્રયત્ન કર્યો. મને જણાયું કે દરેક માણસની આંખમાં પ્રભુએ એક એવું તેજ આપ્યું છે જે તેને સત્યના પક્ષે રહેવા માટે જાગૃત કર્યા કરે.

(૩) ત્રીજું ઉદાહરણ એક ડૉક્ટરે ઉચ્ચારેલું નિર્દોષ જૂઠાણાનું છે. એક બહેનના પતિને કેન્સર થયેલું. ડૉક્ટરે બહેનને બતાવ્યું નહીં, તપાસ કરીએ છીએ વ. વ. જણાવી આખી વાતને છુપાવી રાખી પણ પછી તો કેમોથેરેપી ચાલી અને છેલ્લે પે'લા ભાઈનું મૃત્યુ થયું. ત્યારે પે'લા બહેને ડૉક્ટર સાથે મીઠો ઝઘડો કર્યો. તમે મને શા માટે સાચેસાચું ન કહી દીધું. ડૉક્ટરે બહુ નિખાલસતાથી સ્વીકાર્યું કે હું મનના વિષાદને જો પંદર દિવસ પણ વિલંબમાં નાખી શકું તો નાખવા માંગતો હતો.

પહેલા ઉદાહરણમાં નર્યો દંભ હતો, અસત્યના પ્રવર્તનને ઢાંકપિછોડો કરવાનો એક બાલિશ પ્રયાસ હતો, તો બીજામાં સામાન્ય માણસની અજાણ્યે સામાન્ય માણસ દ્વારા થતી સત્યનિષ્ઠાની પ્રતિષ્ઠા જોવા મળે છે. જ્યારે ત્રીજામાં 'सत्यं ब्रुयात, प्रियं ब्रुयात्' વાળો મંત્ર ગુંજે છે.

આધ્યાત્મિક ક્ષેત્રના સત્યમાં લૌકિક જોકે આવા સત્ય પણ ઢંકાયેલા ન હોય તેવું નથી. કારણ કે આપણે જે યુગમાં જીવીએ છીએ તે સ્પર્ધાનો અને માર્કેટીંગનો યુગ છે. અહીં જાહેરાતોમાં અને સમાચારોમાં અનેકવાર સત્યને ઢાંકવાની કલાને માર્કેટીંગ કહેવામાં આવે છે. કોઈ સાબુથી તંદુરસ્તી આવી ન જાય કે કોઈ ચોક્કસ પ્રકારનું કાપડ તમને 'પરફેકટ મેન' ન બનાવે. મીડીયામાં ચાલતી ટ્રાયલો વિશે તો જેટલું ઓછું બોલીએ તેટલું સારું! એક જોકથી જ મારા કટાક્ષને અસરકારક રીતે રજૂ કરી શકાશે.

એક વાર એક બાપુ મારતે ઘોડે જઈ રહ્યા હતા, ઘણા લોકોએ હાથ જોડી બાપુને પોકાર્યા. પણ સાંભળે તો બાપુ કેવા...એ તો જતા રહ્યા. અડધા કલાક પછી બધાના આશ્ચર્ય વચ્ચે બાપુ થાકેલા ચહેરે પાછા આવ્યા. લોકો જેમણે થોડા સમય પહેલા એમને મારતે ઘોડે જતા જોયા હતા તે સૌએ એકી શ્વાસે બાપુને પૂછ્યું, 'બાપુ! કાં પાછા આવી ગીયા? કીયા ગામ જઈને આવીયા, બાપુ?' લોકોને આશ્વાસન આપતાં બાપુએ કહ્યું, 'ઈ તો, હામે ગામ ગયો'તો. કો'કે કહ્યું ધીગાણું થીયું છે.' લોકો ઉત્સુકતા વધારીને તેમની કેડ પર ભરાવેલી તલવાર જોઈ રહ્યા હતા. 'પછી બાપુ!' એકજણે પૂછ્યું. કોઈએ વળી એવું એ પૂછી નાખ્યું: 'તો બાપુ પાછા કાં ફર્યા?' બાપુએ કહ્યું: 'ન્યાં'તો હાચુકલું ધીંગાણું હતું. મને તો ઈમ કે આ તો હમાચાર હશે.'

સત્ય વિશે દરેક યુગમાં ચર્ચા થયેલી છે. પણ આજના યુગમાં જ્યારે મીડીયાની આટલી પ્રચુર માત્રામાં હાજરી છે, જ્યારે આપણા ઘરમાં ટીવીમાં અનેકગણી હિંસા રોજ બતાવવામાં આવે છે ત્યારે આઈટી શબ્દ પણ તેની મુદ્રા બદલે છે. અગાઉ આઈટી એટલે ઇન્ફોર્મેશન ટેકનોલોજી કે ગુજરાતીઓ માટે ઈન્કમટેક્ષ જેવો અર્થ થતો હતો પણ હવે આઈટી એટલે ઈન્ટેલેક્ચ્યુલ ટેરરીઝમ ગણાય છે. આ સત્યસંહારમાં મીડીયા એવી ભૂમિકા ભજવે છે જેમાં અમે બતાવીએ એ જ તમારે જોવાનું. અમે કહીએ એ જ સાંભળવાનું. આને કારણે સત્યશોધ માટેની ઈન્દ્રિયનો જ જાણે કે ક્ષય થઈ રહ્યો છે.

અહીં બૃહદારણ્યક ઉપનિષદનો એક મંત્ર યાદ આવે છે, 'तस्योपनिषत् सत्यस्य सत्यमिति। प्राणा वै सत्यम्। तेषां एष सत्यम्।'

જુઓ, સાંભળો, તૈતરીય ઉપનિષદ (શિક્ષાવલ્લી; અનુવાક-૨)માં બ્રહ્મનું વર્ણન આ પ્રકારનું છે જે બતાવે છે કે સત્યની પ્રતિષ્ઠા ઉપનિષદને પાને પાને જોવા મળે છે.

'આકાશશરીરં બ્રહ્મ।
સત્યાત્મ પ્રાણારામં મન આનન્દમ્।
શાન્તિસમૃદ્ધમ્ અમૃતમ્।
ઇતિ પ્રાચીનયોગ્ય ઉપાસ્વ।।'

જૈન ધર્મની ત્રણ પ્રવર્તક સંજ્ઞાઓ છે, સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચારિત્ર્ય. રમણભાઈનો જાદુ આવા પારિભાષિક શબ્દને એકદમ સરસ બનાવીને પીરસવામાં છે. આ સમ્યકત્વ એટલે સારાપણું, સાચાપણું. સમ્યક દર્શન એટલે ધર્મમાં શ્રદ્ધા, દેવકાર્યમાં સાચી રુચિ, સાચું આત્મદર્શન. વેદાંતમાં એક સરસ પારિભાષિક શબ્દ વપરાય છે. દ્રગ-દ્રશ્ય-વિવેક. સાચા દર્શન વિના સમ્યકજ્ઞાન ઉપલબ્ધ થાય નહીં. સમ્યકજ્ઞાન એટલે સાચું જ્ઞાન. જ્ઞાન એ ચેતનાને પરિષ્કૃત કરતી ઉપાસના છે. આજના યુગમાં માહિતીને જ્ઞાન માની લઈએ તેવું જોખમ છે ત્યારે જૈન તત્વદૃષ્ટાઓએ આપેલી આ સંજ્ઞા અત્યંત ઉપયોગી છે સત્યની ઉપાસનામાં. સમ્યકદર્શન થાય, સમ્યકજ્ઞાન થાય પણ જો આ વાત આચારમાં પરિણમે નહીં તો અર્થ જ ન રહે એટલા માટે, સમ્યકચારિત્ર્યની વાત અનિવાર્યપણે કરવામાં આવે છે. આમ મોક્ષમાર્ગના આ ત્રણ અનિવાર્ય સોપાનોના મૂળમાં સત્ય છે. જે દર્શન થાય, જે જ્ઞાન પ્રાપ્ત થાય કે જે ચારિત્ર્યનું નિર્માણ થાય તે સર્વમાં સત્યનો પાયો હોવો આવશ્યક જ નહીં અનિવાર્ય છે.

જૈન ધર્મમાં આચારનું ખૂબ મહત્વ છે. સંસારીઓએ અને સાધુઓએ કેવી રીતે પોતાના આચારને પરિષ્કૃત કરવાનો તેની ખૂબ ઝીણવટભરી વિગતો શાસ્ત્રોમાં મળે છે. પર્વાધિરાજ પર્યુષણ પણ આવા જ આચારવિજ્ઞાનનું વાર્ષિક શાહી સ્નાન છે. આ આધ્યાત્મિક વલણને કારણે જૈનજીવન દર્શનમાં પાંચ મહાવ્રતોનું મહાત્મ્ય ખૂબ છે. આ પાંચ મહાવ્રતો છે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય. ગાંધીજી કહેતા મારા જીવનમાં ત્રણ વ્યક્તિઓનો ભારે પ્રભાવ હતો, ટોલસ્ટોય, થોરો અને શ્રીમદ્ રાજચંદ્રજી. આ ત્રણેય મહાપુરુષો સત્યના મહાઉપાસકો. જૈન ધર્મમાં સત્યનું આ મહત્ત્વ જ અંતતોગત્વા શાલીન સમાજ ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે.

મને જેનું અત્યંત આકર્ષણ છે તે તો જૈન ધર્મની સત્યનિષ્ઠાનો પાયાનો પથ્થર છે, તે છે અનેકાન્તવાદ. અનેકાન્તવાદ એટલે દરેક વસ્તુને, બાબતને, બનાવને અનેક અંત હોય છે એટલે એને સમગ્રપણે તપાસવી જોઈએ. આનાથી વધારે અસરકારક સત્યની ઉપાસના માટેની રીત ન હોઈ શકે. અનેકાન્તવાદનું સૌન્દર્ય એ છે કે સત્ય સુધી પહોંચવાનો એક આદર્શ રસ્તો છે. સમગ્ર મેનેજમેન્ટનું જે વિજ્ઞાન આ સદીમાં વિકસી રહ્યું છે તે આ અનેકાન્તવાદના સિદ્ધાંત પર આધારિત છે. આ કામ, આ પ્રોજેક્ટ અન્ય રીતે પણ થઈ શકે તેમ છે.

ઋષિકવિ જે સત્યધર્મની વાત કરે છે એના પૂરા સંદર્ભમાં સમજવા જેવી છે. આ મંત્રમાં સત્યધર્મ માટે જે ઉદ્‌ઘોષ છે તે આ પ્રકારે જોવા મળે છે.

(૧) સત્યનું મુખ ઢંકાયેલું છે.
(૨) આ સત્યનું મુખ હિરણ્યમય પાત્રથી ઢંકાયેલું છે.
(૩) હે સૂર્ય! તમે તેને ખોલી આપો,
(૪) જેથી હું સત્યધર્મના દર્શન કરી શકું.

અહીં લૌકિક સત્યની વાત નથી.

ઋષિકવિ દ્વારા ઈશોપનિષદની પ્રાર્થનાના સંપુટમાં આ પ્રથમ મંત્ર છે. આ મંત્ર સાધકની મનોસ્થિતિને રજૂ કરતો મંત્ર છે. પહેલાં તો સત્યનું મુખ ઢંકાયેલું છે, સત્ય એમ સહેલાઈથી દેખાતું નથી. આમ જોઈએ તો યુગોથી મનુષ્ય બુદ્ધિએ સત્યને શોધવાના અનેક પ્રયત્ન કર્યા છે. અહીં સત્યનું મુખ અંધકારથી નહીં પણ હિરણ્યમય પાત્રથી ઢંકાયેલું છે. આ હિરણ્યમય પાત્ર શું છે. એની સમજણ માયા કે યોગમાયા કહે છે. વિનોબાજી આ યોગમાયા એ સંસારની જટાજૂટ રચનામાં અટવાઈ જતા માનવમનની ઉર્ધ્વગતિમૂલક સૂત્ર ગણે છે આ મંત્રને. આપણો સામાન્ય ખ્યાલ એવો છે કે 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે, તું લઈ જા'. અર્થાત્ મનુષ્યનો સત્યનો સાક્ષાત્કાર અંધારના પડને લીધે, આડશને લીધે અટકી પડે છે. એક અર્થમાં એ સમજ સાવ ખોટી નથી પરંતુ, ઋષિકવિ આ મંત્રમાં એક જુદા ડાયમેન્શનથી, એક જુદા દૃષ્ટિકોણથી સત્ય વિષેનું સત્ય સમજાવે છે. ઋષિનું કહેવું છે કે જે ઝાકઝમાળ છે, તે સાધકને ફસાવી રહ્યું છે. આ હિરણ્યમય મુખ એ સંસારના સુખ જેવા લાગતા પરિબળો તરફ અંગૂલિનિર્દેશ કરે છે. એક પાત્રના બાહ્ય સ્વરુપમાં દેખાતો પ્રકાશ છે અને બીજો અસ્સલ આત્માનો દિવ્ય પ્રકાશ છે. આ બાહ્ય પ્રકાશનું આવરણ મનુષ્યને પે'લા દિવ્ય પ્રકાશની તરફ થતી ગતિ અટકાવી દે છે. એક બીજી દૃષ્ટિએ જોઈએ તો દિવ્ય પ્રકાશ પામતાં પહેલાં, તુરત પહેલાં, આ ઝગમગાટ સ્તર આવે છે જ્યાં સાધક અંજાઈ જાય છે. આ દિવ્ય પ્રકાશ પામવા પહેલાનું છેલ્લું પગથિયું છે. આ ચળકતું, ઢંકાયેલું સ્ટેજ અતિક્રમી શકાય તો મનુષ્ય માટે દિવ્યપ્રકાશ પામવો સરળ બને છે. જેમકે ગીતામાં કહે છે,

ન તત્ર સૂર્યો ભાતિ, ન શંશાકો, ન પાવક:।
યદ્ ગત્વા ન નિવર્તન્તે, તદ્ધામં પરમં મમ્ ।।

આ સત્યનો પ્રકાશ પામવા માટેની આપણા સૌની મથામણ છે. આપણા વ્રતો, ધ્યાન બધું જ અંતતોગત્વા આ સત-તત્ત્વને પામવા મથે છે. જે અસ્તિત્વને એના સાચા સ્વરુપે રજૂ કરે છે, જે સત્ છે. આની જાગૃતિ આપનાર ચિત્ત છે, અને આ જાગૃતિ સાથે પરમ સત્યના દર્શન થતાં જે આનંદ થાય છે તે સચ્ચિદાનંદ છે. મનુષ્યનું, વિશેષ કરીને સાધકના જીવનમાં આ પ્રકારની સચ્ચિદાનંદ અવસ્થા એકમાત્ર ઇચ્છનીય ગંતવ્યસ્થાન હોય છે. અહીં જ સાધક વિતરાગી અને કેવળી જ્ઞાનની જાગૃતિને પામે છે. પર્યુષણ આવા સત્ય ધર્મના દર્શન માટેનો સાધનાપથ છે. સત્યનો ધર્મ અને ધર્મના સત્યની આવી દિવ્ય અનુભુતિ સૌને મળો એ જ પ્રાર્થના. ✷✷✷

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૭૬મી પર્યુષણ વ્યાખ્યાન-માળામાં તા. ૯-૯-૨૦૧૦ના આપેલ વક્તવ્ય.)

૯૨૧/૧, સેક્ટર-૪-ડી, ગાંધીનગર-૩૮૨૦૦૬.
મોબાઈલ : ૦૯૯૭૮૪૦૭૬૦૧.

પત્ર ચર્ચા

જૈન ધર્મ : અપરિગ્રહ–શ્રીમંતો

[પ્र.જી.ના જુલાઈ અંકમાં ઉપરોક્ત વિષયના લેખમાં મુરબ્બી શ્રી સૂર્યકાંતભાઈ પરીખનો પત્ર પ્રગટ કરી વિચારવંત વાંચકોને એ વિષય પરત્વે ચર્ચાનું નિમંત્રણ આપ્યું હતું. એ સંદર્ભે 'પ્र.જી.' ના ઑક્ટોબરના અંકમાં અમે ત્રણ પત્રો પ્રસ્તુત કર્યા હતા.

હવે આ અંકમાં વધુ બે પત્રો 'પ્र.જી.' ના વાચકો માટે પ્રસ્તુત કરીએ છીએ.

જુલાઈના એ અંકના તંત્રી લેખ અને મુરબ્બી શ્રી સૂર્યકાંતભાઈએ પુસ્તક-'વી ગીવ અવે એ ફોર્ચ્યુન' એ અંગ્રેજી પુસ્તકનો ઉલ્લેખ કર્યો હતો. આ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર કરાવી એ પુસ્તક પ્રકાશિત કરવા માટે સુજ્ઞ વાંચકોએ શ્રી સૂર્યકાંતભાઈને લગભગ રૂા. દોઢ લાખની ધનરાશિ અર્પણ કરી. પરિણામે ૪૫૦૦ પ્રત છપાઈ અને એ બધી જ 'પ્र.જી.' ના વાચકો તેમ જ અન્ય સુજ્ઞજનોને વિના મૂલ્યે અર્પણ કરાઈ છે. આપને જો એ પુસ્તિકા ન મળી હોય તો 09898003996 ઉપર મુ. સૂર્યકાંતભાઈનો સંપર્ક કરવા વિનંતિ. આ શુભ કાર્ય માટે ધનરાશિ અર્પણ કરનાર વિચારવંતોની યાદી આ લેખને અંતે પ્રગટ કરી છે. આ સર્વે મહાનુભાવોને કોટિ કોટિ ધન્યવાદ. 'વાંચે ગુજરાત–વાંચે ગુજરાતી' આ સૂત્રના યજ્ઞમાં આ સર્વે સહભાગી થયા એ ગુજરાતી ભાષાનું સદ્‌ભાગ્ય...

ઉપરોક્ત લેખના પ્રતિભાવ રૂપે મુરબ્બી શ્રી સૂર્યકાંતભાઈએ 'પ્र. જી.'ને પત્ર લખ્યો છે એ સર્વ પ્રથમ પ્રસ્તુત કરું છું. પછી વાચકોના બે પત્રો પ્રગટ છે...તંત્રી]

પ્રતિ,
શ્રી ડૉ. ધનવંતભાઈ શાહ
માનદ તંત્રીશ્રી 'પ્રબુદ્ધ જીવન'

જુલાઈ-૨૦૧૦ના 'પ્રબુદ્ધ જીવન'માં આપે જૈનધર્મ અને શ્રીમંતો અને અપરિગ્રહ એ મથાળા નીચે જે લેખ લખ્યો છે, તે લેખને કારણે કેટલાંક વાચકોને પ્રેરણા થઈ, અને કુલ્લે ૨૧ જણે મારો સંપર્ક કર્યો. એટલું જ નહિ, પરંતુ તેમાંથી કેટલાક લોકોએ અમારા કામ અંગે મદદરૂપ થવા દાન પણ મોકલ્યું.

ટૂંકમાં એટલું કહેવું છે કે તમારા લેખને કારણે જે પ્રેરણા જ્યાં ઊભી થઈ તેણે કામ કર્યું. આપના એક સાથી એલ. ડી. શાહે તો અમને મોટી રકમ મોકલી એમ પણ લખ્યું કે,'પ્રબુદ્ધ જીવન'ના સર્વે વાચકોને અમે 'વી ગેવ અવે અ ફોર્ચ્યુન'નું ભાષાંતર કરેલું છે તે ચોપડી મોકલી આપવા અમને બધાં સરનામા પણ મળ્યા છે. તેમાંથી ૮૦૦ જણાને આ ચોપડી મોકલી છે. બાકી બીજી ચોપડી મોકલવા માટે મારે ફરીથી બીજી ૨૦૦૦ નકલો છપાવવાની છે. આ છપાવવાનો ખર્ચ પણ મને રૂા. ૪૦,૦૦૦ જેટલો થવાનો છે. દાતાઓના દાનથી અમે એ ખર્ચને પહોંચી વળીશું. પરંતુ તમને કલ્પના નહિ હોય પણ ચોપડીને બુકપોસ્ટ કરવી હોય કે કુરિયરથી મોકલવી હોય તો તે ચોપડીનું ખર્ચ પ્રત્યેક ચોપડી દીઠ રૂા.૧૩-૦૦ પોસ્ટથી મોકલીએ તો અને કુરિયરથી મોકલીએ તો રૂા. ૨૦-૦૦ થાય છે. એ ખર્ચ પણ અમે અત્યાર સુધી જેને ચોપડીઓ મોકલી તે અંગે ભોગવ્યો છે.

આ બધું હોવા છતાં 'પ્રબુદ્ધ જીવન' જેમાં નિમિત્ત બન્યું તે જૈન ધર્મનો મોટો સિદ્ધાંત છે કે નિમિત્ત તરીકે બનવું એટલે એ સિદ્ધાંતની રીતે આ મોટું પુણ્યનું કામ થયું છે. તેમ હું માનું છું. અમારી ચોપડી જેઓ વાંચશે તેઓ પ્રેરણા લઈને સમાજને માટે કંઈકને કંઈક ત્યાગ કરશે એવો મને વિશ્વાસ છે.

(તા. ૪-૧૧-૨૦૧૦) **–સૂર્યકાંત પરીખ**

x x x

ગુરુ દક્ષિણા, ઋણ મુક્તિ અને સેવાયત
(૪)

વિશ્વનો દરેક માનવ ખુશી અને આનંદ શોધે છે. અને તે મેળવવા અથાગ અને તનતોડ મહેનત કરે છે અને માને છે કે ખુશી, ધનદૌલત, પૈસા અને સંપત્તિ હશે તો સહેલાઈથી મળશે. એની બધી જ શક્તિ ધન કમાવા પ્રતિ જ કેન્દ્રિત થયેલી હોય છે. અને આ ઉદ્દેશને સફળતા મળે તે માટે દરેક જાતના વિકલ્પો (સારા-નરસા) અજમાવતો હોય છે. આવી ઉંદરદોડ Rat Race માં અધવચ્ચે અણધાર્યો ઢળી પડે છે. જીવનમાં **બીજાઓ** માટે જીવનમાં શું કર્યું. નિષ્કામ ભાવે, બદલાની આશા વગર કંઈ જ નહિ કર્યું. ચિત્રગુપ્ત ચોપડો ખોલશે ત્યારે કદાચ આંખ ઉઘડશે. પણ ઘણું જ મોડું થઈ ગયું હશે. રહેશે ફક્ત પસ્તાવો અને ગુનેગાર તરીકેની લાગણી. આવી પરિસ્થિતિમાંથી થોડે ઘણે અંશે બચવા એક સરળ માર્ગની મને હાલમાં જાણ થઈ છે. આ સરળ માર્ગ છે ધનના સદ્‌વ્યયનો, સદુપયોગનો અને તેનાથી સધાતિ ઋણમુક્તિ કે ગુરુદક્ષિણા માટે સેવાયજ્ઞ કરવાનો. આ યોજનાનો પ્રચાર અને પ્રસાર કરી ક્રમે ક્રમે વિશ્વભરમાં ફેલાવવાનો દૃઢ નિશ્ચય. યોજનાના પાયામાં નિષ્કામ અને સ્પૃહારહિત 'પ્રેમ'ને સ્થાપો. દરેકને પ્રેમથી સમજાવો. નાની મોટી સફળતા અચૂક મળતી રહેશે અને બુંદે બુંદે સરોવર ભરાશે. બદલામાં 'આપ્યાનો આનંદ' મળવાનો જ છે. આપ્યાના આનંદની તોલે દુનિયાનો બીજો કયો આનંદ આવશે. દૃઢ પ્રભુશ્રદ્ધા અને અમાપ હકારાત્મક વિચારધારા આ શક્ય બનાવશે.

સેવાયજ્ઞની પ્રાથમિક રૂપરેખા:

વર્તમાન પત્રોમાં મેં વાંચ્યું છે કે છેલ્લા દોઢેક વર્ષથી અમેરિકાના

અબજોપતિઓએ પોતાની ચોખ્ખી (NET) મિલ્કતના ૫૦% પચાસ ટકા (અડધો અડધ) રકમ ધ ગીવીંગ ફંડમાં Pledge કરી છે. એટલે કે ભેટ આપવાનું નક્કી કર્યું છે. આ યોજનાના નાણાં લોકહિત અને સામાન્ય વ્યક્તિઓને કલ્યાણકારી, આર્થિક રીતે ઓછા સદ્‌ભાગી મહાશયોને તેમના કુટુંબના વિદ્યાર્થીઓના દરેક જાતના ભણતર, ભણતર વિષયના સંશોધન અને સ્વાસ્થ્યભર્યું તંદુરસ્ત જીવન જીવવાની બધી જરૂરિયાતો માટે મોટી મોટી રકમો નિષ્કામ અને નિસ્વાર્થ ભાવથી ભેટ આપી છે. રકમો ભેટ આપતી વખતે આ દાનવીરો, દાનની રકમનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ એ વિષે તેમના પોતાના વિચારો, ભેટ લેનાર સંસ્થાને વિગતે રૂબરૂ મળી કે પત્ર વ્યવહારથી જણાવે છે જેથી રકમ જ્યારે ખરચાય ત્યારે તે તે દાનવીરોના અંતર ભાવો પરમાર્થ માટે થતા કાર્યમાં પ્રતિબિંબિત થાય. અને એવા પવિત્ર અને હકારાત્મક વિચારો આજુબાજુના વાતાવરણમાં ગુંજતા થઈ મોગરાની મહેક અને ગુલાબનો પમરાટ ફેલાવે.

આવા ઉમદા અને વિરોચિત કાર્યો આરંભવાનો વિચારાંકુર વિશ્વના પ્રથમ પંક્તિના Information Technology આઈ.ટી. સેક્ટરમાં નામાંકિત સદ્‌ગૃહસ્થ શ્રી બીલ ગેટ્‌સ અને એટલા જ મોટા ગજાના વિશ્વના વિમા અને મૂડી રોકાણના ક્ષેત્રના માંધાતા શ્રી વોરેન બફેને આવ્યો. બંન્ને દિગ્ગજોએ હાથ મીલાવી આ Giving Pledge ગીવીંગ પલ્જેની યોજના ચાલુ કરી. ગેટ્‌સ દંપતિએ બીલ ગેટ્‌સ અને શ્રીમતી મેલીન્ડા ગેટ્‌સ દંપતિએ તો આ યોજના હેથળ લગભગ ૨૮ બિલીયન અમેરિકી ડોલર્સ એટલે કે બાર નિખર્વ ભારતીય રૂપિયા એટલે ૧૨,૩૨,૦૦,૦૦,૦૦,૦૦૦ વાપર્યા છે. જ્યારે શ્રી વોરેન બફેએ તો તેમની ચોખ્ખી સંપત્તિના ૯૯% આ યોજનામાં વાપરવા જાહેર સંકલ્પ કર્યો છે.

ગેટ્‌સ દંપતિ (શ્રી બીલ ગેટ્‌સ અને શ્રીમતી મેલીન્ડા ગેટ્‌સ) વિશ્વના જુદા જુદા ભાગોમાં નિરંતર ભ્રમણ કરી સ્થાનિકોને રૂબરૂ મળી તેમની જરૂરિયાતો જાણીને તેમને યથાયોગ્ય મદદ કરે છે તથા વિશ્વના ધનકુબેરોને આ યોજના સમજાવી, આ યોજનામાં રૂચિ જાગૃત કરી શક્ય હોય તેટલો આર્થિક અને નૈતિક ફાળો આપવા પ્રેરીત કરે છે અને એમ આ Giving Pledge ની યોજના ઝડપી ગતિએ વિશ્વના ચિદાકાશમાં પ્રસરી રહી છે અને પમરાટ ફેલાવી રહી છે. પરિણામો ચમત્કારી અને નેત્રદિપક જ હશે.

અમેરિકા પાસેથી આપણે સૌએ અને વિશ્વએ શું શું શીખવાનું અને ખંતથી અપનાવવાનું છે તેની યાદી બનાવવાનું મારૂં જ્ઞાન અને ગજુ નથી, પરંતુ ઉપર જણાવેલ રત્નકણિકા અવશ્ય અગ્રસ્થાને હશે.

ગેટ્‌સ દંપતિ અને શ્રીમાન બુફે આ 'આપ્યાના આનંદ'ની પ્રવૃત્તિમાંથી કેટલું બળ અને પ્રોત્સાહન મેળવતા હશે એની કલ્પના પણ ભવ્ય અને મધુર છે. આટલા લાંબા વિવેચન પછી હું મારા મૂળ ઉદ્દેશ અને મુદ્દા વિષે વાત કરૂં.

આવા કાર્યમાં દરેકે દરેક માણસ, અદનો માણસ પણ પોતાનો સહકાર અને સહયોગ અચૂક આપી શકે. ધનકુબેરો ધનનો પ્રવાહ વહેતો કરે. સમાજનો દરેક પરગજુ અને પરહિતમાં આનંદ, સુખ અને શાંતિ મેળવવાની ઈચ્છા ધરાવનાર આ યોજનામાં કોઈ અને કોઈ રીતે યોગદાન આપી શકે. પ્રસાર અને પ્રચારનું કાર્ય કરી પ્રોત્સાહન પુરૂં પાડી શકે. પોતાનું દાયિત્વ, પોતાનું સામાજિક ઋણ અદા કરી આ સેવાયજ્ઞમાં અર્ઘ્ય અને પ્રેમાંજલી આપી શકે.

હું જાણું છું કે ચોખ્ખી સંપત્તિના ૫૦% એટલે કે અડધોઅડધ રકમ આપણે સામાનય્પણે દાન કે ભેટમાં આપવા ટેવાયેલા નથી. પરંતુ ચોખ્ખી સંપત્તિના ૫% ફક્ત પાંચ ટકા પણ જો આપણને મળેલ વારસાની રકમના હોય તો એ ભેટ કે દાન આપણે અવશ્ય આપી શકીશું. ફક્ત **શરૂઆત** જ કરો. બાકીનું બધું, હા, બધું જ મારો વાલીડો સંભાળી લેશે. આપણે આવી **શરૂઆત** કરીએ એની જ એ રાહ જોઈને ટાંપી રહ્યો છે. આ કાર્ય જે એનું સૌથી મનપસંદ છે જેનાથી એણે સર્જેલા બધા રમકડાં આનંદ અને ખેલકૂદમાં પ્રસન્ન અને પ્રફુલ્લિત જીવન જીવે.

આ શુભ પ્રવૃત્તિના મંગલાચરણ, મુંબઈના મહાવીર જૈન વિદ્યાલય, અંધેરીથી કે શ્રી જૈન વિશા ઓસવાળ કેળવણી મંડળ, અંધેરી (વે.) થી થાય એવી મારી ઈચ્છા છે. આવી અન્ય કોઈ સંસ્થા કે જે કેળવણી અને વિદ્યાર્થીના સ્વાસ્થ્ય સુધારની પ્રવૃત્તિમાં કોઈપણ જાતના ભેદભાવ વગર સેવાયજ્ઞમાં પ્રવૃત્ત હોય તે દ્વારા પણ કરી શકાય. આ પ્રવૃત્તિની મૂળ ભાવનાને આત્મસાત કરીએ અને અનુભવીએ તથા સદાચારણ મુકીએ એ જ મારા આ વિનમ્ર પ્રયાસનો હેતુ છે. એક ખુલાસો સ્પષ્ટિકરણ કરવાનું કે અમેરીકાનું ઉદાહરણ એટલા માટે આપ્યું છે કે આવા સમાચાર અમેરિકાથી હાલમાં પ્રસિદ્ધ થયા છે. બાકી, દૈવી વિચારોની જન્મોત્રી-મા તો મારી ભારતભૂમિ જ છે. ટાટા, બિરલા, બજાજ અને બીજા અસંખ્ય ગણ્યા ગણાય નહિ એવા દાનવીરોએ આ દેશને પૃથ્વી પરનું સ્વર્ગ અને કલ્પતરૂઓનું ઉપવન બનાવ્યું છે. આવા આનંદના બીજા પણ એક સમાચાર એ છે કે મુંબઈની IIT (Indian Institute of Technology, Powai) હાલમાં ત્યાંથી ઉત્તિર્ણ થયેલા ૭૩૫ વિદ્યાર્થીઓ તેમના મહેનતાણામાંથી એક ટકો ૧% આવી ઉમદા પ્રવૃત્તિમાં ખર્ચવા ભેટ આપવાનો જાહેર સંકલ્પ કર્યો છે. IIT ના બીજા કેન્દ્રો પણ આ IIT મુંબઈના કાર્યને અનુસરશે એવા સંકેત મળી રહ્યા છે. આ વિષયમાં પત્રવ્યવહારથી કે અન્ય માધ્યમથી ખુલ્લા દિલે-મન મુકીને નિખાલસ ચર્ચા વિચારણા કરી યોજનાને નક્કર સ્વરૂપ આપીએ. આપ સર્વનો સહકાર અને પ્રોત્સાહન મળતું રહે એ જ અભ્યર્થના.જય જિનેન્દ્ર – જય મહાવીર

–ગુણવંત બી. શાહ
૧૦, લક્ષ્મીદર્શન, બજાજ રોડ, વિલેપાર્લે (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૬.
ફોન : ૨૬૭૧ ૧૧૨૬. મો.: ૯૯૬૯૯ ૫૭૪૩૫

(૫)

તંત્રી, ડૉ. ધનવંત શાહ,

આપના તંત્રી લેખમાંથી એવો અર્થ નીકળતો હોય કે અપરિગ્રહના સિદ્ધાંતનો અર્થ જૈન ધાર્મિક લોકોએ વધારાની સંપત્તિનો ઉપયોગ આધ્યાત્મિક અનુષ્ઠાનો તરફનો ઝોક ઓછો કરીને સામાજીક ક્ષેત્રે દાનનો પ્રવાહ વધારવો જોઈએ તો મારા પ્રત્યાઘાતો નીચે મુજબ છે.

તમામ તીર્થંકર ભગવંતો દીક્ષા લેતા પહેલા વરસીદાનમાં ૩૬૦ દિવસ કરોડો સોનૈયાની વૃષ્ટિ દાનમાં કરે છે તેમજ અન્ન વસ્ત્ર-પાત્રનું દાન કરી લોકોનું દારિદ્રય ટાળે છે. સવિ જીવ કરું શાસન રસીની ઉત્કૃષ્ટ ભાવનાથી સર્વ જીવો પ્રત્યેનો દયા ભાવ કરુણાભાવ પ્રભુ શાસન સ્થાપના પહેલાં દર્શાવે છે. છતાં જેના નસીબમાં જે હોય તેને તેના કર્મ પ્રમાણે મળે છે અને પછી અનંતા સંસારના ભાવ ભ્રમણામાંથી ચૌરાશીના સુખદુ:ખના ચક્કરમાંથી કાયમી શાશ્વત સુખનો મોક્ષ માર્ગ સ્થાયી જીવોની ભાવદયાથી શાસનની સ્થાપના કરે છે.

આમ આપણે ત્યાં જીવોની દ્રવ્ય દયા અને ભાવ દયાનો ઉત્તમોત્તમ ઉપદેશ બતાવવામાં આવેલ છે.

દીર્ઘદૃષ્ટી રાખીએ અને શાસ્ત્રના ઉંડાણ રહસ્યો સમજીએ તો આજે વિશ્વમાં દ્રવ્યદયા ચિંતવનારા દાનેશ્વરીઓ કદાચ ઠેર ઠેર જોવા મળશે જેમાં હૉસ્પિટલો, તળાવો, સરોવરો, નદી ઉપરના બંધ, વાહન વ્યવહારની શોધો, દવાઓની શોધો ટૂંકમાં તમામ વૈજ્ઞાનિક શોધખોળો માનવહિત માટે થતી આવે છે છતાં આજે દુનિયામાં દુ:ખી કેટલા અને સુખી કેટલા ? કેટલા રોગો વધ્યા, ડૉક્ટરો વધ્યા દવાઓ વધી, હૉસ્પિટલો વધી, ભૌતિક સુખની અઢળક સામગ્રીનો ઢગલો ખડકાયો પણ ભાવ દયાની સમજ વિના જગત કદીએ સુખી થવાનું નથી. વિશ્વમાં શાંતિ સ્થપાવાની નથી. આતંકવાદ વધ્યો, ભ્રષ્ટાચાર વધ્યો, લોભ અને અસંતોષ વધ્યા, કત્લેઆમ વધી, સામૂહિક માનવ સજીત સંહારો સર્જાયા-શા માટે ?

લોકોને અધ્યાત્મ, ધર્મ-ભાવ દયાની સમજણ ફેલાવનારા મંદિરો, ઉપાશ્રયો, સંતો, ઉપદેશ-વ્યવસ્થા વગેરે હજુ ઠેર ઠેર વિશ્વના ખુણે ખુણે પહોંચ્યા નથી. દુનિયામાં જેટલી હૉસ્પિટલો બની, ડૉક્ટરો તૈયાર થયા, દવાઓ શોધાઈ એના પ્રમાણમાં મંદિરોની સંખ્યા કેટલી, સંતોની સંખ્યા કેટલી અધ્યાત્મના પ્રચારકો કેટલા-ગણિતના આંકડા શોધી કાઢો.

જ્યાં સુધી માનવ જાતને ધર્મ સ્થાનો અને ધર્મ પ્રચારકો દ્વારા માનવતા, દયા, પરહિતની ભાવના, નિસ્વાર્થતા, પરોપકારી પણું, નીતિ અને પ્રમાણિકતા, નિર્લોભીપણું, સંતોષ, સદાચાર, નિર્વિકાર વગેરે સદ્‌ગુણોના બીજ રોપવાના, સાધનોની વૃદ્ધિ અને પ્રભાવ નહિ વધે ત્યાં સુધી માનવજાતને સુખી કરવાની વાત સ્વપ્નવત્ છે.

સૌ સૌને ભાગ્ય પ્રમાણે સુખ દુ:ખ ભોગવવા પડે છે. દુર્ભાગ્યને ફેરવનારા, તમામ પ્રકારના ધાર્મિક તત્ત્વો, સુકૃતના સાધનો છે. એના પ્રચાર અને પ્રોત્સાહનમાં સમાજનું કલ્યાણ છે.

આપશ્રીના તંત્રી લેખનો અર્થ હું જે સમજ્યો છું કે ધનનો પ્રવાહ ધાર્મિક તત્ત્વો કે સુકૃતના સાધનો કરતાં લોકોની સુખ સગવડો વધારવામાં અને દારિદ્રય ટાળવામાં વધુ ધ્યાન માંગી લે છે તે કોઈ પણ ધર્મના સર્વ જીવોને પરમ સુખ શાંતિ આપવાના ઉદ્દેશ માટેના પ્રયત્નોને નુકશાન પહોંચાડશે અને લોકોને સુખી કરવાનો હેતુ સિદ્ધ નહિ થઈ શકે.

યાદ રહે માત્ર ને માત્ર આંતરિક પવિત્રતા સુખ શાંતિ આપે છે, બાહ્ય સાધનો માત્ર નહિ. જૈન પરિભાષામાં સમ્યગ્ દર્શન વિના શારિરીક અને માનસિક શાંતિ શક્ય નથી. કારણ કે શાંતિના મૂળમાં કષાયોની ઉપશાંતિ અનિવાર્યપણે રહેલી છે. કર્મના ક્ષયના ઉપાયો સાધનો વિના માનવજાત સુખી નહિ થાય.

જૈન પરિભાષામાં વરઘોડા, ઉત્સવો, પ્રતિષ્ઠા મહોત્સવો, જિનાલયો, ધર્મસ્થાનો, મહાપૂજા, વિવિધ ઉજમણા, સાધર્મિક વાત્સલ્યના ભોજનો આવા અનેક અનુષ્ઠાનોના ભવ્ય રીતે ઉજવાતા પ્રસંગો સમ્યગ્ દર્શનની લ્હાણ કરે છે. સદ્‌ભાવો જાગૃત કરે છે, મોહ-લોભની તૃષ્ણાઓ કષાય છે, સુકૃતોની અનુમોદનાનું અનુપમ ફળ મળે છે.

તપ-ત્યાગ જેવી ભક્તિ-પૂજા-વૈરાગ્ય આદિ સમભાવો જીવને સુખશાંતિ આપે છે અને આ શુભ ભાવો જગાડનારા તમામ પરિબળોને તન-મન-ધનથી પ્રોત્સાહન આપવું જોઈએ. તેમ છતાં સુપાત્રદાન અને અનુકંપાદાનનો નિષેધ જૈનદર્શનમાં નથી.

–પ્રવીણ સી. શાહ

૯૪, લાવણ્ય સોસાયટી, વાસના, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.
Tel. : 079-26604590

`WE GAVE AWAY A FORTUNE ' એ અંગ્રેજી પુસ્તકનું ગુજરાતી ભાષાંતર 'અમે સમાજને સમર્પી વારસાઈ સંપત્તિ' શીર્ષકથી પુસ્તક પ્રકાશન થયું, એ માટે શ્રી સૂર્યકાંતભાઈનેધનરાશિ અર્પણ કરનાર મહાનુભાવો:
(૧) શ્રી ચંદ્રકાંત આનંદપર (૨) ડૉ રજનીકાંત એમ. શાહ (૩) શ્રી એલ. ડી. શાહ, જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ (૪) શ્રી જયંતભાઈ મેઘાણી (૫) શ્રી પ્રકાશભાઈ એમ. ગાંધી (૬) શ્રી જસવંતભાઈ બી. મહેતા (૭) શ્રી કાકુભાઈ શાહ (૮) ડૉ. હસમુખભાઈ પટેલ (૯) ડૉ. બી. સી. મહેતા (૧૦) શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ શેઠ (૧૧) શ્રી નવનીતભાઈ શાહ (૧૨) શ્રી પ્રદીપભાઈ વખારીયા (૧૩) શ્રી પરેશભાઈ શેઠ (૧૪) શ્રી ધીરૂભાઈ કોઠારી (૧૫) શ્રી દેવાંગીબહેન અજયભાઈ વખારીયા (૧૬) ડૉ. ભૂપેન્દ્રભાઈ મહેતા (૧૭) શ્રી કિશોરભાઈ શાહ (૧૮) શ્રી મહેન્દ્રભાઈ શેઠ (૧૯) શ્રી જયંતભાઈ બી. મહેતા.

આ ઉપરાંત પરદેશથી પણ યત્‌કિંચિત ધનરાશિ પ્રાપ્ત થઈ છે. આવા ઉમદા કાર્ય માટે મુ. શ્રી સૂર્યકાંતભાઈને અંતરના અભિનંદન-ધન્યવાદ.

✷ ✷ ✷

પ્રેક્ષાધ્યાન એક અનુપમ વરદાન : પ્રેક્ષાધ્યાનનો મર્મ

❑ અંજુ કિરણ શાહ

(વિદુષી લેખિકાએ પ. પૂ. આચાર્ય મહાપ્રજ્ઞજી પાસેથી આ વિષયનું શિક્ષણ લીધું છે. વર્તમાનમા એઓશ્રી મુંબઈ-વિલેપારલે સ્થિત છે અને જીજ્ઞાસુને પ્રેક્ષાધ્યાનનું સેવાભાવે નિયમિત શિક્ષણ આપે છે.)

વિશ્વમાં આજનો માનવી સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવા માટે અથાગ પ્રયત્ન કરે છે. પરંતુ તે પ્રયત્નોના પ્રમાણમાં સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય છે ખરા? આજે વધતા જતા ઔદ્યોગિકરણ અને શહેરીકરણના પ્રભાવથી, અતિ મહત્ત્વાકાંક્ષાઓ અને તેને પૂરા કરવાના સાધનો લિમિટેડ છે તેનાથી આજનું દૈનિક જીવન તનાવગ્રસ્ત છે જેને કારણે શારીરિક, માનસિક અને ભાવનાત્મક બીમારીઓ વધતી જાય છે. તો તનાવમુક્ત જીવન કઈ રીતે જીવી શકાય? આજે આવેગ, આવેશ, ઉત્તેજનાઓ વધતી જાય છે. હત્યા–આત્મહત્યાનું પ્રમાણ પણ વધતું જાય છે. પારિવારીક સંબંધો તૂટતા નજરે આવે છે તો આ ભાવનાત્મક બીમારીઓથી બચી શકીએ ખરા? આજે વ્યક્તિ પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે તન, મન, ધન, સમય અને શક્તિ વગેરેનો મોટો ભાગ ઉપયોગ કરે છે, પરંતુ શું મૂલ્યનિષ્ઠા કે નૈતિકતાનો વિકાસ થાય છે ખરો? Intelligent Quotient નો આંક ઊંચે જતો જાય છે પરંતુ Emotional Quotient વધે છે ખરો? આપણો દેશ ધર્મપ્રધાન કહેવાય છે પરંતુ જીવન ધાર્મિક છે કે પછી ધર્મ ખોવાઈ ગયો છે. સાંપ્રદાયિક ક્રિયાકાંડમાં અને મતાગ્રહમાં શાંતિ, સરળતા, સંતોષ અને ક્ષમા જેવા સદ્‌ગુણો એટલે કે Spiritual Quotient વધે છે ખરા? આ બધા જ પ્રાણપ્રશ્નોના ઉત્તર વિચાર માંગે તેવા છે. આપણા અધ્યાત્મ મનીષીઓએ આ પ્રશ્નોની ચિંતા ન કરતા ચિંતન કરે છે, વ્યથા ન કરતા વ્યવસ્થા વિચારે છે, કેવળ પ્રશ્નોની ચર્ચા ન કરતા ઉપાય દ્વારા પ્રસ્તુતિ કરે છે. સમસ્યાની વાતો ન કરતા સમાધાન દર્શાવે છે. અને આવો જ અદ્‌ભુત પ્રયત્ન ગણાધિપતિ તુલસીની પ્રેરણાથી આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ પ્રેક્ષાધ્યાન સાધના પદ્ધતિ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરી દર્શાવ્યો છે.

આપણે સૌ જાણીએ છીએ કે ભગવાન મહાવીરે ૧૨૧૦ વર્ષ ધ્યાન અને અનશનની દીર્ઘ સાધના દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને મોક્ષમાર્ગની સ્થાપના કરી. આજ માર્ગના અનુયાયીઓ મુંઝવણ અનુભવે છે, પ્રશ્ન કરે છે કે જૈન ધર્મમાં ધ્યાન પદ્ધતિ છે ખરી? આ પ્રશ્નના ઉત્તરની શોધનો પ્રારંભ આજથી ૪૦ વર્ષ પહેલાં આચાર્ય મહાપ્રજ્ઞજીએ કર્યો. આપે વર્ષો સુધી જૈન શાસ્ત્રોનો અભ્યાસ અને દોહન કરી તેને આધારે વિવિધ પ્રયોગો પોતાના તથા સાધુ-સાધ્વીના શરીરને પ્રયોગશાળા બનાવી શરૂ કર્યા અને પરિણામે ઈ. સ. ૧૯૭૮-જયપુરમાં તે સાધના પદ્ધતિનું 'પ્રેક્ષાધ્યાન' એવું નામકરણ થયું. આ રીતે ભગવાન મહાવીરની ધ્યાન-સાધના પદ્ધતિને પુનર્જીવિત કરવાનો મહાન કલ્યાણકારી પ્રયાસ આચાર્ય મહાપ્રજ્ઞજીએ કર્યો છે.

આચાર્ય મહાપ્રજ્ઞજીએ આ પદ્ધતિમાં જૈન સિદ્ધાંતોનો આધાર લીધો છે પણ સાથે સાથે યોગનો પણ સમન્વય કર્યો છે અને એટલેથી ન અટકતા અર્વાચીન શરીર વિજ્ઞાન અને મનોવિજ્ઞાનના સિદ્ધાંતોથી તેને પ્રતિપાદિત કરી આજના તાર્કિક, બૌદ્ધિક અને વૈજ્ઞાનિક યુગમાનસને પણ સંતુષ્ટ અને આકૃષ્ટ કર્યા છે. આજે પુરા વિશ્વમાં આ પદ્ધતિ ધીમે પણ મક્કમ પગલે આગળ વધી રહી છે. આ પદ્ધતિ દ્વારા ધર્મના સિદ્ધાંતોને કેવળ સમય–સ્થળથી ના બાંધતા દૈનિક જીવનમાં ખૂબ સરળતાથી જીવી શકાય છે. તેના દ્વારા જ્ઞાન અને ચારિત્ર બંન્નેનો સંતુલિત વિકાસ થઈ શકે છે. અહીં હવે જરૂર આપને પ્રશ્ન થશે કે આ પ્રેક્ષાધ્યાન એટલે શું? તેના શું પ્રયોગો છે? તેનું હાર્દ કે મર્મ શું છે વગેરે વગેરે. તો આ બધા જ પ્રશ્નોના ઉત્તર મેળવવા પ્રયત્ન કરીએ.

સૌ પ્રથમ પ્રેક્ષાધ્યાનની અર્થ વ્યંજના, પ્રેક્ષા અને ધ્યાન એ બે શબ્દો છે. ધ્યાન શબ્દ ખૂબ જાણીતો છે. તેનો અર્થ છે મન, વચન અને કાયાની એકાગ્રતા. જ્યારે 'પ્રેક્ષા' શબ્દ નવો છે. જે ઈક્ષ ધાતુ પરથી બનેલો છે. જેનો અર્થ છે 'જોવું.' અહીં 'પ્ર' ઉપસર્ગ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જેનો અર્થ છે વિશેષ રીતે કે ઊંડાણપૂર્વક. ટૂંકમાં પ્રેક્ષાધ્યાન એટલે મન, વચન અને કાયાની એકાગ્રતાથી ઊંડાણપૂર્વક વિશેષતાથી જોવું. આ વિશેષતા શું છે તે દર્શાવે છે પ્રેક્ષાધ્યાનનું ધ્યેય સૂત્ર. જે દશવૈકાલિકનું સૂત્ર છે. **'संपिक्खए अप्पगमप्पएणं'** આત્માથી આત્માને જુઓ. સ્વયંથી સ્વયંને જુઓ. સ્વયંથી સ્વયંની સંપ્રેક્ષા કરો. સ્થૂળ મનથી સૂક્ષ્મ મનને જુઓ. સ્વથી સ્વનું નિરીક્ષણ કરી, સ્વથી સ્વનું પરીક્ષણ કરી, સ્વથી સ્વદોષોનું વિસર્જન એટલે પ્રેક્ષાધ્યાન. આ પદ્ધતિમાં જ્યારે પણ જોવાનું છે ત્યારે ના રાગ, ના દ્વેષ – ના ગમો, ના અણગમો – ના પ્રિય, ના અપ્રિય – એવા ભાવથી એટલે કે તટસ્થતાથી, સાક્ષીભાવથી Unbiasly જોવાનું છે. આ રીતે સાધક ધ્યાનમાં અભ્યાસ કરે છે પરિણામે ધીમે ધીમે જીવનમાં સમતા, વીતરાગતા કે સ્થિતપ્રજ્ઞતાનો પ્રવેશ થાય છે.

ગીતામાં કહ્યું છે સાક્ષીભાવ કેળવો અને સ્થિતપ્રજ્ઞ બનો. બુદ્ધે કહ્યું છે માધ્યસ્થભાવ કેળવો અને તથાતા બનો. મહાવીરે કહ્યું છે સમભાવ કેળવો અને વીતરાગ બનો. આજ વાત આ મહાપ્રજ્ઞજીએ પ્રેક્ષાધ્યાનના વિવિધ પ્રયોગો દ્વારા સાધકને શીખવાડવાનો પ્રયાસ કર્યો છે. પ્રેક્ષાધ્યાન એક પ્રયોગ પદ્ધતિ છે જેના દ્વારા સાધકની દૃષ્ટિ બદલાય છે અને 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' તે ન્યાયે જીવન બદલાવા લાગે છે. અહીં જાતને જોતા જોતા જગતને અને જગતને જોતા જોતા જગદીશને જોઈ શકાય છે.

જૈન દર્શનમાં મોક્ષમાર્ગનું મહત્ત્વપૂર્ણ અંગ આત્મસાક્ષાત્કાર

કે આત્મદર્શન છે. પ્રેક્ષાધ્યાનનું લક્ષ્ય પણ આ જ છે. પરંતુ સાધનાનો પ્રારંભ શરીરથી થાય છે. આચાર્ય મહાપ્રજ્ઞજીનું માનવું છે કે શરીરને સાધ્યા વિના આત્માને પામવો અશક્ય છે. કારણ કે આત્માનું નિવાસસ્થાન શરીર છે. આત્માની અભિવ્યક્તિ પણ શરીરથી થાય છે. સુખ-દુઃખનો અનુભવ પણ શરીરથી થાય છે અને મોક્ષની સાધના પણ શરીર દ્વારા જ થાય છે.

પ્રેક્ષાધ્યાનમાં જેટલું મહત્ત્વ આત્મિક વિકાસનું છે તેટલું જ વ્યક્તિત્વના સંતુલિત વિકાસનું છે, જે આજના યુગની માગ છે. અહીં વ્યક્તિત્વના મહત્ત્વપૂર્ણ ત્રણે અંગ (૧) સ્વસ્થ શરીર (૨) સ્વસ્થ મન અને (૩) સ્વસ્થ ભાવનું ખૂબ જ મહત્ત્વ છે અને આથી જ સાધકને અનુક્રમે શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્તરના વિવિધ પ્રયોગો કરાવવામાં આવે છે જેથી તેના વ્યક્તિત્વનો કેવળ વિકાસ જ નહીં પરંતુ સંતુલિતતા આવે છે. એક આધ્યાત્મિક-વૈજ્ઞાનિક વ્યક્તિત્વ તૈયાર થાય છે–જે જીવનમાં નૈતિક મૂલ્યો સાથે સુંદર જીવન જીવી શકે છે. આ માટે પ્રેક્ષાધ્યાનમાં કાયોત્સર્ગ, અંતરયાત્રા, શરીરપ્રેક્ષા, શ્વાસપ્રેક્ષા, ચૈતન્યકેન્દ્ર પ્રેક્ષા, લેશ્યાધ્યાન અને અનુપ્રેક્ષા જેવા ભિન્નભિન્ન પ્રયોગો છે.

આ રીતે જોઈએ તો પ્રેક્ષાધ્યાનનું ફલક ઘણું વિશાળ છે. વિવિધ પ્રયોગો દ્વારા વિવિધ ફાયદા પ્રાપ્ત થઈ શકે છે. દરેક વ્યક્તિ પોતાની ઈચ્છા કે ધ્યેય મુજબ પ્રયોગો પસંદ કરી પોતાના વ્યક્તિત્વને ઈચ્છિત વળાંક આપી શકે છે. આ પદ્ધતિ દ્વારા વ્યક્તિત્વના ત્રણે સ્તર જેવા કે શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્તરમાં અદ્‌ભુત પરિવર્તન લાવી શકાય છે. તેનાથી વ્યક્તિની વિવેકબુદ્ધિ જાગ્રત થાય છે અને વ્યક્તિત્વનો સંતુલિત અને સર્વાંગીણ વિકાસ થઈ શકે છે.

શારીરિક સ્તર ઉપર સંપૂર્ણ કાયોત્સર્ગ (Auto Relaxation)ના પ્રયોગો દ્વારા શિથિલીકરણનો અનુભવ થાય છે. જેનાથી પૂરું નાડી તંત્ર – Nervous System શાંત થાય છે. પરિણામે તનાવથી થતા રોગોથી મુક્તિ મેળવી શકાય છે. આ પ્રયોગથી શરીર શાંત થતા ધ્યાનમાર્ગમાં સ્થિરતાથી આગળ વધી શકાય છે. શરીરપ્રેક્ષા અને શ્વાસપ્રેક્ષાના પ્રયોગો દ્વારા શરીરની કોષિકાઓ, માંસપેશીઓ અને અવયવો સ્વસ્થ થતાં શરીર સ્વસ્થ અને સ્ફૂર્તિલું બને છે. શ્વાસપ્રેક્ષાથી શ્વસન પ્રક્રિયા સુધરે છે જેથી શરીરને પ્રાણવાયુ પૂરતી માત્રામાં મળે છે. તેથી શરીરની સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. શરીરની કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા વધે છે.

માનસિક સ્તર ઉપર આ પદ્ધતિ દ્વારા અનેક ફાયદા પ્રાપ્ત થઈ શકે છે. આજે ડીપ્રેશન, નર્વસ બ્રેકડાઉન જેવા માનસિક રોગો વધી રહ્યા છે. આત્મહત્યા, હત્યા અને ઉત્તેજનાઓ વધી રહી છે. તે સમયે દીર્ઘશ્વાસપ્રેક્ષાનો પ્રયોગ ઘણો જ ઉપયોગી થાય છે. તેનાથી વિચારો એકાગ્ર અને હકારાત્મક બને છે. પરિણામે માનસિક એકાગ્રતા અને શાંતિ પ્રાપ્ત થાય છે. જેને માટે દરેક વ્યક્તિ પ્રયત્નશીલ છે.

આજનું મનોવિજ્ઞાન મનના મુખ્ય બે વિભાગ કહે છે. (૧) ચેતન મન–જે આપણા મનની ૧૦% શક્તિઓ ધરાવે છે. (૨) અવચેતન મન–જે આપણા મનની ૯૦% સુષુપ્ત શક્તિઓ ધરાવે છે. પ્રેક્ષાધ્યાનના પ્રયોગ દ્વારા આ સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી, ઈચ્છિત ધ્યેય બનાવી, ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે.

ભાવનાત્મક સ્તર ઉપર પ્રેક્ષાધ્યાનથી ઊંડા અને અદ્‌ભુત ફેરફારો થઈ શકે છે. લગભગ ધ્યાન પદ્ધતિઓ માનસિક સ્તર સુધી જ કાર્ય કરે છે. જ્યારે પ્રેક્ષાધ્યાન સ્વભાવના મૂળ સુધી જઈ ભાવનાત્મક પરિવર્તન લાવે છે. જે પ્રેક્ષાધ્યાનની આગવી વિશેષતા છે. જૈન દર્શનમાં ભાવનું ઘણું જ મહત્ત્વ છે. કેવળ ભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે, તેવી જૈન દર્શનની આગવી માન્યતા છે. આજ વાતને પ્રેક્ષાધ્યાનમાં આચાર્ય મહાપ્રજ્ઞજીએ જુદા શબ્દોમાં કહી છે. 'જેવો ભાવ તેવો સ્વભાવ.' વ્યક્તિના જેવા ભાવ તેવી વૃત્તિ. જેવી વૃત્તિ તેવી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિઓની પુનરાવૃત્તિઓ તેવું વ્યક્તિત્વ બને છે. વ્યક્તિતત્વના પાયામાં વ્યક્તિનું પોતાનું ભાવ જગત રહેલું છે. જો ભાવ અશુભ, શુભ કે શુદ્ધ તો વિચારો અશુભ, શુભ કે શુદ્ધ અને વિચારો અશુભ, શુભ કે શુદ્ધ તો પ્રવૃત્તિઓ અશુભ, શુભ કે શુદ્ધ અને પરિણામે વ્યક્તિત્વ અશુભ, શુભ કે શુદ્ધ. આ ભાવોનો સંબંધ આધુનિક શરીર વિજ્ઞાન મુજબ ગ્રંથિતંત્રના સ્ત્રાવો (Hormonal Secretion) સાથે છે. અને આ સ્ત્રાવો સંતુલિત રહે તો આવેગ, આવેશ, ઉત્તેજનાઓ અને કષાયો સંતુલિત રહે છે. તેના માટે ચૈતન્ય કેન્દ્ર પ્રેક્ષાનો પ્રયોગ છે. જેની પ્રેક્ષા કરવાથી સ્ત્રાવો સંતુલિત થતાં ભાવ જગત સંતુલિત થઈ, સંતુલિત વ્યક્તિત્વ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત લેશ્યાધ્યાન દ્વારા શુભ રંગોના તરંગોથી લેશ્યાને શુભ બનાવી શુભ ભાવ જગત સ્થાપિત થઈ શકે છે. અનુપ્રેક્ષાના પ્રયોગમાં શુભ ભાવનાનો ઉપયોગ કરી શુભ વ્યક્તિત્વ બનાવી શકાય છે. આ ઉપરાંત દુર્ગુણોના સ્થાને સદ્‌ગુણોની સ્થાપના કરી જીવનમાં સારા ગુણોનો વિકાસ થઈ શકે છે. ટૂંકમાં ભાવ જગત બદલી સ્વભાવ પરિવર્તન થઈ શકે છે જેને માટે માન્યતા એવી છે કે સ્વભાવનું કોઈ ઓસડ નથી અથવા પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય છે.

આધ્યાત્મિક વિકાસ, આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર એ પ્રેક્ષાધ્યાનનું લક્ષ્ય છે. જે જૈન દર્શનનું પણ લક્ષ્ય છે. આજે કોર્પોરેટ જગતમાં S.Q. નું મહત્ત્વ I.Q. અને E.Q.ની અપેક્ષાએ વધતું જાય છે. પ્રેક્ષાધ્યાનના અભ્યાસથી ધાર્મિક દૃષ્ટિએ આત્મિક વિકાસ થાય છે, તો વ્યવહારિક દૃષ્ટિએ આજની ભાષામાં S.Q. વધતો જાય છે.

ટૂંકમાં પ્રેક્ષાધ્યાન વીરથી મહાવીર, જીવથી શીવ, ભક્તથી ભગવાન કે પામરથી પરમ બનાવી શકવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ જરૂર છે આ ધ્યાન પદ્ધતિ યોગ્ય માર્ગદર્શન હેઠળ શીખી યોગ્ય માર્ગે આગળ ધપવાની. તો સૌ આ માર્ગે આગળ ધપે તેવી મંગલ ભાવના સાથે... ૐ અર્હમ્...

* * *

૩૭૭, સ્મિત-કિરણ, એસ.વી. રોડ, વિલેપારલે (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૬. Tel. : 26133993, Mobile. : 9920051549

શ્રી સમવસરણ

❑ રૂપા મધુ શાહ

(વિદુષી લેખિકા બૅંક ઑફ બરોડાના મુખ્ય પ્રબંધક હતા. જૈન ધર્મના તત્ત્વજ્ઞ પંડિત કિરણભાઈ પારેખનું શિષ્યત્વ એઓશ્રીએ પ્રાપ્ત કર્યું છે. વર્તમાનમાં એઓ અધ્યયન, અધ્યાપન અને સાધનાના માર્ગે છે.)

ચઉતીસં અઈસય જુહા અરૂ મહાપાડિહેર કય સોહા ।
તિત્પયરા ગય મોહા ઝાએ અવ્વા પયતેણ ।।

શ્રી નવસ્મરણમાંના ૪થા સ્મરણ 'તિજયપહુત્ત'ની આ ધ્યાન ગાથા છે. સ્તોત્રના રચયિતા શ્રી નન્નસૂરિ જણાવે છે કે ૩૪ અતિશયો વડે યુક્ત, અષ્ટ મહાપ્રાતિહાર્યો વડે શોભાયમાન, ગયા છે મોહાદિ કર્મો જેમના એવા તીર્થંકરોનું પ્રયત્નપૂર્વક ધ્યાન કરવું. આ ગાથામાં તીર્થંકર ભગવંતના રૂપસ્થ ધ્યાનની સંપૂર્ણ પ્રક્રિયા છે. ધ્યાન માટે પરમ ઉપયોગી ૧. ૩૪ અતિશયો, ૨. ૮ મહાપ્રાતિહાર્યો અને ૩. ભગવંતની નિર્મોહ અવસ્થા છે. અનંત ઉપકારી, અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતો પોતાના અંતિમ ભવમાં એક અદ્‌ભુત સાધના કરે છે. ઘાતી કર્મો જે આત્માના પરિણામોને આવરે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય તે કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી કૈવલ્ય પ્રાપ્તિની સાધના. આ સાધના તીર્થંકરો બે પ્રયોજનથી કરે છે. એક તો પોતાના આત્માને પરમાત્મા બનાવવા અને બીજું જગતના જીવોને મોક્ષમાર્ગની પ્રરૂપણા કરવા. આ ગુણને 'માર્ગદેશક્તા' કહે છે. તીર્થંકરોના અનંતગુણો પૈકી આ ગુણ ચઢી જાય છે અને તેથી જ કદાચ અરિહંતનું લક્ષ્ય સિદ્ધ હોવા છતાં તેમને અઘાતી કર્મો બાકી હોવા છતાં તેમનું સ્થાન નમસ્કાર મહામંત્રમાં સિદ્ધ ભગવંત કરતાં આગવું છે. કૈવલ્ય પ્રાપ્તિ બાદ તરત જ તીર્થંકરને ૧૨ ગુણ પ્રગટ થાય તે જ ભગવંતને ઓળખવાના સાધનો છે. જે સમયે કૈવલ્ય ઉત્પન્ન થાય તે જ સમયે આગલા ત્રીજા ભવમાં નિકાચિત કરેલું તીર્થંકર નામકર્મ ઉદવાવલિમાં આવે છે તે જ સમયે ૬૪ ઈન્દ્રોના આસનો કંપાયમાન થાય છે. આનંદીત મનવાળા ઈન્દ્રો પરિવાર સાથે કૈવલ્યના સ્થાને પધારે છે અને તે દેવતાઓ સમવસરણ નામની ધર્મસભાની રચના કરે છે. ભક્તામર સ્તોત્રમાં શ્રી માનતુંગ સૂરિ જણાવે છે કે–

ઈત્થં યથા તવ વિભુતિરભુજજિનેન્દ્ર ધર્મોપદેશ ન વિધૌ ન તથા પરસ્થ
યાદૃક પ્રભા દિનકૃત પ્રહતાન્ધકારા તાદૃક કુતો ગ્રહગણસ્ય ન વિકાસિનેપિ ।।

'હે જિનેન્દ્ર! ધર્મ ઉપદેશ વખતે તમારા જેવી ધર્મસભા અન્ય કોઈ દેવોની નથી. જેમ અંધકારનો નાશ કરનાર સૂર્ય જેવી પ્રભા સામાન્ય ગ્રહગણની ક્યાંથી હોય?' તીર્થંકરને જે ૧૨ ગુણ પ્રગટ થાય છે તેમાં જ મહા અતિશયો–પૂજાતિશય, વચનાતિશય, જ્ઞાનાતિશય અને અપાયાપગમાતિશય છે અને ૮ મહાપ્રાતિહાર્યો–અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભામંડળ, દેવદુંદુભિ અને છત્ર છે. ૪ અતિશયોમાં ૪૩૪ પેટાઅતિશયો સમાઈ જાય છે. ૩૪ અતિશયોમાં પ્રથમ ૪ અતિશયો ભગવંતને જન્મથી હોય, ૧૧ અતિશયો કર્મક્ષયથી પ્રાપ્ત થાય અને ૧૯ દેવકૃત અતિશયો દેવતાએ અત્યંત ભક્તિ વડે કર્યા હોય. અતિશય એટલે આશ્ચર્યો - Wondermeats જેના કારણે અરિહંત દેવ જગતના જીવો કરતાં ચઢિયાતા હોય. દેવકૃત અતિશયો પૂજાતિશયમાં સમાઈ જાય. વચનને લગતા અતિશયો વચનાતિશયમાં. ભગવંતની દેશના–વચનના સાનિધ્ય જે જીવોના સંશય સમવસરણમાં દૂર થાય તે જ્ઞાનાતિશયમાં સમાય અને કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા સર્વ અતિશયો અપાયાપગમાતિશયમાં સમાઈ જાય છે. દેવરાજ ઈન્દ્રે ભગવંતની સેવામાં નિયુક્ત કરેલ દેવોને પ્રતિહાર કહેવાય અને આ પ્રતિહારો ભગવંતની ભક્તિ નિમિત્તે જે અદ્‌ભુત રચનાઓ કરે તેને પ્રાતિહાર્યો કહેવાય. જે સ્વામી પાસે લઈ જાય તે સેવક. જગતના જીવોને આ પ્રાતિહાર્યો જોતાં જ પ્રતીતિ થાય કે અહીં ક્યાંક ત્રિભુવન રાજરાજેશ્વર અરિહંત દેવ ઉપસ્થિત છે. પ્રાતિહાર્યો પ્રકૃતિના ગુણો છે પરંતુ તેને તીર્થંકરના ગુણોમાં ખતવવામાં આવે છે. કારણ આ પ્રાતિહાર્યોની રચના ૧૪ સામાન્ય દેવ તીર્થંકરની હાજરીમાં કરી શકે પણ કોટિ દેવો મળે અને તીર્થંકર હાજર ન હોય તો કાંઈ જ ન કરી શકે. આ અતિશયોને પ્રાતિહાર્યો તીર્થંકર ભગવંતનું ઐશ્વર્ય છે જે સમવસરણમાં નિહાળવા મળે છે. આ ઐશ્વર્યના દર્શન માત્રથી જીવ સમ્યક્‌ત્વ પામે, નિર્મળ બને. અન્ય ઈન્દ્રો, ઉપેન્દ્રો અને ચક્રવર્તીના ઐશ્વર્યથી આવું કંઈ જ ન બને. દેવો સમવસરણની રચના આ પ્રકારે કરે છે.

૧ યોજન પ્રમાણ ભૂમિમાંથી વાયુકુમાર દેવો સંવર્તક નામનો વાયુ વિકુર્વી કચરો દૂર કરી ભૂમિને શુદ્ધ કરે છે. મેઘકુમાર દેવો આ ભૂમિ ઉપર સુગંધી જલની મંદ મંદ વૃષ્ટિ કરે છે. ત્યારબાદ વ્યંતરદેવો ભૂમિથી લગભગ સવાકોષ ઊંચું સુવર્ણ–રત્ન અને મણિનું પીઠ બનાવે છે. દેવતાઓ આ ભૂમિમાં ઢીંચણ સુધી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરે છે. તે પછી ભુવનપતિ દેવતાઓ ભૂમિથી ૧૦ હજાર પગથિયા ઊંચો ચાંદીનો પ્રાકાર (ગઢ) બનાવે છે. ૧-૧ પગથિયું ૧ હાથ ઊંચુ ને ૧ હાથ પહોળું હોય છે. આ ગઢની ભીંતો ઉપર સુવર્ણના કાંગરા હોય છે. ગઢને ૪ રત્નના દરવાજા હોય. દરેક ઉપર સુંદર પૂતળીઓ, ધ્વજવાળી પતાકા, સુંદર તોરણો ને શણગાર હોય. અષ્ટમંગલ ફૂલની માળા હોય અને ધૂપદાનીઓ હોય છે જ્યાંથી દિવ્ય સુગંધવાળો ધૂપ વિસ્તાર પામે છે. આ ગઢને પૂર્વ દ્વારે તુંબરુ નામનો દેવ પરમાત્માને આવકારવા ઊભો હોય છે. કારણ ભગવાન પૂર્વ દ્વારેથી ઉપર ચઢે છે. આ ગઢમાં સમવસરણમાં આવતા જતા દેવોને મનુષ્યોના વાહનો મૂકવામાં આવે છે. તેના ખૂણે ખૂણે

મીઠા પાણીની વાવો છે. ત્યારબાદ પ્રથમ ગઢ ઉપર બીજા ગઢના પગથિયાની શરૂઆત થાય છે તે ૫૦૦૦ હોય છે અને બીજો ગઢ જ્યોતિષ્ક દેવો સુવર્ણનો બનાવે જેના ઉપર રત્નના મણિમય કાંગરા હોય. તિર્યંચો જેવા કે સિંહ-વાઘ-હરણ-મોર-ઉંદર જેવા પશુપક્ષીઓ પરસ્પર વૈરભાવ ભૂલીને દેશના સાંભળવા બેસે છે. આ જ ગઢના ઈશાન ખૂણે દેવો દેવછંદાની રચના કરે જ્યાં પ્રથમ પહોરે દેશના આપ્યા બાદ ભગવંત ત્યાં આવીને બેસે છે. બીજા ગઢના પગથિયાને અને ત્રીજા ગઢના પગથિયાની શરૂઆત થાય જે ૫૦૦૦ હોય છે અને વૈમાનિક દેવો આ ગઢ રત્નનો–મણિમય કાંગરા સાથે બનાવે છે. બીજા ને ત્રીજા ગઢે પણ પ્રથમ ગઢ જેવા જ દ્વારો–શણગાર ને પગથિયા હોય છે.

ત્રીજા ગઢના મધ્યમાં ઠેઠ ઉપર સમભૂતલ પીઠ હોય છે. આ ગોળ વર્તુળાકારના સમવસરણની રચના જણાવી. જ્યારે આ ધર્મસભાની કલ્પના કરીએ એમાં પ્રથમ ગઢની પરિધિ કરતાં બીજા ગઢની લગભગ બમણી મોટી ને બીજા કરતાં ત્રીજાની પરિધિ બમણી મોટી જાણવી. ત્રીજા ગઢની મધ્યમાં સમભૂતલ પીઠ છે તેની મધ્યમાં ભગવાનના શરીરથી ૧૨ ગણું ઊંચું અને ૧ યોજનના વિસ્તારવાળું ઉત્તમ અશોકવૃક્ષ હોય છે. તેની છાયા ઘણી ગાઢ અને ધ્વજ પતાકાઓથી સુશોભિત હોય છે. અદ્‌ભુત તોરણો લાગેલા હોય છે. તેમાં ભગવંતના મસ્તક પર આવે એમ ત્રણ છત્રો શોભે છે. અશોકવૃક્ષ સંપૂર્ણ સમવસરણ પર છાયા કરે અને ભવ્ય જીવો શોકરહિત બની દેશના સાંભળે. છત્રો પરમાત્માનું ત્રણ ભુવન પર આધિપત્ય દર્શાવે છે. અશોકવૃક્ષની ઠેઠ નીચે ચાર દિશામાં ૪ સુવર્ણના રત્નજડિત સિંહાસન ભગવંતને બેસવા માટે હોય છે. આ સિંહાસનો સંપૂર્ણપણે રત્નો વડે ખચિત હોય છે. દરેક સિંહાસન નીચે મણિ રત્નોના પાદપીઠ ગોઠવાયેલા હોય છે. દરેક સિંહાસન પર ૩-૩ મોતીજડિત છત્રો હોય છે. રત્નોની જ્યોતિ એટલી અપાર હોય છે કે જોનારની આંખ અંજાઈ જાય. દરેક સિંહાસનની આજુબાજુ ૨-૨ દેવો ભક્તિ વડે ચામર વીંઝે. ચામરના દાંડા સ્ફટિક રત્નના મણિ રત્નો વડે જડિત અને જે દેવો વીંઝે તેના હાથ પર ખભા સુધીના આભૂષણો હોય છે તેથી દૃશ્ય એવું લાગે કે આ સર્વ રત્નો ને મણિમાંથી નીકળતા પ્રકાશના કિરણો ચામર વીંઝાય ત્યારે જાણે ભગવંતને નમન ને ઉન્મન કરી રહ્યા હોય છે. દરેક સિંહાસન આગળ સુવર્ણ કમળના સ્થાપિત ધર્મચક્ર શોભે છે.

ચારે દિશામાં ચાર મહાધ્વજ શોભી રહ્યા હોય છે. આવા દિવ્ય સમવસરણમાં અને અદ્‌ભુત વાતાવરણમાં સૂર્યોદય સમયે તીર્થંકર ભગવંત સુવર્ણના ૯-૯ કમળોમાં પગ મૂકતાં મૂકતાં પધારે છે. પૂર્વદ્વારે પ્રવેશ કરે ત્યારે તુંબરૂ નામનો દેવ તેમને આવકારે છે. મંગલ પ્રવેશ બાદ ઠેઠ ઉપરના ગઢ પર આવી અશોકવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દે ત્યારે તે વનસ્પતિકાય પોતાને ધન્ય માને અને પૂર્વ સિંહાસને બેસે. બાકીની ત્રણ દિશામાં આબેહૂબ પરમાત્મા જેવું જ દેવો તેમનું રૂપ વિકુર્વે એટલે ચારે દિશામાં બેઠેલા જીવો તેમના સન્મુખ દર્શન કરી શકે. આને પરમાત્માની ચતુર્મુખાંગતા કહે છે. જાણે દાન-શીલ-તપ-ભાવ ધર્મના બીજનું રોપણ જીવોમાં એક સાથે ન કરી રહ્યા હોય. ભગવંત 'નમો તિથ્થસ્સ' કરી તીર્થને નમસ્કાર કરે છે અને ત્યારબાદ મેઘ જેવી ગંભીર મધુર અને સર્વોત્તમ ગુણોવાળી ૩૫ અતિશયો વડે યુક્ત વાણી વડે દેશના આપે છે. દેવતાઓ સાડા ત્રણ કરોડ વાજીંત્રો તાડન કર્યા વગર દેવદુંદુભિ વિગેરેમાંથી અદ્‌ભુત સૂરો પ્રસારિત કરે છે. પરમાત્માના મુખમાંથી એટલો પ્રકાશ નીકળે છે કે નરી આંખે ભગવંતનું રૂપ જોવું શક્ય નથી. દેવતાઓ તેમના મસ્તક પાછળ આભામંડળની રચના કરે જેમાં તેમનું રૂપ સંક્રમાય અને ભગવંતને જોઈ શકાય. ભગવાન વિહારમાં હોય ત્યારે સર્વ પ્રાતિહાર્યો પ્રભુની ઉપર આકાશમાં ચાલે અને પછી સમવસરણમાં આવે ત્યારે ગોઠવાઈ જાય.

સમવસરણના અદ્‌ભૂત વૈભવ અને પરમ ઐશ્વર્ય વચ્ચે ભગવંતની સન્મુખ દેશના સાંભળવા ૧૨ પર્ષદા બેસે છે. અગ્નિ ખૂણે સાધુ-સાધ્વી અને વૈમાનિક દેવીઓ, વાયવ્ય ખૂણે જ્યોતિષ્ક-ભુવનપતિ અને વ્યંતર દેવીઓ, નૈઋત્ય ખૂણે જ્યોતિષ્કભુવનપતિ અને વ્યંતર દેવો અને ઈશાન ખૂણે શ્રાવક-શ્રાવિકા અને વૈમાનિક દેવો બેસે છે.

સમવસરણમાં બિરાજમાન ચતુર્મુખ ભગવંતના ધ્યાનથી અંતરાય કર્મોનો ક્ષય અને અનેક લાભો થાય છે. શ્રી દેવચંદ્રાચાર્ય રચિત સિરિપાસનાહચરિય નામના ગ્રંથમાં શિવદત્ત મંત્રીના પુત્ર દેવપ્રસાદનું દૃષ્ટાંત છે તે જણાવું છું.

શિવદત્ત નામે રાજમંત્રી છે. તે દારિદ્ર અને રાજાના અપમાનથી પીડિત બને છે. તે રાજાને ખૂબ પ્રિય હતો પણ ક્રોધે ભરાયેલ રાજા તેનો દેશનિકાલ કરે છે. મંત્રીના કુટુંબમાં પોતે, તેની પત્ની અને પુત્ર દેવપ્રસાદ અને તેની પત્ની છે. શિવદત્તને જંગલમાં જ્ઞાની ભગવંતનો ભેટો થાય છે. તે પોતાની અવસ્થાના કારણ પૂછે છે. મુનિ પૂર્વભવ કહે છે. પૂર્વકૃત સાધારણ સાથે કરેલા કર્મોને કારણે તમે સર્વ પીડાઓ છો. પણ તારા પુત્ર દેવપ્રસાદનું અંતરાય કર્મ ખૂબ ભારી છે. તેથી જ તમારી આ અવસ્થા છે. દેવપ્રસાદ મુનિના ચરણોમાં પડી ઉપાય પૂછે છે. મુનિ સમવસરણમાં ચતુર્મુખ બિરાજીત તીર્થંકરના ધ્યાનની પ્રક્રિયા બતાવે છે. જ્યારે સમવસરણમાં દેશના સાંભળવા કોઈ જીવ બેસે ત્યારે તેને ભગવંતનું એક જ મુખ દેખાય પણ રૂપસ્થ ધ્યાન કરવામાં સમવસરણમાં બિરાજીત ભગવંતના ૪ મુખનું જ ધ્યાન કરવું જોઈએ એમ શાસ્ત્રકાર કહે છે. વળી આ ધ્યાન એ રીતે કરવું કે ભગવંત આપણી આંખ સમક્ષ વર્તમાન જ સાક્ષાત્ બિરાજીત છે. આ પ્રક્રિયાને ધ્યાન અસ્તિતા કહે છે. કેવળ અંતરાય જ નહિ પણ સર્વ કર્મવૃક્ષોને મૂળથી ઉખેડી નાખવા પ્રચંડ વાયુ સમાન આ ધ્યાન છે એમ મુનિ દેવપ્રસાદને સમજાવે છે. મુનિની દેશના પછી દેવપ્રસાદ અને સર્વ કુટુંબીજનો પ્રસ્તુત ધ્યાનના

પ્રકર્ષના પ્રભાવથી કર્મો ક્ષીણ કરી વૈરાગ્ય પામે છે. આરાધના કરી દેવપ્રસાદ ઉત્તમ દેવ ગતિનું આયુષ્ય ભોગવી પૃથ્વીલોક પર ચ્યવી ૨૩મા પાર્શ્વનાથ ભગવંતના ૧૦ ગણધર પૈકી પાંચમા ગણધર થઈ મોક્ષે જાય છે. મુનિએ દેવપ્રસાદને બતાવેલ ધ્યાનવિધિ આ મુજબ છે. શુચિ, શરીર અને પવિત્ર મનવાળો ધ્યાતા–

૧. સુખપૂર્વક પૂર્વાભિમુખ બેસે. ૨. સમુચિત પર્યંકાસન કે સુખાસન ધારણ કરે. ૩. મન-વચન-કાયાને યોગોનો નિરોધ કરે. ૪. નાસાગ્ર દૃષ્ટિ રાખે. ૫. શ્વાસોશ્વાસ મંદ કરે. ૬. પોતાના પૂર્વકૃત પાપોની ગર્હા કરે. ૭. સુકૃતની અનુમોદના કરે. ૮. પંચ પરમેષ્ઠિનું શરણાગમન સ્વીકારે. ૯. ગણધરો અને સદ્‌ગુરુઓનું સ્મરણ કરે તે પછી ચિંતન કરે.

૧. વાયુકુમાર દેવો દ્વારા સમવસરણ ભૂમિ શુદ્ધ થઈ રહી છે. ૨. મેઘકુમાર દેવો પાણી સીંચે છે. ૩. ઋતુકુમાર દેવો ફૂલો વરસાવે છે. ૪. વૈમાનિક દેવો મણિનો, જ્યોતિષ્ક સોનાનો અને ભુવનપતિ દેવો રજતનો એમ ત્રણ ગઢ બનાવે છે. ૫. મધ્યભાગમાં અશોકવૃક્ષ પાદપીઠ યુક્ત સિંહાસન-ત્રણ છત્રો-ચામરોની રચના દેવો કરે છે. ૬. અન્ય દેવો સમવસરણને ધ્વજવાળી તોરણ પતાકાથી અને ધર્મોધ્વજથી શણગારે છે. ૭. ત્યારબાદ જિનેન્દ્ર પરમાત્માનું આ પ્રમાણે ધ્યાન કરે.

૧. સુવર્ણના ૯-૯ કમળોમાં પગ મૂકી ભગવંત પધારી રહ્યા છે. ૨. દેવતાઓ ભગવંતને ચામર વીંઝી રહ્યા છે. 'જય જય'નો નાદ સંભળાય છે. ૩. ભગવંતની આગળ ચાલતા ઈન્દ્રો માર્ગમાં રહેલ લોકોને બાજુએ કરી રહ્યા છે. ૪. ભગવંત પૂર્વ દ્વારેથી સમવસરણમાં પ્રવેશ કરે છે. ૫. દેવતાઓના વાજીંત્રો અદ્‌ભુત વાગે છે. ત્યારબાદ -

૧. ભગવાન સિંહાસન પર આરૂઢ થયા. ૨. ઈન્દ્રો શ્વેત ચામર ભક્તિથી વીંઝે છે. ૩. ૧૨ પર્ષદા અને તિર્યંચો ઉચિત સ્થાને બેસી ગયા છે.

તિર્યંચો જન્મજાત વૈર ભૂલી શાંત રસમાં તરબોળ છે. ભગવાનનું વચનામૃત સર્વકોઈ અમૃતવર્ષાની જેમ ઝીલી રહ્યા છે. પરમાત્માની વાણી સર્વ કોઈને અદ્‌ભુત પ્રકારે પરિણમે છે. મને પણ પરિણમે છે. આ ધ્યાન ત્યાં સુધી કરવું જ્યાં સુધી પરમાત્મા સાક્ષાત્ સામે ભાસે. પરમાત્માની વાસક્ષેપ પૂજા કરી ધ્યાનમાં ચૈત્યવંદન કરી બોધિલાભની પ્રાર્થના કરી ધ્યાન સમાપ્ત કરવું. મુનિ દેવપ્રસાદને કહે છે કે, 'હે દેવાનુપ્રિયે! કલ્યાણની કામના હોય તો પરમગુરુ પ્રણિત આ ધ્યાનની વિધિનો તમે આદરપૂર્વક અભ્યાસ કરો.'

પ્રસ્તુત ધ્યાનમાં મહત્ત્વ માનસપટ પર ચિત્રાવલોકનનું છે. જો દૃઢતાપૂર્વક પરમાત્માના ગુણોનો અભ્યાસ કરવામાં આવે તો માનસપટ પર ચિત્રોનું સર્જન થાય. ધ્વનિ વિજ્ઞાનમાં જે ધ્યાન તરંગો હોય, શ્રાવ્ય અને અશ્રાવ્ય તેનો સંબંધ ચોક્કસ પ્રકારના ચિત્રો સાથે હોય છે. જે દ્વારા ધ્યાનનો અભ્યાસ સરળ બનશે. વિજ્ઞાન અત્યારે આ બાબત પર જબ્બર સંશોધનો કરી રહ્યું છે. લગભગ ૧૫-૧૭ વર્ષ પહેલાં Readers Digestમાં આ બાબત પર એક Article Publish થયો હતો. Parisની એક Universityમાં એક South Indian છોકરો જે આ મહિલાનો મિત્ર હતો, તે Electronics Wingમાં અભ્યાસ કરતો હતો. મહિલાએ એક પ્રયોગ કર્યો. આ યુવાનને તેની Laboratoryમાં Screenની એક બાજુ બેસાડી સંસ્કૃતમાં એક આઠ ગાથાનું અષ્ટક ધ્વનિપૂર્વક ઉચ્ચારણ કરાવ્યું. ૭ ગાથા બોલાયા બાદ પેલો છોકરો થોડો Nervous હતો. અટકી ગયો. Screenની બીજી બાજુ ૧ સ્પષ્ટ ચિત્ર ઉપસી આવ્યું જે તેના કુલદેવ કાલભૈરવનું હતું. કારણ આ કાલભૈરવ દેવનું અષ્ટક હતું. બીજે દિવસે ફરી કરવામાં આવેલ પ્રયોગમાં પેલો યુવાન સંપૂર્ણ સ્તોત્ર બોલ્યો. ૮મી ગાથા કાળભૈરવના વાહન 'શ્વાન'ની આકૃતિ ભૈરવજીના પગ નીચે સ્પષ્ટ હતી. ૮મી ગાથામાં શ્વાનનું જ વર્ણન આ વાત પ્રતીતિ કરાવે છે કે શબ્દ પછી અર્થ સ્પષ્ટ હોય તો શબ્દ-અર્થ-તદુભય-ઉપયોગ થતાં ચિત્ર ઉપસે. ચિત્રમાં Movement આવે અને જો એ 3-D ચિત્રમાં સમગ્રતાથી Selfનું Self Participation થાય તો ધ્યાન બને છે.

સંપૂર્ણ Stages શબ્દ-અર્થ-તદુભય-ઉપયોગ-ચિત્ર-Movement Participationના છે. શાસ્ત્રકારોએ ૭ ચક્રોમાં આ પ્રક્રિયાની આરાધના બતાવી છે. ✷✷✷

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૭-૯-૨૦૧૦ના આપેલ વક્તવ્ય.)

૧૦ બી, ઇશ્વરદાસ મેન્શન, પાંચમે માળે, ગામદેવી,
મુંબઈ-૪૦૦ ૦૦૭. ફોન : ૦૨૨-૨૩૮૭૧૧૪૧..

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત ભક્તિસંગીત વર્ગ

ભક્તિ સંગીતના વર્ગમાં બધું મળીને ચૌદ બહેનો આવે છે. અને બધી બહેનોને નિઃશુલ્ક સંગીતની તાલીમ અપાય છે. હાર્મોનિયમ પર ગુરુજી અંબાજીરાવ અને તબલા પર ગુરુજી રમેશભાઈ હોય છે. વિધવિધ જાતના ભજનો ગાવાની તાલીમ અપાતી હોય છે. લગભગ પહેલા શુક્રવારે નવું ભજન શીખવવામાં આવે છે. દરેક ભજનનો રાગ અને તાલ જણાવી શરૂઆતનો આલાપ શીખવાડી ભજન શીખવવામાં આવે છે. મોટા ભાગે મહિનાના છેલ્લા શુક્રવારે દરેકની પસંદગીનું ભજન દરેક પાસે ગવડાવવામાં આવે છે. આ ક્લાસમાંથી ત્રણેક બહેનોએ આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભજનિક તરીકે પણ ભાગ લીધો છે. એક બહેન રેડિયો આર્ટિસ્ટ પણ છે. ગણેશોત્સવમાં એક બહેનને ત્યાં દર વર્ષે અમે ભજનો ગાવા માટે જઈએ છીએ. દર વર્ષે ગુરુપૂર્ણિમા પણ ઉજવીએ છીએ. વર્ષમાં એકાદ વખત જે. જે. ધર્મશાળા જેવી સંસ્થામાં જઈને ત્યાંના ભાઈબહેનોને થોડો સમય આનંદમાં પસાર કરાવવાનો પ્રયત્ન કરીએ છીએ. આ સંગીત વર્ગની બહેનોમાંથી અમુક બહેનો જજ કરીકે બીજી સંસ્થાએ યોજેલ હરીફાઈમાં પણ જાય છે. આ રીતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ભક્તિ સંગીત વર્ગની પ્રવૃત્તિ ચાલે છે. આ વર્ગ મારા ઘરમાં લગભગ બારેક વર્ષથી નિયમિત દર શુક્રવારે ૪ થી ૫ માં ચાલે છે.

❑ **પુષ્પા પરીખ** (સંયોજક)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

❑ દક્ષા જાની

૭૬મી પર્યુષણ વ્યાખ્યામાળાના સાત વ્યાખ્યાનો ઓક્ટોબર '૧૦ના અંકમાં અમે પ્રસ્તુત કર્યા હતા. આ અંકમાં આઠમું અને નવમું વ્યાખ્યાન પ્રસ્તુત છે.

વ્યાખ્યાન-૮

'ધર્મ : બાવીસમી સદીમાં' વિશે અજય ઉમટ

વિશ્વમાં ૨૨મી સદીમાં ધર્મ નૈતિકતા અને મૂલ્ય આધારિત હશે. તેમાં કટ્ટરતા ઓછી હશે. મંદિરમાં પૂજા કરવાના, ઘંટ વગાડવાના અને આરતી ઉતારવાના કામનું આઉટસોર્સીંગ થશે. મોટા ઉદ્યોગ ગૃહો સામાજિક જવાબદારીની જેમ સખાવતો પણ કરશે. તેનું બજેટ સરકારના સેવા પ્રકલ્પો કરતાં મોટું હશે. સમાજમાં વિધિ-રૂઢિ ઘટશે પરંતુ નૈતિક મૂલ્યોનું મહત્ત્વ વધશે. ૨૨મી સદીમાં દેશમાં સમાન નાગરિક ધારો (કોમન સિવિલ કોડ) હશે. જડ નિયમો પાળનારા ધર્મ નામશેષ થઈ રહ્યા છે. કર્મકાંડ-વિધિઓ ટૂંકી થઈ રહી છે. રાજકારણીઓ જ્ઞાતિપ્રથા ટકાવી રહ્યા છે. વિશ્વમાં ૪૫ ટકા વસ્તી ધરાવતા ચીન, ભારત અને રશિયામાં પોતાના ધર્મનો ફેલાવો કરવા કેટલાંય ધર્મના વડાઓ ઉત્સુક છે. ઈસ્લામ ધર્મમાં વ્યાજ લેવાની મનાઈ છે. પણ ખોજા, મેમન અને વહોરાઓએ ઈસ્લામી બૅન્કોની સ્થાપના કરી છે. ખ્રિસ્તી ધર્મ જડ હોવાથી પ્રોટેસ્ટંટ પંથનો ફેલાવો ઝડપથી થયો. રવિવારની સમૂહ પ્રાર્થનામાં ધર્મ ઉપરાંત લોકો વચ્ચે મેળમેળાપ વધારવાની ગણતરી પણ છે. સ્વામિનારાયણ સંપ્રદાય ભવ્ય મંદિરોનું નિર્માણ કરીને તેમજ તેમાં ઈલેકટ્રીકલ–મેકેનિકલ ઉપકરણો વડે ફૂવારા અને અજાયબી ઊભી કરીને ભક્તોને આકર્ષવાનો પ્રયત્ન કરે છે. ૧૯૭૦માં હરિત ક્રાંતિ પછી સમૃદ્ધ થયેલો પટેલ વર્ગ આ સંપ્રદાય ભણી વળ્યો. ગુજરાતમાં બૌદ્ધ ધર્મોના ચૈત્યગ્રહોના દ્વાર મોટા અને ભવ્ય બનાવીને ભક્તોને પોતાના ભણી વાળવાનો પ્રયાસ થયો છે.

દેવળના એક પાદરીએ મને કહ્યું કે અમારે ત્યાં પ્રાર્થનામાં યુવકો આવતા નથી પરંતુ જૈનોમાં યુવાનોમાં ધાર્મિકતા વધારે છે. અઠ્ઠાઈ તપ કરનારા અસંખ્ય જૈન યુવાનોની તસ્વીરો અખબારોમાં પ્રગટ થાય છે. ખ્રિસ્તીઓ હવે લોકો સુધી પહોંચવા સ્થાનિક સંગીત અને ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. સ્થાનિક ભાષા જાણનાર વ્યક્તિની પાદરી તરીકે નિમણૂંક કરાય છે. ગુજરાતમાં નાતાલમાં ગરબા ગવાય છે અને ચર્ચમાં નવરાત્રિ ઉજવાય છે. પાદરીના ગાઉનની પાછળ 'ઓમ' લખીને તે આખા વિશ્વનું પ્રતીક છે એમ કહેવામાં આવે છે. કલોલ પાસે બંધાયેલા મધર મેરીના મંદિરને ઊંટેશ્વરી દેવીનું નામ અપાયું છે. ભોળાનાથની જેમ ઈશુને ઈશુનાથ કહેવામાં આવે છે. શીખોના લંગર અને જલારામના મંદિરમાં સદાવ્રત હોવાથી ભક્તોની અવરજવર રહે છે. ખ્રિસ્તીઓ પણ આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવાનું વિચારી રહ્યા છે. અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થાએ જૈન ધર્મના યુવાનોમાં ધાર્મિકતા કેમ વધારે છે તેનું સર્વેક્ષણ કર્યું હતું. તેમાં જણાયું હતું કે બાળપણમાં પરિવાર દ્વારા અપાતા પ્રબળ ધાર્મિક સંસ્કારોને લીધે યુવાનોમાં ધાર્મિકતા વધારે છે. અમેરિકા અને બ્રિટનમાં વસતા પરિવારો 'સવાયા જૈન' છે.

વ્યાખ્યાન-૯

'જૈન ધર્મની ચાર ભાવના' વિશે શ્રીમતી શૈલજા ચેતન શાહ

જૈન ધર્મમાં મૈત્રી, પ્રબોધ, કરુણા અને માધ્યસ્થ એમ ચાર ભાવના છે. મનમાં વિચાર કે ચિંતન કરીએ તે ભાવના છે. ભાવના શુભ અને અશુભ હોય એવા પરિણામ તે આપે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીરને ગૌતમ સ્વામીએ ભાવના વિશે પુછેલા પ્રશ્નની વાત આવે છે. તે અંગે ભગવાન મહાવીર જણાવે છે કે ભાવના એ ભવનાશીની છે. ભાવના એ શક્તિ છે. સારી ભાવનાથી કર્મોનો નાશ થાય છે અને ભવ ઓછા થાય છે. વિશ્વના બધાં જીવોની ભાવના એ મૈત્રીભાવના છે. વ્યક્તિ બધાને પોતાના સમાન ગણે છે. શ્રીકૃષ્ણે મૈત્રીભાવે જ મિત્ર સુદામાની નિર્ધનતા દૂર કરી હતી. મૈત્રીભાવમાં વેરવૃત્તિનો ત્યાગ કરવાનો હોય છે. ભગવાન મહાવીરનો પ્રભાવ એટલો પ્રબળ હતો કે તેઓ ઉપદેશ આપતા ત્યારે શ્રાવકોની સાથે વાઘ અને બકરી જેવા એકમેકના શત્રુઓ પણ સાથે બેસીને તે સાંભળતા હતા. મિત્રમાં ખરાબ ગુણ હોય તો તેને ધિક્કારવાને બદલે તેના માત્ર તે ખરાબ ગુણનો જ ધિક્કાર કરવો જોઈએ. જૈન ધર્મ સર્વે પ્રત્યે મૈત્રીભાવ રાખવાનું શીખવે છે. બીજી ભાવના પ્રબોધ ભાવના છે. વિદ્વાન, જ્ઞાની કે ગુણવાન વ્યક્તિ પ્રત્યે ઈર્ષ્યા કરવાને બદલે તેના પ્રત્યે માન જાગવું જોઈએ. આજના જગતમાં કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ નથી. તેથી આપણે દોષદૃષ્ટા થવાને બદલે ગુણગ્રાહક થવું જોઈએ. પંચ પરમેષ્ઠીની ગુણોપાસના કરવી જોઈએ. આપણામાં નમ્રતાનો ભાવ હોય તો જ આપણે બીજાના સદ્‌ગુણો જોઈ શકીએ છીએ. નવકાર મંત્રમાં આપણે 'નમો અરિહંતાણ' બોલીએ છીએ. તેમાં નામ નથી બોલતા પરંતુ તેમાં બધા તીર્થંકર આવી જાય છે. ત્રીજી કરુણા ભાવનામાં દુઃખી વ્યક્તિ-પ્રાણીની સેવા કરવાની ઈચ્છાનો સમાવેશ થાય છે. પ્રાણી પ્રત્યેની કરુણાથી પાંજરાપોળમાં દાન આપો તો તે હૃદયકરુણા કહેવાય. મારા આત્મા જેવો જ બીજાનો આત્મા છે એવી ભાવનાથી કોઈપણ જીવની હિંસા કરવી ન જોઈએ. ચોથી ભાવના માધ્યસ્થ ભાવના છે. દુષ્ટ બુદ્ધિવાળા વ્યક્તિઓ અને બીજાના દોષો પ્રત્યે રોષ કે ઘૃણા રાખવી નહીં તે માધ્યસ્થ ભાવના કહેવાય છે. પતિ-પત્ની વચ્ચે અથવા કુટુંબમાં ઝઘડો અથવા વાદ-વિવાદ થાય ત્યારે રોષ કરવાનું ટાળવું જોઈએ. સામસામા આક્ષેપો કરવાને બદલે સમતાભાવ રાખવો જોઈએ અને સમયોચિત શીખામણ આપવી જોઈએ. માધ્યસ્થ ભાવનાથી વાતાવરણ કલુષિત થતું નથી.

આપણા જૈન ધર્મમાં 'આર્ટ ઓફ લિવિંગ'નો હકારાત્મક અભિગમ દેખાડવામાં આવ્યો છે. તેનાથી ચિત્તશુદ્ધિ અને આત્માનો વિકાસ થાય છે.

(અન્ય શેષ વ્યાખ્યાનો હવે પછી પ્રગટ કરવામાં આવશે.)

* * *

જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથો

(૧૭)

સમયસાર

□ સુવર્ણા જૈન

લેખિકા B.Sc., LL.B., M.A. (Philo.), Jainologyની શૈક્ષણિક ઉપાધીઓથી વિભૂષિત છે. તેમના પાંચ પુસ્તકો પ્રકાશિત થયા છે.

*(**જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ** શીર્ષકથી 'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ-સપ્ટેમ્બરનો **પર્યુષણ વિશેષાંક** અમે 'પ્ર.જી.'ના જિજ્ઞાસુ વાચક વર્ગને અર્પણ કર્યો હતો.*

આ વિશિષ્ટ અંકનો વાચકો તરફથી અમને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો અને એ સર્વેએ ઈચ્છા વ્યક્ત કરી કે આવા ગૌરવ ગ્રંથોનો પરિચય પ્રત્યેક અંકે મળે તો જૈન-જૈનેતર વાચક વર્ગની જિજ્ઞાસા સંતોષાય તેમજ જૈન સાહિત્યના ગૌરવવંતા ગ્રંથોનો સર્વેને વિશેષ પરિચય થાય. સુજ્ઞ વાચકોની ઈચ્છાને માન આપી હવેથી શક્ય હશે ત્યાં સુધી આવા ગ્રંથોનો પરિચય આપવાની ભાવના અમે સેવી છે.

સુજ્ઞ વાચકોને મા શારદાની આ પ્રકારની ભક્તિ માટે અમારા અંતરના ધન્યવાદ.

*એ અંકોમાં **૧૬ ગ્રંથોનો** પરિચય આપ્યો હતો. હવે **આ ૧૭ મા ગ્રંથનો** પરિચય આપના કર કમળમાં અર્પતા આનંદ અનુભવીએ છીએ.–તંત્રી)*

૨. **ગ્રંથના કર્તા :** આચાર્ય કુંદકુંદાચાર્ય

૩. **ગ્રંથની ભાષા :** પ્રાકૃત, જેમાં ૪૧૫ ગાથા, આર્યા, અનુષ્ટય ઉપજાતિ, માલિની, પૃથ્વી, મંદાક્રાંતા છંદ અને નિશ્ચય-વ્યવહાર નયની શૈલી છે. 'આમ છે', 'આમ નથી' તથા શું કરો છો, શું નથી કરતા એ પ્રકારની ભાષા શૈલીમાં લખાયું છે. જેમાં નવ તત્ત્વના નવ અધિકાર છે. અને બે પરિશિષ્ટ ટીકાકારોએ જોડ્યા છે.

૪ .**ગ્રંથનો રચનાકાળ :** બે હજાર વર્ષ પહેલાં પહેલી કે બીજી શતાબ્દીમાં કુંદકુંદાચાર્ય દ્વારા પ્રાકૃતમાં, ૧૦મી શતાબ્દીમાં અમૃત ચંદ્રદેવ દ્વારા સંસ્કૃતમાં આત્મખ્યાતિ ટીકા, ૧૨મી શતાબ્દીમાં જયસેનાચાર્ય દ્વારા તાત્પર્યવૃત્તિ ટીકા લખાઈ પછી કન્નડ, તામિલ, હિન્દી, મરાઠી, ઢૂંઢારી ખડી બોલી હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં અનુવાદ થયા. કવિવર અમૃત ચંદ્રદેવ અને બનારસદાસજી દ્વારા નાટકીયકરણ થયું. આમ બે હજાર વર્ષમાં સમયસાર પર ઘણું બધું લખાયું છે. જે જૈન વાડમય જ નહીં બલ્કિ ભારતીય વાડમયમાં પણ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જે જૈન સાહિત્યનું ગૌરવ છે.

૫. **ગ્રંથનો વિષય :** જૈન તત્ત્વજ્ઞાન જે ઉપનિષદના સિદ્ધાંતોથી અલગ ગૂંથાયેલું છે. ત્રણ શબ્દથી બનેલું નામ **સમયસાર – સમ, અય, સાર. સમ** એટલે પદાર્થ, અય એટલે ગમન પરિણમન અથવા જાણવું અને સાર એટલે શ્રેષ્ઠ. એમ સમયસાર એટલે શ્રેષ્ઠ પદાર્થ કે ધાતુનું ગમન કે પરિણમન અને શ્રેષ્ઠ પદાર્થ એટલે આત્મા. સમયસારના ઘણાં અર્થ થાય છે. આચાર, કાળ, સોગંદ, સિદ્ધાંત, જ્ઞાન વગેરે. સમયના પણ ઘણાં અર્થ થાય છે. કાળ, દેશ, ક્ષેત્ર, મત, શાસ્ત્ર, યુદ્ધ. અહીં સમય આત્માના અર્થમાં છે.

વર્તમાન કાળમાં ગ્રંથનું સંપાદન અને પ્રકાશન

મધ્યકાલીન યુગમાં ૧૨મી શતાબ્દીમાં જયસેનાચાર્યે ૩૨૦ ગાથાઓમાં સંસ્કૃત ભાષામાં તાત્પર્યવૃત્તિ ટીકા લખી. ૧૩મી શતાબ્દીમાં બાલચંદ્રાચાર્યે કન્નડમાં અનુવાદ કર્યો અને મલ્લીસેને તામિલમાં કર્યો.

વર્તમાન કાળમાં ૧૬મી શતાબ્દીમાં ઢૂઢાહઢ પ્રદેશમાં કવિવર રાજમલજી પાંડેએ ઢૂંઢારી ભાષામાં કળશ ટીકા લખી. જેને આધાર બનાવી કવિવર બનારસદાસજીએ પદ્યરૂપ નાટક સમયસાર હિન્દીમાં લખ્યું. તેના પછી જયચંદજી છાબડાએ ૧૮૬૪માં આત્મ- ખ્યાતિ ટીકા પરથી હિન્દીમાં ટીકા લખી. વિદ્યાસાગરજીએ પદ્યાનુવાદ કર્યો. જ્ઞાનસાગરજીએ હિન્દીમાં ટીકા લખી. હિંમતલાલ જેઠાલાલે ગુજરાતી અનુવાદ કર્યો. પરમેષ્ઠી ન્યાયતીર્થ દ્વારા ખડી બોલી હિન્દીમાં અનુવાદ થયો. નેમીચંદ પાટનીએ પદ્યાનુવાદ અને ઉત્તમચંદ જૈન મનોહરલાલજીએ હિન્દી અનુવાદ કર્યો. ફૂલચંદ સિદ્ધાંતશાસ્ત્રીએ હિન્દીમાં અનુવાદ કર્યો. પ્રો. ચક્રવર્તી અને જે. એલ. જૈનીએ ઈંગ્લીશમાં અનુવાદ કર્યો. આદિસાગર મહારાજે સમયસાર કળશની મરાઠીમાં ગદ્ય અને પદ્યાત્મક રચના કરી. ઉત્તમચંદ જૈને સમયપાહુડમાં કુંદકુંદાચાર્યની પ્રાકૃત, સંસ્કૃત આત્મખ્યાતિ અને સંસ્કૃત તાત્પર્યવૃત્તિની ગાથાઓની ભાવાર્થ સાથે સુંદર રીતે રચના કરી છે. અમૃતચંદ્રદેવે સૌ પ્રથમ સમયસારને સ્પર્શ્યું, મુલ્યાંકન કર્યું અને નાટકના રૂપમાં આત્મખ્યાતિ ટીકા પ્રસ્તુત કરી પછી બનારસદાસજીએ નાટકીયકરણ કર્યું એથી એ નાટક સમયસાર તરીકે પ્રસિદ્ધ થયું. અમૃતચંદ્રદેવે સમયસારને ધર્મની પ્રેરણાનું ઝરણું, અધ્યાત્મિક આશ્વાસન અને વૈશ્વિક આકર્ષણ બનાવ્યું અને કુંદકુંદાચાર્ય જૈનાકાશમાં સૂર્યની જેમ પ્રજ્વલિત થઈ ગયા. શ્રીમદ્ રાજચંદ્ર, કાનજીસ્વામી અને બનારસદાસજીના જીવનમાં ક્રાંતિ લાવનાર ગ્રંથ સમયસારનો કાનજીસ્વામી દ્વારા પ્રચુર પ્રમાણમાં

પ્રચાર થયો છે. જે દાર્શનિક, અધ્યાત્મિક, અધ્યાત્મ ચેતનાને ઉદ્‌બુદ્ધ કરનાર વિશિષ્ટ ગ્રંથ છે.

કર્તાની વિગત : બે હજાર વર્ષ પહેલાં વિક્રમની પહેલી કે બીજી શતાબ્દીમાં અનંતપુર જિલ્લામાં આન્ધ્રપ્રદેશના ગુન્ટુકલ સ્ટેશનથી લગભગ ચાર માઈલ દૂર કૌડંકુંડમાં કુંદકુંદાચાર્ય જન્મ્યા. જિન શાસનની આધ્યાત્મિક ક્રાંતિની જન્મઘૂંટી પીને માત્ર ૧૧ વર્ષની ઉંમરમાં નંદીસંઘમાં તેમણે મુનીવ્રત અંગીકાર કર્યો ત્યારે એમને પદ્મનંદી નામ અપાયું. કૌડંકપુરના વાસી હોવાથી તેઓ કૌડંકુડાચાર્ય કહેવાયા. પછી શ્રુતિ, કર્ણપ્રિયતા અને મધુરતાની દૃષ્ટિથી કાળાન્તરે કુંદકુંદાચાર્ય કહેવાયા.

પૂજ્યશ્રીએ પ્રભુ મહાવીરના ઉપદેશને યથાસૂત્ર લોકજીવનમાં ચરિતાર્થ કરવાનો સંકલ્પ કર્યો. છઠ્ઠા એટલે પ્રમત્ત અને સાતમા એટલે અપ્રમત્ત ગુણસ્થાનમાં ઝૂલનાર સંત તેમ છઠ્ઠા, સાતમા સ્થાનમાં ઝૂલનારા બીજા સંતોનો આત્મઅનુભવ આ ગ્રંથમાં ભરેલો છે. તેઓ દિગંબર પંથના સર્વોત્કૃષ્ટ સ્થાને છે. તેમને આકાશમાં ચાર આંગળ ઊંચે ચાલવાની ઋદ્ધિ હતી. તેમની મહત્તા દર્શાવનારા શીલાલેખો વિજયનગર, શ્રવણ બેલગોડા, કર્ણાટક ચંદ્રગિરિ તથા વિન્ધ્યગિરિમાં મળે છે. જ્ઞાન અને સાધનાના તત્ત્વો જીર્ણ થઈ લુપ્ત થતા હતા ત્યારે શાશ્વત મૂલ્યોની એમણે પુનઃ સ્થાપના કરી.

આચાર અને આત્મિક બોધ સાધનાથી વિહીન માત્ર દૈહિક આચરણ પરિવર્તનના વિરૂદ્ધ સર્વકાલિક અવાજ ઉઠાવી, સાધુ શ્રાવકોની સુરક્ષા તથા બીજી બાજુ સાધુત્વના ગૌરવને નાક પર રાખી સ્વેચ્છાચારી થતી શ્વેતવસ્ત્રધારી પરંપરા વિરુદ્ધ મોરચો ઊભો કરી મૂળ સંઘની સ્થાપના કરી. એમના બે ઉત્તરદાયિત્વ હતા એક દ્વિતીય શ્રુતસ્કંધ રૂપ પરમાગમ અધ્યાત્મશાસ્ત્રને લિખીત રૂપમાં વ્યવસ્થિત કરવું, બીજું શિથિલાચાર વિરૂદ્ધ સશક્ત આંદોલન ચલાવી સખત પગલાં લેવા. આ બેઉ ઉત્તરદાયિત્વ એમણે બખૂબી નિભાવ્યા.

કુંદકુંદાચાર્યના ગુરુ સમયસારમાં ભદ્રબાહુને માન્યા છે. બોધ પાહુડમાં ગુરુના રૂપમાં ભદ્રબાહુનું સ્મરણ છે. તાત્પર્યવૃત્તિમાં જયસેનાચાર્યે કુંદકુંદાચાર્યના ગુરુનું નામ કુમારનંદી સિદ્ધાંતદેવ લખ્યું છે જ્યારે નંદી સંઘની પટ્ટાવલિમાં જિનચંદ્રના શિષ્ય બતાવ્યા છે. એમને મહાવીરના શિષ્ય પણ કહી શકાય કેમકે તેઓ મહાવીર શાસનની પરંપરાના આચાર્ય છે. અંતમાં કુંદકુદાચાર્ય તત્ત્વાર્થસૂત્રના રચયિતા ઉમાસ્વાતીને આચાર્યપદ પ્રદાન કરી મોક્ષ પામ્યા.

ગ્રંથનો વિષય

સમયસાર જિનવાણીનો શિરમોર દ્રવ્યાનુયોગમાં ઉત્કૃષ્ટ ગ્રંથ છે. અમૃતચંદ્રદેવે સમયસારને અદ્વિતીય અક્ષયચક્ષુ કહ્યું છે. એમાં નિશ્ચયનયથી આત્માના દ્રવ્યસ્વરૂપ પર પ્રકાશ પાડ્યો છે. પરમાગમ સમયસાગરમાં નવતત્ત્વોનું શુદ્ધ નયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધ સ્વરૂપ આગમયુક્તિ અનુભવ અને પરંપરાથી વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. નવતત્ત્વમાં આત્મતત્ત્વ કેવું છે એમાં એક અજીવ અને આઠ પર્યાય છે. ચૈતન્યરસના ધામ આત્માના આનંદરસની પ્રાપ્તિ કરવી તે અનુભવરત્ન શાંતિરસનો સિંધુ મુક્તિનો મોક્ષ માર્ગ છે.

ધર્મ સમ્યગ્‌દર્શન જ્ઞાન ચરિત્ર છે. પંચાસ્તિકાયમાં છ દ્રવ્યોનું અને નવ તત્ત્વોનું સ્વરૂપ સંક્ષેપમાં બતાવ્યું છે. પ્રવચનસારમાં જિન પ્રવચનનો સાર છે. સમયસારમાં દર્શનપ્રધાન નિરૂપણ છે જે અશરીરી થવાનું શાસ્ત્ર છે.

કાનજીસ્વામી કહે છે સમયસાર સર્વશ્રેષ્ઠ આગમ છે. જેમાં લાખો શાસ્ત્રોનો સાર છે. એ જૈનશાસનનો સ્તંભ, સાધકની કામધેનુ કલ્પવૃક્ષ છે જેમાં ચૌદ પૂર્વોનું રહસ્ય સમાયેલું છે. એમાં આત્માનું એકત્વ અને પરદ્રવ્યોની ભાવથી અલગતા દર્શાવી છે. શાસ્ત્રનો ઉદ્દેશ્ય યથાર્થ આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવાનું છે. સર્વ વિશુદ્ધ જ્ઞાનમાં કહ્યું છે જીવથી લઈ મોક્ષ સુધી બધા સ્વાંગ એટલે કે નાટકમાં જે વેષ પહેરીને આવે તે સ્વાંગ આત્માની વાસ્તવિક સ્થિતિ નથી. એ સ્વાંગથી ભિન્ન આત્મા છે એ જે જાણી જાય છે તે જ્ઞાની છે. બધા સ્વાંગ સમાપ્ત થઈ જાય અને છેલ્લે જ્ઞાન સ્વભાવી આત્મા જ રહે તેનું નામ સર્વ વિશુદ્ધ જ્ઞાન. શેક્સપિયરે પૃથ્વીને રંગભૂમિ અને જિંદગીને નાટકનું પાત્ર ગણ્યું હતું જે ભજવી અંતે માનવી મોતને ભેટે છે એમ આ ગ્રંથને આચાર્યે નાટકનું રૂપક આપ્યું છે, જ્યાં સંસારરૂપી રંગભૂમિ પર જીવ અજીવ એકત્ર વેશ ધારણ કરી આપણી વિવિધ નાટ્યલીલા બતાવી જગને ભરમાવે છે એનું સુંદર ચિત્રણ છે. નાટકના મુખ્ય પાત્રો કારણ સમયસાર અને કારણ પરમાત્મા છે. જ્યાં સુધી જીવને આપણા આત્મતત્ત્વનું ભાન નથી હોતું તે અજીવ–પુદ્‌ગલ–શરીરને આપણું માની રાગદ્વેષમાં તન્મય થઈ એમાં એકત્વબુદ્ધિનો ભ્રમ રાખી એની સાથે પ્રેમનો સંબંધ જોડે છે ત્યાં સુધી તે અજ્ઞાની છે. જ્યાં સુધી પરમતત્ત્વ જીવ પુદ્‌ગલ અજીવમાં પ્રવેશ કરી દેહપીંજરમાં હોય છે ત્યાં સુધી જ એ સાત કે નવ તત્ત્વના બાહ્ય વેષ ધારણ કરી સંસારરૂપી ચિત્રપટ પર આપણી નાટ્યલીલા બતાડે છે. જ્યારે જીવ સ્વ સમયમાં સ્થિત થઈ પરમતત્ત્વમાં વિલીન થઈ જાય છે ત્યારે સાત કે નવ રૂપના વિચિત્ર સંસાર નાટક ચિત્રણનો અંત થાય છે. એ નવ રૂપ પાણીના પરપોટા જેવા કે પ્રતિબિંબ જેવા ભ્રમાત્મક અવસ્તુરૂપ હોય છે. આત્મા અનાદિથી નિગોદથી લઈ મોક્ષ સુધી જેવો ને તેવો જ રહે છે. તેના પ્રદેશમાં કોઈ ફરક પડતો નથી.

સંયોગી ભાવોથી જુદો તે આત્મા હું છું એની પ્રતીતિ તે સમ્યક્‌દર્શન. આ હું જ છું એ જાણવું તે સમ્યક્‌જ્ઞાન, આત્મામાં લીન કે ધ્યાનસ્થ થવું તે સમ્યક્‌ચરિત્ર.

આ હું છું અહમ્ એકત્વબુદ્ધિ.

આ મારું છે મમત્વબુદ્ધિ.

આનો હું કર્તા છું કર્તૃત્વ બુદ્ધિ.

આનો હું ભોક્તા છું ભોક્તૃત્વ બુદ્ધિ.

આ ચાર પ્રકારના સંબંધો અને ચાર પ્રકારની બુદ્ધિથી આત્મામાં એકત્વ સિદ્ધ થાય છે. એનાથી સંબંધ તોડવો તે વિભક્ત જીવ, અજીવ, કર્તા, કર્મ અધિકારનો નિષેધ કરવાનો છે.

સ્થિતેત્વ વિઘ્ના ખલુ પુદ્‌ગલસ્ય
સ્વભાવભૂતા પરિણામ શક્તિ,
ત્યસાં સ્થિરતાયાં સ કરોતિ ભાવં
યનાત્મનઃ તસ્ય સ એવ કર્તા.

અર્થાત્ હે જીવ પરદ્રવ્યમાં તારે કંઈ કરવાનું નથી, તેં કંઈ કર્યું નથી અને ભવિષ્યમાં તારે કંઈ કરવાનું નથી. દરેક પદાર્થ સ્વયં પરિણામનશીલ છે જે હર ઘડી બદલતો રહે છે. એને પરિણમન માટે પરદ્રવ્યની સહાયતાની જરૂર નથી. હું બીજાને મદદ કે બીજાનું કલ્યાણ કરું છું એ બુદ્ધિ બીજાનું સ્વતંત્ર જીવન હણનારી છે. દરેક પદાર્થમાં સ્વતંત્ર જીવન જીવવાની ક્ષમતા સામર્થ્ય સ્વયંસિદ્ધ છે. પરાધીનતા દુઃખનું મૂળ કારણ છે. આપણે આપણા સામર્થ્યથી જીવીએ છીએ એ સમજ શાંતિ આપનારી છે. ગૂઢતત્ત્વ આ ગ્રંથનું વૈશિષ્ટય છે.

સમયસારની ૨૭મી ગાથામાં કહ્યું છે જીવ અને શરીર વ્યવહાર નયથી એક જ છે પરંતુ નિશ્ચયનયથી એ એક નથી. તત્ત્વાર્થસૂત્રમાં પુણ્ય પાપને આશ્રવ બંધમાં સમાવી લીધા છે. જ્યારે સમયસારમાં પાપપુણ્યાધિકારને જુદું સ્થાન આપવામાં આવ્યું છે અને ભાવોથી ભિન્ન બતાવી ભેદવિજ્ઞાન કરાવ્યું છે. બંધાધિકારમાં બંધનું કારણ રાગભાવ, મિથ્યાત્વ, અજ્ઞાન, કષાય, અસંયમ અને બંધનો છેદ મોક્ષનું કારણ છે. પરમાં કંઈક કરી શકવાની બુદ્ધિ આકાશમાંથી ફૂલ ચૂંટવા જેવી છે. તું કોઈને મારી કે બચાવી શકતો નથી. પરંતુ મારવાના ભાવોનું પાપ તને લાગે છે.

જૈન દર્શનમાં આત્મા દેહથી જુદો, વેદાન્તમાં પણ આત્મા દેહથી જુદો પરંતુ વેદાન્તમાં સંપૂર્ણ જગત બ્રહ્મમય છે. ભિન્ન એવું કંઈ નથી. ગીતા ઉપનિષદ્ વેદાન્ત ભેદરેખાને અજ્ઞાન માને છે. જૈનમાં આત્મા સ્વતંત્ર પદાર્થ છે જેને પરદ્રવ્યથી સંબંધ નથી. જ્યારે વેદાન્ત આત્મા અને ઈશ્વરને એક માને છે. જૈન દર્શનમાં કરવું, કરાવવું, અનુમોદવું ત્રણેનું ફળ સરખું જ છે. બીજા દર્શનમાં ફક્ત કરવાનું જ ફળ ભોગવવું પડે છે ભાવોનું નહીં.

કુંદકુંદાચાર્યે અંતિમ ગાથામાં સમયસારના અધ્યયનનું ફળ બતાવ્યું છે :

જો સમય પાહુડ મિણં પઢિવૂણં અત્થચ્ચ ઓણાઉ
અત્થે ઠાહીદી ચેયા સો હો હી ઉત્તમ ઓકખં. (૪૧૫)

અર્થાત્ સમયપ્રાભૃતને વાંચી અર્થ અને તત્ત્વને જાણી વિષય ભૂત અર્થમાં સ્થાપિત કરે એ ઉત્તમ સુખ પામે.

બનારસદાસજી કહે છે સમયસાર મોક્ષમાં જવાની સીડી છે. જે કર્મરૂપ વિકારનું વમન કરાવનાર છે.

સમયસારના પક્ષી આકાશમાં ઉડે છે જ્યારે વિપક્ષી જગની જંજાળમાં ફસે છે.

સમયસાર પક્ષી એટલે આત્માનો અનુભવી રાગ પર્યાય છોડી આત્માની પડખે આવ્યો અને ગગનમાં ઉડી મોક્ષે ચાલ્યો. તેને વચમાં પાણી, પર્વત, ઝાડ, વંટોળિયા, નદી કે દરિયો કોઈ આડે આવતા નથી. સમયસારની પાંખે ઉડી અપાર જ્ઞાનગગનમાં ઉડીને ઊર્ધ્વમાં ચાલ્યો જાય છે. આમ સમયસાર વીતરાગતાથી નીતરતું તત્ત્વ છે.

સમયસારમાં પરમતત્ત્વ આત્માનું પ્રતિપાદન હોવાથી તે પરમાગમ છે.

જયસેનાચાર્યનું માનવું છે કે સમયસાર મુખ્યતઃ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત સાધુજનોના કલ્યાણાર્થે રચાયું છે.

પ્રાચીન પ્રાકૃતભાષી દ્વિતીય શ્રુતસ્કંધ ગાથામય, પદ્યમય ગ્રંથાધિરાજ આત્માની આસપાસ મોક્ષમાર્ગદર્શી, હેતુલક્ષી, હિતકારી આ ગ્રંથ મુમુક્ષુ દિગંબર પંથ જ નહીં પરંતુ દરેક સંપ્રદાયમાં પ્રિય ઈષ્ટ માન્ય અને જૈન સાહિત્યમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. તેના અધ્યયનથી જીવન સુખમય સફળ થાય છે. જીવનનું લક્ષ્ય આંખ સામે આવે છે. મનુષ્ય પોતાને સંસારની માયાથી પૃથક્ સમજવા લાગે છે. એમાં આત્મબળ જાગ્રત થાય છે. ભેદજ્ઞાનના વિજ્ઞાનની જાણકારીથી વિષયવાસના ઓછી થાય છે. જડવાદ, આતંકવાદ, અનાત્મવાદના સમયમાં આ ગ્રંથ હિતકર છે. દરેક ધર્મના મૂળમાં અપરિગ્રહ, અહિંસા, અકષાય, અપરિગ્રહની જડો ઉતરેલી છે.

ભારતીય ધર્મોના રાહો જુદા, વાહન જુદા, પરંતુ લક્ષ્ય એક જ છે કે ભવ ચક્કરના ફેરામાંથી મુક્ત થઈ મુક્તિ પામવી. એ મુક્તિની રાહ ભેદવિજ્ઞાનથી ખૂબ જ સુંદર રીતે મનમાં ઉતરી જાય એ રીતે સમયસારમાં સમજાવી છે. સમય એટલે આત્માનો સાર, જીવનનો ધ્યેય અને પરમાં નિર્મોહી થવાનો માર્ગ સૂચવ્યો છે. આત્માની ભિન્નતા દર્શાવવાનું સમયસારનું મૂળ પ્રયોજન છે.

સમયસારની ચર્ચા અને પ્રચાર કાનજીસ્વામી દ્વારા પ્રચુર પ્રમાણમાં થયો છે.

ન ખલુ સમયસાર વૃત્તરં કિંચિદસ્તિ.

અર્થાત્ સમયસારથી મહાન ગ્રંથ જગતમાં કોઈ નથી. કાનજી-સ્વામીએ એક એક શબ્દનું ભાવવાહી હૃદ્યસ્પર્શી વિવેચન કરી ૧૯ પ્રવચન કર્યા તથા અંતર્મુખી ચિંતન મનન અનેકવાર કર્યું જેનું 'પ્રવચન રત્નાકર'માં સંપાદન કર્યું.

સુખ એટલે સ્વર્ગ સત્કર્મોથી મળે છે. દુઃખ એટલે નર્ક યાતના એ દુષ્કર્મોથી મળે છે. સ્વર્ગ નરક બધું અહીં જ છે. અને કર્મોનું ફળ પણ આ જન્મે અહીં જ ભોગવવું પડે છે. એ ભેદવિજ્ઞાન દ્વારા સમયસારમાં સમજાવ્યું છે. ✷✷✷

૨૫૦૧, મોન્ટ્રીયલ ટાવર, ૨૫મે માળે, શાસ્ત્રીનગર, લોખંડવાલા કોમ્પલેક્ષ, અંધેરી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૩. Mobile : 9920118092.

જયભિખ્ખુ જીવનધારા : ૨૨

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગ્વાલિયર પાસે આવેલા શિવપુરીના ગુરુકુળમાં સર્જક 'જયભિખ્ખુ'એ વિદ્યાભ્યાસ કર્યો. અહીં વિદ્યાર્થીકાળમાં થયેલી પઠાણ શાહઝરીન સાથેની દોસ્તીએ સર્જકના જીવનમાં હિંમત અને સાહસના ગુણોનું સિંચન કર્યું, જે એમના જીવનમાં કર્મરૂપે અને એમના સાહિત્યમાં શબ્દરૂપે પ્રગટ થયા. શિવપુરીના ગુરુકુળ નિવાસના કેટલાક પ્રસંગ જોઈએ આ બાવીસમા પ્રકરણમાં.]

તમે વિશ્વધર્મની વાતો કરો છો ને!

ગાઢ જંગલોની વચ્ચે આવેલા શિવપુરીના ગુરુકુળના ચોકીદાર પઠાણ ખાન શાહઝરીન સાથે વિદ્યાર્થી 'જયભિખ્ખુ'ને ગાઢ દોસ્તી થઈ. દિવસે બંને સાથે ફરે અને રાત્રે શેરશાયરીની રંગત જમાવે. દોસ્તીએ ધર્મની ભેદરેખા ભૂંસી નાખી હતી. શિવપુરી ગુરુકુળમાં આમ તો જયભિખ્ખુના અનેક મિત્રો હતા. વળી, 'વડા વિદ્યાર્થી'નું પદ ભોગવતા હોવાથી બધા વિદ્યાર્થીઓ સાથે એમનો ગાઢ સંબંધ હતો. અભ્યાસની સાથોસાથ નાટકમાં પણ વિદ્યાર્થી 'જયભિખ્ખુ' ઉત્સાહભેર ભાગ લેતા હતા અને ક્યારેક વિદ્યાર્થીઓની ધીંગા-મસ્તીમાં પણ સામેલ થતા હતા.

આ સમયે ખાન શાહઝરીન સાથે આત્મીયતાનો ગાઢ તંતુ બંધાયો. પાક મુસલમાન શાહઝરીનની પત્ની ઊંચી, કદાવર અને અત્યંત સ્વરૂપવાન હતી. બુરખાથી એનો દેહ ઢંકાયેલો રહેતો.

એકવાર ખાન શાહઝરીન ગુરુકુળના કામ અંગે બહારગામ ગયા હતા. ચોકીપહેરો કરવાની જવાબદારી એ રાત્રે વિદ્યાર્થીઓની હતી. રાત પડે ત્યારે શરૂઆતમાં તો ઉત્સાહથી બધા વિદ્યાર્થીઓ ચોકીદારીનું કામ કરતા અને ખાન શાહઝરીન જેવા હિંમતવાન છે એવો દેખાવ કરીને ગુરુકુળમાં થોડા આંટા લગાવતા હતા; પરંતુ રાત જેમ વધુ ઢળતી જાય, તેમ તેમ આ વિદ્યાર્થીઓની હિંમતમાં ઓટ આવતી જાય. કેટલાકને ઊંઘ આવી જતી અને એક કે બીજું બહાનું બતાવીને સૂવા માટે પોતાના રૂમમાં જતા રહેતા. કેટલાક જાગતાં ખરાં; પરંતુ જાગવા માટેનો વારો નક્કી કરતા. એક વિદ્યાર્થી ચારેક કલાક જાગે, પછી એ બીજાને ઉઠાડે અને પોતે ઊંઘી જાય. વળી બીજો વિદ્યાર્થી ચારેક કલાક જાગે.

ભયાનક જંગલ, ઘનઘોર રાત, પ્રાણીઓનાં અવાજો, ક્યાંક ક્યાંક સંભળાતી ત્રાડ અને ચીસો–એવે સમયે કંઈક ખખડાટ થાય તો પણ વિદ્યાર્થીઓના હૃદયમાં ભયની કંપારી પસાર થઈ જતી. આથી ગુરુકુળની આજુબાજુ પહેરો ભરવાને બદલે એ ગુરુકુળની અંદર ચારેય બાજુ ફરીને પહેરો ભરતાં. ખાન શાહઝરીન ગુરુકુળની વાડના છેડે ઊભા રહીને 'સબ સલામત'નો પોકાર કરતા હતા, જ્યારે આ વિદ્યાર્થીઓ ગુરુકુળની વચ્ચે ખાનસાહેબની માફક રૉન ફરીને 'સબ સલામત' પોકારતા હતા.

એવામાં વિદ્યાર્થીઓએ જોયું કે દૂર ગુરુકુળની વાડની પાછળ કંઈક હલચલ થાય છે. કોઈ આમતેમ ફરી રહ્યું છે. એક વિદ્યાર્થીને લાગ્યું કે નક્કી રાત્રે કોઈ ધાડપાડુ આવ્યા લાગે છે અને ગુરુકુળમાં દાખલ થવાનો લાગ શોધી રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓ ગભરાઈ ગયા, કેટલાક વિચાર કરતા હતા કે બૂમો પાડીને બીજા વિદ્યાર્થીઓને જગાડવા, કોઈને થયું કે શિક્ષકોને જાણ કરવી; પરંતુ હજી આ બધા વિદ્યાર્થીઓ શું કરવું એની અવઢવમાં હતા, ત્યાં જ અચાનક ખાનની ઓરડી ખૂલી. એમાંથી કોઈ ઊંચી પડછંદ સ્ત્રી હાથમાં ઉઘાડી તલવાર સાથે બહાર નીકળી.

વિદ્યાર્થીઓને ખ્યાલ આવી ગયો કે આ તો ખાન શાહઝરીનના પત્ની છે અને તેઓ આ ભયની સામે ખુલ્લી તલવારે પડકાર આપવા નીકળ્યા છે. એમની ચાલમાં ત્વરિતતા હતી, તેઓ ત્યાં પહોંચ્યા અને વાડની પાસે જ્યાં હલચલ થતી હતી, ત્યાં ઊભા રહ્યા. કેટલાક માનવ આકારો આમતેમ હરી–ફરી રહ્યા હતા. ક્યાંક પદરવ સંભળાતો, તો ક્યાંક પાંદડાંનો અવાજ આવતો હતો. શાહઝરીનના પત્નીએ વાડની નજીક ઊભા રહીને જોરથી ખોંખારો ખાધો, તલવાર આગળ કરીને કહ્યું,

'ખબરદાર! જો અંદર પેસવાનો પેંતરો કર્યો છે, તો તમારું આવી બનશે. આ તલવાર કોઈની સગી નહીં થાય. જાન વહાલો હોય તો ભાગી છૂટો.'

વિદ્યાર્થીઓ સ્તબ્ધ બનીને આ દૃશ્ય જોઈ રહ્યા. એ અવાજમાં રહેલો પડકાર સાંભળીને એમની ભાગતી હિંમત પાછી આવી ગઈ. વાડની નજીક આવ્યા અને જોયું તો ત્યાંથી કોઈ માણસો નાસતા હોય તેવો અવાજ આવ્યો. વિદ્યાર્થીઓએ દોડીને પકડવા પ્રયાસ કર્યો, એમના શિક્ષકો પણ આવી પહોંચ્યા; પરંતુ ધાડપાડુઓ નાસી છૂટ્યા હતા. ખાન શાહઝરીનના પત્ની ખુલ્લી તલવાર સાથે તરત જ ઓરડીમાં ચાલ્યા ગયા. ન કોઈને કશું કહ્યું, ન કોઈની સાથે કશી વાત કરી.

જાણે અંધારા આભમાં વીજળી ઝબકીને અલોપ થઈ જાય એવું લાગ્યું, એક સ્વપ્ન આવીને પસાર થઈ ગયું હોય એમ જણાયું. વિદ્યાર્થીઓ સ્વપ્નમાં એ જ્વલંત દેહયષ્ટિને સજીવન કરવા પ્રયાસ કરવા લાગ્યા; પરંતુ આ ગુજરાતી વિદ્યાર્થીઓ માટે એ શક્ય નહોતું.

કેટલાય દિવસ સુધી ખાનસાહેબની ગેરહાજરીમાં એમની

પત્નીએ દાખવેલી હિંમતની વાત વાતાવરણમાં ગૂંજતી રહી.

x x x

દોસ્તીની જેમ મજા હોય છે, એમ એની મૂંઝવણ પણ હોય છે. એક બાજુ દોસ્ત સાથે દિલની દોસ્તી બંધાઈ હોય છે અને ત્યારે એ દોસ્તી ઘણીવાર દ્વિધા ઊભી કરતી હોય છે. વાત એવી બની કે ઈદ-એ-મિલાદનો દિવસ આવ્યો અને ખાન શાહઝરીન પોતાના દોસ્ત જયભિખ્ખુની પાસે પોતાનું જૂનું નિમંત્રણ લઈને આવ્યા. એમણે કહ્યું, 'આ ઈદ-એ-મિલાદના દિવસે તમારે આવવું પડશે. હવે કોઈ બહાનાં નહીં ચાલે. ઘેરથી કહ્યું છે કે ચોક્કસ આવજો.'

જયભિખ્ખુ માટે મૂંઝવણભરી પરિસ્થિતિ ઊભી થઈ. એક તો તેઓ ગુરુકુળના અગ્રણી વિદ્યાર્થી હતા. વળી જૈન સાધુઓ દ્વારા સ્થપાયેલી આ સંસ્થા હોવાથી કેટલાક ચૂસ્ત નિયમો હતા. કેટલીક બાબતમાં કોઈ નિયમો ઘડાયા નહોતા; પરંતુ વિદ્યાર્થીઓ સ્વયં એમના સંસ્કારને પરિણામે એ બંધનોને સ્વીકારી લેતા હતા. આથી જયભિખ્ખુને ખ્યાલ આવી ગયો કે એમને માટે ઈદ-એ-મિલાદના દિવસે ખાનસાહેબને ત્યાં નાસ્તા માટે જવું કેટલું મુશ્કેલ છે. આમ છતાં ગાઢ દોસ્તીના દાવે એના નિમંત્રણનો ઈન્કાર કરી શક્યા નહીં. એમણે ખાનસાહેબને કહ્યું, 'રાતે વાત.'

બંનેની દોસ્તીની ગાંઠ પણ રાતના એકાંત સમયે જ ગાઢ થતી. એકવાર આ રીતે ખાન શાહઝરીન સાથે જયભિખ્ખુ જંગલોમાં વાઘ જોવા પણ ગયા હતા. રાત પડી. હવે લાગ્યું કે કોઈ બહાનું મદદે આવે તેમ નથી.

ગુરુકુળમાં રાત્રે નવ વાગે વિદ્યાર્થીઓને સૂવા માટે ઘંટ વાગતો હતો. બધા સૂઈ ગયા. ખાન શાહઝરીન પૂરા પોશાક અને બંદૂક સાથે પહેરા માટે હાજર થયા. રોજની પ્રિય ગઝલો મસ્તીથી ગાવા લાગ્યા અને દોસ્તનો ઈંતેજાર કરવા લાગ્યા. રાતના દસેક વાગે જયભિખ્ખુ પથારીમાંથી ઊઠીને ધીરેથી બહાર નીકળ્યા. સામે જ ખાન એમની રાહ જોઈને ઊભા હતા. બન્ને એક શબ્દ પણ બોલ્યા વિના ચૂપચાપ ઓરડી તરફ ચાલ્યા.

ચાંદની રાત હતી, વસંતના દિવસો હતા. ખાન શાહઝરીને પોતાની નાની ઓરડી આગળ ચોક વાળી દીધો હતો. લાલ કરેણનાં છોડ અને પપૈયાનાં વૃક્ષ રોપ્યાં હતાં, મોગરાની વેલનો માંડવો રચ્યો હતો, એની નીચે એક ચારપાઈ હતી. શરમ અને સંકોચ અનુભવતા વિદ્યાર્થી જયભિખ્ખુ ત્યાં જઈને ચારપાઈ પર બેઠા.

શાહઝરીને ઓરડીમાં જઈને પોતાની પત્નીને જીગરી દોસ્તના આગમનની જાણ કરી અને થોડીવારમાં આખો દેહ વસ્ત્રથી ઢાંકીને એમના પત્ની બહાર આવ્યા. એમનું મુખ અડધું ખુલ્લું હતું. કાળાં વાદળોની ઓઢણી ઓઢી ચંદ્રમા બહાર આવે એવું લાગ્યું. એક સમયે તો જયભિખ્ખુના મનમાં એવી કલ્પના જાગી કે જાણે ઊંચા ગઢ ગિરનાર પરથી રાણકદેવીનો બીજો અવતાર આવતો ન હોય! એ દેહ હતો ટટ્ટાર, પડછંદ અને સશક્ત. જયભિખ્ખુએ બે હાથ જોડ્યા. એમણે પણ બે હાથ જોડીને મસ્તક નમાવ્યું. ગુજરાતી સાહિત્યમાં પુરુષ અને નારી પાત્રોનાં અનેક સુંદર વર્ણનો આપનાર જયભિખ્ખુએ પોતાના આ અનુભવને આ રીતે વ્યક્ત કર્યો છેઃ

'સરુના વૃક્ષ જેવી ઊંચી પડછંદ કાયા હતી. દેહ પર આકાશની રંગબેરંગી વાદળી જેવું ઓઢણું હતું ને મસ્તક પર મીણનાં ટપકાં પાડેલો મઘમઘતો રૂમાલ બાંધેલો હતો. આંખમાં કાળો સુરમો હતો. પાંપણો જાડી હતી, ને લાંબી હતી.'

'દેહ પર કૌવત હતું, કામીને ઊભો ડામનારું. આંખમાં જગદંબાની જ્યોત હતી. શીલને ખાતર શૂળીએ ચઢતાં ન ડરનારી નારીકુળની એ દુહિતા હતી. અદબ એની હતી. મલાજો એનો હતો.'

'મારી આંખ અદબ કરી બેઠી. બેઠી બેઠી સ્વપ્નાં જોવા લાગી. ચિત્તોડની પદ્મિની કે જૂનાગઢની રાણકદેવી જીવંત અવતારે આવેલી લાગી.'

વિદ્યાર્થી જયભિખ્ખુએ ખબર-અંતર પૂછ્યા. શાહઝરીને એમની વચ્ચે દુભાષિયાનું કામ કર્યું. એમણે જયભિખ્ખુના કુશળ સમાચાર એમની પત્નીને આપ્યા અને એમની પત્નીના કુશળ સમાચાર જયભિખ્ખુને કહ્યા. એ પછી ખાન સાહેબે કહ્યુંઃ

'એ તમારા ખૂબ વખાણ કરે છે. કહે છે કે તમારો ધર્મ ખૂબ ઉમદા છે. સાચું બોલવું, દયા કરવી, ઈમાનદારી રાખવી એ બધું બરાબર છે; પરંતુ આ બુતપરસ્તી (મૂર્તિપૂજા) અને શરીર બાળવાનું નથી ગમતું.'

વિદ્યાર્થી જયભિખ્ખુએ છટાભેર ઉત્તર આપ્યો, 'દરેકના પોતપોતાના ધર્મ હોય છે, એની પાછળ કારણો હોય છે, એનો ઈતિહાસ હોય છે અને ભાવનાઓ હોય છે; પરંતુ આ બધી દાસ્તાન ઘણી લાંબી છે.'

ખાન શાહઝરીને એની પત્નીને જયભિખ્ખુએ કહેલી વાત સમજાવી, ત્યારે સામે એમણે કહ્યુંઃ

'ખોટું ન લગાડે તો મારી ખ્વાહિશ પેશ કરું. આપ થોડો બિરંજ લો અને અમને માન આપો. બીજી તો મહેમાન નવાજી અમે શું કરીએ?'

તુરત જ એક સુંદર તાસકમાં કેસરીયો ભાત આવ્યો. એમાંથી લવિંગ, એલાયચીની સુગંધ નીકળતી હતી. વિદ્યાર્થી જયભિખ્ખુને માટે મોટી મુશ્કેલી આવીને સામે ઊભી રહી. એ જમાનો આજનો યુગ નહોતો. વળી આ તો ધાર્મિક ગુરુકુળ હતું. આથી એમણે થોડી આનાકાની કરવા માંડી, તો સામેથી ખૂબ જ આગ્રહ થયો. ખાન શાહઝરીને પણ એ અતિ આગ્રહમાં સાથ પૂરાવ્યો.

'મેં ઘણા વખતથી માંસાહાર છોડ્યો છે, દારૂ તો ધર્મથી બંધ છે, કાનૂન મુજબ નમાઝ પઢું છું, જકાત પાળું છું, મારા ઘરનું તમે કેમ ન લો? કઈ વાતે તમે મને તમારાથી હીન અને તિરસ્કૃત ગણો છો?'

અને પછી ખાન સાહેબે વિદ્યાર્થી જયભિખ્ખુને પોતાનાં ભાષણોમાં વારંવાર જે બેત કહેતા હતા એ જ લલકારી,

'दर्दे दिल पासे वफा, जजबये ईमां होना
आदमियत है यही, और यही ईन्सां होना.'

પોતાની જ વાત પોતાની સામે દલીલરૂપે મૂકવામાં આવી. આજ સુધી સભામાં જે ભાવના પ્રગટ કરી હતી, એ જ ભાવનાનો પડઘો ઝીલવાનો આવ્યો. એ પણ હકીકત હતી કે ખાન શાહઝરીન અત્યંત પાક અને ઈમાનદાર હતા. એમણે જયભિખ્ખુને કહ્યું:

'તમારા જેવા પઢેલા-શિખેલા લોકો હાથીના દાંત જેવું કરે, એ બરાબર નથી, ભાઈસાબ! પછી આગળ મારે કહેવું નથી. તમે વિશ્વધર્મની વાત કરો છો ને!'

વિદ્યાર્થી જયભિખ્ખુને માટે મૂંઝવણ ઊભી થઈ. એમની વાત પણ બરાબર હતી કે આજ સુધી અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ દ્વારા એમણે વિશ્વધર્મની વાત કરી હતી. માનવી-માનવી વચ્ચે ભેદભાવ ભૂલીને ધર્મપાલનની વાત કરી હતી.

જયભિખ્ખુને લાગ્યું કે મિત્રે ખરેખર મારી જ ચોટી પકડી.

ખાન શાહઝરીનના સુશીલ બીબી આ દલીલબાજીને સમજતા નહોતા; પરંતુ આ બંને દોસ્તોના ચહેરા પર મહોબ્બતની જે રેખાઓ પથરાઈ હતી, તે આનંદથી નીરખી રહ્યા હતા. તેઓ જયભિખ્ખુની મહેમાન નવાજી માટે અતિ આતુર હતા. આખરે વિદ્યાર્થી જયભિખ્ખુએ તાસક લઈને હાથ લાંબો કર્યો. એમાંથી એક ચમચી કેસરિયો ભાત મોંમાં મૂક્યો, પણ કોણ જાણે કેમ એમને ગળામાં કંઈનું કંઈ થઈ ગયું! ખાન સાહેબ દોડ્યા અને કાચના સાફ ગ્લાસમાં પાણી લઈને આવ્યા. પછી તો બંને દોસ્તો બિરંજ અને 'બાતોં'થી જમ્યા! **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

પંથે પંથે પાથેય...

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

હવે ગાંધીજીના છેલ્લા દિવસોની વેદના-વ્યથા ભરી ભાવનાની પશ્ચાદ્ ભૂમિમાં થોડું ડોકિયું.

આઝાદી મળવાના પૂર્વ દિવસોમાં મારા પર ટપાલમાં પત્રોની એક પેટી આવેલી.

મારું નામ પોલીસની યાદી પર કે વખતે આમાં પાકિસ્તાનના પત્રો હોય! અંગ્રેજ સરકાર મારા પર ગુસ્સે. પત્ર પેટીમાં લખેલું,

'लेके ही रहेंगे पाकिस्तान!'

મારાથી રહેવાયું નહીં. મહંમદઅલી જિન્નાએ એ નક્કી કરેલું. તુરતજ ૧૫ મિનિટમાં તેના વિરોધમાં લેખ લખી એક સંપાદક પાસે ગયો. તેણે જોયું અને છાપી દીધો! બ્રિટિશ સરકારની પણ નજર અને જિન્ના સાહેબની પણ. મેં લખ્યું હતું:

'ઝીણા સાહેબ! આપે જે વિચાર કર્યો છે તે ભગવાનની ઈચ્છા નથી. ભગવાનની ઈચ્છા આપણે નથી સમજી શકતા, અને તે એ કે, 'આપણે હળીમળીને રહીએ ભગવાનની નજરમાં. એક જ વિનંતિ કે, પાકિસ્તાનનો જૂદા કરવાનો પ્રસ્તાવ પાછો ખેંચી લો, નહીં તો લોહીની નદીઓ વહેશે! તમે જ જ્યારે ઈંગ્લેન્ડમાં ભણતા ત્યારે તમે અંગ્રેજોને દરિયામાં ફેંકવાનો અને આઝાદ થવાનો નિર્ણય કર્યો હતો. કેમ ભૂલી જાઓ છો કે **૧૯૨૩**માં સરોજિની નાયડુએ કહ્યું હતું કે મહમદઅલી એલચી થઈ પ્રેમનો પુલ બાંધશે-તેનું શું થઈ ગયું? માટે વિનંતિ કે **પ્રસ્તાવ પાછો ખેંચી લો.'**

મારા લેખની આ વાત પાકિસ્તાનવાળાને ન ગમી.

આ સાથે **કડી જેવી બીજી મહત્ત્વની વાત યાદ આવી.** ૧૪મી ઑગસ્ટ ૧૯૪૭ની મધ્ય રાત્રે ૧૦૫ વર્ષની ઉંમરના એક જબ્બર **સૂફી ફકીર** મળ્યા. **મુર્શદે કામિલ** તેમનું નામ. લોકો તેમની પાસે જતા. તે રાત્રે પણ ગયા. નિયમ એવો કે એમની પાસે **મૌનમાં** બેસવાનું. પૂછવાનું કંઈ નહીં. એકથી ન રહેવાયું. પૂછી દીધું: 'अब आपके दीदार-दर्शन कब होंगे, मुर्शिद साहेब?'

મુર્શિદ સાહેબ એ રાતના બે, ત્રણ, ચાર વાગ્યા સુધી ચૂપ. એ મૌનમાં નિકટમાં બનનારી, નહીં ઘટવી હોવી જોઈતી 'હોની'નો પૂર્વાનુભવ-પૂર્વાભાસ કરી રહ્યા હતા. તેમની કરુણાભીની આંખોમાંથી આંસુ વહે. એ મહાન રહમદિલ ફિરસ્તા અને અમંગળની એંધાણી વર્તનારા ભવિષ્યદ્રષ્ટાની, છેલ્લે આટલી જ ટૂંકી પણ સદાકાળ માટેની ચેતવણી દેતી દર્દભરી વાણી નીકળી. જાણે ગાંધીજીની જ અંતર્વ્યથાનો પ્રતિઘોષ ન હોય!

'अल्लाह को नहीं पसंद हिन्दुस्तान-पाकिस्तान, उसको पसन्द है बिरादरीस्तान!'

પણ કોણ સાંભળે? **રાજનીતિવાળા 'રાજ'નો વધારે વિચાર કરે, નીતિનો ઓછો!** એ જ મુશ્કેલી! તેથી તો ભાગલા પડી પાકિસ્તાન-હિન્દુસ્તાન થયા અને લોહીની નદીઓ વહી! મારા લેખની, ફકીર મુર્શિદ સાહેબના દર્દની અને ગાંધીજીની મહાવ્યથાની વાણી સાચી પડી! આ દોજખ ઊભું કરવા માટે, આ 'નાપાક' ભાગલા માટે, **જવાબદાર કોણ? દેખીતા જ 'જહન્નમના જાગીરદાર' જનાબ જિન્ના સાહેબ! જ્યારે બિલકુલ જૂઠ્ઠો દોષ અપાયો નખશિખ નિર્દોષ બિચારા ગાંધીબાપૂને!**

'नाहक ही दुनियाने प्रेम के पयगम्बर
प्यारे बापू को इल्जाम दिया।
और तीन गोलियों की सौगात देकर,
मौत के घाट उतार दिया!'

બાપુના એ બલિદાન પૂર્વે અંતર વ્યથિત છતાં બહારથી સદા હસતાં એવા તેમણે દિલ્લીમાં મને કહ્યું: 'कराची जाने से पहले प्रार्थना में आओ, एक भजन गाओ और गाने से पहले उसे छपाओ!' એક ગાંધીભક્ત પ્રેસે તે છાપી દીધું. પ્રાર્થનામાં ગવાતા પહેલા ગાંધીજી બોલ્યા: 'मेरा मित्र दाढीवाला गायेगा उसे ध्यान से सुने। मैंने उसकी नकल छपाई हैं। जिन्हें लेनी हो वे ले ले और हरिजन फंड में चार चार आने दे दे।' ગીત ગાયું. અઢીસો રૂપિયા વાણિયા મોહનદાસને મળી ગયા! મેં કહ્યું કે, 'મારી દલાલી પણ નહીં?' બાપૂએ આશીર્વાદરૂપે પાછળ થાપી મારી કહ્યું: 'લો તમારી દલાલી!' જાણે નવો પ્રાણ મારામાં આવી ગયો. શું ખબર હતી કે, મારા આ છેલ્લા ભજન પછી થોડા જ માસે ગાંધીજી ચાલ્યા જશે તેમના 'ઈશ્વર-અલ્લાહ' પાસે, 'હે રામ!' વદતાં. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ।। ✷✷✷

(અનુલેખક-સંપાદક દ્વારા પ્રકાશ્ય 'ગુરુદેવ સંગે' પુસ્તકમાંથી)

પ્રા. પ્રતાપકુમાર ટોલિયા, બેંગલોર.
ફોન:૦૮૦-૬૫૯૫૩૪૪૦/૯૬૧૧૨૩૧૫૮૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલું અનુદાન

આજીવન સભ્યોને કરેલી વિનંતિનો ઉષ્માભર્યો પ્રતિભાવ

આજીવન સભ્યોનો પૂરક રકમ માટે અદ્‌ભુત પ્રતિસાદ મળ્યો. તેની પ્રથમ યાદી 'પ્રબુદ્ધ જીવન'ના માર્ચ ૨૦૧૦માં છપાઈ હતી. તે પછી જે રકમ આવી તેની યાદી અહીં પ્રગટ કરીએ છીએ.

નામ	રકમ
અગાઉનો માર્ચ '૧૦નો સરવાળો	**૯,૮૦,૬૨૭**
શ્રીમતી મિનાક્ષીબેન સુ. ઓજા	૪૭૫૦
શ્રી માધવલાલ સી. વોરા	૨૫૦૦
શ્રીમતી ભારતી બી. શાહ	૪૭૫૦
શ્રી જયંતીલાલ જી શાહ	૧૦૦૦
શ્રીમતી સ્મિતા એસ. શાહ	૪૪૯૯
શ્રી નવીનચંદ્ર યુ. શાહ	૫૦૦૦
શ્રીમતી ભારતી મુકેશ દલાલ	૪૭૫૦
શ્રી હરેશકુમાર એન. શાહ	૫૦૦૦
શ્રી રતીલાલ વી. શાહ	૫૦૦૦
શ્રી હસમુખ પી. શાહ	૨૫૦૦
શ્રીમતી સ્મિતાબેન એસ. કામદાર	૪૭૫૦
શ્રી કાંતિલાલ ડી. શાહ	૪૭૫૦
શ્રી વસંત કાંતિલાલ ગીયા	૫૦૦૦
શ્રીમતી ગીતા જી. શાહ	૫૦૦૦
શ્રી શ્રેયાંશ કે. દોશી	૪૫૦૦
શ્રી કિર્તીલાલ કે. દોશી	૪૫૦૦
શ્રીમતી કુસુમબેન એન. ભાઉ	૪૭૫૦
શ્રી રાજેશ જે. શાહ (રામજી નરભેરામ વેકરીવાળા ચેરિટેબલ ટ્રસ્ટ)	૫૦૦૦
શ્રીમતી હંસાબેન બી. સુરાના	૨૦૦૦
શ્રી કેતન પી. શાહ	૪૫૦૦
શ્રી પ્રકાશ કે. શાહ	૫૦૦૦
શ્રી ગિરીશ આર. વકીલ (નવા)	૫૦૦૦
શ્રીમતી લીલાબેન એચ. શાહ	૧૦૦૦
શ્રી મુલચંદ એલ. સાવલા	૫૦૦૦
શ્રી ઉમેશ કે. ગાલા	૩૫૦૦
શ્રીમતી સરલાબેન એચ. કોઠારી	૫૦૦૦
શ્રી ચંદાબેન બી. શાહ	૪૭૫૦
શ્રી કિરણ એન. શાહ	૫૦૦૦
શ્રીમતી નલિની શાહ	૪૭૫૦
શ્રી રતનચંદ ભોગીલાલ પરીખ	૪૭૫૦
શ્રી હંસાબેન વિનોદચંદ્ર કાપડિયા	૪૫૦૦
શ્રી કાંતિભાઈ વી. શેઠ	૫૦૦૦
શ્રી હરેશ મુળજી ગાલા	૨૦૦૦
શ્રી ભારતીબેન ટી. દંડ	૪૨૫૦
શ્રી હસમુખભાઈ એમ. શાહ	૨૭૫૧
શ્રી મહેન્દ્ર એમ. અજમેરા	૫૦૦૦
શ્રી સુહાસિની આર. કોઠારી	૫૦૦૦
શ્રી શામજી મોરારજી સાવલા (નવા)	૫૦૦૦
ડૉ. હરીષ એચ. કુંડલિયા (નવા)	૫૦૦૦
શ્રી નવિનચંદ્ર પી. શાહ	૨૦૦૦
શ્રી જપતશિવજી એન. છેડા	૨૦૦૦
શ્રી મણીલાલ કાનજી પોલડિયા	૫૦૦૦
શ્રી હેમંત આર. શાહ	૨૫૦૦
શ્રી જ્યોતિ એચ. શાહ	૨૫૦૦
શ્રી એસ. એચ. શાહ	૪૫૦૦
શ્રી નગીનદાસ જ્ઞાનચંદ દોશી	૪૭૫૦
શ્રી શૈલેશભાઈ મહાદેવીયા	૫૦૦૦
શ્રી ઉષાબેન ઝવેરી	૪૫૦૦
શ્રી રસિકલાલ સી. ચૌધરી	૫૦૦૦
એક ભાઈ તરફથી	૪૫૦૦
શ્રી શાંતિલાલ ટી. શાહ	૫૦૦૦
ડૉ. માધુરીબેન એસ. નંદુ	૫૦૦૦
શ્રી ભરત નવીનચંદ્ર મહેતા (નવા)	૫૦૦૦
ડૉ. માધુરી શાંતિલાલ નંદુ (નવા)	૫૦૦૦
કુલ	**૧૨૧૨૬૨૭**

સ્વરાજ આશ્રમ–વેડછી

નામ	રકમ
આગળનો સરવાળો	**૨૭૦૪૯૭૨**
મહેશ પી. શાહ	૨૫૦૦
શ્રીમતી મીનાક્ષીબેન ઓઝા	૧૦૦૦૦
જયશ્રીબેન નિસીલ શાહ	૧૦૦૦૦
શ્રી ગીતા જૈન	૧૦૦૦
પ્રવિણચંદ્ર એમ. શાહ	૩૦૦૦
ધૈર્યકાન્તા પી. શાહ	૩૦૦૦
શ્રી પ્રકાશ જે. ઝવેરી	૫૦૦૧
શ્રી મુગટલાલ જી. દોશી	૫૦૦૦
કુલ રૂા.	**૨૭૪૪૪૪૩**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રન સભ્યોને વર્તમાન પેટ્રન લવાજમ રૂા. ૨૫,૦૦૦/– છે એટલે પૂરક રકમ મોકલવા અમોએ એ પેટ્રનશ્રીઓને વિનંતિ કરી હતી એ વિનંતિના પ્રતિસાદરૂપે એ મહાનુભાવો તરફથી આવેલી રકમની યાદી

નામ	રકમ
શ્રી અમરચંદ આર. ગાલા	૨૨૦૦૦
શ્રી કાંતિલાલ કે. શેઠ	૧૦૦૦૦
શ્રી પિયુષભાઈ શાંતિલાલ કોઠારી	૨૨૫૦૦
શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ શાહ	૨૨૫૦૦
શ્રી પૂર્ણિમાબેન સેવંતીલાલ શેઠ	૨૨૫૦૦
શ્રી હીરાલાલ પી. ડગલી	૨૫૦૦
શ્રી ચંદ્રકાંત બી. આનંદપરા	૫૦૦૦
શ્રી અરૂણભાઈ પી. શેઠ	૨૨૦૦૦
અજય જોરમલ મહેતા	૨૨૫૦૦
મહાસુખલાલ મણીલાલ શાહ	૧૧૦૦૦
મણીલાલ ટી. શાહ	૨૨૦૦૦
કુલ	**૧૮૪૫૦૦**

પ્રબુદ્ધ જીવન નિધિ

નામ	રકમ
આગળનો સરવાળો	**૧૩૦૨૯૭૬**
શ્રી મુગટલાલ જી. દોશી	૫૦૦૦
કુલ રૂા.	**૧૩૦૭૯૭૬**

સુધારો : ઑક્ટોબર-૨૦૧૦

સ્વરાજ આશ્રમ–વેડછી

૧,૦૦,૦૦૦ મે. ઓનવર્ડ ફાઉન્ડેશન હસ્તે શૈલાબેન હરેશભાઈ મહેતાના ભૂલથી ૧૦૦૦૦ લખેલા છે.

સુધારો : ઑક્ટોબર-૨૦૧૦

જમનાદાસ મહેતા અનાજ રાહત ફંડ

૧૦૦૦ શ્રી જીગીષાબેન દેશાઈના ભૂલથી ૧૦૦૦૦ લખેલા છે.

✷ ✷ ✷

શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૨૩

□ પ. પૂ. આચાર્યશ્રી 'વાત્સલ્યદીપ'સૂરીશ્વરજી મ.

[લગભગ બે વર્ષ સુધી 'શ્રી જૈન મહાવીર ગીતા'નો પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ. સાહેબે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને અસ્ખલિત સ્વાધ્યાય કરાવ્યો એ માટે સર્વ વાચક વર્ગ, 'પ્ર.જી.' અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પૂજ્યશ્રીનો સર્વદા ઋણી રહેશે.

આ લેખમાળાથી વિખૂટા પડતા અવશ્ય વેદના અનુભવાય છે, જાણે જ્ઞાન અમૃતધારા સ્થિર થઈ ગઈ. જ્ઞાન આરાધના સમાધિસ્થ થાય એવી ક્ષણ પાસે પૂજ્યશ્રી આપણને લઈ આવ્યા. જૈન સાધુ ચાતુર્માસ સિવાય સતત વિહારમાં જ હોય, ઉપરાંત દિવસ દરમિયાન આ સાધુ નિયમોનું પાલન, વ્યાખ્યાન અને શારીરિક શ્રમ, આ બધાં કાર્યો કરતા કરતા જ્યાં હોય ત્યાંથી પ્રત્યેક હપ્તો સમયસર પહોંચતો કરવો એ કેટલું કઠિન કાર્ય છે એની તો કલ્પના જ કરવી રહી. પૂજ્યશ્રીએ આ સર્વ શ્રમ ઉઠાવ્યો, અને ચિંતન આકાશને શબ્દોમાં ગોઠવ્યું. આ મહાકાર્ય માટે આપણે પૂજ્યશ્રીનો જેટલો આભાર માનીએ એ અલ્પ જ છે. 'પ્ર. જી.'ના વાચક એટલા સદ્‌ભાગી કે આવો અપૂર્વ જ્ઞાન લાભ એ પ્રાપ્ત કરી શક્યા.

આ પ્રકરણમાં પ્રસ્તુત ગ્રંથ જે મૂળ સંસ્કૃતમાં છે એની સર્જન કથા અને સંઘર્ષ વ્યથા ઉપરથી આજે પૂજ્યશ્રીએ પડદો ઉઘાડ્યો છે, ત્યારે એ વાંચીને પ. પૂ. યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી અને પૂજ્યશ્રીના શિષ્ય આચાર્ય શ્રી દુર્લભસાગર સૂરીશ્વરજી પ્રત્યે આપણો આત્મા નમન ભાવો અનુભવી લે છે, અને એ જ પંક્તિમાં સ્થાનસ્થ પ. પૂ. શ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી કે જેમણે આપણને આ ગ્રંથના આકાશને આપણી સમક્ષ ઊઘાડી દીધું પ્રત્યે એવો જ ભાવ હૃદયમાંથી નિર્ઝરે છે. પૂજ્યશ્રીએ માત્ર પોતાના ગુરુ પ્રત્યેનું જ નહિ પણ દાદાગુરુ પ્રત્યેનું ઋણ પણ પ્રગટ કર્યું. એઓશ્રીને ધન્યવાદ પાઠવવાની આપણી તો પાત્રતા નથી, પણ અંતરના આનંદને વ્યક્ત કરવા શબ્દો પણ ક્યાં છે ?

અમદાવાદની અમારી એ થોડી પળોની સંવાદ યાત્રા, એ પણ કોઈ શુભ-ધન્ય પળ હશે કે પૂજ્યશ્રીની વાણીમાંથી 'શ્રી જૈન મહાવીર ગીતા'ની વાત નીકળી અને એ શબ્દો મારા હૃદયમાં સ્થિર થયા અને મારા અંતરમાંથી વિનંતિ શબ્દો સરી પડ્યા, અને પરિણામે આ ૨૩ હપ્તાની સુદીર્ઘ જ્ઞાનવર્ધક લેખમાળા !

આ ૨૩ પ્રકરણો હવે વહેલી તકે ગ્રંથ સ્વરૂપે જૈન શાસનને પ્રાપ્ત થાય એવી મા શારદાને પ્રાર્થના.

પુનઃ પુનઃ 'પ્ર.જી.'ના વાચકો વતી પૂજ્યશ્રી પ્રત્યે ઋણના ભાવો આનંદ-વિયોગ ભાવે વ્યક્ત કરું છું.

જી, આ ૨૩ હપ્તાનો આપનો સાથ અમને ગમ્યો, ખૂબ ગમ્યો, પણ વિખૂટા પડવાનું ન ગમ્યું. આપને ? તંત્રી]

ધર્મની મૌલિકતા અપાર છે. સકળ વિશ્વમાં ધર્મનું પ્રભુત્વ છે. આર્ય દેશમાં ધર્મનું મહત્ત્વ છે. ધર્માચરણ કરનારા સત્‌પુરુષોનું પણ ઘણું મહત્ત્વ છે. સજ્જનોની પરોપકારથી ભરેલી અને કરુણાથી ભરપૂર પ્રવૃત્તિઓ સૌ માટે આકર્ષક બની રહે છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થ આર્ય દેશમાં મહત્ત્વપૂર્ણ ગણાય છે.

જૈન ધર્મ સકળ વિશ્વના સર્વ જીવોના કલ્યાણ માટે છે. આ ધર્મનું તત્ત્વ દર્શન કરાવવા માટે, પ્રેરણા આપવા માટે અનેક ગ્રંથોની સમયે સમયે મહાપુરુષોએ રચના કરી છે.

પરમ પૂજ્ય, યોગનિષ્ઠ, જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી તેમના સમયના ક્રાંતિકારી સાધુપુરુષ છે. તેમણે અનેક નવી કેડી કંડારી છે. 'શ્રી જૈન મહાવીર ગીતા' તેમણે જે અનેક નવી કેડી કંડારી છે તેમાંનો જ એક ભાગ છે. આ એક ક્રાંતિકારી ગ્રંથ છે. મૂળ તો શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજીએ 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' (ભાગ-૧,૨,૩) અને 'શ્રી જૈન મહાવીર ગીતા'ની રચના કરીને જીવનના અંતિમ સમયે પોતાના અંતેવાસી શ્રી પાદરાકરને હસ્તપ્રત સોંપી રાખેલી. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી સ્વયં જાણતા હતા કે આ ગ્રંથમાં મૂકાયેલા વિચારરત્નોનું તેજ આજનો સમાજ સહન કરી શકશે નહીં તેથી તેમણે શ્રી પાદરાકરને સૂચના આપેલી કે મારા મૃત્યુ પછી એક પચ્ચીસી વીતે આ ગ્રંથરત્નો પ્રગટ કરજો. જોકે એક પચ્ચીસી વીત્યા પછી નાણાંના અભાવે ગ્રંથો પ્રગટ થયા નહીં પરંતુ બે પચ્ચીસી વીત્યે શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજીના પટ્ટપરંપરક શિષ્ય પૂજ્ય આચાર્ય શ્રી દુર્લભસાગર સૂરિજીના હાથમાં તે અમૂલ્ય હસ્તપ્રત આવી. તેમણે જોયું કે તે હસ્તપ્રતમાં ક્રાંતિકારી વિચારોનો ભંડાર હતો. ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય શ્રી ઋદ્ધિસાગર સૂરીશ્વરજી તથા પ્રશાંતમૂર્તિ પૂજ્ય આચાર્ય શ્રી કીર્તિસાગર સૂરીશ્વરજીના આશીર્વાદ મેળવીને તેમણે પ્રકાશન કાર્ય શરૂ કરાવ્યું. સુશ્રાવકો શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી, શ્રી ચીમનલાલ જેચંદભાઈ, શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ-જયભિખ્ખુ વગેરેને સાથે રાખીને આચાર્ય શ્રી દુર્લભસાગર સૂરિજીએ પુસ્તક પ્રકાશન શરૂ કરાવેલું પણ તે સમયે આ પુસ્તકોના પ્રકાશન માટે પ્રચંડ વિરોધ ઉઠ્યો. સાગર ગચ્છના સાધુઓ અને અન્ય સાધુઓ અને જૈન સમાજનો એક હિસ્સો આ પુસ્તક પ્રકાશનના વિરોધ માટે, એમ કહી શકાય કે ઝનૂનથી આગળ આવ્યો. આ સમગ્ર ઘટનાનો હું સાક્ષી છું. બાળવયમાં મેં આ સમગ્ર પ્રસંગ જોયો છે. પૂજ્ય આચાર્ય શ્રી દુર્લભસાગર સૂરિજીએ તે સમયે અને ત્યાર પછી જીવનપર્યંત આ પુસ્તક પ્રકાશનથી અપૂર્વ યશ પણ મેળવ્યો અને જીવનભર કષ્ટ પણ મેળવ્યું.

'શ્રી જૈન મહાવીર ગીતા' શું છે ? આગળના પાનાં જોયા પછી જણાશે કે એક વૈરાગી જૈન સાધુ ક્રાંતિનું કેવું અદ્‌ભુત અનુસંધાન જીવન અને વિશ્વ સાથે જોડી આપે છે ! 'શ્રી જૈન મહાવીર ગીતા'માં શું નથી ? આ ગ્રંથમાં તમામ વિશિષ્ટતાઓ છલકાય છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'નું નામાભિધાન 'શ્રી ભગવદ્ ગીતા'થી સામ્ય ધરાવે છે, પણ આ સામ્યતા સિવાય અન્ય કોઈ સમાનતા અહીં નથી. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રી મહાવીર સ્વામી બોલે છે અને શ્રી ગૌતમસ્વામી સાંભળે છે, તેમ જ શ્રી શ્રેણિક રાજા વગેરે રાજાઓ, શ્રી ઈન્દ્રાદિ દેવતાઓ સદુપદેશ પામે છે તેવો રચનાક્રમ અહીં છે.

'શ્રી મહાવીર ગીતામાં ગ્રંથના મંડાણ 'શ્રદ્ધાયોગ' દ્વારા થાય છે. શ્રદ્ધાને દૃઢ કરવાથી આત્માની ઉન્નતિ થાય છે, તે માટેનો ભરપૂર ઉપદેશ 'શ્રદ્ધાયોગ'માં જોવા મળે છે. 'પ્રેમયોગ'ના વિશાળ પ્રકરણમાં અનાસક્ત પ્રેમની ગહનતા દર્શાવાઈ છે. 'કર્મયોગ'માં કર્મ કરવા માટેની પ્રેરણા મળે છે. આળસુ, પરાવલંબી, ધ્યેયહીન જીવન જીવતા લોકોને શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી આજ ક્ષણે ઊભા થઈને પ્રવૃત્તિશીલ બનવાનો ઉપદેશ આપે છે. 'ધર્મયોગ'માં શ્રી મહાવીર વાણીને હૃદયમાં ધારીને આત્મકલ્યાણના પંથે ચાલવાનું કહ્યું છે. 'નીતિયોગ'માં નીતિનું કેટલું બધું મહત્ત્વ છે તે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે. જે નીતિનું પાલન ન કરે તે મનુષ્ય પતન પામે છે તેવું કહ્યું છે. 'સંસ્કારયોગ'માં ત્યાગના સંસ્કાર અને શક્તિ પ્રાપ્ત કરવાના સંસ્કારની વાત છે. 'શિક્ષાયોગ'માં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના શિક્ષણની વાત છે. આઠમો અધ્યાય, શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી સ્વયં કહે છે તેમ, ન ભૂતો ન ભવિષ્યતિ જેવો છે. 'શક્તિયોગ' જેવું પ્રકરણ માત્ર જૈન નહીં પરંતુ સમગ્ર વિશ્વના સાહિત્યમાં અનન્ય ગણવું જોઈએ. એક જૈનાચાર્ય શક્તિ મેળવીને સમર્થ બનવાની પ્રેરણા કરે છે ત્યારે વિસ્મયજનક લાગવા છતાં કેટલું બધું પ્રેરક લાગે છે! 'દાનયોગ'માં આપીને ખુશ થવાની વાત જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિનો મંગલ ધ્વનિ તેમાંથી સંભળાય છે. 'બ્રહ્મચર્યયોગ'માં નિર્મળ જીવનની સલાહ છે. 'તપોયોગ'માં માત્ર બાહ્ય તપ કે અભ્યંતર તપ નહીં પરંતુ સર્વથા નિરાસક્ત બનવાની, અન્ય માટે ખપી જવાની પ્રેરણા પણ સાંપડે છે. 'ત્યાગયોગ'માં વૈરાગ્યની, ત્યાગની, આચાર્યોના શરણમાં રહેવાની, જૈન ધર્મની અભિવૃદ્ધિ માટે પ્રયત્નશીલ બનવાની પ્રેરણા છે. 'સત્સંગયોગ'માં જ્ઞાની અને વૈરાગીના શરણમાં રહીને આત્મોદ્ધાર પામવાની વાત તો છે જ, સાથે સાથે કર્તવ્યશીલ બનીને ધર્મની અભિવૃદ્ધિ કરવી એવી પ્રેરણા પણ છે. 'ગુરુભક્તિયોગ'માં ગુરુની કૃપા વિના કશું જ પ્રાપ્ત થતું નથી તે વાત તો છે જ, સાથે સાથે ગુરુનું શરણ કદીય ન છોડવું તેવો દૃઢ ઉપદેશ પણ છે. 'જ્ઞાનયોગ'માં સર્વ ધર્મોનું, સર્વ શાસ્ત્રોનું, સર્વ શસ્ત્રોનું, સર્વ જાતિઓનું, ટૂંકમાં કહીએ તો સર્વ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપદેશ સાંપડે છે. 'યોગોપસંહારયોગ'માં કેટલીક ભવિષ્યવાણી પ્રાપ્ત થાય છે. તેમ જ પોતે આ મહાવીર ગીતા કોનો આધાર લઈને લખી છે તે રહસ્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી પ્રગટ કરે છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'ના ૧૬ અધ્યાય પરિપૂર્ણ થયા પછી ૬ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં પહેલું પ્રકરણ 'મંત્રયોગ' છે. આ પ્રકરણમાં અનેક મંત્રો છે, ગુપ્ત મંત્રો છે અને મંત્રોના ગુપ્ત રહસ્યો છે. એ પછીના પ્રકરણોમાં શ્રી ગૌતમસ્વામી, શ્રી શ્રેણિકરાજા, શ્રી ચેટકરાજા, શ્રી ઈન્દ્ર મહારાજા ભગવાનની સ્તુતિ કરે છે. એક 'શક્તિયોગ અનુમોદના' નામનું પ્રકરણ છે. આ પ્રકરણ શક્તિયોગ અધ્યાયના અનુસંધાનમાં છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'નો અભ્યાસ કરવા જેવો છે. આગળના પાનાઓમાં પ્રત્યેક અધ્યાય અને પ્રકરણનો સ્વાધ્યાય કર્યો છે પરંતુ તે તો અંગૂલિનિર્દેશ જેવી એક નાનકડી ચેષ્ટા છે. મનુષ્યના બે હાથ પહોળા કરવાથી આખુંય આકાશ માપી શકાય? કિન્તુ જે વ્યક્તિ 'શ્રી જૈન મહાવીર ગીતા'નો અભ્યાસ કરવાનું ઈચ્છશે તેને આ સ્વાધ્યાય અચૂક ઉપયોગમાં આવશે.

'શ્રી જૈન મહાવીર ગીતા'નો અભ્યાસ કરતાં પૂર્વે જૈન દર્શનના સાપેક્ષવાદ, નયવાદ જાણી લેવા જોઈએ. જ્યાં સુધી સાપેક્ષવાદ, નયવાદ જાણી લઈએ નહીં ત્યાં સુધી કોઈ પણ દૃષ્ટિબિંદુનો તુલનાત્મક પરિચય સાંપડતો નથી. 'શ્રી જૈન મહાવીર ગીતા'નું અનેક દૃષ્ટિકોણથી અધ્યયન કરવામાં ન આવે ત્યાં સુધી શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી જે કહે છે તેનું હાર્દ પામી શકાય નહીં. અગાઉ કહ્યું તેમ 'શ્રી જૈન મહાવીર ગીતા' ક્રાંતિકારી વિચારોનો ભંડાર છે, એટલે તેનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ. જો આપણે તેમ ન કરીએ તો આપણે જ ક્યાંક લેખકને અન્યાય કરી બેસીએ તેવું બને.

વળી, આજના સમયમાં ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટને કારણે સૌ નજીક આવી ગયા છે. સુખના સાધનો વધ્યા છે પણ શારીરિક, માનસિક દુઃખો પણ એટલાં જ વધ્યાં છે. આમ કેમ થયું છે? શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'નીતિયોગ'ના ૫૯ થી ૭૦મા શ્લોક સુધીમાં કહે છે કે–

જે દેશમાં અને જે સમાજમાં દારૂ પીવાય છે ત્યાં સાત્ત્વિકતાનો નાશ થાય છે. જ્યાં હિંસા થાય છે ત્યાં પ્રભુનો એટલે કે ધર્મનો વાસ હોતો નથી. જ્યાં અન્યાય હોય છે ત્યાં આફતો આવે છે. જ્યાં ધર્મકાર્યનો નાશ થાય છે ત્યાં રોગો સ્થિર થઈ જાય છે.

આ માત્ર ઉપદેશ નથી. આ વાણીમાં સત્ય છે. આજકાલ ચારેકોર નજર કરીએ તો આ વાણીની અનુભૂતિ સચ્ચાઈ રૂપે પ્રકટ થતી જોવા મળે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી એમ પણ કહે છે કે તમે સમર્થ બનો, સ્વાવલંબી બનો. કોઈને અન્યાય કરવો, કોઈનું પડાવી લેવું એવું ન કરાય. આવી સાદી સીધી વાતમાં ધર્મનું રહસ્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી ચીંધીને આપણને કેટલું બધું કહી દે છે?

ડૉ. ધનવંત શાહ અમદાવાદ વંદન કરવા આવ્યા ત્યારે 'શ્રી જૈન મહાવરી ગીતા' વિશે અલપઝલપ વાતો થયેલી. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સાથે 'શ્રી જૈન મહાવીર ગીતા'નો સ્વાધ્યાય થયો તેમાં તે મુલાકાત નિમિત્ત બની. ડૉ. ધનવંત શાહના પ્રેમાળ આગ્રહને કારણે આટલું લખાયું. તમને ગમ્યું? **–સંપૂર્ણ**

સર્જન-સ્વાગત

◆ ડૉ. કલા શાહ ◆

પુસ્તકનું નામ : **પરોઢનું સ્મિત (ગઝલ-સંગ્રહ)**
લેખક-કવિ : વિજય આશર
પ્રકાશક : **અરવિંદ આશર**
મન મંદિર, આહિર બોર્ડિંગ સામે, જામનગર.
પ્રાપ્તિ સ્થાન : (૧) રમેશ આશર
કંસારી શેરી, કાલાવડ (શિતલા).
ફોન (૦૨૮૯૪) ૨૨૨૮૯૦.
(૨) મનહર આશર
જે-૪, બીજે માળે, સુપર માર્કેટ, જામનગર.
મૂલ્ય : રૂ. ૮૦/-, પાના :૮૪, આવૃત્તિ :પ્રથમ, જાન્યુઆરી-૨૦૧૦.

છેલ્લા ચાર ચાર દાયકાથી જામનગર શહેરમાં વિજય આશરે સાહિત્યની જ્યોતને ઝલમલતી રાખવાનો પ્રયત્ન કર્યો છે. તેમનો આ આઠમો કાવ્ય સંગ્રહ છે.

આ ગઝલ સંગ્રહમાં વિજય આશરનો પોતીકો અવાજ છે, તેમની કલમમાં ભાવોને સુંદર રીતે અભિવ્યક્ત કરવાનું કૌવત છે. તો સાથે સાથે માનવીય સંબંધોની પાર જોવાની. તેમની ટેવ સાચી ગઝલનો સાક્ષાત્કાર કરાવે છે.

ઘર, નગર, દ્વાર છોડી બહાર આવો,
સઘળા કારોબાર છોડી બહાર આવો.
જીવવાનો અર્થ સાવ ફરી જાય છે.
એ જ ક્ષણે માણસ મરી જાય છે.

આવા શેરો હૃદય સોંસરા ઉતરી જાય તેવા બન્યા છે.

'મા હવે નથી' ગઝલ અત્યંત સંવેદનશીલ માતૃત્વના ભાવો વ્યક્ત કરે છે.

પીડાઓ પાલવમાં બાંધીને વહી ગઈ
જીવતરની જાણકાર - મા હવે નથી.

માણસો વિશેની ગઝલોમાં તેમની જીવન સૃષ્ટિ સ્પષ્ટ થાય છે. નાનકડો ગઝલસંગ્રહ માણવા જેવો છે.

X X X

પુસ્તકનું નામ : **હૃદયની ક્ષિતિજો**
કવિયિત્રી : સુવર્ણા જૈન
પ્રકાશક : **સુવર્ણા જૈન**
૨૫૦૧, મોન્ટ્રીયલ ટાવર, બિલ્ડિંગ નં. ૩૧, ૨૫મે માળે, શાસ્ત્રી નગર, લોખંડવાલા કોમ્પ્લેક્ષ, અંધેરી (વેસ્ટ), મુંબઈ૪૦૦ ૦૫૩.
પ્રાપ્તિ સ્થાન : ઉપર પ્રમાણે.
મૂલ્ય : રૂ. ૫૦/- (ભારતમાં) પાના :૯૬, આવૃત્તિ : પ્રથમ, ૧૦ ડોલર (વિદેશમાં)

'હૃદયની ક્ષિતિજો' કાવ્ય સંગ્રહમાં સુવર્ણા જૈન હૃદયના સંવેદનો વ્યક્ત થઈ કલાત્મક રીતે કાવ્ય શિલ્પને કોતરે છે. તેમના વિચારોનું મનોમંથન શબ્દોમાં વહે છે. એમની કવિતામાં પ્રેમ, સૌંદર્ય,ચરાગ, ઝંખના, વિશ્વાસ, સ્વપ્નભંગ વગેરે પ્રતીત થાય છે. અને સમાજના નવા નવા ચિત્રણો જોવા મળે છે. સુવર્ણાબેનનું સૌંદર્ય દર્શન નીચેની પંક્તિઓમાં વ્યક્ત થયું છે.

રામણામાં સુંદર મૂરત તારી, બંધ નયનમાં આવી,
સાગરકિનારે, પ્રણય મિલનની લહર ઉમળતી આવી.

તેમની કવિતામાં નારી સહજ અભિવ્યક્તિની છટા અને ફુમાશ માણવા જેવા છે. જીવનના સત્યોને અનુપ્રાસોથી કંડારે છે.

સૂકાં પર્ણોને હવાના ઝોકાનો ડર છે.
ઝાકળ બિંદુને તપતા સૂરજનો ડર છે.

સુવર્ણા જૈનની કલમ હિન્દીમાં પણ કમનીયતાની પ્રતીતિ કરાવે છે. સુવર્ણા જૈન અધ્યાત્મના કવિયત્રી છે. પોતાના આંતર જગતના આરોહ-અવરોહને કાવ્યરૂપે ઉતારવાનો પ્રયાસ કરે છે. તો સાથે સાથે પ્રેમ હોય કે પ્રકૃતિ, વિચાર હોય કે વ્યવહાર, અધ્યાત્મ હોય કે સંસાર...આ સર્વને આવરી લેતા અનેક વિષયો પરની રચનાઓ આત્મસાત કરવા જેવી છે.

X X X

પુસ્તકનું નામ : **ધન્યધરા શાશ્વત સૌરભ-ભાગ-૧-૨**
સંપાદક-નંદલાલ દેવલુક
પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન : **શ્રી અરિહંત પ્રકાશન,** 'પદ્મ્યાલય', ૨૨૩૭, ૧ હીલ ડ્રાઈવ, પોર્ટ કોલોની પાછળ, વાઘાવાડી રોડ, સરકીટ હાઉસ પાસે, ભાવનગર-૩૬૪૦૦૨.
મૂલ્ય : રૂ. ૪૫૦/-, પાના :૯૪૫, આવૃત્તિ :પ્રથમ ૨૦૦૮.

ધન્યધરા શાશ્વત સૌરભ-ભાગ-૧

ધર્મ, સાહિત્ય અને સંસ્કૃતિનો સમન્વય કરતો એક અદ્‌ભુત ગ્રંથ છે. જૈન સાહિત્યનો આવો અપ્રતિમ, વિશાળ અનેકવિધ વિષયોને આવરી લેતો વિરાટ ગ્રંથ સંપાદિત કરવા બદલ નંદલાલભાઈ દેવલુકને અઢળક અઢળક અભિનંદન.

આ મહાન અને વિરાટ ગ્રંથમાં નંદલાલભાઈ દેવલુકે જુદા જુદા વિષયોને સમાવી લીધા છે તેમાં તેમની વિશાળ દૃષ્ટિની પ્રતીતિ થાય છે. આખા ય ગ્રંથને પાંચ વિભાગમાં વિભાજિત કર્યો છે.

વિભાગ-૧ : અર્હંત ગુણવૈભવ દર્શન
વિભાગ-૨ : માંગલિક ભક્તિદર્શન
વિભાગ-૩ : જૈન કલા અને સાહિત્ય-વિશિષ્ટ દર્શન
વિભાગ-૪ : વિક્રમની વીસમી સદી
વિભાગ-૫ : વૈવિધ્ય સૌરભ દર્શન

આ પાંચ વિભાગમાં સંપાદકશ્રીએ આગમ સાહિત્ય, જૈન તત્ત્વદર્શન વિષયક લેખો, જૈન ધર્મના અને શાસનના સુરીશ્વરો, જૈન દર્શનના શ્રુતધરો, જિન દર્શનના દાર્શનિકો, જૈન પ્રાચીન તીર્થો, જિન મંદિરોની સ્થાપત્ય કલા, ગુજરાતી જૈન સાહિત્ય, હસ્તપ્રત લિપિઓ, જ્ઞાનભંડારો, જૈનોની સાંસ્કૃતિક સંપત્તિ, શ્રમણી રત્નો, એકવીસમી સદીના કેટલાક વિશિષ્ટ શ્રાવકશ્રાવિકાઓ, સંગીતકારો, દાનવીરો, તપસ્વી રત્નો, ધર્મનિષ્ઠ પુણ્ય પ્રતિભાઓ વગેરે વિષયોને સમાવ્યા છે. સંપાદકશ્રીએ કરેલ આ જૈન શાસનની ભગીરથ સેવા છે. આ ગ્રંથ માત્ર જૈન ધર્મ અને સાહિત્યનું જ નહિ પણ ભારતીય સાહિત્યનું એક ગૌરવવંતુ સોપાન છે.

ધન્યધરા : શાશ્વત સૌરભ ભાગ-૨

આ ગ્રંથમાં વિવિધ પ્રતિભાઓનો પરિચય સંપાદકશ્રીએ કરાવ્યો છે. એની વિશેષતા એ છે કે આ પરિચય ફોટાઓ સાથે કરાવ્યો છે. આ ફોટાઓ અને ચિત્રો, છબીઓમાં જૈન સંસ્કૃતિ અને સંસ્કારના દર્શન થાય છે. આ ગ્રંથની બીજી વિશેષતા એ છે કે તેમાં નારી પ્રતિભાઓનો પરિચય પણ કરાવવામાં આવ્યો છે.

બંને ગ્રંથોના કવરપેજ અતિ આકર્ષક છે અને શીર્ષક પણ યથાર્થ છે.

વિદ્વાનો અને સાક્ષરોએ વસાવવા જેવા આ બંને ગ્રંથો છે.

X X X

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

ગુરુદેવ અને ગાંધીજી : ગુરુદયાલ મલ્લિકજીની નજરમાં

□ પ્રા. પ્રતાપકુમાર જે. ટોલિયા

અંતર્દૃષ્ટા ગુરુદયાલ મલ્લિકજીને તેમની નવ વર્ષની ઉંમરે દેહ છોડી રહેલી માતાએ ત્રણ આજ્ઞાઓ આપી હતી જેમાં મહત્ત્વની હતી મહાપુરુષો પાસે જતી વખતે **મૌન** રાખવાની. આ તેમણે અક્ષરશ: પાળી અને પછી જ્યારથી શાંતિ નિકેતનમાં ગુરુદેવ રવીન્દ્રનાથને સમર્પિત થયા અને તેમના સાન્નિધ્યમાં **૨૨** વર્ષ જેટલો દીર્ઘકાળ રહ્યા ત્યાં સુધીમાં તેમણે **૨૨** મિનિટ જેટલી પણ વાત નહીં કરતા આદ્યાન્ત મૌન જાળવેલું. આથી ગુરુદેવે તેમનું નામ પાડેલું **'ગૂંગો (મૂંગો) ગુરુદયાલ.'** ગાંધીજી સાથે પણ તેમના **૨૮** વર્ષ જેટલા કાલખંડ દરમ્યાન પણ તેમણે આવો જ વિનય, મૌન, અદબ જાળવ્યા. ગુરુદેવ અને ગાંધીજી જે કામ ચીંધે તે સમર્પિત થઈને પ્રસન્ન મૌનપૂર્વક કરે. આ યુગના બંને મહાપુરુષો ગુરુદેવ અને ગાંધીજીની નિશ્રામાં વીતેલા તેમના મૂલ્યવાન જીવનના સંસ્મરણોના ભંડારમાંથી થોડા જ અહીં પ્રસ્તુત છે. તેમના (મલ્લિકજીના) જ શબ્દોમાં.

અંતર મમ વિકસિત કરો! : કઈ રીતે?

એકવાર શાંતિ નિકેતનમાં મુંબઈના એક લખપતિ શેઠ આવ્યા. ગુરુદેવની ઉપાસના-પ્રાર્થનામાં બેઠા, જ્યાં ગુરુદેવે પોતે ગાયું 'અંતર મમ વિકસિત કરો!'

આ ભજન સાંભળતાં સાંભળતાં પેલા શેઠના પેટ પર હાથ ફર્યા કરે. કવિશ્રી-ગુરુદેવની નજર બહુ તેજ. તેમણે એ જોઈ લીધું. સાંજે મારા પર હુકમ આવ્યો: 'એય ગુરુદયાલ! એ કોણ બેઠો હતો?'

'મુંબઈના એક શેઠ.' મેં કહ્યું.

'તો એને ન સૂઝ્યું કે અંતર મમ વિકસિત કરો!' એટલે આ જ અંતર-પેટ?...તેનો દંડ કરવો પડશે. કોઈ રીતે ફોસલાવીને ૧૦૦૦/- એક હજાર રૂપિયા શાંતિ નિકેતન માટે તેની પાસેથી કઢાવ...'

એ કામ મારા માટે તો બહુ મુશ્કેલ. પણ ગુરુદેવનો હુકમ-આદેશ આવ્યો એટલે કરવાનું જ, વગર વિચાર્યે.

શેઠને આશ્રમ છોડી જતી વખતે મેં પૂછ્યું: 'તમને શાંતિ નિકેતન ગમ્યું?' તો કહે, 'હા'.

મેં કહ્યું, 'તમે તો વેપારી છો. તમારા પાસે કોઈ વેપારી-ગ્રાહક આવે ને તમને 'ગમ્યું છે' તેમ કહે તો તમે તેની કિંમત માગો...તો પછી શાંતિ નિકેતન ગમ્યું હોય તો તેની કિંમત આપો!'

ને પેલો શેઠ ૫૦૦/- પાંચસોનો ચેક આપીને ગયો. ગુરુદેવે પ્રાર્થના કરી કે 'તેનું અંતર સાચી રીતે વિકસે!'

ગુરુદેવ અને ગાંધીજીનું સામ્ય

હું તો શાંતિ નિકેતન આશ્રમમાં વધુ રહ્યો. ત્યાં બે રજાઓ : ૨૫ એપ્રિલથી ૨૩ જુલાઈ સુધી અને દિવાળીની ૧૫ દિવસની. ત્યારે ગાંધીજી પાસે, તેમની આજ્ઞાથી, જતો.

સ્વતંત્રતા પછી આપણે તેમને રહેવા પણ ન દીધા. જે કોઈ આપણને સાચે માર્ગે લઈ જાય છે તેને મારી જ નાંખો!

૧૯૪૭માં મને લાગતું હતું કે ગુરુદેવ પણ ગયા, મા પણ ગઈ, બાપ પણ ગયા, હું અનાથ થઈ ગયો! શાંતિ નિકેતન આશ્રમમાં એક વર્ષમાં એવા ફેરફાર કરી દીધા કે જે આદર્શ કે ધ્યેય માટે હું બધું મૂકીને ત્યાં ગયો હતો તે ભૂંસાતો ગયો! **કવિશ્રી ગુજરી ગયા (૧૯૪૧માં) તે પહેલાં તેઓ શાંતિ નિકેતનમાં ગાંધીજીને મુખ્ય ટ્રસ્ટી બનાવીને ગયા હતા.** પણ ત્યારે તો તેઓ પૂનામાં આગાખાન જેલમાં. બહાર આવી, શાંતિ નિકેતન આવી ગાંધીજીએ સૌને ખૂબ વિનંતિ કરી કે **'કવિવરના આદર્શોને અપનાવીને રહો.'** ટ્રસ્ટીઓ કહે કે પૈસાની તાણ રહે છે. બાપૂ કહેતા કે **'કવિવરને તાણ પડતી ત્યારે શ્રદ્ધાપૂર્વક મને કાગળ લખી દેતા ને હું પૈસા બિરલા જેવાના ગજવા કાપી મોકલી આપતો. જે કામ કલ્યાણકારી છે, લોકોને જેની સેવાની જરૂર છે, તે માટે પૈસા આવ્યા જ કરશે.'** ટ્રસ્ટીઓએ કહ્યું કે નક્કી કરીશું. પછી એક વર્ષમાં નક્કી કર્યું સરકારી વિશ્વવિદ્યાલય (Central Govt. University) બનાવવાનું. ત્યારે બાપૂએ મને કહ્યું કે, 'હવે ચાલ્યો આવ. હવે તારે મારું કામ કરવાનું. ગામડામાં જ્યાં જ્યાં કામ થતું હોય ત્યાં ત્યાં જવું અને રહેવું.'

આ પછી ગાંધીજીના સમાજસેવાના કામોમાં અને તેમની સાથે ઘનિષ્ટપણે વર્ષો વીત્યાં. મેં જોયું કે સ્વદેશીની, સર્વ ધર્મ સમન્વયની, દરિદ્રનારાયણની સેવાની, વગેરે અનેક બાબતોમાં ગુરુદેવ અને ગાંધીજીમાં ઘણું સામ્ય હતું. બંનેના છેલ્લાં દિવસો અને છેલ્લી ભાવનાઓની ઘણી વાતો યાદ આવે છે.

ગુરુદેવ ૨૫મી જુલાઈ ૧૯૪૧ના શાંતિ નિકેતનથી કલકત્તા ગયા, જ્યાં ૭મી ઑગષ્ટ ૧૯૪૧ના દિવસે તેમનું શરીર છૂટ્યું. તે પહેલાં ૫મી ઑગસ્ટે શરીરમાં પીડા અતિશય. હજુ બેશુદ્ધ નથી થયા ત્યારે **'ગુનગુન'** કરવા લાગ્યા. ડૉક્ટરોના કડક પ્રતિબંધ છતાં તેમનાથી રહેવાયું નહીં. તેઓ જે ગીત 'ગુનગુનાવ્યા' (ગણગણ્યા) હતા તે એક બહેને લખી લીધું.

'મારા પ્રભુ! મારી એક જ ઈચ્છા તારા ચરણે મૂકું છું. મને ખાત્રી છે કે મને બીજો જન્મ મળશે, પણ **મને ગરીબમાં ગરીબના ઘેર જન્મ આપજે, જેથી તેમનું દુ:ખ હું અનુભવ કરી શકું.'** ઘાયલ કી ગત ઘાયલ જાણે! **જેમ ગાંધીજી કહેતા તેમજ! ગુરુદેવનું દરિદ્રનારાયણનું દર્દ સહેવાનું એ ગીત છેલ્લું હતું એમ કહેવાય છે, જો કે, એમની દૃષ્ટિથી છેલ્લું ગીત ચાર પાંચ માસ પહેલા લખાયેલું. 'ડાકઘર' નાટકની રિહર્સલ કરાવતાં સ્ફુરેલું 'સમુખે શાંતિ પારાવાર'**, જેનો ભાવ હતો, 'હવે શાંતિનો સાગર પાર કરીશું. આજ સુધી જે કર્ણધાર જીવનની નૌકા ચલાવતો આવ્યો છે તેને જોઈશ.' એટલે એક દૃષ્ટિથી આ તેમના છેલ્લા ગીતના છેલ્લા શબ્દો, છેલ્લો ભાવ. તો બીજી દૃષ્ટિથી ગરીબમાં ગરીબને ત્યાં જન્મવાની ઝંખના પોતે અનુભવ કરી શકે તેવી ભાવના.

'अल्लाह को नहीं पसंद हिन्दुस्तान-पाकिस्तान'

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૨૩)

પંથે પંથે પાથેય...

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૧૨ • ડિસેમ્બર ૨૦૧૦ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦

ॐ ऐं ह्रीं क्लीं सरस्वत्यै नमः



સધવરદા મા સરસ્વતી દેવી

જિન-વચન

પાંડિત્યનું પ્રદર્શન અનિચ્છનીય

त्रयं सयं पसंसंता गरहंता परं वयं ।
जे उ तत्थ विउस्संति संसारं ते विउस्सिया ।।

सूत्रकृतांग १-२-२३

જેઓ પોતાના મતની પ્રશંસા કરે છે અને બીજાનાં વચનોની નિંદા કરે છે અને એ રીતે પોતાના પાંડિત્યનું પ્રદર્શન કરે છે તેઓ સંસારમાં જ ભ્રમણ કરતા રહે છે.

Those who praise their own views and condemn the words of others, only to show off thier so-called learnedness, are indeed wandering in the worldly cycle of birth and death.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે

૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

ઉદારદિલ કવિ

હિંદી કવિ નિરાલાજી કદી પારકાનું દુઃખ જોઈ શકતા નહોતા. કોઈ પણ દુઃખી માણસ તેમની પાસે આવે તો કદી એને ખાલી હાથે જવા દેતા નહીં. પોતાના લેખનો પુરસ્કાર પણ દરિદ્રો પાછળ જ ખર્ચી નાખતા હતા.

આવી ઉદારતાને કારણે તેમની પાસે ઘણી વાર તો એક પૈસો પણ રહેતો નહોતો. છતાં એ વાતનો તેમને અફસોસ પણ ન હતો. શિયાળો આવ્યો, પરંતુ તેમની પાસે ગરમ કોટ પણ નહોતો.

સાહિત્યક્ષેત્રે સારું એવું પ્રદાન કરનાર મહાદેવી વર્માએ એક દિવસ તેમને કહ્યું, 'આવી કડકડતી ઠંડી પડે છે, છતાં તમે શરીર પર એકાદ ગરમ વસ્ત્ર પણ કેમ પહેર્યું નથી?'

નિરાલાજીએ કહ્યું, 'થોડા પૈસા હતા અને કોઈ ગરમ વસ્ત્ર ખરીદવાનો વિચાર પણ કર્યો હતો. પણ એવામાં જ એક ગરીબ મારે ઉંબરે આવી ચઢ્યો. મેં હતા એટલા બધા પૈસા એને આપી દીધા!'

મહાદેવીએ નિરાલાજીને એક ગરમ કોટ આપ્યો અને કહ્યું, 'લો, આ કોટ! ઠંડીમાં કામ આવશે.'

થોડા દિવસ પછી મહાદેવી આવ્યાં અને જોયું તો નિરાલાજીના શરીર પર એ ગરમ કોટ હતો નહીં!

તેમણે પૂછ્યું, 'નિરાલાજી! પેલો ગરમ કોટ ક્યાં?'

જવાબ મળ્યો, 'બેત્રણ દિવસ પહેલાં હું બહારથી રાતના સમયે ઘેર આવી રહ્યો હતો, ત્યાં માર્ગમાં ફૂટપાથ પર મેં એક વૃદ્ધને ઠંડીથી ધ્રૂજતો જોયો, એટલે એ કોટ એને આપી દીધો!'

'પણ કોટને બદલે ઘેર આવીને કોઈ બીજું કપડું લઈ જઈને એને આપ્યું હોત તો ન ચાલત?'

નિરાલાજી બોલ્યા, 'એટલો સમય રહ્યો નહોતો. ઘેર આવીને કોઈ ઓઢવાનું વસ્ત્ર લઈને એની પાસે પાછો ફરું એટલી વારમાં તો કદાચ એ વૃદ્ધનું કાતિલ ઠંડીથી મૃત્યુ થયું હોત!'

નિરાલાજીની આ ઉદારતાને કવયિત્રી મહાદેવી વર્મા જિંદગીભર ભૂલી શક્યા નહોતા.

❖ ❖ ❖

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	ઈચ્છામૃત્યુ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	સાર્થક સંથારો - સંસારની અંતિમ વિદાય	હર્ષદ દોશી	૫
(૩)	પૂ. રાજબાઈમાની સંલેખના યાત્રા	ડૉ. માણેક સંગોઈ	૭
(૪)	મનોવિજ્ઞાનના વિવિધ વિચારપથ SCHOOLS OF PSYCHOLOGY	શાંતિલાલ ગઢિયા	૯
(૫)	સ્થળ-કાળ સંદર્ભે દેવદ્રવ્યનો જૈન ખ્યાલ	ચંદ્રસેન મોમાયા	૧૨
(૬)	૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન	દક્ષા જાની	૧૫
(૭)	જયભિખ્ખુ જીવનધારા : ૨૩	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૩
(૮)	હેમચંદ્રાચાર્ય ચંદ્રક અર્પણ સમારોહ	ડૉ. નિરંજન રાજ્યગુરુ	૨૬
(૯)	અવસર	તરુણભાઈ મહેતા	૩૦
		ડૉ. કોકિલા શાહ	૩૨
(૧૦)	જૈન પારિભાષિક શબ્દકોશ	ડૉ. જિતેન્દ્ર બી. શાહ	૩૪
(૧૧)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૫
(૧૨)	પંથે પંથે પાથેય...	ડૉ. મહેબૂબ દેસાઈ	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૧૨ ● ડિસેમ્બર ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● માગસર સુદ–તિથિ-૧૦ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

ઈચ્છામૃત્યુ

હમણાં અદ્‌ભુત, સંવેદનશીલ અને વૈચારિક કલાકૃતિ 'ગુઝારિશ' જોઈને કેટલાંક અ-જૈન મિત્રોના મને ફોન આવ્યા અને કહે કે, 'તમારા જૈન ધર્મમાં તો આ ઈચ્છામૃત્યુ શાસ્ત્ર માન્ય છે, એટલે તમારે કાયદાની પરવાનગી લેવાની જરૂર જ નથી.'

અ-જૈન મિત્રોની આ ગેરસમજથી હું ચોંકી ઊઠ્યો. જૈનધર્મમાં આરાધનાના એક સ્વરૂપમાં 'સંલેખના-સંથારો' એ એક અંતિમ આરાધના માર્ગ છે. એમાં સ્થૂળ દેહ તો માધ્યમ છે, જીતવાના અને હણવાના તો ભીતરના કષાયો, રાગ-દ્વેષ, મોહ, માયા, અહં, કામ, ક્રોધ વગેરે છે.

આ ઈચ્છા મૃત્યુ એટલે તો દુ:ખોથી ભાગવાની વાત છે, જ્યારે સંલેખનામાં તો દુ:ખોને સ્વીકારીને, દુ:ખો-યાતનાને ભોગવીને, કર્મો ખપાવીને આંતરિક કષાયોથી મુક્ત થવાની પ્રક્રિયા છે.

ચિત્રના નાયકને ક્વાડ્રિપ્લેજિક-પેરાપ્લેમિયા ગળાની નીચેના ભાગથી સંપૂર્ણ લકવો છે, છાતીથી પગ સુધીનું શરીર નિષ્ક્રિય છે. ૧૪ વર્ષથી આવી યાતના એ ભોગવી રહ્યો છે. પરંતુ મન અને બુદ્ધિથી એ એટલો બધો સશક્ત છે કે રેડિયો જોકી તરીકે એ શ્રોતાઓને પોઝિટીવ થીંકિંગ પીરસે છે. આનંદ અપાવે છે, પોતાની સેવા કરનારને પ્રેમ કરે છે, એની સાથે લગ્નની ઈચ્છા વ્યક્ત કરે છે, અને પૂરી પણ કરે છે. ક્યારેક અતિ ક્રોધ પણ કરે છે અને પોતાને યુથનેશિયા-મર્સીકિલીંગ માટે કાયદાની સ્વીકૃતિ મળે એ માટે અદાલતમાં ધા પણ નાંખે છે અને ઈચ્છામૃત્યુની ઈચ્છા વ્યક્ત કરે છે અને છેલ્લે અલવિદા પાર્ટી પણ યોજે છે.

ભારતના બંધારણની ૨૧મી કલમ મુજબ કોઈ પણ વ્યક્તિને પોતાની કે બીજાની જિંદગીનો અંત લાવવાનો અધિકાર નથી. એવું કરે તો એ આપઘાત અને હત્યાનો ગુનો બને છે. જિંદગી ઈશ્વરે આપી છે તો એને પાછી લેવાનો અધિકાર પણ ઈશ્વરને છે, આવું કૃત્ય એક વ્યક્તિ પોતાની રીતે કે અન્ય દ્વારા કરે-કરાવે એ ઈશ્વરનું અપમાન છે.

વર્ષો પહેલાં અમદાવાદમાંગાંધી ઉદ્યોગગૃહમાં માંદા વાછરડાને ઝેર અપાયું ત્યારે, ઝેર અપાયાના કૃત્ય પછી 'નવજીવન'ના અંકમાં ગાંધીજીએ પ્રજાના વિચારો જાણવાની 'ખ્વાહેશ' દર્શાવી ત્યારે કવિ ન્હાનાલાલ ગાંધીજી પ્રત્યે તાડુક્યા હતા અને વદ્યા હતા, '...કૃત્ય પહેલાં, વિચારણા પછી, વાહ મહાત્માજી...સજ્જનો ! હમણાં હમણાં મોહનદાસભાઈ અહિંસા શબ્દને વિશેષણો લગાડે છે. 'વ્યવહારુ અહિંસા' એવા શબ્દ પ્રયોગ કરે છે...તો આપણે કહીએ કે વાછરડાને ઝેર આપવું એ મોહનદાસની હિંસક અહિંસા... લાખોની કિંમતનો શરતનો ઘોડો અસાધ્ય રોગથી લંગડો થાય તો આપણા લોકો એને પાંજરાપોળ મોકલે ને યુરોપિયનો એ ઘોડાને બંદુકના ભડાકે મારે. વાછરડાને મારી નાંખવાની અનુમતિ આપવામાં ભાઈ મોહનદાસે યુરોપી પ્રજાનું આંધળું અનુકરણ કર્યું. પાછું આ પ્રસંગને પોતાના

આ અંકના સૌજન્યદાતા

શ્રીમતી દીનાબેન જિતેન્દ્ર વોરા

સ્મૃતિ : ગોસલિયા કાંતિલાલ હીરાચંદ

'નવજીવન'માં 'પાવક જ્વાલા' નામ આપ્યું...મોહનદાસ!તમે લખો છો કે 'વાછરડો સાજો નહિ જ થાય' એવું નિશ્ચયાત્મક જ્ઞાન તમને ન હતું. તો તમારી આ હિંસાને અહિંસા કેમ કહેવાય?

આ સમયે ગાંધીજીની ૬૦મી જન્મતિથિ ઉજવાઈ રહી હતી અને અહિંસાવાદી જૈનો, વૈષ્ણવો, શાંકરમતાવાદી વગેરે અગિયાર સંસ્થાઓએ બે હજારની મેદની સાથે ગાંધીજીના આ કૃત્યનો વિરોધ કર્યો હતો, અને ગાંધીજીની ૬૦મી જન્મ જયંતી અમદાવાદ શહેરની સંસ્થાઓએ ઉજવી ન હતી.

આ મર્સી કિલીંગ–દયા મૃત્યુનો દોર આધુનિક તબીબી શાસ્ત્રમાં અકરુણાની પરિસ્થિતિ સુધી લંબાયો છે. દર્દી લાંબો સમય સુધી કોમામાં રહે, અથવા એના જીવનના શ્વાસો ઓછા થતાં જાય ત્યારે કૃત્રિમ શ્વાસોશ્વાસ યંત્ર-રેસ્પિરેટર ઉપર એને શરીર ઉપરની ઘણી નળીઓ સાથે રખાય, અને ડૉક્ટર કહી દે કે હવે આ રિબાય છે, બચવાનો કોઈ ઉપાય નથી–અને સગા વહાલાને સમજાવાય અને હૉસ્પિટલોના ખર્ચાથી બચવા કુટુંબ ઉપર બોજ ન બને એટલે, સગા-વહાલા (!) પણ સંમતિ આપે, ત્યારે આ મર્સીકિલીંગ (યુથનેશિયા) ન કહેવાય પણ સ્વાર્થ પ્રેરિત હત્યા જ કહેવાય, દર્દી તો ત્યારે બેભાન જ હોય, એની સંમતિ લીધા વગર આવા સાધનો કઢાવી લેવાય એને તબીબી શાસ્ત્રની મર્યાદા કહીશું કે આ શાસ્ત્રનું બ્રહ્મ (કે ભ્રમ) જ્ઞાન? તબીબનો એ અભિપ્રાય અંતિમ સત્ય ગણી શકાય? આવી જ પરિસ્થિતિ અસાધ્ય રોગથી પીડિત દર્દીઓની સારવાર બંધ કરી દેવાની છે અને 'નિરાંતે' વિદાય થવા દો એવા ડહાપણ (કે દંભ) વાક્યોના ઉચ્ચારણની છે. વૃદ્ધાશ્રમમાં તો આવા કેટલાય વિરલ (?) દૃશ્યો જોવા મળતા હશે, જ્યાં એના સગા-સંબંધી સંપત્તિની વહેંચણી માટે આવા સમાચારની 'રાહ' જોતાં હોય!!

એટલે આ ઈચ્છા મૃત્યુ અને જૈન ધર્મના સંથારા-સંલેખના સાથે કોઈ મેળ નથી. સંથારો એટલે કર્મો ભોગવી લઈને કર્મક્ષયની પ્રક્રિયા અને યાત્રા છે. જોકે વર્તમાનમાં મોટી ઉંમરે જ લેવાતા આ સંથારા વ્રત માટે પણ વિચારમંથનની જરૂર છે જ.

આ વિષય ઉપર એક માત્ર લેખ સદ્‌ગત મિત્ર હર્ષદ દોશીએ ત્રણેક વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજીત પૂનામાં ૧૯મા જૈન સાહિત્ય સમારોહમાં સંથારા વિશે એક દિવસની વિદ્વદ્ ગોષ્ટિ યોજાઈ ત્યારે શ્રી હર્ષદભાઈએ મને આપ્યો હતો, એ અહીં આ અંકમાં પ્રસ્તુત છે. ઉપરાંત વિદ્વાન મિત્ર ડૉ. માણેક સંગોઈને જે જીવંત દૃશ્યાનુભવ થયો એ પણ અહીં પ્રકાશિત છે. આ બન્ને લેખોથી અ-જૈનને ઈચ્છા મૃત્યુ અને સંથારા વિશેનો ભેદ સમજાશે અને જૈન ધર્મીને પણ વિચાર મંથનની એક ભૂમિકા પૂરી પાડશે એવી શ્રદ્ધા છે.

શરીરમાં રહેલો આત્મા પરમાત્મા સ્વરૂપ ત્યારે જ પામે જ્યારે આત્મા ઉપર રહેલા કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય. આ કર્મોનું નિમિત્ત શરીરની ઈન્દ્રિઓ છે અને આ ઈન્દ્રિયો જ જ્યારે અનશન વ્રતથી શિથિલ થાય, અનિત્ય ભાવ તરફ દૃષ્ટિ કરે અને સમ્યક્‌જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમયૂજ્ઞ ચારિત્રની પ્રાપ્તિ થાય ત્યારે આત્માની મોક્ષ તરફ ગતિ નિશ્ચિત છે જ.

આવા ભવ્ય આત્માને કોટિ કોટિ વંદન.

❑ ધનવંત શાહ
drdtshsh@hotmail.com



મહાવીર કથા
ડી. વી. ડી



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી વાણીમાં વહેતી, બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈને પ્રકાશિત થઈ ગઈ છે. આ ચિંતનાત્મક દૃશ્ય-શ્રાવ્ય ડી.વી.ડી. પોતાના પરિવાર માટે વસાવવી, મિત્રો અને અન્ય પરિવારજનોને એ ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે, અને મહાવીર વાણીના ચિંતન પ્રચારનું પુણ્ય કર્મ છે. શ્રી જૈન યુવક સંઘના આજીવન સભ્યો, પેટ્રનશ્રીઓ, જૈન છાત્રાલયો, પુસ્તકાલયો અને સંઘોને **૨૦% ડિસ્કાઉન્ટથી મળશે.** બેંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ - પ્રાર્થના સમાજ બ્રાંચ - મુંબઈ. ખાતા નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં રકમ ભરી એ સ્લીપ અમને મોકલશો એટલે આપને ઘેર બેઠાં અમે આપની ઈચ્છિત ડી.વી.ડી. મોકલીશું. અમારું સરનામું પાના નં. ૩ ઉપર આપેલું છે. ફોન નં.: 0022-23820296 –022-2056428.

–પ્રમુખ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

સ્વરાજ આશ્રમ–વેડછી

નામ	રકમ
નવેમ્બર અંકનો સરવાળો (૨૭૪૪૪૪૩)	૨૭૫૯૪૪૩
શ્રીમતી રસિલાબેન ઝવેરી	૫૦૦૦
શ્રી પ્રદીપ જગમોહનદાસ શાહ	૨૫૦૦૦
શ્રી યશ ઈન્ફોસોલ્યુશન	૧૦૦૦
શ્રી લાયન્સ કલબ ઑફ બોમ્બે હાર્બર ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે ડૉ. વિક્રમ શાહ	૪૦૦૦૦
સરવાળો	૨૮૩૦૪૪૩

● **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)

સાર્થક સંથારો – સંસારની અંતિમ વિદાય

□ હર્ષદ દોશી

[જૂન-૨૦૦૯માં આ ઉત્તમ શ્રાવક અને વિદ્વાન લેખક હર્ષદ દોશીનો એક લેખ-'ઝળહળતી જીવન જ્યોતથી મનાવ્યો મૃત્યુ મહોત્સવ' 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયો હતો. આ લેખ વાચકોની ખૂબ જ પ્રશંસા પામ્યો હતો, અને ઘણાં પ્રબુદ્ધ વાચકોએ એ લેખની નકલ કરાવી મિત્રોને વહેંચી હતી.

એ લેખમાં લિવરના કેન્સર સાથે ઝઝૂમતા પ્રખ્યાત પ્રોફેસર રેન્ડી પાઉસને પોતાના આ રોગની જાણ થયા પછી પોતે લીધેલા સર્જનાત્મક નિર્ણયોની વિગત અને એમના છેવટના પ્રભાવક અને પ્રેરણાત્મક પ્રવચનની વિગત હતી.

આ લેખ લખતી વખતે હર્ષદભાઈને ખબર જ ન હતી કે આ લિવરનું કેન્સર એમના પોતાના શરીરમાં પ્રવેશી ચૂક્યું છે. કાળ પાસે ભાષા અને સંકેત બન્ને હોય છે. સિદ્ધ પુરુષો જ આ ભાષા-સંકેતને વાંચી શકે. એથી ય વિશેષ આશ્ચર્યકારક હકીકત એ છે કે પૂના ખાતે મહાવીર જૈન વિદ્યાલય યોજિત, ૧૯મો જૈન સાહિત્ય સમારોહ યોજાયો ત્યારે હર્ષદભાઈ 'સંથારા' વિશે લેખ લઈને પધાર્યા અને 'પ્ર.જી.' માટે મને પછીથી મોકલી આપ્યો.

૨૦૦૯માં આ મિકેનિકલ ઈન્જિનિયર ઉદ્યોગપતિ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં નાદુરસ્ત તબિયત હોવા છતાં આગમ ઉપર પ્રવચન આપવા પધાર્યા હતા.

ઉત્તમ મિત્ર એવા હર્ષદભાઈનો લિવરના કેન્સરે ભોગ લીધો અને 'સંથારા'ની ભૂમિકા જેમ જ સ્વસ્થતાપૂર્વક ખૂબ જ શાંતિથી તા. ૬ સપ્ટેમ્બર ૨૦૧૦ના કલકત્તામાં સ્વગૃહે પરિવારની ઉપસ્થિતિમાં માત્ર ૬૭ વર્ષનો સમય દેહમાં વસી દેહ ત્યજ્યો.

આ સંથારો લેખ એમની પાંડિત્ય પ્રજ્ઞાએ તો ખરો જ પણ અંદરની કઈ ચેતનાએ એ લખાવ્યો હશે ?

આવા પવિત્ર આત્માને શબ્દાંજલિ અર્પતા વેદના અનુભવી એમના પાંડિત્ય અને જીવનનું દર્શન કરી પ્રેરણાત્મક શાતા પણ અનુભવું છું. –ધ.]

'કેવી વિલક્ષણતા! સામાન્ય માણસને કોઈ સ્થળે પોતાના મૃત્યુની ભૂલથી પણ જરા ગંધ આવી જાય તો એ તત્કાળ એ સ્થાનેથી સેંકડો જોજન દૂર ભાગી જાય! તેનાથી વિપરીત, તપોમૂર્તિ શ્રી જગજીવન મુનિ પોતાના દેહવિલય માટે સ્વયં પ્રાકૃતિક સ્થળ શોધી રહ્યા હતા!'[i]

જે સ્થળે ભગવાન મહાવીરે અનેક દેશના આપી હતી અને આર્ય સુધર્માએ સંલેખના વ્રત અંગીકાર કર્યું હતું એવા, રાજગિરની બહાર, ઉદયગિરીની પવિત્ર તળેટીને તપસ્વી શ્રી જગજીવન મુનિએ આમરણાંત સંલેખના માટે પસંદ કર્યું ત્યારે ઉપરના ઉદગાર શ્રી જયંત મુનિના મુખેથી વિસ્મયતા સાથે સરી પડ્યા.

સંલેખના કે સંથારો જૈન સાધનાની અદ્‌ભુત અને વિસ્મયકારક પરંપરા છે. સામાન્ય માણસ મૃત્યુના ભયથી જીવી રહ્યો હોય છે, ત્યારે તેનાથી વિપરીત, સંસારી હોય કે ત્યાગી સાધુ, જૈન સાધક નિર્ભયતાથી મૃત્યુને સ્વીકારે છે. તેને માટે જીવન અને મરણ કર્મજન્ય સહજ અવસ્થા છે. મૃત્યુ એ જીવનની સર્વસામાન્ય, અંતિમ અને અનિવાર્ય ઘટના છે. પૂરું જીવન પ્રસન્નભાવથી વિતાવ્યું, અનેક અનુકૂળ અને પ્રતિકુળ સંયોગોનો સમભાવથી સામનો કર્યો, ત્યાર પછી જ્યારે આ શરીર વિશેષ પ્રવૃત્તિ કે સાધના માટે સહાયક જણાતું નથી ત્યારે જૈન સાધક સ્વેચ્છાએ, શાંતિ અને સમભાવથી, વધારે જીવવાની કે ત્વરિત મૃત્યુની આકાંક્ષા વગર, આ પ્રિય શરીરનો પણ જીર્ણ વસ્ત્રની જેમ ત્યાગ કરવાની ભાવના સાથે આમરણાંત અનશન કરે છે, જેને જૈન પરંપરામાં સંથારો કહે છે.

જે સાધકે આ સંસારને અનેક ઉપાધિ, વ્યગ્રતા, અશાંતિ અને બંધનનું કારણ સમજીને ત્યાગ કર્યો છે અને પરમ આનંદ અને અંતિમ મુક્તિ માટે ઉપાસના કરી છે તેને જીવનની અંતિમ ક્ષણો પોતાની સાધનાના પરમ લક્ષ્યને અનુરૂપ પસાર થાય એવી ભાવના થવી સ્વાભાવિક છે. એટલે સાધક નૈસર્ગિક દેહત્યાગ પહેલા મનથી અને દેહથી સર્વ પ્રવૃત્તિઓનો પ્રસન્નતાપૂર્વક અને સ્વેચ્છાએ ત્યાગ કરે છે. સામાન્ય મનુષ્ય જ્યારે મૃત્યુના નામથી પણ ભયભીત થઈ જાય છે ત્યારે જૈન સાધક મૃત્યુંજય બનીને મૃત્યુને આહ્વાન આપે છે. તેને માટે મૃત્યુ તેની સાધનાની અંતિમ પરીક્ષા છે. શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું છે તેમ સામાન્ય મનુષ્ય ક્ષણ ક્ષણ ભાવમરણથી મરી રહ્યો છે, ત્યારે જૈન સાધકનું પૂરું જીવન મૃત્યુને ખુમારી સાથે ભેટવાની પૂર્વ તૈયારી છે. આ પૂર્વ તૈયારીને પણ સંલેખના કહે છે. મૃત્યુ પહેલા આહાર અને પાણી સહિત સર્વ પ્રકારની શારીરિક પ્રવૃત્તિની સાથે આશા, ઈચ્છા, અપેક્ષા અને કષાય જેવી માનસિક વૃત્તિઓનો પણ સંપૂર્ણ ત્યાગ એ સંથારો છે.

શ્રી સંતબાલજીએ શ્રી આચારાંગ સૂત્રના વિવેચનમાં કહ્યું છે કે 'મૃત્યુ એ નવજીવનની પૂર્વદશા છે. મૃત્યુસમયની શાંતિ નવીનદેહનું શાંતિ બીજ છે.[ii] મૃત્યુ બે જીવન વચ્ચેનો સેતુ છે, સંધીકાળ છે. જ્યાં સુધી સંપૂર્ણ મુક્તિ નથી ત્યાં સુધી પુનર્જન્મ છે. મૃત્યુ જો આ જન્મનું અંતિમ બિંદુ છે તો આવતા જન્મનું પ્રારંભ બિંદુ પણ છે.

મૃત્યુ આ જીવની અનંતકાળથી ચાલી રહેલી જીવનધારામાં સમય સમય પર આવતી દેહપરિવર્તનની ક્ષણિક ઘટના છે. 'મૃત્યુ આ

જીવનના લક્ષ્યની ઉપલબ્ધિ માટે અંતિમ અવસર છે. મૃત્યુ વીતી રહેલા અને આવી રહેલા જીવનના મૂલ્યોનું સંયોજન કરે છે.'[iii] મૃત્યુ પછી જીવ પૂર્વકર્મ અનુસાર નવો દેહ ધારણ કરી તદરૂપ જીવન જીવે છે. એ દેહ જીર્ણ થતાં અને આયુષ્ય પૂરું થતાં, જીવ ફરીથી મૃત્યુની પ્રક્રિયામાંથી પસાર થાય છે અને પુનઃ નવો દેહ ધારણ કરી, નવું જીવન જીવે છે. જન્મ અને મરણની આ શૃંખલા અનંતકાળથી અસ્ખલિત ચાલી રહી છે. સામાન્ય રીતે જીવને પૂર્વભવ કે મૃત્યુની કોઈ સ્મૃતિ રહેતી નથી.[1] એટલે તેને માટે આ વર્તમાન જીવન જ એક માત્ર જીવન છે, જેને તે વળગી રહે છે.

જ્ઞાનીઓએ જોયું છે, જાણ્યું છે અને અનુભવ્યું છે કે આ જીવન અને સંસાર દુઃખથી ભરેલા છે. તેમાં સુખ થોડું છે અને દુઃખ ઝાઝું છે.[iv] છતાં દરેક જીવને આ જીવન અત્યંત પ્રિય છે અને મૃત્યુ અત્યંત અપ્રિય છે.[v] 'પરમ, અનંત શાશ્વત સુખ આ સંસારની જીવન–મરણની શૃંખલામાંથી મુક્ત થવામાં છે. એ વિચિત્રતા છે કે સંસારમાં દુઃખ અને સંસારની મુક્તિમાં સુખ હોવા છતાં, જીવ આ સંસારને અને આ જીવનને વળગી રહેવા માંગે છે. તે કોઈ પણ ભોગે જીવવા માંગે છે. જીવનની સમાપ્તિ એટલે કે મૃત્યુને તે અત્યંત કષ્ટદાયક માને છે. મૃત્યુ પછીના અજ્ઞાત અને અનિશ્ચિત ભવિષ્યનો તેને ભય હોય છે. આ સંસારમાં તેને સુખનો અને તેની સમાપ્તિમાં તેને દુઃખનો આભાસ થાય છે, જે વાસ્તવમાં એક ભ્રમણા છે. આ ભ્રાંતિને જૈનદર્શનમાં મિથ્યાત્વ કહે છે. આ ભ્રાંત માન્યતા કે આભાસ સંસારની વિચિત્રતા છે અને જીવનું સતત જીવન–મરણના ચક્રમાં અટવાઈ જવાનું મૂળ કારણ છે. તીવ્ર જિજીવિષામાંથી ઉદ્‌ભવતી અને તેને કારણે આ દેહને વળગી રહેવાની, ટકાવી રાખવાની તીવ્ર વાંછનામાં મિથ્યાત્વનું મૂળ છે. જીવન–મરણના ચક્રમાંથી છૂટવું એ જ નિઃશ્રેયસ છે એવી પ્રતીતિ થવી એ મિથ્યાત્વમાંથી મુક્તિ અને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ છે. મિથ્યાત્વ એ એક એવું બીજ છે જેમાંથી દેહ અને આત્મા એક છે તેવી માન્યતા, દેહનું મમત્વ, જિજીવિષા અને મૃત્યુનો ભય અંકુરિત થઈ એક વિરાટ વૃક્ષ બને છે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા અને લોભ તેની શાખાઓ છે અને સુખ-દુઃખના અનુભવ તેના ફળ છે. જ્યારે બોધિબીજ પ્રાપ્ત થાય છે ત્યારે તેમાંથી આત્માના નિજગુણ વિકસે છે. જેમ ખેડૂત તેના ખેતરમાંથી નિંદામણને નિર્મૂળ કરવામાં અને દાણાના વાવેતરને સંભાળવામાં પૂરો ઉદ્યમ કરે છે તેમ સાધક મિથ્યાત્વને નિર્મૂળ કરવામાં અને સમ્યક્‌ત્વને અંકુરિત કરવાનો પુરુષાર્થ કરે છે. મૃત્યુનો ભય સંસારનું સજ્જડ બંધન છે. જિજીવિષા અને મૃત્યુના ભયથી મુક્તિ એ પરમ મુક્તિ છે. આ બંધન તૂટતાં જ આત્માના અનંત જ્ઞાન ઉપરના આવરણ છિન્ન થઈ જાય છે, આત્માની અનંત શક્તિ પ્રગટ થાય છે અને તેને અનંત સુખનો અબાધ્ય અનુભવ થાય છે. આમ ભયને જીતવો એ જ સાધકના જીવનનું પરમ લક્ષ્ય બને છે. સંથારો આ બંધન તોડવાનું ધારદાર શસ્ત્ર છે.

સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે સંથારો શું છે અને તેનું સ્વરૂપ કેવું છે? જેનું અંતિમ ધ્યેય સંથારો છે એવા જૈન સાધકનું જીવન કેવું હોવું જોઈએ? મૃત્યુ શું છે અને કેવું હોવું જોઈએ? આ પ્રશ્નોના તલસ્પર્શી સમાધાન માટે સંથારા વિશે આધ્યાત્મિક, સામાજિક, વૈયક્તિક અને મનોવૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિમાં વિચાર આવશ્યક છે, જેમાંથી જૈન દર્શનની મૂળ માન્યતાઓ અને સિદ્ધાંત પ્રગટ થાય છે.

સંથારો એ સંસ્કૃત શબ્દ 'સંસ્તારક'નું પ્રાકૃત રૂપ છે અને તેનો અર્થ 'સમતાભરી છેલ્લી પથારી–શૈયા' એવો થાય છે. આ અર્થમાં સંથારો મૃત્યુ પહેલાનો આમરણાંત સંપૂર્ણ ત્યાગ અને અનશન છે. જ્યારે સંલેખનાનો[2] શાબ્દિક અર્થ છે સમભાવ સાથેનો દૃઢ સંકલ્પ. શરીર સ્વસ્થ હોય ત્યારે જ મૃત્યુ સમયે સંથારો લેવાની ભાવના ભાવવી, તેનો સંકલ્પ કરવો અને તે માટે તન અને મનને સજ્જ કરવા વર્ષો સુધી તૈયારી કરવી એ સાચા અર્થમાં સંલેખના છે. સંલેખના સંયમ અને દૃઢતા કેળવવાનો જીવનની છેલ્લી ઘડી સુધીનો પ્રયોગ છે. મૃત્યુની ઘડીએ શરીર અને મન ડગી ન જાય તે માટે સંલેખના દરમિયાન ઉગ્ર તપસ્યા દ્વારા સાધક શરીર અને કષાયોને કૃશ કરે છે. એમ પણ કહી શકાય કે દરેક તપ સંથારાની પૂર્વ તૈયારી છે. સામાન્ય રીતે સંથારો અને સંલેખના એક જ અર્થમાં વપરાય છે, છતાં ભેદ વ્યક્ત કરવા માટે 'આમરણાંત સંથારો' શબ્દ પણ પ્રચલિત છે.

સાધારણ રીતે મનુષ્ય જીવનના છેલ્લા દિવસો પથારીમાં વિતાવતો હોય છે. તે પથારીમાં જ મૃત્યુ પામે છે. મોટા ભાગના માણસોના આ છેલ્લા દિવસો માંદગીને કારણે ત્રાસભર્યા અને આકુળતાભર્યા હોય છે. તે ઉપરાંત સાંસારિક વળગણોને કારણે તે અનેક પ્રકારની ઉપાધિઓ અને માનસિક અશાંતિથી પણ ઘેરાયેલો હોય છે. જીવવાની શક્યતા ન હોવા છતાં તેને જીવનની તીવ્ર આસક્તિ હોય છે. તે અનિચ્છાએ, દુઃખથી છૂટવા માટે મૃત્યુને સ્વીકારે છે. જૈનદર્શન અને બાલ મરણ અથવા અકામ મરણ કહે છે. તેનાથી વિપરિત પ્રજ્ઞાશીલ જૈનસાધક, ગમે તેટલી શારીરિક વ્યાધિ હોય તો પણ, તેની અંતિમ શૈયામાં, અત્યંત માનસિક સ્વસ્થતા અને સમતા સાથે, આ દેહનું પણ મમત્વ છોડીને, મૃત્યુની અનિવાર્યતાના સ્વીકાર સાથે તેને ભેટે છે. જૈનદર્શન તેને પંડિત

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ચૌદમું)

[1] નારકીય જીવો અને સ્વર્ગના દેવોને પાછલા એક જ ભવની સ્મૃતિ હોય છે, જે હાલનું આયુષ્ય પૂરું થયે વિસ્મૃત થઈ જાય છે.એટલે સાધારણ રીતે પાછલા જીવનની સ્મૃતિ જીવોને હોતી નથી એમ કહી શકાય.

[2] 'સંલેખના' શબ્દનો પણ ઉપયોગ થાય છે.

પૂ. રાજબાઈમાની સંલેખના યાત્રા

□ ડૉ. માણેક સંગોઈ

[ડૉ. માણેક સંગોઈ ઑક્યુપેશનલ થેરપિસ્ટ અને મેડિકલ રીહેબીલીટેશન એક્સપર્ટ છે. આ ક્ષેત્રમાં દિલ્હીની હૉસ્પિટલમાં એઓશ્રીએ દીર્ઘ સેવા આપી છે, અને 'હૂ' દ્વારા ફેલોશિપ પ્રાપ્ત કરી જગતના લગભગ ઘણાં દેશોની હૉસ્પિટલોમાં ત્યાંના દર્દીઓને પોતાની સેવા અર્પી છે. દંપતી જગત પ્રવાસી અને ચિંતક છે.

અહીં તેમણે જે ચિત્ર તાદૃશ કર્યું છે એ તપસ્વી પૂ. રાજબાઈમા શ્રી માણેકભાઈના ધર્મપત્ની શ્રીમતી ઝવેરબેનના માતુશ્રી હતા. આ વર્ણન આપણને આપણા અનિત્ય જીવનનું હૃદયમંથન કરાવે છે.]

ધમણ તો ધમણી રહીને બુજ ગયા અંગાર રે !
એરણ ઠમકો રહી ગયો પછી ઉઠ ચાલ્યો લુહાર રે !

સંલેખના અને પંડિતમરણ સુધીની મંદગતિથી યાત્રા કરતાં ૯૨ વર્ષના પૂ. માતુશ્રી રાજબાઈને અમે સાક્ષીપૂર્વક સાવ નજીકથી જોયા. આ અભૂતપૂર્વ અનુભવ અમને ત્રણ વર્ષ પહેલાં થયો.

શરૂઆતમાં શંકા આવી કે આ પ્રકારના સ્વેચ્છા મૃત્યુને આપઘાત કહી શકાય ?

સંલેખનાની સાધનામાં કામ, ક્રોધ, માન, લોભ, માયા વિ. જેવા કષાયો ક્ષીણ થાય તો જ સંથારાની–મૃત્યુ ઈચ્છાની સાર્થકતા. સંસારના દુઃખો, શારીરિક વ્યાધિઓ અને જીવનની વિપરીત પરિસ્થિતિઓથી ગભરાઈને મરવાની ઈચ્છા કરવી એ કાયરતા છે. એ રીતે મૃત્યુ પામવું એ આપઘાત છે. સંલેખના એ પંડિત મરણની તૈયારી છે. શહીદ થવું કે આપઘાત કરવો એ તો અનેક કષાયોનો સામાન મૃત્યુ પછી બીજા ભવમાં સાથે લઈ જવાની વાત થઈ.

રાજબાઈની સંસારિક જીવનયાત્રા

નાની વયે એમનાથી વીસ વર્ષ મોટી વ્યક્તિને પરણ્યા. ત્રણ સંતાનો થયા. મોટો દીકરો જન્મ વખતે મગજમાં ઈજા થવાથી માનસિક રીતે અવિકસીત થયો પણ પાંચમી સુધી એને ભણાવી, પ્રમાણિકતા અને મહેનત કરવાના ગુણોને લીધે એને કામે લગાડી એના જેવી સ્ત્રી સાથે લગ્ન પણ કરાવી આપ્યા. દીકરીને મેટ્રીક ભણાવી પરણાવી. નાનો દીકરો ઈંજિનિયર થયો ને પછી નાની ફેક્ટરીનો માલિક. એને પરણાવ્યો. બન્ને દીકરાને દીકરા આવ્યા. મોટા પૌત્રને નોકરીએ લગાડી પરણાવ્યો. પરદાદી બન્યા. નાનો પૌત્ર માર્કેટીંગ ઈંજિનિયર થઈ એમ.બી.એ. થયો.

કુટુંબનો મુખ્ય આધાર નાના દીકરાનું ભરયુવાનીમાં ૩૯ વર્ષની આયુમાં કેન્સરથી મૃત્યુ થયું. ત્યાર બાદ પતિને ખોયા. મોટા દીકરાને-પુત્રવધૂને અને એમના અતિ પ્રિય એવા નાના ભાઈને આ સંસારમાંથી વિદાય લેતાં ભારે હૃદયે જોયા. જાણે એ એકલા થઈ ગયા! એમના જીવનના છેલ્લા પાંચ વર્ષનો મોટા ભાગનો સમય એમની દીકરીના કુટુંબ સાથે ગાળ્યો.

આધ્યાત્મિક યાત્રા

રાજબાઈમા આઠ કોટિ પક્ષના જૈન સ્થાનકવાસી. ચુસ્ત. એમની પ્રખર યાદશક્તિ. ૯૨ વર્ષની ઉંમરે પણ સ્વાધ્યાય વાંચન કરે. મોઢે પ્રતિક્રમણ–સામાયિકનો રોજ નિયમ.

સંઘર્ષ કરતાં સંસારના સર્વ સુખદુઃખ એમણે અનુભવ્યા હતા. સંસારની અસારતાની અનેક સજ્જાયો એમને મૌખિક યાદ. ૮૮ વર્ષની ઉંમરે એમણે ૪૦૦ એકાસણા કર્યા. નબળાઈ લાગતાં કુટુંબીજનોએ એ બંધ કરાવ્યા. ત્યારબાદ પેટની તકલીફને લીધે આંતરડાનું ઑપરેશન કરાવવું પડ્યું. બે વાર પડી જવાથી ખભાના અને કુલાના હાડકાના ફ્રેક્ચર થયા. છેલ્લી ઉંમરમાં શારીરિક કષ્ટ સહ્યા પણ એમની રીકવરી શક્તિ ગજબની. સહન શક્તિ અને હિંમત પણ હિમાલય જેવી. ૯૨ વર્ષની ઉંમરમાં પણ એ જાણે દોડતાં જાય. જાડા ચશ્મા પહેરી બટન પણ ટાંકે અને કામની વાતો બરાબર સાંભળી લે.

એક દિવસ એમણે દૃઢતાથી જણાવ્યું. 'મારે ડોશીને હવે શું કામ છે ? સંસારની બધી બાજી જોઈ લીધી છે. સંથારો લેવો છે.' એમની સૂચના મુજબ સીત્તેર વર્ષના એમના વિદ્વાન ભાણોજ શ્રી બાલુભાઈને ઘરે સપત્ની બોલાવી સંથારા વિષે વિસ્તારથી ચર્ચા થઈ. એમની સલાહ હતી કે સંથારા માટે મુંબઈનું ધમાલીયું અને કૌટુંબિક વાતાવરણ યોગ્ય નથી. કચ્છ મુંદ્રા તાલુકાના બારોઈ ગામમાં પૂજ્ય ગુરુદેવનું માર્ગદર્શન અને આશીર્વાદ મળશે. બારોઈ ગામમાં રહેવા માટે બધી વ્યવસ્થા સગવડવાળા આરોગ્યધામમાં થઈ જશે. નિર્ણય પાકો થયો. રાજબાઈમાએ ઉપવાસ શરૂ કર્યા. કચ્છ એક્સપ્રેસની ટિકિટો આવી ગઈ. આરોગ્યધામમાં બુકીંગ થઈ ગયું. સગવહાલાંઓને માહિતી મળતાં દૂરના અને નજીકના સૌ પૂ.માને મળવા-શાતા પૂછવા આવવા લાગ્યા. સંસારની કોઈ ચર્ચા નહીં. વાતાવરણને ધાર્મિક અને આધ્યાત્મિક રાખવામાં આવ્યું. તેમ છતાં નિકટના સ્વજનોમાં અમુકને ભાસ થયો કે પૂ. રાજબાઈમાના આ

અંતિમ દર્શન છે. એ તો દૂર ચાલ્યા જશે. એમની આંખોમાં આંસુ હતા. પરંતુ મુંબઈના આ દશ દિવસના ઉપવાસમાં એમના મુખ પર શાંતિ અને સમતા. એમની માયા એમના પ્રપૌત્ર અને પૌત્રને જોવામાં રહી ગયેલી. આઠમા દિવસે પૌત્ર આવ્યો મળવા. પ્રપૌત્ર આઠ વર્ષનો પણ એની પરદાદીની અપેક્ષા પ્રમાણે એમના પ્રેમનો પ્રતિસાદ ન આપી શક્યો. આ પ્રસંગથી માનો સંથારાનો નિર્ણય વિશેષ પાકો થઈ ગયો. દશમા ઉપવાસે કચ્છ એક્સપ્રેસની યાત્રા સકુશળ કરી બારોઈ ગામ પહોંચી ગયા.

પૂ. મહારાજ સાહેબ આચાર્ય રાઘવજી સ્વામી ગામના ઉપાશ્રયમાં એમના શિષ્યગણ સાથે બિરાજમાન હતા. રાજબાઈમાના નિવાસસ્થાને પધારી સંથારો કરવાની એમની ઊંડી ભાવના સમજી એમણે સલાહ આપી રોજ એક ઉપવાસના જ પચ્ચખાણ લેવા અને પ્રગતિ જોવી. ટોયલેટ વાપરવાની અને ઓછા પાણીથી સ્પંજ કરવાની છૂટ આપી. પૂ. મહાસતી નીનાબાઈ સ્વામી પણ માને જોવા પધાર્યા. રોજ બે વાર સાધ્વીજીના ત્રણ ઠાણા રાજબાઈમા પાસે દર્શન આપવા પધારે, રોજ ઉપવાસના પચ્ચખાણ આપે, ઊંચા ભાવ રાખવા કહે, એમના હાથે ગોચરી વહોરાવે, માંગલિક સંભળાવે.

આખું ગામ માના દર્શન કરવા આવે. બાળ મંદિરમાં ભણતા બાળક અને સીવણ કલાસની બાળાઓ પણ. બીજા ગામોથી અને એમના સ્વજનો મુંબઈથી મળવા આવે. વાતાવરણમાં અદ્‌ભુત આધ્યાત્મિકતા. સાંસારિક અને કૌટુંબિક કોઈ વાતચીત કે ચર્ચા નહીં.

ડિસેમ્બર-જાન્યુઆરીની શીતળતા. ખૂબ જ આહ્‌લાદક વાતાવરણ. રહેવાના બ્લોકની બહાર ચોકમાં આંબાના-લીમડાના લીલાછમ વૃક્ષો. કોયલ કૂંજે અને મોર ત્યાં ટહૂકા કરે–નૃત્ય કરે. ઘટાદાર વૃક્ષોમાંથી છંટાઈને આવતા સૂર્યકિરણો. આવા શાંત અને રમણીય વાતાવરણમાં પૂ. રાજબાઈમાના ઉપવાસોમાં પ્રગતિ થઈ. એમણે એક પછી એક એમ ૬૦ દિવસના ઉપવાસમાં માત્ર એક જ વાર સંસારની વાત કરી જ્યારે એમના અતિપ્રિય દિવંગત નાનાભાઈનું કુટુંબ મુંબઈથી મળવા આવ્યું. એ બોલેલા, 'જુઓ મારા ભાઈ વલ્લુનું કુટુંબ આવ્યું.' એક દિવસ પિત્તની ઉલટી થઈ. માનસિક રીતે ખૂબ મક્કમ, ઉત્સાહી, સમભાવમાં, પૂર્ણ શાતામાં.

સંલેખણા કરતાં પાંચ પ્રકારના અતિચારથી સાવધ રહેવાનું હોય છે. પૂ. રાજબાઈમા મોટે ભાગે ખરા ઉતર્યા. એમને લૌકિક કે ભૌતિક સુખ મળે, પરલોકમાં દેવગતિ મળે કે આટલા બધા દર્શનાર્થી મળવા આવે છે એટલે વધારે જીવવાની ઈચ્છા પણ એમણે ક્યારેય નહોતી દર્શાવી. માત્ર બે વાર એમનામાં ઢીલાશ નજરે આવી. એમના ભત્રીજા-વહુ મુંબઈથી પોતાનું કુટુંબ છોડી માની આ આધ્યાત્મિક સાધનામાં સેવા આપવા શરૂઆતથી એમની સાથે હતા. એમને જૈન ધર્મનું ઊંડું જ્ઞાન અને ગજબની સ્મરણશક્તિ. સર્વ સૂત્રો, સ્તવનો, જૈન ધર્મના સિદ્ધાંતો એમને યાદ. રાજબાઈ માએ બે વાર પોતાનો અફસોસ વ્યક્ત કરતાં કહ્યું કે 'હજી મારા દેહનો અંત નથી આવતો, જુઓને કેટલા દિવસ થયા કુસુમ બિચારી પોતાનું ઘર છોડી મારી પાસે આવી છે.'

ચોપન ઉપવાસ પૂરા થયા ત્યારે પેટમાં ભાર જેવું લાગ્યું. મુંદ્રાથી લેડી ડૉક્ટરને બોલાવી ચેકીંગ થયું. એનીમા અપાયું ને જૂનો મળ બહાર નીકળ્યો. ઘણી હળવાશ એમણે અનુભવી. અન્ય કોઈ શારીરિક તકલીફ એમને ન થઈ.

પંચાવનમા ઉપવાસ પછી શારીરિક શક્તિ ઘટી ગઈ હતી. ધીરે ધીરે જેમ તેલ ખૂટતાં દીપકની જ્યોત ધીમી પડતી જાય તેમ એમની ચેતના મંદ પડતી ગઈ પણ સભાનપણે અમને ચૌવિહારના પચ્ચખાણ બોલીને એઓ આપે. અઠાવન ઉપવાસે પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ એમને દર્શન આપી કહી ગયા કે હવે પંડિત મરણનો સમય આવી ગયો છે. સંથારાના પચ્ચખાણ આપ્યા. માંગલિક સંભળાવ્યું. ઓગણસાઈઠમા ઉપવાસે રાતના અમે સૌ જાગી એમની પાસે મંદ સ્વરમાં નવકારમંત્ર–સામાયિકના સૂત્રો સંભળાવ્યા. ૬૦મા દિવસે પૂજ્ય સાહેબ આવ્યા. માંગલિક સંભળાવી સર્વ સૂચનાઓ આપી. માની આંખો ખૂલ્લી હતી. શ્વાસ ચાલતો હતો. સાડા દશ વાગે અમે જોયું કે એમના શ્વાસ ઊંડા થતા ગયા, છાતી ઠીક ઊંચી ઉપડે છે ને શાંત પામે છે. થોડી વાર પછી પણ એમ થયું. છેલ્લી વાર છાતી ઉપડીને બધું શાંત થઈ ગયું.

આ વેળાને જોઈને જ સજ્જાયમાં ગવાયું છે તેમ :

ધમણ તો ધમણી રહીને બુજ ગયા અંગાર રે!

એરણ ઠમકો રહી ગયો પછી ઉઠ ચાલ્યો લુહાર રે!

આત્માની વિદાય ઘડી આવી ગઈ. પંડિત મરણનો સમય બરાબર સવારના ૧૦.૪૦.

પૂ. રાજબાઈમાએ સંલેખનાની આ સાધનામાં ૬૦ દિવસ સુધી આહાર ત્યાગ કરી કષાયોને મંદ કર્યા, વિતરાગભાવની વૃદ્ધિ કરી આધ્યાત્મિક વાતાવરણમાં પ્રસન્નતાથી દેહનો ત્યાગ કર્યો. ✷ ✷ ✷

૧૪, સાગરપ્રભા, પ્રભા નગર, પી.બાલુ રોડ, પ્રભાદેવી,
મુંબઈ-૪૦૦૦૨૫. ફોન : ૦૨૨ – ૨૪૨૧૧૧૧૬.
Email : manekzaver@gmail.com.

- *ઉત્તમ માણસની ત્રણ ઓળખ છે: (૧) સદ્‌ગુણો હોવાથી તે ચિંતાથી મુક્ત છે, (૨) ડાહ્યો હોવાથી તે ગૂંચવાડાથી મુક્ત છે, (૩) બહાદુર હોવાથી તે ભયથી મુક્ત છે.*
- *મહાન પુરૂષોને ઓળખવાની ત્રણ નિશાનીઓ છે: (૧) વિચારોમાં ઉદારતા, (૨) કાર્યમાં મહાનતા, (૩) કાર્યમાં સફળતા પછી સ્વસ્થતા.*

મનોવિજ્ઞાનના વિવિધ વિચારપથ

SCHOOLS OF PSYCHOLOGY

□ શાંતિલાલ ગઢિયા

વિદ્વાનલેખક ગુજરાત વિશ્વવિદ્યાલયના–કરજણકૉલેજ–મનોવિજ્ઞાનના નિવૃત્તપ્રાધ્યાપક અને ગાંધી વિચારધારાના સમર્થક, ચિંતક છે તેમજ 'કુષ્ટસેવા' સામયિકના સહસંપાદક છે.

જુદાં જુદાં ઝરણાં નદીને જઈ મળે છે. પગદંડીઓના છેડા એક વિશાળ માર્ગને મળે છે. તેવું જ મનોવિજ્ઞાનમાં બન્યું છે. વિભિન્ન વિચાર-પદ્ધતિઓએ મનોવિજ્ઞાનને 'વિજ્ઞાન'નો દરજ્જો આપવા પ્રયત્ન કર્યો છે. કેટલીક વિચારધારાઓ પરસ્પરથી વિરુદ્ધ તો કેટલીક પૂરક હોય તેમ પ્રતીત થાય છે. મનનો અભ્યાસ જુદા જુદા દૃષ્ટિકોણોથી કરાતાં મનના વિભિન્ન રૂપો સ્પષ્ટ થાય છે. તેથી મનોવિજ્ઞાનના પણ અનેક રૂપ અસ્તિત્વમાં આવ્યાં છે. તેમને મનોવિજ્ઞાનની વિચારધારાઓ – વિચારપથ કહી શકાય.

(૧) અધિકરણ મનોવિજ્ઞાન (Faculty Psychology)

જૂના વખતમાં મનને સંવેદન, સંકલ્પના, સ્મરણ, વિચારણા વગેરે માનસિક ક્રિયાઓના સ્વતંત્ર અધિકર્તા માનવામાં આવતું. એટલે કે મન અધિકૃત શક્તિ છે અને માનસિક ક્રિયાઓ મનના અધિકરણનું (સત્તાવાહિતાનું) પરિણામ છે. મનના જુદાં જુદાં અધિકરણોને પણ પરસ્પરથી સ્વતંત્ર માનવામાં આવતા. બીજા શબ્દોમાં, મનનું એક પ્રકારનું અધિકરણ એક પ્રકારની માનસિક ક્રિયા જન્માવે; પરંતુ અહીં પ્રશ્ન ઊભો થાય છે કે ખરેખર જો આમ હોય તો માનસિક ક્રિયાઓ વચ્ચે રહેલી એકતા અથવા અખંડિતતા કોને આભારી છે? આમ મનોવિજ્ઞાનની આ વિચારધારા માનસિક ક્રિયાઓને સ્પષ્ટ રીતે સમજવામાં મદદરૂપ થઈ શકતી નથી.

(૨) સાહચર્યવાદ (Associationism)

અધિકરણ મનોવિજ્ઞાનનો પ્રબળ વિરોધ સાહચર્યવાદમાં જોવા મળે છે. હ્યૂમ, બેન, મિલ વગેરે સાહચર્યવાદીઓના મતે જ્ઞાન સંવેદન દ્વારા પ્રાપ્ત થાય છે. સંવેદન જુદાંજુદાં એકમોમાં હોય છે. જ્ઞાનમાં જે એકરૂપતા હોય છે તે સાહચર્યના નિયમો દ્વારા આવે છે.

જ્યારે આપણે નારંગી જોઈએ છીએ ત્યારે આપણને એનો રંગ, એનું ગોળાકારપણું વગેરે વિભિન્ન સંવેદનો થાય છે. આ સંવેદનો અલગ રીતે નારંગીનું જ્ઞાન નથી આપતા, પરંતુ જ્યારે તેઓ સાહચર્યના નિયમો દ્વારા પરસ્પરમાં સંયુક્ત થાય છે ત્યારે આપણને નારંગીનું જ્ઞાન થાય છે. આ રીતે સાહચર્યવાદ પણ માનસિક ક્રિયાઓની એકતાને અવગણે છે. અલબત્ત સાહચર્યના નિયમો દ્વારા આનુષંગિક રીતે આ એકતા સમજવાનો પ્રયત્ન થતો. આમ સાહચર્યનો મુખ્ય ઉદ્દેશ્ય અનુભવનું વિશ્લેષણ કરવાનો અને અનુભવ પાછળ કામ કરતા સાહચર્યના નિયમો શોધવાનો હતો.

(૩) રચનાવાદ (Structuralism)

આ સંપ્રદાયનો પ્રવર્તક જર્મનીનો વુન્ટ (Wundt) હતો. તે શરીર-વિજ્ઞાની હતો. તેના મત પ્રમાણે અનુભવ અથવા જ્ઞાન પ્રકાશ, સ્વાદ, ગંધ વગેરેના વિભિન્ન સંવેદનોમાંથી નીપજે છે. અર્થાત્ વુન્ટને માટે અનુભવ અથવા જ્ઞાનનો અભ્યાસ સંવેદનોના પરીક્ષણનો અભ્યાસ બની ગયો હતો. તે માટે તેણે ૧૮૭૯માં જર્મનીના લિપઝીગ શહેરમાં મનોવિજ્ઞાનની સૌ પ્રથમ પ્રયોગશાળા સ્થાપી.

વ્યક્તિ પોતાના સંવેદનોનું વર્ણન પોતે જ કરી શકે છે. તેથી તત્કાલીન શરીર વિજ્ઞાનીઓએ સંવેદનોનું વર્ણન કરવાની વ્યક્તિગત પદ્ધતિને 'આંતરનિરીક્ષણ' (Introspection) નામ આપ્યું, અને એ પદ્ધતિને મૌલિક અને મૂળભૂત માની. તેમના મતે અનુભવ એટલે વિભિન્ન વ્યક્તિગત સંવેદનોનું એકીકરણ.. આવા લાક્ષણિક અનુભવને તેમણે 'ચેતનતા' (Consciousness) નામ આપ્યું. આમ મનોવિજ્ઞાનનો ઉદ્દેશ્ય આંતરનિરીક્ષણ દ્વારા ચેતનતાની 'રચના' જાણવાનો અને તેને નિર્મિત કરતા નિયમોનું સંશોધન કરવાનો હતો.

(૪) કાર્યવાદ (Functionalism)

મનોવિજ્ઞાનનું કાર્યવાદી દૃષ્ટિબિંદુ ૧૯ મી સદીમાં ડાર્વિન, લોઈડ મોર્ગન વગેરે જીવવિજ્ઞાનીઓએ પ્રતિપાદિત કરેલ વિકાસવાદના સિદ્ધાંત પર આધારિત છે. વિકાસવાદ માને છે કે પ્રાણીની માનસિક કે શારીરિક ક્રિયાઓ પાછળ કોઈ ને કોઈ પ્રયોજન રહેલું હોય છે. પ્રાણી પોતાના તમામ કાર્યો કોઈ પ્રયોજનની પૂર્તિ માટે જ કરે છે. વિકાસવાદની અસર હેઠળ વિલિયમ જેમ્સ વગેરે મનોવિજ્ઞાનીઓને લાગ્યું કે માનસિક ક્રિયાઓના અભ્યાસમાં તેમનું કાર્ય-પાસું ધ્યાનમાં લેવું ઘણું જરૂરી છે.

વ્યક્તિની માનસિક ક્રિયાઓનું પ્રયોજન જરૂરિયાતો પૂરી કરવાનું છે, એમ કાર્યવાદ દૃઢપણે માને છે. અન્ય પ્રાણીઓનો પરિવેશ મનુષ્યના પરિવેશ જેટલો જટિલ હોતો નથી. તેથી તેમની માનસિક ક્રિયાઓમાં જટિલતા હોતી નથી. મનુષ્યનો પરિવેશ જટિલ હોઈ તેમાંથી ઉદ્‌ભવતી જરૂરિયાતો પૂરી કરવા માટે માનવ જે માનસિક ક્રિયાઓ કરે છે, તે પણ જટિલ અને ઉચ્ચ કક્ષાની હોય છે. કાર્યવાદની દૃષ્ટિએ મનોવિજ્ઞાનનું કામ માનસિક ક્રિયાઓ શું છે, તે જાણવાનું નહિ, પણ પ્રાણીના જીવનમાં એ ક્રિયાઓનું કાર્ય (Function)

કેવું મહત્ત્વ ધરાવે છે, તેનો અભ્યાસ કરવાનું છે.

(૫) મનોવિશ્લેષણ (Psychoanalysis)

માનસિક ક્રિયાઓના કાર્ય-પાસાને મનોવિશ્લેષણે વધુ બળ આપ્યું. મનોવિશ્લેષણ આધુનિક મનોવિજ્ઞાનની મુખ્ય વિચારધારા છે. તેનો ઈતિહાસ રોચક છે. મનોવિશ્લેષણનો ઉદય મનોવૈજ્ઞાનિક સમસ્યાઓને નહિ, તબીબી વિજ્ઞાનને આભારી છે. મનોવિશ્લેષણ સમજવા માટે સંમોહન (હિપ્નોટિઝમ)નો ઉલ્લેખ અનિવાર્ય છે. સંમોહન એટલે કૃત્રિમ રીતે લાવવામાં આવતી નિદ્રા જેવી અવસ્થા, જેમાં વ્યક્તિ બહારના સંકેતો કે સૂચનો અનુસાર વર્તન કરે છે. ૧૯મી સદીમાં સંમોહનનો ઉપયોગ વાઢકાપ ઈત્યાદિ માટે પણ થતો. પેરિસમાં શારકો ચિકિત્સા પદ્ધતિ તરીકે સંમોહનનો ઉપયોગ કરતો. આ પદ્ધતિથી તે હિસ્ટીરિયાના દરદીઓની સારવાર પણ કરતો.

આ દિવસોમાં પિયરે જેને મનની અચેતન ક્રિયાઓનો અભ્યાસ કરી રહ્યો હતો. તે ૧૮૯૦ થી સૌમ્ય મનોવિકૃતિ (ન્યુરોસિસ)ના અભ્યાસમાં અને તેની ઉપચાર પદ્ધતિઓ શોધવામાં કાર્યરત હતો. તેણે જોયું કે સંમોહન અવસ્થામાં હિસ્ટીરિયાનો દરદી જાગૃત અવસ્થામાં ભુલાઈ ગયેલી બાબતો યાદ કરતો હોય છે. જેનેની આ શોધ મનોવિશ્લેષણની સ્થાપનાની પાયાની ઈંટ બની. તેના પર આગળ જતાં સિગ્મંડ ફ્રોઈડે યુગપ્રવર્તક સિદ્ધાંતોનું નિર્માણ કર્યું. ફ્રોઈડનો જન્મ ઝેકોસ્લોવેકિયામાં, પણ બાળપણથી તે વિયેના (ઑસ્ટ્રિયા)માં રહેતો હતો. ફ્રોઈડ શારકોની કાર્યપદ્ધતિ જોવા-જાણવા ૧૮૮૫માં પેરિસ ગયો. એક દિવસ એણે શારકોને એમ કહેતાં સાંભળ્યો કે જાતીય જીવનની કોઈ મુશ્કેલીને લીધે સૌમ્ય મનોવિકૃતિ થાય છે. ફ્રોઈડ પર આ શબ્દોની ગાઢ અસર થઈ અને કાલાંતરે એને આ શબ્દો પ્રત્યક્ષ રીતે સાચા પડતા જણાયા.

વિયેનાના જોસેફ બ્રિયુર પાસેથી પણ ફ્રોઈડને ઘણું શીખવાનું મળ્યું. બંનેએ જોયું કે દરદી સંમોહનની સ્થિતિમાં મુક્તપણે પોતાની ભાવાત્મક મુશ્કેલીઓ કહી નાખે તો તેને ઘણી રાહત થાય છે. અચેતન મનમાં પડી રહેલી વાતો સંકોચ વગર કહી નાખવાની ક્રિયા 'મુક્ત કથન' અથવા 'મુક્ત સાહચર્ય' (Free Association) કહેવાય છે. ફ્રોઈડને મુક્ત કથનમાં એક અડચણ એ જણાઈ કે દરદીનો વાક્‌પ્રવાહ થંભી જતો. એ આગળ કશું વિચારી શકતો જ નહિ. અથવા એવી બાબતો વિષે વિચારતો, જે વ્યક્ત કરવા લાયક ન હોય. ફ્રોઈડની દૃષ્ટિએ આ મુશ્કેલી વાજબી હતી, કારણ કે જાતીયતાનો મુદ્દો જ એવો છે કે તેની અભિવ્યક્તિમાં રૂકાવટ આવે. વળી મુક્ત કથનની રીત ઝાઝો સમય માગી લેતી. ફ્રોઈડ તો યથાશીઘ્ર દરદીના અચેતન મન સુધી પહોંચવા માગતો હતો. સ્વપ્નોના પૃથક્કરણથી તે સિદ્ધ થઈ શકે, એમ તે માનતો. ફ્રોઈડની પહેલાં કોઈએ પણ સ્વપ્નનો વૈજ્ઞાનિક અભ્યાસ કર્યો નહોતો. સ્વપ્ન ઈચ્છાપૂર્તિનું પ્રતીક છે. જાગૃત અવસ્થામાં પૂરી નહિ થઈ શકેલી ઈચ્છાઓ સ્વપ્ન દ્વારા સંતોષાય છે. ફ્રોઈડે ઈ. સ. ૧૯૦૦માં સ્વપ્નને લગતાં સંશોધનો જર્મન ભાષામાં પુસ્તક રૂપે પ્રગટ કરીને બે હજાર વર્ષથી રહસ્યમય રહેલા માનવજાતિના મનના વિલક્ષણનું સ્પષ્ટીકરણ કર્યું.

(૬) ચાલના મનોવિજ્ઞાન (Hormic Psychology)

ચાલના મનોવિજ્ઞાનના જન્મદાતા વિલિયમ મેકડૂગલે ફ્રોઈડની જેમ જ મનની ગત્યાત્મક પ્રવૃત્તિઓનું મૂળ સમજવા પર ભાર મૂક્યો. 'હોર્મિક' શબ્દ ગ્રીક ભાષાના Horme પરથી બન્યો છે, જેનો અર્થ થાય છે ચાલના આપનારું અથવા પ્રેરિત કરનારું. મેકડૂગલ માનતો કે મનોવિજ્ઞાનનો ઉદ્દેશ્ય માનસિક ક્રિયાઓ પાછળના પ્રેરકો જાણવાનો હોવો જોઈએ. મનોવિશ્લેષણની દૃષ્ટિએ માનસિક ક્રિયાઓના પ્રેરકોનું મૂળ અચેતન મનમાં રહેલું છે, જ્યારે મેકડૂગલ કેટલીક મૂળ વૃત્તિઓને પ્રેરકો માને છે. તેની વિચારસરણી અનુસાર પ્રાણી પોતાની જરૂરિયાતો પૂરી કરવા સહજ રીતે અમુક લક્ષ્ય પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિઓ કરે છે. આ જરૂરિયાતો અને તે પૂરી કરવાની લક્ષ્યગામી પ્રવૃત્તિઓ પ્રાણીમાં જન્મજાત હોય છે. તેથી તે 'મૂળ વૃત્તિઓ' અથવા 'સહજવૃત્તિઓ' (Instincts) તરીકે ઓળખાય છે.

હોર્મિક મનોવિજ્ઞાન માને છે કે અન્ય પ્રાણીઓની જેમ મનુષ્ય પણ કેટલીક વૃત્તિઓ આનુવંશિક રીતે પ્રાપ્ત કરે છે. જે તે જરૂરિયાતોની લક્ષ્યપ્રાપ્તિ માટે કરવામાં આવતા પ્રયત્નોનું મૂળ આ વૃત્તિઓ છે. માનસિક ક્રિયાઓ સહજવૃત્તિઓને લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય છે. આ રીતે મેકડૂગલ માનસિક ક્રિયાઓને સહજવૃત્તિઓની દાસી માને છે. હોર્મિક મનવિજ્ઞાનની દૃષ્ટિએ પ્રાણીની તમામ માનસિક ક્રિયાઓની ગત્યાત્મક પ્રવૃત્તિ સહજવૃત્તિઓ દ્વારા નિશ્ચિત થાય છે.

મેકડૂગલનો સિદ્ધાંત અતિશયોક્તિપૂર્ણ છે. સહજવૃત્તિઓ આપણા બધા જ પ્રકારના વર્તનની મૂળ ચાલના અથવા પ્રેરકો હોઈ શકે નહિ અને જરૂરિયાતોના લક્ષ્યોની નિર્ણાયક પણ હંમેશાં હોઈ શકે નહિ. હકીકત તો એ છે કે પ્રસંગોપાત મન સહજવૃત્તિઓનું પથદર્શક બને છે અને એમના પર નિયંત્રણ રાખે છે. માનવવર્તન કેવળ સહજવૃત્તિઓ દ્વારા નિર્ધારિત થતું નથી, પરંતુ અર્જિત કૌશલ્યો, વિચારણા, કલ્પના વગેરેથી પણ નિર્ધારિત થાય છે. મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી તેને ઘણું બધું શીખવાનું હોય છે. તેથી તેની કેટલીય સહજવૃત્તિઓ પરિવર્તનને આધીન રહી બુદ્ધિ અને વિચારણાના અનુશાસન હેઠળ કામ કરતી હોય છે.

(૭) વર્તનવાદ (Behaviourism)

મનના વિષયમાં વિભિન્ન ધારણાઓ સંતોષકારક નહિ જણાતાં વર્તનવાદના પ્રણેતા જે. બી. વૉટ્સને નવો વિચાર મૂક્યો કે મનોવિજ્ઞાન

મનનું નહિ, વર્તનનું વિજ્ઞાન છે. મનનું નિરીક્ષણ થઈ શકતું નથી અને જેનું નિરીક્ષણ-પરીક્ષણ ન થઈ શકે તે વિજ્ઞાનનું વિષયવસ્તુ બની શકે નહિ. વર્તનનું વૈજ્ઞાનિક નિરીક્ષણ થઈ શકે છે. મનુષ્ય એટલે બીજું કાંઈ નહિ, પણ પરિવેશ પ્રત્યે થતાં વર્તનોનો સમુચ્ચય. વર્તન એટલે ઉદ્દીપક–પ્રતિક્રિયાના જોડાણો. આમ વૉટ્સન મનોવિજ્ઞાનને ઉદ્દીપક–પ્રતિક્રિયાના અભ્યાસ પૂરતું સીમિત ગણે છે. એના કહેવા પ્રમાણે વર્તનનો અભ્યાસ કરવામાં અનુભવ, ચેતનતા કે આંતરનિરીક્ષણથી મળતી માહિતીને કશું જ સ્થાન નથી. એ બધા જૂના ખ્યાલો છે. હોર્મિક વિચારધારા વર્તનનું પ્રેરકબળ સહજવૃત્તિઓમાં જુએ છે, જ્યારે વર્તનવાદ પરિવેશમાં.

મનોવિજ્ઞાનમાં અનુભવને કોઈ જ સ્થાન નથી, એમ પ્રતિપાદિત કરવામાં વૉટ્સન ભૂલી જાય છે કે વાસ્તવમાં વર્તન અનુભવનો જ આવિષ્કાર છે. અર્થપૂર્ણ અનુભવની અભિવ્યક્તિ એટલે જ વર્તન. વર્તન પરિવેશમાં આકાર લેતું હોય છે, એ સાચું, પણ એનો અર્થ એ નથી કે વ્યક્તિ પરિવેશની કઠપૂતળી છે. બલ્કે વ્યક્તિ વર્તન દ્વારા પરિવેશને પ્રભાવિત કરી શકતી હોય છે, રૂપાંતરિત કરી શકતી હોય છે. અમુક ઉદ્દીપકથી અમુક પ્રતિક્રિયા ઊભી થાય, એવી એકાંગી સમજૂતી દ્વારા વર્તનની યથોચિત પરિભાષા થઈ શકતી નથી.

(૮) સમષ્ટિવાદી મનોવિજ્ઞાન (Gestalt Psychology)

રચનાવાદી અભિગમનો પ્રવર્તક વુન્ટ માનતો કે વિભિન્ન સંવેદનોના ભાગો (Parts) એકત્રિત થઈ સમગ્ર (Whole) અનુભવનું નિર્માણ થાય છે અને મનોવિજ્ઞાનનો ઉદ્દેશ્ય અનુભવના ભાગોનું વિશ્લેષણ કરવાનો તેમજ ભાગોના એકત્રીકરણથી બનતા 'સમગ્ર' પાછળ કામ કરતા નિયમોનો અભ્યાસ કરવાનો છે.

સમષ્ટિવાદી મનોવિજ્ઞાનનું આગમન વુન્ટના મત સામેના વિરોધ રૂપે થયું હતું. તેણે વુન્ટના રચનાવાદને 'ઈંટ અને ચૂના'નું મનોવિજ્ઞાન કહ્યું; કારણ કે તે અનુભવના ભાગોને (ઈંટોને) મહત્ત્વ આપતું હતું. સમષ્ટિવાદ માને છે કે પ્રત્યેક અનુભવ એક 'સમષ્ટિ' (Gestalt) છે, જેનું સ્વરૂપ એને ભાગોમાં (વ્યષ્ટિઓમાં) વિશ્લેષણ કરવાથી સમજી શકાતું નથી. જર્મન શબ્દ 'ગેસ્ટાલ્ટ'નો અર્થ છે 'સમષ્ટિ' અથવા સમગ્ર–અખંડિત–ભાત'. સમષ્ટિવાદના મતે ગતિ, આકૃતિ અને અન્ય ગુણો ધરાવતા અનુભવનું સ્પષ્ટીકરણ ઉદ્દીપક–પ્રતિક્રિયા અથવા સાહચર્યના નિયમોથી થઈ શકે નહિ. અનુભવ તો 'સમષ્ટિ' છે. નારંગીનો અનુભવ એક 'સમષ્ટિ' છે. એને રંગ, આકૃતિ, ગોળાકારપણું, ઘનતા વગેરે ભાગોના વિશ્લેષણથી સમજાવી શકાતો નથી.

ગેસ્ટાલ્ટવાદી દૃષ્ટિબિંદુના અગ્રણી સમર્થકો વર્દીમર, કોફકા, કોહલર અને કર્ટ લેવિનના મત અનુસાર મનુષ્યની મનોરચનામાં જ એવી જન્મગત પૂર્વવ્યવસ્થા હોય છે કે તે વર્તનને ઘાટ આપે છે. તેમાં 'રિક્તિપૂર્તિ' (Filling the gap) નો નિયમ કામ કરે છે. 'રિક્તિ' એટલે ખાલીપણું. આપણે રિક્ત અનિયમિત આકૃતિ જોઈએ ત્યારે મનમાં અસંતુલિત તંગતા ઊભી થાય છે અને તેમાં પૂર્તિ કરીએ ત્યારે ફરી મનનું સંતુલન સ્થાપિત થાય છે. આમ સ્વાભાવિક રીતે આપણામાં રિક્તિપૂર્તિનું વલણ હોય છે. ધારો કે તમારા ખિસ્સામાં પત્ર છે, જે ટપાલપેટીમાં નાખવાનો છે. પત્ર ખિસ્સામાં મૂકતી વખતે તમારી અંદર એક પ્રકારની રિક્તિ (ખાલીપણું) ઉત્પન્ન થાય છે. પરિણામે તમારા ગત્યાત્મક બંધારણ (System) માં અસુંતલન ઊભું થાય છે. તે તમને વિવશ બનાવી દે છે. જેવો તમે પત્ર પેટીમાં નાંખો છો કે તરત પુનઃ સંતુલન સ્થાપિત થાય છે.

સમષ્ટિવાદે મનોવિજ્ઞાનને નવી દિશા આપી, પરંતુ તેણે 'સમષ્ટિઓ' (Gestalts)નું સ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન ન કર્યો. વળી વ્યક્તિ દ્વારા જે ગત્યાત્મક પ્રવૃત્તિ તથા લક્ષ્યપ્રાપ્તિનો પ્રયત્ન થાય છે, તેની અસર અનુભવની સમષ્ટિઓ પર શી થાય છે, તે ય સ્પષ્ટ ન કર્યું. બાળક પહેલી નજરે 'નારંગી'ને બૉલ અને સ્ત્રી ઊનનો દડો માની બેસે છે? બંનેની ગત્યાત્મક પ્રવૃત્તિને કારણે આમ બને છે. આમ આ વિચારધારા ગત્યાત્મક પ્રવૃત્તિની ઉપેક્ષા કરે છે. તે ઉપરાંત વિશ્લેષણનો પણ તે બહિષ્કાર કરે છે, જે યોગ્ય નથી. વૈજ્ઞાનિક અભ્યાસમાં વિશ્લેષણનું મહત્ત્વ હોય છે. વિશ્લેષણ વગર તથ્યોનું સ્પષ્ટીકરણ વ્યર્થ બની જાય. ✷✷✷

એ–૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬.

પંથે પંથે પાથેય...

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

ચડી.

તેના ચહેરા પર એ જ મીઠી મુસ્કાન હતી.

'સર, આપકો મેરી સ્કૂલ બતાના ચાહતી હું.'

અને અમે બધા તેની નાનકડી સ્કૂલના રૂમોમાં ફર્યાં. દરેક રૂમને ભારતીએ જાતે શણગાર્યો હતો. લગભગ વીસેક મિનીટ રૂમોનું નિરીક્ષણ કરી અમે બધા બહાર આવ્યા. એટલે મેં કહ્યું,

'ભારતી અબ મુઝે ઇજાજત દીજિયે.'

'સર, આપકા બહોત બહોત શુક્રિયા, આપને મેરે લિયે ઈતના વક્ત નિકાલા. અગલે સાલ જિન્દા રહી તો ફિર આપકો હી બુલાઉંગી.'

કાર સુધી સંજય અને ભારતી મને મુકવા આવ્યા. કારમાં બેસતાં મેં ભારતીને કહ્યું,

'ભારતી અપના ખ્યાલ રખના.'

મારી સામે એજ મીઠું સ્મિત કરતાં ભારતીએ આકાશ તરફ નજર કરી. જાણે કહેતી ના હોય મેરા ખ્યાલ તો અબ ઉપરવાલા રખેગા.

અને મારી કાર અડવાળના ધૂળિયા રસ્તા પર ડમરીઓ ઉડાડતી દોડવા લાગી અને ત્યારે અર્નેસ્ટ હેમિંગ્વેનું પેલું બહુ જાણીતું વાક્ય મારા હૃદયમાં વલોવાઈ રહ્યું હતું.

`Man can be destroyed,
Cannot be defeated.' ✷✷✷

'સુકુન', ૪૦૫, પ્રભુદાસ તળાવ સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૧. ટે.૦૨૭૮-૨૪૩૯૨૨૬. મોબાઈલ : 09825114848.

સ્થળ-કાળ સંદર્ભે દેવદ્રવ્યનો જૈન ખ્યાલ

❑ ચંદ્રસેન મોમાયા

વિદ્વાન લેખક જૈન ધર્મના અભ્યાસી, સામાજિક કાર્યકર અને વરિષ્ટ પત્રકાર છે.

જૈન સમુદાયોમાં વારંવાર ચર્ચાતા વિષયોમાં દેવદ્રવ્ય કોને કહેવાય અને તેનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે થઈ શકે તે મુખ્ય વિષયોમાંથી એક છે.

આ સંબંધે 'શાસ્ત્રોમાં કહેલું છે' એવા આધારે ભારે ભાવુકતા પ્રવર્તે છે. જોકે, વ્યવહારમાં તેથી ઉલ્ટું થતું રહે છે. જેને કારણે ઘણા શ્રદ્ધાળુઓ કંઈક અનિષ્ટ થવાનું છે, એ વાતે ફફડતા રહે છે. ઘણી વખત તો અનિષ્ટ ન થયું હોય તો પણ આ તો દેવ-ગુરુ પ્રભાવે બચી ગયા બાકી આ પાપથી તો ભવોભવ છૂટાશે નહીં એવી લાગણીથી શ્રદ્ધાળુઓ મૂંઝવણ અનુભવે છે.

આ સંબંધે તલસ્પર્શી વિચારણાની આવશ્યકતા છે. આ માત્ર જૈન ધર્મ પુરતી મર્યાદિત ઘટના નથી તેથી અન્ય ધર્મના સંદર્ભે પણ તુલનાત્મક અભ્યાસ કરવો રહ્યો.

દેવદ્રવ્યનો સૌથી પહેલો સંબંધ મંદિર અને મૂર્તિ સાથે છે, એટલે એ બન્નેના નિર્માણ પાછળનો ઉદ્દેશ્ય શું છે, ત્યાંથી જ વાતની શરૂઆત થાય એ ઈચ્છનીય છે. હિંદુ દેવ-દેવીઓની મૂર્તિ બનાવવા અને તેની પૂજા કરવા પાછળ તેમના દૈવી ગુણો આત્મસાત્ કરવાથી માંડીને રક્ષણ પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ્ય હોય છે.

દરેક હિંદુ દેવ-દેવીની પોતાની વિશેષતા હોય છે અને તેમની મૂર્તિ તે પ્રમાણેની હોય છે. સામે પક્ષે, જૈન તીર્થંકરોની મૂર્તિ એક સમાન હોય છે કેમકે તે દરેકની વિશેષતાના આધારે નહીં, બધા તીર્થંકરોના સમાન ગુણના આધારે બનેલી હોય છે. જીવ રાગદ્વેષથી મુક્ત થયા બાદ કેવા અલૌકિક ભાવ અનુભવશે એ દર્શાવવું તેનો મુખ્ય ઉદ્દેશ્ય છે. બુદ્ધની મૂર્તિ ઘડવા અને ભજવા પાછળ પણ એવો જ ઉદ્દેશ્ય હોય છે, પણ તેમાં શાંતિ અને અભવના ભાવને પ્રાધાન્ય અપાય છે.

બીજા શબ્દોમાં કહીએ તો હિંદુ દેવ-દેવીની મૂર્તિ, ભક્તનું રક્ષણ કરવાથી માંડીને ભક્તને આશીર્વાદથી સમૃદ્ધ કરવાની ભાવનાથી બની હોય છે, જ્યારે જૈન કે બૌદ્ધ મૂર્તિ આધ્યાત્મિક ઊંચાઈના ભાવ દર્શાવવા અને એ ભાવો તરફ ભાવિકોને આકર્ષવા માટે હોય છે.

આ બધી મૂર્તિઓ ધ્યાનપૂર્વક તેની નજીક આવનારને હકારાત્મક ઊર્જા પ્રાપ્ત કરાવે છે.

મંદિર કે દેરાસર હકારાત્મક ઊર્જા પ્રસારના સંબંધમાં મૂર્તિથી એક પગલું આગળ જાય છે. મંદિર-દેરાસરનો આકાર જ હકારાત્મક ઊર્જાનો સંગ્રહ થાય તેવો હોય છે. વળી, મંદિર-દેરાસરની પ્રાણપ્રતિષ્ઠા એવી આધ્યાત્મિક ઊંચાઈવાળી વ્યક્તિ દ્વારા કરાય છે કે જેનાથી તે સ્થાન ચેતનવંતુ બની હકારાત્મક ઊર્જાનો ભંડાર બની જાય. ત્યાં આવનાર મોટા ભાગની વ્યક્તિઓ પણ શ્રદ્ધાળુ અને વત્તે ઓછે અંશે હકારાત્મક ઊર્જાવાન હોય છે, તેથી પણ મંદિર-દેરાસરના હકારાત્મક ઊર્જા ભંડારમાં વધારો થાય છે.

શક્ય હોય ત્યાં સુધી જ્યાં મૂર્તિ હોય તેની ઉપરના ભાગે શિખર હોય છે. તે તો હકારાત્મક ઊર્જાને સેંકડો-હજારો વર્ષ સુધી ટકાવી રાખવા સક્ષમ હોય છે.

મૂર્તિ અને મંદિરની હકારાત્મક ઊર્જા સતત વપરાતી રહે છે કેમકે ત્યાં આવનારામાંથી ઘણા ઉચ્ચ વિચાર અને હકારાત્મક ઊર્જાવાળા નથી હોતા. તેઓ પોતાની નકારાત્મક ઊર્જાથી ઉલ્ટાનું અહીંની હકારાત્મક ઊર્જા ઓછી કરે છે.

અહીં જ દેવ દ્રવ્યની ભૂમિકા ઊભી થાય છે. જે દ્રવ્યો મૂર્તિ અને મંદિર-દેરાસરની હકારાત્મક ઊર્જા ટકાવવા માટે સહાયરૂપ થાય છે તે દ્રવ્યોના જથ્થા કે તે મેળવવા માટેના ધનને દેવદ્રવ્ય તરીકે ઓળખવામાં આવે છે. પાછળથી જો કે આ માટેના ધનને જ દેવદ્રવ્યની ઓળખ મળી. કેટલીક વખત દેવને અર્પણ કરાયેલ બધી વસ્તુઓને પણ દેવદ્રવ્ય કહેવાય છે.

આટલી સમજ સાથે મૂર્તિ અને મંદિર નિર્માણની કળાના ક્રમિક વિકાસ તરફ નજર કરવી યોગ્ય ગણાશે. જેના એક તબક્કે જૈનોમાં દેવદ્રવ્યનો ઉપયોગ અમુક રીતે જ થાય એવો સંદર્ભ ક્યારે પ્રસ્તુત બન્યો તે પણ આપણી સમક્ષ આવશે.

આમ તો વિશ્વમાં પાંચેક હજાર વર્ષોથી મૂર્તિઓ બનતી આવી છે પણ જૈન ધર્મ અને મૂર્તિઓને સંબંધ છે તેવી મૂર્તિના ચહેરા પર આંતરમન સ્તરે જ ઊભા થતા સૂક્ષ્મ ભાવોનું નિરુપણ કરવાની કળા ભારતમાં ઈસ્વીસન પૂર્વે બીજી સદીથી વિકસી.

તેવી જ રીતે પથ્થરમાં પથ્થર ફીટ કરીને કોતરણીવાળા મંદિર બનાવવાની કળા પાંચમી સદીથી વિકસી. એ જ કાળમાં ગુફા કોરી ધર્મસ્થાન બનાવવાની કળા પણ વિકસી. જોકે પાંચમી સદીના મંદિર ૧૨ થી ૧૫ ફૂટ જ ઊંચા રહેતા. છઠ્ઠી અને સાતમી સદીમાં આ પ્રકારના મંદિર બનાવવાની કળા વિકસતી રહી પણ આ બે સદીમાં આવા મંદિરોને બદલે ગુફા મંદિરોનું જ મોટા પ્રમાણમાં નિર્માણ થયું.

અત્યારે આપણે જે ભવ્ય મંદિરો જોઈએ છીએ તે ખરેખર તો ૧૦મી સદી પછીના છે.

આ વિગતો એટલા માટે પ્રસ્તુત છે કે જે મૂર્તિ ઈસ્વીસન પૂર્વે ૨જી સદીની તથા મંદિર-દેરાસર ઈસ્વીસનની પાંચમી સદીથી શરૂ થતી ઘટના હોય તો શાસ્ત્રોમાં તેનો ઉલ્લેખ તેની આગળના કાળ માટે ન હોઈ શકે.

આમ તો શાસ્ત્રો પણ કાલાધીન છે. હમણાં જે જૈન શાસ્ત્રોનો ઉલ્લેખ થાય છે, તે ૧૨મી સદીમાં થયેલી આગમોની વલ્લભીપુર વાંચના (આવૃત્તિ) પર આધારિત છે.

આ ચોવીસીના ત્રેવીસ તીર્થંકરો ઉત્તર ભારતમાં જન્મ્યા અને તેમણે ધર્મ ઉપદેશ ત્યાં જ આપ્યો. સૌથી પહેલાં તો સાંભળીને મોઢે કરવાની પરંપરા હતી. ૧૨ વર્ષના દુકાળમાં ઉત્તર ભારતનો જૈન સમુદાય ખાસ કરીને સાધુ સમુદાય વેરવિખેર થયો એટલે પ્રથમ વખત શાસ્ત્રોને ગ્રંથસ્થ કરવામાં આવ્યા.

આ દુકાળો દરમિયાન ઘણા જૈન સાધુઓ દક્ષિણ ભારતમાં ગયા. તેમણે ત્યાં જૈન ધર્મ વિશે મૌલિક ચિંતન પણ ખૂબ કર્યું, એટલે એમાંથી અગત્યનું શું તેને આધારે બીજી વાંચના કે આવૃત્તિ થઈ.

પાંચમીથી સાતમી સદીમાં જે મંદિર કળાનો વિકાસ થયો અને સતત થતો ગયો તેનો લાભ દક્ષિણના જૈન મંદિરોને પણ મળ્યો. ધનની દૃષ્ટિએ પણ દક્ષિણના જૈન સંઘો બહુ સમૃદ્ધ થયા.

એ પછી દક્ષિણ ભારતમાં પહેલાં હિંદુ અને પછી મુસ્લિમ પ્રભુત્વ વધ્યું એટલે જૈનો પર અત્યાચાર થયા. સ્થિતિ એટલી ખરાબ થઈ કે યતિ જેવી ભટ્ટારકની પદ્ધતિ શરૂ કરી મુખ્ય ધર્મસ્થાનોનો વહિવટ તેમને સોંપી દેવો પડ્યો.

આ અંધકાર યુગમાં જૈન ધર્મસ્થાનો સાચવવાનું કામ સહેલું નહોતું. ભટ્ટારકો અને યતિઓએ જૈન ધર્મની પાયાની સમજણ બાજુએ મૂકીને તે માટે રાજકારણમાં પણ રસ લેવો પડ્યો.

ભટ્ટારકોએ કે યતિઓએ કઈ વસ્તુઓને દેવની સમજી તેની પવિત્રતા ટકાવી રાખવા વિશેષ પ્રયત્ન કરવો એ બાબતે દેવદ્રવ્યની વ્યાખ્યા બાંધવાની આવશ્યકતા ઊભી થઈ હશે.

એ અગાઉ કદાચ દેવને અર્પણ કરાયેલ કે દેવોની સેવા-દેવસ્થાનોની પવિત્રતા (હકારાત્મક ઊર્જા) ટકાવી રાખવા આવશ્યક બધી વસ્તુઓ–બાબતો દેવદ્રવ્ય ગણાતી હશે પણ એ બાબત કોઈ નિયમ બનાવવાની જરૂર નહીં હોય કેમકે ઈસ્વીસન પૂર્વ ૩૦૦ વર્ષથી કરીને ઈસ્વીસન ૭૦૦ સુધી દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો સુવર્ણકાળ રહ્યો.

વ્યાજબી રીતે એવો તર્ક થઈ શકે કે પહેલાં હમણાં જેમને સાત ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે તે માટે અપાયેલ દ્રવ્ય દેવદ્રવ્ય તરીકે પવિત્ર–પ્રાણાંતે પણ રક્ષા લાયક ગણાય એવી વ્યાખ્યા પ્રચલિત હશે પણ પાછળથી માત્ર દેરાસર અને મૂર્તિ જેવી મુખ્ય વસ્તુની પવિત્રતા અખંડ રાખી શકાય તો પણ ઘણું એવી સ્થિતિ દક્ષિણ ભારતમાંના જૈન ધર્મની થઈ.

આ પછી પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં જૈન ધર્મનો પ્રભાવ વધ્યો. ત્યાં પણ લગભગ સાડા ત્રણસો વર્ષ સુધી જૈન ધર્મની સતત ચડતી રહી, તે પછી કસોટીનો કાળ આવ્યો. કુમારપાળના સમયમાં રાજ્યાશ્રય મળ્યો તેના ૧૦૦ વર્ષ પહેલાં અને ૫૦ વર્ષ પછી જૈન ધર્મે પશ્ચિમ અને પશ્ચિમ-ઉત્તર ભારતમાં તેની એક ટોચ પકડી પણ તે પછી ત્યાંય તેને દક્ષિણ ભારતમાં અનુભવવી પડી તેવી જ કસોટી અનુભવવી પડી. જોકે એટલું સારું થયું કે એકદમ અંધકાર યુગ શરૂ થાય તે પહેલાં વેરવિખેર થયેલા જ્ઞાનને ગ્રંથસ્થ કરીને વિવિધ જ્ઞાનભંડારોમાં રાખવાનું કામ સારી રીતે થઈ શક્યું.

પશ્ચિમ અને પશ્ચિમ-ઉત્તર ભારતમાં જૈન ધર્મનો કસોટીકાળ શરૂ થયો ત્યારે ફરીથી યતિઓએ કઈ વસ્તુને દેવ સાથે સીધી સંકળાયેલી ગણી તેનું પ્રાણાંતે પણ રક્ષણ કરવું, તેની પવિત્રતા જાળવવી તેની વ્યાખ્યા કરવાની જરૂરત ઊભી થઈ. આ સમયે દક્ષિણ ભારતના કસોટીકાળ વખતની બન્ને વ્યાખ્યા ઉપલબ્ધ હશે એટલે વધુ વિચારવું નહીં પડ્યું હોય.

જો ઈતિહાસના આ અનુભવોનું આલેખન યોગ્ય રીતે થયું છે એમ માનીએ તો સ્વાભાવિક રીતે એ પણ માનવું પડશે કે આ વ્યાખ્યાઓ કોઈ મુક્ત વિચારણાની ફલશ્રુતિ નથી પણ વિકટ પરિસ્થિતિના દબાણમાં ઘડાયેલ વ્યવહારિક સમજણ છે એટલું જ નહીં પણ દેવદ્રવ્ય આ ક્ષેત્રમાં નહીં પણ ફક્ત મૂર્તિ અને મંદિર માટે જ ઉપયોગમાં લઈ શકાય એવો તર્ક શાસ્ત્રોક્ત, વધુ ઉચિત છે એવું સ્વીકારીએ તો ઘણા અનર્થ થાય તેમ છે.

આનો વ્યવહારિક અર્થ એમ જ થાય કે જૈનો આમ અપરિગ્રહ અને જ્ઞાનની ડાહી ડાહી વાતો ભલે કરે, પણ પથરામાં પૈસા નાંખવાની વાત આવે ત્યારે બધો વિવેક ભૂલી ગાંડા થઈ જાય એવી જે ટીકા થાય છે તેમાં વજૂદ છે.

ખેર જે હોય તે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં જૈનોને ૧૨મી સદીના અંત ભાગથી જે આકરી કસોટીમાંથી પસાર થવું પડ્યું તે ત્રણસોએક વર્ષ ચાલી. તે પછી સ્થિરતા આવી.

જો કે, જૈન ધર્મ સ્થાનકો દક્ષિણ ભારતમાં ભટ્ટારકોના તથા પશ્ચિમ અને પશ્ચિમ-ઉત્તર ભારતમાં યતિઓના હાથમાં હતા. એક વસ્તુ ખાસ કહેવી પડે કે પોતાની જાત માટે ય જોખમ હોય એવી સ્થિતિમાં માનસિક સ્વસ્થતા જાળવી તથા પોતાની જ્યોતિષથી માંડીને મંત્રશાસ્ત્ર સુધીની વિદ્યા કામે લગાડી શેઠો અને શાસકો બન્નેને વશ કરી જૈનોનો દુર્લભ વારસો બચાવવો એ બહુ મુશ્કેલ કામ હતું.

એ દુઃખની વાત છે એક તરફ લગભગ સાધુ જેવું જીવન જીવતા અને પોતાની ફરજને સમર્પિત સમર્થ ભટ્ટારક-યતિ હતા તો બીજી તરફ પોતાનું જ્ઞાન ગમે તેવું હોય લોકોની લાચારીનો-સંઘની લાચારીનો પૂરો ફાયદો ઉઠાવી ભરપુર ધન એકઠું કરનારા યતિઓ પણ હતા. તેથી એક અર્થમાં મોટી માંદગીમાં થાય તેમ શરીર તો બચી જાય પણ તે ચેતનવંતુ ન હોય એવું અહીં પણ બન્યું.

ધર્મ સ્થાનકોનો વહિવટ યતિઓના હાથમાં હોવાથી તેમણે જે કોઈ દેવદ્રવ્ય માટે એટલે કે મૂર્તિ-મંદિર કે પછી સાત ક્ષેત્ર માટે દાન આપે તેનું દાન ભવોભવ માટે સુનિશ્ચિત થઈ જાય તેવી જૈનોના ચુસ્ત કર્મવાદથી વિપરિત વાત ફેલાવી.

જૈનો ધર્મને પણ સમયચક્રને આધિન માને છે. સમયચક્ર નીચેથી ઉપર જતું હોય એવા ઉત્સર્પિણીના કાળમાં ધર્મ સહજ હોય છે.

સમયચક્ર ઉપરથી નીચે જતું હોય એવા અવસર્પિણીના કાળમાં ધર્મની વ્યાખ્યા કરવાની જરૂર પડે છે અને દરેક ચોવીસીમાં ૨૪ તીર્થંકરો આવી આ કામ કરે છે. તે પછી સમયચક્ર નીચે જવાના કાળની અડધે સુધી પહોંચી ગયું હોય ત્યાં સુધી ધર્મ ટકે છે પણ ઘસાતા જતા.

આ વાતની પ્રતીતિ કરાવતા હોય તેમ જૈનોમાં પણ અહિંસા, તપ અને અપરિગ્રહ દ્વારા કર્મનિર્જરાને બદલે અહં પોષનાર ધર્મસ્થાનો બનાવવા અંગે શ્રાવક-શ્રાવિકાઓમાં જ નહીં સાધુ-સાધ્વીનું પણ વિશેષ આકર્ષણ જોવા મળે છે.

ઘણા જૈન સંઘ–સમુદાયમાં દેવદ્રવ્ય રૂપે ધનના ઢગલા હોય તોય સાધારણ ખાતામાં ધનની ખેંચ હોય છે તેનું કારણ પોતાની કીર્તિને પથ્થરમાં શાશ્વત બનાવવા ઇચ્છતા સાધુ-સાધ્વીઓ સાધારણ ખાતા તરફ ઓછું ધ્યાન દે છે. અને આવું થવું સ્વાભાવિક છે કેમકે દેવદ્રવ્યમાં અપાયેલ વસ્તુ–ધન ભવોભવ સુધી સાથે આવશે એમ કહેતા જ શેઠિયાઓ ધનના ઢગલા કરે છે. એ જુદી વાત છે કે એમાંથી મોટા ભાગનું નાણું જૈન ધર્મ પ્રમાણે અનીતિનું ગણાય.

જે હોય તે પંદરમી-સોળમી સદીમાં થોડી સ્થિરતા આવી તે પછી જ્યારે જૈન ધર્મને ઊંચો લાવવાની શક્યતા ઊભી થઈ ત્યારે વિચારશીલ લોકોએ પોતાની આસપાસની જે સ્થિતિ જોઈ તેથી તેઓ ચોંકી ઉઠ્યા. યતિઓ દોરા-ધાગા દ્વારા સામાન્ય જનતામાં અવિશ્વાસ પ્રેરતા જોયા. આ મનોમંથનમાંથી સ્થાનકવાસી સંપ્રદાયના બી વવાયા.

વિચારશીલોને પ્રશ્ન થયો જૈન ધર્મ નિવૃત્તિ પ્રધાન છે, કર્મ નિર્જરા અને અપરિગ્રહમાં માને છે તો પછી જેને બચાવવા આટલા બધા પ્રપંચ કરવા પડ્યા એવા દેરાસરોની આત્મ ઉન્નતિ માટે આવશ્યકતા ખરી? આખરે તો મૂર્તિ અને દેરાસર પણ એક અવલંબન જ છે, જૈન સાધકે તો તેનાથી ઘણા આગળ જવાનું છે.

અલબત્ત, કાળક્રમે સ્થાનકને ઠીકઠાક રાખવા અને આધુનિક રૂપ આપવા તથા સુખ સગવડવાળા બનાવવામાં ટાળવા ધારેલું દુષણ પાછલા બારણેથી આવી ગયું. દેવદ્રવ્ય નહીં તો નિભાવ–જાળવણી માટેનું ભંડોળ આવ્યું. પણ એકંદરે સ્થાનકવાસી સંપ્રદાયે જૈન ધર્મના સિદ્ધાંતની નજીક જવા આડંબર છોડવાનો પ્રયોગ કરી બતાવ્યો.

આપણે આગળ જોયું તે દેરાસર કે મંદિર બાંધવા પાછળનો હેતુ તો ધર્મપ્રેરક પુદ્‌ગલોને સાચવીને રાખવાનો જ છે. ખરેખર તો જૈન સમુદાયે ઈસ્વીસન પૂર્વે બીજી સદીથી જિનબિંબોનું નિર્માણ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીના પોતાના અનુભવમાંથી યોગ્ય તારવણી કાઢીને જિનમૂર્તિ–જિનાલય જે આખરે તો શુદ્ધ ધર્મ તરફ જવાનું અવલંબન માત્ર છે, તેને પુણ્ય ઊર્જાથી ભરપુર રાખનારા તત્ત્વો સતત મેળવવા રખાયેલ ધન–દેવદ્રવ્ય અંગે વિવેકભરી ચર્ચા કરી દીર્ઘદૃષ્ટિભર્યા નિર્ણય લેવા જોઈએ.

તાત્ત્વિક રીતે જોઈએ તો વ્યક્તિ પરિગ્રહ ન કરે એવો જે ધર્મનો આગ્રહ હોય તે સંઘને પરિગ્રહ કરવાનો બોધ કઈ રીતે આપી શકે? દેવદ્રવ્યનો પરિગ્રહ પણ પ્રપંચ વધારવાનો છે, કર્મબંધન વધારવાનો છે, વિખવાદ પ્રેરવાનો છે જે જૈન ધર્મની દૃષ્ટિએ ઠીક નથી.

આ વાત ભૂલીને, દેવદ્રવ્ય અને તેના રક્ષણ સિવાય ધર્મમાં કાંઈ છે જ નહીં એવું માનનારા મૂળ કરતાં અવલંબનને વિશેષ મહત્ત્વ આપી રહ્યા છે, તેઓ ધર્મ માર્ગ પર અટકી જ નથી ગયા બાજુની ગલીઓમાં ભટકી ગયા છે.

જવા દો એ વાત. આપણે સ્થળ-કાળના સંદર્ભે જૈન સિદ્ધાંતોના પ્રકાશમાં દેવદ્રવ્ય વિશે શું નીતિ-રીતિ રાખવી એ વિશે વિચારીએ.

(૧) સંઘ પાસે દ્રવ્યની છૂટ મર્યાદિત હોય ત્યારે દેવદ્રવ્યનો ઉપયોગ કાયમી જવાબદારી એટલે કે મૂર્તિ અને મંદિર પૂરતો મર્યાદિત રહેવો જોઈએ.

(૨) સંઘ પાસે દ્રવ્યની છૂટ સારી હોય તો તેણે મૂર્તિ-મંદિર અને આસપાસના વાતાવરણને પવિત્ર રાખવા સાત ક્ષેત્રમાં દેવદ્રવ્યનો ઉપયોગ કરવો જોઈએ.

અત્યાર સુધીની જૈન રીત આટલે આવીને અટકે છે. જોકે વ્યવહારમાં ઘણા સંઘો પરંપરાગત રીતે જેને માત્ર દેવદ્રવ્ય ખાતામાં ગણાતા હતા. જેમકે પર્યુષણમાં ઉતારવામાં આવતા સપના, તેનો અમુક ભાગ સાધારણ ખાતામાં લઈ જવા લાગ્યા છે.

આવી સ્થિતિમાં આપણે આ બાબત પાયાનો સિદ્ધાંત એ રાખીએ કે સંઘ પાસે જ્યારે દેવદ્રવ્ય વધે તે વખતે તેણે રોકડ રૂપે કે બેંક પુરાંત કે પેઢીમાં બીજે મૂકવાને બદલે પુણ્યની બેંકમાં જમા રાખવું. તે કઈ રીતે.

આ બાબત વિચારણા શરૂ થાય તે માટે કેટલાક સૂચનો કર્યા છે. આશા છે કે અનેકાંતવાદના સાધકો સાર્થક વિચારવલોણાંથી એમાંથી જરૂર માખણ તારવશે.

(૧) દેરાસરનું વાતાવરણ હંમેશાં પવિત્ર રહે તે માટે આસપાસ સાધર્મિક વસતા હોય તે ઈચ્છનીય જ નહીં, આવશ્યક છે. માટે સંઘ પાસે દ્રવ્યની છૂટ ઘણી સારી હોય તો તેણે જિનાલય પાસે સાધર્મિકોને વસાવવા માટે પણ દેવદ્રવ્યનો ઉપયોગ કરવો જોઈએ.

(૨) સાધર્મિક ભલે જિનાલય પાસે રહેતા હોય કે દૂર તેઓ જો તકલીફ અનુભવતા હશે તો જિનાલય આરાધના કરવાને બદલે તેમને માટે ફરિયાદ પેટી બની જશે, જે આખરે જિનાલયના પુણ્ય પુદ્‌ગલ ખતમ કરી તેને અપવિત્ર બનાવી દેશે. માટે જે સંઘ પાસે દ્રવ્યની એટલી બધી છૂટ હોય કે તેણે સાધર્મિકોને પાસે વસાવી લીધા પછી પણ દેવદ્રવ્ય બચતું હોય તો તે દેવદ્રવ્ય સાધર્મિકોની તકલીફો દૂર કરવા માટે વાપરવું જોઈએ.

(૩) જિનાલયની આસપાસ ભલે સાધર્મિકો વસતા હોય અને સંઘે તેમની એટલી કાળજી લીધી હોય કે તેમનામાં કોઈ જાતનો અસંતોષ ન રહે તો પણ અન્ય ધર્મીઓ જિનાલયના કોઈ ને કોઈ રીતે સંપર્કમાં આવી તેની પવિત્રતા ઓછી કરી શકે છે. આવું ટાળવા

માટે તેમનામાં જૈન ધર્મ, જિનાલય અને જૈન લોકો માટે માન થાય તેવું કાંઈ કરવું જોઈએ. માટે જે સંઘ પાસે દેવદ્રવ્યની અતિ અતિ છૂટ હોય તેણે જિનાલય પાસે સાધર્મિકોને વસાવવા અને તેમને સંતુષ્ટ કરવા ઉપરાંતનું દેવદ્રવ્ય અન્ય સમુદાયના લોકો જૈન ધર્મ–જૈન ધર્મસ્થાન અને જૈન લોકોને આદરની દૃષ્ટિએ જુએ તે માટે વાપરવું જોઈએ.

આ ત્રણે સૂચન વધારાનું દેવદ્રવ્ય ઝાઝી માથાકૂટ વગર પુણ્યની બેંકમાં જમા કરાવવા માટે છે.

નવા સંજોગોમાં દરેક વાત નવી રીતે વિચારવી રહી તેમાં દેવદ્રવ્ય અંગેનો ખ્યાલ પણ આવી ગયો. આશા છે કે અનેકાંતના આરાધકો આને યોગ્ય વિચારણા માટેનું પ્રારંભ બિંદુ માનશે.

મિચ્છામિ દુક્કડમ્ ✷✷✷

૨, મનુસ્મૃતિ, વર્ધનગર, ઘાટકોપર (પ.) મુંબઈ-૪૦૦૦૮૪.
મોબાઈલ : ૯૩૨૪૬૧૮૬૦૬

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

❑ દક્ષા જાની

૭૬મી પર્યુષણ વ્યાખ્યામાળાનું આઠમું અને નવમું વ્યાખ્યાન નવેમ્બર '૧૦ના અંકમાં અમે પ્રસ્તુત કર્યા હતા. આ અંકમાં દસમું અને અગિયારમું વ્યાખ્યાન પ્રસ્તુત છે.

વ્યાખ્યાન-૧૦

'કપિલ ગીતા' વિશે ડૉ. નરેશ વેદ

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ત્રીજા સ્કંધમાં કપિલ ગીતાનો સમાવેશ થાય છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં અર્જુને પુછેલા પ્રશ્નોના જવાબ ભગવાન શ્રીકૃષ્ણે આપ્યા હતા. તે જ પ્રકારે 'કપિલ ગીતા'માં માતા દેવહુતિએ પુછેલા પ્રશ્નોના ઉત્તર તેમના વિદ્વાન પુત્ર કપિલે આપ્યા છે. માતા દેવહુતિએ પુત્ર કપિલને જગતમાં સાચું સુખ ક્યાં છે, ઈશ્વરની ભક્તિ કેવી રીતે કરવી, પ્રકૃતિના કાર્યસ્વરૂપ, કર્મના બંધન આત્મા-મનને નડે કે નહીં, તેમજ જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ અંગે પાંચ પ્રશ્નો પુછ્યા હતા. તેના જવાબમાં કપિલે જણાવ્યું હતું કે ધર્મ માટે શરીર માધ્યમ છે. શરીરને નિરોગી રાખવું જોઈએ પરંતુ તે સર્વસ્વ નથી. તે બાહ્ય અને પ્રાથમિક સાધન છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ આંતરિક સાધનો છે. આ સાધનો અવ્યક્ત છે. ચિત્ત મન ઉપર અંકુશ ધરાવે છે. ચિત્ત, ભૂત, વર્તમાન અને ભાવિ વચ્ચે ઝોલા ખાય છે. અન્નનું પરિણામ મન ઉપર પડે છે. આહાર શુદ્ધ અને વિહાર શુદ્ધના પ્રયાસથી ચિત્ત શુદ્ધ થાય છે. આત્મા માટે સ્ત્રી-પુરુષ કે બાળક-વૃદ્ધ એવો કોઈ ભેદ નથી. જ્ઞાન, ભક્તિ, કર્મ અને યોગ એ ઈશ્વર સુધી પહોંચવાના ધોરી માર્ગો છે. ભક્તિ એ જ્ઞાનની માતા છે. પુરુષ એ જાતિ નથી. પણ આત્માનું નામ છે. શરીર માટે સ્નાન, મન માટે ધ્યાન અને ધન માટે દાન જરૂરી છે.

જગતનું કોઈ કર્મ કારણ વિના થતું નથી. તેનું પરિણામ ભોગવવું જ પડે છે. ભગવાન આવશે અને ઉગારી લેશે એ વાતમાં કોઈ દમ નથી. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ચિત્તશુદ્ધ થઈ શકે છે. મંદિર-દેરાસરમાં દર્શન, ભજન, કિર્તન, ઉપવાસ, વ્રત અને શોભાયાત્રા વિગેરે બાહ્યાચાર છે. બહારના જગતમાંથી પોતાને ખેંચીને અંદર લઈ જવાની જરૂર છે. વાસનાનો ક્ષય આવશ્યક છે. સંસારસાગરમાં સ્ત્રી નાવડી અને પુરુષ નાવિક છે. તેઓ ચેતનભાવ સુધી પહોંચી શકે છે. આ લક્ષ્ય સુધી પહોંચવા કે માનવ થવા સાધનાની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. આંતરિક સાધના માટે આધ્યાત્મિક ગુરુ આવશ્યક છે. જીવનમાં કર્મના ફળની આસક્તિ તજવી જોઈએ. તજવા જેવા કર્મોને સમજવા જોઈએ. સંચિત કર્મ અને પ્રારબ્ધને આધારે જીવન ઘડાય છે.

વ્યાખ્યાન-૧૧

'બહાઈ ધર્મ' વિશે શ્રીમતી ઝેના સોરાબજી

બહાઈ ધર્મની સ્થાપના ઈરાનમાં ઈ. સ. ૧૮૧૭માં જન્મેલા બહાઉએ કરી હતી. આ ધર્મ માને છે કે ભગવાન એક જ છે. તેમણે જ બધાનું સર્જન કર્યું છે. આપણે બધા તેમના સંતાનો છીએ. તેથી આપણા વચ્ચે જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, આર્થિક સ્થિતિ અને પુરુષ કે મહિલા એવા કોઈ ભેદભાવ હોવા ન જોઈએ. આપણો પિતા ઈશ્વર છે. માનવજાતિ તબક્કાવાર વિકાસના પંથે આગળ ધપી રહી છે. ઈશ્વર અવતાર લે ત્યારે તે બધું જ જાણે છે પરંતુ તે સમયે જે યોગ્ય હોય એટલો જ ઉપદેશ અને બોધ સમાજને આપે છે. હજારો વર્ષોથી ઈશ્વર સમયે સમયે અવતાર ધારણ કરે છે. માનવજાતિ પ્રગતિના પંથે આગળ વધે પછી ઈશ્વર ફરી નવો અવતાર ધારણ કરશે. તે ઉપદેશ કે બોધ આપે તેના ઉપર ધ્યાન આપવું જોઈએ. આ ધર્મના સ્થાપક બહાઉએ આગાહી કરી હતી કે ભવિષ્યમાં આખાય વિશ્વમાં એક જ ભાષા અને એક જ સંસદ આવશે. માનવ સમાજમાં એકતા જરૂરી છે. જીવનમાં ભૌતિક શિક્ષણની સાથે આધ્યાત્મિક શિક્ષણ પણ આવશ્યક છે. બહાઉ ઈ. સ. ૧૮૯૨માં અવસાન પામ્યા. ત્યાં સુધીમાં ૪૦ વર્ષ કેદમાં ગાળ્યા હતા. તેમની સમાધિ ઈઝરાયલમાં આવેલી છે. બહાઉએ આગાહી કરી હતી કે આ યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો પુષ્કળ વિકાસ થશે. આજે આપણે વિકાસના ઉચ્ચ તબક્કે પહોંચ્યા છીએ.

(બાકીના વ્યાખ્યાનો હવે પછી)

સાર્થક સંથારો – સંસારની અંતિમ વિદાય

(અનુસંધાન પૃષ્ટ છઠ્ઠાથી ચાલુ)

મરણ, સમાધિ મરણ અથવા સકામ મરણ કહે છે.[vi] બાલ મરણમાં મૃત્યુનું મનુષ્ય ઉપર શાસન છે. જ્યારે પંડિત મરણમાં મનુષ્યનું મૃત્યુ ઉપર શાસન છે.[vii] સાધક સંથારો એટલે કે તેની આ અંતિમ શૈયામાં સ્વેચ્છાએ દૃઢ સંકલ્પ અને નિર્ભયતાથી દરેક સાંસારિક સંબંધો, અન્ન અને જળ સહિતની દરેક શારીરિક ક્રિયાઓ, મનના વિકારો, આશા, અપેક્ષાઓ, તૃષ્ણા અને કષાયોનો ત્યાગ કરે છે. તેને માટે સંથારો નિર્બળ શરીરના દુઃખ – કષ્ટ કે સંસારની વિટંબણાઓથી ડરીને પલાયન થવાની વૃત્તિ નથી, પણ તે જીવનની સંધ્યાએ આકાંક્ષા વગર મૃત્યુનો સ્વીકાર છે.[viii]

સંથારામાં આધ્યાત્મિક શુભ ભાવ સિવાયની દરેક પ્રવૃત્તિમાંથી સાધક સંપૂર્ણ નિવૃત્ત થાય છે. સંપૂર્ણ નિવૃત્તિ એક દિવસમાં થતી નથી. તે માટે વર્ષોની કઠિન સાધના અને પૂર્વ તૈયારી કરવી પડે છે. તે માટે ખડ્ગ જેવી માનસિક દૃઢતા કેળવવી પડે છે. જેમ મેરુ પર્વત આવતા–જતા અનેક ઝંઝાવાતો વચ્ચે પણ યુગયુગાંતરથી અડોલ ઊભો છે, તેમ શારીરિક અને માનસિક અનુકૂળતાઓ, પ્રલોભનો, પ્રતિકૂળતાઓ, પરિષહો અને કષ્ટો વચ્ચે પણ સાધક ચલાયમાન થતો નથી. એ સમયે તે આત્મસંયમનું અદ્‌ભુત ઉદાહરણ પૂરું પાડે છે.

દરેક વ્રત, પ્રત્યાખ્યાન અને તપ આત્માની શક્તિને ખિલવવા માટે અને દૈહિક–માનસિક ગ્રંથિઓને તોડવા માટે છે. તપ અને વ્રતથી સંચિત કર્મોનો ક્ષય થાય છે અને તેટલે અંશે કર્મની ગ્રંથિઓ ઢીલી પડે છે અને આત્માની શક્તિ ઝળકી ઊઠે છે. કર્મનો ક્ષય કે આત્માની શક્તિ કેળવવી એ બંન્ને એક જ સિક્કાની બે બાજુ છે અને આધ્યાત્મિક ઉન્નતિના દ્યોતક છે. સાધક સંલેખનામાં શરૂ કરેલી તપની શૃંખલા મૃત્યુ સુધી અસ્ખલિત જાળવે છે.

તીવ્ર જિજીવિષામાંથી દેહમાં જ પોતાના અસ્તિત્વનો આભાસ, દેહ પ્રત્યેની આસક્તિ અને મૃત્યુનો ભય ઉદ્‌ભવે છે. આ દેહને ધારણ કરી રાખવાની, તેને ટકાવી રાખવાની અદમ્ય ઇચ્છા જ લોભ અને પરિગ્રહનું મૂળ છે. આ દેહના પોષણ માટે આહારની જરૂરત ઊભી થાય છે. તેથી આગળ વધીને, પોતાના અસ્તિત્વને સદા કાળ માટે ટકાવી રાખવાની પ્રચ્છન્ન અભીપ્સામાંથી પ્રજોત્પત્તિની વાંછનાના ઊંડા મૂળ રોપાય છે, જે મૈથુન સંજ્ઞારૂપે પ્રગટ થાય છે. આ રીતે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની ચાર મૂળ સંજ્ઞાઓ જીવ માત્રમાં સક્રિય હોય છે. આ સંજ્ઞાઓથી દોરવાયેલો જીવ રાગ–દ્વેષના દ્વંદ્વ અને ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર કષાયના મજબૂત પાશમાં સપડાઈને જે કંઈ ક્રિયા કરે છે તે તેના સંસારની સતત વૃદ્ધિનું કારણ બને છે. વમળમાં ફસાયેલા અસહાય વહાણની જેમ તે વધુ અને વધુ તેજ ગતિથી સંસારસાગરના તળિયા તરફ ખેંચાતો જાય છે. તેમાંથી છૂટવાના કે છટકવાના કોઈ ઉપાય તેને જણાતા નથી. હકીકતમાં મોટા ભાગના માણસો આ સંસારમાંથી છૂટવા માગતા જ નથી. તેમને આ સંસારમાં દુઃખ હોવા છતાં સુખ મળશે તેવી મૂળમાં રહેલી લાલચ તેનો સંસારમુક્તિમાં રહેલા સુખનો અણસાર પણ આવવા દેતી નથી. આમ મૂળમાં રહેલા લોભ અને તેના સહોદર ક્રોધ, માન અને માયાના પાશમાં તે વધુ અને વધુ જકડાતો રહે છે. કોઈ વિરલ મનુષ્ય જ સંસારના બંધનને સમજે છે અને તેને તોડવાનું પરાક્રમ અને પુરુષાર્થ કરે છે.

સમ્યક્‌ત્વનો બોધ થતાં જ મનુષ્ય સંસારના બંધનમાંથી છૂટવા માટે પ્રયત્નશીલ થાય છે. તે પોતાનો પુરુષાર્થ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની ચાર અનાદિ સંજ્ઞાઓ અને ચાર કષાયથી મુક્ત થવામાં કેન્દ્રિત કરે છે. સમ્યક્‌ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપી જૈનસાધનાનો મોક્ષમાર્ગ સંપૂર્ણ રીતે આ ચાર સંજ્ઞા અને ચાર કષાયને નિર્મૂળ કરવાનો માર્ગ છે. આ પુરુષાર્થ એ જ ઉત્તમ ધર્મ છે જે દેવોને માટે પણ દુર્લભ છે.[3] મનુષ્ય જેમ જેમ કષાયોને ક્ષીણ કરે છે તેમ તેમ આ માર્ગ ઉપર ક્રમિક વિકાસ સાધે છે અને છેવટે વિતરાગતા, કેવળજ્ઞાન સાથે ભાવમુક્તિ અને દેહત્યાગ સાથે અંતિમ લક્ષ્ય – પૂર્ણ મુક્તિ અને શાશ્વત સુખ પ્રાપ્ત કરે છે.

આ અંતિમ લક્ષ્યની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. કોઈ વીર જ પ્રચંડ પુરુષાર્થથી રાગ-દ્વેષ અને કષાયોની સાથે ચાર સંજ્ઞાઓને નિર્મૂળ કરીને આ સિદ્ધિ મેળવે છે.

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞાઓને નિર્મૂળ કરવી કેટલી કઠિન છે તેનો ખ્યાલ વીરસ્તુતિની નીચેની ગાથામાંથી મળે છે.

દાणाण सेट्ठं अभयप्पयाणं, सच्चेसु वा अणवज्जं वयंति ।
तवेसु वा उत्तमबंभचेरं, लोगुतमे समणे नायपुते ।। (ગાથા ૨૩)

દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે, સત્યમાં અનવદ્ય સત્ય ઉત્તમ છે. તપમાં બ્રહ્મચર્ય ઉત્તમ છે. શ્રમણ જ્ઞાતપુત્ર લોકમાં ઉત્તમ છે.

से वारिया इत्थि सराइभत्त, उचहाणवं दुक्खयट्ठयाए ।
लोगं विदिता आरं पारं च, सव्वं पभू वारिया सव्व वारं ।। (ગાથા ૨૮)

તેમણે રાત્રી ભોજન અને સ્ત્રીસંગનો પરિહાર કર્યો હતો, તેઓ આઠ દુઃખના ક્ષય માટે ઉપધાનવાન બન્યા હતા. પ્રભુએ આખા લોકને આરપાર જાણ્યો હતો અને સર્વ પાપનું નિવારણ કર્યું હતું.

ગણધર સુધર્માએ રચેલી વીરસ્તુતિ[ix] ભગવાન મહાવીરની સહુથી પ્રાચીન સ્તુતિ છે. ભગવાન મહાવીરના અનુપમ જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભવ્ય વર્ણનના સમાપનમાં ઉપસંહારરૂપે તેઓ માત્ર

---

[3] धम्मो मंगलमुक्किठं, अहिंसा संजमो तवो।
देवा वि त्तं नमंसंति, जस्स धम्मे सयामणो।। (दस वैकालिक सूत्र, 1/1)

એટલું જ કહે છે કે ભગવાને રાત્રી ભોજન અને સ્ત્રીસંગના બે મહાદોષનો પરિહાર કર્યો છે. ભગવાન મહાવીરનું જીવન એક મહાસંગ્રામ હતું. તેમણે ઉગ્ર સાધના કરી હતી. તેમણે કઠોર પરિષહ અને ભયંકર, મરણાંતક કહી શકાય તેવા ઉપસર્ગનો પ્રચંડ પરાક્રમથી સામનો કર્યો હતો. આવા મહાવીર તીર્થંકરની સાધનાના સર્વોચ્ચ બિંદુ તરીકે જ્યારે આહાર અને સ્ત્રીસંગના ત્યાગને જણાવે છે ત્યારે સ્પષ્ટ સમજાય છે કે આહાર સંજ્ઞા અને મૈથુન સંજ્ઞા નિર્મૂળ કરવા એ જન્મ-જન્માંતરની સાધનાનું દુર્લભ ફળ છે અને સર્વોત્તમ સિદ્ધિ છે. ચાર સંજ્ઞાનો અંશ માત્ર પણ રહી જાય તો પણ સંસાર પરિભ્રમણ ચાલુ રહે છે. આ ચાર સંજ્ઞા સંસારનું મૂળ છે.

પૂરું જીવન જેણે આ સાધનામાં વિતાવ્યું છે તે સાધક જીવનના અંતિમ સમયે આહાર અને મૈથુનનો સર્વથા મન, વચન અને કાયાથી ત્યાગ કરી, આ દેહનું પણ મમત્વ છોડી, સર્વ પ્રકારના પરિગ્રહથી મુક્ત થઈ સંથારો ગ્રહણ કરે છે. જૈન સાધક માટે સંથારો તેની અંતિમ શૈયા છે, તેની સાધનાનું ચરમ બિંદુ છે.

સંથારો મનુષ્યનું છેલ્લું કૃત્ય અને જીવનના અંતે કરવામાં આવતી ક્રિયા હોવાથી તે અપશ્ચિમ કૃત્ય[x] કહેવાય છે. હવે બીજું કંઈ થઈ શકે તેમ નથી અને બીજી કોઈ પ્રવૃત્તિ અશક્ય છે, એ વાસ્તવિકતાના સ્વીકાર સાથે જીવનનો અંત લાવવો એ જીવનનું છેલ્લું, મહત્ત્વનું અને ગૌરવભર્યું કૃત્ય છે. સાથેસાથે સંથારો જીવનની સૌથી કઠિન, કપરી અને નખશિખ ચકાસણી કરતી અગ્નિપરીક્ષા જેવી કસોટી છે. આ કસોટીમાંથી સર્વાંગ સંપૂર્ણ પાર ઉતરવા માટે સાધકની તૈયારી ક્યારેક બાર વર્ષ સુધી ચાલે છે.[xi] શરીર હજુ સશક્ત છે ત્યારથી સાધક વિવિધ તપશ્ચર્યા અને કડક સંયમપાલન દ્વારા જાતને કસવાનું શરૂ કરે છે. બાહ્ય રીતે શરીર કૃશ થતું હોય છે. સાથેસાથે આંતરિક કષાય પણ કૃશ થતા જાય છે. દેહની આસક્તિ ક્ષીણ થતી જાય છે. એટલે સાધક અંતિમ સમયે અડોલ અને દૃઢતાથી મૃત્યુ પર વિજય મેળવે છે.

જેણે સંસાર છોડ્યો છે અને મુક્તિના પંથે અગ્રેસર છે અને દરેક પ્રકારની ક્રિયાઓનો ત્યાગ કરીને કષાયોને કૃશ કરવાની સાધના કરી રહ્યા છે એવા સાધુ-સાધ્વીઓ જીવનને અંતે સંથારો ગ્રહણ કરે તે સ્વાભાવિક છે. પરંતુ અનેક સાંસારિક જવાબદારીઓને કારણે જીવન દરમિયાન સંપૂર્ણ ત્યાગ નથી કરી શક્યા અને હવે જીવનને અંતે દરેક પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ જ્યારે ગૃહસ્થ પણ સંથારો ગ્રહણ કરે છે ત્યારે તે સાધુની સમકક્ષ બની જાય છે. આનંદ શ્રાવક ગૃહસ્થના સંથારાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

સામાજિક દૃષ્ટિએ પણ દરેક વ્યક્તિએ પોતાનો કાર્યભાર અને સંપત્તિ પોતાના ઉત્તરાધિકારીને સોંપીને નિવૃત્ત થવું ઇચ્છનીય છે. પ્રૌઢ વયે, જ્યારે પોતાના પુત્રો યુવાન થઈ ગયા હોય ત્યારે તેમને પણ સ્વતંત્રતાથી સંસાર નિભાવવાની તાલીમ અને તક આપવા જોઈએ. એ વખતે જે વડીલો ધીરેધીરે તેમને કામ સોંપીને પોતે ખસી જાય છે તેમના કુટુંબમાં સૌથી વધુ શાંતિ, પ્રગતિ અને વડીલો પ્રત્યે આદર જોવા મળે છે. પૂરું જીવન સાંસારિક અને સામાજિક જવાબદારીઓ સંભાળ્યા પછી તેની વળગણ ઓછી કરીને જે વ્યક્તિ આધ્યાત્મિકતા તરફ વળે છે તેને જીવનમાં સંતોષ સાથે કૃતકૃત્યતાનો અનુભવ થાય છે. સંલેખના કૌટુંબિક અને સામાજિક નિવૃત્તિની શરૂઆત છે. હવે સાધકને આધ્યાત્મિક સાધના સાથે વ્યક્તિગત પ્રવૃત્તિ અને દૈહિક આવશ્યકતાઓને ઘટાડવાનો અને માનસિક ગ્રંથિઓને ભેદવાનો અવસર મળે છે.

આનંદ શ્રાવકે પોતાની સાંસારિક જવાબદારીઓ સારી રીતે નિભાવ્યા પછી બધી જ જવાબદારી પોતાના જ્યેષ્ઠ પુત્રને સોંપી આધ્યાત્મિક સાધનામાં પ્રવૃત્ત થયા હતા તેનું યથાર્થ ચિત્ર ઉપાસકદશાંગ સૂત્રમાં મળે છે.[xii] શાસ્ત્રમાં કહ્યું છે કે આનંદ શ્રાવક તેના કુટુંબમાં અને સમાજમાં ચક્ષુભૂત અને મેઢીભૂત હતા એટલે કે સલાહકાર અને આધારસ્તંભ હતા. અનેક જવાબદારીઓ અને પ્રતિષ્ઠા હોવા છતાં તેઓ સાંસારિક કાર્યોમાંથી નિવૃત્ત થઈ ક્રમશઃ આધ્યાત્મિક વિકાસને પંથે આગળ વધતા ગયા અને છેવટે શ્રમણ જેવી અવસ્થામાં (શ્રમણાભૂત) પહોંચે છે. ત્યાર પછી જ તેઓ મારણાંતિક સંથારો ગ્રહણ કરે છે.

સંસારથી અલિપ્ત રહીને સંસારની જવાબદારીઓને સફળતાથી પાર પાડવાની કળા માટે આનંદ શ્રાવક શ્રેષ્ઠ ઉદાહરણ છે. બે પેઢીઓમાં જ્યારે ઘર્ષણ અને વિસંવાદિતા જોવા મળે છે ત્યારે તેનો ઉપાય આનંદ શ્રાવકના સંલેખનામાંથી મળે છે. આજના યુગમાં નિવૃત્ત વૃદ્ધ નકામો ગણાય છે. વૃદ્ધ પરવશતા અને લાચારીમાંથી પાંગરતી હતાશા, વિષાદ અને એકલતાને કારણે માનસિક રીતે તો મરી જ ગયો હોય છે. આ સામાજિક સમસ્યાનું સમાધાન સંલેખના અને સંથારામાંથી મળે છે. સંસારમાંથી નિવૃત્ત થયા પછી પણ જીવન એવું જ ગૌરવવંતુ અને ધ્યેયલક્ષી રહી શકે છે. મનુષ્ય છેલ્લા શ્વાસ સુધી સ્વાવલંબી રહી શકે છે. સ્વાવલંબન મુક્તિની પ્રથમ શરત છે, એટલે એમ પણ કહી શકાય કે છેલ્લા શ્વાસ સુધી સ્વાવલંબી રહેવા માટે સાધનાના દીર્ઘ કાળ દરમિયાન પોતાને શારીરિક અને માનસિક રીતે સજ્જ કરવાના હોય છે.

૧૪ વર્ષ સુધી શ્રાવક ધર્મનું ઉત્તમ પાલન કર્યા પછી આનંદ શ્રાવકે મારણાંતિક સંથારા માટે છ વર્ષ સુધી ઉગ્ર સાધના દ્વારા તૈયારી કરી હતી. આ છ વર્ષના સાધના કાળને પણ શાસ્ત્રમાં સંથારો કહ્યો છે.[xiii] આ છ વર્ષમાં તેમણે શ્રાવકની ૧૧ પ્રતિમાઓ ધારણ કરી, તેને યથાશ્રુત, યથાકલ્પ, યથામાર્ગ અને યથાતત્વ સારી રીતે સ્પર્શના કરી, પાલન કરી, શોધન કરી અને સમ્યક્ પ્રકારે સમાપ્ત કરી. આ છ વર્ષને અંતે આનંદ શ્રાવક સંકલ્પ કરે છે કે 'મારામાં ઉત્થાન – ધર્મોન્મુખ ઉત્સાહ, કર્મને અનુરૂપ પ્રવૃત્તિ, શારીરિક બળ

– શક્તિ, દઢતા, વીર્ય – આંતરિક ઓજ, પુરુષાર્થ, પરાક્રમ અથવા અંતઃશક્તિ, શ્રદ્ધા, ધૃતિ, સંવેગ – મુમુક્ષુતા છે ત્યારે મારા માટે શ્રેયસ્કર છે કે હું કાલે સૂર્યોદય થવા પર મારણાંતિક સંલેખના સ્વીકાર કરું, ખાનપાનના પ્રત્યાખ્યાન કરું, મરણની ઈચ્છા ન કરતો આરાધનામાં લીન થાઉં અને શાંતિપૂર્વક અંતિમકાળ વ્યતીત કરું.'[xiv]

આનંદ શ્રાવકના સંથારાની સ્વયં ભગવાન મહાવીરે પ્રશંસા કરી હતી. શ્રાવક માટે વૈરાગ્યભાવ જાળવી રાખવો અને સંથારો કરવો સાધુ કરતાં પણ વધુ અઘરો છે. શ્રી જગજીવન મુનિના સંથારાને અંતે શ્રદ્ધાંજલિ આપતાં વિનોબા ભાવેએ કહ્યું હતું, 'તપસ્વીજી સંસારરસના અનુભવી હતા. સંસારનો જેટલો તીવ્ર અનુભવ હોય છે તેટલી જ સંસારની તીવ્રતર આસક્તિ પણ રહે છે. પણ જ્યારે જ્ઞાનપૂર્વક સત્યનો સાક્ષાત્કાર થાય છે ત્યારે બધી આસક્તિ તીવ્રતમ વિરક્તિમાં પરિવર્તિત થઈ જાય છે. આવી યૌગિક છટાથી નિર્ભયતાપૂર્વક દેહત્યાગ કરવો એ તીવ્રતમ વિરક્તિનું જ સાક્ષાત્ પરિણામ છે.[xv]

આનંદ શ્રાવકના જીવનથી જાણી શકાય છે કે ૧૪ વર્ષના સાધનામય જીવન પછી પણ તેમણે મારણાંતિક સંથારાની તૈયારી માટે બીજા છ વર્ષ સુધી ઉગ્ર અને સમ્યક્ પ્રકારે તપોમય સાધના કરી હતી. આવી દીર્ઘ સાધના કરી રહેલા સાધક સમય પરિપક્વ થતા ક્રમથી તપ દ્વારા આહારને ઓછો કરે છે. શરીર અને કષાય કૃશ થતા છેવટે ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ સાથે આમરણાંત અનશન કરે છે અને છેવટે સમાધિમરણને પ્રાપ્ત થાય છે.

આવી સાધનાને અંતે કરવામાં આવતા મારણાંતિક સંથારાના ત્રણ પ્રકાર છે. (૧) ભક્તપરિજ્ઞા અથવા ભક્ત પ્રત્યાખ્યાન (૨) ઇંગિતમરણ અને (૩) પાદપોગમન.[xvi 4]

ભક્ત એટલે ભોજન. ત્રણે પ્રકારના સંથારામાં આમરણાંત અનશન હોય જ છે, પરંતુ ભક્તપરિજ્ઞામાં સંથારાના આરાધકને બીજાની સહાય લઈને પણ હલન-ચલનની છૂટ હોય છે. ઇંગિત એટલે હલન-ચલનની મર્યાદા. ઇંગિતમરણમાં હલન-ચલન ઉપર ઘણા નિયંત્રણ હોય છે. ઇંગિતમરણમાં બહારની કોઈની પણ મદદ વગર સ્વયં જ હલન-ચલન કરવાનું હોય છે. સ્વાવલંબન અને આત્મગૌરવ વધારવા માટે અને દેહાસક્તિ ઘટાડવા માટે સંથારાનો સાધક હલન-ચનલ માટે પણ બીજાની સહાય લેવી બંધ કરે છે.

પાદપોપગમન સંથારામાં સાધક સર્વથા હલન-ચલન પણ બંધ કરે છે. તે દેહને કાષ્ટના પાટિયા જેવું સ્થિર રાખે છે. પાદપ એટલે વૃક્ષ. ઉપગમન એટલે હલન-ચલન કે વ્યવહાર. આ પ્રકારના સંથારામાં દરેક પ્રકારના શારીરિક હલન-ચલન અને ક્રિયાઓનો પણ ત્યાગ કરવામાં આવે છે. જેમ કોઈ વૃક્ષ તેના સ્થાને દરેક સંયોગોમાં સ્થિર રહે છે, તેમ સંથારાનો ધારક ગમે તેવા ઉપસર્ગમાં પણ વિચલિત ન થતા પોતાના સ્થાને શાંતિ અને સમભાવથી સ્થિર રહે છે.

ભક્તપરિજ્ઞામાં હલન-ચલન માટે અન્યની સહાય સ્વીકાર્ય છે, જ્યારે ઇંગિતમરણમાં આ છૂટ નથી. ઇંગિતમરણમાં માત્ર પોતાના શરીરથી શક્ય એટલું જ હલન-ચલન કરી શકાય છે. તેથી વિશેષ પાદપોગમનમાં ચાલી શકાતું હોવા છતાં સ્વેચ્છાએ પોતાને વૃક્ષની જેમ અચલ અને નિશ્ચેષ્ટ બનાવીને સ્થિર રહેવાનું હોય છે. અહીં પોતાના શરીરની સહાય પણ લેવાની નથી. અહીં દરેક પ્રકારની બહારની સહાયથી મુક્ત થઈને માત્ર પોતાના આત્મબળથી સંથારાને કારણે ઊભી થયેલી ક્ષુધા, તરસ અને અન્ય શારીરિક પીડા, વ્યાધિ અને કષ્ટનો સમભાવથી સામનો કરવાનો છે.

પોતાના શરીર સહિત દરેક પ્રકારની બાહ્ય સહાયના અસ્વીકારથી સાધકમાં એકત્વ ભાવના દૃઢ થાય છે. તેથી આગળ વધીને જ્યારે તે પોતાના શરીરની સહાય લેવી પણ બંધ કરે છે ત્યારે આ શરીર પ્રત્યેની આસક્તિ અને મમત્વ ઓગળી જાય છે. તેને દૃઢ વિશ્વાસ સાથે સાક્ષાત્કાર થાય છે કે જે કંઈ ઘટી રહ્યું છે તે શરીર ઉપર થઈ રહ્યું છે, જે કંઈ પીડા કે કષ્ટ થઈ રહ્યા છે તે શરીરને થઈ રહ્યા છે, મને એટલે કે આત્માને કંઈ જ નથી થઈ રહ્યું. હવે દેહભાન ક્ષીણ થઈ જાય છે અને સાધક આત્મભાવમાં રમણ કરે છે. હવે રાગ-દ્વેષ અને કષાયો અત્યંત મંદ થઈ જાય છે અને સાધક બધા જ કર્મોનો ક્ષય કરીને સંથારાને અંતે મુક્ત થઈ સિદ્ધ ગતિને પામે છે.

અહીં એ યાદ રાખવું ઉચિત છે કે ત્રણ પ્રકારના આમરણાંત અનશનમાં પાદપોગમન સંથારો અત્યંત કઠિન સાધના છે અને તે દરમિયાન અપૂર્વ શ્રદ્ધા, સહનશક્તિ, પરિષહજય અને અખંડિત સમભાવ વિરલ છે. પાદપોગમન સંથારામાં સાધકે સ્વેચ્છાએ સ્વીકાર્યું છે કે શરીર અકડાઈ જાય, જંતુઓ ચટકા ભરે કે પ્રાણીઓનો હુમલો થાય તો પણ મન, વચન કે કાયાથી પ્રતિકાર કરવાનો નથી અને શરીરને હલાવવાનું નથી. જેમ વૃક્ષ દરેક આપત્તિ વેળાએ પોતાના સ્થાન ઉપર જ સ્થિર રહે છે તેમ સ્થિર રહેવાનું છે. આ સંકલ્પને પાળવો કેટલો કઠિન છે તે સહેજે સમજી શકાય છે. જો કે એ સમયે સાધકની આધ્યાત્મિક અવસ્થા એટલી ઊંચી હોય છે, દેહભાન વિસ્મૃત થઈ ગયું હોય છે અને આત્મલીનતાની પરાકાષ્ટા હોય છે એટલે આવી પડેલા દેહ ઉપરના ઉપસર્ગ, પરિષહ અને કષ્ટની તેની ઉપર કોઈ અસર થતી નથી. બહારથી ભલે તેની સરખામણી વૃક્ષની સ્થિરતા સાથે થાય, વાસ્તવમાં તેની ચેતના પૂરી જાગૃત અને ગતિશીલ હોય છે.

અહીં એક પ્રશ્ન થાય છે. વૃક્ષ માટે અનેક પર્યાવવાચી શબ્દો હોવા છતાં પાદપ જેવો ઓછો પ્રચલિત શબ્દ શાસ્ત્રકારે શા માટે પસંદ કર્યો હશે ?

'પા' ધાતુના બે અર્થ થાય છે – (૧) પીવું, ચૂસવું અને (૨)

પગ, તળિયું કે મૂળ. વૃક્ષ જમીનમાંથી તેના મૂળથી પાણી ચૂસે છે એટલે 'પા' ધાતુના બન્ને અર્થના સંયોજનથી વૃક્ષ માટે 'પાદપ' શબ્દ બન્યો છે. પરિષહ હોય કે સામાન્ય સ્થિતિ હોય. સંથારામાં સાધક હંમેશ વૃક્ષની જેમ સ્થિર રહે છે, પ્રતિકાર કરતો નથી કે ખસી નથી જતો. તે ઉપરાંત જેમ વૃક્ષ જમીનની અંદર રહેલા મૂળથી રસનું પાન કરે છે અને તે માટે કોઈ બાહ્ય અંગનો ઉપયોગ કરતું નથી તેમ સંથારામાં સાધક હવે તેના કોઈ પણ બાહ્ય અંગનો કે ઇંદ્રિયનો ઉપયોગ નથી કરતો અને માત્ર તેના અંતરઆત્માથી જ સુખાનુભૂતિ કરી રહ્યો છે. તેની શક્તિનો સ્રોત તેનો અંતર આત્મા છે. શુક્લધ્યાનની ઉચ્ચ ભૂમિકામાં લીન સાધકનો બાહ્ય ઈન્દ્રિય કે અંગ સાથેનો સંપર્ક છૂટી જાય છે અને તે માત્ર તેના આત્મભાવમાં રમણ કરતો હોય છે. આત્મધ્યાનના ઉચ્ચ શિખર ઉપર આરુઢ થયેલા સાધકને દુ:ખ, દર્દ અને પીડાનો સંતાપ ન હોય તે સ્વાભાવિક છે. તેથી વિશેષ તેને દેહનું મમત્વ અને દરેક વાસનાનો પણ ક્ષય થઈ ગયો હોય છે. જેમ સામાન્ય મૃત્યુ બે જીવન વચ્ચેનો સેતુ છે તેમ સંથારો પરમ સમાધિમાં લીન સાધકના વર્તમાન જીવન અને મોક્ષ વચ્ચેનો સેતુ છે. સિદ્ધ આત્મા દરેક ઈચ્છા, આકાંક્ષા, વાસના, શોક, ભય અને દુ:ખથી મુક્ત છે અને પરમ સુખ અને આનંદમાં લીન છે, માટે સિદ્ધત્વની પૂર્વ અવસ્થા પણ દરેક કામના અને ક્ષય-દુ:ખથી મુક્ત હોવી જોઈએ અને આત્મભાવમાં લવલીન હોવી જોઈએ. સમાધિની આ ઉન્નત અવસ્થા સ્વયં પાદપોગમન સંથારો બની જાય છે. ખરેખર, શાસ્ત્રકારે પાદપોગમન શબ્દથી સંથારાના સૂક્ષ્મ અને ઊંડા ભાવોની સાથે જૈન સાધનાના અંતિમ લક્ષ્યને પ્રકાશિત કર્યું છે.

અહીં એ યાદ રાખવું ઉચિત છે કે જૈનદર્શન સ્થૂળ અને બાહ્ય ઉપકરણો અને સાધન કરતાં આંતરિક ભાવોને વધુ મહત્ત્વ આપે છે, એટલે સંથારા માટે ઘાસની શૈયા અને એકાંત સ્થળ અપેક્ષિત હોવા છતાં અંતિમ લક્ષ્ય માટે અનિવાર્ય નથી. વિશુદ્ધ ચારિત્રમાં રમણ કરતો આત્મા સ્વયં સંસ્તારક (સમ્યક્‌ભાવે તારનાર) છે. જે સાધક યથાખ્યાત ચારિત્રનો ધારક છે, સરળહૃદયી છે અને અનાસક્તભાવથી સંયમમાં સ્થિર છે તે નિત્ય સંથારામાં જ છે.[xvii]

વર્ષોની સાધના, દૃઢ મનોબળ અને લક્ષ્યની સ્પષ્ટતા હોવા છતાં સાધકને સંથારામાં અનેક કટોકટીની પળ આવે છે. કર્મોને હળવા અને કષાયોને પાતળા કરી નાંખ્યા હોવા છતાં તેના જોરને ઓછું આંકી શકાય નહીં કે જરા પણ ગફલત રાખી શકાય નહીં. સંથારો એ સાધક અને કર્મ વચ્ચેનું મહાયુદ્ધ છે. સાધક અજોડ પરાક્રમ દેખાડીને કર્મના દળને વેર-વિખેર કરી નાખે છે. વિજય હાથ વેંતમાં દેખાતો હોય છે ત્યારે કર્મ છુપી રીતે પોતાના સૈન્યને એકત્રિત કરે છે અને પાછળથી અચાનક હુમલો કરે છે. અનંત કાળથી કર્મએ આત્માને દબાવીને રાખ્યો છે અને તે આત્માની નબળાઈઓને જાણે છે. આ સમયે આત્માએ પૂરી સાવધાની અને જાગૃતિ રાખવી પડે છે અને જરા પણ પ્રમાદરૂપી ઝોકું આવી ગયું તો કર્મ પૂરી શક્તિ સાથે આત્માને સાણસામાં જકડી લે છે. સાવધાન સાધક કર્મને વધુ તક આપતો નથી અને કર્મ સાથેનો સંગ્રામ ચાલુ રહે છે. આત્મા અને કર્મના યુદ્ધમાં અનેક ચડાવ – ઉતાર આવે છે. ક્યારેક કર્મની તો ક્યારેક આત્માની જીત થતી દેખાય છે. આત્માની તેના લક્ષ્ય ઉપરથી દૃષ્ટિ ખસી જાય તો એ દોષ છે, જેને અતિચાર કહે છે. સંથારામાં અતિચાર સાધકના પતનનું કારણ છે. અતિચાર એવું છિદ્ર છે જ્યાંથી સાધકની જાણ બહાર કર્મશત્રુ પ્રવેશે છે અને છેવટે સાધકને ઘેરી લે છે. માટે દૃઢ મનોબળ ધરાવતા ઉચ્ચ કક્ષાના સાધકે પણ સંથારા દરમિયાન પોતાની આધ્યાત્મિક સ્થિરતાને જાળવી રાખવા માટે દોષના નિવારણ માટે સતત આંતરાવલોકન આવશ્યક છે.

ક્ષીણ થયેલા કષાયોમાં દેહ પ્રત્યેનું મમત્વ અને જિજિવિષા સૌથી છેલ્લે વિદાય લે છે. સાધનાની ઉચ્ચ અવસ્થામાં આ મમત્વ પણ ઘણું જ અત્યંત સૂક્ષ્મ થઈ ગયું હોય છે. પણ જેમ એક બીજમાંથી વિરાટ વૃક્ષ વિકસે છે તેમ, થોડી પણ અસાવધાની રહે તો સૂક્ષ્મ દેહાધ્યાસ પણ સાધકના પતનનું કારણ બને છે. દેહનું આ સૂક્ષ્મ મમત્વ શરીરસુખ અને જીવન સાથે જોડાયેલી આકાંક્ષાઓ અને વાસનાને ઉત્તેજન આપે છે. તેમાંથી સાધકને સંથારામાં ડગમગાવી દે તેવા સામાન્ય રીતે નીચે પ્રમાણે પાંચ પ્રકારના અતિચાર છે.

(૧) શરીરના સુખની ઈચ્છા
(૨) આવતા જન્મમાં પણ શરીરની સુખાકારી માટેની કામના
(૩) જિજિવિષા
(૪) મૃત્યુની કામના
(૫) કામભોગની ઈચ્છા

સંથારામાં ભૂખ, તરસ, રોગ, અશક્તિ અને શરીરમાં ઉપદ્રવ વગેરે ભલભલા દૃઢ અને પીઢ સાધકને પણ ડગમગાવી શકે છે. એ વખતે અસહ્ય પીડામાંથી છૂટવા માટે મોતની અનિચ્છાએ પણ કામના થઈ શકે છે. સાધક કદાચ એમ માનવા પ્રેરાય કે મૃત્યુની કામના અનિચ્છાએ જ થઈ છે. પણ વાસ્તવમાં અંતરના ઊંડાણમાં જે દેહભાન રહેલું છે તેમાંથી જ મૃત્યુની કામના ઉદ્‌ભવે છે. એ જ રીતે અન્ય ચાર અતિચારનું મૂળ પણ દેહાધ્યાસ જ છે. એટલે સાધકે અત્યંત સહિષ્ણુતા, સાવધાની અને જાગૃતિ સાથે અંતરનું અવલોકન કરતા રહીને આ અતિચારનું શોધન કરી, દોષને નિર્મૂળ કરવાના પુરુષાર્થમાં પ્રવૃત્ત રહેવું જોઈએ. એટલે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે અન્‌અવસર સંલેખના સંક્લેશ છે. પૂરી તૈયારી વગર સંથારો કરવાથી જે આત્મપરાજય થાય છે તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ બને છે.[xviii]

સંથારા પહેલા સંપૂર્ણ સ્વાદવૃત્તિ ઉપર જય મેળવવો આવશ્યક

છે. શ્રી આચારાંગ સૂત્રના સંથારા વિષેના વિમોક્ષ નામના ૮મા અધ્યાયના છઠ્ઠા ઉદ્દશકમાં સ્વાદજય ઉપર વિસ્તારથી વિવેચન છે. એવા અનેક ઉદાહરણ છે કે સ્વયં ઉપવાસ કરી રહ્યા હોય અને અન્યને પ્રેમથી ભોજન પીરસી રહ્યા હોય ત્યારે પોતાને લેશ માત્રપણ આહારની આસક્તિ ન હોય. સંલેખનાનો ધારક, અંત સમયે ક્ષુધા અને તરસની પીડાથી વ્યાકુળ ન થઈ જવાય, સંક્લેશ ન થાય અને સમતા જળવાઈ રહે તે માટે પૂરી શારીરિક અને માનસિક તૈયારી કરે છે. તેણે વિષય અને કષાયોને મંદ કર્યા હોય છે અને સ્વાદવૃત્તિ ઉપર પણ જય મેળવ્યો હોય છે, છતાં અનશન શરૂ કરતાં પહેલાં તે ધીરે ધીરે ખાનપાનમાં ઘટાડો કરે છે. તે પહેલા અન્નનો ત્યાગ કરે છે અને પછી ક્રમશ દૂધ, છાશ અને પાણીનો પણ ત્યાગ કરે છે. જેણે વર્ષોની તપશ્ચર્યા અને સાધનાથી કષાયો અને ઈંદ્રિયો ઉપર વિજય મેળવ્યો છે તેઓ પ્રસન્નતાથી સંથારાના કષ્ટથી પાર ઉતરી જાય છે.

સમાધિભાવમાં સ્થિર સાધક આત્મસ્વરૂપમાં લીન થાય છે ત્યારે તેની ઉપર શારીરિક પીડાની અસર થતી નથી અને માનસિક સંતાપ ઉદ્‌ભવતો નથી. તે જાણે છે કે કર્મ બળવાન છે અને તે અચાનક હુમલો કરશે. તે માટે તે સદા સાવચેત અને સજ્જ રહે છે. તે માટે તેની ચિંતનધારામાં અવેર અને ક્ષમા, નિસ્નેહતા, નિસ્પૃહતા અને અનાસક્તિના ભાવ, કષાયોથી નિવૃત્તિ, વાણીમાં મૃદુતા અને મધુરતા કર્મશત્રુના હુમલા સામે ઢાલ અને કવચની જેમ તેનું રક્ષણ કરે છે. તે જાણે છે કે કર્મના ઉદય સામે કોઈ બાહ્ય તત્ત્વ તેનું રક્ષણ કરી શકે તેમ નથી. પોતાના રક્ષણ માટે સ્વયંના અંતસ્તત્વ એકલાનો જ આધાર છે અને તે એક જ સારભૂત છે. કર્મની સત્તા સામે શરણાગતિ નથી સ્વીકારવાની પણ જિનેશ્વર દેવનું શરણ સ્વીકારવાનું છે. કર્મના ઉદયથી તીવ્ર વેદના થતી હોય ત્યારે ભગવાન મહાવીરના શબ્દો-'હે માનવ! તું જ તારો મિત્ર છો. તું બહારમાં મિત્રની શા માટે શોધ કરી રહ્યો છો?'[xix] સાધકને આત્માની પોતાની અનંત શક્તિને જાગૃત કરી, સંકલ્પમાં અડોલ રહેવાની અને અંતિમ પરીક્ષામાં સફળતાથી આરપાર નીકળવાની હિંમત આપે છે.

સંલેખના જીવનની અંતિમ અને સૌથી અઘરી પરીક્ષા છે. જેણે પૂરું જીવન આ પરીક્ષાની તૈયારી કરી હોય છે તેનો જ સંથારો મૃત્યુ સમયે સાર્થક નીવડે છે. એટલે જ બાર વર્ષની દીર્ઘ અને કઠોર સાધનાનું વિધાન છે. છતાં આ સાધના પૂરી થાય તે પહેલા જીવનમાં અસાધારણ સંજોગો ઉપસ્થિત થાય અને મૃત્યુ સામે દેખાતું હોય ત્યારે સંથારો ધારણ કરવાની શાસ્ત્રમાં ભલામણ છે. મરણાંત ઉપસર્ગ આવે, મહાદુષ્કાળનો સમય હોય, અસાધ્ય રોગ થાય ત્યારે સ્વસ્થતાપૂર્વક અને સમાધિભાવથી શરીરનો ત્યાગ કરવા માટે સંલેખના ધારણ કરવાનો શાસ્ત્રમાં ઉલ્લેખ છે. આવા જીવલેણ ઉપસર્ગ, કે જેનો પ્રતિકાર કરવાનો કોઈ અવકાશ નથી તેને નિષ્પ્રતિકાર ઉપસર્ગ કહે છે.

સંલેખનાના પ્રત્યાખ્યાન આમરણાંત હોય છે. છતાં અસાધારણ સંજોગો કે નિષ્પ્રતિકાર ઉપસર્ગ ટળી જવાની પણ શક્યતા હોય ત્યારે સાગારી સંથારો કરવામાં આવે છે. ઉપસર્ગથી જો મૃત્યુ થાય તો એ સમાધિમરણ છે અને મૃત્યુ પહેલા ઉપસર્ગ ટળી જાય તો ફરીથી યથાવત્ જીવનનો ક્રમ શરૂ કરવામાં આવે છે. સુદર્શન શેઠ જ્યારે ખુંખાર અર્જુન માળીનો સામનો કરે છે ત્યારે સાગારી સંથારો કરે છે. અર્જુન માળી તેમની સમતાથી પ્રભાવિત થઈ શાંત થયો એટલે તેમણે સંથારો પાળી લીધો હતો.

સંથારો સાધનાની પરાકાષ્ટા છે. સંથારો શરૂ કરેલી સાધનાનું છેલ્લું સોપાન છે. દરેક વ્યક્તિ જીવનના અંતે સંથારો નથી કરી શકતો. છતાં જે સાધક જાગી ગયો છે અને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા તત્પર છે તેની હંમેશાં જીવનના અંતે સંથારો કરવાની આંતરિક અભિલાષા હોય છે. સંથારો શ્રાવકના મનોરથમાં ત્રીજો અને અંતિમ મનોરથ છે.

સંથારો સાર્થક જીવનનું ગૌરવભર્યું સમાપન છે. છતાં સંથારા વિષે પૂરી જાણકારીના અભાવે ઘણી ગેરસમજૂતી પ્રવર્તે છે. સંથારામાં પૂરું અનશન હોવાથી અને બધી જ ક્રિયાઓમાંથી નિવૃત્તિ હોવાથી એમ માનવામાં આવે છે કે મનુષ્ય સ્વેચ્છાએ પોતાને મૃત્યુ તરફ ધકેલી રહ્યો છે અને જે મૃત્યુ અનિશ્ચિત છે તેની ઘડીને નિશ્ચિત બનાવી રહ્યો છે. આત્મહત્યામાં અને સંથારામાં જીવન સમાપ્ત કરવાની ઈચ્છા દેખાતી હોવાથી ઘણા સંથારાને આત્મહત્યા સાથે સરખાવવાની ભૂલ કરે છે.

આત્મહત્યા ઉત્તેજનાની ક્ષણે ઘટે છે. એ ક્ષણ પસાર થઈ જતા અને ઉત્તેજના શમી જતા મનુષ્ય આત્મહત્યા કરતો નથી. આત્મહત્યા કરનાર ઘેરો વિષાદ, હતાશા, અસહાયતા, અસલામતી, મૂંઝવણ, ભય કે ઘોર અપમાનની લાગણીમાં ડૂબેલો હોય છે. તે જીવન હારી ગયેલો હોય છે અને જીવનની સમસ્યાઓથી પલાયન થવા ઉત્સુક હોય છે. તેને સ્વયં જીવનનો ભય હોય છે. આત્મહત્યા નિર્બળતાની નિશાની છે. તેનાથી વિપરીત સંથારો ધારણ કરનાર પ્રસન્નચિત્ત અને નિર્ભય હોય છે. તેને જીવનનો, મૃત્યુનો કે રોગનો ભય નથી. તે મૃત્યુને મિત્રની જેમ આવકાર આપે છે. તેને માટે જીવન અને મૃત્યુ બન્ને સમાન છે. તે નથી જીવનની કે નથી મૃત્યુની આકાંક્ષા કરતો. આત્મહત્યા કરનાર અંદરથી અશાંત હોય છે જ્યારે સંથારો કરનાર પરમ શાંત હોય છે. આત્મહત્યા કરનારના જીવનમાં હજુ પણ અનેક શક્યતાઓ અને સંભાવનાઓ હોય છે, જ્યારે સંથારો કરનાર જીવનની સંધ્યાએ, હવે બીજું કંઈ જ કરી શકવાની સંભાવનાઓ શેષ થઈ ગઈ છે ત્યારે સ્વેચ્છાએ મૃત્યુને આવકારે છે.

આત્મહત્યા કરનારનો હજી જીવનની ઈચ્છા હોય છે. તે

સંજોગોવશાત્ મૃત્યુને ઇચ્છી રહ્યો છે તેને બન્નેની કામના છે. જ્યારે સંથારાના ધારકને નથી જીવનની તૃષ્ણા કે નથી મૃત્યુની તૃષ્ણા. જીવન કે મૃત્યુની આકાંક્ષા સંથારામાં દોષ છે. સંથારા દરમિયાન જો આ દોષ થઈ જાય તો સાધક તેની આલોચના કરી, શુદ્ધ થઈ, ફરી સંથારામાં સમભાવથી સ્થિર થાય છે.

આત્મહત્યામાં તાત્કાલિક મૃત્યુની કામના હોય છે, જ્યારે સંથારામાં કામના વગર, અનશનથી ધીરે ધીરે મૃત્યુ થાય છે સંથારો ત્વરિત મૃત્યુ માટે નથી પણ દેહાસક્તિના ત્યાગ માટે છે. આત્મહત્યા અને સંથારામાં આ મોટો ભેદ છે.

જૈન પરંપરામાં તાત્કાલિક મૃત્યુનો સ્વીકાર નથી. છતાં અસાધારણ સંજોગોમાં તાત્કાલિક મૃત્યુનો પણ સ્વીકાર કરવામાં આવે છે. શિયળની રક્ષા માટે જો જીવ આપવો પડે તો એ દોષ નથી. અપવાદ પરિસ્થિતિ કે ધર્મસંકટને સમયે પોતાના સંકલ્પ, પ્રત્યાખ્યાન, ચારિત્ર કે ધર્મની રક્ષા માટે વૈહાનસ મરણ – ગળે ફાંસો ખાઈને પણ શરીરનો ત્યાગ કરવો, પણ કોઈ પણ ભોગે પરિસ્થિતિ સામે પરાજિત ન થવાનું શાસ્ત્રમાં વિધાન છે. આવું આકસ્મિક વૈહાનસ મરણ પણ નિર્દોષ અને હિતકારી ગણાય છે. અનેક દૃઢ પ્રતિજ્ઞાધારી મહાપુરુષોના આવા મરણને શાસ્ત્રમાં પંડિત મરણ કહ્યું છે. તેને અકાળ મરણ ન કહેતા કાળપર્યાયનું (યોગ્ય સમયનું) જ મરણ કહ્યું છે અને તે હિતકારી, સુખકારી. સુયોગ્ય કર્મક્ષયના હેતુરૂપ, નિઃશ્રેયસ એટલે કે મોક્ષપ્રદાતા અને પરલોકમાં પણ શુભ ફળદાતા છે.'

ખલિલ જિબ્રાને કહ્યું છે કે આત્મરક્ષા માટે આત્મહત્યા કરી શકાય છે. આ વચનમાં વિરોધાભાસ અને વિચિત્રતા જણાય છે. અહીં આત્મરક્ષાનો અર્થ આધ્યાત્મિકતા અને નૈતિક મૂલ્યોનું રક્ષણ થાય છે અને આત્મહત્યા એ માત્ર દેહનું વિસર્જન છે. આધ્યાત્મિક મૂલ્યોની રક્ષા શરીરની રક્ષા કરતા વધુ મૂલ્યવાન છે. ખલિલ જિબ્રાનના આ શબ્દો જૈનદર્શનનું જ પ્રતિબિંબ છે.

જૈનદર્શનમાં મૃત્યુ અને સમાધિમરણ વિષે જેટલા ઊંડાણથી ચિંતન થયું છે તેટલું ભાગ્યે જ અન્ય દર્શનમાં થયું છે. વૈદિક દર્શનમાં વૃદ્ધાવસ્થામાં જીવનને સમાપ્ત કરવા માટે અગ્નિપ્રવેશ, જલપ્રવેશ, ગિરિપતન, વિષ કે શસ્ત્રપ્રયોગ જેવા સાધનો દ્વારા તાત્કાલિક મૃત્યુના ઉલ્લેખ મળે છે, જેની જૈનદર્શનમાં સ્વીકૃતિ નથી. અગ્નિપ્રવેશ વગેરે પ્રયોગોમાં જીવનને સમાપ્ત કરવાની આતુરતા જણાય છે અથવા તો દીર્ઘકાળના અનશનમાં કષ્ટ કે રોગનો ભય જણાય છે. સંથારામાં મૃત્યુની આતુરતા નથી અને રોગ કે કષ્ટનો ભય પણ નથી. એટલે સંથારામાં વધુ ઉન્નત આધ્યાત્મિક ભાવ અને અનાસક્તિના દર્શન થાય છે.

જીવન જીવવું એ જેમ એક કળા છે તેમ મૃત્યુ પણ એક કળા છે. જેણે આ કળા જીવનમાં ઉતારી છે, સમાધિમરણનું ગૌરવ સમજે છે, જેની દેહાસક્તિ અને કષાયો ક્ષીણ થઈ ગયા છે અને સંથારા માટે વર્ષોથી તૈયારી કરી છે એ જ સંથારા માટે યોગ્ય છે. જીવનની છેલ્લી ઘડીએ માત્ર પરંપરાથી દોરવાઈને જે કોઈ સંથારો કરે છે અથવા કરાવવામાં આવે છે તે એક વિકૃતિ છે, પરાણે સંથારો છે અને સંથારાના ગૌરવ માટે હાનિકારક છે. છેલ્લા શ્વાસ લઈ રહેલા, મરણ પથારીએ પડેલા અસહાય અને અબૂઝને જ્યારે સંથારાના પ્રત્યાખ્યાન કરાવવામાં આવે છે ત્યારે એ માત્ર બાહ્ય ક્રિયા છે અને તેનાથી કોઈનું કલ્યાણ થતું નથી અને જૈન ધર્મની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે છે.

આ ભવમાં જ મૃત્યુને અંતે જે મોક્ષદાતા છે અથવા પરલોકમાં ઊર્ધ્વ, ઉત્તમ, મોહરહિત અને દ્યુતિમાન દેવરૂપે જન્મનું મહાકલ્યાણકારી ફળ આપનાર છે એવા સંથારા માટે કોણ યોગ્ય છે, તેની આધ્યાત્મિક અને માનસિક અવસ્થા કેવી હોય છે અને તે જીવન કઈ દૃષ્ટિથી જીવે છે તેનું ઉત્તમ વિવેચનાત્મક વર્ણન શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૫મા 'અકામમરણીય' અધ્યયનમાં મળે છે.

જીવનનો મોહ અને બંધન એટલા તીવ્ર હોય છે કે દીર્ઘ સાધનાકાળ દરમિયાન ગમે તેટલી ઉગ્ર સાધના કરી હોય તો પણ છેવટની ઘડીએ ૯૯ રન ઉપર આઉટ થઈ જનાર બેટ્સમેન જેવી સંભાવના પણ રહે જ છે. કોઈક વીર જ આ કસોટીમાંથી અણીશુદ્ધ પાર ઉતરે છે. આ કસોટી કેટલી પ્રચંડ, ત્રાસદાયક, ભયાવહ અને દુષ્કર છે તેનો ખ્યાલ આપણને શ્રી જગજીવન મુનિના સંથારાના સ્વાનુભવમાંથી મળે છે. સંથારા ઉપર વિદ્વતા ભરેલા લખાણ અનેક મળશે, પણ સ્વાનુભવની વાણી અત્યંત જૂજ છે.

'હવે મને અશાતાનો ઉદય થશે. પરંતુ ગભરાશો નહીં. મને મારણાંતિક વ્યાધિ આવશે. આયુષ્યનું બળ પ્રબળ છે એટલે શરીર પર પોતાનો પ્રભાવ દેખાડશે. મને અશાતાનો ઉદય થાય ત્યાં તમારો શો ઈલાજ!' [xxi]

તપસ્વી જગજીવન મુનિએ ૪૨મા ઉપવાસે કહેલી આ વાણીમાં તેમની કર્મના સિદ્ધાંતની સૂક્ષ્મ અને ઊંડી સમજનો આપણને પરિચય તો મળે જ છે, પણ સાથેસાથે તેમની અસાધારણ સ્થિરતા અને ધીરતાનો પણ પરિચય મળે છે. તેઓ જ્યારે આયુષ્ય કર્મની પ્રબળતાની વાત કરે છે ત્યારે પોતાના આયુષ્યને લંબાવવાની કે ટુંકાવવાની વાત નથી કરતા. તેઓ કહે છે કે આયુષ્ય કર્મ અત્યારે ઉદયમાન વેદનીય કર્મને સહયોગ આપી રહ્યું છે. મોહનીય કર્મનો રાજા છે અને બીજા કર્મ તેના રાજ્યના અધિકારી છે. આત્મા સાથેના સંગ્રામમાં બધા જ કર્મ વ્યૂહ રચીને, એકમેક સાથે તાલમેળ રાખીને, આત્મા ઉપર આક્રમણ કરી રહ્યા છે. નામ કર્મ શરીરને નબળું પાડે છે અને વેદનીય કર્મ આત્મા સામો મોરચો બાંધે છે. આત્મા જેટલી પીછેહઠ કરે છે તેટલું મોહનીય ક્રમ બળવાન બને છે અને જો આત્મા સમભાવના શસ્ત્રથી ઝઝુમીને આ મોરચાની સામે ટક્કર ઝીલે છે

તે મોહનીય કર્મ નબળું પડે છે. શ્રી જગજીવન મુનિ કહે છે કે સંગ્રામમાં ક્યારેક આત્માની તો ક્યારેક કર્મની જીત થતી દેખાય છે, પણ અંતિમ યુદ્ધમાં જીતવાનું લક્ષ્ય આત્માએ ચૂકવાનું નથી.

શ્રી જગજીવન મુનિ કર્મના સેનાદળની સામે ઝઝુમતા વીર અને પરાક્રમી સૈનિક હતા. તેઓ મોક્ષના કામી અને પંડિતમરણના સાધક હતા. ૪૨મા ઉપવાસે અશુભ કર્મોને આહ્વાન આપતા તેમણે કહ્યું હતું, 'તારે જેટલો પ્રભાવ દેખાડવો હોય તેટલો દેખાડી દેજે. હું અવિશમ ભાવે મોરચા ઉપર ઊભો છું.'

એમની પીડા જોઈને શુશ્રૂષા કરી રહેલા શ્રી જયંત મુનિએ તેમના ઉપર જણાવેલા શબ્દો સાંભળીને નોંધ્યું છે, 'સાતા પહોંચાડવાની હાર્દિક ભાવના હોવા છતાં અમે અશાતા કરી રહ્યા હતા. અમારી માનસિક વેદનાને તેમણે સમજ સાથે ક્ષમ્ય ગણી હતી. અમારી નિર્બળતાને કૃતાર્થતામાં ફેરવવાનો એમનો ભગીરથ પ્રયાસ હતો. ૪૪મા ઉપવાસની રાત્રે, દેહત્યાગના ૬ કલાક પહેલા, કાગળ ઉપર તેમણે લખ્યું હતું, 'દુઃખ તે કર્મનો ઉદય છે. અનુકૂળતા નથી તેમાં તમારો દોષ નથી.' [xxii] ૪૫ ઉપવાસ અને અસહ્ય વેદના સમયે પણ તેમની આત્મજાગૃતિ અને આત્મલીનતા કેટલા ઉત્કૃષ્ટ હતા!

શ્રી જયપ્રકાશ નારાયણ ૩૭મા ઉપવાસે તેમના દર્શનાર્થે આવ્યા હતા. તેમણે અર્થપૂર્ણ શબ્દોમાં કહ્યું, 'જ્યો કી ત્યોં ધર દીની ચદરિયા – મહાત્મા કબીર કે ઇસ વાક્ય કો મહાત્માજીને અક્ષરશઃ સાર્થક કિયા હૈ. સચમુચ ઈશ્વર કે ઘર સે પ્રાપ્ત શરીર કો વૈસે કા વૈસા હી પ્રભુ કે સામને જાકર નિર્ભયતાપૂર્વક સૌંપ દિયા હૈ.'

ખરેખર, તેમનો સંથારો એકલે હાથે મોરચો સંભાળી રહેલા અણાનમ અને શૂરવીર સૈનિકની ધસી આવતા શત્રુઓના ટોળા સામેની ચડાવ–ઉતારભર્યા પરાક્રમની કથા જેવો હતો.

બાર વર્ષની સંલેખનાની સાધનાથી જીવ માત્ર માટે અસીમ કરુણા અને વિશ્વવ્યાપી મૈત્રી, ધરતી જેટલી તિતિક્ષા અને કમળ જેવી નિર્મમતા પ્રાપ્ત કરી, આ ઈષ્ટ, કાંત, સુંદર, પ્રિય, મનગમતા, અતિ વહાલા, આત્મરૂપી રત્નના કરંડિયા સમાન, અનાદિના સાથી એવા આ શરીરનું મમત્વ છોડીને, જીવન અને મૃત્યુ, બંનેની આકાંક્ષા વગર સાધક અપશ્ચિમ આમરણાંત સંથારાની આરાધના કરે છે અને પરમ કલ્યાણને પામે છે. [xxiii]

મોક્ષ જેમનું લક્ષ્ય છે તેવા મુમુક્ષુ સાધકો માટે શાસ્ત્રમાં પંડિતમરણ અને સંથારા માટેના સાધનાક્રમ, આચારસંહિતા અને માર્ગદર્શન જોવા મળે છે. પરંતુ જેમણે તેમના જીવનકાળ દરમિયાન જ લક્ષ્ય સિદ્ધ કરી લીધું છે, સાધનાનું અંતિમ ફળ કેવળજ્ઞાન ઉપાર્જન કર્યું છે અને હવે જેમને કંઈ કરવાનું રહેતું નથી તેવા મહાત્માઓનો દેહત્યાગનો સમય કેવો હોઈ શકે?

ભગવાન મહાવીર તીર્થંકર હતા. તેમણે સર્વ કર્મ ક્ષય કર્યા હતા. તેઓ ભાવથી મુક્ત અને સિદ્ધ હતા. દેહત્યાગ પછી તેમની અશરીરી, પૂર્ણ મુક્ત સિદ્ધ ગતિ નિશ્ચિત હતી. તેમને હવે કોઈ સાધના કરવાની ન હતી. તેઓ દેહમમત્વથી મુક્ત, અનાસક્ત, નિર્મોહી અને વીતરાગ હતા એટલે તેમને સંથારાની આવશ્યકતા ન હતી. છતાં, જ્યારે આયુષ્ય ક્ષીણ થઈ ગયું, નિર્વાણનો સમય આવી ગયો ત્યારે લોકમાંથી વિદાયની ક્ષણ કેવી હશે?

ભગવાન મહાવીરની નિર્વાણ પહેલાની છેલ્લી દેશના ઉત્તરાધ્યયન સૂત્રમાં અંતિમ અને ૩૬મા અધ્યયન જીવાજીવ વિભક્તિ ઉપર વિચાર કરતાં આ પ્રશ્ન એક નવા દૃષ્ટિકોણથી દેખાય છે.

તીર્થંકર અને કેવળી ભગવંતોને ત્રણે લોકના જીવો પ્રત્યે અસીમ કરુણા હોય છે. તેઓ સર્વ જીવોને આત્મવત્ જાણે છે અને જુએ છે. सव्वभूयप्प भूयस्स सम्मं भूयाई पासओ। તેઓ સર્વ કર્મરહિત કેવળજ્ઞાની હોવાથી લોકના દરેક જીવોની તેમણે ક્ષમા માગી લીધી છે અને દરેક જીવોને ક્ષમા આપી ચૂક્યા છે. તેમને હવે કોઈ સાથે વેર નથી.

આ જીવે તેના અનંતકાળના સંસાર પરિભ્રમણમાં આ વિરાટ લોકના અંશને સ્પર્શ કર્યો છે. સૂક્ષ્મ એકેન્દ્રિયથી પંચેન્દ્રિયની દરેક યોનીમાં જન્મ લીધો છે અને દરેક યોનીના જીવો સાથે ક્યારેક સંબંધ, પરસ્પર મિલન, સહયોગ કે હિંસા પણ થઈ હશે. હવે નિર્વાણ પછી કોઈ પણ જીવો સાથે ફરી ક્યારે પણ, કોઈ પણ પ્રકારનું મિલન થવાનું નથી. ભગવાન મહાવીર આ જીવનના છેલ્લા મુહૂર્તમાં આ દરેક યોનિના જીવોને યાદ કરે છે અને જીવનની છેલ્લી ક્ષણે, જ્યારે સમુદ્‌ઘાત કરે છે ત્યારે આ વિશાળ લોકના દરેક અંશને પોતાના આત્મપ્રદેશથી સ્પર્શ કરે છે ત્યારે દરેક જીવો સાથે પણ સ્પર્શના કરી, મૈત્રીભર્યું એકત્વ દર્શાવે છે. ભગવાન પોતે નિર્વૈર અને નિર્મમ થઈ જ ગયા છે, છતાં અનંત કાળના પરિભ્રમણ દરમિયાન અનંત જીવો સાથે સંપર્ક થયો હશે, તે સર્વની આ અંતિમ વિદાય છે. કેવી અનંત કરુણા! કેવો અનંત મૈત્રી ભાવ! અનંત કાળ સુધીની સિદ્ધ ગતિમાં અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત સુખમાં રમણ કરનારની છેલ્લી વિદાય પણ અનંત કરુણા અને અનંત મૈત્રીથી ભરેલી હોય તેનું અનુપમ ચિત્ર ભગવાન મહાવીરે આપ્યું છે. આ અધ્યયનના અંત ભાગમાં ઉપસંહારરૂપે, બાર વર્ષના સંલેખનાની સાધના કરતા, જિનવચનમાં અનુરક્ત, જિનવચનોનું ભાવપૂર્વક આચરણ કરતા, નિર્મળ અને અસંક્લિષ્ટ થઈને સાધક અંતિમ સંથારો ધારણ કરી, આ સંસારની અંતિમ વિદાય લે છે તેનું સંક્ષિપ્ત પણ ભાવવાહી વર્ણન કરતા વિશ્વ વાત્સલ્યની મૂર્તિ ભગવાન મહાવીર સ્વયં નિર્વાણ પામે છે.

ભગવાન મહાવીરની અંતિમ વાણી પ્રગટ કરે છે કે અનાદિ સંસારના અંતિમ મૃત્યુની ભવ્ય તૈયારીમાં જીવનની સાર્થકતા છે.

નોંધ : 'संथारगपईण्णयं – 'સંસ્તારક પ્રકીર્ણક' સંથારા ઉપર એક સ્વતંત્ર આગમ ગ્રંથ છે. તે ઉપરાંત શ્રી આચારાંગ સૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી ઉપાસકદશાંગ સૂત્ર, શ્રી અંતકૃતદશાંગ સૂત્ર,

આવશ્યક સૂત્ર, રત્નકરંડ શ્રાવકાચાર અને અન્ય આગમ સૂત્ર અને પ્રાચીન ગ્રંથોમાં સંથારા ઉપર વિસ્તૃત માહિતી મળે છે.

[i] નિર્વાણ કે પથ પર,– લેખક-શ્રી જયંત મુનિ (પેટરબાર). ૧૯૬૮, પૃ. ૫૩

[ii] 'શ્રી સંતબાલજીનું આચારાંગ સૂત્રનું ભાષાંતર, ચોથી આવૃત્તિ–૨૦૦૪, પૃ. ૨૭૦

[iii] 'સંથારગપઇણ્ણયં', ડૉ. સુરેશ સિસોદિયાના હિંદી ભાષાંતરની ભૂમિકા. પૃ. ૧૭.

[iv] खणमित् सुखा, बहुकाल दुक्था । ઉત્તરાધ્યયન સૂત્ર, ૧૪/૧૩

[v] सव्वे जीवा वि इच्छंति, जीविउं नं मरिज्जिउं । દશ વૈકાલિક સૂત્ર, ૬/૧૧

[vi] 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૫, અકામ મરણિજ્જં-અકામ મરણીય.

[vi] संथारगपइण्णयं'ના ડૉ. સુરેશ સિસોદિયાના હિંદી ભાષાંતરની ભૂમિકા. પૃ.૭

[viii] कालं अणवकंखमाणे विहरइ – શ્રી ઉપાસકદશાંગ સૂત્ર, ગાથા ૧/૭૯

[ix] 'સૂત્રકૃતાંગ સૂત્ર, અધ્યયન ૬

[x] 'શ્રી ઉપાસકદશાંગ સૂત્ર ગાથા ૧/૬૦

[xi] 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન૩૬, ગાથા–૨૫૦-૨૫૫

[xii] 'શ્રી ઉપાસકદશાંગ સૂત્ર, ગાથા ૧/૭૫

[xiii] 'શ્રી ઉપાસકદશાંગ સૂત્ર, પ્રાણગુરુ જન્મ શતાબ્દી પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત ગુજરાતી અનુવાદ–વિવેચન, ગાથા ૧/૭૭ અને ૭૯, પૃ. ૬૨ અને ૬૫.

[xiv] નિર્વાણ કે પથ પર, લેખક– શ્રી જયંત મુનિ (પેટરબાર), ૧૯૬૮, પૃ. ૯૪

[xvi] શ્રી આચારાંગસૂત્ર, વિમોક્ષ નામનું ૮મું અધ્યયન, ઉદ્દેશક ૫, ૬ અને ૭.

[xvii] 'संसारगपइण्णयं' સંસ્તારક પ્રકીર્ણક આગમ, ગાથા ૫૩ અને ૫૪

[xviii] 'મરણ મહોત્સવ, શ્રી સમંતભદ્રાચાર્ય રચિત રત્નકરંડ શ્રાવકાચારના સંલેખના અધિકારના વિવેચનનું ગુજરાતી ભાષાંતર. પૃ. ૧૦૪

[xix] શ્રી આચારંગ સૂત્ર, ૧/૩/૩/૪

[xx] શ્રી આચારંગ સૂત્ર, ૧/૮/૪/૩

[xxi] નિર્વાણ કે પથ પર, લેખક–શ્રી જયંત મુનિ (પેટરબાર), ૧૯૬૮, પૃ. ૭૩

[xxii] નિર્વાણ કે પથ પર, લેખક–શ્રી જયંત મુનિ (પેટરબાર), ૧૯૬૮, પૃ. ૭૩–૭૪

[xxiii] શ્રી આવશ્યક સૂત્ર

* * *

કુમકુમબેન દોશી, ૫૮/એ પટ્ટાપુકુર રોડ, અલંકાર બિલ્ડિંગ, કોલકત્તા–૭૦૦૦૨૦. મોબાઈલ : ૦૯૮૩૦૫૬૪૪૨૧.

જયભિખ્ખુ જીવનધારા : ૨૩

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક 'જયભિખ્ખુ'એ ગ્વાલિયર પાસે આવેલા શિવપુરીના ગુરુકુળમાં વિદ્યાભ્યાસ કર્યો અને એમના આ વિદ્યાભ્યાસ દરમ્યાન સર્જાયેલી ઘટનાએ લેખકમાં હિંમત અને સાહસના ગુણોનું સિંચન કર્યું. બાળપણની ભીરુતા ચાલી ગઈ અને એમના જીવનમાં નવું બળ પ્રગટવા લાગ્યું. એમના શિવપુરીના ગુરુકુળ નિવાસના એક વધુ પ્રસંગને જોઈએ આ ત્રેવીસમા પ્રકરણમાં]

સરસ્વતીના ચરણે પહેલી પુષ્પપાંદડીઓ

ગ્વાલિયર રાજ્યના વનશ્રીથી ભર્યા ભર્યા શિવપુરીમાં જયભિખ્ખુનું અધ્યયન શરૂ થયું. આ શિવપુરીમાં આઠ-નવ વર્ષ સુધી રહીને એમણે સંસ્કૃત, હિન્દી અને જૈનશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. જયભિખ્ખુની સાથે એમના પિતરાઈ ભાઈ રતિલાલ દેસાઈ પણ અભ્યાસરત હતા અને શિવપુરીમાં બન્ને પિતરાઈ ભાઈઓ એટલા નજીક આવ્યા કે સૌ કોઈ એમને સગા ભાઈ જ માનતા હતા.

વીરતત્ત્વ પ્રકાશક મંડળની આ સંસ્થામાં રહીને જયભિખ્ખુએ જૈન તત્ત્વજ્ઞાન અને જૈન દર્શનનું ઊંડું અધ્યયન કર્યું અને એમના અધ્યયનકાળ દરમિયાન ધીરે ધીરે એમની સર્જકતા ફૂટું ફૂટું થવા લાગી. ૧૯૨૭ની ૨૦મી સપ્ટેમ્બરે એમણે એમની પહેલી પુસ્તિકા લખી અને એનું નામ રાખ્યું 'ધર્મજીવન'. જે ગુરુકુળમાં એમને અભ્યાસ કરવાની તક મળી હતી, તે ગુરુકુળના પ્રેરક, શાસ્ત્રવિશારદ જૈનાચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું આ નાનકડું ચરિત્ર હતું. માત્ર દસ પાનાની આ પુસ્તિકા ચુનીલાલ શિવલાલ ગાંધી (શિવપુરી, ગ્વાલિયર)એ પ્રગટ કરી હતી અને પોતાની આ પ્રથમ પુસ્તિકામાં લેખક તરીકે એમણે 'ભિક્ષુ સાયલાકર' એવું તખલ્લુસ રાખ્યું હતું. 'ભિક્ષુ' ઉપનામ ધારણ કરીને કોઈ આચાર્યના જીવન-ચરિત્રથી લેખનકાર્યનો પ્રારંભ કરવો એ કેવી વિરલ ઘટના ગણાય.

માત્ર ૧૯ વર્ષની વયે વિદ્યાર્થી અવસ્થામાં લખાયેલી આ પુસ્તિકાની પ્રસ્તાવનામાં વિદ્યાર્થી જયભિખ્ખુ પોતાની પાસે અલ્પ લેખનશક્તિ હોવાનું કહીને પોતાને બાળલેખક તરીકે ઓળખાવે છે.

ગુરુકુળમાં ગુજરાતી ક્યાંથી શીખવા મળે? જ્યાં સંસ્કૃત અને પ્રાકૃતમાં રચાયેલા શાસ્ત્રોનું સતત અધ્યયન ચાલતું હોય ત્યાં વળી ગુજરાતી ભાષાની વાત શી? સાહિત્યરચનાનો આસ્વાદ એ તો અસંભવિત બાબત હતી. ગુરુકુળના નિયમ પ્રમાણે ગુજરાતી ભાષાની કોઈ સર્જનાત્મક કૃતિ વાંચવાની પણ મનાઈ હતી. આવે સમયે જયભિખ્ખુએ પોતાની આ પહેલી કૃતિની રચના કરી અને તે પણ એ માટે કે એમને સાક્ષર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીએ લખેલા 'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગો વાંચવાની સંસ્થા દ્વારા અનુમતિ મળે.

૧૯ વર્ષે લખાયેલી જયભિખ્ખુની આ પુસ્તિકામાં સંસ્થાના પ્રેરક શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું ચરિત્ર તેઓ પૂજ્યભાવથી આલેખે છે. એની પ્રસ્તાવનામાં તેઓ નોંધે છે.

કોઈ વિચારકનું વચન છે કે, 'ભક્તિમાં વિભક્તિ નથી હોતી' એ જ સ્થિતિ અહીં છે. મારામાં એવી કોઈ પણ શક્તિ નથી કે એ સ્વર્ગસ્થ મહાત્માના ચરિત્ર માટે એક સારો યા ઉત્તમ ગ્રંથ લખું.

તો પછી એ મારી ભક્તિ–તેમના નિર્મળ કાર્યો ને ચારિત્ર પ્રત્યેનો પ્રેમ કેવી રીતે બતાવું ? પારાવાર પરામર્શો કર્યા, આખરે 'પ્રેમ પાગલ છે' એ નિયમાનુસાર મેં શક્તિને ન જોતાં એ મહાત્માના ઉત્તમ જીવનને થોડાક અંશમાં અહીં વર્ણવ્યું છે. જો કે આ લેખની અંદર સુંદરતા દૃષ્ટિપથમાં નહીં આવશે, પણ મારા જેવા અલ્પશક્તિ પ્રેમી લેખકને માટે ક્ષમ્ય ગણાશે જ.

'અંતે આ લેખને આપ વાંચશો ને બનશે તેટલો રસ તમારા જીવનમાં ઉતારશો ને તેનાથી તમારો આત્મા જરા પણ પુલકિત થશે તો આ બાળ લેખક પોતાને ધન્ય માનશે.

અંતે ગુરુદેવ પ્રત્યે એ જ પ્રાર્થના કે તેઓ મને એવી શક્તિ અર્પે કે તેમના બતાવેલા રસ્તાઓને હું જનતા સમક્ષ મૂકી શકું.'

આ પ્રસ્તાવનાની નીચે 'ભિક્ષુ' નામ સાથે એમણે શ્રાવણ વદી ૯ ધર્મ સં. ૫ એમ લખ્યું છે.

આ પુસ્તિકામાં યુવાન જયભિખ્ખુની એ પ્રતીતિ પ્રગટ થાય છે કે એમના અભ્યાસકાળ દરમિયાન એમણે કરેલી ગુરુજનોની સેવાને પરિણામે સાંપડેલા પ્રેમ અને આશિષ એમના જીવનમાં મહત્ત્વના બની રહ્યા. આ કૃતિ ગુરુ ચરણે સમર્પિત કરીને પ્રારંભેલી એમની આ કલમને સાચે જ ગુરુના અમોઘ આશીર્વાદ પ્રાપ્ત થયા.

આ આઠ પાનાની લઘુકૃતિમાં સર્જક જયભિખ્ખુએ કુસંગતિના દોષે સ્વચ્છંદ બની ગયેલા જુગારી મૂળચંદના જીવનમાં કેવું પરિવર્તન આવે છે તેનો ખ્યાલ પ્રારંભે આપ્યો છે. પિતાની ટકોરને પરિણામે મહુવાનો મૂળચંદ જુગાર છોડીને કંદોઈની દુકાને નોકરીએ રહે છે અને એક સમી સાંજે ઢળતી સંધ્યાએ મૂળચંદને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગતાં ગૃહત્યાગ કરીને ભાવનગર બાજુ ચાલી નીકળ્યો. આ સમયે શ્રી વૃદ્ધિચંદજી મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા પ્રગટ કરતાં એમણે મૂળચંદને એના માતા-પિતા પાસે રજા માગવાનું કહ્યું. શરૂઆતમાં સ્નેહાળ માતા-પિતાએ આનાકાની કરવા માંડી; પરંતુ મૂળચંદની દૃઢતા આગળ મોહ પરાજય પામ્યો અને મૂળચંદ પવિત્ર અને સદાચારી સાધુ બન્યા અને તેમનું નામ ધર્મવિજય રાખવામાં આવ્યું. આ ધર્મવિજયજી મહારાજ ગુરુના આશીર્વાદ મેળવીને કઈ રીતે વિદ્વાવાન બન્યા એની વાત આલેખતી વખતે ૧૯ વર્ષના યુવાન જયભિખ્ખુના ચિત્તમાં ગુરુકૃપાનો ભાવ મનમાં હોઈ પણ શકે. તેઓ લખે છે:

'તારલિયાઓથી સુશોભિત એક રાતે ધર્મવિજય-નિરક્ષર ધર્મવિજય ગુરુની સેવામાં રત હતા. તેમની દૃષ્ટિ અત્યારે જગતના એકે પદાર્થ તરફ ન હતી. ત્યાં તો ગુરુદેવ અચાનક ગંભીર અવાજથી બોલ્યા : 'જા, બેટા! હું તારા પર પ્રસન્ન થયો છું. તને આશીર્વાદ આપું છું કે તને વિદ્યા વરશે. તું વિદ્વાનોમાં સિંહ સમાન બનીશ. તારા તેજને તારા પ્રતિવાદીઓ સહન નહીં કરી શકે. તું મહાત્મા બનીશ. રાજા-મહારાજાઓ તારા પગને ચૂમશે. બેટા! તું જૈન સમાજનો કાંતિવાન હીરો થઈશ. જા! બેટા! ધર્મના કાર્યો કરજે. હિંમત હારતો નહીં. શાસનદેવ તને સહાય કરશે.' દિવ્ય રાત્રીએ આપેલાં આશીર્વાદો ફળ્યા. ધર્મવિજયજી વિદ્યાદેવીને વર્યા. અખૂટ શક્તિ અને વિદ્યાના માલિક બન્યા.

'થોડીએક વસંત ઋતુઓ ફાલીફુલીને પસાર થઈ ગઈ. આપણા ધર્મવિજયજી હવે પહેલાંના ધર્મવિજય રહ્યા નહોતા. અત્યારે તો એ વિદ્યાના ભંડાર, શક્તિઓના આકાર, ક્ષમાના સાગર, નિર્મળ સરિતાના નીર સરખા ચરિત્રને પાળનાર અને પ્રતિવાદીઓ માટે સિંહ સમાન બન્યા હતા.'

એ પછી જયભિખ્ખુ દર્શાવે છે કે આ ધર્મવિજયજી મહારાજે વિદ્યાનો યજ્ઞ આરંભ્યો અને કાશી નગરીમાં આવ્યા. અહીં એમણે ગુજરાત, સૌરાષ્ટ્રમાં સંસ્કૃત ભાષાનો પ્રસાર કરવા માટે એક પાઠશાળા સ્થાપી અને સંસ્કૃત ભાષા ભણાવીને મહાન વિદ્વાનો તૈયાર કર્યા.

જયભિખ્ખુ નોંધે છે, 'આજે ગુજરાત અને કાઠિયાવાડમાં પણ જે સંસ્કૃતના મધુર ગૂંજનો થઈ રહ્યા છે અને વળી તેમાં જૈન સમાજમાં જે પંડિતોની હયાતી છે તે આ મહાત્માને આભારી છે.' કાશીમાં શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાના વ્યાખ્યાનોથી ઘેલું લગાડ્યું. બંગાળના માંસાહારી પ્રદેશોમાં જૈન લોકોએ ઉપદેશ દ્વારા માંસાહારીમાંથી શુદ્ધાહારી બનાવ્યા અને તે પછી સૂરિજી ગુજરાતમાં આવ્યા. ત્યાર બાદ એમના કાળધર્મની ઘટનાને આલેખતા ભવિષ્યમાં પ્રવાહી વર્ણનશૈલીથી ઉત્તમ સાહિત્યકૃતિઓ રચનાર સર્જક જયભિખ્ખુ અહીં લખે છે:

'વ્હાલા વાચકો! આજે એ પુનિત આત્મા નથી, પણ એમના કાર્યો આપણને તેમની યાદ આપી આપણા હૃદયોને રડાવી રહ્યાં છે. ભલે તેમની પૌદ્‌ગલિક કાયા નાશ પામી, પણ તેમની કીર્તિ ને યશ તો સદૈવને માટે રહેશે.'

'પાઠકો! આજે પણ એ સ્વર્ગસ્થ મહાત્માના દેહવિલયના સ્થાને તેના અવશેષો પર એક પાષાણી મહેલ તેના અનુયાયીઓએ બનાવ્યો છે અને આજે પણ શિવપુરીના સીમાડે સંધ્યાના સુંદર સમયે જ્યારે સૂર્યના કિરણો પૃથ્વી માતાને અંત સમયે ભેટી લે છે–તે સમયે એ મહાત્માનું મંદિર તેના પૂજારીને અમરાપુરીના અનુપમ પ્રદેશ જેવું રમણીય દેખાય છે.'

'ઓ! સૂરિદેવ! તમારી પૂજા શી રીતે કરું ? તમારા ચરણે કોઈ ગંભીર સરોવરના સ્વચ્છ કમળો ધરું કે મારી આત્મસરિતાનાં નાનાં નાજુક ફૂલો ? ભૂરિ ભૂરિ વંદન હો એ સાચા સાધુને!'

આ પછી બે વર્ષ બાદ ૧૯૨૯ની પાંચમી મેએ 'નવો પ્રકાશ' નામનું એક બીજું પુસ્તક 'જયભિખ્ખુ' પાસેથી મળે છે. આમાં 'પ્રકાશ પાડનાર' મુનિરાજ વિદ્યાવિજયજી છે અને 'ઝીલનાર' તરીકે 'બાલાભાઈ વીરચંદ' નામ મળે છે. પોતાની પ્રથમ કૃતિમાં 'ભિક્ષુ' ઉપનામ ધારણ કરનાર જયભિખ્ખુએ પોતાની આ બીજી કૃતિમાં શા માટે 'બાલાભાઈ વીરચંદ' એવું નામ આપ્યું હશે ? આનું કારણ એ હોઈ શકે કે આમાં મુનિરાજ વિદ્યાવિજયજી મહારાજને પૂછેલા

પ્રશ્નો અને એમના તરફથી મળેલા ઉત્તર અક્ષરશઃ આપવામાં આવેલ છે.

એ સમયે મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજના વિચારોએ સમાજમાં આંધી સર્જી હતી. સુધારક, લેખક, વક્તા અને સામાજિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિમાં મહત્ત્વનો ભાગ ભજવનારા મુનિરાજ સામે વિરોધનો દાવાનળ સળગી રહ્યો હતો. આવે સમયે એમના વિચારો સમાજને જાણવા મળે તે રીતે પૂછાયેલા પ્રશ્નોના એમણે આપેલા ઉત્તરો અહીં આલેખવામાં આવ્યા છે. આ પ્રશ્નોના ઉત્તરોમાં મુનિરાજની ક્રાંતદૃષ્ટિ જોવા મળે છે.

આજે પણ આશ્ચર્ય થાય એવા એમના ઉત્તરો છે. વર્તમાન સમયે જૈન સમાજમાં દેવદ્રવ્યની બાબતમાં ઘણી ચર્ચાઓ ચાલે છે. એ વિશે એમણે કહેલા વિચારો જોઈએ.

પ્ર. ૮ – દેવદ્રવ્યની ચર્ચાના સંબંધમાં પહેલાંના અને અત્યારના આપના વિચારોમાં કંઈ ફર્ક પડ્યો છે?

ઉત્તર – 'જે વિચારો મારા પહેલાં હતા તે જ અત્યારે છે. બોલીઓ એ સંઘનો ઠરાવેલો રિવાજ છે. એ રિવાજમાં ઇચ્છા મુજબનો ફેરફાર કરવાનો સંઘનો અધિકાર છે. દેવદ્રવ્યમાં વધારો કરે જવો એ આ જમાનામાં ઈચ્છવા યોગ્ય નથી અને તેટલા માટે બોલીઓની ઉપજ સાધારણ ખાતે લઈ જવાનું સંઘ ઠરાવે, તો તે આખા સમાજને માટે આશીર્વાદ રૂપ થઈ પડે. દેવદ્રવ્યની ચર્ચાનું પરિણામ નહીં ધારેલું એવું સારું આવ્યું છે. કચ્છ, દક્ષિણ અને ગુજરાત કાઠિયાવાડના પણ ઘણાંએ ગામોમાં સંઘોએ પોતાના રિવાજોમાં ફેરફારો કરી અમારા વિચારોને વધાવી લીધા છે. સમય જ કોઈ એવો આવ્યો છે કે જેમાં આજનો નવયુવક વર્ગ એવી પુરાણી નિર્મૂલ અને અંધશ્રદ્ધા જન્માવતી રુઢિઓનું નિકંદન કરવા બેઠો છે. થોડાક જૂના વિચારનાઓ, તે યુવાનોની ભલી ઇચ્છાઓને તોડી પાડવા પ્રયત્નશીલ રહ્યા છે; પરંતુ એમનું ટટ્ટુ લાંબો સમય ચાલે એમ નથી. ન કેવળ દેવદ્રવ્યની ચર્ચાના સંબંધમાં; પરંતુ એવા સામાજિક કેટલાએ વિષયો છે, જેમાં જૂના અને નવાઓનું દ્વંદ્વયુદ્ધ ચાલી રહ્યું છે, પણ આખરે નવા ફાવ્યા છે અને ફાવશે, એ મારી ખાતરી છે.'

આમાં અપાયેલા ઉત્તરોમાં યોગ્ય વ્યક્તિને સાધુ બનાવવાની વાત છે. ઉપધાન, ઉજમણાં અને સંઘો વગેરે કાર્યો કરતી વખતે ગરીબ જૈનોનો વિચાર કરવાનું સૂચન છે. બાળલગ્ન અને વૃદ્ધ વિવાહ જેવા રિવાજોનો વિરોધ છે. વિરોધીઓને નાસ્તિક કહેવાની કે 'સંઘબહાર' મૂકવાની પ્રવૃત્તિ અંગે આક્રોશ છે. જૈન સાધ્વીજીઓની સ્થિતિ અંગેની વેદના છે અને સાધુ સમાજમાં ચાલતા વિખવાદો અંગે વિષાદભાવ છે.

૨૧ વર્ષના જયભિખ્ખુએ પૂછેલા આ પ્રશ્નો એ સમાજના સળગતા પ્રશ્નો છે. આ પુસ્તિકા મુનિરાજ વિદ્યાવિજયજી મહારાજના વિચારો દર્શાવવાનો આશય ધરાવે છે; પરંતુ એની સાથોસાથ એના લેખન સમયે યુવાન જયભિખ્ખુના ચિત્ત પર કેવો ભાવ જાગ્યો હશે તે વિચારવા જેવું છે.

શિવપુરીના જૈન ગુરુકુળમાં જૈન પંડિતો તૈયાર કરવામાં આવતા હતા. કદાચ ધર્મની વર્તમાન સ્થિતિને જોઈને આ યુવાને પંડિત બનવાનો વિચાર બાજુએ મૂક્યો હોય એમ પણ બને.

આ પછી ૧૯૩૧ની ૨૫મી સપ્ટેમ્બરે જયભિખ્ખુએ 'આત્મકથાના અમૃતબિંદુઓ' નામનું પુસ્તક પ્રગટ કર્યું છે. આમાં એમણે સંગ્રાહક તરીકે બાલાભાઈ વીરચંદ દેસાઈ લખીને નીચે 'ભિક્ષુ' ઉપનામ લખ્યું છે.

વિદ્યાર્થી અવસ્થાથી જ જયભિખ્ખુ એક નોટબુક રાખતા હતા અને એમાં કંઈ પણ મનનીય વાંચે તો એના ફકરાઓ કે એના સુવાક્યો નોંધી લેતા હતા. આ નોટબુક એમની પ્રિય પોથી હતી અને 'ઝાડ કબીરવડ' બને તેમ એ હસ્તલિખિત પોથી ધીરે ધીરે મોટી થતી ગઈ અને એમાંથી આ પુસ્તકનું સર્જન થયું.

'સત્યના પ્રયોગો અને આત્મકથા' એ પુસ્તક ઘણા સમય બાદ વાંચવા મળતા એમાં એમણે સુંદર અને સત્ય વિચારોનો સાગર ઉછળતો નજરે પડ્યો. જીવનને માટે કાંઈ સમજવા જેવું દેખાયું અને તેથી એમણે એનો સંગ્રહ કર્યો.

ગાંધીજીના એ વચનો એમને ધર્મવચનો જેવા લાગ્યા અને તેથી એ અમૂલ્ય ખજાનો એમણે વાચકોને આપવા માટે પ્રયત્ન કર્યો. આ સમયે આગ્રાના શ્રી વિજયલક્ષ્મી જ્ઞાનમંદિર ધર્મ મંદિર દ્વારા એના પ્રકાશક રતિલાલ દીપચંદ દેસાઈ છે. તેઓ જયભિખ્ખુના પિતરાઈ ભાઈ હતા અને બંને ગાંધી વિચારધારાના રંગે રંગાયેલા હતા.

બન્યું એવું કે શિવપુરીના ગુરુકુળમાં આ બંને ભાઈઓ એક સાથે રહ્યા અને એમણે એક સાથે મહાત્મા ગાંધીજીના વિચારો ઝીલ્યા. ગાંધીજી વિશે એ સમયે ઘણા ભ્રામક ખ્યાલો પ્રવર્તતા હતા, ત્યારે 'આત્મકથાના અમૃતબિંદુઓ'ના સંગ્રાહક યુવાન જયભિખ્ખુ એમની પ્રસ્તાવનામાં નોંધે છેઃ 'પ્રત્યેક વાચક આને હૃદયના કાલુષ્યો ક્ષણ માટે દૂર કરી વાંચે, કારણ કે મેલા કાચમાં શુદ્ધ પ્રતિબિમ્બ ન પડી શકે. વાંચે અને વિચારક તરીકે વાંચે. એક એક વાક્ય એક એક ગીતાવચનની ગરજ સારશે. વાંચનાર ગાંધીજીને કાંઈક આચાર અને વિચારમાં સમજતો થશે. ભ્રમના આવર્તો નીકળી જશે.'

આ રીતે સર્જક જયભિખ્ખુના સર્જનના પ્રારંભકાળે મળતી ત્રણેય પુસ્તિકાઓ એક અર્થમાં વિલક્ષણ છે. પહેલી પુસ્તિકા 'ધર્મજીવન' એ એમની ભવિષ્યમાં પડનારી છટાદાર શૈલીની ઝાંખી આપે છે. બીજી પુસ્તિકા 'નવો પ્રકાશ'માં એમની જૈન સમાજ માટેની ખેવના પ્રગટ થાય છે અને ત્રીજી પુસ્તિકા 'આત્મકથાના અમૃતબિંદુઓ'માં ગ્વાલિયરની નજીક શિવપુરી જેવા ગુરુકુળમાં રહીને જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરનાર યુવાનના મનમાં ગાંધીજી પ્રત્યેનો અગાધ આદર જોવા મળે છે. **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

હેમચંદ્રાચાર્ય ચંદ્રક અર્પણ સમારોહ

□ ડૉ. નિરંજન રાજ્યગુરુ

ડૉ. નિરંજન રાજ્યગુરુ ગુજરાતી સંત-ભક્તિ સાહિત્યના સંશોધક અને એ વિષયક ગ્રંથોના સર્જક છે. ગોંડલ પાસેના ઘોઘાવદર ગામમાં સાહિત્ય અને લોકસેવાની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત આનંદ આશ્રમના સ્થાપક છે અને એઓશ્રીનો આશ્રમમાં પરિવાર સહિત આજીવન સમર્પિત સ્થિર વાસ છે.

અમદાવાદમાં યોજાઈ ગયો ગુજરાતી ભાષા-સાહિત્યના ત્રણ મૂર્ધન્ય સાહિત્યકારો-સંશોધકોને હેમચન્દ્રાચાર્ય ચન્દ્રક અર્પણ કરવાનો સમારોહ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય જેવી વિશ્વવંદનીય વિભૂતિના નામ અને કામ સાથે સંબંધ ધરાવતા અને પૂજયપાદ આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલા ટ્રસ્ટ 'કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણનિધિ'ના ઉપક્રમે, પૂજ્ય આચાર્યશ્રીના માર્ગદર્શનાનુસાર ચાલી રહેલી વિવિધ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ તે આપણા સાહિત્ય અને સંસ્કૃતિની અમૂલ્ય સેવા કરનાર વિશિષ્ટ પ્રતિભાસંપન્ન વિદ્વાનોને 'શ્રી હેમચન્દ્રાચાર્ય ચંદ્રક' અર્પણ કરીને તેમનું બહુમાન કરવાની પ્રવૃત્તિ છે.

ભૂતકાળમાં આપણા મૂર્ધન્ય વિદ્વાનો પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા, ડૉ. શ્રી હરિવલ્લભ ભાયાણી, શ્રી શાંતિભાઈ શાહ, શ્રી ઉમાકાન્ત શાહ, શ્રી નગીનભાઈ શાહ, શ્રી કે. આર. ચન્દ્રા, શ્રી સત્યરંજન બેનરજી, શ્રી જયંત કોઠારી, શ્રી મધુસુદન ઢાંકી, શ્રી લક્ષ્મણભાઈ ભોજક વગેરે દસ જેટલા ભારતીય કક્ષાના વિદ્વાનોને આ ચન્દ્રક અર્પણ થયો છે, તે શૃંખલામાં આગળ વધતા તા. ૯-૧૦-૨૦૧૦ આસો સુદી બીજ વિ. સં. ૨૦૬૬ના રોજ શેઠ હઠીસિંહજી વાડી, શાહીબાગના ઉપાશ્રયમાં, પૂ. આચાર્યશ્રીના સાંનિધ્યમાં ગુજરાતી ભાષા-સાહિત્યના ત્રણ તેજસ્વી વિદ્વાનો સર્વશ્રી કનુભાઈ જાની, લાભશંકર પુરોહિત અને ડૉ. હસુભાઈ યાજ્ઞિકને 'હેમચન્દ્રાચાર્ય ચન્દ્રક' અર્પણ કરવા યોજાયેલો ચન્દ્રક-પ્રદાન સમારોહ એ સાચા અર્થમાં 'જ્ઞાનભક્તિ-મહોત્સવ' બની રહ્યો, અને તે સૌને માટે સંતૃપ્તિ આપનારો નીવડ્યો. એ પ્રસંગે અતિથિ વિશેષપદે અમદાવાદના જગવિખ્યાત સ્થાપત્યવિદ્, પુરાતત્ત્વવિદ્, પદ્મભૂષણ ડૉ. મધુસુદન ઢાંકી તથા અમરેલીના સંસ્કૃત ભાષા-સાહિત્યના પંડિત શ્રી વસંતભાઈ પરીખ ઉપસ્થિત હતા. અન્ય મૂર્ધન્ય સાહિત્યકાર વિદ્વાનો અને પ્રાધ્યાપકોની ઉપસ્થિતિને લીધે વિદ્વાનોના મેળા જેવું વાતાવરણ રચાયેલું, તો ભાવિક શ્રોતાવર્ગ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલો. જૈન સંઘના શ્રેષ્ઠિવર્ય વડીલ શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ, શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈ એ બન્ને અગ્રણીઓની અતિથિવિશેષ રૂપે હાજરી સોનું અને સુગંધના સુભગ સમન્વય સમી હતી.

આ મંગલ પ્રસંગે ગુજરાતના તેજસ્વી અધ્યાપકો અને વિવેચક અભ્યાસીઓમાં જેમનું નામ અત્યંત આદરથી લેવામાં આવે છે એવા શ્રી શિરીષભાઈ પંચાલ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર, 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક અને કવિ-વિવેચકશ્રી હર્ષદ ત્રિવેદી દ્વારા દીપ પ્રાગટ્ય થયું. એ પછી પૂજ્ય આચાર્ય શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજસાહેબ દ્વારા મંગલાચરણ બાદ સંગીતજ્ઞ આદરણીયા ઈન્દુબેન પંડિત તથા શ્રી શિરીષભાઈ પંડિત દ્વારા મંગલ ગાન પ્રસ્તુત થયું જેમાં સરસ્વતી વંદના અને હેમચન્દ્રસ્તુતિ હતાં. એ પછી સ્વાગત પ્રવચન કરતાં ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી પંકજભાઈ શેઠે 'કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણનિધિ' ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપીને જણાવ્યું કે એકવીસ વર્ષ પૂર્વે ગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ.સા.ની પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થઈ, અને અનેક પરિસંવાદો, સેમિનાર, સંગોષ્ઠિઓ, ગ્રંથ પ્રકાશનો તથા હેમચન્દ્રાચાર્ય ચન્દ્રકના અર્પણ સમારંભો થતા રહ્યા છે જેને દેશ-પરદેશના વિદ્વાનો દ્વારા સહકાર મળતો રહ્યો છે. આજે ગુજરાતી ભાષાના ત્રણ મૂર્ધન્ય સંશોધકોનું બહુમાન કરવાનો મંગલ પ્રસંગ યોજાયો છે એમાં ઉપસ્થિત સૌનું હાર્દિક સ્વાગત છે.

સ્વાગત પ્રવચન બાદ આ કાર્યક્રમની ભૂમિકા બાંધતાં ડૉ. નિરંજન રાજ્યગુરુએ જણાવ્યું કે-'આપણે ત્યાં ગુજરાતમાં સાહિત્ય, શિક્ષણ, સંસ્કાર, સેવા, સ્વાધ્યાય અને સંશોધનમાં કાર્યરત અનેક સંસ્થાઓ પોતપોતાની રીતે કામ કરે છે. દરેકના ઉદ્દેશો, કાર્યપ્રણાલી, અભિગમો વિભિન્ન હોય એ સ્વાભાવિક છે, પરંતુ ભાષા-સાહિત્યના અણિશુદ્ધ ઉત્કર્ષ માટે મથનારી સંસ્થાઓ અને સંપૂર્ણ સાત્ત્વિક વ્યવહારો ધરાવનારી વ્યક્તિઓ ઓછી થતી જાય છે એ હકીકત છે. ત્યારે એક અદ્‌ભુત યોગાનુયોગ છે કે ગુજરાતી ભાષાનો પિંડ જે બે સત્પુરુષો દ્વારા બંધાયો છે તે કલિકાલસર્વજ્ઞશ્રી હેમચન્દ્રાચાર્યજી અને ભક્તકવિ નરસિંહ મહેતા એ બંનેના નામથી ટ્રસ્ટો ચાલે છે, અને સાહિત્યના ક્ષેત્રમાં અપૂર્વ યોગદાન કર્યું હોય એવા સર્જકો-સંશોધકોને આ ટ્રસ્ટો દ્વારા નવાજવામાં આવે છે. બેઉ ટ્રસ્ટ સાધુજનોના શુભ સંકલ્પોનું પરિણામ છે. 'હેમચન્દ્રાચાર્ય ચન્દ્રક' આજે ત્રણ ગુર્જર સરસ્વતી આરાધકોને અર્પણ થવા જઈ રહ્યો છે.

આજે જેમનું બહુમાન થશે એ ત્રણે ય વિદ્વાન મહાનુભાવો

એકથી વધુ ભાષાઓ જાણે છે, શબ્દના અનુશાસનમાં રહેનારા છે, શબ્દવિવેકને પૂરેપૂરો પિછાણનારા છે, ત્રણેય સાચા બ્રાહ્મણો છે. શ્રેષ્ઠિરૂપ ધરીને–શામળશા શેઠ બનીને ભગવાને પોતે નરસૈયાની સેવાભક્તિ સ્વીકારેલી, અને એક શબ્દના સર્જકનું સન્માન કરેલું એમ આજે સમસ્ત ભારતવર્ષના શ્રોષ્ઠિવર્યની હાજરીમાં, સંતપુરુષોના સાંનિધ્યમાં, ગુજરાતના ખ્યાતનામ પ્રકાંડ પંડિતોના હસ્તે આ ત્રણેય વિદ્યાપુરુષોનું સન્માન થશે.

પૂજ્ય આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરિજી મહારાજસાહેબ તથા પૂજ્ય આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસૂરિજી મહારાજસાહેબ દ્વારા સાહિત્ય અને સંશોધનના ક્ષેત્રમાં એક અતિ મહત્ત્વનું કાર્ય એ થઈ રહ્યું છે કે, ગુજરાતી ભાષા-સાહિત્યના સંશોધન, અધ્યયન, અધ્યાપન સાથે જોડાયેલા નવી પેઢીના સર્જકો–સંશોધકોને આપણા પ્રાચીન જૈન-જૈનેતર સાહિત્યની દિશામાં દોરીને રસ લેતા કરવા. કેટલી યે નિષ્ક્રિય કલમોને ફરી ચેતનવંતી બનાવવાનું કાર્ય તેમના દ્વારા થતું રહ્યું છે.

શ્રી કનુભાઈ જાનીનો પરિચય આપતાં શ્રી જયદેવ શુક્લે જણાવ્યું કે-'એક તણખો દીપમાળનો પરિચય આપવા જાય તો કેવી રીતે આપી શકે ? આ જરાપણ નમ્રતા નથી. ત્રણે મહાનુભાવો આવા દીપમાળ સમા છે. સાહિત્યના, સંગીતના અને કલાઓના તમામ ક્ષેત્રોના મર્મજ્ઞો છે. શ્રી કનુભાઈ જાની એટલે સહજ, સરળ, નિર્દંભ, નિસ્પૃહ છતાં જીવતા જાગતા જ્ઞાનકોશ...' આમ કહીને તેમણે કનુભાઈ જાનીના વ્યક્તિત્વના અનેક પાસાંઓને ઉજાગર કર્યા હતા. એ પછી શ્રી લાભશંકર પુરોહિતનો પરિચય આપતાં શ્રી શિરીષ પંચાલે પોતાની ત્રીશ-પાંત્રીશ વર્ષની મૈત્રીનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે 'આધુનિકતા-અનુઆધુનિકતાના પૂર્વ-પશ્ચિમના તમામ સાહિત્યનો, આપણી સંસ્કૃતના શિષ્ટ-પ્રશિષ્ટ સાહિત્યનો સંપૂર્ણ પરિચય હોવા છતાં લોકધર્મી સાહિત્યકાર તરીકે ગુજરાતના પરંપરિત સાહિત્ય, સંસ્કાર, કલાઓ, વિદ્યાઓના પૂરા જાણકાર શ્રી લાભુદાદા નમ્રતાની સાથે પોતે જે માને છે તેની પ્રતીતિ સૌને કરાવવા પૂરા કટિબદ્ધ હોય છે. સમાજમાં આવી અસલી વાતો કરનારા ઓછા જ હોય...' ત્યારબાદ પ્રા. પરમ પાઠકે ૭૨ વર્ષના યુવાન સંશોધક શ્રી હસુ યાજ્ઞિકનો પરિચય આપતાં મધ્યકાલીન કથાસાહિત્ય, ગૂઢ વિદ્યાઓ, લોકસાહિત્ય, સંગીતના મરમી અભ્યાસી સંશોધક અને સામાજિક-રહસ્યાત્મક કથાસાહિત્યના સર્જક તરીકેના વિભિન્ન પાસાંઓ વર્ણવ્યા હતા.

આ પ્રસંગે આચાર્ય શ્રી વિજયશીલચન્દ્રસૂરિજીએ વક્તવ્ય આપતાં શ્રી હેમચન્દ્રાચાર્યજી દ્વારા ગુજરાતને મળેલ પાંચ અનુશાસનો તથા અગિયાર મહાવ્રતોની સદ્રષ્ટાંત ચર્ચા કરી હતી. 'એકલી વિદ્યા સન્માનને પાત્ર બનાવતી નથી પરંતુ એમાં જ્ઞાન, ક્રિયા, તપ, સાધના ભળ્યાં હોય તો જ મુક્તિ પ્રાપ્ત થાય. કલિકાલ સર્વજ્ઞનું બિરૂદ હેમચન્દ્રાચાર્યજીને બે ગુર્જર સમ્રાટોને માર્ગગામી બનાવવાને કારણે પ્રાપ્ત થયું છે, એને માત્ર સંપ્રદાયના લેબલથી જ ઓળખવામાં આવે છે પરંતુ આચાર્યશ્રી એટલા છીછરા નહોતા,' એમ કહીને સ્વધર્મે પરમ નિષ્ઠ છતાં પરધર્મે પૂરા સમન્વયવાદી, સર્વધર્મસમભાવની કેડી કંડારનારા મહાપુરુષ તરીકેનું એમનું વિવિધરંગી વ્યક્તિત્વ ઇતિહાસના પ્રમાણો આપીને પ્રસ્ફુટિત કર્યું હતું. ત્યારબાદ ત્રણે વિદ્વદ્જનોનું સન્માન માળા, શ્રીફળ, શાલ, સરસ્વતીની પ્રતિમા, પ્રશસ્તિપત્ર તથા એકાવન હજારની રાશિના ચેક સાથે હેમચન્દ્રાચાર્ય ચન્દ્રકની અર્પણ-પ્રદાનવિધિ તાળીઓના ગડગડાટ વચ્ચે તથા વેદોક્ત ઋચાઓ અને જૈન માંગલિક શ્લોકોના પઠન-ઉચ્ચારણ સાથે કરવામાં આવ્યું. સન્માન, બહુમાન પછી તુરત જ ચન્દ્રક વિભૂષિત ત્રણે મહાનુભાવોના હસ્તે આચાર્યશ્રી અને તેમના મુનિઓ દ્વારા લિખિત અને સંપાદિત ત્રણ પુસ્તકો ૧. સિદ્ધહૈમ લઘુવૃત્તિ–ઉદાહરણ કોશ, ૨. ધર્મતત્ત્વચિંતન, ૩. શ્રી હેમચન્દ્રાચાર્ય અને તેમણે રચેલ મહાદેવબત્રીશીનું વિમોચન કરવામાં આવ્યું હતું. એ પછી શ્રી કનુભાઈ જાની, શ્રી લાભશંકર પુરોહિત અને શ્રી હસુ યાજ્ઞિક દ્વારા પોતાના થયેલા બહુમાન અંગે પ્રતિભાવ વક્તવ્યો અપાયા.

અતિથિ વિશેષ શ્રી મધુસૂદન ઢાંકીસાહેબે આ પ્રસંગે જૈન સંઘ તરફથી આ રીતે જૈનેતર સાહિત્યના ત્રણ ઊંડા અભ્યાસીઓનું સન્માન થયું એ બદલ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરીને હેમચન્દ્રાચાર્ય તથા સિદ્ધરાજ જયસિંહના ઈતિહાસ અંગે પ્રાપ્ત થતા પ્રમાણભૂત સંદર્ભો વિશે હિન્દી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું.

આ પ્રસંગે અમરેલીથી ખાસ ઉપસ્થિત રહેલા સંસ્કૃત ભાષા-સાહિત્યના રાષ્ટ્રીય કક્ષાના વિદ્વાન પંડિત અને ગુજરાતી સાહિત્ય, સંસ્કૃતિ તથા લોકવાણીના મરમી, પરખંદા માલમી શ્રી વસંતભાઈ પરીખ સાહેબે જ્ઞાનામૃતનું પાન કરવા આટલા લાંબા સમય સુધી એકધારા બેસી રહેલા ખરા અધિકારી શ્રોતાજનોનું અભિવાદન કરીને આવા જ્ઞાન-ભક્તિસભર કાર્યક્રમને બિરદાવ્યો હતો. અને પૂ. મહારાજસાહેબ દ્વારા ગુજરાતની સંસ્કારભાગીરથીના ત્રણ પ્રવાહ જેવા અણમોલ મોતીડાંને પારખીને એમનું યથોચિત બહુમાન થયું અને હજુ સાહિત્ય સંશોધન અને શબ્દસાધના કરનારી પેઢીનો જીવંત પ્રવાહ વહી રહ્યો છે એની પ્રતીતિ કરાવવામાં આવી તે બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

તો ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ અને વર્તમાન ટ્રસ્ટીશ્રી રઘુવીર ચૌધરીએ આજે થયેલું ત્રણ વિદ્વાનોનું સન્માન માત્ર મધ્યકાળનું રહસ્ય જાણનારા, ગુજરાત કે પશ્ચિમ ભારતના જ નહીં પણ સમગ્ર ભારતના વિદ્યાપુરુષોનું અભિવાદન છે એમ કહીને પોતાનો હર્ષ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ કવિશ્રી રાજેન્દ્ર શુક્લે પોતાની તીર્થ ઉદ્ધારનો ભાવ વ્યક્ત કરતી બે રચનાઓનું પઠન કર્યું હતું.

'શૂન્યનું શિખર સમરાવશું, ઉર્ધ્વનું ચૈત્ય ઉધરાવશું,
તીર્થ ઉદ્ધારશું આગવું, શબ્દનું બિંબ પધરાવશું,

અવનવી આંગી રચશું વળી, ગંધ કર્પૂર પમરાવશું,
મૌનના મંદ મંદ સ્વરે ગાઈશું, સ્તવન ગવરાવશું,
નિત્ય આનંદની ગોચરી, વાપર્યું એ જ વપરાવશું.'

સમાપન પછી ચન્દ્રક-પ્રદાનના ઉપલક્ષ્યમાં, તે જ દિવસે બપોરે એક વિદ્વદ્‌ગોષ્ઠી (સેમિનાર)નું આયોજન કરવામાં આવેલું. તેમાં પણ ડૉ. શિરીષ પંચાલ, હર્ષદ ત્રિવેદી, સિમલાથી પધારેલા સંસ્કૃતના વિદ્વાન અને સમ્પૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ, ત્રિવેણી કવિશ્રી ડૉ. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર, અમેરિકા છોડીને અમદાવાદમાં સ્થાયી થયેલા નાટ્યવિદ્ જયંતી પટેલ 'રંગલો' તથા વિવિધ વિદ્વાન પ્રાધ્યાપકોએ 'વર્તમાન સમયમાં સમાજ અને સાહિત્યના સંબંધો' તથા 'મધ્યકાલીન સાહિત્યના સંશોધન ક્ષેત્રે અધ્યાપકોની ઉદાસીનતા' વિષયે વ્યાખ્યાનો આપેલાં. જે ખરેખર વિદ્વદ્‌ભોગ્ય અને જિજ્ઞાસાની તૃપ્તિ કરે તેવા હતા. સમારંભના આગલા દિવસે તા. આઠમીની રાત્રે એક નાનકડો પણ અર્થસઘન કવિમેળો હઠીસિંહની વાડીના પટાંગણામાં કરવામાં આવેલો, જેમાં સર્વશ્રી લાભશંકર પુરોહિત, દલપત પઢિયાર, નિરંજન રાજ્યગુરુ, કિશોરચન્દ્ર પાઠક તથા ડૉ. રાજેન્દ્ર મિશ્ર વગેરેએ ભાગ લીધો હતો.

(૨)

અમદાવાદમાં શ્રી હઠીસિંહ કેસરીસિંહની વાડી મધ્યે સંસ્કૃત સભા

અમદાવાદ શહેરમાં શેઠ શ્રી હઠીસિંહ કેસરીસિંહની વાડીમાં જૈન સંઘમાં શાસન સમ્રાટ સમુદાયના ગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના તત્ત્વાવધાનમાં આસો સુદી ૧, તા. ૮-૧૦-૨૦૧૦, શુક્રવારના દિને એક સંસ્કૃત સભા યોજાઈ ગઈ.

વિદ્વાન આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસૂરિજી મ.ની પ્રેરણાથી કીર્તિત્રયી મુનિઓ દ્વારા સંકલિત સંસ્કૃતભાષામય અયનપત્ર-'નન્દનવનકલ્પતરુ'ના પચીસમા અંક, 'રજત અંક'ના પ્રકાશન-પ્રાગટ્ય નિમિત્તે આ સંસ્કૃત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સભાના અધ્યક્ષ તરીકે સંસ્કૃત ભાષાના આદરણીય વિદ્વાન, સમ્પૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ, ત્રિવેણી કવિ ડૉ. શ્રી અભિરાજ રાજેન્દ્ર મિશ્ર શિમલાથી પધાર્યા હતા. બીજા વક્તાઓમાં પાટણની હેમચન્દ્રાચાર્ય યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ શ્રી કુલીનચન્દ્ર યાજ્ઞિક તથા ગુજરાતના સંસ્કૃત સાહિત્યના માન્ય વિદ્વાન પ્રા. શ્રી વિજય પંડ્યા પધાર્યા હતા. તે સિવાય કીર્તિત્રયી મુનિઓએ પણ સંસ્કૃત ભાષામાં પોતાનું વક્તૃત્વ આપ્યું હતું.

સભાધ્યક્ષ શ્રી રાજેન્દ્ર મિશ્રજીએ પોતાના મનનીય પ્રવચનમાં બુલંદ સ્વરે જણાવ્યું હતું કે-'ભારત દેશની સર્વ ભાષાઓ સંસ્કૃત ભાષામાંથી જ ઉત્પન્ન થઈ છે અને તે તે ભાષાઓના મોટા ભાગના શબ્દો સંસ્કૃત જ છે, તેથી સંસ્કૃત ભાષા એ ભારતની અન્યોન્ય પ્રાદેશિક ભાષાઓની સમોવડી જ છે. ભલે આજના ઝડપથી પલટાતા દેશ-કાળમાં તે વ્યવહારભાષા ન બની શકે પણ તેથી તેનું મહત્ત્વ જરાય ઓછું થતું નથી, ઉલટું વધી જાય છે. આજથી બે હજાર વર્ષ પહેલાં જે સંસ્કૃત ભાષા બોલાતી અને લખાતી હતી તે જ આજે પણ બોલાય અને લખાય છે. કાશ્મીરમાં જે સંસ્કૃત બોલાય-લખાય છે તે જ કેરલમાં પણ બોલાય-લખાય છે. યુરોપીય લેટિન ભાષાની જેમ સંસ્કૃત ભાષા કોઈ ક્લાસિકલ ભાષા નથી કે જે વ્યવહારમાં ન વપરાતી હોય. સંસ્કૃત ભાષા આજે પણ વ્યવહારમાં છે, તેમાં બોલાય-લખાય છે અને ગ્રંથો પણ રચાય છે. અન્ય ભાષાઓમાં જેમ સાહિત્યના નવા નવા પ્રકારો રચાય છે તેમ સંસ્કૃત ભાષામાં પણ રચાય જ છે. એ કોઈ મૃત ભાષા નથી. તે તો સદાય જીવંત અને નિત્યનૂતન ભાષા છે. આ છેલ્લા શતકમાં જ જોઈએ તો સંસ્કૃત ભાષામાં ૩૦ થી અધિક મહાકાવ્યો રચાયાં છે. અન્ય કોઈ પણ ભાષાઓ કરતાં આ આંકડો ક્યાંય વધારે છે. એ જ રીતે મહાકાવ્ય સિવાયના સાહિત્યના પ્રકારોમાં પણ આ જ સ્થિતિ છે. અને અમો સાહિત્યકારો પણ આજે અન્ય ભાષાઓના ઉત્તમોત્તમ પ્રશિષ્ટ સાહિત્યની જેમ સંસ્કૃત ભાષામાં પણ તેવું જ ઉત્તમ અને પ્રશિષ્ટ સાહિત્ય રચવાના પૂર્ણ પ્રયત્ન કરીએ છીએ, જેથી સંસ્કૃત ભાષા અન્ય ભાષાની સાથોસાથ ટકી શકે, લોકોને તેના તરફ આકર્ષણ જાગે અને અત્યારે આપણા પ્રમાદથી જે તેનું સ્તર અને મહત્ત્વ ઘટી ગયું છે તે પાછું ઊંચું આવે. આપણા લોકોને પણ અમારી ભલામણ છે કે-જ્યારે વસતિ-ગણતરી થાય છે ત્યારે તેમાં ભાષાઓના ખાનામાં લોકો પોતાની પ્રાદેશિક ભાષા અને અંગ્રેજી ભાષા જાણે છે-એમ લખાવે છે. તેથી દરેક પ્રાદેશિક ભાષામાં અને અંગ્રેજી ભાષામાં લાખો-કરોડો લોકોની ગણતરી થાય છે, જયારે સંસ્કૃત ભાષામાં માત્ર અમુક હજાર લોકોની જ ગણતરી થાય છે. આપણી દરેકની મૂળ ભાષા તો સંસ્કૃત જ છે. દરેક ભાષામાં સંસ્કૃત શબ્દોનો જ ઘણો મોટો ઉપયોગ થાય છે. તો જો આપણે વસતિ ગણતરી વખતે પ્રાદેશિક ભાષા સાથે સંસ્કૃત ભાષા પણ લખાવીએ તો સરકારને પણ થાય કે-દેશમાં સંસ્કૃતભાષી લોકો ઘણા વધારે છે, તેથી અમારે પણ તેના પ્રચાર-પ્રસાર માટે કંઈક કરવું જોઈએ. તો આ ભાષાને નિત્ય જીવંત અને ઉચ્ચ સ્તરની રાખવા માટે આપણે જ પ્રયત્ન કરવો પડશે.'

'નન્દનવન કલ્પતરુ'ના પ્રકાશન અંગે પણ તેમણે કહ્યું કે-'ભારતમાં અત્યાર સુધીમાં ૩૦૦થી અધિક સંસ્કૃત સામયિકો પ્રકાશિત થયા છે. આજે પણ ૧૫૦ થી વધુ સામયિકો પ્રકાશિત થાય છે. પણ મને તો બે જ સંસ્કૃત સામયિકો અત્યંત શિષ્ટ અને શુદ્ધ લાગ્યાં છે કે જેમાં આગળના નામથી લઈને છેલ્લા પાનાના અક્ષર સુધી એક પણ વ્યાકરણની ભૂલ ન હોય કે અશુદ્ધિ ન હોય. તે બે સામયિકોમાં એક છે દિલ્હીથી પ્રકાશિત થતું 'દૂર્વા', અને બીજું છે. 'નન્દનવનકલ્પતરુ'. મને એ ખૂબ જ ગમે છે, અને તેનું

સાદ્યંત વાંચન હું કરું છું. મારે મન તેનું ખાસ મહત્ત્વ તો એ છે કે સંસારથી વિરક્ત સાધુ ભગવંતો તેનું સંપાદન-પ્રકાશન કરે છે. અને હું પૂરા વિશ્વાસથી કહીશ કે ભારતભરમાં અન્યાન્ય સંપ્રદાયોના લાખો સાધુ મહાત્માઓ હશે પણ સંસ્કૃત સામયિકનું પ્રકાશન તેમાંનું કોઈ કરતું હોય એ મારી જાણમાં નથી. માત્ર અહીંથી જ કીર્તિત્રયી મુનિઓ તેનું પ્રકાશન કરે છે. આ સામયિકના પચીસમાં અંકના પ્રકાશન માટે આ બધો સમારંભ કર્યો પણ મારી વિનંતિ છે કે અહીંયા અટકવાનું નથી, હજી તો ઘણી લાંબી મજલ કાપવાની છે અને નિરંતર તેનું પ્રકાશન કરવાનું છે. અમો સર્વ સાહિત્યકારો-સંશોધકો સર્વદા આપના સહયોગમાં રહીશું.'

શ્રી કુલીનચન્દ્ર યાજ્ઞિકે જણાવેલું કે–'સંસ્કૃત ભાષાના સુભાષિતો આપણને જીવનમાં વધુ ને વધુ સારી રીતે કેમ જીવાય–તે ખૂબ સરળતાથી અને હૃદયસ્પર્શી રીતે શીખવે છે. પ્રત્યેક સુભાષિતોમાં જીવનનો અર્ક પડ્યો છે. પહેલાં તો નાનપણથી બાળકોને આ સુભાષિતો શીખવાડતાં હતાં તેથી તેમનું જીવન સંવ્યવસ્થિત અને સરળ રહેતું. આજે એ બધું લુપ્ત થઈ ગયું છે, છતાં તે એટલું જ પ્રસ્તુત છે. આજકાલ સરકાર નૈતિક મૂલ્યોના શિક્ષણ અંગે ચિંતિત છે, પણ જો આ સુભાષિતોના માધ્યમથી નૈતિક મૂલ્યો શીખવાય તો એક એક સુભાષિત ઘણાં ઘણાં નૈતિક મૂલ્યો શીખવાડી શકે. મને તો લાગે છે કે જ્યારથી વ્યવસ્થિત રીતે સંસ્કૃત ભાષા શીખવવી બંધ થઈ છે ત્યારથી નૈતિક મૂલ્યોનો હ્રાસ થવા માંડ્યો છે.'

પ્રા. શ્રી વિજય પંડ્યાએ 'જૈન રામાયણ' વિષય પર અભ્યાસપૂર્ણ પ્રવચન આપતાં વાલ્મીકિ રામાયણથી માંડી આજસુધીના રામાયણો સાથે 'પઉમ ચરિય' વગેરે જૈન રામાયણોનું તુલનાત્મક વિશ્લેષણ કર્યું હતું.

કીર્તિત્રયી મુનિઓમાં, મુનિશ્રી રત્નકીર્તિવિજયજી અન્યત્ર ચાતુર્માસાર્થે ગયા હોવાથી તેમના સંસ્કૃતભાષામય સંદેશા-પત્રનું પઠન કરવામાં આવ્યું હતું. મુનિશ્રી ધર્મકીર્તિવિજયજીએ 'કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજીની કવિપ્રતિભા' વિષય પર સંસ્કૃત ભાષામાં મનનીય પ્રવચન કરતાં કહ્યું હતું કે–'ગુજરાતી ભાષાનાં મૂળ-કુળ હેમચન્દ્રાચાર્યજીને આભારી છે.' મુનિશ્રી કલ્યાણકીર્તિવિજયજીએ 'નન્દનવનકલ્પતરુ'નો ઉદ્‌ભવ અને વિકાસયાત્રા' વિષય પર સંસ્કૃત ભાષામાં બોલતાં આ સામયિકના પ્રકાશન અંગેની તમામ માહિતી આપી હતી. તો મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજીએ 'સંસ્કૃત કાવ્યસાહિત્યમાં જૈનમુનિઓનું પ્રદાન' વિષય પર મધુર સંસ્કૃત ભાષામાં બોલતાં જૈનમુનિઓના અનુપમ સાહિત્ય સર્જન વિશે સ–રસ જાણકારી આપી હતી.

આ સભામાં કચ્છ યુનિવર્સિટીના પૂર્વકુલપતિ શ્રી કાન્તિ ગોર પણ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. તે સિવાય આ સભામાં સંસ્કૃત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ગૌતમ પટેલ, ગુજરાતના સંસ્કૃત ભાષાના મૂર્ધન્ય કવિ શ્રી હર્ષદેવ માધવ તથા અન્ય વિદ્વાન સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સભાના મુખ્ય કાર્ય રૂપે અયનપત્ર 'નન્દનવનકલ્પતરુ'ના પચીસમા અંકના લોકાર્પણ સાથે ડૉ. રાજેન્દ્ર મિશ્રના નૂતન પુસ્તક **'સંસ્કૃત ભાષા કે અર્વાચીન કાવ્યસાહિત્યકા સમીક્ષાત્મક ઈતિહાસ'** તથા સાધ્વીશ્રી ચન્દનબાલાશ્રીજી સંપાદિત ત્રણ ગ્રંથોનું પણ લોકાર્પણ થયું હતું. સભાના અંતે આચાર્યશ્રી વિજયસૂર્યોદયસૂરિજીએ પોતાના આશીર્વાદ આપ્યા હતા. આખી સભાનું સફળ સંચાલન સંસ્કૃત ભાષાના મૂર્ધન્ય વિદ્વાન ડૉ. શ્રી વાસુદેવ પાઠકે કર્યું હતું.

* * *

આનંદ આશ્રમ, મુ. પોસ્ટ ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ-૩૬૦૩૧૧.
ફોન : ૦૨૮૨૫ - ૨૭૧૫૮૨,૨૭૧૪૦૯. મો.: ૯૮૨૪૩ ૭૧૯૦૪.

ડૉ. રમણલાલ ચી. શાહના પુસ્તકો

પુસ્તકનું નામ	ભાવ	પુસ્તકનું નામ	ભાવ
જૈન ધર્મ દર્શન ગ્રંથ–૧	રૂા. ૨૨૦-૦૦	પાસપોર્ટની પાંખે ભાગ–૨	રૂા. ૧૫૦-૦૦
જૈન આચાર દર્શન ગ્રંથ–૨	રૂા. ૨૪૦-૦૦	પાસપોર્ટની પાંખે ભાગ–૩	રૂા. ૨૦૦-૦૦
ચરિત્ર દર્શન ગ્રંથ–૩	રૂા. ૨૨૦-૦૦	પ્રભાવક સ્થવિરો ભાગ– ૧ થી ૬	રૂા. ૩૦૦-૦૦
સાહિત્ય દર્શન ગ્રંથ–૪	રૂા. ૩૨૦-૦૦	જિન તત્ત્વ ભાગ ૧ થી ૫	રૂા. ૩૦૦–૦૦
પ્રવાસ દર્શન ગ્રંથ–૫	રૂા. ૨૬૦-૦૦	જિન તત્ત્વ ભાગ ૬ થી ૯	રૂા. ૨૪૦–૦૦
સાંપ્રત સમાજ દર્શન ગ્રંથ–૬	રૂા. ૨૭૦-૦૦	વંદનીય હૃદયસ્પર્શ	રૂા. ૨૫૦–૦૦
શ્રુત ઉપાસક ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથ–૭	રૂા. ૩૨૦-૦૦	સંસ્કૃત નાટકોની કથા ભાગ–૧ (પ્રા. તારાબેન ર. શાહ)	રૂા. ૧૦૦–૦૦
જિન વચન	રૂા. ૨૫૦-૦૦	આપણા તીર્થંકરો (પ્રા. તારાબેન ર. શાહ)	રૂા. ૧૦૦–૦૦
પાસપોર્ટની પાંખે ભાગ–૧	રૂા. ૧૫૦-૦૦		

● રૂા. ૧૦૦૦થી વધુ કિંમતના પુસ્તકો ખરીદનારને ૨૦% ડિસ્કાઉન્ટ અને પોસ્ટેજ ફ્રી..

● **જિન વચન** : હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી એ ત્રણે ભાષામાં એક જ પુસ્તકમાં રચાયેલ આ 'જીનવચન' પ્રભાવના ભેટ માટે ૧૦૦ થી વધુ નકલ ખરીદનારને આ પુસ્તક ઉપર ૩૦% ડિસ્કાઉન્ટ અને પોસ્ટેજ ફ્રી.

અવસર

(૧)

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

પ. પૂ. આ. ભ. યુગ દિવાકર પંજાબકેસરી શ્રી વિજય વલ્લભ સૂરીશ્વરજી મહારાજ સાહેબની ૧૪૦ મી જન્મ જયંતી નિમિત્તે ભવ્ય સમારોહનું આયોજન

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત યુગ દિવાકર પંજાબકેસરી શ્રી વિજય વલ્લભ સૂરીશ્વરજી મહારાજ સાહેબની ૧૪૦ મી જન્મ જયંતી નિમિત્તે પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં રવિવાર, તા. ૧૪-૧૧-૨૦૧૦ના રોજ સવારે ૯-૦૦ કલાકે બિરલા માતુશ્રી સભાગૃહમાં ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવેલ.

સવારે ૯-૩૦ કલાકે પૂ. ગુરુદેવશ્રી હૉલ પર પધારતાં, સાધુ-સાધ્વીજી મ.સા. આદિ ઠાણાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પૂ. ગુરુદેવશ્રી તથા સાધુ-સાધ્વીજી મ. સા. વૃંદ પાટ પર બિરાજમાન થયા બાદ સામૂહિક વંદના કરવામાં આવી.

શ્રી કુમાર ચેટરજીએ નમસ્કાર મહામંત્ર, પૂ. ગુરુદેવની સ્તુતિ, સરસ્વતી વંદના તથા નમોત્થુણં પોતાના સુમધુર કંઠમાં વાજિંત્રો સાથે ગાઈને પધારેલા મહાનુભાવોને ભાવવિભોર કરી દીધા.

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબે માંગલિક સંભળાવ્યા બાદ કાર્યક્રમની શરૂઆત થઈ. સ્ટેજ પરના મહાનુભાવો માનનીય પ્રમુખશ્રી શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી, શ્રી અરુણભાઈ જે. શેઠ, શ્રી કીર્તિલાલ કે. દોશી, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી શ્રીકાંતભાઈ એસ. વસા, શ્રી સુબોધભાઈ સી. ગાર્ડી, શ્રી અરુણભાઈ બી. શાહ સાથે મળી દીપ પ્રાગટ્ય કર્યું.

માનનીય ટ્રસ્ટીશ્રી તથા માનદ્ મંત્રીશ્રી શ્રી શ્રીકાંતભાઈ એસ. વસાએ સ્ટેજ પર બિરાજમાન તથા કાર્યક્રમમાં પધારેલ સર્વે મહાનુભાવોનું શ્રી મહાવીર જૈન વિદ્યાલય વતી હાર્દિક સ્વાગત કર્યું. તેઓશ્રીએ સ્ટેજ પર બિરાજમાન મહાનુભાવોનો પરિચય આપી ખાસ કરીને પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈનો પરિચય આપતા જણાવ્યું કે છેલ્લા ૪૦ વર્ષથી પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ પ્રેરક, મૂલ્યનિષ્ઠ અને આધ્યાત્મિક સાહિત્યનું સર્જન કરી, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આગવી પ્રતિષ્ઠા સંપાદિત કરી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય ભાગ્યશાળી છે કે આજના શુભ દિને ભારતીય સંસ્કૃતિ અને જૈન દર્શનના અભ્યાસી એવા બહુમુખી પ્રતિભા ધરાવતા પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના સુંદર વ્યાખ્યાનનો લાભ મળશે.

પ્રમુખશ્રી શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીએ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને શાલ ઓઢાડી, શ્રીફળ સાથે બહુમાન કર્યું. દાતાશ્રી સ્વ. શ્રી વાડીલાલ સારાભાઈના પ્રતિનિધિ શ્રી અરુણભાઈ જે. શેઠનું બહુમાન, વિદ્યાલયના ટ્રસ્ટ બોર્ડના ચેરમેન અને ઉપપ્રમુખ શ્રી કીર્તિલાલ કે. દોશીએ કર્યું.

વિદ્યાલયના માનદ્ મંત્રીશ્રી સુબોધભાઈ સી. ગાર્ડીએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની પ્રગતિનો સંક્ષિપ્ત પરિચય આપતાં જણાવ્યું કે પ. પૂ. આ. ભ. પંજાબ કેસરી શ્રી વિજય વલ્લભ સૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા અને આશીર્વાદથી સ્થપાયેલ આ સંસ્થા શતાબ્દીના આરે ઝડપથી આગળ વધી રહી છે. છેલ્લા ૧૫-૧૬ વર્ષમાં વિદ્યાલયે સુંદર પ્રગતિ કરી છે. વર્ષ ૧૯૯૫-૯૬ માં ૮૨૯ વિદ્યાર્થીઓ- વિદ્યાર્થિનીઓની ક્ષમતા હતી તે વધીને હાલમાં ૧૭૪૭ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓની થઈ છે. આપણે ઉદયપુર, સેન્ડહર્સ્ટ રોડ મુકામે વિદ્યાર્થીગૃહ તથા વલ્લભ વિદ્યાનગર અને પૂના મુકામે કન્યા છાત્રાલયો શરૂ કરેલ. અમદાવાદ કન્યા છાત્રાલયનું જૂનું મકાન તોડી ૧૭૧ વિદ્યાર્થિનીઓની ક્ષમતા સાથેનું નવું સર્વ સગવડતાઓવાળું અદ્યતન મકાન બાંધ્યું. આપણે ભાડાઓ અને વ્યાજની આવકમાં અનેકગણો વધારો કરી, આર્થિક રીતે પગભર થઈ ગયા. દરેક શાખામાં વિદ્યાર્થીઓની ક્ષમતા વધારવાના બધા જ પ્રયાસો કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે સ્ટુડન્ટસ સેમિનારો, આંતર શાખા રમતગમત હરીફાઈ, વિદ્વાનો, ગુરુદેવોના વ્યાખ્યાનો, જૈન સાહિત્ય સમારોહનું આયોજન એવી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે. વિદ્યાલયના અભૂતપૂર્વ વિકાસમાં સહયોગ આપનાર સર્વેનો વિદ્યાલયવતી તેઓશ્રીએ હૃદયપૂર્વક આભાર માન્યો.

ટ્રસ્ટીશ્રી તથા માનદ્ મંત્રીશ્રી શ્રી શ્રીકાંતભાઈ એસ. વસાએ વિદ્યાલયની વિવિધ નવી યોજનાઓની માહિતી આપતાં જણાવ્યું કે હાલ જ્યારે ઉચ્ચ શિક્ષણ દિવસોદિવસ મોંઘું થતું જાય છે ત્યારે આર્થિક કારણોસર આપણા સમાજના કોઈપણ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ ઉચ્ચ અભ્યાસથી વંચિત રહી ન જાય તે માટે લોન સ્કૉલરશિપની યોજના જાહેર કરી છે. તેઓશ્રીએ જણાવ્યું કે પરિવર્તિત સમયમાં માત્ર ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ ચાલશે નહિ. આપણે આપણા વિદ્યાર્થીઓને પ્રોફેશનલ કોર્સીસના અભ્યાસ માટે આર્થિક સહાય આપી, પ્રોત્સાહિત કરવા પડશે. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે ગોવાલિયા ટેન્ક સ્થિત નવા બંધાતા મકાનમાં કન્યા છાત્રાલય શરૂ કરવાનું છે જેમાં પ્રતિ ટ્રસ્ટી સીટ રૂા. ૫ લાખના નકરાથી ૬૦ ટ્રસ્ટ સ્કોલરસીટો આપવાની છે. આ માટે અમોને અત્યારથી જ સારો પ્રતિસાદ મળેલ છે. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે આપણે ઝડપથી શતાબ્દી તરફ આગળ વધી રહ્યા છે. શતાબ્દીની શાનદાર ઉજવણી માટે તેઓશ્રીએ શતાબ્દી ઉજવણી સમિતિની રચના કરવાનું સૂચવ્યું અને જણાવ્યું કે આ સમિતિના પ્રમુખ તરીકે વિદ્યાલયના માનનીય પ્રમુખશ્રી શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી રહે અને તેઓશ્રીને આ સમિતિમાં બીજા સભ્યશ્રીઓનો સમાવેશ કરવાની સત્તા આપવામાં આવે. આ મુજબ શતાબ્દી ઉજવણી સમિતિની રચના સાકાર કરવામાં આવી.

માનદ્ મંત્રીશ્રી શ્રી અરુણભાઈ શાહે જણાવ્યું કે વિદ્યાલયે તેમના ગોવાલિયા ટેન્ક મુકામે નવા બંધાતા મકાનમાં કન્યા છાત્રાલય શરૂ કરવાનું વિચારેલ છે. આ અંગે અમારી, દાતાશ્રી સ્વ. શેઠ શ્રી વાડીલાલ સારાભાઈના પ્રતિનિધિ શ્રી અરુણભાઈ જે. શેઠ સાથે પંચગીની મુકામે રૂબરૂ મુલાકાત થયેલ અને તેઓશ્રીએ ઉદારભાવે ગોવાલિયા ટેન્ક મુકામે નવા થતા મકાનમાં કન્યા છાત્રાલય શરૂ કરવા માટે સંમતિ આપેલ છે. તેઓશ્રી સાથે થયેલ

ચર્ચા વિચારણા મુજબ આપણી સેન્ડહર્સ્ટ રોડ શાખાને શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહનું નામકરણ કરવાનું નક્કી કરેલ છે. આજના શુભ દિને પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ સાધુ-સાધ્વીજી વૃંદની નિશ્રામાં પૂ. ગુરુદેવશ્રીના આશિષસહ સેન્ડહર્સ્ટ રોડ શાખાને શ્રી અરુણભાઈ જે. શેઠના શુભ હસ્તે શ્રી વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહનું નામકરણ કરવામાં આવ્યું. સર્વેએ આ શુભ પ્રસંગને અત્યંત ઉત્સાહથી વધાવી લીધો. ત્યારબાદ ડૉ. બિપીનભાઈ શાહે વિદ્યાલયની વિકાસ ગાથાની જે સ્ક્રીપ્ટ બનાવેલી તેની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી. આ ડોક્યુમેન્ટરી એટલી સુંદર રીતે બતાવવામાં આવેલ કે તે જોઈને સર્વે મહાનુભાવોએ ખૂબ જ હર્ષ પ્રગટ કર્યો.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ પ. પૂ. આ. ભ. પંજાબકેસરી શ્રી વિજય વલ્લભ સૂરીશ્વરજી મ.સા.ની જીવન ઝરમર પર સુંદર વકતવ્ય રજૂ કરી, શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા. તેઓશ્રીએ જણાવ્યું કે, 'કાંતદર્શી આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજીનું જીવન એક પંચતીર્થી સમાન છે. જ્ઞાનતીર્થ, વિદ્યાતીર્થ, શૌર્યતીર્થ, માનવતીર્થ અને જીવનતીર્થની એમણે રચના કરી. વિદ્યાથી આરંભીને માનવતા સુધી એમની દૃષ્ટિ ફરી વળી છે. તેજસ્વી વ્યક્તિઓ જ ધર્મ કે સમાજને તેજસ્વી બનાવી શકે, એમ કહેનારા આચાર્યશ્રીએ જૈનો જ્ઞાન, શક્તિ અને કરુણાથી તેજસ્વી બને અને તે માટે માત્ર ઉદ્‌ઘોષણા જ કરી નહીં, પણ પોતાના આચરણથી એ સાકાર કરી બતાવી. મહાવીર જૈન વિદ્યાલય દ્વારા એમણે અનેક વ્યક્તિઓમાં વિદ્યાજ્યોત જગાવી અને સમાજની એવી સેવા કરી જે આજ સુધીમાં અદ્વિતીય છે. એમના કન્યા કેળવણીના વિચારો મૂર્ત બન્યા છે, પરંતુ જૈન યુનિવર્સિટીની રચનાનો ખ્યાલ આજના સમાજને માટે પડકારરૂપ છે. એની સિદ્ધિ એ જ આચાર્ય વિજયવલ્લભસૂરિને આપણે કરેલી યથાર્થ વંદના કહેવાશે.' તેમણે વધુમાં જણાવ્યું કે યુગદૃષ્ટાએ કઈ પરિસ્થિતિમાં અને કયા સમયમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનાની પ્રેરણા આપી એ વિચાર કરતાં જ ગુરુદેવશ્રીની કેળવાયેલા જૈન સમાજની અપેક્ષા દૃષ્ટિમાન થાય છે. પૂ. ગુરુદેવશ્રી કહેતા કે જૈન સમાજની પ્રગતિની પારાશીશી શ્રી મહાવીર જૈન વિદ્યાલય છે. જ્યારે પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની પ્રગતિ નહી થાય ત્યારે સમજવાનું કે કેળવાયેલા જૈન સમાજની પ્રગતિને પૂર્ણ વિરામ આવી જશે. આપણે યાત્રાએ જઈએ ત્યારે પંચતીર્થી કરીએ એ મુજબ જ્યારે જ્યારે આપણે પૂ. ગુરુદેવશ્રીને વંદન કરીએ છીએ ત્યારે સમજવાનું કે આપણે કોઈ વ્યક્તિ, જૈન સમાજને જગાડનાર કાંતદૃષ્ટા કે યુગવિધાતાને વંદન કરતાં નથી. પરંતુ આપણું વંદન પંચતીર્થીને છે.

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબે આશીર્વચન આપતાં જણાવ્યું કે પૂ. ગુરુદેવ શ્રી વિજય વલ્લભ સૂરીશ્વરજી મ.સા.ની છેલ્લી ઈચ્છા મુજબ જૈન વિશ્વ- વિદ્યાલયની સ્થાપના એ જ એનું મુખ્ય ધ્યેય છે તે માટે તેઓશ્રીએ આદરણીય પ્રમુખશ્રી શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીને આ બાબતમાં ઝડપથી કાર્ય હાથ ધરવા સૂચન કર્યું. પ્રમુખશ્રીએ પણ પૂ. ગુરુદેવશ્રીના આ સૂચનને વધાવતાં જણાવ્યું કે અમો આ દિશામાં જરૂરથી આગળ કાર્યવાહી શરૂ કરશું.

માનનીય પ્રમુખશ્રી શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે વિદ્યાલયનો હાલનો વિકાસ એક રેકોર્ડ છે. તેમ છતાં આપણે આ વિકાસથી સંતોષ લઈ, બેસવું પરવડશે નહિ. સમાજ આપણી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખે છે. આપણે શતાબ્દી તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ, ત્યારે સમાજની અપેક્ષા અને આપણા યુવાધનની ઉચ્ચ કેળવણીની જરૂરતો પૂરી પાડી શકીએ એ જ શતાબ્દીની સાચી ઉજવણી ગણાશે. પ. પૂ. આ. ભ. પંજાબકેસરી શ્રી વિજય વલ્લભ સૂરીશ્વરજી મ.સા.નું જૈન વિશ્વવિદ્યાલય સ્થાપવાનું સ્વપ્ન સિદ્ધ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે. તેઓશ્રીએ જણાવ્યું કે પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં આ સુંદર કાર્યક્રમનું આયોજન થયું એ વિદ્યાલયના અહોભાગ્ય ગણાય. પ્રમુખશ્રીએ જણાવ્યું કે વિદ્યાલય શતાબ્દીની આરે ઊભું છે. શતાબ્દીની શાનદાર ઉજવણી પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં થાય તે માટે શતાબ્દીના વર્ષોના ત્રણ ચાતુર્માસ પૂ. ગુરુદેવ મુંબઈમાં કરે તેવી ભાવભરી વિનંતી કરી.

માનદ્ કોષાધ્યક્ષ શ્રી અરવિંદભાઈ આર. શાહની આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો. ત્યારબાદ સર્વેએ સાથે મળીને સાધર્મિક ભક્તિનો લાભ લીધો.

-તરુણભાઈ મહેતા
૦૨૨-૨૩૭૯૧૭૯

(૨)

ડૉ. કુમારપાળ દેસાઈને આચાર્ય ભગવંત શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી એવૉર્ડ સમર્પણ

તા. ૨૦-૧૧-૨૦૧૦ના મુંબઈમાં શ્રી ચંદ્રપ્રભુ જૈન સંઘ, શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ, જૈન ઉપાશ્રયમાં (પ્રાર્થના સમાજ)માં પ. પૂ. પ્રવચન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી પ્રેમપ્રભસાગરસૂરીશ્વરજી (વાત્સલ્યદીપ)ની શુભ નિશ્રામાં સન-૨૦૧૦નો ઉપરોક્ત એવૉર્ડ દાનેશ્વરી શ્રી દીપચંદભાઈ ગાર્ડીના શુભ હસ્તે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને અર્પણ થયો હતો.

આ પ્રથમ એવૉર્ડના સૌજન્યદાતા શેઠશ્રી જવાહરભાઈ મોતીલાલ શાહ (માલેગામવાળા) ઉપર ઉપસ્થિત સર્વ સાધ્વીશ્રીઓ અને શ્રાવક-શ્રાવિકાઓએ આવા સારસ્વત પ્રોત્સાહનના શુભ કાર્ય માટે ધન્યવાદ વરસાવ્યા હતા.

આ પ્રસંગે જૈન સમાજના અગ્રણી શ્રાવકજનો શ્રી ચંપાલાલજી વર્ધન, ડૉ. ધનવંત શાહ, સંઘના ટ્રસ્ટીઓ શ્રી પુષ્પસેન ઝવેરી, શ્રી પ્રશાંત ઝવેરી અને શ્રી ગિરિશભાઈ શાહ તેમજ દિલ્હીથી શ્રી અરુણ ગુરુજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સર્વેએ પ્રસંગોચિત વક્તવ્ય પ્રગટ કર્યું હતું.

-તંત્રી

(૩)

સંઘરત્ન શ્રી ચંદુલાલ ગાંગજી ફેમવાલાનો અમૃત ઉત્સવ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં છેલ્લા ૫૦ વર્ષથી સતત નિયમિત ઉપસ્થિત રહી જ્ઞાન લાભ લેનાર કચ્છી સમાજના અગ્રણી સંઘરત્ન સંઘવી શ્રી ચંદુલાલ ગાંગજી ફેમવાલાનો ૭૫મો જન્મદિવસ, અમૃત ઉત્સવ તા. ૧૮ નવેમ્બરના મુંબઈમાં કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘની શ્રી નારણજી શામજી મહાજન વાડી-માટુંગામાં શ્રી ચંદુલાલભાઈના પરિવારજનો અને મિત્રોએ ભવ્યાતિભવ્ય રીતે ઉજવ્યો.

ભાતબજારમાં નાના બાંકડા ઉપર ફોટો ફ્રેમ બનાવવાનો વ્યવસાય શરૂ કરી વર્તમાનમાં ભવ્ય ફર્નિચરોના શો રૂમ અને અન્ય ઉદ્યોગમાં પ્રગતિ

કરનાર, સમાજ અને ધર્મ પ્રત્યે સેવા સમર્પિત કરનાર શ્રી ચંદુલાલભાઈની જીવનગાથા ફિલ્મમાં મઢીને દર્શકોને દર્શાવી હતી અને અન્ય આનંદ કાર્યક્રમનું આયોજન પણ કર્યું હતું.

આ પ્રસંગે કચ્છી સમાજના સર્વે અગ્રણી મહાજનો તેમ જ યુવક સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રીએ ઉપસ્થિત રહી શ્રી ચંદુલાલભાઈ પ્રત્યે શુભ અને સ્વસ્થ દીર્ઘ આયુભાવ પ્રગટ કર્યો હતો.

–તંત્રી

(૪)

રાષ્ટ્રીય પરિસંવાદ : કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ

વિષય : સમ્મણસુત્તંના વિવિધ પાસાઓ

તા. ૧૮ અને ૧૯ નવેમ્બર, ૨૦૧૦.

સ્થળ : સોમૈયા વિદ્યાવિહાર,

આયોજકો: ડૉ.ગીતા મહેતા –કોકિલા શાહ.

કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ (જૈન સેન્ટર) અને જૈન વિશ્વભારતી લાડનૂના સંયુક્ત ઉપક્રમે ઉપર્યુક્ત વિષય પર ભવ્ય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પરિસંવાદની શરૂઆત સુંદર રીતે થઈ–પ્રભુ મહાવીરના જીવન વિષયક રસપ્રદ તસ્વીરોના પ્રદર્શનથી થઈ. જેનું આયોજન રત્નનિધિ ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી મહેન્દ્રભાઈ તથા આશાબેનના સહયોગથી થયું. પ્રદર્શનનું ઉદ્‌ઘાટન મુનિશ્રી કીર્તિચંદ્ર મહારાજશ્રીએ દીપક પ્રગટાવી કર્યું હતું.

પરિસંવાદનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. શ્રી સમીર સોમૈયાએ સર્વ વક્તાઓ તથા શ્રોતાઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમજ સોમૈયા સંચાલિત શૈક્ષણિક શાખાઓનો પરિચય કરાવ્યો હતો. તેમણે જૈન સેન્ટરની પ્રવૃત્તિઓ વિષે પણ છણાવટ કરી હતી અને મુખ્ય મહેમાનનું બહુમાન અને સ્વાગત કર્યું હતું.

ડૉ. ગીતા મહેતાએ પરિસંવાદનો વિષય 'સમણસુત્તં'નો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ ડૉ. કોકિલા શાહે મુખ્ય અતિથિ મુનિશ્રી કીર્તિચંદ્રજીનો પરિચય કરાવ્યો હતો. મુનિશ્રી કીર્તિચંદ્રજીએ પોતાના વક્તવ્યમાં સમણસુત્તંનો અર્થ સમજાવ્યો હતો અને 'સમણસુત્તં' સામાન્ય જનતામાં પ્રચલિત નથી એમ કહ્યું હતું. તેમણે વિદ્યાવિહારમાં થતી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી અને સૌમૈયા જૈન સેન્ટરમાં 'સમણસુત્તં'માં થતા રિસર્ચ પ્રોજેક્ટને બિરદાવ્યો હતો. જૈન શ્રમણોએ પ્રાચીન કાળમાં જૈન ધર્મનો એક ગ્રંથ હોય એવી ભાવના વ્યક્ત કરી, જેમાં 'સર્વધર્મસમભાવ' સર્વધર્મ સદ્‌ભાવના બને. વિનોબાજીએ ચાર વિવિધ જૈન સંપ્રદાયોમાં વિભાજિત એવા જૈન ધર્મનો પ્રતિનિધિ ગ્રંથ તૈયાર કરવા માટે ચારે સંપ્રદાયોના આચાર્યો અને વિદ્વાનોને બોલાવ્યા અને પ્રભુ મહાવીરના નિર્વાણના ૨૫૦૦મા વર્ષે જૈનધર્મના સાર રૂપે 'સમણસુત્તં'નો ગ્રંથ તૈયાર થયો. મુનિશ્રીએ 'સમણસુત્તં'ની કેટલીક ગાથાઓનું પઠન કર્યું.

પરિસંવાદના મુખ્યવક્તા હતા જાણીતા જૈન વિદ્વાન શ્રી સાગરમલજી જૈન જેનો પરિચય ડૉ. ગીતા મહેતાએ આપ્યો. ડૉ. સાગરમલજીએ પોતાના વક્તવ્યમાં ભારતીય ધર્મોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે હિંદુ ધર્મમાં ગીતા સર્વમાન્ય છે. બૌદ્ધ ધર્મમાં ધમ્મપદ સર્વમાન્ય છે. જૈનધર્મના મુખ્ય એક ગ્રંથનો પ્રશ્ન ઊઠ્યો. સહુપ્રથમ શ્વેતાંબરમાં બેચરદાસે મહાવીરવાણી તૈયાર કર્યું, ચોથમલજીએ નિર્ગ્રંથ પ્રવચનનું નિર્માણ કર્યું. મહાવીર ગીતાનું સંકલન બુદ્ધિસાગરે કર્યું. વિનોબાજીના સહયોગથી અને બધા સંપ્રદાયો અને આચાર્યો અને વિદ્વાનો મળ્યા. ૭૫૬ ગાથાનો ગ્રંથ બન્યો. આજે પણ આ ગ્રંથને સર્વમાન્ય ગ્રંથ તરીકે અપનાવતા નથી. આ પ્રશ્નને હલ કરવા મૂળ ગ્રંથનો આધાર આપવાની કોશિશ કરવામાં આવી રહી છે. આ ગ્રંથ જૈનધર્મનો પ્રતિનિધિ ગ્રંથ છે જેમાં બધા સંપ્રદાયોના મંતવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાગરમલજીએ તેનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો અને કહ્યું કે હિંદી, ગુજરાતી અને મરાઠી ભાષામાં તથા અંગ્રેજીમાં પણ અનુવાદ કરવામાં આવ્યો છે. એનો અભ્યાસ થવો જરૂરી છે. અન્ય દર્શનોમાં પણ શ્રમણધારા છે. આ ગ્રંથની સાર્વભૌમિકતાને નકારી ન શકાય. તેના મૂલ્યોને માનવજાત અપનાવે એવી ભાવના વ્યક્ત કરી વક્તવ્યપૂર્ણ કર્યું. તેમના વિદ્વત્તાપૂર્ણ વક્તવ્યમાં તેમણે જૈન, બૌદ્ધ અને વૈદિક ધર્મમાં રહેલી સમાનતાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ત્યારબાદ ડૉ. કોકિલા શાહે આભારવિધિ કરી હતી અને ઉદ્‌ઘાટન સેશન સમાપ્ત થયું.

આ દિવસના અન્ય વિભાગના વક્તાઓ હતા–(૧) દયાનંદ ભાર્ગવ. તેમણે Univarsalism in Saman Suttam એ પર પોતાનું રિસર્ચ પેપર રજુ કર્યું– 'સાર્વભૌમિકતા સમણ સુત્તમ્‌માં'

(૨) રામજી સિંઘ–જેમનો વિષય હતો Relevance of Saman Suttam in modern times.–અર્વાચીન સમયમાં સમણસુત્તંનું મહત્ત્વ.

આ વિભાગના પ્રમુખસ્થાને ડૉ. જામખેડકર હતા.

ત્યારબાદના સેશનમાં વક્તાઓ નીચે પ્રમાણે હતા-

(૧) ડૉ. એમ. આર. ગેલરા–એમેરિટ્‌સ પ્રોફેસર–જૈનોલોજી જૈન વિશ્વભારતી યુનિવર્સિટી. એમણે 'સમણસુત્તમ્‌માં વિજ્ઞાન' પર પેપર રજૂ કર્યું.

(૨) ડૉ. સોહનલાલ ગાંધી (જયપુર)– જેનો વિષય હતો–'જૈન ધર્મમાં સૃષ્ટિચક્ર.'

(૩) ડૉ. દામોદર શાસ્ત્રી. વિષય– દુ:ખમુક્તિનો સર્વશ્રેષ્ઠ ઉપાય આત્મજ્ઞાન– સમણસુત્તંના પરિપ્રેક્ષ્યમાં.

(૪) ડૉ. સુચિતા જૈન (કોટા)–જેમનો વિષય હતો–Biodiversity concerns in saman Suttam.'

આ સેશનનું પ્રમુખસ્થાને ડૉ. રમેશ દવેએ સંભાળ્યું હતું.

દરેક શોધનિબંધને અંતે ચર્ચા કરવામાં આવી હતી અને અધ્યક્ષોએ પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. આ રીતે વિચારોની આપ-લેથી પરિસંવાદનો પ્રથમ દિન રસપ્રદ રીતે પૂર્ણ થયો.

X X X

પરિસંવાદના બીજા દિવસનો પ્રારંભ પ્રાર્થનાથી થયો. તેમાં વક્તાઓ હતા–

(૧) ડૉ. અનેકાંત જૈન (દિલ્હી) જેમણે `Ahimsa a way of life in Saman Suttam' પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું.

(૨) સમણી આગમપ્રજ્ઞા– Asst. Prof of Jainology,Ladanun.

વિષય– Relevance of Anekant as discussed in Saman-Suttam

(૩) સમણી ચૈત્યપ્રજ્ઞા– Asst. Prof of Jainology, Ladnun. વિષય–Analysis of Saman Suttam through Annuyoga.

(૪) ડૉ. સૂરજમલ જૈન–વિષય: Environmental doctrines in સમણ સુત્તં

આ વિભાગનું સંચાલન ડૉ. શંકર નારાયણે કર્યું હતું.

ત્યારબાદ ભોજન પછીના વક્તાઓ હતા.

(૫) કુ. શાનુ જૈન–રિસર્ચ સ્કોલર– રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન દિલ્હી–વિષય: સમણ સુત્તમ્‌માં શિક્ષા દર્શન

(૬) ડૉ. ફૂલચંદ જૈન–HOD જૈન તત્ત્વજ્ઞાન–સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટી વારાણસી

વિષય: સમણ સુત્તમ્‌માં જ્ઞાન મિમાંસા.

આ વિભાગનું પ્રમુખસ્થાન ડૉ. કલા આચાર્યે સંભાળ્યું હતું.

ભોજન પછી અંતિમ સેશન (Validectory Session)--સમાપન સમારોહની શરૂઆત થઈ. જેમાં ડૉ. એસ. કે. ભવાનીએ સ્વાગત પ્રવચન આપ્યું અને આ પરિસંવાદની અગત્યતા સમજાવી. ત્યારબાદ ભાગ લેનારા પેપર રજૂ કરનારામાંથી ડૉ. રામજી સિંઘે પેપરની રજૂઆત બાદ થતી ચર્ચાની કદર કરી. ડૉ. સાગરમલ જૈને કહ્યું કે પરિસંવાદથી વિદ્વાનોને મળવા માટે અને વિચારોની આપ-લે માટે મોકો મળ્યો. ડૉ. દામોદર શાસ્ત્રીએ કહ્યું કે આ યુગમાં 'સમણસુત્તં' પર પરિસંવાદનું આયોજન કરવું એ મહાભાગ્ય છે. તે પછી આ વિભાગના મુખ્ય વક્તા જૈન જગતના જાણીતા ડૉ. ધનવંતભાઈ શાહ હતા. જેમનો પરિચય આપતા ડૉ. કોકિલા શાહે તેમને ઉદ્યોગપતિ અને જૈનોલોજીસ્ટ તરીકે બિરદાવ્યા અને જેમણે બે પૂર્ણ દિવસ એમાં હાજરી આપી તેમણે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું અને Concluding Remarks માં કેટલાંક સૂચનો આવ્યા અને કહ્યું કે આ ઘણો જ પરિપૂર્ણ સુખદ અનુભવ આ પરિસંવાદ દ્વારા થયો જેનાથી જ્ઞાનની વૃદ્ધિ થઈ. તેમણે જૈનોલોજી કોર્સના વિદ્યાર્થીઓને Certificates પ્રદાન કર્યા. અને તેનું મહત્ત્વ સમજાવ્યું. અંતમાં ડૉ. ગીતા મહેતાએ આભારવિધિ કરી.

ટૂંકમાં, પરિસંવાદે બૌદ્ધિક ખોરાક પૂરો પાડ્યો (intellectual feast) બધા જ ભાગ લેનારાઓને, વક્તા–શ્રોતાઓને અને આ એક અનોખો પરિસંવાદ બની રહ્યો.

–ડૉ. કોકિલા શાહ
9323079922

(૨)

વિશ્વવ્યાપી ઓનલાઈન માહિતી–સંદર્ભ આપતી જૈનપીડિયાનો લંડનમાં પ્રારંભ

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા તૈયાર થયેલા જૈનપીડિયા એક્ઝીબીશન અને જૈનપીડિયા ઓનલાઈન ડીજીટલ રિસોર્સને નિહાળીને ઈંગ્લેન્ડના હીઝ રૉયલ હાઈનેસ પ્રિન્સ ઑફ ચાર્લ્સે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ ૧૮મી નવેમ્બરે લંડનના વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાં યોજવામાં આવ્યો હતો.

આ અગાઉ ૧૯૮૩માં જૈનદર્શનના પ્રસાર માટે સ્થપાયેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા ઈ. સ. ૧૯૯૦માં ડ્યૂક ઑફ એડિનબરો પ્રિન્સ ફિલિપને બકિંગહામ પેલેસમાં 'જૈન ડેકલેરેશન ઓન નેચર' અર્પણ કરવામાં આવ્યું હતું અને એ સમયે વિશ્વના ધર્મોની સૂચિમાં જૈન ધર્મને આઠમા ધર્મ તરીકે સ્થાન મળ્યું હતું તેમજ વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર (ડબલ્યુ. ડબલ્યુ.એફ.)માં જૈન ધર્મ મહત્ત્વનો ધર્મ બન્યો હતો.

તાજેતરમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ તૈયાર કરેલો જૈનપીડિયાનો પ્રોજેક્ટ એ જૈન હેરિટેજ દર્શાવતો ઓનલાઈન સર્વોપયોગી માહિતી અને સંદર્ભો આપતો મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ છે, જે ઈંગ્લેન્ડ અને અન્ય દેશોના હસ્તપ્રત સંગ્રહો પરથી તૈયાર કરવામાં આવ્યો છે. વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ અને વેલકમ ટ્રસ્ટમાં એ છેલ્લાં ત્રણ વર્ષથી પ્રદર્શિત થઈ રહ્યો છે અને હવે પછી એ ઓક્સફર્ડની બોડેલિયન લાયબ્રેરીમાં પણ દર્શાવવામાં આવશે.

જૈનપીડિયાના પ્રોજેક્ટની મુલાકાતે આવેલા પ્રિન્સ ચાર્લ્સનું વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમના ચેરમેન પોલ રૂડોક અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડેપ્યુટી ચેરમેન નેમુ ચંદરયાએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી નેમુ ચંદરયાએ ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડાયરેક્ટર્સ અને વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટના મહત્ત્વના અધિકારીઓની તેઓની સાથે ઓળખાણ કરાવી.

આ પ્રસંગે શ્રી નેમુ ચંદરયાએ જણાવ્યું કે હીઝ રોયલ હાયનેસ, પ્રિન્સ ચાર્લ્સે જૈનપીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી તે માટે જૈન સમાજ તેઓનો આભારી છે. આ પ્રોજેક્ટ અને જૈન સમાજ માટેની તેઓની રુચિ અને લાગણીએ આજના દિવસને અમારા માટે અતિ મહત્ત્વનો બનાવ્યો છે.

પ્રિન્સ ઑફ ચાર્લ્સને વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમના ક્યુરેટર નિક બર્નાર્ડ અને જૈનપીડિયાના નિષ્ણાત યુનિવર્સિટી ઑફ પેરિસના પ્રાધ્યાપક ડૉ. નલીની બલબીરે પ્રદર્શનની સમજૂતી આપી હતી. પ્રિન્સ ઑફ ચાર્લ્સે જૈન ખગોળશાસ્ત્ર અને જૈન સાધુઓની ૧૫મી સદીની જીવનચર્યાને દર્શાવતી હસ્તપ્રતો રસપૂર્વક નિહાળી હતી અને ત્યારબાદ જૈનપીડિયા દ્વારા હસ્તપ્રતો કઈ રીતે સર્વ કોઈને પ્રાપ્ય બનશે, તેની માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે જૈન સમાજના એકસો જેટલા અગ્રણીઓ, બ્રિટિશ લાયબ્રેરી, વેલકમ ટ્રસ્ટ અને બોડેલિયન લાયબ્રેરીના અગ્રણીઓ પ્રિન્સ ઑફ વેલ્સને મળ્યા હતા. એ પછી વિક્ટોરિયા આલ્બર્ટ મ્યુઝિયમના ડેપ્યુટી બેથ મેકકીલો અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડિરેક્ટર મેહુલ સંઘરાજકાએ પ્રોજેક્ટની વાત કરી હતી અને આ પ્રોજેક્ટને સહાય કરનાર હેરીટેજ ગ્રાંટ લંડન કમિટિના ચેરમેન વેસલી કેરે આભારવિધિ કરી હતી.

આ સમગ્ર પ્રોજેક્ટની વિશેષ માહિતી www.jainpedia.org પરથી અથવા જૈનપીડિયા ટીમનો સંપર્ક: bansri.mehta@jainpedia.org 020 8236100 પર કરવાથી મળી રહેશે.

–લંડનનો પત્ર
૨૧, નવેમ્બર,૨૦૧૦

* * *

જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ઑક્ટોબર ૨૦૧૦ના અંકથી આગળ)

લેખક જૈન ધર્મતત્ત્વના પ્રકાંડ પંડિત, ગ્રંથકર્તા, અને પ્રભાવિત વક્તા છે, દેશ-પરદેશના જૈન-અજૈનોને જૈન ધર્મ વિષયક અનેક વ્યાખ્યાનોનો લાભ એઓશ્રીએ આપ્યો છે. વર્તમાનમાં અમદાવાદની એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટના એઓ નિયામક છે.

૬૫૪. નિર્ગ્રન્થ : જેનામાં સર્વજ્ઞપણું ન હોવા છતાં રાગદ્વેષનો અત્યંત અભાવ હોય અને અંતર્મુહૂર્ત જેટલા વખત પછી જ સર્વજ્ઞત્વ પ્રગટ થવાનું હોય તે 'નિર્ગ્રન્થ'.
सर्वज्ञता न होने पर भी जिस में रागद्वेष का अत्यंत अभाव हो और अन्तर्मुहूर्त के बाद ही सर्वज्ञता प्रकट होनेवाली है।
One who is utterly devoid of the knot of attachment and aversion; and the person who is not yet a complete nirgranth but it is a candidate for the status of a real inrgrantha.

૬૫૫. નિર્જરા : અનુષ્ઠાન આદિ દ્વારા કર્મનું આત્મપ્રદેશથી છૂટું પડવું એટલે કે કર્મનો ક્ષય થવો.
अनुष्ठान आदि द्वारा कर्म का क्षय करना।
By the force of penance the Karma gets released from the soul-units this is known as cessation of Karma.

૬૫૬. નિર્જરાનુપ્રેક્ષા : અણધાર્યા પ્રાપ્ત થયેલ કટુક વિપાકોમાં સમાધાન વૃત્તિ કેળવવી અને જ્યાં શક્ય હોય ત્યાં તપ અને ત્યાગ દ્વારા કુશળ પરિણામ આવે તેવી રીતે સંચિત કર્મોને ભોગવી લેવાં, તેનું ચિંતન એ નિર્જરાનુપ્રેક્ષા.
अचानक प्राप्त हुए कटुक विपाकों में समाधान वृत्ति साधना तथा जहाँ सम्भव हो वहाँ तप और त्याग द्वारा कुशल परिणाम की प्राप्ति हो इस प्रकार संचित कर्मों को भोगना निर्जरानुप्रेक्षा है।
One develops a feeling of satisfaction in relation to the bitter fruits of karma brought about involuntarily and that as far as possible one reaps the fruit of the accumulated karmas through penance and renunciation so as to meet with consequences that are auspicious.

૬૫૭. નિર્દેશ : સ્વરૂપ (તત્ત્વરુચિ)
तत्त्वरुचि।
Svarupa or nature of an inclination towards truth.

૬૫૮. નિર્ભયતા : ભયનો ત્યાગ.
भय का त्याग।
Renunciation of fear.

૬૫૯. નિર્માણ (નામકર્મ): શરીરમાં અંગપ્રત્યંગોને યથોચિત સ્થાને ગોઠવનાર કર્મ તે નિર્માણ નામકર્મ.
शरीरगत अंङ्गो और उपाङ्गो एको यथोचित स्थान पर रखनेवाला कर्म निर्माण नामकर्म है।
The karma which causes the placement of the different bodily parts and sub-parts at their respective proper places that is called nirmana.

૬૬૦. નિર્વર્તના : પુદ્‌ગલ દ્રવ્યની જે ઔદારિક આદિ શરીરરૂપ રચના.
पुद्‌गल द्रव्य की जो औदारिक आदि शरीररूप रचना।
Pudagala-Substance is constructed in the form of a body of the audarika type.

૬૬૧. નિર્વૃતીદ્રિય : શરીર ઉપર દેખાતી ઈન્દ્રિયોની આકૃતિઓ જે પુદ્‌ગલસ્કંધોની વિશિષ્ટ રચનાઓ છે, તે નિર્વૃતીંદ્રિય.
शरीर पर दिखनेवाली इन्द्रियों की पुद्‌गलस्कन्धों की विाष्ट रचना के रुप में जो आकृतियाँ है उनको निर्वृत्ति-इन्द्रिय कहते हैं।
Those shapes of the cognitive organs which are outworldly visible in a body & which are of the form of a specific construct made out of physical aggregrates are called nirvrttundriya.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

સર્જન-સ્વાગત

❖ ડૉ. કલા શાહ ❖

પુસ્તકનું નામ : **સમ્મતિ તર્ક પ્રકરણમ્ (સંસ્કૃત) ભાગ-૧-૨**
સંપાદક : શ્રીમદ્ વિજય કીર્તિયશ સૂરીશ્વરજી
પ્રકાશક : **સન્માર્ગ પ્રકાશન-અમદાવાદ**
મૂલ્ય : રૂ. ૧૨૫/-, પાના :૨૬૮, આવૃત્તિ :૧-૨૦૦૯.

મહાવાદી શ્રુતકેવલી પૂ. આચાર્ય શ્રી સિદ્ધસેન દીવાકરજી દ્વારા રચિત અનેક ગ્રંથોમાં શ્રેષ્ઠ ગ્રંથ તરીકે 'સમ્મતિ તર્ક પ્રકરણ' છે. આ ગ્રંથમાં વિષયોની વ્યાપકતા, જૈન શાસનના મૂળભૂત પદાર્થોની સ્પષ્ટતા, અર્થની ગંભીરતા, અનેકાંત-વાદની સુદૃઢ સ્થાપના, અનુભવના પરિપાક રૂપ વચનો વગેરે જોવા મળે છે. આ ગ્રંથનું સંપાદન શ્રીમદ્ વિજયયશ કીર્તિયશસૂરીશ્વરજીએ કરેલ છે.

આ ગ્રંથને ત્રણ ખંડમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ નયકાંડ, દ્વિતીય ઉપયોગ ખંડ અથવા જ્ઞાનકાંડ અને તૃતીય જ્ઞેયકાંડ છે. કર્તાએ આ ગ્રંથની રચના મંદબુદ્ધિવાળાઓ આગમનો હાર્દ પામી શકે તે હેતુથી કરી છે.

ઉપયોગ કાંડ અથવા જ્ઞાનકાંડમાં દ્રવ્યાસ્તિક નય વિષયનું તથા પર્યાયાસ્તિક નયન વિષય રૂપ જ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. તૃતીય કાંડમાં સામાન્ય અને વિશેષ પરસ્પર સાપેક્ષ જ છે અને બંનેને નિરપેક્ષપણે રજૂ કરવાથી શું પ્રાપ્ત થાય છે તેની સ્પષ્ટતા કરી છે.

આમ ત્રણે કાંડમાં મુખ્યત્વે અનેકાંત સિદ્ધાંતની જ વ્યાપકતા સવિશેષ જોવા મળે છે.

સંપાદકશ્રી આ ગ્રંથ વિશે કહે છે :

'આ ગ્રંથના અભ્યાસ દ્વારા જીવનના પ્રત્યેક વ્યવહારોમાં અનેકાંત સિદ્ધાંતનો ઉપયોગ કરીને જીવનને પરમાત્માનું આજ્ઞામય બનાવે તેવા એકમાત્ર આશયથી આ ગ્રંથનું સંપાદન અને રચના કાર્ય કરવામાં આવ્યું છે.'

X X X

પુસ્તકનું નામ : **માનસરોવરનાં મોતી**
લેખક : આચાર્ય વિજય રાજરત્નસૂરિ
પ્રકાશક : **શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ, દર્ભાવતીચડભોઈ તીર્થ**
પ્રાપ્તિસ્થાન : શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ, પ્રો. નટુભાઈ પી. શાહ યશ રિષભ, ડભોઈ, જિ. વડોદરાત્ય ૩૯૧૧૧૦.
મૂલ્ય : રૂ. ૩૦/-, પાના :૧૪૪, આવૃત્તિ :પ્રથમ

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયરાજરત્ન સૂરીશ્વરજી મહારાજ સિદ્ધહસ્ત સાહિત્યસર્જક અને તેજસ્વી વક્તા છે. 'ગુજરાત સમાચાર' અખબારના 'અમૃતની અંજલિ' વિભાગમાં પ્રકાશિત ૩૬ લેખોનો આ પ્રેરક સંચય છે.

કાયા એ કૈલાસ અને મન એ માન સરોવર છે. કાયાને કૈલાસ અને મનને માન સરોવર બનાવવું હોય તો જરૂરિયાત રહે છે લક્ષ્યબદ્ધ બનવાની. પુષ્પ પાસે સુગંધ જ મળે ને દુર્ગંધ કદાપિ નહિ, આમ્રવૃક્ષ પાસે માધુર્ય જ મળે ને કટુતા કદાપિ નહિ, ને સાચા મોતી પાસે મૂલ્યવત્તા જ મળે ને મૂલ્યહીનતા કદાપિ નહિ. તો આપણા આચાર-વિચારને ય ઉત્તમતા જ વરે ને અધમતા કદાપિ નહિ. આવી લક્ષ્યબદ્ધતા કેળવાવી જોઈએ. એ લક્ષ્યબદ્ધતા કેળવવામાં સહાયક બને તેવું આ પુસ્તક 'માન સરોવરનાં મોતી' છે.

આ પુસ્તકમાં રજૂ થયેલ અનેક ચિંતનો, દૃષ્ટાંતો, સત્ય ઘટનાઓ લક્ષ્યબદ્ધતા કેળવવામાં વાચકોને સતત સહાયરૂપ થાય તેવા છે. જૈન શ્રમણ તરીકે આપેલ મંગલ ઉપદેશ આ પુસ્તકના આલેખનની પાર્શ્વભૂમિમાં રહેલ છે.

X X X

પુસ્તકનું નામ : **મારી મંગલયાત્રા**
લેખક : સુનંદાબહેન વોહોરા
પ્રકાશક : **આનંદ સુમંગલ પરિવાર**
અમેરિકા-અમદાવાદ.
પ્રાપ્તિ સ્થાન : સુનંદાબહેન વોહોરા
૫, મહાવીર સોસાયટી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ગુજરાતત્વભારત. ફોન : ૦૭૯-૨૬૫૮૭૯૫૪.
મૂલ્ય : અમૂલ્ય, પાના :૩૮૪, આવૃત્તિ :પ્રથમ-૨૦૦૬.

ધર્મપ્રેમી, તત્ત્વચિંતક, તત્ત્વરસિક સુશ્રાવિકા એવા સુનંદાબહેન વોહોરાની કલમથી પ્રગટ થયેલ 'મારી મંગલયાત્રા' પુસ્તક તેમના જીવનનું તારણ છે. તેમનું જીવન આ પુસ્તકમાં શબ્દરૂપે છે. ગુરુજનોએ ધર્મનો મર્મ બતાવ્યો છે તેનું અહીં આચમન છે.

આ ધર્મકથા કે પરાક્રમકથા નથી, પરંતુ સાંસારિક અને આધ્યાત્મિક જીવનના અનુભવો છે. તેમના જીવનના સુખદ, દુ:ખદ પ્રસંગો છે. તો સાથે સાથે વિવિધ સાધુજનોના-ગુરુજનોના બોધ વચનો છે. પંડિતજનોના જીવનનો જીવંત સંદેશ છે. સાધકોના સાધના માર્ગની ઉત્તમ ઝલક છે. સામાજિક રીતે દીનદુ:ખી માનવોની કથની છે. તે ઉપરાંત જનજીવનમાં ઉપયોગી થાય તેવા જીવન પ્રસંગોનું આલેખન છે. તેમાં લેખિકાનો હેતુ તો અધ્યાત્મયોગ પ્રત્યે જવાનો છે. આ પુસ્તકમાં લેખિકાના સંવેદનોના સંભારણા છે, તેમનું જીવનદોહન છે. દુર્લભ એવા માનવજન્મમાં 'મંગલ' સાધ્ય કરવું, સૌનું મંગળ ચાહવું એ છે.

મંગલ એટલે સુખને લાવે, પાપને ગાળે. સદ્‌ગુણોના સર્જન દ્વારા જ્યાં આત્મા પ્રભુત્વની ભૂમિકાને સ્પર્શી જવા સતત પ્રયત્નશીલ બનતો રહે છે. એ યાત્રાનું નામ 'મંગલયાત્રા'.

વાંચતાં પાર વિનાની પ્રસન્નતા થાય તેવું આ પુસ્તક વાંચવા અને વસાવવા જેવું છે.

X X X

પુસ્તકનું નામ : **યોગ પૂર્વ સેવા**
લેખક : **મુ. સંયમકીર્તિ વિ. મ.**
પ્રવચનકાર : **મુનિસંયમ કીર્તિ વિ.**
પ્રકાશક : **સન્માર્ગ પ્રકાશન**
પ્રાપ્તિ સ્થાન : બીજલ ગાંધી,
૩, નીલકંઠ બંગલો, આગમ ફ્લેટની નજીક, સુવિધા શોપિંગ સેન્ટરની પાછળ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.:૯૮૨૪૦૯૩૩૩૯
મૂલ્ય : અમૂલ્ય, પાના :૬૮, આવૃત્તિ :પ્રથમ.

મુનિ સંયમકીર્તિ એ મુંબઈયશ્રીપાલનગર તથા બોરીવલી અને અમદાવાદચવસંતકુંજમાં ચાતુર્માસ દરમિયાન 'યોગપૂર્વ સેવા' ઉપર વ્યાખ્યાનો આપ્યા હતા. તે વ્યાખ્યાનોના અંશોને સંકલિત કરી આ પુસ્તકમાં પ્રકટ કર્યા છે.

'યોગપૂર્વ સેવા' યોગની પ્રથમ ભૂમિકા રૂપ છે. પ્રથમ ભૂમિકા જેટલી સુવ્યવસ્થિત અને મજબૂત હોય છે, તેટલી આગળની ભૂમિકાઓની પ્રગતિ ઝડપી અને સરળ બને છે. પ્રથમ ભૂમિકામાં ખામી રહી જાય તો આગળની ભૂમિકાઓ પરમાર્થથી પ્રાપ્ત થતી નથી.

લેખકનું ધ્યેય એ છે કે 'યોગપૂર્વ સેવા' પુસ્તકના સેવન દ્વારા મુમુક્ષુઓ યોગમાર્ગને પ્રાપ્ત કરી મુક્તિ માર્ગે પ્રયાણ કરે. ❖ ❖ ❖

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

Man can be destroyed, cannot be defeated

પંથે પંથે પાથેય...

□ ડૉ. મહેબૂબ દેસાઈ

ભારતી શર્મા સાથે આમ તો મારો કોઈ ખાસ પરિચય નહીં. પણ તેમના પતિ સંજય શર્મા મારા Ph. D.ના વિદ્યાર્થી હતા. એ નાતે વર્ષો પહેલાં તેમણે મને તેમના ધંધુકાના ઘેર જમવા નોતર્યો હતો. એ સમયે ઉજળોવાન, ઘાટીલો દેહ, બોલકણી આંખો અને હોઠોપર સ્મિત ધરાવતી પચ્ચીસેક વર્ષની યુવતી સાથે મારો પરિચય કરાવતા સંજયે કહ્યું હતું,

'સર, આ મારી પત્ની ભારતી છે.'

અને તે દિવસે ભારતીએ મને પોતે બિન ગુજરાતી હોવા છતાં પોતાના હાથે બનાવેલી સ્વાદિષ્ટ ગુજરાતી વાનગીઓ ભાવપૂર્વક જમાડી હતી. બસ, ભારતી સાથેની એ મારી પ્રથમ મુલાકાત. એ પછી સંજય મને પીએચ.ડી.ના કાર્ય અંગે મળતો. જ્યારે ભારતી મને ફોન પર મળી લેતી. એ વાતને દસેક વર્ષ વીતી ગયા. છતાં ભારતીનો ઘાટીલો દેહ, નમણો ચહેરો, બોલકણી આંખો અને મધુર સ્મિત મારી સ્મૃતિમાં અકબંધ જળવાઈ રહ્યા હતા. દસેક વર્ષના અંતરાલ પછી અચાનક એક દિવસ ભારતીનો ફોન આવ્યો. એજ મધુર સ્વરમાં તે બોલી ઊઠી,

'સર, મૈં ભારતી બોલ રહી હું. મુઝે ભૂલ તો નહિ ગયે ?'

'તુઝે કૈસે ભૂલ સકતા હું, તેરા સ્વાદિષ્ટ ખાના અભી તક મુઝે યાદ હૈ.'

'સર, આપકો મેરી સ્કૂલ કે વાર્ષિક ઉત્સવમેં આના પડેગા.'

ઘણા વર્ષો પછી ભારતીનો અવાજ સાંભળી મને આનંદ થયો છતાં સમયની સમસ્યાને કારણે મેં તેને ના પાડી. પણ એમ માની જાય તો ભારતી નહિ. અત્યંત પ્રેમભર્યા સ્વરે આગ્રહ કરતાં તે બોલી ઊઠી,

'આપ જબ કહેંગે તબ રખેંગે. પર આપકો હી આના હોગા.'

અંતે મારી અનુકૂળતા મુજબની એક તારીખ અમે નક્કી કરી. છેલ્લા દસેક વર્ષમાં ભારતીએ 'ફિલ્ડ વ્યુ એકેડેમી' નામક એક નાનકડી શાળા શરૂ કરી હતી. ધંધુકાથી બે એક કિલોમીટરના અંતરે અડવાળ રોડ પર એક નાનકડું મકાન સંજયે બનાવી આપ્યું હતું. તેમાં ભારતી શાળા ચલાવતી હતી. એ દિવસે હું તેની શાળાએ પહોંચ્યો ત્યારે ભારતી દરવાજા પર મારી રાહમાં ઊભી હતી. મને જોઈ એ મારી કાર પાસે દોડી આવી. હું તેને જોઈ નવાઈ પામ્યો. ઘાટીલા દેહને બદલે ભારતીની સ્થૂળ કાયા મારી આંખોને ખૂંચવા લાગી. ચહેરાની નમણાશ પર ચરબીના થર જામી ગયા હતા. ચમકતી બોલકણી આંખો નિસ્તેજ હતી. અને બંને આંખો કાળા કુંડાળાઓથી ઘેરાઈ ગઈ હતી. અલબત્ત તેના સ્મિતમાં એ જ મીઠાશ હતી. તેના આવકારમાં એ જ પ્રેમ હતો. મેં કારમાંથી બહાર નીકળી તેને પ્રથમ જ કહ્યું,

'ભારતી, યે ક્યા હો ગયા આપકો ? કહાં દસ સાલ પહેલેકી ભારતી ઔર કહાં આજકી ભારતી !'

મારા પ્રશ્નને સંભાળી ભારતી થોડી ખચકાઈ. પછી બોલી,

'સર, વક્ત વક્તકા કામ કરતા હી હૈ.'

અને અમે બન્ને તેની ઑફિસમાં પ્રવેશ્યાં. ઑફિસમાં બેસી તેણે મને પોતાની નાનકડી સ્કૂલ વિશે ઉત્સાહથી માહિતી આપી. ધંધુકા ગામની આસપાસના ગામો ધોલેરા, પીપળી, પોલારપુર, ભીમનાથ, જસકા, ઝીંઝર, અડવાળ, જાળિયા, ફેદરા, રાણપુર, નાગનેશ જેવા ગામોમાંથી એકથી નવમા ધોરણના વિદ્યાર્થીઓ તેની શાળામાં આવે છે. બાળકો માટે ગામડે ગામડે ફરી તેમના વાલીઓને સમજાવવા અને એ પછી ગ્રામ્ય સંસ્કૃતિમાંથી આવતા બાળકોનું અંગ્રેજી માધ્યમ દ્વારા ઘડતર કરવાનું કાર્ય કપરું છે. છતાં ભારતી એકલે હાથે તે કરતી. અંગ્રેજી માધ્યમની શાળા હોવા છતાં ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના પાઠો બાળકોને ભણાવવાની નેમ ભારતીના શબ્દોમાં ભાસતી હતી. અત્યંત અપૂરતી સાધન સામગ્રી વચ્ચે પણ ભારતીએ સુંદર વાર્ષિક ઉત્સવનું આયોજન કર્યું હતું. વાર્ષિક ઉત્સવમાં કોથળા દોડ, લીંબુચમચી દોડ જેવી સ્પર્ધાઓમાં દોડતા ભૂલકાઓને પ્રોત્સાહિત કરવા ભારતી પણ તેમની સાથે દોડતી. કોઈ બાળક દોડતા દોડતા પડી જાય ત્યારે ભારતી તેની પાસે દોડી જતી અને તેને પુનઃ દોડવા હિંમત આપતી. બાળક પુનઃ દોડતું થાય ત્યારે તેનો આનંદ ભારતીના ચહેરા પર ઉપસી આવતો. આવી સ્પર્ધાઓ પછી ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો. મારા હાથે દરેક ભૂલકાને ઈનામો અપાયા. પછી અમે ભારતીની ઑફિસમાં આવ્યા ત્યારે સંજય મને મળવા આવ્યો. એ સમયે ભારતી ઑફિસમાં ન હતી. એ તકનો લાભ લઈ મેં સંજયને ટકોર કરતાં કહ્યું.

'સંજય, તુમ ભારતીકા ખ્યાલ નહીં રખતે, દેખો ઉસકી ક્યા હાલત હો ગઈ હૈ !'

સંજય મારી ટકોર સાંભળી ગમગીન થઈ ગયો. તેની આંખોમાં ભિનાશ પ્રસરી ગઈ. તેની બદલાયેલી મુખમુદ્રાને હું અવાચક નજરે તાકી રહ્યો. એટલે સંજયે ધીમા સ્વરે મને કહ્યું,

'સર, આપસે ક્યા છુપાના, ભારતી વેજનર્સ ગ્રેન્યુલોમેટોસીસ (Wegeners Granulomatorsis) કી દર્દી હૈ. યે ઐસા રોગ હૈ જિસમેં ખૂનકે ગઠે હો જાતે હૈં, કીડની ઔર લીવર કામ કરના બંધ કર દેતે હૈ. ઈસકા કોઈ ઈલાજ નહીં. દાક્તરોને કહે દિયા હૈ જીતની જિંદગી હૈ ઉસે અપને તરીકે સે જી લેને દો. કલકી ખબર નહીં.'

હું સંજયની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયો.

'ભારતી યે જાનતી હૈ ?' મેં થોડા સ્વસ્થ થતા પૂછ્યું.

'સર ઉસે સબ પતા હૈ. વો કહતી હૈ, મૈ ઈસી બચ્ચોં કે સાથ ખેલતે ખેલતે મરના ચાહતી હું. ઐસી મોત અગર આ જાયે તો તુમ રોના મત.'

આટલું બોલતાં તો સંજય ભાંગી પડ્યો. અને પોતાના આંસુઓને ખાળવા ઑફિસની બહાર દોડી ગયો. અમે આટલી વાત કરી ત્યાં તો ભારતી આવી

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૧૧)

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.